આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત

# સિદ્ધહેમ શબ્દાનુશાસન

## લઘુવૃત્તિ

## ખંડ ૧

અધ્યાય ૧ થી ૪

(સંસ્કૃત વ્યાકરણ)


સંપાદક—અનુવાદક-વિવેચક
પંડિત બેચરદાસ જીવરાજ દોશી



યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી હેમચંદ્ર વિરચિત

# સિદ્ધહેમ શબ્દાનુશાસન

## લઘુવૃત્તિ

## ખંડ ૧

અધ્યાય ૧–૪

(સંસ્કૃત વ્યાકરણ)

સંપાદક–અનુવાદક–વિવેચક
પંડિત બેચરદાસ જીવરાજ દોશી

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# SIDDHAHEMA ŚABDĀNUŚĀSANA

by

Ācārya Hemacandra

Vol I Books 1-4

*edited by :*

Pandit Bechardas Jivaraj Doshi


: પ્રકાશક :

જે. બી. સેંડિલ

અધ્યક્ષ

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

અમદાવાદ–૩૮૦૦૦૬



© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ



પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮

નકલ : ૧૦૦૦

કિંમત રૂ. ૩૫–૦૦

"Published by the University Book Production Board, Gujarat State, under the Centrally Sponsored Scheme of Production of Literature and Books in Regional Languages at the University level, of the Government of India in the Ministry of Education and Social Welfare (Department of Culture), New Delhi."

: મુદ્રક :

મહન્ત સ્વામી શ્રી ત્રિભુવનદાસજી શાસ્ત્રી

**શ્રી રામાનન્દ પ્રિન્ટીંગ પ્રેસ**

કલોલિયા વાડી કાંકરિયા રોડ

અમદાવાદ–૩૮૦૦૨૨

: મુખ્ય વિક્રેતા :

**મેસર્સ બાલગોવિંદ બુકસેલર્સ**

બાલાહનુમાન પાસે

ગાંધી રોડ

અમદાવાદ–૩૮૦૦૦૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકનું પુરોવચન

કેળવણીનું માધ્યમ માતૃભાષા બને એ માટે યુનિવર્સિટી કક્ષાએ પ્રત્યેક વિદ્યાશાખા માટે વિપુલ ગ્રંથસામગ્રી તૈયાર થવી જોઈએ. એ હેતુથી કેન્દ્રીય સરકારે આર્થિક સહાય આપીને પ્રાદેશિક ભાષાઓમાં યુનિવર્સિટી કક્ષાના પુસ્તકો અને સાહિત્ય પ્રકાશિત કરવાની યોજના ઘડી અને તેને સાકાર કરવા માટે ૧૯૭૦માં આ બોર્ડ રચવામાં આવ્યું. કેન્દ્ર સરકાર તરફથી આ કાર્ય માટે મળતાં અનુદાનો ઉપરાંત એપ્રિલ ૧, ૧૯૭૬ થી આ યોજનામાં રાજ્ય સરકારે પણ અમુક અનુદાન આપવાનું સ્વીકાર્યું છે.

આ યોજનામાં રાજ્યની યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો અને અન્ય વિદ્વાનો દ્વારા યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમને આવરી લેતાં પાઠ્યપુસ્તકો અને અન્ય સંદર્ભગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે, અને એ કાર્ય હજુ વણથંભ્યું ચાલુ જ છે.

આ ગ્રંથનિર્માણ યોજનાના એક ભાગ રૂપે સંસ્કૃત–પ્રાકૃત ભાષાનાં વ્યાકરણ પણ ટીકાટિપ્પણી સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે. એટલે આ યોજના હેઠળ આચાર્યશ્રી હેમચન્દ્ર વિરચિત **સિદ્ધહેમ શબ્દાનુશાસન** પ્રકાશિત કરતાં આનંદ અનુભવું છું. એ આનંદમાં ઉમેરો એ વાતે થાય છે કે એનું સંપાદન–અનુવાદન–વિવેચન આ વિષયના જ્ઞાતા અને અનુભવી વિદ્વાન પંડિત બેચરદાસજીએ સ્વીકાર્યું છે.

પુસ્તકમાં પૃષ્ઠ સંખ્યા ઘણી મોટી હોવાથી સરળતા ખાતર પુસ્તકને નીચે પ્રમાણે ત્રણ ખંડમાં પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું છે :

ખંડ ૧...અધ્યાય ૧ થી ૪

ખંડ ૨...અધ્યાય ૫ થી ૭ તથા ધાતુપાઠ

ખંડ ૩...અધ્યાય ૮ (પ્રાકૃત વ્યાકરણ)

તેનો આ ખંડ ૧ વાચકોને સાદર કરતાં આનંદ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંડ ૩ છપાઈ ગયો છે. ખંડ ૨ છપાઈ રહ્યો છે ને થોડા વખતમાં પ્રસિદ્ધ થશે—છતાં દરેક ગ્રંથનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

આ ગ્રંથ આ વિષયમાં રસ લેતા બધા જ વિદ્યાર્થીઓને, અભ્યાસીઓને અને વિદ્વાનોને પણ ખૂબ જ ઉપયોગી નીવડે એમ છે. આ બધાનો આવકાર આ ગ્રંથ પામશે એવી હાર્દિક અપેક્ષા છે.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય અમદાવાદ–૬
ઑગસ્ટ ૧૯૭૮

**જે. બી. સેંડિલ**
અધ્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડનું** મુખ્ય લક્ષ્ય એ છે કે યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં સહાયભૂત થવું. ઊંચા ધોરણોમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પ્રકારના ઉચ્ચ ધોરણોને યોગ્ય પુસ્તકો કોઈ સંસ્થા પ્રકાશિત કરતી નથી તો ઊંચા ધોરણોમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ સારુ પ્રસ્તુત બોર્ડ વિશેષ સહાયક થવા સતત પ્રયાસ કરતું રહે છે.

જેઓ પ્રાકૃત ભાષા—અર્ધમાગધી—ભાષાના અધ્યયન માટે ઉદ્યમશીલ વિદ્યાર્થીઓ છે, તેમને માટે બોર્ડે 'देशी शब्द संग्रह' નામનું પુસ્તક પ્રકાશિત કરેલ છે. અને હવે સંસ્કૃત—પ્રાકૃત વ્યાકરણ શાસ્ત્રના આઠ અધ્યાયવાળા પ્રાચીન વ્યાકરણરૂપ પુસ્તકમાંના શરુના ચાર અધ્યાયોના અનુવાદવાળું આ બીજું પુસ્તક પ્રકાશિત થાય છે. બોર્ડ સંસ્કૃત ભાષાના અભ્યાસી છાત્રો માટે પણ સાહિત્ય પ્રકાશિત કરે છે અને પ્રાકૃતભાષાના અભ્યાસી માટે પણ સંશોધિત પુસ્તકો પ્રકાશિત કરે છે. દેશીશબ્દસંગ્રહ પુસ્તક દેશીપ્રાકૃત શબ્દોના કોશ રૂપ છે. અને એ પ્રાકૃતભાષાના અભ્યાસી માટે ઉપયોગી છે. અને સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિના ચાર અધ્યાયોવાળું પ્રસ્તુત સંસ્કૃત વ્યાકરણનું સરળ પુસ્તક સંસ્કૃત ભાષાના અભ્યાસકો માટે ઉપયોગી નીવડે એવું છે.

આપણે ત્યાં સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે પાણિનીય વ્યાકરણનો અભ્યાસ પ્રચલિત છે. પ્રસ્તુત પ્રગટ થનારું પુસ્તક ગુજરાતના પ્રખ્યાત આચાર્ય શ્રી હેમચંદ્રપ્રણીત સિદ્ધહેમશબ્દાનુશાસનમાંના ચાર અધ્યાયરૂપ છે.

પ્રસ્તુત પુસ્તકના કુલ આઠ અધ્યાયો છે. તેમાંના શરુના સાત અધ્યાયો દ્વારા ગ્રંથકારે સંસ્કૃતભાષાના વ્યાકરણને નિરૂપેલ છે અને છેલ્લા આઠમા અધ્યાયમાં પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ એ છ ભાષાઓના વ્યાકરણનું વિશદપણે નિરૂપણ છે.

**પ્રસ્તુત પ્રથમ ભાગના ચારે અધ્યાયોનો સવિસ્તર પરિચય નીચે આપેલ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેક અધ્યાયના ચાર પાદ હોય છે. પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં કુલ બેંતાલીશ સૂત્રો છે. આ પાદમાં પ્રસ્તુત વ્યાકરણમાં જેમનો ઉપયોગ થવાનો છે એવી સંજ્ઞાઓને ગ્રંથકારે સમજાવેલ છે.

સિદ્ધહેમશબ્દાનુશાસનમાં ગ્રંથકારે પ્રારંભમાં જ પ્રથમ સૂત્ર દ્વારા સૂત્રરૂપે અષ્ટાધ્યાયીના નિર્વિઘ્ન સમાપન માટે 'अर्हम्' એવું પ્રથમ સૂત્ર મંગલાચરણરૂપે રચેલ છે. अर्हम् શબ્દ જૈન પરંપરામાં અને બૌદ્ધપરંપરામાં પણ પ્રસિદ્ધ છે. પૂજા અર્થના સૂચક 'अर्ह' ધાતુ દ્વારા अर्हम् શબ્દ બનેલ છે. अर्ह्यते पूज्यते इति अर्हम् અથવા यम् अर्हन्ति अर्चन्ति-पूजयन्ति स अर्हः तम् अर्हम् અર્થાત્ જે પૂજનીય છે, આદરણીય છે, સમ્માનનીય છે, તેને માટે अर्ह શબ્દનો પ્રયોગ થયેલ છે.

આચાર્ય હેમચંદ્રે પોતાની સિદ્ધહેમશબ્દાનુશાસન બૃહદ્વૃત્તિમાં જણાવેલ છે કે વ્યાકરણ શાસ્ત્ર કોઈ એક અમુક ધર્મ કે અમુક સંપ્રદાયનો ગ્રંથ નથી પણ તે સંસ્કૃત ભાષાને શીખવા ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓ માટેનો ગ્રંથ છે. એટલે એનું મંગલાચરણરૂપ સૂત્ર માત્ર જૈન પરંપરાને જ અનુસરીને ન હોય. પણ ભારતીય સમગ્ર સમાજદ્વારા સંમાન્ય તમામ ધર્મને અનુસરીને હોવું જોઈએ આ દૃષ્ટિએ ગ્રંથકારે अर्हम् શબ્દ દ્વારા વિષ્ણુ ભગવાનને અને મહાદેવ ભગવાનને તેમજ બ્રહ્માજીને પણ સંભારેલ છે. તથા अर्हम् શબ્દ બૌદ્ધ પરંપરામાં તથા જૈન પરંપરામાં પ્રસિદ્ધ હોવાથી તે શબ્દદ્વારા બુદ્ધ ભગવાનને અને જિન ભગવાનને પણ યાદ કરેલ છે.

ગ્રંથકાર કહે છે કે अर्हँ શબ્દનો આદિનો अ વિષ્ણુનો વાચક છે, र् બ્રહ્માજીનો વાચક છે. તથા ह હરનો-મહાદેવજી-નો વાચક છે. તથા છેવટે જે અનુસ્વારસહિત અર્ધચંદ્રાકાર નિશાન છે તે નિર્વાણનું સૂચક છે, એટલે એ નિશાન દ્વારા તમામ નિર્વાણવાદીઓને યાદ કરવાના છે. આ રીતે આ શબ્દાનુશાસન સર્વ સાધારણ હોવાથી તેનું આદિમ સૂત્ર ભારતીય તમામ મુખ્ય દેવોને યાદ કરવા માટે રચેલ છે.

"अकारेणोच्यते विष्णुः, रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्तः तदन्ते परमं पदम्" ।।—સિદ્ધહેમશબ્દાનુશાસન
બૃહદ્વૃત્તિ अर्हम् સૂત્ર ઉપરનો ન્યાસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું સૂત્ર "सिद्धिः स्याद्वादात्" છે. જૈન દર્શને પોતાના સમગ્ર તત્ત્વજ્ઞાનને સ્યાદ્વાદના સિદ્ધાંત ઉપર ગોઠવેલ છે. એના વિચાર પ્રમાણે શબ્દ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. એટલે શબ્દ તેના મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે એટલે સંસારમાંથી કોઈ પણ કાળે શબ્દ તત્ત્વ નાશ પામેલ નથી, નાશ પામતું નથી અને નાશ પામવાનું પણ નથી. એ વિચારણાની અપેક્ષાએ શબ્દતત્ત્વ નિત્ય દ્રવ્યરૂપ છે, પણ સંયોગોને લીધે શબ્દતત્ત્વ રૂપાંતર પામતું રહે છે અને જે વસ્તુ રૂપાંતર પામે તે નિત્ય ન હોઈ શકે પણ અનિત્ય હોય, એ વિચારની દૃષ્ટિએ શબ્દ અનિત્ય પણ છે અર્થાત્ શબ્દ નિત્યાનિત્યરૂપ છે. જૈનદર્શને શબ્દને પરમાણુરૂપે જડતત્ત્વ માનેલ છે. આમ શબ્દ નિત્ય હોઈ તેની જ્ઞપ્તિ થાય પણ જ્યારે રૂપાંતર પામે એટલે કે વ્યાકરણના નિયમાનુસાર दधि+अत्र આ પ્રયોગમાં दधि ના इ નો य થાય છે અને दध्यत्र રૂપ બને ત્યારે વ્યાકરણ શાસ્ત્ર દ્વારા એ શબ્દને નિષ્પન્ન કર્યો કહેવાય. આ પરિસ્થિતિમાં વ્યાકરણના નિયમ પ્રમાણે इ નો य કરવો પડે છે, અર્થાત્ इ રૂપાંતર પામે છે. એથી इ શબ્દ નિત્ય ન કહેવાય, આ દૃષ્ટિએ આચાર્ય અષ્ટાધ્યાયીના આ બીજા સૂત્ર દ્વારા એમ સૂચવે છે કે શબ્દની જ્ઞપ્તિ પણ સમજવી અને નિષ્પત્તિ પણ સમજવી. અર્થાત્ જ્યારે શબ્દ સિદ્ધ છે ત્યારે તે નિત્ય છે અને જ્યારે इ 'य' ના રૂપમાં ફેરવાય છે ત્યારે શબ્દ અનિત્ય છે. એટલે એ અપેક્ષાએ શબ્દની નિષ્પત્તિ કરવાની છે. અર્થાત્ આખુંય વ્યાકરણ શાસ્ત્ર શબ્દની જે નિષ્પત્તિ બતાવે છે તે શબ્દને અનિત્ય માનીને જ બતાવે છે. જેમ ઘડો ઘડો પણ છે અને માટી પણ છે. ઘડો પોતાના મૂળ કારણની અપેક્ષાએ માટીરૂપ છે. અને માટીના રૂપાંતર રૂપ કાર્યની અપેક્ષાએ તે ઘડારૂપ છે. એ જ રીતે શબ્દની પણ નિત્યતા અને અનિત્યતા સમજવાની છે. વ્યવહારમાં એક જ માણસ 'પિતા' પણ હોય છે અને 'પુત્ર' પણ હોય છે. પોતાના પિતાની અપેક્ષાએ માણસ પુત્રરૂપ છે. અને પોતાના પુત્રની અપેક્ષાએ માણસ પિતારૂપ છે અર્થાત્ અમુક અપેક્ષાએ એક જ માણસ પિતારૂપ પણ હોય છે અને પુત્રરૂપ પણ હોય છે એ હકીકત વ્યવહારમાં આબાળગોપાળ જાણીતી છે. આ બાબત ઘણું નિરૂપણ કરીને સમજાવી શકાય એમ છે પણ પ્રસ્તુતમાં ઉપર લખ્યા કરતાં વધારે લખવું અપ્રસ્તુત લેખાશે, જેઓ આ બાબતમાં વધારે જાણવા ઇચ્છતા હોય તેઓએ स्याद्वादमंजरी, स्याद्वादरत्नाकर વગેરે ગ્રંથોને જોઈ લેવા ભલામણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજું સૂત્ર लोकात् ૧/૧/૩ છે. આ સૂત્ર એમ સૂચવે છે કે પ્રસ્તુત વ્યાકરણમાં જે કેટલુંક કહેવામાં નથી આવ્યું તે વિશે લોકો પાસેથી જાણી લેવું. વ્યાકરણ, ભાષાના બંધારણને સમજાવે છે. એ સમજાવતી વખતે જે કેટલીક હકીકતો કહેવામાં ન આવી હોય તે બધા લોકો એટલે બીજા વ્યાકરણકારો પાસેથી તથા બીજા બીજા વ્યાકરણને લગતાં શાસ્ત્રોદ્વારા સમજી લેવાની છે. વ્યાકરણમાં કેટલુંક જ્યોતિષ વિશે તથા આયુર્વેદ વગેરે વિશે પણ જણાવેલ હોય છે. માટે તેનો વિચાર લોકો પાસેથી સમજી લેવો એ આશય लोकात् સૂત્રનો છે. આ પછી ચોથા સૂત્રથી માંડીને પ્રથમ પાદના છેલ્લા સૂત્ર સુધી ગ્રંથકારે જુદી જુદી સંજ્ઞાઓની સમજ આપેલ છે. જેમકે સ્વરસંજ્ઞા, હ્રસ્વસંજ્ઞા દીર્ઘસંજ્ઞા, પ્લુતસંજ્ઞા, સમાન સંજ્ઞા, અનુસ્વાર સંજ્ઞા, વિસર્ગ સંજ્ઞા, વ્યંજન સંજ્ઞા, ધુટ્ સંજ્ઞા, વર્ગ સંજ્ઞા, ઘોષ સંજ્ઞા, અઘોષસંજ્ઞા વિભક્તિ સંજ્ઞા, પદ સંજ્ઞા, વાક્ય સંજ્ઞા, નામ સંજ્ઞા, અવ્યય સંજ્ઞા, અંતસ્થ સંજ્ઞા, સંધ્યક્ષર સંજ્ઞા અને પ્રત્યય સંજ્ઞા—આ બધી સંજ્ઞાઓને સમજાવેલ છે. શરુઆતમાં જ વ્યાકરણમાં વપરાતી બધી સંજ્ઞાઓને સમજાવ્યા વિના વિદ્યાર્થી આગળ આવનારી હકીકતને સમજી શકતો નથી એટલે આ પ્રકાશિત થતા ગ્રંથમાં સૌથી મોખરે સંજ્ઞા પ્રકરણ આપેલ છે. પ્રસ્તુત પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના કુલ બેંતાલીશ સૂત્રો છે

આ પછી સ્વરસંધિનું પ્રકરણ બીજા પાદથી શરૂ થાય છે. જે શબ્દોને એટલે બે કે બે થી વધારે શબ્દોમાં જે એક બીજા સ્વરો સામ સામે આવેલ હોય અને એ બે સ્વરો વચ્ચે કોઈ વ્યવધાન ન જ હોય તેવા સ્વરો એક બીજા પરસ્પર જોડાઈ જાય છે અથવા તે સ્વરોનું પરિવર્તન પણ જાય થઈ છે. જેમકે पुस्तक+आलय=पुस्तकालय, देव+इन्द्र=देवेन्द्र, शीत+उदक=शीतोदक, गङ्गा+उदक=गङ्गोदक, ने+अन=नयन વગેરે સ્વર સંધિના નિરૂપક આ બીજા પાદનાં બધાં મળીને ૪૧ સૂત્રો છે.

ત્રીજા પાદથી વ્યંજન સંધિ શરુ થાય છે. જે શબ્દ સમૂહમાં કે શબ્દમાં અમુક વ્યંજનોનો ફેરફાર થઈ જાય છે, અથવા સામ સામે આવેલા એક બે વ્યંજનોમાં પૂર્વ વ્યંજનનો ફેરફાર થઈને ઉત્તર વ્યંજન સાથે મળી જતાં તેનું ઉચ્ચારણ જ બદલાઈ જાય છે તેનું નામ વ્યંજન સંધિ–બે વ્યંજનો એક બીજામાં સંધાઈ જાય તે વ્યંજન સંધિ. तद्+मय=तन्मय, चिद्+मय=चिन्मय, अ+छ=अच्छ, सु+अछ=स्वच्छ, कष्+त=कष्ट, पुम्+

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कोकिल=पुंस्कोकिल, पुम्+गव=पुंगव, सम्+राट्=सम्राट, शाम्+त=शान्त, उत्+स्थान=उत्थान, प्रच्छ्+न=प्रश्न, વગેરે. આ ત્રીજા પાદના બધાં મળીને વ્યંજન સંધિના સૂત્રો ૬૫ છે.

આ રીતે સ્વરની તથા વ્યંજનની સંધિના નિરૂપક બધાં મળીને ૪૧+૬૫=૧૦૬ સૂત્ર છે.

પહેલા અધ્યાયના ચોથા પાદથી સંસ્કૃત નામોને વિભક્તિઓ લગાડીને જે રીતે રૂપો બનાવવાની પ્રક્રિયા અન્ય વ્યાકરણોમાં છે તેવી જ પ્રક્રિયા ચોથા પાદથી શરૂ થાય છે. છેડે સ્વરવાળાં નામો તે સ્વરાંત નામો તથા છેડે વ્યંજનવાળાં નામો તે વ્યંજનાંત નામો, સામાન્ય નામ, राम, कृष्ण, बुद्ध, वीर વગેરે વિશેષરૂપ નામ, ક્રિયાવિશેષણરૂપ નામ. વિશેષ્યવાચક નામ, વિશેષણરૂપ નામ તથા સર્વનામ. આ નામોમાં જે કેટલાંક નર જાતિનાં એટલે પુંલિંગી હોય છે, જે કેટલાંક નારીજાતિનાં એટલે સ્ત્રીલિંગી હોય છે અને જે કેટલાંક નાન્યતર જાતિનાં એટલે નપુંસકલિંગી હોય છે તે તમામ નામોનાં સાતે વિભક્તિઓમાં તથા સંબોધન વિભક્તિમાં જે જે રૂપો થાય છે તે તમામ રૂપોને સાધવાની પદ્ધતિ પ્રથમ અધ્યાયના ચોથા પાદથી શરૂ થાય છે ને બીજા અધ્યાયના પ્રથમ પાદમાં પૂરી થઈ જાય છે. પ્રથમ અધ્યાયના ચોથા પાદના કુલ સૂત્રો ત્રાણૂં છે. અને બીજા અધ્યાયના પ્રથમ પાદના સૂત્રો એકસોને અઢાર છે. પૂર્વોક્ત રીતે નામનાં રૂપોની સમગ્ર પ્રક્રિયા માટે બન્ને પાદનાં મળીને ૯૩+૧૧૮ મળીને ૨૧૧ સૂત્રો છે. આમ આ બે પાદમાં નામનાં રૂપોની સાધના અંગેનાં બધાં જ વિધાનો સમાપ્ત થઈ જાય છે.

હવે બીજા અધ્યાયના બીજા પાદમાં જે વિષયનું નિરૂપણ છે તેનો પરિચય આ પ્રમાણે છે-

આગળ કહ્યું તેમ સાતે વિભક્તિઓ લાગતાં તમામ રૂપોની સાધના ઉપર પ્રમાણે બતાવાઈ ગઈ છે. અને હવે અધ્યાય બીજાના બીજા પાદમાં ઉપર બતાવેલ વિભક્તિઓ કેવા કેવા અર્થોનું સૂચન કરે છે તેનું નિરૂપણ કરવા આચાર્યે પ્રસ્તુત પાદમાં વિભક્તિઓ કયા કયા અર્થમાં વપરાય છે તે બાબત સ્પષ્ટીકરણ કરવા કારકપ્રકરણનું નિરૂપણ કરેલ છે. અને પ્રકરણના પાછલા ભાગમાં 'વિના' વગેરે અવ્યયો સાથે જે નામ વપરાય તે નામને કઈ કઈ વિભક્તિમાં વાપરવું એની સૂચના સાથે જાતિવાચક નામ તથા જે વ્યક્તિ પૂજ્ય હોય-આદરણીય હોય તેને સૂચવનાર નામ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યામાં એક હોય તો પણ બહુવચનમાં વ વાપરી શકાય છે, એવી છેલ્લી સૂચના આપીને ગ્રંથકારે કારકપ્રકરણ પૂરું કરેલ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એમ ૭ કારકોનો નિર્દેશ કરેલ છે. આ ઉપરાંત જન્યજનક, પ્રેર્યપ્રેરક, નેયનાયક વગેરે સંબંધવાળા ગૌણ નામને માટે ષષ્ઠી વિભક્તિ વાપરવાની ભલામણ કરેલ છે.

જેમકે 'છોકરાનો બાપ' 'મારો દેશ' વગેરે પ્રયોગો. આ પ્રયોગોમાં 'છોકરો' તથા 'મારો' શબ્દ ગૌણ નામ છે

શરીરના જે અવયવ દ્વારા આખો માણસ સૂચવાતો હોય ત્યાં તે અવયવસૂચક નામને તૃતીયા વિભક્તિ વાપરવાની ભલામણ કરેલ છે. अक्ष्णा काणः–'આંખે કાણો' વગેરે પ્રયોગો સુપ્રસિદ્ધ છે.

આ કારકપ્રકરણમાં દરેક કારકનું લક્ષણ બતાવેલ છે. અને પ્રથમા, દ્વિતીયા વગેરે વિભક્તિઓનો કયા કયા કારકના અર્થમાં વિનિયોગ કરવો એ બતાવેલ છે તથા જે કારક ન હોય તેવા એટલે કે ક્રિયા કરતું ન હોય તેવા નામને પણ કઈ વિભક્તિ કયા અર્થમાં વપરાય એ બધી જ હકીકત પ્રસ્તુત કારકપ્રકરણમાં વ્યક્ત રીતે સંપૂર્ણપણે સમજાવેલ છે.

સાધારણ રીતે જે વ્યક્તિને કાંઈ આપવાનું હોય તે વ્યક્તિનું નામ ચોથી વિભક્તિમાં આવે છે. पत्न्यै संप्रयच्छति–પોતાની પત્નીને આપે છે. પણ જ્યાં આવું આપવાનું અધર્મયુક્ત હોય ત્યાં જેને આપવામાં આવે છે નામ તૃતીયા વિભક્તિમાં આવે છે. તથા ક્રિયાપદ આત્મનેપદમાં વપરાય છે. दास्या संप्रयच्छते कामुकः– કામી માણસ દાસીને આપે છે. આ પ્રયોગમાં વપરાયેલ दास्या એ પદ તૃતીયાંત રૂપ છે અને અધર્મનું સૂચક છે. આ પ્રકારે કારકની વિભક્તિયોનો ઝીણવટથી અભ્યાસ થાય તો તેમાંથી ઘણી ખુબીઓ સમજી શકાય તેમ છે.

તથા 'આ બધી ગાયોમાં કાળી ગાય બહુ દૂધ આપનારી છે' એમ કહેવું હોય તો सर्वासु धेनुषु અથવા सर्वासां धेनूनाम् इयं कृष्णा धेनुः बहुक्षीरसंपन्ना એ રીતે 'ગાય' વાચક નામોને સપ્તમી વિભક્તિ લાગે અથવા ષષ્ઠી વિભક્તિ લાગે છે. જાતિવાચક 'ઘઉં' વગેરે નામોને એકવચન પણ લાગે અને બહુવચન પણ લાગે–संपन्ना गोधूमः અથવા संपन्ना गोधूमाः એ રીતે ભાષા પ્રયોગ થાય. જે નામનો અર્થ પૂજ્ય કોટિનો હોય તો અર્થ ભલે એક સંખ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળો હોય તો પણ તે અર્થનો સૂચક શબ્દ બહુવચનમાં પણ આવે છે. આ 'મારા પિતાજી છે' એવો અર્થ સૂચવવા एते मम पितरः અથવા एष मे पिता આ રીતે ભાષાપ્રયોગ થાય છે. તાત્પર્ય એ કે આ કારકપ્રકરણમાં વિભક્તિના ઉચિત વિનિયોગનું સંપૂર્ણ નિરૂપણ છે. આ બીજા પાદના કુલ એકસોને ચોવીશ સૂત્રો છે.

આ પ્રકરણ પછી षत्वणत्व પ્રકરણનો આરંભ બીજા અધ્યાયના ત્રીજા પાદથી છે. આ પ્રકરણમાં र् નો स् ક્યારે થાય ? स् નો ष् ક્યારે થાય ? તથા 'न'નો 'ण' ક્યારે થાય ? વગેરે બાબત સમજાવેલ છે. क्षीरपान શબ્દ દેશવાચક હોય તો તેનું क्षीरपाण રૂપ જ થાય અને દેશવાચક ન હોય તો તેનાં બે રૂપો થાય-क्षीरपान અથવા क्षीरपाण એ બધું વીગતવાર ઉદાહરણો સાથે બતાવેલ છે. તથા 'ड' નો 'ल' ક્યારે કરવો ? 'र' નો 'ल' ક્યારે થાય ? અને 'प' નો 'व' ક્યારે કરવો એ પણ સમજાવેલ છે. આ षत्वणत्व પ્રકરણવાળા બીજા અધ્યાયના ત્રીજા પાદનાં બધાં મળીને ૧૦૫ સૂત્રો છે. 'र्' નો स् બતાવનારાં શરુઆતનાં ૭-સૂત્રો છે. પછી 'स' ના 'ष' નું વિધાન કરનારાં આઠમા સૂત્રથી ૬૨ સુધી સૂત્રો છે. 'न' ના 'ण' નું વિધાન કરનારા ૬૩ થી ૮૯ સુધી સૂત્રો છે અને 'न' નો 'ण' ન થાય એવું સૂચવનારા ૯૦ થી ૯૬ સુધી સૂત્રો છે. ધાતુપાઠમાં બતાવેલા આદિમાં णકારવાળા ધાતુના આદિના ण ના न નું વિધાન કરનાર ૯૭ મું સૂત્ર છે. અને ધાતુ-પાઠમાં જે ધાતુ આદિમાં ष વાળો બતાવેલ છે તેવા ધાતુના આદ્ય ष' ના 'स' નું વિધાન કરનાર ૯૮મું સૂત્ર તથા ऋ ને બદલે ऌ અને र ને બદલે ल ના ઉચ્ચારણનું વિધાન કરનાર ૯૯ થી ૧૦૪ સુધી સૂત્રો છે અને प નો व સૂચવનાર છેલ્લું સૂત્ર ૧૦૫ મું છે. આ પ્રકરણમાં બધાં મળીને ૧૦૫ સૂત્રો છે.

આ પ્રકરણ પૂરું થયા પછી બીજા અધ્યાયના ચોથા પાદમાં નામને સ્ત્રીલિંગી બનાવવાની પ્રક્રિયા બતાવનારા 'સ્ત્રીપ્રત્યય' નામનું પ્રકરણ છે. 'ક્યો અથવા કેવો પ્રત્યય લગાડવાથી નામ સ્ત્રીલિંગી બને છે,' એ બાબતની માહિતી આ પ્રકરણમાં છે. સ્ત્રીપ્રત્યય પ્રકરણનાં બધાં મળીને એકસો તેર સૂત્રો છે. આ પ્રકરણમાં નામને છેડે आ, ई, आनी વગેરે પ્રત્યયો લગાડીને સ્ત્રીલિંગી બનાવવાની હકીકત છે. જેમકે अज નું સ્ત્રીલિંગી નામ अजा, राजन् નું સ્ત્રીલિંગી राज्ञी, मातुलનું સ્ત્રીલિંગી मातुलानी તથા ઉપરોક્ત પ્રત્યયોમાં કેટલાક સર્વ સામાન્ય પ્રત્યયો છે અને કેટલાક પ્રત્યયો તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક અમુક નામને લાગે છે એવા વિશિષ્ટ પ્રત્યયો છે. આ પ્રકરણમાં બીજો અધ્યાય પૂરો થાય છે.

આ પછી ત્રીજા અધ્યાયનો આરંભ થાય છે. ત્રીજા અધ્યાયના ચાર પાદ છે. તેમાંના પ્રથમ પાદનો પરિચય આ પ્રમાણે છે–આ પાદના પહેલાં સત્તર સૂત્રો 'प्र' વગેરે ઉપસર્ગની તથા બીજા કેટલાક શબ્દોની ગતિ સંજ્ઞાના વિધાન માટે છે. એક નામનો બીજા નામ સાથે સમાસ કરવામાં ગતિ સંજ્ઞાનો વિશેષ ઉપયોગ છે. ત્યાર પછી આ આખું પાદ સમાસને લગતું છે. ૧૮ મું સૂત્ર સામાન્ય સમાસ વિશે છે, અને ત્યાર પછી ૨૫મા સૂત્ર સુધી બહુવ્રીહિ સમાસનું નિરૂપણ છે. સમાસનો અર્થ 'સંક્ષેપ' થાય છે એટલે એક નામનો બીજા નામની કે નામોની સાથે સમાસ થતાં જે અર્થને જણાવવા અનેક શબ્દો વાપરવા પડે તે અર્થ ઓછા શબ્દો દ્વારા જે પ્રક્રિયા દ્વારા સૂચવાય તેનું નામ સમાસ, आरूढः वानरः यं वृक्षं सः वृक्षः આ રીતે ઉપર્યુક્ત અર્થ સૂચવવા બાર અક્ષરો વાપરવા પડે છે અને ગુજરાતીમાં છે 'જે વૃક્ષ ઉપર વાંદરો ચડેલો છે તે વૃક્ષ' એવો અર્થ સૂચવવા આમ તો સોળ અક્ષર વાપરવા પડે છે તેને બદલે आरूढ અને वानर શબ્દનો સમાસ કરવાથી માત્ર છ અક્ષર દ્વારા જ એટલે आरूढ-वानर એ શબ્દથી જ એ અર્થ સૂચવાઈ જાય છે. એ જ રીતે उष्ट्रमुखः એવો માત્ર ચાર અક્ષરનો જ શબ્દ उष्ट्रस्य मुखमिव मुखं यस्य सः આ રીતે બાર અક્ષર દ્વારા સૂચવાતા અર્થને તથા ગુજરાતીમાં 'જેનું મુખ ઉષ્ટ્ર–ઊંટ–ના મુખ જેવું છે તે' એવો નવ અક્ષરોથી સૂચવાય એવો અર્થ સૂચવે છે. 'એક બીજાના કેશોને પકડીને કરેલું યુદ્ધ' એટલો બધો સત્તર અક્ષરો દ્વારા સૂચવાતો અર્થ ફક્ત केशाकेशि એ ચાર અક્ષરના શબ્દ દ્વારા સ્પષ્ટ પણે સૂચવી શકાય છે. અર્થાત્ ઓછા શબ્દો દ્વારા વધારે અર્થ સૂચવવો એ સમાસનું પ્રયોજન છે. ૧૯ થી ૨૫ સુધીના સૂત્રો બહુવ્રીહિ સમાસ માટે છે. ત્યાર પછી ૨૬ થી ૪૧ સુધીના સૂત્રો અવ્યયીભાવ નામના સમાસ માટે છે. ૪૨ મા સૂત્રથી ૯૫માં સૂત્રો સુધી તત્પુરુષ સમાસનું પ્રકરણ છે. દ્વિતીયા તત્પુરુષ, તૃતીયા તત્પુરુષ, ચતુર્થી તત્પુરુષ, પંચમી તત્પુરુષ, ષષ્ઠી તત્પુરૂષ અને સપ્તમી તત્પુરુષ એમ વિવિધ પ્રકારના તત્પુરુષ સમાસ છે. છેલ્લા સપ્તમી તત્પુરુષ સમાસના ઉદાહરણ રૂપ मासदेयं એવો પ્રયોગ છે. 'मासदेय' શબ્દમાં मासे देयम् એવા પદો છે આ શબ્દનો અર્થ એવો થાય છે કે 'મહિનામાં જરૂર દેવાનું'' અર્થાત્ 'मासदेय' શબ્દમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ શબ્દ 'જરૂર' અર્થનો સૂચક નથી. છતાં સમાસના જ પ્રભાવથી એ શબ્દમાં 'જરૂર' અર્થનો બોધ સમાયેલ છે. આ પછી ૯૬માં સૂત્રથી વિશેષણ વિશેષ્ય રૂપ શબ્દોનો પરસ્પર–કર્મધારય સમાસ દર્શાવેલ છે. આ સમાસનું નામ તત્પુરુષ કર્મધારય પણ બતાવેલ છે. આમ ૯૬મા સૂત્રથી ૧૧૬ મા સૂત્ર સુધી તત્પુરુષ કર્મધારય સમાસની સમજૂતી આપેલ છે. આ સમાસને કર્મધારય સમાસ પણ કહેવાય છે.

આ સમાસ પછી દ્વન્દ્વ સમાસનું પ્રકરણ ચાલે છે. જે ૧૧૭મા સૂત્રથી માંડીને ૧૪૭ સૂત્ર સુધી પહોંચેલ છે. જે નામોનો દ્વન્દ્વ સમાસ થાય છે તે નામો એકથી વધારે હોય છતાં તેમનો પ્રયોગ એકવચનમાં પણ થાય છે બહુવચનમાં પણ થાય છે. તથા કેટલાંક નામો વધારે હોય તો પણ તેમનો પ્રયોગ બહુવચનમાં થતો જ નથી. એ હકીકત બતાવવા સમાસ સંબંધિ એકશેષ પ્રકરણ સવિસ્તર આપેલ છે. જેમકે पितरौ માત્ર કહેવાથી માતા અને પિતા એમ બન્ને સમજવાના છે. 'श्वशुरौ' એમ બોલવાથી સાસૂ અને સસરો એમ બન્ને સમજવાના છે. वयम् એટલે 'અમે' એમ કહેવાથી 'હું તું અને તે' એમ ત્રણે પુરૂષોને સમજવાના છે. એ જ પ્રકારે 'ब्राह्मणौ' એટલું જ કહેવાથી બ્રાહ્મણ બ્રાહ્મણી એ બન્નેને સમજવાના છે. આ બધો મહિમા એકશેષ સમાસનો છે. આ 'એકશેષ'નું પ્રકરણ ૧૧૮ મા સૂત્રથી ૧૪૭ મા સૂત્ર સુધી વિસ્તરેલ છે. ત્યાર પછી સમાસવાળાં નામોના પૂર્વનિપાતનું પ્રકરણ છે. પૂર્વનિપાત એટલે જે નામોના જુદા જુદા સમાસો થાય છે, તે નામોમાં, 'સૌ પહેલા કયા નામને મૂકવું' એ હકીકતના વિવેચનને પૂર્વનિપાત પ્રકરણ કહેલ છે. આ પ્રકરણ ૧૪૮ સૂત્રથી શરુ થઈને ૧૬૩ સૂત્ર સુધી આવેલ છે. આ રીતે ત્રીજા અધ્યાયનો પ્રથમ પાદ પૂરો થાય છે. અને આ પછીના ત્રીજા અધ્યાયના બીજા પાદમાં સમાસ પામેલ નામોમાં કેવા કેવા ફેરફારો થાય છે તે બતાવવા સારુ ત્રીજા અધ્યાયનો આખો બીજો પાદ પ્રયોજેલ છે. જેમકે कुम्भस्य समीपम् એનો અવ્યયીભાવ સમાસ કર્યા પછી બનેલ उपकुम्भ શબ્દનું સપ્તમી વિભક્તિમાં પણ उपकुम्भम् રૂપ થાય અને उपकुम्भे રૂપ પણ થાય. કોઈ શબ્દોમાં સમાસમાં પણ નામની વિભક્તિનો લોપ થતો નથી–तमसाकृतम् આ પ્રયોગ तमस् અને कृतनो સમાસ થયા પછી પણ तमस् શબ્દને લાગેલી ત્રીજી વિભક્તિનો લોપ થતો નથી તેથી સમાસમાં પણ तमसाकृतम् એવું એક જ પદ બનતું હોય છે. તથા 'પોતા સાથે બીજો, ત્રીજો કે પાંચમો' એમ કહેવું હોય તો आत्मनाद्वितीय, आत्म-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नातृतीय કે आत्मनापञ्चम, એવા પ્રયોગો થાય અર્થાત आत्मना પ્રયોગની ત્રીજી વિભક્તિ સમાસ છતાં લોપાય નહીં તથા दिविजः, कालेजः, वर्षासुजः એ બધા પ્રયોગોમાં આગળના નામની વિભક્તિઓ સમાસ થયા પછી પણ લોપાતી નથી પણ કાયમ રહે છે, दिविजः સ્વર્ગમાં થનારો, कालेजः એટલે યથાકાલે થનારો તથા वर्षासुजः એટલે ચોમાસામાં થનારો.

જેમાં વિભક્તિ કાયમ રહે છે એવા આ સમાસનું નામ अलुप्समास છે. આવી બધી વિલક્ષણતાઓ એટલે નામોનો પરસ્પર સમાસ થયા પછી થનારા ફેરફારો–વિવિધ પ્રકારના ફેરફારો ત્રીજા અધ્યાયના આખાય બીજા પાદમાં નિરૂપેલ છે. देवानांप्रियः શબ્દ જ 'મૂર્ખ' કે 'જડ' અર્થનો સૂચક છે. જ્યારે देवानां प्रियः શબ્દનો સમાસ ન કરીએ અથવા देवानां प्रियः देवप्रियः એમ સમાસ કરીએ ત્યારે તેનો અર્થ 'મૂર્ખ' ન રહે પણ 'દેવોને પ્રિય' એવો અર્થ જ થાય. भवत्पुत्र શબ્દનો અર્થ આપ માતાનો પુત્ર થાય અર્થાત આ પ્રયોગમાં भवत् શબ્દ સ્ત્રીલિંગી હોવા છતાં તે સ્ત્રીલિંગી રહેતો નથી પણ અર્થ તો સ્ત્રીલિંગી રહે છે. આ રીતે આ પાદમાં એવું નિરૂપણ છે કે કેટલાક સ્ત્રીલિંગી શબ્દો પણ અમુક સમાસમાં શબ્દરૂપે સ્ત્રીલિંગી રહેતા નથી. પણ પુલિંગી નામ જેવા બની જાય છે. છતાં અર્થ તો સ્ત્રીલિંગી છે. તથા अष्टापद सारिकाव्रण, अञ्जनागिरि વગેરે સમાસવાળા શબ્દોમાં अष्टनुं अष्टा, सारिकनुं सारिका તથા अञ्जननुं अञ्जना થઈ જાય છે. તથા द्वि+दश=-द्वादश त्रि+विंशति, त्रयोविंशति, अष्ट+त्रिंशत्=अष्टात्रिंशत, अन्य+इय–अन्यदीय આ રીતે આ પાદમાં સમાસ થયા પછી નામોમાં જે કાંઈ વિશેષ ફેરફારો થાય છે. તે બધા બતાવેલ છે. સામાન્ય સમાસ સૂત્ર ૩।૧।૧૮ થી થાય છે. સમાસના જે બહુવ્રીહિ, અવ્યયીભાવ,. તત્પુરુષ. કર્મધારય, દ્વન્દ્વ, એકશેષ સમાસ, આ જાતના જુદા જુદા સમાસના નામો બતાવેલાં છે. એ રીતે આ ત્રીજા અધ્યાયનો બીજો પાદ પૂરો થાય છે. અને એ સાથે નામોને લગતી તમામ પ્રક્રિયા આ પાદના અંત સુધીમાં સમાપ્ત થઈ જાય છે,

એ પછી ત્રીજા અધ્યાયના ત્રીજા પાદથી તે ઠેઠ સંપૂર્ણ ચોથા અધ્યાય સુધી ક્રિયાપદ રૂપોની સાધના બતાવેલ છે. આ રીતે ચોથા અધ્યાયના અંત સુધી ધાતુનાં તમામ રૂપોની સાધના બતાવેલ છે.

આ સ્થળે ક્રિયાપદોનાં રૂપો વિશે સવિસ્તર લખવાનું સ્થાન નથી તેમ છતાં આ નીચે ક્રિયાપદોનાં મૂળભૂત ધાતુ, ધાતુઓના ગણો તથા ધાતુનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે રૂપો જુદી જુદી પ્રક્રિયાઓમાં થાય છે, તે બાબત સંક્ષિપ્ત રીતે લખવી ઉચિત લાગે છે.

ભાષામાં પ્રચલિત ક્રિયાપદોનો તથા બીજા શબ્દોનો ઊંડાણથી અભ્યાસ કર્યા પછી પાણિનિ ચાંદ્ર એટલે ચંદ્રગોમિ અને શાકટાયન (જૈન) તથા આચાર્ય દેવનંદી (જૈન) વગેરે અનેક વૈયાકરણોએ મૂળ ધાતુઓની અમુક સંખ્યા નિર્ધારિત છે. હેમશબ્દાનુશાસનના ધાતુપાઠમાં ૧૯૮૧ ધાતુઓ ગણાવેલા છે. આમા પ્રથમ ભ્વાદિ ગણના જ ૧૦૫૮ ધાતુઓ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના ધાતુંપાઠમાં નોંધાયેલા છે ધાતુઓના દસ ગણો કલ્પાએલા છે. ૧ ભ્વાદિગણ ૨ અદાદિગણ ૩ જુહોત્યાદિગણ (આચાર્યના ધાતુપાઠમાં ત્રીજા ગણને બીજા ગણમાં જ સમાપેલો બતાવેલ છે. બીજા અને ત્રીજા ગણના મળીને ૮૬ ધાતુઓ છે ચોથા દિવાદિ ગણના ધાતુઓના નંબર ૧૧૪૫થી ૧૨૮૫ સુધી આપેલ છે. પાંચમા સ્વાદિ ગણના ધાતુના નં. ૧૨૮૬ થી ૧૩૧૪ સુધી નોંધેલા છે. છઠ્ઠા તુદાદિ ગણના નં. ૧૩૧૫ થી ૧૪૭૨ સુધી છે. સાતમા રુધાદિ ગણના નંબર ૧૪૭૩ થી ૧૪૯૮ સુધી, આઠમા તનાદિ ગણના ૧૪૯૯ થી ૧૫૦૭ દર્શાવેલા છે, નવમા ક્રી આદિ ગણના ૧૫૦૮ થી ૧૫૬૭ નંબર છે અને છેલ્લા એટલે દસમા ચુરાદિ ગણના ૧૫૬૮ થી ૧૯૮૧ ધાતુઓ ધાતુપાઠમાં નોંધેલા છે અર્થાત હૈમ ધાતુપાઠમાં દશે ગણના બધા મળીને ૧૯૮૧ ધાતુ થાય છે. આ દસ ગણો મુખ્ય મુખ્ય છે અને તેના પેટા ગણો પણ જ્વલાદિગણ, ઘટાદિગણ વગેરે ભ્વાદિગણમાં આવેલા છે. અદાદિ ગણમાં પેટાગણ જુહોત્યાદિગણ છે. દિવાદિગણમાં પેટા ગણ સૂ આદિ ધાતુઓનો છે. તુદાદિ ગણમાં પેટા ગણ મુચાદિ ગણ છે તથા કુટ આદિ ગણ છે, ક્રી આદિ ગણમાં પૂઆદિ તથા લૂઆદિ એમ બે પેટા ગણો છે છેલ્લા એટલે દસમા ચુરાદિ–ગણમાં યુજ આદિ પેટા ગણ છે. ચુરાદિ ગણમા અડ્ક્ષ્ણ વગેરે ધાતુઓ અકારાંત પણ છે. ધાતુપાઠ પૂરો થતાં આચાર્યશ્રીએ લખેલ છે કે "बहुलम् एतद् निदर्शनम् અર્થાત અહીં ધાતુઓની સંખ્યા જેટલી જણાવેલ છે તેટલી જ સમજવાની નથી પણ તેથી યે વધારે સંખ્યામાં બીજા અનેક ધાતુઓ છે. અહીં તો માત્ર ધાતુઓનું નિદર્શન કરાવેલ છે. જણાવેલા ધાતુઓ ઉપરાંત 'કણ્ડૂ વગેરે પણ ધાતુઓ ૧૯૮૨ નંબરથી ૨૦૪૪ નંબર સુધીના છે. આ ઉપરાંત अन्दोल, प्रेङ्खोल, गीज, रिख, लुक અને चुलुम्प વગેરે પણ અનેક ધાતુઓ છે જે સૌત્ર ધાતુના નામે ઓળખાયેલ છે. સૌત્ર ધાતુ એટલે જે ધાતુએ ધાતુપાઠમાં ન હોય પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાકરણના સૂત્રમાં સૂચવેલ હોય. આ રીતે બધા મળીને અમારા સંભળવા પ્રમાણે ૨૨૦૦ ધાતુઓ છે. જ્યારે અમે કાશીમાં સ્થપાયેલ શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં ભણતા ત્યારે અમારા અધ્યાપકોએ અમને કહેલ કે 'तुमको २२०० धातु कण्ठस्थ करना जरूरी है' આ અમરા અધ્યાપકની સૂચના મુજબ મેં પોતે ૨૨૦૦ ધાતુઓ કંઠસ્થ કરેલા અને પ્રતિદિન સાંજે ગણી પણ જતો.

આ બધા ધાતુઓનાં રૂપોની સાધનાની પ્રક્રિયા આ પ્રમાણે સમજવાની છે. દરેક ગણના ધાતુઓ માટે વિકરણ પ્રત્યયો જુદા જુદા બતાવેલા છે, ભ્વાદિગણ માટે अ વિકરણ છે. अदादि ગણ માટે કોઈ વિકરણ નથી, જુહોત્યાદિ ગણ માટે કોઈ વિકરણ તો નથી પણ તે ગણના મૂળધાતુનો દ્વિર્ભાવ થઈ જાય છે તે જ તેની વિશેષતા છે. દિવાદિ ગણ માટે य, સ્વાદિ ગણ માટે नु, તુદાદિ ગણ માટે अ, રુધાદિ ગણ માટે न, તનાદિ ગણ માટે उ, क्री આદિ ગણ માટે नी અને ચુરાદિ ગણ માટે अय વિકરણ સૂચવેલ છે. પ્રસ્તુતમાં દરેક ગણનાં બે પાંચ રૂપો નીચે આપેલ છે તેથી તે તે ગણના રૂપોની વિશેષતાનો ખ્યાલ સ્પષ્ટ પણે આવી જશે

૧ ગણ पचति, पठति, भणति, गच्छति, चलति, हिण्डते વગેરે
૨ ,, अस्ति, शेते, एति વગેરે
૩ ,, जुहोति, ददाति, दधाति વગેરે
૪ ,, दीव्यति, स्यति, श्यति, नृत्यति, दूयते વગેરે
૫ ,, चिनोति, सुनोति, आप्नोति, सिनोति, शक्नोति વગેરે
૬ ,, तुदति, मुञ्चति, त्रुटति, स्फुरति વગેરે
૭ ,, रुणद्धि, पिनष्टि, युनक्ति, भिनत्ति, छिनत्ति વગેરે
૮ ,, तनोति, सनोति, क्षिणोति વગેરે
૯ ,, क्रीणाति, मृद्नाति, बध्नाति, अश्नाति, मुष्णाति વગેરે
૧૦ ,, चोरयति, धक्कयति, अर्कयति, प्रपञ्चयति, अङ्कयति વગેરે

ઉપર જણાવ્યા પ્રમાણે દશે ગણના સાદાં કર્તરિરૂપો બતાવેલાં છે પણ એ જ ધાતુઓના પ્રેરક રૂપો, ઈચ્છા દર્શક રૂપો, યઙંતરૂપો, યઙ્લુગંતરૂપો પણ થાય છે. જેમકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરક—पाचयति, कारयति, पाठयति, चालयति, गमयति, વગેરે
ઇચ્છાદર્શક—विवक्षति, चिकीर्षति, पिपठिषति, चिचलिषति, जिगमिषति વગેરે

યઙંત રૂપો—पापच्यते, पापठ्यते, जङ्गम्यते વગેરે
યઙ્ના લોપવાળાં રૂપો—पापचीति, पापठीति, जगन्ति વગેરે

આ ઉપરાંત નામને ધાતુ બનાવીને તેનાં પણ રૂપો થાય છે—આ રૂપો નામધાતુનાં રૂપો ગણાય છે જેમકે

काम्य પ્રત્યય  पुत्रम् इच्छति पुत्रकाम्यति
क्यन् ,,  ,, पुत्रीयति
,,  ,, पुत्रीयति छात्रम्
,, प्रासादे इव आचरति प्रासादीयति कुट्याम्
क्विप्  अश्वति
क्यङ्  हंसायते, अप्सरायते
रोमन्थायते—વાગોળે છે
चीवरं परिदधाति परिचीवरयते
सत्यं करोति सत्यापयति

આ રીતે નામને ધાતુ બનાવીને પણ અનેક પ્રકારના નામધાતુરૂપ ક્રિયાપદો બનતાં હોય છે. અહીં બતાવેલાં બધાં જ ઉદાહરણો વર્તમાન કાળનાં છે. પણ તે જ પ્રમાણે, વિધ્યર્થનાં, આજ્ઞાર્થનાં હ્યસ્તન ભૂતકાળનાં, અદ્યતન ભૂતકાળનાં, પરોક્ષ ભૂતકાળના, આશિષ અર્થવાળાં, શ્વસ્તન ભવિષ્યકાળનાં, અદ્યતન ભવિષ્યકાળના અને ક્રિયાતિપત્તિ એમ નવે વિભક્તિઓમાં તમામ ધાતુઓનાં તથા નામ ધાતુઓનાં રૂપોને બરાબર સમજીને વ્યાકરણના નિયમો દ્વારા સાધવાના છે. ક્રિયાપદને લાગતા દશે વિભક્તિઓના પરસ્મૈપદના પ્રત્યયો આ પ્રમાણે છે—

૧. પરસ્મૈપદ વર્તમાન

३ ति तस् अन्ति
२ सि थस् थ
१ मि वस् मस्

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

૨. પરસ્મૈ૦ સપ્તમી–વિધ્યર્થ

३ यात् याताम् युस्
२ यास् यातं यात
१ याम् याव याम

૩. પરસ્મૈ૦ પંચમી આજ્ઞાર્થ

३ तु ताम् अन्तु
२ हि तम् त
१ आनि आव आम

૪. પરસ્મૈ૦ હ્યસ્તની

३ त् ताम् अन्
२ स् तम् त
१ अम् व म

૫. પરસ્મૈ૦ અદ્યતની

३ त् ताम् अन्
२ स् तम् त
१ अम् व म

૬. પરસ્મૈ૦ પરોક્ષા

३ अ अतुस् उस्
२ थ अथुस् अ
१ अ व म

૭. પરસ્મૈ૦ આશિષ

३ यात् यास्ताम् यासुस्
२ यास् यास्तम् यास्त
१ यासम् यास्व यास्म

૮. પરસ્મૈશ્વસ્તની

३ ता तारौ तारस्
२ तासि तास्थस् तास्थ
१ तास्मि तास्व तास्म

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. પરસ્મૈ ભવિષ્યન્તી

३ स्यति स्यतः स्यन्ति
२ स्यसि स्यथः स्यथ
१ स्यामि स्याव स्याम

૧૦. પરસ્મૈ૦ ક્રિમતિપત્તિ

स्यत् स्यताम् स्यन्
३ स्यत् स्यताम् स्यन्
२ स्यस् स्यतम् स्यत
१ स्यम् स्याव स्याम्

ઉપર લખેલી બધી જ હકીકત અહીં ઘણા સંક્ષેપથી લખેલ છે એટલે માત્ર દિગ્દર્શનરૂપે જ સમજવાની છે.

આ પ્રમાણે સિદ્ધહેમશબ્દાનુશાસનના પ્રથમના ચાર અધ્યાયો વિશે સંક્ષિપ્ત પરિચય આપેલ છે

બેચરદાસ દોશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કુમારપાલનરપતિપ્રતિબોધક આચાર્ય શ્રી હેમચંદ્રરચિત

# સિદ્ધહેમશબ્દાનુશાસન

## લઘુવૃત્તિ–સસૂત્ર–અનુવાદ

☆

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધહેમશબ્દાનુશાસન–લઘુવૃત્તિ

## પ્રથમ અધ્યાય

### પ્રથમ પાદ

**મંગલાચરણ—**

प्रणम्य परमात्मानं श्रेयःशब्दानुशासनम् ।
आचार्यहेमचन्द्रेण स्मृत्वा किञ्चित् प्रकाश्यते ॥

પ્રણમીને પરમાત્માને, શ્રેય શબ્દાનુશાસન;
શ્રી હેમચંદ્ર આચાર્ય, પ્રકાશે સ્મરીને કંઈ.

## अर्हम् ॥१।१।१॥

**મંગલ—**

'**अर्हम्**' એ પ્રમાણેનું અવ્યય અક્ષર છે – કદી નાશ પામનારું નથી. તે અવ્યય પરમ સ્થાને રહેલા – મુક્ત દશાને પામેલા એવા પરમેશ્વરનું બોધક – વાચક છે. અને એમ છે માટે જ તે અક્ષર છે – કદી નાશ પામનાર નથી. પરમેશ્વરના વાચક એવા એ અક્ષરનું અમે આ શ્રેયશબ્દાનુશાસનનો[1] પ્રારંભ કરતાં સર્વપ્રથમ મંગલને[2] માટે એકાગ્રચિત્તે ધ્યાન કરીએ છીએ.

---

૧. શ્રેય – શ્રેય કરનાર. **શબ્દાનુશાસન** – શબ્દોનું શાસ્ત્ર. શબ્દો તમામ જાતના વ્યવહારનું સાધન છે. એમના વિના લોકોનો તમામ વ્યવહાર અટકી પડે એમ છે. માટે જ શબ્દના શાસ્ત્રને લોકોનું શ્રેય કરનાર કહેલ છે.

૨. જો કે **अर्हम्** અવ્યય ખાસ કરીને જૈન પરંપરામાં વિશેષ પ્રસિદ્ધ છે, પણ બૌદ્ધ પરંપરામાં अरहा શબ્દ જાણીતો છે અને વૈદિક પરંપરામાં વિષ્ણુના બોધકરૂપે अर्ह શબ્દનો નિર્દેશ 'વિષ્ણુસહસ્રનામ'માં આવેલો છે. તથા આચાર્યહેમચંદ્રના કહેવા પ્રમાણે अर्हम् નો આદિ 'अ' વિષ્ણુનો, 'र्' બ્રહ્માનો અને 'ह' હર – મહાદેવનો સૂચક છે. તથા અન્ત્યનો 'म्' ઓનો અથવા મુક્તભાવનો સૂચક છે એટલે **अर्हम्** પદ તમામ ધર્મોના તથા તમામ સંપ્રદાયોના ઇષ્ટદેવોનું સૂચક છે. એટલે કોઈપણ ધર્મ કે સંપ્રદાયોનો વિદ્યાર્થી આ પદને પોતપોતાના ઇષ્ટદેવનું બોધક સમજીને તેનું મંગલ માટે એકાગ્રચિત્તે ધ્યાન કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શાસ્ત્ર ભણનારને માટે સૂચના—

### सिद्धिः स्याद्वादात् ॥१।१।२॥

આ વ્યાકરણશાસ્ત્રમાં અમે જે જે શબ્દોની ચર્ચા કરવાના છીએ તે તમામ શબ્દોની સિદ્ધિ સ્યાદ્વાદના નિયમને ધ્યાનમાં રાખીને સમજવાની છે. સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ. વસ્તુમાત્રનાં અનેક પાસાં છે, તેથી એક જ વસ્તુ વિશેના વિચારો પણ તે તે પાસાં પ્રમાણે વિવિધ જાતના હોય છે. તે તમામ પાસાં અને તમામ વિચારોમાંના કોઈ પણ એકનું નિરસન કર્યા વિના વ્યવહારોપયોગી અમુક એક પાસાને તથા તત્સંબંધી અમુક એક વિચારને સાપેક્ષપણે પ્રધાન સ્થાને ગણીને પ્રસ્તુત વ્યવહારના સિદ્ધિ જે નિયમથી થાય તેનું નામ સ્યાદ્વાદનો – અનેકાંતવાદનો નિયમ.

આ નિયમ શબ્દોને પણ લાગુ પાડવાનો છે. કેટલાક વિચારકો શબ્દના એક નિત્ય પાસાને પ્રધાન સ્થાન આપે છે તથા તેઓ શબ્દને નિત્ય જ માને છે. આ વિચારકો શબ્દના બીજા અનિત્ય પાસાનો તથા તે સંબંધી વિચારનો સર્વથા નિષેધ કરે છે. ત્યારે વળી કેટલાક વિચારકો શબ્દના બીજા એક અનિત્ય પાસાને પ્રધાન સ્થાન આપે છે તથા તેઓ શબ્દને અનિત્ય જ માને છે. આ વિચારકો શબ્દના બીજા નિત્ય પાસાનો તથા તે સંબંધી વિચારનો સર્વથા નિષેધ કરે છે. એમ આ બંને વિચારકો શબ્દનાં બંને પાસાંનો તથા તે સંબંધી બે વિચારોનો એકી સાથે સાપેક્ષપણે સ્વીકાર કરતા નથી, પરંતુ શબ્દના એક જ પાસાને સ્વીકારી તે અંગેના વિચારને નિરપેક્ષપણે સ્વીકારે છે, ત્યારે સ્યાદ્વાદના નિયમ પ્રમાણે શબ્દનાં એક સાથે બંને પાસાં છે અને તે બંને પાસાંને લગતા બે વિચારો પણ સાપેક્ષપણે ખરા છે એટલે સ્યાદ્વાદનો નિયમ એમ જણાવે છે કે, શબ્દ નિત્ય પણ છે અને શબ્દ અનિત્ય પણ છે.

અમુક વ્યક્તિનો કે અમુક વસ્તુનો શબ્દ ઉત્પન્ન થતાં જ નાશ પામતો અનુભવાય છે માટે એ દૃષ્ટિએ શબ્દ અનિત્ય છે અને પ્રવાહરૂપે શબ્દ કદી નાશ પામતો નથી એટલે સંસાર કદી પણ શબ્દ વિનાનો હોઈ શકે નહીં. આ રીતે શબ્દના પ્રાવાહિક નિત્ય પાસાની દૃષ્ટિએ વિચાર કરતાં શબ્દ નિત્ય પણ છે.

જ્યારે શબ્દના નિત્ય પાસાનો વિચાર કરીએ ત્યારે તેનું માત્ર જ્ઞાન – જ્ઞપ્તિ કરી શકાય. નિત્ય પદાર્થનું નિષ્પાદન ન થઈ શકે. એ તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવાય છે, પણ જ્યારે શબ્દના અનિત્ય પાસાનો વિચાર કરીએ ત્યારે તો તે અનિત્ય પદાર્થની ઉત્પત્તિ નિષ્પત્તિ પણ થઈ શકે. એટલે સ્યાદ્વાદના નિયમ પ્રમાણે નિત્ય શબ્દની માત્ર જ્ઞપ્તિ જાણવી અને અનિત્ય શબ્દની માત્ર નિષ્પત્તિ – ઉત્પત્તિ જાણવી – એવો વિચાર આચાર્ય હેમચંદ્રને સમ્મત છે અને પ્રસ્તુત શબ્દાનુશાસન શબ્દોનું જ્ઞાન મેળવવામાં તથા શબ્દની નિષ્પત્તિ કરવામાં પણ સાધનરૂપ છે. અર્થાત્ સ્યાદ્વાદના ધોરણને ધ્યાનમાં રાખીને જ્યારે શબ્દોને નિત્ય સમજીએ ત્યારે આ શબ્દાનુશાસન દ્વારા શબ્દોનું માત્ર જ્ઞાન મેળવવાનું છે અને જ્યારે શબ્દોને અનિત્ય માનીએ ત્યારે આ શાસ્ત્ર દ્વારા જ તેમને નિપજાવીને તેમનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો છે.

## लोकात् ॥१।१।३॥

આ શાસ્ત્રમાં શબ્દોને લગતી ઘણી ખાસ ખાસ બાબતો બતાવવા પ્રયત્ન કરવાના છીએ, પણ તે બાબતો એટલી બધી વધારે છે કે તે બધીને અહીં કહેવી અશક્ય છે માટે શબ્દોને લગતી જે કેટલીક લોક-પ્રસિદ્ધ બાબતોને – અમે અહીં ન કહી હોય તે બધીને – લોક પાસેથી સમજી લેવાની છે. 'લોક'નો અહીં ખાસ અર્થ છે. વ્યાકરણના મોટા મોટા પંડિતો, ન્યાય તથા અલંકારશાસ્ત્રના વિદ્વાનો, સામુદ્રિક, જ્યોતિષ, ગણિત, છંદ વગેરે બીજાં બીજાં અનેક શાસ્ત્રોના શિક્ષકો તથા લોકમાં જેઓ શાણા, ચતુર અને પ્રતિભાવાન ગણાય છે તે તમામને અમે અહીં 'લોક' શબ્દના અર્થમાં સમાવીએ છીએ.

આ શાસ્ત્રમાં કેટલીક સંજ્ઞાઓ, કેટલીક પરિભાષાઓ, કેટલાક ન્યાયો તથા બીજી કેટલીક ઉપયોગી બાબતોનું સ્વરૂપ કહેવું રહી ગયું છે, તો આ બધું ઉપર જણાવેલ લોક પાસેથી જાણી લેવાનું છે અને વર્ણનો એટલે કે સ્વર તથા વ્યંજનનો સમામ્નાય પણ લોકો પાસેથી જાણી લેવો.

**સંજ્ઞાઓનાં વિધાન—**

## औदन्ताः स्वराः ॥१।१।४॥

જેમને છેડે औ આવેલ હોય તે બધાની **स्वर** સંજ્ઞા સમજવી.

**પ્રશ્ન**—कौ, चौ, टौ વગેરેમાં क्, च् અને ट ને છેડે પણ औ આવેલ છે, તો શું क्, च् અને ट् ની પણ स्वर સંજ્ઞા સમજવી?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—લોકમાં क्, च् અને द ની સ્વરસંજ્ઞા નથી, પણ વ્યંજન સંજ્ઞા છે તેથી લોકમાં अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ—આ ચૌદ અક્ષરોની જ 'स्वर' સંજ્ઞા પ્રચલિત છે માટે લોકને અનુસરીને આ શાસ્ત્રમાં પણ अ કારથી માંડીને औ સુધીના અક્ષરોને જ સ્વર રૂપે સમજવાના છે; પણ क् વગેરેને સ્વર રૂપે કદી પણ સમજવા નહીં. આ સૂત્રમાં ओत् એ શબ્દમાં औને છેડે त् મૂકેલો છે તે માત્ર ઉચ્ચારણ માટે સમજવાનો છે, બીજું કાંઈ તેનું પ્રયોજન નથી. આમ જ બીજે પણ સમજી લેવું.

## एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः ॥१।१।५॥

ઉપરના ચોથા સૂત્ર દ્વારા જેમને સ્વરરૂપે જણાવેલા છે તેમાંના એક એક સ્વરના ત્રણ ત્રણ કે બે બે પ્રકાર છે. તે બાબતને આ સૂત્ર જણાવે છે.

अ ૧ હ્રસ્વ, ૨ દીર્ઘ અને ૩ પ્લુત એમ ત્રણ પ્રકારનો છે.

૧. જે સ્વરને બોલતાં એક માત્રા જેટલો સમય લાગે તે સ્વરને 'હ્રસ્વ' સમજવો.

૨. જેને બોલતાં બે માત્રા જેટલો સમય લાગે તેને 'દીર્ઘ' સમજવો.

૩. જેને બોલતાં ત્રણ માત્રા જેટલો સમય લાગે તેને 'પ્લુત' સમજવો.

**પ્ર૦**—માત્રા એ શું છે?

**ઉ૦**—કાળના અમુક માપને 'માત્રા' સમજવી. સાધારણ રીતે આંખ એકવાર ઉઘાડીએ અને મીંચીએ – એમ કરવામાં જેટલો સમય લાગે તેટલા સમયનું નામ 'માત્રા' છે.

अ, इ, उ, ऋ, ऌ – એમને બોલતાં એક માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'હ્રસ્વ' સમજવા.

आ, ई, ऊ, ॠ, ॡ, ए, ऐ, ओ, औ – એ પ્રત્યેક સ્વરને બોલતાં બે માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'દીર્ઘ' સમજવા.

अ३, इ३, उ३ વગેરેને બોલતાં ત્રણ માત્રા જેટલો સમય લાગે છે માટે તેમને 'પ્લુત' સમજવા.

" લોકમાં પણ હ્રસ્વ – ટૂંકું, દીર્ઘ – લાંબું એ અર્થો પ્રસિદ્ધ છે. 'પ્લુત' શબ્દ આમ જનતામાં જાણીતો નથી, પંડિત લોકોમાં જાણીતો છે, પણ પ્લુત

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ઉચ્ચારણનો વ્યવહાર તો બધા જ લોકો કરે છે. પ્લુતનું ઉચ્ચારણ કાંઈ હાલતાં–ચાલતાં તમામ વ્યવહારોમાં થતું નથી. પણ કોઈનો તિરસ્કાર કરવો હોય, ક્યાંય સમ્મતિ બતાવવી હોય, કોપનો, ઈર્ષ્યાનો અને કોઈને દૂરથી બોલાવવાનો પ્રસંગ હોય એવે પ્રસંગે પ્લુતનું ઉચ્ચારણ થાય છે.

આ સૂત્રમાં **एक-द्वि-त्रिमात्राः** એ પદ ઉદ્દેશરૂપ વચન છે. અને **ह्रस्व–दीर्घ–प्लुताः** એ પદ વિધેયરૂપ વચન છે. જ્યાં જ્યાં ઉદ્દેશરૂપ વચનમાં અને વિધેયરૂપ વચનમાં વિભક્તિનાં વચન તથા સંખ્યા સરખાં હોય ત્યાં તેમનું વિધાન અનુક્રમે સમજવાનું છે. પ્રસ્તુતમાં પણ ઉદ્દેશવચન અને વિધેયવચન એ બંનેમાં પ્રથમા વિભક્તિનું બહુવચન છે તથા તે બંનેની સંખ્યા ત્રણની છે એટલે એ બંને વચ્ચે આપોઆપ અનુક્રમ જાણી લેવાનો છે.

જેમકે, મયંકને મીઠાઈ આપો, ભવિકને ભાત આપો અને મલયને માખણ આપો – આ વાક્યોમાં બરાબર અનુક્રમ છે. એથી મયંકને ભાત અને માખણ નહીં આપવાં અને મલયને પણ ભાત તથા મીઠાઈ નહીં આપવાં એવો સ્પષ્ટ અર્થ થાય છે તેમ અહીં પણ જે સ્વરો એક માત્રા સમય લે તેને 'હ્રસ્વ' જ સમજવા, બે માત્રા સમય લે તેને 'દીર્ઘ' જ સમજવા તથા ત્રણ માત્રા સમય લે તેને 'પ્લુત' જ સમજવા; તથા બે માત્રા સમય લેનાર સ્વરને હ્રસ્વ કે પ્લુત ન સમજવો એવો સ્પષ્ટ અર્થ સમજી લેવો.

હ્રસ્વ— अ, इ, उ, ऋ, ऌ—એ પાંચ સ્વર.

દીર્ઘ—आ, ई, ऊ, ॠ ॡ, ए, ऐ, ओ, औ – એ નવ સ્વર.

પ્લુત—अ३, इ३, उ३ વગેરે. અહીં જે તગડો મૂક્યો છે તે ત્રણ માત્રાના કાળનો સૂચક છે.

## अनवर्णा नामी ॥१।१।६॥

જે સ્વરની પાછળ વર્ણ શબ્દ લાગેલો હોય તેવા સ્વર દ્વારા હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એ ત્રણે પ્રકારના સ્વરને એક સાથે સમજી લેવા તથા જે સ્વરની પાછળ त् લાગેલો હોય તે સ્વર જેવો હોય તેવો જ લેવાનો. **अवर्ण – હ્રસ્વ, દીર્ઘ અને લુપ્ત अ. अत्—માત્ર હ્રસ્વ अ. आत्—માત્ર દીર્ઘ आ.**

**આગળ જણાવેલા સ્વરોમાંના अवर्णને છોડીને** બાકીના તમામ સ્વર વર્ણોની 'નામી' સંજ્ઞા સમજવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ – આ બાર સ્વરો ' નામી ' કહેવાય છે.

## ॡदन्ताः समानाः ॥१।१।७॥

અગાઉ જણાવેલા સ્વરોમાંના ॡ સુધીના સ્વરોની ' સમાન ' સંજ્ઞા સમજવી.

अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, – આ દશ સ્વરોને 'સમાન' કહેવાય.

## ए ऐ ओ औ सन्ध्यक्षरम् ॥१।१।८॥

ए, ऐ, ओ, औ – એ ચાર સ્વરોની 'સંધ્યક્ષર' સંજ્ઞા સમજવી. સંધિ થવાથી જે અક્ષર બને તેનું નામ ' સંધ્યક્ષર '.

| | |
|---|---|
| अ+इ=ए અથવા आ+इ=ए<br>अ+ए=ऐ અથવા आ+ए=ऐ<br>अ+उ=ओ અથવા आ+उ=ओ<br>अ+ओ=औ અથવા आ+ओ=औ | આ ચારે સ્વરો બે સ્વરોની સંધિ થવાથી થયેલા છે માટે તેને આચાર્યે ' સંધ્યક્ષર ' નામ આપ્યું છે. |

જેમ अ + इ મળીને ए થાય છે તેમ अ + ई મળીને પણ ए થાય છે અર્થાત્ હ્રસ્વ કે દીર્ઘ ' इ ' નો ए થાય છે તેમ હ્રસ્વ કે દીર્ઘ उ નો પણ अ કે आ સાથે ओ થાય છે.

## अं अः अनुस्वार–विसर्गौ ॥१।१।९॥

' अं ' માં ' अ ' ઉપર જે બિંદુ છે તેનું નામ ' અનુસ્વાર ' છે અને ' अः ' માં ' अ ' પાસે જે બે બિંદુ છે તેનું નામ ' વિસર્ગ ' છે.

આ ' अ ' ઉપર આવેલું બિંદુ સ્વરને માથે જ વપરાય છે અને ' अ ' પાસે આવેલાં બે બિંદુ તે પણ સ્વરની બાજુમાં વપરાય છે. જેમકે, इं, उं, एं વગેરે તથા इः, उः, एः વગેરે.

એકલા બિંદુનો તથા પાસે આવેલા એકલાં બે બિંદુઓનો ઉચ્ચાર જ થઈ શકે નહીં માટે અહીં કેવળ ઉચ્ચારણની સગવડને સારુ જ બંને સ્થળે अ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલે ' અનુસ્વાર ' સંજ્ઞા સાથે કે 'વિસર્ગ' સંજ્ઞા સાથે अ વગેરે કોઈ સ્વરનો કશો સંબંધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવિક રીતે ङ्, ञ्, ण्, न्, અને म् ને બદલે અનુસ્વાર-બિંદુ વપરાય છે એથી એ બિંદુ વ્યંજન જ છે, પણ સ્વરરૂપ નથી તથા વિસર્ગ બિંદુ પણ र् અથવા स्ને બદલે વપરાય છે, એથી એ બિંદુ પણ વ્યંજનરૂપ જ છે પણ સ્વરરૂપ નથી.

હાલની નિશાળોમાં બારાક્ષરી – બારાખરી – સાથે છેલ્લે 'અં' 'અ:' એમ શીખવવામાં આવે છે એટલે 'અં' અને 'અ:' એ સ્વરરૂપ હોવાનો ભ્રમ થવાનો સંભવ છે. પણ ખરી રીતે અનુસ્વારબિંદુ અને વિસર્ગબિંદુ કોઈ કાળે સ્વરરૂપ નથી જ; એ બંને વ્યંજનરૂપ જ છે.

ङ् ञ् ण् न् અને म् ને બદલે અનુસ્વારનો ઉપયોગ થાય છે, પણ કોઈ પણ સ્વરને બદલે ક્યાંય પણ અનુસ્વારનો ઉપયોગ કદીય થતો નથી તેથી અનુસ્વારનો સંબંધ વ્યંજન સાથે હોવાથી તે વ્યંજનરૂપ છે.

र् ને બદલે જ વિસર્ગ વપરાય છે, પણ કોઈ પણ સ્વરને બદલે ક્યાંય પણ વિસર્ગ વપરાતો નથી તેથી, વિસર્ગનો સંબંધ પણ વ્યંજનની સાથે હોવાને કારણે તે પણ વ્યંજનરૂપ જ છે

એ જ પ્રમાણે ૧।૧।૧૬ સૂત્રમાં જણાવેલા ⌣વજ્રાકૃતિ તથા )( ગજ-કુંભાકૃતિ એ બંને વર્ણો પણ સદાય र् ને બદલે વપરાય છે તેથી તે બંને વર્ણો પણ વ્યંજનરૂપ જ છે, એ હકીકતના સમર્થન માટે જ આ નવમા સૂત્રની પછી कादिः व्यंजनम् સૂત્ર આવે છે. તેની એક બીજી વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવેલ છે—

कस्य आदिः कादिः એટલે કની આદિના – કની પહેલાંના અર્થાત્ આ સૂત્રમાં 'કાદિ' શબ્દમાં જે 'ક' બતાવેલ છે તેની તદ્દન પાસેના – પહેલાંના એટલે કે આ સૂત્રની પહેલાંના સૂત્રમાં જે અનુસ્વાર અને વિસર્ગ જણાવેલા છે તેને પણ વ્યંજનરૂપ સમજવા. આમ વ્યાખ્યા કરીને અનુ-સ્વાર અને વિસર્ગની પણ અસંદિગ્ધપણે વ્યંજનસંજ્ઞા સમજવાની છે એ હકીકત આચાર્યશ્રી સૂચવે છે.

## कादिः व्यञ्जनम् ॥१।१।१०॥

જે વર્ણોની આદિમાં 'क्' આવે છે અને અંતે 'ह्' આવે છે તે બધા જ વર્ણોનું નામ વ્યંજન છે. અહીં लोकात् ૧।૧।૩ સૂત્રને આધારે નીચે જણાવ્યા પ્રમાણે વ્યંજનો સમજવાના છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क् ख् ग् घ् ङ् । च् छ् ज् झ् ञ् । ट् ठ् ड् ढ् ण् ।
त् थ् द् ध् न् । प् फ् ब् भ् म् । य् र् ल् व् श् ष् स् ह् ।

આમ કુલ તેત્રીશ વ્યંજનો છે. આ રીતે બધા સ્વરોનો અને બધા વ્યંજનોની કુલ સંખ્યા ૪૭ થાય છે અને તેમાં અનુસ્વાર અને વિસર્ગને ભેળવવાથી ૪૯ થાય છે.

## अपञ्चमान्तस्थो धुट् ॥१।१।११॥

દરેક વર્ગનો પંચમ વ્યંજન—ङ् ञ् ण् न् म् તથા આ ઉપરાંત અંતસ્થ સંજ્ઞાવાળા य् र् ल् અને व् ચાર વ્યંજનો – આ બન્ને પ્રકારના વ્યંજનો સિવાયના બાકીના બધા જ વ્યંજનોની 'धुट्' સંજ્ઞા સમજવાની છે—ક્ ખ્ ગ્ ઘ્ । ચ્ છ્ જ્ ઝ્ । ટ્ ઠ્ ડ્ ઢ્ ।
ત્ થ્ દ્ ધ્ । પ્ ફ્ બ્ ભ્ । શ્ ષ્ સ્ હ્ ।

## पञ्चको वर्गः ॥१।१।१२॥

ઉપર જણાવેલ ૧૦ મા સૂત્ર વડે જેમની વ્યંજનસંજ્ઞા ઠરાવેલ છે તે વ્યંજનોમાં લોકપ્રસિદ્ધ રીતે જે જે વ્યંજનોનું પાંચ પાંચનું ઝૂમખું છે એટલે ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ । ચ્ છ્ જ્ ઝ્ ઞ્ વગેરે એ રીતે પાંચ પાંચના ઝૂમખાવાળા જુદા જુદા વ્યંજનસમૂહની 'વર્ગ' સંજ્ઞા સમજવાની છે.

ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ — કવર્ગ
ચ્ છ્ જ્ ઝ્ ઞ્ — ચવર્ગ
ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ — ટવર્ગ
ત્ થ્ દ્ ધ્ ન્ — તવર્ગ
પ્ ફ્ બ્ ભ્ મ્ — પવર્ગ

લોકશાસ્ત્રમાં ઉપર જણાવેલી રીતે પાંચ વર્ગ જ પ્રસિદ્ધ છે તેથી આ શાસ્ત્રમાં પણ પાંચ વર્ગ જ સમજવાના છે. આ અર્થની સૂચના पञ्चको वर्गः સૂત્રમાં પણ 'पञ्चको वर्गः पञ्चकः' એ રીતે 'पञ्चक' શબ્દની બે વાર યોજના કરવાથી ગ્રંથકારે આપી દીધેલ છે. અર્થાત્ પાંચ પાંચ વ્યંજનસમૂહની વર્ગ સંજ્ઞા થાય અને તેવા માત્ર પાંચ જ વર્ગ સમજવા, વધારે નહિ. य् र् ल व् એ ચાર અને श् ष् स् ह् એ ચાર વ્યંજનો કોઈ રીતે પાંચ પાંચનું ઝૂમખું બનતું નથી તેથી એ આઠે વ્યંજનો વર્ગ-સંજ્ઞામાં આવી શકે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ગનો જે આદિ અક્ષર છે તે વડે વર્ગની કવર્ગ, ચવર્ગ વગેરે સંજ્ઞાઓ લોકપ્રચલિત છે અને તે જ પ્રમાણે અહીં પણ કગર્વ, ચવર્ગ વગેરે સંજ્ઞાઓ સ્વીકૃત થએલ છે. એથી ખવર્ગ કે છવર્ગ યા ઠવર્ગ એવી કોઈ સંજ્ઞાઓને અહીં મુદ્દલ અવકાશ નથી.

## आद्य-द्वितीय-श-ष-सा अघोषाः ॥१।१।१३॥

દરેક વર્ગનો પ્રથમ વ્યંજન તથા બીજો વ્યંજન અને श् ष् स् એ બધા વ્યંજનોની 'અઘોષ' સંજ્ઞા સમજવી. જેમ કે—क् ख्, च् छ्, ट ठ्, त थ्, प् फ् અને श् ष् તથા स् એમ તેર વ્યંજનો 'અઘોષ' ગણાય છે.

अ+घोष=અઘોષ. અ–થોડો. ઘોષ–ધ્વનિ–અવાજ. જે વ્યંજનો બોલતાં વિશેષ જોરદાર ધ્વનિ નીકળતો નથી તે 'અઘોષ' કહેવાયા છે. क् ख् વગેરે श् ष् स् સુધીના વ્યંજનોને બોલતાં જોરદાર ધ્વનિ નીકળતો નથી એ અનુભવસિદ્ધ છે. क् તથા ग् બોલતાં જરૂર ફરક અનુભવાય છે.

## अन्यो घोषवान् ॥१।१।१४॥

જેમની 'અઘોષ' સંજ્ઞા બતાવેલી છે તે સિવાયના બાકીના બધા વ્યંજનોની 'ઘોષ' અથવા 'ઘોષવાન્' સંજ્ઞા છે. જેમ કે ग् घ् ङ्, ज् झ् ञ् ड् ढ् ण् द् ध् न्, ब् भ् म् य् र् ल् व् અને ह એ વીશ વ્યંજનો ઘોષ ગણાય છે. આ વ્યંજનોનું ઉચ્ચારણ કરતાં થોડો વિશેષ ધ્વનિ કરવો પડે છે માટે તેમને ઘોષ કહેલા છે. ग અને क બોલી જુઓ તો તે બોલતાં જે જુદો જુદો ધ્વનિ થાય છે તેનો ફરક સ્પષ્ટ દેખાઈ આવશે.

## य-र-ल-वा अन्तस्थाः ॥१।१।१५॥

य् र् ल् व् આ ચારે વ્યંજનોની પ્રત્યેકની 'અંતસ્થ' સંજ્ઞા સમજવી. સૂત્રકારે સૂત્રમાં अन्तस्थाः શબ્દ બહુવચનાંત મૂકેલ છે. એનો પરમાર્થ એ છે કે य् ની અન્તસ્થસંજ્ઞા, र्ની અંતસ્થસંજ્ઞા, ल् ની અંતસ્થસંજ્ઞા અને व् ની અંતસ્થસંજ્ઞા સમજવાની છે. પણ य् र् ल् व् એ આખો સમૂહ હોય ત્યારે જ અંતસ્થસંજ્ઞા થાય એમ નથી સમજવાનું. જો કે य् र् ल् व् એ આખો સમૂહ પણ અંતસ્થસંજ્ઞાવાળો તો છે જ પણ તે પ્રત્યેક य् વગેર ચારે વર્ણોની પણ અંતસ્થસંજ્ઞા સમજવાની છે એ આ સૂત્રના આશયનો મુદ્દો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अं–अः– ≍क–)(प–श–ष–साः शिट् ॥१।१।१६॥

અનુસ્વાર, વિસર્ગ, ≍ આવા આકાર સાથેના क અને ख તથા )( આવા આકાર સાથેના प અને फ, વળી श ष स—એ બધા મળીને સાતે વ્યંજનોની પ્રત્યેકની 'શિટ્' સંજ્ઞા સમજવી.

વજ્ર વચ્ચે સાંકડું હોવાથી ≍ આવો આકાર વજ્રનો હોય છે તેથી આનું નામ 'વજ્રાકૃતિ' વર્ણ છે. અને આ વર્ણ હમેશાં क અને ख ની પહેલાં જ પ્રયોજાય છે. તથા )( આવો આકાર હાથીના કુંભસ્થળનો હોય છે તેથી આનું નામ 'ગજકુંભાકૃતિ' વર્ણ છે અને આ વર્ણ હમેશાં प અને फની પહેલાં જ વપરાય છે.

આ વજ્રાકૃતિ અને ગજકુંભાકૃતિ વર્ણનો પ્રયોગ બહુ ઓછો છે, પણ છે તો ખરો જ તેથી તેને અહીં ગણાવવામાં આવેલા છે.

## तुल्यस्थानास्यप्रयत्नः स्वः ॥१।१।१७॥

જે જે વર્ણની સાથે જે જે વર્ણનાં સ્થાન અને આસ્યપ્રયત્ન એ બંને તુલ્ય-એકસરખાં છે તે તે વર્ણની પરસ્પર 'स्व' સંજ્ઞા થાય છે.

સ્થાન–વર્ણોનું ઉચ્ચારણ કરવાનાં સ્થાન—જે જગ્યાએથી વર્ણો બોલાય છે તે જગ્યા. એવાં સ્થાન આઠ છે.

"૧. ઉરસ્થાન–છાતી, ૨. કંઠ–ગળું, ૩. શિર–માથું–માથાનો અંદરનો ભાગ, ૪. જીભનું મૂળ-ટેરવું, ૫. દાંતો ૬. નાસિકા–નાકની અંદરનો ભાગ, ૭. બંને હોઠ–બંને હોઠોનો સંબંધ–સંયોગ, અને ૮. તાલુ–તાળવું–વર્ણોને બોલવા સારુ આ આઠ સ્થાનો છે."

આસ્ય–મુખ. પ્રયત્ન–ક્રિયા. વર્ણોને બોલતાં મુખમાં જે ક્રિયા થાય તે 'આસ્યપ્રયત્ન' કહેવાય.

આસ્યપ્રયત્ન—આસ્ય એટલે મુખ. જેના વડે, જેની સહાયતાથી અવાજને–સ્પષ્ટ અવાજને કે અસ્પષ્ટ અવાજને-બહાર ફેંકી શકાય તેનું નામ આસ્ય. (अस्+य । अस् क्षेपणे–ચોથો ગણ)

મુખ શબ્દનો જે અર્થ લોકપ્રસિદ્ધ છે અને સિંહમુખ અથવા ચંદ્રમુખી શબ્દો દ્વારા મુખ શબ્દ જે અર્થ સૂચવે છે તે અર્થ કાવ્યશાસ્ત્રમાં પ્રચલિત છે. આ શાસ્ત્રમાં તો મુખનો પારિભાષિક અર્થ છે અને તેને આ પ્રમાણે સમજવાનો છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોઠથી માંડીને 'કાકલિ' એટલે કે કંઠમણિ નામના ગળાના ભાગની પહેલાંના શારીરિક અવયવનું નામ મુખ છે. ઉપર જણાવેલાં આઠે સ્થાનો મુખમાં હોય છે અને ચારે આસ્યપ્રયત્નો ઉપર જણાવેલા પારિભાષિક મુખમાં જ થાય છે. આ સૂત્રની વ્યાખ્યામાં છેડે જે અગિયાર બાહ્ય પ્રયત્નો જણાવેલા છે તે ઉપર જણાવેલા મુખમાં થતા નથી, પણ તે ગળાના ભાગ પછીના આપણા કોઠામાં થાય છે અને એ કોઠો મુખથી જુદો છે. તેથી મુખથી જુદા ભાગમાં થનારા પ્રયત્નોને બાહ્ય પ્રયત્નનું નામ આપેલ છે. અહીંનો 'બાહ્ય' શબ્દ તેના સાધારણ પ્રચલિત 'બહાર' અર્થનો સૂચક નથી, પણ 'મુખથી જુદો ભાગ તે બાહ્ય' એવા અર્થનો સૂચક છે તે ધ્યાનમાં રાખવાનું છે.

જે પ્રયત્નો આસ્યમાં થાય તેનું નામ આસ્યપ્રયત્ન. આવા આસ્યપ્રયત્ન ચાર છે—

૧. સ્પૃષ્ટતા, ૨. ઈષત્‌સ્પૃષ્ટતા, ૩. વિવૃતતા, અને ૪. ઈષદ્‌વિવૃતતા.

સ્વર વર્ણોમાં સૌથી પહેલો અકાર આવે છે તેથી સૌથી પ્રથમ અકારના સ્થાન અને આસ્યપ્રયત્નની વાત કરીએ—

અકારની ત્રણ જાત છે : ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત, ૩. સ્વરિત.

૧. જે ઊંચે સાદે બોલાય તે 'ઉદાત્ત.'

૨. જે નીચે સાદે બોલાય તે 'અનુદાત્ત.'

૩. જે મધ્યમ રીતે બોલાય—બહુ ઊંચે સાદે પણ નહીં તેમ બહુ નીચે સાદે પણ નહીં તે રીતે બોલાય તે 'સ્વરિત.'

અકાર ઉદાત્ત પણ છે, અનુદાત્ત પણ છે અને સ્વરિત પણ છે. વળી પાછું. તે ત્રણે અકારો બે રીતે બોલાય છે :

૧. ઉદાત્ત અ નાકમાંથી બોલાય છે માટે સાનુનાસિક[૧] કહેવાય.

૨. તે જ અ નાકમાંથી ન બોલાય ત્યારે નિરનુનાસિક કહેવાય.

એ રીતે ઉદાત્ત અ ના, અનુદાત્ત અ ના તથા સ્વરિત અ ના બે બે ભેદ થાય છે. એમ એક જ અ ના છ ભેદ થાય છે.

---

१. नासिकाम् अनुगतः अनुनासिकः, अनुनासिकेन सह सानुनासिकः । यः अनुनासिको नास्ति स निरनुनासिकः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, એ છયે પ્રકારમાંના પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ આ પ્રકારે થાય છે. ઉદાત્ત અને સાનુનાસિક અ હ્રસ્વ હોય છે. એ જ અ દીર્ઘ હોય છે અને વળી એ જ અ પ્લુત પણ હોય છે. આ રીતે એક જ અ ના અઢાર ભેદ થાય છે. એટલે એક જ અ નાં જુદાં જુદાં ઉચ્ચારણો થતાં હોવાથી તે અઢાર જાતનો થાય છે.

આ અઢારે જાતનો અ વર્ણ ગળા વડે બોલાય છે અને એ અઢારે જાતના અ વર્ણનું ઉચ્ચારણ કરતાં મુખને વિવૃત–પહોળું–કરવું પડે છે. તેથી એ અઢારે જાતના અ વર્ણને બોલવા સારુ જે આસ્યપ્રયત્ન થાય છે તેનું નામ 'વિવૃતકરણ' આસ્યપ્રયત્ન છે, આમ આ અઢારે જાતના અ વર્ણનું સ્થાન અને 'આસ્યપ્રયત્ન' બંને એકસરખાં છે તેથી એ અઢારે જાતનો અ વર્ણ પોતપોતાના જુદા જુદા ભેદો સાથે 'સ્વ' સંજ્ઞાવાળો કહેવાય છે. મતલબ એ કે, જ્યાં અ વર્ણનું કાર્ય કહેવામાં આવ્યું હોય ત્યાં એ અઢારે જાતનો અ વર્ણ સમજી લેવાનો છે. આ પ્રકારે इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ અને ऌ વર્ણના પણ અઢાર અઢાર ભેદો નીચે પ્રમાણે સમજવાના છે.

इ ઉદાત્ત છે, અનુદાત્ત છે તથા સ્વરિત પણ છે. તે પ્રત્યેક इ સાનુનાસિક છે અને નિરનુનાસિક છે. હવે જે इ વર્ણ આમ છ પ્રકારનો બનેલ છે, તેના એક એક પ્રકારમાં તે હ્રસ્વ હોય છે, દીર્ઘ હોય છે અને પ્લુત પણ હોય છે. આ રીતે તે इ વર્ણ અઢાર જાતનો થાય છે-અઢાર રીતે બોલાય છે અને તે અઢારે રીતે બોલાતા इ વર્ણનું સ્થાન તાલવ્ય છે. તાળવાને જીભનો સ્પર્શ થાય તો જ इ નું ઉચ્ચારણ થઈ શકે છે માટે તેને 'તાલવ્ય' કહેવામાં આવે છે અને એ અઢારે રીતે इ ને બોલતાં મુખને પહોળું કરવાની ક્રિયા થાય છે માટે તેના આસ્યપ્રયત્નનું નામ 'વિવૃતકરણ' છે. આમ એ અઢારે જાતના इ નું 'સ્થાન' અને 'આસ્યપ્રયત્ન' પરસ્પર સમાન હોવાથી તેની 'સ્વ' સંજ્ઞા થાય છે અર્થાત્ જ્યાં इ વર્ણનું કાંઈ કાર્ય કરવાનું કહેવામાં આવે ત્યાં આ અઢારે જાતનો इ વર્ણ સમજી લેવો.

એ જ પ્રકારે उ વર્ણ, ऋ વર્ણ અને ऌ વર્ણના પણ અઢાર અઢાર ભેદો સમજવાના છે, ફક્ત તેમનાં 'સ્થાન' જુદાં જુદાં છે, પણ 'આસ્ય-પ્રયત્ન' તો તે ત્રણેના એકસરખા છે.

उ વર્ણનું સ્થાન બંને હોઠનો સંયોગ છે. બંને હોઠ પરસ્પર જ્યાં-સુધી નજીક ન આવે અને એકબીજાને થોડા થોડા ન અડે ત્યાંસુધી 'उ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલી જ ન શકાય. આ રીતે 'ઓષ્ઠ' સ્થાનવાળા અને 'વિવૃતકરણ' પ્રયત્નવાળા उ વર્ણના અઢારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા થાય છે. જ્યાં उ વર્ણનું કંઈ પ્રયોજન બતાવેલ હોય ત્યાં આ અઢારે જાતના उ વર્ણને સમજી લેવો જોઈએ.

ऋ વર્ણનું સ્થાન મૂર્ધા–માથાનું પોલાણ છે. ऋ બોલતી વેળા જીભને ઊંચે માથાના પોલાણને અડકાવવી પડે છે તેથી તેના સ્થાનનું નામ 'મૂર્ધા' કહ્યું છે અને પૂર્વોક્ત રીતે ऋ વર્ણ અઢાર ભેદવાળો છે. તે અઢારે ભેદવાળા ऋ વર્ણનો જે આસ્યપ્રયત્ન છે તેનું નામ 'વિવૃતકરણ' પ્રયત્ન છે. એથી સ્થાન અને આસ્યપ્રયત્ન એ અઢાર ભેદવાળા ऋ વર્ણનાં એકસરખાં હોવાથી તે અઢારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞા પામે છે. એટલે જ્યાં ऋ વર્ણનું કાંઈ કામ બતાવેલ હોય ત્યાં અઢારે ભેદવાળો ऋ વર્ણ સમજી લેવો.

ऌ વર્ણનું સ્થાન દાંત છે. ऌ વર્ણને બોલતાં જીભને દાંતના મૂળ સાથે અડકાવવી જરૂરી છે. જ્યાંસુધી જીભ દાંતના મૂળને ન અડે ત્યાંસુધી ऌ બોલી જ ન શકાય અને ऌ વર્ણને બોલતી વેળા મુખને પહોળું કરવાની જરૂર રહે છે તેથી પૂર્વની રીત પ્રમાણે અઢારે ભેદવાળા ऌ વર્ણનો આસ્યપ્રયત્ન 'વિવૃત' છે. આ રીતે એ અઢારે ભેદવાળા ऌ વર્ણનાં સ્થાન તથા આસ્યપ્રયત્ન એકસરખાં છે. તેથી એ અઢારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા થાય છે. જ્યાં ऌ વર્ણની કાંઈ જરૂર બતાવી હોય ત્યાં અઢારે ભેદવાળા ऌ વર્ણને સમજી લેવાનો છે.

ए, ऐ, ओ, औ એ ચારે સંધ્યક્ષરોનો હ્રસ્વ નામનો ભેદ નથી. અર્થાત્ એ 'अ' ની પેઠે ટૂંકા બોલાતા જ નથી તેથી તે પ્રત્યેક સંધ્યક્ષરના બાર બાર ભેદ થાય છે. સાનુનાસિક અને નિરનુનાસિક, તે પ્રત્યેક ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. આ છયે ભેદના વળી પ્રત્યેકના માત્ર બે ભેદ દીર્ઘ અને પ્લુત. આ રીતે એ ચારે સંધ્યક્ષરોના બાર બાર ભેદ થાય છે.

ए વર્ણનું સ્થાન 'તાલવ્ય' છે અને એ બોલતી વેળા મુખને વિશેષ પહોળું કરવું પડે છે તેથી તેના આસ્યપ્રયત્નનું નામ 'વિવૃતતર' પ્રયત્ન છે. આમ એ બારે ભેદવાળા ए વર્ણનાં સ્થાન અને પ્રયત્ન એકસરખાં છે, તેથી તે બારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞા પામે છે.

ऐ વર્ણનું સ્થાન છે તો તાલવ્ય, પણ તેનો આસ્યપ્રયત્ન 'અતિવિવૃતતર' છે. ऐ વર્ણને બોલતાં મુખને વધારે ને વધારે પહોળું કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરૂર હોય છે. આ રીતે ऐ વર્ણના બારે ભેદોનાં સ્થાન અને આસ્ય-પ્રયત્ન એકસરખાં છે. તેથી એ બારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા થાય છે.

ओ વર્ણનું સ્થાન બંને હોઠોનો પરસ્પર સંયોગ છે અને ओ વર્ણના આસ્યપ્રયત્નનું નામ 'વિવૃતતર' પ્રયત્ન છે. ओને બોલતાં મુખને વધારે ને વધારે પહોળું કરવાની જરૂર છે. ओ વર્ણનાં સ્થાન તથા આસ્ય-પ્રયત્ન બંને એકસરખાં છે તેથી ओ વર્ણના બારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા છે.

औ વર્ણનું સ્થાન પણ બંને હોઠોનો પરસ્પર સંયોગ જ છે, પણ પ્રયત્ન 'અતિવિવૃતતર' છે. औ વર્ણને બોલતી વેળા મુખને વધારે ને વધારે પહોળું કરવાની જરૂર હોય છે. આ રીતે औ વર્ણના બારે ભેદોનાં સ્થાન તથા આસ્યપ્રયત્ન એકસરખાં છે તેથી તે બારે ભેદો પરસ્પર 'સ્વ' સંજ્ઞાને પામે છે.

આ રીતે તમામ સ્વરોની સ્વસંજ્ઞા કેવી રીતે થાય છે એની વીગત આપી. હવે વ્યંજનોની પરસ્પર 'સ્વ' સંજ્ઞા કેમ થાય તેની વીગત આ પ્રકારે છે :

તે તે વર્ગના વ્યંજનોનાં સ્થાન અને આસ્યપ્રયત્ન એકસરખાં છે. માટે વર્ગ્ય–વર્ગના–વ્યંજનો પરસ્પર 'સ્વ' સંજ્ઞા પામે છે,

क् ख् ग् घ् ङ् એ પાંચે क વર્ગના વ્યંજનોનું કંઠ સ્થાન છે અને સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન છે.

ह् નું કંઠ સ્થાન છે.

च् छ् ज् झ् ञ् એ પાંચે च વર્ગના વ્યંજનોનું તાલવ્ય સ્થાન છે અને સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન છે.

श् નું તાલવ્ય સ્થાન છે.

ट् ठ् ड् ढ् ण् એ પાંચે ट વર્ગના વ્યંજનોનું સ્થાન મૂર્ધા છે અને સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન છે.

ष् નું મૂર્ધન્ય સ્થાન છે

त् थ् द् ध् न् એ પાંચે त વર્ગના વ્યંજનોનું સ્થાન દાંત છે–દાંતનું મૂળ છે અને સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન છે.

स् નું દંત્ય સ્થાન છે. દંત્ય એટલે દાંતનું મૂળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ ફ્ બ્ ભ્ મ્ એ પાંચે પવર્ગના વ્યંજનોનું સ્થાન હોઠ – બન્ને હોઠોનો પરસ્પર સંયોગ છે અને સ્પૃષ્ટતા આસ્યપ્રયત્ન છે.

આમ દરેકે દરેક વર્ગના વ્યંજનો વર્ગવાર 'સ્વ'સંજ્ઞા પામે છે.

ય્ લ્ વ્ એ પ્રત્યેકના બે ભેદ છે. ય્ સાનુનાસિક છે અને નિરનુનાસિક છે. એ રીતે લ્ અને વ્ પણ સાનુનાસિક છે અને નિરનુનાસિક પણ છે. સાનુનાસિક અને નિરનુનાસિક ય્ બન્ને પરસ્પર 'સ્વ' સંજ્ઞાવાળા છે. સાનુનાસિક અને નિરનુનાસિક લ્ અને વ્ પણ પોતપોતાના ભેદો સાથે 'સ્વ'સંજ્ઞા પામે છે એટલે લ્ તેના પોતાના ભેદો સાથે અને વ્ તેના પોતાના ભેદો સાથે પરસ્પર 'સ્વ' સંજ્ઞા પામે છે. ય્ નું સ્થાન તાલવ્ય છે અને લ્ નું સ્થાન દંતમૂલ છે અને વ્ નું સ્થાન હોઠોનો પરસ્પર સંયોગ છે. ર્ નું સ્થાન મૂર્ધન્ય છે અને તેનો એક જ ભેદ છે. તે નિરનુનાસિક જ છે.

વર્ગના તમામ વ્યંજનોનો સ્પૃષ્ટતા નામનો આસ્યપ્રયત્ન છે તેથી વર્ગના અક્ષરો–વ્યંજનો– 'સ્પર્શ' કહેવાય છે.

અન્તસ્થ— ય્ ર્ લ્ વ્ એ ચારેનો ઈષત્સ્પૃષ્ટ નામનો આસ્યપ્રયત્ન છે.

ઊષ્માક્ષર— શ્ ષ્ સ્ હ્ એ ચારેનો ઈષદ્વિવૃતકરણરૂપ આસ્ય-પ્રયત્ન છે.

તમામ સ્વરોનો વિવૃતકરણરૂપ આસ્યપ્રયત્ન છે.

સ્વરોમાં ए તથા ओ વિવૃતતર આસ્યપ્રયત્નવાળા છે તથા ऐ, औ અતિવિવૃતતર આસ્યપ્રયત્નવાળા છે. તેમના કરતાં પણ अवर्ण (અ, આ, આ૩) અતિવિવૃતતમ આસ્યપ્રયત્નવાળો છે.

ય્ લ્, વ્ એના બે બે ભેદ છે: ૧ અનુનાસિક અને ૨ નિરનુનાસિક. આ બન્ને ભેદો પરસ્પર 'સ્વ'સંજ્ઞાવાળા છે.

ર્ (રેફ) અને શ્ ષ્ સ્ હ્ (ઊષ્માક્ષરો) એ બન્નેનાં સ્થાન પરસ્પર મળતાં નથી તથા આસ્યપ્રયત્ન પણ મળતા નથી તેથી તેઓ એકબીજા પરસ્પર 'સ્વ'સંજ્ઞાવાળા ન ગણાય.

જેમ વર્ણોના આસ્યપ્રયત્ન છે તેમ બાહ્ય પ્રયત્ન પણ છે. જે પ્રયત્ન મુખમાં થાય તે આસ્યપ્રયત્ન અને જે પ્રયત્ન દેહના કોઠામાં થાય તે બાહ્ય પ્રયત્ન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય પ્રયત્નનાં નામ આ છે: વિવાર–સંવાર, શ્વાસ–નાદ, ઘોષ–અઘોષ, અલ્પપ્રાણ–મહાપ્રાણ, ઉદાત્ત–અનુદાત્ત અને સ્વરિત એમ અગિયાર બાહ્ય પ્રયત્ન છે.

કોઈપણ વર્ણનું જ્યારે સ્પષ્ટ ઉચ્ચારણ થાય છે ત્યારે સ્થાન, કરણ અને પ્રયત્નોની ક્રિયા થાય છે. કરણ ચાર છે: જીભનું મૂલ, જીભનો મધ્ય ભાગ, અગ્ર ભાગ અને જીભનો ઉપાગ્ર ભાગ. જ્યારે સ્થાન તથા આસ્ય-પ્રયત્નો સરખાં હોય છે ત્યારે આ કરણો આપોઆપ સરખાં બની જાય છે. એથી જ સ્થાન અને આસ્યપ્રયત્નોની સરખાઈનો વિચાર બતાવેલ છે, પણ કરણની સરખાઈની જુદી ચર્ચા કરેલ નથી.

જ્યારે વર્ણનો ધ્વનિ પેદા થાય છે ત્યારે સ્થાન, કરણ અને પ્રયત્નો પરસ્પર સ્પર્શ કરે છે તેનું નામ સ્પૃષ્ટતાપ્રયત્ન; જ્યારે સ્થાન, કરણ અને પ્રયત્નો પરસ્પર થોડો થોડો સ્પર્શ કરે છે તેનું નામ ઈષત્સ્પૃષ્ટતા પ્રયત્ન; જ્યારે સ્થાન, કરણ અને પ્રયત્નો પાસે પાસે આવી જઈને સ્પર્શ કરે છે તેનું નામ સંવૃતતાપ્રયત્ન; અને જ્યારે એ સ્થાન, કરણ અને પ્રયત્નો દૂરથી સ્પર્શ કરે છે ત્યારે તેનું નામ વિવૃતતાપ્રયત્ન. આ ચારે આસ્યપ્રયત્નો અથવા અન્તઃપ્રયત્નો – અંદર થનારા પ્રયત્નો છે.

ઉપર જે અગિયાર બાહ્ય પ્રયત્નોનાં નામ આપેલાં છે તે પ્રયત્નો પેદા થવાની પ્રક્રિયા આ પ્રમાણે છે:

જ્યારે પ્રાણ નામનો વાયુ ઊંચે આક્રમણ કરતો જાય છે અને મૂર્ધામાં પ્રતિઘાત પામે છે ત્યારે તે પ્રતિઘાત પામેલો પ્રાણવાયુ ત્યાંથી પાછો વળે છે અને પાછો વળતાં જ આપણા પેટના કોઠાની સાથે અથડાય છે. એ રીતે અથડાતાં જ કંઠનું બિલ પહોળું થતાં વિવાર નામનો બાહ્ય પ્રયત્ન પેદા થાય છે અને કંઠનું બિલ જ્યારે સંકોચ પામે છે ત્યારે સંવાર નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. હવે જ્યારે કંઠનું બિલ પહોળું થાય છે ત્યારે શ્વાસ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે અને જ્યારે કંઠનું બિલ સાંકડું થાય છે ત્યારે નાદ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. હવે સ્થાન તથા કરણનો અભિઘાત થતાં જ્યારે ધ્વનિ ઉત્પન્ન થાય છે ત્યારે નાદ પાછળ દેવાય છે તે વખતે નાદધ્વનિનો સંસર્ગ થવાથી ઘોષ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે અને જ્યારે સ્થાન તથા કરણનો અભિઘાત થતાં ધ્વનિ પેદા થાય છે ત્યારે શ્વાસ પાછળ દેવાય છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે નાદધ્વનિનો સંસર્ગ થતાં અઘોષ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. હવે જ્યારે વાયુની અલ્પતા હોય ત્યારે અલ્પપ્રાણ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે અને જ્યારે વાયુની મહત્તા–અધિકતા–હોય ત્યારે મહાપ્રાણ નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. મહાપ્રાણતા હોય ત્યારે ઊષ્મતા થાય છે. હવે જ્યારે સર્વાંગાનુસારી પ્રયત્ન તીવ્ર થાય છે ત્યારે ગાત્રનો નિગ્રહ થાય છે, કંઠબિલ અણુ–નાનું–બની જાય છે અને વાયુની ગતિ તીવ્ર હોવાથી સ્વર રૂક્ષ થઈ જાય છે ત્યારે ઉદાત્ત નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. જ્યારે સર્વાંગાનુસારી પ્રયત્ન મંદ થાય છે ત્યારે ગાત્ર ઢીલું થઈ જાય છે, કંઠબિલ મોટું થઈ જાય છે અને વાયુની મંદગતિ થવાને લીધે સ્વર સ્નિગ્ધ થઈ જાય છે ત્યારે અનુદાત્ત નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. હવે જ્યારે ઉદાત્ત સ્વર અને અનુદાત્ત સ્વર એ બન્નેનો સંનિપાત–એક સાથે મેળાપ –થાય છે ત્યારે સ્વરિત નામનો બાહ્ય પ્રયત્ન થાય છે. આ રીતે ઉપર જણાવેલા અગિયારે બાહ્ય પ્રયત્નોની ઉત્પત્તિપ્રક્રિયા સમજવાની છે.

વર્ણની નિષ્પત્તિના સમય પહેલાં જ વિવાર વગેરે બાહ્ય પ્રયત્નો વાયુને લીધે પેદા થાય છે. તેથી એ પ્રયત્નો વર્ણની નિષ્પત્તિ થયાં પહેલાં જ પેદા થઈ જતા હોવાથી બાહ્ય પ્રયત્નો ગણાય છે અને સ્પૃષ્ટતા વગેરે ઉપર કહેલા ચાર પ્રયત્નો—સ્થાન અને આસ્યપ્રયત્નોની ક્રિયા થતાં જ્યારે વર્ણની નિષ્પત્તિ થવાનો સમય હોય છે ત્યારે જ—પેદા થતા હોવાથી આંતરપ્રયત્નો અથવા આસ્યપ્રયત્નો ગણાય છે. આ રીતે જે પ્રયત્નો વર્ણની નિષ્પત્તિ પહેલાં જ થઈ જાય છે તેને બાહ્ય ગણવામાં આવેલ છે અને જે પ્રયત્નો વર્ણની નિષ્પત્તિને સમયે જ પેદા થાય છે તેમને આંતરપ્રયત્નો ગણવામાં આવેલ છે. આમ, બાહ્ય પ્રયત્નના સ્વરૂપની અને આંતરપ્રયત્નના સ્વરૂપની આ બીજી વ્યાખ્યા પણ બતાવેલ છે.

કયા વ્યંજનના કયા બાહ્ય પ્રયત્નો છે તે અંગે આચાર્યશ્રી જણાવે છે કે દરેક વર્ગનો પહેલો વ્યંજન અને બીજો વ્યંજન શ ષ સ, વિસર્ગ, જિહ્વામૂલીય અક્ષર અને ઉપધ્માનીય વ્યંજનો એ બધા વિવૃત કંઠવાળા, શ્વાસના અનુપ્રદાનવાળા અઘોષ પ્રયત્નવાળા છે.

દરેક વર્ગનો ત્રીજો, ચોથો અને પાંચમો વ્યંજન, અંતસ્થ અક્ષરો–ય ર લ વ, હકાર અને અનુસ્વાર સંવૃત કંઠવાળા, નાદના અનુપ્રદાનવાળા ઘોષ પ્રયત્નવાળા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેક વર્ગના પ્રથમ, તૃતીય અને પંચમ વ્યંજનો તથા અંતસ્થ અક્ષરો અલ્પપ્રાણ પ્રયત્નવાળા છે.

બાકીના બધા જ વ્યંજનો મહાપ્રાણ પ્રયત્નવાળા છે.

| વ્યંજનો | બાહ્ય પ્રયત્ન |
| --- | --- |
| ૧—ક, ખ | વિવૃત, શ્વાસ અને અઘોષ |
| ચ, છ | |
| ટ, ઠ | |
| ત, થ | |
| પ, ફ | |
| શ, ષ, સ | |
| વિસર્ગ | |
| જિહ્વામૂલીય | |
| ઉપધ્માનીય | |
| ૨—ગ, ઘ, ઙ | સંવૃત, નાદ અને ઘોષ |
| જ, ઝ, ઞ | |
| ડ, ઢ, ણ | |
| દ ધ, ન | |
| બ, ભ, મ | |
| ય, ર, લ, વ, | |
| હ | |
| અનુસ્વાર | |
| ૩—ક, ગ, ઙ | અલ્પપ્રાણ |
| ચ, જ, ઞ | |
| ટ, ડ. ણ | |
| ત, દ. ન | |
| પ, બ, મ | |
| ય, ર, લ, વ | |

૪—અલ્પપ્રાણ સિવાયના બાકીના બધા જ વ્યંજનો મહાપ્રાણ છે.

**स्यौजस्-अमौशस्-टाभ्यांभिस्-ङेभ्यांभ्यस्-ङसिभ्यांभ्यस्-ङसो-साम्-ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः ॥१।१।१८॥**

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૧. सि | औ | जस् | પ્રથમા વિભક્તિ કહેવાય. |
| ૨. अम् | औ | शस् | દ્વિતીયા વિભક્તિ કહેવાય. |
| ૩. टा | भ्याम् | भिस् | તૃતીયા વિભક્તિ કહેવાય. |
| ૪. ङे | भ्याम् | भ्यस् | ચતુર્થી વિભક્તિ કહેવાય. |
| ૫. ङसि | भ्याम् | भ्यस् | પંચમી વિભક્તિ કહેવાય. |
| ૬. ङस् | ओस् | आम् | ષષ્ઠી વિભક્તિ કહેવાય. |
| ૭. ङि | ओस् | सुप् | સપ્તમી વિભક્તિ કહેવાય. |
| ૮. सि | औ | जस् | આમંત્રણ વિભક્તિ પણ કહેવાય. |

આમ આઠ વિભક્તિઓ ગણાવી શકાય ખરી, પણ પ્રથમા અને આમંત્રણ વિભક્તિ બંને એકસરખી છે. માટે કુલ વિભક્તિઓ સાત જ છે, આઠ નહીં.

પ્ર૦—' प्रथमादिः ' એ શબ્દનો અર્થ ' प्रथमा आदि-પ્રથમા વગેરે ' એવો થાય છે, એટલે ' સાત જ ' એવો અર્થ કેમ થાય ? આઠ, નવ, દશ એવો અર્થ કેમ ન થાય ?

ઉ૦—શંકા બરાબર છે, પણ ' सि औ जस् ' એ એક પ્રથમ ઝૂમખું છે અને એથી એની જેવાં બાકીનાં બીજાં કુલ છ જ ઝૂમખાં છે તેથી ' સાત જ ' અર્થ આપોઆપ થાય છે. જો કોઈ આઠમું, નવમું વગેરે ઝૂમખું હોત તો જરૂર આઠ કે તેથી આગળ સંખ્યાનો અર્થ થાત, પણ તેમ નથી તેથી સાત આગળ જ અટકી જવું પડે છે.

## स्त्यादिर्विभक्तिः ॥१।१।१९॥

ઉપરના અઢારમા સૂત્રમાં જે સાત વિભક્તિઓ ગણાવેલી છે તેમાં સૌથી આદિમ सू (सि) અક્ષર છે એથી તેને સ્યાદિ (સિ-આદિ) વિભક્તિઓ કહેવામાં આવે છે. આ સૂત્ર તે સાતે ઝૂમખાંની વિભક્તિ સંજ્ઞા કરે છે. આ સાતે વિભક્તિઓ માત્ર નામને લાગે છે અને હવે પછી આવનારા ૩।૩।૬ સૂત્રથી માંડીને ૩।૩।૧૬ સૂત્ર સુધીમાં ક્રિયાપદને લાગનારી જે દશ વિભક્તિઓ કહેવામાં આવનારી છે તેમાં સૌથી આદિમ અક્ષર ति (तिव्) છે એથી તેને ત્યાદિ-તિવ્ આદિ-વિભક્તિઓ કહેવામાં આવે છે. આ સૂત્ર હવે પછી કહેવામાં આવનારાં એ દશે ઝૂમખાંની ' વિભક્તિ ' સંજ્ઞા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યાદિ વિભક્તિઓમાં જેમ स् આદિમાં છે તેમ सु (सुप्) અંતમાં છે એટલે આદિના स् થી માંડીને અંતના सुप् સુધીના બધા જ પ્રત્યયોની 'વિભક્તિ'સંજ્ઞા સમજવી તથા ત્યાદિ વિભક્તિઓમાં જેમ ति આદિમાં છે તેમ स्यामहि અંતમાં છે એટલે આદિના तिથી માંડીને અંતના स्यामहि સુધીના બધા જ પ્રત્યયોની 'વિભક્તિ' સંજ્ઞા સમજવી.

પ્રસંગ હોવાથી અહીં એ ત્યાદિ વિભક્તિઓને તેમનાં નામ સાથે ગણાવવામાં આવે છે—

| | १. वर्तमाना परस्मैपद | | | वर्तमाना आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| | ए. व. | द्वि. व. | ब. व. | ए. व. | द्वि. व. | ब० व |
| अन्यपुरुष–१ | तिव् | तस् | अन्ति | ते | आते | अन्ते |
| युष्मत्पुरुष–२ | सिव् | थस् | थ | से | आथे | ध्वे |
| अस्मत्पुरुष–३ | मिव् | वस् | मस् | ए | वहे | महे |
| | २. सप्तमी परस्मैपद | | | सप्तमी आत्मनेपद | | |
| अ० पु०–१ | यात् | याताम् | युस् | ईत | ईयाताम् | ईरन् |
| यु० पु०–२ | यास् | यातम् | यात | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| अ० पु०–३ | याम् | याव | याम | ईय | ईवहि | ईमहि |
| | ३. पञ्चमी परस्मैपद | | | पञ्चमी आत्मनेपद | | |
| अ० पु०–१ | तुव् | ताम् | अन्तु | ताम् | आताम् | अन्ताम् |
| यु० पु०–२ | हि | तम् | त | स्व | आथाम् | ध्वम् |
| अ० पु०–३ | आनिव् | आवव् | आमव् | ऐव् | आवहैव् | आमहैव् |
| | ४. भूतकाल ह्यस्तनी परस्मैपद | | | भूतकाल ह्यस्तनी आत्मनेपद | | |
| अ० पु०–१ | दिव् | ताम् | अन् | त | आताम् | अन्त |
| यु० पु०–२ | सिव् | तम् | त | थास् | आथाम् | ध्वम् |
| अ० पु०–३ | अम्व् | व | म | इ | वहि | महि |
| | ५. भूतकाल अद्यतनी परस्मैपद | | | भूतकाल अद्यतनी आत्मनेपद | | |
| अ० पु०–१ | दि | ताम् | अन् | त | आताम् | अन्त |
| यु० पु०–२ | सि | तम् | त | थास् | आथाम् | ध्वम् |
| अ० पु०–३ | अम् | व | म | इ | वहि | महि |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ૬. भूतकाल परोक्षा परस्मैपद | | | | भूतकाल परोक्षा आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| अ० पु०-१ | णव् | अतुस् | उस् | ए | आते | इरे |
| यु० पु०-२ | थव् | अथुस् | अ | से | आथे | ध्वे |
| अ० पु०-३ | णव् | व | म | ए | वहे | महे |

| ७. आशीर्वाद-आशीः-परस्मैपद | | | | आशीः आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| अ० पु०-१ | क्यात् | क्यास्ताम् | क्यासुस् | सीष्ट | सीयास्ताम् | सीरन् |
| यु० पु०-२ | क्यास् | क्यास्तम् | क्यास्त | सीष्ठास् | सीयास्थाम् | सीध्वम् |
| अ० पु०-३ | क्यासम् | क्यास्व | क्यास्म | सीय | सीवहि | सीमहि |

| ८. श्वस्तन भविष्यकाल-श्वस्तनी परस्मैपद | | | | श्वस्तन भविष्यकाल-श्वस्तनी आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| अ० पु०-१ | ता | तारौ | तारस् | ता | तारौ | तारस् |
| यु० पु०-२ | तासि | तास्थस् | तास्थ | तासे | तासाथे | ताध्वे |
| अ० पु०-३ | तास्मि | तास्वस् | तास्मस् | ताहे | तास्वहे | तास्महे |

| ९. अद्यतन भविष्यकाल-भविष्यन्ती परस्मैपद | | | | अद्यतन भविष्यकाल-भविष्यन्ती आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| अ० पु०-१ | स्यति | स्यतस् | स्यन्ति | स्यते | स्येते | स्यन्ते |
| यु० पु०-२ | स्यसि | स्यथस् | स्यथ | स्यसे | स्येथे | स्यध्वे |
| अ० पु०-३ | स्यामि | स्यावस् | स्यामस् | स्ये | स्यावहे | स्यामहे |

| १०. क्रियातिपत्ति परस्मैपद | | | | क्रियातिपत्ति आत्मनेपद | | |
|---|---|---|---|---|---|---|
| अ० पु०-१ | स्यत् | स्यताम् | स्यन् | स्यत | स्येताम् | स्यन्त |
| यु० पु०-२ | स्यस् | स्यतम् | स्यत | स्यथास् | स्येथाम् | स्यध्वम् |
| अ० पु०-३ | स्यम् | स्याव | स्याम | स्ये | स्यावहि | स्यामहि |

અહીં જે ૧, ૨, ૩ આંકડા જણાવેલા છે તે અન્યપુરુષ (તે), યુષ્મત્પુરુષ (તું) અને અસ્મત્પુરુષ (હું)ના સૂચક છે. બધી મળીને ક્રિયાપદની વિભક્તિઓ દશ છે. એ દશે વિભક્તિઓના પરસ્મૈપદ તથા આત્મનેપદના બધા મળીને ૧૮૦ પ્રત્યયો છે. દરેક વિભક્તિના પરસ્મૈપદના નવ અને આત્મનેપદના નવ પ્રત્યયો છે. આ પ્રત્યયોમાં સૌથી આદિનો પ્રત્યય ति છે અને સૌથી છેલ્લો પ્રત્યય स्यामहि છે. દરેક વિભક્તિની સાથે તેનાં નામ, કાળ તથા પરસ્મૈપદ અને આત્મનેપદની સૂચના આપેલી છે.

**तदन्तं पदम् ॥१।१।२०॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે શબ્દને છેડે ઉપર જણાવેલી નામવિભક્તિ કે ક્રિયાપદવિભક્તિ આવેલી હોય તેને પદ સમજવું. જેમકે—धर्मः, वः, स्वम्. આ વાક્યમાં धर्म + स्, युष्मत् + आम्, स्व + स् એમ તે તે શબ્દને નામવિભક્તિઓ લાગેલી છે તેથી धर्मः, वः, स्वम् એ ત્રણેને પદ સમજવાં. ददाति नः शास्त्रम्—આ વાક્યમાં दा + ति, अस्मत् + आम्, शास्त्र + स् એમ પ્રથમ दा શબ્દને ક્રિયાપદની વિભક્તિ ति લાગેલી છે તથા नः માં आम् વિભક્તિ અને शास्त्रने स् વિભક્તિ લાગેલી છે એથી ददाति नः शास्त्रम् એ ત્રણેને પદરૂપ સમજવાં.

धर्मः वः स्वम् – ધર્મ તમારું ધન છે.

ददाति नः शास्त्रम् – દે છે આપણને શાસ્ત્ર, અર્થાત્ ગુરુ આપણને શાસ્ત્ર આપે છે.

## नाम सिद्‌य्व्यञ्जने ॥१।१।२१॥

જે પ્રત્યયની સાથે માત્ર એક નિશાનરૂપે स् લાગેલો હોય તે પ્રત્યય सित् (स् + इत्) પ્રત્યય કહેવાય.

य् સિવાયનો વ્યંજન જે પ્રત્યયની આદિમાં હોય તે अय् વ્યંજન પ્રત્યય કહેવાય.

જે નામને सित् પ્રત્યય લાગેલો હોય તે નામ 'પદ' કહેવાય તથા જે નામને य् સિવાયનો બીજો કોઈ વ્યંજન આદિમાં હોય એવો પ્રત્યય લાગેલો હોય તે નામ પણ 'પદ' કહેવાય

सित्—भवत् + ईयस् = भवदी य + स् – भवदीयः–પ્રથમાનું એકવચન. भवदीयः એટલે આપનો.

अय् વ્યંજનાદિ પ્રત્યય—पयस् + भ्याम् = पयोभ्याम् તૃતીયા, ચતુર્થી અને પંચમીનું દ્વિવચન. पयस् એટલે દૂધ અથવા પાણી.

पयोभ्याम्—બે દૂધ અથવા બે પાણી વડે.
”—બે દૂધ અથવા બે પાણી માટે.
”—બે દૂધથી અથવા બે પાણીથી.

वाच्यति—वाच् + य् + ति–वाचम् इच्छति–વાણીને ઇચ્છે છે આ પ્રયોગમાં 'वाच्' શબ્દને 'य्' આદિવાળો પ્રત્યય લાગેલ છે તેથી वाच् એ પદ ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણાય. वाच् મૂળ નામ છે અને એ નામ ઉપરથી वाच्यति ક્રિયાપદ બનેલ છે. આ નામધાતુરૂપ ક્રિયાપદ કહેવાય.

## नं क्ये ॥१।१।२२॥

ઉપરનું ૨૧મું સૂત્ર આદિમાં य् વ્યંજનવાળા પ્રત્યય જે નામને લાગ્યા હોય તે નામ પદ ન થાય તેમ સામાન્ય વિધાન કરે છે, ત્યારે આ સૂત્ર તે વિધાનના અપવાદરૂપ છે. આદિમાં य् વ્યંજનવાળા પ્રત્યય જે નકારાંત નામને લાગેલા હોય તે નકારાંત નામ જ 'પદ' થાય, પણ બીજું કોઈ નામ પદ ન થાય.

'क्य' શબ્દ દ્વારા क्यन्, क्यङ् અને क्यङ्ष् એમ ત્રણ પ્રત્યયોને અહીં સમજવાના છે. એ પ્રત્યયોને છેડે આવેલા न्, ङ् અને ङ्ष् એ બધા વ્યંજનો માત્ર નિશાનરૂપ છે અને 'ક્ય'માં જે क् છે તે પણ નિશાનરૂપ જ છે

क्यन्—राजन् + यति = राजीयति–राजानम् इच्छति—રાજાને ઇચ્છે છે.

क्यङ्—राजन् + यते राजायते=राजा इव आचरति—રાજા જેવો દેખાવ કરે છે.

क्यङ्ष्—{ चर्म+यति = चर्मायति–જે પહેલાં ચામડું નહોતું તે હવે ચામડું બને છે.
चर्म+यते = चर्मायते }

राजन् નામ ઉપરથી राजीयति અને राजायते એવાં નામધાતુરૂપ ક્રિયાપદ બનેલ છે. તથા चर्म નામ ઉપરથી चर्मायति અને चर्मायते જેવાં નામધાતુરૂપ ક્રિયાપદ બનેલ છે.

આ પ્રયોગોમાં राजन् ને ક્યન્ તથા ક્યઙ્ પ્રત્યય લાગેલ છે તથા चर्मन् ને ક્યઙ્ષ્ પ્રત્યય લાગેલ છે.

આગળ આવનારું ૩।૪।૨૩ મું અને ૨૪ મું સૂત્ર ક્યન્ પ્રત્યયનું વિધાન કરે છે તથા ૩।૪।૨૬ મું વગેરે સૂત્રો ક્યઙ્ પ્રત્યયનું વિધાન કરે છે અને ૩।૪।૩૦મું સૂત્ર ક્યઙ્ષ્ પ્રત્યયનું વિધાન કરે છે. ૨૨

## न स्तं मत्वर्थे ॥१।१।२३॥

દયાવાળો, ધનવાળો, વિદ્યાવાળો વગેરે શબ્દોમાં આવેલું 'વાળો' પદ જે અર્થને સૂચવે છે તે જ અર્થને સૂચવવા સંસ્કૃતભાષામાં 'मतु'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'विन्' वगेरे અનેક પ્રત્યયો વપરાય છે—દયાવાન્, ધનવાન્, વિદ્યાવાન્, બુદ્ધિમાન્, ધેનુમાન્, યશસ્વિન્ વગેરે. જે નામને છેડે સ્ તથા ત્ આવેલ હોય એવા સકારાંત તથા તકારાંત નામને મતુ પ્રત્યય લાગેલો હોય કે મતુ અર્થવાળો એવો બીજો કોઈ પ્રત્યય લાગ્યો હોય તો તે નામને પદ ન સમજવું—તે નામની પદ સંજ્ઞા ન થાય.

**मत्वर्थे** स्—यशस् + विन् = यशस्वी–જશવાળો–પ્રથમા એકવચન.
**मतु** त्—तडित्+मत्–वान्=तडित्वान्–વીજળીવાળો–મેઘ–પ્રથમાનું એકવચન.

અહીં જણાવેલા બન્ને પ્રયોગોમાં વપરાયેલ યશસ્ અને તડિત્ નામોની 'પદ' સંજ્ઞા ન થઈ.

મતુ અને તેના અર્થવાળા પ્રત્યયોના વિધાનની હકીકત આગળ આવનાર સાતમા અધ્યાયના બીજા પાદથી શરૂ થતાં સૂત્રોમાં આવેલ છે.

## मनुर्–नभस्–अङ्गिरः वति ॥१।१।२४॥

મનુસ્, નભસ્ અને અઙ્ગિરસ્ નામોને જ્યારે વત્ પ્રત્યય લાગેલો હોય ત્યારે એ ત્રણે નામોને પદરૂપ ન સમજવાં. વત્ પ્રત્યય સરખામણી અર્થનો સૂચક છે અને તેનું વિધાન ७।१।५२ મા સૂત્ર વડે કરેલ છે.

**मनुष् + वत्** = मनुष्वत्–मनुः इव इति मनुष्वत्—પ્રજાપતિ બ્રહ્માની પેઠે.
**नभस् + वत्** = नभस्वत्–नभः इव इति नभस्वत्—આકાશની પેઠે.
**अङ्गिरस् + वत्** = अङ्गिरस्वत्–अङ्गिरा इव इति अङ्गिरस्वत्—અંગિરસ નામના ઋષિની પેઠે.

## वृत्त्यन्तोऽसषे ॥१।१।२५॥

એકલું નામ જે અર્થને સૂચવે છે તે કરતાં વૃત્તિવાળું એટલે સમાસવાળું, કૃદંતના પ્રત્યયવાળું તથા તદ્ધિતના પ્રત્યયવાળું નામ એક જુદા અર્થને સૂચવે છે એથી વૃત્તિને પરાર્થાભિધાયી કહેલી છે. સમાસવાળું, કૃદંત પ્રત્યયવાળું અને તદ્ધિત પ્રત્યયવાળું નામ વૃત્તિરૂપ ગણાય છે. એ નામોનો અંતભાગ એટલે એ નામોમાં જે છેડાનો (શબ્દરૂપ) ભાગ છે તે 'પદ' ન કહેવાય પણ **असषे**—જ્યારે એ વૃત્તિરૂપ નામોના છેડાના ભાગમાં આવેલ નામના स् નો ष् કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે આ નિયમ ન લાગે, અર્થાત્ ત્યારે તો છેડાનો ભાગ પણ 'પદ' કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સમાસ**—परमौ च दिवौ च इति परमदिवौ—दिव् નામ છેડાના ભાગનું નામ છે તે પદ ન કહેવાય. પ્રથમાનુ દ્વિવચન છે. परमदिवौ—ઉત્તમ બે સ્વર્ગ.

**તદ્ધિત**—बहुदण्डिनौ–આમાં આદિમાં बहु પ્રત્યય લાગેલો છે અને તે તદ્ધિતનો પ્રત્યય છે. આ નામમાં 'दण्डिन्' નામ છેડાના ભાગનું છે તે પદ ન કહેવાય. दण्डी—દંડ રાખનાર. बहुदण्डी—દંડ રાખનારા જેવો. बहुदण्डिनौ દંડ રાખનારા બે જણ જેવો. પ્રથમાનું દ્વિવચન.

**કૃદન્ત**—दधिसेक्–આમાં दधि અને सेक् એમ બે પદ છે. તેમાં છેડાનું પદ सेक् છે આ નામમાં सेक् ના स् નો ष् કરવાનો પ્રસંગ ઊભો થાય તેમ છે માટે તે सेक् નામને અહીં પદ સમજવાનું છે અને પદ સમજવાને લીધે सेक् માં કશો ફેરફાર[1] ન થયો, પણ તે જેવું હતું તેવું सेक् જ રહ્યું. 'दधिसेक्' એ કૃદંત પ્રત્યયવાળું નામ છે. दधिसेक् એટલે દહીંને છાંટનાર અથવા દહીં વડે છાંટનાર. પ્રથમાનું એકવચન છે.

## सविशेषणम् आख्यातं वाक्यम् ॥ १।१।२६॥

જે પદ કોઈ વિશેષરૂપ અર્થને બતાવે તેનું નામ વિશેષણ. જેમ કે 'करोति' એટલે કરે છે. એ પદની સાથે 'मयंकः करोति' એમ કરીને मयंक શબ્દને ઉમેરવામાં આવે તો 'મયંક કરે છે' એવો વિશેષણરૂપ અર્થ થાય. એથી આ વાક્યમાં મયંક એ પદ વિશેષણ ગણાય. સાધારણ રીતે ભાષામાં વપરાતાં વિશેષણો ગુણવાચક હોય છે. તેના કરતાં આ સૂત્રમાં વપરાયેલ વિશેષણ શબ્દ વિશેષ વ્યાપક અર્થનો સૂચક છે તે જણાવવા માટે જ અહીં વિશેષણ શબ્દનો અર્થ સૂચવેલ છે.

જ્યારે આખ્યાત–ક્રિયાપદ–વિશેષણસહિત હોય ત્યારે તેને વાક્યરૂપ સમજવું. ક્રિયાપદ સાથે વિશેષણ સાક્ષાત્ શબ્દ મૂકીને સૂચવાતું હોય અથવા શબ્દ વિના પણ એટલે અધ્યાહારથી સૂચવાતું હોય.

---

૧. 'दधिसेक्' આ શબ્દમાં જો दधिसेक् અખંડ પદ જ હોત તો सेक्' નું 'षेक्' થઈ જાત, પણ दधि અને सेक् એમ બે જુદાં જુદાં પદ થયાં હોય ત્યારે 'सेक्'નો से પદની આદિમાં આવે છે અને પદની આદિમાં આવેલા स् નો ष् થતો નથી. તાત્પર્ય એ કે सेक् એ જુદું સ્વતંત્ર પદ થયું હોવાથી તેમાં કોઈ ફેરફાર ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ રીતે વિશેષણ સાથે વપરાતું ક્રિયાપદ સાક્ષાત્ શબ્દ મૂકીને સૂચવાતું હોય અથવા શબ્દ મૂકયા વિના પણ એટલે અધ્યાહારથી સૂચવાતું હોય. તાત્પર્ય એ કે વિશેષણ કે ક્રિયાપદ આ બેમાંથી ગમે તે કોઈ એક સાક્ષાત્ શબ્દ વડે સૂચવાયેલ હોવું જોઈએ. કોઈ ઠેકાણે એકલું ક્રિયાપદ જ સાક્ષાત્ હોય, કોઈ ઠેકાણે એકલું વિશેષણ જ સાક્ષાત્ હોય અથવા કોઈ ઠેકાણે ક્રિયાપદ અને વિશેષણ બન્ને જ સાક્ષાત્ હોય—એ ગમે તે રીતે હોય, ત્યારે આખ્યાતની કે વિશેષણની 'વાક્ય' સંજ્ઞા થાય છે.

**धर्मः वः रक्षतु**—ધર્મ તમારી રક્ષા કરો. આ શબ્દસમૂહમાં **रक्षतु** ક્રિયાપદ છે અને તેનાં બે વિશેષણો धर्मः તથા वः પદો છે. આ સ્થળે ક્રિયાપદ સાક્ષાત્ છે અને તેનાં વિશેષણો પણ સાક્ષાત્ છે. અહીં સવિશેષણ આખ્યાત હોવાથી આ શબ્દસમૂહની વાક્યસંજ્ઞા થાય છે.

लुनीहि३, **पृथुकान् च खाद**—અહીં માત્ર ક્રિયાપદ સાક્ષાત્ છે, પણ તેનું કર્તા કે કર્મરૂપ વા આધાર વગેરે રૂપ વિશેષણ સાક્ષાત્ શબ્દથી સૂચવાયેલ નથી, પણ અધ્યાહારથી સૂચવાયેલ છે. અર્થાત્ 'તું' 'કયારામાંથી' 'ઘઉંને' લણ-કાપ અને પૌંઆ ખા એટલો આ વાક્યનો અર્થ છે. તેમાં 'તું', 'કયારામાંથી,' 'ઘઉંને' એ બધાં વિશેષણો અધ્યાહારગમ્ય છે. 'લુનીહિ' શબ્દ સાંભળતાં જ એ બધાં વિશેષણો આપોઆપ સમજાય છે—અધ્યાહારથી જ ખ્યાલમાં આવી જાય છે. એ રીતે એકલું 'લુનીહિ' ક્રિયાપદ પણ સવિશેષણ હોવાથી વાક્યરૂપ બને છે અને વાક્યરૂપ બનવાથી અહીં પ્રૈષ અર્થમાં લુનીહિનો અંત્ય इ સ્વર પ્લુત થયેલ છે. જુઓ ૭।૪।૯૨। સૂત્ર. शीलं ते स्वम् શીલ તારું ધન. આ પદસમૂહમાં 'છે'–'अस्ति' એ ક્રિયાપદ અધ્યાહારગમ્ય છે અને ક્રિયાપદનાં ત્રણ વિશેષણો शीलम्, ते અને स्वम् એ સાક્ષાત્ છે. એથી આ શબ્દસમૂહ આખ્યાતસહિત છે એટલે તેની વાક્યસંજ્ઞા થાય છે.

### अधातु-विभक्ति-वाक्यमर्थवन्नाम ।।૧।૧।૨૭।।

**अधातु**—જે ધાતુરૂપ ન હોય અર્થાત્ ક્રિયાપદરૂપ ન હોય, **अविभक्त्यन्त**—જેને છેડે વિભક્તિ ન લાગેલી હોય તથા જે **अवाक्य**—વાક્યરૂપ બનેલ ન હોય એવો કોઈ પણ શબ્દ જો અર્થવાળો હોય તો તેને નામરૂપ સમજવો. જેમકે–વૃક્ષ, સ્વર્, ધવ અને ચ. આ ચારે શબ્દોમાં કોઈ પણ શબ્દ ધાતુરૂપ નથી, વિભક્ત્યંત પણ નથી અને વાક્યરૂપ પણ નથી તથા

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

તે પ્રત્યેક શબ્દ અર્થવાળો પણ છે માટે તે પ્રત્યેક શબ્દ નામરૂપ કહેવાય. वृक्ष–ઝાડ. स्वर्–સ્વર્ગ. च–અને. धव–પીપળાનું વૃક્ષ અથવા પતિ–ધણી.

अहन् એ ક્રિયાપદ છે માટે નામ ન કહેવાય. 'अहन्' એ 'हन्' ધાતુનું ભૂતકાળનું રૂપ છે.

वृक्षान् એ વિભક્ત્યન્ત પદ છે. वृक्ष શબ્દનું દ્વિતીયાનું બહુવચન છે માટે નામ ન કહેવાય.

साधुः धर्मं ब्रूते એ વાક્યરૂપ છે માટે નામ ન કહેવાય.

अहन्–હણ્યું. वृक्षान्–વૃક્ષોને. साधुः धर्मं ब्रूते–સાધુ ધર્મને બોલે છે.

## शिर्घुट् ॥१।१।२८॥

ઉપર જણાવેલા ૧૮મા સૂત્રમાં जस् (પ્રથમા બહુવચન) તથા शस् (દ્વિતીયા બહુવચન) બન્ને પ્રત્યયોને નોંધેલા છે. નપુંસકલિંગનાં નામોને જ્યારે આ બન્ને પ્રત્યયો લાગે છે ત્યારે તે બન્નેને બદલે 'शि' પ્રત્યય વપરાય છે. એ વાત આગળ ૧।૪।૫૫ મા સૂત્રમાં આવનારી છે. તે 'શિ' પ્રત્યયની 'घुट्' સંજ્ઞા સમજવી અર્થાત્ નપુંસકલિંગના પ્રસંગમાં જ્યાં घुट्નું કામ પડે ત્યાં બધે જ્યાં ઉચિત હોય ત્યાં આ 'શિ' પ્રત્યયને સમજી લેવો એટલે જસ્ અને શસ્ પ્રત્યયોને 'શિ' શબ્દથી ગ્રહણ કરવા. જેમકે—

जस्—पद्मानि तिष्ठन्ति – કમળો ઊભાં છે.
शस्—पद्मानि पश्य वा – અથવા એ કમળોને જો.

## पुं-स्त्रियोः स्यमौजस् ॥१।१।२९॥

सि (પ્રથમાનું એકવચન) अम् (દ્વિતીયાનું એકવચન), औ (પ્રથમાનું તથા દ્વિતીયાનું દ્વિવચન), जस् (પ્રથમાનું બહુવચન), જ્યારે પુંલિંગમાં–નરજાતિમાં અને સ્ત્રીલિંગ–નારીજાતિમાં આ પાંચ પ્રત્યયોનો ઉપયોગ થયો હોય ત્યારે તે પ્રત્યેકની 'घुट्' સંજ્ઞા સમજવી.

નરજાતિ—राजा—सि – પ્રથમા એકવચન – એક રાજા.
राजानौ—औ – પ્રથમા દ્વિવચન – બે રાજાઓ.
राजानम्—अम् – દ્વિતીયા એકવચન – એક રાજાને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राजानौ—औ – દ્વિતીયા દ્વિવચન – બે રાજાઓને.
राजानः—जस् – પ્રથમા બહુવચન – ઘણા રાજાઓ.
નારીજાતિ—सीमा—सि – પ્રથમા એકવચન – એક સીમા.
सीमानौ—औ – પ્રથમા દ્વિવચન – બે સીમા.
सीमानम्—अम् – દ્વિતીયા એકવચન – સીમાને.
सीमानौ—औ – દ્વિતીયા દ્વિવચન – બે સીમાને.
सीमानः—जस् – પ્રથમા બહુવચન – બેથી વધારે સીમાઓને.

## स्वरादयोऽव्ययम् ॥१।१।३०॥

स्वर् વગેરે શબ્દોની અવ્યયસંજ્ઞા સમજવી. જે શબ્દની અવ્યયસંજ્ઞા હોય તે શબ્દ હમેશાં એક રૂપમાં જ રહે, તેમાં કશો ફેરફાર ન થાય.

स्वर् – સ્વર્ગ. તમામ વિભક્તિઓમાં એકસરખો स्वर् શબ્દ જ વપરાય.
अन्तर् – વચ્ચે. તમામ વિભક્તિઓમાં એકસરખો अन्तर् શબ્દ જ રહે.
प्रातर् – પ્રભાતનો સમય-સવારનો પહોર. તમામ વિભક્તિઓમાં એકસરખો प्रातर् શબ્દ જ રહે.

અવ્યયોને પ્રથમા વગેરે તમામ વિભક્તિઓ જરૂર લાગે, પણ તેનું મૂળરૂપ હમેશાં અવ્યય રહે. ( अ + व्यय + अव्यय ) व्यय–ફેરફાર, अ–નહીં. જેમાં 'કશો જ ફેરફાર ન થાય તેનું નામ અવ્યય.[1]'

સ્વર્[2] વગેરે અનેક શબ્દો છે.

---

૧. **सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु।**
**वचनेषु च सर्वेषु यद् न व्येति तद् अव्ययम् ॥**

અર્થાત્ જે ત્રણે લિંગમાં—નરજાતિ, નારીજાતિ અને નાન્યતર જાતિમાં એકસરખું રહે, તમામ વિભક્તિઓમાં અને તમામ વચનોમાં પણ એકસરખું રહે—જે કોઈ જાતનો ફેરફાર ન પામે તેનું નામ અવ્યય.

૨. સ્વર્ આદિ અવ્યયોની નોંધ:—

| | |
|---|---|
| स्वर्—સ્વર્ગ | सायम्—દિવસનો છેડો |
| अन्तर्—મધ્ય | प्रातर्—પ્રભાતકાળ |
| सनुतर्—કાળસૂચક | नक्तम्—રાત્રી |
| पुनर्—ફરીને | अस्तम्—આથમવું, નાશ થવો |

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## चादयोऽसत्त्वे ॥१।१।३१॥

જેનો કોઈ સ્થૂલ દેખાવ ન હોય તે અસત્ત્વ—જે નજરે ન દેખી

---

दिवा—દિવસ
दोषा—રાત્રી તથા પર્યુષિત–વાસી પદાર્થ
ह्यस्—ગઈ કાલે
श्वस्—આવતી કાલે
कम्—પાણી તથા આકાશ
शम्—સુખ
योस्—શબ્દાદિક વિષયસુખ
मयस्—સુખ
विहायसा—આકાશ
रोदसी—આકાશ અને પૃથ્વી
ओम्—બ્રહ્મ, સ્વીકાર કરવો, સામે ગ્રહણ કરવું, અભિમુખ કરવું
भूस् નાગલોક
भुवस्—મનુષ્યલોક
स्वस्ति—કલ્યાણ
समया—પાસે
निकषा— ,,
अन्तरा—વિના, મધ્યે
पुरा—ભૂત, ભવિષ્યત્, ચિરંતન,
પરીપ્સા–વિશેષ મેળવવાની ઇચ્છા
बहिस्—ખુલ્લો પ્રદેશ
अवस्—બહાર
अधस्—સમીપ વગેરે
असाम्प्रतम्—અનુચિતતા
अद्धा—અવધારણ, મતિનો અતિશય
ऋतम्—શુદ્ધિ
सत्यम्—પ્રશ્ન, પ્રતિષેધ
इद्धा—જાહેર કરવું
मुधा—નિર્નિમિત્તતા, પ્રીતિ કરવી
मृषा—ખોટું
वृथा— ,,
व्रषा—પ્રબળ
मिथ्या—ખોટું
मिथस्—વિજન, વિયોગ, પરસ્પર
मिथु—સ્વાંગ
मिथो—એકાંત, સાથે
मिथुस्—સંગમ
मिथुनम्—નરનારીનું જોડું
अनिशम्—નિરંતર
मुहुस्—વારંવાર
अभीक्ष्णम्—ફરી ફરીને
मङ्क्षु—જલદી
झटिति—ઝટ
उच्चैस्—ઉત્કૃષ્ટ
नीचैस्—અપકૃષ્ટ
शनैस्—ધીરે ધીરે
अवश्यम्—જરૂર
सामि—અડધું
साचि—તિરછું
विष्वक्—વિવિધતા
अन्वक्—પાછળ
ताजक्—શીઘ્ર
द्राक्— ,,
स्नाक्—નિશ્ચય
ऋधक्—વિયોગ, શીઘ્ર, સમીપતા, લાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય વા બીજી કોઈ ઇંદ્રિયો દ્વારા પણ જેનો અનુભવ ન થઈ શકે તે અસત્ત્વ. આવા અસત્ત્વરૂપ અર્થના સૂચક च વગેરે શબ્દોની 'અવ્યય' સંજ્ઞા

---

पृथक्—વિયોગ, જુદું
धिक्—નિંદા
हिरुक्—વિયોગ
ज्योक्—જલદી, વર્તમાન
मनाक्—થોડું, અપ્રાપ્ત
ईषत्—થોડું
जोषम्—મૌન
ज्योषम्— ,,
तूष्णीम्— ,,
कामम्—ઘણું વધારે
निकामम्— ,,
प्रकामम्— ,,
अरम्—જલદી
वरम्—થોડું ઇષ્ટ
परम्—એકલું
चिरम्—દીર્ઘ કાળ
आरात्—દૂર અને પાસે
तिरस्—અંતર્ધાન, અવજ્ઞા, તિર્યગ્ભાવ
मनस्—નિયમ
नमस्—નમસ્કાર
भूयस्—ફરીને–બીજીવાર
प्रायस्—ઘણું કરીને–ચોક્કસ નહીં
प्रबाहु—ઊર્ધ્વ, ઊંચું
प्रबाहुक्—ઐર્ધ્વર્યુ
प्रबाहुकम्—પ્રીતિબંધ
आर्य—પ્રીતિસહિત સંબોધન
हलम्—પ્રતિષેધ, વિષાદ
आर्यहलम्—વિશિષ્ટ પ્રકારનું શીલ
स्वयम्—જાતે–પોતે
अलम्—ભૂષણ,પૂરતું,વારણ કરવું
कु—પાપ
बलवत्—નિર્ભર
अतीव—ઘણું વધારે
सुष्ठु—પ્રશંસા
दुष्ठु—નિંદા
ऋते—વિયોગ વિના
सपदि—શીઘ્ર
साक्षात्—પ્રત્યક્ષ તથા તુલ્ય
सन—રક્ષણ
प्रशान—ઘણું જૂનું
सनात्—હિંસા
सनत्—નિત્ય
सना— ,,
नाना—જુદાઈ
विना—સંયોગનો નિષેધ
क्षमा—સહન કરવું
श्रु—પૂજા
सहसा—અકસ્માત્–અણધાર્યું
युगपत्—સાથે
उपांशु—ધીમે બોલવું
पुरतस्—આગળ
पुरस्— ,,
पुरस्तात्—પહેલું, આગળ
शश्वत्—નિત્ય, ફરીફરીને
कुवित्—યોગ, પ્રશંસા, વિદ્યમાનતા
आविस्—પ્રગટ–પ્રકાશ–ખુલ્લું
प्रादुस्— ,, તથા નામનો અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે.

च – અને. 'અને' એ चનો અસત્ત્વરૂપ અર્થ છે.

वृक्षश्च (वृक्षः च) વૃક્ષ અને.

च[1] વગેરે અનેક શબ્દો છે.

જે ઉપર જણાવ્યા છે તે કરતાં બીજાં પણ વધારે અવ્યયો સ્વરાદિમાં આવે છે—"अन्येऽपि बहवः 'स्वर्' आदयः सन्ति।"

"इयन्त इति संख्यानं निपातानां न विद्यते।
प्रयोजनवशाद् एते निपात्यन्ते पदे पदे"॥

નિપાતો—અવ્યયો આટલા જ છે એમ ન કહી શકાય, કેમકે જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે તેમને બનાવી લેવામાં—નિપાતરૂપે સાધી લેવામાં—આવે છે.

વળી, ઉપર અવ્યયોનો જે જે અર્થ બતાવેલ છે તે 'પણ તેટલો જ' છે એમ ન સમજવું. બતાવેલો અર્થ તો માત્ર ઉપલક્ષણરૂપે છે એટલે 'તે તે અવ્યયોનો બીજો પણ અર્થ છે' એ હકીકતની સૂચનારૂપે છે.

"निपाताश्चोपसर्गाश्च धातवश्चेति ते त्रयः।
अनेकार्थाः स्मृताः सर्वे पाठस्तेषां निदर्शनम्"॥

નિપાતો - અવ્યયો ઉપસર્ગો—પ્ર, પરા વગેરે ઉપસર્ગો તથા ધાતુઓ આ ત્રણેને અનેક અર્થવાળા કહેલા છે. જે અમુક એક કે બે ત્રણ અર્થ બતાવેલ છે તે તો નિદર્શન માત્ર છે.—બૃહદ્વૃત્તિ

૧. 'ચ' આદિ અવ્યયોની નોંધ–

च— અન્વાચય, સમુચ્ચય, સમાહાર અને ઇતરેતરયોગ

अह —નિર્દેશ, વિનિયોગ, કિલ-ચોક્કસ

ह—અવધારણ અને પાદપૂરણ

वा—વિકલ્પ અને ઉપમા

एव—અવધારણ, જુદાઈ તથા પરિમાણ

एवम्—ઉપમાન, એમ–એવું, ઉપદેશ, પ્રશ્ન, અવધારણ અને પ્રતિજ્ઞા

नूनम्—તર્ક તથા અર્થનો નિશ્ચય

शश्वत्—નિત્ય, સાથે

सूपत्, कूपत्—પ્રશ્ન, વિતર્ક અને પ્રશંસા

नेत्, चेत्—નિષેધ, વિચાર અને સમુચ્ચય

नचेत्—નિષેધ

चण्—ચેત્–જો

कच्चित्—ઇષ્ટસંબંધી પ્રશ્ન

यत्र—જે કાળે–જ્યાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नह—પ્રત્યારંભ, ભેદ અને પ્રતિવિધિ

नहि—અભાવ

हन्त—પ્રીતિ, વિષાદ અને સંપ્રદાન

कुत्सित—સ્વરાદિમાં જુઓ

माकिस्, नकिस् — નિષેધ અને વર્જન

मा, माङ्, न, नञ् — નિષેધ

वाव—સંબોધન કરવું

हवाव, न्वाव, वावत्, हवावत्, न्वावत — અનુમાન કરવું, પ્રતિજ્ઞા કરવી, કામ બતાવવું સમાપ્ત કરવું,

त्वै, हुवै, न्वै, नुवै — વિતર્ક કરવો તથા પાદપૂરણ

रै—દાન દેવું, દીપવું

वै—સ્ફુટ કરવું

श्रौषट्, वौषट्, वषट् — દેવને હવિ આપવું વગેરે અર્થ

वट्, वाट्, वेट् — વિયોગ, વાક્યનું પૂરણ કરવું તથા પાદપૂરણ કરવું

पाट्, प्याट्—સંબોધન કરવું

फट्, हुफट्, छंबट्—તિરસ્કાર યુક્ત સંબોધન

अध—નીચે

आत्—શ્રાપ તથા પીડા

स्वधा—પિતૃઓને બલિ આપવો

स्वाहा—હવિ દેવું

अलम्—નિષેધ તથા પૂરતું

चन—અપિ-પણ તથા પાદપૂરણ

हि—હેતુનું સૂચન તથા અવધારણ

अथ—મંગળસૂચક, આંતરા વિના શરૂ કરવામાં આવતું કામ-આરંભ, પ્રશ્ન અને અતિશયતા

ओम्—સ્વરાદિમાં જુઓ

अथो—જેને લગતી વાત આગળ કહી હોય તેને લગતું ફરી વાર કહેવું—અન્વાદેશ

नो, नोहि —નિષેધ

भोस्, भगोस्, अघोस्, अङ्ग, हंहो, हो, अहो, आहो, उताहो — સંબોધનસૂચક

हा—વિષાદ, શોક તથા પીડા

ही—વિસ્મય

हे, है, हये, अयि, अये, रे, अरे, अवे, अरर, अङ्ग — પરતાવો કરવો તથા સંબોધન કરવું

ननु—વિરોધ વચન કહેવું તથા અન્વય ન હોવો વગેરે

शुकम्, मुकम्, नुकम्, हिकम्, नहिकम् — પ્રત્યાખ્યાન કરવું, નિષેધ કરવો

ऊम्—પ્રશ્ન કરવો

हुम्—તિરસ્કાર કરવો

कुम्—પ્રશ્ન કરવો

उञ्—સત્ત્વ બતાવવું, રોષયુક્ત વચન

सुञ्—

कम्—જુઓ સ્વરાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हम्—રોષ કરવો, અનુકંપા બતાવવી
किम्—પ્રશ્ન કરવો, વિતર્ક કરવો
हिम्—સંભ્રમ-ઉતાવળ કરવી, તિરસ્કાર કરવો
अद्—વિસ્મય થવો
दद्—કુત્સા-નિન્દા
यद् } હેતુ અર્થ, વાક્યની
तद् } માંડણી
इद्—અપૂર્વ અર્થ, અલ્પીભાવ
चिद्—પ્રશ્ન કરવો, અવધારણ
क्विद्—તિરસ્કાર કરવો, પાદપૂરણ
स्विद्—વિમર્શ-વિચાર, પ્રશ્ન કરવો
उत—વિકલ્પ કરવો
बत—ખેદ, અનુકંપા, સંતોષ, વિસ્મય અને આમંત્રણ
इव—ઉપમાન અને અવધારણ
तु—વિશેષણ, પાદપૂરણ
नु—વિતર્ક, પાદપૂરણ
यच्च—બીજા વાક્યનો આરંભ
कच्चन—ક્વચિત્
किमुत—વિકલ્પ
किल—સંપ્રશ્ન અને વાર્તા કરવી
किङ्किल— ,, ,,
किंस्वित् } પ્રશ્ન, વિતર્ક
उदस्वित् } અને વિકલ્પ
आहोस्वित् }
अहह—અદ્ભુત તથા ખેદ
नहवै } નિષેધ કરવો
नवै }
नवा—વિકલ્પ
अन्यत्—બીજું
अन्यत्र—બીજે સમયે, બીજે સ્થાને
शव् } —લેવું, આપેલું લેવું
शप् }
अथकिम्—સ્વીકાર કરવો
विषु—જુદું જુદું, વિવિધપણું
पशु—જોવું
खलु—નિષેધ, વાક્યાલંકાર, જિજ્ઞાસા અને અનુનય —મનાવવું.
यदिनाम—બીજો પક્ષ
यदुत—બીજાના આશયને ખુલ્લો કરવો વગેરે
प्रत्युत—કહેલ હોય તેથી ઊલટું
यदा—જે સ્થાને અથવા જે કાળે
जातु—અવધારણ, પાદપૂરણ
यदि—બીજો પક્ષ, જો
यथाकथाच—અનાદરપૂર્વક
यथा—યોગ્યતા, વીપ્સા, અનતિવૃત્તિ તથા સાદૃશ્ય, જેમ-જેવું
तथा—સમાનતા, તેવું
पुद्—કુત્સા-નિંદા
दा—હિંસા અને પ્રતિકૂળતા
पुरा—પહેલાં
यावत्—મર્યાદા, અવધારણ તથા પરિમાણ-જેટલું
तावत्— ,, ,, તેટલું
दिष्ट्या—પ્રીતિ, સેવા તથા આદર અને પ્રતિકૂળતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मर्या**— સીમા-હદ

**आम**—પીડા

**नाम**— પ્રકાશનયોગ્ય, સંભાવનાયોગ્ય, ક્રોધ કરવો અને નિંદા-વખોડવું

**स्म**—ભૂતકાળસૂચન તથા પાદપૂરણ

**इतिह**—પ્રાચીન-પુરાશ્રુતિ-પહેલાંનું સાંભળેલું

**सह**—સાથે, સરખું, વિદ્યમાનતા

**अमा**—સહ, નજીક

**समम्**—ચારે બાજુ

**सत्रा**
**साकम्**
**सार्धम्** } સાથે-'સહ'ના અર્થ પ્રમાણે

**ईम्**
**कीम**
**सीम** } નિર્દેશ કરવો, નિવેદન કરવું. વાક્યની તથા પાદની પૂર્તિ

**ईम्**—અવ્યક્ત

**कीम्**—સંશય, પ્રશ્ન અને અનુમાન કરવું

**सीम**—અભિનય કરવો, બોલાવવું, ક્રોધ કરવો, પાદપૂરણ

**अम**—જવાબ આપવો નિશ્ચય કરવો

**आस**—સ્મરણ કરવું, ખેદ કરવો, કોપ કરવો

**इति**—એ પ્રમાણે, આદિ, હેતુ, પ્રકાર શબ્દનો પ્રાદુર્ભાવ, ગ્રંથની સમાપ્તિ અને પદાર્થનો વિપર્યાસ વગેરે

**अव, अङ, अट**—તિરસ્કાર

**अनुषक्**—અનુમાન કરવું

**खोस्**—નિંદા

**अ, आ. इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ओ, ऐ, औ** } પૂરવું. તિરસ્કાર કરવો, આમંત્રણ આપવું, નિષેધ કરવો

'प्र' થી માંડીને 'अभि' સુધીના વીશ ઉપસર્ગો છે. પ્રત્યેક ઉપસર્ગના અનેકાનેક અર્થો છે. તેમાંના અહીં અમુક જ અર્થ નીચે લખ્યા પ્રમાણે બતાવેલ છે-

**प्र**—આરંભ કરવો. પ્રબળતા, અતિશય, ઐશ્વર્ય વગેરે

**परा**—વધ કરવો, ધાર્ષ્ણ્ય પરાક્રમ, સંમુખ નહીં, અપ્રત્યક્ષ વગેરે

**अप**—વર્જન. વિયોગ, ચૌર્ય, નિર્દેશ, અપલાપ કરવો વગેરે

**सम्**—વચનની એકતા-સંવાદ, ભૂષણ, સાદૃશ્ય, ઢાંકવું, ક્રોધ, પ્રીતિ વગેરે

**अनु**—સમીપતા, સાદૃશ્ય, અનુવર્તન, ભવિષ્ય, હીનતા, ઘણું વગેરે

**अव**—વિજ્ઞાન સ્પર્ધા, સમીપતા નિશ્ચય, વ્યાપ્તિ વગેરે

**निस्** અથવા **निर्**—વિયોગ, અભાવ, પ્રાદુર્ભાવ, આદેશ વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

---

**दुस्** અથવા **दुर्** અલ્પતા, નિંદા, કષ્ટ, ઋદ્ધિનો અભાવ, અનિષ્ટ વગેરે

**वि**—વિવિધતા, ભય, દૂર, કલહ, અનવસ્થાન, વ્યય વગેરે

**आङ्**—મર્યાદા, પ્રાપ્તિ, લાભની ઇચ્છા, કષ્ટ, આરંભ વગેરે

**नि**—અલ્પતા, સમૂહ, અધોભાવ, પ્રસન્નતા, બંધન, આશ્રય વગેરે

**प्रति**— ફરીફરીને ગ્રહણ કરવું, સાદૃશ્ય, વિનિમય-અદલા-બદલો, સંમુખ વગેરે

**परि**— અલ્પતા, ઘણું વધારે ભૂષણ, ચારે બાજુ થવું, પૂજા વગેરે

**उप**—વર્જન, વારંવાર પ્રયત્ન, વાક્યનો અધ્યાહાર, પરીક્ષા, ક્ષય સામર્થ્ય વગેરે

**अधि**—અધિકાર, અધિષ્ઠાન, સહયોગ, બાધા, અધિકતા, સ્મરણ વગેરે

**अपि**—અનુવૃત્તિ, અપેક્ષા, સમુચ્ચય, ગર્હા, આશીર્વાદ પ્રશ્ન વગેરે

**सु**—પૂજા, અતિશયતા, દક્ષતા, અકષ્ટ, અનુમતિ, સમૃદ્ધિ વગેરે

**उत्**—પ્રબળતા, સંભવ, લાભ, પ્રકાશ, મોક્ષ, દર્શનીયતા વગેરે

**अति**—પૂજા, અતિશયતા, અનુમતિ, અતિક્રમણ, અવજ્ઞા, સમૃદ્ધિ વગેરે

**अभि**—સંમુખ, પાસે, વશીકરણ, પૂજા, વ્યાપ્તિ, ઇચ્છા, વગેરે

'અહીં જે **च** વગેરે અવ્યયો ગણાવેલા છે તેના કરતાં તો એ અવ્યયો ઘણાં વધારે છે' એ હકીકતને સૂચવવા સારુ મૂળ સૂત્રમાં **चादिः** એમ એકવચન મૂકવાને બદલે '**चादयः**' એમ બહુવચન મૂકેલું છે.

## अधण्-तस्वाद्याशसः ॥१।१।३२॥

આગળ આવનારા ૭ મા અધ્યાયના ૨ જા પાદના ૮૧ મા સૂત્રથી લઈને ૧૫૧ મા સૂત્ર સુધીનાં સૂત્રોમાં '**तसु**'થી '**शस्** સુધીના પ્રત્યયોનું વિધાન કરેલું છે. તેમાં ૧૦૮ મા સૂત્રમાં **घण्** પ્રત્યય પણ બતાવેલો છે. તે **घण्** પ્રત્યય સિવાયના બાકીના બધા **तसु–तस्**–પ્રત્યયથી લઈને **शस्** પ્રત્યય સુધીના જે અનેક પ્રત્યયો બતાવેલા છે તે પ્રત્યયો જે નામને લાગેલા હોય તે પ્રત્યયાંત નામની 'અવ્યય' સંજ્ઞા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तसु—देवा अर्जुनतः अभवन्—દેવો અર્જુનના પક્ષે થયા. अर्जुन શબ્દને तस् પ્રત્યય લાગેલો છે તેથી તે अर्जुनतः પદ અવ્યય ગણાય.

तस्—ततः-તેથી અથવા તે પછી. तत् શબ્દને तस् પ્રત્યય લાગેલો છે.

त्र—तत्र-તેમાં અથવા ત્યાં. અહીં तत् શબ્દને त्र પ્રત્યય લાગેલો છે.

शस्—बहुशः—ઘણું. અહીં बहु શબ્દને शस् પ્રત્યય લાગેલો છે.

धण्—पथिद्वैधानि-અહીં 'द्वि' શબ્દને 'धण्' પ્રત્યય લાગવાથી તેનું द्वैध રૂપ થાય છે. અવ્યયસંજ્ઞાને સારુ 'धण्' પ્રત્યય વર્જેલ છે. તેથી 'द्वैध' એ અવ્યય ન કહેવાય એટલે તેને વિભક્તિના પ્રત્યયો લાગે અને તેનાં જુદાં જુદાં રૂપો થાય. द्वैधम्, द्वैधे, द्वैधानि વગેરે. पथः द्वैधानि-पथिद्वैधानि—માર્ગના બેથી વધારે પ્રકારો—જ્યાં અનેક રસ્તાઓ ફંટાતા હોય, જુદા જુદા જણાતા હોય ત્યાં पथिद्वैधानि પ્રયોગ વપરાય.

## विभक्ति-थमन्त-तसाद्याभाः ॥१।१।३३॥

વિભક્તિઓ લાગ્યા પછી નામનું કે ધાતુનું જે રૂપ બને છે તે રૂપની જેવું જેનું રૂપ હોય તેવું પદ विभक्त्यन्ताभ કહેવાય. તેની–વિભક્ત્યંતની– આભા જેવી જેની આભા હોય તે પદ 'અવ્યય' કહેવાય.

તથા तस् થી લઈને थम् સુધીના પ્રત્યયો લાગીને નામનું જે રૂપ બને છે તે રૂપની જેવું–તે રૂપની સાથે બરાબર મળતું આવે એવું–જે નામનું રૂપ હોય તે નામ પણ 'અવ્યય' કહેવાય.

વિભક્તિઓ બે જાતની છે. એક સ્યાદિ વિભક્તિ અને બીજી ત્યાદિ વિભક્તિ. તેમાં પ્રથમ સ્યાદિ વિભક્તિનું ઉદાહરણ આપે છે :

**स्यादिविभक्त्यन्ताभ**—अहंयुः—અહંકારવાળો. अहम् એક સ્વતંત્ર પદ છે. તેને ૭।૨।૧૭। સૂત્ર દ્વારા युस् પ્રત્યય લાગે છે. એ રીતે अहंयुः નામ તૈયાર થાય છે. તે નામનું પ્રથમાનું એકવચન अहंयुः થાય. અહીં ઉદાહરણરૂપે જણાવેલું अहंयुः પદ વિભક્ત્યંત अहंयुः ની સાથે બરાબર મળતું આવે છે માટે તે अहंयुः અવ્યય ગણાય. વિભક્ત્યંત अहंयु નામને બધી વિભક્તિઓ લાગે અને તેથી તેનાં—अहंयु નાં

| | | |
|---|---|---|
| अहंयुः | अहंयू | अहंयवः |
| अहंयुम् | अहंयू | अहंयून् |

—એમ અનેક જુદાં જુદાં રૂપો થાય છે, ત્યારે અવ્યયરૂપ બનેલા अहंयु પદને જુદી જુદી વિભક્તિઓ તો લાગે, પણ તેનાં જુદાં જુદાં

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

રૂપો ન થાય. તમામ વિભક્તિઓમાં તે એકસરખું જ રહે—એ તેની અવ્યયસંજ્ઞાનું પરિણામ છે.

**त्यादिविभक्त्यन्ताभ**— अस्तिक्षीरा गौः–દૂધાળી ગાય. अस् ધાતુ બીજા ગણનો છે તેનું વર્તમાન કાલે અન્યપુરુષનું એકવચન अस्ति રૂપ બને છે. 'अस्तिक्षीरा' પદમાં જે अस्ति પદ છે તે ક્રિયાપદરૂપ 'अस्ति' શબ્દને બરાબર મળતું આવે છે તેથી તે અવ્યયરૂપ કહેવાય. अस्तिक्षीरा એ સમાસવાળું રૂપ છે. સમાસ તો પરસ્પર એકબીજા નામોનો જ થાય છે, પણ ક્રિયાપદનો અને નામનો થતો નથી. 'अस्तिक्षीरा' પદમાં 'अस्ति' ક્રિયાપદ નથી પણ અવ્યયરૂપ નામ છે તેથી તેનો 'क्षीर' નામ સાથે સમાસ થઈ શક્યો.

**थमन्ताभ**-- कथम् – કેવી રીતે, કયા પ્રકારે. किम् એક સર્વનામ છે. તેને ૭।૨।૧૦૩। સૂત્ર દ્વારા 'थम्' પ્રત્યય લાગવાથી कथम् પદ બને છે. અહીંનું 'कथम्' किम्માંથી બનેલા 'कथम्ने બરાબર મળતું આવે છે. તેથી તે અવ્યય કહેવાય.

**'तस्' आदि अन्ताभ**—कुतः–ક્યાંથી અથવા શાથી. किम् સર્વનામને ૭।૨।૮૯। સૂત્રદ્વારા तस् પ્રત્યય લાગીને कुतः પદ બને છે. પ્રસ્તુત कुतः પદ એ किम् માંથી બનેલા कुतः ને બરાબર મળતું આવે છે માટે અવ્યય કહેવાય.

## वत्-तसि-आम् ॥१।१।३४॥

જે નામને वत्, तसि-तस् અને आम् પ્રત્યય લાગેલો હોય તે નામ 'અવ્યય' કહેવાય છે.

**वत्**—मुनिवद् वृत्तम् = મુનિ જેવું ચરિત્ર–આચરણ.
**तस्**— उरस्तः=છાતી સરખી દિશાવાળું-જે દિશામાં છાતી છે તે દિશામાં રહેલું.
**आम्**—उच्चैस्तराम् = વધારે ઊંચું, વધારે મોટેથી.

## क्त्वा-तुम्-अम् ॥१।१।३५॥

જે શબ્દને त्वा, तुम् અને अम् પ્રત્યય લાગેલા હોય તે પ્રત્યેક શબ્દ અવ્યય ગણાય.

**त्वा**—कृ + त्वा = कृत्वा – કરીને—સંબંધકભૂતકૃદંત.
**तुम्**—कृ + तुम् = कर्तुम् — કરવા માટે—હેત્વર્થકૃદંત.
**अम्**—जीव् + अम् = यावज्जीवम् – જીવે ત્યાં સુધી–સંબંધકભૂતકૃદંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गतिः ॥१।१।३६॥

આગળ ૩ જા અધ્યાયના પ્રથમ પાદમાંના ૨ જા સૂત્રથી લઈને ૧૭ મા સૂત્ર સુધી અમુક અમુક શબ્દોની 'ગતિ' સંજ્ઞાનું વિધાન કરેલું છે. જેટલા શબ્દો 'ગતિ' સંજ્ઞાવાળા હોય તે બધાની 'અવ્યય' સંજ્ઞા સમજવી.

**अदः कृत्य**–- આ કરીને. આ પદમાં 'अदः'ની ૩।૧।૫ સૂત્ર વડે 'ગતિ' સંજ્ઞા થાય છે તેથી તેને અવ્યય સમજવું. અવ્યય સંજ્ઞા થવાને લીધે अदस्कृत्य એવો પ્રયોગ ન થાય, પણ अदःकृत्य એવો જ પ્રયોગ થાય. અહીં 'अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-॥२।३।५॥ नाव्ययस्य ૨।૩।૮। આ સૂત્ર દ્વારા अदस्कृत्य ન થયું. ૨।૩।૮ સૂત્ર અવ્યયના र् નો स् કરવાનો નિષેધ કરે છે. અહીં अदः અવ્યય છે તેથી र् નો स् ન થાય પણ વિસર્ગ જ થાય

## अप्रयोगीत् ॥१।१।३७॥

इत् એટલે લોપ પામનાર. વ્યાકરણશાસ્ત્રમાં ઘણા પ્રત્યયો, ઘણા આગમો તથા ઘણા ઘણા બીજા શબ્દો સાથે अ, इ, ई, लृ, ओ औ વગેરે સ્વરરૂપ તથા क् ग् ङ् ज् ट् श् વગેરે વ્યંજનરૂપ અનેક નિશાનો મૂકેલાં છે. તે નિશાનો–અનુબંધો એક સ્વરરૂપ હોય છે, એક વ્યંજનરૂપ હોય છે અથવા અનેક વ્યંજનરૂપ હોય છે ક્યાંય તો એ નિશાન અનુસ્વારરૂપ પણ હોય છે. એ બધાં નિશાનો અંગે એમ સમજવાનું છે કે, જે જે શબ્દો સાથે એ નિશાનો મૂકેલાં છે તે તે શબ્દોમાં એ નિશાનોને લીધે અમુક અમુક પરિવર્તન થાય એવાં વિધવિધ વિધાનો કરેલાં છે. એટલે મૂકેલાં તે તે નિશાનો અમુક અમુક પરિવર્તનોનાં સૂચક છે. પણ તે તે શબ્દોમાં મૂકેલાં એ નિશાનો જ્યારે મૂળ શબ્દોનો પ્રયોગ કરવાનો પ્રસંગ આવે ત્યારે પ્રયોગમાં એ નિશાનોનો ઉપયોગ થતો નથી, પણ મૂળ શબ્દોનો જ વ્યવહાર થાય છે, એ હકીકત આ સૂત્રમાં બતાવેલી છે.

શબ્દ સાથે મૂકેલાં તમામ નિશાનો 'અપ્રયોગી' છે—પ્રયોગને પ્રસંગે કશા ખપમાં તે નિશાનો આવતાં નથી. એટલે એમ સમજવું કે, એવા 'અપ્રયોગી' તમામ નિશાનો પ્રયોગને પ્રસંગે इत्–'લોપ'–સંજ્ઞાને પામે છે. इत् એટલે ચાલ્યા જવું, ટકવું નહીં. તે નિશાનો પ્રયોગમાં ટકતાં નથી અર્થાત્ તે તમામ નિશાનોનો લોપ થઈ જાય છે એમ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एधते**—વધે છે. અહીં एधि (एध् + इ) ધાતુ છે. તેમાં મૂળ ધાતુ 'एध्' છે અને इ નિશાનરૂપ છે. જે જે ધાતુ સાથે इ નિશાન હોય તે તે તમામ ધાતુઓને આત્મનેપદી સમજવા; એ હકીકત इ નિશાન સૂચવે છે. આ एधते પ્રયોગમાં इ નિશાન ટક્યું નહીં.

**यजते, यजति**—દાન દે છે. અહીં यजीँ (यज् + ई॑) ધાતુ છે. તેમાં મૂળ ધાતુ यज् છે અને ई તથા અનુસ્વાર એ બે નિશાન અનુબંધરૂપ છે. જે જે ધાતુ સાથે ई અનુબંધ લાગેલો હોય તે તમામ ધાતુઓને ઉભયપદી (આત્મનેપદી તથા પરસ્મૈપદી) સમજવા, અને જે જે ધાતુ સાથે અનુસ્વારનો અનુબંધ લાગેલો હોય તે તમામ ધાતુઓને અનિટ્ સમજવા. यज् ધાતુ અનિટ્ છે તેથી यज् નું ભૂત કૃદંત इष्ट થાય, પણ यजित ન થાય. અહીં પણ પ્રયોગમાં ई તથા અનુસ્વાર ટક્યાં નહીં.

**चित्रीयते**—આશ્ચર્ય કરે છે--આશ્ચર્ય પામે છે. આ પ્રયોગમાં મૂળ શબ્દ चित्र છે અને ङ् અનુબંધ છે. જે જે શબ્દોને ङ् અનુબંધ હોય તે તમામ શબ્દોને આત્મનેપદી સમજવા. चित्रङ् શબ્દનો નિર્દેશ ૩।૪।૩૭ સૂત્રમાં આવે છે. ङ् અનુબંધ હોવાથી चित्रीयते પ્રયોગ થયો, પણ चित्रीयति ન થયો. चित्रीयते પ્રયોગમાં ङ् ટક્યો નહીં.

આ રીતે બીજા બીજા તમામ અનુબંધો માટે સમજવું. અનુબંધ એટલે પૂંછડીની જેમ પાછળ બાંધેલું. અનુબંધ માત્ર શબ્દની પાછળ આવે છે, પણ ક્યાંક ક્યાંક શબ્દની આગળ પણ આવે છે. એટલે તમામ અનુબંધો શબ્દની પાછળ જ આવે છે એવો નિયમ નથી.

## अनन्तः पञ्चम्याः प्रत्ययः ॥१।१।३८॥

'અમુક અક્ષર અમુક શબ્દથી પછી લાગે' એ રીતે પંચમી વિભક્તિદ્વારા જેનું વિધાન કરેલું હોય તે તમામની 'પ્રત્યય' સંજ્ઞા સમજવી. પણ જ્યાં એવું વિધાન કરેલું હોય કે અમુક અક્ષર અમુક શબ્દથી પછી પણ શબ્દની અંતમાં લાગે ત્યાં એ અંતમાં લાગનારા અક્ષરની પ્રત્યયસંજ્ઞા ન થાય, પણ તેવા અંતે લાગનારને 'આગમ' સમજવો.

"**नाम्नः प्रथमा एक-द्वि-बहौ**" ૨।૨।૩૧। આ સૂત્ર એમ જણાવે છે કે, નામમાત્રથી પ્રથમા વિભક્તિ લાગે. એક સંખ્યાનો અર્થ જણાવવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सि લાગે, એ સંખ્યાનો અર્થ જણાવવા औ લાગે તથા બહુ સંખ્યાને સૂચવવા जस् લાગે. આ રીતે 'નામથી પ્રથમા લાગે' આ જાતના પંચમી વિભક્તિના નિર્દેશ દ્વારા વિધાન પામેલી પ્રથમા વિભક્તિને પ્રત્યયરૂપ સમજવી.

## डत्यतु संख्यावत् ॥१।१।३९॥

જે નામને डति–अति પ્રત્યય લાગેલો હોય તથા જે નામને अतु–अत् પ્રત્યય લાગેલો હોય તો તે બન્ને પ્રત્યયવાળાં નામોને संख्यावत्–સંખ્યાવાચક નામ જેવાં સમજવાં. જે જે વિધાન સંખ્યાવાચક શબ્દોને અંગે બતાવ્યાં હોય તે તમામ વિધાનો આ નામોને પણ લાગુ કરવાં.

**कतिकः**—(कति + कः) કેટલા વડે ખરીદેલો. किम् શબ્દને 'अति' પ્રત્યય લાગવાથી તેનું રૂપ कति થાય. कतिને સંખ્યાવત્ ગણવાથી क પ્રત્યય લાગેલો છે.

**यावत्कः**—(यावत् + कः) જેટલા વડે ખરીદેલો यत् શબ્દને 'डावतु' પ્રત્યય લાગવાથી તેનું રૂપ 'यावत्' થાય. આ શબ્દને પણ સંખ્યાવત્ ગણવાથી क પ્રત્યય લાગ્યો છે.

ભાષામાં એક, બે, ત્રણ, ચાર, પાંચ વગેરે શબ્દોની જ ખાસ સંખ્યાવાચકરૂપે પ્રસિદ્ધિ છે, કેમકે એ શબ્દો અમુક એક નિયત સંખ્યાના જ સૂચક છે ત્યારે कति–કેટલું. यावत्–જેટલું, આ અને આવા બીજા શબ્દો કોઈ એક નિયત સંખ્યાના સૂચક નથી તેથી તેને સંખ્યાવાચક ન ગણી શકાય. માટે જ આ સૂત્રદ્વારા તેવા શબ્દોને પણ સંખ્યાવાચક જેવા ગણવાનું વિધાન કરેલ છે.

## बहु-गणं भेदे ॥१।१।४०॥

बहु અને गण શબ્દો જ્યારે ભેદને સૂચવતા હોય ત્યારે તે બંને શબ્દોને સંખ્યાવાચક જેવા સમજવા. જેમ એક, બે વગેરે સંખ્યાવાચક શબ્દો 'ભેદ'ના સૂચક છે તેમ बहु અને गण એ બે શબ્દો ભેદના સૂચક છે. बहु–ઘણું–જુદું જુદું ઘણું. गण–ગણું–ઘણું, જુદું જુદું. એ ઘણામાં કે ગણામાં પરસ્પર ભેદ છે એવો આશય જ્યારે હોય ત્યારે બંને શબ્દો 'ભેદ' અર્થને પણ સૂચવે છે.

**बहुकः**—( बहु + क = बहुकः ) બહુ વડે ખરીદેલો

**गणकः**—(गण + क = गणकः ) ગણા વડે–અમુક ગણાવડે–ખરીદેલો.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

આ બંને શબ્દો संख्यावत् થવાથી તેમને क પ્રત્યય લાગેલો છે. જ્યારે बहु અને गण શબ્દો સંખ્યાને ન સૂચવતા હોય ત્યારે તેમને સંખ્યાવત્ ન સમજવા, તે વખતે તે શબ્દોને સંખ્યાવત્ કાર્ય ન થાય.

જ્યારે बहु શબ્દ વિપુલ-વિશાલ-અર્થનો સૂચક હોય ત્યારે તેને સંખ્યાવત્ ન સમજવો. તથા જ્યારે गण શબ્દ સંઘ-સંઘાત-અર્થનો સૂચક હોય ત્યારે તેને સંખ્યાવત્ ન સમજવો.

વૈપુલ્ય- बहु रुदितम् એ વાક્યનો અર્થ ઘણું રુદન-રોણું-રોવાનું-લાંબો વખત ચાલનારું રુદન થાય છે. અહીં રુદનની વિપુલતા છે અને बहु શબ્દ વિપુલ અર્થનો સૂચક છે. અહીં बहुजलम्, बहुवायुः વગેરે ઉદાહરણો સમજી લેવાં.

સંઘ—भिक्षूणां गणः આ વાક્યમાં गण શબ્દ સંઘ અર્થનો સૂચક છે—ભિક્ષુઓનો સંઘ. તથા रजोगणः, रजःसंघातः—રજનો સમૂહ. અહીં गण શબ્દ સંઘનો સૂચક છે.

આ રીતે વિપુલ અર્થના સૂચક बहु શબ્દને અને સંઘ અર્થના સૂચક गण શબ્દને સંખ્યાવત્ ન સમજવો.

## क-समासेऽध्यर्धः ॥१।१।४१॥

अध्यर्ध શબ્દને જ્યારે क પ્રત્યય કરવો હોય અને જ્યારે अध्यर्ध શબ્દનો બીજા કોઈ શબ્દ સાથે સમાસ કરવો હોય ત્યારે એ બંને પ્રસંગોમાં अध्यर्ध શબ્દને संख्यावत्-સંખ્યાવાચક શબ્દની જેવો-સમજવો,

अध्यर्धः—જેમાં અડધું વધારે હોય તે.

अध्यर्धकम् ( अध्यर्ध + क )—જેમાં અડધું વધારે છે તે દોઢ, અઢી વગેરે વડે ખરીદેલું.

अध्यर्धशूर्पम् જેમાં અડધું સૂપડું ધાન્ય વધારે છે એવા દોઢ સૂપડા વડે કે અઢી સૂપડા વગેરે વડે ખરીદેલું.

अध्यर्ध શબ્દ સંખ્યાવત્ થવાથી તેને क પ્રત્યય થયો અને 'शूर्प' શબ્દ સાથે ૩।૧।૯૯। સૂત્ર વડે સમાસ પણ થઈ શક્યો તથા ૬।૪।૧૪૧। સૂત્ર વડે ઈકણ્ પ્રત્યયનો લોપ પણ થઈ શક્યો.

## अर्धपूर्वपदः पूरणः ॥१।१।४२॥

પ્રથમ દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ વગેરે શબ્દોને સંખ્યાની પૂર્તિના સૂચક પૂરણ પ્રત્યયો લાગેલા છે. માટે આ બધા શબ્દો 'પૂરણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યયાંત' કહેવાય છે. અને એમ છે માટે તે શબ્દો પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું વગેરે પૂરી સંખ્યાના સૂચક છે. જે શબ્દોને સંખ્યાપૂરક પૂરણપ્રત્યયો લાગેલા હોય અને તે શબ્દોની પૂર્વમાં અર્ધ શબ્દ હોય તો તે પૂરણપ્રત્યયાંત શબ્દોને क પ્રત્યય કરવો હોય ત્યારે તથા સમાસ કરવાનો પ્રસંગ હોય ત્યારે **संख्यावत्**–સંખ્યાવાચક શબ્દની જેમ સમજવા

**अर्धपञ्चमकम्**—જેમાં પાંચમું અડધું છે તે–સાડાચાર–ઢંચા[1] વડે ખરીદેલું.
**अर्धपञ्चमशूर्पम्**—જેમાં અનાજ ભરેલું પાંચમું સૂપડું અડધું છે તે અર્ધપંચમ. એવાં અનાજ ભરેલાં સાડાચાર સૂપડાં વડે ખરીદેલું.

અહીં પણ બધી પ્રક્રિયા અધ્યર્ધશૂર્પમ્ ની જેમ જ સમજવી

**આચાર્ય શ્રી હેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિના પ્રથમ અધ્યાયનો ગુજરાતી વૃત્તિ-વિવેચનનો સંજ્ઞા[2] પ્રકરણરૂપ પ્રથમ પાદ સમાપ્ત.**

---

૧. આપણા ગુજરાતમાં 'ઊંઠું'–સાડા ત્રણ–એ અર્થમાં ઊંઠું શબ્દ પ્રચલિત છે તેમ મારવાડમાં 'સાડાચાર' એ અર્થમાં 'ઢંચા' શબ્દ પ્રચલિત છે. **अर्धचतुर्थ–अद्धचउत्थ–अद्धअउत्थ–अद्धुट्ठ–अहुट्ठ**–ઊંઠું. **अर्धपञ्चम–अद्धपञ्चम–अद्धंचम–अद्धचउं–ढचउं–चुं–ढंचा.**

૨. કોઈ પણ ગ્રંથમાં જે જે સંજ્ઞાઓ વપરાતી હોય તે તમામ સંજ્ઞાઓને ગ્રંથકાર ગ્રંથની શરૂઆતમાં જ આપી દે છે એટલું જ નહીં, પણ સંજ્ઞાઓ આપ્યા પછી જ તેના ઉપયોગની વાત કહે છે.

આચાર્ય હેમચંદ્રે સંજ્ઞાઓ ગ્રંથના પ્રારંભમાં તો આપેલી છે, પણ તેનો–સંજ્ઞાનો–જ્યાં–જે સૂત્રમાં–ઉપયોગ થયેલ છે તે સૂત્રની પહેલાં સર્વત્ર નથી આપી, પણ ક્યાંક સંજ્ઞાના ઉપયોગવાળા સૂત્ર પછી આપેલ છે. સંપાદકની દૃષ્ટિએ આ ક્રમ બરાબર જણાતો નથી. જેમ કે—

અંતસ્થસંજ્ઞા ૧।૧।૧૫મા સૂત્રમાં બતાવેલ છે અને તેનો ઉપયોગ ૧।૧।૧૧મા સૂત્રમાં કરેલ છે.

નામસંજ્ઞા ૧।૧।૨૭મા સૂત્રમાં બતાવેલ છે અને તેનો ઉપયોગ ૧।૧।૨૧મા સૂત્રમાં કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ સંજ્ઞાનું વિધાન કર્યાં પહેલાં જ તેનો ઉપયોગ કરવામાં આવેલ છે, ત્યારે ખરી રીતે સંજ્ઞાનાં વિધાનો કર્યા પછી જ તેમનો ઉપયોગ કરવો જોઈએ એ નવા વિદ્યાર્થીઓ માટે વિશેષ સુગમ થઈ શકે.

આ દૃષ્ટિએ વિચારતાં આચાર્યનાં સૂત્રોનો ક્રમ થોડો બદલવા યોગ્ય ગણાય

| **આચાર્યે આપેલો ક્રમ** | **બદલવા યોગ્ય ક્રમ** |
|---|---|
| कादिर्व्यञ्जनम् ।१।१।१०। | कादिर्व्यञ्जनम् ।१।१।१०। |
| अपञ्चमान्तस्थो धुट् ।१।१।११। | पञ्चको वर्गः ।१।१।११। |
| पञ्चको वर्गः ।१।१।१२। | यरलवा अन्तस्थाः ।१।१।१२। |
| आद्य-द्वितीयशषसा अघोषाः ।१।१।१३। | अपञ्चमान्तस्थो धुट् ।१।१।१३। |
| अन्यो घोषवान् ।१।१।१४। | आद्यद्वितीयशषसा अघोषाः ।१।१।१४। |
| यरलवा अन्तस्थाः ।१।१।१५। | अन्यो घोषवान् ।१।१।१५। |
| अं-अः ≍क )(प-श-ष-साः शिट् ।१।१।१६। | अं-अः-≍क-)(-प-श-ष-साः शिट् ।१।१।१६। |
| तदन्तं पदम् ।१।१।२०। | तदन्तं पदम् ।१।१।२०। |
| नाम सिदय्व्यञ्जने ।१।१।२१। | सविशेषणमाख्यातं वाक्यम् ।१।१।२१। |
| नं क्ये ।१।१।२२। | अधातुविभक्तिवाक्यमर्थवन्नाम ।१।१।२२। |
| न स्तं मत्वर्थे ।१।१।२३। | नाम सिदय्व्यञ्जने ।१।१।२३। |
| मनुर्नभोऽङ्गिरो वति ।१।१।२४ | नं क्ये ।१।१।२४। |
| वृत्त्यन्तोऽसषे ।१।१।२५। | न स्तं मत्वर्थे ।१।१।२५। |
| सविशेषणमाख्यातं वाक्यम् ।१।१।२६। | मनुर्नभोऽङ्गिरो वति ।१।१।२६ |
| अधातुविभक्तिवाक्यमर्थवन्नाम ।१।१।२७। | वृत्त्यन्तोऽसषे ।१।१।२७। |
| शिर्घुट् ।१।१।२८। | शिर्घुट् ।१।१।२८। |

આવો વ્યુત્ક્રમ બીજે સ્થળે પણ આવેલ છે. ૪।૧।૭૨ માં સૂત્રથી અન્તસ્થા વ્યંજનોનું ઋત્ કરવાનું વિધાન છે. આ વિધાન ૪।૧।૯૦ મા સૂત્ર સુધી ચાલે છે. ત્યાર પછી આચાર્યશ્રી ૧૦૨ મા સૂત્રમાં ઋત્ सकृत् એમ સૂત્ર બનાવે છે અને ત્યાર પછી ૧૦૩ મું સૂત્ર दीर्घनाम्यऽन्त्यम् એમ મુકે છે, આને બદલે જ્યાં ઋત્નું પ્રકરણ પૂરું થાય છે ત્યાં જ એટલે ૪।૧।૯૦મા સૂત્ર પછી ૪।૧।૧૦૨।મું સૂત્ર હોવું જોઈએ અને તેના પછી જ ૧૦૩ મું સૂત્ર હોવું જોઈએ. અને ૧૦૪ મું સૂત્ર दीर्घः स्वरहनगमोः सनि धुटि એમ હોવું જોઈએ. આ રીતે વિચારતાં નીચે પ્રમાણે ક્રમ હોવો જોઈએ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| આચાર્યશ્રીનો રચનાક્રમ | બદલવાયોગ્ય રચનાક્રમ |
| --- | --- |
| वा परोक्षा–यङि ।४।१।९०। | वा परोक्षा-यङि ।४।१।९०। |
| न्यायः पी ४।१।९१। | सकृत् ।४।१।९१। |
| | दीर्घमवोऽन्त्यम् ।४।१।९२। |
| | न्यायः पीः ४।१।९३। |

આમ ક્રમ કર્યા પછી ૧૦૪ સૂત્ર दीर्घः स्वरहनगमोः सनि धुटि ૪।૧।૧૦૪। એમ હોવું જોઈએ, જે અત્યારે स्वरहनगमोः सनि धुटि એમ છે. આ સિવાય બીજે અનેક સ્થળે રચનાક્રમમાં ફેરફારને તથા સંશોધનને અવકાશ છે, પણ એ બધું અહીં લખી શકાય નહીં.

## પ્રથમ અધ્યાય

### (દ્વિતીય પાદ)

હવે સ્વરસંધિ પ્રકરણનો આરંભ થાય છે.

સંધિ એટલે ભેગા થવું. ભાષાનાં ઉચ્ચારણોની એવી ખાસિયત છે કે, જ્યારે બે સ્વરો સામસામા આવે ત્યારે તેના ઉચ્ચારણમાં કાંઈ ને કાંઈ ફેરફાર સંસ્કૃતભાષામાં થઈ જાય છે. આ સ્વરસંધિ પ્રકરણમાં તેવા કેટલાક ફેરફારોની નોંધ લેવામાં આવી છે.

### समानानां तेन दीर्घः ॥१।२।१॥

જે સ્વરોની 'સમાન' સંજ્ઞા (જુઓ સૂત્ર ૧।૧।૭) કહેવામાં આવી છે તે સ્વરોમાંના સરખેસરખા સ્વરો સામસામા આવે તો તે બંને સ્વરોને બદલે તે જ સ્વરોને બરાબર મળતો આવે એવો એક દીર્ઘ સ્વર બોલાય છે.

अ + अ = आ—दण्ड + अग्रम् = दण्डाग्रम्—દંડનો–ડંડાનો–અગ્રભાગ.
इ + इ = ई —दधि + इदम् = दधीदम्—દહીં આ–આ દહીં.
ई + इ = ई —नदी + इन्द्रः = नदीन्द्रः—નદીનો ઇંદ્ર અર્થાત્ નદીનો પતિ–સમુદ્ર અથવા નદીઓમાં ઇંદ્ર સમાન શ્રેષ્ઠ એટલે ગંગા, બ્રહ્મપુત્રા કે સિંધુ નદી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| अ + अ = आ | इ + इ = ई | उ + उ = ऊ |
| आ + अ = आ | ई + इ = ई | ऊ + उ = ऊ |
| अ + आ = आ | इ + ई = ई | उ + ऊ = ऊ |
| आ + आ = आ | ई + ई = ई | ऊ + ऊ = ऊ |

આ પ્રકારે ऋ અને ऌ વિશે પણ સમજવું.

## ऋ-ऌति ह्रस्वो वा ॥१।२।२॥

સમાન સંજ્ઞાવાળા સ્વરોની પછી જો ऋ સ્વર અથવા ऌ સ્વર આવે તો સમાનસંજ્ઞાવાળો સ્વર હ્રસ્વ વિકલ્પે બોલાય છે. વિકલ્પે એટલે હ્રસ્વ બોલાય અને ન પણ બોલાય એટલે જેવો હોય તેવો બોલાય.

बाला + ऋश्यः = बालऋश्यः—બાલાનો-બાલિકાનો—ઋશ્ય. ઋશ્ય—એક પ્રકારનું હરણ.

बाल + ऋश्यः = बालऋश्य—બાલ એવો ઋશ્ય.-ઋશ્ય એટલે હરણ, બાલ-નાનો અથવા બાલનો-બાળકનો-ઋશ્ય.

ऌ + ऋषभः = ऌऋषभः—ऋषभ-ઉત્તમ, ऌ માં ઉત્તમ.

होतृ + ऌकारः = होतृऌकारः— હોતાનો-હોમ કરનારનો-ऌકાર શબ્દ.

જ્યારે હ્રસ્વ ન થાય ત્યારે बालर्श्यः પ્રયોગ ૧।૨।૬। સૂત્રથી થાય.

જ્યાં આ નિયમથી હ્રસ્વ થાય ત્યાં પછી સામસામા આવેલા સ્વરોમાં કશો જ ફેરફાર ન થાય એમ સમજવાનું છે.

આ નિયમથી હ્રસ્વ થયા પછી પણ સામસામા સ્વરનો કોઈ ફેરફાર થાય એમ માનવામાં આવે તો સૂત્રનું વિધાન નિષ્ફળ થશે; અર્થાત્ આ નિયમથી હ્રસ્વ કર્યા પછી પણ સામસામા આવેલા સ્વરોમાં ફેરફાર કરવામાં આવે તો પછી આ સૂત્ર બનાવવાનું કાંઈ કામ નથી એમ થાય. એટલે આ સૂત્રના વિધાનને સફળ બનાવવા એમ માનવું જ જોઈએ કે આ વિધાન પછી સામસામા આવેલા સ્વરો જેવા રૂપમાં હોય તેવા રૂપમાં જ રહે.

## ऌत-ॠ ॡ ऋ-ऌभ्यां वा ॥१।२।३॥

સ્વરરૂપ ऌ ની સામે સ્વરરૂપ ऋ આવ્યો હોય તો તે ऌ અને ऋ એ બંનેને બદલે વિલક્ષણ ॠ વિકલ્પે બોલાય છે. તથા સ્વરરૂપ ऌ ની સામે સ્વરરૂપ ऌ આવ્યો હોય તો પણ તે ऌ અને ऌ એ બંનેને બદલે વિલક્ષણ ॡ વિકલ્પે બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલવામાં આવતા આ વિલક્ષણ ॠ અને ॡ માત્ર સ્વરરૂપ નથી, માત્ર વ્યંજનરૂપ પણ નથી, પણ સ્વર અને વ્યંજનનું વિલક્ષણ મિશ્રણ થવાથી બનેલા છે માટે તેને વિલક્ષણ કહેવામાં આવે છે. આ બાબત પ્રાચીન શબ્દશાસ્ત્રીઓના જે જુદા જુદા મતો છે તે આ પ્રમાણે છેઃ—

ॠ–ॡ—(૧) આ બન્ને વર્ણો સ્વરના સમુદાયરૂપ છે અથવા સ્વર અને વ્યંજનના સમુદાયરૂપ છે અથવા કોઈ બીજા વર્ણાંતરરૂપ છે.

(૨) આ બન્ને વિલક્ષણ વર્ણોમાં દોઢ માત્રા સ્વરની છે અને રેફના તથા લના બે ચોથા અંશ તેમાં મળેલા છે.

(૩) આ બન્ને વર્ણોમાં ॠ માં આખો રેફ અને ઋકાર ભળેલો છે તથા ॡ માં આખો લ અને ઌકાર મળેલો છે અને બન્નેમાં સ્વરની અડધી માત્રા છે.

(૪) આ વર્ણોમાં ॠ માં બે રેફ મળેલા છે તથા ॡમાં બે લ ભળેલા છે તથા બન્નેમાં સ્વરની અડધી માત્રા છે.

આવા વિલક્ષણ ॠ અને ॡ નો પ્રયોગ સંસ્કૃત સાહિત્યમાં ભાગ્યે જ મળે છે, પણ સંભવ છે કે, પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં કે વેદોની ભાષામાં આવા વિલક્ષણ ॠ કે ॡ નો પ્રયોગ મળતો હોય, એથી એને લક્ષ્યમાં રાખીને અથવા પ્રાચીન પરંપરાને લક્ષ્યમાં રાખીને આ સૂત્રનું તથા આની નીચેના ચોથા સૂત્રનું વિધાન છે.

ऋ ની સાથે— ऌ + ऋकारः = ॠकारः અથવા ऌऋकारः અથવા ऋकारः (જુઓ, ૧।૨।૧)—ऋ તથા ऌનો ऋकार.

ऌ ની સાથે—ऌ + ऌकारः – ॡकारः અથવા ऌऌकारः અથવા ऌकारः– (જુઓ ૧।૨।૧) ऌ નો ऌकार.

## ऋतः वा तौ च ॥१।२।४॥

સ્વરરૂપ ऋ ની સામે સ્વરરૂપ ऋ આવેલો હોય તો તે બંનેને બદલે વિલક્ષણ ॠ વિકલ્પે બોલાય છે, તથા સ્વરરૂપ ऋ ની સામે સ્વરરૂપ ऌ આવેલો હોય તો તે બંનેને બદલે વિલક્ષણ ॡ વિકલ્પે બોલાય છે.

ऋ + ऋ—पितृ + ऋषभः = पितॄषभः અથવા पितृऋषभः અથવા पितृषभः (જુઓ ૧।૨।૧)—પિતાનો બળદ અથવા ઉત્તમોત્તમ પિતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऋ + ऌ—होतृ + ऌकारः = होतॢकारः અથવા હોતૃऌकारः અથવા હોતૄकारः (જુઓ ૧।૨।૫)—હોતાનો ऌકાર.

तौ च એટલે ऋ સ્વર અને ऋ સ્વર મળીને ऋ સ્વર વિકલ્પે બોલાય છે તથા ऋ સ્વર અને ऌ સ્વર મળીને ऌ સ્વર વિકલ્પે બોલાય છે.

ऋ + ऋ—पितृ + ऋषभः = पितृषभः અહીં ऋ અને ऋ એ બન્ને મળીને માત્ર હ્રસ્વ ऋ બોલાય છે અથવા पितृऋषभः અથવા पितॄषभः

ऋ + ऌ—होतृ + ऌकारः = होतॢकारः અથવા होतृऌकारः અથવા होतॄकारः (જુઓ. ૧।૨।૫) હોતાનો ऌકાર.

અહીં ऋ અને ऌ બંને મળીને માત્ર હ્રસ્વ ऌ બોલાય છે.

## ॠॡस्तयोः ॥१।२।५॥

પૂર્વમાં જણાવેલા સ્વરરૂપ ऌની સામે સ્વરરૂપ ऋ આવેલો હોય તો તે બંનેને બદલે દીર્ઘ ॠ બોલાય છે તથા અગાઉ જણાવેલા સ્વરરૂપ ऋની સામે સ્વરરૂપ ऌ આવેલો હોય તો તે બંનેને બદલે દીર્ઘ ॡ બોલાય છે.

ऌ + ऋ — ऌ + ऋषभः = ॠषभः—ઉત્તમ ऌ અથવા ऌનો બળદ.

ऋ + ऌ – होतृ + ऌकारः = होतॄकारः—હોતાનો ऌકાર

## अवर्णस्येवर्णादिनैदोदरल् ॥१।२।६॥

अ[1]વર્ણની એટલે अ કે आની બરાબર સામે इ[1] વર્ણ એટલે इ કે ई આવેલો હોય તો તે બંનેને બદલે ए બોલાય છે. એ જ રીતે अ વર્ણની બરાબર સામે उ[1] વર્ણ એટલે उ કે ऊ આવેલો હોય તો તે બંનેને બદલે ओ બોલાય છે. તે જ રીતે अ વર્ણની બરાબર સામે ऋ[1] વર્ણ એટલે ऋ કે ॠ આવેલો હોય તો તે બંનેને બદલે अर् બોલાય છે; તથા अ વર્ણની બરાબર સામે ऌ[1] વર્ણ એટલે ऌ કે ॡ આવેલો હોય તો તે બંનેને બદલે अल् બોલાય છે.

अ + इ – देव + इन्द्रः = देवेन्द्रः—દેવોનો ઇંદ્ર અથવા દેવોમાં ઇંદ્ર સમાન.

---

૧. अ વર્ણ શબ્દ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત 'अ' ને સૂચવે છે. પણ સંધિના પ્રસંગે પ્લુત अ નો સંભવ નથી માટે તેનું ઉદાહરણ જણાવ્યું નથી તથા इ વર્ણ, उ વર્ણ, ऋवर्ण, ऌवर्ण શબ્દો પણ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત इ ને તથા उ વગેરેને સૂચવે છે, છતાં સંધિના પ્રસંગે પ્લુત इ કે उ વગેરેના ઉચ્ચારણનો સંભવ નથી તેથી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अ + ई – तव + ईहा = तवेहा—તારી ચેષ્ટા અથવા ઇચ્છા.
आ + इ – माला + इयम् = मालेयम्—આ માળા.
आ + ई – सा + ईक्षते = सेक्षते—તેણી જુએ છે.
अ + उ – तव + उदकम् = तवोदकम्—તારું પાણી.
अ + ऊ – तव + ऊढा = तवोढा—તારી પરણેતર સ્ત્રી.
आ + उ – माला + उदकम् = मालोदकम्—માળાનું પાણી.
आ + ऊ – वनिता + ऊढः = वनितोढः—સ્ત્રીનો પરણેતર પુરુષ.
अ[1] + ऋ[2] – तव + ऋषिः = तवर्षिः—તારો ઋષિ.
अ + ॠ – तव + ॠकार = तवर्कारः—તારો દીર્ઘ ॠકાર.
आ + ऋ – महा + ऋषिः = महर्षिः—મોટા ઋષિ.
आ + ॠ – सा + ॠकारः = सर्कारः—સાનો દીર્ઘ ॠકાર અથવા તેણી ॠકાર
अ + ऌ – तव + ऌकारः = तवल्कारः—તારો ઌકાર.
अ + ॡ – स + ॡकारेण = सल्कारेण—સનો દીર્ઘ ॡકાર વડે
आ[3] + ऌ – माला + ऌकारः = मालल्कारः—માલાનો ઌકાર.
आ + ॡ – वनिता + ॡकारः = वनितल्कारः—વનિતાનો દીર્ઘ ॡકાર.

## ऋणे प्र-दशार्ण-वसन-कम्बल-वत्सर-वत्सतरस्याऽऽर् ॥१।२।७॥

प्र, दश, ऋण, वसन, कम्बल, वत्सर અને वत्सतर એ સાતે શબ્દોના અંતિમ अनी બરાબર સામે ऋण શબ્દનો ऋકાર આવેલો હોય તો તે अ અને ऋ બંનેને બદલે आर् બોલાય છે.

प्र + ऋणम् = प्रार्णम्—વધારે ઋણ–રણ–દેવું.
दश + ऋणम् = दशार्णम्—દશનું દેવું, અથવા 'દશાર્ણ' એ દેશનું વિશેષ નામ.
वसन + ऋणम् = वसनार्णम्—કપડાં માટે કરેલું ઋણ.
कम्बल + ऋणम् = कम्बलार्णम्—કંબલ માટે કરેલું ઋણ.
वत्सर + ऋणम् = वत्सरार्णम्—વર્ષ માટે કરેલું ઋણ.
वत्सतर + ऋणम् = वत्सतरार्णम्—વછેરો ખરીદવા કરેલું ઋણ.

---

૧. આ પ્રયોગોમાં અર્થાત્ ऋ તથા ऌ વાળા પ્રયોગોમાં ૧।૨।૨ નિયમ દ્વારા હ્રસ્વ પણ થાય છે એટલે तवऋषिः। महऋषिः। तवऌकारः। मालऌकारः આવા પણ પ્રયોગો થાય છે.

૨. આ માંનાં કેટલાક ઉદાહરણો અમે સ્પષ્ટતા માટે વધારેલાં છે.

૩. આ પ્રયોગોમાં પણ ૧।૨।૨નો નિયમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધાં ઉદાહરણોમાં ૧।૨।૬ સૂત્ર દ્વારા अर् નું ઉચ્ચારણ થવું શક્ય હતું, પણ આ સૂત્ર તે ઉચ્ચારણને અટકાવીને आर् નું ઉચ્ચારણ કરવાનું સૂચવે છે. એથી अर् નું ઉચ્ચારણ આ શબ્દોમાં ન જ થાય.

## ऋते तृतीयासमासे ॥१।२।८॥

अ વર્ણની બરાબર સામે ऋत શબ્દનો ऋ આવેલો હોય અને अ વર્ણવાળો શબ્દ તથા ऋत શબ્દ એ બંને વચ્ચે તૃતીયા તત્પુરુષ સમાસ થયેલો હોય તો अ વર્ણ અને ऋत નો ऋ એ બંનેને બદલે आर् બોલાય છે.
शीतेन ऋतः – [1]शीत + ऋतः = शीतार्तः—શીતથી–ઠંડીથી–પીડાયેલો.
परमश्चासौ ऋतश्च – परम + ऋतः – परमर्तः—ખૂબ પીડાયેલો. અહીં परम અને ऋत એ બંને શબ્દોનો તૃતીયાસમાસ નથી. પણ વિશેષણ–વિશેષ્યનો કર્મધારય સમાસ છે તેથી परमार्तः ન થાય, પણ परमर्तः થાય, (જુઓ, ૧।૨।૬)
दुःखेन + ऋतः = दुःखेन ऋतः અથવા –दुःखेनर्तः–દુઃખ વડે પીડાયેલો.

અહીં दुःख શબ્દ તૃતીયા વિભક્તિમાં તો છે, પણ તેનો ऋत સાથે સમાસ થયો નથી માટે आर् ન થતાં अर् થયો. (જુઓ ૧।૨।૬)

## ऋत्यारुपसर्गस्य ॥१।२।९॥

ઉપસર્ગોને છેડે अ વર્ણ હોય અને તે अ વર્ણની બરાબર સામે ધાતુનો ऋ કાર આવેલો હોય ત્યારે તે अवर्ण અને ऋकार એ બંનેને બદલે आर् બોલાય છે.

प्र + ऋच्छति = प्रार्च्छति = આગળ જાય છે.
परा + ऋच्छति = परार्च्छति = પાછો વળે છે.

ઉપસર્ગ પછી ધાતુ જ આવે છે એથી સૂત્રમાં માત્ર 'उपसर्ग' એટલું કહેવાથી અને ધાતુ શબ્દનો નિર્દેશ નહીં કરવા છતાં પણ આપોઆપ 'ધાતુ' સમજાઈ જાય છે.

## नाम्नि वा ॥१।२।१०॥

ઉપસર્ગોને છેડે अ વર્ણ હોય અને તે अ વર્ણની બરાબર સામે નામધાતુનો ऋकार આવેલ હોય તો अ વર્ણ અને ऋकार એ બંનેને બદલે વિકલ્પે आर् બોલાય છે.

---

૧. ૧।૨।૨ નિયમ દ્વારા शीतऋतः એવો પણ પ્રયોગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्र + ऋषभीयति = प्रार्षभीयति અથવા प्रर्षभीयति ( જુઓ ૧।૨।૬ )—વિશેષ પ્રકારે ઋષભ–બળદ–ને ઇચ્છે છે.

## लृत्याल् वा ॥१।२।११॥

ઉપસર્ગોને છેડે अ વર્ણ હોય અને તે अ વર્ણની બરાબર સામે નામ-ધાતુનો લૃકાર આવેલો હોય તો अ વર્ણ અને લૃકાર એ બંનેને બદલે વિકલ્પે आल् બોલાય છે.

उप + लृकारीयति = उपाल्कारीयति અથવા उपल्कारीयति ( જુઓ ૧।૨।૬ ) લૃકારની પાસે ઇચ્છે છે.

## ऐदौत् सन्ध्यक्षरैः ॥१।२।१२॥

अ વર્ણની બરાબર સામે સંધ્યક્ષરો આવેલા હોય તો એટલે अ વર્ણ અને ए, अ વર્ણ અને ऐ, अ વર્ણ અને ओ તથા अ વર્ણ અને औ એ પ્રત્યેક જોડકાને બદલે અનુક્રમે ऐ બોલાય છે તથા औ બોલાય છે.

अ + ए — तव + एषा = तवैषा — તારી આ.
आ + ए — खट्वा + एषा = खट्वैषा — ખાટલો આ–આ ખાટલો
अ + ऐ — तव + ऐन्द्री = तवैन्द्री — તારી ઐન્દ્રી. (ઐન્દ્રી = ઇંદ્રની સ્તુતિ.)
आ + ऐ — सा + ऐन्द्री = सैन्द्री —તે ઐન્દ્રી.
अ + ओ — तव + ओदनः = तवौदनः —તારો ઓદન–ભાત.
[1]आ + ओ — शोभा + ओदनः = शोभौदनः—શોભાનો ઓદન–ભાત.
अ + औ — तव + औपगवः = तवौपगवः—તારો ઔપગવ, ઔપગવ –ઉપગુનો પુત્ર (ઉપગુ–ગાયોની પાસે રહેનાર, ગોવાળ).
[1]आ + औ — शोभा + औपगवः=शोभौपगवः—શોભાનો ઔપગવ.

**શંકા**—ઉપરના સૂત્રમાં માત્ર ઉપસર્ગના अ વર્ણની વાત હતી અને આ સૂત્રમાં એકાએક માત્ર अ વર્ણ કેવી રીતે લેવાઈ ગયો ?

**સમાધાન**—શંકા બરાબર છે, પણ આ સૂત્રમાં જો માત્ર ઉપસર્ગનો अ વર્ણ લેવાનો હોત તો સૂત્રમાં બતાવેલ 'सन्ध्यक्षरैः (सन्ध्यक्षर—ऐः) પ્રયોગ જ ન થાત. અર્થાત્ સૂત્રકારે 'सन्ध्यक्षरैः' પ્રયોગ બનાવીને આડકતરી રીતે એમ સૂચવ્યું છે કે અહીં તમામ શબ્દોનો अ વર્ણ

૧. આ ઉદાહરણો અમે વધારેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવો, પછી તે अ વર્ણ ગમે તે શબ્દમાંનો હોય—ઉપસર્ગનો હોય કે ઉપસર્ગ સિવાયનો હોય.

## ऊटा ॥१।२।१३॥

अ વર્ણની બરાબર સામે ऊटा શબ્દનો ऊ આવેલો હોય તો अ વર્ણ અને ऊ એ બંનેને બદલે औ બોલાય છે.

धा + ऊतः = धौतः—ધોયેલો કોટ વગેરે. धौतः–પ્રથમા વિભક્તિનું એકવચન.

धा + ऊतवान् = धौतवान् —ધોનારો. धौतवान्–પ્રથમા વિભક્તિનું એકવચન.

આ બંને શબ્દોમાં મૂળ ધાતુ 'धाव्' છે. धाव्—દોડવું અથવા ધોવું–શુદ્ધ કરવું. धाव् ધાતુને ભૂતકાળ સૂચક त પ્રત્યય લાગે તો તેનું धौत રૂપ થાય અને तवत् પ્રત્યય લાગે તો તેનું धौतवत् રૂપ થાય. त પ્રત્યય ભૂતકાળ સાથે કર્તા તથા કર્મનો સૂચક છે, અને तवत् પ્રત્યય ભૂતકાળ સાથે કર્તાનો સૂચક છે. (ऊट् માટે જુઓ ૪।૧।૧૦૮)

ભાષામાં પ્રચલિત ધોતિયું, ધોતલી, ધોતર વગેરે શબ્દોનો સંબંધ धौत શબ્દ સાથે છે.

धौतः—ગયેલો, ધોડેલો કે દોડેલો અને धौतवान्—દોડનારો પણ થાય.

## प्रस्यैषैष्योढोढ्यूहे स्वरेण ॥१।२।१४॥

प्र ના अ વર્ણની બરાબર સામે एष નો, एष्य નો ए આવેલ હોય તો अ વર્ણ અને ए એ બંનેને બદલે ऐ બોલાય છે તથા प्र ના अ વર્ણની બરાબર સામે ऊढ નો, ऊढि નો અને ऊह નો ऊ આવેલા હોય તો अ વર્ણ અને ऊ બંનેને બદલે औ બોલાય છે.

प्र + एषः = प्रैषः—કાંઈ પણ કામ.

प्र + एष्यः = प्रैष्यः —કામ કરવા સારુ મોકલાતો મનુષ્ય–નોકર

प्र + ऊढः = प्रौढः—પ્રૌઢ – પ્રગલ્ભ

प्र + ऊढिः = प्रौढिः—પ્રૌઢપણું

प्र + ऊहः = प्रौहः—ઉત્તમ પ્રકારનો તર્ક

## स्वैरस्वैर्यक्षौहिण्याम् ॥१।२।१५॥

स्व ના अ વર્ણની બરાબર સામે ईर અને ईरी નો ई હોય તો अ વર્ણ અને ई એ બંનેને બદલે ऐ બોલાય છે. તથા अक्ष ના अ વર્ણની બરાબર સામે ऊहिणी નો ऊ હોય તો अ વર્ણ અને ऊ એ બંનેને બદલે औ બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्व + ईरः = स्वैरः — પોતાને ગમે તેમ ફરનાર–સ્વચ્છંદી
स्व + ईरी = स्वैरी — ,, ,, ,, ,, ,, (મૂળ શબ્દ ईरिन् છે.)
स्व + ईरिणी = स्वैरिणी — ,, ,, ,, ફરનારી સ્વચ્છંદી સ્ત્રી
स्व + ईरा = स्वैरा — ,, ,, ,, ,, ,,
अक्ष + ऊहिणी= अक्षौहिणी—વિશેષ પ્રકારની સેના.

અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ પાયદળ સૈન્ય હોય છે.

## अनियोगे लुगेवे ॥१।२।१६॥

'एव' શબ્દના બે અર્થ છે. એક તો 'नियोग'–ચોક્કસ–નિશ્ચય અને બીજો 'અનિયોગ'–ચોક્કસ નહીં–મરજી પડે તેમ.

अ વર્ણની બરાબર સામે 'મરજી પડે તેમ' એવા અર્થના સૂચક 'एव' શબ્દનો ए આવેલ હોય તો अ વર્ણનું ઉચ્ચારણ જ થતું નથી. અર્થાત્ अ વર્ણનો લોપ થાય છે.

इह + एव = इह् + एव — इहेव तिष्ठ—મરજી પડે તો અહીં ઊભો રહે.
अद्य + एव = अद्य् + एव — अद्येव—મરજી પડે તો આજે

જ્યારે एव શબ્દ નિયોગનો સૂચક હોય ત્યારે તો अ વર્ણનું ઉચ્ચારણ થાય જ–इह + एव = इहैव तिष्ठ मा गाः–અહીં જ ઊભો રહે, જા નહીં. (જુઓ ૧।૨।૧૨)

અનિશ્ચય — [1]माला + एव = मालेव आनीयताम्— મરજી પડે તો માલાને લાવવામાં આવે

નિશ્ચય — [1]माला + एव = मालैव आनीयताम्—માલાને જ લાવવામાં આવે, બીજું કંઇ નહિ.

## वौष्ठौतौ समासे ॥१।२।१७॥

अ વર્ણની બરાબર સામે જ્યારે ओष्ठ અને ओतु શબ્દોનો ओ આવ્યો હોય તથા अ વર્ણવાળા શબ્દની સાથે ઓષ્ઠ અને ઓતુ શબ્દનો સમાસ થયો હોય ત્યારે જ अ વર્ણવાળા શબ્દના અંત્ય अ વર્ણનો વિકલ્પે લોપ થાય છે.

---

૧. 'आ'સાથેનો પ્રયોગ બતાવવા આ ઉદાહરણો અમે વધારેલાં છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

बिम्ब + ओष्ठी = बिम्ब् + ओष्ठी—बिम्बोष्ठी, અથવા
बिम्ब + ओष्ठी = बिम्बौष्ठी—પાકા ટીંડોરા જેવા લાલ હોઠવાળી

આ રીતે बिम्बोष्ठः તથા बिम्बौष्ठः, बिम्बोष्टम् તથા बिम्बौष्टम् પ્રયોગ પણ થાય. बिम्बोष्ठ શબ્દ વિશેષણ રૂપ છે તેથી ત્રણે જાતિમાં વપરાય છે.

स्थूल + ओतुः = स्थूल् + ओतुः—स्थूलोतुः અથવા स्थूलौतुः—જાડો બિલાડો. हे पुत्र ! ओष्ठं पश्य—હે પુત્ર ! હોઠને જો. આ વાક્યમાં જો કે अ વર્ણની બરાબર સામે ओष्ट નો ओ આવેલો છે, પણ पुत्र અને ओष्ठ શબ્દોનો સમાસ થયો નથી. તેથી અહીં તો पुत्रनो अ બોલાય જ અર્થાત્ पुत्रौष्टम् એવો જ પ્રયોગ થાય.

એ જ રીતે[1] हे पुत्र ! ओतुं पश्य—હે પુત્ર બિલાડીને જો. (જુઓ, ૧।૨।૧૨) અહીં પણ पुत्र અને ओतु નો સમાસ થયો નથી તેથી अ બોલાય જ. તેથી पुत्रौतुम् થાય.

## ओमाङि ॥१।२।१८॥

अ વર્ણની બરાબર સામે ओम् શબ્દ આવે તથા आङ् ઉપસર્ગનું કોઈ રૂપાંતર આવે તો अ વર્ણનો લોપ થાય છે અર્થાત્ अवर्णनुं ઉચ્ચારણ થતું નથી.

अद्य + ओम् = अद्य् + ओम् = अद्योम्—આજે ઓમ્
सा + ओम् = स् + ओम् = सोम्—તેણી ઓમ્
अद्य + ओढा = अद्य् + ओढा = अद्योढा—આજે પરણેતરબાઈ
सा + ओढा = स् + ओढा = सोढा—તે પરણેતરબાઈ

आ + ऊढा = ओढा—એ રીતે आ અને ऊ એ બંનેનો ओ બનાવ્યા પછી આ નિયમ લગાડવો. એમ કરવાથી 'ओ' आङ् ઉપસર્ગનું રૂપાંતર બને છે.

## उपसर्गस्यानिणेधेदोति ॥१।२।१९॥

ઉપસર્ગના अ વર્ણની બરાબર સામે ધાતુનો ए કાર આવે કે ओकार આવે તો ઉપસર્ગના अ વર્ણનો લોપ થાય છે એટલે अवर्णनुं ઉચ્ચારણ થતું નથી, પણ તે एकार इण् ધાતુનો તેમ જ एध् ધાતુનો ન હોવો જોઈએ.

प्र + एलयति = प्र् + एलयति = प्रेलयति—પ્રેરણા કરે છે.
परा + एलयति = पर् + एलयति = परेलयति—પ્રેરણાથી પાછા વાળે છે.
प्र + ओषति = प्र् + ओषति = प्रोषति—વિશેષ દાહ પેદા કરે છે.

---

૧. આ ઉદાહરણ અમે વધારેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परा + ओषति = पर् + ओषति = परोषति—વિશેષ દાહ પેદા કરે છે.
इण् – उप + एति = उपैति—પાસે આવે છે. (જુઓ ૧।૨।૧૨)
एध् – प्र + एधते = प्रैधते—વિશેષ વધે છે.

આ બંને ક્રિયાપદોમાંના પહેલા ક્રિયાપદમાં इण् ધાતુનો एकार છે અને બીજામાં एध् ધાતુનો एकार છે તેથી આ નિયમ નહીં લાગે.

## वा नाम्नि ॥१।२।२०॥

ઉપસર્ગના જે अ વર્ણની બરાબર સામે નામધાતુનો एकार કે નામધાતુનો ओकार આવે તો તે अ વર્ણનો લોપ વિકલ્પે થાય છે એટલે અવર્ણનું ઉચ્ચારણ વિકલ્પે થાય છે. વિકલ્પ એટલે એક વાર ઉચ્ચારણ ન થાય અને એક વાર ઉચ્ચારણ થાય પણ ખરું.

उप + एकीयति = उप् + एकीयति = उपेकीयति—એકને પાસે ઇચ્છે છે.
उप + एकीयति = उपैकीयति—(જુઓ ૧।૨।૧૨).
प्र + ओषधीयति = प्र् + ओषधीयति = प्रोषधीयति—ઔષધને ઇચ્છે છે.
प्र + ओषधीयति = प्रौषधीयति ( જુઓ ૧।૨।૧૨ )

## इवर्णादेरस्वे स्वरे यवरलम् ॥१।२।२१॥

इ વર્ણની બરાબર સામે इ વર્ણ ન હોય પણ બીજો કોઈ સ્વર-વર્ણ હોય તો इ વર્ણનું य् ઉચ્ચારણ થાય છે. उ વર્ણની બરાબર સામે उ વર્ણ ન હોય પણ બીજો કોઈ સ્વર વર્ણ હોય તો उ વર્ણનું व् ઉચ્ચારણ થાય છે. ऋ વર્ણની બરાબર સામે ऋ વર્ણ ન હોય પણ બીજો કોઈ સ્વર વર્ણ હોય તો ऋ વર્ણનું र् ઉચ્ચારણ થાય છે અને ऌ વર્ણની બરાબર સામે ऌ વર્ણ ન હોય પણ બીજો કોઈ સ્વર વર્ણ હોય તો ऌ વર્ણનું ल् ઉચ્ચારણ થાય છે.

इ વર્ણ – दधि + अत्र – दध्य् + अत्र = दध्यत्र—દહીં અહીં.
नदी + एषा – नद्य् + एषा = नद्येषा—નદી આ.

उ વર્ણ—मधु + अत्र – मध्व् + अत्र = मध्वत्र—મધ અહીં
वधू + आसनम् – वध्व् + आसनम् = वध्वासनम्—વહુનું આસન

ऋ વર્ણ—पितृ + अर्थः – पित्र् + अर्थः = पित्रर्थः—પિતાનું ધન
ऌ + आदिः – ल् + आदिः = लादिः—ऌ વગેરે વર્ણો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऌ વર્ણ—ऌ + इत् – ल् + इत् = ल्इत्—ऌકાર લોપ પામનાર
ऌ + आदि: – ल + आदि: = लादि:—ऌ વગેરે વર્ણો.

આ સૂત્રનો બીજો અર્થ પણ આ પ્રમાણે થાય છે :–

इ વર્ણની બરાબર સામે इ વર્ણ સિવાયનો સ્વર વર્ણ આવે તો इ વર્ણની પાસે य् ઉમેરાય છે.—दधि + अत्र – दधिय् + अत्र = दधियत्र.

उ વર્ણની બરાબર સામે उ વર્ણ સિવાયનો સ્વર વર્ણ આવે તો उ વર્ણની પાસે व् ઉમેરાય છે. मधु + अत्र – मधुव् + अत्र = मधुवत्र

ऋ વર્ણની બરાબર સામે ऋ વર્ણ સિવાયનો સ્વર વર્ણ આવે તો ऋ વર્ણની પાસે र् ઉમેરાય છે.—पितृ + अर्थः = पितृर् + अर्थः = पितृरर्थः.

ऌ વર્ણની બરાબર સામે ऌ વર્ણ સિવાયનો સ્વરવર્ણ આવે તો ऌ વર્ણની પાસે ल् ઉમેરાય છે.—ऌ + इत् – ऌल् + इत् = ऌलित्

दधि + इदम् = दधीदम् (જુઓ ૧।૨।૧) આ દહીં.
मधु + उदकम् = मधूदकम् ( ,, ,, ) મધુર પાણી.
वधू + उक्तम् = वधूक्तम् ( ,, ,, ) વહુનું કથન.
पितृ + ऋकारः = पितॄकारः ( ,, ,, ) પિતાનો ઋકાર.
ऌ + ऌकारः = ॡकारः ( ,, ,, ) ऌનો ऌકાર.

આ બધાં ઉદાહરણોમાં इ વર્ણની સામે इ વર્ણ उ વર્ણની સામે उ વર્ણ, ऋ વર્ણની સામે ऋ વર્ણ તથા ऌ વર્ણની સામે ऌ વર્ણ આવેલ છે માટે આ નિયમ ન લાગે. સૂત્રમાં જે अस्वे પદ આપેલ છે તે એમ સૂચવે છે કે, તે તે इ વર્ણ વગેરેની સામે इવર્ણનો સ્વ, उ વર્ણનો સ્વ, ऋ વર્ણનો સ્વ, અને ऌ વર્ણનો સ્વ વર્ણ ન હોવો જોઈએ. दधीदम् વગેરે ઉદાહરણોમાં इ વર્ણ વગેરેની સામે इ વર્ણ વગેરેનો સ્વવર્ણ આવેલ છે.

## ह्रस्वोऽपदे वा ॥१।२।२२॥

इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ તથા ऌ વર્ણ તે પ્રત્યેકની સામે તેના પોતાના સિવાયનો સ્વર વર્ણ આવેલો હોય તો તે इ વર્ણ વગેરેનું હ્રસ્વ ઉચ્ચારણ વિકલ્પે થાય છે. જ્યારે હ્રસ્વ ઉચ્ચારણ થાય ત્યારે તે इ વર્ણ વગેરેમાં કશો ફેરફાર થતો નથી. પણ તે જેમના તેમ જ રહે છે તથા જે શબ્દનો इ વર્ણ વગેરે સ્વર વર્ણ હોય અને જે શબ્દનો इ વર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ સિવાયનો જે સ્વર વર્ણ તે તે इवर्ण આદિની બરાબર સામે આવેલો હોય તે બંને શબ્દો એક જ પદમાં ન હોય. અર્થાત્ સમાસ થઈને અથવા બીજી રીતે એ બંને શબ્દો એક પદમાં ન જ આવવા જોઈએ, પણ તે બંને શબ્દો જુદા જુદા પદમાં હોવા જોઈએ તો જ આ નિયમ વિકલ્પે લાગે છે, પણ જો તે બંને શબ્દો એક જ પદમાં આવેલા હોય તો આ નિયમ લાગે જ નહીં.

इ વર્ણ—नदी + एषा = नदि एषा અથવા नद्येषा—નદી આ.
[1]उ વર્ણ—मधु + अत्र = मधु अत्र અથવા मध्वत्र—મધ અહીં.

એક જ પદમાં नदी + औ = नद्यौ—અહીં नद्यौમાં इ વર્ણ અને તેની સામેનો औ વર્ણ એક જ પદમાં છે માટે नदि औ ન જ થાય. नदी + अर्थः = नद्यर्थः અહીં પણ नदी અને अर्थः એ બે શબ્દોનો સમાસ થયેલો છે. માટે नद्यर्थः એ એક જ પદ છે તેથી नदि अर्थः એવું ઉચ્ચારણ ન જ થાય. नद्यर्थः—નદીનું ધન.

## एदैतोऽयाय् ॥१।२।२३॥

ए સ્વરની બરાબર સામે કોઈ પણ સ્વર હોય તો ए ને બદલે अय् બોલાય છે અને ऐ સ્વરની બરાબર સામે કોઈ પણ સ્વર હોય તો ऐ ને બદલે आय् બોલાય છે.

ए—ने + अनम् – नय् + अनम् = नयनम्—નયન–નેણ–આંખ.
ए—वृक्षे + एव – वृक्षय् + एव = वृक्षयेव—વૃક્ષમાં જ
ऐ—नै + अकः – नाय् + अकः = नायकः—નેતા—દોરનાર
ऐ—रै + ऐन्द्री – राय् + ऐन्द्री = रायैन्द्री—સોનાની ઇંદ્રની પ્રતિમા.

## ओदौतोऽवाव् ॥१।२।२४॥

ओ સ્વરની બરાબર સામે કોઈ પણ સ્વર હોય તો ओ ને બદલે अव् બોલાય છે અને औ સ્વરની બરાબર સામે કોઈ પણ સ્વર હોય તો औ ને બદલે आव् બોલાય છે.

ओ—लो + अनम् – लव् + अनम् = लवनम्—લણવું—કાપવું.
ओ—पटो + ओतुः – पटव् + ओतुः = पटवोतुः—હે પટો! બિલાડો છે.

---

1 ऋवर्ण તથા लृवर्णનાં ઉદાહરણો સ્વયં સમજી લેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

औ—लौ + अकः – लाव् + अकः = लावकः—લણનારો, કાપનારો.
औ—गौ + आवौ – गाव् + आवौ = गावौ—બે ગાય અથવા બે બળદ.

## य्यक्ये ॥१।२।२५॥

ओ કે औની બરાબર સામે क्य (ધાતુને ભાવે પ્રયોગમાં કે કર્મણિ પ્રયોગમાં क्य પ્રત્યય લાગે છે) સિવાયનો य પ્રત્યય આવેલો હોય તો ओ નો अव् બોલાય છે અને औ નો आव् બોલાય છે.

ओ – गो + यति – गव् + यति = गव्यति—ગાયને ઇચ્છે છે.
ओ – गो + यते – गव् + यते = गव्यते—ગાયની જેવું આચરણ કરે છે.
औ – नौ + यति – नाव् + यति = नाव्यति—નૌ–હોડીને ઇચ્છે છે.
औ – नौ + यते – नाव् + यते = नाव्यते—હોડીની જેવું આચરણ કરે છે.

उपोयते (उप + ऊयते)–પાસે વણે છે. औयत–ગઈ કાલે તે વણતો હતો.—આ બંને ક્રિયાપદોમાં પહેલામાં ओ ની બરાબર સામે क्य પ્રત્યયનો य છે તથા બીજામાં પણ औ ની બરાબર સામે क्य પ્રત્યયનો य છે

સૂત્રમાં 'क्य' લેવાની ના પાડી છે તેથી क्यના 'य'ની પૂર્વના ओનું अव् અને औનું आव् ઉચ્ચારણ ન થાય.

## ऋतो रस्तद्धिते ॥१।२।२६॥

ऋકારની બરાબર સામે તદ્ધિતનો य પ્રત્યય હોય તો ऋ ને બદલે र બોલાય છે.

पितृ + य = पित्र्यम्—પિતાને માટે હિતકર

कार्यम् (कृ + यम्) અહીં ऋ ની બરાબર સામે य પ્રત્યય તો છે, પણ તે કૃદંતનો છે, તદ્ધિતનો નથી. તેથી कृ નો क्र् ન બોલાય અર્થાત્ क्र्यम् ન થાય.

## एदोतः पदान्तेऽस्य लुक् ॥१।२।२७॥

પદને છેડે આવેલા ए કે ओ ની બરાબર સામે अ આવેલો હોય તો તેનું ઉચ્ચારણ જ થાય નહીં. પણ અહીં अ હતો એવું જણાવવા 'ऽ' આવું અવગ્રહનું નિશાન મૂકી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते + अत्र = तेऽत्र—તેઓ અહીં.

पटो! + अत्र = पटोऽत्र—હે પટો ! અહીં. પટુ–ચતુર.

ने + अनम्—આ શબ્દમાં ने નો ए પદને છેડે નથી પણ પદની અંદર છે તેથી नेऽनम् ન થાય, પણ नयनम् થાય. (જુઓ ૧।૨।૨૩)

## गोर्नाम्न्यवोऽक्षे ॥१।२।२८॥

गो શબ્દના પદને છેડે આવેલા ओ ની બરાબર સામે अक्ष શબ્દનો अ આવેલો હોય અને अक्ष વાળો गो શબ્દ કોઈ વિશેષ નામરૂપે વપરાતો હોય તો ओ ને બદલે अव બોલાય છે.

गो + अक्षः – गव + अक्षः = गवाक्षः (જુઓ (૧।૨।૧)—ગોખલો.

गो + अक्षाणि – गोऽक्षाणि = ગાયની ઇંદ્રિયો. આ શબ્દ કોઈ વિશેષ નામરૂપ નથી. (જુઓ ૧।૨।૨૭)

## स्वरे वाऽनक्षे ॥१।२।२९॥

गो શબ્દના પદને છેડે આવેલા ओ ની બરાબર સામે अक्षना अ સિવાય બીજા કોઈ પણ શબ્દનો ગમે તે સ્વર આવેલો હોય તો ओ ને બદલે વિકલ્પે अव બોલાય છે.

गो + अग्रम् – गव + अग्रम् = गवाग्रम् (જુઓ ૧।૨।૧) ગાયનો આગલો ભાગ

गो + अग्रम् – गोऽग्रम् (જુઓ (૧।૨।૨૭)

गो + ईशः – गव + ईशः = गवेशः (જુઓ ૧।૨।૬) ગાયનો માલિક

गो + ईशः – गव् + ईशः = गवीशः (જુઓ ૧।૨।૨૪)　,,　,,

गो + अक्षम् – અહીં अक्ष નો अ છે માટે આ નિયમ ન લાગે– गोऽक्षम् થાય. (જુઓ ૧।૨।૨૭) गोऽक्षम्–ગાયની આંખ.

चित्रगु + अर्थः–चित्रग्वर्थः (જુઓ ૧।૨।૨૧)—આ શબ્દમાં गो શબ્દનો ओ નથી પણ उ છે તેથી આ નિયમ ન લાગે. चित्रगुनुं ધન. જેની પાસે ચિત્રવિચિત્ર ગાયો છે તે ચિત્રગુ.

## इन्द्रे ॥१।२।३०॥

गो શબ્દના પદને છેડે આવેલા ओ ની બરાબર સામે इन्द्रनो इ આવેલો હોય તો ओ નો अव બોલાય છે.

गो + इन्द्रः – गव + इन्द्रः = गवेन्द्रः—ગાયોનો ઇંદ્ર, મોટો ખૂંટિયો–સાંઢ.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## वाऽत्यसन्धिः ॥१।२।३१॥

આ સૂત્રથી માંડીને ૩૯મા સૂત્ર સુધી અસંધિનું પ્રકરણ છે.

गो શબ્દના પદને છેડે આવેલા ओ ની બરાબર સામે अ આવેલો હોય તો गो શબ્દમાં સંધિને લીધે જે ફેરફાર થવાને યોગ્ય હોય તે ફેરફાર વિકલ્પે થાય છે. એટલે गो શબ્દના ओ ની કોઈ વાર સંધિ થાય છે ખરી અને કોઈ વાર સંધિ મુદ્દલ થતી પણ નથી.

गो + अग्रम् = गो अग्रम्—ગાયનો આગલો ભાગ. અહીં કશો ફેરફાર થયો નથી.

गो + अग्रम् = गव + अग्रम्—गवाग्रम्– (જુઓ, ૧।૨।૨૧ તથા ૧।૨।૧) અહીં ફેરફાર થયો છે.

गो + अग्रम् = गोऽग्रम् (જુઓ ૧।૨।૨૭)

## प्लुतोऽनितौ ॥१।२।३२॥

કોઈ પણ પ્લુત સ્વરની બરાબર સામે इति શબ્દ સિવાય બીજા શબ્દનો સ્વર આવેલો હોય તો તેમાં કશો જ ફેરફાર ન થાય–કોઈ પ્રકારની સંધિ જ ન થાય.

देवदत्त ! ३ अत्र नु असि—અહીં (૧।૨।૧) નિયમ લાગ્યો નહીં. હે દેવદત્ત ! તું અહીં છે ?

દેવદત્ત શબ્દ પાસે મૂકેલો ત્રગડો 'त्त' ની અંદરનો 'અ' પ્લુત છે એમ જણાવે છે.

सुश्लोक ! ३ + इति = सुश्लोकेति (જુઓ ૧।૨।૬)—અહીં પણ મૂકેલો ત્રગડો પ્લુતનો સૂચક છે. 'अ'નું ઉચ્ચારણ અહીં ત્રણ માત્રાવાળું છે એમ ત્રગડો જણાવે છે. અહીં इति શબ્દ હોવાને લીધે આ નિયમ ન લાગ્યો પણ સંધિ થઈ ગઈ. सुश्लोकेति–હે સારી કીર્તિવાળા ! આ પ્રમાણે.

## ई ३ वा ॥१।२।३३॥

પ્લુત ઈ૩ની બરાબર સામે કોઈ પણ સ્વર આવેલો હોય તો જોડેના સ્વર સાથે પ્લુત ई ની સંધિ વિકલ્પે થાય છે,

लुनीहि ३ इति—એમ પણ થાય અર્થાત્ સંધિ ન થાય અને लुनीहि + इति = लुनीहीति એમ પણ થાય.—તુ કાપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ईदूदेद् द्विवचनम् ॥१।२।३४॥

જે દ્વિવચનના રૂપને છેડે દીર્ઘ ઈકાર હોય અથવા દીર્ઘ ऊકાર હોય અથવા ए કાર હોય અને એ ઈકાર, ऊકાર અને एકારની બરાબર સામે કોઈ પણ સ્વર આવેલો હોય તો એ બે સ્વરો વચ્ચે કોઈ જાતની સંધિ જ ન થાય.

ई — मुनी + इह = मुनी इह—અહીં ૧।૨।૧ નિયમ ન લાગ્યો.

બે મુનિઓ અહીં, मुनी એ मुनि શબ્દનું પ્રથમા તથા દ્વિતીયા વિભક્તિનું દ્વિવચન છે.

ऊ—साधू + एतौ = साधू एतौ—અહીં ૧।૨।૨૧ નિયમ ન લાગ્યો.

બે સાધુઓ આ. साधू–साधु શબ્દનું પ્રથમા તથા દ્વિતીયા વિભક્તિનું દ્વિવચન છે.

ए—माले+इमे=माले इमे—અહીં ૧।૨।૨૩ નિયમ ન લાગ્યો. બે માળાઓ આ. माले–माला શબ્દનું પ્રથમા તથા દ્વિતીયા વિભક્તિનું દ્વિવચન છે.

ए–पचेते + इति = पचेते इति—અહીં ૧।૨।૨૩ નિયમ ન લાગ્યો. તે બે જણ રાંધે છે એ પ્રમાણે. पचेते–पच् ધાતુનું વર્તમાનકાળ તૃતીય પુરુષનું દ્વિવચન.

वृक्षौ + अत्र – वृक्षाव् + अत्र वृक्षावत्र = બે વૃક્ષો અહીં. वृक्षौ એ પ્રથમા તથા દ્વિતીયા વિભક્તિનું દ્વિવચન તો છે, પરંતુ આ દ્વિવચનને છેડે ई, ऊ કે ए નથી. (જુઓ ૧।૨।૨૪)

कुमारी = अत्र – कुमार्य् + अत्र = कुमार्यत्र—કુમારી અહીં. कुमारीને છેડે ई તો છે પણ દ્વિવચનનો ई નથી. આ તો પ્રથમાનું એકવચન છે. (જુઓ ૧।૨।૨૧)

## अदोमुमी ॥१।२।३५॥

अदस् શબ્દના જ मु અને मी ની બરાબર સામે કોઈ પણ સ્વર આવેલો હોય તો તે બે સ્વરો વચ્ચે કોઈ પ્રકારની સંધિ થતી નથી.

अदस्—अमुमु + ईवा = अमुमुईवा.

अमी + अश्वाः = अमी अश्वाः—આ ઘોડાઓ.

અહીં ૧।૨।૨૧ નિયમ ન લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## चादिः स्वरोऽनाङ् ॥१।२।३६॥

'ચાદિ'ગણુમાં च વગેરે અવ્યયોના સમૂહમાં आङ् સિવાયના કેવળ જે સ્વરૂપ અવ્યયો છે તે અવ્યયોના સ્વરની બરાબર સામે કોઈ પણ સ્વર આવ્યો હોય તો તે બે સ્વરો વચ્ચે કોઈ પ્રકારની સંધિ થતી નથી.

अ + अपेहि – अ अपेहि—હે અ ! દૂર ખસ.

इ + इन्द्रं पश्य = इ इन्द्रं पश्य—ઇ ! ઇંદ્રને જો.

उ + उत्तिष्ठ = उ उत्तिष्ठ—ઉ ! ઊભો થા.

(૧।૨।૧) નિયમ ન લાગ્યો.

आ + एवं किल मन्यसे = आ एवं किल मन्यसे—તું એમ માને છે.

आ + एवं नु तत् = आ एवं नु तत्—શું તે એમ છે!

(૧।૨।૧૨) નિયમ ન લાગ્યો.

આ બંને પ્રયોગોમાં જે आ છે તે તદ્દન સ્વતંત્ર છે. आङ् નો आ નથી.

आ + इहि = एहि—આવ. (જુઓ, ૧।૨।૬) અહિં 'एहि' ક્રિયાપદમાં आङ् નો आ છે. एहि એ બીજા ગણુના इ ધાતુનું આજ્ઞાર્થ બીજા પુરુષનું એકવચન. સૂત્રકારે મૂળ સૂત્રમાં જ च + आदिः = चादिः એમ ૧।૨।૧ નિયમ દ્વારા च અને आदि વચ્ચે સંધિ કરીને જ નિર્દેશ કરેલો છે. એથી આ સૂત્રમાં 'च વગેરેના સમૂહમાં જે કેવળ સ્વરરૂપ અવ્યયો છે તેનો જ સ્વર' એવો અર્થ જ સમજવાનો છે. જો च વગેરેનો વ્યંજનયુક્ત સ્વર લેવામાં આવે તો સૂત્રકારે નિર્દેશેલ च + आदिः = चादिः એવું રૂપ જ ન બને.

## ओदन्तः ॥१।२।३७॥

જે चादि અવ્યયને છેડે ओ આવેલો હોય અને તે ओ ની બરાબર સામે કોઈપણ સ્વર આવેલો હોય તો તે બે સ્વરો વચ્ચે કોઈ પ્રકારની સંધિ થતી નથી.

अहो + अत्र = अहो अत्र—આશ્ચર્ય છે કે અહીં.

૧।૨।૨૪ નો નિયમ ન લાગ્યો.

## सौ नवेतौ ॥१।२।३८॥

પ્રથમાના એકવચન स (सि) પ્રત્યયને કારણે થયેલા ओ ની બરાબર સામે इति શબ્દનો इ આવેલો હોય તો સંધિ વિકલ્પે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पटो ! + इति = पटविति—હે ચતુર ! એ પ્રમાણે. જુઓ ૧।૨।૨૪: જ્યારે સંધિ ન થાય ત્યારે पटो इति.

## ऊँ चोञ् ॥१।२।३९॥

चादि અવ્યયમાંના उञ् ના उની બરાબર સામે इतिનો इ આવેલો હોય તો તે બે સ્વરો વચ્ચે કોઈ પણ સંધિ વિકલ્પે થાય છે. અને જ્યારે અસંધિ થાય એટલે સંધિ ન થવાની હોય તે વખતે इतिની જ પૂર્વે આવેલા उञ् આખાને બદલે ऊँ એ જાતનો અનુનાસિક સ્થાનવાળો દીર્ઘ ऊँ વિકલ્પે બોલાય છે.

उ + इति = उ इति—ઉ એ પ્રમાણે. અહીં સંધિ ન થઈ.
 ૧।૨।૨૧ નિયમ ન લાગ્યો.
ऊँ इति આવું રૂપ પણ વિકલ્પે થાય. ,, ,, ,,
उ + इति = व् + इति = विति—અહીં ૧।૨।૨૧ નિયમથી સંધિ થઈ ગઈ.
 उञ् નો ञ् અપ્રયોગી છે. માત્ર उ જ પ્રયોગી છે. (જુઓ ૧।૧।૩૭)

## अञ्वर्गात् स्वरे वोऽसन् ॥१।२।४०॥

ञ् સિવાયના વર્ગના કોઈ પણ વ્યંજનની બરાબર સામે उञ् આવેલો હોય અને उञ्ની પછી પણ બરાબર સામે સ્વર આવેલો હોય તો તે उ ને બદલે વિકલ્પે व् બોલાય છે. આ व् બોલાય છે તો ખરો, પણ व् ની પૂર્વના વર્ગના વ્યંજનનું બીજું કોઈ સંધિકાર્ય કરવું હોય તો તે व् ત્યાં નથી એમ સમજી લેવું અને व् ને બદલે उ જ છે એમ ધારવું.

क्रुङ् + उ + आस्ते = क्रुङ् + व् + आस्ते—આ પરિસ્થિતિમાં (જુઓ ૧।૩।૨૭) નિયમ પ્રમાણે ङ् ને બદલે ङ्ङ् (બેવડો ङ) બોલાય છે, પણ ङ्ङ् ત્યારે જ બોલાય જ્યારે ङ् પછી બરાબર સામે 'સ્વર' આવેલો હોય. આ પ્રયોગમાં તો उ નો व् બોલાતો હોવાથી ङ् પછી સ્વર નથી પણ व् છે, છતાં દ્વિર્ભાવના એટલે ङ्ને બેવડો કરવાના સંધિકાર્યને કરવાનું છે તેથી બોલવામાં આવતો व् પણ અહીં હાજર નથી પણ તેનું મૂળ રૂપ उ હાજર છે, એમ સમજવાની સૂત્રકાર ભલામણ કરે છે. તેથી ङ् ની બરાબર સામે સ્વર હોવાથી ૧।૩।૨૭ના નિયમદ્વારા ङ्ને બદલે ङ्ङ् બોલાય એટલે कुङ्ङ्वास्ते પ્રયોગ થાય. જ્યારે व् ન થાય ત્યારે क्रुङ्ङु आस्ते પ્રયોગ થાય. અર્થાત્ कुङ् आस्ते વાક્યનાં નીચે જણાવેલાં બે રૂપો બને :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. कुरुङ्वास्ते—ક્રૌંચ પક્ષી બેસે છે.

૨. कुरुङु आस्ते ।

સૂત્રમાં असन् એમ નિર્દેશેલ છે તેનો અર્થ 'બોલાતો व् નહિવત્ સમજવો' અર્થાત् उ સમજવો, એથી ङ् નો દ્વિર્ભાવ થઈ શક્યો છે. ૧।૨।૪૦।

## अ-इ-उवर्णस्यान्तेऽनुनासिकोऽनीदादेः ॥१।२।४१॥

૧।૨।૩૪ મા સૂત્રથી માંડીને ૧।૨।૪૦મા સૂત્ર સુધીમાં જે इ વર્ણ, उ-વર્ણ વગેરેનો ઉપયોગ થયેલો છે તે સ્વરો આ સૂત્રમાં ખપના નથી, પણ તે સિવાયના બીજા अ વર્ણ, इ વર્ણ उ વર્ણ જે શબ્દોમાં શબ્દને તદ્દન છેડે આવેલા હોય અને તેમની પછી બીજો કોઈ પણ સ્વર કે વ્યંજન ન હોય અર્થાત્ કેવળ વિરામ હોય તો તે अ વર્ણ, इ વર્ણ અને उ વર્ણનું ઉચ્ચારણ વિકલ્પે અનુનાસિક થઈ શકે છે અર્થાત્ अ વર્ણ, इ વર્ણ उ વર્ણની ઉપર ँ આવું નિશાન મૂકી તે વર્ણોનું અનુનાસિકપણું વિકલ્પે સૂચવાય છે.

साम, सामँ—શાંતિ—સામપ્રયોગ

खट्वा, खट्वाँ—ખાટલો

दधि, दधिँ—દહીં

कुमारी, कुमारीँ—કુંવારી અથવા પાર્વતી

मधु, मधुँ—મધ

'अग्नी' પ્રયોગમાં તથા अमी પ્રયોગમાં ૧।૨।૩૪મા તથા ૩૫ મા નિયમમાં જણાવેલા इ વર્ણ અને उवर्ण છે માટે તેમનું અનુનાસિક ઉચ્ચારણ ન થાય.

किमु પ્રયોગમાં ૧।૨।૪૦મા નિયમમાં જણાવેલો उ છે તેથી તેનું વિરામમાં किमुँ ઉચ્ચારણ ન થાય. ૧।૨।૪૧।

**આચાર્ય શ્રીહેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન લઘુવૃત્તિના પ્રથમ અધ્યાયનો ગુજરાતી વૃત્તિ-વિવેચનનો સ્વરસંધિ તથા સ્વર-અસંધિ પ્રકરણ-રૂપ દ્વિતીય પાદ સમાપ્ત.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રથમ અધ્યાય

## (તૃતીય પાદ)

બે વ્યંજનો જ્યારે એકબીજા સામસામે આવે ત્યારે તેના ઉચ્ચારણોમાં જે ફેરફાર થાય છે તેનું નામ 'વ્યંજનસંધિ.' આ આખા ત્રીજા પાદમાં વ્યંજનસંધિને લગતા નિયમો આપેલા છે.

## तृतीयस्य पञ्चमे ॥१।३।१॥

અગાઉના બીજા પાદના ૧।૨।૩૮ મા નિયમમાં જે 'न वा' (न–નિષેધ, वा–વિકલ્પે) પદ મૂક્યું છે, તેનો સંબંધ આ સૂત્રમાં પણ સમજવાનો છે. જે સૂત્રમાં वा પદ હોય તેનો—वा પદનો—સંબંધ માત્ર તેની નીચેનાં બે સૂત્રો સુધી જ જાય છે, જ્યારે न वा પદ જે સૂત્રમાં હોય તે સૂત્રથી નીચેનાં અનેક સૂત્રો સુધી—જ્યાંસુધી જરૂર હોય ત્યાંસુધી न वा પદનો સંબંધ સમજવાનો છે.

૧।૨।૨૭ મા નિયમમાં જે पदान्ते પદ છે તેનો પણ સંબંધ આ પાદના પ્રથમ સૂત્રમાં સમજવાનો છે અને આ સૂત્ર પછીનાં પણ સૂત્રોમાં તે पदान्ते પદનો સંબંધ સમજવાનો છે.

૧।૨।૪૧ મા નિયમમાં જે 'અનુનાસિક' પદ જણાવ્યું છે તેનો સંબંધ આ પ્રથમ સૂત્રમાં અને તેની નીચે આવેલા છઠ્ઠા સૂત્રમાં પણ સમજવાનો છે.

પદને છેડે આવેલા વર્ગના ત્રીજા અક્ષરની બરાબર સામે વર્ગનો પાંચમો અક્ષર આવેલો હોય તો ત્રીજા અક્ષરને બદલે તેને (ત્રીજા અક્ષરને) મળતો આવે એવો એટલે તેના સમાન સ્થાનવાળો વર્ગનો પાંચમો અનુનાસિક અક્ષર વિકલ્પે બોલાય છે.

वाग् + ङवते = वाङ् ङवते અથવા वाग् ङवते—વાણી–સરસ્વતી–અવાજ કરે છે.
ककुब् + मण्डलम् = ककुम्मण्डलम् અથવા ककुब् मण्डलम्—દિશાઓનું મંડળ. ૧।૩।૧।

## प्रत्यये च ॥१।३।२॥

પદને છેડે આવેલા વર્ગના ત્રીજા અક્ષરની બરાબર સામે પ્રત્યયનો આદિભૂત એવો પાંચમો અક્ષર એટલે ङ ञ ण न म માંનો કોઈ પણ વ્યંજન આવે તો ત્રીજા અક્ષરને બદલે તેને (ત્રીજા અક્ષરને) મળતો આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો એટલે તેના સમાન સ્થાનવાળો વર્ગનો પાંચમો અનુનાસિક અક્ષર હમેશાં બોલાય છે.

वाग् + मयम्–वाङ्मयम्—શાસ્ત્ર. અહીં मयट् પ્રત્યય છે.
षड् + नाम्–षण्णाम्—છ ના. અહીં ષષ્ઠીના બહુવચનનો नाम–(आम्)નો नाम् બનેલો) પ્રત્યય છે

પ્રથમ સૂત્રમાં વિકલ્પનો અર્થ છે તે આ બીજા સૂત્રમાં નથી લેવાનો, પણ નીચેનાં સૂત્રોમાં તે વિકલ્પના અર્થને લેવાનો છે. તે વાત જણાવવા આ સૂત્રમાં સૂત્રકારે च શબ્દ મૂકેલો છે. ૧।૩।૨।

## ततो हश्चतुर्थः ॥१।३।३॥

પદને છેડે આવેલા વર્ગના ત્રીજા અક્ષરની (વર્ગનો ત્રીજો અક્ષર–ग् ज् ड् द् ब्) બરાબર સામે ह् હોય તો તે ह् ને બદલે ત્રીજા અક્ષરને મળતો આવે એવો વર્ગનો ચોથો અક્ષર (घ् झ् ढ ध् भ्) વિકલ્પે બોલાય છે.

वाग् + हीनः–वाग् + घीनः=वाग्घीनः અથવા वाग्हीनः—વાણી વડે હીણો–નઠારી ભાષા બોલનાર અથવા વાણી વગરનો.

ककुब् + हासः– ककुब् + भासः=ककुब्भासः અથવા ककुब्हासः—દિશાઓનું હાસ્ય –દિશાઓનો ઉલ્લાસ. ૧।૩।૩।

## प्रथमादधुटि शश्छः ॥१।३।४॥

પદને છેડે આવેલા વર્ગના પ્રથમ અક્ષર એટલે क् च् ट् त् અને प् ની બરાબર સામે श् આવેલો હોય તથા श् સાથે તરત જ કોઈ પણ અઘુટ્ અક્ષરો લાગેલ હોય તો श् ને બદલે વિકલ્પે छ् બોલાય છે.

સ્વરો અને य र ल व એ અહીં ઉપયોગમાં આવે એવા અઘુટ્ અક્ષરો છે.

वाक् + शूरः–वाक्+छूरः=वाक्छूरः અથવા वाक्शूरः—વાણીમાં શૂરો–વાણીશૂરો વાણિયો.

અહીં 'श्' પછી તરત જ ऊ અઘુટ્ અક્ષર છે.

त्रिष्टुप् + श्रुतम्–त्रिष्टुप् + छ्रुतम्=त्रिष्टुप्छ्रुतम् અથવા त्रिष्टुप् श्रुतम्–ત્રિષ્ટુપ નામના છંદનું શ્રવણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં શ્ પછી તરત જ ર્ અધુટ્ અક્ષર છે.

वाक्+श्च्योतति—વાણી ચૂએ છે–ટપકે છે. આ વાક્યમાં श पछी तरत જ અધુટ્ અક્ષર નથી પણ च् ધુટ્ અક્ષર છે. એથી वाक्छ्योतति પ્રયોગ ન થાય. ૧।૩।૪।

## रः कख–पफयोः ≍क–)( पौ ॥१।३।५॥

પદને છેડે આવેલા ર્ ની બરાબર સામે क અથવા ख આવેલો હોય તે क નું તથા ख નું ઉચ્ચારણ '≍क' તથા '≍ख' એમ વિકલ્પે થાય છે. એ જ રીતે પદને છેડે આવેલા ર્ ની બરાબર સામે प અથવા फ આવેલો હોય તો તે प નું તથા फ નું ઉચ્ચારણ ')(प' તથા ')(फ' એમ વિકલ્પે થાય છે.

कः + करोति = क≍करोति અથવા कः करोति—કોણ કરે છે?

कः + खनति = क≍खनति અથવા कः खनति—કોણ ખોદે છે?

અહીં મૂળ ર્ છે તેનો વિસર્ગ થયા પછી આ નિયમ લાગ્યો છે.

વિસર્ગ કંઠસ્થાનીય વ્યંજન છે તેને બદલે ≍क તથા ≍ख આવો જિહ્વામૂલીય વ્યંજન બોલાય છે.

कः + पचति = क ≍ पचति અથવા कः पचति—કોણ રાંધે છે?

कः + फलति = क ≍ फलति અથવા कः फलति—કોણ ફળે છે?

અહીં પણ મૂળ ર્ છે. તેનો વિસર્ગ થયા પછી આ નિયમ લાગ્યો છે

વિસર્ગ કંઠસ્થાનીય વ્યંજન છે તેને બદલે ')(प' તથા ')(फ' આવો ઉપધ્માનીય વ્યંજન બોલાય છે અર્થાત્ ઓષ્ઠસ્થાનીય અક્ષર બોલાય છે. (જુઓ ૧।૧।૧૬ સૂત્ર) ૧।૩।૫।

## श–ष–से श–ष–सं वा ॥१।३।६॥

પદને છેડે આવેલા ર્ પછી તરત જ श આવે તો ર્ ને બદલે વિકલ્પે श् બોલાય છે. ष् આવે તો ર્ ને બદલે વિકલ્પે ष् તથા स् આવે તો ર્ ને બદલે વિકલ્પે स् બોલાય છે.

कर् + शेते = कश्शेते અથવા कः शेते—કોણ સૂએ છે?

कर् + षण्ढः = कष्षण्ढः અથવા कः षण्ढः—કોણ षंढ–હિજડો–છે?

कर् + साधुः = कस्साधुः અથવા कः साधुः—કોણ સાધુ—સજ્જન—છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા—ઉપરના પાંચમા સૂત્રમાં જેમ વિકલ્પના વિધાનનો અર્થ આગળથી અનુવર્તમાન છે તેમ આ છઠ્ઠા સૂત્રમાં પણ એ અર્થ અનુવર્તમાન થઈ શકે એમ છે, છતાં મૂળસૂત્રકારે સૂત્રમાં वा શબ્દને શા માટે મૂક્યો ?

સમાધાન—વાત બરાબર છે, પણ અનુવર્તમાન અર્થ પાંચમા સૂત્ર સુધી જ કામ આવી શકે એમ છે, છઠ્ઠા સૂત્રમાં તે અર્થ કામ આવી શકે એમ નથી એ હકીકતને જણાવવા સારુ સૂત્રકારે છઠ્ઠા સૂત્રમાં સાક્ષાત્ वा શબ્દને મૂકેલ છે. આ ઉપરથી એમ પણ સાબિત થાય છે કે તે અનુવર્તમાન અર્થ હવે આગળનાં-આ સૂત્ર પછી આવનારાં—સૂત્રોમાં જઈ ન શકે. ૧।૩।૬।

## च-ट-ते सद्वितीये ॥१।३।७॥

પદને છેડે આવેલા र् (એટલે વિસર્ગ) પછી તરત જ च, छ આવે તો र् નો श् જ બોલાય છે; ट, ठ આવે તો र् નો ष् જ તથા त, थ આવે તો र् નો स् જ બોલાય છે.

कर् + चरः – कश् चरः = कश्चरः – કોણ સેવક છે ?
कर् + छन्नः – कश् छन्नः = कश्छन्नः – કોણ છાનો છે ?
कर् + टः – कष् टः = कष्टः – કોણ ट છે ?
कर् + ठः – कष् ठः = कष्ठः – કોણ ठ છે ?
कर् + तः – कस् तः = कस्तः – કોણ त છે ?
कर् + थः – कस् थः = कस्थः – કોણ थ છે ? ૧।૩।૭।

## नो प्रशानोऽनुस्वारानुनासिकौ च पूर्वस्याधुट्परे ॥१।३।८॥

प्रशान् સિવાયના કોઈ પણ પદને છેડે न् આવેલો હોય અને તે न् પછી, જેમના પછી તરત જ અધુટ્ વ્યંજન આવેલ હોય એટલે સ્વર સહિત અથવા य र ल व સહિત એવા च छ, ट ठ કે त थ આવેલા હોય તો च छ ની પૂર્વના તે न् નો श् બોલાય છે, ट ठ ની પૂર્વના તે न् નો ष् બોલાય છે તથા त थ ની પૂર્વના તે न् નો स् બોલાય છે તથા એમ થવા સાથે જ न् ની બરાબર પૂર્વના સ્વર ઉપર અનુસ્વાર પણ મુકાય છે અને એ ન મુકાય ત્યારે એ સ્વરનું ઉચ્ચારણ અનુનાસિકરૂપે પણ થાય છે.

સ્વરના અનુનાસિક ઉચ્ચારણની ઓળખાણ સારુ તે સ્વર ઉપર ˜ આવું નિશાન મૂકવામાં આવે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસ્વાર આગમરૂપ છે અને અનુનાસિક આદેશરૂપ છે. આગમરૂપ હોવાથી અનુસ્વાર સ્વરને માથે આવે છે અને આદેશરૂપ અનુનાસિક હોવાથી સ્વરનું ઉચ્ચારણ જ બદલાઈ જાય છે.

अनुस्वार— च–भवान् + चरः – भवांश् चरः = भवांश्चरः —તમે ચરપુરુષ છો.
અનુનાસિક— भवान् + चरः – भवाँश् चरः = भवाँश्चरः — ,, ,, ,,
અનુ૦ — छ — भवान् + छ्यति – भवांश् छ्यति = भवांश्छ्यति — તમે છેદો છો.
અનુના૦— भवान् + छ्यति – भवाँश् छ्यति = भवाँश्छ्यति — ,, ,, ,,
અનુ૦ — ट — भवान् + टीकः – भवांष् टीकः = भवांष्टीकः–તમે ટીકાકાર છો.
અનુના૦— भवान् + टीकः – भवाँष् टीकः = भवाँष्टीकः — ,, ,, ,,
અનુ૦— ठ — भवान् + ठकारः – भवांष् ठकारः = भवांष्ठकारः — તમે ઠકાર છો.
અનુના૦ — भवान् + ठकारः – भवाँष् ठकारः = भवाँष्ठकारः — ,, ,, ,,
અનુ૦— त — भवान् + तनुः – भवांस् तनुः = भवांस्तनुः—તમે પાતળા છો.
અનુના૦— भवान् + तनुः – भवाँस् तनुः = भवाँस्तनुः — ,, ,, ,,
અનુ૦— थ — भवान् + थुडति – भवांस् थुडति = भवांस्थुडति — તમે ઢાંકો છો.
અનુના૦— भवान् + थुडति – भवाँस् थुडति = भवाँस्थुडति — ,, ,, ,,

प्रशान् + चरः, प्रशान् + छ्यति, प्रशान् + तनुः વગેરે પ્રયોગોના ઉચ્ચારણમાં આ નિયમ દ્વારા કોઈ ફેરફાર થતો નથી.

प्रशान् चरः - શાંતિવાળો સેવક છે.
प्रशान् छ्यति — શાંતિવાળો (પાપને) છેદે છે.

ઉપર જણાવેલાં બધાં ઉદાહરણમાં च, छ, ट, ठ, त, थ પછી તરત જ જે અઘુટ્ અક્ષર આવેલો છે તે ક્યાંય સ્વરરૂપ છે, ક્યાંય य રૂપ છે.

भवान् + त्सरुकः—આ પ્રયોગમાં त પછી તરત જ स् આવેલો છે અને તે અઘુટ્ નથી, પણ ઘુટ્ છે. (જુઓ ૧।૧।૧૧) તેથી આ પ્રયોગ જેમ છે તેમ જ બોલાય, તેના ઉચ્ચારણમાં આ નિયમ કશો ફેરફાર કરી શકે નહીં. भवान् त्सरुकः–તમે ઠગ છો. ૧।૩।૮।

## पुमोऽशिटयघोषेऽख्यागि रः ॥१।३।९॥

મૂળ શબ્દ તો पुम्स् છે. તેમાંથી અહીં पुम् ભાગને લેવાનો છે. पुम् ના म् પછી તરત જ शिट् અક્ષર સિવાય તથા ख्याग् ના ख સિવાય કોઈ પણ અઘોષ અક્ષર આવેલો હોય તથા તે અઘોષ પછી તરત જ અઘુટ્ અક્ષર હોય તો (पुम्‌ના) म् ને બદલે र् બોલાય છે અને म् થી પૂર્વનો उ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર ઉપર આગમરૂપ અનુસ્વાર પણ થાય છે અને તે ઋનું અનુનાસિક ઉચ્ચારણ પણ થાય છે.

અનુ૦—પુમ્ + કામા - પુંસ્+કામા = પુંસ્કામા - પુરુષને ઇચ્છનારી સ્ત્રી.
અનુના૦—પુમ્ + કામા — પુँस् + कामा = पुँस्कामा - ,, ,, ,,

શિટ્ - પુમ્ + શિરઃ = પુંશિરઃ - પુરુષનું માથું. આ પ્રયોગમાં મ્ પછી તરત જ શિટ્ (જુઓ ૧।૧।૧૬) અક્ષર આવેલો છે. તેથી તેમાં ઉચ્ચારણનો કશો ફેરફાર ન થાય.

ઘોષ—પુમ્ + દાસઃ = પુંદાસઃ - પુરુષનો દાસ અથવા પુરુષરૂપ દાસ. આ પ્રયોગમાં મ્ પછી તરત જ અઘોષ (જુઓ ૧।૧।૧૩ તથા ૧।૧।૧૪) અક્ષર નથી, પણ દ ઘોષ અક્ષર છે. તેથી આ પ્રયોગનું ઉચ્ચારણ પણ ન બદલાય.

ખ્યાગ્—પુમ્ + ખ્યાતઃ=પુંખ્યાતઃ—પંકાયેલો—પ્રસિદ્ધ—પુરુષ. આ પ્રયોગમાં ખ્યા નો ખ છે. તેથી અહીં પણ મ્ નું ર્ ઉચ્ચારણ ન થાય.

ધુટ્—પુમ્+ક્ષારઃ=પુંક્ષારઃ—પુરુષનો ખાર—દ્વેષ. આ પ્રયોગમાં ક્ષ—ક્ષ—માં અઘોષ ક પછી તરત જ ષ્ ધુટ્ છે. એથી આ નિયમ ન લાગે. ૧।૩।૯।

## नॄनः पेषु वा ॥१।३।१०॥

નૄન્ એ પ્રયોગ નૄ શબ્દના દ્વિતીયાના બહુવચનના અનુકરણરૂપ છે. નૄન્ પદ પછી તરત જ પ્ આવેલો હોય તો નૄન્ ના અન્ત્ય ન્ નું ર્ ઉચ્ચારણ વિકલ્પે થાય છે અને તે પછી ૧।૩।૫ નિયમ વડે તે 'ર્'નું )( આવું ઉપધ્માનીય રૂપ વિકલ્પે થયા પછી તેનું વિસર્ગની જેવું ઉચ્ચારણ થાય છે. અને નૄન્ ના દીર્ઘ ॠ ઉપર અનુસ્વાર પણ બોલાય છે તથા તે દીર્ઘ ॠનું અનુનાસિક ઉચ્ચારણ પણ થાય છે.

'નૄન્' ના ન્ પછી આવેલા પ્ પછી અધુટ્ અક્ષર આવેલો હોય કે ધુટ્ અક્ષર આવેલો હોય એ અંગે કોઈ વિશેષતા સમજવાની નથી, પણ માત્ર પ્ આવેલો હોય તે જ વાત મુખ્ય સમજવાની છે. અર્થાત્ ગમે તે પ્રકારનો પ્ આવેલો હોવો જોઈએ. એ હકીકત સૂચવવા સૂત્રકારે સૂત્રમાં પે એવા એકવચનને બદલે 'પેષુ' એમ બહુવચન મૂકેલ છે.

नॄन् + पाहि = नॄं )( पाहि – પુરુષોને બચાવ—રક્ષા કર.
नॄन् + पाहि = नॄँ )( पाहि – ,, ,, ,,
नॄन् + पाहि = नॄन् पाहि – ,, ,, ,, ૧।૩।૧૦।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्विः कानः कानि सः ॥१।३।११॥

कान् એ કિમ્ શબ્દના દ્વિતીયાના બહુવચનનું અનુકરણ છે. બે વાર બોલાયેલા એટલે ૭।૪।૮૦મા સૂત્રવડે દ્વિર્ભાવ પામેલા कान् રૂપના પ્રથમ कान् પછી તરત જ બીજો कान् આવેલો હોય તો પ્રથમ कान्ના न્નો स् બોલાય છે તથા પ્રથમના 'कान्'ના आ ઉપર અનુસ્વાર પણ બોલાય છે અને आ નું અનુનાસિક ઉચ્ચારણ પણ થાય છે.

અનુ૦—कान् + कान् = कांस्कान्–કોને કોને

અનુના૦—कान् + कान् = कँस्कान् – ,, ,,

આ બન્ને ઉદાહરણોમાં स् જ કાયમ રહે, પણ તેનો બીજો કોઈ ફેરફાર થાય નહીં.

कान् कान् पश्यति–તે કયા કયા નિંદિતોને જુએ છે. આ પ્રયોગમાં એક જ कान् શબ્દ બે રૂપે બોલાયેલો નથી, પણ कान् कान् એ બંને જુદાં જુદાં રૂપો છે. એક कान् પ્રશ્નસૂચક છે અને બીજો कान् નિન્દાસૂચક છે. એટલે તેના ઉચ્ચારણમાં કશો ફેર થાય નહીં. ૧।૩।૧૧।

## स्सटि समः ॥१।३।१२॥

सम् ના म् પછી તરત જ આદિમાં स् વાળો स्सट् આવેલો હોય તો म् નો स् બોલાય છે અને म् ની પૂર્વના स ના अ ઉપર અનુસ્વાર પણ થાય છે તથા તે अ નું અનુનાસિક ઉચ્ચારણ પણ થાય છે.

અનુ૦—सम् + स्कर्ता=संस्स्कर्ता–સંસ્કાર કરનાર–મૂળ વસ્તુમાં ફેરફાર કરનાર.
અનુના૦—सम् + स्कर्ता = सँस्स्कर्ता – ,, ,, ,, ,,

એક स् નો લોપ કરીએ તો संस्कर्ता તથા सँस्कर्ता એવો પણ પ્રયોગ થાય. લોપ માટે જુઓ ૧।૩।૪૮

सम् + कृतिः=संकृति—સારી કૃતિ. અહીં म् પછી स्सट् નથી. ૧।૩।૧૨।

## लुक् ॥१।३।१३॥

सम् ના म् પછી તરત જ स्सट् આવેલો હોય તો તે म् બોલાતો નથી.
सम् + स्कर्ता = सस्कर्ता – સંસ્કાર કરનાર. ૧।૩।૧૩।

## तौ मु–मो व्यञ्जने स्वौ ॥१।३।१४॥

मु આગમના મકાર પછી અને પદને છેડે આવેલા म् પછી તરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ કોઈ વ્યંજન આવે તો म् ને બદલે તેની પછી આવેલ વ્યંજનને મળતો અનુનાસિક વ્યંજન પણ બોલાય છે અને म् નો અનુસ્વાર પણ થાય છે.

मु આગમ અનુનાસિક } चम् + क्रम्यते = चङ् + क्रम्यते = चङ्क्रम्यते–તે વારંવાર ચાલે છે અથવા ઘણું વધારે ચાલે છે.

वम्+वम्यते=वँव्वम्यते—તે વારંવાર વમન કરે છે અથવા ઘણું વમન કરે છે.

मु આગમ અનુસ્વાર } चम् + क्रम्यते = चं + क्रम्यते = चंक्रम्यते—તે વારંવાર ચાલે છે.
वम् + वम्यते = वं + वम्यते = वंवम्यते—તે વારંવાર વમન કરે છે.

પદાન્તે म् અનુનાસિક } त्वम् + करोषि = त्वङ् + करोषि–त्वङ्करोषि—તું કરે છે.
कम् + वः = कँव् + वः = कँव्वः—સુખવાળો.

પદાન્તે म् અનુસ્વાર } त्वम् + करोषि = त्वं + करोषि = त्वं करोषि—તું કરે છે.
कम् + वः = कं + वः = कंवः (જુઓ ૭।૨।૧૮) સુખવાળો. ૧।૩।૧૪।

## म–न–य–व–लपरे हे ॥१।३।१५॥

પદને છેડે આવેલ म् પછી તરત જ ह्म, ह्न, ह्य, ह्व અને ह्ल આવે તો म् નો અનુસ્વાર પણ બોલાય છે અને અનુનાસિક પણ બોલાય છે.

किम् + ह्मलयति = किं ह्मलयति તથા किम्ह्मलयति—તે શું ચલવે છે ?

किम् + ह्नुते = किं ह्नुते તથા किन् ह्नुते—તે શું છુપાવે છે–દૂર કરે છે?

किम् + ह्यः = किं ह्यः તથા किँय् ह्यः—શું ગઈ કાલે ?

किम् + ह्वलयति = किं ह्वलयति તથા किँव्ह्वलयति—તે શું ચલવે છે ?

किम् + ह्लादते = किं ह्लादते તથા किँल्ह्लादते—શું અવાજ થાય છે. ૧।૩।૧૫।

## सम्राट् ॥१।३।१६॥

सम् + राट् = सम्राट्. ફક્ત આ પ્રયોગમાં જ ૧।૩।૧૪ મા નિયમ દ્વારા म् નો અનુસાર ન બોલવો પણ म् નો म् જ બોલવો.

'राज्' ધાતુ 'શોભા' અર્થનો સૂચક છે. તેને કર્તૃસૂચક क्विप् પ્રત્યય લાગવાથી राजते इति राट् એ રીતે राट् શબ્દની વ્યુત્પત્તિ છે. (જુઓ ૫।૧।૧૪૮)

सम् + राट् = सम्राट् – પ્રથમા એકવચન – એક સમ્રાટ્ – મોટો રાજા
सम्राजौ – પ્રથમા દ્વિવચન – બે સમ્રાટ્ – બે મોટા રાજાઓ
सम्राजः – પ્રથમા બહુવચન – વધારે મોટા રાજાઓ. ૧।૩।૧૬।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङ्-णोः क्-टावन्तौ शिटि न वा ॥१।३।१७॥

પદને છેડે આવેલા ङ् પછી તરત જ શિટ્ અક્ષર આવેલો હોય તો ङ् ને બદલે 'ङ्क्' વિકલ્પે બોલાય છે. અને એ જ રીતે ण् પછી તરત જ શિટ્ અક્ષર આવે તો ण् ને બદલે ण्ट् વિકલ્પે બોલાય છે.

प्राङ् + शेते = प्राङ्क् शेते, प्राङ् शेते તથા प्राङ्क्छेते (જુઓ ૧।૩।૪)—પૂર્વ દિશામાં સૂએ છે.

सुगण् + शेते = सुगण्ट् शेते, सुगण् शेते તથા सुगण्ट्छेते (જુઓ ૧।૩।૪)—સારો ગણનારો સૂએ છે.

આ સૂત્રમાં વિહિત કરેલા क् અને ट् નો બીજો કોઈ ફેરફાર થતો નથી.

વક્તા ઘણીવાર એક વધારાનો ભળતો અક્ષર પણ બોલી જાય છે એનો આ નમૂનો છે અને નીચેનાં ૧૮ તથા ૧૯ મા સૂત્રો પણ એવા જ નમૂનાના સૂચક છે. ૧।૩।૧૭।

## ड्नः सः त्सोऽश्चः ॥१।३।१८॥

પદને છેડે આવેલા ड् પછી તથા न् પછી તરત જ स આવે તો स ને બદલે त्स વિકલ્પે બોલાય છે. જે 'स' નો त्स બોલવાનું સૂચન કર્યું છે તે स श्च નો સંબંધી ન હોવો જોઈએ.

षड् + सीदन्ति = षड् + त्सीदन्ति = षड् त्सीदन्ति તથા षट् सीदन्ति—છ જણા નાશ પામે છે.

જ્યારે આ નિયમ લાગે ત્યારે 'ड्' વાળા આ ઉદાહરણમાં 'ड्' નો કોઈ ફેરફાર થતો નથી.

भवान् + साधुः = भवान् + त्साधुः = भवान्त्साधुः તથા भवान् साधुः—તમે સજ્જન છો.

षड् + श्च्योतन्ति = षट् श्च्योतन्ति—છ (ફળ) ખરી પડે છે. આ પ્રયોગના श्च માં મૂળ स्च એમ હતું, પણ પછીથી ઉચ્ચારણની પ્રક્રિયા દ્વારા श्च એમ થયું છે તેથી આ सू श्च નો સંબંધી છે માટે षट् श्च्योतन्ति એમ જ બોલાય. भवान् श्च्योतति—તમે ખરી પડો છો. આ પ્રયોગમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે છે તેથી અહીં પણ भवान् श्च्योतति એમ જ બોલાય. ૧।૩।૧૮।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नः शि ञ्च् ॥१।३।१९॥

પદને છેડે આવેલા न् પછી તરત જ श् આવેલો હોય તો न् ને બદલે ञ्च् વિકલ્પે બોલાય છે. न् પછી તરત જ આવેલો श् 'श्च' સંબંધી ન હોવો જોઈએ.

આ નિયમ દ્વારા વિહિત કરેલા ञ्च् માંના च् નો બીજો કોઈ ફેરફાર થતો નથી.

भवान् + शूरः = भवाञ्च् + शूरः = भवाञ्च्छूरः ( જુઓ ૧।૩।૪ ) તથા भवाञ्च् शूरः તથા भवाञ् शूरः ( જુઓ ૧।૩।૬૦ ) તમે શૂર છો.

भवान् शेते = भवाञ्च् + शेते = भवाञ्च्छेते તથા भवाञ्चूशेते તથા भवाञ् शेते—તમે સૂઓ છો.

भवान् + श्च्योतति—તમે ખરી પડો છો. આ પ્રયોગમાં તો न् પછી તરત જ જે श् આવેલ છે તે 'श्च' નો સંબંધી છે તેથી भवान् श्च्योतति એમ જ બોલાય. ૧।૩।૧૯।

## अतोऽति रोरुः ॥१।३।२०॥

પદને છેડે આવેલા अ પછી તરત જ रु નો र् આવ્યો હોય અને પછી તરત જ अ આવ્યો હોય તો रु ના તે र् ને બદલે उ જ બોલાય છે. अत् એટલે કેવળ अ જ.

कर् + अर्थः – क उ + अर्थः = कोऽर्थः (જુઓ ૧।૨।૬ તથા ૧।૨।૨૭)-શો અર્થ ?

प्रातर् + अर्थः-પ્રાતઃકાળનો અર્થ. આ વાક્યમાં જે र् છે તે रु નો र् નથી માટે અહીં र् નું ઉચ્ચારણ બદલાય નહીં. प्रातरर्थः એમ બોલાય. ૧।૩।૨૦।

## घोषवति ॥१।३।२१॥

પદને છેડે આવેલા अ પછી તરત જ रु નો र् આવ્યો હોય અને પછી તરત જ ઘોષ વ્યંજન આવ્યો હોય તો र् ને બદલે उ બોલાય છે.

धर्मर् + जेता – धर्मउ + जेता = धर्मो जेता – (જુઓ ૧।૨।૬) ધર્મ જય પામનાર.

प्रातर् + जेता – પ્રાતઃકાળે જય પામનાર. આમાં रु નો र् ન હોવાથી प्रातर् जेता એમ ને એમ જ બોલાય. ૧।૩।૨૧।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवर्ण–भो–भगो–ऽघोर्लुगसन्धिः ॥१।३।२२॥

પદને છેડે આવેલા रु ના र् થી બરાબર પૂર્વે જો અવર્ણ હોય અને એ र् પછી તરત જ ઘોષ વ્યંજન આવેલો હોય તો र् બોલાતો નથી, પણ લુક્–લોપ–પામી જાય છે અને પછી લોપવાળા પ્રયોગમાં કોઈ પણ પ્રકારની સંધિ થતી નથી.

તે જ રીતે भोर्, भगोर्, अघोर् ના र् પછી તરત જ ઘોષ વ્યંજન હોય તો તેમનો र् બોલતો નથી, પણ લુક્–લોપ–પામી જાય છે અને પછી લોપવાળા પ્રયોગમાં કોઈ પ્રકારની સંધિ થતી નથી.

अ વર્ણ એટલે अ, आ, आ३ એમ બધા પ્રકારના अ સમજવા.

देवार् + यान्ति = देवा यान्ति – દેવો જાય છે.

भोर् + यासि = भो यासि – ભો! તું જાય છે,

भगोर् + हस = भगो हस – ભગો! તું હસ.

अघोर् + वद = अघो वद – અઘો! તું બોલ.

ઉપરનાં ૨૦, ૨૧ તથા ૨૨મા સૂત્રમાં रु નો જ र् સમજવો, પણ જે 'र्' रु નો ન હોય તે ન સમજવો. ૧।૩।૨૨।

## व्योः ॥१।३।२३॥

પદને છેડે આવેલા જે व् તથા य् ના બરાબર પૂર્વે अ વર્ણ આવેલો હોય અને તે व् તથા य् ની પછી તરત જ ઘોષ વ્યંજન આવેલો હોય તો તે व् અને य् બોલાતા જ નથી, એટલે લુક્–લોપ–પામી જાય છે અને પછી લોપવાળા પ્રયોગમાં કોઈ પ્રકારની સંધિ થતી નથી.

वृक्षव् + याति = वृक्ष याति 'વૃક્ષવ્રશ્ચ' શબ્દને બોલનારો - કહેનારો—જાય છે. વૃક્ષવ્રશ્ચ એટલે વૃક્ષને કાપનારો.

अव्यय् + याति = अव्य याति—અવ્યયને બોલનારો જાય છે.

वृक्षं वृश्चति इति वृक्षवृट्— આ શબ્દનું દ્વિતીયાનું એકવચન वृक्षवृश्चम् થાય. वृक्षवृश्चम् आचक्षाणः[1] वृक्षव् એમ પ્રયોગ સાધવો.

अव्ययम् आचक्षाणः[1] अव्यय् પ્રયોગ થાય. (જુઓ ૩।૪।૪૨ તથા ૭।૪।૪૩) ૧।૩।૨૩।

---

૧. वृक्षवृश्च् + णि = वृक्षवृश्चय्— वृक्षव् તથા अव्यय + णि = अव्ययय्—अव्यय्. આમાં પ્રથમ પ્રયોગમાં 'ऋश्चय्' અંશનો તથા બીજા પ્રયોગમાં 'अय्' અંશનો લોપ થવાથી 'वृक्षव्' અને 'अव्यय्' એવાં રૂપો બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वरे वा ॥१।३।२४॥

પદને છેડે આવેલા જે व् તથા य् ની બરાબર પૂર્વે અવર્ણ આવેલો હોય અને તે व् તથા य् ની પછી તરત જ સ્વર આવેલો હોય તો તે व् અને य् બંનેનું ઉચ્ચારણ વિકલ્પે થાય છે એટલે લુક્—લોપ—વિકલ્પે થાય છે; અને આ લોપ થયા પછી જે જાતનો પ્રયોગ તૈયાર થયો હોય તેમાં બીજી કોઈ પ્રકારની સંધિ થવામાં આ લોપ હેતુરૂપ થતો નથી તથા भोस्, भगोस् અને अघोस् ના स् નો रु થયા બાદ તે रु-र्-ની પણ પછી બરાબર સ્વર આવેલો હોય તો તેનો-र् નો-य् થયા પછી તે य् પણ વિકલ્પે બોલાય છે—य् નો વિકલ્પે લુક્-લોપ-થાય છે તથા य् નો આ લોપ કોઈ પ્રકારની સંધિનો હેતુ બનતો નથી. ૧।૩।૨૪।

व् — पटो + इह = पटव् + इह = (જુઓ ૧।૨।૨૪) पट इह તથા पटविह— હે ચતુર ! અહીં.

वृक्षौ + इह = वृक्षाव् + इह = (જુઓ ૧।૨।૨૪) वृक्षा इह તથા वृक्षाविह—બે વૃક્ષો અહીં.

અહીં 'पट इह' તથા 'वृक्षा इह' એવી સ્થિતિમાં ૧।૨।૬ વાળો નિયમ લાગે નહીં.

य्- ते आहुः = तय् + आहुः (જુઓ ૧।૨।૨૩) त आहुः તથા तयाहुः—તેઓ બોલ્યા. त आहुः એવું થયા પછી (૧।૨।૧) નિયમ ન લાગે.

तस्मै + इदम् = तस्माय् + इदम् (જુઓ ૧।૨।૨૩) तस्मा इदम् તથા तस्मायिदम् – તેને માટે આ. અહીં ૧।૨।૬ નિયમ ન લાગે

भोस् + अत्र – भोर् + अत्र=भोय् अत्र અથવા भो अत्र અથવા भोयत्र—હે અહીં.

भगोस् + अत्र – भगोर् + अत्र – भगोय् + अत्र = भगो अत्र અથવા भगोयत्र— હે ! અહીં.

अघोस् + अत्र–अघोर्+अत्र–अघोय् + अत्र = अघो अत्र તથા अघोयत्र—હે ! અહીં.

स् ના र् માટે (જુઓ ૨।૧।૭૨). र् ના य् માટે (જુઓ ૧।૩।૨૬) भो अत्र, भगो अत्र તથા अघो अत्र માં (૧।૨।૨૪) નિયમ ન લાગે. ૧।૩।૨૪।

## अस्पष्टाववर्णात्त्वनुञि वा ॥१।३।२५॥

જે व् અને य् પદને છેડે આવેલા હોય તથા તે બંનેથી બરાબર પૂર્વમાં अ વર્ણ હોય અને તેમની પછી તરત જ સ્વર રહેલો હોય તો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંનેનું થોડું અસ્પષ્ટ-ઈષત્સ્પૃષ્ટતર[1] ઉચ્ચારણ થાય છે. અર્થાત્ તે બંનેનું અસ્પષ્ટ વ્યંજન જેવું ઉચ્ચારણ થાય છે. વળી, भोस्, भगोस्, अघोस्ના य् પછી તરત જ સ્વર આવેલો હોય તો તે य્નું પણ અસ્પષ્ટ ઉચ્ચારણ થાય છે. તથા પૂર્વોક્ત अ વર્ણ પછી તરત જ જે य् व् આવેલા હોય અને તેમની પછી પણ તરત જ उञ् સિવાયનો એટલે उञ्ના उ સિવાયનો સ્વર આવેલો હોય તો તે य् व्નું અસ્પષ્ટ ઉચ્ચારણ વિકલ્પે થાય છે.

અસ્પષ્ટ ઉચ્ચારણ એટલે ચોખ્ખા વ્યંજન જેવું ઉચ્ચારણ નહીં, પણ અસ્પષ્ટ વ્યંજન જેવું ઉચ્ચારણ.

पटो + उ – पटव् उ = पटवु̆ – હે ચતુર !

असो + उ – असाव् + उ = असावु̆ – આ.

के + उ – कय् + उ = कयु̆ – કોણ.

देवास् + उ – देवार् + उ = देवाय् उ = देवायु̆ – દેવો.

भोस् + अत्र – भोर् + अत्र = भोय् + अत्र – भोय̆त्र – હે! અહીં,

भगोस् + अत्र – भगोर् + अत्र = भगोय् + अत्र = भगोय̆त्र – હે! અહીં.

अघोस् + अत्र – अघोर् + अत्र अघोय् + अत्र = अघोय̆त्र – હે! અહીં.

˘ આ નિશાન અસ્પષ્ટ ઉચ્ચારણનું સૂચક છે,

अवर्ण અને उञ् સિવાયનો उ – पटो + इह = पटव् + इह = पटव̆िह અથવા पटविह— હે ચતુર! અહીં.

असौ + इन्दुः = असाव् + इन्दुः = असाव̆िन्दुः અથવા असाविन्दुः—આ ચંદ્ર.

त + इह = तय् + इह = तय̆िह તથા तयिह—તેઓ અહીં.

तस्मै + इदम् = तस्माय् + इदम् = तस्माय̆िदम् તથા तस्मायिदम्—તેને માટે આ. ॥૧।૩।૨૫॥

## रोर्यः ॥१।३।२६॥

જે रु પદને છેડે આવ્યો હોય અને તે रु ની બરાબર પૂર્વે अवर्ण રહેલો હોય તથા रु ની પછી તરત જ સ્વર આવેલો હોય તો તે रु ના

---

૧. જે ઉચ્ચારણમાં સ્થાન અને કરણના પરિસ્પન્દો ઘણા ઢીલા હોય છે તે ઉચ્ચારણ અસ્પષ્ટ અથવા ઈષત્સ્પૃષ્ટતર કહેવાય છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

र् નો य् બોલાય છે તથા અવ્યયરૂપ भोस्, भगोस्, અને अघोस् ના रु ની પછી તરત જ સ્વર આવેલો હોય તો તે रु ના र् નો પણ य् બોલાય છે.

कर् + आस्ते – कय् + आस्ते = कयास्ते—કોણ બેસે છે ?
देवार् + आसते – देवाय् + आसते = देवायासते—દેવો બેસે છે.
भोर् + अत्र – भोय् + अत्र = भोयत्र—હે ! અહીં.
भगोर् + अत्र – भगोय् + अत्र = भगोयत्र—હે ! અહીં.
अघोर् + अत्र – अघोय् + अत्र = अघोयत्र—હે ! અહીં. ૧।૩।૨૬।

દ્વિર્ભાવ—

## ह्रस्वाद् ङ-ण-नो द्वे ॥१।३।२७॥

પદને છેડે રહેલા અને હ્રસ્વ સ્વર પછી તરત જ આવેલા ङ् ण् અને न् પછી તરત જ સ્વર આવેલો હોય તો તે ત્રણે વ્યંજનો બેવડા બોલાય છે. એટલે ङ्નો ङ्ङ् થાય છે, ण्નો ण्ण् થાય છે તથા न् નો न्न् થાય છે.
ङ् – क्रुङ् + आस्ते = क्रुङ्ङ् + आस्ते = क्रुङ्ङास्ते— વાંકો ચાલનારો બેસે છે.
ण् – सुगण् + इह = सुगण्ण् + इह = सुगण्णिह—સારો ગણનારો અહીં.
न् – कृषन् + आस्ते = कृषन्न् + आस्ते = कृषन्नास्ते—ખેડતો બેસે છે. ૧।૩।૨૭।

## अनाङ्-माङो दीर्घाद् वा च्छः ॥१।३।२८॥

आङ् અને माङ् ના आ સિવાયનો બીજો કોઈ પણ દીર્ઘ સ્વર પદને છેડે હોય અને પછી તરત જ छ આવેલો હોય તો તે छ વિકલ્પે च्छ થાય છે.

कन्या + छत्रम् = कन्याच्छत्रम् તથા कन्याछत्रम् – કન્યાનું છત્ર–છત્રી.
आ + छाया = आ + च्छाया–આ ! છાયા. અહીં आङ् નો आ છે તેથી 'आ च्छाया' આવો એક જ પ્રયોગ થાય. (જુઓ ૧।૩।૩૦)
मा + छिदत् = मा च्छिदत् – તેણે નહીં છેદ્યું. અહીં माङ् નો आ છે તેથી 'मा च्छिदत्' એક જ પ્રયોગ બને. ૧।૩।૨૮।

## प्लुताद् वा ॥१।३।२९॥

પદને છેડે આવેલા દીર્ઘરૂપ પ્લુત પછી તરત જ छ હોય તો તે छ વિકલ્પે च्छ થાય છે. आगच्छ भो ! इन्द्रभूते ३ च्छत्रम् आनय અથવા आगच्छ भो इन्द्रभूते ३ छत्रम् आनय—આવ હે ઇન્દ્રભૂતિ ! છત્ર લાવ. ૧।૩।૨૯।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वरेभ्यः ॥१।३।३०॥

સ્વરની પછી તરત જ આવેલો छ च्छ બોલાય છે.
इ + छति = इच्छति – તે પૂછે છે.
ग + छति = गच्छति – તે જાય છે. ૧।૩।૩૦।

## ह्रोर्द्रहस्वरस्यानु नवा ॥१।३।३१॥

સ્વરની તરત જ આવેલા र् અને ह હોય, તેમની પછી તરત જ આવેલો र् અને ह् સિવાયનો તથા સ્વર સિવાયનો કોઈ પણ વર્ણ–અક્ષર, બેવડો વિકલ્પે બોલાય છે. જે વર્ણને બેવડો કરવાનો હોય તે વર્ણ બાબત કોઈ બીજું વ્યાકરણનું કાર્ય કરવાનું હોય તો તે કાર્ય કરી લીધા પછી આ નિયમ લગાડવો.

अर् + कः = अर् + क्कः = अर्क्कः તથા अर्कः–સૂર્ય
ब्रह् + म = ब्रह् + म्म = ब्रह्म्म તથા ब्रह्म.

ह् પછી र् – પદ્મહ્રદઃ— અહીં સ્વર પછી તરત જ ह તો છે પણ ह પછી र् આવ્યો છે તેથી पद्मह् + रदः = पद्मह् र्रदः પ્રયોગ ન થાય. પદ્મહ્રદ એટલે કમળોથી ભરેલું જળાશય.

र् પછી ह्—अर्हः અહીં પણ સ્વર પછી તરત જ र તો છે પણ र પછી ह આવેલ છે તેથી अर् + ह्हः = अर्ह्ह – પ્રયોગ ન થાય. અર્હ એટલે યોગ્ય પુરુષ

र् પછી સ્વર—कर् + अः = અહીં સ્વર પછી તરત જ र् તો છે, પણ र् પછી अ સ્વર છે તેથી कर् + अअः ન થાય. પણ कर् + अः—करः થાય. कर–હાથ

अभ्रयते જવાય છે. અહીં अभ्र् र्यते માં જે र् છે તે સ્વર પછી તરત જ આવેલ નથી, પણ म् પછી આવેલ છે તેથી अभ्र्र्यते ન થાય પણ अभ्रयते થાય.

प्रोर्णुनाव તેણે ઢાંક્યું. આ સૂત્રમાં 'अनु' કરવાને લીધે જે હકીકત આ प्रोर्णुनाव રૂપ વિષે સમજવાની તે નીચે પ્રમાણે છે.

'ऊर्णुगॢ आच्छादने' ધાતુ અદાદિ (બીજા) ગણનો છે. મૂળધાતુ ऊर्णु તેનું પરોક્ષના ત્રીજા પુરુષના એકવચન णव् (अ) પ્રત્યયનું આ રૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં એમ સૂચન કરેલું છે કે વ્યાકરણનાં બીજાં બધાં કાર્યો કર્યા પછી આ નિયમ વડે દ્વિર્ભાવ કરવાનો છે.

ऊर्णु + अ – પરોક્ષાનો પ્રત્યય લાગવાથી ધાતુના णुं અંશનો પહેલો દ્વિર્ભાવ થયો એટલે ऊर्णुनु+अ પછી नु ની વૃદ્ધિ થતાં नौ થયા પછી औ નો आव् થયો. પછી છેલ્લે આ નિયમ દ્વારા દ્વિર્ભાવ થતાં આ રીતે ऊर्णुनाव રૂપ સિદ્ધ થયું. તેને प्र ઉપસર્ગ લગાડવાથી प्रोर्णुनाव રૂપ સાધિત થયું.

હવે જો આ નિયમમાં 'अनु' કહેવામાં ન આવે અર્થાત્ 'વ્યાકરણનાં તમામ કાર્યો કર્યાં પછી આ નિયમથી દ્વિર્ભાવ કરવો' એમ કહેવામાં ન આવે તો ઉપર જણાવેલું प्रोर्णुनाव રૂપ સાધિત નહીં થાય, પણ प्रोण्णुंनाव રૂપ સાધિત થશે, જે રૂપ શુદ્ધ નથી. જેમકે, ऊर्णु ધાતુને બે રીતે દ્વિર્ભાવની પ્રાપ્તિ છે. એક દ્વિર્ભાવ પરોક્ષાને લીધે અને બીજો દ્વિર્ભાવ આ નિયમથી પ્રાપ્ત છે. જો આ નિયમથી સૌથી પ્રથમ દ્વિર્ભાવ કરવામાં આવે તો ण्णुं ण्णुं આમ णुं નો દ્વિર્ભાવ પહેલો થાય અને પછી પરોક્ષાને નિમિત્તે થનારો બીજો દ્વિર્ભાવ થાય. એથી णुंनु એમ થતાં प्रोर्णुनाव એવું અશુદ્ધ રૂપ સાધિત થશે. તેથી આ રૂપમાં પરોક્ષાને નિમિત્તે થનારો દ્વિર્ભાવ પહેલો કરવો અને આ નિયમને લીધે થનારો દ્વિર્ભાવ પછી કરવો. સૂત્રમાં મૂકેલા अनु પદનો એ પરમાર્થ છે. ૧।૩।૩૧।

## अदीर्घाद् विरामैकव्यञ्जने ।।१।३।३२।।

અદીર્ઘ સ્વર પછી તરત જ આવેલા र् અને ह् સિવાયનો તથા સ્વર સિવાયનો કોઈ પણ વર્ણ વિકલ્પે બેવડો બોલાય છે. જે વર્ણને બેવડો બોલવાનો છે તે પછી કોઈ પણ અક્ષર ન આવતો હોવો જોઈએ—તે વર્ણ પછી તદ્દન વિરામ હોવો જોઈએ અથવા તે વર્ણ પછી માત્ર એક જ વ્યંજનરૂપ અક્ષર આવતો હોવો જોઈએ. પણ કોઈ સંયુક્ત વ્યંજન ન આવવો જોઈએ.

વિરામ – त्वक् = त्वक्क् અથવા त्वक्– ચામડી

એક વ્યંજન – द + ध्यत्र = दध्ध्यत्र = दद्ध्यत्र અથવા दध्यत्र – દહીં અહીં.

गोरु + त्रात ! = गोरु + त्त्रात ! + गोरु त्त्रात ! અથવા गोत्रात ! – હે ગાયની રક્ષા કરનારા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદીર્ઘ સ્વર એટલે હ્રસ્વ અથવા પ્લુત ગમે તે સ્વર. गोऽत्रात! માં પ્લુત સ્વર છે.

व + र्या નું व + र्‌र्या ન થાય પણ वर्या થાય. અહીં અદીર્ઘ સ્વર પછી તરત જ र् આવેલો છે. वर्या—વરવા યોગ્ય કન્યા.

व + ह्यम् નું व + ह्ह्यम् ન થાય પણ वह्यम् થાય. અહીં અદીર્ઘ સ્વર પછી તરત જ ह् આવેલો છે. वह्यम्—વહન કરવાનું સાધન–ગાડું.

तित + उः નું तितउउः ન થાય પણ तितउः થાય. અહીં અદીર્ઘ સ્વર પછી અર્થાત્ 'त' ના 'અ' પછી તરત જ उ સ્વર આવેલો છે. तितउः—ચાલણી.

वाक्, भवान्, सूत्रम् વગેરે પદોમાં દીર્ઘ સ્વર પછી વ્યંજન આવેલ છે તેથી वाक्क् भवान्न् सूत्त्रम् પ્રયોગો ન થાય.

इन्द्रः, चन्द्रः, उष्ट्रः વગેરે પદોમાં સ્વર પછી વ્યંજન તો છે, પણ તે વ્યંજન પછી એક વ્યંજન નહીં પણ સંયુક્ત વ્યંજન આવેલ છે તેથી इन्द्द्रः चन्द्द्रः उष्ट्ट्रः એવા પ્રયોગો ન થાય.

दधि, मधु વગેરે પ્રયોગોમાં સ્વર પછી વ્યંજન તો છે પણ તે વ્યંજન પછી કોઈ એક વ્યંજન નથી પણ સ્વર છે તેથી दद्धि, मद्धु વગેરે પ્રયોગો ન થાય. ૧।૩।૩૨।

## अञ्वर्गस्यान्तस्थातः ॥१।३।३३॥

અન્તસ્થ વ્યંજન પછી તરત જ આવેલો વર્ગનો ञ् સિવાયનો ગમે તે વ્યંજન બેવડો વિકલ્પે બોલાય છે.

उल् + का = उल् + क्का = उल्क्का અથવા उल्का—અગ્નિ

हल् + ञौ – અહીં ल् અંતસ્થ તો છે, પણ તેની પછી ञ् આવેલો છે તેથી તે બેવડો ન બોલાય—हल् + ञ्ञौ—એમ ન થાય.

हलञौ – હલ અને ञ. હલ - વ્યંજન (અંતસ્થ માટે જુઓ ૧।૧।૧૫)૧।૩।૩૩।

## ततोऽस्याः ॥१।३।३४॥

ञ् સિવાયના વર્ગના વ્યંજન પછી તરત જ આવેલા અંતસ્થ વ્યંજનો એટલે य र ल व બેવડા વિકલ્પે બોલાય છે.

दध् + यत्र = दध् + य्यत्र = दध्य्यत्र અથવા दध्यत्र—દહીં અહીં. ૧।૩।૩૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शिटः प्रथम-द्वितीयस्य ॥१।३।३५॥

शिट् સંજ્ઞાવાળા વ્યંજન પછી તરત જ આવેલો વર્ગનો પ્રથમ વ્યંજન તથા બીજો વ્યંજન બેવડો વિકલ્પે બોલાય છે. शिट् માટે ( જુઓ ૧।૧।૧૬)
त्वं + करोषि = त्वं क्करोषि અથવા त्वं करोषि—તું કરે છે.

त्वं + खनसि = त्वं + ख्खनसि = त्वं क्खनसि અથવા त्वं खनसि—તું ખોદે છે.
(ख्खनसि ના क्खनसि માટે જુઓ ૧।૩।૫૦) ૧।૩।૩૫।

## ततः शिटः ॥१।३।३६॥

વર્ગના પ્રથમ વ્યંજન પછી અને દ્વિતીય વ્યંજન પછી તરત જ शिट् વ્યંજન આવેલો હોય તો તે ( शिट् ) બેવડો વિકલ્પે બોલાય છે.
तष् + शेते – तष् + श्शेते = तच् श्शेते અથવા तच् शेते—તે સૂએ છે. ૧।૩।૩૬।

## न रात् स्वरे ॥१।३।३७॥

જો शिट् પછી તરત જ સ્વર હોય તો र् પછી આવેલો शिट् અક્ષર બેવડો બોલાતો નથી.

दर् + शनम् નું ૧।૩।૩૧ ના નિયમથી दर्श्शनम् ન થાય, પણ दर्शनम् રહે.
दर्शनम्—દેખાવ, દેખવું. ૧।૩।૩૭।

## पुत्रस्याऽऽदिन्-पुत्रादिन्याक्रोशे ॥१।३।३८॥

पुत्र શબ્દ પછી તરત જ આક્રોશને સૂચવવા સારુ आदिन् શબ્દ આવેલો હોય તથા पुत्रादिन् શબ્દ આવેલો હોય તો पुत्र શબ્દનો त् બેવડો બોલાતો નથી.

पुत् + रादिनी त्वम् असि पापे !—આ વાકયમાં पुत् + रा નું पुत्त् + रा એમ ન બોલાય પણ पुत् + रा = पुत्रादिनी બોલાય. હે પાપણી ! તું પુત્રને ખાઈ જનારી છે.

पुत् + रपुत्रादिनी भव— આ વાકયમાં पुत् + र નું पुत्त् + र એમ ન બોલાય. પણ पुत् + रपुत्रादिनी = पुत्रपुत्रादिनी બોલાય—પુત્રના પુત્રને ખાઈ જનારી થજે.

અહીં ૧।૩।૩૨ ના નિયમથી त् ને બેવડો બોલવાનું પ્રાપ્ત હતું.
पुत्त्रादिनी અથવા पुत्रादिनी शिशुमारी—કૂતરી પોતાનાં બચ્ચાંને ખાનારી છે. पुत्रपुत्त्रादिनी અથવા पुत्रपुत्रादिनी नागी—નાગણ પુત્રના પુત્રને ખાઈ જનારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બંને વાક્યો કૂતરીની તથા નાગણની પોતાનાં બચ્ચાંને ખાવાની સ્વાભાવિક સ્થિતિનાં સૂચક છે, પણ આક્રોશને સૂચવતાં નથી તેથી ૧।૩।૩૨ ના નિયમ દ્વારા બંને સ્થળે 'पुत्त्र' એવું બેવડા 'त्' વાળું પણ ઉચ્ચારણ થાય. ૧।૩।૩૮।

**द्विर्भाव समाप्त.**

## म्नां धुड्वर्गेऽन्त्योऽपदान्ते ॥१।३।३९॥

અપદને છેડે—પદને છેડે ન—આવેલા હોય એવા म् પછી અને न् પછી તરત જ વર્ગીય ધુટ્ અક્ષર આવેલો હોય તો તે म् તથા न् ને બદલે વર્ગીય ધુટ્ અક્ષરને મળતો આવે એવો વર્ગનો અંત્ય અક્ષર—પાંચમો અક્ષર—બોલાય છે.

૧।૩।૩૧ મા નિયમમાં अनु શબ્દ છે તેને અહીં પણ જોડવાનો છે. अनु એટલે 'પછી' અર્થાત્ જે પ્રયોગમાં આ નિયમ લાગવાનો હોય તે પ્રયોગમાં બીજું જે કોઈ વિહિત કાર્ય કરવાનું જણાવેલું હોય તે કાર્ય કર્યા પછી આ નિયમ લાગુ કરવાનો છે.

**गम्** + ता = गन् + ता = गन्ता—જનારો.

**शन्** + किता = शङ् + किता = शङ्किता—શંકા કરનારો.

**कन्** + पिता = कम् + पिता = कम्पिता—કંપનારો.

आहन् + महे – અહીં અપદાન્તમાં न् તો છે પણ તે न् પછી વર્ગીય એવો म् અધુટ્ આવેલો છે તેથી आहन्महे બોલાય, आहम्महे ન બોલાય. आहन्महे અમે આઘાત કરીએ છીએ.

गम् + यते—અહીં અપદાંતમાં म् તો છે પણ પછી વર્ગીય ધુટ્ અક્ષર નથી, અવર્ગીય અધુટ્ य અક્ષર છે તેથી गम्यते એમ જ બોલાય. गम्यते —જવાય છે.

भवान् + करोति—અહીં न् છે અને તે પછી વર્ગીય ધુટ્ અક્ષર क પણ છે. પરંતુ न् અપદને છેડે નથી. પણ પદને છેડે છે તેથી भवाङ् करोति એમ ન બોલાય, भवान् करोति જ બોલાય. भवान् करोति—તમે કરો છો. ૧।૩।૩૯।

## शिड्हेऽनुस्वारः ॥१।३।४०॥

અપદને છેડે આવેલા—પદને છેડે ન આવેલા—म् તથા न् પછી તરત જ शिट् અક્ષર અથવા ह આવેલો હોય તો म् તથા न् ને બદલે અનુસ્વાર બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા આ નિયમના વિધાનમાં તથા આ પછીના ૪૧, ૪૨, ૪૩ આ ત્રણે નિયમોનાં વિધાનોમાં अनु પદનો સંબંધ કરવાનો છે. अनु પદનો અર્થ અહીં ૩૯ મા નિયમમાં જણાવેલો છે તે રીતે ૪૦મા થી ૪૩ મા સુધીના નિયમોમાં જોડી દેવાનો છે.

पुम् + सि = पुं + सि = पुंसि—પુરુષમાં.

दन् + शः = दं + शः = दंशः – ડંખ, ડંખવું અથવા ડસવું.

बृन् + हणम् = बृं + हणम् = बृंहणम्—વધારે થવું, વધવું. ૧।૩।૪૦।

## रो रे लुग् दीर्घश्चादिदुतः ॥१।३।४१॥

र् પછી તરત જ र् આવી જાય તો આગલો र् બોલાતો નથી, પણ નહીં બોલતા र् થી તરત જ પુર્વમાં अ હોય તો आ બોલાય છે, इ હોય તો ई બોલાય છે અને उ હોય તો ऊ બોલાય છે.

अ નો आ—पुनर् + रात्रिः = पुना रात्रिः—ફરીને રાત.

इ નો ई—अग्निर् + रथेन = अग्नी रथेन—રથ વડે અગ્નિ.

उ નો ऊ—पटुर् + राजा = पटू राजा—ચતુર રાજા.

આ નિયમમાં अनु નો સંબંધ જોડવાનું સૂચવ્યું તે સમજવા સારુ આ નીચેનો પ્રયોગ છે:

अहर् + रूपम् – આ પ્રયોગમાં ૧।૩।૨૧ના નિયમ દ્વારા 'र्' ને બદલે 'उ' નું ઉચ્ચારણ થવાનું પ્રથમ પ્રાપ્ત છે. માટે તેને પ્રથમ જ કરી લેવું જોઈએ. એ કર્યા પછી र् જણાતો નથી તેથી આ પ્રયોગમાં આ નિયમ ન લાગે. अहोरूपम्—દિવસનું રૂપ. ૧।૩।૪૧।

## ढस्तड्ढे ॥१।३।४२॥

બીજા કોઈ વ્યંજનનું ढ ઉચ્ચારણ થવામાં જે ढ નિમિત્તરૂપ હોય તેવા ढ થી તરત જ પૂર્વમાં આવેલો ढ બોલાતો નથી, પણ નહીં બોલાતા ढ થી તરત જ પૂર્વમાં આવેલો 'अ' 'आ' રૂપે 'इ' 'ई' રૂપે અને 'उ' 'ऊ' રૂપે બોલાય છે.

अ નો आ— मह् + ति = मढ् + ति = मढ् + धि – मढ् + ढि = माढिः પાંદડાંની નસ અથવા દેશનું વિશેષ નામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङनो ढ—लिह् + त = लिढ् + त – लिढ् + ध – लिढ्+ढ = लीढम्—આસ્વાદેલ-ચાટેલ અથવા ચાટણ, અવલેહ.

ढ નો ऊ—गुह् + त – गुढ् + त – गुढ् + ध – गुढ् + ढ = गूढम् – છૂપું, છાનું.

मधुलिह् + स् (પ્રથમાના એકવચનનો પ્રત્યય) = मधुलिढ् + ढौकते–मधुलिढ् ढौकते – મધને ચાટનારો જાય છે. આ પ્રયોગમાં मधुलिह्નું मधुलिढ् થવામાં એટલે ह् નું ढ् ઉચ્ચારણ થવામાં ढौकते ક્રિયાપદનો ढ નિમિત્તરૂપ નથી, પણ પ્રથમા વિભક્તિનું એકવચન જ નિમિત્તરૂપ છે. તેથી मधुली ढौकते એવું ઉચ્ચારણ ન થઈ શકે. ૧।૩।૪૨।

## सहि–वहेरोच्चावर्णस्य ॥१।३।४३॥

सह् અને वह् ધાતુમાં જ્યારે બે ढ એકબીજા બરાબર પાસે આવેલા હોય ત્યારે આગલો ढ બોલાતો નથી અને सह् ધાતુના તથા वह् ધાતુના अ વર્ણનો ओ બોલાય છે.

सह् + ता (तृ) = सढ् + ता = सढ् + धा = सोढा—સહન કરનાર.

वह् + ता (तृ) = वढ् + ता = वढ् + धा = वोढा—વહન કરનાર, ઘર ગૃહસ્થીના ભારને વહન કરનાર–પતિ, ધણી.

उत् + वह् – उत् + अ + वह् + ताम् = उदवह् + ताम् – उदवढ् + धाम् – उदवोढ् + ढाम् = उदवोढाम्—તેઓ બેએ વિવાહ કર્યો. ૧।૩।૪૩।

## उदः स्था–स्तम्भः सः ॥१।३।४४॥

उत् પછી તરત જ આવેલો स्था ધાતુનો તથા स्तम्भ ધાતુનો स् બોલાતો નથી.

उत् + स्थाता (तृ અથવા ता) = उत + थाता = उत्थाता – ઊભો થનારો (નામ) અથવા તે ઊભો થશે. (ક્રિયાપદ).

उत् + स्तम्भिता (तृ અથવા ता) =उत् + तम्भिता + उत्तम्भिता – સ્તબ્ધ થનારો (નામ), તે સ્તબ્ધ થશે ( ક્રિયાપદ ) ૧।૩।૪૪।

## तदः सेः स्वरे पादार्था ॥१।३।४५॥

સર્વનામ तद् શબ્દને લાગેલો પ્રથમા એકવચનનો પ્રત્યય स् (सि) જો તેના પછી તરત જ સ્વર આવેલો હોય અને પાદની – શ્લોકના ચરણની–પૂર્તિ કરવાનું પ્રયોજન હોય તો બોલવામાં આવતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तद् + सि = सः + एष दाशरथी रामः = स + एष दाशरथी रामः = सैष दाशरथी रामः—તે આ દશરથનો પુત્ર રામ.

तद् + सि = सः + एष राजा युधिष्ठिरः = स + एष राजा युधिष्ठिरः = सैष राजा युधिष्ठिरः—તે આ રાજા યુધિષ્ઠિર.

આ બંને પ્રયોગોમાં પ્રથમાના એકવચનનો લોપ કરવામાં ન આવે અર્થાત્ તેને બોલવાનો આગ્રહ રાખવામાં આવે તો स एष दाश० તથા स एष राजा આમ ઉચ્ચારણ થશે અને એવું ઉચ્ચારણ કરતાં પાદમાં નવ અક્ષર થવાને લીધે છંદનો ભંગ થશે તેથી પાદને સરખું રાખવા માટે પ્રથમા એકવચનનું ઉચ્ચારણ કરવું જરૂરી નથી, તેથી અહીં પાદની સરખાઈ માટે પ્રથમા એકવચન હોવા છતાં નહીં બોલવું,

स एष भरतो राजा—આ પાદમાં પ્રથમા એકવચનને બોલવાની જરૂર છે. જો અહીં પણ આગલા ઉદાહરણની પેઠે પ્રથમા એકવચનને નહીં બોલવાનો આગ્રહ રાખવામાં આવે તો 'सैष भरतो राजा' એમ ઊલટો છંદનો ભંગ થશે અર્થાત્ પાદમાં આઠ અક્ષરો હોવા જોઈએ એને બદલે અહીં સાત અક્ષર થઈ જશે. તેથી આ પ્રયોગમાં પાદની સરખાઈ માટે પ્રથમા એકવચનને બોલવું જ જોઈએ. ૧।૩।૪૫।

## एतदश्च व्यञ्जनेऽनग्–नञ्समासे ॥१।३।४६॥

एतद् શબ્દ અને तद् શબ્દને લાગેલો પ્રથમા એકવચનનો स् (सि) પ્રત્યય, તેના પછી તરત જ કોઈ પણ વ્યંજન આવેલો હોય તો બોલાતો નથી.

જે एतद् તથા तद् શબ્દને अक પ્રત્યય લાગેલો હોય તેને અહીં લેવાનો નથી તથા જે एतद् તથા तद् શબ્દ नञ् સમાસમાં આવેલો હોય તેને પણ અહીં લેવાનો નથી.

एष + सि + याति = एष याति એ જાય છે.

स + सि + लाति = स लाति તે લે છે – ગ્રહણ કરે છે.

अक—एषक + सि + कृती = एषकः कृती – એ વિદ્વાન્

सक + सि + याति = सको याति—તે જાય છે.

આ બંને પ્રયોગોમાં एतद् તથા तद् શબ્દને अक પ્રત્યય લાગેલો છે. તેથી એ બંને પ્રયોગોમાં सि પ્રત્યય બોલાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नञ् સમાસ—अनेष + सि + याति = अनेषो याति–એ નહીં એવો જાય છે.
अस + सि + याति = असो याति—તે નહીં એવો જાય છે.

આ બંને પ્રયોગોમાં एतद् તથા तद् શબ્દ नञ् સમાસમાં આવેલો છે. તેથી એ બંને પ્રયોગોમાં सि પ્રત્યય બોલાય છે. તેથી તેમાં स् નો र् થયા પછી उ થયેલો છે. (જુઓ ૧।૩।૨૧) ૧।૩।૪૬।

## व्यञ्जनात् पञ्चमान्तस्थायाः सरूपे वा ॥१।३।४७॥

વ્યંજન પછી તરત જ પંચમ અક્ષર એટલે ङ ञ ण न म આવે અને તે પંચમ અક્ષર પછી તરત જ બરાબર તેને મળતો—તેની સરખો એવો બીજો પંચમ અક્ષર આવે તો આગલો પંચમ અક્ષર બોલાય પણ ખરો તથા ન બોલાય પણ ખરો. તથા વ્યંજન પછી તરત જ અંતસ્થ અક્ષર એટલે य र ल व આવે અને તે અંતસ્થ પછી તરત જ બરાબર તેને મળતો—તેની સરખો—એવો બીજો અંતસ્થ અક્ષર આવે તો આગલો અંતસ્થ અક્ષર બોલાય પણ ખરો તથા ન બોલાય પણ ખરો.

પંચમ–ङ–कुङ् + ङौ = कुङ्ङौ અથવા कुङ्ङ्ङौ—કુઙ્‌ના બે ઙ

અંતસ્થ—य—आदित् + य्यः = आदित्यः અથવા आदित्य्यः—સૂર્યને દેવરૂપ માનનાર.

वर्ण् + यते—આ પ્રયોગમાં વ્યંજન પછી તરત જ પંચમ અક્ષર ण् આવેલો છે, પણ ण् પછી બરાબર તેને મળતો બીજો પંચમ અક્ષર નથી પણ 'य्' છે તેથી તેના ઉચ્ચારણમાં કશો ફેરફાર ન થાય. वर्ण्यते—વર્ણવાય—વખણાય—છે. ૧।૩।૪૭।

## धुटो धुटि स्वे वा ॥१।३।४८॥

વ્યંજન પછી તરત જ ધુટ્ અક્ષર આવેલો હોય અને તે ધુટ્ અક્ષર પછી બીજો બરાબર તેનો સ્વ એટલે સમાન વર્ગનો ધુટ્ અક્ષર આવેલો હોય તો તે આગલો ધુટ્ અક્ષર બોલાય પણ ખરો અને ન બોલાય પણ ખરો.

शिण् + ड्ढि = शिण्ढि અથવા शिण्ड्ढि – વિશેષણયુક્ત કર.

तर् + प् + ता, दर् + प् + ता—આ બંને પ્રયોગોમાં र् વ્યંજન પછી ધુટ્ અક્ષર प् તો છે પણ તેની પછીનો જે ધુટ્ અક્ષર त् છે તે 'प्' નો સ્વ નથી તેથી અહીં ધુટ્‌ના મૂળ ઉચ્ચારણમાં કશો ફેરફાર ન થાય तर्प्ता—તૃપ્ત થનાર, दर्प्ता—દર્પ–ગર્વ કરનાર. ૧।૩।૪૮।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तृतीयस्तृतीय-चतुर्थे ॥१।३।४९॥

ધુટ્ અક્ષર પછી તરત જ વર્ગનો ત્રીજો અથવા ચોથો અક્ષર આવેલો હોય તો તે ધુટ્ને બદલે ધુટ્ને મળતો આવે એવો વર્ગનો ત્રીજો અક્ષર બોલાય છે.

मस्ज् + जति – मद् + जति = मज् + जति = मज्जति—શુદ્ધ કરે છે અથવા શુદ્ધ થાય છે, 'मस्' નો स् ધુટ્ છે. તે દંત્ય છે એટલે તેને મળતો આવે એવો દંત્ય ત્રીજો અક્ષર द् થયેલ છે.

दोह् + धा – दोघ् + धा – दोग् + धा = दोग्धा – दोह નો ह् ધુટ્ છે તે કંઠસ્થાનીય છે એટલે તેને મળતો આવે એવો કંઠ સ્થાનીય ત્રીજો ग થયેલ છે. दोग्धा—દોહનાર અથવા તે દોહશે. ૧।૩।૪૯।

## अघोषे प्रथमोऽशिटः ॥१।३।५०॥

શિટ્ સિવાયના ધુટ્ અક્ષર પછી તરત જ અઘોષ અક્ષર આવેલો હોય તો તે ધુટ્ને બદલે ધુટ્ને મળતો આવે એવો વર્ગનો પ્રથમ અક્ષર બોલાય છે.

वाग् + पूता = वाक् + पूता = वाक्पूता—વાણી વડે પવિત્ર

।यस् + सु—આ પ્રયોગમાં ધુટ્ પછી અઘોષ અક્ષર તો આવેલ છે, પણ તે અઘોષ શિટ્ સિવાયના ધુટ્ અક્ષરથી પર નથી આવેલ, કિંતુ શિટ્રૂપ स થી પર આવેલ છે તેથી વ્રસ્ ના स् ના ઉચ્ચારણમાં કોઈ ફેરફાર ન થાય. ૧।૩।૫૦।

## विरामे वा ॥१।३।५१॥

જે અક્ષર પછી કશું જ ન આવેલ હોય તે અક્ષર વિરામમાં આવેલો કહેવાય. તેવા વિરામમાં આવેલો ધુટ્ અક્ષર પ્રથમ અક્ષરરૂપે પણ બોલાય અને ન પણ બોલાય

वाच्—वाक् અથવા वाग्—વાણી.

लिह्—लिट् – लिट् અથવા लिड्—ચાટનાર.

भूभृत्—भूभृत् અથવા भूभृद्—રાજા

ककुभ्—ककुप् અથવા ककुब्—દિશા. ૧।૩।૫૧।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ¹न सन्धिः ॥१।३।५२॥

વિરામમાં આવેલા કોઈ પણ સ્વર કે વ્યંજનના ઉચ્ચારણમાં કશો ફેર પડતો નથી—અર્થાત્ વિરામમાં બે સ્વરો પાસે પાસે આવેલા હોય તથા બે વ્યંજનો પાસે પાસે આવેલા હોય તો પણ તે બંને

---

૧. સંધિ ક્યાં કરવી જ જોઈએ તથા સંધિ કરવાનું ક્યાં અનિયત છે અર્થાત્ બોલનારની ઇચ્છા ઉપર અવલંબે છે તે અંગે વૈયાકરણોએ નીચેનો નિયમ આપેલ છે :

"संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः ।
नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते ॥"

જ્યાં એક જ પદ હોય ત્યાં સંધિ કરવી જ જોઈએ.

એકપદ—नदी + औ – द्यौ ।
वधू + औ – वध्वौ ।
जन + ऐस् – जनैः વગેરે

જ્યાં ધાતુ અને ઉપસર્ગ વચ્ચે સંધિનો સંભવ હોય ત્યાં સંધિ કરવી જ જોઈએ.

ધાતુ અને ઉપસર્ગ — उद् + नमति – उन्नमति ।
उद् + सरति – उत्सरति ।
उत् + टङ्कते – उट्टङ्कते ।

આ પ્રયોગમાં સંધિ કર્યા વિનાનાં उद्नमति વગેરે પદો બોલાય જ નહીં.

સમાસ—अध्यारूढ. અહીં અધિ અને આરૂઢનો સમાસ છે તેથી अधिआरूढ એમ ન જ બોલાય. मिष्टान्न—અહીં પણ मिष्टअन्न નહીં જ બોલાય.

વાક્ય—જ્યાં કોઈ વાક્ય હોય ત્યાં બોલનારની ઇચ્છા સંધિ કરવાની હોય તો સંધિ કરે અને ઇચ્છા ન હોય તો સંધિ ન કરે.

વર્તમાનમાં સંસ્કૃત પુસ્તક છાપતી વખતે અર્થની શીઘ્ર સમજ પડે એ હેતુથી સંધિવાળાં વાક્યોને બદલે સંધિ વગરનાં જ વાક્યો છાપવાનો રિવાજ છે તે પણ આ નિયમને અનુસરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચ્ચે પહેલાં કહેવાઈ ગયેલો કે હવે કહેવામાં આવનારો સાંધિનો કોઈ પ્રકાર થતો નથી એટલે તે સ્વરો કે વ્યંજનોના ઉચ્ચારણમાં કોઈ ફેરફાર થતો નથી.

दधि + अत्र = दध्यत्र ન થાય—દહીં અહીં. (અહીં 'दधि' બોલ્યા પછી અટકી જઈને પછી જ 'अत्र' બોલવું)

तद् + लुनाति = तल्लुनाति ન થાય—તેને લણે છે. (અહીં 'तद्' બોલ્યા પછી અટકી જઈને પછી જ लुनाति બોલવું)

બોલવામાં આવતા બે પાસે પાસેના શબ્દો વચ્ચે વચ્ચે અટકીને અટકીને બોલાય તો જ એ શબ્દો વિરામમાં આવેલા છે એમ સમજવું. ૧।૩।૫૨।

## रः पदान्ते विसर्गस्तयोः ॥१।३।५३॥

પદને છેડે આવેલા र् પછી તરત જ કોઈ પણ અક્ષર ન આવે એટલે તદ્દન વિરામ હોય અથવા र् પછી તરત જ કોઈપણ અઘોષ વ્યંજન આવેલો હોય તો र् ને બદલે વિસર્ગ બોલાય છે.

વિરામ —

वृक्ष + र् = वृक्षः – વૃક્ષ.

स्व + र् = स्वः – સ્વર્ગ.

અઘોષ—

क + र् + कृती = कः कृती—કોણ પંડિત ?

ई + र्ते— આ ક્રિયાપદમાં र् પદને છેડે નથી પણ પદની અંદર છે તેથી તેનું ईर्ते એવું જ ઉચ્ચારણ થાય – र् કાયમ રહે. ईर्ते—તે કંપે છે. ૧।૩।૫૩।

## ख्यागि ॥१।३।५४॥

પદને છેડે આવેલ र् પછી તરત જ ख्या ધાતુનો ख् આવેલ હોય તો र् નો વિસર્ગ જ બોલાય છે, પણ તેને બદલે 'र्' નું બીજું કોઈ ઉચ્ચારણ થતું નથી.

क + र् + ख्यातः—कः ख्यातः-કોણ ખ્યાત–પ્રસિદ્ધ છે ?

नम + र् + ख्यात्रे – नमः ख्यात्रे—નમસ્કાર ખ્યાતાને–વક્તાને

कः ख्यातः વગેરે ઉદાહરણોમાં ૧।૩।૫ નિયમ નહીં જ લાગે ૧।૩।૫૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शिट्यघोषात् ॥१।३।५५॥

પદને છેડે આવેલ र् પછી તરત જ અઘોષ અક્ષર આવેલો હોય અને એ અઘોષ પછી તરત જ शिट् અક્ષર આવેલો હોય તો 'र्' નો વિસર્ગ જ બોલાય છે, પણ તેને બદલે र् નું બીજું કોઈ ઉચ્ચારણ થતું નથી.

पुरुष + र् + त् + सरुक: = पुरुषः त्सरुकः—પુરુષ વંચક.

सर्पि + र् + प् + साति = सर्पिः प्साति—તે ઘી ખાય છે.

वास + र् + क् – षौमम् = वासः क्षौमम्—કપડું અલસીનું—અલસીના રેસામાંથી બનેલું કપડું—રેશમી કપડું.

अद्भि + र् + प् + सातम् = अद्भिः प्सातम्—ખાનારાઓએ ખાધું અથવા વિવિધ પ્રકારનાં પાણી સાથે ખાધું.

આ ઉદાહરણોમાં ૧।૩।૭ તથા ૧।૩।૫) નિયમો ન લાગે. ૧।૩।૫૫।

## व्यत्यये लुग् वा ॥१।३।५६॥

વ્યત્યય એટલે ઊંધું અર્થાત્ ૫૫ મા સૂત્રમાં જે 'शिटि अघोषात्' સૂચવેલ છે તેને બદલે આ સૂત્રમાં 'शिटः अघोषे એમ ઊંધું સમજવું.

પદને છેડે र् હોય, તે પછી તરત જ शिट् અક્ષર આવેલો હોય અને તે शिट् અક્ષર પછી પણ તરત જ અઘોષ અક્ષર આવેલો હોય તો र् વિકલ્પે બોલાય એટલે એકવાર બોલાય અને એકવાર ન બોલાય.

चक्षु + र् + श् + च्योतति = चक्षु श्च्योतति અથવા चक्षुः श्च्योतति—ચક્ષુ ચૂએ છે. ૧।૩।૫૬।

## अरोः सुपि रः ॥१।३।५७॥

જે 'र्' 'रु' નો ન હોય પણ સ્વતંત્ર જ હોય તે र् પછી તરત જ સપ્તમીના બહુવચનનો सु ( सुप् ) પ્રત્યય આવેલો હોય તો તે र् ના ઉચ્ચારણમાં કોઈ જાતનો ફેરફાર થતો નથી, પણ 'र्' નો 'र्' જ બોલાય છે.

गीर् + सु = गीर्षु—વાણીઓમાં.

धूर् + सु = धूर्षु—ધૂંસરીઓમાં.

આ પ્રયોગોમાં ૧।૩।૫૩। નિયમ ન લાગે એટલે गीःषु કે धूःषु એવું ઉચ્ચારણ ન જ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पयरु + सुप्—पयरु+सुप् = पयर् + सुप्—અહીં 'रु' નો 'र्' છે તેથી ૧।૩।૫૩ નિયમ દ્વારા 'र्' નો એકવાર વિસર્ગ બોલાય છે અથવા ૧।૩।૬ નિયમ દ્વારા 'र्' નો 'स्' પણ બોલાય અર્થાત્ पयःसु તથા पयस्सु એવાં બન્ને ઉચ્ચારણો થાય છે. ૧।૩।૫૭।

## वाऽहर्पत्यादयः ॥१।३।५८॥

'अहर्पति' વગેરે અનેક એવા શબ્દો છે જેમાં र् નો વિસર્ગ વિકલ્પે બોલાય છે એકવાર વિસર્ગ બોલાય અને એકવાર र् પણ બોલાય તથા એ જ શબ્દોમાં ૧।૩।૨૧ નિયમ દ્વારા र् નો उ વિકલ્પે બોલાય છે એટલે એકવાર વિસર્ગ બોલાય છે અને એકવાર उ પણ બોલાય છે. અને તે उ નો ओ થાય છે.

अहर् + पतिः = अहर्पतिः અથવા अहःपतिः—સૂર્ય.

गीर् + पतिः = गीर्पतिः અથવા गीःपतिः—ગિરાનો પતિ, પંડિત

प्रचेतस् + राजन् ! = प्रचेतो राजन् અથવા प्रचेता राजन्—હે વરુણના રાજા !

प्रचेतस् નું प्रचेता થવા માટે જુઓ ૧।૩।૪૧ સૂત્ર. ૧।૩।૫૮।

## शिट्याद्यस्य द्वितीयो वा ॥१।३।५९॥

વર્ગના પ્રથમ અક્ષર પછી તરત જ शिट् અક્ષર આવેલો હોય તો તે પ્રથમને બદલે તેને મળતો એવો વર્ગનો બીજો અક્ષર વિકલ્પે બોલાય છે. એક વાર બીજો અક્ષર બોલાય અને એક વાર પ્રથમ અક્ષર બોલાય.

क् + षीरम् – ख् + षीरम् = ख्षीरम् અથવા क्षीरम् = क्षीरम्—ખીર—દૂધ.

अप् + सराः – अफ् + सराः = अफ्सराः અથવા अप्सराः—અપસરા.

આ પણ ઉચ્ચારણ કરનારાની બોલવાની પદ્ધતિનો નમૂનો ગણાય. ૧।૩।૫૯।

## तवर्गस्य श्चवर्ग–ष्टवर्गाभ्यां योगे च–टवर्गौ ॥१।३।६०॥

તવર્ગના કોઈ વ્યંજન સાથે श નો યોગ એટલે આગળ પાછળ સંબંધ હોય તો त વર્ગનો च વર્ગ બોલાય છે. त વર્ગનો જેટલામો વ્યંજન હોય તેટલામો च વર્ગનો વ્યંજન બોલાય છે. त વર્ગના કોઈ વ્યંજન સાથે च વર્ગના કોઈ વ્યંજનનો સંબંધ હોય તો પૂર્વોક્ત રીતે त વર્ગના વ્યંજનને બદલે च વર્ગનો વ્યંજન બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા त વર્ગના કોઈ વ્યંજન સાથે ष્ નો સંબંધ હોય તો त વર્ગના વ્યંજનને બદલે ट વર્ગનો વ્યંજન બોલાય છે અને त વર્ગના કોઈ વ્યંજન સાથે ट વર્ગના કોઈ વ્યંજનનો સંબંધ હોય તો પૂર્વોક્તરીતે त વર્ગના વ્યંજનને બદલે ट વર્ગનો વ્યંજન બોલાય છે.

त વર્ગ અને श નો સંબંધ – तत् + शेते = तच् शेते – તેથી સૂએ છે.

भवान् + शेते = भवाञ् शेते – તમે સૂઓ છો.

त વર્ગ અને च વર્ગનો સંબંધ – तत् + चारु = तच् चारु – તે સારું.

तत् + जकारेण = तज्जकारेण – તેના જકાર વડે.

त વર્ગ અને ष નો સંબંધ — पेष् + ता = पेष् + टा = पेष्टा – પીસનારો અથવા પીસશે.

पूष् + नः = पूष् + णः = पूष्णः સૂર્યથી કે સૂર્યનું (पूषन्–સૂર્ય)

त વર્ગ અને ट વર્ગનો સંબંધ–तत + टकारः=तट्टकारः = तट्टकारः — તેનો ટકાર.

तत् + णकारेण=तण् + णकारेण = तण्णकारेण – તેના ણકાર વડે.

ईड् + ते=ईड् + टे = ईट् + टे = ईट्टे—તે સ્તુતિ કરે છે. ૧।૩।૬૦।

## सस्य श–षौ ॥१।३।६१॥

स ની સાથે श નો સંબંધ હોય અથવા च વર્ગના કોઈ વ્યંજનનો સંબંધ હોય તો स ને બદલે श બોલાય છે, તથા स ની સાથે ष નો સંબંધ હોય અથવા ट વર્ગના કોઈ વ્યંજનનો સંબંધ હોય તો स ને બદલે ष બોલાય છે,

स અને च વર્ગનો યોગ – स् + श्च्योतति—श्+ श्च्योतति = श्च्योतति–તે ચૂએ છે.

व्रस् + चति – व्रश् + चति = व्रश्चति – તે કાપે છે.

स અને ष નો યોગ – दोष् + सु = दोष् + षु = दोष्षु–હાથોમાં, હાથો ઉપર.

स અને ट વર્ગનો યોગ–पापट् + सि=पापट्षि– વારંવાર ગતિ કરે છે. ।૧।૩।૬૧।

## न शात् ॥१।३।६२॥

श् પછી તરત જ त વર્ગનો વ્યંજન આવેલો હોય તો त વર્ગના વ્યંજનને બદલે च વર્ગનો વ્યંજન બોલાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श् અને त વર્ગ—अश् + नाति = अश्नाति—તે ખાય છે.

प्रश् + नः = प्रश्नः—પ્રશ્ન, પૂછવું. ૧।૩।૬૨।

## पदान्ताट्टवर्गादनाम्–नगरी–नवतेः ।।१।३।६३।।

પદને છેડે આવેલા ट વર્ગના કોઈ પણ વ્યંજન પછી તરત જ त વર્ગનો કોઈ વ્યંજન આવેલો હોય તો તથા स આવેલો હોય તો તેના ઉચ્ચારણમાં કોઈ ફેરફાર થતો નથી એટલે તે વર્ગના વ્યંજનને બદલે ट વર્ગનો વ્યંજન બોલાતો નથી તથા स ને બદલે ष પણ બોલાતો નથી. તો પણ પદને છેડે આવેલા ट વર્ગના કોઈ પણ વ્યંજન પછી नाम् પ્રત્યયનો नगरी તથા नवति શબ્દનો न આવેલો હોય તો તે न નો ण અવશ્ય બોલાય છે.

षड् + तयम् – षड् + तयम् = षड्तयम् બોલાય પણ षट्टयम्—છ અવયવ વાળું—ન બોલાય.

षड् + नयाः – षण् + नयाः = षण्नयाः બોલાય પણ षण्णयाः—છ નયો—ન બોલાય

षड् + सु – षट् + सु = षट्सु બોલાય, પણ षट्षु—છમાં—ન બોલાય.

नाम्—षड् + नाम् – षण् + णाम् = षण्णाम् બોલાય, પણ षण्नाम् ન બોલાય. षण्णाम्—છનું

नगरी – षट् + नगरी – षण् + णगरी = षण्णगरी બોલાય પણ षण्नगरी—ન બોલાય. षण्णगरी—કોઈ છ નગરીનું વિશેષ નામ.

नवतिः–षट् + नवतिः–षण् + णवतिः = षण्णवतिः બોલાય પણ षण्नवतिः ન બોલાય. षण्णवतिः—છન્નું. ૧।૩।૬૩।

## षि तवर्गस्य ।।१।३।६४।।

પદને છેડે આવેલા त વર્ગના કોઈ વ્યંજન પછી તરત જ મૂર્ધન્ય ष આવેલો હોય તો त વર્ગના વ્યંજનના ઉચ્ચારણમાં કશો ફેરફાર થતો નથી અર્થાત્ त વર્ગનો ट વર્ગ બોલાતો નથી,

तीर्थकृत् + षोडशः शान्तिः—તીર્થંકર ભગવાન સોળમા શાંતિનાથ—આ વાક્યમાં તીર્થંकृत् નું तीर्थकृड् એમ ન બોલાય પણ तीर्थकृत् જ બોલાય. ૧।૩।૬૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## लि लौ ॥१।३।६५॥

પદને છેડે આવેલા त વર્ગના નિરનુનાસિક વ્યંજન પછી–त् थ् द् ध् તથા न् પછી—તરત જ ल् આવેલો હોય તો તે નિરનુનાસિક વ્યંજનને બદલે નિરનુનાસિક ल બોલાય તથા સાનુનાસિક વ્યંજન પછી—न પછી–ल આવેલો હોય તો न ને બદલે સાનુનાસિક ल બોલાય છે.

નિરનુનાસિક—तत + लूनम् – तल्+लूनम्=तल्लूनम्—તે લણાયું–કપાયું.

સાનુનાસિક— भवान् + लुनाति – भवाल्ँ + लुनाति = भवाल्ँलुनाति–તમે લણો છો—કાપો છો, ૧।૩।૬૫।

**આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહૈમચંદ્ર**
**શબ્દાનુશાસન લઘુવૃત્તિના પ્રથમ અધ્યાયનો**
**ગુજરાતી વૃત્તિ તથા વિવેચનના**
**વ્યંજનસંધિપ્રકરણરૂપ**
**તૃતીય પાદ**
**સમાપ્ત**

---

# પ્રથમ અધ્યાય

## (ચતુર્થ પાદ)

પ્રથમ અધ્યાયના ચતુર્થ પાદનો પ્રારંભ અને તેના અનુસંધાનનો નિર્દેશ—

હવે સાતે વિભક્તિઓમાં નામનાં જે રૂપો થાય છે તે દરેક રૂપની સાધનાનું પ્રકરણ શરૂ થાય છે.

આ પ્રકરણમાં નામને વિભક્તિઓ લાગ્યા પછી તે નામમાં તથા વિભક્તિમાં જે જે ફેરફારો થાય છે તે બતાવવાના છે. સાતે વિભક્તિઓ ૧।૧।૧૮ સૂત્રમાં ગણી બતાવેલી છે.

નામોની ત્રણ જાત છે—૧ નરજાતિ, ૨ નારીજાતિ તથા ૩ નાન્યતર જાતિ.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

નામોના પ્રકાર બે છે—૧ સ્વરાંત—છેડે સ્વરવાળું, ૨ વ્યંજનાંત—છેડે વ્યંજનવાળું.

આ રીતે નામોમાં જાતિભેદને લીધે તથા સ્વરાંતના અને વ્યંજનાંતના ભેદને લીધે વિવિધ રૂપો બને છે. આ તમામ રૂપોની સાધના માટે ૧।૧।૧૮ સૂત્રમાં જે વિભક્તિઓ બતાવેલી છે તેમાં પણ ઘણું ઘણું પરિવર્તન થાય છે. તે બધી હકીકત હવે આવનારા ચતુર્થ પાદમાં તથા દ્વિતીય અધ્યાયના પ્રથમ પાદમાં સંપૂર્ણ રીતે બતાવેલી છે. ૧।૧।૧૮ નિયમમાં જે વિભક્તિઓ બતાવેલ છે તે જ્યારે વ્યંજનાંત નામોને લાગે છે ત્યારે તેમાં ઘણો ઓછો ફેરફાર થાય છે, પણ જ્યારે તે વિભક્તિઓ સ્વરાંત નામોની સાથે જોડાય છે ત્યારે તેમાં નામોની જાતિને અનુસારે ઘણો મોટો ફેરફાર થઈ જાય છે.

| ગુજરાતી વિભક્તિવાળું નામ | સંસ્કૃત વિભક્તિવાળું નામ |
|---|---|
| એકવચન—પ્રથમા—ઘોડો | घोटकः—स् ( सि ) |
| ,, દ્વિતીયા—ઘોડાને | घोटकम्—अम् |
| ,, તૃતીયા—ઘોડાવડે | घोटकेन—आ ( टा ) |
| ,, ચતુર્થી—ઘોડામાટે | घोटकाय—ए ( ङे ) |
| ,, પંચમી—ઘોડાથી | घोटकात्—अस् (ङसि) |
| ,, ષષ્ઠી—ઘોડાનું | घोटकस्य—अस् ( ङस् ) |
| ,, સપ્તમી—ઘોડામાં | घोटके—इ ( ङि ) |
| દ્વિવચન—પ્રથમા—બે ઘોડા | घोटकौ—औ |
| ,, દ્વિતીયા—બે ઘોડાને | घोटकौ—औ |
| ,, તૃતીયા—બે ઘોડા વડે | घोटकाभ्याम्—भ्याम् |
| ,, ચતુર્થી—બે ઘોડા માટે | घोटकाभ्याम्—भ्याम् |
| ,, પંચમી—બે ઘોડાથી | घोटकाभ्याम्—भ्याम् |
| ,, ષષ્ઠી—બે ઘોડાનું | घोटकयोः—ओस् |
| ,, સપ્તમી—બે ઘોડામાં | घोटकयोः—ओस् |
| બહુવચન—પ્રથમા—ઘોડાઓ | घोटकाः—अस् ( जस् ) |
| ,, દ્વિતીયા—ઘોડાઓને | घोटकान्—अस् ( शस् ) |
| ,, તૃતીયા—ઘોડાઓવડે | घोटकैः—भिस् |
| ,, ચતુર્થી—ઘોડાઓમાટે | घोटकेभ्यः—भ्यस् |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ,, | પંચમી—ઘોડાઓથી | घोटकेभ्यः—भ्यस् |
| ,, | ષષ્ઠી—ઘોડાઓનું | घोटकानाम्—आम् |
| ,, | સપ્તમી—ઘોડાઓમાં | घोटकेषु—सु ( सुप् ) |

ઉપર જણાવેલાં સંસ્કૃત રૂપો જોવાથી ખબર પડશે કે સંસ્કૃત રૂપોમાં પણ કેટલીક વિભક્તિ અને વચનોમાં ઘણો ઓછો ભેદ છે અને ક્યાંક ક્યાંક તો મુદ્દલ ભેદ જ નથી જણાતો. એ રૂપો સાથે પ્રત્યયો બતાવેલા છે તે પ્રત્યયો અને નામનાં રૂપો જોવાથી માલૂમ પડશે કે, લાગેલા પ્રત્યયમાં ક્યાંક ક્યાંક તો તેના મૂળ ઉચ્ચારણમાં ઘણો ફેરફાર પણ થઈ ગયેલ છે.

નીચેનાં નરજાતિ भूभृत् નાં, નારીજાતિ वाच् નાં, તથા નાન્યતર જાતિ जगत्નાં રૂપોમાં મૂળ વિભક્તિઓ તેનાં મૂળ રૂપોમાં બરાબર જળવાયેલી છે.

### भूभृत् – नरजाति

| एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|
| प्र०–भूभृत्+स (सि) = भूभृत् | भूभृत्+औ भूभृतौ | भूभृत्+अस् = भूभृतः (जस्) |
| द्वि०–भूभृत्+अम् = भूभृतम् | ,, ,, ,, | भूभृत्+अस् = भूभृतः(शस्) |
| तृ०–भूभृत्+आ = भूभृता | भूभृत्+भ्याम्=भूभृद्–भ्याम् | भूभृत्+भिस्=भूभृद्भिः(भिस्) |
| च०–भूभृत्+ए(ङे) = भूभृते | ,, ,, ,, | भूभृत्+भ्यस्=भूभृद्भ्यः ( भ्यस् ) |
| पं०–भूभृत्+अस(ङसि)=भूभृतः | ,, ,, ,, | ,, ,, ,, ,, |
| ष०–भूभृत्+अस((ङस्)=भूभृतः | भूभृत्+ओस्=भूभृतोः | भूभृत्+आम्=भूभृताम(आम) |
| स०–भूभृत्+इ(ङि)=भूभृति | ,, ,, ,, | भूभृत्+सु=भूभृत्सु(सुप् ) |

### वाच्–नारीजाति

| एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|
| प्र०–वाच्+स् (सि)वाक् वाग् | वाच् + औ=वाचौ | वाच्+अस्=वाचः (जस् ) |
| द्वि०–वाच् + अम् = वाचम् | ,, ,, | वाच्+अस्=वाचः (शस् ) |
| तृ०–वाच् + आ(टा)वाचा | वाच्+भ्याम्=वाग्भ्याम् | वाच्+भिस्+वाग्भिः(भिस् ) |
| च०–वाच् + ए (ङे)वाचे | ,, ,, ,, | वाच्+भ्यस्=वाग्भ्यः(भ्यस्) |
| पं०–वाच् + अस् (ङसि)वाचः | ,, ,, ,, | ,, ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ष०–वाच् + अस् (ङस्) वाचः वाच्+ओस्=वाचोः वाच्+आम्=वाचाम् (आम्)
स०–वाच् + इ (ङि) वाचि ,, ,, वाच् + सु = वाक्षु (सुप्)

जगत्–नान्यतर जाति

| एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|
| प्र०–जगत्+स् (सि) जगत्, जगद् | जगत्+औ=जगती | जगत्+अस्=जगन्ति (जस्) |
| द्वि०–जगत्+अम्=जगत्, जगद् | ,, ,, | जगत्+अस्+जगन्ति (शस्) |
| तृ०–जगत्+आ (टा)=जगता | जगत्+भ्याम्=जगद्भ्याम् | जगत्+भिस्=जगद्भिः (भिस्) |
| च०–जगत्+ए (ङे)=जगते | ,, ,, | जगत्+भ्यस्=जगद्भ्यः (भ्यस्) |
| पं०–जगत्+अस् (ङसि) जगतः | ,, ,, | ,, ,, |
| ष०–जगत्+अस् (ङस्) जगतः | जगत्+ओस्=जगतोः | जगत्+आम्=जगताम् (आम्) |
| स०–जगत्+इ (ङि) जगति | ,, ,, | जगत्+सु=जगत्सु (सुप्) |

ઉપર જણાવેલાં વ્યંજનાંત નામોનાં ત્રણે જાતિનાં રૂપોને જોવાથી સ્પષ્ટ માલૂમ પડશે કે તે રૂપોમાં મૂળ વિભક્તિઓ તથા તેના પ્રત્યયોમાં ઘણો જ ઓછો ફેરફાર થયો છે.

પ્રથમા વગેરે વિભક્તિઓમાં જે જે જુદા જુદા વચનના પ્રત્યયો જણાવેલા છે તેમાં ઉપયોગી પ્રત્યય અને સૂચિત પ્રત્યયમાં જે ફેર છે તે આ પ્રમાણે છેઃ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મૂળ પ્રત્યય | स्+इ=सि | ઉપયોગી પ્રત્યય | स् | પ્રયોગમાં इનો | કોઈ ઉપયોગ | નથી. |
| ,, | ज्+अस्=जस् | ,, | अस् | ,, ज्नो | ,, ,, | ,, |
| ,, | श्+अस्=शस् | ,, | ,, | ,, श्नो | ,, ,, | ,, |
| ,, | ट्+आ=टा | ,, | आ | ,, ट्नो | ,, ,, | ,, |
| ,, | ङ्+ए=ङे | ,, | ए | ,, ङ्नो | ,, ,, | ,, |
| ,, | ङ्+असि=ङसि | ,, | अस् | ,, ङ् तथा इ नो | ,, | ,, |
| ,, | ङ्+अस्=ङस् | ,, | ,, | ,, ङ्नो | ,, | ,, |
| ,, | ङ्+इ=ङि | ,, | इ | ,, ङ्नो | ,, | ,, |
| ,, | सुप् | ,, | सु | ,, प्नो | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલા તમામ પ્રત્યયો જુદા જુદા ઓળખાય એ માટે જ તેમાં इ, ज्, श्, द, ङ् તથા प्‌નાં નિશાનો કરેલાં છે. પ્રત્યયોની જુદી જુદી ઓળખાણ માટે જ એ નિશાનો છે, પણ વ્યવહારમાં એમનો કશો ઉપયોગ નથી. (જઓ ૧।૧।૩૭)

પ્રત્યયો, નામનાં જુદાં જુદાં રૂપો વગેરે આપીને વિદ્યાર્થી માટે સંસ્કૃત રૂપોનો થોડો પરિચય અહીં કરાવ્યો છે તથા ગુજરાતી નામના પ્રયોગને બદલે સંસ્કૃતમાં કેવું રૂપ વપરાય તેનો પણ ખ્યાલ આપવા આટલો ઉલ્લેખ કર્યો છે. હવે જુદાં જુદાં રૂપોની સાધના માટેના નિયમો આપવાના છે.

નરજાતિ अकारांत घोटक શબ્દનાં સાતે વિભક્તિઓનાં રૂપો હમણાં જ બતાવ્યાં છે. તેમાં

પ્રથમાનું એકવચન—घोटक + स् = घोटक + र् = (જુઓ ૧।૩।૫૩) घोटकः।
,, દ્વિવચન—घोटक + औ = (જુઓ ૧।૨।૧૨) घोटकौ।
,, બહુવચન—घोटक + अस् = (જુઓ ૧।૪।૧) घोटकाः।

જેમ अकारांत નરજાતિ घोटक શબ્દનાં રૂપો જણાવેલાં છે તેમ તમામ અકારાંત નરજાતિ શબ્દોનાં રૂપો સમજવાનાં છે અને સાધવાનાં છે.

આ પાદમાં જે જે વિધાનો બતાવ્યાં છે તેનો ક્રમ આ પ્રમાણે છે :

૧ થી ૬ સૂત્ર સુધી अकारांत નામને લગતાં વિધાનો છે.
૭ મા થી ૧૬ સૂત્ર સુધી अकारांत सर्वादि શબ્દો સંબંધી વિધાન છે.
૧૭ મા થી ૨૦ સૂત્ર સુધી आकारांत સ્રીલિંગી सर्वादि તથા आकारांत સ્રીલિંગી સામાન્ય શબ્દો સંબંધી વિધાન છે.
૨૧ મા થી ૨૭ સૂત્ર સુધી હ્રસ્વ इकारांत તથા હ્રસ્વ उकारांत શબ્દો સંબંધી વિધાન છે.
૨૮ મા થી ૩૨ સૂત્ર સુધી હ્રસ્વાંત તથા દીર્ઘ ईकारांत તથા ऊकारांत શબ્દો સંબંધી વિધાન છે.
૩૩ મા થી ૩૪ સૂત્ર સુધી સંખ્યાવાચક શબ્દો વિશે વિધાન છે.
૩૫ મા થી ૩૬ સૂત્ર સુધી इकारांत, उकारांत શબ્દો અંગે વિધાન છે.
૩૭ મા થી ૪૦ સૂત્ર સુધી ऋकारांत શબ્દો વિશે વિધાન છે.
૪૧ મા થી ૪૪ સૂત્ર સુધી સંબોધનનાં રૂપો વિશે વિધાન છે.
૪૫ મા સૂત્રમાં દીર્ઘાન્ત, मालाः જેવાં આબંત તથા વ્યંજનાંત નામો વિશે વિધાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬ મા સૂત્રમાં બીજી વિભક્તિના એકવચન વિશે છે.
૪૭,૪૮ સૂત્ર ષષ્ઠીના બહુવચન બાબત છે.
૪૯ મા સૂત્રમાં બીજી વિભક્તિના બહુવચન વિશે હકીકત છે.
૫૦,૫૧ સૂત્ર સપ્તમીના એકવચન સંબંધી છે.
૫૨ માથી ૫૪ સૂત્ર સુધી સંખ્યાવાચકને લાગેલા પ્રત્યયો બાબત છે.
૫૫ માથી ૬૭ સૂત્ર સુધી નપુંસકલિંગી નામો વિશે હકીકત છે.
૬૮ માથી ૯૩ સૂત્ર સુધી વ્યંજનાંત ઓકારાંત, इकारांत તથા ऋकारांत શબ્દો અંગેનાં જુદાં જુદાં વિધાનો છે. તેમાં ૬૮ મું સૂત્ર તો માત્ર અધિકાર સૂચક છે. તે એમ સૂચવે છે કે, ૬૯મા સૂત્રથી આ પાદ પુરું થાય ત્યાં સુધી જે જે વિધાનો બતાવવાનાં છે તે તમામ વિધાનો ઘુટ્ પ્રત્યયની વિદ્યમાનતામાં સમજવાનાં છે.

પ્રસ્તુત વ્યાકરણમાં આ પ્રકરણમાં 'देव' શબ્દનાં રૂપોની સાધના બતાવેલી છે. તેમાં देवः (પ્રથમાનું એક વચન), देवौ (પ્રથમાનું દ્વિવચન) એ બંને રૂપોની સાધના घोटकः તથા घोटकौ રૂપની પેઠે સમજવાની છે અને देवाः (પ્રથમાનું બહુવચન) રૂપની સાધના માટે આચાર્યશ્રી આ પાદના પ્રારંભનું સૂત્ર કહે છે.

## अतः आः स्यादौ जस्-भ्याम्-ये ॥१।४।१॥

નામના અ કાર પછી તરત જ સ્યાદિ વિભક્તિના जस्, भ्याम्, અને य પ્રત્યયો આવેલા હોય તો તે अ કારનો आ બોલાય છે.

देव+अस्=देवा+अस् (જુઓ ૧।૨।૧) देवास्=(જુઓ ૨।૧।૭૨) स् નો र् ) देवार् ( જુઓ ૧।૩।૫૩ ) = देवाः – દેવો

अ + भ्याम् = आभ्याम् – આ બે વડે, આ બે માટે અથવા આ બેથી
देव + भ्याम् = देवाभ्याम् – બે દેવો વડે, બે દેવો માટે અથવા બે દેવોથી
सुख + य=सुखाय – સુખને માટે.
देव + य=देवाय – દેવને માટે.

बाण + जस्=बाणजः – આ પ્રયોગમાં જે जस् છે તે સ્યાદિ વિભક્તિનો નથી પણ 'जस्' ધાતુ દ્વારા નામરૂપ બનેલો जस् શબ્દ છે. बाणान् जस्यति इति बाणजः – બાણોને ફેંકનાર. અહીં जस् ધાતુ क्विप् પ્રત્યય લાગવાથી નામરૂપ બનેલ છે. बाणजः એ પ્રથમા વિભક્તિનું એકવચન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦ – देव + अस् અહીં ૧ । ૨ । ૧ ના નિયમ દ્વારા देवास् – देवाः પ્રયોગ સાધી શકાય છે, છતાં આ સૂત્રથી નવું વિધાન શા માટે કર્યું ?

ઉ૦ – વાત તો બરાબર છે, પણ જે પ્રયોગમાં બે अ અપદમાં બરાબર સામસામા આવે ત્યાં આગળનો अ બોલાતો જ નથી (જુઓ. ૨ । ૧ । ૧૧૩) આ નિયમને લીધે देव + अस् નું देवः થઈ જાય, પણ देवाः ન થાય. તેથી આ નવું વિધાન કર્યું છે. વેદોમાં देवासः પ્રયોગ પણ વપરાય છે. ૧૪।૧।

## भिसः ऐस् ॥१।४।२॥

નામના अ કાર પછી તરત જ સ્યાદિ વિભક્તિનો भिस् પ્રત્યય આવેલો હોય તો भिस् ને બદલે ऐस् બોલાય છે.

देव + भिस् = देव + ऐस् = देवैः (જુઓ ૧।૨।૧૨ તથા ૨।૧।૭૨ તથા ૧।૩।૫૩ )

પ્ર૦ – देव + एस्=देवैस् – देवैः (જુઓ ૧।૨।૧૨) એમ સાધી શકાય છે છતાં एस् નું વિધાન ન કરતાં ऐस् નું વિધાન શા માટે કર્યું છે?

ઉ૦ – વ્યાકરણશાસ્ત્રમાં સૂત્રરચનામાં જેમ ઓછા અક્ષરો હોય તેમ વ્યાકરણ શાસ્ત્રનું વિશેષ ગૌરવ છે એ દૃષ્ટિએ વિચારતાં અહીં एस् કરવા વિશે જે શંકા ઉઠાવી છે તે બરાબર તો છે પણ एस्ના વિધાન દ્વારા देवैः પ્રયોગ નહીં થઈ શકે – देव + एस् – આ પરિસ્થિતિમાં પૂર્વોક્ત ૨।૧।૧૧૩ નિયમ દ્વારા देव નો અંત્ય अ બોલાતો બંધ થઈ જતાં देवेः પ્રયોગ જ સધાશે, देवैः નહીં સધાય. તેથી અહીં ऐस् નું વિધાન જરૂરી છે. તથા ऐस् ના વિધાનનું બીજું પણ એક પ્રયોજન છે. अतिजर શબ્દનું તૃતીયાબહુવચનમાં अतिजर + ऐस् = अतिजरैः રૂપ બને છે. જો અહીં एस्નું વિધાન હોત તો अतिजरेः રૂપ થાત, પણ अतिजरैः રૂપ તો ન જ થાત. તેથી अतिजरैः રૂપની સાધના માટે પણ ऐस् વિધાનની અહીં જરૂરત છે. अतिजरैः—વૃદ્ધાવસ્થા વિતાવી દેનારાઓ વડે. ૧।૪।૨।

## इदमदसोऽक्येव ॥१।४।३॥

इदम् અને अदस् શબ્દને 'अक' પ્રત્યય લાગેલો હોય ત્યારે જ તેને લાગેલા પૂર્વોક્ત भिस् પ્રત્યયનું ऐस् ઉચ્ચારણ થાય.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

अक પ્રત્યય લાગેલો ન હોય ત્યારે भिस् નું भिस् જ ઉચ્ચારણ થાય.

इदम्–इमक + भिस् = इमक + ऐस् = इमकैः – આ (લોકો) વડે.

अदस् – अमुक + भिस् = अमुक+ऐस् + अमुकैः – અમુક (લોકો) વડે.

જ્યારે अक ન હોય ત્યારે इदम् + भिस् = अ + भिस् = एभिः–એઓ વડે.

अदस् + भिस् = अम + भिस्=अमे +भिस् = अमीभिः (જુઓ ૨।૧।૪૧, ૧।૪।૪ તથા ૨।૧।૪૫, ૨।૧।૪૯)–આ લોકો વડે. ૧।૪।૩।

## एद् बहुस्भोसि ॥१।४।४॥

આદિમાં सकारવાળા અને भकारવાળા બહુવચનના સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય તથા ओस् પ્રત્યય લાગેલો હોય તો તેનાથી બરાબર પૂર્વે આવેલા નામના અંત્ય अ ને સ્થાને ए બોલાય છે.

આદિમાં स् – इदम् + सुप् = इदम् + सु = अ+सु = एषु – એઓમાં. (જુઓ ૨।૧।૩૬ તથા ૨।૩।૧૫)

આદિમાં भ् – इदम् + भिस् = अ + भिस् = एभिः – એઓ વડે. (જુઓ ૨।૧।૩૬, ૨।૧।૭૨ તથા ૧।૩।૫૩)

ओस् = देव + ओस् = देवे + ओस् = देवय्+ओस् = देवयोः – બે દેવોનું અથવા બે દેવોમાં. (જુઓ ૧।૨।૨૩, ૨।૧।૭૨ તથા ૧।૩।૫૩)

स्वरहीनं व्यञ्जनं परेण स्वरेण सह संयोज्यम् – જે વ્યંજન સ્વર વગરનો હોય તેને તેની પછી તરત જ આવેલા સ્વર સાથે જોડી દેવો. देवय् + ओस् = देवयोः । ૧।૪।૪।

## टा-ङसोरिन-स्यौ ॥१।४।५॥

નામને છેડે આવેલા अ પછી તરત જ તૃતીયાના એકવચનનો टा પ્રત્યય આવેલો હોય તો टा ને બદલે इन બોલવો તથા નામને છેડે આવેલા अ પછી પષ્ઠીના એકવચનનો ङस् પ્રત્યય આવેલો હોય તો ङस् ને બદલે स्य બોલવો.

तद् + टा = त + टा = त + आ = त +इन = तेन – તે વડે. (જુઓ, ૨।૧।૪૧, ૧।૨।૬)

यद् + ङस् = यद् + अस् = य + अस् = य + स्य = यस्य – જેનું. (જુઓ ૨।૧।૪૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1][ देव + टा = देव + आ = देव + इन = देवेन–દેવ વડે.

महावीर + टा = महावीर + आ = महावीर + इन = महावीरेण–મહાવીર વડે. (જુઓ, ૨।૩।૬૩)

मोहनदास + ङस् = मोहनदास + अस् = मोहनदासस्य–મોહનદાસનું.

रविशंकर + ङस् = रविशंकर + अस् = रविशंकरस्य– રવિશંકરનું ] ૧।૪।૫।

## ङे-ङस्योर्याऽऽतौ ॥१।४।६॥

નામને છેડે આવેલા अ પછી તરત જ ચતુર્થી વિભક્તિનો ङे પ્રત્યય આવેલો હોય તો તેને બદલે य બોલવો તથા પંચમી વિભક્તિનો ङसि પ્રત્યય આવેલો હોય તો તેને બદલે आत् બોલવો.

देव + ङे = देव + ए = देव + य = देवाय–દેવને માટે (જુઓ ૧।૪।૧)

देव + ङसि = देव + अस् = देव + आत्–દેવથી. (જુઓ ૧।૨।૧)

પ્ર૦– अस् નું अत् કર્યું હોત તો પણ देव + अत् = देवात् રૂપ સાધી શકાત છતાં अस् નું आत् શા માટે કરવામાં આવ્યું ?

ઉ૦– પ્રશ્ન બરાબર છે, પણ देव + अत् આવા પ્રયોગમાં ૨।૧।૧૧૩ નિયમ દ્વારા अत् ની પૂર્વનો अ લોપ પામી જાત અને देव + अत् નું देवात् નહીં પણ देवत् રૂપ સધાત. માટે તેમ ન થાય તે દૃષ્ટિએ अत् ને સ્થાને आत् નું વિધાન કરેલ છે તેથી देव + आत् = देवात् રૂપ સિદ્ધ થઈ શકે. તથા अतिजर + आत् = अतिजरसात् રૂપ પણ સિદ્ધ થઈ શકે, એ હેતુથી પણ अत् ને સ્થાને आत् કરવાની જરૂર છે જ. જો अत् નું વિધાન કર્યું હોત તો अतिजरसत् પ્રયોગ સધાત, પણ अतिजरसात् પ્રયોગ તો ન જ સધાત. ૧૪।૬।

सर्वादि—સર્વનામો અંગેનાં વિધાનો સૂ૦ ૭ થી ૧૬ તથા ૧૮—

## सर्वादेः स्मै-स्मातौ ॥१।४।७॥

છેડે अકારવાળાં सर्व વગેરે જે અનેક સર્વનામો છે તે નામોને લાગેલા અને તે નામોની જ સાથે સાક્ષાત્ સંબંધ ધરાવનારા ચતુર્થીના એકવચન ङे–ए—પ્રત્યયને બદલે स्मै પ્રત્યય તથા તેવા જ પ્રકારના પંચમીના એકવચન ङसि–अस्–પ્રત્યયને બદલે स्मात् પ્રત્યય વાપરવો.

---

૧ [ ] આ નિશાનમાં આવેલાં ઉદાહરણો સંપાદકે પોતે ઉમેરેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्व + ङे = सर्व + ए = सर्वस्मै--સર્વને માટે.

सर्व + ङसि = सर्व + अस् = सर्वस्मात्—સર્વથી

सर्वादि શબ્દો—सर्व, विश्व, उभ, उभयट्—उभय, अन्य, अन्यतर, इतर, डतर, डतम, त्व, त्वत्, नेम, सम, सिम, पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व, अन्तर, त्यद्, तद्, यद्, अदस्, इदम्, एतद्, एक, द्वि, युष्मद्, अस्मद्, भवतु–भवत्, किम्।

આ ગણનામાં જે डतर અને डतम જણાવેલા છે તે તો પ્રત્યયો છે એટલે डतर પ્રત્યયોવાળા તથા डतम પ્રત્યયોવાળાં નામો સમજવાં. (જુઓ ૭।૩।૫૨ થી ૭।૩।૫૫ સુધી डतर, डतम પ્રત્યયનું વિધાન)

આ પ્રત્યયો एक, यत्, तत्, किम् તથા अन्य શબ્દોને લાગે છે.

પ્ર૦– डतर પ્રત્યયનો નિર્દેશ કરેલો છે તેથી डतर પ્રત્યય લાગેલો (अन्य + डतर = अन्यतर) अन्यतर શબ્દ આપોઆપ સંગૃહીત થઈ જશે, છતાં अन्यतर શબ્દને જુદો કેમ જણાવેલો છે?

ઉ૦– अन्य + डतम = अन्यतम. એ રીતે अन्यतम શબ્દ પણ બને છે. અર્થાત્ डतर પ્રત્યયવાળો अन्यतर અને डतम પ્રત્યયવાળો अन्यतम એ બંને શબ્દો डतर, डतम દ્વારા ગૃહીત થઈ શકે છે તેથી તે એમાંથી એક अन्यतर શબ્દને જ सर्वादिમાં ગણવો પણ अन्यतम શબ્દને सर्वादिમાં ન ગણવો એવું ખાસ સૂચન કરવા સારુ જ अन्यतर શબ્દને જુદો જણાવેલો છે.

सम અને सिम શબ્દો જ્યારે सर्व અર્થવાળા હોય—સર્વના પર્યાયરૂપ હોય—ત્યારે જ તે બંનેને सर्वादि સમજવા, પણ એ બંને શબ્દો બીજા કોઈ અર્થને સૂચવનારા હોય ત્યારે તે બંનેને सर्वादि ન સમજવા.

पूर्व दक्षिण વગેરે अधर સુધીના શબ્દો અમુક એક ખાસ વ્યવસ્થાના સૂચક હોય ત્યારે જ તેમને सर्वादि સમજવા.

स्व શબ્દ 'પોતે' અને 'પોતાનું' અર્થનો સૂચક હોય ત્યારે જ તેને सर्वादि સમજવો, જ્યારે स्व શબ્દ 'ધન' અર્થનો તથા 'ज्ञाति' અર્થનો બોધક હોય ત્યારે તેને सर्वादि ન સમજવો.

अन्तर શબ્દ દ્વારા જ્યારે બહિર્યોગ—બહારનો સંબંધ—સૂચવાતો હોય ત્યારે જ તેને सर्वादि સમજવો, પણ જ્યારે अन्तर શબ્દ पुर्,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरी, नगरी साथेनो बहिर्योग दर्शावतो होय त्यारे तेने सर्वादि न समजवो. तथा 'अन्तर' शब्द ज्यारे उपसंव्यान એટલે 'ઢંકાયેલ' અર્થને સૂચવતો હોય ત્યારે પણ सर्वादि સમજવો, પણ જ્યારે શરીર ઉપર પહેરેલા અને બીજા કોઈથી નહીં ઢંકાયેલા વસ્ત્રને સૂચવતો હોય ત્યારે તેને सर्वादि ન સમજવો.

ઉપર જણાવેલા सर्व, विश्व વગેરે किम् સુધીના બધા શબ્દોમાંનો કોઈ પણ શબ્દ જ્યારે કોઈ વ્યક્તિ કે પદાર્થના નામરૂપે વપરાતો હોય તથા બોલાયેલા શબ્દના અનુકરણરૂપે વપરાયેલો હોય ત્યારે તે શબ્દને सर्वादि ન સમજવો.

સર્વ વગેરે શબ્દોના અર્થો—

सर्व—સબ, બધું.

विश्व—બધું. જ્યારે આ શબ્દ 'જગત્' અર્થનો દર્શક હોય ત્યારે તેને सर्वादि ન સમજવો.

उभ—બે. આ શબ્દ દ્વિવચનમાં જ વપરાય છે.

उभय—જોડી, યુગલ. આ શબ્દ બહુવચનમાં જ વપરાય છે. આ શબ્દનું નારીજાતિનું રૂપ उभयी થાય તે સૂચવવા તેની સાથે ट જોડેલો છે. ट માટે (જુઓ ૧।૧।૩૭ તથા ૨।૪।૨૦) उभयी—જોડી

अन्य—અન્ય, બીજું, અને. મરાઠી आणखी.

अन्यतर—બેમાંથી એક.

इतर—બીજું. 'इतर' શબ્દ 'અધમ' અર્થનો દ્યોતક હોય ત્યારે તેને सर्वादि ન સમજવો.

त्व—અન્ય, બીજું.

त्वत्—સમુચ્ચય.

नेम—અર્ધું. આ શબ્દ ફારસીમાં પ્રસિદ્ધ છે અને 'જૈમિનિસૂત્ર'કાર 'नेम' શબ્દને અનાર્ય શબ્દ સમજે છે.

सम – સઘળું, સમસ્ત. 'सम' શબ્દ જ્યારે 'सरखा' અર્થનો સૂચક હોય ત્યારે તેને सर्वादि ન સમજવો.

सिम – સઘળું. 'सिम' શબ્દ સીમા – સીમાડો–અર્થનો સૂચક હોય ત્યારે તે સર્વાદિ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વ થી अधर સુધીના શબ્દો-पूर्व – પૂર્વ દિશા, पर – બીજી દિશા, अवर – પશ્ચિમ દિશા, दक्षिण – દક્ષિણ દિશા, उत्तर – ઉત્તર દિશા, अपर – બીજી દિશા, अधर – નીચી દિશા. આ શબ્દો અમુક દિશાના સૂચક હોવાથી અમુક એક ખાસ વ્યવસ્થાના જ સુચક છે.

स्व—પોતે
अन्तर—બીજું, ભિન્ન, જૂદું
त्यद्—તે
तद्—તે
यद्—જે
अदस्—એ-પરોક્ષ
इदम्—આ-પ્રત્યક્ષ
एतद्—એ
एक—એક
द्वि—બે. આ શબ્દ દ્વિવચનમાં જ વપરાય છે.
युष्मद्—તું
अस्मद्—હું
भवत्—આપ-પોતે. ગુજરાતીનો 'પોતે' શબ્દ 'भवत्' દ્વારા થયેલ 'भोतो' (પાલિરૂપ) શબ્દ સાથે સંબંધ ધરાવે છે.
किम्—કોણ અથવા શું ? ૧।૪।૭।

## ङेः स्मिन् ॥१।४।८॥

अ છેડાવાળા सर्व વગેરે શબ્દોને લાગેલા અને તે શબ્દોની સાથે જ સાક્ષાત્ સંબંધ ધરાવતા સપ્તમીના એકવચન ङि – इ–ને બદલે स्मिन् બોલવો.
सर्व + ङि = सर्व + इ + स्मिन् = सर्वस्मिन्—સર્વમાં. ૧।૪।૮।

## जसः इः ॥१।४।९॥

अ છેડાવાળા सर्व વગેરે શબ્દોને લાગેલા તથા તે શબ્દોની સાથે જ સાક્ષાત્ સંબંધ ધરાવતા जस् પ્રત્યયને બદલે इ બોલવો.

सर्व + जस् = सर्व + अस् + इ = सर्व + इ = सर्वे—બધા. હિન્દી सब. ૧।૪।૯।

## नेमा-ऽर्ध-प्रथम-चरम-तया-ऽया-ऽल्प-कतिपयस्य वा ॥१।४।१०॥

नेम, अर्ध, प्रथम, चरम, अल्प અને कतिपय શબ્દોને લાગેલા जस् પ્રત્યયને બદલે વિકલ્પે इ બોલવો. તથા જે નામને છેડે तय પ્રત્યય આવેલો હોય અને अय પ્રત્યય આવેલો હોય તેવા तय તથા अय પ્રત્યયવાળા નામને લાગેલા जस् પ્રત્યયને બદલે इ પ્રત્યય વિકલ્પે બોલવો.

नेम— અર્ધું.
अर्ध—અર્ધું, અડધું.
तय પ્રત્યય—द्वितय—બે અવયવવાળું
अय પ્રત્યય—त्रय—ત્રણ અવયવવાળું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रथम—पहेलुं. अल्प—अल्प–थोडुं
चरम—छेल्लुं कतिपय—केटलुंक

नेम + जस् = नेम + अस् = नेम + इ = नेमे अथवा नेमाः

अर्ध + जस् = अर्ध + अस् = अर्ध + इ = अर्धे ,, अर्धाः

એ જ પ્રમાણે प्रथम—प्रथमे—प्रथमाः, चरम—चरमे, चरमाः, अल्प—अल्पे, अल्पाः, कतिपय—कतिपये, कतिपयाः ।

तय प्रत्यय—द्वि + तय = द्वितय—द्वितये, द्वितयाः ।

अय प्रत्यय—त्रि + अय = त्रय—त्रये, त्रयाः ।

આ શબ્દોમાં માત્ર એક नेम શબ્દને सर्वादि તરીકે 'नेमे' એવું એક રૂપ જ પ્રાપ્ત હતું તે આ નિયમ દ્વારા नेमे, नेमाः એમ બે રૂપ થયાં અને બાકીના અર્ધ વગેરે શબ્દોને કેવળ अर्धाः, प्रथमाः એવું જ પ્રાપ્ત હતું તેને બદલે આ નિયમ દ્વારા अर्धे–अर्धाः; प्रथमे–प्रथमाः એવાં બે બે રૂપ થયાં. ૧।૪।૧૦।

## द्वन्द्वे वा १।४।११॥

કોઈ પણ सर्वादि શબ્દ જ્યારે બીજા કોઈ सर्वादि શબ્દ સાથે દ્વન્દ્વ સમાસમાં આવેલો હોય અથવા દ્વન્દ્વ સમાસને છેડે सर्वादि શબ્દ હોય ત્યારે તેવા દ્વન્દ્વ સમાસવાળા सर्वादि શબ્દને લાગેલા जस् પ્રત્યયને બદલે इ વિકલ્પે બોલવો.

पूर्व + उत्तर = पूर्वोत्तर—पूर्वोत्तरे, पूर्वोत्तराः—પૂર્વ અને ઉત્તર.

दन्त + कतम = दन्तकतमे, दन्तकतमाः—કેટલા અને દાંત. ૧।૪।૧૧।

## न सर्वादिः ।१।४।१२॥

૧૧ મા સૂત્રમાં સૂચવ્યા મુજબ જે सर्वादि શબ્દ, દ્વન્દ્વ સમાસમાં આવેલો હોય તેને सर्वादिરૂપે ન સમજવો. અર્થાત્ એવા દ્વન્દ્વ સમાસમાં આવેલા सर्वादि શબ્દને, सर्वादिने જે स्मै, स्मात्, स्मिन् વગેરે પ્રત્યયો લાગે છે તે ન લાગે.

पूर्वापर શબ્દનું पूर्वापराय (ચતુર્થી એકવચન—પૂર્વના અને પછીના માટે) રૂપ થાય, પણ पूर्वापरस्मै ન થાય. पूर्वापर શબ્દનું पूर्वापरात् (પંચમી એકવચન—પૂર્વનાથી અને પછીનાથી) થાય, પણ पूर्वापरस्मात् ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूर्वापर શબ્દનું (સપ્તમી એકવચન) पूर्वापरस्मिन् ન થાય, પણ पूर्वापरे થાય—પૂર્વમાં અને પરમાં.

कतरकतम શબ્દનું कतरकतमानाम् (ષષ્ઠી બહુવચન) રૂપ થાય. પણ कतरकतमेषाम् રૂપ ન થાય—કેટકેટલાઓનું. कतरकतम શબ્દ ૧૧ મા નિયમથી सर्वादिरूपે ન ગણાયાથી તેને अक પ્રત્યય ન લાગે પણ 'क' પ્રત્યય લાગે તેથી क પ્રત્યયવાળા कतरकतमक શબ્દનું कतरकतमकाः (પ્રથમા બહુવચન) રૂપ થાય પણ कतरकतमके ન થાય—કેટકેટલા. ૧૧૪૧૧૨।

## तृतीयान्तात् पूर्वावरं योगे ॥१।४।१३॥

ત્રીજી વિભક્તિવાળા નામની સાથે સીધો સંબંધ ધરાવનાર અને ત્રીજી વિભક્તિવાળા નામ પછી તરત જ આવનાર એવા पूर्व અને अवर શબ્દોને सर्वादि રૂપે ન સમજવા.

मासेन पूर्वाय मासपूर्वाय – मासपूर्वस्मै ન થાય—એક મહિના જેટલા પૂર્વનાને માટે.

दिनेन अवराय–दिनावराय, दिनावरस्मै ન થાય—એક દિવસ જેટલા પાછળના માટે.

पूर्वस्मै मासेन—આ પ્રયોગમાં પૂર્વ શબ્દ ત્રીજી વિભક્તિવાળા નામ પછી તરત જ નથી આવ્યો પણ પહેલાં આવ્યો છે એટલે पूर्वाय मासेन ન થાય પણ पूर्वस्मै मासेन જ થાય—એક માસ જેટલા પહેલાંના માટે. ૧૧૪૧૧૩।

## तीयं ङित्कार्ये वा ॥१।४।१४॥

જે શબ્દને છેડે तीय પ્રત્યય લાગેલો હોય તે શબ્દને જ્યારે ङे, ङसि, ङस् અને ङि પ્રત્યયો લાગેલા હોય ત્યારે તે પ્રત્યયોને બદલે स्मै, स्मात्, स्मिन् તથા स्यै, स्याः વગેરે વિકલ્પે બોલાય છે.

स्मै – द्वितीय + ङे = द्वितीय + ए = द्वितीयस्मै અથવા द्वितीयाय—બીજાને માટે

स्यै – द्वितीया + ङे = द्वितीया + ए = द्वितीयस्यै અથવા द्वितीयायै—બીજીને માટે

द्वितीय—क = द्वितीयक – આ પ્રયોગમાં ङे, ङसि વગેરે કોઈ પ્રત્યય લાગેલા નથી, પણ क પ્રત્યય લાગેલો છે તેથી द्वितीयक શબ્દ सर्वादि રૂપે ન ગણાય. તેને લીધે તેનું ચતુર્થીનું એકવચન द्वितीयकस्मै ન થાય પણ द्वितीयकाय (બીજાને માટે) થાય. ૧૧૪૧૧૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवर्णस्यामः साम् ॥१।४।१५॥

सर्वादि मां गणावेला जे शब्दोने छेडे अ वर्ण ( अ के आ ) आवेलो होय अने तेवा शब्दने ते शब्दनी ज साथे संबंध धरावतो षष्ठीना बहुवचननो आम् प्रत्यय लागेलो होय तो ते आम् बदले साम् बोलवो.

अ—सर्व + आम् * सर्व + साम् = सर्वेषाम्—सर्वेनुं.

आ—विश्वा + आम् = विश्वा + साम् = विश्वासाम् – समग्र स्त्रीओनुं. १।४।१५।

## नवभ्यः पूर्वेभ्यः इ-स्मात्-स्मिन् वा ॥१।४।१६॥

पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व, अन्तर—ए नव शब्दोने ज प्रथमा बहुवचनमां लागेला जस्ने बदले इ विकल्पे बोलवो तथा पंचमीना एकवचनमां लागेला ङसि ने बदले स्मात् अने सप्तमीना एक वचनमां लागेला ङि ने बदले स्मिन् विकल्पे बोलवो.

पूर्व + जस् = पूर्व + अस् = पूर्वे अथवा पूर्वाः पूर्वना लोको.

पूर्व + ङसि = पूर्व + अस् = पूर्वस्मात् अथवा पूर्वात्—पूर्वथी.

पूर्व + ङि = पूर्व + इ = पूर्वस्मिन् अथवा पूर्वे—पूर्वमां.

'त्य' शब्द उपर जणावेला नव शब्दोमां नथी आवतो. तेथी तेनुं त्य + जस् = त्य + अस् = त्ये एवुं एक ज रूप थाय, पण बीजुं त्याः न थाय. त्ये–तेओ. १।४।१६।

## आपो ङितां यै यास् यास् याम् ॥१।४।१७॥

जे शब्दने छेडे स्त्रीलिंगनो सूचक आप (आ) प्रत्यय लागेलो होय ते शब्दने लागेला चतुर्थी एकवचन ङे (ए) ने बदले यै, पंचमीना एकवचन 'ङसि' (अस्)ने बदले यास्, षष्ठीना एकवचन 'ङस्' (अस्) ने बदले यास् तथा सप्तमीना एकवचन 'ङि' (इ) ने बदले याम् बोलाय छे.

खट्व + आप् – खट्व + आ = खट्वा—खाट अथवा खाटलो.

ङे – खट्वा + ङे = खट्वायै —खाटला माटे.

ङसि – खट्वा + ङसि = खट्वायाः —खाटलाथी.

ङस् – खट्वा + ङस् = खट्वायाः —खाटलानुं.

ङि – खट्वा + ङि = खट्वायाम् – खाटलामां. १।४।१७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सर्वादेः डस्पूर्वाः ॥१।४।१८॥

सर्वादि રૂપે જણાવેલા જે શબ્દોને સ્ત્રીલિંગનો સૂચક आप् (आ) પ્રત્યય લાગેલો હોય તે શબ્દોને લાગેલા ચતુર્થીના એકવચનને બદલે डस्यै (अस्यै) પંચમીના એકવચનને બદલે डस्यास् (अस्यास्), ષષ્ઠી એકવચનને બદલે પણ डस्यास् (अस्यास्) અને સપ્તમીના એક વચનને બદલે डस्याम् (अस्याम्) પ્રત્યય બોલવો.

ચતુર્થી એકવચન—सर्व + आ = सर्वा + ङे = सर्वा + अस्यै = सर्वस्यै = સર્વ સ્ત્રી માટે.

પંચમી એકવચન—सर्व + आ = सर्वा + ङसि = सर्वा + अस्यास् = सर्वस्याः— સર્વ સ્ત્રીથી.

ષષ્ઠી એકવચન—सर्व + आ = सर्वा + ङस् = सर्वा + अस्यास् = सर्वस्याः— સર્વ સ્ત્રીનું.

સપ્તમી એકવચન—सर्व + आ = सर्वा + ङि = सर्वा + अस्याम् = सर्वस्याम् — સર્વ સ્ત્રીમાં.

अस्यै વગેરેને બદલે डस्यै વગેરે કરીને આચાર્ય એવું સૂચન કરે છે કે, अस्यै વગેરે પ્રત્યયોની પૂર્વે આવેલો आ કાઢી નાખવો અર્થાત્ सर्वा + अस्यै सर्व + अस्यै = सर्वस्यै—એ રીતે બધાં રૂપોને સિદ્ધ કરવાં. ૧।૪।૧૮।

## टौस्येत् ॥१।४।१९॥

જે શબ્દને છેડે સ્ત્રીલિંગસૂચક आप् પ્રત્યય લાગેલો હોય તે શબ્દને જો તૃતીયાનું એકવચન टा (आ) તથા ષષ્ઠી અને સપ્તમીનું દ્વિવચન ओस् પ્રત્યય લાગેલો હોય તો શબ્દના અંત્ય आ ને બદલે ए બોલવો.

તૃ० એ० વ०—बहुराजा + टा = बहुराजा + आ = बहुराजे + आ = बहुराजय् + आ = बहुराजया – રાજા જેવી વડે.

ષ० દ્વિ० વ०—बहुराजा + ओस् = बहुराजे + ओस् = बहुराजय् + ओस् = बहुराजयोः– રાજા જેવી બેનું

સ० દ્વિ० વ०—बहुराजा+ओस्=बहुराजे+ओस्=बहुराजय्+ओस्=बहुराजयोः રાજા જેવી બેમાં. ૧।૪।૧૯।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## औता ॥१।४।२०॥

જે શબ્દને છેડે પૂર્વોક્ત आप् પ્રત્યય લાગેલો હોય અને તે શબ્દ પછી તરત જ પ્રથમા અને દ્વિતીયાના દ્વિવચનનો औ આવેલો હોય તો શબ્દના છેડાના आ તથા औ એ બંનેને બદલે એકલો ए બોલાય છે.

પ્ર૦દ્વિ૦વ૦ – माला + औ = माल् + ए = माले ऽतः– બે માળાઓ છે.
દ્વિ૦દ્વિ૦વ૦–माला + औ=माल् + ए = माले–पश्य–બે માળાઓને જો. ૧।૪।૨૦।

## इदुतोऽस्त्रेरीदूत् ॥१।४।२१॥

જે શબ્દને છેડે હ્રસ્વ इ કે હ્રસ્વ उ આવેલા હોય અને તે શબ્દ પછી તરત જ પ્રથમા અને દ્વિતીયાના દ્વિવચનનો औ આવેલો હોય તો શબ્દના છેડાના इ અને औ એ બન્નેને બદલે એકલો દીર્ઘ ई જ બોલાય છે તથા શબ્દના છેડાના उ અને औ એ બંનેને બદલે એકલો દીર્ઘ ऊ જ બોલાય છે.

इकारांत

प्र०द्वि० – मुनि + औ = मुन् + ई = मुनी – બે મુનિઓ.
द्वि०द्वि० – मुनि + औ = मुन् + ई = मुनी – બે મુનિઓને

उकारांत

प्र०द्वि० – साधु + औ = साध् + ऊ = साधू – બે સાધુઓ.
द्वि०द्वि० – साधु + औ = साध् + ऊ = साधू – બે સાધુઓને.

આ નિયમ એક માત્ર स्त्रि શબ્દને અર્થાત્ હ્રસ્વ થયેલા स्त्रि શબ્દને ન લગાડવો.

प्र०द्वि० – अतिस्त्रि + औ = अतिस्त्रियौ થાય પણ अतिस्त्री ન થાય.
द्वि०द्वि० – अतिस्त्रि + औ = अतिस्त्रियौ થાય પણ अतिस्त्री ન થાય.
प्र०द्वि० તથા द्वि०द्वि० अतिस्त्रियौ नरौ – હોશિયારીમાં સ્ત્રીને પણ ટપી જાય એવા બે પુરુષો તથા બે પુરુષોને જો. ૧।૪।૨૧।

## जस्येदोत् ॥१।४।२२॥

જે શબ્દને છેડે હ્રસ્વ 'इ' હોય અને તેને પ્રથમાના બહુવચનનો 'जस्' પ્રત્યય લાગેલો હોય તો 'इ' ને બદલે 'ए' બોલવો. તથા જે શબ્દને છેડે હ્રસ્વ उ હોય અને તેને પ્રથમાના બહુવચનનો जस् પ્રત્યય લાગેલો હોય તો 'उ' ને બદલે 'ओ' બોલવો.

इ–मुनि + जस् = मुनि + अस् = मुने+अस् = मुनयः – મુનિઓ.
उ–साधु +जस् = साधु + अस् = साधो + अस् = साधवः – સાધુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङित्यदिति ॥१।४।२३॥

જે શબ્દને છેડે હ્રસ્વ इ હોય અને તેને ङ् નિશાનવાળા સ્યાદિ પ્રત્યયો એટલે ङे, ङसि અને ङस् પ્રત્યયો લાગેલા હોય તો इ ને બદલે ए બોલવો તથા જે શબ્દને છેડે હ્રસ્વ उ હોય અને તેને પણ ङ् નિશાનવાળા પૂર્વોક્ત સ્યાદિ પ્રત્યયો લાગેલા હોય તો उ ને બદલે ओ બોલવો.

અહીં જે ङ् નિશાનવાળા પ્રત્યયો લેવાના છે તે માત્ર ङ् નિશાનવાળા જ હોવા જોઈએ પણ ङ् અને द् એવા બે નિશાનવાળા ન હોવા જોઈએ.

इ – ङे – अतिस्त्रि + ए = अतिस्त्रे + ए = अतिस्त्रये– સ્ત્રીને પણ ટપી જાય એવા પુરુષ માટે.

उ – ङे – साधु + ए = साधो + ए = साधवे—સાધુને માટે.

इ – ङसि – अतिस्त्रि + अस् = अतिस्त्रे + अस् = अतिस्त्रे + र् = अतिस्त्रेः आगतम् સ્ત્રીને પણ ટપી જાય એવા પુરુષ પાસેથી આવેલું.

उ – ङसि – साधु + अस् = साधो + अस् = साधो + र् = साधोः आगतम्– સાધુ પાસેથી આવેલું

इ – ङस् – अतिस्त्रि + अस् = अतिस्त्रे + अस् = अतिस्त्रे + र् = अतिस्त्रेः स्वम् – સ્ત્રીને પણ ટપી જાય એવા પુરુષનું ધન

उ – ङस् – साधु + अस् = साधो + अस् = साधो + र् = साधोः स्वम्– સાધુનું ધન – તપ.

इ – પં૦ એ૦ – बुद्धि + ङसि = बुद्धि + दास् = बुद्धि + आस् = बुद्धयाः– બુદ્ધિથી.

इ – ષ૦ એ૦ – बुद्धि + ङस् = बुद्धि + दास् = बुद्धि + आस् = बुद्धयाः બુદ્ધિનું.

उ – પં૦ એ૦ धेनु + ङसि = धेनु + दास् = धेनु + आस् = धेन्वाः ગાયથી.

उ – ષ૦ એ૦ – धेनु + ङस् = धेनु + दास् = धेनु + आस् = धेन्वाः– ગાયનું.

અહીં ङसि, ङस् પ્રત્યયો ङ् તથા द् એવા બે નિશાનવાળા છે તેથી આ પ્રયોગમાં આ નિયમ ન લાગે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शुचि + ङी = शुची स्त्री – પવિત્ર સ્ત્રી – આ પ્રયોગમાં ङ નિશાનવાળો પ્રત્યય તો છે પણ તે स्यादि પ્રત્યય નથી તેથી અહીં આ નિયમ ન લાગે. ૧।૪।૨૩।

## टः पुंसि ना ॥१।४।२४॥

હ્રસ્વ इકારાંત અને હ્રસ્વ उકારાંત નામ નરજાતિમાં હોય અને તેને તૃતીયા એકવચનનો टा પ્રત્યય લાગેલો હોય તો टा ને બદલે ना બોલવો.

इ–टा– अतिस्त्रि + आ = अतिस्त्रिणा – સ્ત્રીને ટપી જાય એવા પુરુષ વડે.

उ–टा– अमु + आ = अमुना– આ વડે.

बुद्धि શબ્દ હ્રસ્વ इ કારાંત તો છે, પણ નારીજાતિનો છે તેથી તેને લાગેલા टा નો ना ન બોલાય.

इ–टा–बुद्धि + आ = बुद्धया–બુદ્ધિ વડે.

धेनु શબ્દ હ્રસ્વ उ કારાંત તો છે, પણ નારીજાતિનો છે તેથી તેને લાગેલા टा નો ना ન બોલાય.

उ–टा–धेनु + आ = धेन्वा– ગાય વડે. ૧।૪।૨૪।

## ङिः डौ ॥१।४।२५॥

હ્રસ્વ इકારાંત અને હ્રસ્વ उકારાંત નામને લાગેલો સપ્તમીના એકવચનનો ङि પ્રત્યય डौ રૂપે બોલવો. અહીં ङि પ્રત્યય માત્ર ङ् નિશાનવાળો જ સમજવો, પણ જે ङि પ્રત્યય 'ङ्' અને 'ड्' એમ બે નિશાનવાળો હોય તેને અહીં ન સમજવો.

इ – मुनि + ङि = मुनि + डौ – औ = मुनौ – મુનિમાં.

उ – धेनु + ङि = धेनु + डौ – औ = धेनौ – ગાયમાં.

बुद्धि + ङि = बुद्धि + दाम् = बुद्धि + आम् + = बुद्धयाम् – બુદ્ધિમાં.

આ પ્રયોગમાં ङ् અને ड् એમ બે નિશાન વાળો ङि છે માટે અહીં આ નિયમ ન લાગે. ૧।૪।૨૫।

## केवलसखि-पतेरौः ॥१।४।२६॥

માત્ર એકલા એટલે બીજા કોઈ શબ્દ સાથે નહીં જોડાયેલા એવા હ્રસ્વ इકારાંત सखि શબ્દને તથા એવા જ માત્ર એકલા હ્રસ્વ इકારાંત पति શબ્દને લાગેલા સપ્તમીના એકવચન ङि ને બદલે औ બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सखि + इ = सखि + औ = सख्यौ – સખિમાં – મિત્રમાં,
पति + इ = पति + औ = पत्यौ – પતિમાં.

सखायम् इच्छति इति सखीयति, सखीयति इति सखीः, तथा पतिम् इच्छति इति पतीयति, पतीयति इति पतीः । આ પ્રમાણે સખિ નામને ધાતુ બનાવીને નામ બનાવવાથી દીર્ઘ સખી શબ્દ તથા પતિ નામને ધાતુ બનાવીને નામ બનાવવાથી દીર્ઘ પતી શબ્દ બનાવી શકાય છે. એવો દીર્ઘ ઈકારાંત સખી અને પતી શબ્દ અહીં નામજવાનો નથી. એ સૂચવવા જ આચાર્યે હ્રસ્વ ઇકારાંત સખિ શબ્દ તથા હ્રસ્વ ઇકારાંત પતિ શબ્દ એવો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. તેથી આવા દીર્ઘ સખી અને પતી શબ્દને આ નિયમ લાગતો નથી.

सखी + ङि = सख्यि – સખાને ઇચ્છનારમાં.
पती + ङि = पत्यि – પતિને ઇચ્છનારમાં.

આ સૂત્ર એકલા સખિ શબ્દને તથા એકલા પતિ શબ્દને માટે જ આ વિધાન કરેલું છે તેથી જ્યાં 'प्रियसखि' શબ્દ હોય કે नरपति શબ્દ હોય ત્યાં પણ આ નિયમ લાગતો નથી.

प्रियसखि + ङि = प्रियसखि + औ = प्रियसखौ – પ્રિય મિત્રવાળામાં.
नरपति + ङि = नरपति + औ = नरपतौ – નરપતિમાં – રાજામાં.

આ બંને પ્રયોગોમાં સખિ તથા પતિ શબ્દ એકલા નથી, પણ બીજા શબ્દ સાથે જોડાયેલા છે. ૧।૪।૨૬।

## न ना ङिदेत् ॥१।४।२७॥

માત્ર એકલા એટલે કોઈ બીજા શબ્દ સાથે નહીં જોડાયેલા હ્રસ્વ ઇકારાંત સખિ તથા પતિ શબ્દને લાગેલા તૃતીયાના એકવચન 'टा' નો 'ना' કરવો નહીં તથા ङित्यदिति (૧।૪।૨૩)નો નિયમ પણ લગાડવો નહીં. અર્થાત્ ङ નિશાનવાળા પ્રત્યયોને લીધે જે इ નો ए કરવાનું સૂચન કરેલું છે તે કેવળ સખિ અને પતિ શબ્દોને લાગુ ન પાડવું.

टा – सखि + आ = सख्या થાય પણ सखिना ન થાય. – મિત્ર વડે.
टा – पति + आ = पत्या થાય પણ पतिना ન થાય. – પતિ વડે.
ङे – सखि + ए = सख्ये થાય પણ सखये ન થાય. – મિત્ર માટે.
ङे – पति + ए = पत्ये થાય પણ पतये ન થાય. – પતિ માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङसि–सखि + अस् = सख्युः થાય પણ सखेः ન થાય. સખિથી – મિત્રથી.
ङसि–पति + ङस् = पत्युः થાય પણ पतेः ન થાય. – પતિથી.
ङस्–सखि + ङस् = सख्युः થાય પણ सखेः ન થાય. – સખિનું–મિત્રનું.
ङस्–पति + अस् = पत्युः થાય પણ पतेः ન થાય. – પતિનું.
सख्युः आगतम् – મિત્ર પાસેથી આવેલું.
पत्युः आगतम् – પતિ પાસેથી આવેલું
सख्युः स्वम् – મિત્રનું ધન.
पत्युः स्वम् – પતિનું ધન.

માત્ર ङ् નિશાનવાળા પ્રત્યયોને લીધે જે इनो ए કરવાનો નિર્દેશ કરેલો છે તેનો જ આ નિયમ નિષેધ કરે છે તેથી બીજા કોઈ પ્રત્યયને લીધે 'इ'નો 'ए' થતો હોય તો તેનો નિષેધ સમજવાનો નથી.

પ્ર૦ બહુવ૦–पति + ङस् = पतयः – પતિઓ (જુઓ, ૧।૪।૨૨) ૧।૪।૨૭

## स्त्रिया ङितां वा दै-दास्-दास्-दाम् ॥१।४।२८॥

નારીજાતિના સૂચક એવા હ્રસ્વ इકારાંત તથા હ્રસ્વ उકારાંત શબ્દોને લાગેલા ચતુર્થીના એકવચન ङेને બદલે ऐ ( दै ) વિકલ્પે બોલવો, તથા પંચમીના અને ષષ્ઠીના એકવચન ङसि તથા ङस्ને બદલે आस (दास्) વિકલ્પે બોલવો અને સપ્તમીના એકવચન ङि ને બદલે आम् ( दाम् ) વિકલ્પે બોલવો.

इ – ङे – बुद्धि + ए = बुद्धि + ऐ = बुद्ध्यै તથા बुद्धये (જુઓ, ૧।૪।૨૩) બુદ્ધિને માટે.

उ – ङे – धेनु + ए = धेनु + ऐ = धेन्वै તથા धेनवे ( ૧।૪।૨૩ ) – ગાય માટે.

इ – ङसि – बुद्धि + अस् = बुद्ध्याः + आस् = बुद्ध्याः તથા बुद्धेः आगतम् (૧।૪।૨૩) બુદ્ધિ પાસેથી આવેલું.

उ – ङसि – धेनु + अस = धेनु + आस् = धेन्वाः તથા धेनोः आगतम् (૧।૪।૨૩) ગાય પાસેથી આવેલું.

इ – ङस् – बुद्धि + अस् = बुद्धि + आस् = बुद्ध्याः તથા बुद्धेः स्वं वा (૧।૪।૨૩) –બુદ્ધિનું ધન.

उ – ङस् – धेनु + अस् = धेनु + आस् = धेन्वाः તથા धेनोः स्वं वा (૧।૪।૨૩) –ધેનુનું ધન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इ — ङि – बुद्धि + इ = बुद्धि + आम् = बुद्धयाम् તથા बुद्धौ – બુદ્ધિમાં.
उ — ङि – धेनु + इ = धेनु + आम् = धेन्वाम् તથા धेनौ – ગાયમાં.

એ જ પ્રમાણે प्रियबुद्ध्यै તથા प्रियबुद्धये વગેરે રૂપો સમજીને સાધી લેવાં. प्रियबुद्ध्यै—જેમને બુદ્ધિ પ્રિય છે એવા પુરુષ માટે કે એવી સ્ત્રી માટે.

दै-दास्-दाम् વગેરે પ્રત્યયોમાં द् તો માત્ર નિશાનરૂપે છે. એ द् ના નિશાનને લીધે એ પ્રત્યયો 'दित्' કહેવાય છે. જ્યાં જ્યાં दित् પ્રત્યયોનો નિર્દેશ આવે ત્યાં ત્યાં આ પ્રત્યયો સમજવા. ૧।૪।૨૮।

## स्त्रीदूतः ॥१।४।२९॥

જેમને છેડે દીર્ઘ ईकार છે તથા દીર્ઘ ऊकार છે એવા સ્ત્રીલિંગી જ શબ્દોને લાગેલા ङित् પ્રત્યયોને બદલે એટલે ચતુર્થી એકવચનના ङे પ્રત્યયને બદલે दै, પંચમીના એકવચન ङसि અને ષષ્ઠીના એકવચન ङस् પ્રત્યયને બદલે दास् તથા સપ્તમીના એકવચન ङि પ્રત્યયને બદલે दाम् બોલવાનો છે.

ई – ङे – नदी + ए = नदी + ऐ = नद्यै—નદી માટે.
ऊ – ङे – कुरू + ए = कुरू + ऐ = कुर्वै—કુરુ માટે.
ई – ङसि – नदी + अस् = नदी + आस् = नद्याः—નદીથી.
ऊ – ङसि – कुरू + अस् = कुरू + आस् = कुर्वाः—કુરૂથી.
ई – ङस् – नदी + अस् = नदी + आस् = नद्याः—નદીનું.
ऊ – ङस् – कुरू + अस् = कुरू + आस् = कुर्वाः—કુરૂનું.
ई – ङि – नदी + इ = नदी + आम् = नद्याम्—નદીમાં.
ऊ – ङि – कुरू + इ = कुरू + आम् = कुर्वाम्—કુરૂમાં.

એ જ પ્રમાણે अतिलक्ष्म्यै વગેરે રૂપોને સમજીને સાધી લેવાનાં છે. अतिलक्ष्म्यै—જે પુરુષ કે સ્ત્રી લક્ષ્મીને પણ ટપી ગયેલ છે તેવા પુરુષ માટે કે સ્ત્રી માટે.

ग्रामणी શબ્દ દીર્ઘ ईकारांत તો છે પણ સ્ત્રીલિંગી જ નથી તેથી ग्रामण्यै ન થાય પણ ग्रामण्ये થાય.—ગામના નેતારૂપ પુરુષ માટે કે સ્ત્રી માટે.

खलपू શબ્દ દીર્ઘ ऊकारांत તો છે પણ સ્ત્રીલિંગી જ નથી તેથી खलप्वै ન થાય પણ खलप्वे થાય.—ખળાને સાફ કરનાર પુરુષ કે સ્ત્રી માટે.

ग्रामणी અને खलपू શબ્દ વિશેષણ રૂપ છે તેથી તે શબ્દો ત્રણે લિંગમાં વપરાય છે પણ માત્ર સ્ત્રીલિંગમાં જ વપરાતા નથી. ૧।૪।૨૯।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वेयुवोऽस्त्रियाः ॥१।४।३०॥

જેમને છેડે દીર્ઘ ई છે અને દીર્ઘ ऊ છે એવા સ્ત્રીલિંગી જ શબ્દોને અહીં લેવાના છે. જેમને છેડે આવેલા 'ई'ને બદલે 'इय्' બોલાતો હોય તથા જેમને છેડે આવેલા 'ऊ'ને બદલે 'उव्' બોલાતો હોય તેવા સ્ત્રીલિંગી જ દીર્ઘ ઈકારાંત તથા દીર્ઘ ઊકારાંત શબ્દોને લાગેલા એકવચનના ङित् પ્રત્યયોને બદલે એટલે ચતુર્થીના ङे, પંચમીના ङसि, ષષ્ઠીના ङस् અને સપ્તમીના ङि પ્રત્યયને બદલે અનુક્રમે વિકલ્પે दै, दास्, दास् તથા दाम् બોલવાના છે. दै- ऐ, दास्-आस् અને दाम्-आम् સમજવા.

આ પ્રત્યયો પણ द् નિશાનવાળા છે એટલે તેને दित् સમજવા.

ई – ङे – श्री + ए = श्री + ऐ = श्रियै અથવા श्रिये—શ્રી-લક્ષ્મીને માટે.
ऊ – ङे – भ्रू + ए = भ्रू + ऐ = भ्रुवै અથવા भ्रुवे—ભવાં માટે.
ई – ङसि – श्री + अस् = श्री + आस् = श्रियाः અથવા श्रियः—શ્રી-લક્ષ્મીથી
ऊ – ङसि – भ्रू + अस् = भ्रू + आस् = भ्रुवाः અથવા भ्रुवः—ભવાંથી.
ई – ङस् – श्री + अस् = श्री + आस् = श्रियाः અથવા श्रियः—લક્ષ્મીનું.
ऊ – ङस् – भ्रू + अस् = भ्रू + आस् = भ्रुवाः અથવા भ्रुवः—ભવાંનું.
ई – ङि – श्री + इ = श्री + आम् = श्रियाम् અથવા श्रियि—લક્ષ્મીમાં.
ऊ – ङि – भ्रू + इ = भ्रू + आम् = भ्रुवाम् અથવા भ्रुवि—ભવાંમાં.

એ જ પ્રમાણે अतिश्रियै અથવા अतिश्रिये અને अतिभ्रुवै અથવા अतिभ्रुवे વગેરે રૂપો સમજીને સાધી લેવાં. अतिश्रियै, अतिश्रिये पुंसे स्त्रियै वा—લક્ષ્મીને ટપી જનારા-કોઈ ગુણ વડે લક્ષ્મીથી ચડિયાતા-પુરુષ માટે કે સ્ત્રી માટે. अतिभ्रुवै, अतिभ्रुवे- વક્રપણાના ગુણને લીધે ભવાંને પણ ટપી જનારા પુરુષ માટે કે સ્ત્રી માટે. ભવાં-આંખની ઉપરનો ભાગ- નેણ.

आधी શબ્દ દીર્ઘ ઈકારાંત તો છે પણ તેના 'ई'નો 'इय्' બોલાતો નથી તેથી તેનું आध्यै એવું એક જ રૂપ થાય. પણ आध्यै, आधिये એવાં બે રૂપ ન જ થાય.

મૂળસૂત્રમાં 'अस्त्रियाः' શબ્દ મૂકેલો છે તે એવું સૂચન કરે છે કે આ નિયમ स्त्री શબ્દને ન લગાડવો. તેથી 'स्त्री' શબ્દનું स्त्रियै એવું એક જ રૂપ થાય, પણ 'स्त्रियै, स्त्रिये' એવાં બે રૂપ ન થાય. स्त्री + ए = स्त्री + ऐ = स्त्रियै — સ્ત્રી માટે. (જુઓ ૧।૪।૨૯) ૧।૪।૩૦।

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## आमो नाम् वा ॥१।४।३१॥

જેનો इय् થાય છે તેવો દીર્ઘ ईकार જેમને છેડે છે એવા સ્ત્રીલિંગી દીર્ઘ ईકારાંત શબ્દોને તથા જેનો उव् થાય છે એવો દીર્ઘ ऊकार જેમને છેડે છે એવા સ્ત્રીલિંગી દીર્ઘ ऊकारांत શબ્દોને લાગેલા ષષ્ઠી બહુવચનના आम् પ્રત્યયને બદલે नाम् વિકલ્પે બોલવો. આ નિયમ ફક્ત 'स्त्री' શબ્દને લાગતો નથી.

ई – आम् – श्री + आम् = श्री + नाम् = श्रीणाम् અથવા श्रियाम्—લક્ષ્મીઓનું

ऊ – आम् – भ्रू + आम् + भ्रू + नाम् = भ्रूणाम् અથવા भ्रुवाम्—ભવાંઓનું

अतिश्री + आम् = अतिश्री + नाम् = अतिश्रीणाम् અથવા अतिश्रियाम्—લક્ષ્મીને ટપી જનારા પુરુષોનું કે સ્ત્રીઓનું.

अतिभ्रू + आम् = अतिभ्रू + नाम् = अतिभ्रूणाम् અથવા अतिभ्रुवाम्—ભવાંને ટપી જનારા પુરુષોનું કે સ્ત્રીઓનું.

प्रधी શબ્દના ईનો इय् થતો નથી માટે તે સ્ત્રીલિંગી દીર્ઘ ईકારાંત હોવા છતાં તેને આ નિયમ લાગતો નથી તેથી प्रधी + आम् = प्रधीनाम् એક જ રૂપ થાય, પણ प्रधीनाम् અને प्रध्याम् એવાં બે રૂપો ન થાય. प्रधीनाम्–બુદ્ધિવાળાઓનું.

'स्त्री' શબ્દને પણ આ નિયમ લાગતો નથી તેથી स्त्रीणाम् એવું એક જ રૂપ થાય પણ स्त्रीणाम् તથા स्त्रियाम् એવાં બે રૂપો ન થાય ૧।૪।૩૧।

## ह्रस्वापश्च ॥१।४।३२॥

જે શબ્દનો છેડાનો સ્વર હ્રસ્વ છે તેવા શબ્દોને, જે શબ્દોને સ્ત્રીલિંગસૂચક आप्–आ–પ્રત્યય લાગેલો છે તેવા શબ્દોને તથા સ્ત્રીલિંગી દીર્ઘ ईકારાંત તથા દીર્ઘ ऊकारांत શબ્દોને—એ બધા શબ્દોને લાગેલા ષષ્ઠી બહુવચનના आम् પ્રત્યયને બદલે नाम् બોલવો.

હ્રસ્વ–अ – પું૦–देव + आम् = देव + नाम् = देवानाम्—દેવોનું.

,, –इ – પું૦–मुनि + आम् = मुनि + नाम् = मुनीनाम्—મુનિઓનું.

,, –,, સ્ત્રી૦–मति + आम् = मति + नाम् = मतीनाम्—મતીઓનું

,, –उ – પું૦–भानु + आम् = भानु + नाम् = भानूनाम्—સૂર્યોનું,—ભાણોનું.

,, –,, સ્ત્રી૦–धेनु + आम् = धेनु + नाम् = धेनूनाम्—ધેનુઓનું—ગાયોનું

દીર્ઘ आ–સ્ત્રી૦–माला + आम = माला + नाम् = मालानाम्—માળાઓનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, ई-स्त्री०-स्त्री + आम् = स्त्री + नाम् = स्त्रीणाम् – સ્ત્રીઓનું.
,, ऊ-स्त्री०-वधू + आम् = वधू + नाम् = वधूनाम्–વહુઓનું. ૧।૪।૩૨।

## संख्यानां र्-ष्-णाम् ॥१।४।३३॥

સંખ્યાને સૂચવનારા रकारांत, षकारांत તથા नकारांत શબ્દોને લાગેલા ષષ્ઠી બહુવચન आम् ને બદલે नाम् બોલવો.

रकारांत---चतुर् + आम् = चतुर् + नाम् = चतुर्णाम्---ચારનું
षकारांत—षष् + आम् = षष् + नाम् = षड् + नाम् = षण्णाम्—છનું (જુઓ ૧।૩।૬૦)

नकारांत—पञ्चन् + आम् = पञ्चन् + नाम् = पञ्च + नाम् = पञ्चानाम्— પાંચનું.
,, —अष्टन् + आम् = अष्टन् + नाम् = अष्ट + नाम् = अष्टानाम्—આઠનું. (જુઓ ૨।૧।૬૧। તથા ૧।૪।૪૭) ૧।૪।૩૩।

## त्रेः त्रयः ॥१।४।३४॥

સંખ્યાવાચક 'त्रि' શબ્દને જ્યારે ષષ્ઠીના બહુવચનનો आम् પ્રત્યય લાગેલો હોય ત્યારે त्रि શબ્દને બદલે त्रय શબ્દ બોલવો.

त्रि + आम् = त्रय + आम् = त्रय + नाम् = त्रयाणाम्—ત્રણનું. (જુઓ ૧।૪।૩૨। તથા ૧।૪।૪૭) ૧।૪।૩૪।

## एदोद्भ्यां ङसि-ङसोः रः ॥१।४।३५॥

ङित्यदिति ૧।૪।૨૩। ના નિયમ દ્વારા જે શબ્દોના અંત્ય इ નો ए તથા અંત્ય उ નો ओ થયા પછી તેમને લાગેલા પંચમીના એકવચન ङसिनो તથા ષષ્ઠીના એકવચન ङस् નો र् કરી નાખવો તથા જે શબ્દોને છેડે ए કે ओ આવેલા હોય તેવા શબ્દોને લાગેલા ङसिनो તથા ङस् નો પણ र् કરી નાખવો.

ङसि—इ નો ए—मुनि + असि = मुने + अस् = मुने + र् = मुनेः—મુનિથી.
ङसि—उ નો ओ—भानु + असि = भानो + अस् = भानो + र् = भानोः—ભાણથી
ङस्—इ નો ए—मुनि + अस् = मुने + अस् = मुने + र् = मुनेः—મુનિનું.
ङस्—उ નો ओ—भानु + अस् = भानो + अस् = भानो + र् = भानोः—ભાણનું.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

એ જ પ્રમાણે—बुद्धेः-બુદ્ધિથી. धेनोः-ગાયથી. बुद्धेः-બુદ્ધિનું. धेनोः-ગાયનું વગેરે રૂપો સાધી લેવાં.

ङसि – અંતે ए—ने + असि – ने + र् = नेः—લઈ જનારથી.
ङस् – અંતે ए—ने + अस् – ने + र् = नेः—લઈ જનારનું
ङसि – અંતે ओ—गो + असि – गो + र् = गोः—ગાયથી.
,, – ,, ,,—द्यो + असि – द्यो + र् = द्योः—આકાશથી.
ङस् – ,, ,,—गो + अस् – गो + र् = गोः—ગાયનું.
,, – ,, ,,—द्यो + अस् – द्यो + र् = द्योः—આકાશનું. ૧૪૧૩૫।

## खि-ति-खी-तीय उर् ॥१।४।३६॥

જે શબ્દને છેડે હ્રસ્વ खि, હ્રસ્વ ति, દીર્ઘ खी તથા દીર્ઘ ती આવેલા હોય અને તેમના ख्य તથા त्य થયેલા હોય તો તેવા શબ્દને એટલે सख्य् અથવા पत्य् શબ્દને પંચમીના એકવચનનો ङसि તથા ષષ્ઠીના એકવચનનો ङस् લાગેલા હોય તો તે ङसि અને ङस् ને બદલે उर् બોલવો.

खि–પં૦એ૦–सखि + अस्—सख्य् + अस् = सख्य् + उर् = सख्युः—સખિથી–મિત્રથી.

ति–પં૦એ૦–पति + अस्—पत्य् + अस् = पत्य् + उर् = पत्युः—પતિથી–માલિકથી.

खि–ષ૦એ૦–सखि + अस्— सख्य् + अस् = सख्य् + उर् = सख्युः—સખિનું–મિત્રનું.

ति–ષ૦એ૦–पति + अस्—पत्य् + अस् = पत्य् + उर् = पत्युः—પતિનું, માલિકનું.

खी–પં૦એ૦–सखी + अस् = सख्य् + अस् = सख्य् + उर् = सख्युः—સખીને ઇચ્છનારાથી.

ती–પં૦એ૦–पती + अस् = पत्य् + अस् = पत्य् + उर् = पत्युः—પતિને ઇચ્છનારાથી.

खी–ષ૦એ૦–सखी + अस् = सख्य् + अस् = सख्य् + उर् = सख्युः—સખીને ઇચ્છનારાનું.

ती–ષ૦એ૦–पती + अस् = पत्य् + अस् = पत्य् + उर् = पत्युः—પતિને ઇચ્છનારાનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કે આમ તો सखि અને पति શબ્દ હ્રસ્વ इકારાંત છે, પણ તેને દીર્ઘ ईકારાંત બનાવવાની રીત આચાર્યશ્રીએ આ પ્રમાણે આપેલી છે. सखिम् इच्छति इति सखीयति, सखीयति इति सखीः—સખિને ઇચ્છનારો. पतिम् इच्छति इति पतीयति, पतीयति इति पतीः—પતિને ઇચ્છનારો.

આ રીતે सखि અને पति શબ્દને નામધાતુ બનાવી પછી તેના ઉપરથી નામ બનાવવાથી તે બંને શબ્દો દીર્ઘ ईકારાંત બની શકે છે.

अतिसखेः અને अधिपतेः પ્રયોગમાં सखिના खि નો क्य् તથા पतिના ति નો क्य् થયો નથી તેથી તે પ્રયોગોમાં આ નિયમ લાગતો નથી. એ બંને પ્રયોગોમાં ૧।૪।૨૩ તથા ૧।૪।૩૫ નિયમો લાગેલા છે. ૧।૪।૩૬।

## ऋतो डुर् ॥१।४।३७॥

જે નામને છેડે હ્રસ્વ ऋ હોય તે નામને લાગેલા પંચમીના તથા ષષ્ઠીના એકવચનનો डुर् – उर् બોલવાનો છે.

પું૦—પં. એ.–पितृ + अस् = पितृ + उर् = पित् + उर् = पितुः=પિતાથી
સ્ત્રી૦—પં. એ.–मातृ + अस् = मातृ + उर् = मात् + उर् = मातुः—માતાથી
પું૦—ષ. એ.–पितृ + अस् = पितृ + उर् = पित् + उर् = पितुः–પિતાનું
સ્ત્રી૦—ષ. એ.–मातृ + अस् = मातृ + उर् = मात् + उर् = मातुः–માતાનું

डुर् માંનો ड् એવું સૂચન કરે છે કે તે જેને લાગેલો હોય તેનો અંત્યસ્વર ઊડી જાય છે–બોલાતો નથી. ૧।૪।૩૭

## तृ–स्वसृ–नप्तृ–नेष्टृ–त्वष्टृ–क्षत्तृ–होतृ–पोतृ–प्रशास्त्रो घुटचार् ॥१।४।३८॥

પ્રથમ પાદના સૂ. ૧।૧।૨૯ દ્વારા જે પ્રત્યયોની घुट् સંજ્ઞા બતાવેલી છે તે પ્રત્યયોને અહીં 'घुट्' શબ્દથી સમજવાના છે.

જે નામને છેડે तृच् કે तृन् પ્રત્યય આવેલા હોય અને પછી તેને–તે પ્રત્યયોવાળા નામને—घुट् પ્રત્યયો લાગેલા હોય તો નામના અંત્ય ऋને સ્થાને आर् બોલવો. તથા स्वसृ, नप्तृ, नेष्टृ, त्वष्टृ, क्षत्तृ, होतृ, पोतृ તથા प्रशास्तृ નામને જ્યારે घुट् પ્રત્યયો લાગેલા હોય ત્યારે તેમના અંત્ય ऋને સ્થાને પણ आर् બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तृच्** – कर्तृ + अम् = कर्तार् + अम् = कर्तारम्–દ્વિ૦ એ૦–કર્તાને.
कर्तृ + औ = कर्तार् + औ = कर्तारौ –પ્ર૦ દ્વિ૦–બે કર્તાઓ.
कर्तृ + औ = ,, + ,, = कर्तारौ – દ્વિ૦ દ્વિ૦–બે કર્તાઓને.
कर्तृ + अस् = कर्तार् + अस् = कर्तारः – પ્ર૦ બ૦–કર્તાઓ.

**तृन्** – कर्तृ. પૂર્વોક્ત ઉદાહરણોને જ સમજી લેવાં.
स्वसृ + अम् = स्वस् + आर् + अम् = स्वसारम् – બહેનને
नप्तृ + अम् = नप्त् + आर् + अम् = नप्तारम् – પૌત્રને
नेष्टृ + अम् = नेष्ट् + आर् + अम् = नेष्टारम्–ઋત્વિજને–યજ્ઞ કરનારને
त्वष्टृ + अम् = त्वष्ट् + आर् + अम् = त्वष्टारम् – સૂર્યને
क्षत्तृ + अम् = क्षत्त् + आर् + अम् = क्षत्तारम् = સારથિને
होतृ + अम् = होत् + आर् + अम् = होतारम् – હોમ કરનારને
पोतृ + अम् = पोत् + आर् + अम् = पोतारम् – પવિત્ર કરનારને
प्रशास्तृ+अम् = प्रशास्त्+ आर् + अम् = प्रशास्तारम् – ઉપદેશકને
कर्तृ कुलं पश्य – (કરનાર કુલને જો)

અહીં कर्तृ રૂપ નપુંસકલિંગી દ્વિતીયાનું એકવચન છે. નપુંસકલિંગમાં ફક્ત પ્રથમાના તથા દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય જ ઘુટ્ રૂપ છે. (જુઓ ૧।૧।૨૮) તેથી આ પ્રયોગમાં कर्तृ શબ્દને ઘુટ્ પ્રત્યય લાગેલો નથી. ૧।૪।૩૮।

## अर्डौ च ॥१।४।३९॥

જે નામને છેડે હ્રસ્વ ऋ હોય અને તેને ઘુટ્ પ્રત્યયો તથા સપ્તમીના એકવચનનો ङि પ્રત્યય લાગેલ હોય તો તે નામને છેડે આવેલા ऋ નો अर् બોલવો.

नृ + अम् = न् + अर् + अम् = नरम्–પુરુષને
नृ + ङि = न् + अर् + इ = नरि–પુરુષમાં

જે ऋ કારાંત શબ્દોને ઉપરના (૩૮ મા) નિયમમાં બતાવેલા છે તે સિવાયના ऋકારાંત पितृ, भ्रातृ, जामातृ તથા मातृ વગેરે ઘણું કરીને સગાઈવાચક શબ્દોને ઘુટ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે આ નિયમ લાગુ કરવાનો છે. ૧।૪।૩૯।

## मातुर्मातः पुत्रेऽर्हे सिनाऽऽमन्त्र्ये ॥१।४।४०॥

જ્યારે मातृ શબ્દનો સંબંધ પુત્ર શબ્દ સાથે હોય અને તે સંબંધ ખાસ પ્રશંસાસૂચક હોય તથા मातृ શબ્દનો પ્રયોગ આમન્ત્રણના–સંબોધનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકવચનમાં થયેલો હોય ત્યારે मातृ શબ્દનો એને લાગેલા સંબોધનના એકવચન सि પ્રત્યયની સાથે એટલે–'मातृ + स्' એ આખાય શબ્દનો मात એવો અકારાંત જ બોલ બોલવો–मातृ + स् નો मात.

हे गार्गीमात !—જેની માતા ગાર્ગી છે એવા હે પુત્ર!—પ્રશંસાનું સૂચન છે.

हे मातः ! અહીં તો એકલો मातृ શબ્દ જ છે. તેનો સંબંધ પુત્ર શબ્દ સાથે નથી તેથી 'मात' એવો પ્રયોગ ન થાય પણ हे मातः – હે માતા ! – એવો થાય.

हे गार्गीमातृके वत्से !—જેણીની માતા ગાર્ગી છે એવી હે પુત્રી! અહીં मातृ શબ્દનો સંબંધ પુત્ર સાથે નથી પણ પુત્રી સાથે છે તેથી मात ન થાય પણ मातृके થાય.

अरे गार्गीमातृक !—અહીં मातृ શબ્દનો સંબંધ પુત્ર સાથે તો છે પણ પ્રશંસાસૂચક નથી, નિંદાસૂચક છે અને 'अरे' શબ્દ દ્વારા એ નિંદાનું સૂચન થાય છે—અરે ! ગાર્ગીમાતાના છોકરા ! તેથી मात ન થાય, પણ मातृक થાય. ૧।૪।૪૦।

## ह्रस्वस्य गुणः ॥१।४।४१॥

જે શબ્દોને આમન્ત્ર્ય—સંબોધન–નો સૂચક પ્રત્યય લાગેલ હોય તે શબ્દોના છેડાના હ્રસ્વ સ્વરનો લાગેલા સંબોધન સૂચક स् પ્રત્યય સાથે જ ગુણ કરી દેવો અર્થાત् इस् નો ए, उस् નો ओ તથા ऋस् નો अर् કરવો.

પું૦

मुनि + स् = हे मुने ! (इस् નો ए) — હે મુનિરાજ !

भानु + स् = हे भानो ! (उस् નો ओ) — હે ભાણ !—હે સૂર્ય !

पितृ + स् = हे पितर्—हे पितः (ऋस् નો अर्) — હે પિતાજી !

સ્ત્રી૦

बुद्धि + स् = हे बुद्धे ! (इस् નો ए) — હે બુદ્ધિ !

धेनु + स् = हे धेनो ! (उस् નો ओ) — હે ગાય !

मातृ + स् = हे मातर् ! – हे मातः ! (ऋस् નો अर्) હે માતા ! ।૧।૪।૪૧।

## एदापः ॥१।४।४२॥

જે શબ્દને છેડે સ્ત્રીલિંગનો સૂચક आ (आप्) પ્રત્યય લાગેલો હોય તે શબ્દના છેડાના आ નો લાગેલા સંબોધનના સૂચક स् પ્રત્યયની સાથે એટલે आस् નો ए બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माला + स् = हे माले! ( आस् નો ए ) — હે માળા !
बहुराजा + स् = हे बहुराजे! ( ,, ,, ) — હે રાજા જેવી બાઈ! ૧૪૧૪૨।

## नित्यदिद्-द्विस्वराम्बार्थस्य ह्रस्वः ॥१।४।४३॥

स्त्रीदूतः ૧૪૧૨૯। ના નિયમ દ્વારા જે શબ્દોને दै-ऐ, दास्-आस्, दास्-आस् અને दाम्-आम् નિત્ય જ થતા હોય ( અર્થાત્ વિકલ્પે ન થતા હોય ) તે શબ્દોના છેડાના સ્ત્રીલિંગસૂચક ઈકાર નો તથા ऊकारનો તેને લાગેલા સંબોધનસૂચક स् પ્રત્યય સાથે હ્રસ્વ થઈ જાય છે. એટલે એ શબ્દોના અંતિમ ईस्ने બદલે માત્ર इ બોલાય તથા ऊस्ने બદલે માત્ર उ બોલાય છે. તથા જે શબ્દો अम्बा ( અમ્મા-માતા) અર્થના સૂચક હોવા સાથે માત્ર બે જ સ્વરવાળા છે તથા છેડે आप् પ્રત્યય ધરાવનારા છે તેમના છેડાના आ નો લાગેલા સંબોધનસૂચક स् પ્રત્યય સાથે હ્રસ્વ થઈ જાય છે એટલે આ શબ્દોના आस् ને બદલે માત્ર अ બોલાય છે.

નિત્ય દિત્—स्त्रीस् = हे स्त्रि ! — હે સ્ત્રી !
लक्ष्मीस् = हे लक्ष्मि ! — હે લખમી !
श्वश्रूस् = हे श्वश्रु ! — હે સાસુ !
वधूस् = हे वधु ! — હે વહુ !

બે સ્વરવાળા માતાવાચક—अम्बास् = हे अम्ब ! — હે માતા !—હે અમ્મા.
[1]अक्कास् = हे अक्क ! — હે માતા ! —

हे हूहू ! આ શબ્દ નિત્યદિત્ નથી તેથી અહીં हे हूहु ! ન થાય.

हे अम्बाडे ! આ શબ્દ માતાવાચક સંબોધન તો છે પણ બે સ્વરવાળો નથી તેથી हे अम्बाड ન થાય, પણ ૧૪૧૪૨। નિયમદ્વારા અંત્ય आ ए થઈ જાય.

हे मातः ! આ શબ્દ માતાવાચક છે, બે સરવાળો પણ છે, તેમ છતાં આ શબ્દને છેડે आप् નથી પણ ऋ છે તેથી हे मात એમ ન થાય, પણ ૧૪૧૪૧ના નિયમથી हे मातः થાય. ૧૪૧૪૩।

---

૧. દેશીશબ્દસંગ્રહ, વર્ગ ૧, ગા૦ ૬ – अक्का – બહેન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अदेतः स्यमोर्लुक् ॥१।४।४४॥

**अ** કારાંત તથા **ए** કારાંત નામ પછી લગોલગ આવેલા સંબોધનસૂચક सि (स्) અને अम् પ્રત્યયો ન બોલવા અર્થાત્ તે બંને પ્રત્યયોનો लुक्-લોપ કરી દેવો.

अ કારાંત – सि – स् – हे देव + स् – हे देव ! – હે દેવ

अम् – हे उपकुम्भ + अम् = हे उपकुम्भ ! – હે કુંભની પાસેના.

उपकुम्भम् પ્રયોગમાં જે अम् છે તે અવ્યયીભાવસમાસનો સૂચક છે. (જુઓ ૩।૨।૨)

ए કારાંત – सि – स् – अतिहे + स् = हे अतिहे ! હે ને ટપી ગયેલા હે ! ૧।૪।૪૪

## दीर्घङ्याब्–व्यञ्जनात् सेः ॥१।४।४५॥

જે નામને છેડે દીર્ઘ ङी (ई) આવેલો હોય તથા જે નામને છેડે દીર્ઘ आप् (आ) આવેલો હોય તે નામને લાગેલા પ્રથમા એકવચન सि (स्) નું ઉચ્ચારણ ન કરવું—તેનો લોપ કરી દેવો; તથા જે નામને છેડે વ્યંજન આવેલો હોય તે નામને લાગેલા પ્રથમા એકવચન सि - (स्) નું ઉચ્ચારણ ન કરવું—તેનો પણ લોપ કરી દેવો.

દીર્ઘ ङी – नद + ङी = नदी + स् = नदी – નદી.

દીર્ઘ आप् – माल + आ = माला + स् = माला – માળા.

વ્યંજન – राजन् + स् = राजा – રાજા.

कौशाम्बी શબ્દનો 'निर्' ઉપસર્ગ સાથે સમાસ થવાથી कौशाम्ब्याः निर्गतः निष्कौशाम्बिः – કૌશાંબી નગરીમાંથી બહાર નીકળેલો—આ પ્રયોગમાં ङी તો છે પણ તે હ્રસ્વ થઈ ગયો છે. તેથી निष्कौशाम्बिः પ્રયોગના પ્રથમાના એકવચનનો લોપ ન કરવો. (અલહાબાદ પાસે હાલ જે 'કોસમ' નામે ગામ છે ત્યાં પહેલાં કૌશાંબી નગરી હતી. આ નગરીમાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ ઘણી વાર પધારેલા.)

खट्वा શબ્દનો अति સાથે સમાસ થવાથી खट्वा નો आ હ્રસ્વ થયેલ છે. खट्वामतिक्रान्तः अतिखट्वः– જે પુરુષ ખાટલાને પણ ટપી ગયેલો છે તે—આ પ્રયોગમાં आप् તો છે પણ તે હ્રસ્વ થઈ ગયેલો છે તેથી अतिखट्वः પ્રયોગના પ્રથમાના એકવચનનો લોપ ન કરવો. ૧।૪।૪૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## समानादमोऽतः ॥१।४।४६॥

જેને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર છે એવા નામની પછી લગોલગ દ્વિતીયાના એકવચનનો अम् પ્રત્યય આવેલો હોય તો अम् પ્રત્યયના अ નું ઉચ્ચારણ ન કરવું-લોપ કરી દેવો.

अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ - આટલા સમાન સંજ્ઞાવાળા સ્વરો છે. (જુઓ ૧।૧।૭)

પું० अ – देव + अम् = देव + म् = देवम् – દેવને.
સ્ત્રી० आ – माला + अम् = माला + म् = मालाम् – માલાને.
પું० इ – मुनि + अम् = मुनि + म् = मुनिम् – મુનિને.
પું० उ – साधु + अम् = साधु + म् = साधुम् – સાધુને.
સ્ત્રી० इ – बुद्धि + अम = बुद्धि + म = बुद्धिम – બુદ્ધિને.
,, उ – धेनु + अम = धेनु + म = धेनुम – ગાયને.
,, ई – नदी + अम = नदी + म = नदीम – નદીને.
,, ऊ – वधू + अम = वधू + म = वधूम – વહુને. ૧।૪।૪૬

## दीर्घो नाम्यतिसृचतसृषः ॥१।४।४७॥

નામને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર હોય અને તેને લગોલગ ષષ્ઠીના બહુવચનનો नाम्-आम-પ્રત્યય લાગેલો હોય તો તે સમાનસંજ્ઞક સ્વરનું દીર્ઘ ઉચ્ચારણ કરવું.

देव + आम = देव + नाम = देवानाम – દેવોનું.
वन + आम = वन + नाम = वनानाम – વનોનું.
मुनि + आम = मुनि + नाम = मुनीनाम – મુનિઓનું.
साधु + आम = साधु + नाम = साधूनाम – સાધુઓનું.
पितृ + आम = पितृ + नाम् – पितॄणाम – પિતાઓનું. (જુઓ. ૧।૩।૩૨)

तिसृ શબ્દ, चतसृ શબ્દ તથા षकारांत અને रकारांत નામોને આ નિયમ લાગતો નથી.

तिसृ + आम = तिसृ + नाम = तिसृणाम् – ત્રણ સ્ત્રીઓનું.
चतसृ + आम = चतसृ + नाम् = चतसृणाम् – ચાર સ્ત્રીઓનું.
षष् + आम् = षष् + नाम = षण्णाम् – છનું – છ જણાઓનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर् + आम् = चतुर् + नाम् = चतुर्णाम् – ચારનું–ચાર જણાનું. (જુઓ. ૧।૪।૩૩) ૧।૪।૪૭।

## नुर्वा ॥१।४।४८॥

नृ શબ્દ પછી नाम् ( आम् નો नाम् થયેલો ) પ્રત્યય લગોલગ આવેલો હોય ત્યારે नृ ના ऋ ને વિકલ્પે દીર્ઘ બોલવાનો છે.

नृ + आम् = नृ + नाम् = नॄणाम्, नृणाम्–નરો–પુરુષો–નું (૧।૪।૩૨) ૧।૪।૪૮।

## शसोऽता सश्च नः पुंसि ॥१।४।४९॥

જે નામને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર આવેલો હોય તે નામ પછી દ્વિતીયાના બહુવચનનો ' शस् ' પ્રત્યય લગોલગ લાગેલો હોય તો નામના છેડાનો સમાનસંજ્ઞક સ્વર અને अस् (शस्) નો अ એ બન્નેને સ્થાને દીર્ઘ સ્વરનું ઉચ્ચારણ કરવું-એટલે નામને છેડે જે સમાનસંજ્ઞક સ્વર હોય તેને દીર્ઘ બોલવો તથા નામ પુંલિંગમાં હોય તો જ अस् ના स् નો न् બોલવો. પુંલિંગમાં ન હોય તો स् એમને એમ રહે અને તેનો र् થઈને વિસર્ગ થઈ જાય.

પુંલિંગ–

સમાનસંજ્ઞક સ્વર–अ–देव + अस् = देवास् = देवान्—દેવોને.
,, ,, इ–मुनि + अस् = मुनीस् = मुनीन्—મુનિઓને.
,, ,, ई–वातप्रमी + अस् = वातप्रमीस् = वातप्रमीन्—વાયુની જેવી ઝડપવાળા હરણોને
,, ,, उ–साधु + अस् = साधूस् – साधून्—સાધુઓને
,, ,, ऊ–हूहू + अस् = हूहूस् – हूहून्—હૂહૂનામના દેવોના ગવૈયાઓને
,, ,, ऋ–पितृ + अस् = पितॄस् = पितॄन्—પિતાઓને

સ્ત્રીલિંગ–

,, ,, आ–माला + अस् = मालास् = मालाः—માળાઓને
,, ,, इ–बुद्धि + अस् = बुद्धीस् = बुद्धीः બુદ્ધિઓને
,, ,, ई–नदी + अस् = नदीस् = नदीः—નદીઓને
,, ,, उ–धेनु + अस् = धेनूस् = धेनूः—ગાયોને
,, ,, ऊ–वधू + अस् = वधूस् = वधूः—વહૂઓને
,, ,, ऋ–मातृ + अस् = मातॄस् = मातॄः—માતાઓને

ઉપર જણાવેલા સ્ત્રીલિંગી પ્રયોગોમાં ક્યાંય स् નો न् થાય જ નહીં. ૧।૪।૪૯।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## संख्या-साय-वेरह्नस्याहन् ङौ वा ॥१।४।५०॥

સંખ્યાવાચક શબ્દ, साय શબ્દ અને वि શબ્દ પછી તરત જ આવેલો અકારાંત બનેલો अह्न શબ્દ હોય અને તેને સપ્તમીના એકવચનનો इ (ङि) પ્રત્યય લાગેલો હોય તો अह्न નો વિકલ્પે अहन બોલવો એટલે અકારાંત अह्नने બદલે નકારાંત अहन् વિકલ્પે બોલવો.

સંખ્યા – द्वि + अह्न = द्व्यह्न + इ = द्व्यहन् + इ – द्व्यहनि, द्व्यह्नि અથવા द्व्यह्ने – બે દિવસમાં.

साय – साय + अह्न = सायाह्न + इ = सायाहन् + इ = सायाहनि, सायाह्नि અથવા सायाह्ने – સાંજના દિવસે.

वि – वि + अह्न = व्यह्न + इ = व्यहन् + इ = व्यहनि, व्यह्नि અથવા व्यह्ने – વિગત દિવસે. ૧।૪।૫૦।

## नियः आम् ॥१।४।५१॥

'नी' શબ્દને લાગેલા સપ્તમી એકવચનના इ (ङि) પ્રત્યયને બદલે आम् પ્રત્યય બોલવો.

नी + इ = निय् + इ = निय् + आम् = नियाम् – લઈ જનારામાં.

ग्रामणी + इ = ग्रामणी + आम् = ग्रामण्याम् – ગામના નેતામાં.

ग्रामणी માં જે णी છે તે મૂળ नी શબ્દ જ છે ૧।૪।૫૧।

## वा अष्टनः आः स्यादौ ॥१।४।५२॥

अष्टन् શબ્દ પછી તરત જ સ્યાદિ વિભક્તિનો પ્રત્યય આવેલો હોય તો अष्टन् ના न् નો વિકલ્પે आ બોલવો

अष्टन् + भिस् = अष्टाभिः, अष्टभिः – આઠ વડે

प्रियाष्टन् + स् = प्रियाष्टा + स् – प्रियाष्टाः (પ્રથમા એકવ૦) જેમને આઠ પ્રિય છે તે. ૧।૪।૫૨।

## अष्टः औः जस्-शसोः ॥१।४।५३॥

જ્યારે ઉપરના નિયમ દ્વારા अष्टन् શબ્દનો अष्टा શબ્દ બનેલો હોય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પછી તેને अस् (जस् પ્રથમાનું બહુવચન) તથા अस् (शस् દ્વિતીયાનું બહુવચન) લાગેલો હોય તો તે બંને अस् ને બદલે औ બોલવો.

પ્ર૦ બ૦ अष्टन् + अस् = अष्टा + अस् = अष्टा + औ = अष्टौ (જુઓ ૧।૨।૧૨) – આઠ.

દ્વિ૦ બ૦ अष्टन् + शस् = अष्टा + अस् = अष्टा + औ = अष्टौ ( ,, )–આઠને ૧।૪।૫૩।

## डति-ष-णः संख्याया लुप् ॥१।४।५४॥

જે નામને છેડે अति (डति) પ્રત્યય છે તે कति, यति, तति વગેરે સંખ્યાસૂચક નામોને તથા षकारांत અને नकारांत એવાં સંખ્યાવાચક નામોને લાગેલાં પ્રથમાનાં તથા દ્વિતીયાનાં બહુવચન બોલવામાં આવતાં નથી એટલે આ નામોની બાબતમાં તે બંનેનો લોપ થયેલો સમજવો.

अति – डति – પ્ર૦ બ૦ – कति + अस् = कति – કેટલાક. (જુઓ ૧।૧।૩૯)

દ્વિ૦ બ૦ – कति + अस् = कति – કેટલાકને

षकारांत – પ્ર૦ બ૦ – षष् + अस् = षट् – છ

દ્વિ૦ બ૦ – षष् + अस् = षट् – છને

नकारांत – પ્ર૦ બ૦ – पञ्चन् + अस् = पञ्च – પાંચ

દ્વિ૦ બ૦ – पञ्चन् + अस् = पञ्च – પાંચને

ष् પછી લાગલો જ न् આવેલો હોય તો તે न् નો ण् બોલવાનો નિયમ સંસ્કૃત ભાષામાં છે તેથી અહીં મૂળ ष्नः ને બદલે ष्णः થયેલો પાઠ રાખેલો છે ( જુઓ ૨।૩।૬૩ ) અર્થાત્ મૂળ સૂત્રમાં ष्णः છે, પણ તે અસલ ष्नः જ હતું એટલે ण ને લીધે णकारांत એવો અર્થ લેવાનો નથી, પણ પાઠની અસલ સ્થિતિને અનુસરીને नकारांत અર્થ જ લેવાનો છે. વળી, કોઈ પણ સંખ્યાવાચક નામ णकारांत તો મળતું જ નથી એટલે આપોઆપ नकारांत નામ જ સમજવાનું છે. ૧।૪।૫૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नपुंसकस्य शिः ॥१।४।५५॥

નપુંસકલિંગી નામોને લાગેલા પ્રથમા તથા દ્વિતીયાના બહુવચનના अस् ( जस् તથા शस् ) પ્રત્યયને બદલે इ ( शि ) બોલવાનો છે.

પ્ર૦ બ૦ — कुण्ड + अस् = कुण्ड + इ = कुण्डानि—કુંડાં.

,, ,, पयस् + अस् = पयस् + इ = पयांसि—જુદાં જુદાં દૂધો અથવા જુદાં જુદાં પાણી.

દ્વિ૦ બ૦ — कुण्ड + अस् = कुण्ड + इ = कुण्डानि—કુંડાંને.

,, ,, पयस् + अस् = पयस् + इ = पयांसि— જુદાં જુદાં દૂધોને અથવા જુદાં જુદાં પાણીઓને

અહીં कुण्डानि તથા पयांसि માં જે બીજા ફેરફાર થયેલા છે તે માટેના નિયમો હવે આવશે ( જુઓ, ૧।૪।૬૫ તથા ૧।૪।૮૫ ) ૧।૪।૫૫।

## औः ईः ॥१।४।५६॥

નપુંસકલિંગી નામોને લાગેલા પ્રથમા તથા દ્વિતીયાના દ્વિવચનના औ પ્રત્યયને બદલે 'ई' પ્રત્યય બોલવાનો છે.

પ્ર૦ દ્વિ૦— कुण्ड + औ + कुण्ड + ई = कुण्डे—બે કુંડાં. ( જુઓ ૧।૨।૬ )
દ્વિ૦ દ્વિ૦—कुण्ड + औ = कुण्ड + ई = कुण्डे—બે કુંડાંને.
પ્ર૦ દ્વિ૦—पयस् + औ = पयस् + ई = पयसी—બે જાતનાં દૂધ કે પાણી
દ્વિ૦ દ્વિ૦—पयस् + औ = पयस् + ई = पयसी—બે જાતનાં દૂધોને કે પાણીઓને ૧।૪।૫૬।

## अतः स्यमोऽम् ॥१।४।५७॥

અકારાંત નપુંસકલિંગી નામને લાગેલા પ્રથમા એકવચન स् ( सि ) ને બદલે अम् બોલવાનો છે તથા દ્વિતીયા એકવચન अम् ને બદલે પણ अम् બોલવાનો છે.

પ્ર૦ એ૦ — कुण्ड + स = कुण्ड + अम् = कुण्डम्— કુંડું ( જુઓ ૧।૪।૪૬)

સં૦બો૦ એ૦ — कुण्ड + स = कुण्ड + अम् = कुण्ड !—હે કુંડા ! (જુઓ ૧।૪।૪૪)

દ્વિ૦ એ૦ — कुण्ड + अम् = कुण्ड + अम् = कुण्डम्— કુંડાને. ૧।૪।૫૭।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [1]पञ्चतोऽन्यादेरनेकतरस्य दः ॥१।४।५८॥

નપુંસક લિંગી अन्य, अन्यतर અને इतर શબ્દોને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના એકવચનને એટલે स् અને अम् પ્રત્યયને બદલે द् બોલવો તથા इतर અને इतम પ્રત્યયવાળાં નપુંસકલિંગી નામોને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના એકવચનને બદલે એટલે स् અને अम्‌ને બદલે द् બોલવો. આ નિયમ ફક્ત 'एकतर' શબ્દને લાગુ ન પાડવો.

પ્ર૦ એ૦—

अन्य + स् = अन्यद् – अन्यत्—અન્ય, બીજું.

अन्यतर + स् = अन्यतरद्–अन्यतरत्—બેમાંથી એક.

इतर + स् = इतरद्–इतरत् —ઇતર, બીજું.

कतर + स् = कतरद्–कतरत्—બેમાંથી કયું.

कतम + स् = कतमद्–कतमत्—ઘણાંમાંથી કયું.

દ્વિ૦ એ૦—

अन्य + स = अन्यद्-अन्यत्—અન્યને.

अन्यतर + स् = अन्यतरद्–अन्यतरत्—બે અન્યમાંથી એકને.

इतर + स् = इतरद्–इतरत्—બીજાને.

कतर + स् = कतरद्-कतरत्—બેમાંથી કોને.

कतम + स् = कतमद् – –कतमत्—ઘણાંમાંથી કોને.

एकतर શબ્દનું તો પ્રથમાના અને દ્વિતીયાના એકવચનમાં एकतरम् રૂપ થાય—एकतरम् એટલે કોઈ એક અથવા કોઈ એકને. ૧।૪।૫૮।

## अनतो लुप् ॥१।४।५९॥

જેને છેડે अ ન હોય એવા નપુંસકલિંગી કોઈ પણ નામને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના એકવચનનું ઉચ્ચારણ જ ન કરવું એટલે તેનો લોપ કરી દેવો.

---

૧ पञ्चतः શબ્દથી પાંચ શબ્દો સમજવા—अन्य, अन्यतर, इतर એ ત્રણ નામો તથા डतरप्रत्ययवाळां નામો અને डतमપ્રત્યયવાળાં નામો એ બે જાતનાં નામો– એમ બધાં મળીને પાંચ શબ્દો થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦ એ૦ — कर्तृ + स् = कर्तृ—કરનારું.

,, ,, — पयस् + स् = पयः—દૂધ અથવા પાણી

દ્વિ૦ એ૦ — कर्तृ + अम् = कर्तृ—કરનારને

,, ,, — पयस् + अम् = पयः—દૂધને અથવા પાણીને ૧।૪।૫૯।

## जरसः वा ॥१।४।६०॥

જેને છેડે जरस् શબ્દ આવેલો હોય એવા નપુંસકલિંગી નામને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના એકવચનનો લોપ વિકલ્પે કરવો.

પ્ર૦ એ૦ — अतिजर + स् = अतिजरस् + अम् = अतिजरः અથવા अतिजरसम्

દ્વિ૦ એ૦ — अतिजर + अम् = अतिजरः અથવા अतिजरसम् ( જુઓ ૨।૧।૩ )
— ઘડપણને ટપી ગયેલું તથા ટપી ગયેલાને. ૧।૪।૬૦।

## नामिनः लुग् वा ॥१।४।६१॥

જે નપુંસકલિંગી નામને છેડે નામી સ્વરો (એટલે इ, ई, उ, ऊ, ऋ, ऌ, ए, ऐ, ओ, औ) આવેલા હોય તે નામને લાગેલા પ્રથમાના તથા દ્વિતીયાના એકવચનનું ઉચ્ચારણ વિકલ્પે કરવું.

પ્રથમા અને સંબોધનની વિભક્તિઓ એકસરખી જ છે તેથી પ્રથમા કહેવાથી તેમાં સંબોધન વિભક્તિ પણ સમજી લેવી

સંબોધન—वारि + स् =हे वारे અથવા हे वारि—હે પાણિ ! (જુઓ ૧।૪।૪૧)

પ્ર૦ એ૦ } प्रियत्रि + स् = प्रियत्रिस् અથવા प्रियत्रि कुलम्—જે કુળને
દ્વિ૦ એ૦ } ત્રણ સ્ત્રીઓ પ્રિય છે તે કુળ અથવા તે કુળને. (૧।૪।૬૧)

## वाऽन्यतः पुमांष्टादौ स्वरे ॥१।४।६२॥

જે શબ્દ સ્વયં નપુંસકલિંગી ન હોય પણ પોતાના વિશેષ્યને અનુસરીને નપુંસકલિંગી બનેલો હોય અને છેડે નામી સ્વરવાળો હોય તેને આદિમાં સ્વરવાળા ટાદિ પ્રત્યયો [ એટલે आ (टा), ए (ङे), अस् (ङसि), अस् ( ङस् ) તથા इ (ङि) પ્રત્યય તથા ओस् (ષષ્ઠી તથા સપ્તમીનું દ્વિવચન) ] લગાડવાના હોય તે વખતે તે શબ્દને વિકલ્પે પુંલિંગી પણ સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ – તૃ૦ એ૦ – ग्रामणी + आ = (પું૦) ग्रामण्या અથવા (નપું૦) ग्रामणिना कुलेन – ગામના આગેવાન કુલ વડે.

ए – ચ૦ એ૦ – ग्रामणी + ए = (પું૦) ग्रामण्ये અથવા (નપું૦) ग्रामणिने कुलाय – ગામના આગેવાન કુલ માટે.

अस् – પં૦ એ૦ – ग्रामणी + अस् = (પું૦) ग्रामण्यः અથવા (નપું૦) ग्रामणिनः कुलात् – ગામના આગેવાન કુલથી

अस् – ષ૦ એ૦ – ग्रामणी + अस् = (પું૦) ग्रामण्यः અથવા (નપું૦) ग्रामणिनः कुलस्य – ગામના આગેવાન કુળનું.

इ – સ૦ એ૦ – ग्रामणी + इ = (પું૦) ग्रामण्यि અથવા (નપું૦) ग्रामणिनि कुले – ગામના આગેવાન કુળમાં

ओस् – ષ૦ તથા સ૦ દ્વિ૦ – कर्तृ + ओस् = (પું૦) कर्त्रोः અથવા (નપું૦) कर्तृणोः कुलयोः – કર્તા એવાં બે કુળોનું અથવા કર્તા એવાં બે કુળોમાં

पीलु શબ્દ જાતે જ નપુંસકલિંગી છે, પણ વિશેષ્યને અનુસરીને નપુંસકલિંગી થયેલ નથી તેથી તેનાં पीलवे તથા पीलुने એવાં બે રૂપો ન થાય, પણ માત્ર पीलुने फलाय એવું એક જ રૂપ થાય – પીલુ નામના ફળ માટે.

'शुचिनी कुले' આ પ્રયોગમાં ટાદિ પ્રત્યય નથી પણ પ્રથમાના તથા બીજી વિભક્તિના દ્વિવચનના પ્રત્યયો છે તેથી शुची તથા शुचिनी એવાં બે રૂપ ન થાય પણ માત્ર शुचिनी कुले એવું એક જ રૂપ થાય—બે પવિત્ર કુળો અથવા બે પવિત્ર કુળોને.

कल्याणी શબ્દ સ્ત્રીરૂપ વિશેષ્યને અનુસરીને નપુંસક થયેલ નથી, પણ સ્ત્રીલિંગી થયેલ છે તેથી તે પ્રયોગમાં આ નિયમ ન લાગે – कल्याण्यै स्त्रियै — કલ્યાણી સ્ત્રી માટે. (૧૪૬૨)

## दध्यस्थि–सक्थ्यक्ष्णोऽन्तस्यान् ॥१।४।६३॥

दधि, अस्थि, सक्थि અને अक्षि શબ્દોને જ્યારે આદિમાં સ્વરવાળા ટાદિ પ્રત્યયો [એટલે आ (તૃ૦ એ૦), ए (ચ૦ એ૦), अस् (પં૦ તથા ષ૦ એ૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ङ (સ० એ०) તથા ओस् (ષ० તથા સ० દ્વિ૦) પ્રત્યયો] લાગેલા હોય ત્યારે તે दधि વગેરે ચારે નામોના અંત્ય સ્વર इ ને બદલે अन् બોલવો.

(તૃ૦ એ૦)—

आ – दधि + आ = दधन् + आ = दध्न् + आ = दध्ना—દહીં વડે.

अतिदधि + आ = अतिदधन् + आ = अतिदध्न् + आ = अतिदध्ना —દહીંના સ્વભાવને ટપી ગયેલા ગુણવાળા મનુષ્ય વડે.

अस्थि + आ = अस्थन् + आ = अस्थ्न् + आ = अस्थ्ना—હાડકા વડે.

એ જ પ્રમાણે अत्यस्थ्ना—હાડકાના સ્વભાવને ટપી ગયેલા મનુષ્ય વડે.

सक्थि + आ = सक्थन् + आ = सक्थ्न् + आ = सक्थ्ना—સાથળ વડે. એ જ પ્રમાણે अतिसक्थ्ना—સાથળને ટપી ગયેલા વડે

अक्षि + आ = अक्षन् + आ = अक्ष्ण् + आ = अक्ष्णा—આંખ વડે.

ए (ચ० એ૦) – दध्ने – દહીં માટે.

अस् (પં૦ એ૦) – दध्नः – દહીંથી.

अस् (ષ० એ૦) – दध्नः – દહીંનું.

ओस् (ષ० તથા સ० દ્વિ૦) – दध्नोः – બે જાતના દહીં તથા બે જાતના દહીંમાં

ङ (સ० એ૦) दध्नि – दधनि દહીંમાં

આ રીતે अस्थि, सक्थि તથા अक्षिનાં રૂપો સાધી લેવાં. ૧।૪।૬૩।

## अनामूस्वरे नोऽन्तः ॥१।४।६४॥

જેને છેડે નામી સંજ્ઞાવાળા સ્વર આવેલા છે તેવાં નપુંસકલિંગી નામોને જ્યારે આદિમાં સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગેલા હોય [એટલે ई, आ, ए, अस्, ओस्, ङ પ્રત્યયો લાગેલા હોય] ત્યારે એ પ્રત્યયોની પૂર્વે અને ઉક્ત નામી સંજ્ઞાવાળા સ્વરયુક્ત નામને છેડે न् ઉમેરવાનો હોય છે. માત્ર એક आम् પ્રત્યય હોય ત્યારે આ નિયમ ન લાગે.

ई (પ્ર० તથા દ્વિ० દ્વિ૦) वारि + औ = वारि + ई = वारि + न् + ई = वारिणी—એ જાતનાં પાણી તથા બે જાતનાં પાણીને. (જુઓ ૧।૪।૫૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ (તૃ૰ એ૰) वारि + आ = वारि + न् + आ = वारिणा—પાણી વડે.

ए (ચ૰ એ૰) वारि + ए = वारि + न् + ए = वारिणे—પાણી માટે.

अस् (પં૰ એ૰) वारि + अस् = वारि + न् + अस् = वारिणः—પાણીથી.

अस् (ષ૰ એ૰) वारि + अस् = वारि + न् + अस् = वारिणः—પાણીનું.

इ (સ૰ એ૰) वारि + इ = वारि + न् + इ = वारिणि—પાણીમાં.

ओस् (ષ૰ તથા સ૰ દ્વિ૰) वारि + ओस् = वारि + न् + ओस् = वारिणोः—બે જાતનાં પાણીનું અથવા બે જાતનાં પાણીમાં.

એ જ પ્રમાણે कर्तृ + न् + ई = कर्तृणी—બે કર્તા.

कर्तृ = न् = आ = कर्तृणा—કર્તા વડે.

प्रियतिसृ + न् + अस् – प्रियतिसृणः—જેને ત્રણ સ્ત્રીઓ પ્રિય છે, તેથી અથવા તેનું.

वारि + आम् = वारीणाम्—જાતજાતનાં પાણીઓનું–વિવિધ પ્રકારનાં પાણીઓનું. આ પ્રયોગમાં आम् પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે.

સંબોધન – वारि + स् – हे वारे! – હે પાણી! આ પ્રયોગમાં આદિમાં સ્વરવાળો પ્રત્યય નથી તેથી આ નિયમ ન લાગે

तुम्बुरु + अण् = तौम्बुरव – तौम्बुरव + स् તથા अम् = तौम्बुरवं चूर्णम् – તુંબુરુ નામના કાંટાવાળા વિશેષ પ્રકારના વૃક્ષનું ચૂર્ણ. આ પ્રયોગમાં तुम्बुरु નામને જે अण् પ્રત્યય લાગેલ છે તે स्यादिનો નથી તેથી અહીં આ નિયમ ન લાગે. तौम्बुरवम् – પ્રથમા એકવચન તથા દ્વિતીયા એકવચન ૧।૪।૬૪।

## स्वराच्छौ ॥१।४।६५॥

નપુંસકલિંગી અને છેડે સ્વરવાળા નામને જ્યારે પ્રથમાના તથા દ્વિતીયાના બહુવચનનો इ (शि) પ્રત્યય લાગેલો હોય ત્યારે તે નામને છેડે न् ઉમેરવો. शि પ્રત્યય માટે (જુઓ ૧।૪।૫૫)

પ્ર૰ બ૰ તથા સંબોધન બહુ૰ } कुण्ड + अस् = कुण्ड + इ = कुण्ड + न् + इ = कुण्डानि—કુંડાં તથા હે કુંડાં! (જુઓ ૧।૪।૮૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિ૦ બ૦—कुण्ड + अस् = कुण्ड + इ = कुण्ड + न् + इ = कुण्डानि–કુંડાંઓને.

चतुर् + अस् = चतुर् + इ = चत्वारि – આ પ્રયોગમાં चतुर् શબ્દ સ્વરાંત નથી તેથી તેને આ નિયમ ન લાગે. (જુઓ ૧।૪।૮૧) ૧।૪।૬૫

## धुटां प्राक् ॥१।४।६६॥

ધુટ્ સંજ્ઞાવાળો કોઈ પણ એક વ્યંજન કે અનેક વ્યંજનો એટલે ङ् ञ् ण् न् म् य् र् ल् व् એ નવ વ્યંજન સિવાયનો કોઈ પણ એક વ્યંજન કે અનેક વ્યંજનો જે નામને છેડે આવેલાં હોય અને એ વ્યંજનની કે વ્યંજનોની પૂર્વમાં લાગલો જ સ્વર આવેલો હોય તથા નામને शि પ્રત્યય લાગેલો હોય તો તે નામના છેલ્લા સ્વર પછી તરત જ न् ઉમેરવો.

પ્ર૦ બ૦ તથા સંબોધન બહુ૦ } पयस् + अस् = पयस् + इ = पयन्स् + इ = पयांसि–પાણીઓ કે દૂધો તથા હે પાણીઓ કે હે દૂધો!

દ્વિ૦ બ૦— पयस् + अस् = पयस् + इ = पयन्स् + इ = पयांसि – પાણીઓને કે દૂધોને

એ જ પ્રમાણે अतिजरस् + अस् = अतिजरस् + इ = अतिजरन्स् + इ = अतिजरांसि = જરાને ટપી ગયેલાં કુળો અથવા કુળોને.

काष्ठतक्ष् + अस् = काष्ठतक्ष् + इ = काष्ठतन्क्ष् + इ = काष्ठतङ्क्षि – લાકડાને છોલનારાં કુળો અથવા કુળોને. (જુઓ ૧।૩।૩૯) આ પ્રયોગમાં બે ધુટ્ વ્યંજનો એટલે क्ष् (क्ष) આવેલા છે.

પ્ર૦ બ૦ સંબોધન બ૦ તથા
દ્વિ૦ બહુ૦—

गोमत् + अस् = गोमत् + इ = गोमन्त् + इ = गोमन्ति
ગાયવાળાં કુળો, હે ગાયવાળાં કુળો, ગાયવાળાં કુળોને.

આ પ્રયોગમાં નામના છેડે આવેલા गोमत्ના 'त्' રૂપ ધુટ્ વ્યંજનની પૂર્વે લાગલો જ સ્વર આવેલ નથી, પણ गोमन्ति પ્રયોગમાં त्ની પૂર્વે न् આવેલ છે. (જુઓ ૧।૪।૭૦) તેથી અહીં આ નિયમ ન લાગે. ૧।૪।૬૬।

## र्लो वा ॥१।४।६७॥

र् અથવા ल् એ બેમાંથી ગમે તે એક વ્યંજન નામની અંદર આવેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય અને તે વ્યંજન પછી (र् કે ल् પછી) તરત જ કોઈ પણ ધુટ્ વ્યંજન કે વ્યંજનો આવેલાં હોય અને નામને शि પ્રત્યય લાગેલો હોય તો र् અથવા ल् પછી તરત જ न् વિકલ્પે ઉમેરવો.

र् વાળું રૂપ—

પ્રથ૦ બહુ૦ સંબો૦ બહુ૦ } बहूर्ज् + अस् = बहूर्ज् + इ = बहूर्न्ज् + इ
તથા દ્વિતી૦ બહુ૦ } = बहूर्ञ्जि અથવા बहूर्जि—બહુ બળવાળાં કુળો

અથવા તેવાં હે કુળો! અથવા તેવાં કુળોને

ल् વાળું રૂપ—

પ્રથ૦ બહુ૦ સંબો૦ બહુ૦ તથા દ્વિતી૦ બહુ૦ } सुवल्ग् + अस् = सुवल्ग् + इ = सुवल्न्ग् + इ = सुवल्ङ्गि અથવા सुवल्गि – સારી રીતે કૂદનારાં કુળો તથા હે સારી રીતે કૂદનારાં કુળો! તથા સારી રીતે કૂદનારાં કુળોને.

काष्ठतक्षि – આ પ્રયોગમાં र् અથવા ल् એ બેમાંનો કોઈ વ્યંજન નથી તેથી અહીં આ વિકલ્પવાળો નિયમ ન લાગે. (જુઓ ૧।૪।૬૬)

પ્રથ૦ બહુ૦ તથા સંબોધન બહુ૦ તથા દ્વિતીયા બહુ૦—

सुफुल्ल + अस् = सुफुल्ल् + इ=सुफुल्लि સારી રીતે વિકસેલાં,—હે સારી રીતે વિકસેલાં! તથા સારી રીતે વિકસેલાંઓને.

આ પ્રયોગમાં ल् તો છે પણ ल् પછી કોઈ ધુટ્ વ્યંજન નથી પણ ल् રૂપ અધુટ્ વ્યંજન છે તેથી અહીં આ નિયમ ન લાગે. ૧।૪।૬૭।

## घुटि ॥१।४।६८॥

આ પાદનાં ૬૯ મા સૂત્રથી માંડીને ૯૨ મા સૂત્ર સુધીમાં આવનાર જે જે સૂત્રમાં બતાવેલાં વિધાન માટે કોઈ પણ નિમિત્ત ન દર્શાવેલ હોય તે તે સૂત્રમાં घुट् રૂપ નિમિત્ત સમજવાનું છે એટલે घुट् સંજ્ઞાવાળા પ્રત્યયોને નિમિત્તરૂપ સમજવાના છે. (घुट् માટે જુઓ, ૧।૧।૨૮ તથા ૧।૧।૨૯)

ઉપર જણાવેલો અર્થ જોતાં આ સૂત્ર કોઈ સ્વતંત્ર વિધાન કરતું નથી, પણ ૬૯ મા સૂત્રથી માંડીને ૯૨ મા સૂત્ર સુધીનાં સૂત્રોમાં જ્યાં જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિમિત્ત ન બતાવેલું હોય ત્યાં ત્યાં આ સૂત્ર નિમિત્ત બતાવવાનું કાર્ય કરે છે. એટલે આ સૂત્ર અધિકારસૂત્ર છે, પણ વિધાયક સૂત્ર નથી. ૧।૧।૬૮।

## अचः ॥१।४।६९॥

જેને છેડે ઘુટ્ વ્યંજન આવેલો હોય એવા નકાર વગરના અઞ્ચ્ ધાતુથી બનતા નામના રૂપને ઘુટ્ પ્રત્યય લાગેલો હોય તો છેડાના ઘુટ્ ની પહેલાં न् ઉમેરવો.

ધાતુ — પ્ર + અઞ્ચ् = નામ - प्राच् + स् = प्रान् + च् = प्रान् = प्राङ् – પૂર્વનું (પ્ર૦ એક૦) अतिप्राङ् (પ્ર૦ એ૦)—પૂર્વને ટપી ગયેલો.

प्राञ्च् — प्राच् + औ, प्रान् + च + औ = प्राञ्चौ – બે પૂર્વના, તથા બે પૂર્વનાને. (પ્ર૦ દ્વિ તથા દ્વિ૦ દ્વિ૦).

प्राञ्च्—प्राच् + इ = प्रान् + च् + इ = प्राञ्चि कुलानि—પૂર્વનાં કુલો, તથા પૂર્વનાં કુલોને.

| | | | |
|---|---|---|---|
| નરજાતિ— | પ્ર૦ એ૦ | પ્ર૦ દ્વિ૦ | પ્ર૦ બ૦ |
| | प्राङ् | प्राञ्चौ | प्राञ्चः |
| | દ્વિ૦ એ૦ | દ્વિ૦ દ્વિ૦ | દ્વિ૦ બ૦ |
| | प्राञ्चम् | प्राञ्चौ | प्राचः |

નપુંસક— प्राञ्चि कुलानि– (પ્ર૦ બહુ૦ તથા દ્વિ૦ બહુ૦) ૧।૪।૬૯।

## ऋदुदितः ॥१।४।७०॥

ऋ કારના નિશાનવાળો તથા उ કારના નિશાનવાળો પ્રત્યય છેડે લાગેલો હોય એવું છેડે ઘુટ્ વ્યંજનવાળું જે નામ હોય તેને ઘુટ્ પ્રત્યય લાગતાં છેડા ના ઘુટ્ની પૂર્વમાં न् લાગેલો જ ઉમેરવો.

ऋ કાર નિશાન—

कुर्वत्—कुर्वत् + स् = कुर्वन् + त् + स् = कुर्वन्—કરતો. (પ્ર૦ એ૦)

उ કાર નિશાન—

विद्वस्—विद्वस् + स् =विद्वन् + स् + स् = विद्वान्—વિદ્વાન ( „ )

गोमतु – गोमत् + स् = गोमन् + त् + स् = गोमान्—ગાયવાળો. ( „ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોમતા–આ પ્રયોગ તૃતીયા વિભક્તિના એકવચનનો છે તેથી આ પ્રયોગમાં घुट् પ્રત્યય નથી. ૧।૧।૭૦।

## युञ्जोऽसमासे ॥१।४।७१॥

જે युज् ધાતુમાં દીર્ઘ ॠ નું નિશાન છે તે જ युज् અહીં સમજવાનો છે. એવા युज् ધાતુ ઉપરથી બનેલા નામને घुट् પ્રત્યય લાગતાં ज्‌ની પૂર્વે જ न् ઉમેરાય છે અને युज् ધાતુ ઉપરથી બનેલું નામ સમાસમાં હોય તો આ નિયમ લાગતો નથી.

નરજાતિ—

ધાતુ—युज्—નામ+युज्+स्=युन्+ज्+स्=युन्=युङ्—જોડનાર. (પ્રથ૦ એક૰)
युज्+औ=युन्+ज्+औ=युञ्जौ–બે જોડનાર, બે જોડનારાઓને(પ્ર૦ દ્વિ૦ તથા દ્વિ૦ દ્વિ૦)

નપુંસકલિંગ–युज् + इ = युन् + ज् +इ=युञ्जि कुलानि–જોડનારાં કુળો (પ્ર૦ બ૦)
युञ्जि कुलानि જોડનારાં કુળોને (દ્વિ૦ બ૦)

बहु પ્રત્યય છે–बहुयुज्+स् = बहुयुन्+ज्+स् = बहुयुन् = बहुयुङ्–જોડનાર જેવો.

अश्वयुक् ( પ્ર૦ એ૦ ) આ પ્રયોગમાં अश्व શબ્દ સાથે युज्‌નો સમાસ થયેલો છે માટે अश्वयुङ् રૂપ ન થાય, પણ अश्वयुक् થાય. अश्वयुक् અશ્વોને જોડનાર.

युजिंच् समाधौ ધાતુમાં દીર્ઘ ॠનું નિશાન નથી જે युज् નામ દીર્ઘ ॠના નિશાન વગરના युजिंच् समाधौ ધાતુ દ્વારા બનેલું છે તે નામને આ નિયમ ન લાગે. युजम् आपन्ना मुनयः (દ્વિ૦એ૦) સમાધિને પામેલા મુનિઓ. ૧।૪।૭૧।

## अनडुहः सौ ॥१।४।७२॥

જેને છેડે घुट् વ્યંજન આવેલ છે એવા अनडुह् શબ્દને જ્યારે પ્રથમાના એકવચનનો स् પ્રત્યય લાગેલો હોય ત્યારે ह् ની પહેલાં न् ઉમેરાય છે.

अनडुह् + स् – अनडु + न् + ह् + स् = अनड्वान् —બળદ.

प्रियानडुह् + स् = प्रियानडु + न् + ह् + स् = प्रियानड्वान् — જેને બળદ પ્રિય છે તે. ૧।૪।૭૨।

## पुंसोः पुमन्स् ॥१।४।७३॥

'पुंसु' શબ્દમાંનો उ તો માત્ર નિશાનરૂપ છે એટલે पुंस् શબ્દને જ્યારે घुट् પ્રત્યયો લાગેલા હોય ત્યારે पुंस् ને બદલે पुमन्स् રૂપ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરજાતિ—

પ્ર૰ એ૰—पुंस् + स् = पुमन्स् + स् = पुमान्—પુરુષ.

પ્ર૰ દ્વિ૰ તથા દ્વિ૰ દ્વિ૰—पुंस् + औ = पुमन्स् + औ = पुमांसौ બે પુરુષ અથવા બે પુરુષોને

પ્ર૰ બહુ૰—पुंस् + अस् = पुमन्स् + अस् = पुमांसः—ઘણા પુરુષો.

પ્ર૰ એ૰—प्रियपुमान्—જેને પુરુષ પ્રિય છે તે.

નપુંસક—

પ્ર૰ બ૰ | तथा દ્વિ૰ બ૰ | प्रियपुंस् + इ = प्रियपुमन्स् + इ = प्रियपुमांसि—જેમને પુરુષ પ્રિય છે એવાં કુળો અથવા એવાં કુળોને. ૧।૪।૭૩।

## ओतः औः ॥१।४।७४॥

નામને છેડે ઓકાર હોય તો घुट् પ્રત્યય લાગતાં ओ ને બદલે औ બોલવો.

પ્ર૰ એ૰—गो + स् = गौ + स् = गौर् = गौः—એક ગાય અથવા બળદ

પ્ર૰ દ્વિ૰ —गो + औ = गौ + औ = गावौ—બે ગાય અથવા બળદ તથા

દ્વિ૰ દ્વિ૰ — બે ગાયોને અથવા બે બળદોને

પ્ર૰ એ૰—द्यो + स् = द्यौ + स् = द्यौर् = द्यौः આકાશ અથવા સ્વર્ગ.

પ્ર૰ દ્વિ૰ —द्यो + औ = द्यौ + औ = द्यावौ—બે આકાશ અથવા બે સ્વર્ગ તથા બે આકાશને અથવા બે સ્વર્ગને.

દ્વિ૰ દ્વિ૰ —प्रियद्यावौ—જેમને સ્વર્ગ પ્રિય છે એવા બે પુરુષો કે બે પુરુષોને

चित्रगुः—આ પ્રયોગમાં જો કે ગો શબ્દ હતો પણ પછી તેનો गु થવાથી चित्रगु શબ્દને છેડે ઓકાર નથી, પણ ઉકાર છે તેથી આ નિયમ ન લાગે. ૧।૪।૭૪।

## आ अम्–शसोऽता ॥१।४।७५॥

છેડે ઓકાર હોય અને દ્વિતીયાના એકવચનનો अम् તથા બહુવચનનો अस् (शस्) પ્રત્યય લાગેલો હોય તો છેડાનો ઓકાર અને अम् નો अकार મળીને आ બોલાય છે તથા છેડાનો ओकार અને अस् નો અકાર એ બન્ને મળીને પણ आ બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિ૰ એ૰—गो + अम् = गाम्—ગાયને અથવા બળદને.

દ્વિ૰ એ૰—सुगाम्—સારી ગાયને અથવા સારા બળદને.

દ્વિ૰ બ૰ – गो + अस् = गाः – ગાયોને અથવા બળદોને.

દ્વિ૰ એ૰ – द्यो + अम् = द्याम् – આકાશને કે સ્વર્ગને.

દ્વિ૰ એ૰ – अतिद्याम् – સ્વર્ગને ટપી ગયેલ જગ્યાને.

દ્વિ૰ બ૰ –

द्यो + अस् = द्याः– સ્વર્ગોને.

सुद्यो + अस् = सुद्याः – સારા સ્વર્ગોને. ૧।૪।૭૫।

## पथिन्–मथिन्-ऋभुक्षः सौ ॥१।४।७६॥

પ્રથમાના એકવચનનો स् ( सि ) લાગતાં નકારાંત पथिन्, मथिन् તથા ऋभुक्षिन्—એ ત્રણે શબ્દોના અંત્ય નકારનો આ બોલાય છે. સંબોધનના એકવચનમાં અને પ્રથમાના એકવચનમાં—બંનેમાં सि લાગે છે તેથી તે બંને એકવચનોને અહીં સમજવાનાં છે.

પ્ર૰ એ૰ पथिन् + स् = पथि + आ + स = पथा + आ + स् = पन्थाः—માર્ગ.

સંબો૰ એ૰ पथिन् + स् = पथि + आ + स् = पथा + आ + स् = हे पन्थाः—
હે માર્ગ !

પ્ર૰ એ૰ मथिन् + स् = मथि + आ + स् = मथा + आ + स् = मन्थाः—રવૈયો.

સંબો૰ એ૰ मथिन् + स् = मथि + आ + स् = मथा + आ + स् = हे मन्थाः—
હે રવૈયા !

પ્ર૰ એ૰ ऋभुक्षिन् + स् = ऋभुक्षि + आ + स् = ऋभुक्षा + आ + स् = ऋभुक्षाः
—ઇન્દ્ર.

સંબો૰ એ૰ ऋभुक्षिन् + स = ऋभुक्षि + आ + स् = ऋभुक्षा + आ + स =
हे ऋभुक्षाः—હે ઇંદ્ર!

पन्थान् ऐच्छत् = पथीः ( પ્ર૰ એ૰ )—રસ્તાને ઇચ્છનારો. આ પ્રયોગમાં पथिन् શબ્દ તો છે, પણ નકારાંત पथिन् શબ્દ નથી કિન્તુ ઈકારાંત છે. તેથી નકારાંત શબ્દોને લાગુ થતો આ નિયમ આ પ્રયોગમાં નહીં લાગી શકે. ૧।૪।૭૬।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## एः ॥१।४।७७॥

घुट् પ્રત્યય લાગેલો હોય ત્યારે નકારાંત पथिन्, मथिन् અને ऋभुक्षिन् એ ત્રણ શબ્દોના इ અંશનો आ બોલવાનો છે.

નરજાતિ પ્ર૦ એ૦—पथिन् + स् = पथा + आ + स् = पन्थाः—માર્ગ.
દ્વિ૦ દ્વિવ૦—पथिन् + औ = पथान् + औ = पन्थानौ—બે માર્ગો.
પ્ર૦ બહુ૦—पथिन् + अस् = पथा + न् + अस् = पन्थानः—ઘણા માર્ગો.
દ્વિ૦ એ૦—पथिन् + अम् = पथा + न् + अम् = पन्थानम्—માર્ગને.
દ્વિ૦ દ્વિવ૦—पथिन् + औ = पथान् + औ = पन्थानौ—બે માર્ગોને.

આ પ્રકારે જ मन्थाः—રવૈયો, ऋभुक्षाः—ઇંદ્ર—પ્રયોગો સાધવા.

નપુંસક પ્રથમાનું તથા દ્વિતીયાનું બહુવચન—

सुपथिन् + इ (शि) = सुपथान् + इ = सुपन्थानि कुलानि—સારા માર્ગવાળાં કુલો અથવા સારાં માર્ગવાળાં કુળોને.

पथिन् શબ્દમાંથી જે पथी એવો દીર્ઘ ઈકારાંત શબ્દ પૂર્વે સૂચવ્યા પ્રમાણે બનેલો છે તે નકારાંત નથી તેથી તેને આ નિયમ ન લાગે. તેના તો पथ्यौ, पथ्यः એવા પ્રયોગો જ થાય.

પ્ર૦ તથા દ્વિ૦ નું દ્વિવચન—पथ્यौ—રસ્તાને ઇચ્છનારા બે અથવા રસ્તાને ઇચ્છનારા બેને.

પ્ર૦ બહુ૦—पथ्यः—રસ્તાને ઇચ્છનારા ઘણા. ૧।૪।૭૭।

## थः न्थ् ॥१।४।७८॥

જ્યારે घुट् પ્રત્યય લાગેલો હોય ત્યારે पथिन् અને मथिन् શબ્દના थ् અંશનો न्थ् બોલાય છે.

पथिन् + स् = पथिआ + स्=पथा + आ + स् = पन्था + आ + स् = पन्थाः–માર્ગ.

એ જ રીતે पन्थानौ, पन्थानः, पन्थानम्, पन्थानौ રૂપો સમજી લેવાં અને मन्थाः, मन्थानौ વગેરે પણ સાધી લેવાં. ૧।૪।૭૮।

## इन् ङी-स्वरे लुक् ॥१।४।७९॥

જ્યારે સ્ત્રીલિંગનો સૂચક ई (ङी) પ્રત્યય લાગેલો હોય તથા નામવિભક્તિ સંબંધી આદિમાં સ્વરવાળા अघुट् પ્રત્યયો એટલે ई, अस्, आ, ए, अस्,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओस् અને इ પ્રત્યયો લાગેલા હોય ત્યારે पथिन्, मथिन् અને ऋभुक्षिन् શબ્દના इन् અંશને બોલવાનો નથી.

સ્ત્રીલિંગનો ई (ङी) પ્ર૦ એ૦—सुपथिन् + ई = सुपथ + ई = सुपथी—સારા માર્ગ વાળી (નગરી)

નપુંસક—પ્રથમા તથા દ્વિતીયાનું દ્વિવચન–અધુટ્ પ્રત્યય—

सुपथिन् + ई = सुपथ् + ई = सुपथी—સારા માર્ગવાળાં બે કુળો અથવા સારા માર્ગવાળાં બે કુળોને.

દ્વિ૦ બહુ૦—पथिन् + अस् = पथ् + अस् = पथः—માર્ગોને.

આ જ રીતે सुमथी—સારા રવૈયાવાળી ગોળી

सुमथी—સારા રવૈયાવાળાં બે કુળો અથવા બે કુળોને.

मथः—રવૈયાઓને (દ્વિ૦ બ૦)

નારીજાતિ—પ્રથ૦ એ૦—अन् + ऋभुक्षी = अनृभुक्षी सेना—ઇંદ્ર વગરની સેના.

નપુંસક—अनृभुक्षी—ઇંદ્ર વગરનાં બે કુળો અથવા ઇંદ્રવગરનાં બે કુળોને. (પ્ર૦ દ્વિવ૦ દ્વિ૦ દ્વિવ૦)

નરજાતિ—ऋभुक्षः—ઇંદ્રોને (દ્વિતીયા બહુ૦) ૧।૪।૭૯।

## वोशनसो नश्चामन्त्र्ये सौ ॥१।४।८०॥

માત્ર સંબોધનના એકવચનનો स् (सि) પ્રત્યય લાગેલો હોય ત્યારે उशनस् શબ્દના અંત્ય स् ને બદલે વિકલ્પે न् બોલવો અથવા स् નો ઉચ્ચાર વિકલ્પે કરવો. અર્થાત્ स् નો न् બોલવો તથા स् બોલવો અને તેને બોલવો પણ નહીં.

स् નો न्—हे उशनस् + स् = हे उशनन्—હે શુક્ર!

स् નું અનુચ્ચારણ—हे उशनस् + स् = हे उशन—હે શુક્ર! (જુઓ ૧।૪।૪૫)

स् નું ઉચ્ચારણ—हे उशनः—હે શુક્ર!

પ્રથમાનું એકવચન સંબોધનરૂપ નથી તેથી પ્રથમાના એકવચનમાં તો उशना પ્રયોગ થાય. ૧।૪।૮૦।

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## उतोऽनडुच्चतुरो वः ॥ १ । ४ । ८१ ॥

જ્યારે સંબોધનનો સૂચક स् (सि) પ્રત્યય લાગેલો હોય ત્યારે अनडुत् ના ઉકારનો તથા चतुर्ના ઉકારનો व બોલવો.

हे अनडुत्+स्=अनड्वन् -હે બળદ !

हे प्रियचतुर्+स्=प्रियचत्वः—જેને ચાર પ્રિય છે એવા હે પુરુષ !

हे अतिचतुर्+स्=अतिचत्वः ચારને ટપી ગયેલા હે પુરુષ !

चतुर् શબ્દ સંખ્યાસૂચક છે. એટલે તે એકલો તો સંબોધનમાં વપરાય જ નહીં. તેથી चतुर् શબ્દનો प्रिय અને अति સાથે સમાસ કરીને ઉદાહરણ આપેલાં છે. ૧૪૮૧

## वाः शेषे ॥ १ । ४ । ८२ ॥

સંબોધનના स પ્રત્યયને છોડીને બાકીના જે ઘુટ્ પ્રત્યયો છે તેનું નામ शेष घुट्. એવા शेष घुट् પ્રત્યયો જ્યારે अनडुत् અને चतुर् શબ્દોને લાગ્યા હોય ત્યારે તે બન્ને શબ્દના उने બદલે वा બોલવો.

પ્ર० એ૦----अनडुत्+स=अनड्+वान्=अनड्वान्—બળદ.

પ્ર० દ્વિ૦---अनडुह्+औ=अनड्+वाहौ=अनड्वाहौ—બે બળદો.

પ્ર० એ૦---प्रियचतुर्+स्=प्रियचत्+वार्+स्=प्रियचत्वाः—જેને ચાર પ્રિય છે તે.

પ્ર० દ્વિ૦-- प्रियचतुर्+औ=प्रियचत्+वार्+औ=प्रियचत्वारौ—જેને ચાર પ્રિય છે તેવા બે જણ.

हे अनड्वन् ! અને हे प्रियचत्वः !—આ બન્ને પ્રયોગોમાં સંબોધનનો स् હોવાથી એ શેષરૂપ ઘુટ્ નથી તેથી એ બન્નેમાં ૧૪૮૧ નિયમ લાગ્યો છે. ૧૪૮૨

## सख्युरितोऽशावैत् ॥ १ । ४ । ८३ ॥

નપુંસકમાં વપરાતા પ્રથમા અને દ્વિતીયાના બહુવચનરૂપ इ (शि) પ્રત્યયને છોડીને બાકીના ઘુટ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે છેડે હ્રસ્વ इ વાળા सखि શબ્દના इ નો ऐ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦ દ્વિ૦ सखि+औ=सखै+औ=सखायौ––બે મિત્રો.

પ્ર૦ બ૦ सखि+अस्=सखै+अस्=सखायः––ઘણા મિત્રો.

દ્વિ૦ એ૦ सखि+अम्=सखै+अम्=सखायम्––મિત્રને.

દ્વિ૦ દ્વિ૦ सखि+औ=सखै+औ=सखायौ––બે મિત્રને.

આ નીચે જણાવેલ સ્ત્રીલિંગી સખી શબ્દ દીર્ઘ ઈકારાંત છે તેથી તેને આ નિયમ ન લાગે––

સ્ત્રીલિંગ––सखी+औ=सख्यौ स्त्रियौ––સખીને ઇચ્છતી બે સ્ત્રીઓ. (પ્ર૦ દ્વિવ૦)

પ્ર૦ તથા } अतिसखि + शि - इ = अतिसखि + न् +इ=अतिसखीनि–(જુઓ ૧।૪।૬૫)–
દ્વિ૦ બહુ૦ }

સખિને ટપી જનારાં કુળો અથવા કુળોને. આ પ્રયોગમાં शि (इ) પ્રત્યય લાગેલ છે તેથી આ નિયમ ન લાગે.

हे सखे ! હે મિત્ર ! આ પ્રયોગ સંબોધનના એકવચનને સૂચવે છે. તેથી આ પ્રયોગમાં शेष घुट् પ્રત્યય વપરાયેલો નથી એટલે सखिनुं सखै ન થાય. ૧।૪।૮૩।

## ऋदुशनस्पुरुदंशोऽनेहसश्च सेर्डाः ॥१।४।८४॥

શેષરૂપ ઘુટ્‌ની અંતર્ગત રહેલો स् (सि) પ્રત્યય જ્યારે ह्रस्व ऋકારાંત નામને લાગેલો હોય તથા उशनस्, पुरुदंशस् અને अनेहस् તથા सखि શબ્દને પણ એ જ स् પ્રત્યય લાગેલો હોય ત્યારે તે પ્રત્યયના स् ને બદલે आ (डा) બોલવો.

ऋકારાંત––पितृ+स्=पित्+आ=पिता––પિતા

अतिपितृ+स्=अतिपित्+आ=अतिपिता––પિતાને ટપી ગયેલો.

कर्तृ+स्=कर्त्+आ=कर्ता––કરનાર.

उशनस् વગેરે––उशनस्+स्=उशन+आ=उशना––શુક્ર.

पुरुदंशस्+स्=पुरुदंश+आ=पुरुदंशा––ઇંદ્ર.

अनेहस्+स्=अनेह+आ=अनेहा––કાળ–સમય.

सखि+स्=सख्+आ=सखा––મિત્ર, સખા. ૧।૪।૮૪।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नि दीर्घः ॥१।४।८५॥

શેષ ઘુટ્ પ્રત્યયોની પૂર્વમાં જ્યાં જ્યાં न् આવેલો હોય ત્યાં ત્યાં તે न्‌ની પૂર્વના સ્વરને દીર્ઘ બોલવો.

राजन्+स्=राजान्+स्=राजा—રાજા.

राजन्+औ=राजान्+औ=राजानौ—બે રાજાઓ.

राजन्+अस्=राजान्+अस्=राजानः—ઘણા રાજાઓ.

राजन्+अम्=राजान्+अम्=राजानम्—રાજાને.

राजन्+औ=राजान्+औ=राजानौ—બે રાજાઓને.

પ્ર૦ તથા દ્વિ૦ બહુ૦—वन + अस् = वन + इ = वनान् + इ = वनानि—વનો અથવા વનોને.

પ્ર૦ તથા દ્વિ૦ બહુ૦ कर्तृ + अस् = कर्तृ + इ = कर्तृ + न् + इ=कर्तृणि—કર્તા એવાં કુળો અથવા કર્તા એવાં કુળોને.

राजन्+स्=हे राजन्! (સંબોધનનું એકવચન)—હે રાજા. આ પ્રયોગમાં સંબોધનસૂચક જે स् લાગ્યો છે તે શેષ ઘુટ્ નથી. શેષ ઘુટ્ માટે જુઓ ૧।૪।૮૨. ૧।૪।૮૫।

## न्स्-महतोः ॥ १ । ४ । ८६ ॥

શેષ ઘુટ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે જે શબ્દને છેડે न्स् હોય તે શબ્દના न्स्‌ની પૂર્વના હ્રસ્વ સ્વરનો દીર્ઘ સ્વર બોલવો તથા महत् શબ્દના અંત્ય સ્વરનો દીર્ઘ સ્વર બોલવો.

श्रेयन्स्+औ=श्रेयान्स्+औ=श्रेयांसौ—બે શ્રેય.

महन्त्+स्=महान्त्+स्=महान्—મોટો.

महन्त्+औ=महान्त्+औ=महान्तौ—બે મોટા ૧।૪।૮૬।

## इन्-हन्-पूषार्यम्णः शिस्योः ॥ १ । ४ । ८७ ॥

पूषन् તથા अर्यमन् શબ્દને તથા જે શબ્દોને છેડે इन् હોય તેવા શબ્દોને તથા જે શબ્દોને છેડે हन् હોય એવા શબ્દોને પ્રથમાના બહુવચનનો તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીયાના બહુવચનનો इ (शि) પ્રત્યય લાગેલો હોય ત્યારે જ તથા પ્રથમાના એકવચનનો स् (सि) પ્રત્યય લાગેલો હોય ત્યારે જ તે શબ્દોના અંત્ય હ્રસ્વ સ્વરનું દીર્ઘ ઉચ્ચારણ કરવું.

આ બે પ્રત્યયો સિવાય બીજા કોઈ ઘુટ્ પ્રત્યયો લાગતાં આ નામોનો અંત્ય સ્વર દીર્ઘ ન જ થાય. આ સૂત્ર આવું નિર્ધારણ કરે છે.

इन्–પ્ર૦ તથા દ્વિ૦ નું બહુવચન––दण्डिन् + इ = दण्डीन् + इ = दण्डीनि–– દંડવાળાં કુળો અથવા દંડવાળાં કુળોને.

,, स्रग्विन् + इ = स्रग्वीन्+इ=स्रग्वीणि––માળાવાળાં કુળો અથવા માળાવાળાં કુળોને.

इन्–પ્ર૦ એ૦ दण्डिन्+स्=दण्डीन्+स्=दण्डी –દંડવાળો.

,, ,, स्रग्विन्+स्=स्रग्वीन्+स्=स्रग्वी– માળાવાળો.

हन्–પ્ર૦ તથા દ્વિ૦ નું બ૦વ૦–भ्रूणहन् + इ =भ्रूणहान्+इ=भ्रूणहानि–ગર્ભહત્યા કરનારાં કુળો અથવા ગર્ભહત્યા કરનારાં કુળોને.

,, પ્ર૦ એ૦–भ्रूणहन्+स्=भ्रूणहान्+स्=भ्रूणहा––ગર્ભહત્યા કરનારો

पूषन्–પ્ર૦ એ૦पूषन्+स्=पूषान्+स्=पूषा––ઇન્દ્ર.

अर्यमन्–પ્ર૦ એ૦ अर्यमन्+स्=अर्यमान्+स्=अर्यमा––સૂર્ય.

,, પ્ર૦ તથા દ્વિ૦ બહુ૦––बहुपूषन् + इ = बहुपूषान्+इ = बहुपूषाणि––બહુ ઇંદ્રવાળાં વનો અથવા બહુઇંદ્રવાળાં વનોને

स्वर्यमन् + इ = स्वर्यमान् + इ = स्वर्यमाणि––સારા સૂર્યવાળાં પ્રભાતો અથવા સારા સૂર્યવાળાં પ્રભાતોને

દીર્ઘ ન થાય––

दण्डिन्+औ=दण्डिनौ––દંડ ધારણ કરનારા બે જણ અથવા બે જણને

वृत्रहन्+औ=वृत्रहणौ––વૃત્રને હણનારા બે જણ અથવા બે જણને.

पूषन्+औ=पूषणौ––બે ઇન્દ્રો અથવા બે ઇન્દ્રોને.

अर्यमन्+औ=अर्यमणौ––બે સૂર્યો અથવા બે સૂર્યોને.

ઉપરના ચારે પ્રયોગોમાં પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના દ્વિવચનનો પ્રત્યય લાગેલો છે તેથી આ નિયમ ન લાગે. તેમ પૂર્વોક્ત નિર્ધારણને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે બીજો કોઈ નિયમ પણ અહીં દીર્ઘ કરવા માટે ન વપરાય. (જુઓ ૧।૪।૮૫। ૧।૪।૮૭।

## अपः ॥१।४।८८॥

શેષ घुट् પ્રત્યય લાગેલો હોય ત્યારે अप् શબ્દના अ નું દીર્ઘ ઉચ્ચારણ કરવું એટલે अ ને બદલે आ બોલવો.

પ્ર૦ બહુ૦–अप्+अस्=आप्+अस्=आपः–પાણી

૧૦ દ્વિ૦ તથા દ્વિ૦ દ્વિવ૦–सु+अप् = स्वप् + औ=स्वापौ––સારા પાણીવાળા બે કૂવા અથવા સારા પાણીવાળા બે કૂવાઓને.

એકલો अप् શબ્દ હમેશાં બહુવચનમાં જ વપરાય છે તેથી તેનો એકવચનવાળો પ્રયોગ ઉદાહરણરૂપે ન લઈ શકાય.

## नि वा ॥१।४।८९॥

अप् શબ્દમાં જ્યારે न् ઉમેરવામાં આવેલો હોય અને તેને घुट् પ્રત્યય લાગેલો હોય ત્યારે તેના अ નો आ વિકલ્પે બોલવો.

૦ તથા દ્વિ૦નું બહુવચન – सु+अप् + इ = स्वान्प् + इ=स्वाम्पि અથવા स्वम्पि–સારાં પાણીવાળાં તળાવો અથવા સારાં પાણીવાળાં તળાવોને

बहु + अप् + इ =बह्वान्प् + इ =बह्वाम्पि અથવા बह्वम्पि– બહુપાણીવાળાં તળાવો અથવા બહુપાણીવાળાં તળાવોને ૧।૪।૮૯।

## अभ्वादेरत्वसः सौ ॥१।४।९०॥

જે શબ્દને છેડે अतु હોય અથવા अस् હોય તેવો શબ્દ જો भ्वादि ગણના ધાતુ દ્વારા ન નિપજેલ હોય તો પ્રથમા એકવચનનો स् પ્રત્યય લાગતાં તે अतु ના અને अस्ના अनुं દીર્ઘ ઉચ્ચારણ કરવું એટલે अ નો आ બોલવો.

પ્ર૦ એ૦ સિ––

૧ – भवतु–भवत् + स् = भवान्त्+ स्=भवान् તમે પોતે.

यवमतु – यवमत् + स् = यवमान्त् + स्=यवमान्––જવવાળો, જવના નિશાનવાળો.

गोमन्तम् इच्छन् गोमन्त् + स् = गोमान्–ગામવાળાને ઇચ્છનારો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस् – आप्सरस् + स् = अप्सरास्+स् = आप्सराः–અપ્સરા.

स्थूलशिरसं वा इच्छन् स्थूलशिरस् + स् = स्थूलशिरास् + स् = स्थूलशिराः–– મોટા માથાવાળાને પ્રચ્છનારો.

पिण्डं ग्रसते पिण्डग्रस् + स् =पिण्डग्रः–પિંડને ગળચનારો—આ પ્રયોગનો असवाળो ग्रस શબ્દ भ्वादि ગણના ग्रस् ધાતુ ( ग्रस्–ખાવું–ગળચવું ) ઉપરથી બનેલો છે. માટે पिण्डग्राः પ્રયોગ ન થાય. ૧।૪।૯૦।

## क्रुशस्तुनस्तृच् पुंसि ।।१।४।९१।

क्रुश् ધાતુને तुन् લાગીને જે क्रोष्टु નામ બન્યું છે તે क्रोष्टु શબ્દને घुट् પ્રત્યયો લાગેલા હોય અને એ શબ્દ નરજાતિનો હોય ત્યારે તેના છેડાના तु નો तृ બોલવો.

क्रोष्टु + स् = क्रोष् + तु = क्रोष् + तृ – क्रोष्टृ + स् क्रोष्टा—શિયાળ (જુઓ ૧।૪।૮૪)

क्रोष्टु + औ = क्रोष्टृ + औ = क्रोष्टारौ—બે શિયાળ. ( ૧।૪।૩૮। )

तृच् ન થાય—

પ્ર૦ તથા દ્વિ૦ બહુ૦—क्रुशक्रोष्टूनि वनानि क्रुशक्रोष्टु +इ=क्रुशक्रोष्टु + न् + इ =क्रुशक्रोष्टूनि - દુબળા શિયાળવાળાં વનો અથવા વનોને.

આ પ્રયોગ નરજાતિનો નથી પણ નપુંસકલિંગી છે તેથી અહીં क्रोष्टुनुं क्रोष्टृ ન બોલાય. ૧।૪।૯૧।

## टादौ स्वरे वा ।।१।४।९२।।

आ, ए, अस्, ओस्, इ પ્રત્યયો લાગેલા હોય ત્યારે પુંલિંગી क्रोष्टु શબ્દને બદલે क्रोष्टृ એવો ऋकारांत શબ્દ વિકલ્પે બોલાય છે. અર્થાત્ તૃતીયા એકવચન, ચતુર્થી એ૦ પંચમી એ૦, ષષ્ઠી વિભક્તિનું એ૦ તથા ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનું દ્વિવચન અને સપ્તમીનું એકવચન—એ બધા પ્રત્યયોમાં क्रोष्टु અને क्रोष्टृ એમ બે શબ્દો સમજવાના છે.

તૃ૦ એ૦—क्रोष्टु + आ = क्रोष्ट्+आ=क्रोष्ट्रा અથવા क्रोष्टु + आ = क्रोष्टुना– શિયાળ વડે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ૦ એ૦— क्रोष्टु + ए = क्रोष्टृ+ए = क्रोष्ट्रे અથવા क्रोष्टु+ ए = क्रोष्टवे–શિયાળને માટે.

પં૦ તથા ષ૦ એ૦—क्रोष्टु + अस्=क्रोष्टृ + अस् = क्रोष्टुः અથવા क्रोष्टु + अस् = क्रोष्टोः–શિયાળથી તથા શિયાળનું.

સ૦ એ૦— क्रोष्टु + इ = क्रोष्टृ + इ = क्रोष्टरि (૧।૪।૩૯) અથવા क्रोष्टु + इ =क्रोष्टौ–શિયાળમાં.

ષ૦ તથા સ૦ દ્વિ૦—क्रोष्टु+ ओस्=क्रोष्टृ + ओस्=क्रोष्ट्रोः અથવા क्रोष्टु + ओस = क्रोष्ट्वोः—બે શિયાળનું તથા બે શિયાળમાં. ૧।૪।૯૨।

## स्त्रियाम् ॥१।४।९३॥

क्रोष्टु શબ્દ જ્યારે નારીજાતિમાં હોય ત્યારે તેના (क्रोश् + तु – क्रोष्टु) તુને બદલે तृ બોલવો અર્થાત્ નારીજાતિમાં તેને क्रोष्टु નહીં પણ क्रोष्टृ એવો ऋકારાંત સમજવાનો છે.

આ क्रोष्टृપદ કોઈ પ્રત્યય વગેરેના નિમિત્તને લીધે થયેલ નથી પણ સહજ છે, એમ સમજવાનું છે.

પ્ર૦ એ૦–क्रोष्टु क्रोष्टृ + ई = क्रोष्ट्री—એક શિયાળણી.

પ્ર૦ દ્વિ૦–,, – ,, ,, + औ = क्रोष्ट्र्यौ – બે શિયાળણીઓ.

તૃ૦ તથા ચ૦ – ,, ,, क्रोष्ट्री+भ्याम्=क्रोष्ट्रीभ्याम्–બે શિયાળણીઓ વડે, તથા

તથા પં૦ દ્વિ૦—બે શિયાળણીઓ માટે, તથા બે શિયાળણીઓથી.

पञ्चक्रोष्टृभिः रथैः–પાંચ શિયાળણો વડે જે રથો ખરીદાયેલા છે તેવા રથો વડે पञ्चक्रोष्टृभिर् + रथैः = पञ्चक्रोष्टृभी रथैः (જુઓ, ૧।૩।૪૧)

શં૦– આ સૂત્રમાં જે तृ વાપરવાનું સૂચન કરેલ છે તેને નિર્નિમિત્ત સમજવું એટલે કોઈ પણ પ્રત્યયને લિધે તુનો तृ થયેલ છે એમ ન સમજવું પણ સહજ સમજવું એવું શા માટે કહેલ છે ?

સમા૦—पञ्चक्रोष्टृभिः रथैः એ પ્રયોગમાં મૂળ તો पञ्चक्रोष्ट्रीभिः રૂપ છે પણ પાછળથી અમુક અમુક નિયમો દ્વારા पञ्चक्रोष्ट्रीभिः રૂપને બદલે पञ्चक्रोष्टृभिः રૂપ બનેલ છે, पञ्चक्रोष्ट्रीभिः क्रीताः रथाः (પાંચ શિયાળણો દ્વારા ખરીદવામાં આવેલા રથો) એવા અર્થમાં ०क्रोष्ट्री શબ્દને ૬।૪।૧૫૦। નિયમ દ્વારા इकण् પ્રત્યય લાગેલ છે અને પછી એ इकण्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યયનો ૬।૪।૧૪૧। નિયમ વડે લોપ થઈ જાય છે. આમ થયા પછી ०क्रोष्ट्री અંશ બાકી રહે છે. क्रोष्टृ + ई = क्रोष्ट्री એ રીતે આ અંશ બનેલ છે. હવે આ અંશમાં જે ई અંશ છે તે સ્ત્રીલિંગ સૂચક ई પ્રત્યય છે. ને ई પ્રત્યયનો પણ ૨।૪।૯૫ નિયમ દ્વારા લોપ થઈ જાય છે એટલે છેલ્લે ચોખ્ખો ०क्रोष्टृ એવો ऋકારાંત શબ્દ બાકી રહે છે, અને એ જ શુદ્ધ પ્રયોગ છે.

સ્ત્રીલિંગ સૂચક ई (ङी) ને નિમિત્ત માનીને तु નો तृ કરવો એમ આ સૂત્રમાં સૂચન કર્યું હોત તો જ્યારે એ નિમિત્તરૂપ સ્ત્રીલિંગસૂચક ई નો લોપ થઈ ગયો ત્યારે જ નિમિત્તનો લોપ થવાને લીધે तृ નો પણ લોપ થઈ જાત અને तृ ને બદલે तु જ બાકી રહેત. એમ થવાથી ०क्रोष्ट्रीभिः એવો પ્રયોગ ન બનત, પણ क्रोष्टुभिः એવો અશુદ્ધ પ્રયોગ બની જાત. આમ ન થાય અને ०क्रोष्टृभिः પ્રયોગ જ બને તે માટે तृ ને નિર્નિમિત્ત સમજવાનું સૂચન કરેલ છે. ૧।૪।૯૩।

આચાર્ય શ્રીહેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચંદ્ર
શબ્દાનુશાસન લઘુવૃત્તિના પ્રથમ અધ્યાયનો ગુજરાતી
વૃત્તિ–વિવેચનનો નામરૂપસાધન
પ્રકરણનો ચતુર્થ પાદ
**સમાપ્ત**

---

**પ્રથમ અધ્યાય સમાપ્ત**

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્વિતીય અધ્યાય

## (પ્રથમ પાદ)

### त्रि-चतुरः तिसृ-चतसृ स्यादौ ॥ २ । १ । १ ॥

त्रि શબ્દ અને चतुर् શબ્દ નારીજાતિમાં હોય તો સ્યાદિ વિભક્તિઓના પ્રત્યયો લાગતાં त्रि ને બદલે तिसृ અને चतुर् ને બદલે चतसृશબ્દનો પ્રયોગ કરવો.

त्रि નારીજાતિ-त्रि+अस्=तिसृ+अस्=तिस्रः-ત્રણ ગાથાઓ-પ્રથમા બહુ૦
चतुर् „ चतुर्+अस्=चतसृ+अस्=चतस्रः- ચાર „ „
સપ્તમી બહુ૦—त्रि+सु=तिसृ+षु=तिसृषु- ત્રણ ગાથાઓમાં
„ चतुर्+सु=चतसृ+षु=चतसृषु -ચાર „

प्रियतिसा ना+प्रियतिसृ+स् (પ્રથમા એકવચન)=प्रियतिसा ना-જેને ત્રણ ગાથાઓ પ્રિય છે એવો ના-પુરુષ.

प्रियचतसा ना- -प्रियचतसृ+स् (પ્રથમા એકવ૦)=प्रियचतसा ना-જેને ચાર ગાથાઓ પ્રિય છે એવો ના-પુરુષ.

प्रियतिसृ कुलम्-प्रियत्रि+स (પ્ર૦ એ૦ વ૦)=प्रियतिसृ कुलम्-જેને ત્રણ ગાથાઓ પ્રિય છે એવું કુળ.

प्रियत्रिकः-(प्रियत्रि+क) અને प्रियचतुष्कः-(प्रियचतुर्+क) આ બન્ને પ્રયોગોમાં त्रि અને चतुर् શબ્દને સ્યાદિ પ્રત્યયો નથી લાગેલા પણ क પ્રત્યય લાગેલો છે અને તે સ્યાદિનો પ્રત્યય નથી તેથી અહીં આ નિયમ ન લાગે. ૨ । ૧ । ૧ ।

### ऋतो रः स्वरेऽनि ॥ २ । १ । २ ॥

આદિમાં સ્વરવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગતાં तिसृ અને चतसृ શબ્દના અંત્ય ऋ ને બદલે र् બોલવો. માત્ર સ્વરવાળી સ્યાદિ વિભક્તિને નકારનો સંબંધ ન હોવો જોઈએ.

પ્ર૦ બહુ૦— तिसृ+अस्=तिस्रः-ત્રણ પાઠશાળાઓ
चतसृ+अस्=चतस्रः-ચાર „

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦ દ્વિવ૦ प्रियतिसृ+औ=प्रियतिस्रौ—જેને ત્રણ પાઠશાળાઓ પ્રિય છે એવા બે પુરુષ.

प्रियचतसृ+औ=प्रियचतस्रौ-જેને ચાર પાઠશાળાઓ પ્રિય છે એવા બે પુરુષ.

तिसृभिः તથા चतसृभिः અહીં तिसृ અને चतसृ શબ્દને આદિમાં સ્વર-વાળી સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા નથી તેથી तिस्रभिः કે चतस्रभिः એવા પ્રયોગો ન બને પણ तिसृभिः તથા चतसृभिः એવા ઋવાળા પ્રયોગ બને.

तिसृणाम् તથા चतसृणाम् આ બન્ને પ્રયોગોમાં સ્વરવાળી સ્યાદિ વિભક્તિને न् નો સંબંધ છે માટે तिस्रणाम् કે चतस्रणाम् પ્રયોગ ન થાય.
૨ । ૧ । ૨ ।

## जरायाः जरस् वा ॥ २ । १ । ३ ॥

આદિમાં સ્વરવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે जरा શબ્દને બદલે जरस् શબ્દનો વિકલ્પે ઉપયોગ કરવો.

जरा+औ=जरस्+औ=जरसौ અથવા जरे-બે વૃદ્ધાવસ્થાઓ.

जरा+अस=जरस्+अस=जरसः અથવા जराः-બેથી વધારે વૃદ્ધાવસ્થાઓ

अतिजरसौ અથવા अतिजरौ-જરાને વટાવી ગયેલા બે પુરુષો.

अतिजरसम् અથવા अतिजरम्-જરાને વટાવી ગયેલું કુળ (જરા–ઘડપણ વૃદ્ધાવસ્થા)
૨ । ૧ । ૩ ।

## अपोऽद् भे ॥ २ । १ । ४ ॥

આદિમાં भકારવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે अप् શબ્દને બદલે अद् શબ્દ વાપરવો.

अप्+भिस्=अद्+भिस्=अद्भिः-વિવિધ પ્રકારનાં પાણી વડે

सु+अप्+भ्याम्=सु+अद्+भ्याम्=स्वद्भ्याम्-જેમાં સારું પાણી છે એવા બે કૂવાઓ વડે.

अप्+सु=अप्सु-આ પ્રયોગમાં આદિમાં भકારવાળો સ્યાદિ વિભક્તિનો પ્રત્યય નથી પણ सु પ્રત્યય છે. તેથી अद्+सु=अत्सु ન થાય પણ अप्+सु =अप्सु એમ જ રહે . अप्सु–વિવિધ પાણીમાં.
૨ । ૧ । ૪ ।

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## आ रायो व्यञ्जने ॥ २ । १ । ५ ॥

આદિમાં વ્યંજનવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે रै શબ્દને બદલે रा શબ્દ વાપરવો.

रै+स्=रा+स=राः–લક્ષ્મી

रै+सु=रा+सु=रासु–લક્ષ્મીઓમાં

अतिरै+भ्याम्=अतिराभ्याम् कुलाभ्याम्–લક્ષ્મીને વટી ગયેલાં એવાં બે કુળો વડે

रै+अस्=रायः–આ પ્રયોગમાં વપરાયેલો સ્યાદિ વિભક્તિનો પ્રત્યય આદિમાં વ્યંજનવાળો નથી તેથી रै+अस्=रायः રૂપ થાય. रायः લક્ષ્મીઓ.

૨ । ૧ । ૫ ।

[युष्मद् अस्मद् सू० ६–३३]

## युष्मद्–अस्मदोः ॥ २ । १ । ६ ॥

આદિમાં વ્યંજનવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે युष्मद् અને अस्मद् શબ્દના द्નો आ બોલવો.

દ્વિ૦ એ૦ વ૦—

युष्मद्+अम्=युष्मद्+म=युष्मा+म्=त्वाम्–તને

अस्मद्+अम्=अस्मद्+म्=अस्मा+म्=माम्–મને

अतित्वाम्–તને ટપી ગયેલાને.

अतिमाम्–મને ટપી ગયેલાને.

સ૦ બહુ૦—

युष्मद्+सु=युष्मा+सु=युष्मासु–તમારામાં.

अस्मद्+सु=अस्मा+सु=अस्मासु–અમારામાં. ૨ । ૧ । ૬ ।

## टाङ्योसि यः ॥ २ । १ ॥ ७ ॥

તૃતીયાના એકવચનનો आ, સપ્તમીના એકવચનનો इ અને ષષ્ઠી તથા સપ્તમીના દ્વિવચનનો ओस् પ્રત્યય લાગેલો હોય ત્યારે युष्मद् અને अस्मद् શબ્દના द्નો य् બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃ૦ એ૦ વ૦—

युष्मद्+आ=युष्मय्+आ=त्वय्+आ=त्वया–તારા વડે.

अस्मद्+आ=अस्मय्+आ=मय्+आ=मया–મારા વડે.

अतियुष्मद्+आ=अतियुवद्+आ=अतियुवय्+आ=अतियुवया તમને બેને ટપી ગયેલા વડે.

अतिअस्मद्+अत्यस्मद्+आ=अतिआवद्+आ=अत्यावया- અમને બેને ટપી ગયેલા વડે.

સ૦ એ૦ વ૦—

युष्मद्+इ=त्वद्+इ=त्वय्+इ=त्वयि–તારામાં.

अस्मद्+इ=मद्+इ=मय्+इ=मयि -મારામાં.

ષ૦ તથા સ૦ નું દ્વિવ૦—

युष्मद्+ओस्=युवद्+ओस्=युवय्+ओस्=युवयोः–તમારા બેનું અથવા તમારા બેમાં.

अस्मद्+ओस्=आवद्+ओस्=आवय्+ओस्=आवयोः–અમારા બેનું અથવા અમારા બેમાં

युष्मद् + अस् = त्वत् અને अस्मद् + अस् = मत्—આ બન્ને પ્રયોગોમાં પંચમીના એકવચનનો પ્રત્યય લાગેલો છે તેથી આ નિયમ ન લાગે.

त्वत्–તારાથી. मत्–મારાથી. । २ । १ । ७ ।

## शेषे लुक् ॥ २ । १ । ८ ॥

જે પ્રત્યય લાગે ત્યારે ૨।૧।૬। સૂત્રવડે आ નું વિધાન કર્યું છે તથા જે પ્રત્યય લાગે ત્યારે ૨।૧।૭। સૂત્રવડે य् નું વિધાન કર્યું છે તે બન્ને સૂત્રોમાં જણાવેલા પ્રત્યયો સિવાયના બાકીના પ્રત્યયોને શેષ પ્રત્યયો સમજવા. અર્થાત્ સ્યાદિ વિભક્તિના આદિમાં વ્યંજનવાળા પ્રત્યયો તથા તૃતીયાનું એકવચન, સપ્તમીનું એકવચન, ષષ્ઠી તથા સપ્તમીનું દ્વિવચન એ બધા પ્રત્યયો સિવાયના સ્યાદિ વિભક્તિના બીજા કોઈ પણ પ્રત્યયો લાગે ત્યારે युष्मद् અને अस्मद् ના અંત્ય અક્ષર द् ને બોલવો નહીં એટલે द् નો લોપ કરી નાખવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ૦ બ૦ વ૦ भ्यस्--

युष्मद्+भ्यस्=युष्मद्=अभ्यम्=युष्मभ्यम्-તમારા માટે.

अस्मद्+भ्यस्=अस्मद्+अभ्यम्=अस्मभ्यम्-અમારા માટે.

પં૦ એ૦ વ૦ તથા બહુ૦--

अतित्वत् તમને ટપી ગયેલા એક જણથી અથવા બહુ જણથી.

अतिमत् અમને ટપી ગયેલા એક જણથી અથવા બહુ જણથી.

त्वयि, मयि-આ બન્ને પ્રયોગોમાં શેષ પ્રત્યય નથી પણ ૨।૧।૭ માં બતાવેલો પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે. । ૨ । ૧ । ૮ ।

## मोः वा ॥ २ । १ ।९॥

સ્યાદિ વિભક્તિના ઉપર જણાવ્યા પ્રમાણેના શેષ પ્રત્યયો લાગેલા હોય ત્યારે युष्मद्ना અને अस्मद्ना म् ને વિકલ્પે બોલવો નહીં અર્થાત् म् નો વિકલ્પે લોપ કરી નાખવો.

ચ૦ તથા પં૦ બહુ૦--

युवाम् युष्मान् वा आचक्षाणेभ्यः ( णिचि, क्विपि च लुकि च) युष्म+अभ्यम्=युषभ्यम् અથવા युष्मभ्यम् તમને બેને અથવા તમને કહેનારાઓ માટે કે કહેનારાઓથી.

आवाम् अस्मान् वा आचक्षाणेभ्यः ( णिचि, क्विपि च लुकि च) अस्म+अभ्यम्=असभ्यम् અથવા अस्मभ्यम्-અમને બેને અથવા અમને કહેનારાઓ માટે કે કહેનારાઓથી.

આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद् શબ્દથી णिच् પ્રત્યય લાગેલો છે પછી क्विप् પ્રત્યય લાગ્યો છે અને પછી તે લાગેલા પ્રત્યયોનો લોપ થયો છે. ॥ ૨ । ૧ । ૯ ॥

## मन्तस्य युव्-आवौ द्वयोः ॥२।१।१०॥

દ્વિવચનનો સૂચક युष्मद् અને अस्मद् શબ્દ હોય અને તે युष्मद् તથા अस्मद् શબ્દને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય તો युष्म् એવા મકારાંત અંશનો युव અને अस्म् એવા મકારાંત અંશનો आव બોલવો.

युष्मद् + औ=युव+म्=युवाम् તમને બેને.

अस्मद्+औ=आव+म्=आवाम्--અમને બેને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अतियुवाम्–તમને બેને ટપી ગયેલા એવા બેને.

अत्यावाम्–અમને બેને ટપી ગયેલા એવા બેને

अतियुवासु–તમને બેને ટપી ગયેલાઓમાં.

अत्यावासु–અમને બેને ટપી ગયેલાઓમાં.

युवद्+ओस्=युवय्+ओस्=युवयोः, आवद्+ओस्=आवय्+ओस्=आवयोः–આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद्‌નો मान्त–મકારાંત–ભાગ નથી પણ युवय् અને आवय् એવો યકારાંત ભાગ છે તેથી આ નિયમ ન લાગે.

युवयोः पुत्रः युष्मत्पुत्रः–આ પ્રયોગમાં युष्मत् પછી સ્યાદિવિભક્તિનો પ્રત્યય નથી પણ पुत्र શબ્દ છે તેથી આ નિયમ ન લાગે.

॥ २।१।१०॥

## त्व–मौ प्रत्ययोत्तरपदे चैकस्मिन् ॥२।१।११॥

એકવચનનો સૂચક युष्मद् અને अस्मद् શબ્દ હોય અને युष्मद् તથા अस्मद् શબ્દને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય અથવા બીજો કોઈ પ્રત્યય લાગેલો હોય અથવા તે युष्मद् તથા अस्मद् શબ્દ પછી બીજું કોઈ ઉત્તરપદ આવેલું હોય તો युष्मद्‌ના युष्म्‌ને બદલે त्व તથા अस्मद्‌ના अस्म्‌ને બદલે म બોલવો.

સ્યાદિ—

युष्मद्+अम्=त्व+अम्=त्वाम्-તને.

अस्मद्+अम्=म+अम्=माम्–મને.

अतित्वाम्–તને ટપી ગયેલા એવા કોઈ જણને.

अतिमाम्–મને ટપી ગયેલા એવા કોઈ જણને.

अतित्वासु–તને ટપી ગયેલા એવા માણસોમાં.

अतिमासु–મને ટપી ગયેલા એવા માણસોમાં.

બીજો પ્રત્યય—

युष्मद्+ईय=त्वद्+ईय=त्वदीयः–તારો પાઠ.

अस्मद्+ईय=मद्+ईय=मदीयः–મારો પાઠ.

ઉત્તરપદ—

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

युष्मद्+पुत्रः=त्वत्पुत्रः-તારો પુત્ર.

अस्मद्+पुत्रः=मत्पुत्रः-મારો પુત્ર.

अधियुष्मद्, अधि+अस्मद्=अध्यस्मद्-આ પ્રયોગોમાં બીજો કોઈ પ્રત્યય નથી તેમ युष्मद् તથા अस्मद् પછી બીજું કોઈ પદ પણ નથી માટે त्व અને म ન બોલાય.

युष्माकम्, अस्माकम्-આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद् એકવચનમાં નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૨ । ૧ । ૧૧ ॥

## त्वमहं सिना प्राक् चाकः ॥२।१।१२॥

પ્રથમાના એકવચન सि સાથે युष्मद्‌નો त्वम् અને પ્રથમાના એકવચન सि સાથે अस्मद्‌નો अहम् બોલવો.

જ્યારે આ બન્ને શબ્દોને अक्[1] [૭।૩।૩૦] પ્રત્યય લગાડવાનો પ્રસંગ આવે ત્યારે તે अक् લાગ્યા પહેલાં જ त्वम् તથા अहम् કરી લેવા અને પછી अक् લગાડવો.

युष्मद्+सि=त्वम् તું.

अस्मद्+सि=अहम् હું.

अतित्वम्-તને ટપી ગયેલો એવો તે.

अति+अहम=अत्यहम्-મને ટપી ગયેલો એવો તે.

त्वकम्, अहकम् આ બન્ને પ્રયોગોમાં त्वम् અને अहम् કર્યા પછી अक् પ્રત્યય લાગેલો છે અર્થાત્ सिની પેઠે अक्પ્રત્યયની સાથે त्वम्, अहम् ન બોલાય પણ त्वकम् (-તું) તથા अहकम् (-હું) બોલાય. ॥ ૨ । ૧ । ૧૨ ॥

## यूयं वयं जसा ॥२।१।१३॥

પ્રથમાના બહુવચન जस् સહિત युष्मद्‌નો यूयम् તથા પ્રથમાના બહુવચન जस् સહિત अस्मद्‌નો वयम् બોલવો, પણ अक् પ્રત્યય લાગવાનો પ્રસંગ આવતાં પહેલાં यूयम् અને वयम् કરી લેવા અને પછી अक् પ્રત્યય લગાડવો.

युष्मद्+जस्=यूयम्-તમે

अस्मद्+जस्=वयम्-અમે

---

૧ શબ્દના છેલ્લા સ્વરની પહેલાં જ अक् લાગે છે-त्व्+अक्+अम्=त्वकम्। अह्+अक्+अम्=अहकम्।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रियुष्मद्+अस्=प्रिययूयम्–તમે જેને પ્રિય છો એવો.

प्रिय+अस्मद्=प्रियास्मद्+अस्=प्रियवयम्–અમે જેને પ્રિય છીએ એવો.

यूयकम्–यूय्+अक्+अम्=यूयकम्–તમે.

वयकम्–वय्+अक्+अम्=वयकम्–અમે. ।२।१।१३।

## तुभ्यं मह्यं ङया ॥२।१।१४॥

युष्मद्‌નો તેને લાગેલા ચતુર્થીના એકવચન ए (ङे) સહિત तुभ्यम् બોલવો અને अस्मद्‌નો તેને લાગેલા ચતુર્થીના એકવચન ए (ङे) સહિત मह्यम् બોલવો.

युष्मद्+ए=तुभ्यम्–તારા માટે.

अस्मद्+ए=मह्यम्–મારા માટે.

प्रियतुभ्यम् તું જેને પ્રિય છે એવા તેને માટે.

प्रियमह्यम्–હું જેને પ્રિય છું એવા તેને માટે.

अक् પ્રત્યય લગાડવાનો હોય તે પહેલાં तुभ्यम् અને मह्यम् રૂપો બનાવી લઈ પછી अक् પ્રત્યય જોડવો.

तुभ्य्+अक्+अम्=तुभ्यकम्–તારા માટે.

मह्य्+अक्+अम्=मह्यकम्–મારા માટે. ॥२।१।१४॥

## तव मम ङसा ॥ २ । १ । १५ ॥

પષ્ઠીના એકવચન अस् (ङस्) સહિત युष्मद् નો तव બોલવો અને પષ્ઠીના એકવચન अस् (ङस्) સહિત अस्मद्‌નો मम બોલવો.

युष्मद्+अस्=तव–તારું.

अस्मद्+अस्=मम–મારું.

અહીં પણ तव, मम કર્યા પછી अक् લગાડવો.

तव्+अक+अ=तवक–તારું.

मम्+अक्+अ=ममक–મારું

प्रियतव–જેને તું પ્રિય છે એવા તેનું.

प्रियमम–જેને હું પ્રિય છું એવા તેનું.

॥२।१।१५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अमौ मः ॥ २ । १ । १६ ॥

युष्मद् તથા अस्मद्‌ને લાગેલા દ્વિતીયાના એકવચન अम्‌નો તથા પ્રથમા અને દ્વિતીયાના દ્વિવચન औ નો म् બોલવો.

अम्—

युष्मद्+अम्=त्वाम्–તને

अस्मद्+अम्=माम्–મને

अतित्वाम्-તને ટપી ગયેલા એવા તેને.

अतिमाम्-મને ટપી ગયેલા એવા તેને.

પ્ર० તથા દ્વિતી० દ્વિ० વ० औ—

युष्मद्+औ=युवाम्–તમે બે અથવા તમને બેને.

अस्मद्+औ=आवाम्–અમે બે અથવા અમને બેને. । २ । १ । १६ ।

## शसो नः ॥ २ । १ । १७ ॥

युष्मद् તથા अस्मद्‌ને લાગેલા शस् (દ્વિતીયા બહુવચન)નો આખાનો न् બોલવો.

युष्मद्+शस्=युष्मान्–તમને.

अस्मद्+शस्=अस्मान्–અમને

प्रियत्वान्-તું જેને પ્રિય છે એવા તેઓને.

प्रियमान्–હું જેને પ્રિય છું એવા તેઓને. । २ । १ । १७ ।

## अभ्यम् भ्यसः ॥२ । १ । १८ ॥

युष्मद् તથા अस्मद्‌ને લાગેલા ચતુર્થીના બહુવચન भ्यस् પ્રત્યયને બદલે अभ्यम् બોલવું.

युष्मद्+भ्यस्=युष्मद्+अभ्यम्=युष्मभ्यम्—તમારે માટે.

अस्मद्+भ्यस्=अस्मद्+अभ्यम्=अस्मभ्यम्—અમારે માટે.

अतियुवभ्यम्-તમને બેને ટપી ગયેલા એવાઓને માટે.

अत्यावभ्यम्-અમને બેને ટપી ગયેલા એવાઓને માટે.

। २ । १ । १८ ।

## ङसेश्चाद् ॥ २ । १ । १९ ॥

युष्मद् તથા अस्मद्‌ને લાગેલા પંચમી વિભક્તિના એકવચન अस् પ્રત્યયને બદલે તથા પંચમી બહુવચન भ्यस् પ્રત્યયને બદલે अद् બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પં૦ એ૦ વ૦—

युष्मद्+अस्=युष्मद्+अद्=त्वद् તારી પાસેથી.

अस्मद्+अस्=अस्मद्+अद्= मद् મારી પાસેથી.

अतियुवद्-તમને બેને વટાવી ગયેલા તેની પાસેથી.

अत्यावद्-અમને બેને વટાવી ગયેલા તેની પાસેથી.

પં૦ બ૦ વ૦—

युष्मद्+भ्यस्=युष्मद्+अद्=युष्मद्-તમારી પાસેથી.

अस्मद्+भ्यस्=अस्मद्+अद्=अस्मद्-અમારા પાસેથી.

अतित्वद्-તમને ટપી ગયેલા તેની પાસેથા.

अतिमद्-અમને ટપી ગયેલા તેની પાસેથી. । ૨ । ૧ । ૧૯ ।

## आमः आकम् ॥ २ । १ । २० ॥

युष्मद् તથા अस्मद् શબ્દને લાગેલા ષષ્ઠીના બહુવચન आम् પ્રત્યયને બદલે आकम् બોલવું.

आम्—

युष्मद्+आकम=युष्माकम्-તમારું.

अस्मद्+आकम्=अस्माकम्-અમારું.

अतियुवाकम्-તમને બેને ટપી ગયેલા એવા તેઓનું

अत्यावाकम्-અમને બેને ટપી ગયેલા એવા તેઓનું.

युष्मान् आचक्षाणानाम्=युष्माकम्-તમને કહેનારાઓનું.

अस्मान् वा आचक्षाणानाम्=अस्माकम्-અમને કહેનારાઓનું.

। ૨ । ૧ । ૨૦ ।

## पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्-नसौ बहुत्वे ॥ २ । १ । २१ ॥

બીજા કોઈ પણ પદ પછી આવેલા અને બેકી સંખ્યાની બહુવચની વિભક્તિ સહિતના युष्मद्‌ને બદલે वस् બોલવો તથા બીજા કોઈ પણ પદ પછી આવેલા અને બેકી સંખ્યાની બહુવચની વિભક્તિ સહિતના अस्मद् ને બદલે नस् બોલવો, પણ જે પદ પછી युष्मद् અને अस्मद् શબ્દો આવેલા હોય, તે પદ અને युष्मद् તથા अस्मद् એ બન્ને એક જ વાક્યમાં આવેલા હોય અર્થાત્ તે બન્ને વચ્ચે અર્થનો સંબંધ હોય તો જ આ વિધાન સમજવું. वस् અને नस्‌નું વિધાન અન્વાદેશમાં નિત્ય કરવામાં આવનારું છે (જુઓ ૨।૧।૩૧) તેથી અહીંનું આ વિધાન વિકલ્પે સમજવું એટલે युष्मद्‌નો वस् તથા अस्मद्‌નો नस् વિકલ્પે બોલવો એમ સમજવું. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતનું વિકલ્પે વિધાન નીચેનાં ત્રણ સૂત્રોમાં પણ સમજવું એટલે ૨૨મા, ૨૩ મા અને ૨૪ મા સૂત્રોમાં પણ બતાવેલ વિધાન વિકલ્પે સમજવું.

धर्मो वो रक्षतु અથવા धर्मो युष्मान् रक्षतु–ધર્મ તમારી રક્ષા કરો.

धर्मो+युष्मद्+शस्=धर्मो वः અથવા धर्मो युष्मान् ।

धर्मो नो रक्षतु અથવા धर्मः अस्मान् रक्षतु–ધર્મ અમારી રક્ષા કરો.

धर्मः+अस्मद्+शस्=धर्मो नः અથવા धर्मः अस्मान्।

આ રીતે જ ચતુર્થીના અને ષષ્ઠીના બહુવચનમાં પણ વિકલ્પે वस् અને नस्નાં રૂપો સાધી લેવાં.

धर्मो वः અથવા धर्मो युष्मभ्यम् અથવા युष्माकम् (ચતુર્થી તથા ષષ્ઠી બહુવચન)–ધર્મ તમારે માટે તથા ધર્મ તમારું રક્ષણ કરો.

धर्मो नः અથવા धर्मः अस्मभ्यम् અથવા अस्माकम् (ચતુર્થી તથા ષષ્ઠી બહુવચન)– ધર્મ અમારે માટે તથા ધર્મ અમારું રક્ષણ કરો.

युष्मान् पातु–તમારું રક્ષણ કરો–આ પ્રયોગમાં युष्मद् શબ્દ બીજા કોઈ પદ પછી આવેલ નથી તેથી वस् ન બોલાય.

तीर्थे यूयं यात–તમે તીર્થમાં જાઓ–આ પ્રયોગમાં युष्मद् શબ્દને બેકી વિભક્તિ જ નથી લાગી તેથી वस् ન બોલાય

अतियुष्मान् पश्य, ओदनं पचत, युष्माकं भविष्यति તમને ટપી ગયેલાને જુઓ, ચોખા રાંધો, તમારું થશે—આ સ્થળે पचत પદ પછી આવેલા युष्माकम् રૂપવાળા युष्मद् શબ્દ અને पचत પદ એ બે વચ્ચે કોઈ જાતનો સંબંધ જ નથી અર્થાત્ पचत પદ અને युष्मद् શબ્દ એ બન્ને જુદાં જુદાં વાક્યોમાં છે તેથી આ પ્રયોગમાં युष्माकम् ને બદલે वस् ન બોલાય. । २ । १ । २१ ।

## द्वित्वे वाम्–नौ ॥ २ । १ । २२ ॥

કોઈ બીજા પદ પછી આવેલા અને જે પદ પછી આવેલ હોય તે પદ સાથે અર્થદૃષ્ટિએ સંબંધ ધરાવતા તથા બેકી સંખ્યાની દ્વિવચની વિભક્તિસહિતના युष्मद् શબ્દને બદલે वाम् વિકલ્પે બોલાય છે તથા કોઈ બીજા પદ પછી આવેલા અને જે પદ પછી આવેલ હોય તે પદ સાથે અર્થદૃષ્ટિએ સંબંધ ધરાવતા તથા બેકી સંખ્યાની દ્વિવચની વિભક્તિ–સહિતના अस्मद् શબ્દને બદલે नौ વિકલ્પે બોલાય છે. જે પદથી પછી युष्मद् અને अस्मद् આવેલા હોય તે પદ અને युष्मद् તથા अस्मद् શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જ વાક્યમાં હોવા જોઈએ, એ આ નિયમ લાગવાની ખાસ શરત છે.

દ્વિતી० દ્વિ० વ૦—

युष्मद्+औ=वाम्–धर्मो वां पातु અથવા धर्मो युवां पातु–ધર્મ તમારા બેનું રક્ષણ કરો.

अस्मद्+औ=नौ–धर्मो नौ पातु અથવા धर्मः आवां पातु–ધર્મ અમારા બેનું રક્ષણ કરો.

બીજી વિભક્તિના દ્વિવચનની પેઠે ચતુર્થી તથા ષષ્ઠી વિભક્તિના દ્વિવચનમાં પણ वाम् તથા नौ સમજી લેવા. । २ । १ । २२ ।

## ङे ङसा ते मे ॥ २ ॥ १ । २३ ॥

બીજા કોઈ પદથી પછી युष्मद् અથવા अस्मद् શબ્દો આવેલા હોય, તે પદ અને युष्मद् અથવા अस्मद् શબ્દનો પરસ્પર અર્થસંબંધ હોય–તે બન્ને એક જ વાક્યમાં રહેલા હોય અને युष्मद् તથા अस्मद् શબ્દને ચતુર્થીના એકવચનનો ङे તથા ષષ્ઠીના એક વચનનો ङस् પ્રત્યય લાગેલ હોય તો તેની સાથે युष्मद्‌ને બદલે ते વિકલ્પે બોલવો તથા अस्मद्‌ને બદલે मे વિકલ્પે બોલવો.

ચ૦ એ૦ વ૦—

युष्मद्+ङे=ते અથવા तुभ्यम्; धर्मः ते दीयते અથવા धर्मः तुभ्यं दीयते–ધર્મ તારે માટે–તને–દેવામાં આવે છે.

अस्मद्+ङे=मे અથવા मह्यम्; धर्मो मे दीयते અથવા धर्मो मह्यं दीयते–ધર્મ મારે માટે–મને–દેવામાં આવે છે.

ષ० એ૦ વ૦—

युष्मद्+ङस्=ते અથવા तव; धर्मः ते स्वम् અથવા धर्मः तव स्वम्–ધર્મ તારું ધન છે.

अस्मद्+ङस्=मे અથવા मम; धर्मो मे स्वम् અથવા धर्मो मम स्वम् ધર્મ મારું ધન છે. । २ । १ । २३ ।

## अमा त्वा मा ॥ २ । १ । २४ ॥

કોઈ પણ પદથી પછી युष्मद् તથા अस्मद् શબ્દો આવેલા હોય, તે તે પદ અને युष्मद् તથા अस्मद् શબ્દનો પરસ્પર અર્થસંબંધ હોય તે બન્ને એક જ વાક્યમાં રહેલા હોય તો युष्मद्‌ના તેને લાગેલા બીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભક્તિના એકવચન अम् સાથે त्वा વિકલ્પે બોલવો તથા अस्मद्નો તેને લાગેલા બીજી વિભક્તિના એકવચન अम् સાથે मा વિકલ્પે બોલવો.

દ્વિ૦ એ૦ વ૦—

युष्मद्+अम्=त्वा અથવા त्वाम्; धर्मः त्वा पातु અથવા धर्मः त्वाम् पातु–ધર્મ તને બચાવો.

अस्मद्+अम=मा અથવા माम्; धर्मो मा पातु અથવા धर्मो माम् पातु–ધર્મ મને બચાવો. ।૨।૧।૨૪।

## असदिवामन्त्र्यं पूर्वम् ॥ २ । १ । २५ ॥

युष्मद् અને अस्मद् થી પૂર્વમાં આવેલા આમન્ત્ય પદને 'નથી આવેલ' જેવું સમજવું—તાત્પર્ય એ કે પૂર્વમાં આવેલા આમન્ત્ય પદને લઈને युष्मद्, अस्मद् શબ્દમાં કોઈ ફેરફાર ન થાય.

हे जनाः ! युष्मान् पातु धर्मः–હે જનો ! તમને ધર્મ બચાવો.

हे साधू ! युवां पातु धर्मः–હે બે સાધુઓ ! તમને બેને ધર્મ બચાવો.

हे साधो ! त्वां पातु तपः–હે સાધુ ! તને તપ બચાવો.

આ ત્રણે પ્રયોગોમાં પૂર્વપદના નિમિત્તને લીધે થનારા वस्, वाम् અને त्वा આદેશો ન થયા.

मया एतत् सर्वम् आख्यातम् युष्माकं मुनिपुङ्गवाः !—હે મુનિપુંગવો ! તમને આ બધું મેં કહ્યું છે.–આ પ્રયોગમાં मुनिपुङ्गवाः ! એ આમન્ત્ય પદ તો છે પણ તે युष्मद्ની પૂર્વે આવેલું નથી તેથી આ [1]નિયમ ન લાગે. ।૨।૧।૨૫।

## जस्विशेष्यं वाऽऽमन्त्र्ये ॥ २ । १ । २६ ॥

युष्मद् તથા अस्मद्થી પૂર્વમાં પ્રથમા વિભક્તિના બહુવચનનાં બે પદો આવેલાં હોય, તેમાં એક આમન્ત્ય પદ પૂર્વમાં હોય અને વિશેષ્ય રૂપ હોય ત્યારે બીજું વિશેષ્ય પછી જ આવેલ વિશેષણ પદ હોય તો જે વિશેષ્યરૂપ આમન્ત્ય પદ છે તેને 'તે નથી' એમ વિકલ્પે સમજવું.

हे जिनाः ! शरण्याः युष्मान् शरणं प्रपद्ये અથવા हे जिनाः ! शरण्याः वः शरणं प्रपद्ये–હે જિનો ! તમે શરણ્યરૂપ છો, તમારું શરણ સ્વીકારું છું

[1] આ નિયમ ન લાગ્યો તેથી જ આ પ્રયોગમાં ૨।૧।૨૮। મો નિયમ લાગેલ છે, એમ થવાથી આ પ્રયોગમાં युष्माकम् ને બદલે वः પ્રયોગ ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हे जिनाः ! शरण्याः अस्मान् रक्षत અથવા हे जिनाः ! शरण्याः नो रक्षत– હે જિનો ! તમે શરણ્યરૂપ છો, અમને બચાવો. (શરણ્ય એટલે શરણુ ગ્રહણ કરવા યોગ્ય.)

ઉપરના બે વાક્યપ્રયોગોમાં युष्मान्नुं वस् તથા अस्माननुं नस् રૂપ વિકલ્પે થયેલું છે.

हे साधो ! सुविहित ! वः अथो शरणं प्रपद्ये—હે સુવિહિત સાધો ! હવે તમારું શરણ સ્વીકારું છું.

हे साधो ! सुविहित ! नः अथो रक्ष-હે સુવિહિત સાધો ! હવે તું અમને બચાવ.

ઉપરના બે વાક્યપ્રયોગોમાં જે આમન્ત્ર્ય વિશેષ્યપદ છે તે પ્રથમાના બહુવચનમાં નથી તેથી તેને 'નહીં જેવું' નહીં માનવું એથી वस् અને नस् રૂપો થયેલાં છે.

शरण्याः साधवः ! युष्मान् शरणं प्रपद्ये—હે શરણુ લેવા લાયક સાધુઓ ! તમારું શરણુ સ્વીકારું છું.–આ પ્રયોગમાં પ્રથમા બહુવચનવાળું शरण्याः એ આમન્ત્ર્ય પદ તો છે પણુ તે વિશેષ્યરૂપ નથી પરંતુ વિશેષણુ રૂપ છે.

आचार्याः युष्मान् शरण्याः शरणं प्रपद्ये—આચાર્યો શરણુ લેવા લાયક છે તેથી તેમનું (તે આચાર્યોનું) શરણુ સ્વીકારું છું.–આ પ્રયોગમાં आचार्याः એ વિશેષ્યપદ તો છે પણ આમન્ત્ર્ય પદ નથી.

आचार्याः उपाध्यायाः युष्मान् शरणं प्रपद्ये–આચાર્યો અને ઉપાધ્યાયો છે તેમનું–શરણુ સ્વીકારું છું.–આ પ્રયોગમાં આચાર્ય પદ, ઉપાધ્યાય પદ–બન્ને વિશેષ્યરૂપ છે. । २ । १ । २६ ।

## नान्यत् ॥ २ । १ । २७ ॥

પ્રથમા બહુવચન સિવાયનું બીજું કોઈ પણ આમન્ત્ર્ય પદ युष्मद् તથા अस्मद् શબ્દની પૂર્વે આવેલું હોય તથા તે પૂર્વે આવેલ આમન્ત્ર્ય પદમાં એક પદ વિશેષ્યરૂપ હોય તથા બીજું પદ તે જ વિશેષ્યનું વિશેષણુરૂપ હોય અને વિશેષ્ય પદ પછી જ આવેલ હોય તો તે વિશેષ્યરૂપ પદને 'નહીં જેવું'' ન માનવું પણ હયાત જ માનવું

साधो ! सुविहित ! त्वा शरणं प्रपद्ये—હે સુવિહિત સાધો ! તને શરણુરૂપે સ્વીકારું છું.

साधो ! सुविहित ! मा रक्ष —હે સુવિહિત સાધો ! મને બચાવ.

। २ । १ । २७ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पादाद्योः ॥२ । १ । २८ ॥

કોઈ પણ પદથી પછી આવેલા અને પાદની આદિમાં આવેલા युष्मद् તથા अस्मद् શબ્દના वस् नस्, वाम् नौ, ते मे તથા त्वा मा રૂપો ન બોલાય-ન થાય.

અક્ષરોના જે સમૂહમાં અમુક નિયત માત્રાઓનો તથા અમુક નિયત અક્ષરોનો જ ઉપયોગ કરવાનો નિયમ હોય તે અક્ષરોનો સમૂહ પાદ કહેવાય.

वीरो विश्वेश्वरो देवो युष्माकं कुलदेवता ।

स एव नाथो भगवान् अस्माकं पापनाशनः ॥

—वीર, સમગ્ર જગતનો ઈશ્વરરૂપ દેવ છે, તે તમારા કુલદેવતા છે અને તે જ નાથરૂપ ભગવાન અમારાં પાપોનો નાશ કરનાર છે.

આ શ્લોકમાં પૂર્વાર્ધમાં બીજા પાદની આદિમાં युष्मद् (युष्माकम्) શબ્દ આવેલો છે તેથી તેનો वस् પ્રયોગ ન બોલાય તે જ રીતે આ જ શ્લોકના ઉત્તરાર્ધમાં પણ બીજા પાદની આદિમાં अस्मद् (अस्माकम्) શબ્દ આવેલો છે તેથી તેનો नस् પ્રયોગ ન બોલાય.

पान्तु वो देशनाकाले जैनेन्द्रा दशनांशवः ।

भवकूपपतज्जन्तुजातोद्धरणरज्जवः ॥

આ શ્લોકમાં युष्मद् (वः) શબ્દ પાદની આદિમાં નથી તેથી તેનો वस् (वः) પ્રયોગ થયેલ છે.

અર્થ—જિનેંદ્ર ભગવાન્ જ્યારે દેશના—ઉપદેશ—આપે છે તે વખતે તેમના દાંતોમાંથી જાડા દોરડા જેવો કિરણોનો પ્રવાહ બહાર નિકળતો દેખાય છે, આ પ્રવાહ અંગે કવિકલ્પના કરે છે કે—

ભવ-સંસાર-રૂપ કૂવામાં પડી ગયેલા જીવોના સમૂહનો ઉદ્ધાર કરવાને સારુ—તે જીવોને કૂવામાંથી બહાર કાઢવા સારુ એ કિરણરૂપ પ્રવાહ જાણે કે મજબૂત-જાડા-દોરડા જેવો ભાસે છે. । २ । १ । २८ ।

## चाऽह-ह-वैवयोगे ॥ २ । १ । २९ ॥

च, अह, ह, वा, અને एव—એ પાંચ અવ્યયોમાંના કોઈ પણ અવ્યય સાથે युष्मद् કે अस्मद्નો સંબંધ હોય તો તેમના वस् नस्, वाम् नौ, ते मे કે त्वा मा એવા પ્રયોગો બોલાતા નથી.

ज्ञानं युष्मान् च रक्षतु—અને જ્ઞાન તમને બચાવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानं अस्मान् च रक्षतु–અને જ્ઞાન અમને બચાવો.

આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद् સાથે च નો સંબંધ છે તેથી તેમના वस् नस् નહીં બોલાય. આ રીતે જ अह, ह, वा તથા एव અવ્યયોનાં ઉદાહરણો સમજી લેવાં.

ज्ञानं च शीलं च ते स्वम्–જ્ઞાન અને શીલ તે તારું ધન છે.

આ પ્રયોગમાં च અવ્યય તો છે પણ તેનો સંબંધ युष्मद् (ते) શબ્દ સાથે નથી. પણ જ્ઞાન અને શીલ સાથે છે તેથી युष्मदनो ते પ્રયોગ બોલાયેલ છે. । ૨ । ૧ । ૨૯ ।

## दृश्यर्थैः चिन्तायाम् ॥ २ । १ । ३० ॥

'दृश्' ધાતુનો 'દેખવું' અર્થ છે. युष्मद् તથા अस्मद् શબ્દ સાથે दृश् ધાતુનો સંબંધ હોય વા युष्मद् તથા अस्मद् શબ્દ સાથે તેની જેવા અર્થવાળા બીજા ધાતુઓનો સંબંધ હોય અને એ બધા ધાતુઓ 'ચિંતા'–ચિંતન–નો અર્થ જણાવતા હોય તો युष्मद्, अस्मद्ना वस् नस् વગેરે પૂર્વોક્ત પ્રયોગો ન બોલાય.

दृश् ધાતુ—

जनो युष्मान् संदृश्य आगतः–તમને જોઈને–મનથી ચિંતવીને–માણસ આવેલો છે.

जनः अस्मान् संदृश्य आगतः–અમને ચિંતવીને માણસ આવેલો છે.

दृशनो સમાન અર્થવાળો ધાતુ—

जनो युवां समीक्ष्य आगतः–તમને બેને ચિંતવીને માણસ આવેલો છે.

जनः आवां समीक्ष्य आगतः–અમને બેને ચિંતવીને માણસ આવેલો છે.

जनः त्वाम् अपेक्षते–માણસ તને ચિંતવે છે.

जनः माम् अपेक्षते–માણસ મને ચિંતવે છે.

આ બધા પ્રયોગોમાં 'જોવું' ક્રિયાનો 'માનસિક ચિંતન' એવો અર્થ સમજવાનો છે. આ બધા પ્રયોગોમાં वस् नस् વગેરે પ્રયોગો વપરાતા નથી.

जनो वो मन्यते–માણસ તમને માને છે.–અહીં मन् ધાતુ दृश् ધાતુનો સમાન અર્થવાળો નથી માટે वस्નો પ્રયોગ થયેલો છે.

जनो वः पश्यति–માણસ તમને નજરે જુએ છે. અહીં વપરાયેલ दृश् ધાતુનો पश्यति પ્રયોગ 'નજરે જોવાના' અર્થને જ સૂચવે છે. પણ 'માનસિક ચિંતન'ના અર્થને સૂચવતો નથી તેથી वस्નો પ્રયોગ થયો છે.

। ૨ । ૧ । ૩૦ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नित्यमन्वादेशे ॥ २ । १ । ३१ ॥

જે એક વાત અગાઉ કહેવાયેલી હોય તે જ વાત વિશે બીજું કાંઇ કરવાની વાત કહેવી તેનું નામ અન્વાદેશ.

જે વાક્યમાં આવા અન્વાદેશનો ઉપયોગ થયેલો હોય તે **વાક્યમાં** આવેલા युष्मद् અને अस्मद् શબ્દના वस् नस् વગેરે પ્રયોગો નિત્ય બોલવા.

यूयं विनीताः तद् वो गुरवो मानयन्ति- તમે વિનયવાળા છો તેથી ગુરુઓ તમને માન આપે છે.

वयं विनीताः तद् नो गुरवो मानयन्ति--અમે વિનયવાળા છીએ તેથી ગુરુઓ અમને માન આપે છે.

धनवान् त्वम् अथो त्वा लोको मानयति તું ધનવાન્ છે તેથી લોકો **તને** માન આપે છે.

धनवान् अहम् अथो मा लोको मानयति-હું ધનવાન છું તેથી લોકો મને માન આપે છે. । २ । १ । ३१ ।

## सपूर्वात् प्रथमान्ताद् वा ॥ २ । १ । ३२ ॥

આગળ એક પદ પ્રથમા વિભક્તિવાળું આવેલું હોય અને તે પછી બીજું કોઈ પદ આવેલું હોય અને તે પદ પછી युष्मद्, अस्मद् શબ્દો આવેલા હોય અને અન્વાદેશવાળો પ્રયોગ હોય તો युष्मद्, अस्मद् શબ્દના वस् नस् વગેરે પ્રયોગો વિકલ્પે બોલવાના છે.

यूयं विनीताः तद् गुरवो वो मानयन्ति–તમે વિનયવાળા છો તેથી ગુરુઓ તમને માને છે. અથવા वो मानयन्ति ને બદલે युष्मान् मानयन्ति પણ બોલી શકાય.

वयं विनीताः तद् गुरवो नो मानयन्ति–અમે વિનયવાળા છીએ તેથી ગુરુઓ અમને માને છે. અથવા नो मानयन्ति ને બદલે अस्मान् मानयन्ति પણ બોલી **શકાય.**

युवां सुशीलौ तद् ज्ञानं वां दीयते–તમે બે સુશીલ છો તેથી તમને બેને જ્ઞાન અપાય છે અથવા वां दीयते ને બદલે युवाभ्यां दीयते પણ કહી શકાય.

आवां सुशीलौ तद् ज्ञानं नौ दीयते- અમે બે સુશીલ છીએ તેથી અમને બેને જ્ઞાન અપાય છે અથવા नौ दीयते ને બદલે आवाभ्यां दीयते પણ બોલાય છે. । २ । १ । ३२ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[त्यदादि માં જણાવેલા एतद् तद् વગેરે શબ્દોનાં રૂપોની સાધનિકાને લગતાં સૂત્રો ૩૩ થી ૪૯

## त्यदामेनदेतदो द्वितीया-टौस्यवृत्त्यन्ते ॥ २ । १ । ३३ ॥

જ્યારે દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય, તૃતીયા એકવચન આ (टा) તથા ષષ્ઠી અને સપ્તમીનું દ્વિવચન ओस् પ્રત્યયો લાગેલા હોય અને અન્વાદેશવાળો પ્રયોગ હોય તો त्यदादि શબ્દોમાં ગણાવેલા एतद् શબ્દને બદલે एनद् શબ્દનો વ્યવહાર કરવો. માત્ર एतद् શબ્દ કોઈ સમાસને છેડે ન આવેલો હોવો જોઈએ.

દ્વિતીયા—उद्दिष्टम् एतद् अध्ययनम् अथो एनद् अनुजानीत—આ અધ્યયન ઉદ્દેશાયેલ છે તેથી હવે તેની (તેને ભણવાની) અનુજ્ઞા આપો.

एतकं साधुम् आवश्यकम् अध्यापय अथो एनमेव सूत्राणि—આ સાધુને આવશ્યક સૂત્ર ભણાવો અને હવે એને જ સૂત્રો ભણાવો—આ પ્રયોગમાં अक् પ્રત્યય સહિત एतद् એટલે एतकद् શબ્દને બદલે एनम् પ્રયોગ થયેલો છે.

आ (—टा)—एतेन रात्रिः अधीता अथो एनेन अहर् अपि अधीतम्—એણે રાત્રિમાં અધ્યયન કર્યું છે અને હવે એણે દિવસે પણ અધ્યયન કર્યું છે.

ओस्—एतयोः शोभनं शीलम् अथो एनयोः महती कीर्तिः—એ બન્નેનું શીલ સરસ છે તેથી હવે એ બન્નેની મોટી કીર્તિ થાય છે.

एतदं संगृहाण अथो एतदम् अध्यापय—एतद् નામના પુરુષનો સંગ્રહ કરો—એને દાખલ કરો અને હવે एतद् નામના પુરુષને ભણાવો—આ પ્રયોગમાં त्यदादि માં જણાવેલો સર્વનામરૂપ एतद् શબ્દ નથી વપરાયો પણ एतद् એવા કોઈ વિશેષ નામનો સૂચક एतद् શબ્દ વપરાયો છે તેથી તે त्यदादिરૂપ નથી.

अथो परम+एतम्=परमैतं पश्य—આ ઉત્તમ છે અને એ ઉત્તમને જો—આ પ્રયોગમાં एतद् શબ્દ સમાસને છેડે વપરાયો છે તેથી परम+एनम्-परमैनम् ન બોલાય. । २ । १ । ३३ ।

## इदमः ॥ २ । १ । ३४ ॥

જે પરિસ્થિતિમાં एतद् ને બદલે एनद् પ્રયોગ બોલવાનું વિધાન કર્યું છે તે જ પરિસ્થિતિમાં त्यदादि શબ્દોમાં ગણાવેલા इदम् શબ્દને બદલે एनद्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ બોલવો, એમ આ સૂત્રનું વિધાન છે. આ इदम् શબ્દ પણ કોઈ સમાસને છેડે ન હોવો જોઈએ.

દ્વિતીયા—उद्दिष्टमिदमध्ययनम् अथो एनद् अनुजानीत–આ અધ્યયન ઉદ્દેશાયેલ છે તેથી હવે તેની અનુજ્ઞા આપો.

આ (टा)—अनेन रात्रिः अधीता अथो एनेन अहरपि अधितम्–આણે રાત્રે અધ્યયન કર્યું છે અને હવે એણે દિવસે પણ અધ્યયન કર્યું છે.

ओस्–अनयोः शोभनं शीलम् अथो एनयोः महती कीर्तिः–આ બન્નેનું શીલ સરસ છે, હવે એ બેની મોટી કીર્તિ થાય છે. । २ । १ । ३४ ।

## अद् व्यञ्जने ॥ २ । १ । ३५ ॥

અન્વાદેશ હોય ત્યારે त्यदादिમાં ગણાવેલા इदम् શબ્દનો अ બોલવો. इदम् શબ્દ સમાસને છેડે ન આવેલો હોય તો તેને આ વિધાન લાગે નીચેના સૂત્રમાં अक् વિનાના इदम् શબ્દને આ વિધાન લાગુ પાડેલું છે. તેથી અહીં अक् સહિતના જ इदम् શબ્દને સારુ આ વિધાન સમજવું.

इदकम्+भ्याम्=आभ्याम्-આ બે વડે, આ બે માટે અથવા આ બે જણથી.

इदकम्+सु=एषु—એમનામાં.

इमकाभ्यां शैक्षकाभ्यां रात्रिः अधीता अथो आभ्याम् अहर् अपि अधीतम्–આ બે શિષ્યોએ રાત્રિએ અધ્યયન કર્યું છે, અને હવે એ બે શિષ્યોએ દિવસે પણ અધ્યયન કરેલું છે.

इमकेषु शैक्षकेषु विनयः एषु शीलम् अपि–આ બે શિષ્યોમાં વિનયનો ગુણ છે. અને હવે એ બેમાં શીલનો પણ ગુણ છે.

। २ । १ । ३५ ।

## अनक् ॥ २ । १ । ३६ ॥

આદિમાં વ્યંજનવાળી સ્યાદિ વિભક્તિ લાગી હોય ત્યારે अक् વગરના त्यदादिમાં ગણાવેલા इदम् શબ્દનો अ બોલવો.

તૃ૦ ચ૦ તથા પં૦ નું દ્વિવચન— इदम्+भ्याम्=आभ्याम्–આ બે વડે, આ બે માટે, આ બેથી,

સ૦ બહુવ૦–इदम्+सु=एषु–આમનામાં.

નારી૦—

તૃ૦બહુ૦–इदम्+भिस्=आभिः–આઓ વડે.

સ૦બહુ૦–इदम्+सु=आसु–આઓમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इमकाभ्याम्-આ પ્રયોગમાં अक् પ્રત્યય લાગેલો હોવાથી આ નિયમ લાગતો નથી.

अतीदंभ्याम्—આ પ્રયોગમાં નો अति+इदम् શબ્દ त्यदादिમાં ગણાવેલો નથી. अति+इदम्+भ्याम्–इदम् નામના કોઈને વટાવી ગયેલા આ બે વડે, આ બે માટે અને આ બેથી. । २ । १ । ३६ ।

## टौस्यनः ॥ २ । १ । ३७ ॥

आ (टा) વિભક્તિ લાગી હોય અને ષષ્ઠી તથા સપ્તમીના દ્વિવચનની ओस् વિભક્તિ લાગી હોય ત્યારે त्यदादिમાં ગણાવેલા અને अक् વગરના इदम् શબ્દનો अन બોલવો.

તૃ૦ એ૦—इदम्+आ=अन+आ=अनेन આણે–આ વડે.

ષ૦ તથા સ૦ દ્વિ૦–इदम्+ओस्=अन+ओस्=अनयोः–આ બેનું અથવા આ બેમાં.

નારી૦—

તૃ૦એ૦–इदम्+आ=अन+आ=अना+आ=अनया–આ સ્ત્રી વડે.

ષ૦ તથા સ૦ દ્વિવચન–इदम्+ओस्=अन+आ=अना+ओस्=अनयोः–આ બે સ્ત્રીઓનું અથવા આ બે સ્ત્રીઓમાં.

प्रियेदमा–( प्रिय+इदम्+आ )–જેને इदम् પ્રિય છે તે વડે.—આ પ્રયોગનો प्रिय+इदम्–प्रियेदम्–શબ્દ त्यदादि ગણમાં નથી તેથી इदम्નો अन ન થયો.

इमकेन (–इमक+आ)–આ વડે–આ પ્રયોગમાં इदम् શબ્દ अक्વાળો છે તેથી अन ન થયો. । २ । १ । ३७ ।

## अयमियं पुं–स्त्रियोः सौ ॥ २ । १ । ३८ ॥

त्यदादिમાં ગણાવેલો इदम् શબ્દ નરજાતિમાં હોય અને પ્રથમા વિભક્તિના એકવચનનો स् પ્રત્યય લાગેલો હોય તો इदम् ને બદલે अयम् બોલવો અને એ જ સ્થિતિમાં નારીજાતિમાં વપરાયેલો હોય તો इदम्નો इयम् બોલવો.

પ્ર૦ એ૦ વ૦–

નરજાતિ–इदम्+स्=अयम्–આ પુરુષ.

નારીજાતિ–इदम्+स्=इयम्–આ સ્ત્રી.

अतीदं ना स्त्री वा–इदम् ને વટાવી ગયેલો આ પુરુષ કે આ સ્ત્રી. આ પ્રયોગનો अति+इदम्–अतीदम् શબ્દ त्यदादि ગણમાં નથી.

। २ । १ । ३८ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दो मः स्यादौ ॥ २ । । १ । ३९ ॥

સ્યાદિ વિભક્તિ લાગી હોય ત્યારે त्यदादि ગણમાં ગણાવેલા इदम् શબ્દના दनो म બોલવો.

પ્ર૦તથા દ્વિતી૦ દ્વિવ૦--

इदम्+औ=इमौ- આ બે અથવા આ બેને.

परम+इदम्+औ=परमेमौ-ઉત્તમ એવા આ બે અથવા આ બેને.

તૃ૦, ચ૦તથા પં૦ દ્વિવચન–इदम्+अक्+भ्याम्–इदकाभ्याम्=इमकाभ्याम्–આ બે વડે, આ બે માટે, આ બેથી.

प्रिय+इदम्+औ=प्रियेदमौ–આ જેને પ્રિય છે એવા બે અથવા બેને. આ પ્રયોગનો प्रिय+इदम्--प्रियेदम्–શબ્દ त्यदादि સંબંધી નથી તેથી दनो म न થાય । २ । १ । ३९ ।

## किमः कस्तसादौ च ॥ २ । १ । ४० ॥

સ્યાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અને તદ્ધિતમાં બતાવેલા तस् વગેરે પ્રત્યયો લાગ્યા હોય ત્યારે એકલા किम् શબ્દનો અથવા अक् સહિત એટલે ककिम् શબ્દનો क બોલાય છે.

પ્ર૦ એ૦ વ૦ किम्+स्=कः-કોણ.

तसादि

दा- किम्+दा=कदा-ક્યારે.

र्हि-किम्+र्हि=कर्हि- ક્યારે.

किम्+तराम्=किंतराम्-શું. અહીં किम् પછી तर પ્રત્યય છે તે तसादिમાં નથી તેથી किम्નો क न થયો.

प्रिय+किम्+औ=प्रियकिमौ–किम् છે પ્રિય જેને એવા બે અથવા બેને–આ પ્રયોગનો प्रिय+किम्-प्रियकिम्-શબ્દ त्यदादि સંબંધી નથી.

२ । १ । ४० ।

## आद्वेरः ॥ २ । १ । ४१ ॥

સ્યાદિ વિભક્તિઓ લાગી હોય ત્યારે અને तसादि પ્રત્યયો લાગેલા હોય ત્યારે त्यदादिમાં ગણાવેલા त्यद् થી માંડીને द्वि શબ્દ સુધીના શબ્દોના અન્ત્ય વર્ણનો अ બોલવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦એ૦વ૦–त्यद्+स्=त्य+अ+स्=त्यस्=स्यः–તે

પ્ર૦તથા દ્વિતી૦ દ્વિવ૦–

त्यद्+औ=त्य्+अ+औ=त्यौ–તે બે અથવા તે બેને.

द्वि+औ=द्व्+अ+औ=द्वौ -બે અથવા બેને.

तसादि–

तस्–तद्+तस्=त+अ+तस्=ततः–તેથી.

दा–तद्+दा=त+अ+दा=तदा–ત્યારે.

अतितद्+औ=अतितदौ–तद् ને ટપી ગયેલા બે અથવા બેને.–આ પ્રયોગનો अति+तद्–अतितद्–શબ્દ त्यदादि સંબંધી નથી.

। २ । १ । ४१ ।

## तः सौ सः ॥ २ । १ । ४२ ॥

પ્રથમા વિભક્તિના એકવચનનો सि પ્રત્યય લાગ્યો હોય ત્યારે त्यदादिમાં ગણાવેલા त्यद् શબ્દથી માંડીને द्वि શબ્દ સુધીના શબ્દોના तનો स બોલવો.

પ્ર૦એ૦વ૦–નરજાતિ

त्यद्+स्–स्यद्+स्=स्यः–તે

तद्+स् –सद्+स्=सः–તે.

નારીજાતિ–

त्यद्+स्=त्य+आ+स्=त्या+स्=स्या–તેણી.

तद्+स्=त+आ+स्=ता+स्=सा–તેણી.

एतद्+स्=एत+आ+स्=एता+स्=एषा–એણી, એ.

प्रियत्यद्–त्यद् પ્રિય છે જેને એવો–આ પ્રયોગનો प्रिय+त्यद्–प्रियत्यद् શબ્દ त्यदादि ગણનો નથી.

। २ । १ । ४२ ।

## अदसो दः सेस्तु डौ ॥ २ । १ । ४३ ॥

स् (પ્રથમા એકવચનનો) પ્રત્યય લાગ્યો હોય ત્યારે त्यदादिમાં જણાવેલા अदस् શબ્દના द નો स બોલવો અને स् પ્રત્યયનો औ બોલવો.

પ્ર૦ એક વ૦–

अदस्+स्=अद+स्=अस+औ=असौ–આ.

अदकस्+स=अदक+स्=असक+औ=असकौ–આ.

हे असौ सखि ! અને हे असकौ–सखि ! હે આ સખી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अति+अदस्=अत्यदाः--अदस् ને ટપી જનારો આ. આ પ્રયોગનો अति+अदस् શબ્દ त्यदादि સંબંધી નથી. । ૨ । ૧ । ૪૩ ।

## असुको वाऽकि ॥ २ । १ । ४४ ॥

પહેલી વિભક્તિનું એકવચન લાગ્યું હોય ત્યારે त्यदादि માં ગણાવેલા अक् પ્રત્યયવાળા अदस् શબ્દનું असुक એવું ઉચ્ચારણ વિકલ્પે કરવું.

अदकस्+स=असुक+स्–असुकः અથવા असकौ=આ.

हे असुक नर !, हे असकौ नर ! હે આ નર ! । ૨ । ૧ । ૪૪ ।

## मोऽवर्णस्य । २ । १ । ४५ ॥

त्यदादि માં જણાવેલા તથા છેડે अ વર્ણવાળા अदस् શબ્દના द નો म બોલવો.

अदस्+औ=अद+औ=अदौ=अमू--આ બે પુરૂષો, આ બે સ્ત્રીઓ અથવા આ બે કુળો.

अदस+अस्=अद+अस्=अद+ई=अदे=अमी--આ પુરુષો

अदस्+दृशः=अदा+दृशः=अमूदृशः–આની જેવો. (अदा માટે જુઓ ૩ । ૨ । ૧૫૨)

अदः कुलम्–આ કુળ–આ પ્રયોગનો अदस् શબ્દ અવર્ણાંત નથી પણ સકારાંત છે તેથી द નો म ન થાય. । ૨ । ૧ । ૪૫ ।

## वाऽद्रौ ॥ २ । १ । ४६ ॥

જ્યારે अदस् શબ્દને अद्रि પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેના द् કે द्र् ને બદલે म् વિકલ્પે બોલવો. જ્યારે अद्रि લાગે ત્યારે अदद्रि રૂપ બને છે. એટલે આમાં બે द થયા. તે બે दમાંના એકેકનો વારા ફરતી म् કરવો અને બે द् નો म् એકી સાથે પણ વિકલ્પે કરવો એટલે મવાળાં ત્રણ રૂપ બનશે.

अदद्रि+अञ्च्+स्=अदद्यङ्–આ.

अमुद्यङ्, अदमुयङ्, अमुमुयङ्-અને જ્યારે द નો म ન બોલાયો ત્યારે अदद्यङ् થાય. । ૨ । ૧ । ૪૬ ।

## मादुवर्णोऽनु ॥ २ । १ । ४७ ॥

अदस् શબ્દના મકાર પછી આવેલા વર્ણના સ્થાને उ વર્ણનું ઉચ્ચારણ કરવું–હ્રસ્વ વર્ણનો હ્રસ્વ उ અને દીર્ઘ વર્ણનો દીર્ઘ ऊ થાય. પણ अनु–એટલે આ उવર્ણનું ઉચ્ચારણ કરતાં પહેલાં अदस् શબ્દને જે કોઈ વિધાનો લગાડવાં હોય તે બધાં લગાડી દઈને अनु–પછી જ–આ નિયમ પ્રમાણે उ વર્ણનું ઉચ્ચારણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अदस्+अम्=अद+अम्=अम+अम्=अमुम्—આને.

अदस्+औ=अद+औ=अम+औ=अमौ=अमू-આ બે અથવા આ બેને.

આ દ્વિવચનનું રૂપ ત્રણે જાતિ—નર, નારી અને નાન્યતરમાં વપરાય છે.
अदद्र्यङ्—अममयङ्—अमुमुयङ्—આ.

બધાં વિધાનો કર્યા પછી જ આ વિધાન કરવાનું પ્રયોજન બતાવે છે—

ચ૦ એ૦ વ૦—अदस्+ङे=अद+ङे=अम+स्मै=अमुष्मै—આને માટે.

સ૦ એ૦ વ૦—अदस्+ङि=अद+ङि=अम+स्मिन्=अमुष्मिन्—આમાં.

આ બે પ્રયોગોમાં ચતુર્થીના ङे નો स्मै અને સપ્તમીનાં ङिનો स्मिन् આદેશ કર્યા પછી उ કરવાનો છે. જો પહેલાં उ કરવામાં આવે તો स्मै અને स्मिन् થઈ નહિ શકે, કારણ કે, स्मै અને स्मिन् अकारांत નામને જ લાગે છે.
। २ । १ । ४७ ।

## प्रागिनात् ॥ २ । १ । ४८ ॥

ત્રીજી વિભક્તિના એકવચનનો आ (टा) પ્રત્યય લાગેલો હોય ત્યારે आ નો इन કર્યા પહેલાં अदस्ना म પછી આવેલા વર્ણનો ઉપરના સૂત્રમાં જણાવેલ રીતે उवर्ण બોલવો.

अदस्+आ=अद+आ—અહીં आनो इन કર્યા પહેલાં अदस्ना म નો मु કરવામાં આવે તો જ अमुना રૂપ થાય પણ એમ ન કરવામાં આવે અને अद+टा નું अदेन રૂપ કર્યા પછી द नो मे કર્યા બાદ ऊ કરવામાં આવે તો अमून એવું ખોટું રૂપ થશે.

નારી૦ તૃ૦ એ૦ વ૦—अदस्+आ=अद+आ=अदा+आ=अदया=अमुया—આ (સ્ત્રી) વડે. અહીં નારીજાતિ હોવાથી इन થવાનો સંભવ નથી. તેથી આ પ્રયોગમાં પ્રસ્તુત નિયમને અવકાશ જ નથી. । २ । १ । ४८ ।

## बहुष्वेरीः ॥ २ । १ । ४९ ॥

अदस् શબ્દના द नो म કર્યા પછી તે म પછી બહુવચનનો સૂચક ए આવ્યો હોય તો તેનો દીર્ઘ ई કરવો.

પ્ર૦બ૦વ૦—अदस्+अस्=अद+अस्=अद+इ=अदे=अमी—આ લોકો

સ૦બ૦વ૦—अदस्+सु=अद+सु=अम+सु=अमे+षु=अमीषु-આ લોકોમાં

अमूः स्त्रियः—આ પ્રયોગમાં નારીજાતિ હોવાથી म પછી ए આવવાનો સંભવ નથી.—अदस्+अस्=अद+अस्=अदा+अस्=अदाः=अमूः स्त्रियः—આ સ્ત્રીઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अमुके—અમુકો—અહીં બહુવચનનો સૂચક ए क પછી આવેલો છે म પછી આવ્યો નથી. તેથી આ નિયમ ન લાગે. ॥ ૨ । ૧ । ૪૯ ॥

सर्वादि નામને લગતાં વિધાનોનાં સૂચક ૨ । ૧ । ૬ થી । ૨ । ૧ । ૪૯ સુધીનાં સૂત્રો હતાં તે પૂરાં થયાં.

## धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये ॥ २ । १ । ५० ॥

જ્યારે આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના इ વર્ણનો इ બોલવો અને ઉવર્ણનો उव् બોલવો.

नी+औ=निय्+औ=नियौ-બે લઈ જનારા.

लू+औ=लुव्+औ=लुवौ-બે લણનારા-કાપનારા

આ બન્ને નામોમાં नी અને लू ધાતુઓ વપરાયા છે માટે આ બેના इ વર્ણ અને ઉવર્ણ ધાતુ સંબંધી સમજવાના છે. જેને છેડે क्विप् પ્રત્યય લાગેલો હોય તે નામને પણ ધા જેવું માનવામાં આવે છે. नी+क्विप्=नी. लू+क्विप्=लू

ક્રિયાપદનાં રૂપો—

अधि+इ+अन्ते=अधि+इ+अते=अधि+इय्+अते=अधीयते—તેઓ ભણે છે.

लू+उस्=लुलू+उस्=लुलुव्+उस्=लुलुवुः—તેઓએ લણ્યું—કાપ્યું.

नी+अर्थः=न्यर्थः—નેતાનું ધન. लू+अर्थः=ल्वर्थः—લણનારનું ધન—આ બન્ને પ્રયોગોમાં इवर्ण અને ઉવર્ણ પછી પ્રત્યય લાગ્યો નથી પણ अर्थ શબ્દ લાગેલો છે.

नी+अनम्, नी+अकः—આ બન્ને પ્રયોગોમાં नी નો ગુણ ने અને नी ની વૃદ્ધિ नै થઈ જાય છે માટે આ નિયમ લાગતો નથી.

ने+अनम्=नयनम् આંખ. नै+अकः=नायकः—નેતા.

૫૦ મા સૂત્રમાં સૂચિત વિધાન કરતાં ગુણ અને વૃદ્ધિનું વિધાન પર આવેલું છે તેથી તે પહેલાં થઈ જતું હોવાથી અહીં શબ્દને અંતે ઇવર્ણ નથી. ॥ ૨ । ૧ । ૫૦ ॥

## इणः ॥ २ । १ । ५१ ॥

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગેલા હોય ત્યારે इण् ધાતુના इનો य ન કરતાં इय् કરવો.

પરોક્ષા—

૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तृ०पु० द्वि०—इ+अतुस्=इइ+अतुस्=इइय्+अतुस्=ईयतुः–તેઓ બે ગયા.
तृ०पु० બહુવ૦—इ+उस्=इइ+उस्=इइय्+उस्=ईयुः–તેઓ ગયા.

॥ २ । १ । ५१ ॥

## संयोगात् ॥ २ । १ । ५२ ॥

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય અને ધાતુના इ વર્ણ તથા उ વર્ણની પૂર્વે સંયુક્ત અક્ષર આવેલો હોય તો इ વર્ણનો इ બોલવો અને उ વર્ણનો उव् બોલવો.

यवक्री+औ=यवक्रिय्+औ=यवक्रियौ—જવને ખરીદનારા બે જણા.
कटप्रू+औ=कटप्रुव्+औ=कटप्रुवौ—સાદડી પરોવનારા બે જણા.
श्रि+उस्=शिश्रि+उस्=शिश्रिय्+उस्=शिश्रियुः—તેઓએ સેવા કરી. ॥२।१।५२॥

## भ्रू-श्नोः ॥ २ । १ । ५३ ॥

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય તો भ्रू અને તેમ જ श्नु નો उ વર્ણ સંયુક્ત અક્ષરથી પર હોય તો उ વર્ણનો उव् બોલવો.
भ्रू+औ=भ्रुवौ —બે ભવાં.
श्नु–आप्+नु–अन्ति=आप्नु+अन्ति=आप्नुवन्ति—તેઓ મેળવે છે.

चि+नु+अन्ति–આ પ્રયોગના नु નો उ સંયુક્ત અક્ષર પછી આવેલો નથી તેથી चिनुवन्ति न થાય પણ चिन्वन्ति થાય. ॥ २ । १ । ५३ ॥

## स्त्रियाः ॥ २ । १ । ५४ ॥

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય તો स्त्री શબ્દના ई વર્ણનો इय् બોલવો.

स्त्री+औ=स्त्रिय्+औ=स्त्रियौ—બે સ્ત્રીઓ અથવા બે સ્ત્રીઓને.

अतिस्त्रि+औ=अतिस्त्रिय्+औ=अतिस्त्रियौ—સ્ત્રીને ટપી ગયેલા બે અથવા બે જણને ॥ २ । १ । ५४ ॥

## वाऽम्-शसि ॥ २ । १ । ५५ ॥

બીજી વિભક્તિના એકવચનનો अम् તથા બહુવચનનો शस् લાગ્યો હોય ત્યારે स्त्री શબ્દના ई વર્ણનો इय् વિકલ્પે કરવો.

स्त्री+अम्=स्त्रीम् (જુઓ ૧।४।४६) અથવા स्त्री+अम्=स्त्रिय्+अम्=स्त्रियम् (જુઓ २।१।५४)–સ્ત્રીને

स्त्री+अस्=स्त्रीः (જુઓ १।४।४९) અથવા स्त्री+अस्=स्त्रिय्+अस्=स्त्रियः (જુઓ २।१।५४)–સ્ત્રીઓને. ॥ २ । १ । ५५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## योऽनेकस्वरस्य ॥ २ । १ । ५६ ॥

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગેલા હોય ત્યારે અનેક સ્વરવાળા ધાતુના इ વર્ણનો य् બોલવો.

चि+उस्=चिचि+उस्=चिच्य्+उस्=चिच्युः—તેઓએ સંગ્રહ કર્યો.

नी+उस्=निनी+उस्=निन्य्+उस्=निन्युः–તેઓ લઈ ગયા.

पतिमिच्छति पतीयति इति क्विप् पतीः, पती+इ(ङि)=पत्यि–પતિને ઇચ્છનારામાં–આ પ્રયોગમાં पति નામને ધાતુ બનાવીને પછી તેને નામ બનાવ્યું છે. એટલે હ્રસ્વ इ કારાંત पति શબ્દ દીર્ઘ ઈકારાંત એવો पती થયેલો છે ॥ ૨ । ૧ । ૫૬ ॥

## स्यादौ वः ॥ २ । १ । ५७ ॥

સ્વરાદિ સ્યાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અનેક સ્વરવાળા ધાતુના उ વર્ણનો व् બોલવો.

वसुमिच्छन्तौ वसू+औ=वस्वौ, वसुम् इच्छतः वसूयतः इति क्विप् वसू+औ=वस्वौ આ પ્રયોગમાં પણ वसु નામનો ધાતુ બનાવીને પછી તેનું નામ કરેલું છે તેથી वसु નો वसू થયો છે.

लुलुवुः–લણ્યું.–આ પ્રયોગમાં સ્યાદિ પ્રત્યયો લાગ્યા નથી તેથી लुल्वुः ન થાય. (જુઓ ૨।૧।૫૮) ॥ ૨ । ૧ । ૫૭ ॥

## क्विब्वृत्तेरसुधियस्तौ ॥ २ । १ । ५८ ॥

આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના इ વર્ણનો इय् અને उ વર્ણનો उव् થાય છે. જે શબ્દનો સમાસ क्विबन्त પદ સાથે જ થયેલો હોય એવા શબ્દના इ વર્ણ અને उ વર્ણ હોવા જોઇએ. આ નિયમ सुधी શબ્દને લગાડવો નહીં.

કૃદન્ત પ્રકરણમાં क्विप् પ્રત્યય બતાવેલો છે તે જેને છેડે હોય તે પદને क्विबन्त સમજવું.

नी+क्विप्, उत्+नी+औ=उन्न्यौ–ઉપર લઈ જનારા બે જણ.

नी+क्विप्, ग्राम+नी+औ=ग्रामण्यौ–ગામના બે નેતા.

लू+क्विप्=लू, सु+लू+अस्(जस्)=सुल्वः–સારું કાપનારાઓ.

पू+क्विप्=पु, खल+पु+अस्(जस्)=खलप्वः–ખળું સાફ કરનારા.

परमौ नियौ=परमान्यौ–ઉત્તમ એવા બે લઈ જનારા. આ પ્રયોગમાં વૃત્તિ–સમાસ–તો છે પણ नियौ રૂપ કર્યા પછી તેનો परम શબ્દ સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાસ થયેલ છે એટલે ક્વિબંત સાથે સમાસ હોય એવો આ શબ્દ નથી.

नियौ कुलस्य-કુલને લઈ જનારા બે-આ પ્રયોગમાં नी સાથે ક્વિબંતનો સમાસ જ નથી.

सुधी+जस्=सुधियः-સારા બુદ્ધિવાળા-અહીં सुधी શબ્દ હોવાથી આ નિયમ નહીં લાગે. ॥ ૨ । ૧ । ૫૮ ॥

## दृन्-पुनर्वर्षा-कारैर्भुवः ॥ २ । १ । ५९ ॥

જેનો સમાસ ક્વિબન્ત સાથે થયેલો છે એવા भू શબ્દના उ વર્ણનો આદિમાં સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગે ત્યારે व् બોલવો પણ એ भू શબ્દની પહેલાં दृन्, पुनर्, वर्षा અને कार શબ્દો જ હોવા જોઈએ.

भू+क्विप्=भु-दृन्+भु+औ=दृन्भ्वौ એક પ્રકારની બે સાપણ નાગણ.

पुनर्+भु+औ+पुनर्भ्वौ ફરીને પરણેલી બે સ્ત્રીઓ.

वर्षा+भु+जस्=वर्षाभ्वः-વરસાદમાં થનારાં દેડકાંઓ.

कार+भु+जस् कारभ्वः-રાજાને દેવાના કરવડે થનારા

भू+क्विप्=भु-प्रति+भु+औ=प्रतिभुवौ- બે જામીનો-આ પ્રયોગમાં दृन् વગેરે ચાર શબ્દોમાંથી કોઈ નથી તેથી व् ન થતાં उव् થયેલ છે.

॥ ૨ । ૧ । ૫૯ ॥

## ण-षमसत् परे स्यादिविधौ च ॥ २ । १ । ६० ॥

આ સૂત્રથી માંડીને હવે પછી જે જે વિધાનો કરવાનાં છે તે વિધાનો કરતી વખતે ण ને અસત્ સમજવો એટલે न સમજવો અને ष ને અસત્ સમજવો એટલે स સમજવો તથા આ સૂત્રની પહેલાં જે જે વિધાનો કરી આવ્યા છીએ તેમાંનાં જે વિધાનો સ્યાદિ વિભક્તિનું નિમિત્ત લઈને બતાવ્યાં હોય તે વિધાનોની દૃષ્ટિમાં પણ ण ને न સમજવો અને ष ને स સમજવો.

આ સૂત્રમાં જે ण અને ष નો નિર્દેશ કરેલો છે તેમાં પણ ष ની દૃષ્ટિમાં ण ને ण ન સમજતાં નકારરૂપે સમજવો.

આ અધ્યાયના ત્રીજા પાદમાં षत्व णत्व પ્રકરણ આવે છે. षत्व પ્રકરણ એટલે ક્યાં स ના ष નું વિધાન કરવું તે અને णत्व પ્રકરણ એટલે ક્યાં न ના ण નું વિધાન કરવું તે, આમાં પહેલાં षत्व છે અને તે પછી णत्व છે. એ જોતાં સૂત્રમાં ष-ण એમ હોવું જોઈએ. એના સમાધાનમાં આચાર્ય કહે છે કે આ સૂત્રમાં પણ ष ની દૃષ્ટિમાં ण ને અસત્ સમજવો એટલે પહેલો ष સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિ૦ બહુ૦—

पूषन्+अस्=पूष्णः—પૂંદ્રોને.

तक्षन्+अस्=तक्ष्णः—સુતારોને.

पूषन्+अस्-આવી સ્થિતિમાં ष પછી આવેલા न નો ण કરવો એટલે पूषण्+अस् થયું. अण्ना अ નો લોપ કરનારું સૂત્ર अन् ના अ નો લોપ કરે છે જ્યારે અહીં अण् છે પણ अन् નથી તેથી લોપ કરતી વખતે આ નિયમ દ્વારા अण् ને अन् સમજવાથી अ નો લોપ થઈ શકે છે.

એ જ પ્રકારે तक्ष्णः રૂપ સમજવાનું છે—

तक्षन्+अस्, तक्षण्+अस्-અહીં तक्षण् ને तक्षन् સમજીને પૂર્વે જણાવેલી રીતે अ નો લોપ કરવાથી तक्ष्णः પ્રયોગ થાય.

પ્ર૦ એ૦ વ૦—पिपठीः- पिपठिष्+स्—અહીં ष् ને स् સમજવાથી स् (જુઓ ૨।૧।૭૨) નો र् થાય છે એટલે पिपठीः રૂપ થાય--पिपठीः—ભણવાની ઇચ્છાવાળો.

આ બધાં ઉદાહરણો આગળ આવનારાં વિધાનોને લગતાં છે.

પ્ર૦ દ્વિ૦—अर्वाणौ—अर्वन्+औ=अर्वण्+औ-અહીં अर्वण् ને अर्वन् સમજીને अर्वन् નો अर्वा કરવાનો છે. (જુઓ ૧।૪।૮૫)—अर्वाणौ—બે ઘોડાઓને.

પ્ર૦ બહુ૦—सर्पींषि—सर्पिष्+इ—सर्पि+न्+ष्+इ--અહીં આ नष् ને नस् સમજવાથી (જુઓ ૧।૪।૮૬) इ નો દીર્ઘ થાય છે. सर्पींषि—વિવિધ પ્રકારનાં ઘી.

આ બે ઉદાહરણો પૂર્વના સ્યાદિવિધિનાં છે. આ સૂત્રમાં કહેલી પર વિધાનવાળી હકીકત रात् सः (૨।૧।૯૦) સૂત્ર સુધી સમજવાની છે અને પૂર્વમાં સ્યાદિ વિભક્તિ ને લીધે થતાં વિધાનોની દૃષ્ટિમાં असत् સમજવાની હકીકત नाम्यादिभ्यः (૨।૧।૯૯) સૂત્ર સુધી સમજવાની છે. ॥ ૨।૧।૬૦॥

## क्त्वादेशोऽपि ॥ २ । १ । ६१ ॥

क् નિશાનવાળા क्त ના કે क्तिना આદેશને क्तादेश સમજવો.

હવે પછી જે વિધાનો કરવામાં આવનારાં છે તેમની નજરમાં क्त કે क्तिने તેના આદેશરૂપે ન સમજવો પણ त અથવા ति એવા મૂળરૂપે સમજવો. અને પૂર્વમાં તેના સ્યાદિ વિભક્તિને નિમિત્તે કરેલાં વિધાનોની નજરમાં क्त ને કે क्तिને તેના આદેશરૂપે ન સમજવો પણ त કે ति રૂપે સમજવો. જ્યાં મૂર્ધન્ય ष કરવાનો પ્રસંગ હોય ત્યાં આ નિયમ ન લગાડવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्त के क्ति मां क ए निशानरूप छे अने मूळभूत तो त के ति छे तेथी तेने त के तिरूपे समजवानुं जणावेल छे,

प्र० ए० व०-क्षामिमान्+स्=क्षामिमान्-क्षतिवाळो, दुबळो.

अहीं मूळ शब्द क्षाति छे तेमां त नो म थवाथी क्षामि (४।२।७८) थाय छे. पछी क्षामिने मत् प्रत्यय लागवाथी क्षामिमत् थाय. मत् ना म नो व करनारुं (जुओ २ । १ । ९४ ) सूत्र एम सूचवे छे के शब्दमां उपान्त्ये म आव्यो होय अने पछी मत् आव्यो होय तो मत्नो वत् थाय, आ प्रयोगमां देखीती रीते शब्दमां उपान्त्ये म आवेलो छे तेथी क्षामिवान् रूप थवुं जोईए पण क्षामि नो म क्त नो आदेश होवाथी ते म नो व करनारा सूत्रनी नजरमां त रूपे ज समजाय छे. एटले ए सूत्र क्षामि शब्दने बदले क्षाति समजे छे तेथी म नो व न थयो.

पुं० तथा प० ए० व०—लूनि+अस्=लूनि+उस्=लून्युः (जुओ १ । ४ । ३६ )-कापनारथी के कापनारनुं.—आ प्रयोगमां लूति नुं लूनि (४ । २ । ६८) थयुं छे. ङस् नो उस् करनारुं (१ । ४ । ३७) सूत्र ति पछीना ङस् नो उस् करे छे त्यारे आ प्रयोगमां तो नि पछी ङस् छे परंतु आ नियम द्वारा पूर्वना स्यादि विधिमां नि ने ति रूपे समजवाथी ङस् नो उस् थई शकेल छे.

वृक्णः-वृश्च्+न+वृश्च्+न-आ प्रयोगमां श्च् नो ष करवानो प्रसंग छे. ष विधान करनारुं सूत्र ( २ । १ । ८७) आदिमां धुट् अक्षरवाळा प्रत्ययो होय तो ष नुं विधान करे छे. अहीं त ना न ने त ना समजवो पण न ज समजवो एटले आ प्रयोगमां आदिमां धुट् अक्षरवाळो प्रत्यय न होवाथी श्च् नो ष न थयो. वृक्णः-कपायेलो. ॥ २ । १ । ६१ ॥

## ष-ढोः कः सि ॥ २ । १ । ६२ ॥

स नी पहेलां आवेला ष अने ढ नो क बोलाय छे.

ष्-पिष्+स्यति=पेष्+स्यति=पेक्+ष्यति=पेक्ष्यति-ते पीसशे-चुरो करशे.

ढ्-लिह्+स्यति=लिढ्+स्यति=लिक्+स्यति=लेक्+ष्यति=लेक्ष्यति-ते चाटशे.

॥ २ । १ । ६२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भ्वादेर्नामिनो दीर्घ र्वोर्व्यञ्जने ॥ २ । १ । ६३ ॥

ભ્વાદિ-भू વગેરે સમગ્ર-ધાતુઓમાં જે ધાતુઓમાં र् અને व् વ્યંજનો આવેલા હોય અને તે र् અને व् પછી કોઈ વ્યંજન આવેલો હોય તો र् અને व् ની પહેલાંનો નામી સંજ્ઞાવાળો સ્વર દીર્ઘ બોલાય છે.

र् નું ઉદાહરણ---

हूर्च्छा—हु+र्+च्छा=हूर्च्छा=વક્રતા.

आस्तीर्णम्-आ+स्तृ+तम्=आ+स्तॄ+नम्=आ+स्तिर्+नम्=आस्तीर्णम्-ઢાંકેલું

व् નું ઉદાહરણ---

दीव्यति-दिव्+य+ति=दीव्यति-તે ક્રીડા કરે છે.

कुर्कुरीयति-આ પ્રયોગમાં कुर्कुर એ નામ ઉપરથી ધાતુ થયેલો છે તેથી ભ્વાદિ ધાતુ ન હોવાને લીધે कूर्कुरीयति ન થાય પણ कुर्कुरीयति થાય. कुर्कुरीयति-કુરકુરિયાને ઇચ્છે છે.

दिव्यति-दिव्+यति--અહીં પણ दिव् નામ ઉપરથી ધાતુ થયેલો છે તેથી दीव्यति ન થાય પણ दिव्यति-યશ-સ્વર્ગને ઇચ્છે છે. ॥ ૨ । ૧ । ૬૩॥

## पदान्ते ॥ २ । १ । ६४ ॥

भू વગેરે ધાતુઓમાં પદને છેડે આવેલા તથા र् અને व् ની પહેલાંના નામી સ્વરનો દીર્ઘ થાય.

गिर्+स्=गीः--વાણી.

गिर्+अर्थः=गीरर्थः વાણીનો અર્થ

गिर्+अस्=गिरः-વિવિધ વાણીઓ.

लुव्+अस्=लुवः-કાપનારા.

આ બન્ને પ્રયોગોમાં નામી સ્વર પદને છેડે નથી. ॥ ૨ । ૧ । ૬૪॥

## न यि तद्धिते ॥ २ । १ । ६५ ॥

આદિમાં य કારવાળા તદ્ધિતના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ઉપરનો નિયમ લાગતો નથી.

धुर्+यः=धुर्यः-ધુરાને વહન કરનાર.

गिर्+वत्=गीर्वत्-વાણીવાળું કુળ-અહીં વપરાયેલો તદ્ધિતનો वत् પ્રત્યય યકારાદિ નથી તેથી દીર્ઘ થઈ ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिर्+यति=गीर्यति–તે વાણીને ઇચ્છે છે.

गिर्+यते=गीर्यते–વાણીની પેઠે આચરણ કરે છે

આ બન્ને પ્રયોગોમાં વપરાયેલો यादि પ્રત્યય તદ્ધિતનો નથી તેથી દીર્ઘ થઇ ગયો. ॥ ૨ । ૧ । ૬૫ ॥

## कुरु-च्छुरः ॥ २ । १ । ६६ ॥

कृ ('કરવું' અર્થવાળો) ધાતુના અને छुर् ધાતુના નામી સ્વરની પછી र् આવ્યો હોય તો દીર્ઘ ન થાય.

कृ+यात्=कुर्+यात्=कुर्यात्—તે કરે.

छुर्+यात्=छुर्यात्—તે છેદે.

જેમાં कुर् શબ્દ આવે છે એવા બે ધાતુઓ છે. એક कृ ધાતુ અને બીજો कुरत् शब्दे ધાતુ. આ સૂત્રમાં कृ ધાતુ જ અપેક્ષિત છે તે બતાવવા માટે સૂત્રકારે મૂળમાં कुरु એ રીતે મૂકેલું છે. कुरु એવો रु વાળો પ્રયોગ कृ ધાતુમાં જ મળે છે, कुर् ધાતુમાં નથી મળતો.

कुर् ધાતુનું રૂપ कूर्यात् થાય. कूर्यात्–તે શબ્દ કરે. ॥ ૨ । ૧ । ૬૬ ॥

## मो नो म्वोश्च ॥ २ । १ । ६७ ॥

છેડે म વાળા ધાતુના અંતના म् નો તે પછી म् અને व् આવેલા હોય તો न् કરવો અને પદને અંતે આવેલા म् નો પણ न् કરવો.

પદાન્ત म्—

प्रशाम्+स्=प्रशान्–શાંતિવાળો.

प्रशाम्+भ्याम्=प्रशान्भ्याम्—શાંતિવાળા બે વડે, બે માટે કે બેથી.

ધાતુનો म्–

जङ्गम्+मि=जङ्गन्मि–હું વક્ર ગતિ કરું છું.

जङ्गम्+वस्=जङ्गन्वः–અમે બે વક્ર ગતિ કરીએ છીએ.

આ બન્ને ક્રિયાપદો गम् ધાતુનાં यङ्लुबन्तनां રૂપો છે. ॥ ૨ । ૧ । ૬૭॥

## स्रंस्-ध्वंस्-क्वस्सनडुहो दः ॥ २ । १ । ६८ ॥

स्रंस् તથા ध्वंस् શબ્દના તથા જેને છેડે क्वस् પ્રત્યય છે એવા स् કારાંત શબ્દના અને अनडुह् શબ્દના પદને છેડે આવેલા વ્યંજનનો द् થાય છે.

स्रंस्–उखास्रद्–उखया स्रंसते इति क्विपि उखास्रस्+स्= उखास्रद्–થાળીમાંથી ટપકનાર પદાર્થ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ध्वंस्–पर्णध्वद्–पर्णानि ध्वंसते यस्मात् इति क्विपि पर्णध्वस्+स्=पर्णध्वद्– જેને લીધે પાંદડાં ખરી પડે તે.

क्वस्–विद्वद्–वेत्तीति विद्वस्+स्=विद्वद् कुलम्–વિદ્વાન્ કુળ.

अनडुह्–स्वनडुद्–शोभनः अनड्वान् यस्मिन् कुले तत्–सु+अनडुह्+स्= स्वनडुद्–સારા બળદવાળું કુળ.

સૂત્રમાં क्वस् એ રીતે क्वस् ને બે સકારવાળો બતાવીને ગ્રંથકાર એમ સૂચવે છે કે જે क्वस् છેડે સકારવાળો હોય તેને જ અહીં લેવાનો છે પણ જે क्वस् કોઈ પણ નિયમ દ્વારા क्वन्स् રૂપે થયેલો હોય તેને અહીં લેવાનો નથી. એમ થવાથી विद्वान्स् પ્રયોગમાં क्वस् એમ ચોકખો નથી મળતો પણ क्वन्स् રૂપે મળે છે તેથી विद्वान्स् પ્રયોગમાં આ નિયમ ન લાગે પણ विद्वस्+भ्याम् એવા પ્રયોગોમાં આ નિયમ જરૂર લાગે અને विद्वद्भ्याम् એવા પ્રયોગો જરૂર થઈ શકે. ॥ ૨ । ૧ । ૬૮ ॥

## ऋत्विज्-दिश्-दृश्-स्पृश्-स्रज-दधृषुष्णिहो गः ॥ २ । १ । ६९ ॥

ऋत्विज् दिश् दृश् स्पृश् स्रज दधृष् અને उष्णिह् એ બધા શબ્દોમાં છેડે આવેલા વ્યંજનનો ग् બોલવો.

ऋत्विज्+स्=ऋत्विग् ઋતુની પૂજા કરનાર અથવા ઋતુ વડે પૂજા કરનાર.

दिश्+स्=दिग्–દિશા.

दृश्– { दृश्+स्=दृग्– દૃષ્ટિ અથવા આંખ<br>
{ अन्यादृश्+स्= अन्यादृग्–અન્યની જેમ દેખાતો.

घृतस्पृश्+स्=घृतस्पृग्–ઘીને અડનારો.

स्रज्+स्=स्रग्–માળા.

दधृष्+स्=दधृग्–ધારણ કરનાર.

उष्णिह्+स्=उष्णिग्–પાઘડી, મોળિયું. ॥ ૨ । ૧ । ૬૯ ॥

## नशो वा ॥ २ । १ । ७० ॥

नश् શબ્દમાં પદને છેડે આવેલા વ્યંજનનો ग् વિકલ્પે બોલવો.

जीवनश्+स्=जीवनग् અથવા जीवनड्–જીવ સહને ભાગનારો ।૨।૧।૭૦।

## युजञ्च-क्रुञ्चो नो ङः ॥ २ । १ । ७१ ॥

युज्, अञ्च् અને क्रुञ्च् શબ્દોમાં પદને છેડે આવેલા न् નો ङ् કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

युज्–युञ्ज्–युन्+स्=युङ्–જોડનારો.

प्राञ्च्–प्रान्+स्=प्राङ्–આગળ જનારો.

कुञ्च्–कुन्+=कुङ्–વક્ર ચાલનારો. ॥ २।१।७१ ॥

## सो रुः ॥ २ । १ । ७२ ॥

પદને છેડે આવેલા स् નો रु કરવો, रु કરવો એટલે र् કરવો.

आशिष्+स्=आशिर्=आशीः–આશીર્વાદ. (૨।૧।૬૪)

वायु+स्=वायुस्=वायुर्=वायुः–પવન. ॥ २।१।७२ ॥

## सजुषः ॥ २ । १ । ७३ ॥

सजुष् શબ્દમાં છેડે આવેળા ष् નો र् એટલે र् બોલવો.

सजुष्+स्=सजुर्=सजूर्=सजूः—સાથી. દીર્ઘ માટે (જુઓ ૨।૧।૬૪).

सजुष्+वत्=सजुर्+वत्=सजूर्वत्–સાથીની પેઠે. ,, ,,

॥ २।१।७३ ॥

## अह्नः ॥ २ । १ । ७४ ॥

अहन् શબ્દમાં પદને છેડે આવેલા न् નો र् બોલવો.

સંબો૦એ૦વ૦–दीर्घाहन्+स्=दीर्घाहर्–दीर्घाहः हे दीर्घाहो निदाघ ! હે લાંબા દિવસવાળા ઉનાળા !

પ્ર૦એ૦વ૦–दीर्घाहन्+स्=दीर्घाहर्=दीर्घाहा निदाघः–લાંબા દિવસવાળો ઉનાળો. ॥ २।१।७४ ॥

## रो लुप्यरि ॥ २ । १ । ७५ ॥

વિભક્તિનો લોપ થયા પછી अहन् શબ્દના પદને અંતે આવેલા વ્યંજનનો र् થાય છે, જો તે છેડાના વ્યંજન પછી र् ન હોય તો.

આ સૂત્ર દ્વારા વિહિત र् ને रु ના र् થી જુદો જ ગણવાનો છે એથી આ र् ને ૧।૩।૨૦ કે ૧।૩।૨૧ સૂત્ર ન લાગુ પડે.

બીજી એકવ૦–

अहन्+स्=अहन्=अहर्–अहर् अधीते–દિવસે ભણે છે.

,, ,, ,, ,, अहर्दत्ते–દિવસે આપે છે.

हे दीर्घाहो अत्र–હે લાંબા દિવસોવાળા ! અહીં, આ दीर्घाहः પ્રયોગમાં પહેલી વિભક્તિનો લોપ થયો નથી તેથી र् ન થયો એટલે दीर्घाहर् अत्र પ્રયોગ ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहो रूपम्-अहन्+रूपम्—અહીં અંત્ય વ્યંજન પછી र् આવ્યો છે તેથી अहर्रूपम्નું अहारूपम् ન થયું પણ (૨।૧।૭૪) સૂત્રથી र् થવાને લીધે अहोरूपम (૧।૩।૨૧) થયું. अहोरूपम्–દિવસનું રૂપ. ॥ ૨ । ૧ । ૭૫ ॥

## धुटस्तृतीयः ॥ २ । १ । ७६ ॥

પદને છેડે આવેલા धुट् સંજ્ઞાવાળા વ્યંજનનો તેને મળતો વર્ગનો ત્રીજો વ્યંજન બોલવો.

वाच्+स्=वाक्+स्=वाग्–વાણી.

वाच्+भिस्=वाक्+भिस=वाग्भिः -વાણીઓ વડે.

अच्+भिस्=अज्भिः–સ્વરો વડે (પાણિનીય વ્યાકરણમાં સ્વરોને अच् કહે છે) ।। ૨ । ૧ । ૭૬ ।।

## ग-ड-द-बादेश्चतुर्थान्तस्यैकस्वरस्यादेश्चतुर्थः स्ध्वोश्च प्रत्यये ॥ २ । १ ॥ ७७ ॥

જે ધાતુરૂપ એક સ્વરવાળા શબ્દના અવયવની આદિમાં ग, ड, द તથા ब હોય અને છેડે ચોથો અક્ષર [illegible] ય તો તેના આદિ અક્ષરનો ચોથો અક્ષર બોલવો જો એ ધાતુરૂપ એક સ્વરવાળા શબ્દને છેડે આવેલો ચોથો અક્ષર પદાંતે હોય -અથવા આદિમાં स કારવાળા અથવા ध्वकारવાળા પ્રત્યયો તેને લાગેલા હોય.

પદાંતે–

पर्णगुह्+स=पर्णघुट्–પાંદડાંને સંતાડનારું વૃક્ષ.

तुण्डिभ्+स=तुण्ढिप्–તુંડિભને કહેનારો –આ પ્રયોગમાં तुण्डिभ નામને तुण्डिभम् आचक्षाणः એમ કરીને ધાતુરૂપ બનાવેલું છે.

गदर्भ्+स=गर्धप्—ગર્દભને બોલનારો–અહીં गर्दभ નામ ઉપરથી गर्दभ् ધાતુ બનાવેલો છે.

धर्मबुध्+स=धर्मभुत्–ધર્મને જાણનારો.

सादि પ્રત્યયો–

निगोह्+स्यते=निघोक्ष्यते–તે ગુપ્ત રાખશે.

दोघ्+स्यते=धोक्+ष्यते=धोक्ष्यते—તે દોહશે.

बुध्+स्यते=बोध्+स्यते=भोत्स्यते–તે જાણશે.

ध्वादि–પ્રત્યયો—

न्यगूह्+ध्वम्= न्यघूढ्+ध्वम्=न्यघूढ्वम्–તમે ગુપ્ત રાખ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अदुह्+ध्वम्=अधुघ्+ध्वम्=अधुग्+ध्वम्-तमे' दोह्युं.

अबुध्+ध्वम्=अभुध्+ध्वम्=अभुद्ध्वम्—तमे' जाण्युं.

अजञ्जप्-तेणे अतिशय मैथुन कर्यु'-आ प्रयोगमां छेडे चोथा अक्षरवाळो जभ् धातु छे पण आदिमां ग ड द के ब नथी. आ प्रयोग जभ् धातुना यङ्लुबन्त रूपना भूतकाळनो सूचक छे.

दामलिड्--दामनने चाटनारो-आ प्रयोगमां आदिमां द तो छे अने अंते लिह् होवाथी चोथो अक्षर पण छे परंतु ते एकस्वरवाळो नथी तेथी धामलिट् न थयु. ॥ २ । १ । ७७ ॥

## धागस्त-थोश्च ॥ २ । १ । ७८ ॥

आदिमां द कारवाळा अने छेडे चोथा अक्षरवाळा धाग् धातुना आदिना द नो चोथो अक्षर करवो, ज्यारे ते धाग् धातुने त प्रत्यय, थ प्रत्यय तथा सकारआदिवाळा अने ध्वकारआदिवाळा प्रत्ययो लाग्या होय त्यारे.

धा—

त प्रत्यय—दधा+तस्=दध्+तस्=धत्तः-तेओ बे धारण करे छे.

थ ,, दधा+थस्=दध्+थस्=धत्थः-तमे बे धारण करो छो.

सादि ,, दधा+से=दध्+से=धत्से—तुं धारण करे छे.

ध्वादि ,, दधा+ध्वे=दध्+ध्वे-धद्ध्वे—तमे धारण करो छो.

दध्वः—धा+वस्=दधा+वस्=दध्+वस्=दध्वः-तमे बे धारण करो छो-आ प्रयोगमां त प्रत्यय नथी. थ प्रत्यय नथी, अने सादि तेम ज ध्वादि प्रत्यय नथी. पण वस् प्रत्यय छे.

दधाति-धा+ति=दधा+ति=दधाति-ते धारण करे छे-

आ प्रयोगमां-दधा मां छेडे आ छे. ध नथी एटले छेडे चोथो अक्षर नथी

॥ २ । १ । ७८ ॥

## अधश्चतुर्थात् त-थोधः ॥ २ । १ । ७९ ॥

आ सूत्रमां धा धातु लेवानो नथी एटले धा धातु सिवायना बीजा कोई धातुथी विहित करेला अने चोथा अक्षरनी पछी आवेला एवा त अने थ नो ध करवो.

त प्रत्यय—अदुह्+त=अदुघ्+ध=अदुग्ध - तेणे दोह्युं.

अलभ्+त=अलभ्+ध=अलब्ध -तेणे मेळव्युं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થ પ્રત્યય—अदुह्+थास्=अदुघ्+थास्=अदुग्धाः— તેં દોહ્યું.

अलभ्+थास्=अलभ्+धास्=अलब्धाः— તેં મેળવ્યું.

धत्तः અને धत्थः એ બે પ્રયોગમાં धा ધાતુ છે માટે त અને थ નો ध ન થાય.

ज्ञानभुत्त्वम् ज्ञानबुध्+त्वम्—આ પ્રયોગમાં લાગેલો त्व પ્રત્યય એ ધાતુથી વિહિત કરેલો નથી પણ નામથી વિહિત કરેલો છે તેથી ज्ञानभुद्ध्वम् ન થાય. ज्ञानबुध्+त्व+सि=ज्ञानभुत्त्वम्—જ્ઞાનથી બોધકપણું. ॥ ૨ । ૧ । ૭૯ ॥

## नाम्यन्तात् परोक्षाऽद्यतन्याशिषो धो ढः ॥ २ । १ । ८० ॥

રકારાંત ધાતુ અને છેડે નામી સ્વર આવેલો હોય એવો ધાતુ —એ બન્ને ધાતુઓને લાગેલી પરોક્ષા, અદ્યતની અને આશિષ એ ત્રણે વિભક્તિઓના ધનો ढ કરવો.

રકારાંત—अतार्+ध्वम्=अतार्ढ्वम् (અદ્યતની)—તમે તર્યા.

નામ્યંત—अदा+ध्वम्=अदि+ध्वम्=अदिढ्वम्( ,, )—તમે દીધું.

પરોક્ષા—स्तु+ध्वे—तुष्टु+ध्वे=तुष्टुढ्वे — તમે સ્તુતિ કરી.

આશિષ—तॄ+षीध्वम्=तीर्+षीध्वम्=तीर्षीढ्वम्—તમે તરો.

,, चि+षीध्वम्=चे+षीध्वम्=चेषीढ्वम्—તમે સંગ્રહ કરો.

अपग्ध्वम् अपच्+ध्वम्—આ ધાતુ ચકારાંત છે, રકારાંત નથી તેથી

અને

आसि+ध्वम्–आस्+इ+ध्वम्=आसिध्वम्—આ ધાતુ સકારાંત છે નામ્યંત નથી તેથી अपग्ध्वम् અને आसिध्वम् એ બન્ને પ્રયોગોમાં ध्वम् નું ढ्वम् ન થયું. ॥ ૨ । ૧ । ૮૦ ॥

## हान्तस्थाञ्जीड्भ्यां वा ॥ २ । १ । ८१ ॥

છેડે ह વાળા અને અંતસ્થા અક્ષરવાળા ધાતુને લાગેલા ञि અને इट् પછી આવેલી પરોક્ષા, અદ્યતની અને આશિષ વિભક્તિઓના ध् નો ढ् વિકલ્પે બોલવો.

ञि વાળા હકારાંત—

अग्राहि+ध्वम्=अग्राहिढ्वम्, अग्राहिध्वम्-(અદ્યતની)—તમેં ગ્રહણ કર્યું.

ग्राहि+षीध्वम्=ग्राहिषीढ्वम्, ग्राहिषीध्वम्-(આશિષ)—તમે ગ્રહણ કરો.

ञि સહિત અંતસ્થાવાળા —

अनायि+ध्वम्=अनायिढ्वम्, अनायिध्वम् (અદ્યતની)—તમે લઈ ગયા.

नायि+षीध्वम्=नायिषीढ्वम्, नायिषीध्वम् (આશિષ)— તમે લઈ જાઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अकारि+ध्वम्=अकारिढ्वम्, अकारिध्वम् (અદ્યતની)-તમેં કર્યું.

अलावि+ध्वम्=अलाविढ्वम्, अलाविध्वम् („) –તમેં કાપ્યું.

इट् વાળા–

जगृहि+ध्वे=जगृहिढ्वे, जगृहिध्वे (પરોક્ષા)-તમેં ગ્રહણ કર્યું.

आयि+ध्वम्=आयिढ्वम्, आयिध्वम् (અદ્યતની)–તમે ગયા.

हन्+इ+षीध्वम्=घानिषीध्वम् (આશિષ)–તમે હણો.

आस्+षीध्वम्=आस्+इ+षीध्वम्=आसिषीध्वम्–તમે બેસો.

આ બન્ને પ્રયોગમાં ह કારાંત ધાતુ નથી. અને છેડે અંતસ્થા હોય એવો ધાતુ પણ નથી. ॥ २ । १ । ८१ ॥

## हो धुट्-पदान्ते ॥ २ । १ । ८२ ॥

પદાંતમાં હકાર હોય અથવા તેની–हकारની–પછી આદિમાં धुट् વ્યંજન વાળો પ્રત્યય આવ્યો હોય તો ह નો ढ બોલવો.

પદાંત–मधुलिह्+स्=मधुलिढ्+स=मधुलिट्–મધને ચાટનારો.

गुडलिह्+मान=गुडलिढ्+मान=गुडलिण्मान् ગોળને ચાટનારાવાળો

धुट्–लिह्+ता=लेह्+ता=लेढ्+धा=लेढ्+ढा=लेढा–ચાટનારો.

मधुलिह्+औ=मधुलिहौ—મધને ચાટનારા બે જણ—

આ પ્રયોગમાં ह् પદાંતમાં નથી અને ह પછી કોઈ धुट् આદિવાળો પ્રત્યય પણ નથી. ॥ २ । १ । ८२ ॥

## भ्वादेर्दादेर्घः ॥ २ । १ । ८३ ॥

આદિમાં द કારવાળા અવયવસહિત भ्वादि ધાતુનો–भ्वादि ગણમાં આવેલ ધાતુનો–ह् પદાંતમાં હોય તો તેનો घ् બોલવો, અથવા તે ह् પછી આદિમાં धुट् વ્યંજનવાળો પ્રત્યય આવ્યો હોય તો પણ ह્નો घ् બોલવો.

પદાંત—

अदुह्+द्=अधोघ्+द्=अधोक्–તેણે દોહ્યું.

गोदुह्+स्=गोधुघ्+स्=गोधुक्–ગાયને દોહનારો.

धुट्–

दुह्+ता=दोघ्+ता=दोग्धा–દોહનારો.

दुह्+स्यति=दोघ्+स्यति=धोक्+ष्यति=धोक्ष्यति–તે દોહશે

दामलिह्+स्=दामलिढ्+स्=दामलिट्–દામણને ચાટનાર.—આ પ્રયોગમાં આદિમાં દકારવાળો અવયવ તો છે પણ તે भ्वादि ધાતુનો અવયવ નથી.

॥ २ । १ । ८३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मुह-द्रुह-स्नुह-स्निहो वा ॥ २ । १ । ८४ ॥

मुह् , द्रुह, स्नुह અને स्निह् એ ચાર શબ્દોનો ह् પદાંતમાં હોય અથવા એ ह् પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય તો પણ ह्नो घ् વિકલ્પે બોલવો.

પદાંત—

उत+मुह्+स्=उत्+मुघ्+स्=उन्मुक કે उन्मुट्–મોહ પામનારો

मित्र+द्रुह्+स्=मित्रद्रुघ्+स्=मित्रध्रुक् કે मित्रध्रुट्–મિત્રનો દ્રોહ કરનારો.

उत्+स्नुह्+स=उत्+स्नुघ्+स=उत्स्नुक કે उत्स्नुट्–ઊંચે ઝરનારો,

चेल+स्निह्+स्=चेलस्निघ्+स्=चेलस्निक કે चेलस्निट्–કપડાં સાથે ચોંટનારો.

આદિમાં ધુટ્ વાળો પ્રત્યય—

मुह्+ता=मोघ्+ता=मोग्धा અથવા मोढा–મોહ પામનારો.

द्रुह्+ता=द्रोघ्+ता=द्रोग्धा કે द्रोढा– દ્રોહ કરનારો.

स्नुह्+ता=स्नोघ्+ता=स्नोग्धा કે स्नोढा–ઝરનારો.

स्निह्+ता=स्नेघ्+ता=स्नेग्धा કે स्नेढा– સ્નેહ કરનારો. ॥ ૨ । ૧ । ૮૪ ॥

## नहाहोर्ध-तौ ॥ २ । १ । ८५ ॥

नह् ધાતુના ह् પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવ્યો હોય અથવા ह् પદાંતમાં હોય તો તે ह्નો ध् બોલવો તથા ब्रू ધાતુના સ્થાનમાં થયેલા आह ધાતુના ह् પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય અથવા ह् પદાંતમાં હોય તો તેનો त् બોલવો.

આદિમાં ધુટ્ વાળો પ્રત્યય—

नह्+ता=नध्+ता=नद्धा–બાંધનારો.

પદાંત—उपानह्+भ्याम्=उपानध्+भ्याम्=उपानद्भ्याम्–બે જોડાવડે, બે જોડા માટે, બે જોડાથી

ब्रू ધાતુને આદિમાં ધુટ્ વાળો પ્રત્યય—

आह–आह्+थ=आध्+थ=आत्+थ=आत्थ–તમે બોલ્યા. ॥ ૨ । ૧ । ૮૫ ॥

## च-जः क-गम् ॥ २ । १ । ८६ ॥

પદને છેડે આવેલા च्નો क् બોલાય છે અથવા च् પછી આદિમાં ધુટ્ વ્યંજન વાળો પ્રત્યય આવેલો હોય તો પણ च्નો क् બોલાય છે તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદને છેડે આવેલા ज નો ग् બોલાય છે અથવા ज् પછી આદિમાં ઘુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય તો પણ ज् નો ग् બોલાય છે.

પદાંત—

वाच्+स्=वाक्+स्=वाक्—વાણી.

अर्धभाज्+स्=अर्धभाग+स्=अर्धभाक्—અડધાને ભજનારો

ઘુટ્ વાળો પ્રત્યય—

वच्+ता=वक्ता—બોલનારો.

त्यज्+ता=त्यग्+ता=त्यक्ता—તજી દેનારો. ॥ ૨ । ૧ । ૮૬ ॥

## यज-सृज-मृज-राज-भ्राज-भ्रस्ज-व्रस्च-परिव्राजः शः षः ॥ २ । १ । ८७ ॥

यज्, सृज्, मृज्, राज्, भ्राज्, भ्रस्ज्, व्रस्च् એ બધા ધાતુઓનો અને परिव्राज् નામનો च् અને ज् પદને છેડે આવેલો હોય તો તે च् અને ने ष् બોલવો અથવા એ च् અને ज् પછી આદિમાં ઘુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય તો પણ તે च् અને ज નો બદલે ष् બોલવો તથા છેડે તાલવ્ય श्‌વાળા ધાતુઓનો श् પદાંતમાં આવેલો હોય તો તેનો ष् બોલવો અથવા એ श् પછી આદિમાં ઘુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય તો પણ એ તાલવ્ય श् નો મૂર્ધન્ય ष બોલવો.

પદાંત—

देवेज्+स्=देवेष्+स्=देवेट्—દેવને પૂજનારો.

तीर्थसृज्+स्=तीर्थसृष्+स्=तीर्थसृट्—તીર્થને સર્જનારો.

कंसपरिमृज्+स्=कंसपरिमृष्+स्=कंसपरिमृट्—કાંસાને સાફ કરનારો.

सम्राज्+स्=सम्राष्+स्=सम्राट्—ચક્રવર્તી.

विभ्राज+स्=विभ्राष्+स्=विभ्राट्—વિશેષ શોભનારો.

धानाभृज्+स्=धानाभृष्+स्=धानाभृट्—ધાણાને ભુંજનારો.

मूलवृच्+स्=मूलवृष्+स्=मूलवृट्—મૂળને કાપનાર.

परिव्राज्+स्=परिव्राष्+स्=परिव्राट्—ફરનારો—સંન્યાસી.

शब्दप्रच्छ्+स्=शब्दप्राश्+स्=शब्दप्राष्+स्=शब्दप्राट्—(જુઓ ૫।૨।૮૩) —શબ્દને પૂછનારો.

ઘુટ્ આદિવાળો પ્રત્યય—

यज्+ता=यष्+ता=यष्टा—પૂજા કરનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सृज्+ता=स्रष्+ता=स्रष्टा-સર્જન કરનાર.

मृज्+ता=मार्ष्+ता=मार्ष्टा-સાફ કરનાર-માંજનાર.

राज्+तिः=राष्+तिः=राष्टिः-શોભા.

भ्राज्+तिः=भ्राष्+तिः=भ्राष्टिः-શોભા.

भ्रस्ज्+ता=भ्रज्+ता=भ्रष्+ता=भ्रष्टा-પકાવનાર.

च्तुं ઉદાહરણ-व्रस्च्+ता=व्रच्+ता=व्रष्टा-કાપનારો.

श,, ,, लिश+ता=लेश्+ता=लेष्टा-જનારો.

,, ,, पृच्छ्+ता=प्रश्+ता=प्रष्टा-પૂછનારો.

निशा+भ्याम्=निश्+भ्याम्=निज्भ्याम्—આ પ્રયોગમાં निश् નો श् છે તે નામનો श् છે પણ ધાતુનો નથી.

वृक्षव्+स्=वृक्षव्-વૃક્ષના કાપનારને કહેનારો.—આ પ્રયોગમાં व्रस्च् ધાતુ તો છે પણ તેનો च् નથી. ॥ ૨ । ૧ । ૮૭ ॥

## संयोगस्यादौ स्कोर्लुक् ॥ २ । १ । ८८ ॥

સંયુક્ત અક્ષરની આદિમાં રહેલ स् અને क् પદને છેડે આવેલા હોય અથવા તે स् અને क् ની પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવેલો હોય તો તે બન્નેનો-स् અને क् નો-લોપ કરી દેવો.

પદાંત—

साधुलस्ज्+स=साधुलज्+स्=साधुलक्-સાધુને વળગનારો.

मूलव्रस्च्+स्=मूलव्रच्+स्=मूलवृट्-મૂળને કાપનારો.

काष्टतक्ष्+स्=काष्टतष्+स्=काष्टतट्-લાકડાંને છોલનારો.

धुट् પ્રત્યય-

लस्ज्+नः=लज्+नः=लग्नः-( જુઓ ૪ । ૨ । ૭૦ )-લાગેલો

वृश्च्+नः=वृच्+नः=वृक्णः-( જુઓ ૪ । ૨ । ૭૦ )-કાપેલો.

આ બે પ્રયોગોમાં મૂળ त હતો તેનો પછી न થયો છે. આ સૂત્ર તે न ને त જ સમજે છે એથી આદિમાં ધુટ્વાળો પ્રત્યય હોવાથી આ નિયમ લાગે છે. ( જુઓ ૨ । ૧ । ૬૦ )

तक्ष्+तः+तष्+तः=तष्टः-છોલાયેલો. ॥ ૨ । ૧ । ૮૮ ॥

## पदस्य ॥ २ । १ । ८९ ॥

પદને છેડે સંયુક્ત અક્ષર હોય તો સંયુક્ત અક્ષરના છેડાના અક્ષરનો લોપ થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुमान्स्+स्=पुमान्–પુરુષ.

पुम्स्+भिस्=पुंभिः–પુરુષો વડે.

महान्त्+स्=महान्–મોટો.

स्कन्त्वा–(स्कन्त्वा–જઈને) આ પ્રયોગનો સંયુક્ત અક્ષર પદાંતમાં નથી. ॥ ૨ । ૧ । ૮૯॥

## रात् सः ॥ २ । १ । ९० ॥

પદને છેડે આવેલા સંયુક્ત અક્ષરમાંના र् પછી માત્ર स् નો જ લોપ થાય, બીજા કોઈ અક્ષરનો લોપ ન થાય.

चिकीर्ष्+स्=चिकीर्+स्=चिकीः–કરવાની ઈચ્છાવાળો.

कटचिकीर्ष्+स्=कटचिकीर्+स्=कटचिकीः–સાદડીને કરવાની ઈચ્છાવાળો ऊर्क् ( જીવન ધારણ કરનારો–નામ છે) અને न्यमार्ट्–(તેણે નિરંતર સાફ કર્યું–ક્રિયાપદ છે.) આ બે પ્રયોગોમાં ऊर्क्માં र् પછી क् આવેલો છે અને न्यमार्ट् માં र् પછી ट् આવેલો છે તેથી તેનો લોપ નહીં થાય. ॥ ૨ । ૧ । ૯૦॥

## नाम्नो नोऽनह्नः ॥२ । १ । ९१ ॥

કોઈ પણ નામના પદને છેડે આવેલા न् નો લોપ કરવો. માત્ર अहन् શબ્દને આ નિયમ ન લગાડવો.

राजन्+स्=राजान्+स्=राजा–રાજા.

राजन्+पुरुषः=राजपुरुषः—રાજાનો પુરુષ.

अहन्+एति=अहरेति–આ પ્રયોગમાં अहन् પદ છે તેથી તેના न् નો લોપ ન થાય. (જુઓ ૨ । ૧ । ૭૫ )　　॥૨। ૧ । ૯૧॥

## नामन्त्र्ये ॥२ । १ । ९२ ॥

સંબોધનના પ્રયોગવાળા કોઈ પણ નામના न् નો લોપ ન થાય.

हे राजन्+स्=हे राजन्–હે રાજા !　　॥ ૨ । ૧ । ૯૨ ॥

## क्लीबे वा ॥ २ । १ । ९३ ॥

સંબોધનમાં વપરાયેલો નકારાંત શબ્દ જો નપુંસક લિંગમાં હોય તો તેના પદાંતના न् નો લોપ વિકલ્પે કરવો.

हे दामन्+स्=हे दाम ! અથવા हे दामन् !– હે માળા ! ॥ ૨।૧। ૯૩ ॥

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## मावर्णान्तोपान्तापञ्चमवर्गाद् मतोर्मो वः ॥ २ । १ । ९४ ॥

જે નામને છેડે મકાર હોય અથવા ઉપાન્તમાં મકાર હોય તો તે નામથી
ાગેલા मतु પ્રત્યયના मનો व થાય છે. તથા જે નામને છેડે अ વર્ણ હોય
થવા ઉપાન્તમાં अ વર્ણ હોય તો તેને લાગેલા मतु પ્રત્યયના मનો व
ાય છે તથા જે નામને છેડે વર્ગનો પાંચમો અક્ષર એટલે ङ ञ् ण् તથા
न હોય એવા નામથી લાગેલા मतु ના मનો व થાય છે.

અંતે म-किम्+मान्=किवान्—શું વાળો.

ઉપાંતે म-शमी+मान्=शमीवान्-શમીના ઝાડવાળો.

અંતે અવર્ણ-वृक्ष+मान्=वृक्षवान्-વૃક્ષવાળો

ઉપાંતે અવર્ણ-माला+मान्=मालावान्-માળાવાળો

अहर्+मान्=अहर्वान्-સૂર્ય.

भास्+मान्=भास्वान्- ,,

અંતે વર્ગના પંચમ વ્યંજન વિનાનું નામ-

मरुत्+मान्=मरुत्वान्-પવનવાળો ॥ २ । १ । ९४ ॥

## नाम्नि ॥ २ । १ । ९५ ॥

વિશેષ નામમાં વપરાયેલા मतु ના मનો व થાય છે.

अही+मती=अहीवती- } એ નામની જુદી જુદી બે નદીઓ.
मुनि+मती=मुनीवती- }

॥ २ । १ । ९५ ॥

## र्मण्वती-अष्ठीवत्-चक्रीवत्-कक्षीवद्-रुमण्वत् ॥ २ । १ । ९६ ॥

चर्मण्वती, अष्ठीवत्, चक्रीवत्, कक्षीवत् અને रुमण्वत् એ પાંચે વિશેષ
ામરૂપ શબ્દોમાં मतुना मનો व કરવો.

चर्मन्+मती=चर्मण्वती-એ નામની નદી (ચંબલ).

अस्थि+मान्=अष्ठीवान्-ગોઠણ.

चक्र+मान्=चक्रीवान् ગધેડો.

कक्ष्या+मान्=कक्षीवान्—એ નામનો ઋષિ.

लवण+मान्=रुमण्वान्-એ નામનો પર્વત. ॥ २ । १ । ९६ ॥

## उदन्वान् अब्धौ च ॥ २ । १ । ९७ ॥

અબ્ધિના અર્થમાં એટલે જળનો કોઈ પણ આધાર અર્થમાં અર્થાત્
મુદ્ર અર્થમાં કે ગમે તે જલાધારના અર્થમાં અથવા વિશેષ નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો उदकमान् ને બદલે उदन्वान् શબ્દનો પ્રયોગ કરવો.

उदक+मान्=उदन्वान्— સમુદ્ર, ઘડો અથવા કોઈ ઋષિનું કે આશ્રમનું નામ ॥ २ । १। ९७ ॥

## राजन्वान् सुराज्ञि ॥ २ । १ । ९८ ॥

સારા રાજાવાળો દેશ કે પ્રજા એવા અર્થમાં राजन्मान् ને બદલે राजन्वान् શબ્દ વાપરવો.

राजन्+मान्=राजन्वान्—સારા રાજાવાળો, દેશ.

राजन्+मत्यः=राजन्वत्यः प्रजाः—સારા રાજાવાળી પ્રજાઓ.

सारो राजा એવો અર્થ ન હોય તો राजन्वान् પ્રયોગ ન થાય.

॥ २। १। ९८॥

## नोर्म्यादिभ्यः ॥ २ । १ । ९९ ॥

ऊर्मि, दल्मि વગેરે શબ્દોને લાગેલા मतुना म નો व થતો નથી. ऊर्मि વગેરે અનેક શબ્દો છે.

ऊर्मि+मान्=ऊर्मिमान्–ઊર્મિવાળો.

दल्मि+मान्=दल्मिमान्–આયુધવાળો. ॥ २ । १ । ९९ ॥

## मास-निशाऽऽसनस्य शसादौ लुग् वा ॥ २ । १ । १०० ॥

બીજી વિભક્તિના બહુવચનથી માંડીને બધા स्यादि પ્રત્યયો એટલે સપ્તમી સુધીના તમામ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે मास, निशा અને आसन શબ્દના અંતના સ્વરનો લોપ વિકલ્પે કરવો.

मास+शस्=मास्+अस्=मासः અથવા मासान्—મહિનાઓને.

निशा+शस्=निश्+अस्=निशः અથવા निशाः—રાત્રિઓને.

आसन+इ=आसन्+इ=आसनि અથવા आसने–આસન ઉપર.

॥ २ । १ । १०० ॥

## दन्त-पाद-नासिका-हृदय-असृग्-यूषोदक-दोर्यकृच्छकृतो दत्-पन्नस्-हृदसन्-यूषन्नुदन्-दोषन्-यकन्-छकन् वा ॥२।१।१०१॥

બીજી વિભક્તિના બહુવચનથી માંડીને સાતમી વિભક્તિ સુધીની स्यादि વિભક્તિઓ લાગી હોય ત્યારે दन्तनो दत्, पाद नो पद्, नासिकानो नस्, हृदय नो हृद्, असृग् नो असन्, यूषनो यूषन्, उदकनो उदन्, दोष्नो दोषन्, यकृत्नो यकन् અને शकृत् નો शकन् વિકલ્પે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિ૦ બહુ૦—

दन्त+अस्=दत्+अस्=दतः અથવા दन्तान्–દાંતોને.

पाद+अस्=पद्+अस्=पदः અથવા पादान्-પગોને.

તૃ૦ એ૦ વ૦–नासिका+आ=नस्+आ=नसा અથવા नासिकया–નાક વડે.

સ૦ એ૦ વ૦–हृदय+इ=हृद्+इ=हृदि અથવા हृदये–હૃદયમાં.

તૃ૦ એ૦ વ૦—

असृग्+आ=असन्+आ=अस्ना અથવા असृजा–લોહી વડે.

यूष+आ=यूषन्+आ=यूष्णा અથવા यूषेण– રસ વડે.

उदक+आ=उदन्=आ+उद्ना અથવા उदकेन– પાણી વડે.

दोष्+आ=दोषन्+आ=दोष्णा અથવા दोषा–હાથ વડે.

यकृत्+आ=यकन्+आ=यक्ना અથવા यकृता—યકૃત્‌ની–બરોળની–ગાંઠ વડે.

शकृत्+आ=शकन्+आ=शक्ना અથવા शकृता—છાણ કે વિષ્ટા વડે.

॥ ૨ । ૧ । ૧૦૧ ॥

## य-स्वरे पादः पद् अणि-क्य-घुटि ॥ २ । १ । १०२ ॥

આદિમાં य કારવાળા અને આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે જેને છેડે पाद् શબ્દ હોય તો તે નામના पाद्‌નું તથા એકલા પણ पाद શબ્દનું पद् ઉચ્ચારણ કરવું

य कारादि—वैयाघ्रपाद्+य=वैयाघ्रपद्यः–વ્યાઘ્રપાદનો પુત્ર

સ્વરાદિ—

द्विपाद्+अस्=द्विपदः पश्य--મનુષ્યોને જો.

पादमाचष्टे इति पादयति इति क्विप्–पाद्+ई=पदी कुले+પગને કહેનારાં બે કુળો—આ પ્રયોગમાં पाद નામને ધાતુ બનાવીને પછી ફરી તેને નામ બનાવ્યું છે.

द्विपाद्+भ्याम्—બે પગવાળા વડે, બે પગવાળા માટે અને બે પગવાળાથી. આ પ્રયોગમાં આદિમાં યવાળો કે સ્વરવાળો પ્રત્યય નથી. તેથી द्विपद्भ्याम् ન થયું.

पादमाचष्टे इति (पाद्+णि) पादयति—તે પાદને કહે છે. અહીં णि છે તેથી पद् ન થાય.

व्याघ्रपादमिच्छति—व्याघ्रपादयति (व्याघ्रपाद+य+ति)–વ્યાઘ્રપાદને ઇચ્છે છે. અહીં क्य પ્રત્યય છે માટે पद् ન થયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्विपाद्+औ–द्विपादौ—બે મનુષ્યો. અહીં ઘુટ્ પ્રત્યય છે માટે द्विपदौ ન થયું. ॥ ૨ । ૧ । ૧૦૨ ॥

## उदचः उदीच् ॥ २ । १ । १०३ ॥

णि, क्य અને ઘુટ્ સિવાયના આદિમાં યવાળા અને સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે उदच्નું उदीच् ઉચ્ચારણ કરવું.

उदच्+य+स्=उदीच्यः–ઉત્તર દિશાનો.

नारी०–उदच्+ई=उदीची—ઉત્તર દિશા.

णि—उदञ्चमाचष्टे (उदच्+णि)=उदयति– ઉત્તર દિશાને કહેનાર.

य—उदञ्चमिच्छति (उदच्+क्य)=उदच्यति–ઉત્તર દિશાને ઇચ્છે છે.

घुट्—उदञ्च्+अस्=उदञ्चः–ઉત્તર દિશાઓ.

આ ત્રણે પ્રયોગોમાં અનુક્રમે णि, क्य અને ઘુટ્ પ્રત્યયો હોવાથી उदच्નું उदीच् ન થયું.

સૂત્રમાં उदच्नું उदीच् ઉચ્ચારણ કરવાનું કહ્યું છે માટે જ્યાં उदच् ન હોય અને उदञ्च् શબ્દ હોય ત્યાં આ નિયમ લાગતો નથી. उदञ्च्+आ= उदञ्चा–ઉપર જનાર વડે. उदञ्च्+ए=उदञ्चे–ઉપર જનાર માટે.

॥ ૨ । ૧ । ૧૦૩ ॥

## अच् च् प्राग् दीर्घश्च ॥ २ । १ । १०४ ॥

णि, क्य અને ઘુટ્ સિવાયના આદિમાં य કારવાળા અને આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે अच् નો च् બોલવો અને च् ની પૂર્વના સ્વરનો દીર્ઘ કરવો.

प्र+अच्+य+स्=प्रा+च्+य+स्=प्राच्यः – પૂર્વ દિશાનો.

दधि+अच्+आ=दधीच्+आ=दधीचा- દહીં પામનાર વડે.

णि—दध्यच्+णि=दध्ययति–દહીં પામનાર કહે છે.

य—दध्यञ्चमिच्छति दध्यच्+य+ति=दध्यच्यति-દહીં પામનારને ઇચ્છે છે.

घुट्—दध्यच्+जस्=दध्यञ्चः-દહીંના નિવાસ-સમુદ્ર તરફ જનારાઓ. આ ત્રણે પ્રયોગોમાં णि, क्य અને ઘુટ્ પ્રત્યયો છે તેથી दधीच् ન થયું.

સૂત્રકારે न् વગરના अन्च्નું એટલે अच्નું च् ઉચ્ચારણ કરવાનું કહ્યું છે માટે જ્યાં अन्च् હોય ત્યાં આ નિયમ ન લાગે. साध्वन्च् साध्वञ्च्+ आ=साध्वञ्चा–સારું ચાલનાર વડે. ॥ ૨ । ૧ । ૧૦૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्वस् उष् मतौ च ॥ २ । १ । १०५ ॥

णि, क्य અને घुट् સિવાયના આદિમાં यवाળા અને આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અને मतु પ્રત્યય લાગ્યો હોય ત્યારે क्वस्નું उष् ઉચ્ચારણ કરવું.

विद्वस्+य+स्=विदुष्यः-વિદ્વાનનો પુત્ર.

विद्वस्+आ=विदुष्+आ=विदुषा-વિદ્વાન વડે.

विद्वस्+मान्=विदुष्+मान्=विदुष्मान्-વિદ્વાનવાળો.

णि—विद्वांसमाचष्टे विद्वस्+णि=विद्वयति-વિદ્વાનને કહેનારો.

य—विद्वांसमिच्छति विद्वस्+य+ति=विद्वस्यति-વિદ્વાનને ઇચ્છે છે.

घुट्—विद्वस्+अस्=विद्वांसः-વિદ્વાનો

આ ત્રણે પ્રયોગોમાં णि, क्य અને घुट् પ્રત્યય છે તેથી विद्वस्નું विदुष् ન થયું. ॥ २ । १ । १०५ ॥

## श्वन्-युवन्-मघोनो ङी-स्याद्यघुट्स्वरे व उः ॥ २ । १ । १०६ ॥

નારીજાતિનો સૂચક ङी (ई) પ્રત્યય લાગ્યો હોય ત્યારે અને घुट् પ્રત્યયો સિવાયના આદિમાં સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે श्वन्, युवन् અને मघवन् ના व નો उ બોલવો.

નારી૦-श्वन्++श्+व+न्+ई=(श्+उ+न्+ई) शुनी-કુતરી

દ્વિ૦ બહુ૦—श्वन्+श्+व+न्+अस्=(श्+उ+न्)शुन्+अस्+शुनः-કુતરાઓને

નારી૦—अतियुवन्+ई=(अतियु+उ+न) अतियून्+ई=अतियूनी-યુવાનને ટપી ગયેલી સ્ત્રી.

દ્વિ૦ બહુ૦-युवन्+अस्=(यु+उ+न्) यून्+अस्=यूनः+યુવાનોને

નારી૦-मघवन्+ई=(मघ+उ+न्)मघोन्+ई=मघोनी-ઇંદ્રાણી

દ્વિ૦ બહુ૦-मघवन्+अस्=(मघ+उ=न) मघोन्+अस्=मघोनः-ઇંદ્રોને.

श्वन्+अ(अण्)+स्=शौवनम्—કૂતરાપણું.

युवन्+अ(अण्)+स्=यौवनम्—જોબન.

मघवन्+अ (अण्)+स्=माघवनम्-ઇંદ્રપણું

આ ત્રણે પ્રયોગોમાં આદિમાં સ્વરવાળો તથા घुट् સિવાયનો પ્રત્યય તો છે પણ તે નારીજાતિનો ई નથી તથા કોઈ સ્યાદિ પ્રત્યય પણ નથી.

॥ २ । १ । १०६ ॥

## लुगातोऽनापः ॥२।१।१०७॥

નારીજાતિનો સૂચક ई પ્રત્યય અને घुट् પ્રત્યયો સિવાયના આદિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગેલા હોય ત્યારે નારીજાતિના સૂચક આપ્ પ્રત્યય સિવાયના આ નો લોપ થાય છે.

દ્વિ૦ બહુ૦—कीलालपा+अस्=कीलालप्+अस=कीलालपः—લોહી પીનારાઓને

ચ૦ એ૦ વ૦—हाहा+ए (ङे)=हाह्+ए=हाहे देहि—હાહા નામના ગંધર્વને આપ.

દ્વિ૦ બહુ૦—शाला+अस्=शालाः—શાળાઓને.

शाला શબ્દમાં નારીજાતિસૂચક आप् પ્રત્યયનો આ છે. માટે આ નિયમ ન લાગ્યો. ॥ २ । १ १०७ ॥

## अनोऽस्य ॥ २ । १ । १०८ ॥

નારી જાતિનો સૂચક ई પ્રત્યય અને ઘુટ્ પ્રત્યયો સિવાયના આદિમાં સ્વરવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે अन્ના अ નો લોપ કરવો.

राजन्+ई=राज्+न्+ई=राज्+ञ्+ई=राज्ञी—રાણી.

राजन्+अस्=राज्+न्+अस्=राज्+ञ्+अस्=राज्ञः—રાજાઓને.

॥ २ । १ । १०८ ॥

## ई-ङौ वा ॥ २ ।१ । १०९ ॥

अन् પછી દીર્ઘ ईકાર આવેલો હોય અથવા સપ્તમીના એકવચનનો इ (ङि) પ્રત્યય આવેલો હોય તો अन् ના अ નો વિકલ્પે લોપ કરવો.

પ્ર૦દ્વિ૦વ૦ } —सामन्+ई=साम्नी અથવા सामनी— બે સામગાનો
દ્વિ૦દ્વિ૦વ૦ } અથવા બે સામગાનોને

સપ્તમી એ૦ વ૦—राजन्+इ(ङि)=राज्+न्+इ+राज्+ञ्+इ=राज्ञि અથવા राजनि—રાજામાં ॥ २ । १ १०९ ॥

## षादि-हन्-धृतराज्ञोऽणि ॥ २ । १ । ११० ॥

षકાર આદિમાં હોય એવા अन्વાળા શબ્દો એટલે षन्વાળા શબ્દોને अण् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેમના अनના अ નો લોપ થાય છે તથા हन् અને धृतराजन् શબ્દોને अण् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેમના अन् ના अ નો લોપ થાય છે.

अन्—

उक्षन्+अ (अण्)+स्=औक्षन्+अ+स्=(औक्ष्+न्) औक्ष्+ण्+अ+स्=औक्षणः બળદ સંબંધી.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

तक्षन्+अ (अण्)+स्=ताक्षन्+अ+स्=(ताक्ष्+न्) ताक्ष्+ण्+अ+स्=ताक्ष्णः- સુથાર સંબંધી.

भ्रूणहन्+अ (अण्)+स्=भ्रौणहन्+अ+स्=भ्रौणह्+न्+अ+स्=भ्रौणघ्नः-ગર્ભની હત્યા કરનારા સંબંધી

घृतराजन्+अ (अण्)+स्=धार्तराजन्+अ+स्=धार्तराज्+न्+स्=धार्तराज्+ञ्+अ+स्=धार्तराज्ञः-ધૃતરાજનો પુત્ર. ॥ २ । १ । ११० ॥

## न व-मन्तसंयोगात् ॥ २ । १ । १११ ॥

જે શબ્દને છેડે સંયુક્ત व હોય કે સંયુક્ત म હોય તો તેના अन् ના अનો લોપ ન કરવો.

पर्वन्+आ=पर्वणा -પર્વ વડે.

પ્ર૦ તથા દ્વિ૦ દ્વિવ૦-कर्मन्+ई=कर्मणी-બે કર્મો

આ બન્ને પ્રયોગોમાં पर्वन्માં व અને कर्मन्માં म સંયુક્ત અક્ષર છે તેથી તેના अन्ના अનો લોપ ન થયો. ॥ २ १ । १११ ॥

## हनो ह्नो घ्नः ॥२ । १ । ११२ ॥

જ્યારે हन् નો ह्न् થાય ત્યારે તેનો घ्न् કરી દેવો.

નારી૦-भ्रूणहन्+ई+स्=भ्रूणह्न्-भ्रूणघ्न्+ई+स्+भ्रूणघ्नी-ગર્ભની હત્યા કરનારી.

हन्+अन्ति=ह्न्-घ्न्+अन्ति=घ्नन्ति-તેઓ હણે છે.

वृत्रहन्+औ=वृत्रहणौ-વૃત્રને મારનારા બે જણ.—આ પ્રયોગમાં हन् નો ह्न् થયો નથી તેથી घ्न ન બોલાય. ॥ २ । १ । ११२ ॥

## लुगस्यादेत्यपदे ॥ २ । १ । ११३ ॥

અપદે એટલે પદનો આદિરૂપ અવયવ ન હોય અર્થાત્ પદની અંદરના ભાગમાં આવેલો હોય એવો अ કાર અને ए કાર પર હોય તો તેની લગોલગ પૂર્વમાં આવેલા अ નો લોપ કરવો.

तद्+स्=त+अ+स्=त+स्=स+स्=सः-તે.

पच्+अ+अन्ति=पच्+अन्ति =पचन्ति-તેઓ રાંધે છે.

पच्+अ+ए-पच्+ए=पचे-હું રાંધું છું.

दण्ड+अग्रम्-આ પ્રયોગમાં अग्रम् નો अ પદનો આદિભૂત અવયવ છે તેથી दण्डग्रम् ન થાય પણ दण्डाग्रम् થાય.-दण्डाग्रम्—દંડનો અગ્રભાગ.
॥ २ । १ । ११३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## डित्यन्त्यस्वरादेः ॥ २ । १ । ११४ ॥

શબ્દને છેડે આવેલા સ્વરનો તથા શબ્દને છેડે આવેલા સ્વરની પૂર્વના—આદિના—ભાગનો સ્વરસહિત લોપ કરી નાખવો જો તે શબ્દ પછી ड નિશાનવાળો પ્રત્યય આવ્યો હોય તો.

સ૦ એ૦—

मुनि+इ(ङि)=मुनि+डौ=मुन्+औ=मुनौ-મુનિમાં (જુઓ, ૧।૪।૨૫।)

साधु+इ(ङि)=साधु+डौ=साध्+औ=साधौ-સાધુમાં (જુઓ, ૧।૪।૨૫।)

पितृ+अस् (ङस्)=पितृ+डुस्=पित्+उस्=पितुः-પિતાનું

(જુઓ, ૧।૪।૩૭।)

महत्+डा+करः=महत्+आ+करः=मह्+आ+करः-महाकरः —(જુઓ ૩।૨।૬૮।। મોટાનો હાથ. ।।૨।૧।૧૧૪।।

## अवर्णादश्नोऽन्तो वाऽतुरीङ्योः ॥ २ । १ । ११५ ॥

श्ना પ્રત્યય સિવાયના બીજા अ વર્ણવાળા શબ્દ પછી આવેલા अत् (शतृ) પ્રત્યયને બદલે अन्त् શબ્દનો પ્રયોગ વિકલ્પે કરવો. જો તેને ई પ્રત્યય (નપુંસક લિંગમાં વપરાતો દ્વિવચનનો ई પ્રત્યય તથા નારીજાતિનો સૂચક ई પ્રત્યય) લાગેલો હોય તો.

तुद्+अ+अत्+ई=तुदन्त्+ई=तुदन्ती અથવા तुदती कुले स्त्री वा—પીડા કરતાં બે કુળ અથવા પીડા કરતી સ્ત્રી

भा+अत्+ई=भान्ती અથવા भाती—શોભતાં બે કુળ અથવા શોભતી સ્ત્રી.

આ બન્ને પ્રયોગોમાં દ્વિવચનનો સૂચક તથા નારી જાતિનો સૂચક ई છે.

अद्=अत्+ई=अदती—ખાતી. આ પ્રયોગમાં 'अत् પ્રત્યય અવર્ણ પછી આવેલ નથી પણ द् પછી આવેલ છે. તેથી अदन्ती રૂપ ન થાય.

लू+ना (श्ना)+अत्+ई=लुनती—કાપ—આ પ્રયોગમાં श्ना નો अ વર્ણ છે તેથી लुनन्ती રૂપ ન થાય. ।।૨।૧।૧૧૫।।

## श्य-शवः ॥ २ । १ । ११६ ॥

ચોથા ગણનો સૂચક य (श्य) પ્રત્યય અને પહેલા ગણનો સૂચક अ (शव) પ્રત્યય એ બન્ને પ્રત્યયો પછી આવેલા अत् પ્રત્યયને બદલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्त् બોલવો, જો તેના પછી તરત જ ઉપરના સૂત્રમાં જણાવેલા બન્ને જાતના દીર્ઘ ई લાગેલા હોય તો.

દ્વિવચનનો સૂચક તથા નારી જાતિનો સૂચક ई–

श्य–दिव्–य+अत+ई=दीव्यन्ती–ક્રીડા કરતાં બે કુળો અથવા ક્રીડા કરતી સ્ત્રી.

शत्र्–पच्+अ+अत्+ई=पचन्ती—રાંધતાં બે કુળો અથવા રાંધની સ્ત્રી ॥ ૨ । ૧ । ૧૧૬ ॥

## दिवः औः सौ ॥ २ । १ । ११७ ॥

પ્રથમાના એકવચનનો स् પ્રત્યય લાગેલો હોય ત્યારે दिव्‌ના व् નો औ કરવો.

दिव्+स्=दि+औ+स्=द्यौः–સ્વર્ગ અથવા આકાશ ॥ ૨ । ૧ । ૧૧૭ ॥

## उः पदान्तेऽनूत् ॥ २ । १ । ११८ ॥

दिव् શબ્દના પદને છેડે આવેલા व् નો उ કરવો અને તે उ સદા હ્રસ્વ રાખવો, દીર્ઘ ન કરવો.

दिव्+भ्याम्=दि+उ+भ्याम्–द्युभ्याम्–બે સ્વર્ગ અથવા આકાશ વડે, બે સ્વર્ગ અથવા આકાશ માટે અથવા બે સ્વર્ગથી અથવા આકાશથી.

दिव्+सु=दि+उ+सु=द्युषु–સ્વર્ગોમાં કે આકાશોમાં

दिव्+इ=दिवि–સ્વર્ગમાં કે આકાશમાં. આ પ્રયોગમાં दिव् શબ્દનો व પદને છેડે નથી પણ इ પદને છેડે છે.

न द्यौः अद्यौः, अद्यौः द्यौः भवति इति द्युभवति–સ્વર્ગ ન હોય તે સ્વર્ગ થાય અથવા આકાશ ન હોય તે આકાશ થાય–આ પ્રયોગમાં दिव् +स्+भवति એવી સ્થિતિ હોવાથી व् નો उ તો થઈ ગયો પણ च्वि પ્રત્યય ને લીધે તેનો ॥ ૪ । ૩ । ૧૦૮ ॥ નિયમથી દીર્ઘ ન થયો એટલે द्यूभवति એમ ન થયું. ॥ ૨ । ૧ । ૧૧૮ ॥

પહેલા અધ્યાયના ચોથા પાદમાં અને બીજા અધ્યાયના પહેલા પાદમાં તમામ જાતનાં નામોનાં રૂપોની સંપૂર્ણ સાધનિકા આવી જાય છે.

**આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના બીજા અધ્યાયના નામપ્રકરણની ગુજરાતીવૃત્તિ તથા વિવેચનનો પ્રથમ પાદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# द्वितीय अध्याय
## ( દ્વિતીય પાદ )

હવે પછીના આ બીજા પાદમાં નામને લગતી વિભક્તિઓ કયે કયે સ્થળે વાપરવી તે બતાવનારું 'કારક પ્રકરણ' આવે છે. કારક ૭ છે. ૧ કર્તા, ૨ કર્મ, ૩ કરણ, ૪ સંપ્રદાન, ૫ અપાદાન અને ૬ અધિકરણ. આ કારકોમાં કઈ કઈ વિભક્તિઓનો ઉપયોગ કરવો તેના સામાન્ય નિયમો તેમ જ વિશેષ નિયમો આ પાદમાં આપેલા છે.

શરૂઆતના પ્રથમ સૂત્રમાં કારકની વ્યાખ્યા છે અને પછી કર્તા વગેરે કારકોની વ્યાખ્યા આપી છે.

## क्रियाहेतुः कारकम् ॥ २ । २ । १॥

કારકલક્ષણ

આ સૂત્રનો અર્થ કરતી વખતે क्रियाहेतुः कारकं कारकम् એવો પાઠ સમજવાનો છે. 'ક્રિયા' શબ્દનો અર્થ પ્રસિદ્ધ છે. ક્રિયા એટલે પ્રવૃત્તિમાત્ર. પ્રવૃત્તિમાત્રમાં–ક્રિયામાં-ભાગ લેવા સાથે સક્રિય રીતે જે કોઈ કર્તા, કર્મ વગેરે હોય તેનું નામ 'કારક' છે. 'કારક' શબ્દનો અર્થ 'ક્રિયા કરનાર' એટલે ક્રિયામાં જે કોઈ સાધન હોય તે ક્રિયામાં ભાગ લેનાર હોવો જ જોઈએ એટલે કોઈ ને કોઈ રીતે ક્રિયા કરનાર હોવો જોઈએ; એવો આશય क्रियाहेतुः कारकं कारकम् પાઠનો છે. માટે જે હેતુ વગેરે ક્રિયામાં ભાગ લેનારા ન હોય પણ માત્ર નિમિત્તરૂપે હોય–ક્રિયા રહિત હોય–તેને કારક ન સમજવા. ॥ ૨ । ૨ । ૧ ॥

## स्वतन्त्रः कर्ता ॥ २ । २ । २ ।

કર્તાનું લક્ષણ

ક્રિયાની સિદ્ધિમાં પોતે પ્રધાન હોય તેનું નામ કર્તા છે. ક્રિયાની સિદ્ધિ એટલે શરૂ કરેલી ગમે તે પ્રવૃત્તિના આદિ ભાગથી અંત ભાગ સુધી ક્રિયાની નિષ્પત્તિ. આવી નિષ્પત્તિમાં જે સાધકરૂપ હોય અને ક્રિયા કરનાર તરીકે પોતે પ્રધાન હોય તેને 'કર્તા' કારક કહેવું.

मैत्रेण कृतः—મૈત્રે ( ઘડો ) કર્યો. અહીં ઘડો કરવાની ક્રિયામાં મૈત્ર નામનો માણસ હેતુરૂપ તો છે પણ ઘટ કરવાની ક્રિયામાં એ પોતે સ્વતંત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એટલે કોઇને આધીન નથી. ક્રિયા કેમ ચલાવવી, તેમાં કેમ ફેરફાર કરવો તે બધું કર્તાને આધીન છે માટે એને સ્વતંત્ર માનવામાં આવે છે. તેથી જ એને કર્તા કહેવામાં આવે છે. કર્તામાં ત્રીજી વિભક્તિ આવે છે. માટે મૈત્રને ત્રીજી વિભક્તિ લાગેલી છે. ॥ ૨। ૨। ૨॥

## कर्तुः व्याप्यं कर्म ॥ २ । २ । ३ ॥

કર્મ નું લક્ષણ—

પૂર્વે જણાવેલો કર્તા પોતાની ક્રિયા વડે જે વસ્તુને વિશેષ રીતે મેળવવા ઇચ્છે તે 'વ્યાપ્ય' કહેવાય અને તેને કર્મ નામથી ઓળખવામાં આવે છે. તે કર્મ ત્રણ પ્રકારનું છે. ૧ નિર્વર્ત્ય–ક્રિયા વડે પેદા કરવા યોગ્ય. ૨ વિકાર્ય–ક્રિયા વડે વિકાર પામવા યોગ્ય અને ૩ ક્રિયા વડે માત્ર પામવા યોગ્ય.

૧ નિર્વર્ત્ય—कटं करोति–છૂટી છૂટી ઘાસની સળીઓમાંથી કર્તા સાદડી બનાવે છે એટલે આ કર્મ ક્રિયા વડે પેદા કરવા યોગ્ય છે, કેમકે આમાં ઘાસની સળીઓ નું રૂપાંતર થાય છે.

૨ વિકાર્ય–काष्ठं दहति–લાકડાને બાળે છે. આમાં લાકડું સિદ્ધ છે પણ કર્તા ક્રિયા વડે તેમાં વિકાર પેદા કરે છે એટલે દાહ–બાળવાની–ક્રિયા વડે લાકડું રાખરૂપે થઈ જાય છે. રાખ એ લાકડાનો વિકાર છે.

૩ પ્રાપ્ય–ग्रामं याति–ગામ જાય છે. આમાં ગ્રામ સિદ્ધ છે. કર્તા પોતાની ગતિરૂપ ક્રિયા વડે ગામમાં કોઈ ફેરફાર કરતો નથી. માત્ર તે એને પામે છે– પહોંચે છે.

કર્મમાં બીજી વિભક્તિ થાય છે માટે અહીં कट, काष्ठ, અને ग्राम બધાં બીજી વિભક્તિમાં આવેલાં છે.

કર્મના ત્રણ ભેદ ઉપર બતાવેલ છે–૧ નિર્વર્ત્ય ૨ વિકાર્ય ૩ પ્રાપ્ય. તેના સ્પષ્ટ અર્થો આ પ્રમાણે છે—

૧ વસ્તુનું જે રૂપ પ્રથમ ન હોય તે રૂપ પછીથી થાય તે નિર્વર્ત્ય કર્મ–

कटं करोति—અહીં કટ નિવર્ત્ય. કર્મ છે. કેમકે પહેલાં માત્ર ઘાસની સળીઓ હતી, પછીથી કટ થયો.

૨ જે વસ્તુ બીજા જ રૂપાંતરને–વિકારને–પામે તે વિકાર્ય કર્મ. काष्ठं दहति—લાકડાને બાળે છે. અહીં દહનક્રિયા દ્વારા લાકડાનું રાખરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણમન થાય છે અર્થાત્ લાકડું બીજા રૂપાંતરને પામે છે.

૩ જે વસ્તુ માત્ર પમાય તે આપ્ય કર્મ. ग्रामं गच्छति અહીં ગામ માત્ર પામવા યોગ્ય છે.

વળી, કર્મના બીજા પણ ત્રણ પ્રકાર છે—૧ ઇષ્ટ ૨ અનિષ્ટ ૩ આ બન્ને જાતનું નહીં એવું એટલે ઇષ્ટ પણ નહીં અને અનિષ્ટ પણ નહીં એવું.

કટ વગેરે ઇષ્ટ કર્મ છે. સાપ વગેરે અનિષ્ટ કર્મ છે. અને ગામ જતાં 'ઝાડની છાયાનું ઉલ્લંઘન' વગેરે ઇષ્ટ નથી તેમ અનિષ્ટ પણ નથી.

વળી, કર્મ બે પ્રકારનું છે–પ્રધાન–મુખ્ય–કર્મ અને ગૌણ કર્મ. ક્રિયા સાથે જેનો સાક્ષાત્ સંબંધ હોય તે મુખ્ય કર્મ અને જેનો સંબંધ સાક્ષાત્ ન હોય તે ગૌણ કર્મ. કેટલાક ધાતુઓ બે કર્મવાળા હોય છે, તેમાં આવો ભેદ દેખાય છે. ॥ ૨ । ૨ । ૩ ॥

## वाऽकर्मणामणिक्कर्ता णौ ॥ २ । २ । ४ ॥

મૂળસૂત્રમાં अकर्मणाम् પદ વડે અકર્મક ધાતુઓનો નિર્દેશ છે. એ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે—અકર્મ એટલે કર્મ વિનાના—અકર્મક ધાતુઓ. અકર્મક ધાતુઓ બે પ્રકારના છે. જે ધાતુઓને કર્મ જ હોતું નથી તે ધાતુઓ અકર્મક ગણાય. જેમકે, ઊંઘવું, રડવું વગેરે. બીજા એવા ધાતુઓ છે જેમને કર્મ તો હોય છે પણ વક્તા જે ધાતુઓનો પ્રયોગ કરતી વખતે તેમના કર્મનો પ્રયોગ નથી કરતો અર્થાત્ કર્મને બોલવાની ઇચ્છા નથી રાખતો તેવા ધાતુઓ પણ અકર્મક એટલે અવિવક્ષિતકર્મક ગણાય છે.

પ્રસ્તુત સૂત્રમાં અકર્મક પદ વડે આ બન્ને જાતના અકર્મક ધાતુઓનું ગ્રહણ કરવાનું છે.

વળી, સૂત્રમાં अणिक्कर्ता પદ છે તેની સમજુતી આ પ્રમાણે છે—ક્રિયાપદની બે જાત છે. એક તો સાદું ક્રિયાપદ—જેમકે— पचति करोति, निद्राति વગેરે. पचति એટલે રાંધે છે. करोति એટલે કરે છે. निद्राति એટલે ઊંઘે છે. આ બધાં સાદાં ક્રિયાપદો છે. હવે આ સાદાં ક્રિયાપદોનું પ્રેરકરૂપ કરવું હોય ત્યારે पचति નું पाचयति, પાચયતિ એટલે રંધાવે છે. करोतिનું कारयति, કારયતિ એટલે કરાવે છે. निद्राति નું निद्रापयति, નિદ્રાપયતિ એટલે ઊંઘાડે છે, સાદાં ક્રિયાપદો અને તેમની સાથે જણાવેલાં પ્રેરક ક્રિયાપદોનો આ ભેદ છે. સંસ્કૃત ભાષામાં મૂળ સાદા ક્રિયાપદને णिक् પ્રત્યય લગાડવામાં આવે છે ત્યારે તે સાદું ક્રિયાપદ પ્રેરક ક્રિયાપદ બને છે, णिक् પ્રત્યય પ્રેરણા અર્થને સૂચવે છે.

જે સાદા ક્રિયાપદને णिक् પ્રત્યય નથી લાગ્યો તેને अणिक् ક્રિયાપદ કહેવાય અને તેનો જે કર્તા હોય તેને अणिक्कर्ता કહેવાય તથા જે સાદા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાપદને णिक् પ્રત્યય લાગેલો હોય તે ક્રિયાપદ णिक् સહિત ગણાય અને તેનો જે કર્તા હોય તે णिक्कर्ता કહેવાય.

પ્રસ્તુત સૂત્ર એમ જણાવે છે કે અકર્મક ધાતુઓનો જે अणिक्कर्ता હોય તેને વિકલ્પે કર્મરૂપે સમજવો જો તે અકર્મક ધાતુઓને णिक् પ્રત્યય લાગેલો હોય એટલે અકર્મક ધાતુઓનું પ્રેરકરૂપ થયું હોય.

ઉદાહરણ—

पचति चैत्रः–ચૈત્ર રાંધે છે. અહીં पचति પ્રયોગ સાદો છે–णिक् પ્રત્યય વિનાનો છે એથી તેનો કર્તા ચૈત્ર अणिक्कर्ता કહેવાય, હવે આ पचति નું જ પ્રેરક રૂપ पाचयति કરીયે ત્યારે જે अणिक्कर्ता ચૈત્ર છે તેને વિકલ્પે કર્મરૂપે સમજવાનું વિધાન આ સૂત્ર કરે છે તેથી पाचयति चैत्रम् એમ પ્રયોગ થશે–अणिक्कर्ता ચૈત્ર કર્મરૂપ બનવાથી તેને બીજી વિભક્તિ લાગેલ છે. હવે જ્યારે ચૈત્રને કર્મરૂપ ન ગણીએ ત્યારે તે જેવો पचतिनो કર્તા છે તેવો જ કર્તા ગણાય એટલે पाचयति चैत्रेण એવો પ્રયોગ પણ થાય, આ પ્રયોગમાં ચૈત્ર કર્તા હોવાથી તેને તૃતીયા વિભક્તિ લાગેલ છે. આમ पाचयति चैत्रम् અથવા चैत्रेण એવો પ્રયોગ બને અર્થાત્ ચૈત્ર રાંધે છે. અને તેની પાસે બીજો કોઈ રંધાવે છે એવો અર્થ આ પ્રયોગ બતાવે છે.

જો કે पच् ધાતુ સકર્મક છે પણ આ પ્રયોગમાં તેના કર્મને સ્પષ્ટ શબ્દ વડે જણાવેલ નથી તેથી અહીં पच् ધાતુ અકર્મક છે–અવિવક્ષિત–કર્મક છે.

બીજું તદ્દન અકર્મક ધાતુનું ઉદાહરણ—

चैत्रः निद्राति–ચૈત્ર ઊંઘે છે. આ સાદા પ્રયોગનું પ્રેરકરૂપ चैत्रं निद्रापयति –ચૈત્રને ઊંઘાડે છે. આ વાક્યમાં निद्राति ક્રિયાપદ તદ્દન અકર્મક છે અને अणिक् છે તેથી તેનો કર્તા ચૈત્ર अणिक्कर्ता હોવાથી આ નિયમ વડે જ્યારે તે કર્મરૂપ થયો ત્યારે चैत्रं निद्रापयति એવો પ્રયોગ થયો અને જ્યારે તે કર્તા કર્મરૂપ ન થયો ત્યારે चैत्रेण निद्रापयति–ચૈત્ર વડે ઊંઘ લેવરાવે છે–એવો પ્રયોગ થયો. મૂળ ક્રિયાપદની અપેક્ષાએ ચૈત્ર કર્તા છે અને તે જ કર્તા પ્રેરક ક્રિયાપદની અપેક્ષાએ કર્મ પણ છે, આમ હોવાથી કર્તા જ્યારે કર્મરૂપે હોય ત્યારે બીજી વિભક્તિ આવે છે અને જ્યારે કર્તારૂપે હોય ત્યારે ત્રીજી વિભક્તિ આવે છે.

આ રીતે તમામ પ્રેરક પ્રયોગવાળા બન્ને પ્રકારના અકર્મક ધાતુઓ સંબંધે સમજવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષામાં પણ પ્રેરણાવાળો પ્રયોગ હોય ત્યારે મૂળ કર્તા કર્મરૂપે હોય છે અને કર્તારૂપે પણ હોય છે. જેમકે, સાદો પ્રયોગ–ચૈત્ર રાંધે છે, પ્રેરક પ્રયોગ–મૈત્ર ચૈત્રને રંધાવે છે અથવા મૈત્ર ચૈત્ર વડે રંધાવે છે. ॥ ૨ । ૨ । ૪ ॥

## गति-बोधा-ऽऽहारार्थ-शब्दकर्म-नित्याकर्मणामनी-खाद्यदि-ह्वा–शब्दाय–क्रन्दाम् ॥ २ । २ । ५ ।

૧ ગતિ અર્થવાળા, ૨ બોધ અર્થવાળા, ૩ આહાર અર્થવાળા, ૪ જેમનો બોલવું અર્થ હોય અથવા જેમનું કર્મ 'શબ્દરૂપ–ગ્રંથરૂપ કે વચનરૂપ હોય તે શબ્દકર્મ ધાતુઓ તથા ૫ જે ધાતુ નિત્ય અકર્મક હોય તે ધાતુઓ–આ પાંચે પ્રકારના ધાતુઓના अणिकर्ता ને જ્યારે એ ધાતુઓ પ્રેરકઅવસ્થાના પ્રયોગમાં હોય ત્યારે कर्म રૂપે સમજવો. આ નિયમ नी, खादि, अदि, ह्वा, शब्दाय અને क्रन्द ધાતુઓને ન લાગે. नी ધાતુ ગતિ અર્થવાળો, खाद् અને अद् ધાતુ આહાર અર્થવાળા, ह्वा शब्दाय અને क्रन्द् ધાતુઓ શબ્દકર્મ છે.

ગતિ અર્થ–चैत्रः ग्रामं गच्छति (–ચૈત્ર ગામ જાય છે.) मैत्रः चैत्रं ग्रामं गमयति ( મૈત્ર ચૈત્રને ગામ લઈ જાય છે.)

બોધ અર્થ–शिष्यः धर्मं बोधति (–શિષ્ય ધર્મને જાણે છે.) गुरुः शिष्यं धर्मं बोधयति (–શિષ્યને ગુરુ ધર્મને જણાવે છે.)

આહાર અર્થ–बटुः ओदनं भुङ्क्ते (–બાળક ભાત ખાય છે.) माता बटुं ओदनं भोजयति (–મા બાળકને ચોખા ખવરાવે છે.)

શબ્દકર્મ–બોલવું અર્થ–मैत्रः द्रव्यं जल्पति (–મૈત્ર દ્રવ્ય એવો શબ્દ બોલે છે.) चैत्रः मैत्रं द्रव्यं जल्पयति (–ચૈત્ર મૈત્રને 'દ્રવ્ય' શબ્દ બોલાવે છે.)

શબ્દરૂપ કર્મ—बटुः वेदम् अधीते (–બાળક વેદ ભણે છે.) पिता बटुं वेदम् अध्यापयति (–પિતા બાળકને વેદ ભણાવે છે.)

નિત્ય અકર્મક—मैत्रः शेते (–મૈત્ર સૂએ છે.) चैत्रः मैत्रं शाययति (–ચૈત્ર મૈત્રને સુવાડે છે.

पाचयति ओदनं चैत्रेण मैत्रः–મૈત્ર ચૈત્ર વડે ભાત રંધાવે છે. આ પ્રયોગમાં पच् ધાતુ 'રાંધવા' અર્થનો છે પણ સૂત્રમાં જણાવેલા गत्यर्थ વગેરે પાંચ પ્રકારના ધાતુઓમાંનો નથી. તેથી चैत्र कर्म રૂપ ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१ नाययति भारं चैत्रेण मैत्रः—મૈત્ર ચૈત્રવડે ભાર ઉપડાવે છે.

२ खादयति अपूपं मैत्रेण चैत्रः–ચૈત્ર મૈત્રને પુડલો ખવરાવે છે.

३ आदयति ओदनं सुतेन माता–માતા પુત્રને ભાત ખવડાવે છે.

४ ह्वाययति चैत्रं मैत्रेण देवदत्तः–દેવદત્ત મૈત્ર વડે ચૈત્રને બોલાવે છે.

५ शब्दाययति बटुं मैत्रेण देवदत्तः–દેવદત્ત મૈત્ર વડે બટુને બોલાવે છે.

६ क्रन्दयति मैत्रं चैत्रेण देवदत्तः–દેવદત્ત ચૈત્ર વડે મૈત્રને રોવરાવે છે.

આ છયે પ્રયોગોમાં સૂત્રમાં વર્જેલા ધાતુઓ છે તેથી अणिकर्ता ચૈત્ર, મૈત્ર, સુત વગેરે કર્તા જ રહ્યા, કર્મ ન થયા. ॥ ૨ । ૨ । ૫ ॥

## भक्षेः हिंसायाम् ॥ २ । २ । ६ ।

હિંસા સાથે જ સંબંધ ધરાવતા भक्ष् ધાતુના अणिकर्ता ને પ્રેરક પ્રયોગમાં કર્મ સમજવો.

बलीवर्दाः सस्यं भक्षयन्ति– બળદો તાજું લીલું ઘાસ ખાય છે.

मैत्रः बलीवर्दान सस्यं भक्षयति–મૈત્ર બળદોને તાજું લીલું ઘાસ ખવડાવે છે—તાજું લીલું ઘાસ ચૈતન્યવાળું છે તેથી તેને ખાવામાં પ્રાણનો વધ થતો હોવાથી હિંસા થાય છે માટે અહીં भक्ष ધાતુનો સંબંધ 'હિંસા' અર્થ સાથે છે.

शिशुः पिण्डीं भक्षयति–બાળક પેંડો ખાય છે.

पिता शिशुना पिण्डीं भक्षयति–પિતા બાળકને પેંડો ખવડાવે છે—અહીં પેંડાની અવસ્થામાં પેંડો ચૈતન્ય વગરનો છે તેથી भक्ष् ધાતુનો 'હિંસા' અર્થ સાથે સંબંધ નથી. તેથી अणिक्कर्ता शिशु કર્મરૂપ ન થયો. ॥ ૨ । ૨ । ૬ ॥

## वहेः प्रवेयः ॥ २ । २ । ७ ॥

वह् ધાતુનો પ્રવેય (જેને નિત્ય પ્રેરણા કરવી પડે તે) રૂપ એટલે પશુ-રૂપ अणिक्कर्ता, वह् ધાતુનો પ્રેરક પ્રયોગ થાય ત્યારે કર્મ થઈ જાય છે.

बलीवर्दाः भारं वहन्ति–બળદો ભાર વહે છે.

मैत्रः बलीवर्दान् भारं वाहयति– મૈત્ર બળદોને (બળદો વડે) ભાર વહેવડાવે છે.

અહીં बलीवर्द– બળદ–એ પ્રવેય અણિક્કર્તા છે.

मैत्रः भारं वहति–મૈત્ર ભારને વહે છે. चैत्रः मैत्रेण भारं वाहयति–ચૈત્ર મૈત્રવડે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાર વહેવડાવે છે.—આ પ્રયોગમાં અણિકર્તા મનુષ્ય હોવાથી પ્રવેય કર્તા નથી. ॥ ૨ । ૨ । ૭ ॥

### हृ-क्रोः नवा ॥ २ । २ । ८ ॥

हृ ધાતુ અને कृ ( डुकृंग् करणे ) ધાતુનો જે अणिकर्ता હોય તે તેમના પ્રેરક પ્રયોગમાં વિકલ્પે કર્મ થાય છે.

हृ ધાતુ—गुरुः देशं विहरति—ગુરુ દેશમાં વિહરે છે.

संघः गुरुं गुरुणा वा देशं विहारयति—સંઘ ગુરુને કે ગુરુવડે દેશમાં વિહાર કરાવે છે. આ પ્રયોગમાં वि સાથેનો हृ ધાતુ 'ગતિ'અર્થવાળો છે.

हृ ધાતુ—बालः ओदनम् आहरति— બાળક ભાત ખાય છે.

माता बालं बालेन वा ओदनम् आहारयति—માતા બાળકને અથવા બાળક વડે ભાત ખવડાવે છે. આ પ્રયોગમાં आ સાથેનો हृ ધાતુ 'ભોજન' અર્થવાળો છે.

कृ ધાતુ—चैत्रः कटं करोति—ચૈત્ર કટ કરે છે.

कारयति कटं चैत्रं चैत्रेण वा मैत्रः—મૈત્ર ચૈત્રને કે ચૈત્રવડે કટ કરાવે છે. ॥ ૨ । ૨ । ૮ ॥

### दृश्यभिवदोरात्मने ॥ २ । २ । ९ ॥

दृश् ધાતુનો અને अभि સાથેના वद् ધાતુનો જે अणिकर्ता તે તેમના આત્મનેપદવાળા પ્રેરક પ્રયોગમાં વિકલ્પે કર્મ થાય છે.

दृश् ધાતુ—भृत्याः राजानं पश्यन्ति—નોકરો રાજાને જૂએ છે.

दर्शयते राजा भृत्यान् भृत्यैः वा—રાજા નોકરોને કે નોકરો વડે પોતાની જાતને દેખાડે છે.

अभि+वद् ધાતુ—शिष्यः गुरून् अभिवदति—શિષ્ય ગુરુઓને અભિવાદન કરે છે. अभिवादयते गुरुः शिष्यं शिष्येण वा—ગુરુ શિષ્યને કે શિષ્ય વડે અભિવાદન કરાવે છે.

रूपतर्कः रूपं पश्यति—રૂપતર્ક રૂપને એટલે રૂપાને અથવા નાણાંને—સિક્કાને—જુએ છે. રૂપતર્ક—રૂપ વિશે તર્ક કરનાર.

सुवर्णकारः रूपतर्कं रूपं दर्शयति—સોની રૂપતર્કને રૂપું બતાવે છે. આ પ્રયોગમાં दृश् ધાતુ પરસ્મૈપદી હોવાથી रूपतर्कम् કે रूपतर्केण એવો વૈકલ્પિક પ્રયોગ આ નિયમથી ન થાય પણ दृश् ધાતુ 'બોધ' અર્થનો છે તેથી ॥ ૨ । ૨ । ૫ ॥

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

સૂત્રના નિયમ વડે માત્ર रूपतर्कम् એવો બીજી વિભક્તિવાળો જ પ્રયોગ થાય. ॥ ૨ । ૨ । ૯ ॥

## नाथः ॥ २ । २ । १० ॥

આત્મનેપદના नाथ् ધાતુના કર્મને વિકલ્પે કર્મ સમજવું. જ્યારે કર્મ હોય ત્યારે બીજી વિભક્તિમાં આવે અને કર્મ ન હોય ત્યારે ષષ્ઠી વિભક્તિમાં આવે.

કર્મ– सर्पिर्नाथते–ઘીને માગે છે.

અકર્મ–सर्पिषो नाथते–ઘીને માગે છે.

पुत्रम् उपनाथति पाठाय–પાઠ માટે પુત્રને આશીર્વાદ આપે છે. અહીં नाथ् ધાતુ પરસ્મૈપદી છે તેથી पुत्रम्, पुत्रस्य એમ વિકલ્પે એ રૂપ ન થાય. ॥ ૨ । ૨ । ૧૦ ॥

## स्मृत्यर्थ–दयेशः ॥ २ । २ । ११ ॥

स्मृति અર્થવાળા ધાતુઓના અને दय તથા ईश ધાતુના કર્મને વિકલ્પે કર્મ સમજવું.

स्मृ ધાતુ–मातरं स्मरति–માતાને યાદ કરે છે.

मातुः स्मरति–માતાને યાદ કરે છે.

माता स्मर्यते—માતા યાદ કરાય છે.

मातुः स्मर्यते— „

स्मृत्यर्थक ध्या ધાતુ—मातरं ध्यायति–માતાનું ચિંતન કરે છે.

मातुः ध्यायति–માતાનું ચિંતન કરે છે.

दय् ધાતુ–सर्पिषः दयते–ઘી આપે છે.

सर्पिः वा दयते—ઘી આપે છે.

ईश् ધાતુ–लोकानाम् ईष्टे–લોકો ઉપર સ્વામિત્વ ધરાવે છે.

लोकान् ईष्टे—લોકો ઉપર સ્વામિત્વ ધરાવે છે. ॥ ૨।૨।૧૧॥

## कृगः प्रतियत्ने ॥ २ । २ । १२ ॥

प्रतियत्न–વારંવાર પ્રયત્ન કરવો–વિદ્યમાન પદાર્થમાં કોઈ ગુણ આવે એ માટે ફરી ફરીને પ્રયત્ન કરવો અથવા વિદ્યમાન પદાર્થમાંથી કોઈ દોષ દૂર કરવા સારુ ફરી ફરીને પ્રયત્ન કરવો.

પ્રતિયત્ન અર્થવાળા कृ ધાતુના 'કર્મ' ને વિકલ્પે 'કર્મ' સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एधोदकस्य एधोदकं वा उपस्कुरुते—લાકડામાં કોઈ વિશેષ ગુણ લાવવા માટે લાકડાને પાણીમાં વારંવાર ઝબોળ્યા કરે છે અથવા રાખી મુકે છે. ॥ ૨ । ૨ । ૧૨ ॥

## 'रुजा'अर्थस्याऽज्वरिसंतापेर्भावे कर्तरि ॥ २ । २ । १३ ॥

रुजा—પીડા. 'પીડા' નો કર્તા ભાવરૂપ હોય એટલે દૃશ્ય ન હોય એવા 'પીડા' અર્થના ધાતુના 'કર્મ' ને વિકલ્પે 'કર્મ' સમજવું. 'પીડા' અર્થના ज्वर તથા सन्ताप ધાતુને આ નિયમ ન લાગે.

चौरस्य चौरं वा रुजति रोगः—રોગ ચોરને પીડા કરે છે. આ પ્રયોગમાં પીડા કરનાર 'रोग' કર્તા આંખે દેખાય એવો નથી એટલે ભાવરૂપ કર્તા છે.
ज्वर—आयूनं ज्वरयति रोगः—ખુબખુબ ખાનારને રોગ પીડા કરે છે.
सन्ताप्—आयूनं संतापयति रोगः—ખુબખુબ ખાનારને રોગ પીડા કરે છે—સતાવે છે.

આ પ્રયોગમાં ज्वर् તથા संताप् ધાતુ વપરાયેલ છે તેથી आयूनस्य आयूनं वा એવો વૈકલ્પિક પ્રયોગ ન થાય પણ ફક્ત आयूनम् એવું એક રૂપ બને.
मैत्रं रुजति श्लेष्मा—કફ મૈત્રને પીડા કરે છે. અહીં કફ દેખાય એવો કર્તા હોવાથી ભાવરૂપ કર્તા નથી તેથી मैत्रं અને मैत्रस्य એમ બે રૂપ ન થાય. ॥ ૨ । ૨ । ૧૩ ॥

## जास–नाट–क्राथ–पिषः हिंसायाम् ॥ २ । २ । १४ ॥

હિંસા અર્થવાળા जास्, नाट्, क्राथ અને पिष् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું.

जास्—चौरस्य चौरं वा उज्जासयति—ચોરને બાંધે છે અથવા મારે છે.

नाट्—चौरस्य चौरं वा उन्नाटयति—ચોરને કનડે છે.

क्राथ्—चौरस्य चौरं वा उत्क्राथयति—ચોરને પીડા કરે છે.

पिष्—चौरस्य चौरं वा पिनष्टि—ચોરને પીલે છે.

चौरं बन्धनाद् उज्जासयति—ચોરને બંધનથી છોડે છે—આ પ્રયોગમાં जास् ધાતુ હિંસા અર્થવાળો નથી. ॥ ૨ । ૨ । ૧૪ ॥

## नि–प्रेभ्यः घ्नः ॥ २ । २ । १५ ॥

સમસ્ત–निप्र—પછી, વ્યસ્ત–नि પછી કે प्र–પછી, વિપર્યસ્ત–प्रणि–પછી આવેલા હિંસા અર્થવાળા हन् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમસ્ત—चौरस्य चौरं वा निप्रहन्ति–ચોરને મારે છે.

વ્યસ્ત–चौरस्य चौरं वा निहन्ति— „ „

चौरस्य चौरं वा प्रहन्ति— „ „

વિપર્યસ્ત-चौरस्य चौरं वा प्रणिहन्ति- „ „

रागादीन् निहन्ति–રાગ આદિ શત્રુઓને હણે છે—આ પ્રયોગમાં हन् ધાતુ હિંસા અર્થવાળો નથી, તેથી रागादीनाम् તથા रागादीन् એમ બે રૂપ ન થાય ॥ ૨ । ૨ । ૧૫ ॥

## विनिमेय-द्यूतपणं पण-व्यवह्रोः ॥ २ । २ । १६ ॥

विनिमेय–વેચવાનો કે લેવાનો પદાર્થ. द्यूतपण–જુગારમાં જીતવાનું હોય તે.

पण ધાતુના અને वि-अव સાથે हृ ધાતુના વિનિમેયરૂપ કે દ્યૂતપણરૂપ વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું.

शतस्य शतं वा पणायति-સોની રકમનો ઉપયોગ ખરીદવામાં કે વેચવામાં કે જુગારમાં મુકેલી કોઈ ચીજને જિતવામાં કરે છે.

दशानां दश वा व्यवहरति–દશની રકમનો ઉપયોગ ખરીદવામાં કે વેચવામાં કે જુગારમાં મુકેલી કોઈ ચીજને જિતવામાં કરે છે.

साधून् पणायति–સાધુઓની સ્તુતિ કરે છે.—આ પ્રયોગમાં पण ધાતુનું કર્મ વિનિમેય નથી કે દ્યૂતપણ પણ નથી. તેથી साधूनाम् કે साधून् એવો પ્રયોગ ન થાય. ॥ ૨ । ૨ । ૧૬ ॥

## उपसर्गाद् दिवः ॥ २ । २ । १७ ॥

ઉપસર્ગ પછી આવેલા दिव् ધાતુના વિનિમેયરૂપ કે દ્યૂતપણરૂપ વ્યાપ્યને –કર્મને– વિકલ્પે કર્મ સમજવું

शतस्य शतं वा प्रदीव्यति–સોની રકમને ખરીદે છે, વેચે છે કે દ્યૂતમાં જિતે છે.

शतस्य दीव्यति -સોની રકમને વેચે છે, ખરીદે છે કે દ્યૂતમાં જિતે છે—અહીં दिव् ધાતુ ઉપસર્ગ વિનાનો છે તેથી शतस्य शतं वा ન થાય પણ નીચેના નિયમવડે એકલું शतस्य જ થાય. ॥ ૨ । ૨ । ૧૭ ॥

## न ॥ २ । २ । १८ ॥

ઉપસર્ગ વિનાના दिव् ધાતુના વિનિમેયરૂપ કે દ્યૂતપણરૂપ વ્યાપ્યને કર્મ ન સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शतस्य दीव्यति–સોને વેચે છે, ખરીદે છે કે દ્યૂતમાં જિતે છે–અહીં કર્મને લાગતી બીજી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૧૮ ॥

## करणं च ॥ २ । २ । १९ ॥

दिव् ધાતુના કરણને એકીસાથે કર્મ સમજવું અને કરણ પણ સમજવું; એટલે જ્યારે તે કરણરૂપ હોય ત્યારે કર્મરૂપ હોય અને જ્યારે કર્મરૂપ હોય ત્યારે કરણરૂપ પણ હોય.

अक्षान् दीव्यति–પાસા વડે રમે છે.–અહીં કર્મને બીજી વિભક્તિ છે.

अक्षैः दीव्यति–પાસા વડે રમે છે.–આ પ્રયોગમાં કરણને ત્રીજી વિભક્તિ છે. કરણમાં સદા તૃતીયા વિભક્તિ આવે છે.

चैत्रः अक्षैः दीव्यति–ચૈત્ર પાસા વડે રમે છે. मैत्रः चैत्रेण अक्षैः देवयते–મૈત્ર ચૈત્રને પાસા વડે રમાડે છે.—આ પ્રયોગમાં दिव् ધાતુના કરણરૂપ अक्ष ને કરણ સમજવાથી अक्षैः પ્રયોગ થયો અને કર્મરૂપ સમજવાથી ધાતુ સકર્મક ગણાયો તેથી । ૨ । ૨ । ૪ । સૂત્રનો નિયમ ન લાગ્યો. એમ થવાથી मैत्रः चैत्रम् अक्षैः देवयते પ્રયોગ ન થાય ॥ ૨ । ૨ । ૧૯ ॥

## अधेः शीङ्–स्था–ऽऽसः आधारः ॥ २ । २ । २० ॥

अधि ઉપસર્ગ સાથે સંબંધ ધરાવતા शीङ्, स्था તેમ જ आस् ધાતુના આધારને કર્મ સમજવું.

ग्रामे अधिशेते ને બદલે ग्रामम् अधिशेते જ થાય.

ग्रामे अधितिष्ठति ને બદલે ग्रामम् अधितिष्ठति જ થાય.

ग्रामे अध्यास्ते ને બદલે ग्रामम् अध्यास्ते જ થાય.

આ બધા પ્રયોગોમાં આધારરૂપ ग्राम કર્મ થવાથી બીજી વિભક્તિમાં આવે, પણ સપ્તમીમાં ન આવે એવું સૂચિન કરવા સારુ જ આ સૂત્રનું વિધાન છે.

આ પ્રયોગોમાં વપરાયેલાં अधिशेते, अधितिष्ठति અને अध्यास्ते એ ત્રણે ક્રિયાપદોનો 'રહે છે' એવો અર્થ સમજવો. ॥ ૨ । ૨ । ૨૦ ॥

## उपान्वध्याङ्वसः ॥ २ । २ । २१ ॥

उप સાથે, अनु સાથે, अधि સાથે તથા आङ् (आ) સાથે સંબંધ ધરાવનાર वस् ધાતુના આધારને કર્મ સમજવું એટલે આધારસૂચક નામને પણ દ્વિતીયા વિભક્તિ જ લાગે સપ્તમી ન લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रामम् उपवसति–ગામમાં રહે છે.

ग्रामम् अधिवसति— ,,

ग्रामम् अनुवसति– ,,

ग्रामम् आवसति– ,,

अनुवस् તથા आवस् ના સાહચર્યથી અહીં उपवस् ધાતુ 'રહેવા' અર્થનો જ સમજવો પણ ઉપવાસ અર્થવાળો ન સમજવો, એથી ग्रामे उपवसति—ગામમાં ઉપવાસ કરે છે–એ પ્રયોગમાં આ નિયમ ન લાગે તેથી ग्रामम् उपवसति એવો પ્રયોગ ન જ થાય. એ જ રીતે 'આચ્છાદન' અર્થના સૂચક वस् ધાતુને પણ અહીં ન લેવો. એથી ग्रामे उपवस्ते— ગામમાં ઢાંકે છે–પ્રયોગમાં પણ આ નિયમ ન લાગે. ॥ ૨ । ૨ । ૨૧ ॥

## वाऽभिनिविशः ॥ २ । २ । २२ ॥

अभि–नि એવા સંયુક્ત ઉપસર્ગ સાથેના विश् ધાતુના આધારને કર્મ વિકલ્પે સમજવું.

ग्रामम् अभिनिविशते-ગામમાં પ્રવેશ કરે છે.

कल्याणे अभिनिविशते–કલ્યાણમાં આગ્રહ રાખે છે.

અહીં બતાવેલો वा વિકલ્પ–સામાન્ય વિકલ્પ નથી પણ વ્યવસ્થિત વિકલ્પ છે એટલે અમુક પ્રકારના પ્રયોગોની વ્યવસ્થા બતાવનારો વિકલ્પ છે તેથી અમુક પ્રયોગમાં જ આ નિયમ લાગે અને અમુક પ્રયોગમાં જ આ નિયમ ન લાગે–એવો અહીં વિકલ્પનો અર્થ સમજવાનો છે. આમ છે માટે જ ग्रामम् अभिनिविशते અને ग्रामे अभिनिविशते તથા कल्याणम् अभिनिविशते અને कल्याणे अभिनिविशते–એવા પ્રયોગો ન થાય. ॥ ૨ । ૨ । ૨૨ ॥

## कालाध्व-भाव-देशं वाऽकर्म चाकर्मणाम् ॥ २ । २ । २३ ॥

અકર્મક ધાતુઓના કાળરૂપ, માર્ગરૂપ, ભાવરૂપ એટલે ક્રિયારૂપ અને દેશરૂપ આધારને એકી સાથે કર્મરૂપ અને અકર્મરૂપ વિકલ્પે સમજવા અર્થાત્ કાળ વગેરે આ ચારે જ્યારે કર્મરૂપ હોય ત્યારે આધારરૂપ પણ હોય અને જ્યારે એ ચારે આધારરૂપ હોય ત્યારે કર્મરૂપ પણ હોય એમ સમજવું.

કાલરૂપ આધાર–मासे आस्ते, मासम् आस्ते-મહિના સુધી બેસે છે.

અધ્વરૂપ આધાર–क्रोशे शेते, क्रोशं शेते–પ્રવાસ કરનારો ગાડામાં ગાઉ સુધી સૂએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવરૂપ આધાર–गोदोहे आस्ते, गोदोहम् आस्ते–ગાય ને દોવે ત્યાં સુધી બેસે છે.

દેશરૂપ આધાર–कुरुषु आस्ते, कुरून् आस्ते–કુરુદેશમાં રહે છે.

मासम् आस्यते–મહિના સુધી રહેવાય છે. આ પ્રયોગમાં માસ પોતે કર્મરૂપ હોવાથી मासम् એવો બીજી વિભક્તિવાળો પ્રયોગ થયો અને માસ અકર્મરૂપ પણ હોવાથી आस्यते એવો ભાવે પ્રયોગ પણ થયો. रात्रौ उद्देशः अधीतः–રાત્રિમાં ઉદ્દેશ ભણાયો.–આ પ્રયોગમાં કાળરૂપ આધાર તો છે પણ ધાતુ સકર્મક હોવાથી रात्रिम् उद्देशः अधीतः એવું રૂપ ન થાય.

ઉદ્દેશ એટલે શાસ્ત્રનો અમુક ભાગ. ॥ ૨ । ૨ । ૨૩ ॥

**૨ । ૨ । ૨ । માં કર્તા વિશેની ચર્ચા થઈ ગઇ અને । ૨ ।૨। ૩ । થી । ૨ । ૨ । ૨૩। સુધી કર્મની ચર્ચા થઈ ગઇ.**

**કરણલક્ષણ—**

## साधकतमं करणम् ॥ २ । २ । २४ ॥

ક્રિયા કરવામાં જે વધારેમાં વધારે સહાયક હોય તેને 'કરણ' સમજવું.

दानेन भोगान् आप्नोति–દાન વડે ભોગોને પામે છે. ભોગોને પામવાની ક્રિયામાં દાન મોટામાં મોટું ઉપકારક છે માટે તે 'કરણ' કહેવાય છે. કરણમાં ત્રીજી વિભક્તિ આવે છે. ॥ ૨ । ૨ । ૨૪ ॥

**સંપ્રદાનલક્ષણ—**

## कर्माभिप्रेयः संप्रदानम् ॥ २ । २ । २५ ॥

કર્તા કર્મ દ્વારા અથવા ક્રિયાદ્વારા જેને વિશેષરૂપે ઇચ્છે તેનું નામ 'સંપ્રદાન'.

देवाय बलिं दत्ते–દેવને બલિ આપે છે–આ પ્રયોગમાં કર્તા બલિરૂપ કર્મ વડે દેવને વિશેષ ઇચ્છે છે.

राज्ञे कार्यम् आचष्टे–રાજાને કાર્ય કહે છે–આ પ્રયોગમાં કાર્યને કહેનાર કર્તા કાર્યરૂપ કર્મ વડે રાજાને વિશેષરૂપે ઇચ્છે છે.

पत्ये शेते–પતિ માટે સૂએ છે–આ પ્રયોગમાં સૂવાની ક્રિયા દ્વારા પતિને વિશેષ ઇચ્છે છે.

આ ત્રણે ઉદાહરણોમાં દેવ, રાજા અને પતિ સંપ્રદાનરૂપ હોવાથી ચોથી વિભક્તિમાં આવેલ છે. ॥ ૨ । ૨ । ૨૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्पृहेर्व्याप्यं वा ॥ २ । २ । २६ ॥

स्पृह् ધાતુના કર્મને વિકલ્પે સંપ્રદાન સમજવું.

पुष्पेभ्यः पुष्पाणि वा स्पृहयति–પુષ્પોની સ્પૃહા કરે છે.—અહીં પુષ્પરૂપ કર્મ સંપ્રદાન હોવાથી ચોથી વિભક્તિમાં પણ આવેલ છે. ॥ ૨ । ૨ । ૨૬ ॥

## क्रुध्–द्रुहेर्ष्या–ऽसूयार्थैर्यं प्रति कोपः ॥ २ । २ । २७ ॥

પ્રયોગમાં ક્રોધાર્થક, દ્રોહાર્થક ઈર્ષ્યાર્થક અને અસૂયાર્થક ધાતુ વપરાયેલા હોય અને એ પ્રયોગોમાં જેના પ્રત્યે ક્રોધ થતો હોય, દ્રોહ થતો હોય, ઈર્ષ્યા થતી હોય કે અસૂયા થતી હોય તેને સંપ્રદાન સમજવું.

ક્રોધ–અસહનશીલતા. દ્રોહ–કોઈનું ખરાબ કરવું. ઈર્ષ્યા–બીજાની ઉન્નતિ જોઈને ચિત્તમાં બળતરા થવી. અસૂયા– ગુણો હોવા છતાં દોષો કાઢવા.

શં૦ –મૂળસૂત્રમાં તો માત્ર यं प्रति कोपः એટલું જ લખેલ છે છતાં 'જેના પ્રત્યે દ્રોહ થતો હોય' 'જેના પ્રત્યે ઈર્ષ્યા થતી હોય' વગેરે અર્થ શી રીતે સમજવો ?

સમા૦—દ્રોહ ઈર્ષ્યા વગેરે કોપ વિના સંભવતાં જ નથી માટે यं प्रति कोपः એટલું જ લખવાથી यं प्रति द्रोहः यं प्रति ईर्ष्या વગેરે બધું જ આવી જાય છે.

मैत्राय क्रुध्यति—મૈત્ર ઉપર ક્રોધ કરે છે.

मैत्राय द्रुह्यति—મૈત્ર ઉપર દ્રોહ કરે છે.

मैत्राय ईर्ष्यति—મૈત્ર ઉપર ઈર્ષ્યા કરે છે

मैत्राय असूयति—મૈત્ર ઉપર અસૂયા કરે છે.

આ બધાં વાક્યોમાં મૈત્ર પ્રત્યે ક્રોધ છે, દ્રોહ છે, ઈર્ષ્યા છે અને અસૂયા છે માટે તે સંપ્રદાન થવાથી તેને ચોથી વિભક્તિ લાગી છે.

मनसा क्रुध्यति–મન વડે ક્રોધ કરે છે.—અહીં જેના પ્રત્યે ક્રોધ કરે છે તેનો નિર્દેશ નથી. 'મન વડે ક્રોધ કરે છે' એ પ્રયોગમાં મન 'કરણ' હોવાથી તેને ત્રીજી વિભક્તિ આવી.

शिष्यस्य कुप्यति विनयार्थम्–વિનય માટે શિષ્ય ઉપર કોપ કરે છે.–અહીં કોપ કરનાર ગુરુ અસહનશીલ નથી તેથી તે ખરા અર્થમાં એટલે દ્વેષ બુદ્ધિથી શિષ્ય ઉપર કોપ કરતા નથી તેથી શિષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપ્રદાનરૂપ ન થયો એટલે તેને ચોથી વિભક્તિ ન લાગી.
॥ ૨ । ૨ । ૨૭ ॥

## नोपसर्गात् क्रुध्-द्रुहा ॥ २ । २ । २८ ॥

ઉપસર્ગ સાથે ક્રુધ્ અને દ્રુહ્ ધાતુના પ્રયોગમાં જેના પ્રત્યે કોપ કે દ્રોહ હોય તેને સંપ્રદાન ન સમજવું, પણ તેને કર્મ સમજવું.

मैत्रम् अभिक्रुध्यति–મૈત્ર પ્રત્યે ક્રોધ કરે છે.

मैत्रम् अभिद्रुह्यति–મૈત્ર પ્રત્યે દ્રોહ કરે છે.

मैत्राय क्रुध्यति-મૈત્ર ઉપર ક્રોધ કરે છે.

मैत्राय द्रुह्यति–મૈત્ર ઉપર દ્રોહ કરે છે. આ પ્રયોગમાં ક્રુધ્ ધાતુ તથા દ્રુહ્ ધાતુ ઉપસર્ગ સાથે નથી તેથી ઉપરના ।૨।૨।૨૭। સૂત્રથી ચતુર્થી વિભક્તિ થયેલી છે. ॥ ૨ । ૨ । ૨ ॥

અપાદાનલક્ષણ—

## अपायेऽवधिरपादानम् ॥ २ । २ । २९ ॥

अपाय–વિભાગ–જૂદા પડવું, વિભાગ થવો, ડરવું, ઘૃણા કરવી, અટકવું, આળસ કરવી, રક્ષણ કરવું–બચાવવું કે અટકાવવું–દૂર રાખવું, કંટાળવું–થાકી જવું કે સંતાઈ જવું. કારણથી જૂદા પડવું, એકમાંથી બીજી વસ્તુ નીકળવી, દૂરપણું, ચડિયાતાપણું વગેરે —આ બધા અર્થો વિભાગમાં આવી જાય છે.

અપાયની જે અવધિ હોય તે અપાદાન ગણાય છે.

वृक्षात् पर्णं पतति–વૃક્ષથી પાંદડું પડે છે.–અહીં પડવાને લિધે પાંદડાનો ઝાડથી વિભાગ થાય છે, તેમાં અવધિરૂપ વૃક્ષ છે તેથી તે અપાદાન થયું.

व्याघ्राद् बिभेति–વાઘથી બીએ છે—અહીં ડરને લિધે વાઘથી વિભાગ થાય છે.

अधर्माद् जुगुप्सते–અધર્મથી ઘૃણા કરે છે.–અહીં ઘૃણા કરવા દ્વારા અધર્મથી વિભાગ થાય છે.

अधर्माद् विरमति–અધર્મથી અટકે છે.—અહીં અટકવા દ્વારા અધર્મથી વિભાગ થાય છે.

धर्मात् प्रमाद्यति—ધર્મથી પ્રમાદ કરે છે.–અહીં પ્રમાદ–આળસ–કરવા દ્વારા ધર્મથી વિભાગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चौरेभ्यः त्रायते–ચોરથી બચાવે છે. અહીં બચાવવા દ્વારા ચોરથી વિભાગ થાય છે.

यवेभ्यो गां रक्षति–જવથી ગાયને દૂર રાખે છે. અહીં ગાયને દૂર રાખવા દ્વારા ગાયનો યવથી વિભાગ થાય છે.

अध्ययनात् पराजयते–ભણવાથી થાકી જાય છે. અહીં થાકી જવા દ્વારા ભણવાથી વિભાગ થાય છે.

उपाध्यायाद् अन्तर्धत्ते–શિક્ષકથી સંતાઈ જાય છે. અહીં સંતાઈ જવા દ્વારા શિક્ષકથી વિભાગ થાય છે.

शृङ्गात शरो जायते–શૃંગમાંથી શર થાય છે. અહીં કારણથી કાર્ય જૂદું થાય છે.

हिमालयाद् गङ्गा प्रभवति–હિમાલયથી ગંગા નીકળે છે. નીકળવા દ્વારા ગંગાનો હિમાલયથી વિભાગ થાય છે.

वलभ्याः शत्रुञ्जयः षड् योजनानि–વલભીપુર (વળા) થી શત્રુંજય ૭ યોજન દૂર છે. અહીં દૂરપણા દ્વારા શત્રુંજય નો વલભીપુરથી વિભાગ થાય છે.

कार्त्तिक्या आग्रहायणी मासे–કાર્તિકી પૂર્ણિમા પછી માગશરની પૂર્ણિમા મહિના જેટલી દૂર હોય છે. અહીં પણ દૂરપણા દ્વારા માગશરની પૂર્ણિમાનો કાર્તિકી પૂર્ણિમાથી વિભાગ થાય છે.

चैत्राद् मैत्रः पटुः–ચૈત્રથી મૈત્ર વધારે હોંશિયાર છે–અહીં હોંશિયારી દ્વારા મૈત્રનો ચૈત્રથી વિભાગ થાય છે.

माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः–મથુરાના લોકો પાટલીપુત્રના લોકોથી વધારે સંપન્ન છે. અહીં ચડિયાતાપણા દ્વારા મથુરાના લોકોનો પાટલીપુત્રના લોકોથી વિભાગ થાય છે.

આ બધાં ઉદાહરણોમાં વૃક્ષ, વાઘ, અધર્મ વગેરેથી જૂદા પડવાનું હોવાને લીધે તે અપાદાનરૂપ બને છે અને અપાદાનમાં પંચમી વિભક્તિ આવે છે. ॥ ૨ । ૨ । ૨૯ ॥

અધિકરણલક્ષણ—

## क्रियाऽऽश्रयस्याऽऽधारोऽधिकरणम् ॥ २ । २ । ३० ॥

ક્રિયાના આશ્રયરૂપ કર્તાનો કે કર્મનો જે આધાર હોય તેને 'અધિકરણ' સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कटे आस्ते– સાદડી ઉપર બેસે છે. અહીં કર્તાના બેસવાનો આધાર કટ છે માટે તે અધિકરણ થયું.

स्थाल्यां तण्डुलान् पचति– થાળીમાં ચોખા રાંધે છે. અહીં ચોખા-રૂપ કર્મનો આધાર થાળી છે તેથી તે અધિકરણ થયું અને અધિકરણમાં સપ્તમી આવે છે.

અધિકરણના ૭ ભેદ છે–૧ વૈષયિક, ૨ ઔપશ્લેષિક, ૩ અભિવ્યાપક, ૪ સામીપ્યક, ૫ નૈમિત્તિક, ૬ ઔપચારિક.

૧–દેવો સ્વર્ગમાં રહે છે, મનુષ્યો પૃથ્વી–જમીન–ઉપર રહે છે, અહીં સ્વર્ગ અને જમીન વૈષયિક અધિકરણ છે, સ્વર્ગ વિના દેવો બીજે ક્યાંય રહેતા નથી અને માણસો જમીન સિવાય બીજે ક્યાંય રહેતા નથી.

૨–જે આધારના અમુક ભાગની સાથે જ કર્તાનો સંબંધ હોય તે આધાર ઔપશ્લેષિક–પલંગ ઉપર સુએ છે. સુનાર પલંગના અમુક ભાગ સાથે જ સંબંધ ધરાવે છે

૩–આધારના આખા ય ભાગમાં સંબંધ હોય તે આધાર અભિવ્યાપક–તલમાં તેલ છે, માખણમાં ઘી છે. તેલ અને ઘી પોતાના આધારના તમામ ભાગ સાથે સંબંધ ધરાવે છે.

૪–જેની સાથે સમીપતાનો સંબંધ હોય તે અધિકરણ સામીપ્યક–ગંગા નદીમાં ભરવાડની ઝોક–ઘેટાં બકરાંનો વાડો–છે ગંગા નદીમાં તો ઝોક હોવાનો સંભવ જ નથી તેથી અહીં ગંગા નદીમાં એટલે ગંગાની પાસે.

૫–જે આધાર નિમિત્તરૂપ હોય તે નૈમિત્તિક–યુદ્ધમાં તૈયાર થાય છે અહીં યુદ્ધમાં એટલે યુદ્ધ માટે.

૬–જે આધાર માત્ર કાલ્પનિક હોય તે ઔપચારિક–મારી આંગળીના ટેરવા ઉપર ચંદ્ર છે એટલે આંગળીના ટેરવા તરફ નજર કરો તો ચંદ્ર દેખાશે. ॥ ૨ । ૨ । ૩૦ ॥

**વિભક્તિ પ્રયોગ વિચાર—**

**પ્રથમા—**

## नाम्नः प्रथमैक–द्वि–बहौ ॥ २ । २ । ३१ ॥

નામને પહેલી વિભક્તિ લાગે, જો નામ એક સંખ્યામાં હોય તો सि લાગે, બે સંખ્યામાં હોય તો औ લાગે બેથી વધારે સંખ્યામાં હોય તો अस् લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ નામ-डित्थ+स्=डित्थः-એ વિશેષ નામ છે.
જાતિવાચક નામ-गो+स्=गौः-(એક) ગાય.
ક્રિયાદર્શક નામ-कारक+स्=कारकः-(એક) કરનારો.
ગુણવાચક નામ-शुक्ल+स्=शुक्लः-(એક) ધોળો.
સંબંધદર્શક નામ-दण्डिन्+स्=दण्डी-દંડ પાસે રાખે છે માટે (એક) દંડી-દંડવાળો ॥ ૨ । ૨ । ૩૧ ॥

## आमन्त्र्ये ॥ २ । २ । ३२ ॥

આમંત્રણ અર્થ સાથે સંબંધવાળા નામને પહેલી વિભક્તિ લાગે છે.
हे देव+स्=हे देव ! -હે દેવ.
राजा भव-તું રાજા થા-આ પ્રયોગમાં રાજાનો સંબંધ 'આમંત્રણ' અર્થ સાથે નથી. તેથી 'રાજા' આમંત્રણ વિભક્તિવાળો ન ગણાય.
॥ ૨ । ૨ । ૩૨ ॥

**દ્વિતીયા—**

## गौणात् समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणाति-येन-तेनैर्द्वितीया ॥ २ । २ । ३३ ॥

समया, निकषा, हा, धिक्, अन्तरा, अन्तरेण, अति, येन तथा तेन-આ બધા શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે. દ્વિતીયા વિભક્તિ એટલે अम्, औ, शस्.

समया ग्रामम्—ગામની પાસે.
निकषा गिरिं नदी-ગિરિની પાસે નદી.
हा ! मैत्रं व्याधिः-અરે ! મૈત્રને વ્યાધિ !
धिग् जाल्मम्-જાલિમને-દુષ્ટને-ધિક્કાર.
अन्तरा अन्तरेण वा निषधं नीलं च विदेहाः-**નિષધ અને નીલ** પર્વતની વચ્ચે વિદેહ પ્રદેશ છે.
अन्तरेण धर्मं सुखं न स्यात्-ધર્મ વિના સુખ ન હોય.
अतिवृद्धं कुरून् महद् बलम्-કુરુઓ-કૌરવો કરતાં પાંડવોનું લશ્કર મોટું છે.
येन पश्चिमां गतः-જે બાજુથી પશ્ચિમમાં ગયો.
तेन पश्चिमां नीतः-તે બાજુથી પશ્ચિમમાં લઈ ગયો.
॥ ૨ । ૨ । ૩૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्वित्वेऽधोऽध्युपरिभिः ॥ २ । २ । ३४ ॥

अधः अधः, अधि अधि અને उपरि उपरि એ રીતે બેવડ.–ડબલ–થયેલા આ શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

अधोऽधो ग्रामम्–ગામની પાસે નીચે નીચે.

अध्यधि ग्रामम्–ગામની પાસે ઉપર ઉપર.

उपरि उपरि ग्रामम्–ગામની પાસે ઉપર ઉપર.

अधो गृहस्य–ઘરની નીચે—આ પ્રયોગમાં અધઃ પદ ડબલ થયું નથી માટે गृहम् ન થાય. ॥ ૨ । ૨ । ૩૪ ॥

## सर्वोभया-ऽभि-परिणा तसा ॥ २ । २ । ३५ ।

सर्वतः, उभयतः, अभितः, परितः એ શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

सर्वतः ग्रामं वनानि–ગામની ચારે બાજુ વનો છે.

उभयतः ग्रामं वनानि—ગામની બન્ને બાજુ વનો છે.

अभितः ग्रामं वनानि–ગામની સામી બાજુ વનો છે.

परितः ग्रामं वनानि—ગામની ચારે કોર વનો છે. ॥ ૨ । ૨ । ૩૫ ॥

## लक्षण-वीप्स्येत्थम्भूतेष्वभिना ॥ २। २ । ३६ ।

लक्षण—જે નિશાનરૂપ હોય, वीप्स्य રૂપ હોય—કોઈ ક્રિયા દ્વારા જેનો વારંવાર સંબંધ થતો હોય, इत्थंभूत—જે અમુક પ્રકારના ગુણથી વિશેષતાને પામેલ હોય. આવા ત્રણ અર્થ સાથે સંબંધ ધરાવતું ગૌણ નામ જો अभि સાથે જોડાયેલ હોય તો તે બીજી વિભક્તિમાં આવે છે.

लक्षण–वृक्षमभि विद्युत्–વૃક્ષની સામે વીજળી છે.

वीप्स्य–वृक्षं वृक्षमभिषेकः–ઝાડે ઝાડે પાણી છાંટવું.

इत्थंभूत–साधुः मैत्रो मातरमभि–મૈત્ર માતા પ્રત્યે સારો છે.

यद् अत्र मम अभि स्यात् तद् दीयताम्–અહીં જે મારું હોય તે મને આપી દો.—આ પ્રયોગમાં मम પદ लक्षण રૂપ નથી. वीप्स्य નથી, તથા इत्थंभूतરૂપ પણ નથી તેથી ममનું माम् ન થાય. ॥ ૨ । ૨ । ૩૬ ॥

## भागिनि च प्रति-पर्यनुभिः ॥ २ । २ ।३७ ॥

लक्षण, वीप्स्य, इत्थम्भूत અને भागी—ભાગીદાર–એ અર્થો સાથે સંબંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવનાર ગૌણ નામ प्रति, परि અને अनु સાથે જોડાએલ હોય તો બીજી વિભક્તિમાં આવે છે.

भागो-यदत्र मां प्रति, मां परि, माम् अनु स्यात् तद् दीयताम्-અહીં જે મારા ભાગનું હોય તે મને આપી દો.

लक्षण-वृक्षं प्रति परि अनु वा विद्युत्-વૃક્ષની સામે, વૃક્ષની આજુ-બાજુએ કે વૃક્ષની પાછળ વીજળી છે.

वीप्स्य-वृक्षं वृक्षं प्रति परि अनु वा सेकः-ઝાડે ઝાડે ઝાડની સામે, ઝાડે ઝાડની આજુબાજુએ, અથવા ઝાડે ઝાડની પાછળ પાણીનો છંટકાવ.

इत्थम्भूत-साधुः मैत्रो मातरं प्रति परि अनु वा-મૈત્ર માતા પ્રતિ-તરફ -સારો છે.

अनु वनस्य अशनिर्गता-વનની પાસે થઈને વિજળી અથવા વજ્ર ગયું.-અહી વન સાથે ભાગીદાર, લક્ષણ, વીપ્સ્ય કે ઇત્થંભૂતમાંથી કોઈ અર્થનો સંબંધ નથી માટે वनम् ન થયું. ॥ ૨ । ૨ । ૩૭ ॥

## हेतु-सहार्थेऽनुना ॥ २ । २ । ३८ ॥

हेतु-નિમિત્ત અથવા જનક, सहार्थ-સાથે સાથે અથવા પાછળ પાછળ અથવા વિદ્યમાનતા—આ બન્ને અર્થ સાથે સંબંધ ધરાવતું ગૌણ નામ જો अनु સાથે જોડાયેલ હોય તો બીજી વિભક્તિમાં આવે છે.

હેતુ—जिनजन्मोत्सवम् अन्वागच्छन् सुराः-જિન ભગવાનના જન્મોત્સવ નિમિત્તે દેવો આવ્યા. આ પ્રયોગમાં જિન ભગવાનનો જન્મઉત્સવ દેવોના આગમનનો હેતુરૂપ-નિમિત્ત રૂપ—જનકરૂપ હોવાથી उत्सव ને બીજી વિભક્તિ થઈ.

સહાર્થ– गिरिम् अनु अवसिता सेना-સેના પહાડની સાથે સંબદ્ધ છે અર્થાત્ પહાડની પાછળ પહાડ જેટલી લાંબી સેના પડી છે.—આ પ્રયોગમાં સેનાનો પહાડ જેટલી લાંબી હોવાનો અથવા પહાડ પાછળ વિદ્યમાન હોવાનો અર્થ अनु સાથેનો गिरि શબ્દ સૂચવે છે તેથી તેને બીજી બિભક્તિ થઇ.

अनुगङ्गं वाराणसी-ગંગા સાથે વારાણસી સંબદ્ધ છે એટલે વાણારસી-બનારસ-સાથે સંબંધવાળી ગંગાની જેટલી વારાણસી લાંબી છે. ॥ ૨ । ૨ । ૩૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उत्कृष्टेऽनूपेन ॥ २ । २ । ३९ ॥

उत्कृष्ट-બીજાની અપેક્ષાએ ચડિયાતું. ઉત્કૃષ્ટ અર્થવાળું अनु અને उपथी યુક્ત ગૌણ નામ દ્વિતીયા વિભક્તિમાં આવે છે.

अनु सिद्धसेनं कवयः-બધા કવિઓ સિદ્ધસેનથી ઊતરતા છે-બધા કવિઓ સિદ્ધસેનથી પાછળ છે--તમામ કવિઓની અપેક્ષાએ સિદ્ધસેન ચડિયાતા છે.

उप उमास्वातिं संग्रहीतारः-બધા સંગ્રહ કરનારાઓ ઉમાસ્વાતિથી ઊતરતા છે-બધા સંગ્રહ-સંક્ષેપ-કારોની અપેક્ષાએ ઉમાસ્વાતિ ચડિયાતા છે. ॥ ૨ । ૨ । ૩૯ ॥

## कर्मणि ॥ २ । २ । ४० ॥

કર્મ કારકના સૂચક ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

कटं करोति-સાદડી કરે છે.

तण्डुलान् पचति-ચોખા રાંધે છે.

रविं पश्यति—સૂર્યને જૂએ છે.

अजां नयति ग्रामम्— બકરીને ગામ તરફ દોરી જાય છે.

गां दोग्धि पयः— ગાયનું દૂધ દોવે છે.

છેલ્લાં બે ઉદાહરણોમાં વપરાયેલ ક્રિયાપદનાં બે કર્મો છે. ॥ ૨ । ૨ । ૪૦ ॥

## क्रियाविशेषणात् ॥ २ । २ । ४१ ॥

ક્રિયાવિશેષણ સૂચક ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

स्तोकं पचति-થોડું રાંધે છે.

सुखं स्थाता-સુખે રહે છે.

આ પ્રયોગમાં स्तोक અને सुख એ બે પદો ક્રિયાવિશેષણો છે તેથી બીજી વિભક્તિ થઈ. ॥ ૨ । ૨ । ૪૧ ॥

## कालाध्वनोर्व्याप्तौ ॥ २ । २ । ४२ ॥

વ્યાપ્તિ-નિરંતરતા અથવા લાગલાગટપણું. એ અર્થને સૂચવનાં કાલવાચી ગૌણ નામને તથા માર્ગવાચી ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

નિરંતરતા સૂચક કાલવાચી-मासं गुडधानाः-મહિના સુધી લાગલાગટ ગોળ ધાણા વહેંચાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मासं कल्याणी–મહિના સુધી લાગલાગટ કલ્યાણીનો ઉત્સવ.

मासम् अधीते–મહિના સુધી લાગલાગટ અધ્યયન કરે છે.

નિરંતરતા સૂચક અધ્વવાચી–

क्रोशं गिरिः–એક ગાઉ સુધી પહાડ આવે છે.

क्रोशं कुटिला नदी–ગાઉ સુધી નદી વાંકી છે.

क्रोशम् अधीते–પ્રવાસ કરતો કરતો ગાઉ સુધી ભણે છે.

मासस्य मासे वा द्व्यहं गुडधानाः–મહિનામાં બે દિવસ ગોળધાણા વહેંચાય છે–અહીં બે દિવસની નિરંતરતા છે તેથી द्व्यहम् એમ બીજી વિભક્તિ થઇ પણ मास શબ્દને ન થઈ.

क्रोशस्य क्रोशे वा एकदेशे कुटिला नदी–ગાઉ સુધીના લાંબા રસ્તામાં માત્ર એક ભાગમાં–જરાક જેટલા ભાગમાં–નદી વાંકી છે.—અહીં ગાઉ સુધીના માર્ગની સાથે લાગલાગટતા–નિરંતરતા–નથી તેથી क्रोशम् ન થયું.

વધારે વિસ્તારવાળો કાળ અને માર્ગ હોય ત્યાં જ નિરંતરતાનો સંભવ છે એટલે એક પળ કે એક સૂક્ષ્મ કે નાનો ભાગ જેવા શબ્દો નિરંતરતા બતાવી શકતા નથી. ॥ ૨ । ૨ । ૪૨ ॥

**તૃતીયા–**

## सिद्धौ तृतीया ॥ २ । २ । ४३ ॥

વાક્યમાં ક્રિયાની સિદ્ધિ એટલે ક્રિયા કરવાથી પ્રાપ્ત થતા ખરા ફળની નિષ્પત્તિ જણાતી હોય તો કાળવાચી ગૌણ નામને તથા માર્ગવાચી ગૌણ નામને ત્રીજી વિભક્તિ થાય છે. ત્રીજી વિભક્તિ એટલે टा, भ्याम्, भिस्.

કાળવાચી–मासेन मासाभ्यां मासैः वा आवश्यकम् अधीतम्–એક મહીના સુધી, બે મહીના સુધી, અને ઘણા મહિનાઓ સુધી આવશ્યકનું અધ્યયન કર્યું અને તે પ્રમાણે આચરણ પણ કર્યું.

અધ્વવાચી–क्रोशेन क्रोशाभ्यां क्रोशैः वा प्राभृतीम् अधतम्–પ્રવાસ કરતાં કરતાં એક ગાઉ સુધી, બે ગાઉ સુધી અથવા ઘણા ગાઉ સુધી પ્રાભૃતનું અધ્યયન કર્યું અને તે પ્રકારે આચરણ પણ કર્યું.

मासम् अधीतः आचारः न अनेन गृहीतः–મહિના સુધી આચારશાસ્ત્ર તો ભણ્યો પણ એ ભણનારે આચાર ગ્રહણ ન કર્યો.–આ પ્રયોગમાં ભણનાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારશાસ્ત્ર ભણી તો ગયો પણ તે ભણતરને લીધે આચરણની અપેક્ષાએ કશું ફળ મેળવ્યું નથી અર્થાત્ ભણી પોપટપંડિત તો જરૂર થયો પણ કોઈ સિદ્ધિ ન થઈ, તેથી માસ શબ્દને ત્રીજી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૪૩॥

## हेतु-कर्तृ-करणेत्थंभूतलक्षणे ॥ २ । २ । ४४ ॥

હેતુસૂચક ગૌણ નામ, કર્તસૂચક ગૌણ નામ, કરણ સૂચક ગૌણ નામ અને કોઈ પણ પ્રકારની વિશેષતાના નિશાનનું સૂચક ગૌણ નામ-આ બધાં નામોને ત્રીજી વિભક્તિ લાગે છે.

હેતુ એટલે ક્રિયા નહીં કરનાર પણ ક્રિયામાં માત્ર નિમિત્ત

હેતુ-धनेन कुलम्-ધન વડે કુળ છે.
કર્તા-चैत्रेण कृतम्-ચૈત્રે કર્યું

કરણ એટલે ક્રિયા કરનાર.

કરણ-दात्रेण लुनाति-દાતરડા વડે લણે છે.

ઇત્થંભૂતલક્ષણ-अपि त्वम् कमण्डलुना छात्रम् अद्राक्षीः-? શું વિદ્યાર્થીને કમંડલુ-કમંડળ-સાથે તેં જોયો ? -અહીં 'કમંડલુ' શબ્દ વિદ્યાર્થીના નિશાનની ખાસ વિશેષતા સૂચવે છે. ॥ ૨ । ૨ । ૪૪ ॥

## सहार्थे ॥ २ । २ । ४५ ॥

સહ-ક્રિયા વગેરે દ્વારા સમાનતા હોવી અથવા માત્ર હયાતી હોવી -આ બે અર્થમાંથી કોઈ પણ અર્થ જણાતો હોય તો सह તથા સહના અર્થસૂચક સાથેના ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

ક્રિયાની સમાનતા—

पुत्रेण सह आगतः-તે પુત્ર સાથે આવ્યો એટલે આવનાર તે આવ્યો. અને પુત્ર પણ આવ્યો.

ગુણની સમાનતા—

पुत्रेण सह स्थूलः आगतः-પુત્રની સાથે જાડો આવ્યો એટલે આવનાર જાડો છે અને તેની સાથેનો પુત્ર પણ જાડો છે.

દ્રવ્યની સમાનતા—

पुत्रेण सह गोमान् आगतः-પુત્રની સાથે ગાયરૂપ દ્રવ્ય-પદાર્થ-વાળો આવ્યો એટલે આવનાર ગાયવાળો છે અને તેની સાથેનો પુત્ર પણ ગાયવાળો છે.

જાતિની સમાનતા—

पुत्रेण सह ब्राह्मणः आगतः-પુત્રની સાથે બ્રાહ્મણ આવ્યો એટલે આવનાર બ્રાહ્મણ છે અને તેની સાથેનો પુત્ર પણ બ્રાહ્મણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યમાનતા—एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भरम् ।
सहैव दशभिः पुत्रैः भारं वहति गर्दभी ॥

—એક પણ સારો પુત્ર વિદ્યમાન હોય તો સિંહણ સુખેથી–નિશ્ચિંતપણે–સૂઈ શકે છે. અને દશ બચ્ચાં–બાલકો–વિદ્યમાન હોય તો પણ ગધેડી એ દશે ય પુત્રોની સાથે ભારને વહન કરે છે પણ નિરાંતે આરામ કરી શકતી નથી. ॥ ૨ । ૨ । ૪૫ ॥

## यद्भेदैस्तद्वदाख्या ॥ २ । २ । ४६ ॥

भेद–વિશેષતા. જે વિશેષતાઓ વડે વિશેષતાવાળાના આધારની એટલે વિશેષતાવાળા પદાર્થના આધારની પ્રસિદ્ધિ થતી હોય તો માત્ર એ વિશેષતાવાળા પદાર્થને સુચવનાર ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

अक्ष्णा काणः—આંખ વડે કાણો–અહીં કાણાપણું વિશેષતા છે એ વિશેષતા આંખ વડે બતાવાય છે અને એ વિશેષતા દ્વારા વિશેષતા યુક્ત આંખના આધારની એટલે કાણી આંખવાળાની પ્રસિદ્ધિ થાય છે તેથી વિશેષતાવાળા પદાર્થને સુચવનાર 'આંખ' નામને ત્રીજી વિભક્તિ લાગી.

पादेन खञ्जः—પગ વડે લંગડો–અહીં 'લંગડાપણું' એ પગની વિશેષતા છે.

प्रकृत्या दर्शनीयः—પ્રકૃતિ વડે દેખાવડો—અહીં 'દેખાવડાપણું' પ્રકૃતિની વિશેષતા છે.

अक्षि काणं पश्य–કાણી આંખને જો–અહીં વિશેષતાવાળા પદાર્થના આધારરૂપ આંખવાળાની પ્રસિદ્ધિ નથી પણ માત્ર વિશેષતાવાળા પદાર્થનો જ નિર્દેશ છે.

अक्ष्णा दीर्घः–આંખવડે લાંબો–કોઈ મનુષ્યની લંબાઈ આંખવડે જણાતી નથી એટલે આ જાતના આશયવાળા વાક્યનો પ્રયોગ પ્રસિદ્ધ નથી.

જે જાતની પ્રસિદ્ધિ લોકમાં ચાલુ હોય તે જાતની પ્રસિદ્ધિ અહીં સમજવાની છે. ॥ ૨ । ૨ । ૪૬ ॥

## कृताद्यैः ॥ २ । २ । ४७ ॥

નિષેધ અર્થને સૂચવનારા कृत આદિ શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृतं तेन–તેણે કર્યું અર્થાત્ તે કશું કરવાનો નથી અથવા તેના કરવાથી કશું વળવાનું નથી.

किं गतेन–જવાથી શું ? અર્થાત્ જવાથી કશું સધાવાનું નથી. ॥ ૨ । ૨ । ૪૭ ॥

## काले भान्नवाऽऽधारे ॥ २ । २ । ४८ ॥

કાલવાચી નક્ષત્ર અર્થવાળા ગૌણ નામને આધાર અર્થમાં ત્રીજી વિભક્તિ વિકલ્પે લાગે.

पुष्येण पुष्ये वा पायसम् अश्नीयात्–પુષ્ય નક્ષત્રના કાળ વડે અથવા પુષ્ય નક્ષત્રના કાળમાં ખીર ખાવી જોઈએ. અહીં ખીર ખાવાનો આધાર કાળની અપેક્ષાએ પુષ્ય નક્ષત્ર છે તેથી નક્ષત્રવાચી આધાર સૂચક પુષ્ય નામને વિકલ્પે ત્રીજી વિભક્તિ લાગી.

હવે જ્યારે ત્રીજી વિભક્તિ ન લાગી ત્યારે આધારવાચી નામને સપ્તમી લાગે છે એવો નિયમ હોવાથી पुष्ये પ્રયોગ પણ થયો.

पुष्ये अर्कः–પુષ્ય નક્ષત્રના માર્ગમાં સૂર્ય છે. અહીં पुष्य શબ્દ કાલવાચી નથી પણ માર્ગવાચી છે.

तिलपुष्पेषु यत् क्षीरम्–તલનાં ફૂલોમાં જે દૂધ એટલે જે વખતે તલનાં ફૂલોમાં જે દૂધ થાય છે. અહીં पुष्प શબ્દ કાલવાચક તો છે પણ નક્ષત્રવાચક નથી.

अद्य पुष्यं विद्धि–આજે પુષ્ય નક્ષત્ર છે એમ જાણ. અહીં पुष्य શબ્દ માત્ર નક્ષત્રવાચી છે પણ આધારવાચી નથી. ॥ ૨ । ૨ । ૪૮ ॥

## प्रसितोत्सुकावबद्धैः ॥ २ । २ । ४९ ॥

प्रसित, उत्सुक અને अवबद्ध એ ત્રણ શબ્દો સાથે જોડાયેલ ગૌણ નામ આધારસૂચક હોય તો તેને ત્રીજી વિભક્તિ વિકલ્પે લાગે.

केशैः केशेषु वा प्रसितः–વાળોમાં કે વાળોવડે આસક્તિવાળો–અહીં આસક્તિનો આધાર અને નિમિત્ત કેશો–વાળો–છે.

गृहेण गृहे वा उत्सुकः–ઘરમાં કે ઘરવડે ઉત્સુક–અહીં ઉત્સુકતાનો આધાર અને નિમિત્ત ગૃહ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केशैः केशेषु वा अवबद्धः-વાળોમાં કે વાળોવડે બંધાયેલો-આસક્ત.
॥ ૨ । ૨ । ૪૯ ॥

## व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् ॥ २ । २ । ५० ॥

द्विद्रोण આદિ શબ્દો કર્મરૂપ હોય અને ક્રિયા દ્વારા તે શબ્દોનો વારંવાર ઉપયોગ થતો હોય તો એ શબ્દોને ત્રીજી વિભક્તિ વિકલ્પે લાગે છે.

द्विद्रोणेन द्विद्रोणं वा धान्यं क्रीणाति-બબ્બે દ્રોણો વડે કે બબ્બે દ્રોણ અનાજને ખરીદે છે; દ્રોણ-દોણું- માપ છે.

पञ्चकेन पञ्चकं वा पशून् क्रीणाति-પાંચ પાંચ સંખ્યા વડે કે પાંચ પાંચ પશુઓને ખરીદે છે. ॥ ૨ । ૨ । ૫૦ ॥

## समो ज्ञोऽस्मृतौ वा ॥ २ । २ । ५१ ॥

જેનો સ્મરણ અર્થ નથી એવો ज्ञा ધાતુ જો सम् સાથે હોય તો તેના કર્મરૂપ ગૌણ નામને ત્રીજી વિભક્તિ વિકલ્પે લાગે છે.

मात्रा, मातरं वा संजानीते-માતારૂપે-માતા તરીકે-અથવા માતાને જાણે છે.

मातरं संजानाति-માતાને સંભારે છે- અહીં સ્મરણ અર્થ છે માટે માતાને ત્રીજી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૫૧ ॥

## दामः संप्रदानेऽधर्म्ये आत्मने च ॥ २ । २ । ५२ ॥

सम् સાથેના दा ધાતુના અધર્મ્ય-ધર્મરહિત-એવા સંપ્રદાનના સૂચક-ગૌણ નામને તૃતીયા વિભક્તિ લગાડવી અને તે સાથે दा ધાતુને આત્મને-પદમાં મુકવો. અધર્મ્ય-ધર્મરહિત-એટલે ધર્મવિરુદ્ધ, શાસ્ત્રવિરુદ્ધ અથવા લોકવિરુદ્ધ.

दास्या संप्रयच्छते कामुकः-કામી માણસ સહચાર માટે દાસીને આપે છે. અહીં દાસી અધર્મ્ય સંપ્રદાન છે. અર્થાત્ દાસી સાથે સહચાર કરવો એ ધર્મવિરુદ્ધ છે, શાસ્ત્રવિરુદ્ધ છે અને લોકાચારથી પણ વિરુદ્ધ છે તેથી દાસી નામને તૃતીયા થઈ અને दा ધાતુને આત્મનેપદ થઈ ગયું.

पत्न्यै संप्रयच्छति-પત્નીને આપે છે.-અહીં 'પત્ની' અધર્મ્ય સંપ્રદાન નથી તેથી पत्नी શબ્દને સંપ્રદાન માટે વપરાતી ચોથી વિભક્તિ જ લાગી.
॥ ૨ । ૨ । ૫૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્થી—

## चतुर्थी ॥ २ । २ । ५३ ॥

સંપ્રદાન સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લાગે છે. ચોથી વિભક્તિ એટલે ङे, भ्याम्, भ्यस् .

द्विजाय गां दत्ते—બ્રાહ્મણને ગાય આપે છે.

पत्ये शेते—પતિ માટે સૂએ છે.

આ બન્ને પ્રયોગોમાં द्विज અને पति નામ સંપ્રદાનરૂપ હોવાથી તેમને ચોથી વિભક્તિ લાગી. ॥ ૨ । ૨ । ૫૩ ॥

## तादर्थ्ये ॥ २ । २ । ५४ ॥

'તેને માટે આ' તે તદર્થ. વાકયમાં 'તદર્થ' નો અર્થ જણાતો હોય તો ગૌણ નામને ચતુર્થી વિભક્તિ લગાડવી.

यूपाय दारु—પશુને બાંધવાના થાંભલા માટે લાકડું.

रन्धनाय स्थाली-રાંધવા માટે થાળી.

આ બન્ને ઉદાહરણોમાં 'થાભલા માટે' તથા 'રાંધવા માટે' એવો તદર્થ નો સંબંધ સ્પષ્ટ છે એથી यूप નામને અને रन्धन નામને ચોથી વિભક્તિ લાગી. ॥ ૨ । ૨ । ૫૪ ॥

## रुचि–कृप्यर्थ–धारिभिः प्रेय–विकारोत्तमर्णेषु ॥ २ । २ । ५५ ॥

જેને રુચતું હોય–જેને રુચિ થતી હોય-જેને અભિલાષ થતો હોય તે प्रेय કહેવાય. रुचि અર્થવાળા ધાતુ સાથે સંબંધ હોય તો प्रेय અર્થના સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી. विकार એટલે પરિણામ. જે વિકારસૂચક હોય–જેરૂપે વિકાર થતો હોય તેરૂપનું જે સૂચક હોય–એવા ગૌણ નામને कृपि-'ખપવા' અર્થવાળા–ધાતુ સાથે સંબંધ હોય તો ચોથી વિભક્તિ લગાડવી અને उत्तमर्ण અર્થના સૂચક ગૌણ નામને धार् ધાતુનો સંબંધ હોય તો ચોથી વિભક્તિ લગાડવી

જેનું ધન હોય તે ધનિક ઉત્તમર્ણ કહેવાય.

પ્રેય–रुच–मैत्राय रोचते धर्मः-મૈત્રને ધર્મ તરફ અભિલાષ થાય છે–અહીં મૈત્ર પ્રેય છે.

વિકાર–कृप्–मूत्राय कल्पते यवागूः–મૂત્રરૂપ વિકાર માટે રાબ[1] ખપે છે એટલે સમર્થ છે

---

૧ રાબ મૂત્રરૂપે પરિણામ પામે છે તેથી मूत्र પદ વિકાર સૂચક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्लेष्मणे जायते दधि—દહીં શ્લેષ્મરૂપ વિકાર માટે છે. એટલે 'દહીં' ખાવાથી શ્લેષ્મા-સળેખમ—રૂપ વિકાર થાય છે.[1]

उत्तमर्ण—धारृ—चैत्राय शतं धारयति—કરજદાર માણસ પોતાના લેણદાર એવા ધનિક ચૈત્ર માટે સો રૂપિયાની રકમ ધારી રાખે છે—રાખી મુકે છે. અહીં ધનિક ચૈત્ર લેણદાર છે અને એને માટે સો રૂપિયાની રકમ કરજદાર રાખી મુકે છે. રાખી મુકેલ સો રૂપિયારૂપ ધન ચૈત્રનું છે એમ આ પ્રયોગ સૂચવે છે એટલે ચૈત્ર ઉત્તમર્ણ છે (ધનનો જે પ્રયોગ કરે છે–ધનની ધીરધાર વગેરે કરે છે–ધનનો સ્વામી હોય છે તેને લોકો ઉત્તમ માને છે તેથી ધનિક ઉત્તમર્ણ કહેવાય—ઉત્તમઋણ=ઉત્તમર્ણ-જેનું ઋણ ઉત્તમ છે.)

॥ ૨ । ૨ । ૫૫ ॥

## प्रत्याङः श्रुवाऽर्थिनि ॥ २ । २ । ५६ ॥

प्रति અને आङ् સાથેના श्रु ધાતુ સાથે સંબંધ ધરાવનાર અર્થી એટલે અભિલાષા કરનાર-યાચક સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

प्रति–द्विजाय गां प्रतिशृणोति<br>आ–द्विजाय गाम् आशृणोति } બ્રાહ્મણ માટે ગાયની પ્રતિજ્ઞા કરે છે એટલે બ્રાહ્મણને ગાય આપવાનો સંકલ્પ કરે છે. અહીં યાચક દ્વિજ છે. તેથી તેને ચોથી વિભક્તિ થઈ. ॥ ૨ । ૨ । ૫૬ ।

## प्रत्यनोर्गृणाऽऽख्यातरि ॥ २ । २ । ५७ ॥

प्रति અને अनु સાથે જોડાયેલા गृ ધાતુ સાથે સંબંધ ધરાવતા વક્તારૂપ ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

प्रति–गुरवे प्रतिगृणाति<br>अनु–गुरवे अनुगृणाति } ગુરુએ કહેલ વચનને ફરી બોલે છે. એટલે ગુરુએ કહેલ વાતને ફરી બોલીને તે પ્રમાણે કરે છે, અહીં ગુરુ વક્તા છે તેથી તેને ચોથી વિભક્તિ થઈ

**આ સૂત્ર એમ સૂચવે છે કે, ગુરુ, માતા-પિતા કે વડીલ જયારે પોતાના શિષ્યને અથવા સંતતિને એમ કહે કે 'પાણી લાવો' અથવા 'ભણવા બેસો' ત્યારે આ વચન સાંભળનાર એમ બોલે છે કે, 'હાજી,**

---

૧ દહીં શ્લેષ્મ-કફ-રૂપે પરિણામ પામે છે તેથી શ્લેષ્મા પદ વિકાર સૂચક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણી લાવું છું' 'હાજી ભણવા બેસું છું' આમ ગુરુએ કે માતા-પિતા વગેરેએ કહેલું બોલીને પછી તે આજ્ઞાનું પાલન કરે છે. આ ખાસ હાર્દિક વિનયની કે આદરની ભાષા છે. આ જાતની ભાષા બોલવાની સૂચના આ વિધાનમાં છે. ॥ ૨ । ૨ ૫૭ ॥

## यद्वीक्ष्ये राधीक्षी ॥ २ । २ । ५८ ॥

वीक्ष्य–ઝીણવટથી જોવું કે ઝીણવટથી જોવાની ચીજ. જેના વિશે ઝીણવટથી જોવામાં આવતું હોય અને राध् ધાતુ તથા ईक्ष् ધાતુનો સંબંધ હોય તો તે ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

राध्–मैत्राय राध्यति—મૈત્ર માટે ઝીણવટથી જુએ છે.

ईक्ष्–मैत्राय ईक्षते– મૈત્રનું નસીબ જુએ છે.

ईक्षितव्यं परस्त्रीभ्यः–પરસ્ત્રી માટે ઝીણવટથી જોવાનું એટલે કામુક પુરુષ પરસ્ત્રીઓનો અભિપ્રાય જોવા પ્રયત્ન કરે છે.

मैत्रम् ईक्षते–મૈત્રને જુએ છે–અહીં સામાન્ય ઇક્ષણ–જોવાનું–છે, ઝીણવટનું નથી તેથી मैत्र શબ્દને ચોથી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૫૮ ।

## उत्पातेन ज्ञाप्ये ॥ २ । २ । ५९ ॥

જે બનાવ આકસ્મિક બને તે ઉત્પાત કહેવાય. એ ઉત્પાત ભવિષ્યમાં થનારા જે બનાવને સૂચવતો હોય તે બનાવ ज्ञाप्य કહેવાય, તેવા જ્ઞાપ્ય સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

"वाताय कपिला विद्युत् आतपायाऽतिलोहिनी ।
पीता वर्षाय विज्ञेया दुर्भिक्षाय सीता भवेत् ॥

वाताय कपिला विद्युत्—ઉત્પાતરૂપ કાબરચિતરી વીજળી વાવાઝોડાના બનાવને સૂચવે છે એટલે કાબરચિતરી વીજળી ભવિષ્યમાં થનારા વાવાઝોડાના બનાવને બતાવે છે.

आतपाय अतिलोहिनी–અતિશય લાલરંગની વીજળી ભવિષ્યમાં પડનારા વિશેષ પ્રકારના આકરા તાપના બનાવને સૂચવે છે એટલે ભવિષ્યમાં પડનારી વિશેષ ગરમીને સૂચવે છે.

पीता वर्षाय विज्ञेया–પીળા રંગની વીજળી વરસાદની આગાહી બતાવે છે એટલે ભવિષ્યમાં થનારા વરસાદના બનાવને સૂચવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुर्भिक्षाय सीता भवेत्–ધોળા રંગની વીજળી ભવિષ્યના બનાવરૂપ દુકાળની આગાહી કરે છે એટલે ભવિષ્યમાં દુકાળ પડશે એવું સૂચવે છે.

આ વાક્યોમાં વીજળી ઉત્પાત રૂપ છે, તે દ્વારા જેની આગાહી થાય છે તે ज्ञाप्य છે તેથી તેને ચોથી વિભક્તિ થઇ.

राज्ञः इदं छत्रम्, आयान्तं विद्धि राजानम्—આ આવતું દેખાતું છત્ર રાજાનું છે એટલે તરતમાં રાજાને આવતો જાણ–અહીં છત્ર દ્વારા રાજાનું આગમન તો જણાય છે પણ 'છત્ર' પદ ઉત્પાતસૂચક નથી તેથી તેને ચોથી વિભક્તિ ન થઈ એટલે छत्राय એમ ન થાય. ॥ ૨ । ૨ । ૫૯ ॥

## श्लाघ-ह्नु-स्था-शपा प्रयोज्ये ॥ २ । २ । ६० ॥

શ્લાઘ્, હ્નુ, સ્થા અને શપ્ ધાતુઓના સંબંધમાં જે જ્ઞાપ્યરૂપ પ્રયોજ્ય સૂચક ગૌણ નામ હોય તેને ચોથી વિભક્તિ લગાડવી. કોઈ વાતને કે કોઇ હકીકતને જેને જણાવીને કોઈ પ્રકારે પ્રેરણા કરવાની હોય તે ज्ञाप्यप्रयोज्य કહેવાય.

मैत्राय શ્લાઘતે–મૈત્ર માટે-મૈત્રને પ્રેરિત કરવા માટે શ્લાઘા કરે છે–પોતાની કે બીજાની શ્લાઘા દ્વારા મૈત્રને પ્રેરણા કરે છે.

मैत्राय ह्नुते–મૈત્રને પ્રેરિત કરવા મૈત્ર માટે કોઈ હકીકતના અપલાપની વાત જણાવે છે એટલે કોઈ છુપી વાતને ખુલ્લી કરે છે.

मैत्राय तिष्ठते–મૈત્ર માટે ઊભો રહે છે એટલે મૈત્રને કોઈ રીતે પ્રેરિત કરવા પોતાની જાતને જણાવવા ઊભા રહે છે

मैत्राय शपते–મૈત્ર માટે સોગન ખાય છે એટલે માતા–પિતા વગેરેના સોગન ખાઈને 'હું જાણતો નથી' એમ જણાવીને મૈત્રને કોઇ પ્રકારની પ્રેરણા કરે છે.—આ બધા પ્રયોગોમાં મૈત્ર જ્ઞાપ્યપ્રયોજ્ય છે.

मैत्राय आत्मानं શ્લાઘતે, आत्मनो मा भूत्–મૈત્રની આગળ પોતાની પ્રશંસા કરે છે—આ પ્રયોગમાં 'આત્મા' જ્ઞાપ્યપ્રયોજ્ય નથી તેથી 'આત્મા' ને ચોથી વિભક્તિ ન થાય. ॥ ૨ । ૨ । ૬૦ ॥

## तुमोऽर्थे भाववचनात् ॥ २ । २ । ६१ ॥

એક ક્રિયા માટે બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય એવા અર્થને સૂચવવા तुम् નું વિધાન હવે પછી કરવાનું છે. (જુઓ–૫ા૩ા૧૩) આવો तुमर्थ જે વાક્યમાં હોય તે વાક્યમાં વપરાતા ભાવવાચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

भाववाचक નામ એટલે માત્ર ક્રિયાનું સૂચક નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाकाय व्रजति–એટલે पक्तुं व्रजति–રાંધવા માટે જાય છે.–

इज्यायै व्रजति–એટલે यष्टुं व्रजति–પૂજા કરવા માટે અથવા યજ્ઞ માટે જાય છે.

આ બન્ને પ્રયોગોમાં 'રાંધવું' અને 'તે માટે જવું' તેમ જ 'પૂજા કરવી' કે 'યજ્ઞ કરવો' અને 'તે માટે જવું' એમ બે ક્રિયાઓ છે અને તેમાં પ્રથમ ક્રિયા માટે બીજી ક્રિયા થાય છે એટલે એ બે ક્રિયાઓ એક બીજા માટે થનારી ક્રિયાઓ છે એટલે વાક્યમાં तुमर्थ છે તથા पाक અને इज्या શબ્દો ભાવવાચક છે, એથી ભાવવાચક એ બન્ને નામોને ચતુર્થી વિભક્તિ લાગી.

पाकस्य–રાંધવાનું—આ વાક્યમાં तुमर्थ નથી.

पक्ष्यतीति पाचकस्य व्रज्या–જે હવે પછી રાંધશે તે પાચક, તેવા પાચકનું ગમન–અહીં पाचक શબ્દ કર્તાવાચક, છે. ભાવવાચક નથી. ॥ ૨ । ૨ । ૬૧ ॥

## गम्यस्याऽऽप्ये ॥ २ । २ । ६२ ॥

ગમ્ય એટલે અધ્યાહારરૂપે રહેનાર. વાક્યમાં तुम् નો અર્થ તો જણાતો હોય પણ તે માટે तुम् નો સાક્ષાત્ પ્રયોગ વાક્યમાં ન થયો હોય તે गम्य तुम् કહેવાય. આવા ગમ્ય तुम् ના કર્મરૂપ ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

एधेभ्यः व्रजति–લાકડાં માટે–લાકડાં લેવા માટે–જાય છે.

फलेभ्यः व्रजति–ફળો માટે–ફળો લેવા માટે–જાય છે.

આ બન્ને વાક્યોમાં 'લેવા માટેનો' અર્થ એટલે तुमर्थ અધ્યાહૃત છે અને તેનું व्याप्य–કર્મ–લાકડાં તથા ફળો છે તેથી તેમને ચતુર્થી લાગી.

एधान् आहर्तुं याति–લાકડાં લેવા માટે જાય છે–આ પ્રયોગમાં 'તે માટે' એવો तुमर्थ તો છે પણ તે વાક્યમાં સાક્ષાત દર્શાવેલ છે, ગમ્ય નથી તેથી एधान् ને બદલે एधेभ्यः ન થયું. ॥ ૨ । ૨ । ૬૨ ॥

## गतेर्नवाऽनाप्ते ॥ २ । २ । ६३ ॥

गति–પગે ચાલવું. अनाप्त -પમાએલ નહીં–જયાં પહોંચી શકાયું ન હોય તે. પગે ચાલવાની ક્રિયાના अनाप्त કર્મરૂપ ગૌણ નામને વિકલ્પે ચોથી વિભક્તિ લગાડવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रामं ग्रामाय वा याति-ગામ જાય છે. પણ ગામ પહોંચી શકાયું નથી- એવો આ વાક્યનો અર્થ છે.

विप्रनष्टः पन्थानं पथे वा याति—ભૂલો પડેલો માણસ માર્ગે જાય છે પણ તેને માર્ગ મળ્યો નથી-એવો આ વાક્યનો અર્થ છે.

स्त्रियं गच्छति—સ્ત્રીને જાણે છે અથવા મનથી સ્ત્રી તરફ જાય છે.
मनसा मेरुं गच्छति—મનથી મેરુને જાણે છે અથવા મનથી મેરુ તરફ જાય છે.
આ બન્ને વાક્યોમાં 'પગે ચાલવાની' ગતિ નથી, તેથી સ્ત્રી અને મેરુ શબ્દોમાં ચોથી વિભક્તિ ન થઇ.

पन्थानं याति— માર્ગે જાય છે- અહીં તો બરોબર રસ્તો મળી ગયો છે. पन्थ રૂપ કર્મ અનાપ્ત નથી તેથી पथे એમ ચોથી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૬૩ ॥

## मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने ॥ २ । २ । ६४ ॥

જે નામ વડે ઘણી નિંદા સૂચવાય તે નામ अतिकुत्सन. मन् ધાતુના અતિકુત્સનરૂપ કર્મ-વ્યાપ્ય-સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી. આ સૂત્રમાં અતિકુત્સનસૂચક नौ (હોડી) વગેરે શબ્દો ન લેવા.
સૂત્રમાં मन्य એમ य યુક્ત मन् ધાતુ બતાવેલો હોવાથી અહીં मन् ધાતુ ચોથા ગણનો લેવો પણ આઠમા તનાદિ ગણનો मन् ધાતુ ન લેવો.
न त्वा तृणाय तृणं वा मन्ये—તને હું તણખલા તુલ્ય પણ માનતો નથી.
એટલે તણખલા કરતાં પણ ઘણો હલકો-નીચ-માનું છું

न त्वा तृणं मन्वे—તને હું ઘાસ તુલ્ય નથી માનતો-અહીં मन् ધાતુ ચોથા ગણનો નથી પણ આઠમા ગણનો છે તેથી तृण ને ચોથી વિભક્તિ ન થઈ.

न त्वा नावं मन्ये-તને હું હોડી તોલે નથી માનતો.
न त्वा अन्नं मन्ये-તને હું અન્ન તોલે નથી માનતો.
न त्वा शुकं मन्ये-તને હું શુક-પોપટ-તોલે નથી માનતો.
न त्वा शृगालं मन्ये-તને હું શિયાળ-શૃગાલ-તોલે નથી માનતો.
न त्वा काकं मन्ये-તને હું કાગડા તોલે નથી માનતો
આ બધા પ્રયોગમાં સૂત્રમાં વર્જેલાં नौ વગેરે નામો છે તેથી नौ अन्न વગરે નામોને ચોથી વિભક્તિ ન થઈ.
न त्वा रत्नं मन्ये-તને હું રત્ન તોલે નથી માનતો પણ રત્ન કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ માનું છું. આ રીતે આ પ્રયોગમાં અતિનિંદા નથી પણ પ્રશંસા છે. તેથી तृणाय ન થાય,

न त्वा तृणाय मन्ये–તને હું તણખલા જેવો નથી માનતો–આ વાક્યમાં युष्मद् શબ્દ ચોથી વિભક્તિમાં ન આવે. કારણ કે, તે નિંદનીય તો છે પણ અતિનિંદાના સાધનરૂપ શબ્દ નથી તેથી त्वां નું तुभ्यम् ન થાય.

त्वां तृणं मन्ये–તને તણખલા સરખો તો માનું છું–અહીં અતિનિંદા નથી તેથી तृणाय ન થાય. ॥ २ । २ । ६४ ॥

## हित–सुखाभ्याम् ॥ २ । २ । ६५ ॥

हित અને सुख શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી.

आमयाविने आमयाविनो वा हितम्–રોગીને માટે કે રોગીનું હિતરૂપ છે.
चैत्राय चैत्रस्य वा सुखम्–ચૈત્રને માટે કે ચૈત્રનું સુખ છે.

॥ २ । २ । ६५ ॥

## तद्-भद्रा-ऽऽयुष्य-क्षेमा-ऽर्थाऽर्थेनाऽऽशिषि ॥ २ । २ । ६६ ॥

तद् એટલે હિત નામ અને હિતના અર્થવાળું નામ, સુખ નામ અને સુખના અર્થવાળું નામ

તથા ભદ્ર નામ અને ભદ્રના અર્થવાળું નામ, આયુષ્ય નામ અને આયુષ્યના અર્થવાળું નામ, ક્ષેમ નામ અને ક્ષેમના અર્થવાળું નામ, અર્થ નામ અને અર્થના અર્થવાળું નામ એ બધાં નામો સાથે જોડાયેલા ગૌણ નામને આશીર્વાદનો અર્થ જણાતો હોય તો ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી.

(અર્થ એટલે પ્રયોજન અથવા કાર્ય)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| हित–हितं | जीवेभ्यो | जीवानां | वा | भूयात्–જીવોનું | હિત | થાઓ. |
| હિતનો અર્થ–पथ्य–पथ्यं | ,, | ,, | ,, | ,, | પથ્ય | ,, |
| सुख–सुखं | प्रजाभ्यः | प्रजानां | वा | भूयात्–પ્રજાઓને | સુખ | થાઓ. |
| સુખનો અર્થ–शम्–शं | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| शर्म–शर्म | ,, | ,, | ,, | ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भद्र–भद्रम् अस्तु श्रीजिनशासनाय श्रीजिनशासनस्य वा–શ્રીજિનશાસનનું ભલું થાઓ.

भद्र નો અર્થ–कल्याण-कल्याणम् अस्तु श्रीजिनशासनाय श्रीजिनशासनस्य वा–શ્રીજિનશાસનનું કલ્યાણ થાઓ.

आयुष्य–आयुष्यम् अस्तु चैत्राय चैत्रस्य वा–ચૈત્રને આયુષ્ય થાઓ–ચૈત્ર ઘણું જીવો.

आयुष्य નો અર્થ–जीवित–जीवितं भवतु चैत्राय चैत्रस्य वा–ચૈત્રનું જીવિત થાઓ–ચૈત્ર લાંબું જીવો.

क्षेम-क्षेमं भूयात् श्रीसंघाय श्रीसंघस्य वा–શ્રીસંઘનું ક્ષેમ થાઓ

क्षेम નો અર્થ–कुशल–कुशलं ,, ,, ,, ,, કુશળ ,,

निरामयं ,, ,, ,, ,, ,, આરોગ્ય થાઓ.

अर्थ–अर्थो भूयाद् मैत्राय मैत्रस्य वा–મૈત્રનું કામ થઇ જાઓ

अर्थ નો અર્થ–कार्य–कार्यं भूयाद् मैत्राय मैत्रस्य वा–મૈત્રનું કામ થઇ જાઓ.

प्रयोजन प्रयोजनं– ,, ,, ,, ,, ,, ,,

॥ २ । २ । ६६ ॥

## परिक्रयणे ॥ २ । २ । ६७ ॥

જે વડે કોઈ પણ પદાર્થને અમુક કાળ માટે પોતાનો કરી શકાય એનું નામ परिक्रयण. પરિક્રયણ અર્થના સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી.

शताय शतेन वा परिक्रीतः–સો રૂપિયા માટે કે સો રૂપિયા ને બદલે કે સો રૂપિયા વડે અમુક કાળ સુધી (ઘોડો અથવા માણસ) રાખેલ છે.

॥ २ । २ । ६७ ॥

## शक्तार्थ-वषड्-नमः-स्वस्ति-स्वाहा-स्वधाभिः ॥ २ । २ । ६८ ॥

शक्त શબ્દ અને शक्त અર્થવાળા શબ્દો તથા वषड्, नमस्, स्वस्ति, स्वाहा અને स्वधा એ બધા શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

शक्त–शक्तः मल्लो मल्लाय–મલ્લ માટે મલ્લ સમર્થ છે એટલે મલ્લ બીજા મલ્લને બરાબર પહોંચી વળે તેમ છે

शक्त નો અર્થ–प्रभु–प्रभुः ,, ,, ,, ,, ,, ,, ,,

वषड् अग्नये–અગ્નિને આહુતિ.

नमोऽर्हद्‌भ्यः–અરહંતોને નમસ્કાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वस्ति प्रजाभ्यः–પ્રજાને સ્વસ્તિ

स्वाहा इन्द्राय–ઇંદ્રને આહુતિ.

स्वधा पितृभ्यः–પિતરોને તર્પણ–શ્રાદ્ધ. ॥ ૨ । ૨ । ૬૮ ॥

પંચમી—

## पञ्चम्यपादाने ॥ २ । २ । ६९ ॥

અપાદાનસૂચક ગૌણ નામને ङसि, भ्याम्, भ्यस् રૂપ પંચમી વિભક્તિ લાગે છે.

ग्रामाद् आगच्छति–ગામથી આવે છે.

गोदोहाभ्याम् आगच्छति–ગાયને દોહવાના બે સ્થાન પાસેથી આવે છે.

वनेभ्यः आगच्छति–વનોમાંથી આવે છે. ॥ ૨ । ૨ । ૬૯ ॥

## आङाऽवधौ ॥ २ । २ । ७० ॥

अवधि—मर्यादा–सीमा–હદ અથવા અભિવિધિ. અભિવિધિ–સીમા–હદ. જે નામ હદસૂચક હોય તેના અર્થનો પણ અભિવિધિમાં સમાવેશ છે. आङ् સાથે જોડાયેલા આ બન્ને અર્થના સૂચક ગૌણ નામને પંચમી વિભક્તિ લાગે છે.

मर्यादा–आ पाटलिपुत्राद् वृष्टो मेघः–પાટલિપુત્ર સુધી મેઘ વરસ્યો. આ પ્રયોગમાં પાટલિપુત્રમાં મેહ વરસ્યાની હકીક્ત સૂચવાતી નથી

અભિવિધિ—आ पाटलिपुत्राद् वृष्टो मेघः–પાટલિપુત્ર–પટણા–સુધી મેઘ વરસ્યો. આ પ્રયોગમાં પાટલિપુત્રની આસપાસ તથા પાટલિપુત્રમાં પણ મેહ વરસ્યો. એ હકીક્ત સૂચવાય છે. ॥ ૨ । ૨ । ૭૦ ॥

## पर्यपाभ्यां वर्ज्ये ॥ २ । २ । ७१ ॥

વર્જ્ય અર્થવાળા परि અને अप શબ્દથી યુક્ત એવા ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

परि पाटलिपुत्राद् वृष्टो मेघः—પાટલિપુત્ર સુધી વરસાદ વરસ્યો છે,

अप ,, ,, ,, ,, ,, ,, ,, ,,

એટલે પાટલિપુત્રને છોડીને બીજે ઠેકાણે વરસાદ વરસ્યો છે.

अपशब्दः मैत्रस्य–મૈત્રનો અપશબ્દ—આ પ્રયોગનો अप वर्ज्य અર્થનો નથી. ॥ ૨ । ૨ । ૭૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यतः प्रतिनिधि-प्रतिदाने प्रतिना ।। २ । २ । ७२ ।।

प्रतिनिधि—મુખ્ય જેવો—મુખ્યના બદલામાં ચાલે એવો.

प्रतिदान—એક વસ્તુને બદલે બીજી વસ્તુ લેવી કે આપવી—અદલાબદલી કરવી,

प्रतिनिधि ને સ્થાને વપરાનારનું સૂચક ગૌણ નામ તથા प्रतिदान —અપાતા પદાર્થને બદલે કામમાં આવનાર પદાર્થનું સૂચક ગૌણ નામ—એ બન્ને ગૌણ નામને प्रति શબ્દનો સંબંધ હોય તો પંચમી વિભક્તિ લગાડવી.

प्रतिनिधि—प्रद्युम्नो वासुदेवात् प्रति—વાસુદેવને બદલે પ્રદ્યુમ્ન, પ્રતિનિધિ છે.

प्रतिदान—तिलेभ्यः प्रति माषान् प्रयच्छति—તલને બદલે અડદ આપે છે—તલ લઈને બદલામાં અડદ આપે છે. ॥ ૨ । ૨ । ૭૨ ॥

## आख्यातर्युपयोगे ॥ २ । २ । ७३ ॥

आख्याता—પ્રતિપાદન કરનાર અથવા શીખવનાર. આખ્યાતા અર્થના ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી, આવા વાક્યમાં નિયમપૂર્વક સતત વિદ્યાના કે કળા વગેરેના સાવધાની પૂર્વકના ગ્રહણનો અર્થ જણાતો હોવો જોઈએ.

उपाध्यायाद् अधीते—ઉપાધ્યાય પાસે ધ્યાન દઈને નિરંતર ભણે છે.

उपाध्यायाद् आगमयति-ઉપાધ્યાય પાસેથી ધ્યાન દઈને નિરંતર મેળવે છે.

नटस्य शृणोति—નટને સાંભળે છે—અહીં સાતત્ય નથી. ॥ ૨ । ૨ । ૭૩ ॥

## गम्ययपः कर्मा-ऽऽधारे ॥ २ । २ । ७४ ॥

એક ક્રિયા કર્યા પછી બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય ત્યાં પૂર્વની ક્રિયાના સૂચક ધાતુને यप् પ્રત્યય લગાડવામાં આવે છે. આવો यप् પ્રત્યયવાળો પ્રયોગ વાક્યમાં અધ્યાહારરૂપે હોય તો તે અધ્યાહૃતક્રિયા સૂચક यप् પ્રત્યયવાળા પદના કર્મરૂપ ગૌણ નામને તથા આધાર સૂચક ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

कर्म—प्रासादात् प्रेक्षते—પ્રાસાદથી જુએ છે—પ્રાસાદ ઉપર ચડીને જુએ છે. અહીં 'ઉપર ચડીને' એવા અર્થનું સૂચક यप् પ્રત્યયવાળું પદ અધ્યાહારરૂપ છે એટલે તે અધ્યાહારવાળા ક્રિયાસૂચક પદનું प्रासाद કર્મ છે, તેથી તેને પંચમી વિભક્તિ લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધાર— आसनात् प्रेक्षते–આસનથી જુએ છે–આસન ઉપર બેસીને જુએ છે–અહીં પણ 'ઉપર બેસીને' એવા અર્થનું સૂચક यप् પ્રત્યયવાળું પદ અધ્યાહારરૂપ છે અને તેનો આધાર आसन છે એટલે આધારને પંચમી વિભક્તિ લાગી.

प्रासादम् आरुह्य शेते–પ્રાસાદ ઉપર ચડીને સુએ છે–આ વાક્યમાં 'ચડીને' અર્થનો સૂચક यप् પ્રત્યયવાળો શબ્દ અધ્યાહાર નથી પણ વાક્યમાં સાક્ષાત મૂકેલો છે. એથી प्रासादम् ને બદલે प्रासादात् ન થયું

आसने उपविश्य भुङ्क्ते–આસન ઉપર બેસીને ખાય છે.–અહીં પણ 'બેસીને' અર્થનો સૂચક यप् પ્રત્યયવાળો શબ્દ અધ્યાહાર નથી પણ વાક્યમાં સાક્ષાત મૂકેલો છે. તેથી आसने ને બદલે आसनात् ન થયું ॥ ૨ । ૨ । ૭૪ ॥

## प्रभृत्यन्यार्थ-दिक्शब्द-बहिराराहितरैः ॥ २ । २ । ७५ ॥

प्रभृति શબ્દ તથા प्रभृति અર્થવાળા શબ્દો, अन्य શબ્દ તથા अन्य અર્થવાળા શબ્દો, दिक्–દિશા નામ તથા दिक्शब्द એટલે દિશા સૂચક શબ્દ જે દિશાસૂચક શબ્દ દેશ અથવા કાળ વગેરેનો સૂચક હોય તેને અહીં (दिक्शब्द સમજવો) અને बहिर्, आरात् તથા इतर–એ બધા શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

प्रभृति–ततः प्रभृति–ત્યારથી માંડીને.

प्रभृति અર્થ–ग्रीष्माद् आरभ्य–ઉનાળાથી માંડીને.

अन्य–अन्यो मैत्रात्–મૈત્રથી જૂદો.

अन्य અર્થ–भिन्नः मैत्रात्–મૈત્રથી જૂદો

दिशा नाम–ग्रामात् पूर्वस्यां दिशि वसति–ગામથી પૂર્વ દિશામાં રહે છે.

दिक्शब्द–उत्तरोविन्ध्यात् पारियात्रः–વિંધ્ય પર્વતથી પારિયાત્ર પર્વત ઉત્તરે છે.

पश्चिमो रामाद् युधिष्ठिरः–રામથી યુધિષ્ઠિર પાછળના–છે.

बहिर्–बहिर्ग्रामात्–ગામથી બહાર છે.

आरात्–आराद् ग्रामात्–ગામની પાસે છે,

इतर–इतरः ग्रामात्–ગામથી ઇતર–જુદો–છે. ॥ ૨ । ૨ । ૭૫ ॥

## ऋणाद्धेतोः ॥ २ । २ । ७६ ॥

હેતુરૂપ બનેલા ऋण વાચી ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી. હેતુ એટલે ક્રિયા નહીં કરનારું નિમિત્ત.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

शताद् बद्धः-સો રૂપિયાના ઋણને લીધે બંધાયેલો છે-આ વાક્યમાં બંધાવામાટે સો રૂપિયા નિમિત્તરૂપ છે-હેતુરૂપ છે.

शतेन बद्धः-સો રૂપિયાથી બંધાયેલો-અહીં शत શબ્દ હેતુરૂપ નથી પણ ક્રિયા કરનાર કરણરૂપ વિવક્ષિત છે એટલે તૃતીયા વિભક્તિ લાગી છે. ॥ ૨ । ૨ । ૭૬ ॥

## गुणादस्त्रियां नवा ॥ २ । २ । ७७ ॥

હેતુભૂત ગુણવાચી ગૌણ નામને પંચમી વિભક્તિ વિકલ્પે લગાડવી. પણ હેતુભૂત ગુણવાચી ગૌણ નામ નારીજાતિમાં ન હોવું જોઈએ.

जाड्याद् जाड्येन वा बद्धः-જડતાને લીધે બંધાયેલો છે.

ज्ञानाद् ज्ञानेन वा मुक्तः-જ્ઞાનને લીધે મુક્ત થયેલો છે.

આ બન્ને વાક્યોમાં જડતા અને જ્ઞાન બન્ને ગુણવાચક અને હેતુરૂપ ગૌણ નામ છે.

बुद्ध्या मुक्तः-બુદ્ધિથી મુક્ત થયો. અહીં बुद्धि શબ્દ નારીજાતિનો છે તેથી તેને પંચમી વિભક્તિ ન લાગી. ॥ ૨ । ૨ । ૭૭ ॥

## आरादर्थैः ॥ २ । २ । ७८ ॥

आरात्-દૂર અથવા પાસે. દૂર અથવા પાસે અર્થવાળા નામ સાથે સંબંધ ધરાવતા ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

दूरं ग्रामाद् ग्रामस्य वा- ગામથી દૂર.

विप्रकृष्टं ग्रामाद् ग्रामस्य वा--,, ,,

अन्तिकं ,, ,, ,, ગામની પાસે.

अभ्याशं ,, ,, ,, ,, ,,

જ્યારે आरात् શબ્દનો સંબંધ હોય ત્યારે તો ૭૫ માં સૂત્રનો જ નિયમ લાગે છે તેથી આ ઉદાહરણોમાં आरात् શબ્દવાળું ઉદાહરણ આપેલ નથી. ॥ ૨ । ૨ । ૭૮ ॥

## स्तोकाल्प-कृच्छ्र-कतिपयादसत्त्वे करणे ॥ २ । २ । ७९ ॥

असत्त्व-ન દેખાય તેવો ગુણ. અસત્ત્વવાચક અને કરણસૂચક स्तोक अल्प, कृच्छ्र, कतिपय એવા ગૌણ નામોને પંચમી વિભક્તિ વિકલ્પે લગાડવી.

અસત્ત્વવાચક કરણ-स्तोकात् स्तोकेन वा मुक्तः-થોડાથી મુકાયો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે થોડો દોષ કરવાથી બંધનમાં ન પડયો.

अल्पाद् अल्पेन वा मुक्तः– " "

कृच्छ्रात् कृच्छ्रेण वा मुक्तः–મુશીબતે મુકાયો.

कतिपयात् कतिपयेन वा मुक्तः—કેટલાકથી મુકાયો–એટલે કેટલાકોએ ભેગા થઇને બંધનમાં ન પડવા દીધો.

स्तोकेन विषेण हतः—થોડા વિષથી હણાયેલો–અહીંનો स्तोक શબ્દ विषनुं વિશેષણ હોવાથી અને વિષ દેખાય એવું હોવાથી સત્ત્વવાચક નામ છે.

॥ ૨ । ૨ । ૭૯ ॥

ષષ્ઠી—

## अज्ञाने ज्ञः षष्ठी ॥ २ । २ । ८० ॥

અજ્ઞાનના અર્થવાળા ज्ञा ધાતુના કરણવાચી ગૌણ નામને ङस्, ओस्, आम् રૂપ છઠ્ઠી વિભક્તિ લગાડવી.

सर्पिषः जानीते–ઘીને ટોપરેલ સમજીને અથવા બીજી કોઈ ઘી જેવી વસ્તુને ઘી સમજીને તે વડે પ્રવૃત્તિ કરે છે અથવા કામ ચલાવે છે.

सर्पिषोः जानीते–ઉપર જણાવેલ ખોટી સમજ રાખીને બે જાતના ઘીવડે પ્રવૃત્તિ કરે છે. અથવા કામ ચલાવે છે.

सर्पिषां जानीते–ઉપર જણાવેલ મિથ્યા સમજ રાખીને વિવિધ પ્રકારનાં ઘીવડે પ્રવૃત્તિ કરે છે અથવા કામ રોડવે છે.

આ વાકયોમાં ज्ञा ધાતુનો અર્થ પ્રવૃત્તિ છે અથવા વિપરીત જ્ઞાન છે. स्वरेण पुत्रं जानाति–અવાજવડે દીકરાને જાણે છે–ઓળખે છે. આ વાકયમાં ज्ञा ધાતુનો અર્થ 'ખરું જાણવું' છે.

तैलं सर्पिषो जानाति–તેલને ઘીરૂપે જાણે છે–આ વાકયમાં તેલ કરણ નથી તેથી તેને ષષ્ઠી ન થાય. सर्पिष् કરણ છે તેથી તેને ષષ્ઠી થઈ ગઈ છે.

॥ ૨ । ૨ ॥ ૮૦ ॥

## शेषे ॥ २ । २ । ८१ ॥

પોતે અને પોતાનું, નોકર અને શેઠ, બાપ અને દીકરો વગેરે પ્રકારના જે વિવિધ સંબંધો છે તેનું નામ શેષ. અથવા કર્મ વગેરે કારકોની અવિવક્ષાને પણ 'શેષ કહેવાય. અવિવક્ષા એટલે કર્મવગેરે કારકો હોય છતાં તેમને તે રીતે નહીં સમજવાની ઈચ્છા તે અવિવક્ષા. આવા શેષ રૂપ ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राज्ञः पुरुषः-રાજાનો પુરુષ-અહીં સ્વામી-સેવકનો સંબંધ છે.

उपगोः उपत्यम्-ઉપગુનો પુત્ર-અહીં બાપ-દીકરાનો સંબંધ છે.

माषाणाम् अश्नीयात्—અડદને ખાઓ.-આ વાકયમાં अश्नीयात् ક્રિયાનું કર્મ અડદ છે. છતાં તેને કર્મરૂપે બોલવાની-જણાવવાની-ઇચ્છા નથી માટે माष શબ્દ શેષરૂપ કહેવાય. ॥ ૨ । ૨ । ૮૧ ॥

## रि-रिष्टात्-स्तादस्तादसतसाता ॥ २ । २ । ८२ ॥

रि, रिष्टात् , स्ताद् , अस्ताद् , अस् , अतस् અને आत् , આ બધા પ્રત્યયો જેમને લાગેલા હોય તેમની સાથે જોડાયેલ ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

रि-ग्रामस्य उपरि-ગામની ઊપર.

रिष्टात्-ग्रामस्य उपरिष्टात्-ગામની ઊપર-આગળ.

स्तात्-ग्रामस्य परस्तात्-ગામની પર-બીજી તરફ

अस्तात्-ग्रामस्य परस्तात्-ગામની આગળ

अस्-ग्रामस्य पुरः—ગામની આગળ

अतस्-ग्रामस्य दक्षिणतः—ગામની દક્ષિણે.

आत्-ग्रामस्य उत्तरात्—ગામની ઉત્તરે. ॥ ૨ । ૨ । ૮૨ ॥

## कर्मणि कृतः ॥ २ । २ । ८३ ॥

જે ગૌણ નામ કૃદંતનું કર્મ હોય તેને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

अपां स्रष्टा-પાણીનો બનાવનાર.

गवां दोहः-ગાયોનું દોહવાનું.

આ બન્ને પ્રયોગોમાં स्रष्टा અને दोह એ બન્ને નામ કૃદંત છે અને अप् તથા गो શબ્દો કૃદંતના કર્મ છે, તેથી બન્નેને ષષ્ઠી વિભક્તિ થઈ છે.

शस्त्रेण भेत्ता-શસ્ત્ર વડે ભેદ કરનારો-અહીં શસ્ત્ર કરણ છે.

स्तोकं पक्ता-થોડું રાંધનારો-અહીં स्तोकम् ક્રિયાવિશેષણ છે.

भुक्तपूर्वी ओदनम्-જેણે પહેલાં ચોખા ખાધા છે તે-અહીં ओदन એ તદ્ધિતનું કર્મ છે, કૃદંતનું નથી. ॥ ૨ । ૨ । ૮૩ ॥

## द्विषो वाऽतृशः ॥ २ । २ । ८४ ॥

જેને છેડે अतृश् પ્રત્યય છે એવા द्विष् ધાતુના ગૌણ કર્મને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લગાડવી.

चौरस्य चौरं वा द्विषन्-ચોરનો દ્વેષ કરનાર. ॥ ૨ । ૨ । ૮૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वैकत्र द्वयोः ॥ २ । २ । ८५ ॥

કૃદંતના પ્રત્યયો જેને છેડે આવેલા છે એવા બે કર્મવાળા ધાતુઓના બે કર્મમાંના ગમે તે એક કર્મસૂચક નામને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લગાડવી. જ્યાં ષષ્ઠી વિભક્તિ ન લાગે ત્યાં ૨।૨।૮૩ના નિયમથી ષષ્ઠી નિત્ય થઈ જાય.

अजायाः नेता स्रुघ्नं स्रुघ्नस्य वा અથવા अजाम् अजाया वा नेता स्रुघ्नस्य–સ્રુઘ્ન નામના ગામ તરફ બકરીને લઈ જનારો—આમાં બે કર્મવાળા नी ધાતુનું नेता એ કૃદંત છે અને अजा તેમ જ स्रुघ्न એ બે તેનાં કર્મ છે. પ્રથમ ઉદાહરણમાં स्रुघ्नને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થઈ અને अजाને નિત્ય ષષ્ઠી થઈ ત્યારે બીજા ઉદાહરણમાં अजाને વિકલ્પે ષષ્ઠી થઈ અને स्रुघ्नને નિત્ય થઈ. ॥ ૨ । ૨ । ૮૫ ॥

## कर्तरि ॥ २ । २ । ८६ ॥

જેને છેડે कृत् પ્રત્યય આવેલો છે તેવા કૃદંતરૂપ ધાતુના કર્તાને ષષ્ઠી લગાડવી.

भवतः आसिका—તમારું બેસાણું—અહીં आसिका કૃદંત છે.
गृहे शायिका—ઘરમાં સૂવું.-અહીં गृह એ કર્તા નથી પણ અધિકરણ છે. ॥ ૨ । ૨ । ૮૬ ॥

## द्विहेतोरस्त्र्यणकस्य वा ॥ २ । २ । ८७ ॥

જે એક જ કૃદંતનો પ્રયોગ કર્તામાં અને કર્મમાં ષષ્ઠી વિભક્તિ થવામાં હેતુભૂત હોય તે કૃદંતના કર્તાને ષષ્ઠી વિકલ્પે લગાડવી.

સ્ત્રીલિંગમાં થનારા अ અને णक પ્રત્યયોવાળા કૃદંત (૫।૩।૧૦૫ તથા ૫।૩।૧૨૦) શબ્દો અહીં ન લેવા.

विचित्रा सूत्राणां कृतिः आचार्यस्य आचार्येण वा—આચાર્યની સૂત્રોની વિચિત્ર કૃતિ—અહીં कृति કૃદંત છે અને એ કૃદંત, સૂત્ર રૂપ કર્મને અને આચાર્ય રૂપ કર્તા નામને ષષ્ઠી વિભક્તિ થવા માટે નિમિત્ત છે. માટે કર્તાસૂચક આચાર્ય શબ્દને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થઈ.

आश्चर्यम् ओदनस्य पाकः अतिथीनां च प्रादुर्भावः—આશ્ચર્ય છે કે, ચોખાનો પાક થયો એટલે રસોઈ થઈ અને અતિથિઓ આવી ગયા.–આ સ્થળે पाक શબ્દ એકલા ओदन રૂપ કર્મને લાગેલી ષષ્ઠી વિભક્તિના નિમિત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ છે અને प्रादुर्भाव શબ્દ એકલા अतिथि રૂપ કર્તાને લાગેલી ષષ્ઠીનું નિમિત્ત છે, પણ એક જ કૃદંત બન્ને ષષ્ઠી વિભક્તિનું નિમિત્ત નથી.

चिकीर्षा मैत्रस्य काव्यानाम्—મૈત્રની કાવ્યો કરવાની ઇચ્છા.—અહીં चिकीर्षा માં अ પ્રત્યય છે.

भेदिका चैत्रस्य काष्ठानाम्—ચૈત્ર વડે કાષ્ઠોને વહેરવાનું.—અહીં भेदिका માં णक પ્રત્યય છે. આ બન્ને પ્રયોગોમાં વર્જેલા પ્રત્યયો છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૨ । ૨ । ૮૭ ॥

## कृत्यस्य वा ॥ २ । २ । ८८ ॥

જેને कृत्य પ્રત્યયો લાગેલા હોય એવા કૃદંતના ગૌણ કર્તાને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લગાડવી.

य (घ्यण्), य, य (क्यप्), तव्य અને अनीय એ પાંચે પ્રત્યયોની कृत्य સંજ્ઞા છે. આ कृत्य પ્રત્યયોનું વિધાન પાંચમા અધ્યાયમાં આવશે તથા અહીં ૨।૨।૮૩ થી માંડીને ૨।૨।૯૪ સૂત્રો સુધીમાં કૃદંતના જે પ્રત્યયોનો નિર્દેશ કરેલો છે તે તમામ પ્રત્યયોના વિધાનની સમજૂતી પણ પાંચમા અધ્યાયમાં આવશે.

त्वया तव वा कृत्यः कटः—તારે કરવા યોગ્ય સાદડી—અહીં कृत्य શબ્દ क्यप् પ્રત્યયવાળો છે અને એનો કર્તા त्वया છે. ॥ ૨ । ૨ । ૮૮ ॥

## नोभयोर्हेतोः ॥ २ । २ । ८९ ॥

कृत्य પ્રત્યયવાળું જે કૃદંત કર્તાને અને કર્મને ષષ્ઠી વિભક્તિ થવામાં નિમિત્તભૂત હોય તેવા कृत्य પ્રત્યયવાળા કૃદંતના ગૌણ કર્તાને અને ગૌણ કર્મને ષષ્ઠી વિભક્તિ થતી નથી.

नेतव्या ग्रामम् अजा मैत्रेण—મૈત્ર વડે ગામ તરફ લઈ જવા યોગ્ય બકરી. આ પ્રયોગમાં नेतव्या એ (तव्य) कृत्य પ્રત્યયવાળું કૃદંત છે અને તે अजा રૂપ કર્મને અને मैत्र રૂપ કર્તાને–બન્નેને થનારી ષષ્ઠી વિભક્તિનું નિમિત્ત છે. એટલે अजा ને કે मैत्र ને બે માંથી કોઇને ષષ્ઠી વિભક્તિ થઈ નહીં ॥ ૨ । ૨ । ૮૯ ॥

## तृन्नुदन्ता-ऽव्यय-क्वस्वाना-ऽतृश्-शतृ-ङि-णकच्-खलर्थस्य ॥ २ । २ । ९० ॥

तृ (तृन्) પ્રત્યય, અંતે उकार હોય એવા પ્રત્યયો, કોઈ પણ અવ્યય-રૂપ કૃદંત, वस् (क्वसु), आन, ['आन' અક્ષરોવાળા અનેક પ્રત્યયો છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધા જ અહીં લેવાના છે. જેમકે–कान (પા૨ા૨) आनश् (પા૨ા૨૦) स्यानश् (પા૨ા૨૦) शान (પા૨ા૨૩ તથા ૨૪)] अत् (अतृश्), अत् (शतृ તથા स्यतृ), इ (ङि), अक (णकच्), अ (खल्), અને अनप્રત્યયો–એ બધા પ્રત્યયો જેને લાગેલા–હોય એવા કૃદંતના ગૌણ કર્મને અને ગૌણ કર્તાને ષષ્ઠી વિભક્તિ ન થાય.

तृ—वदिता जनापवादान्–લોકના અપવાદોને બોલનારો.

उदन्त—कन्याम् अलङ्करिष्णुः–કન્યાને શણગારનારો.

श्रद्धालुः तत्त्वम्––તત્ત્વમાં શ્રદ્ધા રાખનારો.

अव्यय––कटं कृत्वा व्रजति–સાદડી બનાવીને જાય છે. અહીં कृत्वा અવ્યય છે.

ओदनं भोक्तुं व्रजति–ભાત ખાવા માટે જાય છે. અહીં भोक्तुम् અવ્યય છે.

क्वस्–ओदनं पेचिवान् જેણે ભાત રાંધેલો. અહીં पेचिवान् પ્રયોગ क्वस् પ્રત્યયવાળો છે.

आन—

कान–कटं चक्राणः–જેણે સાદડી બનાવેલી. અહીં चक्राणः માં कान પ્રત્યય છે.

शान–मलयं पवमानः–મલયને પવિત્ર કરનારો. पवमानः માં शान પ્રત્યય છે.

आनश्–ओदनं पचमानः—ભાતને રાંધતો. पचमानःમાં आनश् પ્રત્યય છે.

आनश्–चैत्रेण पच्यमानः–ચૈત્રવડે રંધાતો ભાત–पच्यमानः માં आनश् પ્રત્યય છે, આ પ્રયોગમાં કર્તાને षष्ठी ન લાગી.

स्यानश्–कटं करिष्यमाणः–ભવિષ્યમાં સાદડીને બનાવનાર. करिष्यमाणः માં स्यानश् પ્રત્યય છે

अत्–

अतृश्–अधीयन् तत्त्वार्थम्–उमास्वातिમહારાજે રચેલા તત્ત્વાર્થ સૂત્રને ભણતો. अधीयन् માં अतृश् પ્રત્યય છે.

शतृ–कटं कुर्वन्–સાદડીને કરતો––कुर्वन् માં शतृ પ્રત્યય છે.

स्यतृ–कटं करिष्यन्–સાદડીને ભવિષ્યમાં કરનારો. करिष्यन् માં स्यतृ પ્રત્યય છે.

इ–परीषहान् सासहिः–પરીષહોને ખૂબ સહન કરનારો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अक–कटं कारको व्रजति–સાદડી કરવા માટે જાય છે.
આ બધા પ્રયોગોમાં કર્મની ષષ્ઠીનો નિષેધ થયો છે.

अ–ईषत्करः कटो भवता–તમારાવડે સાદડી થોડીવારમાં કરી શકાય એમ છે.

अन–सुज्ञानं तत्त्वं त्वया–તારા વડે તત્ત્વ સારી રીતે જાણી શકાય એમ છે.

આ છેલ્લા બે પ્રયોગોમાં खल् તથા खलर्थ પ્રત્યય હોવાથી કર્તાની ષષ્ઠી વિભક્તિનો નિષેધ થયેલ છે. ॥ ૨ । ૨ । ૯૦ ॥

## क्तयोरसदाधारे ॥ २ । २ । ९१ ॥

વર્તમાનકાળ અને આધાર એ બે અર્થ સિવાય બીજા અર્થમાં આવનારા त (क्त) અને तवत् (क्तवतु) પ્રત્યયોના ગૌણ કર્મને અને ગૌણ કર્તાને ષષ્ઠી ન થાય.

क्त–कटः कृतः मैत्रेण મૈત્રે સાદડી કરી –અહીં મૈત્ર કર્તા છે.

क्तवतु–ग्रामं गतवान्–ગામ ગયો—અહીં ग्राम કર્મ છે.

राज्ञां पूजितः–રાજાઓને પૂજે છે, અહીં
વર્તમાનકાળના અર્થમાં क्त આવેલો છે તેથી

અને

इदं सक्तूनां पीतम्— આ સ્થળે સાથવાનું પાન કર્યું–
અહીં पीतम् માં આધાર અર્થનો સૂચક क्त છે. તેથી
આ બન્ને પ્રયોગોમાં ષષ્ઠી વિભક્તિ લાગી. ॥ ૨ । ૨ । ૯૧ ॥

## वा क्लीबे ॥ २ । २ । ९२ ॥

નપુંસકલિંગમાં (૫ા૩ા૧૨૩) આવેલા त (क्त પ્રત્યયના ગૌણ કર્તાને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય.

मयूरस्य मयूरेण वा नृत्तम्–મયૂરનું નૃત્ય. અહીં (नृत् + तम्) नृत्तम् પદનો त (क्त) નપુંસકલિંગમાં છે. ॥ ૨ । ૨ । ૯૨ ॥

## अकमेरुकस्य ॥ २ । २ । ९३ ॥

कम् ધાતુ સિવાયના उक પ્રત્યયવાળા એટલે कामुक શબ્દ સિવાયના उक પ્રત્યયવાળા કૃદંતના ગૌણ કર્મને ષષ્ઠી ન થાય.

भोगान् अभिलाषुकः–ભોગોની અભિલાષા કરનારો—અહીં अभिलष्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+ उक = અભિલાષુક શબ્દ उक પ્રત્યયવાળો છે.

दास्याः कामुकः—દાસીનો કામુક—અહીં कम् + उक=कामुक શબ્દ છે. તેથી ષષ્ઠી થઈ ગઈ. ॥ ૨ । ૨ । ૯૩ ॥

## एष्यद्दृणेनः ॥ २ । २ । ९४ ॥

ભવિષ્યકાળના ( ૫ । ૩ । ૧ ) અર્થમાં આવેલા इन् પ્રત્યયવાળા અને ઋણના (૫।૪।૩૬) અર્થ ને સૂચવતા इन् પ્રત્યયવાળા—એ બન્ને પ્રકારના કૃદંતના ગૌણ કર્મને ષષ્ઠી વિભક્તિ ન થાય.

ભવિષ્યકાળ—ग्रामं गमी—ગામ જનારો

ग्रामम् आगामी—ગામમાં આવનારો.

ऋण—शतं दायी—સો રૂપિયાનું દેવું આપનારો.

साधु दायी वित्तस्य—ધનને સારી રીતે આપનારો—દાન કરનારો. અહીં દાયી શબ્દનો ઈન્ પ્રત્યય ભવિષ્યકાળના તથા ઋણના અર્થમાં નથી. ॥ ૨ । ૨ । ૯૪ ॥

**સપ્તમી**

## सप्तम्यधिकरणे ॥ २ । २ । ९५ ॥

આધાર વાચક ગૌણ નામને ङि, ओस् , सुप् રૂપ સપ્તમી વિભક્તિ લગાડવી.

कटे आस्ते—સાદડી ઉપર બેસે છે.

(अश्वयोः आरोहेते—બે જણા બે ઘોડા ઉપર ચડે છે.)

दिवि देवाः—સ્વર્ગમાં દેવો છે.

तिलेषु तैलम्—તલોમાં તેલ છે. ॥ ૨ । ૨ । ૯૫ ॥

## नवा सुजर्थैः काले ॥ २ । २ । ९६ ॥

सुच्—वार—એક વાર—બે વાર વગેરે.

'વાર' અર્થ વાળા सुच् પ્રત્યયાંત નામની સાથે તથા 'વાર' અર્થવાળા બીજા પ્રત્યયો જેમને લાગેલા છે એવા નામની સાથે જોડાયેલા કાલવાચક અધિકરણસૂચક ગૌણ નામને સપ્તમી વિભક્તિ લગાડવી.

सुच्—द्विः अह्नि अह्नो वा भुङ्क्ते—દિવસમાં બે વાર ખાય છે.

सुच् અર્થક—कृत्वस्—पञ्चकृत्वो मासे मासस्य वा भुङ्क्ते—મહિનામાં પાંચ વાર ખાય છે.

આ બે પ્રયોગોમાં अहन् અને मास શબ્દ કાળવાચક અધિકરણ છે. તથા તે અધિકરણસૂચક નામ 'વાર' અર્થવાળા द्विः તથા पञ्चकृत्वः નામો સાથે જોડાએલ છે.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

द्विः कांस्यपात्र्यां भुङ्क्ते—કાંસાની થાળીમાં બે વાર ખાય છે—અહીં कांस्यपात्री શબ્દ આધારસૂચક તો છે પણ કાળવાચી નથી. ॥ ૨ । ૨ । ૯૬ ॥

## कुशलायुक्तेनासेवायाम् ॥ २ । २ । ९७ ॥

आसेवा—સ્વયંપ્રેરિત ક્રિયાત્મક પ્રવૃત્તિ અથવા ઇચ્છાપૂર્વક ક્રિયાત્મક પ્રવૃત્તિ. कुशल શબ્દ અને आयुक्त શબ્દની સાથે જોડાયેલા આધારવાચી ગૌણ નામને आसेवा અર્થનું સૂચન જણાતું હોય તો સપ્તમી વિભક્તિ વિકલ્પે કરવી.

कुशलो विद्यायां विद्यायाः वा-વિદ્યામાં કુશળ છે—જે વિદ્યામાં કુશળ છે તે વિદ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.

आयुक्तः तपसि तपसो वा—તપમાં જોડાયેલો છે—તપ કરે છે.

कुशलः चित्रे न तु करोति—ચિત્ર કરવામાં કુશળ છે પણ ચિત્ર કરતો નથી.

आयुक्तो गौः शकटे—आकृष्य युक्तः—બળદને ખેંચીને પરાણે ગાડામાં જોડેલો છે.

આ બે પ્રયોગો પૈકી પહેલા પ્રયોગમાં જેમાં કુશળ છે તેમાં કામ કરતો નથી અને બીજા પ્રયોગમાં બળદને પરાણે જોડેલો છે એટલે સ્વયંપ્રેરિત અથવા ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ નથી એટલે વિકલ્પે સપ્તમી ન થઈ.

॥ ૨ । ૨ । ૯૭ ॥

## स्वामीश्वराधिपति-दायाद-साक्षि-प्रतिभू-प्रसूतैः ॥ २ । २ । ९८॥

स्वामी, ईश्वर, अधिपति, दायाद, साक्षी, प्रतिभू અને प्रसूत—આ બધા સાથે જોડાયેલા ગૌણ નામને સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય.

स्वामी—गोषु गवां वा स्वामी—ગાયોનો સ્વામી—માલિક.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ईश्वर—,, | ,, | ,, ईश्वरः—,, | ,, | ,, | |
| अधिपति ,, | ,, | ,, अधिपतिः,, | ,, | ,, | |
| दायाद—,, | ,, | ,, दायादः ,, | ભાગીદાર | | |
| साक्षी—,, | ,, | ,, साक्षी—,, | સાક્ષી | | |
| प्रतिभूः ,, | ,, | ,, प्रतिभूः,, | ,, | ,, | |
| प्रसूतः ,, | ,, | ,, प्रसूतः—ગાયોમાં જન્મેલો | | | |

॥ ૨ । ૨ । ૯૮ ॥

## व्याप्ये क्तेनः ॥ २ । २ । ९९ ॥

त (क्त) પછી इन् પ્રત્યય આવેલો હોય એટલે तिन् (क्तिन्) પ્રત્યય જેના અંતે છે એવા ક્રિયાસૂચક શબ્દના ગૌણ વ્યાપ્યને—કર્મને—સપ્તમી વિભક્તિ નિત્ય થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अधीतमनेन--अधीत+इन्=अधीतिन्=अधीती व्याकरणे--વ્યાકરણને ભણનારો.

इष्ट+इन्=इष्टी यज्ञे-યજ્ઞ કરનારો.

આ બન્ને પ્રયોગોમાં व्याकरण અને यज्ञ એ વ્યાપ્ય છે.

कृतपूर्वी कटम्-પહેલાં સાદડી કરેલી-અહીં इन् પ્રત્યય તો છે, પણ त પ્રત્યય પછી નથી, पूर्व શબ્દ પછી છે, તેથી સપ્તમી ન થઈ. ॥ ૨ । ૨ । ૯૯॥

## तद्युक्ते हेतौ ॥ २ । २ । १०० ॥

જે વાક્યમાં વ્યાપ્ય-કર્મ-ની સાથે હેતુ જોડાયેલો હોય એટલે વ્યાપ્ય અને હેતુ જુદાં ન હોય એવા હેતુવાચક ગૌણ નામને સપ્તમી વિભક્તિ લગાડવી.

चर्मणि द्वीपिनं हन्ति-વાઘના ચામડા માટે વાઘને મારે છે.-અહીં ચામડું હેતુ છે અને વાઘ કર્મ છે. કર્મરૂપ વાઘ અને હેતુરૂપ ચામડું બન્ને જોડાયેલાં છે-જૂદાં જૂદાં નથી.

दन्तयोः हन्ति कुञ्जरम्—બે દાંત માટે હાથીને મારે છે. અહીં દાંત અને હાથી બન્ને સાથે જોડાયેલા છે.

केशेषु चमरीं हन्ति-વાળ માટે ચમરી ગાયને હણે છે. અહીં કેશ અને ચમરી ગાય સાથે જોડાયેલા છે.

सीम्नि पुष्कलको हतः સીમાડા માટે ફૂલવાળું ઝાડ કાપી નાંખ્યું. અહીં સીમાડો અને ફૂલવાળું ઝાડ બન્ને પરસ્પર જોડાયેલા છે.

वेतनेन धान्यं लुनाति-પગારવડે અનાજ લણે છે.-અહીં હેતુરૂપ વેતન અને કર્મરૂપ અનાજ બન્ને જૂદા જૂદા છે. ॥ ૨ । ૨ । ૧૦૦ ॥

## अप्रत्यादावसाधुना ॥ २ । २ । १०१ ॥

असाधु શબ્દ સાથે યુક્ત ગૌણ નામને સપ્તમી વિભક્તિ લાગે છે, જો વાક્યમાં प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ ન હોય તો.

असाधुः मैत्रो मातरि-માતા તરફ મૈત્ર અસાધુ છે-સારો નથી. અહીં માતા શબ્દને સપ્તમી વિભક્તિ થઈ.

प्रति-असाधुः मैत्रो मातरं प्रति-માતા તરફ મૈત્ર સારો નથી.

परि- ,, ,, ,, परि- ,, ,, ,, ,, ,,

अनु- ,, ,, ,, अनु- ,, ,, ,, ,, ,,

अभि- ,, ,, ,, अभि ,, ,, ,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રયોગોમાં प्रति, परि, अनु અને अभि શબ્દો હોવાથી સપ્તમી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૧૦૧ ॥

## साधुना ॥ २ । २ । १०२ ॥

साधु શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને સપ્તમી વિભક્તિ થાય, જો प्रति, परि, अनु અને अभि નો વાક્યમાં પ્રયોગ ન હોય તો.

साधुः मैत्रो मातरि–મૈત્ર માતા તરફ સારો છે.

प्रति–साधुः मातरं प्रति–મૈત્ર માતા તરફ સારો છે.

परि–,, ,, परि–,, ,, ,,

अनु–,, ,, अनु–,, ,, ,,

अभि–,, ,, अभि–,, ,, ,,

આ પ્રયોગોમાં प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ હોવાથી માતા શબ્દને ૨।૨।૩૬ ના નિયમથી દ્વિતીયા વિભક્તિ થઈ. ॥ ૨ । ૨ । ૧૦૨ ॥

## निपुणेन चार्चायाम् ॥ २ । २ । १०३ ॥

निपुण શબ્દ સાથે અને साधु શબ્દ સાથે જોડાયેલું ગૌણ નામ સપ્તમી વિભક્તિમાં આવે, જો નિપુણ તથા સાધુ પદના વિશેષ્ય સંબંધે અર્ચા–આદર–નો ભાવ જણાતો હોય તો અને प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ વાક્યમાં થયો ન હોય તો.

निपुण–मातरि निपुणः मैत्रः–મૈત્ર માતા તરફ નિપુણ છે. માતા તરફ પૂજ્યભાવ–આદરભાવ–રાખે છે.

साधु–मातरि साधुः मैत्रः–મૈત્ર માતા તરફ સજ્જન છે–આદરભાવ–પૂજ્યભાવ–રાખે છે.

निपुणो मैत्रो मातुः, मातैवैनं निपुणं मन्यते–મૈત્ર માતા તરફ નિપુણ છે એટલે માતા જ તેને નિપુણ માને છે અર્થાત્ બીજા તેને નિપુણ માનતા નથી. અહીં મૈત્રનો અર્ચા–આદર–ભાવ જણાતો નથી.

प्रति–निपुणो मैत्रो मातरं प्रति–મૈત્ર માતા પ્રત્યે નિપુણ છે.

परि–,, ,, ,, परि–,, ,, ,, ,,

अनु–,, ,, ,, अनु–,, ,, ,, ,,

अभि–,, ,, ,, अभि–,, ,, ,, ,,

આ પ્રયોગોમાં प्रति, परि, अनु અને अभि શબ્દોનો પ્રયોગ હોવાથી સપ્તમી વિભક્તિ ન થઈ. ॥ ૨ । ૨ । ૧૦૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्वेशेऽधिना ॥ २ । २ । १०४ ॥

स्व એટલે માલિકીની વસ્તુ અને ईश એટલે માલિક—આ બન્ને અર્થના સૂચક अधि શબ્દ સાથે જોડાયેલું ગૌણ નામ સપ્તમી વિભક્તિમાં આવે છે.

स्व–अधि मगधेषु श्रेणिकः—મગધ દેશમાં શ્રેણિક માલિક છે.

ईश–अधि श्रेणिके मगधाः—શ્રેણિકમાં મગધદેશની માલીકી છે

॥ ૨ । ૨ । ૧૦૪ ॥

## उपेनाधिकिनि ॥ २ । २ । १०५ ॥

ઉપ થી યુક્ત अधिकी અધિકતાવાળું.–ગૌણ નામ સપ્તમી વિભક્તિમાં આવે છે.

उप खार्यां द्रोणः—ખારીથી કે ખારીમાં દ્રોણ અધિક છે. અહીં દ્રોણ અધિક છે અને ખારી અધિકી છે. ॥ ૨ । ૨ । ૧૦૫ ॥

## यद्भावो भावलक्षणम् ॥ २ । २ । १०६ ॥

જે વાક્યમાં એક ક્રિયા બીજી ક્રિયાની સૂચક હોય તે વાક્યમાં ક્રિયાના સૂચક ગૌણ નામને સપ્તમી વિભક્તિ લાગે છે.

गोषु दुह्यमानासु गतः–ગાયો દોહવાતી હતી ત્યારે તે ગયો.–અહીં 'જવા'ની ક્રિયા મુખ્ય છે અને તેને दुह्यमान શબ્દ સૂચવે છે. ક્યારે ગયો? ગાયો દોહવાતી હતી ત્યારે ગયો. એ રીતે અહીં દોહવાની ક્રિયાથી જવાની ક્રિયા સૂચવાય છે, તેથી તે ક્રિયાસૂચક दुह्यमान નામને સપ્તમી વિભક્તિ લાગી ॥ ૨ । ૨ । ૧૦૬ ॥

## गते गम्येऽध्वनोऽन्तेनैकार्थ्यं वा ॥ २ । २ । १०७ ॥

કોઈ પણ કલ્પિત અવધિથી—જગ્યાએથી—કોઈ પણ કલ્પિત માર્ગનો છેડો તેનું નામ अध्व નો—માર્ગનો—અંત કહેવાય. જ્યાં આવો અંત વાક્યમાં જણાતો હોય એની સાથે વાક્યમાં એક ક્રિયાદ્વારા બીજી ક્રિયાનું સૂચન જણાતું હોય ત્યાં અધ્વના અંતસૂચક નામને સપ્તમી વિભક્તિ વિકલ્પે લાગે છે. વળી, વાક્યમાં ઐકાર્થ્ય હોવું જોઈએ એટલે अध्व ના અંતનું સૂચક નામ અને રસ્તાના છેડાના સ્થળનું નામ એ બન્ને એક સરખી વિભક્તિમાં હોવાં જોઈએ. (સરખાં વચનમાં હોવાની અપેક્ષા નથી) એવા ઐકાર્થ્ય સાથે વાક્યમાં गत શબ્દ વપરાયેલો ન હોવો જોઈએ પણ અધ્યાહાર હોવો જોઈએ. આમ હોય તો જ આ નિયમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गवीधुमतः सांकाश्यं चत्वारि योजनानि चतुर्षु वा योजनेषु–ગવીધુમત્ નામના ગામથી ચાર યોજન ગયા પછી સાંકાશ્ય ગામ આવે છે. અહીં 'ચાર યોજન ગયા પછી સાંકાશ્ય આવે છે' આ વાકયનો 'ગયા પછી' શબ્દ 'સાંકાશ્ય આવવાનું' સૂચન કરે છે. ચાર યોજન એ અધ્વ નો છેડા છે અને સાંકાશ્ય નામનું સ્થળ અધ્વને છેડે આવેલું છે તથા सांकाश्यम् અને चत्वारि योजनानि એ બન્નેની સરખી વિભક્તિ છે તથા 'ગયા પછી' એ ક્રિયાનો સૂચક गत શબ્દ અહીં અધ્યાહારરૂપ છે. પણ વાકયમાં લખેલો નથી. તેથી અધ્વના અંતસૂચક चत्वारि योजनानि શબ્દને સપ્તમી વિભક્તિ વિકલ્પે લાગી.

गवीधुमतः दग्धेषु चत्वारि योजनानि सांकाश्यम्–ગવીધુમત્‌થી ચાર યોજન બાદ બળી ગયેલી જગ્યા આવે પછી સાંકાશ્ય આવે છે.

गवीधुमतः लुप्तेषु चत्वारि योजनानि सांकाश्यम्—ગવીધુમત્‌થી ચાર યોજન પર કપાઈ ગયેલા વૃક્ષો આવ્યા પછી અથવા કપાઈ ગયેલાં અનાજનાં ખેતરો આવ્યાં પછી સાંકાશ્ય આવે છે.

આ બન્ને પ્રયોગોમાં गत અર્થ નથી, તેથી અધ્વના અંતવાચી चत्वारि योजनानि પદને સપ્તમી વિભક્તિ વિકલ્પે ન થાય.

જે વાકયમાં गत શબ્દનો પ્રયોગ હોય ત્યાં સપ્તમી વિભક્તિ વિકલ્પે ન થાય જેમકે —

गवीधुमतः चतुर्षु योजनेषु गतेषु सांकाश्यम्—ગવીધુમત્ ગામથી ચાર યોજન ગયા પછી સાંકાશ્ય આવે છે.–અહીં गत શબ્દનો પ્રયોગ છે તેથી સપ્તમી વિભક્તિ વિકલ્પે ન થઈ.

कार्तिक्या आग्रहायणी मासे–કાર્તિકી પૂર્ણિમા પછી માગશર સુ૦ દિ૦ પૂનમ એક મહિને આવે છે.–અહીં मास શબ્દ કાળવાચક છે, अध्व વાચક નથી એટલે સપ્તમી વિકલ્પે ન થઈ.

अद्य नः चतुर्षु गव्यूतेषु भोजनम्-આજે ચાર ગાઉ ગયા પછી અમારું ભોજન છે–આ વાકયમાં માર્ગના છેડાના સ્થળનું સૂચન નથી તેથી સપ્તમી વિભક્તિ વિકલ્પે ન થઈ. ॥ ૨ । ૨ । ૧૦૭ ॥

## षष्ठी वाऽनादरे ॥ २ । २ । १०८ ॥

જે વાક્યમાં એક ક્રિયા દ્વારા બીજી ક્રિયાનું સૂચન હોય અને અનાદર જણાતો હોય ત્યાં ક્રિયાસૂચક ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रुदतो लोकस्य, रुदति लोके वा प्राव्राजीत्–લોક રોતા રહ્યા ને દીક્ષા લઈ લીધી—અહીં 'રોવાની' ક્રિયા 'દીક્ષાની ક્રિયા'ને સૂચવે છે તથા લોકોનો અનાદર પણ સ્પષ્ટ છે તેથી તે ક્રિયાસૂચક શબ્દને ષષ્ઠી વિકલ્પે થઈ.

॥ ૨ । ૨ । ૧૦૮ ॥

## सप्तमी चाविभागे निर्धारणे ॥ २ । २ । १०९ ॥

કોઈ એક જીવંત કે અજીવંત સમુદાયમાંથી તેના એક ભાગને જાતિની, ગુણની, ક્રિયાની કે વ્યક્તિત્વ વગેરેની વિશેષતાને લીધે મનથી જુદો કલ્પવો એનું નામ નિર્ધારણ. જેને મનથી સમુદાયમાંથી જુદો કલ્પવામાં આવેલ હોય તેની અને સમુદાયની વચ્ચે કોઈ પણ રીતે અભેદ જણાતો હોય તો જે સમુદાયમાંથી જુદો પાડવામાં આવેલ હોય તે સમુદાયવાચક ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ તથા સપ્તમી વિભક્તિ પણ લાગે.

૧. જાતિ–क्षत्रियो नृणां नृषु वा शूरः–પુરુષોમાં ક્ષત્રિય શૂરવીર છે.

૨. ગુણ–कृष्णा गवां गोषु वा बहुक्षीरा–ગાયોમાં કાળી ગાય બહુ દૂધ આપનારી છે.

૩. ક્રિયા–धावन्तो यातां यात्सु वा शीघ्रतमाः–ચાલનારાઓમાં દોડનારાઓ વધારે જલદી ચાલનારા છે.

૪. વ્યક્તિ–युधिष्ठिरः श्रेष्ठतमः कुरूणां कुरुषु वा–કુરુઓમાં યુધિષ્ઠિર વધારે ઉત્તમ છે.

અહીં ૧ લા પ્રયોગમાં જાતિ વડે ક્ષત્રિય ને જુદા પાડેલ છે. ૨ જા પ્રયોગમાં કાળા ગુણ વડે ગાયને જુદી પાડી છે. ૩ જા પ્રયોગમાં દોડવાની ક્રિયા વડે દોડનારાઓને ચાલનારાઓમાંથી જુદા પાડેલ છે અને ૪થા પ્રયોગમાં વિશિષ્ટ વ્યક્તિત્વ વડે યુધિષ્ઠિરને ઉત્તમ કહ્યો છે.

આ વાક્યોમાં नृ, गो, यात्, અને कुरु સમુદાયસૂચક નામો છે. તથા જેમને જુદા પાડેલ છે એમનો સમુદાય સાથે અભેદ પણ છે. તેથી તે ચારે પ્રયોગોમાં સમુદાયસૂચક નામને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થઈ છે.

माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः–મથુરાના લોકો પાટલિપુત્રના લોકો કરતાં વધારે ધનાઢ્ય છે.–આ બે લોકો વચ્ચે કોઈ રીતે ભૌગોલિક અવિભાગ–અભેદ–નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૨ । ૨ । ૧૦૯ ॥

## क्रियामध्येऽध्वकाले पञ्चमी च ॥ २ । २ । ११० ॥

બે ક્રિયાની વચ્ચે માર્ગવાચક જે ગૌણ નામ હોય અને કાલવાચક જે ગૌણ નામ હોય તેને પંચમી અને સપ્તમી વિભક્તિ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગવાચક—इहस्थः अयम् इष्वासः क्रोशात् क्रोशे वा लक्ष्यं विध्यति—અહીં રહેલો બાણાવલી એક ગાઉ દૂર સુધીના લક્ષ્યને વીંધે છે. આ વાક્યમાં 'અહીં રહેવું' અને 'લક્ષ્યને વીંધવું' એ બે ક્રિયા વચ્ચે 'ક્રોશ' એ અધ્વ-વાચક નામ છે.

કાળવાચક નામ—अद्य भुक्त्वा मुनिर्द्व्यहाद् द्व्यहे वा भोक्ता–મુનિ આજે ભોજન કરીને બે દિવસ પછી ભોજન કરશે.

આ વાક્યમાં 'આજે ભોજન કરવું' અને 'બે દિવસ પછી ભોજન કરવું' એ બે ક્રિયા વચ્ચે द्व्यह શબ્દ કાળવાચક છે. ॥ ૨ । ૨ । ૧૧૦ ॥

## अधिकः भूयसस्ते ॥ २ । २ । १११ ॥

અમુક માપ ઉપર અમુક માપ અધિક છે–ઉપર છે–વધારે છે–એવા અર્થના એટલે 'આ પદાર્થ પાંચમણ ઉપર દસ શેર વધારે છે' એવા 'વધારે' અર્થના સૂચક નામનો સંબંધ હોય તો भूयो વાચી ગૌણ નામને સાતમી અને પાંચમી વિભક્તિ લાગે છે.

अधिको द्रोणः खार्यां खार्या वा—આ અનાજ એક ખારી અને તેની ઉપર દ્રોણ વધારે છે. અર્થાત્ અનાજ એક ખારી તો છે પણ તે ઉપર એક દ્રોણ વધારે છે. આ પ્રયોગમાં खारी भूयोवाची નામ છે અને દ્રોણ વધારાના માપનું સૂચક નામ છે જે ખારી કરતાં ઓછું માપ છે.

॥ ૨ । ૨ । ૧૧૧ ॥

## तृतीयाऽल्पीयसः ॥ २ । २ । ११२ ॥

ભૂયોવાચી નામનો સંબંધ હોય તો વધારાના માપના સૂચક અલ્પ-વાચી ગૌણ નામને તૃતીયા વિભક્તિ લાગે.

अधिका खारी द्रोणेन–ખારી દ્રોણ વડે વધારે છે. 'ખારી' અને 'द्रोण' બન્ને માપનાં નામ છે. 'ખારી' વધારે માપને સૂચવે છે. અને 'द्रोण' ઓછા માપને સૂચવે છે. જેમકે, આ ઘી વજનમાં એક ખારી ઉપર એક દ્રોણ છે. અર્થાત્ 'દ્રોણ' શબ્દ વધારાના–ઉપરના–માપનો સૂચક અલ્પવાચી શબ્દ છે. તેથી તેને તૃતીયા વિભક્તિ લાગી.

(પ્રાચીન કોષ્ઠક આ પ્રમાણે છે–ચાર (૪) આઢકનો એક (૧) દ્રોણ અને સોળ (૧૬) દ્રોણની એક ખારી) ॥ ૨ । ૨ । ૧૧૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पृथग्नाना पञ्चमी च ॥ २ । २ । ११३॥

पृथक् અને नाना શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને પંચમી અને તૃતીયા વિભક્તિઓ થાય છે.

पृथग् मैत्राद् मैत्रेण वा–મૈત્રથી જૂદો છે.

नाना चैत्राद् चैत्रेण वा–ચૈત્રથી જૂદો છે. ॥ ૨ । ૨ । ૧૧૩ ॥

## ऋते द्वितीया च ॥ २ । २ । ११४ ॥

ऋते શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે.

ऋते धर्मं धर्माद् वा कुतः सुखम्–ધર્મ વિના સુખ ક્યાંથી થાય ?

॥ ૨ । ૨ । ૧૧૪ ॥

## विना ते तृतीया च ॥ २ । २ । ११५

विना શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા, પંચમી અને ત્રીજી વિભક્તિઓ આવે છે.

विना वातम्, विना वातात्, विना वातेन–વાયુ વગર.

॥ ૨ । ૨ । ૧૧૫ ॥

## तुल्यार्थैः तृतीया–षष्ठ्यौ ॥ २ । २ । ११६ ॥

तुल्य શબ્દની સાથે અને तुल्य અર્થવાળા શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને તૃતીયા અને ષષ્ઠી વિભક્તિઓ લગાડવી.

तुल्य– मात्रा तुल्यः , मातुः तुल्यः માતાની સમાન.

तुल्यार्थ– मात्रा समः, मातुःसमः– ,,

॥ ૨ । ૨ । ૧૧૬ ॥

## द्वितीया-षष्ठ्यावेनेनाऽनञ्चेः ॥ २ । २ । ११७ ॥

एन પ્રત્યયવાળા નામની સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિઓ લગાડવી. પણ एन પ્રત્યયવાળા નામમાં अञ्च ધાતુ ન હોવો જોઇએ.

पूर्वेण ग्रामं ग्रामस्य वा ગામની પૂર્વે.

प्राग् ग्रामात्–ગ્રામથી પૂર્વે. આ પ્રયોગમાં अञ्च ધાતુવાળા प्राग् શબ્દનો પ્રયોગ છે. प्राग् શબ્દને લાગેલો एन પ્રત્યય લોપ પામેલ છે એથી प्राग्+एनने, બદલે વાક્યમાં માત્ર प्राग् એવો નિર્દેશ છે. તાત્પર્ય એ કે प्राग् એવો નિર્દેશ છતાં તેને एन પ્રત્યયવાળો જ પ્રયોગ સમજવાનો છે તેથી प्राग् શબ્દના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધવાળા ગ્રામ નામને દ્વિતીયા કે ષષ્ઠી વિભક્તિ ન થઈ પણ માત્ર પંચમી થઈ. ॥ ૨ । ૨ । ૧૧૭ ॥

## हेत्वर्थैः तृतीयाद्याः ॥ २ । २ । ११८ ॥

હેતુ એટલે નિમિત્ત-કોઈ જાતની ક્રિયાને નહીં કરનાર નિમિત્ત.

હેતુ નામની સાથે તથા હેતુવાચક નામની સાથે જોડાયેલા અને હેતુ શબ્દ કે હેતુવાચક શબ્દની સાથે સમાન-એક સરખી-વિભક્તિવાળા ગૌણ નામને તૃતીયા ચતુર્થી પંચમી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ લગાડવી.

धनेन हेतुना वसति-ધનરૂપ હેતુ વડે રહે છે.

धनाय हेतवे वसति-ધનરૂપ હેતુ માટે રહે છે.

धनाद् हेतोः वसति-ધનરૂપ હેતુથી રહે છે.

धनस्य हेतोः वसति-ધનરૂપ હેતુના સંબંધને લીધે રહે છે.

धने हेतौ वसति-ધનરૂપ હેતુમાં—હેતુ નિમિત્તે રહે છે.

એ જ રીતે **धनेन निमित्तेन** (ધનરૂપ નિમિત્ત વડે રહે છે) વગેરે સમજવું.

આ બધા પ્રયોગોમાં ધન, નિમિત્ત અથવા હેતુ છે અને તે ક્રિયા વિનાનું છે. ॥ ૨ । ૨ । ૧૧૮ ॥

## सर्वादेः सर्वाः ॥ २ । २ । ११९ ॥

હેતુનામ તથા હેતુ અર્થવાળા નામની સાથે જોડાયેલા અને હેતુ કે હેતુવાચક નામની સાથે સમાનવિભક્તિવાળા સર્વાદિ ગૌણ નામને બધી વિભક્તિઓ લગાડવી.

को हेतुः याति-શો હેતુ છે, તે જાય છે.

कं हेतुं याति—કયા હેતુને ધારીને જાય છે.

केन हेतुना याति-કયા હેતુ વડે જાય છે.

कस्मै हेतवे याति-કયા હેતુ માટે જાય છે.

कस्माद् हेतोः याति-કયા હેતુથી જાય છે.

कस्य हेतोः याति-કયા હેતુના સંબંધથી જાય છે.

कस्मिन् हेतौ याति—કયા હેતુનિમિત્તે જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્ર સુધીનાં બધાં વિધાનો ગૌણ નામને લાગુ કરવાનાં કહેલાં છે પણ હવે પછીનાં નીચેનાં સૂત્રોમાં 'ગૌણ નામને' સમજવાની જરૂર નથી. માત્ર 'નામ' સમજવું. ॥ ૨ । ૨ । ૧૧૯ ॥

## असत्त्वारादर्थात् टा-ङसि-ङ्यम् ॥ २ । २ । १२० ॥

असत्त्व–નજરે ન દેખાય એવો ગુણ.

असत्त्व વાચક દૂર અર્થવાળા અને સમીપ અર્થવાળા નામને ત્રીજી વિભક્તિનું એકવચન, પંચમી વિભક્તિનું એકવચન, સપ્તમી વિભક્તિનું એકવચન અને દ્વિતીયા વિભક્તિનું એકવચન લગાડવું.

દૂર અર્થ–ग्रामाद् ग्रामस्य वा दूरेण वसति–ગામથી અથવા ગામની દૂર રહે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ,, | ,, | ,, | दूराद् ,, | – ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | दूरे ,, | – ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | दूरम् ,, | – ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | विप्रकृष्टेन वसति | | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | विप्रकृष्टाद् वसति | | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | विप्रकृष्टे वसति | | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | विप्रकृष्टं वसति | | ,, | ,, | ,, | ,, |

સમીપ અર્થ–ग्रामाद् ग्रामस्य वा अन्तिकेन वसति–ગામથી કે ગામની પાસે રહે છે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ,, | ,, | ,, | अन्तिकाद् ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अन्तिके ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अन्तिकम् ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अभ्याशेन ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अभ्याशात् ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अभ्याशे ,, | – ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | अभ्याशं ,, | – ,, | ,, | ,, |

दूरः अन्तिकः वा पन्थाः–રસ્તો દૂર છે અથવા રસ્તો પાસે છે.–આ પ્રયોગમાં दूर અને अन्तिक શબ્દ રસ્તાનાં વિશેષણો છે અને રસ્તો નજરે દેખાય એવો છે તેથી दूर અને अन्तिक શબ્દ અસત્ત્વવાચી નથી.

॥ ૨ । ૨ । ૧૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जात्याख्यायां नवैकोऽसंख्यो बहुवत् ॥ २ । २ । १२१ ॥

સંખ્યાસૂચક વિશેષણ વિનાના એટલે 'પાંચ છે' કે 'દસ છે' એવા વિવિધ સંખ્યાવાચક વિશેષણ વિનાના કોઈ પણ एक संख्यावाळा પદાર્થના સૂચક નામને વિકલ્પે બહુવચન પણ લગાડી શકાય છે, જો તે શબ્દ દ્વારા જાતિ જણાતી હોય તો.

संपन्नो यवः—આ વખતે જવ ખૂબ પાક્યો.

संपन्नाः यवाः—આ વખતે જવો ખૂબ પાક્યા.

અહીં પ્રથમ વાક્યમાં यव શબ્દ એકવચનમાં છે તો પણ જાતિનો સૂચક હોવાથી બહુવચનમાં પણ આવી શક્યો છે.
चैत्रः—ચૈત્ર—આ વ્યક્તિનું નામ છે તે જાતિસૂચક નથી.

काश्यपप्रतिकृतिः काश्यपः—કાશ્યપની મૂર્તિને પણ કાશ્યપ કહેવાય.—અહીં કાશ્યપ શબ્દ જાતિસૂચક તો છે પણ અમુક એક જ મૂર્તિના અર્થ સાથે સંબંધ ધરાવતો હોવાથી તે જાતિસૂચક થઈ શકતો નથી.

एको व्रीहिः संपन्नः सुभिक्षं करोति—એક ચોખો પાકે તો સુભિક્ષ—સુકાળ—કરે છે. અહીં व्रीहि શબ્દને સંખ્યાસૂચક एक શબ્દનું વિશેષણ લગાડેલું છે તેથી व्रीहयः એમ બહુવચન ન થાય. ॥ ૨ । ૨ । ૧૨૧ ॥

## अविशेषणे द्वौ चास्मदः ॥ २ । २ । १२२ ॥

अस्मद् શબ્દ બે સંખ્યાના અર્થનો સૂચક હોય કે એક સંખ્યાના અર્થનો સૂચક હોય અને अस्मद् ને કોઈ પણ વિશેષણ ન લગાડેલું હોય તો તે દ્વિત્વસૂચક अस्मद् શબ્દ અથવા એકત્વસૂચક अस्मद् શબ્દ બહુવચનમાં વિકલ્પે આવે છે.

आवां ब्रूवः—અમે બે બોલીએ છીએ.—આ પ્રયોગને સ્થાને वयं ब्रूमः—અમે બોલીએ છીએ—એમ પણ બોલી શકાય.

अहं ब्रवीमि—હું બોલું છું—એ પ્રયોગને બદલે वयं ब्रूमः પણ બોલી શકાય.

आवां गार्ग्यौ ब्रूवः—ગાર્ગ્ય ગોત્રના એવા અમે બે બોલીએ છીએ.
अहं चैत्रो ब्रवीमि—હું ચૈત્ર બોલું છું.

આ બન્ને પ્રયોગોમાં आवां નું गार्ग्य વિશેષણ છે અને अहम् નું चैत्र વિશેષણ છે તેથી आवां કે अहम् નું वयम् ન થાય. ॥ ૨ । ૨ । ૧૨૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## फल्गुनी-प्रोष्ठपदस्य भे ॥ २ । २ । १२३ ॥

નક્ષત્રવાચી फल्गुनी શબ્દ અને નક્ષત્રવાચી प्रोष्ठपद શબ્દ બે સંખ્યાને સૂચવતો હોય તો પણ વિકલ્પે બહુવચનમાં બોલાય છે.

कदा पूर्वे फल्गुन्यौ–નક્ષત્રરૂપ બે ફાલ્ગુની પૂર્વ દિશાની ક્યારે છે ?

कदा पूर्वाः फल्गुन्यः—નક્ષત્રરૂપ ફાલ્ગુનીઓ પૂર્વ દિશાની ક્યારે છે. ?

कदा पूर्वे प्रोष्ठपदे–નક્ષત્રરૂપ બે પ્રોષ્ઠપદા પૂર્વ દિશાની ક્યારે છે ?

कदा पूर्वाः प्रोष्ठपदाः–નક્ષત્રરૂપ પ્રોષ્ઠપદાઓ પૂર્વ દિશાની ક્યારે છે ?

फल्गुनीषु जाते फल्गुन्यौ कन्ये–ફાલ્ગુનીમાં જન્મેલી બે કન્યાઓ-અહીં फल्गुनी શબ્દ નક્ષત્રવાચી નથી, પણ કન્યાવાચી છે. તેથી દ્વિવચનને બદલે બહુવચન ન થાય. ॥ ૨ । ૨ । ૧૨૩ ॥

## गुरावेकश्च ॥ २ । २ । १२४ ॥

જે નામ ગૌરવને યોગ્ય હોય તે નામ પોતાની બે સંખ્યાને સૂચવતું હોય અથવા એક સંખ્યાને સૂચવતું હોય તો પણ બહુવચનમાં વિકલ્પે વપરાય છે.

युवां गुरू–તમે બે ગુરુ છો.–આને બદલે यूयं गुरवः–તમે ગુરુઓ છો, એમ પણ બોલી શકાય.

एष मे पिता–આ મારા પિતા છે–આને બદલે एते मे पितरः–આ મારા પિતાઓ છે એમ પણ બોલી શકાય. ॥ ૨ । ૨ । ૧૨૪ ॥

---

આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
લઘુવૃત્તિના બીજા અધ્યાયના કારકપ્રકરણની
ગુજરાતી વૃત્તિ તથા વિવેચનનો
બીજો પાદ સમાપ્ત

---

દ્વિતીય પાદ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્વિતીય અધ્યાય

## ( તૃતીય પાદ )

આ પાદમાં र् ને બદલે स् ક્યાં બોલવો, स् ને બદલે ष् (મૂર્ધન્ય) ક્યાં બોલવો અને न् ને બદલે ण् ક્યાં બોલવો એ બાબતનાં વિધાનો બતાવવાનાં છે; તેથી આ પ્રકરણનું નામ **षत्व-णत्व** પ્રકરણ છે.

स् વિધાન

### नमस्-पुरसो गतेः क-ख-प-फि रः सः ॥ २। ३ । १॥

ગતિસંજ્ઞાવાળા नमस् અને पुरस् શબ્દો પછી તરત જ क ख प કે फ આવેલો હોય તો બન્ને શબ્દોના र् નો स् બોલવો. 'ગતિસંજ્ઞા કોની થાય છે?' એ હકીકત ત્રીજા અધ્યાયના પહેલા પાદમાં જણાવાશે—

॥ ३ । १ । २ । થી ३ । १ । १७ ॥

नमर् + कृत्य=नमस्कृत्य—નમસ્કાર કરીને.

पुरर्+कृत्य=पुरस्कृत्य—આગળ કરીને.

नमः कृत्वा—નમઃ કરીને. અહીં नमः શબ્દ ગતિસંજ્ઞાવાળો નથી.

तिस्रः पुरः करोति—ત્રણ નગરીઓને કરે છે—અહીંનો पुरस् શબ્દ નગરીવાચક છે. ગતિસંજ્ઞાવાળો નથી. नमस् વગેરેના स् ના र् માટે જુઓ—॥ २ । १ । ७२ ॥ ॥ २ । ३ ।१॥

### तिरसो वा ॥ २ । ३ । २ ॥

ગતિસંજ્ઞાવાળા तिरस् શબ્દના र् પછી તરત જ क ख प કે फ આવ્યા હોય તો र् નો स् વિકલ્પે થાય છે.

तिरर्+कृत्य=तिरस्कृत्य, तिरःकृत्य—તિરસ્કાર કરીને.

तिरः कृत्वा काष्ठं गतः—કાષ્ઠને વાંકું કરીને ગયો. અહીં तिरस् શબ્દ ગતિસંજ્ઞાવાળો નથી. ॥ २ । ३ । २ ॥

### पुंसः ॥ २ । ३ । ३ ॥

पुम्स् શબ્દના र् પછી તરત જ क ख प કે फ આવે તો તેનો स् થાય.

पुंर्+कोकिलः=पुंस्कोकिलः—નર કોકિલ, જુઓ, ૬।૩।૯।

पुंर्+खातः=पुंस्खातः—પુરુષે ખોદેલો ખાડો.

पुंर्+पाकः=पुंस्पाकः—પુરુષે કરેલો પાક.

पुंर्+फलम्=पुंस्फलम्—પુરુષનું ફળ. ॥ २ । ३ । ३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शिरोऽधसः पदे समासैक्ये ॥ २ । ३ । ४ ।

शिरस् અને अधस् શબ્દોના र् પછી તરત જ पद શબ્દ આવે તો र् નો स् થાય છે. शिरस् અને पद શબ્દનો તથા अधस् અને पद શબ્દનો એક જ સમાસ હોવો જોઈએ.

शिरर्+पदम्=शिरस्पदम्–માથા ઉપર પગ. (शिरसि पदम् इति)

अधर्+पदम्=अधस्पदम्—નીચે પગ.

शिरः पदम्–માથું તથા પગ. અહીં शिरस् અને पद શબ્દ સમાસમાં નથી.

परमशिरःपदम्—ઉત્તમ માથા ઉપર પગ–અહીં शिरस् તથા पद નો એક સમાસ તો છે પણ परम સાથે शिरस् નો પણ સમાસ પહેલાં થયેલ છે તેથી બે સમાસ થતાં स् ન થાય. ॥ २ । ३ । ४ ॥

## अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रेऽनव्ययस्य ॥ २ । ३ । ५ ॥

અવ્યય સિવાયના કોઈ પણ શબ્દનો र् , अ પછી તરત જ આવેલો હોય અને તે र् પછી તરત જ कृ, कमि, कंस, कुम्भ, कुशा, कर्णी તથા पात्र શબ્દોમાંનો કોઈ એક શબ્દ આવેલ હોય તો તે र् નો स् થાય છે. र् વાળો શબ્દ અને कृ, कमि વગેરે શબ્દો એક જ સમાસમાં હોવા જોઈએ.

अयर्+कृत्=अयस्कृत्–લોઢું કરનારો.

यशर्+कामः=यशस्कामः–યશની ઇચ્છા કરનારો.

पयर्+कंसः=पयस्कंसः–દૂધ કે પાણીથી ભરેલું કાંસાનું પાત્ર.

अयर्+कुम्भः=अयस्कुम्भः–લોઢાનો ઘડો.

अयर्+कुशा=अयस्कुशा–લોઢાની કોશ.

अयर्+कर्णी=अयस्कर्णी—લોઢાના જેવા કાનવાળી.

अयर्+पात्रम्=अयस्पात्रम्–લોઢાનું પાત્ર.

वार्+पात्रम्=वाःपात्रम्–પાણીનું પાત્ર–અહીં र्, आ પછી છે તેથી स् ન થાય.

स्वः+कारः–સ્વર્ગ કરનારો–અહીં स्वर् શબ્દ અવ્યય છે, તેથી र् નો स् ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपपयः+कारः=उपपयःकारः–દૂધ કરનારની પાસેનો–અહીં पयः અને कारनो એક સમાસ તો છે પણ पयःનો उपनी સાથે પહેલાં બીજો સમાસ થયેલ છે તેથી स ન થાય.

આ સૂત્રમાં कृ, कमि એ બે ધાતુ મૂકેલા છે તેથી એ ધાતુથી બનેલાં નામોને અહીં લેવાનાં છે, કેમકે ધાતુનો કોઈ બીજા નામ સાથે સમાસ થતો નથી અને સૂત્રમાં સમાસની અપેક્ષા છે. તેથી અહીં એ બે ધાતુ દ્વારા બનેલાં નામો જ લેવાનાં છે. ॥ ૨ । ૩ । ૫ ॥

## प्रत्यये ॥ २ । ३ । ६ ॥

અવ્યય સિવાયના કોઈ પણ નામના र् પછી તરત જ કોઈ પણ પ્રત્યયના क ख प કે फ આવે તો स् થાય છે.

पयर्+पाशम् पयस्पाशम्–દૂધ જેવું.

पयर्+कल्पम्=पयस्कल्पम्–દૂધ જેવું.

पयर्+कम्=पयस्कम्–દૂધ

स्वःपाशम्–સ્વર્ગ જેવું.–અહીં स्वर् શબ્દમાં અવ્યયનો र् છે.

पाश, कल्प અને क એ ત્રણે પ્રત્યયો છે. ॥ ૨ । ૩ । ૬ ॥

## रोः काम्ये ॥ २ । ३ । ७ ॥

અવ્યય સિવાયના કોઈ પણ નામના रु ના જ र् પછી काम्य પ્રત્યય લાગેલો હોય તો र् નો स् થાય છે.

पयर्+काम्यति=पयस्काम्यति–દૂધને ઇચ્છે છે.

अहःकाम्यति–દિવસને ઇચ્છે છે–અહીં अहर् શબ્દમાં रु નો र् નથી પણ સ્વતંત્ર र् છે. अहन् ના र् માટે જુઓ–॥ ૨। ૧ । ૭૫ ॥

॥ ૨ । ૩ । ૭ ॥

## नामिनस्तयोः षः ॥ २ । ३ । ८ ॥

અવ્યય સિવાયના જે रकारांत નામમાં र् ની પૂર્વમાં જ નામી સંજ્ઞાવાળો સ્વર હોય અને र् પછી તરત જ પ્રત્યયના અંશરૂપ વા પ્રત્યયરૂપ क ख प કે फ આવેલા હોય તો તે र् ને બદલે ष् બોલાય છે તથા અવ્યય સિવાયના જે रकारांत નામમાં र् ની પૂર્વે જ નામી સંજ્ઞાવાળો સ્વર હોય અને र् પછી તરત જ काम्य પ્રત્યય લાગેલો હોય તો ગમે તે र् નો ष् ન બોલાય પણ માત્ર रु ના જ र् નો ष् બોલાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क प्रत्यय–धानुर्+कः=धानुष्कः–धनुर्धर.

कल्प प्रत्यय–धनुर्+कल्पम्=धनुष्कल्पम्–धनुष जेवुं

पाश प्रत्यय–सर्पिर्+पाशम्=सर्पिष्पाशम्–खराब घी

काम्य प्रत्यय–सर्पिर्+ काम्यति=सर्पिष्काम्यति–घीने इच्छे छे.

अयर्+कल्पम्–(अयस्कल्पम्) आ प्रयोगमां र् नी पूर्वे नामी संज्ञावाळो स्वर नथी तेथी ष् न बोलाय

गीर्+काम्यति=गी≍काम्यति–(जुओ १।३।५) आ प्रयोगमां काम्य-प्रत्यय तो छे पण काम्य प्रत्ययनी पूर्वे जे र् छे ते रु नो र् नथी पण गिर् शब्दनो र् छे तेथी तेनो ष् न बोलाय. गी≍काम्यति–वाणीने इच्छे छे.

उच्चैर्+कः=उच्चै≍कः–आ प्रयोगमां उच्चैर् अव्यय छे तेथी उच्चैष्कः एम न थाय. उच्चै≍कः– ऊंचुं.

उच्चैर्+काम्यति=उच्चैःकाम्यति—आ प्रयोगमां पण उच्चैर् अव्यय छे तेथी उच्चैष्काम्यति न थाय. उच्चैःकाम्यति–ऊंचुं इच्छे छे.

॥ २ । ३ । ८ ॥

## निर्दुर्बहिराविष्प्रादुश्चतुराम् ॥ २ । ३ । ९ ॥

निर् , दुर्, बहिर्, आविस् , प्रादुस् अने चतुर् ए शब्दोना र् पछी *रत' ज क ख प अने फ आवेला होय तो र् नो मूर्धन्य ष् बोलाय छे

निर्+कृतम्=निष्कृतम्–धिक्कारेल

दुर्+कृतम्=दुष्कृतम्—पाप

बहिर्+पीतम्=बहिष्पीतम्–बहार पीधेलुं. अथवा बहार पीळुं.

आविर्+कृतम्=आविष्कृतम्–प्रगट करेलुं.

प्रादुर्+कृतम्=प्रादुष्कृतम्—प्रगट करेलुं.

चतुर्+पात्रम्= चतुष्पात्रम्–चार पात्रो. ॥ २ । ३ । ९ ॥

## सुचो वा । २ । ३ । १० ॥

जेने छेडे सुच् प्रत्यय आवेलो छे एवा नामना र् पछी क ख प के फ आवे तो र् नो विकल्पे मूर्धन्य ष् थाय छे. सुच् एटले स्–आ प्रत्यय 'वार' अर्थमां आवे छे.

द्विर्+करोति=द्विष्करोति, द्वि≍करोति द्विःकरोति–बे वार करे छे.

(जुओ १।३।५)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर्+फलति=चतुष्फलति चतु≍फलति, चतुःफलति–ચાર વાર ફળે છે. द्विर्+चरति=द्विश्चरति—બે વાર ચરે છે.–આમાં क ख प કે फ નથી પણ च છે જુઓ ૧।૩।૭. ॥ ૨ । ૩ ।૧૦॥

## वेसुसोऽपेक्षायाम् ॥ २ । ३ । ११ ॥

इस् उस् પ્રત્યયવાળા નામના અંત્ય र् પછી તરત જ क ख प કે फ આવેલા હોય તો र् નો મૂર્ધન્ય ष् વિકલ્પે કરવો, र् વાળું નામ અને क ख प કે फ વાળું નામ એ બન્નેમાં પરસ્પર અપેક્ષા હોય તો જ આ નિયમ લાગે છે.

सर्पिर्+करोति=सर्पिष्करोति, सर्पि≍करोति–ઘી કરે છે.

धनुर्+खादति=धनुष्खादति, धनु≍खादति–(કૂતરો) ધનુષને ખાય છે. तिष्ठतु सर्पिः, पिबतु उदकम्–ભલે ઘી પડયું રહે. પાણી પીઓ–અહીં सर्पिः અને पिबतु વચ્ચે કોઈ અપેક્ષા નથી.

परमसर्पि≍कुण्डम्–ઉત્તમ ઘીનું કુંડું.

અપેક્ષા જુદા જુદા શબ્દો વચ્ચે હોય છે. આ પ્રયોગ તો એક શબ્દરૂપ છે એટલે અહીં અપેક્ષા નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ૨ । ૩ । ૧૧ ॥

## नैकार्थेऽक्रिये ॥ २ । ३ । १२ ॥

इस् અને उस् પ્રત્યયવાળા નામના અંત્ય र् પછી તરત જ क ख प કે फ આવે તો र् નો મૂર્ધન્ય ष न થાય. શરત એ કે इस् કે उस् પ્રત્યયવાળું નામ અને क ख प અને फ વાળું નામ એક સરખી વિભક્તિમાં હોવું જોઈએ તથા क ख प કે फ વાળું નામ ક્રિયાવાચક ન હોવું જોઈએ.

सर्पिर्+कालकम्=सर्पि≍कालकम्— કાળું ઘી.

यजुर्+पीतकम्=यजु≍पीतकम्—પીળો યજુર્.

सर्पिष् कुम्भे, सर्पि≍कुम्भे–ઘડામાં ઘી–અહીં सर्पिर् અને कुम्भ એ બન્ને શબ્દો જૂદી જૂદી વિભક્તિમાં છે.

सर्पिष् क्रियते=सर्पि≍क्रियते–ઘી કરાય છે.–અહીં क વાળું નામ ક્રિયાસૂચક છે. ॥ ૨ । ૩ । ૧૨ ॥

## समासेऽसमस्तस्य ॥ २ । ३ । १३ ॥

इस् उस् પ્રત્યયવાળું નામ જો તેની આગળના શબ્દ સાથે સમાસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલું ન હોય તો તે નામના અંત્ય र् પછી તરત જ क ख प કે फ આવેલા હોય તો તેનો ष् થાય છે, જો इस् उस् પ્રત્યયવાળું નામ અને क ख प કે फ વાળું નામ; એ બન્ને એક જ સમાસમાં હોય તો.

सर्पिर्+कुम्भः=सर्पिष्कुम्भः—ઘીનો ઘડો.

धनुर्+फलम्=धनुष्फलम्—ધનુષ્યનું ફળું.

तिष्ठतु सर्पिः, पिब त्वम् उदकम्—ભલે ઘી પડ્યું રહે. તું પાણી પી.—અહીં सर्पिष् અને पिब् નો સમાસ નથી.

परमसर्पिःकुण्डम्—ઉત્તમ ઘીનું કુંડું.—આ પ્રયોગમાં સર્પિષ્ શબ્દનો તેની પૂર્વના परम શબ્દ સાથે પણ સમાસ થયેલો છે. તેથી એક જ સમાસ નથી. ॥२।३।१३॥

## भ्रातुष्पुत्र-कस्कादयः ॥ २ । ३ । १४ ॥

र् પછી તરત જ क ख प કે फ આવતાં જે શબ્દોમાં મૂર્ધન્ય ष થયેલો છે એવા भ्रातुष्पुत्र વગેરે શબ્દોને નિપાતરૂપે સમજવા તથા र् પછી क ख प કે फ આવતાં જે શબ્દોમાં દન્ત્ય स् થયેલો હોય એવા कस्क આદિ શબ્દોને પણ નિપાતરૂપે સમજવા.

भ्रातुर्+पुत्रः—भ्रातुष्पुत्रः—ભાઈનો દીકરો.

परमयजुर्+पात्रम्—परमयजुष्पात्रम्—યજ્ઞનું ઉત્તમ પાત્ર.

कर्+कः=कस्कः—કોણ કોણ.

कौतर्+कुतः=कौतस्कुतः—ક્યાંથી ક્યાંથીનો.

भ्रातुष्पुत्र વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા—

भ्रातुर्+पुत्र—भ्रातुष्पुत्र—ભાઈનો પુત્ર.

सर्पिर्+कुण्डिका—सर्पिष्कुण्डिका—ઘીની કુંડી.

बर्हिर्+पूल—बर्हिष्पूल—દાભનો પૂળો—ડાભડાનો પૂળો.

यजुर्+पात्र—यजुष्पात्र—યજ્ઞનું પાત્ર.

कस्क વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા—

कर्+क—कस्क—કોણ કોણ

कौतर्+कुत—कौतस्कुत—ક્યાંક્યાંથી આવેલ

शुनर्+कर्ण—शुनस्कर्ण—કુતરાનો કાન

सद्यर्+काल—सद्यस्काल—તરતનો કાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सयर्+क्री-सयस्क्री-તાજી ખરીદી

सायर्+क-सायस्क—તાજી ખરીદીમાં આવેલ અથવા તાજી ખરીદી જે વડે કરાય તે સાધન.

सयस्की અને सायस्क એ બન્ને શબ્દોમાં 'क्री ખરીદવું' ધાતુ છે.

सायर्+क-सायस्क—યજ્ઞ-આ શબ્દમાં 'कृ-કરવું' ધાતુ છે

भार्+कर-भास्कर-સૂર્ય

अहर्+कर-अहस्कर-સૂર્ય

अयर्+काण्ड-अयस्काण्ड-લોઢાનું બાણ

अयर्+कान्त-अयस्कान्त-લોહ ચુંબક-લોઢાને ખેંચનાર પદાર્થ

अयर्+कुण्ड-अयस्कुण्ड-લોઢાનો કુંડ

तमर्+काण्ड-तमस्काण्ड-અંધારાનો સમૂહ

अयर्+पिण्ड-अयस्पिण्ड—લોઢાનો જથ્થો-લોઢાનો પીંડો

मेदर्+पिण्ड-मेदस्पिण्ड—ચરબીનો પીંડો ॥ ૨ । ૩ । ૧૪ ॥

## नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः शिड्नान्तरेऽपि ॥ २ । ३ । १५ ॥

નામી સ્વર, અંતસ્થ અક્ષરો, અને क વર્ગના અક્ષરો પછી આવેલા અને પદની મધ્યે રહેલા તથા કોઈ નિયમથી કરેલા અથવા કોઈ નિયમથી કરેલા અક્ષરમાં રહેલા स् નો ष થાય છે. નામી, અંતસ્થ અને क વર્ગ પછી તરત જ स् આવેલો હોય અથવા તે બેની વચ્ચે શિટ્ અક્ષરો આવેલા હોય અને નકાર આવેલો હોય તો પણ स् નો ष થઈ જાય છે.

नामी—

आशिस्+आ=आशिषा-આશિષ વડે.

नदी+सु=नदीषु-નદીઓમાં.

वायु+सु=वायुषु-પવનોમાં.

वधू+सु=वधूषु-વહુઓમાં.

पितृ+सु=पितृषु-પિતાઓમાં.

ए+सा=एषा-આ (સ્ત્રી).

गो+सु=गोषु—ગાયોમાં.

नौ+सु=नौषु-હોડીઓમાં.

सि+सेवे=सिषेवे-સેવા કરી.

અન્તસ્થ —
गिर+सु=गीर्षु—વાણીઓમાં.
हल्+सु=हल्षु—વ્યંજન અક્ષરોમાં.
क વર્ગ —

शक्+स्यति–शक्+ष्यति=शक्ष्यति–કરી શકશે.
क्रुञ्+सु=क्रुङ्षु–હંસોમાં.
सर्पि+ष्+सु=सर्पिष्षु–અનેક પ્રકારનાં ઘીઓમાં.
यजू+न्+सि=यजूंषि–યજ્ઞો.

છેલ્લા બન્ને પ્રયોગોમાં નામી અક્ષર અને स् ની વચ્ચે એકમાં ष नुं અને બીજામાં न् नुं વ્યવધાન છે, છતાં ष् થઈ ગયેલ છે.

दधि+सेक्–દહીંને છાંટનારો. અહીં दधि અને सेक् એ બન્ને જૂદાં જૂદાં પદો છે. તેથી सेक् નો स પદની આદિમાં છે. જુઓ. ૧।૧।૨૫।.

बिसम्–કમળનો એક કોમળ ભાગ.–અહીં बिसम् નો स કોઈ નિયમથી કરેલો નથી, પરંતુ તે स સ્વાભાવિક છે. ॥ ૨ । ૩ । ૧૫ ॥

## समासेऽग्नेः स्तुतः ॥ २ । ३ । १६ ॥

अग्नि શબ્દ સાથે स्तुत् શબ્દનો સમાસ થયા પછી स्तुत् શબ્દના स् નો ष થઇ જાય છે.

अग्नि+स्तुत्=अग्निष्टुत्–અગ્નિની સ્તુતિ કરનારો.

॥ ૨ । ૩ । ૧૬ ॥

## ज्योतिरायुर्भ्यां च स्तोमस्य ॥ २ । ३ । १७ ॥

ज्योतिष्, आयुष् અને अग्नि શબ્દોની સાથે स्तोम શબ્દનો સમાસ થયો હોય તો તે स्तोम ના स् નો ष् કરવો.

ज्योतिर्+स्तोमः=ज्योतिःष्टोमः–જ્યોતિનો સમૂહ અથવા અગ્નિની સ્તુતિ.

आयुर्+स्तोमः=आयुःष्टोमः–આયુષ્યનો સમૂહ.
अग्नि+स्तोमः=अग्निष्टोमः–અગ્નિનો સમૂહ.
ज्योतिः स्तोमं याति—જ્યોતિ સમૂહ તરફ જાય છે.–અહીં સમાસ નથી. ॥ ૨ । ૩ । ૧૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मातृ-पितुः स्वसुः ॥ २ । ३ । १८ ॥

मातृ અને पितृ એ બે શબ્દોમાંથી કોઈ પણ શબ્દ સાથે स्वसृ શબ્દનો સમાસ થયો હોય તો स्वसृ ના स् નો ष થાય છે.

मातृ+स्वसा=मातृष्वसा-માની બેન-માસી.

पितृ+स्वसा=पितृष्वसा-પિતાની બેન-ફઈ. ॥ ૨ । ૩ । ૧૮ ॥

## अलुपि वा ॥ २ । ३ । १९ ॥

मातृ કે पितृ શબ્દ સાથે स्वसृ શબ્દનો અલુપ્ સમાસ થતાં स्वसृ ના स् નો ष् વિકલ્પે થાય છે.

જે સમાસમાં પૂર્વપદની વિભક્તિનો લોપ ન થયો હોય તેને અલુપ્ સમાસ કહેવાય-લોપ વિનાનો સમાસ—અલુપ્ સમાસ.

मातुः+स्वसा=मातुःष्वसा, मातुःस्वसा-માની બેન-માસી.

पितुः+स्वसा= पितुःष्वसा, पितुःस्वसा-પિતાની બેન-ફઈ.

॥ ૨ । ૩ । ૧૯ ॥

## नि-नद्याः स्नातेः कौशले ॥ २ । ३ । २० ॥

नि સાથે અને नदी સાથે स्न તેમ જ स्नात શબ્દનો સમાસ થયો હોય તો તે स्न અને स्नात શબ્દોના स् નો ष થાય છે, જો કુશલ અર્થ જણાતો હોય તો.

निः+स्नः=निष्णः पाके-રાંધવામાં હોંશિયાર.

नि+स्नातः= निष्णातः पाके-,, ,,

नदी+स्नः=नदीष्णः प्रतरणे-તરવામાં હોંશિયાર.

नदी+स्नातः=नदीष्णातः-,, ,, ,,

नि+स्नातः=निस्नातः-નદીમાં નાવા પડેલો પણ તરવામાં કુશળ ન હોવાથી નદીના પ્રવાહથી ખેંચાનારો.

नदी+स्नः=नदीस्नः-નદીમાં નાવા પડેલો પણ તરવામાં કુશળ ન હોવાથી નદીના પ્રવાહથી ખેંચાનારો.

આ બન્ને પ્રયોગમાં કુશળ અર્થ નથી તેથી स् નો ष થયો નથી.

॥ ૨ । ૩ । ૨૦ ॥

## प्रतेः स्नातस्य सूत्रे ॥ २ । ३ । २१ ॥

प्रति શબ્દની સાથે स्नात શબ્દનો સમાસ થયો હોય તો તે स्नात

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દના स् નો ष् થાય છે. सूत्र અર્થમાં. સૂત્ર-રૂનું સૂતર, અથવા ઊનનું સૂતર કે વ્યાકરણ વગેરે શાસ્ત્રનું સૂત્ર.

प्रति+स्नातम्=प्रतिष्णातं सूत्रम्-ધોયેલું ચોકખું સૂતર, ધોયેલી ચોકખી ઊનનું સૂતર કે નિર્દોષ એવું વ્યાકરણ વગેરે શાસ્ત્રનું સૂત્ર.

प्रतिस्नातृ सूत्रम्—આ પ્રયોગમાં स्नात શબ્દ નથી પણ स्नातृ શબ્દ છે. प्रतिस्नातृ-સ્નાન કરનારું ॥ २ । ३ । २१ ॥

## स्नानस्य नाम्नि ॥ २ । ३ । २२ ॥

प्रति શબ્દની સાથે स्नान શબ્દનો સમાસ થયો હોય અને વિશેષ નામ હોય તો તે स्नान શબ્દના स् નો ष् થાય છે.

प्रति+स्नानम्=प्रतिष्णानम्—કોઈ પ્રકારના સૂત્રનું વિશેષ નામ છે.

॥ २ । ३ । २२ ॥

## वेः स्त्रः ॥ २ । ३ । २३ ॥

वि શબ્દની સાથે स्तॄ ધાતુથી બનેલા શબ્દોનો સમાસ થયો હોય તો તે स्तॄ ના स् નો ष થાય છે, વિશેષ નામ હોય તો.

वि+स्तरः=विष्टरः-વિશેષ પ્રકારનું વૃક્ષ.

वि+स्तरम्=विष्टरं पीठम्-પીઠ-આસન. ॥ २ । ३ । २३ ॥

## अभिनिष्टानः ॥ २ । ३ । २४ ॥

अभि અને नि સ્ એ બન્ને સાથેના स्तान શબ્દનો સમાસ થયો હોય તો स् નો ष् કરવો, જો વિશેષ નામ હોય તો.

अभि+नि+स्तानः=अभिनिष्टानः वर्णः-વિસર્ગ ॥ २ । ३ । २४ ॥

## गवि-युधेः स्थिरस्य ॥ २ । ३ । २५ ॥

गवि અને युधि શબ્દોની સાથે સમાસ પામેલા स्थिर શબ્દના स् નો ष થાય છે, વિશેષ નામ હોય તો.

गवि+स्थिरः=गविष्ठिरः-વિશેષ નામ છે.

युधि+स्थिरः=युधिष्ठिरः-,, ,, ॥ २ । ३ । २५ ॥

## एत्यकः ॥ २ । ३ । २६ ॥

નામી તથા અંતસ્થ પછી અને क વર્ગના क સિવાયના કોઈ પણ અક્ષર પછી આદિમાં स् પછી એકારવાળો અર્થાત્ से કારવાળો શબ્દ આવે અને તે सेકાર વાળો શબ્દ સમાસ પામેલો હોય તથા કોઈનું વિશેષ નામ જણાવતો હોય તો તે स् નો ष કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हरि+सेनः=हरिषेणः-વિશેષ નામ છે.

श्री+सेनः=श्रीषेणः —,, ,, ,,

विष्वक्+सेनः=विष्वक्सेनः-કૃષ્ણ.-અહીં क પછી स् આવેલો છે તેથી स् નો ष् ન થાય. ॥ ૨।૩।૨૬॥

## भादितो वा ॥ २ । ३ । २७ ॥

ઇકારવાળા નક્ષત્ર સૂચક નામ પછી આદિમાં स् પછી એકારવાળો અર્થાત् सेकारवाળો કોઈ પણ શબ્દ આવેલો હોય અને તે શબ્દ પૂર્વના નામ સાથે સમાસ પામેલો હોય અને વિશેષ નામ જણાવતો હોય તો તેના स् નો ष વિકલ્પે થાય છે.

रोहिणि+सेनः=रोहिणिषेणः रोहिणिसेनः-વિશેષ નામ છે.

पुनर्वसु+सेनः=पुनर्वसुषेणः-વિશેષ નામ છે.

અહીં इકાર પછી स् નથી પણ उકાર પછી स् છે તેથી स् નો ष् નિત્ય થયો છે. ॥ ૨ । ૩ । ૨૭ ॥

## वि-कु-शमि-परेः स्थलस्य ॥ २ । ३ । २८ ॥

वि, कु, शमि અને परि એ શબ્દોમાંના કોઈ શબ્દ સાથે स्थलશબ્દનો સમાસ થયો હોય તો તે स्थल શબ્દના स् નો ष થાય છે.

वि+स्थलम्=विष्ठलम्-પક્ષીની જગ્યા અથવા સ્થલનો અભાવ.

कु+स्थलम्=कुष्ठलम्-ખરાબ સ્થળ અથવા પૃથ્વીનું સ્થળ.

शमि+स्थलम्=शमिष्ठलम्-શમી નામના ઝાડની જગ્યા.

परि+स्थलम्=परिष्ठलम्-ચારે બાજુએ સ્થળ. ॥ ૨ । ૩ । ૨૮ ॥

## कपेः गोत्रे ॥ २ । ३ । २९ ॥

कपि શબ્દ સાથે स्थल શબ્દનો સમાસ થયો હોય અને તે ગોત્ર અર્થને સૂચવતો હોય તો તે स्थल શબ્દના स् નો ष् કરવો.

कपि+स्थलः=कपिष्ठलः-કપિષ્ઠલ ગોત્રનો પ્રવર્તક ઋષિ. ॥ ૨।૩।૨૯॥

## गो-ऽम्बा-ऽऽम्ब-सव्या-ऽप-द्वि-त्रि-भूम्यग्नि-शेकु-शङ्कु-कु-अङ्गु-मञ्जि-पुञ्जि-बर्हिः-परमे-दिवेः स्थस्यः ॥ २ । ३ । ३० ॥

गो, अम्ब, अम्बा, आम्ब, सव्य, अप, द्वि, त्रि, भूमि, अग्नि, शेकु, शङ्कु, कु, अङ्गु, मञ्जि, पुञ्जि, बर्हिस्, परमे અને दिवि-એ બધા શબ્દોની સાથે स्थ શબ્દનો સમાસ થયો હોય તો તે स्थ ના स् નો ष् કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गो+स्थम्=गोष्ठम्–ગાયને રહેવાનું સ્થાન–ગાયનો વાડો

अम्ब+स्थः=अम्बष्ठः–જૂઈની વેલ.

अम्बा+स्थः=अम्बाष्ठः–માતાની પાસે રહેનાર.

आम्ब+स्थ=आम्बष्ठ–અપલાપ કરનાર

सव्य+स्थः=सव्यष्ठः–જમણી બાજુએ રહેનાર.

अप+स्थः=अपष्ठः–ડાબી બાજુએ રહેનાર.

द्वि+स्थः=द्विष्ठः–બેમાં રહેનાર.

त्रि+स्थः=त्रिष्ठ – ત્રણમાં રહેનાર.

भूमि+स्थः=भूमिष्ठः–ભૂમિ ઉપર રહેનાર.

अग्नि+स्थः=अग्निष्ठः–અગ્નિમાં રહેનાર.

शेकु+स्थः=शेकुष्ठः–કોઈ જાતની વનસ્પતિમાં રહેનાર.

शङ्कु+स्थः=शङ्कुष्ठः–બાણ ઉપર રહેનારો, આયુધ ઉપર રહેનારો કે ખીલા ઉપર રહેનાર.

कु+स्थः=कुष्ठः–ખરાબસ્થાનમાં રહેનાર.

अङ्गु+स्थः=अङ्गुष्ठः–શરીરના અવયવમાં રહેનાર–અંગૂઠો.

मञ्जि+स्थः=मञ्जिष्ठः–સુંદર રંગમાં રહેનાર–મજીઠ

पुञ्जि+स्थः=पुञ्जिष्ठः–પુંજ–સમૂહમાં રહેનાર.

बर्हिस्+स्थः=बर्हिष्ठः–સુગંધીવાળો.

परमे+स्थः=परमेष्ठः– ઉત્તમ સ્થાનમાં રહેનાર.

दिवि+स्थः=दिविष्ठः–સ્વર્ગમાં રહેનાર. ॥ २ । ३ । ३० ॥

## निर्दुस्–सोः, सेध–सन्धि–साम्नाम् ॥२। ३ । ३१ ॥

निस् શબ્દની સાથે सेध, सन्धि અને सामन् શબ્દોનો સમાસ થયો હોય તો તથા दुर् સાથે सेध, सन्धि અને सामन् શબ્દોનો સમાસ થયો હોય તો તથા सु સાથે सेध, सन्धि અને सामन् શબ્દોનો સમાસ થયો હોય તો તે सेध વગેરે ત્રણે શબ્દોના स् નો ष् થાય છે.

निर्+सेधः=निःषेधः–સરખી ગતિ–ચાલન–ન હોય તે.

दुर्+सेधः=दुःषेधः–ખરાબ ચાલ અગર સ્ખલનવાળી ચાલ

सु+सेधः=सुषेधः– સારી ચાલ, સ્ખલન વિનાની ચાલ

निर्+सन्धिः=निःषन्धिः–સંધિ વગરનો.

दुर्+सन्धिः=दुःषन्धिः–ખરાબ સંધાનવાળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सु+सन्धिः=सुषन्धिः-સારા સંધાનવાળો કે સારી સંધિવાળો.

निर्+साम=निःषाम-સામવેદમાંથી નીકળેલ.

दुर्+साम=दुःषाम-સામવેદના અરુચિકર વાક્યવાળો

सु+साम=सुषाम-સારા સામવેદવાળો. ॥ ૨ । ૩ । ૩૧ ॥

## प्रष्ठोऽग्रगे ॥२॥३॥३२॥

અગ્રગામી વાચક प्रस्थ શબ્દના स् નો ष् કરવો.

प्र+स्थः=प्रष्ठः- અગ્રણી,ભાષામાં પઠ્ઠો. ॥ ૨ । ૩ । ૩૨ ॥

## भीरुष्ठानादयः ॥२।३।३३॥

भीरुस्थान વગેરે સમાસવાળા શબ્દોમાં જે શબ્દો સકારવાળા હોય એ શબ્દોના स् નો ष् કરવો.

भीरु+स्थानम्=भीरुष्ठानम्-બીકણનું સ્થાન.

अङ्गुलि+सङ्गः=अङ्गुलिषङ्गः-આંગળીનો સંબંધ.

भीरुष्ठान વગેરે અનેક શબ્દો આ પ્રમાણે છે-

अङ्गुलिषङ्ग,

अङ्गुलिषङ्गा-રાબ,

सव्येष्ठ-સારથિ,

परमेष्ठिन्-અરહંત વગેરે પાંચ પરમેષ્ઠી-અરહંત. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અથવા પરમેષ્ઠિન્ ઉત્તમ સ્થાનમાં રહેનાર-મનની ઉત્તમ ભૂમિકા ઉપર રહેનાર

सुष्ठु-સારી રીતે,

दुष्ठु-ખરાબ રીતે.

अपष्ठु-ખરાબ રીતે રહેનાર,

वनिष्ठु-વનમાં રહેનાર,

गौरिषक्थ-ગૌરીનો સાથળ,

प्रतिष्णिका-જેમાં સ્નાન કરાય તે

नौषेचिका-નાવને છાંટનાર

दुन्दुभिषेवण-દુંદુભિનું સેવન.

આવા પ્રકારના બીજા પણ અનેક શબ્દો છે. ॥ ૨ । ૩ । ૩૩ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## हृस्वान्नाम्नस्ति ॥२।३।३४॥

હ્રસ્વ એવા નામી સ્વર પછી તરત જ स् આવેલો હોય અને स् પછી નામને લાગનારા આદિમાં तકારવાળા त्व तल् વગેરે પ્રત્યયો લાગેલા હોય તો તે स् નો ष થાય છે.

सर्पिष्+ता=सर्पिष्टा–ઘીપણું.

वपुष्+तमम्=वपुष्टमम्–ઉત્તમ શરીર.

तेजः+ता=तेजस्ता–તેજપણું.–અહીં નામી પછી स् નથી પણ अ પછી છે તેથી स् નો ष् નહીં થાય. ॥ ૨ । ૩ । ૩૪ ॥

ધાતુના स् નો ष्

## निसस्तपेऽनासेवायाम् ॥२।३।३५॥

निस् શબ્દ પછી આદિમાં त કારવાળા तप् ધાતુનો પ્રયોગ હોય અને 'વારંવાર તપાવવું' એવો અર્થ ન હોય તો निस् ના स् નો ष् થાય છે.

निस्+तपति=निष्टपति स्वर्णम्–સોનાને એક વાર અગ્નિને અડાડે છે-
निस्+अतपत्=निरतपत्—તપ્યો. અહીં આદિમાં त કારવાળો तप् ધાતુ નથી પરંતુ अ વાળો છે. ॥ ૨ । ૩ । ૩૫ ॥

## घस्–वसः ॥२।३।३६॥

घस् અને वस् ધાતુના स् નો ष् થાય છે, જો તે स् નામી સ્વર, અંતસ્થ, અને क વર્ગ પછી આવેલો હોય તો.

घस्–जक्+स्+उः=जक्षुः–તેઓએ ખાધું. પરોક્ષકાળના ત્રીજા પુરુષનું બહુવચન

वस्-वस्+तः=वस्–उस्+इ+तः=उषितः–રહેલો. ॥ ૨ । ૩ । ૩૬ ॥

## णि–स्तोरेवास्वद–स्विद–सहः षणि ॥२।३।३७॥

ण्यन्त એટલે પ્રેરક અર્થમાં જે णि આવે છે એ णि જેને અંતે હોય તે ण्यन्त કહેવાય, અને જેને णि ન લાગેલો હોય તે अण्यन्त કહેવાય.

ण्यन्त એવા स्वद्, स्विद् અને सह् સિવાયના બીજા ण्यन्त ધાતુઓના અને अण्यन्त એવા એકલા स्तु ધાતુના स् નો ष् થાય છે. જો તે ધાતુઓને મૂર્ધન્ય ष् થયેલો सन् એટલે षण् પ્રત્યય લાગેલો હોય તો અને જે स् નો ष् કરવો છે તે નામી સ્વર, અંતસ્થ અને क વર્ગ પછી આવેલો હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेव्—सेवयितुमिच्छति—सिसेवयि+ष+ति=सिषेवयिषति—સેવા કરાવવાની ઇચ્છા કરે છે.

स्तु—स्तोतुमिच्छति=तु+स्तूषति-तुष्टूषति—સ્તુતિ કરવાને ઇચ્છે છે.
सिस्वादयिषति—સ્વાદ કરાવવાની ઇચ્છા કરે છે.
सिस्वेदयिषति— પરસેવાવાળું કરાવવાની ઇચ્છા કરે છે.
सिसाहयिषति—સહન કરાવવાની ઇચ્છા કરે છે.

આ ત્રણે પ્રયોગમાં ण्यन्त એવા स्वद्, स्विद् અને सह ધાતુઓ હોવાથી स्નો ष् થયો નથી.

सुसूषति - પ્રસવની ઇચ્છા કરે છે.—અહીં स्तु ધાતુ નથી પણ षु ધાતુ છે. તેથી ધાતુના स् નો ष् ન થાય.

આ સૂત્ર એમ જણાવે છે કે, અણ્યંત એવા स्तु ધાતુ માટે જ એવો નિયમ કરવામાં આવે છે કે षण લાગેલ હોય ત્યારે अण्यंत એવા स्तु ધાતુના જ स् નો ष् કરવો પણ બીજા કઈ ધાતુના स् નો ष् ન કરવો. આવો નિયમ કરેલો હોવાથી જ્યાં षण નથી અને स्तु ધાતુ પણ નથી ત્યાં આ નિયમની પ્રવૃત્તિ થઈ શકે નહીં એટલે આ નિયમ દ્વારા જ્યાં षण નથી અને स्तु ધાતુ પણ નથી ત્યાં स् નો ष् થતો અટકી શકે નહીં જેમકે;

सिषेव— સીવ્યું—આ પ્રયોગમાં અણ્યંત એવો सिव् ધાતુ છે. તથા षण પણ લાગેલ નથી એટલે सिसेव પ્રયોગમાં सिसेव ને બદલે सिषेव પ્રયોગ થવામાં કોઈ જાતનો પ્રતિબંધ ન જ આવે.

सुषुप्सति--સુવાને ઇચ્છે છે—આ પ્રયોગમાં માત્ર सन લાગેલ છે જે षण રૂપ નથી જ તથા ધાતુ પણ स्वप् છે એથી આ નિયમ આ પ્રયોગમાં લાગે જ નહીં એથી सुसुप्सति ને બદલે सुषुप्सति જ પ્રયોગ થાય અર્થાત્ આ પ્રયોગમાં ष् થવામાં કેઈ વાંધો ન આવે. ॥૨।૩।૩૭॥

## सञ्जेर्वा ॥२॥३॥३८॥

ण्यन्त એવા सञ्ज् ધાતુને षण् લાગેલો હોય અને सञ्ज् ધાતુનો स् નામી સ્વર, અંતસ્થ અને क વર્ગ પછી આવેલો હોય તો તે स् નો ष् વિકલ્પે થાય છે.

सि+सञ्जयिषति=सिषञ्जयिषति, सिसञ्जयिषति- સંગ કરાવવાને ઇચ્છે છે.
षण् એટલે જ્યારે सन् પ્રત્યયનો षण् થાય ત્યારે તેને षण् કહેવામાં આવે છે. ॥ ૨ । ૩ । ૩૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उपसर्गात् सुग्-सुव-सो-स्तु-स्तुभोऽट्यप्यद्वित्वे ॥ २ । ३ । ३९ ।**

ઉપસર્ગમાં રહેલા નામી સ્વર, અંતસ્થ અને क વર્ગ પછી આવેલા सुग्, सुव, सो, स्तु અને स्तुभ् ધાતુઓના स् નો ष् થાય છે. ઉપસર્ગ અને ધાતુ–એ બન્ને વચ્ચે अ (अट्) આવેલો હોય તો પણ ष् થાય છે. પણ सुग् વગેરે ધાતુઓનો દ્વિર્ભાવ ન થયેલો હોવો જોઈએ.

सुग्–अभि+सुनोति=अभिषुणोति–પીડા કરે છે–संस्कृत द्व्याश्रय

निर्+सुनोति=निःषुणोति–નિરંતર પીડા કરે છે.

परि+असुनोत्–परि+अषुणोत्=पर्यषुणोत्–પીડા કરી

सुव्–अभि+सुवति=अभिषुवति–પ્રેરણા કરે છે. અથવા ફેંકે છે –सं० द्व्या०

निर्+सुवति=निःषुवति– પ્રેરણા કરે છે, અથવા ફેંકે છે.

परि+असुवत्=परि+अषुवत्=पर्यषुवत्–પ્રેરણા કરી, ફેંક્યું

सो–अभि+स्यति=अभिष्यति–સામે છેદે છે,

परि+अस्यत्=पर्यष्यत्–છેદ્યું

स्तु–अभि+स्तौति=अभिष्टौति–સામે સ્તુતિ કરે છે.

दुर्+स्तवम्=दुष्टवम्–મુશ્કેલીથી સ્તુતિ કરી શકાય એવું

परि+अस्तौत्=परि+अष्टौत्=पर्यष्टौत्–સ્તુતિ કરી.

स्तुभ्–अभि+स्तोभते=अभिष्टोभते–થંભે છે, બાંધે છે–सं० द्व्या०

परि+अस्तोभत=परि+अष्टोभत=पर्यष्टोभत–થંભ્યો, બાંધ્યો

अभिसुसूषति–સ્નાન કરવાની ઇચ્છા કરે છે—અહીં सू ધાતુનો દ્વિર્ભાવ થયેલો છે. તેથી स् નો ष् ન થયો.

સૂત્રમાં सुग् મૂક્યો છે માટે ग् નિશાનવાળો सु લેવો પણ બીજા सु ધાતુ ન લેવા. આ सुग् ધાતુ પાંચમા ગણનો છે. ॥૨।૩।૩૯॥

**स्था-सेनि-सेध-सिच-सञ्जां द्वित्वेऽपि ॥ २ । ३ । ४० ॥**

ઉપસર્ગમાં રહેલા નામી સ્વર, અંતસ્થ અને क વર્ગ પછી આવેલા स्था, सेनि, सिध, सिच् અને सञ्ज् ધાતુઓના स् નો ष् થાય છે. આ ધાતુઓનો દ્વિર્ભાવ થયો હોય તેમ જ ઉપસર્ગ અને ધાતુની વચ્ચે अ (अट्) આવ્યો હોય તો પણ स् નો ष् થાય છે.

स्था–

अधि+स्थास्यति=अधिष्ठास्यति–ઉપરી થશે.

द्विर्भाव–अधि+तस्थौ=अधितष्ठौ—ઉપરી થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अट्—अधि+अस्थात्=अध्यष्ठात्– ,,

सेनि–

अभि+सेनयति=अभिषेणयति–સેના લઇને સામે જાય છે.

द्विर्भाव--अभि+सिषेनयिषति=अभिषिषेणयिषति–સેના લઇને સામે જવાની ઇચ્છા કરે છે.

अट्—अभि+असेनयत्=अभि+अषेणयत्=अभ्यषेणयत्–સેના લઇને સામે ગયો.

सेध—

प्रति+सेधति=प्रतिषेधति–પ્રતિષેધ કરે છે.

द्विर्भाव–प्रति+सिसेधिषति=प्रतिषिषेधिषति–પ્રતિષેધ કરવા ઇચ્છે છે.

अट्—प्रति+असेधत्=प्रति+अषेधत्=प्रत्यषेधत्–નિષેધ કર્યો

सिञ्च्—

अभि+सिञ्चति=अभिषिञ्चति–અભિષેક કરે છે.

द्विर्भाव–अभि+सिसिक्षति=अभिषिषिक्षति–અભિષેક કરવાને ઇચ્છે છે.

अट्—अभि+असिञ्चत्=अभि+अषिञ्चत्=अभ्यषिञ्चत्–અભિષેક કર્યો

सञ्ज्—

अभि+सजति=अभिषजति–સંગ કરે છે.

द्विर्भाव–अभि+ससञ्ज=अभिषषञ्ज–સંગ કર્યો

अट्—अभि+असजत्=अभि+अषजत्=अभ्यषजत्–સંગ કર્યો. ॥૨।૩।૪૦॥

## अङ्प्रतिस्तब्ध-निस्तब्धे स्तम्भः ॥ २ । ३ । ४१ ॥

ઉપસર્ગમાં રહેલા નામી સ્વર, અંતસ્થ અને क વર્ગ પછી આવેલા स्तम्भ् ધાતુના स् નો ष् થાય છે. ધાતુના દ્વિર્ભાવમાં પણ ष् થાય છે અને अट् હોય તો પણ ष् થાય છે પણ स्तम्भ ધાતુને ड प्रत्यय લાગેલ ન હોવો જોઇએ અને प्रति અને नि ઉપસર્ગ સાથે क्त પ્રત્યયવાળો પણ स्तम्भ् ધાતુ ન હોવો જોઇએ અર્થાત્ प्रतिस्तब्ध તથા निस्तब्ध શબ્દોમાં આ નિયમ ન લાગે.

स्तम्भ्

वि+स्तभ्नाति=विष्टभ्नाति–વિશેષ સ્તબ્ધ થાય છે

द्विर्भाव–वि+तस्तम्भ=वितष्टम्भ– ,, થયો.

વચ્ચે अ–प्रति+अस्तभ्नात्=प्रति+अष्टभ्नात्–વિશેષ સ્તબ્ધ થયો.

वि+अतस्तम्भत=व्यतस्तम्भत– ખૂબ વિશેષ સ્તબ્ધ થયો. અહીં ङ પ્રત્યય હોવાથી स નો ष् ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रति+स्तब्धः–प्रतिस्तब्धः–બળવાન થયેલો સં૦દ્વયા૦
સર્ગ ૩ શ્લોક ૧૩૧–૧૩૨

नि+स्तब्धः–निस्तब्धः–બળવાન થયેલો

આ બન્ને પ્રયોગમાં प्रति અને नि સાથે क्त પ્રત્યય વાળો स्तम् ધાતુ છે. તેથી ष ન થાય. ॥૨।૩।૪૧॥

## अवाच्चाश्रयोर्जाऽविदूरे ॥ २ । ३ । ४२ ॥

अव ઉપસર્ગ પછી આવેલા स्तम्भ ધાતુના स् નો ष થાય છે, જો आश्रय–આલંબન અર્થ, ऊर्ज-વિશેષ બળ–શક્તિ–અર્થ અને સમીપ અર્થ હોય તો. તથા स्तम्भ् ધાતુ દ્વિર્ભાવમાં હોય અને अड् વાળો હોય તો પણ स् નો ष् થાય છે. પણ स्तम्भ् ધાતુને ङ પ્રત્યય લાગેલો ન હોવો જોઇએ. સૂત્રમાં च[1] મૂકેલો હોવાથી उप ઉપસર્ગ હોય તો પણ કોઈ એક પ્રયોગમાં

---

૧ મૂળ સૂત્રમાં अवाच्च આવો પાઠ છે. એનો અર્થ 'अव તથા उप ઉપસર્ગો પછી આવેલ स्तम्भ् ધાતુ' એમ સમજવાનો છે.

च મુકીને આચાર્ય બે વિધાન કરે છે. એક તો ઊપરના ૪૧મા સૂત્રમાંથી 'अड् તથા स्तम्भ આટલો' અંશ આ સૂત્રમાં લેવાનો છે તથા अव ઉપરાંત બીજો उप ઉપસર્ગ પણ અહીં લેવાનો છે એથી उप+स्तम्भ् માં પણ स् નો ष् કરવાનો.

શં૦—જો આચાર્યની એવી ઇચ્છા હતી કે 'આ સૂત્રમાં उप ઊપસર્ગ પણ લેવાનો છે' તો પછી સૂત્રમાં જ अवोपात् એમ ન મુકતાં अवाच्च એમ શા માટે મુક્યું ? अवोपात् મુકવાથી अव તથા उप ઉપસર્ગ સ્પષ્ટ સમજી શકાત જ એટલે अवाच्च ને બદલે સૂત્રકાર આચાર્યે अवोपात् કેમ ન મુક્યું ?

સમા૦—આ પ્રશ્ન છે બરાબર, પણ જો આચાર્યે મૂળ સૂત્રમાં જ अवोपात् એમ મુક્યું હોત તો એવો અર્થ સમજવામાં આવત કે अव અને उप ઉપસર્ગ વાળા स्तम्भ ધાતુના स् નો ष् કરવો, પણ આચાર્યને આવો અર્થ સંમત નથી. આચાર્યનો આશય એવો છે. કે उप ઉપસર્ગ સાથે स्तम्भ ના स् નો ष् કોઇક પ્રયોગમાં કરવો અને કોઈ પ્રયોગમાં ન કરવો એટલે उपष्टब्ध પ્રયોગ તો થાય પણ उपस्तब्ध પ્રયોગ પણ થાય. જો સૂત્રમાં જ अवोपात् એવો પાઠ મુકયો હોત તો उपस्तब्ध પ્રયોગ ન જ થઈ શકત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स् નો ष् થાય અને કોઈ એક પ્રયોગમાં स् નો ष् ન પણ થાય એમ સમજવું.

આશ્રય-

दुर्गम् अव+स्तभ्नाति=अवष्टभ्नाति-કિલ્લાનો આશ્રય લે છે.

દ્વિર્ભાવ—अव+तस्तम्भ=अवतष्टम्भ-કિલ્લાનો આશ્રય લીધો.

વચ્ચે अ-अव+अस्तभ्नात्=अव+अष्टभ्नात्=अवाष्टभ्नात्-,,

ઊર્જ-

अहो ! वृषलस्य अव+स्तम्भः-अवष्टम्भः-અહો ! વૃષલનું-શૂદ્રનું-બળ-તાકાત

અવિદૂર-સમીપ-अव+स्तब्धा=अवष्टब्धा शरत् -શરદ્ ઋતુ પાસે છે.
अव+स्तब्धे=अवष्टब्धे सेने-બે સેનાએ પાસે પાસે છે.

આશ્રય-उप+स्तम्भः=उपष्टम्भः-આશ્રય-ટેકો.

अव+अतस्तम्भत्=अवातस्तम्भत्-આશ્રય લીધો. અહીં स्तम्भ् ધાતુમાં ङ પ્રત્યય હોવાથી स નો ष् ન થયો. ॥૨।૩।૪૨॥

## व्यवात् स्वनोऽशने ॥ २ । ३ । ४३ ॥

वि અને अव ઉપસર્ગ પછી આવેલા स्वन् ધાતુના स નો ष् થાય છે. જો ભોજન અર્થ હોય તો. દ્વિર્ભાવ હોય અને अट् હોય તો પણ स् નો ष् થાય છે.

स्वन्

वि+स्वनति=विष्वणति-તે ખાય છે.

अव+स्वनति=अवष्वणति- ,, ,,

દ્વિર્ભાવ-वि+सस्वान=विषष्वाण- તેણે ખાધું.

अव+सस्वान=अवषष्वाण- ,, ,,

વચ્ચે अ-वि+अस्वनत्=व्यष्वणत्-તેણે ખાધું.

अव+अस्वनत्=अवाष्वणत्-તેણે ખાધુ.

वि+असिस्वनत्=व्यषिष्वणत्-તેણે ખવરાવ્યું.

अव+असिस्वनत्=अवाषिष्वणत्-તેણે ખવરાવ્યું.

विस्वनति मृदङ्गः-મૃદંગ વાગે છે.-અહીં स्वन् ધાતુ તો છે પણ તે 'ભોજન' અર્થમાં નથી, અવાજ કરવાના—વાગવાના-અર્થમાં છે. ॥૨।૩।૪૩॥

## सदोऽप्रतेः परोक्षायां त्वादेः ॥ २ । ३ । ४४ ॥

प्रति સિવાયના બીજા કોઈ ઉપસર્ગમાં રહેલા નામી સ્વર, અંતસ્થ તથા કવર્ગ પછી આવેલા सद ધાતુના स् નો ष् થાય છે. દ્વિર્ભાવમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ થાય અને अट् હોય તો પણ થાય, પણ જ્યારે પરોક્ષા વિભક્તિને લીધે सद् ધાતુનો દ્વિર્ભાવ થયો હોય ત્યારે सद् ના બે स થાય એટલે ससद् થાય તે પૈકી આદિના स् નો ष કરવો પણ બીજા स् નો ष् ન કરવો.

सद्--

नि+सीदति=निषीदति-બેસે છે.

દ્વિર્ભાવ-वि+साद्यते=विषाषद्यते-ઘણો અથવા વારંવાર ખેદ પામે છે.

વચ્ચે अ— वि+असीसदत=व्यषीषदत्-ખેદ પમાડયો.

પરોક્ષા દ્વિર્ભાવ-नि+ससाद=निषसाद-તે બેઠો-અહીં બીજા स् નો ष् ન થયો.

प्रति+सीदति=प्रतिसीदति-ખેદ પામે છે.—અહીં प्रति ઉપસર્ગ હોવાથી स् નો ष् ન થાય. ॥૨।૩।૪૪॥

## स्वञ्जश्च ॥ २ । ३ । ४५ ।

ઉપસર્ગમાં રહેલા નામી સ્વર, અંતસ્થ તથા કવર્ગ પછી આવેલા स्वञ्ज् ધાતુના स નો ष થાય છે. દ્વિર્ભાવમાં પણ થાય અને अट् હોય તો પણ થાય. પણ પરોક્ષામાં દ્વિર્ભાવ પામેલા स्वञ्ज् ધાતુના આદિના स નો ष् થાય, બીજા स् નો ष् ન થાય

स्वञ्ज्—

अभि+स्वजते=अभिष्वजते-સોબત કરે છે.

દ્વિર્ભાવ—अभि+सिस्वङ्क्षते=अभिषिष्वङ्क्षते-સોબત કરવાની ઇચ્છા કરે છે.

વચ્ચે अ-प्रति+अस्वजत=प्रति+अष्वजत=प्रत्यष्वजत-સંબંધ કર્યો.

પરોક્ષા દ્વિર્ભાવ-परि+सस्वजे=परिषस्वजे-સબંધ કર્યો ॥૨।૩।૪૫॥

## परि-नि-वेः सेवः ॥ २ । ३ । ४६ ॥

परि, नि, वि ઉપસર્ગ પછી આવેલા सेव् ધાતુના स् નો ष् થાય છે. દ્વિર્ભાવમાં પણ થાય અને अट् હોય તો પણ થાય.

सेव्—

परि+सेवते=परिषेवते-સેવા કરે છે.

દ્વિર્ભાવ-परि+सिसेवे=परिषिषेवे-સેવા કરી.

परि+सिसेविषते=परिषिषेविषते-સેવા કરવાની ઇચ્છા કરે છે.

વચ્ચે अ-परि+असेवत=पर्यषेवत-સેવા કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नि+सेवते=निषेवते–નિરંતર સેવા કરે છે.

પરોક્ષા દ્વિર્ભાવ–वि+सिसेवे=विषिषेवे–વિશેષ સેવા કરી. ॥૨।૩।૪૬॥

## सय–सितस्य ॥ २ । ३ । ४७ ॥

परि, नि, वि ઉપસર્ગ પછી આવેલા सय અને सित શબ્દના स् નો ष् થાય છે.

परि+सयः=परिषयः–બંધન

नि+सयः–निषयः– ,,

वि+सयः–विषयः–વિષય–દેશ, અથવા શબ્દ–સ્પર્શ-રૂપ–રસ–ગંધ વિષય

परि+सितः–परिषितः–બંધાયેલો

नि+सितः–निषितः– ,,

वि+सितः विषितः–વિશેષ બંધાયેલો ॥૨।૩।૪૭॥

## असो–ङ–सिवू–सह–स्सटाम् ॥ २ । ३ । ४८ ॥

परि, नि, वि પછી આવેલા सिव्, તથા सह् ધાતુના स् નો ष् થાય પરંતુ આ બન્ને ધાતુઓને ङ પ્રત્યય લાગેલો ન હોય તથા सह ધાતુનું सोढ એવું રૂપ ન થયું હોય તો. તથા परि, नि, वि પછી જે स्सट् (स) નો આગમ આવે છે તેના स् નો પણ ष् થઈ જાય છે.

सिव्—

परि+सीव्यति=परिषीव्यति–સીવે છે, દોરા પરોવે છે. અથવા સાંધે છે.

नि+सीव्यति=निषीव्यति— ,, ,, ,, ,, ,,

वि+सीव्यति=विषीव्यति— ,, ,, ,, ,, ,,

सह्—

परि+सहते=परिषहते–બધી બાજુથી સહન કરે છે.

नि+सहते=निषहते–નિરંતર સહન કરે છે.

वि+सहते=विषहते–વિશેષ સહન કરે છે.

स्सट्—

परि+करोति=परि+स्+करोति=परिष्करोति–સંસ્કાર કરે છે કે શોભા કરે છે.

वि+किरः=वि+स्+किरः=विष्किरः–પક્ષી–પંખી.

परि+सोढः=परिसोढः–અહીં सह નો सोढ થયેલો છે, તેથી स् નો ष् ન થાય.

मा परि+सीषिवत्=मा परिसीषिवत्–તેણે સીવડાવ્યું નહીં–અહીં ङ પ્રત્યય લાગેલો હોવાથી स् નો ष् ન થાય. ॥૨।૩।૪૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्तु-स्वञ्जश्चाटि नवा ॥ २ । ३ । ४९ ॥

परि, नि અને वि પછી આવેલા स्तु ધાતુ અને स्वञ्ज् તેમજ सिव् તથા सह् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે. વચ્ચે अट् આવ્યો હોય તો પણ થાય અને ધાતુની આદિમાં રહેલા स्सद ના स् નો પણ ष् થાય છે. ફક્ત सिव् અને सह् ધાતુને ङ લાગેલો ન હોવો જોઈયે તથા सह् નો सोढ થયેલો હોય એવો सह् ધાતુ પણ ન હોવો જોઈએ.

स्तु—

વચ્ચે अ-परि+अस्तौत्=परि+अष्टौत्=पर्यष्टौत्, पर्यस्तौत्-સ્તુતિ કરી.

नि+अस्तौत्=नि+अष्टौत्=न्यष्टौत्, न्यस्तौत्- ,, ,,

वि+अस्तौत्=वि+अष्टौत्=व्यष्टौद्, व्यस्तौत्- ,, ,,

स्वञ्ज्—

परि+अस्वजत्=परि+अष्वजत्=पर्यष्वजत्=पर्यस्वजत्-સંગ કર્યો.

नि+अस्वजत्=नि+अष्वजत्=न्यष्वजत्-न्यस्वजत्- ,, ,,

वि+अस्वजत्=वि+अष्वजत्=व्यष्वजत्, व्यस्वजत् ,, ,,

सिव्—

परि+असीव्यत्=परि+अषीव्यत्=पर्यषीव्यत्, पर्यसीव्यत्-સીવ્યું

नि+असीव्यत्=नि+अषीव्यत्=न्यषीव्यत्, न्यसीव्यत् ,,

वि+असीव्यत्=वि+अषीव्यत्=व्यषीव्यत्, व्यसीव्यत्- ,,

सह्—

परि+असहत=परि+अषहत=पर्यषहत, पर्यसहत-સહન કરતો હતો.

नि+असहत=नि+अषहत=न्यषहत, न्यसहत- ,, ,, ,,

वि+असहत=वि+अषहत=व्यषहत, व्यसहत- ,, ,, ,,

स्सद्—

परि+अस्करोत्=परि+अष्करोत्=पर्यष्करोत्, पर्यस्करोत्-સાફ કરતો હતો.

परि+असीषिवत्=पर्यसीषिवत्-સીવડાવતો હતો.

परि+असीषहत्=पर्यसीषहत्-તે સહન કરાવતો હતો. આ બે પ્રયોગોમાં ङ લાગેલો હોવાથી स् નો ष् ન થાય.

परि+असोढयत्=पर्यसोढयत्-સોઢ એવા શબ્દને બોલતો હતો-અહીં सह् ધાતુનો सोढ પ્રયોગ થયેલ છે તેથી स् નો ष् ન થાય. ॥ ૨ । ૩ । ૪૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निरभ्यनोश्च स्यन्दस्याप्राणिनि ॥ २ । ३ । ५० ॥

निर्, अभि, अनु, અને परि, नि, वि–આ ૭ ઉપસર્ગમાંના કોઈ ઉપસર્ગ પછી આવેલા स्यन्द् ધાતુના स् નો ष विકલ્પે થાય જો स्यन्द् ધાતુનો કર્તા પ્રાણી ન હોય તો.

स्यन्द्—

निर्+स्यन्दते=निःष्यन्दते, निःस्यन्दते तैलम्–તેલ ઝરે છે.

अभि+ ,, अभिष्यन्दते, अभिस्यन्दते– ,, – ,, ,,

अनु+ ,, अनुष्यन्दते, अनुस्यन्दते ,, – ,, ,,

परि+ ,, परिष्यन्दते, परिस्यन्दते ,, – ,, ,,

नि+ ,, निष्यन्दते, निस्यन्दते ,, – ,, ,,

वि+ ,, विष्यन्दते, विस्यन्दते ,, – ,, ,,

परि+स्यन्दते=परिस्यन्दते मत्स्यः–માછલું ગતિ કરે છે–પાણીમાં તરે છે.–આ પ્રયોગમાં માછલું એ પ્રાણી કર્તા છે તેથી स् નો ष् ન થાય.

॥ २ । ३ । ५० ॥

## वेः स्कन्दोऽक्तयोः ॥ २ । ३ । ५१ ॥

वि પછી આવેલા स्कन्द् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે પણ એ स्कन्द् ધાતુને त (क्त) અને तवत् (क्तवतु) પ્રત્યયો લાગેલા ન હોય તો.

स्कन्द्—

वि+स्कन्ता=विष्कन्ता, विस्कन्ता–જનારો.

वि+स्कन्नः–ગયેલો.

वि+स्कन्नवान्–,,

આ બે પ્રયોગો પૈકી પહેલા પ્રયોગમાં क्त અને બીજામાં क्तवतु પ્રત્યય લાગેલ છે. ॥ २ । ३ । ५१ ॥

## परेः ॥ २ । ३ । ५२ ॥

परि પછી આવેલા स्कन्द् ધાતુના स् નો ष વિકલ્પે થાય છે.

स्कन्द्—

परि+स्कन्ता=परिष्कन्ता, परिस्कन्ता–જનારો

परि+स्कन्नः=परिष्कण्णः, परिस्कन्नः–ગયેલો ॥ २ । ३ । ५२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निर्नेः स्फुर–स्फुलोः ॥ २ । ३ । ५३ ॥

निर् કે नि પછી આવેલા स्फुर् ધાતુના તથા निर् કે नि પછી આવેલા स्फुल् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

स्फुर्––

निर्+स्फुरति=निःष्फुरति, निःस्फुरति–નિરંતર સ્ફુરે છે.

नि+स्फुरति=निष्फुरति, निस्फुरति– ,, ,,

स्फुल्––

निर्+स्फुलति=निःष्फुलति, निःस्फुलति–નિરન્તર ફુલે છે.

नि+स्फुलति=निष्फुलति, निस्फुलति– ,, ,, ॥ ૨ । ૩ । ૫૩ ॥

## वेः ॥ २ । ३ । ५४ ॥

वि ઉપસર્ગ પછી આવેલા स्फुर् અને स्फुल् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

स्फुर्–वि+स्फुरति=विष्फुरति, विस्फुरति–વિશેષ સ્ફુરે છે.

स्फुल्–वि+स्फुलति=विष्फुलति, विस्फुलति–વિશેષ ફુલે છે

॥ ૨ । ૩ । ૫૪ ॥

## स्कभ्नः ॥ २ । ३ । ५५ ॥

वि પછી स्कभ्न ધાતુના स् નો ष् થાય છે.

वि+स्कभ्नाति=विष्कभ्नाति–વિશેષ બાંધે છે. ॥ ૨ । ૩ । ૫૫ ॥

## निर्–दुः–सु–वेः सम–सूतेः ॥ २ । ३ । ५६ ॥

निर् दुर् सु અને वि પછી આવેલા सम અને सूति શબ્દોના स् નો ष् થાય છે.

सम––

निर्+समः=निःषमः– નિરંતર સમના અથવા સમતા વગરનું

दुर्+समः=दुःषमः–કઠણ.

सु+समः=सुषमः–સરખું–સારું

वि+समः=विषमः–વસમું

सूति––

निर्+सूतिः=निषूतिः– નિરંતર પ્રસવ.

दुर्+सूतिः=दुःषूतिः–ખરાબ પ્રસવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सु+सूतिः=सुषूतिः–સારો પ્રસવ

वि+सूतिः=विषूतिः–વિશેષ પ્રસવ અથવા પ્રસવનો અભાવ ॥૨।૩।૫૬॥

## अवः स्वपः ॥ २ । ३ । ५७ ॥

निर्, दुर्, सु અને वि પછી આવેલા व વગરના स्वप् ધાતુના स् નો ष् થાય છે.

स्वप्—

निर्+ सुषुपतुः=निःषुषुपतुः–તેઓ બે નિરાંતે સૂતા.

दुर्+ ,, =दुःषुषुपतुः– તેઓ બે દુઃખે સૂતા.

सु+ ,, =सुषुषुपतुः–તેઓ બે સુખે સૂતા.

वि+ ,, =विषुषुपतुः–તેઓ બે વધારે સૂતા,

दुर्+स्वप्नः=दुःस्वप्नः–ખરાબ સ્વપ્ન. અહીં स्वप् ધાતુ વકારવાળો છે. માટે स् નો ष् ન થયો. ॥૨।૩।૫૭॥

## प्रादुरुपसर्गाद् य–स्वरेऽस्तेः ॥ २ । ३ । ५८ ॥

प्रादुर् શબ્દ પછી અને બીજા ઉપસર્ગોમાં રહેલા નામી સ્વર, અંતસ્થ અને कवर्ग પછી આવેલા अस् ધાતુના स् નો ष् થાય છે. જો अस् ધાતુને આદિમાં યકારવાળા અને સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય તો.

अस्—

प्रादुर्+स्यात्=प्रादुःष्यात्=તે પ્રગટ થાય.

वि+स्यात्=विष्यात्–તે વધારે થાય.

नि+स्यात्=निष्यात्–તે નિરંતર થાય.

प्रादुः+सन्ति=प्रादुःषन्ति–તેઓ પ્રગટ થાય છે,

वि+सन्ति=विषन्ति–તેઓ વિશેષ થાય છે.

नि+सन्ति=निषन्ति–તેઓ નિરંતર થાય છે.

प्रादुः+स्तः=प्रादुःस्तः–તેઓ બે પ્રગટ થાય છે.–આ પ્રયોગમાં अस् ધાતુને આદિમાં त વાળો પ્રત્યય લાગેલ છે પણ આદિમાં યકારવાળો કે સ્વરવાળો પ્રત્યય લાગેલ નથી તેથી स् નો ष् ન થાય. ॥૨।૩।૫૮॥

---

ष् ન થાય

## न स्सः ॥ २ । ३ । ५९ ॥

જે स् ઉત્પન્ન થયો હોય તેના स् નો ष् થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सु+पिस्+यते=सु+पिस्+स्+यते=सुपिस्स्यते-સારી રીતે જવાય છે. સૂ० ૧।૩।૩૨। આ સૂત્રથી पिस्નું पिस्स् થાય છે. ॥૨।૩।૫૯॥

## सिचो यङि ॥ २ । ३ । ६० ॥

सिच् ધાતુને य (यङ्) પ્રત્યય લાગ્યો હોય તો स् નો ष् થતો નથી.
सिच्+य+ते=सेसिच्यते-વારંવાર અથવા ઘણું છાંટે છે. ॥૨।૩।૬૦॥

## गतौ सेधः ॥ २ । ३ । ६१ ॥

ગતિ અર્થવાળા सेध् ધાતુના स् નો ष् ન થાય.

अभि+सेधति=अभिसेधति गाः-ગાયોની સામે જાય છે.

नि+सेधति=निषेधति पापात्-પાપથી અટકાવે છે.-આ પ્રયોગમાં ગતિ અર્થ નથી તેથી स् નો ष् થઈ ગયો. ॥૨।૩।૬૧॥

## सुगः स्य-सनि ॥ २ । ३ । ६२ ॥

स्य અને सन् પ્રત્યયો લાગ્યા હોય તો सुग् ધાતુના स् નો ष् થતો નથી.

अभि+सोष्यति=अभिसोष्यति-તે સ્નાન કરશે-"स्नास्यति"-સં० द्वयाश्रय સર્ગ ૩ શ્લો० ૧૬૦

सुसूषते क्विप् सुसूः-સ્નાન કરવાની ઇચ્છા રાખનારા "स्नातुम् इच्छुः" સં० द्वयाश्रय સર્ગ ૩ શ્લો० ૧૬० ॥૨।૩।૬૨॥

અહીં षत्व પ્રકરણ પૂરું થયું

---

હવે णत्व પ્રકરણ શરૂ થાય છે—

## र्-ष्-ऋवर्णाद् नो णः एकपदेऽनन्त्यस्याऽल-च-ट-तवर्ग-श-सान्तरे ॥ २ । ३ । ६३ ॥

र् ष् ऋवर્ણ એટલે હ્રસ્વ ऋ કે દીર્ઘ ॠ પછી આવેલા न નો ण થાય છે. જે શબ્દમાં र्, ष् અને ऋ વર્ણ હોય અને જે न् નો ण् કરવો છે તે न् એ બન્ને એક પદમાં હોવા જોઈએ; એટલું જ નહિ પણ न् તદ્દન છેડે ન હોવો જોઈએ. તદુપરાંત र् ष् અને ऋ વર્ણ તેમજ न् એ બેની વચ્ચે ल,च વર્ગ, ट વર્ગ, त વર્ગ, તાલવ્ય श અને દંત્ય स ન હોવા જોઈએ.

र પછી-तीर्+नम्=तीर्णम्-તરેલું

ष् પછી-पुष्+नाति=पुष्णाति-પુષ્ટ કરે છે

હ્રસ્વ ऋ પછી-नृ+नाम्=नृणाम्-પુરુષોનું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીર્ઘ ऋ પછી- नॄ+नाम्=नॄणाम्—પુરુષોનું

र् અને न વચ્ચે અકાર—कर+नम्=करणम्—કરવું.

ऋ અને न ની વચ્ચે અનુસ્વાર તથા ह—बृंह+नम्=बृंहणम्—વધવું.

र અને न ની વચ્ચે क्•તથા ए—अर्के+न=अर्केण—સૂર્યવડે.

अग्निः+नयति=अग्निर्नयति—અગ્નિ લઈ જાય છે.

चर्म+नासिकः-चर्मनासिकः જેની નાસિકા ચામડાની છે.

આ બન્ને પ્રયોગમાં र् અને न् બન્ને એક જ પદમાં નથી પણ જુદાં જુદાં પદમાં છે.

वृक्षान्—વૃક્ષોને.—અહીં न् તદ્દન છેડે છે.

बिरलेन—વિરલ વડે.—અહીં र् અને न् ની વચ્ચે ल આવેલો છે.

मूर्छनम्—મૂર્છા-અહીં र् અને न् ની વચ્ચે छ આવેલો છે.

दृढेन—દઢવડે—અહીં र् અને न् ની વચ્ચે ढ આવેલો છે.

तीर्थेन—તીર્થ વડે—અહીં र् અને न् ની વચ્ચે थ આવેલો છે.

रशना—કંદોરો.—અહીં र् અને न् ની વચ્ચે श આવેલો છે.

रसना—જીભ—અહીં र् અને न् ની વચ્ચે स આવેલો છે.

॥ ૨ । ૩ । ૬૩ ॥

## पूर्वपदस्थान्नाम्न्यगः ॥ २ । ३ । ६४ ॥

ग કારાંત સિવાયના કોઇ પણ પૂર્વ પદમાં રહેલા र् ष् અને ऋ વર્ણ પછી કોઇ પણ ઉત્તર પદમાં न् આવે તો ण થઇ જાય છે, જો વિશેષ નામ હોય તો. અહીં પૂર્વપદ અને ઉત્તરપદમાં સમાસ હોવો જોઇએ.

ण વિધાનનાં જે જે સૂત્રો છે તે બધામાં र् ष् અને ऋ વર્ણ પછી न આવેલો હોય તથા र् ष् અને ऋ વર્ણની અને न ની વચ્ચે च વર્ગ ट વર્ગ त વર્ગ અને ल, તાલવ્ય श તથા દંત્ય स न આવેલા હોય એમ સમજવાનું છે.

द्रु+नसः-द्रुणसः વિશેષ નામ.

खर+नाः-खरणाः—વિશેષ નામ છે.

शूर्प+नखा-शूर्पणखा— ,, ,, રાવણની બેનનું નામ.

मेष+नासिकः—मेषनासिकः—ઘેટાની નાસિકા જેવી નાસિકાવાળો—અહીં વિશેષ નામ નથી. તેથી न નો ण ન થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऋग्+अयनम्–ऋगयनम्–ઋચાઓનું જ્ઞાન—આ પ્રયોગમાં પૂર્વપદ ગકારાંત છે તેથી न નો ण ન થાય. ॥૨।૩।૬૪॥

## नसस्य ॥ २ । ३ । ६५ ॥

પૂર્વપદમાં રહેલા र् ष् અને ऋ વર્ણ પછી આવેલા ઉત્તરપદરૂપ नस શબ્દના न નો ण થઈ જાય છે.

प्र+नसः=प्रणसः-મોટા નાકવાળો ॥૨।૩।૬૫॥

## निष्प्राऽग्रेऽन्तः–खदिर-कार्श्याम्र-शरेक्षु-प्लक्ष-पीयुक्षाभ्यो वनस्य ॥ २ । ३ । ६६ ॥

निर् , प्र, अग्रे, अन्तर्, खदिर, कार्श्य, आम्र, शर, इक्षु, प्लक्ष, पीयुक्षा શબ્દો પછી આવેલો वन શબ્દના न નો ण થાય છે.

निर्+वनम्=निर्वणम् — નિકૃષ્ટ વન.

प्र+वनम्=प्रवणम्–પ્રકૃષ્ટ વન.

अग्रे+वनम्=अग्रेवणम्–વનનો અગ્રભાગ.

अन्तर्+वनम्=अन्तर्वणम्–વનની અન્દર.

खदिर+वनम्=खदिरवणम्–ખેરનું વન.

कार्श्य+वनम्=कार्श्यवणम्—સાગનું વન.

आम्र+वनम्=आम्रवणम्—આંબાનું વન.

शर+वनम्=शरवणम्– શર નામના ઝાડનું વન.

इक्षु+वनम्=इक्षुवणम्—શેરડીનું વન.

प्लक्ष+वनम्=प्लक्षवणम्—પીંપળાનું વન.

पीयुक्षा+वनम्=पीयुक्षावणम्—દ્રાક્ષાનું વન. ॥૨।૩।૬૬॥

## द्वि–त्रिस्वरौषधि–वृक्षेभ्यो नवाऽनिरिकादिभ्यः ॥ २ । ३ । ६७ ॥

બે સ્વરવાળાં તથા ત્રણ સ્વરવાળાં એવાં વિશેષ ઔષધિવાચી અને વિશેષ વૃક્ષવાચી નામોમાં રહેલા र् ष કે ઋવર્ણ પછી આવેલા वन શબ્દના न નો ण વિકલ્પે થાય છે. અહીં ઔષધિવાચી કે વૃક્ષવાચી इरिका આદિ શબ્દો ન લેવા.

દ્વિસ્વર ઔષધિ—

दुर्वा+वनम्=दुर्वावणम् , दुर्वावनम्—ધરોનું વન.

माष+वनम्=माषवणम् माषवनम्—અડદનું વન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિસ્વર ઔષધિ–

नीवार+वनम्=नीवारवणम्, नीवारवनम्–જંગલી ચોખાનું વન.

દ્વિસ્વર વૃક્ષ—

शिग्रु+वनम्=शिग्रुवणम्, शिग्रुवनम्—સરગવાનું વન.

ત્રિસ્વર વૃક્ષ—

शिरीष+वनम्=शिरीषवणम्, शिरीषवनम्—શિરીષનું–સરસડાનું–વન.

इरिका+वनम्=इरिकावनम्—વિશેષપ્રકારની ઔષધિનું વન.–અહીં इरिका શબ્દ હોવાથી न નો ण ન થાય.

इरिका, मिरिका, तिमिर, चीरिका, कर्मरि, क्षीर અને हरि એ બધા શબ્દો इरिकादि શબ્દો છે. ॥ ૨ । ૩ । ૬૭ ॥

## गिरिनद्यादीनाम् ॥ २ । ३ । ६८॥

ગિરિનદી આદિ શબ્દોમાં રહેલા न નો ण વિકલ્પે થાય છે.

गिरि+नदी=गिरिणदी, गिरिनदी—પહાડી નદી.

तूर्य+मानः=तूर्यमाणः–तूर्यमानः–ત્વરા કરતો.

ગિરિનદીઆદિ શબ્દો આ પ્રમાણે છે—गिरिनख, गिरिनद्ध, गिरिनितम्ब, वक्रनदी, वक्रनितम्बा, चक्रनितम्बा, माषोन, तूर्यमाणः અને आर्गयण વગેરે. ॥ ૨ । ૩ । ૬૮ ॥

## पानस्य भावकरणे ॥ २ । ३ । ६९ ॥

પૂર્વપદમાં રહેલ र्, ष અને ऋ વર્ણ પછી આવેલા ભાવવાચક કે કરણવાચક पान શબ્દના न નો ण વિકલ્પે થાય છે.

ભાવવાચક–क्षीर+पानम्=क्षीरपाणम् क्षीरपानम् स्यात्–દૂધ પીવું

કરણવાચક–कषाय+पानः=कषायपाणः, कषायपानः कंसः–જે વડે મદ્ય પિવાય એવું કાંસાનું પાત્ર. ॥ ૨ । ૩ । ૬૯ ॥

## देशे ॥ २ । ३ । ७० ॥

પૂર્વપદમાં રહેલા र्, ष અને ऋ વર્ણ પછી આવેલા पान શબ્દના न નો ण् થાય, જો દેશનું સૂચન થતું હોય તો.

क्षीर+पानाः=क्षीरपाणाः उशीनराः–ઉશીનર દેશના લોકો દૂધ પીનારા છે. क्षीरपाना गोदुहः–ગોવાળો દૂધ પીનારા છે. અહીં દેશનું સૂચન થતું નથી તેથી न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૭૦ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ग्रामाग्रान्नियः ॥ २ । ३ । ७१ ॥

ग्राम અને अग्र શબ્દો પછી આવેલા नी ધાતુના न નો ण થાય છે.

ग्राम+नीः=ग्रामणीः—ગામનો નેતા.

अग्र+नीः=अग्रणीः—અગ્રણી—મુખિયો. ॥ ૨ । ૩ । ૭૧ ॥

## वाह्याद् वाहनस्य ॥ २ । ३ । ७२ ॥

वाह्य—જેને ઉપાડવું જ પડે એટલે ઉપાડ્યા વિના જે આગળ જઈ જ ન શકે તે—એવા વાહ્યવાચી પૂર્વપદમાં રહેલા र, ष અને ऋ વર્ણ પછી આવેલા वाहन શબ્દના न નો ण થાય છે.

इक्षु+वाहनम्=इक्षुवाहणम्—શેરડીનું વાહન.

सुर+वाहनम्=सुरवाहनम्—દેવતાનું વાહન—અહીં દેવતા વાહ્ય—ઉપાડવો જ પડે એવો—નથી. તે પોતાની મેળે પણ આગળ જઈ શકે એવો છે.

॥ ૨ । ૩ । ૭૨ ॥

## अतोऽह्नस्य ॥ २ । ३ । ७३

र, ष અને ऋ વર્ણ વાળા અકારાંત પૂર્વપદ પછી આવેલા અકારાંત अह्न શબ્દના न નો ण થાય છે.

पूर्व+अह्नः=पूर्वाह्णः—દિવસનો પૂર્વભાગ.

दुर्+अह्नः=दुरह्नः—ખરાબ દિવસ.—અહીં પૂર્વપદ અકારાંત નથી, રકારાંત છે તેથી न નો ण ન થાય.

दीर्घ+अह्नी=दीर्घाह्नी शरत्—લાંબા દિવસવાળી શરદ ઋતુ—અહીં અકારાંત अह्न નથી પણ अहन् શબ્દ છે તેથી न નો ण ન થાય.

॥ ૨ । ૩ । ૭૩ ॥

## चतुस्त्रेर्हायनस्य वयसि ॥ २ । ७४ ॥

चतुर् અને त्रि શબ્દરૂપ પૂર્વપદ પછી આવેલા हायन શબ્દના न નો ण થાય છે, જો પ્રાણીની વય સૂચવાતી હોય તો.

चतुर्+हायनः—चतुर्हायणो वत्सः—ચાર વરસનો વાછડો.

त्रि+हायनः—त्रिहायणी वडवा—ત્રણ વરસની ઘોડી

चतुर्+हायना=चतुर्हायना शाला—ચાર વરસ થયાં બાંધેલી શાલા—અહીં પ્રાણીની વય સૂચવાતી નથી તેથી न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૭૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पूर्वपदस्थान्नाम्न्यगः ॥ — 

**वोत्तरपदान्त-न-स्यादेरयुव-पक्वाह्नः ॥ २ । ३ । ७५ ॥**

પૂર્વપદમાં રહેલા ર્, ષ્ કે ऋ વર્ણ પછી ઉત્તરપદને છેડે આવેલા न નો, આગમના न નો અને સ્યાદિ વિભક્તિના न નો ण વિકલ્પે થાય છે. આ न युवन् पक्व અને अहन् શબ્દનો ન હોવો જોઈએ.

ઉત્તરપદાંત न—व्रीहि+वापिनौ=व्रीहिवापिणौ, व्रीहिवापिनौ—ચોખાને વાવનારા બે જણા.

આગમનો न—माष+वापानि=माषवापाणि, माषवापानि—અડદનાં ખેતરો.

સ્યાદિવિભક્તિનો न—व्रीहि+वापेन=व्रीहिवापेण व्रीहिवापेन—ચોખા વાવવાવડે.

आर्ययूना—આર્ય યુવક વડે.

प्रपक्वानि—ખૂબ પાકી ગયેલાં એવાં.

दीर्घाह्नी शरत्—લાંબા દિવસોવાળી શરદ ઋતુ,

આ ત્રણે ઉદાહરણોમાં युवन्, पक्व અને अहन् શબ્દો હોવાથી न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૭૫ ॥

**कवर्गैकस्वरवति ॥ २ । ३ । ७६ ॥**

પૂર્વપદમાં રહેલા, ર્ ષ્ અને ऋ વર્ણ પછી क વર્ગવાળું અને એક જ સ્વરવાળું ઉત્તરપદ આવેલું હોય તો ઉત્તરપદના છેડાના न નો, આગમના न् નો અને સ્યાદિવિભક્તિના न નો ण થાય છે. ઉત્તરપદમાં पक्व શબ્દનો न ન હોવો જોઈએ.

क વર્ગ—

स्वर्ग+कामिनौ=स्वर्गकामिणौ—સ્વર્ગની ઇચ્છા કરનારા બે જણ.

वृष+गामिनौ=वृषगामिणौ—બળદ ઉપર જનારા બે જણ.

એક સ્વર—ब्रह्म+हनौ=ब्रह्महणौ—બ્રાહ્મણને મારનારા બે જણ.

આગમનો न—यूष+पानि=यूषपाणि—ફળના રસને પીનારાં કુળો.

क्षीर+पक्वेन=क्षीरपक्वेन—દૂધ સાથે પકાવેલા પદાર્થ વડે.—અહીં સ્યાદિનો न છે પણ તે पक्व શબ્દનો હોવાથી न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૭૬ ।

વિશેષતઃ ધાતુઓના न નો ण—

**अदुरुपसर्गान्तरो ण-हिनु-मीना-ऽऽनेः ॥ २ । ३ । ७७ ॥**

दुर् સિવાયના ઉપસર્ગોમાં રહેલા અને अन्तर् શબ્દમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી આવેલા णोपदेश ધાતુના न નો તથા हिनु અને मीना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતુનો તથા आनि નો એટલે જેને आनि પ્રત્યય લાગેલ છે એવા ધાતુરૂપનો न નો ण થાય છે.

ધાતુપાઠમાં જે ધાતુઓને આદિમાં ण વાળા બતાવેલા છે તે ધાતુઓને અહીં णोपदेश સમજવાના છે અને અહીં સૂત્રમાં જણાવેલ ण શબ્દ વડે તે ધાતુઓને જ લેવાના છે.

णोपदेश--

णम् ધાતુ–प्र+नमति=प्रणमति–તે નમસ્કાર કરે છે.

णी ,, परि+नायकः=परिणायकः–પરણનારો

अन्तर्+नयति=अन्तर्णयति–અંદર લઈ જાય છે.

પહેલા प्रणमति પ્રયોગમાં णम् ધાતુ છે અને પછીનાં બે ઉદાહરણોમાં णी ધાતુ છે.

हिनु–प्र+हिनुतः=प्रहिणुतः–તેઓ બે મોકલે છે.

मीना–प्र+मीनीतः=प्रमीणीतः–તેઓ બે હિંસા કરે છે.

आनि–प्र+यानि=प्रयाणि–હું પ્રયાણ કરું.

दुर्+नयः=दुर्नयः—ખરાબ નીતિ અથવા એકાંત આગ્રહ–દુરાગ્રહ. આ પ્રયોગમાં दुर् ઉપસર્ગ છે તેથી न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૭૭ ॥

## नशः शः ॥ २ । ३ । ७८ ॥

दुर् સિવાયના ઉપસર્ગોમાં રહેલા અને अन्तर् શબ્દમાં રહેલા र्, ष અને ऋ વર્ણ પછી આવેલા शकारांत नश् ધાતુના न નો ण થાય છે.

प्र+नश्यति=प्रणश्यति–વધારે નાશ થાય છે.

अन्तर्+नश्यति=अन्तर्णश्यति–વચ્ચે નાશ થાય છે.

प्र+नङ्क्ष्यति=વિશેષ નાશ પામશે.–અહીં नश् ધાતુ તો છે પણ છેડે મૂર્ધન્ય ष વાળો છે અર્થાત્ शकारांत નથી. ॥ ૨ । ૩ । ૭૮ ॥

## नेर्ङ्मा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-याति-वाति–द्राति–प्साति–स्यति-हन्ति-देग्धौ ॥ २ । ३ । ७९ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા અને अन्तर् શબ્દમાં રહેલા, र्, ष અને ऋ વર્ણ પછી આવેલા नि ઉપસર્ગના न નો ण થાય છે, જો તે नि પછી मा, दा, पत, पद्, नद्, गद्, वप्, वह्, शम्, चि, या, वा, द्रा, प्सा, सो(स्य), हन् અને दिह् ધાતુઓ આવેલા હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ધાતુ મારૂપવાળા અને ङ્ના નિશાનવાળા હોય તેને અહીં ङ्मા શબ્દથી સમજવા.

दा એટલે જેની दा સંજ્ઞા (જુઓ ૩।૩।૫) હોય તે.

याति વગેરેમાં જે ति મૂકેલો છે તેથી સૂત્રકાર એવું સૂચન કરે છે કે या વગેરે ધાતુઓ यङ्लुबन्तના ન લેવા–यङ् પ્રત્યય લાગ્યા પછી તે यङ्, જે ધાતુઓમાંથી લોપાઈ ગયેલો હોય તે यङ्लुबंत

माङ्–

प्र+नि+मिमीते=प्रणिमिमीते (माङ्क्)–તે અવાજ કરે છે.

प्र+नि+मयते=प्रणिमयते (मेङ्)–તે બદલામાં આપે છે.

दाङ्––

प्र+नि+ददाति=प्रणिददाति–તે આપે છે.

परि+नि+दयते=परिणिदयते–તે રક્ષા કરે છે.

परि+नि+दधाति=परिणिदधाति–તે ધારણ કરે છે.

पत्—परि+नि+पतति=परिणिपतति—તે ચારે તરફ નીચે પડે છે.

पद्—परि+नि+पद्यते=परिणिपद्यते–તે નિષ્પન્ન થાય છે.

नद्—प्र+नि+नदति=प्रणिनदति–તે અવાજ કરે છે.

गद्—प्र+नि+गदति=प्रणिगदति–તે અવાજ કરે છે.

वप्—प्र+नि+वपति=प्रणिवपति–તે વાવે છે.

वह्—प्र+नि+वहति=प्रणिवहति–તે વહન કરે છે.

शम्—प्र+नि+शाम्यति=प्रणिशाम्यति–તે શાંત થાય છે.

चि—प्र+नि+चिनोति=प्रणिचिनोति–તે એકઠું કરે છે.

या—प्र+नि+याति=प्रणियाति—તે જાય છે.

वा—प्र+नि+वाति=प्रणिवाति—તે વાય છે.

द्रा—प्र+नि+द्राति+प्रणिद्राति—તે ખરાબ રીતે ગતિ કરે છે,

प्सा—प्र+नि+प्साति=प्रणिप्साति—તે ખાય છે.

सा—प्र+नि+स्यति=प्रणिस्यति–તે નાશ કરે છે.

हन्—प्र+नि+हन्ति=प्रणिहन्ति–તે હિંસા કરે છે.

दिह्—प्र+नि+देग्धि=प्रणिदेग्धि–તે લેપ કરે છે.

माङ्–अन्तर्+नि+मिमीते=अन्तर्णिमिमीते— તે અંદર અવાજ કરે છે.

॥ ૨ । ૩ । ૭૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अक-खाद्यषान्ते पाठे वा ॥ २ । ३ । ८० ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આવેલા नि ઉપસર્ગના न નો ण વિકલ્પે થાય છે. ફક્ત नि પછી જે ધાતુ આ આવેલા હોય તે મૂળરૂપે એટલે ધાતુપાઠમાં કકારાદિરૂપે કે ખકારાદિરૂપે જણાવેલ ન હોવા જોઈએ., તથા અંતે ष् વાળા પણ ન હોવા જોઈએ.

प्र+नि+पचति=प्रणिपचति, प्रनिपचति–તે રાંધે છે.

प्र+नि+करोति=प्रनिकरोति–તે કરે છે.

प्र+नि+खनति=प्रनिखनति–તે ખોદે છે.

આ બે પ્રયોગોમાં આદિમાં क વાળો અને આદિમાં ख વાળો ધાતુ છે તેથી न નો ण ન થાય.

प्र+नि+द्वेष्टि=प्रनिद्वेष्टि–તે દ્વેષ કરે છે.—આ પ્રયોગમાં षान्त–અંતે ष् વાળો–ધાતુ છે, તેથી न નો ण ન થાય.

ककार આદિવાળો—प्र+नि+चकार=प्रनिचकार–તે તિરસ્કાર કરે છે.–આ પ્રયોગમાં प्र અને नि પછી આદિમાં चવાળું ધાતુનું રૂપ તો છે પણ ધાતુ-પાઠમાં મૂળરૂપે કકારાદિ ધાતુ છે એટલે चकार રૂપ મૂળ कृ ધાતુનું છે તો પણ न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૮૦ ॥

## द्वित्वेऽप्यन्तेऽप्यनितेः परेस्तु वा ॥ २ । ३ । ८१ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી अन् ધાતુ આવેલો હોય તો તેના न નો ण થાય છે. આ अन् ધાતુનો દ્વિર્ભાવ થયેલો હોય કે દ્વિર્ભાવ ન થયેલો હોય, अन् ધાતુનો न् છેડે આવેલો હોય કે શબ્દની અંદર આવેલો હોય–એ બધી અવસ્થામાં न નો ण થાય છે. परि ઉપસર્ગ પછી अन् ધાતુ આવેલો હોય તો તેના न નો ण વિકલ્પે થાય છે.

द्विर्भाव–प्र+अनिनिषति=प्राणिणिषति–જીવવા ઇચ્છે છે.

द्विर्भाव નથી–परा+अनिति=पराणिति–પ્રતિકૂળપણે જીવે છે.

અંતે–हे प्र+अन्=हे प्राण् ! હે પ્રાણ, હે જીવનારા !

हे परि+अन्=हे पर्यण् ! हे पर्यन् !–હે ચારે બાજુએથી જીવનારા !

परि–परि+अनिनिषति=पर्यणिणिषति, पर्यनिनिषति– ચારે બાજુએથી જીવવાને ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परि+अनिति=पर्यणिति पर्यनिति–ચારે બાજુએ જીવે છે.

॥ ૨ । ૩ । ૮૧ ॥

## हनः । २ । ३ । ८२ ॥

दुर् સિવાયના બીજા ઉપસર્ગમાં રહેલા र्, ष અને ऋ વર્ણ પછી તથા अन्तर् શબ્દ પછી આવેલા हन् ધાતુના ,न નો ण થાય છે.

प्र+हन्यते=प्रहण्यते–હણાય છે.

अन्तर्+हन्यते=अन्तर्हण्यते–અંદર હણાય છે. ॥ ૨ । ૩ । ૮૨ ॥

## वमि वा ॥ २ । ३ । ८३ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આવેલા हन् ધાતુને આદિમાં વવાળા પ્રત્યયો અને આદિમાં મવાળા પ્રત્યયો લાગેલા હોય તો हन् ધાતુના નનો ण વિકલ્પે થાય છે.

પ્રત્યય—

व વાળો–प्र+हन्वः=प्रहण्वः, प्रहन्वः–અમે બે હણીએ છીએ.

म વાળો—प्र+हन्मि=प्रहण्मि, प्रहन्मि–હું હણું છું.

વવાળો–अन्तर्+हन्वः=अन्तर्हण्वः अन्तर्हन्वः–અમે બે અંદર હણીએ છીએ.

म વાળો–अन्तर्+हन्मः=अन्तर्हण्मः अन्तर्हन्मः–અમે અંદર હણીએ છીએ. ॥ ૨ । ૩ । ૮૩ ॥

## निंस–निक्ष–निन्दः कृति वा ॥ २ । ३ । ८४ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આવેલા निंस, निक्ष् અને निन्द् ધાતુઓને જો કોઈ કૃદંતનો પ્રત્યય લાગેલો હોય તો એ ધાતુઓના न નો ण વિકલ્પે થાય છે.

प्र+निंस्+अनम्=प्रणिंसनम्, प्रनिंसनम्–ચુંબન કરવું

प्र+निक्ष्+अनम्=प्रणिक्षणम्, प्रनिक्षणम्– ,, ,,

प्र+निन्द्+अनम्=प्रणिन्दनम्, प्रनिन्दनम्–નિંદા કરવી.

प्र+णिंस्+ते=प्रणिंस्ते–તે ચુંબન કરે છે.–આ પ્રયોગમાં કૃદંતનો પ્રત્યય નથી તેથી વિકલ્પે न નો ण ન થાય. ॥ ૨ । ૩ । ૮૪ ॥

## स्वरात् ॥ २ । ३ । ८५ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આવેલા અને સ્વરવાળા ધાતુને લાગેલા કોઈ પણ કૃદંતના પ્રત્યયના न નો ण થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ओहांक् त्यागे) प्र+हा+अनः=प्रहाणः–તજી દીધેલો.
(ओहांङ्क् गतौ) प्र+हा+नः (क्त)=प्रहीणः–ગયેલો,
કર્મમાં લાગેલ अन પ્રત્યય માટે જુઓ (૫ । ૩ । ૧૨૮)

॥ ૨ । ૩ । ૮૫ ॥

## नाम्यादेरेव ने ॥ २ । ३ । ८६ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આદિમાં નામી સંજ્ઞાવાળા સ્વરવાળો એટલે अ વર્ણ સિવાયના સ્વરવાળો ધાતુ આવેલો હોય અને તે ધાતુને न નો આગમ થયેલો હોય તો ધાતુને લાગેલા તથા સ્વર પછી આવેલા કૃદન્તના પ્રત્યયના न નો ण થાય છે.

प्र+इङ्ख्+अनम्=प्रेङ्खणम्—હીંચવું

प्र+इङ्ग्+अनम्=प्रेङ्गणम्–જવું

प्र+इङ्ग्+अनीयम्=प्रेङ्गणीयम्—જવા જેવું

प्र+मङ्ग्+अनम्=प्रमङ्गनम्–જવું–આ પ્રયોગમાં આદિમાં નામી સ્વરવાળો ધાતુ નથી.

॥ ૨ । ૩ । ૮૬ ॥

## व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा ॥ २ । ३ । ८७ ॥

दुर् સિવાયના ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આદિમાં વ્યંજનવાળો ધાતુ આવેલો હોય અને એ ધાતુને ઉપાંત્યમાં નામી એટલે અવર્ણ સિવાયનો સ્વર હોય તો તે ધાતુને લાગેલા અને સ્વર પછી આવેલા કૃદંતના પ્રત્યયના न નો ण વિકલ્પે થાય છે.

અંતની પહેલાંનો ભાગ ઉપાંત્ય.

प्र+(मेह्+अनम्)=प्रमेहनम्=प्रमेहणम् प्रमेहनम्=મૂત્રણ.

प्र+(ऊह्+अनम्)ऊहनम्=प्रोहणम्–તર્ક કરવો–આ રૂપમાં આદિમાં સ્વર હોવાથી વિકલ્પે ण ન થાય.

प्र+(वप्+अनम्)वपनम्–વાવવું–

प्र+(वह्+अनम्) वहनम्=प्रवहणम्–વહાણ.

આ બન્ને રૂપોમાં ઉપાન્ત્યમાં નામી ન હોવાથી વિકલ્પે ण ન થાય.

प्र+(भुग्+न)·भुग्नः=प्रभुग्नः– વધારે વાંકો–અહીં કૃદંતનો પ્રત્યય સ્વર પછી આવેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुर्+(मोह्+अन,मोहनः=दुर्मोहनः-દુઃખે મોહ પમાડે એવો-આ રૂપમાં दुर् ઉપસર્ગ હોવાથી ण न થાય.

प्र+(भेद्+अन)भेदनम्=प्रभेदनम्-ભેદ કરવો-અહીં र् તથા न् ની વચ્ચે द આવેલો હોવાથી न् નો ण न થાય

प्र+(भोज्+अन)भोजनम्=प्रभोजनम्-ભોજન કરવું-અહીં र् તથા न् ની વચ્ચે ज આવેલો હોવાથી न् નો ण न થાય.

स्वरात् ॥ ૨ । ૩ । ૮૫ ના નિયમથી જ્યાં न નો ण નિત્ય થવાનો પ્રસંગ હોય છે ત્યાં આ સૂત્ર વ્યંજનાદિ અને નામી ઉપાન્ત્યવાળા ધાતુના न નો ण વિકલ્પે કરે છે. ॥ ૨ । ૩ । ૮૭ ॥

## णेर्वा ॥ २ । ३ । ८८ ॥

दुर् સિવાયના બીજા ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી અને अन्तर् શબ્દ પછી આવેલા એવા ण्यन्त ધાતુ પછી વિહિત કરેલા તથા કૃદંતના આદિમાં સ્વરવાળા પ્રત્યયના न નો ण વિકલ્પે થાય છે.

प्र+(मङ्ग्+अना) मङ्गना=प्रमङ्गणा प्रमङ्गना-માગણી કરવી.

प्र+याप्यमानः=प्रयाप्यमाणः प्रयाप्यमानः-લઈ જવામાં આવતો.

॥ २ । ३ । ८८॥

## निर्विण्णः ॥ २ । ३ । ८९ ॥

निर् ઉપસર્ગ પછી विद् (दिवादि-सत्ता અર્થમાં, तुदादि-लाभ અર્થમાં અને रुधादि-विचार અર્થમાં)રૂપ ધરાવતા આ ત્રણે ધાતુઓને ભૂતકાળનો त(क्त) પ્રત્યય લાગ્યા પછી અને તે त નો न થયા પછી न નો ण થઈ જાય છે.
निर्+विद्+त=निर्+विद्+न=निर्विण्णः-નિર્વેદ પામેલો. ॥ ૨ । ૩ । ૮૯ ॥

**न નો ण થવાનો નિષેધ—**

હવે આ ૯૦મા સૂત્રથી ૯૬મા સૂત્ર સુધીમાં नकारनो ण कार न થવાનાં વિધાનો છે.

## न ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपो णेश्च ॥२ । ३ । ९०॥

दुर् સિવાયના બીજા ઉપસર્ગમાં રહેલા र्, ष् અને ऋ વર્ણ પછી તથા अन्तर् શબ્દ પછી આવેલા णि પ્રત્યયવાળા કે णि પ્રત્યય લાગેલો ન હોય એવા ख्या, पू, भू, भा, कम्, गम्, प्याय् અને वेप् ધાતુઓને લાગેલ કૃદંતના પ્રત્યયના न નો ण થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णि વાળા–प्र+ख्यापनम्=प्रख्यापनम्–પ્રખ્યાતિ–પ્રસિદ્ધિ–કરવી.

,, प्र+पावनम्=प्रपावनम्–પવિત્ર કરવું.

,, प्र+भावना=प्रभावना–પ્રભાવના કરવી.

,, प्र+भापना=प्रभापना–શોભા કરવી.

,, प्र+कामना=प्रकामना–ઇચ્છા.

,, प्र+गमना=प्रगमना–પ્રગતિ કરાવવી.

,, प्र+प्यायना=प्रप्यायना–વધારવું.

,, प्र=वेपना=प्रवेपना–કંપાવવું.

णि વગરના–प्र+ख्यानम्=प्रख्यानम्–કહેવું.

,, प्र+पवनम्=प्रपवनम्–સાફ કરવું.

,, प्र+भवनम्=प्रभवनम्–થવું.

,, प्र+भायमानम्=प्रभायमानम्–શોભતું.

,, प्र+कामिनौ=प्रकामिनौ–ઇચ્છાવાળા બે જણ

,, अप्र+गमनिः=अप्रगमनिः–ગમન ન કરવું

,, प्र+प्यानः=प्रप्यानः–વધેલો.

,, प्र+वेपनीयम्=प्रवेपनीयम्–કંપવું અથવા કંપાવવા યોગ્ય

॥ ૨ । ૩ । ૯૦ ॥

## देशेऽन्तरोऽयन–हनः ॥ २ । ३ । ९१ ॥

अन्तर् શબ્દ પછી આવેલા अयन શબ્દ અને हन् ધાતુના न નો ण થતો નથી, જો કોઈ ખાસ દેશના નામનું સૂચન હોય તો.

अन्तर्+अयनः=अन्तरयनः देशः–દેશનું નામ છે.

अन्तर्+हननः=अन्तर्हननः देशः– ,, ,,

अन्तरयणम्–અંદર જવું

अन्तर्हण्यते–અંદર હણાય છે.

આ બન્ને પ્રયોગોમાં દેશના નામનો અર્થ નથી. ॥ ૨ । ૩ । ૯૧ ॥

## षात् पदे ॥ २ । ३ । ९२ ॥

મૂર્ધન્ય षकारांत પૂર્વપદ પછી આવેલા नवाળા શબ્દના न નો ण થતો નથી.

सर्पिष्+पानम्=सर्पिष्पानम्–ઘી પીવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्पिष्+केन=सर्पिष्केण–ઘી વડે.–આ પ્રયોગમાં सर्पिष्क એવું એક જ પદ છે એથી ष् પૂર્વપદમાં આવેલો નથી તેને લીધે આ નિયમ ન લાગે પણ न નો ण થઈ જાય. ॥ ૨ । ૩ । ૯૨ ॥

## पदेऽन्तरेऽनाङ्यतद्धिते ॥ २ । ३ । ९३ ॥

કોઈ પણ પદમાં આવેલા न નો ण થતો નથી, જો र्, ष् અને ऋ વર્ણ અને न ની વચ્ચે आङ न આવેલો હોય તથા તદ્ધિતના પ્રત્યયવાળો કોઈ પ્રયોગ ન આવેલો હોય તો.

प्र+अवनद्धम्=प्रावनद्धम्–ખૂબ જોરથી કસીને બાંધેલું, પુષ્ટ.

रोषभीम+मुखेन=रोषभीममुखेन–રોષે ભરાયેલા ભીમના મુખવડે,

प्र+आनद्धम्=प्राणद्धम्–મર્યાદાથી કસીને બાંધેલું.–આ પ્રયોગમાં र् અને न ની વચ્ચે आ છે તેથી न નો ण થઈ ગયો.

आर्द्रगो+मयेन=आर्द्रगोमयेण–ભીના છાણ વડે—આ પ્રયોગમાં र् અને न ની વચ્ચે તદ્ધિતના मय પ્રત્યયવાળું गोमय એવું રૂપ આવેલ છે તેથી न નો ण થયો છે. ॥ ૨ । ૩ । ૯૩ ॥

## हनो घि ॥ २ । ३ । ९४ ॥

ह નો घ થયા પછી हन् ધાતુના न् નો ण न થાય.

शत्रु+घ्नः=शत्रुघ्नः–શત્રુને મારનારો–રામના એક ભાઈનું નામ.

॥ ૨ । ૩ । ૯૪ ॥

## नृतेर्यङि ॥ २ । ३ । ९५ ॥

नृत् ધાતુને यङ् પ્રત્યય લાગ્યો હોય ત્યારે न નો ण न થાય.

नरी+नृत्यते–ખૂબ નાચે છે અથવા વધારે નાચે છે.

नरि+नर्ति— ,, ,, ,, ,, ,,

हरि+नर्ती=हरिणर्ती–વિશેષ નામ છે આ પ્રયોગમાં यङ् પ્રત્યય નથી તેથી न નો ण થયો છે, ॥ ૨ । ૩ । ૯૫ ॥

## क्षुभ्नादीनाम् ॥ २ । ३ । ९६ ॥

क्षुभ्ना વગેરે શબ્દોના न નો ण થતો નથી.

क्षुभ्+नाति=क्षुभ्नाति-ક્ષોભ પામે છે.

आचार्य+आनी=आचार्यानी–આચાર્યની સ્ત્રી

क्षुभ्ना વગેરે શબ્દો આ પ્રમાણે છે—

क्षुभ्ना, तृप्नु, आचार्यानी, आचार्यभोगीन, सर्वनामन्, नृनमन, नृत्त,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नर्तन, नद, नद, नदी, नगर, निवेश, निवास, अग्नि, अनूप, नन्दिन्, नन्दन, गहन, नदन, ष्याग् વગેરે—આવા બીજા પણ અનેક શબ્દો છે.

॥ ૨ । ૩ । ૯૬ ॥

ण ના न નું વિધાન

## पाठे धात्वादेर्णो नः ॥ २ । ३ । ९७ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓ આદિમાં णકારવાળા બતાવેલા છે તે તમામ ધાતુઓના આદિના ण નો न કરવો.

णी=नी=नयति- -લઈ થાય છે.

णकारीयति–णને ઈચ્છે છે—આ નામધાતુ છે. એટલે ધાતુપાઠમાં એનો નિર્દેશ નથી

भणति–તે ભણે છે.—આ પ્રયોગમાં ધાતુની આદિમાં णકાર નથી.

॥ ૨ । ૩ । ૯૭ ॥

ष ના स નું વિધાન

## षः सोऽष्ट्यै-ष्ठिव-ष्वष्कः ॥ २ । ३ । ९८ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓની આદિમાં મૂર્ધન્ય ष હોય તે ધાતુઓના षને બદલે स સમજવો. માત્ર ष्ट्यै, ष्ठिव् અને ष्वष्क ધાતુને આ નિયમ લાગતો નથી.

षह=षह=सहते–સહન કરે છે

लषति–અભિલાષ કરે છે—અહીં આદિમાં ष નથી.

ष्टायति–જામી જાય છે.

ष्ठीव्यति–થુંકે છે.

ष्वष्कते–જાય છે.

આ ત્રણ ધાતુઓનો નિષેધ કરેલો છે તેથી આ નિયમ ન લાગે.

॥ ૨ । ૩ । ૯૮ ॥

र ના ल નું વિધાન

## ऋ-र लृ-लं कृपोऽकृपीटादिषु । २ । ३ । ९९ ॥

कृप् ધાતુના ऋ નો लृ થાય છે. અને र् નો ल થાય છે.

આ નિયમ कृपीट વગેરે શબ્દોને લાગતો નથી.

ऋ नो लृ–

कृप्यते–क्लृप्यते–સમર્થ થવાય છે.

कृप्तः– क्लृप्तः–સમર્થ થયેલો.

र् नो ल–

कर्पते–कल्पते–કલ્પે છે–ખપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कर्पयति—कल्पयति समर्थ करे छे

कृपीटम्—પાણી

कृपाणः તરવાર

कृपीट આદિ શબ્દોનો નિષેધ કરેલો હોવાથી આ બે પ્રયોગમાં આ નિયમ લાગતો નથી. कृपीट, कृपण, कृपाण, कृप, कर्पूर, कर्पर, कर्पट, कर्पटि, વગેરે અનેક कृपीटादि શબ્દો છે. ॥ ૨ । ૩ । ૯૯ ॥

## उपसर्गस्यायौ । २ । ३ । १०० ॥

र વાળા ઉપસર્ગ પછી अय् ધાતુ આવેલો હોય તો ઉપસર્ગના र નો ल થાય છે.

प्रायते=(प्र+अय) प्लायते—જાય છે.

प्रत्ययते=(प्रति+अय) प्लत्ययते—સામે જાય છે.

परायते=(परा+अय)पलायते—પલાયન કરે છે—ભાગી જાય છે ॥ ૨ । ૩ । ૧૦૦॥

## ग्रो यङि ॥ २ । ३ । १०१ ॥

यङ् प्रत्यय લાગ્યા પછી गृ ધાતુના र નો ल થાય છે.

नि+जेगिर्+यते=निजेगिल्यते—તે વારંવાર કે ઘણું ગળી જાય છે.

## नवा स्वरे ॥ २ । ३ । १०२ ॥

આદિમાં સ્વરવાળા પ્રત્યયોને લીધે गृમાંથી रवाળા થયેલા गृ ધાતુના र નો ल વિકલ્પે થાય છે.

गिर्+अति=गिलति, गिरति—તે ગળી જાય છે.

निगार्+यते=निगाल्यते, निगार्यते—ગળાવાય છે,

गिर्+अस्=गिरः—વિવિધ વાણી—અહીં गृ ધાતુ દ્વારા બનેલા गिर् શબ્દના गिरः રૂપનો र्, अस् પ્રત્યયને લીધે થયેલ નથી તેથી र નો ल ન થાય. ॥ ૨ । ૩ । ૧૦૨ ॥

## परेर्घाङ्कयोगे ॥ २ । ३ । १०३ ॥

परि પછી घ, अङ्क અને योग શબ્દો આવ્યા હોય તો परि ના र નો ल વિકલ્પે થાય છે.

परि+घः=पलिघः, परिघः—લોઢાની કુંડળી જડેલી લાકડી, ભોગળ

परि+अङ्कः=पल्यङ्कः, पर्यङ्कः—પલંગ.

परि+योगः=पलियोगः, परियोगः—ચારે બાજુનો સંબંધ ॥ ૨ । ૩ । ૧૦૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋ ના ऌ નું, र ના ल નું તથા ड ના ल નું વિધાન

### ऋफिडादीनां डश्च लः । २ । ३ । १०४ ॥

ऋफिड આદિ શબ્દોના ऋ નો ऌ અને र નો ल તથા ड નો ल વિકલ્પે થાય છે.

ऋ+फिडः= ऌफिडः, ऋफिडः–એ નામનો ઋષિ

ऋ+तकः=ऌतकः, ऋतकः– કોઈનું નામ છે.

कप+रिका=कपलिका, कपरिका–કવળી–પુસ્તક રાખવાનું એવું વાંસની પાતળી ચીપોમાંથી બનાવેલું ઉપર કપડું લગાડેલું સાધન

ऋफिड વગેરે શબ્દો નીચે જણાવ્યા પ્રમાણે સમજવા—

ऋफिड, ऋतक, कपरिका, तर्पिरीक, कपिरक, रोम, अङ्गुरि, पुरुष, तरुण, सरिर, अरम्, मूरम्, करीर, कर्म, मुकुर, पांसुर, रेखा, रिक्षा, रोहित વગેરે આવા અનેક શબ્દો સમજવા. આ શબ્દોના અર્થો સંસ્કૃતકોશવડે જાણી લેવા.

र વાળા એક જ શબ્દના જુદા જુદા અર્થ હોય ત્યાં પણ આ નિયમ લાગે છે,

र વાળા શબ્દો–

इरा–इला–ભૂમિ

इरा–અમૃત

तर्पर-तल्पल-હાથીની પીઠનો એક ભાગ

तर्पर–પશુઓને ગળે બાંધવાનો ઘંટ

करभ–कलभ–હાથીનું બચ્ચું

करभ–ઊંટ

शरभ–शलभ–પતંગિયું

शरभ–અષ્ટાપદ નામનું સિંહ જેવું જોરાવર જંગલી પ્રાણી

कार–काल–કાળો રંગ

कार—પ્રયત્ન

वार–वाल– વાળ–કેશ

वार–વારંવાર

रघु–રાજાનું નામ

लघु–નાનો–લઘુ

गर–गल–ગળું

गर–विष–ઝેર

मुद्गर–मुद्गर–મોગરી–એક હથિયાર

मुद्गल–એક ઋષિનું નામ

मण्डर–मण्डल–માંડલું ગોળાકાર मण्डर

कन्दर–कन्दल–નવો અંકુર

कन्दर–ગુફા અથવા અંકુશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ड વાળા અને र વાળા સમાનાર્થક શબ્દો—

| | |
|---|---|
| ऋफिड—ऌफिल | गर—गल |
| चूडा—चूला | पुरोडाश—पुरोलाश |
| वडभी—बलभी | षोडश—षोलश |
| इडा—इला | पुडिन—पुलिन |
| व्याड—व्याल | पीडा—पीला |
| बडिश—बलिश | વગેરે અનેક શબ્દો સમજવા |

જે શબ્દમાં આદિમાં ड હોય ત્યાં આ નિયમ ન લાગે—डिण्डिम નું लिण्डिम ન થાય તેમ જે શબ્દમાં સંયુક્ત ड હોય ત્યાં પણ આ નિયમ ન લાગે

| | |
|---|---|
| पाण्डु—पाण्डु રાજાનું નામ | कण्डू—कण्डू—ખંજવાળ |
| डिण्डिम—डिण्डिम— ઢોલ | डामर—डामर—ભયંકર—બીહામણો |

डीन—डीन— ઉડેલું અથવા અવકાશમાં ગયેલું વગેરે આવા અનેક શબ્દો છે. ॥ ૨ । ૩ । ૧૦૪ ॥

प ના व નું વિધાન

## जपादीनां पो वः । २ । ३ । १०५ ॥

जपा આદિ શબ્દોના प નો व વિકલ્પે થાય છે.

जवा, जपा—જપાનું કુસુમ અથવા તેનું જપાકુસુમ નામનું તેલ

पारापतः, पारावतः—પારેવું

जपा વગેરે અનેક શબ્દો નીચે જણાવ્યા પ્રમાણે સમજવા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जपा–જાસુદનું ફુલ કે તેનો છોડ

पारापत– પારેવું
त्रिविष्टप–સ્વર્ગ
पारावार–સમુદ્ર
कपाट–કમાડ

विष्टप–લોક–જગત અથવા પ્રજા
कपल
अपाची–પશ્ચિમ દિશા વગેરે–અનેક શબ્દો પ્રયોગો પ્રમાણે સમજવાના છે.

૨।૩।૧૦૫

**આચાર્ય શ્રી હેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના બીજા અધ્યાયના ષત્વણત્વપ્રકરણ નામના ત્રીજા પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ સમાપ્ત**

---

તૃતીય પાદ સમાપ્ત

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્વિતીય અધ્યાય

## (ચતુર્થ પાદ)

### સ્ત્રી પ્રત્યય પ્રકરણ

નામને સ્ત્રીલિંગી બનાવનારા પ્રત્યયોનું વિધાન—

## स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः ॥ २ । ४ । १ ॥

नકારાંત નામને તથા ऋકારાંત નામને જ્યારે સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે તે નામને સ્ત્રીલિંગસુચક ई (ङी) પ્રત્યય લગાડવાનો છે.

स्वसृ, दुहितृ ननान्दृ, यातृ, मातृ, तिसृ, चतसृ શબ્દોને આ નિયમ ન લાગે.

**'સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે નામને ई પ્રત્યય લગાડવાનો છે' એ હકીકત આ આખા ય પાદમાં સમજવાની છે.**

राजन्+ई=राज्ञी—રાણી

अतिराजन्+ई=अतिराज्ञी—રાણીને વટી ગયેલી સ્ત્રી—રાણીથી ચડીયાતી સ્ત્રી.

कर्तृ+ई=कर्त्री—કરનારી

पञ्च नद्यः—પાંચ નદીઓ. पञ्चन् નામ નકારાંત તો છે પણ સંખ્યાવાચી નકારાંત નામનો પ્રયોગ કોઈ વિશેષ લિંગમાં થતો નથી પરંતુ ત્રણે લિંગમાં થાય છે. તેથી पञ्चन् શબ્દ સ્ત્રીલિંગી થઇ શકતો નથી એને કારણે તેને સ્ત્રીલિંગનો સૂચક આ પ્રત્યય પણ લાગતો નથી.

स्वसृ નું स्वसृ અને दुहितृ નું दुहितृ જ રહે છે, તેમનું પ્રથમાનું એકવચન स्वसा અને दुहिता થાય છે પણ स्वस्री કે दुहित्री ન થાય.

॥ ૨ । ૪ । ૧ ॥

## अधातूदृदितः ॥ २ । ४ । २ ॥

અધાતુરૂપ એવા उ નિશાનવાળા અને ऋ નિશાનવાળા પ્રત્યય કે અપ્રત્યય જે નામને છેડે આવેલા હોય તેવા નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે સ્ત્રીલિંગનો સૂચક ई પ્રત્યય લગાડવો

उ—भवतु=भवत्+ई=भवती—આપ—પોતે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऋ —अतिमहत्=अतिमहत्+ई=अतिमहती–ઘણી મોટી.

,, —पचत्=पचन्त्+ई=पचन्ती–રાંધતી સ્ત્રી

सुष्ठु कंस्ते–हिनस्ति–इति सुकन् स्त्री–સારી રીતે હણનારી સ્ત્રી–આ પ્રયોગમાં उ નિશાનવાળો कमु ધાતુ છે તેથી ई ન થયો. ॥ ૨ । ૪ । ૨ ।

## अञ्चः ॥ २ । ४ । ३ ॥

જેને છેડે अञ्च् હોય તેને સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય લગાડવો

प्र+अञ्च्+ई=प्राची–પૂર્વ દિશા.

उद्+अञ्च्+ई=उदीची–ઉત્તર દિશા. (જુઓ ૨।૧।૧૦૩ ) ॥૨।૪।૩॥

## ण–स्वराऽघोषाद् वनो रश्च ॥ २ । ४ । ४ ॥

ण કારાંત, સ્વરાંત અને અઘોષાંત એટલે છેડે અઘોષવ્યંજનવાળા શબ્દોને જ્યારે वन् પ્રત્યય લાગેલો હોય અને તેમને સ્ત્રીલિંગી કરવા હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય લગાડવો અને वन् ના न् નો र् કરવો.

णકારાંત–(ओण्–ओ+आ=अवा) अवा+वन्+ई=अवावरी–દૂર કરનારી. (જુઓ ૪।૨।૬૫)

સ્વરાંત–धी+वन्+ई=धीवरी–માછીમારની સ્ત્રી

અઘોષાંત–मेरुदृश्+वन्+ई=मेरुदृश्वरी – મેરુને જેનારી

सहयुध्+वन्=सहयुध्वा સ્ત્રી–સાથે લડનારી–આ પ્રયોગમાં જે युध् શબ્દને वन् પ્રત્યય લાગેલ છે તે શબ્દ ण કારાંત, સ્વરાંત કે અઘોષાંત નથી તેથી ई ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૪ ॥

## वा बहुव्रीहेः ॥ २ । ४ । ५ ॥

બહુવ્રીહિ સમાસવાળા મૂળ णકારાંત, સ્વરાંત અને અઘોષાંત શબ્દો वन् પ્રત્યયવાળા હોય અને એ શબ્દોને જ્યારે સ્ત્રીલિંગી બનાવવા હોય ત્યારે તેમને સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય વિકલ્પે લગાડવો અને ई લાગે ત્યારે वन् ના न् નો र् કરવો.

प्रिय+अवा+वन्+ई=प्रियावावरी, प्रियावावा–જેને અવાવરી પ્રિય છે એવી સ્ત્રી

बहु+धी+वन्+ई=बहुधीवरी, बहुधीवा– જેની પાસે ઘણા માછીમારો છે એવી સ્ત્રી

बहु+मेरु+दृश्+वन्+ई= बहुमेरुदृश्वरी, बहुमेरुदृश्वा–મેરુને જેનારા જેની પાસે ઘણા છે એવી સ્ત્રી. ॥ ૨ । ૪ । ૫ ॥

## वा पादः ॥ २ । ४ । ६ ॥

अ કારાંત पाद શબ્દ બહુવ્રીહિ સમાસને લીધે (૭ । ૩ । ૧૫૦) द કારાંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલ હોય અને તેને સ્ત્રીલિંગી બનાવવો હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય વિકલ્પે લગાડવો.

द्वि+पाद+ई=द्विपाद्+ई=द्विपदी, द्विपात्–બે પગવાળી (જુઓ ૨।૧।૧૦૨) पादम् आचष्टे क्विपि पात्, त्रयः पादः अस्याः सा त्रिपात्–'પગ' એવું કહેનારા ત્રણ જણા જેની પાસે છે તે–આ પ્રયોગમાં નામધાતુ કરવાથી पाद શબ્દનો पाद् થયો છે પણ બહુવ્રીહિ સમાસને લીધે થયો નથી તેથી ई પ્રત્યય ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૬ ॥

## ऊध्नः ॥ २ । ४ । ७ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ ऊधन् શબ્દને સ્ત્રીલિંગી કરવો હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય લગાડવો.

कुण्डोधन्+ई=कुण्डोध्नी– કુંડાં જેવા આઉ–આંચળ–વાળી–ગાય. ॥૨।૪।૭॥

## अशिशोः ॥ २ । ४ । ८ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલા अशिशु શબ્દને સ્ત્રીલિંગી કરવો હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય લગાડવો.

अशिशु+ई=अशिश्वी–બાળક વગરની સ્ત્રી. ॥ ૨ । ૪ । ૮ ॥

## संख्यादेः हायनाद् वयसि ॥ २ । ४ । ९ ॥

हायन શબ્દની આદિમાં સંખ્યાવાચક શબ્દ હોય, हायन શબ્દ બહુવ્રીહિ સમાસમાં હોય અને પ્રાણીની ઉમરનું સૂચન થતું હોય તથા એવા हायन શબ્દને સ્ત્રીલિંગી બનાવવો હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય લગાડવો.

त्रि+हायन+ई=त्रिहायणी=ત્રણ વર્ષની ઘોડી.

चतुर्+हायन+ई=चतुर्हायणी–ચાર વર્ષની ઘોડી.

चतुर्+हायना=चतुर्हायना शाला–ચાર વર્ષથી બાંધેલી જૂની નિશાળ– આ પ્રયોગમાં પ્રાણીની ઉમર નથી તેથી ई ન લાગ્યો પણ સ્ત્રીલિંગસૂચક आ પ્રત્યય લાગ્યો. ॥ ૨ । ૪ । ૯ ॥

## दाम्नः ॥ २ । ४ । १० ॥

दामन् શબ્દની આદિમાં સંખ્યાવાચક શબ્દ હોય તથા તે બહુવ્રીહિ સમાસમાં હોય અને તેને સ્ત્રીલિંગી બનાવવો હોય તો दामन् શબ્દને ई પ્રત્યય લગાડવો.

द्वि+दामन्+ई=द्विदाम्नी–બે દામણવાળી સ્ત્રી. દામન–કંઠનું આભૂષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उद्+दामन्+अम्=उद्दामानं पश्य–ઊંચા દામણવાળી બીને જો–અહીં दामन् આદિમાં उत् છે પણ સંખ્યાવાચી શબ્દ નથી. ॥ ૨ । ૪ । ૧૦

## अनो वा ॥ २ । ४ । ११ ॥

છેડે अन् વાળું નામ બહુવ્રીહિસમાસમાં હોય અને તેને સ્ત્રીલિંગ કરવું હોય તો તેને સ્ત્રીલિંગસૂચક ई પ્રત્યય વિકલ્પે લગાડવો.

बहुराजन्+ई+औ=बहुराज्यौ, (ई ન લાગે ત્યારે–) बहुराजे, बहुराजानौ–ઘણ રાણીઓવાળી બે (નગરી) ॥ ૨ । ૪ । ૧૧

## नाम्नि ॥ २ । ४ । १२ ॥

છેડે अन् વાળું નામ બહુવ્રીહિ સમાસમાં હોય, વિશેષ નામનુ સૂચક થતું હોય તથા તેને સ્ત્રીલિંગી કરવું હોય તો સ્ત્રીલિંગ સૂચક ई પ્રત્યય લગાડવો.

अधि+राजन्+ई=अधिराज्ञी ग्रामः – એ નામનું ગામ

सु+राजन्+ई= सुराज्ञी ग्रामः – ,, ,, ,, ॥ ૨ । ૪ । ૧૨ ।

## नोपान्त्यवतः ॥ २ । ४ । १३ ॥

જે શબ્દના अन् ના अ નો લોપ થતો નથી અર્થાત अ ઉપાંત્યમાં કાયમ રહે છે તે શબ્દ બહુવ્રીહિ સમાસમાં હોય તો તેને કોઈ પણ નિયમ દ્વારા સ્ત્રીલિંગસૂચક ई થતો નથી

सुपर्वन्+आ=सुपर्वा–સારા પર્વવાળી

सुशर्मन्+आ=सुशर्मा–સારા સુખવાળી

बहुराज्ञी–બહુરાણીવાળી–અહીં अन् ના अ નો લોપ થયેલો હોવાથી સ્ત્રીલિંગ સૂચક ई લાગેલ છે. ॥ ૨ । ૪ । ૧૩॥

## मनः ॥ २ । ४ । १४ ॥

છેડે मन् હોય એવા શબ્દને સ્ત્રીલિંગ સૂચક ई લાગતો નથી

सीमन्+औ=सीमानौ– બે સીમાડાઓ. અહીં सीम्नी ન થયું તેથી सीम्न्यौ પ્રયોગ થયો નહીં ॥૨।૪।૧૪॥

## ताभ्यां वाऽऽप् डित् ॥ २ । ४ । १५ ॥

જેને છેડે मन् હોય એવા નામને તથા બહુવ્રીહિ સમાસવાળા છેડે अन् વાળા નામને સ્ત્રીલિંગી બનાવવું હોય ત્યારે आ(डाप्) પ્રત્યય વિકલ્પે લગાડવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मन्-सीमन्+आ=सीमे અથવા सीमानौ-બે સીમાડાઓ
બહુવ્રીહિ-सुपर्वन्+आ=सुपर्वे અથવા सुपर्वाणौ-સુપર્વવાળી બે

॥ ૨ । ૪ । ૧૫ ॥

## अजादेः ॥ २ । ४ । १६ ॥

अज વગેરે શબ્દોને સ્ત્રીલિંગ બનાવવા હોય ત્યારે નારી જાતિનો સૂચક आ (आप्) લગાડવો.

अज+आ=अजा-બકરી.
बाल+आ=बाला-બાલિકા
ज्येष्ठ+आ=ज्येष्ठा-મોટી.
कुञ्च+आ=कुञ्चा-હંસી

अज વગેરે શબ્દો નીચે જણાવ્યા પ્રમાણે સમજવાના છે—

अजा, एडका, अश्वा, चटका, मूषिका, कोकिला, बाला, होडा, पाका, वत्सा, मन्दा, विलाता, कन्या, मध्या, मुग्धा, ज्येष्ठा, कनिष्ठा, मध्यमा, पूर्वापहाणा, अपरापहाणा, संप्रहाणा, त्रिफला, कुञ्चा, देवविशा, उष्णिहा.

॥ ૨ । ૪ । ૧૬ ॥

## ऋचि पादः पात्-पदे ॥ २ । ४ । १७ ॥

अ કારાંત पाद શબ્દનો पाद् થયા પછી વેદની ऋचा ના અર્થનું સૂચન થતું હોય તો पाद् ને સ્થાને સ્ત્રીલિંગમાં पात् અને पदा એવા બે પ્રયોગ થાય છે

त्रि+पाद=त्रिपात्, त्रिपदा गायत्री-ત્રણ ચરણવાળી ગાયત્રી.
द्विपात्, द्विपदी- બે પગવાળી-અહીં ઋચા અર્થ નથી તેથી ई લાગેલ છે.

॥ ૨ । ૪ । ૧૭ ॥

## आत् ॥ २ । ४ । १८ ॥

अ કારાંત નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે નારીજાતિ સૂચક आ (आप्) પ્રત્યય લાગે છે.

खट्व+आ=खट्वा-ખાટ.
यत्=य+आ=या-જેણી.
तद्=त=स+आ=सा-તેણી. ॥ ૨ । ૪ । ૧૮ ॥

## गौरादिभ्यो मुख्यात् ङीः ॥ २ । ४ । १९ ॥

મુખ્ય એવા गौर આદિ અકારાંત શબ્દોને સ્ત્રીલિંગી કરવા હોય ત્યારે નારી જાતિનો સૂચક ई પ્રત્યય લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गौर+ई=गौरी–ગોરી.
शबल+ई=शबली–શામળી.

गौर વગેરે શબ્દો ઘણા જ વધારે છે તેથી તેમને સિદ્ધહેમબૃહદ્વૃત્તિમાંથી જાણી લેવા.

बहुनदा भूमिः–બહુ નદો વાળી ભૂમિ–અહીં नद શબ્દ મુખ્ય નથી પણ भूमि શબ્દ મુખ્ય છે તેથી સ્ત્રીલિંગસૂચક आ લાગેલ છે. ॥ ૨ । ૪ । ૧૯ ॥

## अणञेयेकण्–नञ्–स्नञ्–टिताम् ॥ २ । ४ । २० ॥

જે શબ્દને અંતે[1] अण्, अञ्, एय, इकण्, नञ्, स्नञ् અને टित् એટલે ट નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય એવા મુખ્ય અકારાંત નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે નારીજાતિસૂચક ई પ્રત્યય લાગે છે.

अण्– औपगव+ई=औपगवी–જેની પાસે ગાયો છે એનું નામ ઉપગુ, તેની છોકરી.

अञ्–वैद+ई=वैदी–વૈદ ગોત્રવાળા માણસની છોકરી.

एय–सौपर्णेय+ई=सौपर्णेयी– સુપર્ણની છોકરી.

इकण्–आक्षिक+ई=आक्षिकी–પાસા વડે રમાતી રમત.

नञ्–स्त्रैण+ई=स्त्रैणी – સ્ત્રીની છોકરી

स्नञ्-पौंस्न+ई=पौंस्नी – પુરુષની છોકરી

टित् (द्वयसट्)–जानुदघ्न+ई=जानुदघ्नी–ઘુંટણ પ્રમાણ પાણીવાળી નદી વગેરે. ॥૨।૪।૨૦।

## वयस्यनन्त्ये ॥ २ । ४ । २१ ॥

કાળે કરીને શરીરની જે અવસ્થા થાય તે વય કહેવાય. જે અકારાંત મુખ્ય નામ આવી છેલ્લી વયને ન સૂચવતું હોય પણ બીજી વયને સૂચવતું હોય અને તે નામને સ્ત્રીલિંગી કરવું હોય તો તેને નારીજાતિસૂચક ई પ્રત્યય લાગે છે.

कुमार+ई=कुमारी–કુમારી–કુંવારી.

किशोर+ई=किशोरी- કિશોર વયની.

वधूट+ई=वधूटी–વહુ થવા માટે યોગ્ય ઉમરની.

वृद्ध+आ=वृद्धा–વૃદ્ધ વયની–ઘરડી.–આ શબ્દ છેલ્લી વયને સૂચવે છે તેથી आ લાગ્યો, ई ન લાગ્યો. ॥૨।૪।૨૧।

---

૧ આ બધા પ્રત્યયો તદ્ધિત પ્રકરણમાં બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्विगोः समाहरात् ॥ २ । ४ । २२ ॥

સમાહાર દ્વિગુવાળું નામ અકારાંત હોય અને તે મુખ્ય નામને સ્ત્રીલિંગી બનાવવું હોય ત્યારે ई લાગે છે.

पञ्चपूल+ई=पञ्चपूली—પાંચ પૂળાની ઢગલી—જથ્થો,

दशराज+ई=दशराजी—દસ રાજાઓની ટોળી—મંડળી. ॥૨।૪।૨૨॥

આ પ્રકરણમાં બધે નામને 'મુખ્ય નામ' સમજવાનું છે.

## परिमाणात् तद्धितलुक्यबिस्ताऽऽचितकम्बल्यात् ॥ २ । ४ । २३ ॥

ચારે બાજુથી થનારા માપને परिमाण[1] કહેવાય. લોકરૂઢિથી प्रस्थ, कुडव વગેરે શબ્દો પરિમાણવાચક સમજવા.

દ્વિગુ સમાસમાં રહેલા પરિમાણવાચક અકારાંત નામને સ્ત્રીલિંગ બનાવવું હોય ત્યારે તેને લાગેલા તદ્ધિતના પ્રત્યયનો લોપ થયા પછી સ્ત્રીલિંગ સૂચક ई લાગે છે. અહીં बिस्त, आचित, તથા कम्बल्य શબ્દોને ન લેવા.

द्वाभ्यां कुडवाभ्यां क्रीता=द्विकुडवी—द्विकुडव+ई=द्विकुडवी—બે કુડવ[2]—બે પસલી—માપની વસ્તુ વડે ખરીદેલી વસ્તુ.

पञ्चभिः अश्वैः क्रीता पञ्चाश्वा—पञ्चाश्व+आ=पञ्चाश्वा—પાંચ ઘોડાથી ખરીદેલી. અહીં अश्व શબ્દ પરિમાણવાચક નથી, તેથી ई ન લાગ્યો.

द्विपण्य+आ=द्विपण्या—બે પણ વડે ખરીદેલી—અહીં તદ્ધિતના પ્રત્યયનો લોપ થયો નથી,

द्विबिस्त+आ=द्विबिस्ता—બે બિસ્તાથી ખરીદેલી. બિસ્તા કે વિસ્તા એટલે ૮૦ રતિ વજનનું સોનાનું તોલું.

द्व्याचित+आ=द्व्याचिता—બે આચિત વડે ખરીદેલી—આચિત એટલે તૌલક અથવા બે હજાર પલ વજન

द्विकम्बल्य+आ=द्विकम्बल्या—બે કંબલ્ય વડે ખરીદેલી, કંબલ્ય એટલે સો પળ ઊન.

---

૧ ઊંચું કે ઊભું માપવાને 'ઉન્માન' કહેવાય, ચારે તરફ માપવાને 'પરિમાણ' કહેવાય, લંબાઈ માપવાને 'પ્રમાણ' કહેવાય. સંખ્યા તો આ બધાં માપોથી બહાર છે—જુદી છે.

૨ ગોહિલવાડમાં ગઢિયું શબ્દ અનાજના માપ માટે જાણીતો છે. સરખાવો કુડવ—ગડિયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રમાં विस्त કે बिस्त, आचित અને कम्बल्य શબ્દોને લેવાની ના કહી છે તેથી તેમને ई ન લાગે. ॥ ૨ । ૪ । ૨૩ ॥

## काण्डात् प्रमाणादक्षेत्रे ॥ २ । ४ । २४ ॥

દ્વિગુસમાસમાં રહેલો એવો પ્રમાણવાચી काण्ड શબ્દ જેને છેડે હોય એવા શબ્દને લાગેલા તદ્ધિતના પ્રત્યયનો લોપ થયા પછી એ અકારાંત મુખ્ય શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય તો નારીજાતિમાં ई લાગે છે, પણ આ નામ ક્ષેત્રને લગતા માપનું ન હોવું જોઈએ.

પ્રમાણ એટલે આયામ-માત્ર લંબાઈનું માપ.

द्वे काण्डे प्रमाणमस्याः द्विकाण्डी–द्विकाण्ड+ई=द्विकाण्डी रज्जुः–બે કાંડ પ્રમાણવાળી–રજ્જુ-દોરડી કે રાશ—કાંડ એટલે સોળ હાથની લંબાઈ.
द्विकाण्ड+आ=द्विकाण्डा शाटी–બે કાંડ વડે ખરીદેલી સાડી.–અહીં काण्ड શબ્દ પ્રમાણવાચી નથી તેથી ई ન થયો. કાંડ એટલે ફળોનો ઢગલો–"काण्डः फलसंघातः" ઉણાદિ સૂ૦ ૨૬૧ ।
द्विकाण्डा क्षेत्रभक्तिः–ખેતરનો ભાગ બે કાંડ પ્રમાણ છે.–અહીં ક્ષેત્રનું માપ છે તેથી ई ન થયો. ॥ ૨ । ૪ । ૨૪ ॥

જ્યાં જ્યાં ई ન લાગે ત્યાં ત્યાં છેડે आ લાગે છે–એમ બધે જ સમજવું

## पुरुषाद् वा ॥ २ । ४ । २५ ॥

દ્વિગુસમાસવાળા પ્રમાણવાચી पुरुष શબ્દને તદ્ધિતના પ્રત્યયનો લોપ થયા પછી સ્ત્રીલિંગી કરવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે.

द्विपुरुष+ई=द्विपुरुषी અથવા द्विपुरुषा–બે પુરુષપ્રમાણ—બે માથોડાં–જેટલી ઊંડી ખાઈ.

पञ्च पुरुषाः समाहृताः पञ्चपुरुषी–पञ्चपुरुष+ई=पञ्चपुरुषी–પાંચ પુરુષોની ટોળી. અહીં તદ્ધિત પ્રત્યયનો લોપ થયો નથી તેથી ૨ । ૪ । ૨૨ । ના નિયમથી નિત્ય ई લાગ્યો. ॥ ૨ । ૪ । ૨૫ ॥

## रेवत–रोहिणाद् भे ॥ २ । ४ । २६ ॥

નક્ષત્ર અર્થવાળા रेवत અને रोहिण શબ્દોને નારીજાતિ બનાવવા હોય ત્યારે ई લાગે છે.

रेवत्यां जाता रेवती–रेवत+ई=रेवती–નક્ષત્રનું નામ અથવા રેવતી નક્ષત્રમાં જન્મેલી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रोहिण्यां जाता रौहिणी-रोहिण+ई=रौहिणी-નક્ષત્રનું નામ અથવા રોહિણી નક્ષત્રમાં જન્મેલી

रैवत+आ=रैवता- કોઈનું નામ—અહીં નક્ષત્રવાચી નામ ન હોવાથી ई ન લાગ્યો પણ आ લાગેલ છે. ॥ ૨।૪।૨૬ ॥

## नीलात् प्राण्यौषध्योः ॥ २ ।४ । २७ ॥

પ્રાણીવાચી તથા ઔષધિવાચી नील શબ્દને સ્ત્રીલિંગી બનાવવો હોય ત્યારે ई પ્રત્યય લાગે છે.

नील+ई=नीली गौः—નીલા વર્ણની ગાય.

नील+ई=नीली-औषधिः-ગળી.

नील+आ=नीला-નીલી કે લીલી સાડી. આ પ્રયોગનો नील શબ્દ પ્રાણીવાચી કે ઔષધિવાચી નથી. ॥ ૨। ૪ ।૨૭ ॥

## क्ताच्च नाम्नि वा ॥ २ । ४ । २८ ॥

नील શબ્દને અને क्त પ્રત્યય જેને અંતે છે એવા શબ્દને સ્ત્રીલિંગી કરવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે, જો વિશેષ નામ હોય તો.

नील+ई=नीली, नीला-વિશેષ નામ.

प्रवृद्धविलून+ई=प्रवृद्धविलूनी, प्रवृद्धविलूना—ઔષધિનું નામ.

॥ ૨।૪।૨૮ ॥

## केवल-मामक-भागधेय-पापा-ऽपर-समाना-ऽऽर्यकृत-सुमङ्गल-भेषजात् ॥ २ । ४ । २९ ॥

केवल, मामक, भागधेय, पाप, अपर, समान, आर्यकृत, सुमङ्गल, અને भेषज એ નામોને સ્ત્રીલિંગી કરવાં હોય ત્યારે ई લાગે છે. એ શબ્દો જો વિશેષસંજ્ઞાવાચક હોય તો.

केवल+ई=केवली-ज्योतिः-પ્રકાશ.

मामक+ई=मामकी- મામી-મામાની પત્ની

भागधेय+ई=भागधेयी-વિશેષ નામ-બલિ.

पाप+ई=पापी- ,, -ઔષધી.

अपर+ई=अपरी ,, - ,,

समान+ई=समानी ,, -છન્દનું નામ.

आर्यकृत+ई=आर्यकृती—,, વિશેષ પ્રકારનું અનુષ્ઠાન—વિધિ.

सुमङ्गल+ई=सुमङ्गली-છન્દનું નામ અથવા ઔષધિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भेषज+ई=भेषजी ., ઔષધી.

केवल+आ=केवला–એકલી–કેવળ–અહીં કોઈનું વિશેષ નામ નથી. તેથી ई ન થયો. ॥૨।૪।૨૯॥

## भाज–गोण–नाग स्थल–कुण्ड–काल–कुश–कामुक–कट–कबरात् पक्व–आवपन–स्थूल–अकृत्रिम–अमत्र–कृष्ण–आयसी–रिरंसु–श्रोणि–केशपाशे ॥ २ । ४ । ३० ॥

भाज શબ્દને 'પક્વ' અર્થમાં, गोण શબ્દને 'આવપન'–અનાજ વગેરેને ભરવાનું સાધન 'ગૂણ'–'કોથળા' અર્થમાં, नाग શબ્દને 'જાડા' અર્થમાં, स्थल શબ્દને 'અકૃત્રિમ–સ્વાભાવિક–સ્થલ' અર્થમાં, कुण्ड શબ્દને 'પાત્ર' અર્થમાં, काल શબ્દને 'કાળા' અર્થમા, कुश શબ્દને 'લોઢામાંથી બનેલો પદાર્થ–'કોશ'–અર્થમાં, कामुक શબ્દને 'કામી' અર્થમાં, कट શબ્દને 'કેડ' અર્થમાં, कबर શબ્દને 'વેણી' અર્થમાં–આ બધા શબ્દો વિશેષ નામસૂચક હોય તો અને તેમને સ્ત્રીલિંગી બનાવવા હોય તો તેમને ई પ્રત્યય લાગે છે.

| | |
|---|---|
| भाज+ई=भाजी–પક્વ ભાજી. | भाज+आ=भाजा–પક્વ ન હોય તે |
| गोण+ई=गोणी–ગુણી–કોથળો. | गोण+आ=गोणा–કોથળો નહીં. |
| नाग+ई=नागी–જાડી. | नाग+आ=नागा– જાડીથી જુદી |
| स्थल+ई=स्थली–અકૃત્રિમ–સ્વાભાવિક–ભૂમિ, | स्थल+आ=स्थला=ખાડા પૂરીને કરેલી બનાવટી જમીન. |
| कुण्ड+ई=कुण्डी–પાત્ર. | कुण्ड+आ=कुण्डा–કોઈ ઇંદ્રિયની ખામીવાળી. |
| काल+ई=काली–કાળી | काल+आ=काला–મેઘની ઘટા. |
| कुश+ई=कुशी–કોશ. | कुश+आ=कुशा–લોઢાની કોશ જેવી લાકડાની કોશ. |
| कामुक+ई=कामुकी–કામિની–મૈથુનરૂપ રતિક્રીડા કરવાની ઇચ્છાવાળી. | कामुक+आ=कामुका=મૈથુનની ઇચ્છા સિવાય બીજી ઇચ્છા રાખનારી. |
| कट+ई=कटी–કેડ. | कट+आ=कटा– એક ઔષધી |
| कबर+ई=कबरी–વેણી | कबर+आ=कबरा– એક પ્રકારનું શાક. |

॥ २ । ४ । ३० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नवा शोणादेः ॥ २ । ४ । ३१ ॥

શોણ આદિ શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई વિકલ્પે લાગે છે.

शोण+ई=शोणी- લાલ. शोण+आ =शोणा-ई ન લાગે ત્યારે

चण्ड+ई=चण्डी-પાર્વતી चण्ड+आ=चण्डा—ક્રોધી. ,,

શોણ વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા—शोण, चण्ड, अराल, कमल, कृपण, विकट, विशाल, विशंकट, भरुज, ध्वज, कल्याण, उदार, पुराण, बहु-વિશેષ નામ, वृत्रहन्, चन्द्रभाग-નદી વાચક-વગેરે

॥ २ । ४ । ३१ ॥

## इतोऽक्त्यर्थात् ॥ २ । ४ । ३२ ॥

इदन्त-છેડે હ્રસ્વ इ કારવાળા-શબ્દોને નારીજાતિમાં વાપરવા હોય ત્યારે ई વિકલ્પે લાગે છે, શબ્દના છેડાનો इ, क्ति પ્રત્યયનો ન હોવો જોઈએ તથા क्ति પ્રત્યયની સમાન અર્થવાળા બીજા કોઈ પ્રત્યયનો પણ ન હોવો જોઈએ.

भूमि+ई=भूमी, भूमिः-ભૂમિ.

धूलि+ई=धूली, धूलिः-ધૂળ-

कृ+तिः (क्ति)=कृतिः-રચના-અહીં શબ્દના છેડાનો इ क्ति પ્રત્યયનો હોવાથી ई ન લાગેશ તેથી कृति+ई=कृती ન થયું.

अकरणिः-ન કરવા યોગ્ય.

हानिः— નુકસાન.

આ બન્ને પ્રયોગોમાં क्ति પ્રત્યયની સમાન અર્થવાળા પ્રત્યયોનો इ હોવાથી ई ન લાગ્યો અર્થાત્ अकरणी અને हानी એવા પ્રયોગો ન થયા.

॥ २ । ४ । ३२ ॥

## पद्धतिः ॥ २ । ४ । ३३ ॥

पद्धति શબ્દને સ્ત્રીલિંગી બનાવવો હોય તો ई વિકલ્પે લાગે છે,

पद्+हति=पद्धति+ई=पद्धती, पद्धतिः-જ્યાં પદને આઘાત થાય તે રસ્તો અથવા પગવડે આઘાત પામતો રસ્તો અથવા પંક્તિ. ॥ २ । ४ । ३३ ॥

## शक्तेः शस्त्रे ॥ २ । ४ । ३४ ॥

शक्ति શબ્દને 'શસ્ત્ર' અર્થમાં સ્ત્રીલિંગમાં વાપરવો હોય તો વિકલ્પે ई લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शक्ति+ई=शक्ती, शक्तिः—શસ્ત્ર—શક્તિ નામનું શસ્ત્ર.
शक्तिः—સામર્થ્ય—બળ—અહીં 'શસ્ત્ર' અર્થ ન હોવાથી ई ન લાગ્યો.
॥ ૨ । ૪ । ૩૪ ॥

## स्वरादुतो गुणादखरोः ॥ २ । ४ । ३५ ॥

જે નામમાં સ્વર પછી આવેલા માત્ર એક જ વ્યંજન બાદ તરત જ હ્રસ્વ उ આવ્યો હોય એવા उ કારાંત ગુણવાચી શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે. અહીં એક खरु શબ્દ ન લેવો.

पटु+ई=पट्वी, पटुः—કુશલતાના ગુણવાળી.

विभु+इ=विभ्वी, विभुः— વ્યાપક અથવા સામર્થ્યરૂપ ગુણવાળી.
पाण्डुः भूमिः—ધોળી જમીન—અહીં उ, સ્વર પછી નથી પણ ण्ड એવા બે વ્યંજન પછી છે તેથી ई ન લાગ્યો.
आखुः स्त्री—ઊંદરડી—અહીં आखु શબ્દ ગુણવાચી નથી.
खरुः इयम्—શ્વેત વર્ણવાળી આ— અહીં खरु શબ્દ વર્જ્યો છે તેથી ई ન લાગ્યો.
॥ ૨ । ૪ । ૩૫ ॥

## श्येतैत–हरित–भरत–रोहिताद् वर्णात् तो नश्च ॥ २ । ४ । ३६ ॥

વર્ણવાચી श्येत, एत, हरित, भरत, रोहित—એ શબ્દોને નારીજાતિમાં વાપરવા હોય ત્યારે ई વિકલ્પે લાગે છે અને ई લાગવા સાથે त નો न થાય છે.

श्येत+ई=श्येन+ई=श्येनी—ધોળી. ई ન લાગે ત્યારે श्येत+आ=श्येता
एत+ई=एन+ई=एनी—કાબરચીતરી. ,, एत+आ=एता
हरित+ई=हरिण+ई=हरिणी—હરી—નીલી. ,, हरित+आ=हरिता
भरत+ई=भरण+ई=भरणी— લાલ. ,, भरत+आ=भरता
रोहित+ई=रोहिण+ई=रोहिणी—લાલ. ,, रोहित+आ=रोहिता

જ્યારે श्येत, एत વગેરે શબ્દો વર્ણવાચી ન હોય ત્યારે તેમને સ્ત્રીલિંગ સૂચક आ પ્રત્યય જ લાગે છે.
॥ ૨ । ૪ । ૩૬ ॥

## क्नः पलिता-ऽसितात् ॥ २ । ४ । ३७ ॥

पलित અને असित શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવાના હોય ત્યારે ई વિકલ્પે લાગે છે. ई લાગવા સાથે त નો क्न થાય છે.

पलित+ई=पलिक्न+ई=पलिक्नी—પળિયાંવાળી ઘરડી સ્ત્રી. ई ન લાગે ત્યારે पलित+आ=पलिता

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असित+ई=असिक्न+ई=असिक्नी–જે ગાય નાની હોવા છતાં ગર્ભને ધારણ કરે તે ગાય અથવા અંતઃપુરમાં નિમાયેલી દૂતી. ई ન લાગે ત્યારે असित+ आ=असिता ॥ ૨ । ૪ । ૩૭॥

## असह-नञ्-विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः ॥ २ । ४ । ३८॥

વ્યાકરણ શાસ્ત્રના નિયમ પ્રમાણે स्वाङ्ग ની વ્યાખ્યા આ પ્રમાણે છે–

પ્રાણીમાં રહેલું[1] પ્રાણીનું પોતાનું અંગ તેને સ્વાંગ સમજવું, પણ તે અંગ 'સોજા'[2] વગેરે વિકારરૂપ ન હોય, 'કફ'[3] વગેરે પ્રવાહી દ્રવરૂપ ન હોય, જે સ્વાંગ હોય તે 'દરય'[4]–મૂર્ત–હોવું જોઈએ તથા કદાચ પ્રાણીનું અંગ[5] પ્રાણીથી છૂટું પડી ગયું હોય તો પણ સ્વાંગ કહેવાય અને પ્રાણીના સ્વાંગ જેવું 'મૂર્તિ'–પ્રતિમા–વગેરેમાં 'મુખ' કે 'હાથ' વગેરે હોય તે પણ સ્વાંગ કહેવાય.

જેને છેડે સ્વાંગવાચી શબ્દ હોય એવા સમાસવાળા अकारान्त શબ્દને નારીજાતિમાં વાપરવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે. અહીં अकारान्त શબ્દની પૂર્વમાં सह, नञ् ( નિષેધવાચક अ ) અને विद्यमान શબ્દો ન હોવા જોઈએ.

સ્વાંગવાચી क्रोड વગેરે શબ્દોને આ નિયમ ન લાગે.

क्रोड વગેરે શબ્દો નીચે મુજબ છે—

क्रोड, खुर, गुद, शफ, वाल અથવા बाल (વાળ) माल, गल, भग, उख, गोख, कर, भुज વગેરે.

---

૧ જે સ્વાંગ હોય તે ગમે ત્યારે પ્રાણિમાં જ રહેલું હોવું જોઈએ, એથી बहुमुखा શાળા થાય પણ बहुमुखी ન થાય.

૨. शोफ એટલે સોજા–સોજા વિકારરૂપ છે તેથી बहुशोफी ન થાય પણ बहुशोफा જ થાય.

૩ कफ પ્રવાહી છે તેથી अल्पकफी ન થાય પણ अल्पकफा જ થાય.

૪ ज्ञान અમૂર્ત છે તેથી सुज्ञाना થાય, सुज्ञानी ન થાય.

૫ 'વાળ' પ્રાણીથી છૂટા પડી ગયા હોય તો પણ સ્વાંગ જ ગણાય તેથી बहुकेशी बहुकेशा રથ્યા પ્રયોગ થઈ શકે– बहुकेशी કે बहुकेशा રથ્યા એટલે જ્યાં બહુ વાળ પડ્યા છે એવી શેરી.

૬ પ્રતિમા સારા મુખવાળી હોય તો सुमुखी અથવા सुमुखा प्रतिमा એવો પ્રયોગ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पीनस्तन+ई=पीनस्तनी, ई न લાગે ત્યારે पीनस्तना–પુષ્ટ સ્તનવાળી
अतिकेश+ई=अतिकेशी ,, अतिकेशा माला–કેશો–વાળો –કરતાં લાંબી માળા.

આ બે પ્રયોગમાં स्तन અને केश શબ્દો સ્વાંગવાચી છે.

सहकेश+आ=सहकेशा–કેશસહિત.

अकेश+आ=अकेशा–કેશ વગરની.

विद्यमानकेश+आ=विद्यमानकेशा–વિદ્યમાન કેશવાળી. પૂર્વપદમાં सह, अ અને विद्यमान એ ત્રણે શબ્દોનો નિષેધ કરેલો હોવાથી सहकेशा વગેરેમાં ई ન લાગ્યો.

कल्याणक्रोड+आ=कल्याणक्रोडा–કલ્યાણરૂપ ખોળાવાળી.

पीनगुद+आ=पीनगुदा–પુષ્ટ ગુદાવાળી.

दीर्घवाल+आ=दीर्घवाला—મોટા–લાંબા–વાળવાળી

આ ત્રણે પ્રયોગોમાં છેડે क्रोड આદિ શબ્દો છે. સૂત્રમાં તેનો નિષેધ કરેલો હોવાથી ई લાગ્યો નથી,

बहुशोफ+आ=बहुशोफा–બહુ સોજાવાળી.

बहुज्ञान+आ=बहुज्ञाना–બહુ જ્ઞાનવાળી.

बहुयव+आ=बहुयवा—શરીરમાં જવના ઘણાં નિશાનોવાળી.

આ પ્રયોગોમાં शोफ, ज्ञान અને यव શબ્દો સ્વાંગસૂચક નથી તેથી ई ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૩૮॥

## नासिकोदरोष्ठ-जङ्घा-दन्त-कर्ण-शृङ्गाऽङ्ग-गात्र-कण्ठात् ॥२। ४। ३९॥

સમાસમાં આવેલા नासिका, उदर, ओष्ठ, जङ्घा, दन्त, कर्ण, शृङ्ग, अङ्ग, गात्र અને कण्ठ એવા સ્વાંગવાચી શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई વિકલ્પે લગાડવો. અહીં પણ सह, अ (નિષેધવાચી) અને विद्यमान શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઈએ.

तुङ्गनासिक+ई=तुङ्गनासिकी ई ન લાગે ત્યારે तुङ्गनासिका–ઊંચી નાસિકાવાળી.
कृशोदर+ई=कृशोदरी ,, कृशोदरा–કૃશ ઉદરવાળી –પાતળા પેટવાળી
बिम्बोष्ठ+ई=बिम्बोष्ठी ,, बिम्बोष्ठा–પાકા ટીંડોરા જેવા લાલ હોઠવાળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| दीर्घजङ्घ+ई=दीर्घजङ्घी | ,, | दीर्घजङ्घा-લાંબી જાંઘવાળી, |
| समदन्त+ई=समदन्ती | ,, | समदन्ता-સરખા દાંતવાળી. |
| चारुकर्ण+ई=चारुकर्णी | ,, | चारुकर्णा-સુંદર કર્ણ-કાનવાળી. |
| तीक्ष्णशृङ्ग+ई=तीक्ष्णशृङ्गी | ,, | तीक्ष्णशृङ्गा-અણીદાર શિંગડાવાળી |
| मृद्वङ्ग+ई=मृद्वङ्गी | ,, | मृद्वङ्गा-કોમળ અંગવાળી. |
| सुगात्र+ई=सुगात्री | ,, | सुगात्रा—સારા શરીરવાળી. |
| सुकण्ठ+ई=सुकण्ठी | ,, | सुकण्ठा-સારા કંઠવાળી. |

શંકા-ખરી રીતે આ સૂત્રમાં લખેલા શબ્દોને ઉપરના સૂત્રથી વિકલ્પે ई પ્રત્યય લાગી શકે છે, તો પછી આ સૂત્ર શા માટે કર્યું ?

સમાધાન – વાત તો ખરી છે પણ આ સૂત્ર કરીને એવો નિયમ સૂચવવામાં આવે છે કે, બહુસ્વરવાળા સ્વાંગવાચી શબ્દોને ई લગાડવો હોય તો नासिका અને उदर સિવાય બીજે ન લગાડવો, જેમકે सुललाटा-અહીં ललाट શબ્દ સ્વાંગવાચી હોવા છતાં તેને ઉપરના સૂત્રથી ई ન લાગે.

વળી, બીજો નિયમ એ સૂચવેલ છે, કે જે શબ્દોને છેડે સંયોગ-વાળા અક્ષરો છે તેમને જો ई લગાડવો હોય તો जङ्घा, दन्त, कर्ण, शृङ्ग अङ्ग, गात्र અને कण्ठ શબ્દોને જ લગાડવો, બીજે ક્યાંય ન લગાડવો. આ નિયમને લીધે सुपार्श्वा-સારાં પડખાંવાળી-શબ્દને ઉપરના સૂત્રથી પણ ई ન લાગે. આ રીતે ઉપર જણાવેલ નિયમો સૂચવવા આ સૂત્ર જુદું કર્યું છે.
॥ २ । ४ । ३९ ॥

## नख-मुखादनाम्नि ॥ २ । ४ । ४० ॥

સમાસમાં આવેલા સ્વાંગવાચી नख અને मुख શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई પ્રત્યય લગાડવો જો કોઇનું નામ ન હોય તો. આ સૂત્રમાં પણ 'सह, अ (નિષેધવાચી) અને विद्यमान શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઇએ' એમ સમજવું

शूर्प+नख+ई=शूर्पनखी, शूर्पनखा-સૂપડા જેવા નખવાળી.

चन्द्र+मुख+ई=चन्द्रमुखी, चन्द्रमुखा-ચંદ્ર જેવા મુખવાળી.

शूर्पनख+आ= शूर्पणखा-રાવણની બહેનનું નામ

काल+मुख+आ=कालमुखा— વિશેષ નામ છે. તેથી આ બન્ને પ્રયોગોમાં नखी અને मुखी પ્રયોગ ન થાય. ॥ २ । ४ । ४० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पुच्छात् ॥ २ । ४ । ४१ ॥

સમાસમાં આવેલા સ્વાંગવાચી पुच्छ શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય તો ई વિકલ્પે લાગે છે. અહીં પણ 'सह अ (નિષેધવાચક) અને विद्यमान શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઈએ' એમ સમજવું

दीर्घपुच्छ+ई=दीर्घपुच्छी, दीर्घपुच्छा– લાંબી પૂંછડીવાળી.

॥ ૨ । ૪ । ૪૧ ॥

## कबर-मणि-विष-शरादेः ॥ २ । ४ । ४२ ॥

સમાસમાં આવેલા कबर, मणि, विष અને शर શબ્દો પછી રહેલા पुच्छ શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય તો ई પ્રત્યય લાગે છે.

कबर+पुच्छ+ई=कबरपुच्छी–વાંકા પુંછડાવાળી, કાબરચીતરા પૂંછવાળી.

मणि+पुच्छ+ई=मणिपुच्छी–જેના પૂંછમાં મણિ છે

विष+पुच्छ+ई=विषपुच्छी—જેના પૂંછમાં ઝેર છે.

शर+पुच्छ+ई=शरपुच्छी–જેના પૂંછમાં શર (શર એટલે શરજેવા–બાણજેવા અણીદાર-વાળ) છે તે. ॥ ૨ । ૪ । ૪૨॥

## पक्षात्चोपमादेः ॥ २ । ४ । ४३ ॥

ઉપમાનવાચી શબ્દ પછી पक्ष અને पुच्छ શબ્દ સમાસમાં આવેલા હોય અને તેમને સ્ત્રીલિંગ બનાવવા હોય તો સ્ત્રીલિંગ સૂચક ई લાગે છે.

उलूक+पक्ष+ई=उलूकपक्षी शाला—જેની રચના ઘુવડની પાંખ જેવી છે એવી શાળા.

उलूक+पुच्छ+ई=उलूकपुच्छी सेना—જે સેનાનો આકાર ઘુવડના પૂંછડા જેવો છે. ॥ ૨ । ૪ ।૪૩॥

## क्रीतात् करणादेः ॥ २ । ४ । ४४ ॥

કરણ-સાધન–વાચક શબ્દ પછી સમાસમાં આવેલા અકારાંત क्रीत શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય ત્યારે સ્ત્રીલિંગસૂચક ई લાગે છે.

अश्वक्रीत+ई=अश्वक्रीती–ઘોડા વડે ખરીદ કરેલી.

मनसाक्रीत+ई=मनसाक्रीती–મન વડે ખરીદ કરેલી– (અલુપ્સમાસ) अश्वेन क्रीता—ઘોડા વડે ખરીદેલી–આ પ્રયોગમાં अश्व કરણ હોવા છતાં अश्व અને क्रीत શબ્દોનો સમાસ નથી તેથી ई લાગ્યો નહીં.

॥ ૨ । ૪ । ૪૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्तादल्पे ॥ २ । ४ । ४५॥

કરણ–સાધન–વાચક નામ પછી સમાસમાં આવેલા તથા છેડે क्त પ્રત્યયવાળા શબ્દને સ્ત્રીલિંગ બનાવવો હોય તો સ્ત્રીલિંગસૂચક ई લાગે છે, જો 'અલ્પ' અર્થનું સૂચન હોય તો.

अभ्र+विलिप्त+ई=अभ्रविलिप्ती द्यौः–ઓછાં વાદળાંવાળું આકાશ. चन्दनानुलिप्ता स्त्री–ચંદનથી લેપાયેલી સ્ત્રી–અહીં 'અલ્પ' અર્થનું સૂચન નથી. ॥ ૨ । ૪ । ૪૫ ॥

## स्वाङ्गादेरकृत-मित-जात-प्रतिपन्नाद् बहुव्रीहेः ॥ २ । ४ । ४६ ॥

સ્વાંગવાચી નામ પછી બહુવ્રીહિ સમાસમાં આવેલ क्त પ્રત્યયવાળા નામને સ્ત્રીલિંગમાં વાપરવું હોય તો ई લાગે છે, આ નિયમમાં कृत, मित, जात, प्रतिपन्न શબ્દો સાથે બહુવ્રીહિ સમાસ ન હોવો જોઈએ –એમ સમજવું.

शङ्खभिन्न+ई=शङ्खभिन्नी–જેના શંખો ભિન્ન–જુદા જુદા–છે. (આંગળીઓનાં ટેરવામાં શંખનાં નિશાન હોય છે તે શંખ)

ऊरुभिन्न+ई=ऊरुभिन्नी–જેનાં ઊરુ ભિન્ન છે.

दन्तकृता–જેના દાંત બનાવટી છે.

दन्तमिता–જેના દાંત પરિમિત છે.

दन्तजाता–જે દાંત સાથે જન્મેલી છે.

दन्तप्रतिपन्ना–દાંતના ગુણ વિશેષથી સ્વીકારેલી હોય–આ પ્રયોગોમાં સૂત્રમાં જેમનો નિષેધ કરેલો છે તે कृत વગેરે શબ્દો છેડે છે તેથી ई ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૪૬ ॥

## अनाच्छादजात्यादेर्नवा ॥ २ । ४ । ४७ ॥

'ઢાંકવાનું સાધન' અર્થવાળા નામ સિવાયના અર્થાત્ વસ્ત્ર વગેરેના વાચક નામ સિવાયના જાતિવાચક નામ પછી બહુવ્રીહિ સમાસમાં આવેલા क्त પ્રત્યયવાળા નામને સ્ત્રીલિંગમાં વાપરવું હોય તો ई વિકલ્પે લાગે છે, આ વિધાનમાં પણ कृत मित जात અને प्रतिपन्न શબ્દો સાથે બહુવ્રીહિ સમાસ ન હોવો જોઈએ.

शार्ङ्गरजग्ध+ई=शार्ङ्गरजग्धी, शार्ङ्गरजग्धा—શાંગર એટલે સાંગરીની ફળી–શીંગ–જેણીએ ખાધેલી તે સ્ત્રી.અહીં शार्ङ्गर શબ્દ જાતિવાચક નામ છે. वस्त्र+छन्न+आ=वस्त्रछन्ना વસ્ત્ર વડે જે ઢંકાયેલ છે તે—અહીં વસ્ત્રવાચી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ હોવાથી ङ ન લાગ્યો.

मासयात+आ=मासयाता— જેણીનું ગમન માસ વડે છે–મહિના પછી છે–મહિના પછી જનારી–અહીં मास શબ્દ કાલવાચી છે, જાતિવાચક નથી તેથી ङ ન લાગ્યો.

कुण्डकृता– જેણીએ કુંડું કરેલું છે તે – અહીં સૂત્રમાં નિષેધ કરેલો कृत શબ્દ છેડે છે તેથી ई ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૪૭ ॥

## पत्युर्नः ॥ २ । ४ । ४८ ॥

બહુવ્રીહિ સમાસમાં મુખ્ય અર્થવાળો पति શબ્દ છેડે હોય અને તેને સ્ત્રીલિંગમાં વાપરવો હોય તો ई વિકલ્પે લાગે છે અને ई લાગવા સાથે त् ને અંતે આગમરૂપ न् ઉમેરાય છે. એટલે त ને બદલે त्न् બોલાય છે

दृढपति+ई=दृढपत्+न+ई=दृढपत्नी, दृढपतिः–જેનો પતિ દૃઢ છે એવી સ્ત્રી.

बहुस्थूलपतिः पुरी—બહુ જાડા પતિઓવાળી નગરી–અહીં पति શબ્દ મુખ્ય નથી પણ 'નગરી'નો અર્થ મુખ્ય છે. ॥ ૨ । ૪ । ૪૮ ॥

## सादेः ॥ २ । ४ । ४९ ॥

પૂર્વપદવાળા पति શબ્દને સ્ત્રીલિંગી બનાવવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે. ई થવા સાથે त् ને અંતે આગમરૂપ न् ઉમેરાય છે,

ग्राम+पति+ई=ग्रामपत्+न्+ई=ग्रामपत्नी, ग्रामपतिः– ગામના પતિની સ્ત્રી-પત્ની.

पतिः इयम्–આ પત્ની–સ્ત્રી–અહીં पति શબ્દ सादि—આદિવાળો–પૂર્વ-પદવાળો નથી એટલે સમાસમાં નથી પણ એકલો છે તેથી पत्नी પ્રયોગ ન થાય,

તથા ग्रामस्य पतिः इयम् ગામની આ પત્ની–સ્ત્રી–આ વાક્યમાં પણ पति શબ્દથી પૂર્વમાં ग्रामस्य શબ્દ છે પણ पति શબ્દ સમાસમાં ન હોવાથી એટલે આદિવાળો–પૂર્વપદવાળો–ન હોવાને લીધે ई ન લાગ્યો. पूर्वपद શબ્દ સમાસનો સૂચક છે. ॥ ૨ । ૪ । ૪૯ ॥

## सपत्न्यादौ ॥ २ । ४ । ५० ॥

सपत्नी વગેરે શબ્દોમાં पति શબ્દને ई લાગવા સાથે त् પછી न् નો આગમ પણ થયેલો સમજવો.

सपति+ई=सपत्+न्+ई=सपत्नी–જેનો પતિ સમાન છે.–શોક્ય.

एकपति+ई=एकपत्+न्+ई=एकपत्नी—જેને એક પતિ છે. ॥૨।૪।૫૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऊढायाम् ॥ २ । ४ । ५१ ॥

'પરણેલી સ્ત્રી' અર્થ ને સૂચવવો હોય ત્યારે पति શબ્દને ई લાગે છે. અને त् પછી न् નો આગમ થાય છે.

पति+ई=पत्+न्+ई=पत्नी–પત્ની–પરણેલી સ્ત્રી.

वृषलस्य पति+ई=पत्+न्+ई=पत्नी–ચંડાળે પરણેલી સ્ત્રી–પત્ની.

॥૨।૪।૫૧॥

## पाणिगृहीती इति ॥ २ । ४ । ५२ ॥

'પરણેલી સ્ત્રી' અર્થને સૂચવનારા पाणिगृहीती વગેરે શબ્દોને ई લાગેલ છે.

पाणिगृहीत+ई=पाणिगृहीती–અગ્નિની સાક્ષીએ જેના હાથનું ગ્રહણ કરેલ છે તે પરણેલી સ્ત્રી

करगृहीत+ई=करगृहीती–અગ્નિસાક્ષીએ જેના હાથનું ગ્રહણ કરેલ છે તે પરણેલી સ્ત્રી

पाणिगृहीता अन्या–બીજી સ્ત્રી એટલે વિધિપૂર્વક અગ્નિની સાક્ષીએ જેના હાથનું ગ્રહણ કરેલ ન હોય પણ ગમે તેમ જબરજસ્તી વગેરે દ્વારા ગ્રહણ કરેલ હોય તેવી સ્ત્રી पाणिगृहीता કહેવાય, અહીં पाणिगृहीती ન થાય

॥૨।૪।૫૨॥

## पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या–गर्भिण्योः ॥ २ । ४ । ५३ ॥

पतिवत्नी શબ્દને ભાર્યા–અવિધવા–અર્થમાં સમજવાનો છે અને તેનો છેલ્લો वत्नी અંશ पती નો वत्नी થઈને થયેલો છે. अन्तर्वत्नी શબ્દને ગર્ભિણી અર્થમાં સમજવાનો છે અને તેને છેલ્લો वत्नी અંશ पति શબ્દને ई લાગ્યા પછી त् નો त्न् થવાથી થયેલો છે.

पतिः यस्याः अस्ति सा पतिमती–पतिवत्नी–પતીવાળી સ્ત્રી–અવિધવા –સોહાગણ– સ્ત્રી.

अन्तः पतिः यस्याः सा अन्तर्+पति+ई=अन्तर्वती–अन्तर्वत्नी–ગર્ભિણી સ્ત્રી.

अन्तः पतिः यस्याः सा अन्तर्वत्नी–જેણીમાં પતિનો પ્રવેશ થયેલો છે તે ગર્ભિણી સ્ત્રી

" पतिर्वै (पिता वै) पुत्रो जायते" "પતિ જ (અથવા પિતા જ) પુત્ર થાય છે" એવું શ્રુતિવાક્ય છે. એટલે જેણીમાં પતિનો પ્રવેશ થયેલ છે–એમ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા अन्तर् यस्याः अस्ति એટલે જેની અંદર-જેની કુક્ષિની અંદર-કોઈ છે તે अन्तर्+वती=अन्तर्वत्नी-ગર્ભિણી સ્ત્રી ॥૨।૪।૫૩॥

## जातेरयान्त-नित्यस्त्री-शूद्रात् ॥ २ । ४ । ५४ ॥

જાતિવાચી અકારાંત શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई પ્રત્યય લગાડવાનો છે પણ એ શબ્દ છેડે य વાળો ન હોવો જોઈએ એટલે શબ્દને છેડે પ્રત્યક્ષ य ન હોવો જોઈએ. य આવીને લોપાઈ ગયો હોય તેવું નામ તો અહીં લઈ શકાય છે. વળી, એ શબ્દ નિત્ય સ્ત્રીજાતિવાચક ન હોવો જોઈએ તથા शूद्र શબ્દ ન હોવો જોઈએ.

कुक्कुट+ई=कुक्कुटी-કુકડી.

वृषल+ई=वृषली-શૂદ્ર સ્ત્રી.

नाडायन+ई=नाडायनी-નડની છોકરી.

कठ+ई=कठी-કઠ ગોત્રની સ્ત્રી

मुण्डा-માથે મુંડનવાળી-मुण्ड શબ્દ જાતિવાચી નથી તેથી मुण्डी પ્રયોગ ન થાય
य-क्षत्रिया-ક્ષત્રિયની સ્ત્રી-આ શબ્દને છેડે સાક્ષાત્ य હોવાથી ई ન લાગ્યો એટલે क्षत्रियी પ્રયોગ ન થાય.

वतण्ड નું वतण्डय થયા પછી य નો લોપ થઈ જવાથી આ નિયમ દ્વારા वतण्डी રૂપ થઈ શકે, કેમકે, અહીં સાક્ષાત્ य નથી પણ જે य હતો તે લોપાઈ ગયેલ છે તેથી આ શબ્દને છેડે यवाळो નહીં માનવો.

નિત્ય સ્ત્રી-खट्वा-ખાટલો-આ શબ્દ નિત્ય સ્ત્રીજાતિવાચી છે તેથી खट्वी રૂપ ન થાય

शूद्र-शूद्रा-શૂદ્ર સ્ત્રી-शूद्र શબ્દનો નિષેધ કરેલ છે તેથી शूद्री ન થાય, ॥૨।૪।૫૪॥

## पाक-कर्ण-पर्ण-वालान्तात् ॥ २ । ४ । ५५ ॥

पाक, कर्ण, पर्ण અને वाल શબ્દો સમાસમાં છેડે આવેલા હોય તો અને એ જાતિવાચી શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई લાગે છે

ओदनपाक+ई=ओदनपाकी-કાંટાશેળીયો નામની વનસ્પતિ.

आखुकर्ण+ई=आखुकर्णी-ઉંદરના કાન જેવી એક જાતની વનસ્પતિ

मुद्गपर्ण+ई=मुद्गपर्णी-મગનાં પાંદડાંની જેવાં પાંદડાંવાળી વનસ્પતિ

गोवाल+ई=गोवाली-ગાયના વાળજેવાં પાંદડાંવાળી વનસ્પતિ

बहुपाका यवागूः- બહુ પાકેલી રાબ-આ પ્રયોગમાં पाक શબ્દ જાતિવાચી નથી તેથી ई ન લાગ્યો. ॥૨।૪।૫૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## असत्–काण्ड–प्रान्त–शतैकाञ्चः पुष्पात् ॥ २ । ४ । ५६ ॥

સમાસમાં આવેલા જાતિવાચક पुष्प શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई લાગે છે. શરત એ કે, એ સમાસમાં પૂર્વપદમાં सत्, काण्ड, प्रान्त, शत, एक અને प्र વગેરે સાથે अञ्च એટલા શબ્દો ન હોવા જોઇએ.

शङ्खपुष्प+ई=शङ्खपुष्पी– એક પ્રકારની ઔષધિ.

| | |
|---|---|
| सत्पुष्प+आ=सत्पुष्पा– | એક પ્રકારની ઔષધિ |
| काण्डपुष्प+आ=काण्डपुष्पा– | ,, ,, ,, |
| प्रान्तपुष्प+आ=प्रान्तपुष्पा– | ,, ,, ,, |
| शतपुष्प+आ=शतपुष्पा– | ,, ,, ,, |
| एकपुष्प+आ=एकपुष्पा– | ,, ,, ,, |
| प्राक्पुष्प+आ=प्राक्पुष्पा– | ,, ,, ,, |

આ પ્રયોગોમાં सत् વગેરે જે નિષેધેલા શબ્દો છે તે પૂર્વપદમાં આવેલા છે તેથી ई ન થયો. ॥ २ । ४ । ५६ ॥

## असम्-भस्त्रा-ऽजिनैक-शण-पिण्डात् फलात् ॥ २ । ४ । ५७ ॥

સમાસમાં આવેલા જાતિવાચક फल શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई લાગે છે. શરત એ કે, એ સમાસમાં પૂર્વપદમાં सम्, भस्त्रा, अजिन, एक, शण, અને पिण्ड શબ્દો ન હોવા જોઈએ.

दासीफल+ई=दासीफली– એક પ્રકારની ઔષધિ.

| | |
|---|---|
| सम्+फल+आ=संफला– | ,, ,, |
| भस्त्राफल+आ=भस्त्राफला | ,, ,, |
| अजिनफल+आ=अजिनफला– | ,, ,, |
| एकफल+आ=एकफला– | ,, ,, |
| शणफल+आ=शणफला– | ,, ,, |
| पिण्डफल+आ=पिण्डफला– | ,, ,, |

આ પ્રયોગોમાં 'सम्' વગેરે જે શબ્દો સૂત્રમાં નિષેધેલા છે તે પૂર્વપદમાં આવેલા છે. તેથી ई ન લાગ્યો. ॥ २ । ४ । ५७ ॥

## अनञो मूलात् ॥ २ । ४ । ५८ ॥

સમાસમાં આવેલા જાતિવાચી मूल શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई લાગે છે પણ मूल શબ્દ પહેલાં નિષેધસૂચક अ ન હોવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दर्भमूल+ई=दर्भमूली–એક પ્રકારની ઔષધિ.
शीर्षमूल+ई=शीर्षमूली– ,,
अ+मूल+आ=अमूला– એક પ્રકારની ઔષધિ.–અહીં નિષેધસૂચક अ હોવાથી ई ન લાગ્યો. ॥ ૨ । ૪ । ૫૮ ॥

## धवाद् योगादपालकान्तात् ॥ २ । ४ । ५९ ॥

धव–ભર્તા. धव–ભર્તા–ના સંબંધને લીધે બનેલો (જેમકે–વાણિયા ઉપરથી વાણિયાણ, ધોબી ઉપરથી ધોબણ) એટલે જે શબ્દ પતિવાચક છે, તે જ શબ્દ સ્ત્રીવાચક થયેલ હોય એવો શબ્દ, એવા अ કારાંત શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય તો ई લાગે છે. માત્ર જે શબ્દને ई લાગનાર હોય તે શબ્દને છેડે पालक શબ્દ ન હોવો જોઈએ.

प्रष्ठ+ई=प्रष्ठी––પ્રષ્ઠ નામના પતિની સ્ત્રી. પ્રષ્ઠ–આગળ ચાલનાર, પ્રષ્ઠી–આગળ ચાલનાર–આગેવાન સ્ત્રી

गणक+ई=गणकी–ગણક નામના પતિની સ્ત્રી–ગણકની–ગણનારની–સ્ત્રી.
प्रसूत+आ=प्रसूता–પ્રસવવાળી સ્ત્રી–જેને બાળક પ્રસવેલ છે તે સ્ત્રી. જોકે અહીં धव નો યોગ તો છે પણ प्रसूत નામના પતિ ઉપરથી प्रसूता નામ સ્ત્રીલિંગ બન્યું નથી તેથી ई ન લાગ્યો.
देवदत्त+आ=देवदत्ता––દેવદત્તા સ્ત્રી–આ નામ જન્મથી છે, देवदत्त નામના પતિના યોગ–સંબંધ–ઉપરથી देवदत्ता બન્યું નથી.
गोपालक+आ=गोपालिका–ગોવાળણ–આ પ્રયોગમાં છેડે पालक શબ્દ છે અને સૂત્રમાં पालक શબ્દને વર્જેલો છે તેથી ई ન લાગ્યો, એટલે गोपालकी પ્રયોગ ન થાય.
सहिष्णु પતિની સ્ત્રી सहिष्णुः––સહન કરનાર પતિની સ્ત્રી. અહીં પતિના નામ ઉપરથી પડેલ નામ તો છે પણ તે અકારાંત નામ નથી, उકારાંત નામ છે. ॥ ૨।૪। ૫૯ ॥

## पूतक्रतु–वृषाकपि–अग्नि–कुसित–कुसीदादै च ॥ २ । ४ । ६० ॥

पूतक्रतु, वृषाकपि, अग्नि, कुसित અને कुसीद આ પાંચ શબ્દો પતિના વિશેષનામરૂપ છે. હવે એ શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई પ્રત્યય લાગે છે અને ई લાગતાં એ પાંચે શબ્દોના અંતના સ્વરનો ऐ બોલાય છે.

पूतक्रतु+ई=पूतक्रतै+ई=पूतक्रतायी–પૂતક્રતુની સ્ત્રી.
वृषाकपि+ई=वृषाकपै+ई=वृषाकपायी–વૃષાકપિની સ્ત્રી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अग्नि+ई=अग्नै+ई=अग्नायी—અગ્નિની સ્ત્રી.

कुसित+ई=कुसितै+ई=कुसितायी—કુસિતની સ્ત્રી.

कुसीद+ई=कुसीदै+ई=कुसीदायी—કુસીદની સ્ત્રી. ॥૨।૪।૬૦॥

## मनोरौ च वा ॥ २ । ४ । ६१ ॥

मनु નામ પતિના વિશેષનામરૂપ છે, 'मनु ની સ્ત્રી' એવા અર્થમાં જ્યારે मनु શબ્દ વાપરવો હોય ત્યારે તેને સ્ત્રીત્વસૂચક ई વિકલ્પે લાગે છે અને ई લાગવાની સાથે મનુના उ નો ऐ તથા औ થઈ જાય છે.

मनु+ई=मनै+ई=मनायी—મનુની સ્ત્રી.

मनु+ई=मनौ+ई=मनावी— ,,

मनुः—મનુની સ્ત્રી. ॥ ૨ । ૪ । ૬૧ ॥

## वरुणेन्द्र–रुद्र–भव–शर्व–मृडात् आन् चान्तः ॥ २ । ४ । ६२ ॥

પતિના નામ ઉપરથી સ્ત્રીવાચી થયેલા वरुण, इन्द्र, रुद्र, भव, शर्व અને मृड શબ્દોને સ્ત્રીલિંગસૂચક ई લાગે છે અને ई લાગવા સાથે એ શબ્દોને અંતે आन् આગમ ઉમેરાય છે.

वरुण+ई=वरुण+आन्+ई=वरुणानी—વરુણની પત્ની.

इन्द्र+ई= इन्द्र+आन्+ई=इन्द्राणी—ઇંદ્રની પત્ની.

रुद्र+ई=रुद्र+आन्=रुद्राणी—રુદ્રની પત્ની—પાર્વતી.

भव+ई=भव+आन्+ई=भवानी—ભવની પત્ની—પાર્વતી.

शर्व+ई=शर्व+आन्+ई=शर्वाणी—શર્વની પત્ની—પાર્વતી.

मृड+ई=मृड+आन्+ई=मृडानी—મૃડની પત્ની—પાર્વતી

॥ ૨ । ૪ । ૬૨ ॥

## मातुलाचार्योपाध्यायाद् वा ॥ २ । ४ । ६३ ॥

પતિના નામ ઉપરથી સ્ત્રીવાચી થયેલા मातुल, आचार्य, उपाध्याय શબ્દોને સ્ત્રીલિંગસૂચક ई વિકલ્પે લાગે છે અને ई લાગવા સાથે શબ્દને અંતે आन् આગમ ઉમેરાય છે.

मातुल+ई=मातुल+आन्+ई=मातुलानी, मातुली—મામી.

आचार्य+ई=आचार्य+आन्+ई=आचार्यानी, आचार्या—આચાર્યની સ્ત્રી.

उपाध्याय+ई=उपाध्याय+आन्+ई=उपाध्यायानी, उपाध्याया—ઉપાધ્યાયણ—ઓઝણ. ॥ ૨ । ૪ । ૬૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सूर्याद् देवतायां वा ॥ २ । ४ । ६४ ॥

જો સૂર્યની સ્ત્રી દેવરૂપ હોય તો પતિના નામ ઉપરથી સ્ત્રીવાચી થયેલા सूर्य શબ્દને સ્ત્રીલિંગસૂચક ई વિકલ્પે લાગે છે. અને ई લાગવા સાથે सूर्य શબ્દને અંતે आन् આગમ ઉમેરાય છે.

सूर्य+ई+सूर्य+आन्+ई=सूर्याणी, सूर्या–સૂર્યની દેવરૂપ સ્ત્રી.

मानुषी सूरी–મનુષ્યદેહવાળી સૂર્યની સ્ત્રી. અહીં सूरी શબ્દ સૂર્યની મનુષ્યરૂપ સ્ત્રીને સૂચવે છે પણ દેવરૂપ સ્ત્રીને સૂચવતો નથી. તેથી सूर्याणी પ્રયોગ ન થાય. ॥ २ । ४ । ६४॥

## यव–यवना–ऽरण्य–हिमाद् दोष–लिप्युरु–महत्त्वे ॥ २।४।६५॥

'દોષ' અર્થ જણાતો હોય તો यव શબ્દને, 'લિપિ' અર્થ જણાતો હોય તો यवन શબ્દને, 'વિશાળતારૂપ' અર્થ સૂચવાતો હોય તો अरण्य શબ્દને અને 'મહત્ત્વરૂપ' અર્થ સૂચવાતો હોય તો हिम શબ્દને ई લાગે છે અને ई લાગવા સાથે એ શબ્દોને અંતે आन् આગમ ઉમેરાય છે.

यव+ई=यव+आन्+ई=यवानी–दूषिताः यवाः–દૂષિત યવ–બગડી ગયેલા જવ.

यवन+ई=यवन=आन्=ई=यवनानी–यवनानाम् लिपिः–યવનોની લિપિનું નામ.

अरण्य+ई=अरण्य+आन्+ई=अरण्यानी–महद् अरण्यम्–વિશાળ અરણ્ય.

हिम+ई=हिम+आन्+ई=हिमानी—महद् हिमम्–ભારે હિમ.

॥ २ । ४ । ६५ ॥

## अर्य–क्षत्रियाद् वा ॥ २ । ४ । ६६ ॥

अर्य અને क्षत्रिय શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતી વખતે વિકલ્પે ई લાગે છે અને ई લાગવા સાથે જ એ શબ્દોને અંતે आन् આગમ ઉમેરાય છે.

अर्य+ई=अर्य+आन्+ई=अर्याणी, अर्या–કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે.

क्षत्रिय+ई=क्षत्रिय+आन्+ई=क्षत्रियाणी, क्षत्रिया–કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે. ॥ २ । ४ । ६६ ॥

---

૧. ચાંદ્ર વ્યાકરણમાં ૨ । ૩ । ૫૧ મા સૂત્રમાં आर्य પાઠ છે તથા શ્રીવિજયલાવણ્યસૂરિજ્ઞાનમંદિર–બોટાદ સૌરાષ્ટ્ર તરફથી પ્રકાશિત થયેલ શ્રીસિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનની સ્વોપજ્ઞ તત્ત્વપ્રકાશિકા નામની બૃહદ્વૃત્તિમાં ૨ । ૪ । ૬૬ મા સૂત્રમાં आर्य પાઠ છપાયેલ છે. એ જ પુસ્તકમાં શ૦ ન્યા૦ માં आर्य પાઠને જ અનુકૂળ વ્યાખ્યા આપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સૂત્ર ઉપરના સંસ્કૃત દ્વયાશ્રયમહાકાવ્યના સર્ગ ૪ શ્લોક ૭૭ માના પૂર્વાર્ધમાં શરૂઆતમાં જ आर्याणी क्षत्रियाणी આવો પાઠ છપાયેલ છે પણ આ શ્લોકની વૃત્તિમાં पराक्रमिणी आर्याणी प्रेक्षापूर्वकारिणी वणिगादिजातिः આવો અર્થ आर्याणी શબ્દનો બનાવેલ છે. આ અર્થ જોતાં તો મૂળ શ્લોકમાં અને વૃત્તિમાં જે आर्याणी છપાયેલ છે તેને બદલે अर्याणी જ પાઠ હોવો જોઇએ, अर्य શબ્દનો જ वणिक् અર્થ સુપ્રતીત છે અને કૃદંત પ્રકરણમાં "स्वामिवैश्ये अर्यः" ૫ । ૧ । ૩૩ મા સૂત્ર દ્વારા वैश्य–वणिक्–અર્થમાં अर्य શબ્દને આચાર્ય હેમચંદ્રે સાધી બતાવેલ છે એટલે દ્વયાશ્રયના શ્લોકમાં अर्य પાઠ જ તથા વૃત્તિમાં પણ अर्य પાઠ જ હોવો જોઈએ અને आर्य પાઠને છાપવાની ભૂલરૂપ સમજવો જોઇએ એટલે દ્વયાશ્રયકાવ્ય अर्य પાઠનું સમર્થન કરે છે.

બાલમનોરમા ટીકાવાળી સિદ્ધાન્તકૌમુદી, ભાષ્યનો આધાર આપીને अर्याणी, अर्या એમ બે રૂપોનું સમર્થન કરે છે અને કાશિકા તથા સિદ્ધાંતકૌમુદીનું ૪ । ૧ । ૪૯ મા સૂત્ર ઉપરનું "अर्यक्षत्रियाभ्यां वा" વાર્તિક अर्य પાઠને સ્વીકારે છે અને ઉક્ત બોટાદવાળા જ્ઞાનમંદિર તરફથી છપાયેલ સિદ્ધહેમ લઘુવૃત્તિમાં अर्य–क्षत्रियाद् वा ૨ । ૪ । ૬૬ ॥ એમ अर्य પાઠનેજ સ્વીકારેલ છે. અને આજથી આશરે ૬૦થી વધારે વર્ષો પહેલાં બનારસ યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાલામાં રહીને જ્યારે હું સિદ્ધહેમ લઘુવૃત્તિને ભણતો હતો ત્યારે પણ अर्य પાઠને જ ભણેલ છું અને અત્યારે પણ મારી જીભ ઉપર "अर्यक्षत्रियात् वा" આવો જ પાઠ રમી રહેલ છે.

તાત્પર્ય એ છે કે એક ચાંદ્ર વ્યાકરણ તથા બોટાદના જ્ઞાનમંદિર તરફથી પ્રકાશિત સિદ્ધહેમબૃહદ્વૃત્તિનો મૂળપાઠ, વૃત્તિપાઠ, તથા શ૦ ન્યા૦ નો પાઠ आर्य પાઠને ટેકો આપે છે તથા શ્રી અમૃત જૈન સાહિત્ય વર્ધક સભા દોલતનગર બોરીવલી–મુંબઈ–તરફથી પ્રકાશિત થયેલ સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પંચાધ્યાયાત્મક પ્રથમખંડમાં મૂલસૂત્રમાં તથા વૃત્તિમાં आर्य પાઠ છે ત્યારે મહાભાષ્ય, કાશિકા, વાર્તિક તથા સિદ્ધાંતકૌમુદી અને બોટાદવાળા જ્ઞાનમંદિર દ્વારા પ્રકાશિત થયેલ સિદ્ધહેમલઘુવૃત્તિની આવૃત્તિ अर्य પાઠને રજુ કરે છે તથા સંસ્કૃત દ્વયાશ્રયમહાકાવ્ય પણ अर्य પાઠનું સમર્થન કરે છે અને મારી પોતાની જીભ પણ अर्य પાઠને જ પ્રમાણ માને છે. तत्त्वं तु वैयाकरणशिरोमणयो जानन्ति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यञो डायन् च वा ॥ २ । ४ । ६७ ॥

यञ् પ્રત્યયવાળા શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई લાગે છે અને ई લાગવાની સાથે શબ્દના અંત સ્વરને બદલે आयन् વિકલ્પે બોલાય છે

गार्ग्य+ई=गार्ग्य+आयन्+ई=गार्ग्यायणी–કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે.
गार्ग्य+ई=गार्गी–आयन् ન લાગ્યો–ત્યારે કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે.

॥ २ । ४। ६७ ॥

## लोहितादिशकलान्तात् ॥ २ । ४ । ६८ ॥

लोहित શબ્દથી માંડીને शकल શબ્દ સુધીના यञ् પ્રત્યયવાળા શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई લાગે છે અને ई લાગતાં જ અંત સ્વરનો आयन् બોલાય છે.

लौहित्य+ई=लौहित्य+आयन्+ई=लौहित्यायनी–કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે
शाकल्य+ई=शाकल्य+आयन्+ई=शाकल्यायनी— ,,

॥ ६ । १ । ४२ ॥ मा गर्गादेः यञ् સૂત્રમાં જણાવેલ ગર્ગાદિ શબ્દોની અંદરથી लोहित થી માંડીને शकल સુધી જે શબ્દો અહીં લેવાના છે તે આ પ્રમાણે છે :—

| | | |
|---|---|---|
| लोहित | गुहलु | तरुक्ष |
| संशित | जिगीषु | तलुक्ष |
| वक्र | मनु | तण्डिन् |
| बभ्रु | तन्तु | वतण्ड |
| बभ्लु | मनुतन्तु | कपि |
| मण्डु | मनायी | कत |
| मङ्क्षु | सूनु | शकल |
| मङ्खु | स्नुव | બધા મળીને ૩૧ શબ્દો છે. |
| शस्थु | कच्छक | |
| शङ्कु | ऋक्ष | |
| लतु | रुक्ष | |
| लिगु | रूक्ष | |

॥ २ । ४ । ६८ ॥

## षाऽवटाद् वा ॥ २ । ४ । ६९ ॥

यञ् પ્રત્યયવાળા षकारांत નામને અને अवट શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં ई પ્રત્યય વિકલ્પે લાગે છે અને ई લાગવા સાથે જ શબ્દના અંતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરને બદલે आयन् બોલાય છે.

ષકારાંત–पौतिमाष्य+ई=पौतिमाष्य्+आयन्+ई=पौतिमाष्यायणी पौतिमाष्या– કોઈ સ્ત્રીનું વિશિષ્ટ નામ

અવટ–आवट्य+ई=आवट्य्+आयन्+ई=आवट्यायनी, आवट्या– ,,

॥ २ । ४ । ६९ ॥

## कौरव्य–माण्डूका–ऽऽसुरेः ॥ २ । ४ । ७० ॥

कौरव्य, माण्डूक અને आसुरि શબ્દોને નારીજાતિમાં વાપરતાં ई લાગે છે અને ई લાગતાં જ એના અંત સ્વરને બદલે आयन् બોલાય છે

कौरव्य+ई=कौरव्य्+आयन्+ई=कौरव्यायणी—કોઈ સ્ત્રીનું વિશેષ નામ

माण्डूक+ई=माण्डूक्+आयन्+ई=माण्डूकायनी–– ,, ,,

आसुरि+ई=आसुर्+आयन्+ई=आसुरायणी–– ,, ,,

॥ २ । ४ । ७० ॥

## इञ् इतः ॥ २ । ४ । ७१ ॥

इञ् પ્રત્યય લાગેલા હ્રસ્વ इકારાંત નામને સ્ત્રીલિંગમાં વાપરતાં ई લાગે છે.

सौतङ्गमि+ई=सौतङ्गमी—કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે.

कारीषगन्ध्य+आ=कारीषगन्ध्या—સ્ત્રીનું વિશેષ નામ છે. શબ્દનો અર્થ–છાણા જેવા ગંધવાળી સ્ત્રી.–અહીં इञ् પ્રત્યયવાળું નામ તો છે પણ તે इञ् પ્રત્યયને બદલે य થયેલો હોવાથી इકારાંત નામ નથી, अકારાંત છે તેથી ई न લાગ્યો. ॥ २ । ४ । ७१ ॥

## नुर्जातेः ॥ २ । ४ । ७२ ॥

મનુષ્ય જાતિ સંબંધી इકારાંત નામને સ્ત્રીલિંગમાં વાપરતાં ई લાગે છે,

कुन्ति+ई=कुन्ती–સ્ત્રીનું વિશેષ નામ.

दाक्षि+ई=दाक्षी– ,, ,,

दरत्—સ્ત્રીનું વિશેષ નામ–અહીં इકારાંત નામ ન હોવાથી ई ન લાગ્યો.

तित्तिरिः—તેતરી–તેતર પંખીની સ્ત્રી–આ નામ મનુષ્ય જાતિ સંબંધી નથી તેથી ई ન થયો.

निष्कौशाम्बिः–કૌશાંબીથી નીકળેલી.—આ નામ મનુષ્ય જાતિને જ લગતું નથી પણ મુખ્ય પણે 'નીકળવાની' ક્રિયાનું સૂચક નામ છે. તેથી ई ન થયો.

॥ २ । ४ । ७२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### સ્ત્રીલિંગ સૂચક ऊ વગેરે પ્રત્યયોનું વિધાન—

## उतोऽप्राणिनश्चायु–रज्ज्वादिभ्यः ॥ २ । ४ । ७३॥

મનુષ્ય જાતિવાચક અને અપ્રાણિજાતિવાચક એવા હ્રસ્વ ઉકારાંત નામને સ્ત્રીલિંગસૂચક ऊ પ્રત્યય લાગે છે. છેડે यु વાળા અને रज्जु આદિ શબ્દોને આ નિયમ ન લાગે.

મનુષ્યજાતિ–कुरु+ऊ=कुरूः–કુરુની સ્ત્રી,

ब्रह्मबन्धु+ऊ=ब्रह्मबन्धूः–બ્રહ્મબંધુની સ્ત્રી.

અપ્રાણી જાતિ—अलाबु+ऊ=अलाबूः—તુંબી અથવા તુંબીની વેલ.

कर्कन्धु+ऊ=कर्कन्धूः—બોરડી

वधूः–વહુ–આ શબ્દ હ્રસ્વ ઉકારાંત નથી તેથી ऊ ન લાગ્યો,

आखुः–ઊંદરડી–આ શબ્દ પ્રાણીવાચી નામ હોવાથી ऊ ન લાગ્યો.

पटुः–હોંશિયાર સ્ત્રી–આ ગુણવાચી નામ છે, મનુષ્યજાતિવાચક નામ નથી તેથી ऊ ન લાગ્યો.

अध्वर्युः स्त्री–અધ્વર્યુની સ્ત્રી.–આ શબ્દ છેડે यु વાળો શબ્દ છે તે વર્જેલો છે.

रज्जुः–દોરડી– रज्जु શબ્દને વર્જેલો છે.

हनुः—જડબું– આ શબ્દ रज्ज्वादि માં આવેલ છે તેથી વર્જેલો છે માટે ऊ ન લાગ્યો. ॥ २ । ४ । ७३ ॥

## बाह्वन्त–कद्रु–कमण्डलोर्नाम्नि ॥ २ । ४ । ७४ ॥

અંતમાં बाहु શબ્દ આવેલો હોય એવા શબ્દોને, कद्रु અને कमण्डलु શબ્દોને જો વિશેષ નામ હોય તો સ્ત્રીલિંગમાં વાપરતાં ऊ લાગે છે.

मद्रबाहु+ऊ=मद्रबाहूः—સ્ત્રીનું વિશેષ નામ છે.

कद्रु+ऊ=कद्रूः—સ્ત્રીનું વિશેષ નામ છે–નાગની માતા.

कमण्डलु+ऊ=कमण्डलूः–વિશેષ પ્રકારના પાત્રનું નામ છે.

वृत्तबाहुः–ગોળ હાથવાળી સ્ત્રી–આ વિશેષ નામ નથી તેથી ऊ ન લાગ્યો. ॥ २ । ४ । ७४ ॥

## उपमान–सहित–संहित–सह–शफ–वाम–लक्ष्मणाद्यूरोः ॥ २ । ४ । ७५ ॥

આદિમાં–પૂર્વપદમાં–ઉપમાનવાચી શબ્દ હોય એવા સમાસવાળા તથા આદિમાં–પૂર્વપદમાં–सहित, संहित, सह, शफ, वाम, लक्ष्मण શબ્દો હોય એવા સમાસવાળા ऊरु શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં ऊ પ્રત્યય લાગે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपमान–करभ+ऊरु+ऊ=करभोरूः–ઊંટના ઊરુની જેવા ઊરુવાળી સ્ત્રી– પાતળા ઊરુવાળી સ્ત્રી.

પૂર્વપદમાં સહિત વગેરે શબ્દો હોય એવાં નામ—

सहित+ऊरु+ऊ=सहितोरूः—બન્ને ઊરુ સાથે હોય એવી સ્ત્રી,

संहित+ऊरु+ऊ=संहितोरूः–બન્ને ઊરુ સાથે જોડાયેલ હોય એવી સ્ત્રી.

सह+ऊरु+ऊ=सहोरूः–બન્ને ઊરુ સાથે હોય એવી સ્ત્રી

शफ+ऊरु+ऊ=शफोरूः–ઘોડાની ખરી જેવા ઊરુવાળી સ્ત્રી.

वाम+ऊरु+ऊ=वामोरूः–સુંદર ઊરુવાળી સ્ત્રી.

लक्ष्मण+ऊरु+ऊ=लक्ष्मणोरूः–વિશિષ્ટ ચિહ્નવાળા ઊરુવાળી સ્ત્રી.

पीन+ऊरुः–पीनोरुः–પુષ્ટ ઊરુવાળી સ્ત્રી.–અહીં पीन શબ્દ ઉપમાનવાચી નથી પણ ગુણવાચી શબ્દ છે તેથી ऊ ન લાગ્યો. ॥ २ । ४ । ७५॥

## नारी–सखी पङ्गू–श्वश्रू ॥ २ । ४ । ७६ ॥

નારી અને सखी શબ્દોમાં નારીજાતિસૂચક ई લાગેલ છે અને पङ्गू તથા श्वश्रू શબ્દોમાં નારીજાતિસૂચક ऊ લાગેલો છે.

नर+ई=नारी–નારી.

नृ+ई=नारी– ,,

सखि+ई=सखी–સખી

सख+ई=सखी–,,

पङ्गु+ऊ=पङ्गूः–પાંગળી સ્ત્રી

श्वशुर+ऊ=श्वश्रूः–સાસુ. ॥ २ । ४ । ७६॥

## यूनस्तिः ॥ २ । ४ । ७७ ॥

મુખ્ય એવા युवन् શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં ति પ્રત્યય લગાડવાનો છે.

युवन्+ति=युवतिः–જુવાન સ્ત્રી.

निर्युवन्+ई=निर्यूनी–જેમાંથી યુવાનો નીકળી ગયા છે એવી નગરી. અહીં २।४।१ થી ई લાગેલ છે. અહીં युवन् અર્થવાચક युवन् શબ્દ મુખ્ય નથી પણ 'નગરી' અર્થ નો નગરી શબ્દ મુખ્ય છે, તેથી ति ન લાગ્યો. ॥ २ । ४ ।७७॥

## अनार्षे वृद्धोऽणिञो बहुस्वर–गुरूपान्त्यस्याऽन्तस्य ष्यः ॥ २ । ४ । ७८ ॥

आर्ष અર્થ સિવાયના वृद्ध અર્થમાં વિધાન કરેલા अण् અને इञ् પ્રત્યયો થયા પછી જે શબ્દો બહુસ્વરવાળા છે અને ઉપાંત્યમાં ગુરુ અક્ષરવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરતાં તેમના અંત ભાગનો સ્ત્રીલિંગસૂચક य (ષ્ય) બોલાય છે તે પછી आत् ॥ ૨।૪।૧૮ ॥ સૂત્રથી આ પ્રત્યય લાગે છે.

अण्-करीषगन्ध+अण्=कारीषगन्ध+य+आ=कारीषगन्ध्या-સ્ત્રીનું નામ છે.

इञ्-बलाका+इञ=बालाकि+य+आ=बालाक्या- ,, ,,

वासिष्ठ+ई=वासिष्ठी-વસિષ્ઠ ઋષિની સ્ત્રી-અહીં આર્ષ અર્થવાળો પ્રત્યય આવેલો છે.

आहिच्छत्र+ई=आहिच्छत्री-અહિચ્છત્રામાં થયેલી સ્ત્રી-અહીં વૃદ્ધ અર્થવાળો પ્રત્યય નથી.

आर्तभाग+ई=आर्तभागी-આર્તભાગની સ્ત્રી-અહીં अञ् પ્રત્યય છે.

दाक्ष+ई=दाक्षी-દાક્ષી સ્ત્રી-આ બહુસ્વરવાળો શબ્દ નથી.

औपगव+ई=औपगवी-ઉપગુના પુત્રની સ્ત્રી-આ શબ્દ ઉપાન્ત્યમાં ગુરુ અક્ષરવાળો નથી.

द्वार=दौवारि+आ=दौवार्या-દ્વાર નામના માણસની છોકરી.

औडुलोमि+आ=औडुलोम्या-ઉડુલોમનની છોકરી.

આ બન્ને પ્રયોગોમાં આ નિયમવડે જ ષ્ય પ્રત્યય લાગેલ છે.

છેલ્લાં બે ઉદાહરણોમાં મૂળ શબ્દ द्वार બહુસ્વરવાળો નથી અને औडुलोमि શબ્દ ઊપાંત્યમાં ગુરુ અક્ષરવાળો નથી પણ સૂત્રકારે એમ કહેલ છે કે अण् અને इञ् પ્રત્યયો લાગ્યા પછી જે શબ્દો બહુસ્વરવાળા થયેલા હોય અને ઉપાંત્યમાં ગુરુ અક્ષરવાળા થયેલા હોય એવા શબ્દો પણ અહીં લેવાના છે તેથી આ બન્ને પ્રયોગોના મૂળ શબ્દો अण् અને इञ् પ્રત્યય લાગ્યા પછી બહુસ્વરવાળા થયેલા છે અને ઉપાંત્યમાં ગુરુ અક્ષરવાળા થયેલા છે તેથી આ બન્ને પ્રયોગોમાં આ નિયમથી જ ષ્ય પ્રત્યય લાગેલ છે.

॥ ૨।૪।૭૮॥

## कुलाख्यायाम् ॥ २ । ४ । ७९ ॥

આર્ષ અર્થ સિવાયના વૃદ્ધ અર્થમાં વિધાન કરેલા अण् અને इञ् પ્રત્યયો લાગેલ હોય એવા શબ્દોને નારી જાતિમાં વાપરતાં તેમના અંત ભાગનો ષ્ય બોલાય છે જો એ મૂળ શબ્દો કુળવાચક હોય તો.

अण्-पुणिक+अण्-पौणिक+य=-पौणिक्य+आ=पौणिक्या-પુણિકની સંતાન-'પુણિક' શબ્દ કુળવાચી નામ છે.

इञ्-गुप्त+इञ्=-गौप्ति+य=गौप्त्य+आ=गौप्त्या-ગુપ્તની સંતાન-ગુપ્ત શબ્દ કુળસૂચક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गौतम+ई=गौतमी-ગૌતમ ઋષિની સ્ત્રી-આ શબ્દને આર્ષ અર્થવાળો પ્રત્યય લાગેલ છે તેથી गौतम्या ન થાય. ॥ ૨ । ૪ । ૭૯॥

## क्रौडयादीनाम् ॥ २ । ४ । ८० ॥

अण् અને इञ् પ્રત્યયવાળા क्रौडि વગેરે શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરતાં તેમના અંત સ્વરને બદલે य (ष्य) બોલાય છે

इञ्—

कौडि+आ=क्रौड्य+आ=क्रौड्या-ક્રોડની સ્ત્રી સંતાન. } આ બન્ને ઉદાહરણો
लाडि+आ=लाड्य+आ=लाड्या-લાડની સ્ત્રીસંતાન } इञ् પ્રત્યયવાળા છે

क्रौडि વગેરે શબ્દો આ પ્રમાણે છે—

कौडि लाडि व्याडि आपक्षिति आपिशलि सौधातकि भौरिकि भौलिकि शाल्मलि शालास्थलि कापिष्ठलि रौढि दैवदत्ति याज्ञदत्ति વગેરે આ બધા શબ્દો इञ् પ્રત્યયવાળા છે.

चौपयत चैकयत चैटयत बैल्वयत शैकयत વગેરે બધા શબ્દો अण् પ્રત્યય વાળા છે ॥ २ ।४। ८०॥

## भोज-सूतयोः क्षत्रिया-युवत्योः ॥ २ । ४ । ८१ ॥

'ક્ષત્રિય સ્ત્રી' અર્થના भोज શબ્દને નારીજાતિમાં વાપરતાં તેના અંતનો य બોલવો તથા 'યુવતિ' અર્થના સૂચક सूत શબ્દને નારીજાતિમાં વાપરતાં તેના અંતનો य બોલવો

भोज+य+आ=भोज्या-ભોજવંશની ક્ષત્રિય સ્ત્રી.

सूत+य+आ=सूत्या-જુવાન સ્ત્રી

નીચેના પ્રયોગોમાં સૂત્રમાં જણાવેલ અર્થ નથી તેથી य ન થયો—

भोज+आ=भोजा-ક્ષત્રિય ન હોય તેવી સ્ત્રી

सूत+आ=सूता-યુવતિ ન હોય એવી સ્ત્રી ॥ २ । ४ । ८१॥

## दैवयज्ञि-शौचिवृक्षि-सात्यमुग्रि-काण्ठेविद्धेर्वा ॥ २ । ४ । ८२ ॥

इञ् પ્રત્યયવાળા दैवयज्ञि, शौचिवृक्षि, सात्यमुग्रि, काण्ठेविद्धि શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં તેમના અંતનો य(ष्य) વિકલ્પે બોલવાનો.

दैवयज्ञि+ष्य+आ=दैवयज्ञ्या, दैवयज्ञी-દૈવયજ્ઞની સંતાનરૂપ સ્ત્રી

शौचिवृक्षि+ष्य+आ=शौचिवृक्ष्या, शौचिवृक्षी-શુચિવૃક્ષની સંતાન રૂપ સ્ત્રી.

सात्यमुग्रि+ष्य+आ=सात्यमुग्र्या, सात्यमुग्री-સત્યમુગ્રની સંતાનરૂપ સ્ત્રી

काण्ठेविद्धि+ष्य+आ=काण्ठेविद्ध्या, काण्ठेविद्धी-કાંઠેવિદ્ધની સંતાન રૂપસ્ત્રી. ॥ २। ४। ८२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ष्या पुत्र-पत्योः केवलयोरीच् तत्पुरुषे ॥ २ । ४ । ८३ ॥

જેને છેડે आप् છે એવા ष्य(ष्या) પછી માત્ર पुत्र અને पति (पुत्र કે पति શબ્દ કોઇ બીજા શબ્દ સાથે સમાસવાળો ન હોય પણ पुत्र કે पति શબ્દ એકલો જ હોય) શબ્દ આવ્યા હોય અને તત્પુરુષ સમાસ હોય તો તે ष्या ને બદલે ई (ईच्) બોલાય છે.

कारीषगन्ध्या+पुत्रः=कारीषगन्धीपुत्रः—કારીષગંધીનો પુત્ર

कारीषगन्ध्या+पतिः=कारीषगन्धीपतिः—કારીષગંધીનો પતિ

इभ्यापुत्रः—ધનાઢ્ય માતાનો પુત્ર—અહીં इभ्या શબ્દનાभ्यामां ष्या નથી તેથી ई ન બોલાય.

कारीषगन्ध्यापुत्रकुलम्—કારીષગંધીના પુત્રનું કુળ.—આ પ્રયોગમાં કેવળ पुत्र શબ્દ નથી પણ पुत्रकुल શબ્દ છે તેથી ईच् ન બોલાય. ॥ ૨। ૪ ।૮૩॥

## बन्धौ बहुव्रीहौ ॥ २ । ४ । ८४ ॥

જેને છેડે आ (आप्) છે એવા મુખ્ય ष्य વાળા નામ પછી એકલો बन्धु શબ્દ હોય એટલે बन्धु શબ્દ કોઇ બીજા શબ્દ સાથે સમાસવાળો ન હોય અને બહુવ્રીહિ સમાસ હોય તો ष्या ને બદલે ई બોલાય છે.

कारीषगन्ध्या+बन्धुः=कारीषगन्धीबन्धुः—કારીષગન્ધીનો પુત્ર જેનો બંધુ—ભાઈ—છે.

कारीषगन्ध्याबन्धुकुलम्—કારીષગંધીનો પુત્ર જેનો ભાઈ છે તે ભાઈનું કુળ—અહીં માત્ર बन्धु શબ્દ નથી પણ बन्धुकुल શબ્દ છે તેથી ई ન બોલાય.

अतिकारीषगन्ध्याबन्धुः—કારીષગન્ધ્યાના ભાઈને ટપી જાય એવો. આ પ્રયોગમાં ष्या પ્રત્યયવાળા નામનો અર્થ મુખ્ય નથી, પણ 'ટપી જનાર' મુખ્ય અર્થરૂપ છે. ॥૨।૪।૮૪॥

## मात-मातृ-मातृके वा ॥ २ । ४ । ८५ ॥

જેને છેડે आ (आप्) છે એવા ष्या પછી मात, मातृ અને मातृक શબ્દો આવેલા હોય અને બહુવ્રીહિસમાસ હોય તો તે ष्या ને બદલે ई(ईच्) વિકલ્પે બોલાય છે. સૂત્રકારે આ સૂત્રમાં નિર્દેશેલ मात શબ્દનો અર્થ માતા—મા—જનની—છે.

कारीषगन्ध्या+मातः—कारीषगन्धीमातः, कारीषगन्ध्यामातः—જેની માતા કારીષગન્ધ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कारीषगन्ध्या+माता–कारीषगन्धीमाता, कारीषगन्ध्यामाता–જેની માતા કારીષગન્ધ્યા છે.

कारीषगन्ध्या+मातृकः–कारीषगन्धीमातृकः, कारीषगन्ध्यामातृकः– ,,

લોપનું વિધાન— ॥२।४।८५॥

## अस्य ङ्यां लुक् ॥ २ । ४ । ८६ ॥

સ્ત્રીલિંગસૂચક ई (ङी) પ્રત્યય લાગ્યા પછી અકારાંત નામના છેડાના अ નો લોપ થાય છે.

मद्रचर+ई=मद्रचर्+ई=मद्रचरी—મદ્રચરની સ્ત્રી. ॥ २ । ४ । ८६ ॥

## मत्स्यस्य यः ॥ २ । ४ । ८७ ॥

ई(ङी) પ્રત્યય લાગ્યા પછી मत्स्य શબ્દના य નો લોપ થાય છે.

मत्स्य+ई=मत्स्+ई=मत्सी–માછલી. ॥ २ । ४ । ८७ ॥

## व्यञ्जनात् तद्धितस्य ॥ २ । ४ । ८८ ॥

ई (ङ) પ્રત્યય લાગ્યા પછી વ્યંજન પછી આવેલા તદ્ધિતના य પ્રત્યયનો લોપ થઈ જાય છે.

मनुष्य+=ई=मनुष्+ई=मनुषी–મનુષ્ય સ્ત્રી.

कारिकेय+ई+कारिकेयी—કારિકાના સંતાનરૂપ સ્ત્રી.

कारिका શબ્દમાં તદ્ધિતનો एय પ્રત્યય તો છે પણ તે एयनो य વ્યંજન પછી નથી તેથી य નો લોપ થયો નહીં.

वैश्य+ई=वैश्यी–વૈશ્ય સ્ત્રી. वैश्य શબ્દમાં ઉણાદિરૂપ કૃદંતનો य પ્રત્યય છે–(ઉણાદિ સૂત્ર ૩૬૪) તદ્ધિતનો નથી તેથી લોપ થયો નહીં.

वैश्य શબ્દની વ્યુત્પત્તિ લઘુન્યાસકારે આ પ્રમાણે બતાવેલી છે—

विशति अध्ययनार्थं यज्ञशालायाम् इति "शिक्यास्या०" (ઉણાદિ૦ ૩૬૪) इति साधुः । સાથે એમ પણ જણાવેલ છે કે જેઓ वैश्य શબ્દનો य તદ્ધિતનો માને છે તેમના વિચાર પ્રમાણે य નો લોપ થઈ શકે છે. ॥ २ । ४ । ८८ ॥

## सूर्यागस्त्ययोरीये च ॥ २ । ४ । ८९ ॥

ई (ङी) અને ईय પ્રત્યય લાગ્યા પછી सूर्य અને आगस्त्य શબ્દના य નો લોપ થાય છે

ई પ્રત્યય—

सूर्य+ई=सूर्+ई=सूरी–સૂર્યની મનુષ્ય સ્ત્રી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आगस्त्य+ई=आगस्त्+ई=आगस्ती—આગસ્ત્યની સાથે સંબંધવાળી સ્ત્રી.
ईय પ્રત્યય—

सूर्य—सौर्य+ईय=सौर्+ईय=सौरीयः—સૂર્યનો પ્રકાશ વગેરે.

आगस्त्य+ईय=आगस्त्+ईय=आगस्तीयः—અગસ્ત્ય સંબંધી ॥૨।૪।૮૯॥

## तिष्य–पुष्ययोर्भाणि ॥ २ । ४ । ९० ॥

तिष्य અને पुष्य શબ્દોને ભ—નક્ષત્ર—અર્થનો સૂચક अण् પ્રત્યય લાગ્યો હોય તો તેના य નો લોપ થાય છે.

तिष्य+अण्=तैष्+ई+सि=तैषी—તિષ્ય નક્ષત્રવાળી રાત્રિ. सि પ્રથમાના એક વચનનો પ્રત્યય છે.

पुष्य+अण्+सि=पौषम् अहः—પુષ્ય નક્ષત્રવાળો દિવસ.

तैष्यश्चरुः—તિષ્ય નામનો દેવ જેનો અધિષ્ઠાતા છે એવો ચરુ—અહીં तिष्य શબ્દ નક્ષત્રવાચક નથી તેથી य નો લોપ ન થયો. ॥૨।૪।૯૦॥

## आपत्यस्य क्य–च्व्योः ॥ २ । ४ । ९१ ॥

નામના વ્યંજન પછી અપત્ય અર્થનો સૂચક य આવેલો હોય એવા य વાળા નામ પછી य(क्य) પ્રત્યય અને इ (च्वि) પ્રત્યય લાગ્યો હોય તો य નો લોપ થાય છે.

क्य —

क्यन्—गार्ग्यमिच्छति=गार्ग्य+यति=गार्ग+यति=गार्गीयति—ગાર્ગ્યને ઇચ્છનારો

क्यङ्—गार्ग्यं इव आचरति=गार्ग्य+यते=गार्ग+यते=गार्गायते—ગાર્ગ્યની માફક વર્તનારો.

च्वि—

न गार्ग्यः अगार्ग्यः, अगार्ग्यः गार्ग्यो भूतः—गार्गीभूतः—જે પહેલાં ગાર્ગ્ય ન હતો પછી તે ગાર્ગ્ય થયો,

सांकाश्यीयति—સંકાશદ્વારા જે નિપજેલ છે તે સાંકાશ્ય, તેને ઇચ્છે છે. અહીં જે य છે તે 'અપત્ય' અર્થનો સૂચક નથી પણ 'નિપજેલ' અર્થનો સૂચક છે.
कारिकेयीयति—કારિકાના પુત્રને ઇચ્છે છે.—આ પ્રયોગમાં અપત્ય અર્થનો य તો છે પણ તે વ્યંજન પછી આવેલ નથી, સ્વર પછી આવેલ છે તેથી य નો લોપ ન થયો. ॥૨।૪।૯૧॥

## तद्धित–यस्वरेऽनाति ॥ २ । ४ । ९२ ॥

નામના વ્યંજન પછી 'અપત્ય' અર્થનો સૂચક य આવેલો હોય અને એવા य વાળા નામ પછી તદ્ધિતના યકારાદિ અને સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય તો તે य નો લોપ થાય છે. સ્વરાદિ પ્રત્યયોમાં આદિમાં આકારવાળા પ્રત્યયો ન લેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યકારાદિ પ્રત્યય—गार्ग्ये साधुः–गार्ग्य+य=गार्ग्यः–ગાર્ગ્ય તરફ સારુ વર્તન કરનારો.

ગાર્ગ્ય શબ્દમાં જે य દેખાય છે તે 'સાધુ' અર્થમાં આવેલા य પ્રત્યયનો य છે પણ મૂળ શબ્દનો य નથી.

સ્વરાદિ પ્રત્યય—गार्ग्याणां समूहः–गार्ग्य्+अकम्=गार्गकम्–ગાર્ગ્યનો સમૂહ.
काम्पील्यकः–કંપિલનગરમાં થયેલો—આ પ્રયોગમાં અપત્ય અર્થનો સૂચક य પ્રત્યય નથી તેથી य નો લોપ થયો નહીં.
गार्ग्यायणः (गार्ग्य+आयनण्)—ગર્ગનો છોકરો.—આ પ્રયોગમાં આદિમાં આકારવાળો आयनण् પ્રત્યય હોવાથી य નો લોપ ન થયો. ॥ ૨ । ૪ । ૯૨ ॥

## बिल्वकीयादेरीयस्य ॥ २ । ४ । ९३ ॥

नडादि ગણ ૧૬ । ૨ । ૯૨ માં बिल्वादि શબ્દો છે. कीय પ્રત્યયવાળા बिल्वादि શબ્દોને એટલે बिल्वकीय વગેરે ૬૪ શબ્દોને તદ્ધિતના યકારાદિ અને સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય તો ईय અંશનો લોપ થાય છે.

बिल्वकीय+अण=बैल्वक्+अण्+जस्=बैल्वकाः–(जस् પ્રથમાના બહુવચનનો પ્રત્યય છે) જેમાં બિલાં છે તે બિલ્વકીયા નામની નદી, એ નદીમાં થયેલા તે બૈલ્વકો.

वेणुकीय+अण्=वैणुक्+अण्+जस्=वैणुकाः–જેમાં વાંસડા છે તે વેણુકીયા નામની નદી, એ નદીમાં થયેલાં તે વૈણુકો.

એ જ પ્રમાણે—

वेत्रकीय નું वैत्रकाः–દ્વારપાલ સંબંધી,

वेतसकीय નું वैतसकाः—નેતર સંબંધી,

त्रिकीय નું त्रैकाः–કુવાની ગરગડી સંબંધી,

तक्षकीय નું ताक्षकाः—તક્ષક સંબંધી,

इक्षुकीय નું ऐक्षकाः–શેરડી સંબંધી,

काष्ठकीय નું काष्ठकाः—લાકડા સંબંધી,

कपोतकीय નું कापोतकाः–કપોત–પારેવા–સંબંધી,

कुञ्चकीय નું कौञ्चकाः–ક્રૌંચ પક્ષી સંબંધી,

આ રીતે આ બધા પ્રયોગો સમજી લેવાના.

शाडकीयः–આ શબ્દ बिल्वादि ગણમાં નથી તેથી ईय નો લોપ થયો નહીં. ॥ ૨ । ૪ । ૯૩ ॥

લોપના નિષેધનાં વિધાન—

## न राजन्य-मनुष्ययोरके ॥ २ । ४ । ९४ ॥

राजन्य અને मनुष्य શબ્દો પછી अक પ્રત્યય આવ્યો હોય તો તે राजन्य અને मनुष्य શબ્દોના य નો લોપ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राजन्यानां समूहः राजन्यकम्–રાજાના કુમારોનો સમૂહ.

मनुष्याणां समूहः–मानुष्यकम्–મનુષ્યોનો સમૂહ. ॥ ૨ । ૪ । ૯૪ ॥

## ङ्यादेर्गौणस्याक्विपस्तद्धितलुक्यगोणी–सूच्योः ॥ २ । ४ । ९५ ।

આ પ્રકરણમાં જે પ્રત્યયોનું વિધાન કરેલું છે એવા નારીજાતિના સૂચક ई(ङी) પ્રત્યય, आनी પ્રત્યય, ति પ્રત્યય અને उकारांत નામને લાગતો ऊङ् પ્રત્યય વગેરે –એ બધા પ્રત્યયો જે નામને લાગેલા હોય તે નામ ગૌણ હોય તથા આવા નામને કૃદંતનો क्विप् પ્રત્યય ન લાગેલો હોય તો તથા એ નામને લાગેલા તદ્ધિતના પ્રત્યયોનો લોપ થયેલો હોય તો તે તે નામને લાગેલા ઉપર જણાવેલા ङी વગેરે પ્રત્યયોનો લોપ થઈ જાય છે. માત્ર गोणी અને सूची શબ્દમાં આ નિયમ લાગતો નથી.

ङी–सप्तकुमारी+अ=सप्तकुमारः–સાત કુમારીઓ જેનો દેવ છે તે.

आनी–पञ्चेन्द्राणी+अ=पञ्चेन्द्रः–પાંચ ઇન્દ્રાણીઓ જેનો દેવ છે તે.

ति–पञ्चयुवति+अ=पञ्चयुवा–પાંચ યુવતિઓથી ખરીદ કરાયેલો.

ऊ–द्विपङ्गू+अ=द्विपङ्गुः–બે પાંગળી સ્ત્રીઓથી ખરીદ કરાયેલો.

મુખ્ય ई–अवन्तेः अपत्यं स्त्री=अवन्ती–અવંતિની છોકરી. અહીં ई (ङी) ગૌણ નથી પણ મુખ્ય છે તેથી ई નો લોપ ન થયો.

क्विप्–पञ्चकुमारीम् इच्छति इति पञ्चकुमारीयति+क्विप्=पञ्चकुमारी–પાંચ કુમારીને ઇચ્છે છે તે–અહીં क्विप् પ્રત્યય છે, તેથી ई નો લોપ ન થયો.

गोणी–पञ्चगोणिः–પાંચ ગુણો વડે ખરીદ કરાયેલો.

सूची–पञ्चसूचिः–પાંચ સોયો વડે ખરીદ કરાયેલો.

આ બે પ્રયોગોમાં સૂત્રમાં વર્જેલા गोणी અને सूची શબ્દો છે, તેથી ई નો લોપ થયો નહીં. ॥ ૨ । ૪ । ૯૫ ॥

હ્રસ્વનું વિધાન—

## गोश्चान्ते ह्रस्वोऽनंशिसमासेयोबहुव्रीहौ ॥ २ । ४ । ९६ ॥

ઉપર જણાવેલા ई (ङी) વગેરે પ્રત્યયો જેને છેડે છે એવા क्विप् પ્રત્યય વિનાના ગૌણ નામનો અંત્ય સ્વર હ્રસ્વ થાય છે અને બહુવ્રીહિ સમાસમાં આવેલા ગૌણનામરૂપ गो શબ્દનો અંત્ય સ્વર પણ હ્રસ્વ થાય છે. જે નામનો અંત્ય સ્વર હ્રસ્વ કરવો છે તે નામ અંશિસમાસને છેડે આવેલું ન હોય અને છેડે ईयस् પ્રત્યયવાળું નામ પણ બહુવ્રીહિ સમાસને છેડે આવેલું ન હોવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङी—कौशाम्ब्याः निर्गतः=निष्कौशाम्बी=निष्कौशाम्बिः—કોશાંબીથી નીકળેલો.

आप्—खट्वाम् अतिक्रान्तः=अतिखट्वा=अतिखट्वः—પોતાના જડ સ્વભાવ વડે ખાટને ટપી ગયેલો એટલે ખાટ કરતાં વધારે જડ.

ऊङ्—ब्रह्मबन्धूम् अतिक्रान्तः=अतिब्रह्मबन्धू=अतिब्रह्मबन्धुः—સ્વભાવ વડે બ્રહ્મબંધુને ટપી ગયેલો.

गो શબ્દ—चित्रा गावो यस्य सः=चित्रगुः—જેની પાસે કાબરચીતરી ગાયો છે.

सुगौः—સારી ગાય—અહીં गो શબ્દ મુખ્ય છે તેથી હ્રસ્વ ન થાય.

राजकुमारी—રાજાની છોકરી—અહીં कुमारी શબ્દ મુખ્ય છે તેથી હ્રસ્વ ન થાય.

गाम् इच्छति इति गव्यति-गव्यति इति क्विप्=प्रिया गौर्यस्य इति प्रियगौः—ગાયને ઇચ્છનારો જેને પ્રિય છે તે. અહીં गो શબ્દને क्विप् પ્રત્યય લાગેલ છે તેથી હ્રસ્વ ન થાય.

कुमारीम् इच्छति इति कुमारीयति—कुमारीयति इति क्विप् कुमारी=प्रियः च असौ कुमारी च=प्रियकुमारी चैत्रः—પ્રિય એવો કુમારીને ઇચ્છનારો ચૈત્ર—અહીં क्विप् પ્રત્યય છે તેથી હ્રસ્વ ન થાય.

अतितन्त्रीः—તંત્રીને ટપી જનારી—અહીં तन्त्री શબ્દને ઉણાદિ૰ સૂ૰ ૭૭૧ થી દીર્ઘ ई લાગેલ છે, પણ તેને છેડે ङी લાગેલ નથી. તેથી હ્રસ્વ ન થાય. तन्त्री—નસ અથવા દોરી.

गोकुलम्—ગાયોનું કુળ—गो શબ્દ અહીં આદિમાં છે અંતે નથી તેથી—

कुमारीप्रियः—કુમારીને જે પ્રિય છે—અહીં कुमारी શબ્દ આદિમાં છે અંતે નથી તેથી—

कन्यापुरम्—કન્યાનું પુર—અહીં कन्या શબ્દ આદિમાં છે, અંતે નથી તેથી—આ બધા પ્રયોગોમાં આ નિયમ ન લાગે એટલે હ્રસ્વ ન થાય.

पिप्पल्याः अर्धमिति अर्धपिप्पली—પીંપરનો બરાબર અર્ધભાગ—અહીં અંશિ-સમાસ હોવાથી આ નિયમ ન લાગે.

बहुश्रेयसी—જેને બહુ શ્રેયસી છે એવો પુરુષ—અહીં બહુવ્રીહિસમાસને છેડે श्रेयसी શબ્દ ईयस् પ્રત્યયવાળો છે તેથી અંતનો હ્રસ્વ થયો નહીં

॥ ૨ । ૪ । ૯૬ ॥

## क्लीबे ॥ २ । ४ । ९७ ॥

નપુંસકલિંગવાળા કોઇ પણ સ્વરાંત નામનો અંત્ય સ્વર હ્રસ્વ બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कीलाल+पा=कीलालपा=कीलालपम्–રાક્ષસ

नावम् अतिक्रान्तम्=अतिनौ=अतिनु कुलम्–સ્વભાવ વડે નાવને ટપી જનારું કુલ. ટપીજવું એટલે જેને ટપી જવાતું હોય તેનાથી ગુણમાં કે દોષમાં ચડિયાતું. ॥ ૨ । ૪ । ૯૭ ॥

## वेदूतोऽनव्यय–य्वृद्–ईच्–ङीयुवः पदे ॥ २ । ४ । ९८ ॥

દીર્ઘ ईકારાંત અને દીર્ઘ ऊકારાંત પછી ઉત્તરપદ આવેલું હોય તો તેનો અંત્ય ई અને ऊ વિકલ્પે હ્રસ્વ બોલાય છે. આ ई અને ऊ અવ્યયના ન હોવા જોઇએ, य्वृत् ના ન હોવા જોઇએ એટલે य નો ई અને व નો ऊ થયેલો ન હોવો જોઇએ. ૨ । ૪ । ૮૩ ના નિયમથી થતા ईच् ના ન હોવા જોઇએ. ङी પ્રત્યયનો પણ ई ન હોવો જોઇએ તથા જેના સ્થાનમાં इय् થાય અને જેના સ્થાનમાં उव् થાય એવા પણ ई અને ऊ ન હોવા જોઈએ.

ई નો इ–लक्ष्मी+पुत्रः=लक्ष्मिपुत्रः, लक्ष्मीपुत्रः—લક્ષ્મીનો પુત્ર.

ऊ નો उ–खलपू+पुत्रः=खलपुपुत्रः, खलपूपुत्रः–ખળું સાફ કરનારનો પુત્ર.

काण्डीभूतम्—ભાગરૂપ થયેલ–આ પ્રયોગમાં અવ્યયનો ई છે તેથી હ્રસ્વ ન થયો.

इन्द्रहूपुत्रः–ઇંદ્રને આહ્વાન કરનારનો પુત્ર—અહીં ह्वा ના वा નો ऊ થયેલો છે એટલે य्वृत् નો ऊ છે તેથી હ્રસ્વ ન થયો.

गार्गीपुत्रः—ગાર્ગીનો પુત્ર–આ પ્રયોગના गार्गी શબ્દને ई–ङी–પ્રત્યય લાગેલ છે, તેથી गार्गि ન થાય.

कारीषगन्धीपुत्रः–કારીષગંધીનો પુત્ર–આ પ્રયોગમાં ईच् નો ई છે તેથી હ્રસ્વ ન થયો.

श्रीकुलम्–શ્રીનું કુળ.–અહીં ई નો इय् થાય એવો ई છે તેથી—

भ्रूकुलम्–ભવાંનું કુળ–અહીં ऊ નો उव् થાય એવો ऊ છે તેથી—હ્રસ્વ ન થાય. ॥૨।૪।૯૮॥

## ङ्यापो बहुलं नाम्नि ॥ २ । ४ । ९९ ॥

જેને છેડે ई (ङी) પ્રત્યય છે અને જેને છેડે आ (आप्) પ્રત્યય છે એવાં નામ પછી ઉત્તરપદ આવેલું હોય અને કોઇનું નામ સૂચવાતું હોય તો અંતનો ई અને आ બહુલં હ્રસ્વ બોલાય છે.

જે વિધાન बहुलम् રૂપે થતું હોય તે વિધાન ક્યાંય થાય, ક્યાંય ન થાય, ક્યાંય વિકલ્પે થાય અને ક્યાંય બીજું પણ થાય એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલ વિધાન કરતાં જૂદું જ થાય. બહુલરૂપે થતા વિધાનમાં પૂર્વ પ્રયોગોને અનુસરવાનું હોય છે પણ વક્તાની ઇચ્છા કામ લાગતી નથી.

भरणी+गुप्तः=भरणिगुप्तः–વિશેષનામ છે.–અહીં નિત્ય હ્રસ્વ થયો છે.

रेवती+मित्रः=रेवतिमित्रः, रेवतीमित्रः–કોઈ વિશેષ નામ છે.–અહીં વિકલ્પે હ્રસ્વ થયો છે.

शिला+वहम्=शिलवहम्–વિશેષ નામ છે–અહીં આ નો નિત્ય હ્રસ્વ થયો છે.

गङ्गा+महः गङ्गामहः, गङ्गमहः–વિશેષનામ છે.– અહીં આ નો વિકલ્પે હ્રસ્વ થયો છે. ॥૨।૪।૯૯॥

## त्वे ॥ २ । ४ । १०० ॥

છેડે ई (ङी) પ્રત્યયવાળા નામ પછી અને છેડે आ (आप्) પ્રત્યયવાળા નામ પછી त्व પ્રત્યય આવ્યો હોય તો તે ई અને आ બહુલં હ્રસ્વરૂપે બોલાય છે.

रोहिणी+त्वम्=रोहिणित्वम्, रोहिणीत्वम्–રોહિણીપણું.

अजा+त्वम्=अजत्वम्, अजात्वम्–બકરીપણું ॥૨।૪।૧૦૦॥

## भ्रुवोऽच्च कुंस–कुटयोः ॥ २ । ४ । १०१ ॥

भ्रू શબ્દ પછી कुंस અને कुटि શબ્દો આવ્યા હોય તો भ्रू ના ऊ નો अ બોલાય છે અને હ્રસ્વ પણ બોલાય છે એટલે આ બન્ને વિધાન વારાફરતી થાય છે.

भ्रू+कुंसः–भ्रकुंसः, भ्रुकुंसः–સ્ત્રીવેષધારી નાચનારો પુરૂષ.

भ्रू+कुटिः–भ्रकुटिः, भ्रुकुटिः–ભવાં–નેણ ॥૨।૪।૧૦૧॥

## मालेषीकेष्टकस्यान्तेऽपि भारि-तूल-चिते ॥ २ । ४ ।१०२ ॥

माला પછી भारि શબ્દ આવ્યો હોય, इषीका પછી तूल શબ્દ આવ્યો હોય અને इष्टका પછી चित શબ્દ આવેલો હોય તો माला, इषीका અને इष्टका શબ્દના અંતનો હ્રસ્વ બોલાય છે. આ माला વગેરે ત્રણે શબ્દો એકલા જ હોય કે સમાસને છેડે આવેલા હોય તો પણ હ્રસ્વ થાય છે.

माला+भारी=मालभारी–માલાને ધારણ કરનારો.

સમાસને અન્તે–उत्पलमाला+भारी=उत्पलमालभारी–કમળની માળા ધારણ કરનારો.

इषीका+तूलम्=इषीकतूलम्–મુંજની સળી ઉપરનું રૂ.

इष्टका+चितम्=इष्टकचितम्–ઈંટોનો સંચય. ॥૨।૪।૧૦૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गोण्या मेये ॥ २ । ४ । १०३ ॥

માપવા યોગ્ય વસ્તુની સાથે સંબંધ ધરાવનાર गोणी શબ્દના અંત સ્વરનો હ્રસ્વ બોલાય છે. આમ તો गोणी શબ્દનો મૂળ અર્થ 'અનાજ વગેરે મેય ભરવાનું સાધન'–ગૂણ–પ્રથળો–થાય છે.

गोण्या मितो गोणी ઉપરથી गोणिः–એક ગુણ અનાજ– અહીં गोणी શબ્દનો અર્થ 'મેયરૂપ અનાજ' છે.

॥૨।૪।૧૦૩॥

## ङ्यादीदूतः के ॥ २ । ४ । १०४ ॥

ई (ङी) છેડાવાળા શબ્દો, આ છેડાવાળા શબ્દો, દીર્ઘ ई છેડાવાળા શબ્દો અને દીર્ઘ ऊ છેડાવાળા શબ્દો પછી क પ્રત્યય આવ્યો હોય તો તે શબ્દોના અંતનો સ્વર હ્રસ્વ બોલાય છે.

ङी–पट्वी+का=पटुविका–હોંશિયાર સ્ત્રી.

આ–सोमपा+कः=सोमपकः–સોમરસ પીનારો.

ई–लक्ष्मी+का=लक्ष्मिका–લક્ષ્મી

ऊ–वधू+का=वधुका—વહૂ ॥૨।૪।૧૦૪॥

## न कचि ॥ २ । ४ । १०५ ॥

च् નિશાનવાળો क પ્રત્યય–कच् પ્રત્યય–લાગેલો હોય તો નામને લાગેલા ઉપરના સૂત્રમાં જણાવેલા ङी વગેરેનો દીર્ઘ સ્વર હ્રસ્વ બોલાતો નથી.

ङी–बहुकुमारी+कः=बहुकुमारीकः–ઘણી કુમારિકાઓ જેની પાસે છે.

आ–बहुकीलालपा+कः=बहुकीलालपाकः–બહુ રાક્ષસો જેની પાસે છે.

ई–बहुलक्ष्मी+कः=बहुलक्ष्मीकः—ઘણી લક્ષ્મી જેની પાસે છે.

ऊङ्–बहुब्रह्मबन्धू+कः=बहुब्रह्मबन्धूकः–ઘણા બ્રહ્મબંધુઓ (બ્રહ્મબંધુ એટલે નિંદનીય બ્રાહ્મણ અથવા બ્રાહ્મણનો ભાઈ) જેની પાસે છે. ॥૨।૪।૧૦૫॥

## नवाऽऽपः ॥ २ । ४ । १०६ ॥

आ (आप्) છેડાવાળા નામ પછી च् નિશાનવાળો क પ્રત્યય આવેલો હોય તો તે आ નો હ્રસ્વ વિકલ્પે બોલાય છે.

प्रियखट्वा+कः=प्रियखट्वकः, प्रियखट्वाकः–ખાટલો જેને પ્રિય છે તે

॥૨।૪।૧૦૬॥

## इच्चाऽपुंसोऽनित्क्याप्परे ॥ २ । ४ । १०७ ॥

જો आप् ની પૂર્વે માત્ર का (क+आप्) જ આવેલો હોય પણ કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માક્ત આવેલી ન હોય એવા કાવાળા નામના का ની પૂર્વના आ ને इरूપે વિકલ્પે બોલવો અથવા का ની પૂર્વના आ ને હ્રસ્વરૂપે વિકલ્પે બોલવો એટલે अ રૂપે વિકલ્પે બોલવો.

સૂત્રમાં अनित्कि એવું પદ મૂકીને સૂત્રકાર એમ સૂચવે છે કે અહીં જે क (का) નો નિર્દેશ કરેલ છે તે क, कप्न् પ્રત્યયની કે अकन् પ્રત્યયની સાથે સંબંધ ન રાખતો હોવો જોઈએ તથા आप् વાળા જે નામના आ નો इ કે अ બોલવાનો છે તે નામનો आप् અવિશેષણરૂપ નામથી અર્થાત્ અપુંલિંગાર્થક નામથી વિહિત કરેલો હોય તો આ નિયમ તેવા आप् ને ન લાગે.

इ-खट्वा+का=खट्विका

अ-खट्वका

इ કે अ ન થયો ત્યારે-खट्वाका

सर्व+आ=सर्वा+अका=सर्वाका=सर्विका-આ પ્રયોગમાં 'सर्व' શબ્દનો અર્થ પુંલિંગરૂપ પણ થઈ શકે છે, અર્થાત્ सर्व શબ્દ વિશેષણરૂપ હોવાથી ગમે તે લિંગનો અર્થ સૂચવી શકે છે-सर्व શબ્દનો અર્થ પુંલિંગરૂપ પણ થાય છે માટે આ નિયમ ન લાગ્યો પણ આવનારા ॥૨।૪।૧૧૧॥ નિયમ દ્વારા सर्वाका નું सर्विका રૂપ બનેલ છે,

दुर्गा+का=दुर्गका-અહીં ૨।૪।૧૦૪। નિયમ વડે હ્રસ્વ થયો. આ રૂપમાં આવેલા का નો क, कप्न् પ્રત્યય સાથે સંબંધ રાખે છે માટે અહીં આ નિયમ ન લાગ્યો.

प्रियखट्वाको ना -(प्रिया खट्वा यस्य स प्रियखट्वाको ना)- આ પ્રયોગમાં क પછી તરત જ आप् નથી પણ વિભક્તિ છે તથા प्रिय-खट्वाकम् अतिक्रान्ता स्त्री प्रियखट्वाका स्त्री-આ પ્રયોગમાં પણ क પછી તરત જ आप् નથી પણ વિભક્તિ છે, આમ હોવાથી આ બન્ને પ્રયોગોમાં આ નિયમ ન લાગ્યો.

मातृका-આ પ્રયોગમાં 'का' ની પૂર્વે आप् જ નથી પણ ऋ છે તેથી આ નિયમ ન લાગે.

આ સૂત્રમાં अपुंसः એવો નિર્દેશ કરેલો છે તેનો અર્થ अपुमर्थक સમજવાનો છે. अपुमर्थक એટલે જે શબ્દનો અર્થ પુંલિંગી ન હોય તે

પ્રસ્તુત સૂત્રમાં આચાર્યશ્રીએ વાપરેલ अपुंसः ને બદલે पाणिनीय વ્યાકરણમાં अभाषितपुंस्क શબ્દ વપરાયેલ છે. (જુઓ ૭।૩।૪૮) अभाषितपुंस्क એટલે જે વડે પુમર્થક ભાષિત ન થતો હોય તે નામ. આમ આ અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતાં अपुंसः અને अभाषितपुंस्कः એ બન્ને નિર્દેશોનો અર્થ એક સરખો જ છે. અહીં ખાસ વાત એ છે કે મહર્ષિ પાણિનિએ મોટો શબ્દ વાપરેલ છે ત્યારે પ્રસ્તુત આચાર્યશ્રીએ નાનો શબ્દ વાપરીને સૂત્રના પ્રયોજનને સિદ્ધ કરેલ છે. ॥૨।૪।૧૦૭॥

## स्व–ज्ञा–ऽज–भस्त्राऽधातु–त्य–य–कात् ॥ २ । ४ । १०८ ॥

સમાસમાં આવેલા કે સમાસમાં નહીં આવેલા એવા स्वाका, ज्ञाका, अजाका અને भस्त्राका નામોના का ની પૂર્વના आ નો इ કાર વિકલ્પે બોલાય છે. તથા છેડે याकावाळां અને काकावाळां નામોના का ની પૂર્વના आ નો इकार વિકલ્પે બોલાય છે. આ નિયમમાં પણ જે का છે તે कप्न् કે अकन् પ્રત્યયનો સંબંધી ન હોવો જોઈએ તથા જે નામોમાં आ નો इ કરવાનો છે તે નામોમાં क પ્રત્યય પછી જ आप् હોવો જોઈએ તો જ कनी પૂર્વના आ નો इ થઈ શકે છે. એમ ન હોય તો इ ન થઈ શકે. વળી, याकावाळां નામોનો य તથા काकावाळां નામોનો क કોઈ ધાતુનો અવયવ ન હોવો જોઈએ અને त्य પ્રત્યયનો પણ અવયવ ન હોવો જોઈએ.

स्वा+का=स्विका, स्वका – કુત્સિત જ્ઞાતિ

ज्ञा+का=ज्ञिका, ज्ञका–અલ્પજ્ઞ સ્ત્રી.

अजा+का=अजिका, अजका–નાની બકરી

સમાસવાળું નામ–अभस्त्रा+का=अभस्त्रिका, अभस्त्रका– નાની ધમણ.

याकावाळुं નામ–इभ्या+का=इभ्यिका, इभ्यका–અજ્ઞાત ધનાઢ્ય સ્ત્રી

काका–વાળું નામ–चटका+का=चटकिका, चटकका–નાની ચકલી

नी ધાતુનો य– सुनया+का=सुनयिका– આ રૂપમાં જે य છે તે नी ધાતુનો છે. सुनयिका સારી નીતિવાળી સ્ત્રી.

पच् ધાતુનો क-सुपाका+का=सुपाकिका–આ રૂપમાં જે का છે તે पच् ધાતુના पाक શબ્દનો છે. सुपाकिका–સારા પાકવાળી જમીન અથવા સારી રસોઈ કરનાર કુશળ સ્ત્રી

આ પ્રયોગોમાં ધાતુના य અને क હોવાથી सुनयिका તથા सुपाकिका માં વિકલ્પે इ ન થયો.

इहत्यिका (इह+त्यिका)–આ રૂપમાં જે य છે તે त्य પ્રત્યયની સાથે સંબંધ રાખે છે. એથી આ રૂપમાં આ નિયમ ન લાગે એટલે વિકલ્પે इ ન થાય. इह+त्यिका–इहत्यिका–અહીં રહેનારી–અહીંની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

काम्पील्ये भवा–काम्पीलियका–કાંપીલ્ય નગરમાં થયેલી કીર્તિ–આ રૂપમાં काम्पील्य શબ્દ છેડે याका વાળો નથી પણ यका વાળો છે અર્થાત્ શબ્દને સીધો જ आप् નથી લાગેલો, તેથી વિકલ્પે इ ન થાય. ॥૨।૪।૧૦૮॥

## द्वि–एष-सूत–पुत्र–वृन्दारकस्य ॥ २ । ४ । १०९ ॥

द्वि, एष, सूत, पुत्र અને वृन्दारक શબ્દોને क પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેમના અંત્ય સ્વરનો इ વિકલ્પે બોલાય છે. જણાવેલો क પ્રત્યય न् નિશાનવાળો એટલે कप्‌न् કે अकन् પ્રત્યયનો અવયવ ન હોવો જોઈએ. તથા क પ્રત્યય પછી સીધો જ आप् આવેલો હોય પણ વિભક્તિ ન હોવી જોઈએ.

द्वा+के=द्विके, द्वके– બે.

एषा+का=एषिका,एषका–સૂત્રમાં જણાવેલ एष પદથી एतत् શબ્દનું નારીજાતિમાં પ્રથમાના એકવચનમાં જે एषा રૂપ થાય છે તેને જ અહીં લેવું, પણ एष ધાતુ દ્વારા બનતું एषा રૂપ ન લેવું.

सूती+का=सूतिका, सूतका –અહીં सूती શબ્દનો બે રીતે પદવિભાગ કરવાનો છે. એક તો सूती એ અખંડ પદ છે. અને બીજો सूती શબ્દ सु+ऊती–सूती એમ બનાવવાનો છે. सूती એટલે સુવાવડી અને सु+ऊती=सूती એટલે સારું વણનારી.

पुत्री+का=पुत्रिका, पुत्रका–પૂતળી.

वृन्दारी+का=वृन्दारिका, वृन्दारका–સારા સમૂહવાળી ॥૨।૪।૧૦૯॥

## वौ वर्तिका ॥ २ । ४ । ११० ॥

'પક્ષી'ના અર્થમાં वर्तिका અને वर्तका એ બન્ને શબ્દ વપરાય છે. અને 'પક્ષી' અર્થ ન હોય ત્યારે એકલો वर्तिका શબ્દ વપરાય છે

वर्तिका वर्तका–વિશેષ પ્રકારનું પક્ષી.

वर्तिका भागुरिः–ભાગુરિ નામની લોકાયત શાસ્ત્રની વ્યાખ્યા કરનારી વિદુષી સ્ત્રી–આ वर्तिका શબ્દનો 'પક્ષી' અર્થ નથી. તેથી वर्तका પ્રયોગ ન જ થાય.

લોકાયત શાસ્ત્ર એટલે ચાર્વાકમતનું શાસ્ત્ર ॥૨।૪।૧૧૦॥

## अस्याऽयत्–तत्–क्षिपकादीनाम् ॥ २ । ४ । १११ ॥

यत्, तत् અને क्षिपक વગેરે શબ્દો સિવાયના બીજા શબ્દોના અંત્ય अ સ્વરનો इ બોલાય છે, જો क પ્રત્યય લાગેલો હોય તો. જણાવેલો क પ્રત્યય, न् નિશાનવાળા कप्‌न् કે अकन् પ્રત્યયનો અવયવ ન હોવો જોઈએ. તથા क પ્રત્યય પછી સીધો જ आप् આવેલો હોય પણ વિભક્તિ ન હોવી જોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाचक+का=पाचिका– રાંધનારી
मद्र+का=मद्रिका–મદ્રદેશની સ્ત્રી.
जीव+का=जीवका–ઘણું જીવો–અહીં न् નિશાનવાળો अकन् પ્રત્યય છે.
(अकन् માટે જુ૦ ૫।૧।૭૦।) તેથી इ ન બોલાયો.

बहुपरिव्राजका–જ્યાં ઘણા પરિવ્રાજકો હોય એવી વાડી. અહીં વિભક્તિ પછી आप् છે, क પ્રત્યય પછી आप् નથી

यका– જે સ્ત્રી. यत्‌શબ્દને વર્જેલો છે.
सका–તે સ્ત્રી. तत् ,, ,, ,,
क्षिपका– ફેંકનારી—क्षिपकादि ગણના શબ્દને વર્જેલો છે.
ध्रुवका–ધ્રુવ રહેનારી– ,, ,, ,, ,, ,,
નીચે જણાવ્યા પ્રમાણે क्षिपका વગેરે શબ્દોને સમજવા—

| | |
|---|---|
| [1]क्षिपका | दण्डका |
| ध्रुवका | पिष्पका |
| धुवका | लहका |
| चरका | कन्यका |
| चटका | मेनका |
| इष्टका | द्वारका |
| एडका | रेवका |
| एरका | सेवका |
| करका | धारका |
| अवका | उपत्यका |
| अलका | अधित्यका ॥२।४।१११॥ |

૧ આ શબ્દોના મૂળ ધાતુ પ્રમાણે જે અર્થ થાય છે તે આ નીચે આપેલ છે—

| | |
|---|---|
| क्षिपका–ફેંકનારી | दण्डका–દંડ કરનારી |
| ध्रुवका–ગતિ કરનારી | पिष्पका– / लहका– } ન્યાસકારે આ બે શબ્દોને ચિન્ત્ય કહેલા છે એટલે વિચારવા જેવા કહેલા છે, અર્થ નથી આપેલો |
| धुवका–કંપનારી | |
| चरका–ચરનારી કે ચાલનારી | |
| चटका–ભેદ કરનારી | |
| इष्टका–ઇચ્છનારી | कन्यका–દીપનારી |
| एडका–સ્તુતિ કરનારી | मेनका–જાણનારી–માનનારી |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नरिका—मामिका ॥ २ । ४ । ११२ ॥

नरिका શબ્દમાં नरक (नर+क) શબ્દના र નો रि થવાથી नरिका થયેલ છે અને मामक શબ્દમાં म નો मि થવાથી मामिका શબ્દ થયેલ છે.

नरिका—નરોને—માણસોને—બોલાવનારી

मामिका—મારી ॥૨।૪।૧૧૨॥

## तारका-वर्णका-अष्टका ज्योतिस्-तान्तव—पितृदेवत्ये ॥२।४।११३॥

तारका શબ્દ 'તારા' અર્થમાં तारिका રૂપે બનતો નથી, वर्णका શબ્દ 'ઓઢવાનું વિશેષ પ્રકારનું સૂતરનું વસ્ત્ર' અર્થમાં वर्णिका રૂપે બનતો નથી અને अष्टका શબ્દ 'પિતરોનું કર્મ' એવા અર્થમાં अष्टिका રૂપે બનતો નથી.

तारका—તારા.

वर्णका—ઓઢવાનું સૂતરનું વિશેષ પ્રકારનું વસ્ત્ર—બનુસ

अष्टका—પિતૃદેવના સંબંધી કર્મકાંડ. ॥૨।૪।૧૧૩॥

---

एरका- પ્રેરણા કરનારી

करका—વિક્ષેપ કરનારી

अवका—રક્ષણ કરનારી

अलका—શોભનારી

द्वारका—વરણ કરનારી

रैवका—ગતિ કરનારી

सेवका—સેવા કરનારી

धारका—ધારણ કરનારી

उपत्यका—પર્વતની તળેટી

अधित्यका—પર્વતનો ઉપરનો ભાગ

આ શબ્દોના જે રૂઢ અર્થો પ્રચલિત હોય તે કોશોમાંથી જોઈ લેવા.

**સ્ત્રી પ્રત્યય પ્રકરણ સમાપ્ત**

ચતુર્થ પાદ સમાપ્ત

દ્વિતીય અધ્યાય પૂરો

**આચાર્ય શ્રી હેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ત્રીજા અધ્યાયના સ્ત્રી પ્રત્યય પ્રકરણ નામના ચોથા પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તૃતીય અધ્યાય
### પ્રથમ પાદ
### સમાસ પ્રકરણ

ઉપસર્ગસંજ્ઞા

## धातोः पूजार्थस्वति-गतार्थाऽधिपरि-अतिक्रमार्थाऽतिवर्जः प्रादिरुपसर्गः प्राक् च ॥३।१।१॥

ધાતુ સાથે સંબંધ રાખનાર અને ધાતુના અર્થનું દ્યોતન કરનાર જે प्र, परा, अप, सम् વગેરે શબ્દો છે તેને ઉપસર્ગ સમજવા. ઉપસર્ગ ધાતુની પહેલાં જ આવે છે, પછી ન આવે અને વચ્ચે પણ ન આવે એટલે प्रणयति પ્રયોગમાં नयतिप्र ન થાય તથા नयप्रति વા नप्रयति એમ પણ ન થાય, તેમ જ भार्यां परिणयति વાક્યમાં परिभार्यां णयति એમ પણ ન થાય. તે વીશ ઉપસર્ગો આ પ્રકારે છે—

प्र, परा. अप, सम्, अनु, अव, निस् અથવા निर्, दुस् અથવા दुर्, आङ्, नि, वि, प्रति, परि, उप, अधि, अपि, सु, उद्, अति, अभि.

આ ઉપસર્ગો ધાતુના અર્થોનું દ્યોતન કરે છે.

કેટલાક ઉપસર્ગોને લીધે ધાતુઓનો અર્થ બદલાઈ જાય છે, જેમકે, हृ એટલે 'હરવું' અર્થ થાય છે, પણ आहार, विहार, संहार, प्रहार, प्रतिहार, निहार, नीहार, नीहारिका એ બધા જ શબ્દો हृ ધાતુ ઉપરથી બનેલા છે, તેમ છતાં જુદા જુદા ઉપસર્ગ લાગવાથી ઉપસર્ગ સાથેના हृ ધાતુનો અર્થ બદલાઈ ગયો છે. आहार–ભોજન, विहार–આનંદની ક્રિયા, संहार–નાશ, प्रहार–ઘા કરવો, प्रतिहार–દ્વારપાળનું કામ, निहार–શૌચ. नीहार–બરફ-હિમ. नीहारिका – આકાશ ગંગાના તારાઓ.

કેટલાક ઉપસર્ગો ધાતુના અર્થને અનુસરે છે. કેટલાક ઉપસર્ગો અર્થમાં વિશેષતા બતાવે છે અને કેટલાક પ્રયોગોમાં તો ધાતુ સાથેના ઉપસર્ગનો ખાસ કોઈ અર્થ જ હોતો નથી.

ઉપર જે प्र આદિ શબ્દો જણાવેલા છે તેમાંના 'પૂજા' અર્થવાળા सु અને अति, 'ગતિ' અર્થવાળા अधि અને परि અને 'અતિક્રમ' અર્થવાળો अति–એટલા શબ્દો આ નિયમમાં લેવાના નથી. તેથી એ બધા એટલે सु, अति, अधि, परि અને अति એ પાંચ શબ્દો સૂત્રમાં જણાવેલા અર્થમાં उपसर्ग ન કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસર્ગ વિના–नयति–લઈ જાય છે.

ઉપસર્ગ સહિત–प्र+नयति=प्रणयति–સ્નેહ કરે છે.

परि+नयति=परिणयति–પરણે છે.

प्र તથા परि ઉપસર્ગ હોવાથી न् નો ण् થઈ શકયો છે.

वृक्षं वृक्षम् अभि सेकः–વૃક્ષે વૃક્ષે પાણી છાંટવું–અહીં अभि નો સંબંધ ધાતુ સાથે નથી પણ वृक्ष નામ સાથે છે તેથી अभि ઉપસર્ગ ન કહેવાય, ઉપસર્ગ ન કહેવાયો તેથી अभिषेक રૂપ ન થાય.

सुसिक्तं भवता–તમે સારું છાંટયું. આ પ્રયોગમાં सु પૂજા અર્થવાળો છે.

अतिसिक्तं भवता–તમે ખૂબ છાંટયું. આ પ્રયોગમાં अति અતિક્રમ અર્થનો સૂચક છે.

ઉપરના બન્ને પ્રયોગોમાં सु અને अति ઉપસર્ગ ન કહેવાયાથી सुषिक्तम् તથા अतिषिक्तम् એ પ્રમાણે ન થયું.

अध्यागच्छति आगच्छति अधि, पर्यागच्छति आगच्छति परि-આ પ્રયોગોમાં ગતિ અર્થવાળા अधि અને परि ઉપસર્ગો ન હોવાથી તેઓ ધાતુ આગળ જ લાગે એમ ન બન્યું એટલે अधि અને परि ધાતુની પાછળ પણ લાગી શકેલ છે.

अतिसिक्त्वा–ખૂબ–હદ બહાર–છાંટીને. અહીં 'અતિક્રમ' અર્થવાળો अति ઉપસર્ગ ન હોવાથી अतिषिच्य રૂપ થયું નથી.

'धातुनी પહેલાં જ उपसर्ग वपराय' આ અર્થ ૨જા સૂત્રથી લઈને ૧૭મા સૂત્ર સુધી સમજવાનો છે. ॥ ૩ । ૧ । ૧ ॥

ગતિ સંજ્ઞાનું વિધાન—

## ऊर्याद्यनुकरण-च्वि-डाचश्च गतिः ॥३।१।२॥

ऊरी આદિ શબ્દો તથા કોઈ અવાજ વગેરેની નકલ રૂપ શબ્દો, તથા ई (च्वि) પ્રત્યયવાળા શબ્દો, તથા आ (डाच्) પ્રત્યયવાળા શબ્દો અને ઉપર જણાવેલા વીશે ઉપસર્ગો–એ બધાની गति સંજ્ઞા સમજવી. જેમની गति સંજ્ઞા થાય તેમનો પ્રયોગ ધાતુની પહેલાં જ થાય, ધાતુની પછી નહીં તેમ ધાતુની વચ્ચે પણ નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऊरी આદિ શબ્દો–

ऊरी–ऊरीकृत्वा=ऊरीकृत्य–સ્વીકાર કરીને.

उररी–उररीकृत्वा=उररीकृत्य–સ્વીકાર કરીને.

અનુકરણ–खाट्–खाट्कृत्वा–खाट्कृत्य–'ખાટ્' એવા અવાજનું અનુકરણ કરીને.

અંતે च्वि–अशुक्लं शुक्लं कृत्वा–शुक्लीकृत्वा–शुक्लीकृत्य=ધોળું ન હોય તેને ધોળું કરીને.

અંતે–डाच्–पटपटाकृत्वा=पटपटाकृत्य–પટપટ કરીને.

ઉપસર્ગ–प्रकर्षेण कृत्वा–प्रकृत्वा–प्रकृत्य–વિશેષરૂપે કરીને

ऊरी વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવાના છે–

ऊरी, उररी } સ્વીકાર કરવો અથવા વિસ્તાર કરવો, ઘણું તથા પ્રશંસા

उरुरी–સ્વીકાર કરવો, ઘણું તથા પ્રશંસા—વખાણ કરવા

पाम्पी–વિધ્વંસ–નાશ–કરવો, મધુરતા, કરુણ વિલાપ કરવો તથા વિસ્તાર કરવો

ताली, आताली } વર્ણ તથા ઉત્તમાર્થ, વિસ્તાર કરવો

धूशी–કાંતિ તથા, આકાંક્ષા તથા વિસ્તાર કરવો

शकला, संशकला, ध्वंसकला, भ्रंशकला } પરિભવ કરવો, હિંસા કરવી

आलम्बी, केवाशी, शेवाली } આવિષ્કાર કરવો તથા હિંસા કરવી

पार्दाली–શબ્દ કરવો, હિંસા કરવી

मस्मसा, मसमसा } સંવરણ કરવું, ચૂર્ણ કરવું તથા, અનુકરણ કરવું, હિંસા કરવી,

गुलुगुधा– ક્રીડા કરવી, પીડા કરવી

सजूस्–સાથે

फलफली–વિકાર, ક્રિયાની સંપત્તિ કર્મની સિદ્ધિ તથા અકંટક

विक्ली, आक्ली } વિકાર, વિચાર કરવો, વિભાગ કરવો

श्रौषट् } દેવને નિવેદ કરવું, દાન દેવું
वषट् } ,, ,, પૂજા કરવા
वौषट् } ,, ,,
स्वाहा } ,, ,, તૃપ્તિ,
स्वधा } ,, ,, પ્રીતિ, સામા માણસનું અભિવાદન કરવું

श्रत्–શ્રદ્ધા કરવી, શીઘ્રતા

प्रादुस्, आविस् } ખુલ્લું કરવું, પ્રકાશિત કરવું

पशू, केवाली } હિંસા કરવી

वेताली–વિસ્તાર કરવો

આ બધા ऊरीं વગેરે શબ્દો સમજવા ॥ ૩ । ૧ । ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कारिका स्थित्यादौ ॥३।१।३॥

સ્થિતિ-મર્યાદા–અર્થવાળા, यत्न અર્થવાળા તથા કરવા અર્થવાળા कारिका શબ્દને ગતિ સંજ્ઞાવાળો જાણવો. ગતિ સંજ્ઞાવાળો कारिका શબ્દ ધાતુની પહેલાં જ વપરાય.

कारिका कृत्वा=कारिकाकृत्य–સ્થિતિ કરીને, મર્યાદા કરીને, યત્ન કરીને અથવા કરીને. ॥૩।૧।૩॥

## भूषा-ऽऽदर-क्षेपे अलं–सद्सत् ॥३।१।४॥

ભૂષા–શણગાર–અર્થના अलम् શબ્દને ગતિ સંજ્ઞાવાળો સમજવો.

આદર–સત્કાર–અર્થના सत् શબ્દને ગતિ સંજ્ઞાવાળો સમજવો.

ક્ષેપ–નિંદા–તિરસ્કાર–અર્થના असत् શબ્દને ગતિ સંજ્ઞાવાળો જાણવો. ગતિ સંજ્ઞાવાળા આ ત્રણે શબ્દો ધાતુની પહેલાં જ વપરાય.

अलं कृत्वा–अलंकृत्य–શણગારીને.

सत् कृत्वा–सत्कृत्य–સત્કાર કરીને.

असत् कृत्वा–असत्कृत्य–તિરસ્કાર કરીને.

अलं कृत्वा– કરીને શું ?–આ પ્રયોગમાં अलम् શબ્દ 'ભૂષા' અર્થનો નથી પણ 'નિષેધ' અર્થનો છે તેથી ગતિ સંજ્ઞા ન થઈ, ગતિ સંજ્ઞા ન થવાથી अलंकृत्य ન થયું. ॥૩।૧।૪॥

## अग्रहाऽनुपदेशे अन्तरदः ॥३।१।५॥

'અગ્રહણ' અર્થમાં अन्तर् શબ્દને અને 'ઉપદેશ ન દેવો' અર્થમાં अदस् શબ્દને ગતિ સંજ્ઞાવાળો સમજવો.

अन्तः हत्वा–अन्तर्हत्य–વચ્ચે હણીને. અહીં 'ગ્રહણ' અર્થ નથી

अदः कृत्वा–अदःकृत्य–'આ કરીને આ કરનારો છું' એમ વિચારે છે. અહીં ઉપદેશ નો અર્થ નથી. ॥૩।૧।૫॥

## कणे-मनस् तृप्तौ ॥३।१।६॥

તૃપ્તિ અર્થ જણાતો હોય તો कणे અને मनस् એ બે અવ્યયોને ગતિ સંજ્ઞાવાળાં સમજવાં.

कणे हत्वा–कणेहत्य पयः पिबति–ખૂબ ધરાઈને દૂધ અથવા પાણી પીએ છે.

मनः हत्वा–मनोहत्य पयः पिबति– ,, ,, ,, ,,

तण्डुलावयवे कणे हत्वा–ચોખાના અવયવરૂપ કણમાં હણીને–છેદીને.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં कण એટલે 'ચોખાનો દાણો' અર્થ છે, તૃપ્તિ અર્થ નથી તેથી આ નિયમ ન લાગે. ॥૩।૧।૧૬॥

## पुरोऽस्तमव्ययम् ॥३।१।७॥

ધાતુની સાથે સંબંધવાળાં पुरस् અને अस्तम् એવાં બે અવ્યયોને ગતિ સંજ્ઞાવાળાં સમજવાં.

पुरः कृत्वा–पुरस्कृत्य–આગળ કરીને.

अस्तं गत्वा–अस्तंगत्य–અસ્ત પામીને–આથમી જઈ ને.

पुरः कृत्वा–नगरीः कृत्वा–નગરીઓ કરીને.–અહીં पुरः પદ 'નગરી' અર્થના पुर् શબ્દનું દ્વિતીયાનું બહુવચન છે પણ અવ્યયરૂપ નથી. ॥૩।૧।૭॥

## गत्यर्थ-वदोऽच्छः ॥३।१।८॥

ગતિ અર્થવાળા ધાતુ સાથે સંબંધ રાખનારા अच्छ અવ્યયની તથા वद् ધાતુ સાથે સંબંધ રાખનારા अच्छ અવ્યયની ગતિ સંજ્ઞા સમજવી.

अच्छं गत्वा–अच्छगत्य–સામે જઈ ને.

अच्छम् वदित्वा–अच्छोद्य–સામે બોલીને અથવા દઢ રૂપે બોલીને ॥૩।૧।૮॥

## तिरोऽन्तर्द्धौ ॥३।१।९॥

अन्तर्धि–છુપાઈ જવાના–અર્થના तिरस् શબ્દને ગતિસંજ્ઞાવાળો સમજવો.

तिरः भूत्वा–तिरोभूय–છુપાઈ ને–સંતાઈ ને–અદૃશ્ય થઈ ને. ॥૩।૧।૯॥

## कृगो नवा ॥३।१।१०॥

अन्तर्धि અર્થના तिरस् શબ્દનો कृ ધાતુ સાથે સંબંધ હોય તો तिरस् શબ્દની ગતિ સંજ્ઞા વિકલ્પે સમજવી.

तिरः कृत्वा–तिरस्कृत्य, तिरःकृत्वा–અપમાન કરીને, છૂપું રાખીને, तिरः कृत्वा काष्टं गतः–લાકડાને વાંકું કરીને ગયો. અહીં 'છુપાવું' અર્થ નથી તેથી ગતિ સંજ્ઞા થવાને લીધે तिरस्कृत्य ન પ્રયોગ થાય. ॥૩।૧।૧૦॥

## मध्ये-पदे-निवचने-मनस्युरस्यनत्याधाने ॥३।१।११॥

अत्याधान–ઉપશ્લેષ–પાસે વિશેષ ચોંટવું તથા આશ્ચર્ય–એ બે અર્થ સિવાયનો અર્થ अनत्याधान કહેવાય. અનત્યાધાન અર્થવાળા मध्ये पदे निवचने मनसि અને उरसि એ બધા અવ્યયોનો कृ ધાતુની સાથે સંબંધ હોય તો તેમની ગતિ સંજ્ઞા વિકલ્પે સમજવી.

मध्ये कृत्वा=मध्येकृत्य, मध्ये कृत्वा–મધ્યમાં કરીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पदे कृत्वा=पदेकृत्य, पदे कृत्वा—પદમાં કરીને—પદ એટલે શબ્દરૂપ પદ અથવા પદ એટલે પગ

निवचने कृत्वा=निवचनेकृत्य, निवचने कृत्वा—વાણીનો નિગ્રહ—સંયમ—કરીને.

मनसि कृत्वा=मनसिकृत्य, मनसि कृत्वा=મનમાં કરીને—નિશ્ચય કરીને

उरसि कृत्वा=उरसिकृत्य उरसि कृत्वा—હૃદયમાં કરીને. ।।૩।૧।૧૧।।

## उपाजे-ऽन्वाजे ।।३।१।१२।।

દુર્બલને અથવા ભાંગી—થાકી—ગયેલાને બળ આપવાના અર્થવાળા उपाजे અને अन्वाजे એ બે અવ્યયોનો कृ ધાતુની સાથે સંબંધ હોય તો તે બન્નેને વિકલ્પે गति સંજ્ઞાવાળાં સમજવાં.

उपाजे कृत्वा=उपाजेकृत्य, उपाजे कृत्वा—દુર્બળને અથવા થાકી ગયેલાને બળ આપીને

अन्वाजे कृत्वा=अन्वाजेकृत्य, अन्वाजे कृत्वा— ,, ,, ,, ।।૩।૧।૧૨।।

## स्वाम्येऽधिः ।।३।१।१३।।

अधि અવ્યયનો અર્થ स्वाम्य—સ્વામીપણું—જણાતો હોય અને તેનો कृ ધાતુ સાથે સંબંધ હોય તો તેની गति સંજ્ઞા વિકલ્પે સમજવી.

चैत्रं ग्रामे अधिकृत्य अधिकृत्वा वा गतः—ચૈત્રને ગામનું સ્વામીપણું—મુખીપણું—સોંપીને તે ગયો.

ग्रामम् अधिकृत्य—ગામને ઉદ્દેશીને— અહીં 'સ્વામીપણું' અર્થ નથી. અહીં गति સંજ્ઞા તો ૩।૧।૨। નિયમથી થઈ છે પણ આ નિયમથી વિકલ્પે ન થઈ. ।।૩।૧।૧૩।।

## साक्षादादिः च्व्यर्थे ।।३।१।१४।।

साक्षात् આદિ શબ્દોની સાથે कृ ધાતુ જોડાયેલો હોય અને એ શબ્દો च्वि નો અર્થ જણાતા હોય તો તેમની गति સંજ્ઞા વિકલ્પે સમજવી

च्वि એટલે અભૂતતદ્ભાવ. અભૂતતદ્ભાવ એટલે જે અભૂત છે તેનો ભાવ અર્થાત્ પદાર્થની જે સ્થિતિ પહેલાં ન હોય તે જ સ્થિતિ પછી થાય.

असाक्षात् साक्षात् कृत्वा इति साक्षात्कृत्य साक्षात्कृत्वा— પહેલાં જે સાક્ષાત્ ન હોતું તેને સાક્ષાત્ કરીને (ગયો.)

अमिथ्या मिथ्या कृत्वा इति मिथ्याकृत्य मिथ्याकृत्वा—પહેલાં જે અમિથ્યા હતું—જે મિથ્યા નહોતું—તેને મિથ્યા કરીને (ગયો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાક્ષાત્ વગેરે શબ્દોને નીચે પ્રમાણે સમજવા:—

साक्षात्—પ્રત્યક્ષ
मिथ्या—મિથ્યા—ખોટું—નિષ્ફળ
चिन्ता—ચિંતવવું
भद्रा—આલોચના અથવા પ્રશંસા
रोचना—પ્રશંસા
अमा—સાથે અથવા પાસે
आस्था—આદર અથવા પ્રતિજ્ઞા
अग्धा—ખાવું નહીં—જમવું નહીં
प्राजर्या—અખંડ મિત્રતા—અખંડ સંગતિ
प्राजुरा—સ્પષ્ટ થવું, ચોપડવું કે ગતિ કરવી
प्राजरुहा—ક્ષેપ દ્વારા થયેલું
बीजर्या—બીજવડે આર્ય અથવા બીજવડે અર્ય—વૈશ્ય
बीजरुहा—બીજથી ઉગવું
संसर्या—પગમાં વિયા ફાટવી—પગનાં તળિયાં ફાટી જવાં
अर्थे—પ્રયોજન
अग्नौ—તીક્ષ્ણતા—તેજીલાપણું
वशे—પરવશપણું
विकपने—વરવું—બેડોળ—વિરૂપ
प्रकपने— ,,
विसहने—ઉત્સાહ તથા સામર્થ્ય
प्रसहने— ,,
लवणम्—રુચિ
उष्णम्—નવું—તાજું
शीतम्—અનાદર—અપમાન
उदकम्—ભીનું
आर्द्रम्— ,, અથવા સરસ અથવા તાજું
प्रादुस्—પ્રકાશિત કરવું—ખુલ્લું કરવું
आविस्— ,,
नमस्—પ્રણામ કરવા

આ શબ્દોને સાક્ષાત્ આદિ શબ્દો સમજવા. ॥ ૩ । ૧ । ૧૪ ॥

## नित्यं हस्ते-पाणावुद्वाहे ॥३।१।१५॥

विवाह અર્થ જણાતો હોય અને कृ ધાતુની સાથે સંબંધ હોય તો हस्ते અને पाणौ એ બે અવ્યયોની गति સંજ્ઞા નિત્ય થાય છે.

हस्ते कृत्वा इति हस्तेकृत्य—વિવાહ કરીને—હાથમાં ગ્રહણ કરીને

पाणौ कृत्वा इति पाणौकृत्य— ,, ,, — ,,

हस्ते कृत्वा काण्डं गतः—કાંડને—ઝાડની ડાળને હાથમાં લઈને ગયો, અહીં 'વિવાહ' અર્થ નથી. ॥૩।૧।૧૫॥

## प्राध्वं बन्धे ॥३।१।१६॥

बन्ध અર્થનું સૂચક प्राध्वम् અવ્યય कृ ધાતુ સાથે જોડાયેલું હોય તો તે गति સંજ્ઞાવાળું થાય છે.

प्राध्वं कृत्वा इति=प्राध्वंकृत्य—બંધનદ્વારા અનુકૂલ કરીને અથવા બાંધીને ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राध्वं कृत्वा शकटं गतः-ગાડાને રસ્તા ઉપર કરીને ગયો-અહીં 'બાંધવું' અર્થ નથી. ॥૩।૧।૧૬॥

## जीविकोपनिषदौपम्ये ॥३।१।१७॥

जीविका અને उपनिषद् આ બે અવ્યયો સાથે कृ ધાતુનો સંબંધ હોય અને ઉપમાનો અર્થ જણાતો હોય તો એ બન્નેની गति સંજ્ઞા સમજવી.

जीविका इव कृत्वा इति जीविकाकृत्य-જીવિકા જેવું કરીને (ગયો.)

उपनिषत इव कृत्वा इति उपनिषत्कृत्य-રહસ્ય જેવું કરીને (ગયો.) ॥૩।૧।૧૭॥

### ગતિસંજ્ઞા સમાપ્ત

સામાન્ય સમાસ-

## नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ॥३।१।१८॥

નામોના પરસ્પરના સંબંધને કારણે તેમાંથી એકાર્થતા-અર્થની અપેક્ષાએ પરસ્પર સંબદ્ધતા અર્થાત્ શબ્દોમાં વિશેષપ્રકારનું સામર્થ્ય-પેદા થાય છે. એવી એકાર્થતા જ્યાં હોય ત્યાં એક નામ, બીજા નામ સાથે બહુલં સમાસ પામે.

આ સૂત્ર સમાસનું લક્ષણ બતાવે છે એટલે 'સમાસ ક્યાં થાય છે' એ વાતને સમજાવે છે તથા આ સૂત્ર સમાસનું વિધાન પણ કરે છે. તેનું તાત્પર્ય એ થયું કે જે ઠેકાણે બહુવ્રીહિ વગેરે સમાસો ન થઇ શકતા હોય અને એકાર્થતા હોય ત્યાં આ સૂત્ર વડે સમાસ કરી લેવો.

આ સૂત્ર સમાસના લક્ષણનું સૂચક હોવા ઉપરાંત અધિકાર સૂત્ર પણ છે. એટલે આ પ્રકરણમાં હવે પછી આવનારાં તમામ સૂત્રોમાં 'એકાર્થતા હોય ત્યારે એક નામ, બીજા નામ સાથે સમાસ પામે' એવો આશય સમજી લેવાનો છે.

विस्पष्टं पटुः=विस्पष्टपटुः-વિશેષ સ્પષ્ટપણે ચતુર.

दारुणम् अध्यायकः=दारुणाध्यायकः-કષ્ટપૂર્વક ભણનારો-તોફાન સાથે ભણનારો.

सर्वेण चर्मणा कृतः रथः=सर्वचर्मीणो रथः-બધા ચામડા વડે આખો મઢેલો રથ.

कन्ये इव=कन्ये इव-બે કન્યાઓની પેઠે.

पूर्वं श्रुतः=श्रुतपूर्वः-પહેલાં સાંભળેલું

આ બધાં ઉદાહરણોમાં બહુવ્રીહિ વગેરે સમાસ થવાનો સંભવ નથી. એટલે આ નિયમ વડે સમાસ થયો છે. આ બધા પ્રયોગો સામાન્ય સમાસના કહેવાય. કોઈ વિશેષ સમાસના નહીં.

चरन्ति गावो धनमस्य-એનું ધન ચરતી ગાયો છે.-અહીં चरन्ति નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, ક્રિયાપદ છે તેથી તેનો गो નામ સાથે સમાસ થયો નથી.
चैत्रः पचति–ચૈત્ર રાંધે છે–અહીં चैत्र નામ તો છે પણ पचति નામ નથી, ક્રિયાપદ છે. એટલે चैत्र નામનો पचति ક્રિયાપદ સાથે સમાસ ન થાય. ॥૩।૧।૧૮॥

**બહુવ્રીહિ સમાસ–**

## सुज्-वाऽर्थे संख्या संख्येये संख्यया बहुव्रीहिः ॥३।१।१९॥

જે સંખ્યાવાચી નામ सुच् એટલે 'વાર' અર્થ સાથે તથા वा એટલે 'વિકલ્પ' અર્થ સાથે અથવા 'સંશય' અર્થ સાથે સંબંધ રાખનું હોય તે નામ, સંખ્યેય અર્થ સાથે સંબંધ ધરાવતા સંખ્યાવાચી નામ સાથે સમાસ પામે, એ સમાસનું નામ બહુવ્રીહિ છે. જેમનો સમાસ કરવામાં આવે છે તે નામોમાં પરસ્પર એકાર્થતા હોવી જોઇએ–અર્થની અપેક્ષાએ પરસ્પર સુસંબદ્ધતા હોવી જોઈએ.

सुच्–द्विः दश–द्विदशाः–બે વાર દશ–વીસ (અમુક પદાર્થો ઘોડા વગેરે) અહીં 'सुच्' પ્રત્યયવાળું द्वि એ સંખ્યાવાચી નામ 'વાર' અર્થ સાથે સંબંધ રાખે છે અને दश નામ સંખ્યેય એવા ઘોડા વગેરે સાથે સંબંધ રાખે છે.

વિકલ્પ–द्वौ वा त्रयो वा–द्वित्राः–બે અથવા ત્રણ પુરુષો શૂરા હોય છે
સંશય-શંકા છે કે બેત્રણ પુરુષો કદાચ શૂરા નિકળે તો.

અહીં સંખ્યાવાચી द्वि શબ્દ વિકલ્પ કે સંશય અર્થ સાથે સંબંધ રાખે છે.

गावो वा दश वा–ગાયો કે બળદ અથવા દસ–અહીં गावः પદ સંખ્યાવાચી નથી.

दश वा गावो वा–દસ અથવા ગાયો. અહીં गावः એટલે गो નામ સંખ્યાવાચી નથી.

द्विविंशतिर्गवाम्–ગાયોની બે વીશી–ચાલીસ ગાયો–અહીં विंशति શબ્દ સંખ્યેયને એટલે ગણવા લાયક કોઈ વસ્તુને સૂચવનો નથી પણ માત્ર સંખ્યાને સૂચવે છે. ॥૩।૧।૧૯॥

## आसन्नादूराधिकाध्यर्धार्धादिपूरणं द्वितीयाद्यन्यार्थे ॥३।१।२०॥

आसन्न, अदूर, अधिक, अध्यर्ध એ નામો બીજા સંખ્યા વાચક નામ સાથે સમાસ પામે તથા જેને છેડે પૂરણ પ્રત્યય લાગ્યો હોય એવું પૂર્વપદરૂપ अर्ध નામ, બીજા સંખ્યાવાચક નામ સાથે સમાસ પામે. જેમનો સમાસ કરવો છે તે નામોમાં પરસ્પર એકાર્થતા હોવી જોઇએ. જો એ સમાસ પામેલું આખું વાક્ય સંખ્યેયવાચક હોય તો અને સમાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામનારાં છૂટાં છૂટાં નામો કરતાં સમસ્ત તે આખા વાક્ય દ્વારા નિષ્પન્ન થતો દ્વિતીયાદિ વિભક્તિવાળો અન્ય–વિશિષ્ટ–અર્થ મુખ્યપણે સૂચવાતો હોવો જોઈએ તો આ સમાસ થાય. સમાસનું નામ બહુવ્રીહિ છે

आसन्ना दश येषां તે आसन्नदशाः–જેની નજીક દશ છે તે અર્થાત્ નવ કે અગિયાર.

अदूरा दश येषां તે अदूरदशाः– દસ જેની અદૂર–નજીક–છે તે નવ કે અગિયાર.

अधिका दश येभ्यः येषु वा अधिकदशाः–જેનાથી દસ વધારે છે એટલે નવ સુધીની ગમે તે કોઈ સંખ્યા તથા જેમાં દસ અધિક છે એવી સંખ્યા એટલે ૧૧૦, ૨૧૦ વગેરે સંખ્યા.

अध्यर्द्धा विंशतिर्येषु તે= अध्यर्द्धविंशाः – જેમાં એક વીશી આખી છે અને બીજી વીશી અડધી છે તે એટલે ૨૦+૧૦=ત્રીશ

ઉત્તરપદમાં પૂરણ પ્રત્યયાંત નામવાળો પૂર્વપદરૂપ अर्ध શબ્દ–

अर्धपञ्चमा विंशतयः येषु તે=अर्धपञ्चमविंशाः–જેમાં ચાર વીશી આખી છે અને પાંચમી વીશી અડધી છે તે એટલે નેવું–૨૦+૨૦+૨૦+૨૦+૧૦=૯૦ ॥૩।૧।૨૦॥

## अव्ययम् ॥३।१।२१॥

અવ્યયરૂપ નામ, સંખ્યાવાચી નામ સાથે સમાસ પામે. આ સમાસ બહુવ્રીહિ સમાસ કહેવાય. જો સમાસ પામનારાં છૂટાં છૂટાં નામો કરતાં સમસ્ત તે આખા વાક્ય દ્વારા નિષ્પન્ન થતો દ્વિતીયાદિ વિભક્તિવાળો સંખ્યેય સૂચક અન્ય–વિશિષ્ટ–અર્થ પ્રધાનપણે સૂચવાતો હોવો જોઈએ તો આ સમાસ થાય.

उप–समीपे–दश येषां उपदशाः–જેની નજીક દસ છે એટલે નવ કે અગિયાર (પદાર્થો) ॥૩।૧।૨૧॥

## एकार्थं च अनेकं च ॥३।१।२२॥

એકાર્થ એટલે પરસ્પર વિશેષ્યવિશેષણ સંબંધ ધરાવનારાં નામ. જેમનો પરસ્પર વિશેષ્યવિશેષણરૂપ સંબંધ છે એવું એકાર્થરૂપ એક નામ કે અનેક નામો, બીજા નામ સાથે જે સમાસ પામે તેને બહુવ્રીહિ સમાસ કહેવાય. તથા અવ્યય, બીજા નામ સાથે જે સમાસ પામે તેને પણ બહુવ્રીહિ સમાસ કહેવાય. અવ્યયવાળા સમાસમાં પરસ્પર વિશેષણ–વિશેષ્યભાવની જરૂર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રધાનપણે અન્યાર્થનું સૂચન થતું હોય તો એટલે સમાસ પામનારાં છૂટાં છૂટાં નામો કરતાં સમસ્ત તે આખા વાક્ય દ્વારા નિષ્પન્ન થતો દ્વિતીયાદિ વિભક્તિવાળો અન્યાર્થ–વિશિષ્ટાર્થ–પ્રધાનરૂપે જણાતો હોય તો.

એક નામ–आरूढो वानरो यं वृक्षम् स आरूढवानरो वृक्षः–જેની ઉપર વાંદરો ચડેલ છે તે વૃક્ષ.

અહીં आरूढ નામ वानर નામ સાથે સમાસ પામેલ છે. आरूढ અને वानर એ બન્ને નામો પરસ્પર વિશેષણવિશેષ્યભાવ સંબંધવાળાં છે માટે એકાર્થરૂપ છે તથા यम् નામ દ્વિતીયાંત છે અને તે સમાસ બહારનું છે. તે બહારના નામ દ્વારા જે અર્થ સૂચવાય છે તે અન્યાર્થ છે અને તે જ અર્થ અહીં પ્રધાન રૂપે છે માટે आरूढ તથા वानर એ બે નામોનો બહુવ્રીહિ સમાસ થયેલ છે.

અનેક નામ–सु(शोभनाः) सूक्ष्मजटाः केशाः यस्य स सुसूक्ष्मजटकेशः तपस्वी–જેના કેશો સુશોભિત છે અને સૂક્ષ્મ જટાવાળા છે એવો તપસ્વી. અહીં सु તથા सूक्ष्मजट એ બે નામો છે, તેમનો केश નામ સાથે સમાસ થયેલ છે. અહીં પણ सु सूक्ष्मजट તથા केश નામો પરસ્પર વિશેષણ–વિશેષ્યભાવ સંબંધવાળાં છે તેથી એકાર્થરૂપ છે જ તથા यस्य નામ ષષ્ઠી વિભક્તિવાળું છે જે સમાસ બહારનું છે અને તે यस्य પદ દ્વારા જે અન્યાર્થરૂપ અર્થ સૂચવાયેલ છે તે જ तपस्वी રૂપ અર્થ અહીં પ્રધાન છે.

मत्ता बहवो मातङ्गा यस्मिन् तत् मत्तबहुमातङ्गं वनम्–જેમાં મદોન્મત્ત ઘણા હાથીઓ છે તે મત્તબહુમાતંગ વન, અહીં સમાસ બહારનું यस्मिन् પદ અન્યાર્થરૂપ છે અને તે દ્વારા સુચવાયેલ અર્થની જ અહીં પ્રધાનતા છે.

અવ્યય—उच्चैः मुखं यस्य स उच्चैर्मुखः–જેનું મુખ ઊંચે છે તે–અહીં उच्चैः અવ્યય છે.

अन्तर् अङ्गानि यस्य स अन्तरङ्गः–જેનાં અંગો અંદર છે તે–અહીં अन्तर् અવ્યય છે.

શંકા—સૂત્રમાં 'નામ, નામ સાથે સમાસ પામે' એમ જણાવેલ તો છે જ અને अव्यय નામરૂપ પણ છે, તેથી નામમાં આવી જાય છે છતાં अव्यय નો જુદો નિર્દેશ શા માટે કરેલ છે ?

સમાધાન—અવ્યય નામરૂપ છે તેથી નામમાં આવી જાય છે પણ અવ્યયવાળા સમાસમાં एकार्थ ની જરૂર નથી એટલે અવ્યયવાળા સમાસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વપરાતાં નામો પરસ્પર વિશેષણવિશેષ્યભાવરૂપ સંબંધ ન ધરાવતાં હોય તો પણ તેમનો સમાસ થઈ જાય છે ત્યારે નામ સાથે બીજા નામના સમાસમાં **एकार्थ** હોવો જ જોઈએ–એ રીતે અવ્યયવાળા સમાસની અને નામ સાથે બીજા નામના સમાસની વચ્ચે વિશેષતા–ભેદ–છે એમ સમજાવવા સારુ અવ્યયનો જુદો નિર્દેશ કરેલ છે. ॥૩।૧।૨૨॥

## उष्ट्रमुखादयः ॥३।१।२३॥

उष्ट्रमुख વગેરે શબ્દોમાં બહુવ્રીહિ સમાસ સમજવો.

उष्ट्रमुखमिव मुखम् अस्य=उष्ट्रमुखः–ઊંટના મોં જેવું જેનું મોં છે.

આ પ્રયોગમાં उष्ट्रमुख ના मुख શબ્દનો લોપ થયો છે. જો લોપ ન કરવામાં આવે તો उष्ट्रमुखमुख શબ્દ બની જાય, ખરી રીતે શુદ્ધ શબ્દ તો उष्ट्रमुख છે.

वृषस्कन्ध इव स्कन्धः यस्य वृषस्कन्धः–જેની ખાંધ બળદની ખાંધ જેવી છે–આ પ્રયોગમાં પણ वृषस्कन्ध ના स्कन्ध શબ્દનો લોપ થયેલો છે નહીં તો वृषस्कन्धस्कन्ध એવું પદ બની જાય.

उष्ट्रमुखम् इव मुखं यस्य–આ સમાસમાં मुख શબ્દ ઉપમેય છે અને उष्ट्रमुखनो मुख શબ્દ ઉપમાન છે. સમાસ થતાં ઉપમાનરૂપ मुख શબ્દનો લોપ થાય છે તેથી उष्ट्रमुखमुख એવો પ્રયોગ ન થાય અને उष्ट्रमुख એવો જ પ્રયોગ થાય. 'સમાસમાં આવેલા ઉપમાનપદનો લોપ થાય છે' એ હકીકતને સૂચવવા આ સૂત્રનું વિધાન છે.

તથા

જે બે નામોમાં વિશેષણવિશેષ્યભાવસંબંધ નથી તેવાં નામોનો પણ સમાસ થઈ જાય, એ હકીકતને સૂચવવા માટે પણ આ સૂત્રનું વિધાન છે જેમકે; कण्ठे कालः यस्य स कण्ठेकालः આ સમાસમાં कण्ठे પદનો અને कालः પદનો વિશેષણ–વિશેષ્યભાવ નથી તો પણ સમાસ થયેલ છે અને પૂર્વપદરૂપ कण्ठेની વિભક્તિનો લોપ થતો નથી, એ હકીકત પણ આ સૂત્ર સૂચવે છે. એટલે વિભક્તિના લોપ વગરનો આ બહુવ્રીહિ સમાસ અલુપ્ બહુવ્રીહિ સમાસ કહેવાય. ॥૩।૧।૨૩॥

## सहस्तेन ॥३।१।२४॥

તૃતીયાંત નામ સાથે सह નો જે સમાસ થાય તેનું નામ બહુવ્રીહિ સમાસ કહેવાય. સમાસ પામતાં બે નામો કરતાં સમાસ પામેલ નામનો વિશિષ્ટરૂપ અન્ય–જુદો–અર્થ મુખ્ય હોવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહ અવ્યય છે. તેના બે અર્થ છે. ૧ તુલ્યયોગ, અને ૨ વિદ્યમાનતા.

સહ સાથે સમાસ પામનાર નામ દ્વારા જે અર્થ સૂચિત થતો હોય તેની અને સહ એટલે સાથે કોણ? એ પ્રશ્નના ઉત્તરરૂપે જે અર્થ અધ્યાહૃત જણાતો હોય તેની એટલે તે બન્નેની સરખી પ્રવૃત્તિ તથા સરખા ગુણ વગેરે હોય તેનું નામ તુલ્યયોગ.

સહ વિદ્યમાનતા એટલે હયાતી.

તુલ્યયોગ–पुत्रेण सहः आगतः (पिता)–सपुत्रः आगतः (अस्ति पिता)– પુત્ર પણ આવ્યો અને સાથે પિતા પણ આવ્યો. આ વાક્યમાં પુત્રની અને પિતાની બન્નેની આવવાની ક્રિયા એક સરખી છે તેથી तुल्ययोग છે.

વિદ્યમાનતા–कर्मणा सह=सकर्मकः (आत्माऽस्ति)—કર્મ પણ છે અને (આત્મા પણ છે). એટલે આત્મા વિદ્યમાન છે તેમ તની સાથે કર્મ પણ વિદ્યમાન જ છે તેથી બન્ને એક સરખાં વિદ્યમાન હોવાથી વિદ્યમાનતા છે.

આ સમાસમાં જે બહારનું પદ પ્રધાન છે તે પ્રથમાંત છે. દ્વિતીયાંત વગેરે નથી. માટે આ સૂત્ર જુદું બનાવવું પડયું છે. ॥૩।૧।૨૪॥

## दिशो रूढ्या अन्तराले ॥३।१।२५॥

રૂઢિથી દિશાવાચક નામનો રૂઢિથી જ દિશાવાચક નામ સાથે જે સમાસ થાય તે બહુવ્રીહિ સમાસ કહેવાય. સમાસ થયા પછી સમાસ પામેલા નામોવાળા પ્રયોગનો 'અંતરાલ' એવો અર્થ હોય તો.

दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोः यदन्तरालं तद् दक्षिणपूर्वा दिक्–દક્ષિણ દિશા અને પૂર્વ દિશાનો અંતરાલ ભાગ એટલે ઈશાન ખૂણો.

આ સમાસમાં પણ બહારનું પદ પ્રથમા વિભક્તિવાળું છે તેથી આ સૂત્રની રચના જુદી કરવી પડી છે.

ऐन्द्रयाश्च कौबेर्याश्च दिशोः यदन्तरालम्–પૂર્વ અને ઉત્તર દિશાનો જે અંતરાલ ભાગ–અહીં ऐन्द्री અને कौबेरी નામ રૂઢિથી દિશાવાચક નથી તેથી સમાસ ન થયો.

અવ્યયીભાવ સમાસ– ॥૩।૧।૨૫॥

## तत्रादाय मिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः ॥३।१।२६॥

સપ્તમી વિભક્તિવાળું નામ, સપ્તમી વિભક્તિ વાળા તેવા જ બીજા સરખેસરખા નામ સાથે સમાસ પામે. એ બે નામોની વચ્ચે 'પરસ્પર ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને' એવી ક્રિયાનો સંબંધ હોય તો. તથા તૃતીયા વિભક્તિવાળું નામ, તૃતીયા વિભક્તિવાળા તેવા જ બીજા સરખેસરખા નામ સાથે સમાસ પામે. તે બે નામો વચ્ચે 'પરસ્પર પ્રહાર કરીને' એવી ક્રિયાનો સંબંધ હોય તો. આ સ્થલે સમાસ પામનારાં બન્ને નામો અક્ષરની અપેક્ષાએ સર્વથા એકસરખાં હોવાં જોઈએ એમ સમજવાનું છે અને સમાસ થવાની શરત એ છે કે સમાસ પામતાં બન્ને નામોનો, સમાસ થયા પછી યુદ્ધરૂપ અર્થ જણાતો હોવો જોઈએ. આ સમાસનું નામ અવ્યયીભાવ છે.

आदाय–केशेषु च केशेषु च मिथः आदाय परस्परं कृतं युद्धम्=केशाकेशि–એક બીજાના વાળોને ખેંચીને કરેલું યુદ્ધ.

प्रहृत्य–दण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य परस्परं कृतं युद्धम्=दण्डादण्डि–દંડાઓ અને દંડાઓ વડે મારીને એક બીજા સાથે કરેલું યુદ્ધ.

केशांश्च केशांश्च गृहीत्वा कृतं युद्धम्–વાળોને અને વાળોને પકડીને સામસામા કરેલું યુદ્ધ–અહીં केश શબ્દ સપ્તમ્યંત નથી પણ દ્વિતીયાંત છે.

मुखं च मुखं च प्रहृत्य कृतं युद्धम्–સામસામે મોંનો પ્રહાર કરીને કરેલું યુદ્ધ–અહીં मुख શબ્દ તૃતીયાંત નથી પણ દ્વિતીયાંત છે.

केशेषु च केशेषु च स्थित्वा कृतं युद्धं गृहकोकिलाभ्याम्–વાળો ઉપર અને વાળો ઉપરને બેસીને બે ગૃહકોકિલોએ કરેલું યુદ્ધ–અહીં 'પરસ્પર ગ્રહણ કરીને' એવી ક્રિયા નથી.

दण्डैश्च दण्डैश्चागत्य कृतं युद्धं गृहकोकिलाभ्याम्– દંડો વડે અને દંડો વડે ઉપર આવીને બે ગૃહકોકિલોએ કરેલું યુદ્ધ–અહીં 'પરસ્પર મારીને' એવી ક્રિયા નથી. ગૃહકોકિલા એટલે ઘરની પાળેલી કોયલ

हस्ते च पादे च गृहीत्वा कृतं युद्धम्–હાથને અને પગને ખેંચીને કરેલું યુદ્ધ–અહીં हस्त અને पाद એ બન્ને શબ્દો એક સરખા સમાનરૂપવાળા નથી.

हस्ते च हस्ते च आदाय कृतम् सख्यम्–હાથમાં અને હાથમાં પકડીને કરેલી મિત્રતા–અહીં યુદ્ધ અર્થ નથી. ॥૩।૧।૨૬॥

## नदीभिर्नाम्नि ॥३।१।२७॥

કોઈ પણ નામ, નદીવાચક નામ સાથે સમાસ પામે, જો સમાસ પામેલાં નામો સમાસ થયા પછી કોઈ વિશેષ સંજ્ઞા જણાવતા હોય. આ સમાસનું નામ અવ્યયીભાવ સમાસ છે.

उन्मत्ता गङ्गा यस्मिन् देशे सः= उन्मत्तगङ्गं देशः– 'ઉન્મત્તગંગ' કોઈ દેશનું નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तूर्णी गङ्गा यस्मिन् देशे सः=तूर्णीगङ्ग देशः–જે દેશમાં ગંગા શાંત છે–અવાજ કરતી નથી. આ 'તૂષ્ણીંગંગ' પણ કોઇ દેશનું નામ છે. शीघ्रा गङ्गा यस्मिन् देशे = જે પ્રદેશમાં ઉતાવળે જતી ગંગા છે.—અહીં 'શીઘ્રગંગ' કોઇ વિશેષનામ નથી. ॥૩।૧।૨૭॥

## सङ्ख्या समाहारे ॥३।१।२८॥

આ સૂત્રમાં અને પછીના સૂત્રોમાં 'બહારનું પદ પ્રધાન હોય' એવો અર્થ સમજવાનો નથી.

સંખ્યાવાચી નામ, નદીવાચી નામ સાથે સમાહારનો અર્થ જણાતો હોય તો સમાસ પામે, એ સમાસને અવ્યયીભાવ સમાસ કહે છે.

સમાહાર એટલે મેલાપ

द्वयोः यमुनयोः समाहारः=द्वियमुनम्–જ્યાં બે યમુનાઓ ભેગી થતી હોય તે સ્થળ.

पञ्चानां नदीनां समाहारः=पञ्चनदम् જ્યાં પાંચ નદીઓ ભેગી થાય તે સ્થળ—પંજાબ.

एका चासौ नदी च एकनदी–એક નદી–અહીં સમાહાર નથી.

દ્વિગુ સમાસનો બાધ કરવા માટે આ સૂત્ર છે એટલે द्वियमुनम्, पञ्चनदम् માં દ્વિગુસમાસ ન થાય. ॥૩।૧।૨૮॥

## वंश्येन पूर्वार्थे ॥३।१।२९॥

જ્યાં પરંપરાથી વિદ્યા ચાલી આવતી હોય એવા પેઢીદરપેઢી ચાલ્યા આવતા વિદ્યાના પ્રવાહનું નામ વિદ્યાવંશ કહેવાય. અથવા જ્યાં પરંપરાથી પેઢીદરપેઢી સમૃદ્ધિ રાજ્ય વગેરેનો પ્રવાહ એક સરખો ચાલ્યો આવતો હોય તે યોનિવંશ કહેવાય. એવા વંશમાં આદ્યપુરુષરૂપે જે જન્મેલો હોય તેને અહીં 'વંશ્ય' રૂપે સમજવાનો છે

કોઈ પણ સંખ્યાવાચી નામ, આવા વંશ્યસૂચક નામ સાથે સમાસ પામે, તે અવ્યયીભાવ સમાસ કહેવાય. સમાસ થયા પછી તૈયાર થયેલા પ્રયોગના અર્થમાં પૂર્વના પદના અર્થની પ્રધાનતા હોવી જોઈએ.

વિદ્યાવંશ–एको मुनिः वंश्यो व्याकरणस्य=एकमुनि व्याकरणस्य–વ્યાકરણની પરંપરામાં એક જ આદ્ય પુરુષ મુનિ છે.

સમૃદ્ધિવંશ—सप्त काशयो वंश्याः राज्यस्य=सप्तकाशि राज्यस्य–રાજ્યની પરંપરામાં સાત રાજાઓ કાશી વંશના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

द्विमुनिकं व्याकरणम्-જેની મૂળ પરંપરામાં બે મુનિઓ છે એવું વ્યાકરણ-અહીં પૂર્વપદરૂપ द्वि શબ્દનો અર્થ મુખ્ય નથી. ॥૩।૧।૨૯॥

## पारे-मध्ये-ऽग्रे-अन्त : षष्ठ्या वा ॥३।१।३०॥

पारे, मध्ये, अग्रे, अन्तः એ નામો, ષષ્ઠયંત નામ સાથે વિકલ્પે સમાસ પામે, અવ્યયીભાવ કહેવાય; જો પૂર્વપદનો અર્થ મુખ્ય હોય તો.

गङ्गायाः पारम्=पारेगङ्गम्, गङ्गापारम्-ગંગાને સામે પાર.

गङ्गायाः मध्यम्=मध्येगङ्गम्, गङ्गामध्यम्-ગંગાની મધ્યમાં.

वनस्य अग्रम्=अग्रेवणम्, वनाग्रम्-વનના અગ્રભાગમાં.

गिरेः अन्तः=अन्तर्गिरम्, गिर्यन्तः-ગિરિના-ગિરના-પ્રદેશની વચ્ચે. ॥૩।૧।૩૦॥

## यावदियत्त्वे ॥३।१।३१॥

यावत् એવું નામ, બીજા નામ સાથે સમાસ પામે, પૂર્વપદનો અર્થ પ્રધાનરૂપે હોય તો. આ સમાસ અવ્યયીભાવ કહેવાય. સમાસ પામેલા વાક્ય દ્વારા इयत्ता-'અમુક પ્રમાણનું-અમુક માપવાળું'-એવો અર્થ જણાતો હોય તો.

यावन्ति अमत्राणि इति=यावदमत्रं भोजय-જેટલાં વાસણો છે તેટલાંને જમાડ. અર્થાત્ અહીં જમનારા લોકોનું, વાસણોની સંખ્યા જેટલું પ્રમાણ છે તેથી ઇયત્તા છે.

यावद् दत्तं तावद् भुक्तम्-જેટલું આપ્યું તેટલું ખાધું,-અહીં ઇયત્તા જણાતી નથી-માપ જણાતું નથી. ॥૩।૧।૩૧॥

## पर्यपाङ्-बहिरच् पञ्चम्या ॥३।१।३२॥

परि, अप, आङ्, बहिर् અને જેને છેડે अच् છે એવાં નામો, પંચમ્યંત નામ સાથે સમાસ પામે. જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો. આ અવ્યયીભાવ સમાસ કહેવાય.

परि त्रिगर्तेभ्यः=परित्रिगर्तम्-ત્રિગર્ત નામના દેશની આજુબાજુ.

अप त्रिगर्तेभ्यः=अपत्रिगर्तम्-ત્રિગર્ત દેશથી નીચે.

आ ग्रामात्=आग्रामम्-ગામ સુધી.

बहिः ग्रामात्=बहिर्ग्रामम्-ગામથી બહાર અમુક મર્યાદા સુધી.

प्राग् ग्रामात्=प्राग्ग्रामम्-ગામથી પૂર્વમાં અમુક મર્યાદા સુધી.

परि वृक्षं विद्युत्-વૃક્ષની આજુબાજુએ વિજળી છે-અહીં પંચમી વિભક્તિ નથી પણ वृक्षम् એમ દ્વિતીયા છે એથી સમાસ ન થાય. ॥૩।૧।૩૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## लक्षणेनाभि-प्रती आभिमुख्ये ॥३।१।३३॥

આભિમુખ્ય-'સામે' અર્થવાળા अभि અને प्रति શબ્દો, લક્ષણ–ચિહ્ન-સૂચક નામ સાથે સમાસ પામે, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો, આ સમાસ અવ્યયીભાવ સમાસ કહેવાય.

अभि अग्निम्=अभ्यग्नि शलभाः पतन्ति–અગ્નિની સામે પતંગિયાં પડે છે.

प्रति अग्निम्=प्रत्यग्नि शलभाः पतन्ति–અગ્નિની સામે પતંગિયાં પડે છે.

અહીં આ બન્ને પ્રયોગોમાં अग्नि શબ્દ પતંગિયાં ક્યાં પડે છે ? તેના લક્ષણનો–નિશાનનો સૂચક છે.

स्रुघ्नं प्रति गतः–સ્રુઘ્ન દેશ તરફથી પાછો વળીને ફરી પાછો સ્રુઘ્ન દેશ તરફ ગયો.–અહીં સ્રુઘ્ન શબ્દ લક્ષણસૂચક નથી.

अभ्यङ्काः गावः (अभिमुखः अङ्कः यासां ताः–गावः)–જેમના શરીર ઉપર સામે જ નિશાન છે એવી ગાયો.–અહીં પૂર્વપદનો અર્થ પ્રધાન નથી પણ અન્ય એટલે સમાસ બહારના પદનો અર્થ પ્રધાન છે. ॥૩।૧।૩૩॥

## दैर्घ्येऽनुः ॥३।१।३४॥

જે દ્વારા 'લંબાઈ' અર્થની સૂચના જણાતી હોય તેવા નામ સાથે લંબાઈ અર્થના સૂચક अनु નામનો સમાસ થાય, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો, તે અવ્યયીભાવ સમાસ કહેવાય.

गङ्गायाः अनु इति अनुगङ्गं वाराणसी–ગંગાની લંબાઈ પ્રમાણે વારાણસીની લંબાઈ છે એટલે વારાણસીમાં ગંગા જેટલી લાંબી છે તેટલી વારાણસી લાંબી છે.

वृक्षमनु विद्युत्–વૃક્ષની પાછળ વીજળી છે–અહીં વૃક્ષ નામ દ્વારા લંબાઈ સૂચવાતી નથી. ॥૩।૧।૩૪॥

## समीपे ॥३।१।३५॥

જે નામ દ્વારા 'સમીપનું–પાસેનું'–એવા અર્થનું સૂચન થતું હોય તે નામની સાથે 'સમીપ' અર્થવાળું अनु નામ સમાસ પામે, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો. તે સમાસ અવ્યયીભાવ કહેવાય.

वनस्य अनु–अनुवनम् अशनिः गता–વનની પાસે ઉલ્કા ખરી. ॥૩।૧।૩૫॥

## तिष्ठद्गु–इत्यादयः ॥३।१।३६॥

तिष्ठद्गु વગેરે શબ્દોનો અવ્યયીભાવ સમાસ સમજવો. એમાં કોઈ ઠેકાણે પૂર્વપદનો અર્થ મુખ્ય હોય છે અને ક્યાંય અન્ય અર્થ મુખ્ય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिष्ठन्ति गावो यस्मिन् काले इति=तिष्ठद्गु कालः–જે સમયે ગાયો બેસી રહેતી હોય તે કાળ. અહીં कालरूप अन्य अर्थ મુખ્ય છે.

नामेः अधः=अधोनाभं हतः–નાભિથી નીચેના ભાગમાં હણ્યો. અહીં પૂર્વપદ अधः નો અર્થ મુખ્ય છે.

तिष्ठद्गु વગેરે અનેક શબ્દો આ પ્રમાણે છે—

तिष्ठद्गु–જે વખતે ગાયો ગર્ભના ગ્રહણ માટે, દોહાવા માટે, ભાર વહેવા માટે, પોતાના વાછડાઓ માટે, નિવાસ માટે કે પાણી પીવા માટે ઉભી રહે છે તે વખત. गो શબ્દ 'બળદ' અર્થનો પણ સૂચક હોઈ શકે છે.

खलेयवम्–જે વખતે ખળામાં જવ પડ્યા હોય તે વખત.

खलेबुसम्–જે વખતે ખળામાં ભૂંસું પડ્યું હોય તે વખત.

આ બન્ને પ્રયોગો અલુપ્ સમાસ-વાળા છે—खले પદની સપ્તમીનો લોપ થયેલ નથી.

लूनयवम्–જે વખતે જવની કાપણી –લણણી–થઈ ગઈ હોય તે વખત.

लूयमानयवम्–જે વખતે જવની લણણી ચાલતી હોય તે વખત.

पूनयवम्–જે વખતે જવ ઉપણાઈ ગયા હોય તે વખત.

पूयमानयवम्–જે વખતે જવ ઉપણાઈ રહ્યા હોય તે વખત.

संहृतयवम्–જે વખતે જવ ભેગા થઈ ચુક્યા હોય તે વખત.

संह्रियमाणयवम्–જે વખતે જવ ભેગા થતા હોય તે વખત.

संहृतबुसम्–જે વખતે ભૂંસું ભેગું થઈ ચુક્યું હોય તે વખત.

संह्रियमाणबुसम्–જે વખતે ભૂંસું ભેગું થતું હોય તે વખત.

खलेयवम्થી संह्रियमाणबुसम् સુધીના શબ્દોનો પ્રયોગ પ્રથમા વિભક્તિમાં જ થાય છે તેથી खलेयवम् खलेयवेन એવા દ્વિતીયાંત તથા તૃતીયાંત વગેરે પ્રયોગો ખોટા સમજવા.

अधोनाभम्–નાભિની નીચેનો ભાગ

समभूमि– ,,

सम भूमिः–સમતળ જમીનવાળો પ્રદેશ

समपदातिः–સરખા પાયદળવાળી સેના

समंपदाति– ,,

सुषमम्–બરાબર સરખું–વિશેષ અનુકૂળ

विषमम्–વિષમ–સરખું નહીં–પ્રતિકૂળ

निष्षमम्– ,,

दुष्षमम्– ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपरसमम् સમથી બીજું–સમથી જુદું, સમ એટલે સરખું
आयतीसमम्–ભવિષ્યની સરખાઈ અથવા વરસનું ભવિષ્ય
पापसमम्–વરસનું પાપ અથવા પાપરૂપ વરસ
पुण्यसमम्–વરસનું પુણ્ય અથવા પુણ્યરૂપ વરસ
प्राह्णम्–દિવસનો પ્રકર્ષ
प्ररथम्–રથની પ્રગતિ
प्रमृगम्–મૃગનો પ્રકર્ષ અથવા મૃગની પ્રગતિ
प्रदक्षिणम्–દક્ષિણનો પ્રકર્ષ–જમણું
एकान्तम्–એકાંત
प्रान्तम्–છેડો કે છેડાનું–વધ્યું ઘટ્યું
समपक्षम्–પક્ષની સમાનતા
समतीर्थम्–તીર્થની સમાનતા
समानतीरम्–તીરની સમાનતા
संप्रति–સંપ્રતિ–વર્તમાનમાં
असंप्रति–વર્તમાન નહીં અથવા અનુચિત
अप्रदक्षिणम्–પ્રદક્ષિણ નહીં
केशाकेशि–દાઢીના કે માથાના વાળોને–કેશોને– પરસ્પર ખેંચીને થતી લડાઈ.
दण्डादण्डि–દંડાવડે પરસ્પર થતી લડાઈ
द्विदण्डि–જેમાં બે દંડ છે
द्विमुसलि–જેમાં બે સાંબેલાં–મુસળો છે
प्रसव्यम्–જમણું
अपसव्यम्–ડાબું
यत्प्रभृति–જ્યારથી માંડીને
तत्प्रभृति–ત્યારથી માંડીને
इतःप्रभृति–આ તરફથી માંડીને.

અહીં જે આ શબ્દો લખેલા છે તે સિવાય બીજા આવા સમાસરૂપ શબ્દોને અહીં લઈ લેવાના છે.

तिष्ठद्गु વગેરે इतःप्रभृति શબ્દ સુધીના તમામ શબ્દોનો બીજા કોઈ શબ્દની સાથે સમાસ થતો નથી એથી परमतिष्ठद्गु કે प्रियतिष्ठद्गु એવા પ્રયોગો ન થાય પણ परमं तिष्ठद्गु એવું વાક્ય જ વાપરી શકાય, એ જ પ્રમાણે तिष्ठद्गु प्रियम् अस्य એવા વાક્યનો જ પ્રયોગ થાય પણ સમાસ ન થાય. ॥૩।૧।૩૬॥

## नित्यं प्रतिनाऽल्पे ॥३।१।३७॥

કોઈ પણ નામ, 'અલ્પ' અર્થના સૂચક प्रति નામ સાથે સમાસ પામે, તે નિત્ય અવ્યયીભાવ કહેવાય.

शाकस्य अल्पम्=शाकप्रति–થોડું શાક.

वृक्षं प्रति विद्युत्–વૃક્ષની સામે વીજળી છે.–અહીં प्रति શબ્દનો 'અલ્પ' અર્થ નથી. ॥૩।૧।૩૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**संख्याऽक्ष-शलाकं परिणा द्यूतेऽन्यथावृत्तौ ॥ ३ । १ । ३८॥**

સંખ્યાવાચક નામ, તથા अक्ष અને शलाका એ નામો परि સાથે નિત્યસમાસ પામે, એ સમાસ અવ્યયીભાવ કહેવાય. જો 'જુગાર રમતાં જેવું ધાર્યું હતું એવું પરિણામ ન આવે' એવો અર્થ જણાતો હોય તો.

દ્યૂત-पञ्चिका નામનું દ્યૂત-પાંચ પાસા વડે અથવા પાંચ સળીઓ વડે રમાય છે. આ દ્યૂતમાં પાસા કે સળી નાખનારના પાંચે પાસા કે પાંચે સળીઓ ચત્તી પડે કે ઊંધી પડે તો પાસા કે સળી નાખનારનો જય થાય છે અને એમ ન થાય તો પરાજય થાય છે.

સંખ્યાવાચકનામ—एकेन न तथावृत्तम् इति=एकपरि—એક પાસો ધાર્યા પ્રમાણે ન આવ્યો કે એક સળી ધાર્યા પ્રમાણે ન આવી, આવ્યાં હોત તો ધારી જિત થાત.

સમાસ કરતી વખતે अक्ष અને शलाका શબ્દોનો એકવચનમાં જ પ્રયોગ કરવાનો છે.

अक्षेण न तथावृत्तम् इति=अक्षपरि—એક પાસો બરાબર ન પડ્યો, જો પડ્યો હોત તો જિત થઈ જાત.

शलाकया न तथावृत्तम्=शलाकापरि—એક સળી એવી રીતે ન પડી, જો પડી હોત તો ધાર્યો જય થાત.

पाशकेन न तथावृत्तम्-પાસો સરખો ન પડ્યો, જો પડ્યો હોત તો જય થાત-અહીં पाशक શબ્દ છે, अक्ष કે शलाका શબ્દ નથી.

નિત્યસમાસનો ખાસ અર્થ આ પ્રમાણે છે—

આ પ્રકરણમાં જે અવ્યયનો બીજા નામ સાથે સમાસ કરવાનો હોય ત્યારે સમાસનાં પદોને છુટાં છુટાં બોલતી વખતે તે અવ્યયને ન બોલવામાં આવે પણ તેને બદલે તેના અર્થનું સૂચક જે પદ હોય તેનો જ ઉપયોગ કરવામાં આવે એવા સમાસને 'નિત્યસમાસ' કહેવામાં આવે છે.

रथस्याक्षेण न तथावृत्तम्- રથના પૈડા વડે તેમ ન વર્તાયું જેથી રથ બરાબર ચાલે-અહીં अक्ष શબ્દ તો છે પણ તેનો સંબંધ દ્યૂત સાથે નથી. ॥ ૩ । ૧ । ૩૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विभक्ति-समीप-समृद्धि-व्यृद्धि-अर्थाभावा-ऽत्यया-ऽसंप्रति-पश्चात्-क्रम-ख्याति-युगपत्-सदृक्-सम्पत्-साकल्यान्तेऽव्ययम् ॥ ३ । १ । ३९ ॥

વિભક્તિનો-કારકનો-અર્થ, સમીપતા, સમૃદ્ધિ-ઋદ્ધિની હયાતી, विऋद्धि-ઋદ્ધિનો અભાવ, अर्थाभाव-જડ કે ચેતન વસ્તુનો સર્વથા અભાવ, अत्यय-અતીતતા-વીતી જવું, असंप्रति-વર્તમાન કાળમાં જેના ઉપભોગની જરૂરિયાત ન હોય એટલે કાલાતીતપણું સૂચિત થતું હોય, पश्चात्-પાછળ, क्रम-અનુક્રમ, ख्याति-પ્રસિદ્ધિ, युगपत्-એક સાથે, सदृक्-સરખું, संपत्-સંપત્તિ-સિદ્ધિ, साकल्य-સમગ્રતા-સહિતતા અને अंत-છેડે.-આ બધા અર્થનું સૂચક અવ્યયરૂપ નામ, કોઈ પણ નામ સાથે નિત્યસમાસ પામે, તેને અવ્યયીભાવ સમાસ કહેવાય, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો.

વિભક્ત્યર્થ-કારક-स्त्रीषु अधि=अधिस्त्रि-સ્ત્રીઓમાં-અહીં અધિકરણ કારકનો અર્થ છે.

સામીપ્ય-कुम्भस्य समीपम्=उपकुम्भम्-ઘડાની પાસે.

સમૃદ્ધિ-मद्राणां समृद्धिः=सुमद्रम्-મદ્રદેશમાં સમૃદ્ધિની હયાતી.

વ્યૃદ્ધિ-यवनानां विगता ऋद्धिः=दुर्यवनम्-યવનોની ઋદ્ધિ ચાલી ગઈ-યવનો ખુવાર થયા.

અર્થાભાવ-मक्षिकाणाम् अभावः=निर्मक्षिकम्-માંખોનો તદ્દન અભાવ-તદ્દન એકાંત

અત્યય-वर्षस्य अत्ययः=अतिवर्षम्-વર્ષા ઋતુ વીતી ગઈ.

અસંપ્રતિ-कम्बलस्य उपभोगाभावः=अतिकम्बलम्-જે કાળમાં કાંબળના ઉપયોગની જરૂરીયાત ન હોય તે કાળ-ઉનાળો. આ પ્રયોગ કાલાતીતતાનો સૂચક છે.

પશ્ચાત્-रथस्य पश्चात्=अनुरथम्-રથની પાછળ.

ક્રમ-ज्येष्ठस्य क्रमेण-अनुज्येष्ठम्-જ્યેષ્ઠના ક્રમ પ્રમાણે-નાનામોટાના ક્રમ પ્રમાણે.

ખ્યાતિ-भद्रबाहोः ख्यातिः=इतिभद्रबाहु-**ભદ્રબાહુ**ની પ્રસિદ્ધિ-તમામ લોકો 'ભદ્રબાહુ ભદ્રબાહુ' એમ બોલે છે.

યુગપત્-चक्रेण सह एककालम्=सचक्रं धेहि-એક પૈડાની સાથે એક જ વખતે બીજું પૈડું સ્થિર કર.

સદૃક્-व्रतेन सदृक्-सव्रतम्-વ્રતની સમાન-આ નિયમ વ્રતની સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપત્-ब्रह्मणः संपत्=सब्रह्म साधूनाम्-સાધુઓને બ્રહ્મ-બ્રહ્મચર્ય-સિદ્ધ થયેલ છે

સાકલ્ય-तृणेन साकल्यम्-सतृणम् अभ्यवहरति-તે (ગાય) ખાણ સાથે તણખલાં સુદ્ધાં ખાઈ જાય છે એટલે બધું જ ખાઈ જાય છે-કાંઈ બાકી મેલતી નથી.

અન્ત-पिण्डैषणायाः अन्तम्-सपिण्डैषणम् अधीते-આચારાંગ સૂત્રમાં આવેલ પિંડૈષણા નામના અધ્યયનના અંત-છેડા-સુધી ભણે છે. એટલે હજુ આખુંય આચારાંગ ભણ્યો નથી.

'અંત' શબ્દ 'સાકલ્ય' ને-સંપૂર્ણતાને-સૂચવતો નથી એટલે साकल्य અને અંતના અર્થમાં એટલો ફેર સમજવો.

ઉપરના બધા ઉદાહરણોમાં અનુક્રમે अधि, उप, सु, दुर्, निर्, अति, अति, अनु, अनु, इति, स, स, स, स, स અવ્યયોનો તે તે નામ સાથે સમાસ થયેલ છે. આ રીતે બધે સમજવું. ॥ ૩ । ૧ । ૩૯ ॥

## योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये ॥ ३ । १ । ४० ॥

યોગ્યતા, વીપ્સા-વારંવાર ક્રિયા કરવી, અર્થાનતિવૃત્તિ એટલે અર્થનું-વર્તમાન પરિસ્થિતિનું-ઉલ્લંઘન ન કરવું અને સાદૃશ્ય-સરખાઈ-એ અર્થનું સૂચક અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે અવ્યયીભાવ સમાસ કહેવાય, પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો.

अनु-યોગ્યતા-रूपस्य योग्यता=अनुरूपम्-રૂપ પ્રમાણે ચેષ્ટા કરે છે.

प्र-વીપ્સા-अर्थम् अर्थं प्रति=प्रत्यर्थम्-દરેક પદાર્થ પ્રતિ.

यथा-અર્થાનતિવૃત્તિ-शक्तिमनतिक्रम्य=यथाशक्ति-શક્તિ મુજબ.

स-સાદૃશ્ય-सदृशं शीलम्=सशीलम् अनयोः-આ બન્નેનું શીલ સરખું છે. ॥ ૩ । ૧ । ૪૦ ॥

## यथाऽथा ॥ ३ । १ । ४१ ॥

થા પ્રત્યય વગરનું यथा અવ્યય, પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે અવ્યયીભાવ સમાસ કહેવાય.

यथा-

रूपेण अनुकूलम् इति=यथारूपम् चेष्टते-રૂપને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે-પોતાને ફાવે તેવી પ્રવૃત્તિ કરે છે.

वृद्धान् अनुक्रमेण अर्चय=यथावृद्धम् अर्चय-ક્રમ પ્રમાણે વૃદ્ધોની પૂજા કરે.

सूत्रम् अनुसृत्य=यथासूत्रम्-સૂત્રને અનુસારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यथा चैत्रः तथा मैत्रः–જેવો ચૈત્ર તેવો મૈત્ર–અહીં यथा પદમાં था પ્રત્યય છે તેથી સમાસ ન થયો. ॥ ૩।૧।૪૧॥

**તત્પુરુષસમાસ—**

## गति-कु अन्यस्तत्पुरुषः ॥ ३ । १ ।४२॥

ગતિ સંજ્ઞાવાળાં નામ અને कु એવું નામ, બીજાં નામ સાથે સમાસ પામે, તે ઉપર કહેલા સમાસથી અન્ય સમાસ કહેવાય એટલે તત્પુરુષ કહેવાય પણ બહુવ્રીહિ કે અવ્યયીભાવ ન કહેવાય.

ગતિસંજ્ઞક–ऊरी कृत्वा इति=ऊरीकृत्य–સ્વીકાર કરીને–અહીં ऊरी અને कृत्वाનો સમાસ છે.

,, – खाट् इति अनुकरणं कृत्वा=खाट्कृत्य–ખોંખારા ખાઈને–અહીં खाट् અને कृत्वाનો સમાસ છે.

,, – प्र कृत्वा=प्रकृत्य–વિશેષ કરીને. અહીં प्र અને कृत्वाનો સમાસ છે.

,, – कारिका कृत्वा=कारिकाकृत्य–મર્યાદા કરીને.

कु – कु એટલે પાપ અથવા ઓછું–कुत्सितो ब्राह्मणः=कुब्राह्मणः–ખરાબ બ્રાહ્મણ.

कु – ईषद् उष्णम्=कोष्णम्–થોડું–ઓછું–ઊનું.

कुत्सितः पुरुषः यस्य सः=कुपुरुषकः–જેનો ખરાબ પુરુષ છે તે–અહીં यस्य પદથી સૂચવાતો અન્ય અર્થ પ્રધાન છે તેથી બહુવ્રીહિ સમાસ છે. ॥ ૩।૧।૪૨॥

## दुर्निन्दा-कृच्छ्रे ॥ ३ । १ । ४३ ॥

નિંદા અર્થવાળું અને કૃચ્છ્ર–કષ્ટ–અર્થવાળું दुर् અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે તત્પુરુષ કહેવાય,

निन्दितः पुरुषः=दुष्पुरुषः–નિંદનીય પુરુષ.

कृच्छ्रेण कृतम्=दुष्कृतम्-કષ્ટ વડે કરેલું

दुष्टः पुरुषः यस्मिन् सः=दुष्पुरुषकः–જેમાં દુષ્ટ પુરુષ છે તે–અહીં અન્ય અર્થપ્રધાન હોવાથી બહુવ્રીહિ સમાસ છે. ॥ ૩।૧।૪૩॥

## सुः पूजायाम् ॥ ३ । १ । ४४ ॥

પૂજા–સારા–અર્થવાળું सु અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે તત્પુરુષ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शोभनो राजा=सुराजा–સારો રાજા.

मद्राणां समृद्धिः=सुमद्रम्=મદ્રદેશના લોકોની સમૃદ્ધિ-અહીં તત્પુરુષ સમાસ નથી પણ (જુઓ ॥૩।૧।૩૯॥) અવ્યયીભાવ સમાસ છે. ॥૩।૧।૪૪॥

## अतिरतिक्रमे च ॥ ३ । १ । ४५ ॥

અતિક્રમ–હદથી વધારે–અર્થવાળું અને 'પૂજા' અર્થવાળું अति અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે. તે તત્પુરુષ સમાસ કહેવાય.

अति–

अतिक्रमेण स्तुतिं कृत्वा=अतिस्तुत्य–ઘણી–હદબહાર–સ્તુતિ કરીને.

पूजितो राजा=अतिराजा–સારો રાજા. ॥ ૩ । ૧ । ૪૫ ॥

## आङल्पे ॥ ३ । १ । ४६ ॥

'અલ્પ' અર્થવાળું आ (आङ्) અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે તત્પુરુષ કહેવાય.

ईषत् कडारः–आकडारः–થોડો પીળો. ॥ ૩ । ૧ । ૪૬ ॥

## प्रात्यव-परि-निरादयो गत–क्रान्त-क्रुष्ट-ग्लान–क्रान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः ॥ ३ । १ । ४७ ॥

'ગત' વગેરે અર્થવાળા प्र વગેરે નામો, પ્રથમાંત નામ સાથે, 'ક્રાંત' વગેરે અર્થવાળા अति વગેરે નામો, દ્વિતીયાંત નામ સાથે, 'ક્રુષ્ટ' વગેરે અર્થવાળા अव વગેરે નામો, તૃતીયાંત નામ સાથે, 'ગ્લાન' વગેરે અર્થવાળા परि વગેરે નામો, ચતુર્થ્યંત નામ સાથે અને ક્રાન્ત વગેરે અર્થવાળા निर् વગેરે નામો, પંચમ્યન્ત નામ સાથે નિત્યસમાસ પામે, તે તત્પુરુષ કહેવાય.

પ્રાદિ –प्रगतः आचार्यः=प्राचार्यः–ઉત્તમ આચાર્ય.

,, संगतः अर्थः=समर्थः–સંગત અર્થ.

અત્યાદિ—खट्वाम् अतिक्रान्तः=अतिखट्वः–ખાટ કરતાં વધારે જડ.

,, वेलाम् उद्गतः=उद्वेलः–જેમાં પાણીની ખૂબ વેળ આવે છે તે સમુદ્ર.

અવાદિ—क्रुष्टः कोकिलेन=अवकोकिलः–કોકિલ વડે શબ્દવાળો થયેલો.

,, परिगतः वीरुता=परिवीरुत्–વેલવડે ચારે બાજુએ વીંટાએલો.

પર્યાદિ—ग्लानः अध्ययनाय=पर्यध्ययनः–અધ્યયન માટે થાકેલો–અધ્યયન માટે હોંશ વગરનો.

,, उत्सुकः संग्रामाय=उत्सङ्ग्रामः–સંગ્રામ માટે ઉત્સુક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાદિ—निर्गतः कौशाम्ब्याः=निष्कौशाम्बिः–કૌશાંબીથી નીકળેલો.

,, अपगतः शाखायाः=अपशाखः–શાખાથી–ડાળથી–પડી ગયેલો.

કોઈ પ્રયોગમાં अन्तर નામનો ષષ્ઠયંત નામ સાથે પણ સમાસ થઈ જાય છે. જેમ–गार्ग्यस्य अन्तः–मध्ये–अन्तर्गार्ग्यः–ગાર્ગ્યની અંદરનો.

वृक्षं प्रति विद्युत्–વૃક્ષ તરફ વીજળી–અહીં प्रति શબ્દ છે પણ તે ગતાદિ અર્થવાળો નથી.

प्रगताः आचार्याः यस्मिन् देशे=प्राचार्यको देशः–જે દેશમાંથી આચાર્યો ચાલ્યા ગયા છે–અહીં અન્ય અર્થ પ્રધાન છે તેથી બહુવ્રીહિ સમાસ છે.

॥ ૩ । ૧ । ૪૭ ॥

## अव्ययं प्रवृद्धादिभिः ॥ ३ । १ । ४८ ॥

કોઈ પણ અવ્યય, प्रवृद्ध વગેરે નામો સાથે નિત્યસમાસ પામે અને તે તત્પુરુષ કહેવાય.

अतिशयेन प्रवृद्धम्=पुनःप्रवृद्धम्=ફરીથી વધારે વધેલો યજ્ઞ.

मध्ये भूतः=अन्तर्भूतः=વચ્ચે આવેલો અથવા સમાયેલો.

प्रवृद्ध વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા—

पुनःप्रवृद्धं बर्हिः–ફરીથી વધારે વધેલો યજ્ઞ

पुनरुत्स्यूतं वासः–ફરીથી સીવેલ કપડું

पुनर्निष्क्रान्तो रथः–ફરીથી નિકળેલ રથ

पुनरुक्तं वचः–ફરીથી બોલાયેલ વચન

पुनर्नवं वयः–ફરીથી નવી ઉમર–વય

पुनःशृतं पयः–ફરીથી પકાવેલ દૂધ વા પાણી

स्वर्यातः–સ્વર્ગે ગયેલો

अन्तर्भूतः–વચ્ચે થયેલો–આવેલો અથવા મધ્યસ્થ.

प्रातःसवनम्–સવારે સ્નાન

उच्चैर्घोषः–મોટેથી અવાજ–ઘોષણ

नीचैर्गतम्–નીચે જવું

अधस्पदम्–નીચે પદ

अनद्धापुरुषः–શંકાસ્પદ પુરુષ અથવા શંકાશીલ પુરુષ (अनद्धा–સંશય)

असशक्तपुरुषः–અશક્ત પુરુષ

प्रायश्चित्तम्–પ્રાયશ્ચિત્ત (પ્રાય–મુનિ, ચિત્ત–ચિંતન)

सद्यस्क्रीः–જલદી ખરીદ કરનાર

प्राग्वृत्तम्–પહેલાનું વૃત્ત

पुराकल्प–પ્રાચીન કલ્પ

श्वःश्रेयसम्–શોભન શ્રેયસ–કલ્યાણ

श्वोवसीयसम्–શોભન–વિશેષ ધનવાન્

આ બધા प्रवृद्ध વગેરે શબ્દો છે.

॥ ૩ । ૧ । ૪૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङस्युक्तं कृता ॥ ३ । १ । ४९ ॥

કૃદંતના પ્રત્યયોના વિધાનના પ્રકરણમાં જે નામ પંચમી વડે નિર્દેશાયેલું હોય એટલે 'પંચમ્યંત નામથી પછી આવેલ ધાતુને અમુક પ્રત્યય થાય' એ રીતે જે નામને પંચમ્યંત પદથી સૂચવેલ હોય તે નામ, જેને કૃત્ પ્રત્યય લાગેલો છે તેવા નામ સાથે નિત્યસમાસ પામે, અને તે તત્પુરુષ સમાસ કહેવાય.

कुम्भं करोति इति=कुम्भकारः– કુંભાર.

'કર્મથી પછી આવેલ ધાતુને अण् પ્રત્યય થાય છે' એવું વિધાન કૃદંતના પ્રકરણમાં ૫।૧।૭૨ સૂત્રવડે બતાવેલ છે. કુંભકાર પદમાં 'કુંભ' શબ્દ કર્મરૂપ છે અને ૫।૧।૭૨મા સૂત્રમાં તેનો નિર્દેશ कर्मणः–એમ પંચમ્યંત પદથી થયેલ છે તેથી અહીં પંચમ્યંત પદ દ્વારા સૂચવાયેલ कुम्भ શબ્દનો છેડે કૃત્ પ્રત્યયવાળા એવા કૃદંતરૂપ कार નામ સાથે સમાસ થયેલ છે.

अलं कृत्वा – કરીને શું ? – આ પ્રયોગમાં कृत्वा માં त्वा રૂપ કૃદંતનું વિધાન अलम् ના સંયોગથી થયેલું છે પણ તે अलम् નો નિર્દેશ સૂત્રમાં સપ્તમી વિભક્તિ દ્વારા થયેલો છે–પંચમી દ્વારા થયેલ નથી જુઓ ॥૫।૪।૪૪॥

धर्मो वो रक्षतु–ધર્મ તમારું રક્ષણ કરો–આ પ્રયોગમાં वः એ આદેશ પંચમીનિર્દિષ્ટ 'ધર્મ'રૂપ પદને લીધે થયેલો છે પણ वः એ કોઈ કૃદંતના પ્રયોગવાળું નામ નથી. ॥ ૩ । ૧ । ૪૯ ॥

## तृतीयोक्तं वा ॥ ३ । १ । ५० ॥

કૃદંતના પ્રત્યયોના વિધાનના પ્રકરણમાં જે નામ તૃતીયા વડે નિર્દેશાયેલું હોય એટલે 'તૃતીયાંત નામનો યોગ હોય તો ધાતુને અમુક પ્રત્યય થાય' એ રીતે જે નામનો તૃતીયા વિભક્તિ દ્વારા નિર્દેશ થયેલ હોય તે નામ, તેના સંયોગથી તૈયાર થયેલા કૃદંતનામની સાથે વિકલ્પે સમાસ પામે અને તે તત્પુરુષ સમાસ કહેવાય.

मूलकेन उपदंशं भुङ्क्ते=मूलकोपदंशं भुङ्क्ते–મૂળા વડે કરડીને ખાય છે. જુઓ ૫।૪।૭૩। સૂત્ર ॥ ૩ । ૧ । ૫૦ ॥

## नञ् ॥ ३ । १ । ५१ ॥

નિષેધવાચક न (नञ्) નામ, બીજા નામ સાથે સમાસ પામે, તે સમાસનું નામ તત્પુરુષ–नञ् તત્પુરુષ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યુદાસ નઞ્-न गौः=अगौः—ગાય નથી અર્થાત્ ગાય સિવાય બીજું કોઈ પશુ છે.

પર્યુદાસનઞ્ ચાર પ્રકારના નિષેધનો સૂચક છે.—

(૧) જેનો નિષેધ હોય તેની સરખા બીજા પદાર્થની હયાતીનું સૂચન—अब्राह्मणः—બ્રાહ્મણ નથી પણ તેની સરખો મનુષ્ય ક્ષત્રિય વગેરે છે.

(૨) જેનો નિષેધ હોય તેના વિરોધીનું સૂચન—असितः— ધોળો નથી પણ કાળો છે.

(૩) જેનો નિષેધ હોય તેથી જૂદાનું સૂચન—अनग्निः—અગ્નિ નથી પણ અગ્નિથી ભિન્ન પદાર્થ.

(૪) જેનો નિષેધ હોય તેના તદ્દન અભાવનું સૂચન—अवचनम्—વચનનો અભાવ—મૌન.

પ્રસજ્ય નઞ્—सूर्यम् अपि न पश्यन्ति=असूर्यपश्याः राजदाराः—સૂર્યને પણ નહીં જોનારી એવી રાજાની રાણીઓ એટલે બીજું તો કાંઈ જોતી જ નથી પણ સૂર્યને સુદ્ધાં જોતી નથી એવી પડદામાં રહેનારી રાજ-રાણીઓ—આ પ્રયોગમાં 'न' નો સંબંધ पश्यन्ति સાથે છે.

પ્રસજ્ય નઞ્ માત્ર અભાવને સૂચવે છે. નઞ્સમાસમાં ઉત્તરપદનો અર્થ પ્રધાન હોય છે. ॥ ૩ । ૧ । ૫૧ ।

## पूर्व-अपर-अधर-उत्तरम् अभिन्नेन अंशिना ॥ ३ । १ । ५२ ॥

અંશ—અવયવ—સૂચક पूर्व, अपर, अधर અને उत्तर શબ્દો, તેનાથી અભિન્ન અંશીસૂચક—અવયવીસૂચક—નામ સાથે સમાસ પામે અને તે તત્પુરુષ સમાસ કહેવાય. આ વિધાનમાં અંશ—અવયવ—અને અંશી—અવયવી—અભિન્ન જૂદા જૂદા પડી ન શકે—એવા હોવા જોઈએ તો જ સમાસ થાય.

कायस्य पूर्वः—पूर्वकायः—શરીરનો પૂર્વભાગ.

कायस्य अपरः—अपरकायः—શરીરનો પાછલો ભાગ,

कायस्य अधरः—अधरकायः—શરીરનો નીચેનો ભાગ.

कायस्य उत्तरः—उत्तरकायः—શરીરનો ઊપલો ભાગ, અથવા ઉત્તમ ભાગ.

पूर्वं छात्राणाम् आमन्त्रयस्व—વિદ્યાર્થીઓના આગળના ભાગને આમંત્રણ આપો—અહીં 'छात्रो' અંશી છે અને તેનો 'આગલો ભાગ' અંશ છે, તે બન્ને અભિન્ન નથી—જુદા જુદા થઈ શકે એમ છે માટે સમાસ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूर्वो नाभेः कायस्य—શરીરનો 'નાભિ'થી પૂર્વભાગ— અહીં 'નાભિ' એ અંશી છે, અને 'કાય' પણ અંશી છે એટલે 'એક અંશ અને બીજો અંશી' એમ નથી પણ બન્ને અંશી છે તેથી નાભિ સાથે સમાસ ન થાય. ॥ ૩ । ૧ । ૫૨ ॥

## सायाह्नादयः ॥ ३ । १ । ५३ ॥

सायाह्न વગેરે શબ્દો અંશઅંશિના સમાસથી સાધિત થાય છે. તે સમાસનું નામ અંશી તત્પુરુષ છે.

अह्नः सायम्=सायाह्नः—સાયમ્ એટલે દિવસનો છેડો—સાયાહ્ન એટલે દિવસના છેડાનો કાળ—સંધ્યા કાળ.

दिनस्य मध्यम्=मध्यन्दिनम्—દિવસનો મધ્ય ભાગ—બપોર.

मध्यं रात्रेः मध्यरात्रः—મધરાત

पश्चिमं रात्रेः पश्चिमरात्रः—પાછલી રાત ॥ ૩ । ૧ । ૫૩ ॥

## समेंऽशेऽर्द्धं नवा ॥ ३ । १ । ५४ ॥

બરાબર સરખું અડધું—જરાયે વધુ કે ઓછું નહિ—એવા સરખા અંશનો—ભાગનો—સૂચક अर्द्ध શબ્દ, અંશીસૂચક નામ સાથે વિકલ્પે સમાસ પામે અને તે તત્પુરુષ સમાસ કહેવાય.

पिप्पल्याः अर्द्धम्=अर्धपिप्पली, पिप्पल्यर्द्धम्—એક પિપરીમૂળના અંડોડાનો બરાબર અર્ધો ભાગ.

ग्रामार्धः—ગામનો અર્ધો ભાગ—અહીંનો अर्ध શબ્દ 'તદ્દન બરાબર અર્ધો ભાગ' એવા અર્થને સૂચવતો નથી. ॥ ૩ । ૧ । ૫૪ ॥

## जरत्यादिभिः ॥ ३ । १ । ५५ ॥

अर्ध શબ્દ, તેનાથી અભિન્ન અંશીવાચક जरती વગેરે શબ્દો સાથે વિકલ્પે સમાસ પામે અને તેને અંશી તત્પુરુષ સમાસ કહેવાય.

अर्धम् जरत्या अर्धजरती, जरत्यर्द्धम् જરતીનો અર્ધ ભાગ.

अर्धम् उक्तस्य उक्तार्धम्, अर्धोक्तम् અર્ધકથન.

अर्धवैशसम्—અડધું મરણ (વિશસા—હિંસા)

अर्धविलोकितम्—અડધું વિલોકન—વગેરે. ॥ ૩ । ૧ । ૫૫ ॥

## द्वि-त्रि-चतुष्पूरणाग्रादयः ॥ ३ । १ । ५६ ॥

અંશવાચક द्वितीय, तृतीय, तुर्य, तुरीय તથા अग्र આદિ નામો, તેમના અભિન્ન અવયવી બીજા નામ સાથે વિકલ્પે સમાસ પામે, તે અંશીતત્પુરુષ સમાસ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*भिक्षायाः द्वितीयम्=भिक्षाद्वितीयम्, द्वितीयभिक्षा*-ભિક્ષાનો દ્વિતીય ભાગ.
भिक्षायाः तृतीयम्=भिक्षातृतीयम्, तृतीयभिक्षा-ભિક્ષાનો તૃતીય ભાગ.
भिक्षायाः तुर्यम्=भिक्षातुर्यम्, तुर्यभिक्षा-ભિક્ષાનો ચોથો ભાગ.
हस्तस्य अग्रम्=अग्रहस्तः, हस्ताग्रम्-હાથનો આગલો ભાગ.
पादस्य तलम्=तलपादः, पादतलम्-પગના તળિયાનો ભાગ.
कायस्य ऊर्ध्वम्=ऊर्ध्वकायः कायोर्ध्वम्-શરીરનો ઉપલો ભાગ.

॥ ૩ । ૧ । ૫૬ ॥

## कालो द्विगौ च मेयैः ॥ ३ । १ । ५७ ॥

એકવચનવાળું કાળવાચી નામ, મેયવાચી નામ સાથે-જે માપવાનું છે તે અર્થના સૂચક નામ સાથે-સમાસ પામે તથા દ્વિગુસમાસ થવાનો પ્રસંગ હોય ત્યાં પણ કાલવાચી નામ, મેયવાચીનામ સાથે સમાસ પામે, તે તત્પુરુષ સમાસ કહેવાય.

કાળવાચી-मासो जातस्य-मासजातः-જન્મેલાને એક મહિનો થયો. અર્થાત્ એક મહિનાનો થયો-અહીં जात શબ્દ મેય અર્થનો સૂચક છે.

દ્વિગુસમાસ-एको मासो जातस्य एकमासजातः-જન્મેલાને એક મહિનો થયો -એક મહિનાનો થયો.

द्वे अहनी सुप्तस्य द्व्यहसुप्तः-સુતેલાને બે દિવસ થયા-બે દિવસથી સુતેલો છે-આ બે પ્રયોગોમાં एक અને मास નામનો તથા द्वि અને अहन् નામનો દ્વિગુ સમાસ થવાનો પ્રસંગ છે એથી આ નિયમથી સમાસ થયો.

द्रोणो धान्यस्य-ધાન્યનો દ્રોણ.-આ પ્રયોગમાં જો કે ધાન્ય મેય છે પણ દ્રોણ કાળવાચી નામ નથી. ॥ ૩ । ૧ । ૫૭ ॥

## स्वयं-सामी क्तेन ॥ ३ । १ । ५८ ॥

स्वयम् અને सामि એ બે અવ્યયો, જેમને क्त પ્રત્યય લાગેલો છે તેવા નામની સાથે સમાસ પામે, તે તત્પુરુષ સમાસ કહેવાય.

स्वयं धौतम्=स्वयंधौतम्-પોતાની મેળે ધોવાઈ ગયેલું.
सामि कृतम्=सामिकृतम्-અધું કરેલું.

स्वयं कृत्वा-પોતાની મેળે કરીને-અહીં क्त પ્રત્યયવાળું નામ નથી પણ क्त्वा પ્રત્યયવાળું નામ છે. ॥ ૩ । ૧ । ૫૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીયાતત્પુરુષસમાસ—

## द्वितीया खट्वा क्षेपे ॥ ३ । १ । ५९ ॥

બીજી વિભક્તિવાળું खट्वा નામ, क्त પ્રત્યય લાગેલો હોય એવા નામ સાથે સમાસ પામે, નિંદાનું સૂચન થતું હોય તો, એ દ્વિતીયા–તત્પુરુષ સમાસ કહેવાય.

खट्वाम् आरूढः=खट्वारूढः जाल्मः–કોઈને ખાટલે ચડેલો જાલિમ માણસ–હલકો માણસ–જે માણસ ઊંધે માર્ગે જનારો હોય તેનો સૂચક આ પ્રયોગ છે.

खट्वामारूढः पिता अध्यापयति–ખાટલા ઉપર બેઠેલો પિતા ભણાવે છે.
આ પ્રયોગનો खट्वा શબ્દ નિંદાસૂચક નથી. ॥ ૩ । ૧ । ૫૯ ॥

## कालः ॥ ३ । १ । ६० ॥

બીજી વિભક્તિવાળું કાળવાચી નામ, क्त પ્રત્યયવાળા નામ સાથે સમાસ પામે, તે દ્વિતીયા તત્પુરુષ સમાસ કહેવાય.

रात्रिम् आरूढाः=रात्र्यारूढाः–રાત્રે આરૂઢ થયેલા છ મુહૂર્તો.
अहर् अतिसृताः=अहरतिसृताः–દિવસે વીતી ગયેલા છ મુહૂર્તો.॥૩।૧।૬૦॥

## व्याप्तौ ॥ ३ । १ । ६१ ॥

વ્યાપ્તિ એટલે નિરંતરતા. જે નામને 'વ્યાપ્તિ' અર્થના સૂચન માટે દ્વિતીયા (॥૨।૨।૪૨॥) વિભક્તિ લાગે છે તેવું દ્વિતીયાંત કાલવાચી નામ, વ્યાપક અર્થને સૂચવનારા નામ સાથે સમાસ પામે, તે દ્વિતીયા તત્પુરુષ સમાસ કહેવાય. અહીં કાળવાચી નામ અને વ્યાપકતાના સૂચક નામ એ વચ્ચે ગુણ, ક્રિયા તથા દ્રવ્ય વડે અત્યંત સંયોગ હોવો જોઈએ–અત્યંત નિરંતરતા જોઈએ.

ગુણવડે નિરંતરતા–मुहूर्तं सुखम्=मुहूर्तसुखम्–એક મુહૂર્ત નિરંતર સુખ
ક્રિયા ,, ,, — क्षणं पाठः=क्षणपाठः–એક ઉત્સવ–પર્વ–સુધી નિરંતર ભણવું.
દ્રવ્ય ,, ,, — दिनं गुडः=दिनगुडः–એક આખો દિવસ ગોળનો સતત ઉપયોગ.

मासं पूरको याति–માસને પૂરનારો જાય છે. માસનો છેલ્લો દિવસ માસને પુરનારો હોય છે અને છેલ્લો દિવસ હોવાથી તેની માસ સાથે નિરંતરતા નથી. ॥ ૩ । ૧ । ૬૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रितादिभिः ॥ ३ । १ । ६२ ॥

કોઈ પણ દ્વિતીયાંત નામ, श्रित વગેરે નામો સાથે સમાસ પામે, તે તે દ્વિતીયાતત્પુરુષ સમાસ કહેવાય.

धर्मम् श्रितः=धर्मश्रितः-ધર્મને આશ્રયે આવેલો.

शिवं गतः=शिवगतः-શિવ-કલ્યાણ-ને અથવા નિર્વાણને પામેલો.

श्रित વગેરે શબ્દો આ પ્રમાણે છે.—

| | |
|---|---|
| श्रित-આશ્રયે આવેલ | प्राप्त-પામેલ |
| अतीत-વીતી ગયેલ | आपन्न-પામેલ |
| पतित-પડેલ | गामिन्-જનારો |
| गत-ગયેલ | गमिन्- ,, |
| अत्यस्त-ફેંકેલ | आगामिन्-આવનારો વગેરે |

॥ ૩ । ૧ । ૬૨ ॥

## प्राप्ता-ऽऽपन्नौ तयाऽच्च ॥ ३ । १ । ६३ ॥

પ્રથમા વિભક્તિવાળાં प्राप्त અને आपन्न નામો, દ્વિતીયાવિભક્તિવાળા નામ સાથે સમાસ પામે, તે દ્વિતીયાતત્પુરુષ સમાસ કહેવાય અને સમાસ પામતાં જ્યાં प्राप्ता અને आपन्ना શબ્દો હોય ત્યાં તેના અંતનો अ કરી દેવો.

जीविकां प्राप्ता=प्राप्तजीविका-જીવિકાને પામેલી.

जीविकाम् आपन्ना=आपन्नजीविका-જીવિકાને પામેલી.

प्राप्तजीविकः અને आपन्नजीविकः તથા प्राप्तजीविकम्, आपन्नजीविकम् વગેરે પ્રયોગો પણ થાય.

आपन्न[1] શબ્દનો 'પ્રાપ્ત' અર્થ સમજવો. ॥ ૩ । ૧ । ૬૩ ॥

## ईषद् गुणवचनैः ॥ ३ । १ । ६४ ॥

ईषद् અવ્યય, ગુણવાચી નામ સાથે સમાસ પામે, તે દ્વિતીયાતત્પુરુષ સમાસ કહેવાય. જે શબ્દો ગુણનો અર્થ બતાવવા સાથે ગુણના જ યોગથી-સંબંધથી-ગુણીને બતાવનારા હોય તેમને અહીં ગુણવાચી સમજવા.

ईषत् पिङ्गलः=ईषत्पिङ्गलः-થોડો પીળો.

ईषद् रक्तः=ईषद्रक्तः-થોડો લાલ

---

૧ "आपन्नः सापदि प्राप्ते"-હૈમ અનેકાર્થ સંગ્રહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ईषद् गार्ग्यः--થોડો ગાર્ગ્ય.

અહીં गार्ग्य શબ્દ ગુણવાચી નથી પરંતુ ગોત્રવાચી છે એટલે અહીંનો 'ઇષિદ્ ગાર્ગ્ય' શબ્દ, માત્ર 'ગાર્ગ્ય' ગોત્રની અલ્પતાનો સૂચક છે. ॥૩ । ૧ । ૬૪॥

## તૃતીયા તત્પુરુષસમાસ

## तृतीया तत्कृतैः ॥ ३ । १ । ६५ ॥

તૃતીયાંત નામ, ગુણવાચી નામ સાથે સમાસ પામે, તે તૃતીયાતત્પુરુષ સમાસ કહેવાય. જે બે નામોનો સમાસ કરવો છે તે બન્ને વચ્ચે એકાર્થતા --સુસંગતતા--હોવી જોઈએ તથા જે ગુણવાચી નામ સાથે સમાસ કરવાનો છે તે નામનો અર્થ એટલે પદાર્થ, તૃતીયાંત નામ દ્વારા સૂચિત પદાર્થ વડે કરેલો--બનેલો--હોવો જોઈએ.

शङ्कुलया कृतः खण्डः=शङ्कुलाखण्डः चैत्रः--ગેડી વડે ખાંડો કરેલો ચૈત્ર--ખાંડો થયેલો ચૈત્ર--અહીં ગેડીને લીધે ચૈત્ર ખાંડો થયો છે અર્થાત્ તૃતીયાંત નામ દ્વારા સૂચિત અર્થ--પદાર્થ--શંકુલા દ્વારા ચૈત્ર ખાંડો બનેલ છે

मदेन कृतः पटुः=मदपटुः--મદ વડે--હર્ષ વડે--નીરોગી--અહીં પણ હર્ષને લીધે નીરોગિતા થયેલી છે.

अक्ष्णा काणः--આંખ વડે કાણો માણસ. અહીં આંખે માણસને કાણો કરેલો નથી.

दध्ना पटुः--દહીં વડે ચતુરાઈ--ચતુરતા. અહીં पटु શબ્દનો અર્થ માત્ર ચતુરતા છે એથી ૩।૧।૬૪। સૂત્રમાં બતાવેલ વ્યાખ્યા પ્રમાણે પ્રસ્તુત पटु શબ્દ ગુણીનો વાચક બની પછી ગુણવાચક બનેલ નથી એથી સમાસ ન થાય. ॥ ૩ । ૧ । ૬૫ ॥

## चतस्राऽर्द्धम् ॥ ३ । १ । ६६ ॥

તૃતીયાંત એવો अर्ध શબ્દ, સ્ત્રીલિંગી चतसृ શબ્દ સાથે સમાસ પામે, તે તૃતીયાતત્પુરુષ 'સમાસ કહેવાય चतसृ એટલે ચાર, 'અર્ધું' ઉમેરવાથી ચાર થાય' એવી અહીં 'ચાર' સંખ્યા સમજવાની છે.

अर्धेन कृताः चतस्रः मात्राः=अर्धचतस्रः मात्राः--અર્ધું ઉમેરવાથી થયેલી ચાર માત્રા.--મૂળ સાડા ત્રણ હતી એટલે અર્ધું ઉમેરવાથી ચાર થઈ.

अर्धेन कृताश्चत्वारो द्रोणाः--અર્ધું ઉમેરવાથી ચાર દ્રોણ પૂરા થયા--અહીં चतसृ શબ્દ નથી પણ चतुर् શબ્દ છે. ॥ ૩ । ૧ । ૬૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऊनार्थ-पूर्वाद्यैः ॥ ३ । १ । ६७॥

તૃતીયા વિભક્તિવાળું નામ, ऊन-ઓછું-એવા અર્થવાળા નામ સાથે તથા पूर्व વગેરે શબ્દો સાથે સમાસ પામે, તે સમાસ તૃતીયાતત્પુરુષ કહેવાય.

ऊन- माषेण ऊनम्=माषोनम्-એક માષથી-માસાથી-ઓછું.

ઊન અર્થવાળા-माषेण विकलम्=माषविकलम्- ,, ,, ,,

અહીં माष શબ્દ સોના-રૂપાને તોળવાના 'માસા' નામના વજનનો સૂચક છે.

पूर्व વગેરે શબ્દો-मासेन पूर्वः=मासपूर्वः-મહીના વડે પૂર્વ આગળ-મોટો-એક માસ મોટો છે.

मासेन अवरः=मासावरः-મહીના વડે પાછળ-નાનો-એક માસ નાનો છે.

पूर्व વગેરે શબ્દો આ પ્રમાણે છે-

पूर्व, अवर, सदृश, सम, कलह, निपुण, मिश्र અને श्लक्ष्ण.

॥ ૩ । ૧ । ૬૭ ॥

## कारकं कृता ॥ ३ । १ । ६८ ॥

કારકવાચી તૃતીયાંત નામ, કૃદંત રૂપ નામ સાથે સમાસ પામે, તે તૃતીયા તત્પુરુષ સમાસ કહેવાય.

'કારક'નો અર્થ અહીં 'ક્રિયા કરનાર' એવો સમજવાનો છે.

कृता એટલે જે નામને છેડે કૃદંતનો પ્રત્યય લાગેલ હોય તે.

आत्मना कृतम्=आत्मकृतम्-જાતે કરેલું.

नखेन निर्भिन्नः=नखनिर्भिन्नः-નખ વડે ચીરાયેલો.

काकेन पेया=काकपेया नदी-કાગડા વડે પાણી પી શકાય એવી નદી-બહુ ઊંડી નહીં એવી નદી.

बाष्पेन छेद्यानि तृणानि- बाष्पछेद्यानि तृणानि-મુખમાંથી નીકળતા ઊના બાફ વડે છેદાઈ જાય એવાં તણખલાં-જલદી છેદાઈ જાય એવા તણખલાં. विद्यया उषितः-વિદ્યાના હેતુથી (ગામમાં) રહેલો. અહીં વિદ્યા કોઈ ક્રિયા કરતી નથી. વિદ્યા રહેવામાં માત્ર નિમિત્તરૂપ છે તેથી તે 'કારક' ન હોવાથી સમાસ ન થાય. ॥ ૩ । ૧ । ૬૮ ॥

## नविंशत्यादिनैकोऽच्चान्तः ॥ ३ । १ । ६९ ॥

તૃતીયાંત એવો एक શબ્દ नविंशति આદિ શબ્દો સાથે સમાસ પામે અને સમાસ પામતાં જ एकનું एक+अत्-एकात् રૂપ થઈ જાય, તે સમાસ તૃતીયા તત્પુરુષ સમાસ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एकेन नविंशतिः=एकान्नविंशतिः, एकादूनविंशतिः–એક વડે વીશ નહીં –એક નાખો તો વીશ થાય–ઓગણીશ.

एकेन नत्रिंशत्=एकान्नत्रिंशत्, एकादूनत्रिंशत्–એક વડે ત્રીશ નહીં–એક નાખો તો ત્રીશ થાય–ઓગણત્રીશ.

"एकान्नविंश"-(લાટ્યાયનસંહિતા) "एकान्नविंशतिधा"–(શતપથબ્રાહ્મણ –૧૦)

"एकान्नपञ्चाशद्रात्र"–(કાત્યાયનશ્રૌતસૂત્ર) આ રીતે આ શબ્દો વૈદિક-સંસ્કૃતમાં વપરાયેલા છે.

एकाद्+नविंशति વગેરે પ્રયોગોમાં "तृतीयस्य पञ्चमे । १ । ३ । १ । સૂત્ર વિકલ્પે લાગે છે તેથી एकान्नविंशति અને एकादूनविंशति વગેરે બે બે રૂપો બતાવેલ છે ॥ ૩ । ૧ । ૬૯ ॥

**ચતુર્થીતત્પુરુષ સમાસ–**

## चतुर्थी प्रकृत्या ॥ ३ । १ । ७० ॥

પ્રકૃતિ–પરિણામી કારણ–પરિણામનું પ્રધાન કારણ અર્થાત્ મૂળ પદાર્થ–જે વસ્તુ પોતે જ પરિણામરૂપ–કાર્યરૂપ–થઇ જાય તે પ્રકૃતિ.

વિકારરૂપે પરિણમેલ પદાર્થ વાચક ચોથી વિભક્તિવાળું નામ, પ્રકૃતિવાચી નામ સાથે સમાસ પામે, તે ચતુર્થી તત્પુરુષ સમાસ કહેવાય. બન્ને નામો વચ્ચે પરસ્પર એકાર્થતા એટલે સંગતતા હોવી જોઇએ.

यूपाय दारु=यूपदारु–યજ્ઞના સ્તંભ માટે લાકડું–અહીં 'લાકડું' એ મૂળ પ્રકૃતિ વાચી છે અને यूप એ લાકડાના વિકારરૂપ અર્થને સૂચવે છે–યૂપરૂપ પરિણામ થવામાં લાકડું પ્રકૃતિરૂપ છે–મૂળ પરિણામી કારણ છે એથી અહીં પ્રકૃતિવાચી दारु નામ સાથે यूपરૂપ પરિણામ–વિકાર–વાચી નામનો સમાસ થયો.

रन्धनाय स्थाली–રાંધવા માટે થાળી–સ્થાલી રાંધવામાટે સાધનરૂપ છે તેથી અહીં स्थाली શબ્દ પ્રકૃતિવાચી નથી. स्थाली રંધાતી નથી–રંધનરૂપે પરિણમતી નથી–સ્થાલી અને રંધન–રાંધવાની ક્રિયા–વચ્ચે પરિણામ–પરિણામીનો સંબંધ નથી માટે સમાસ ન થાય. ॥ ૩ । ૧ । ૭૦ ॥

## हितादिभिः ॥ ३ । १ । ७१ ॥

ચતુર્થી વિભક્તિવાળું કોઇ પણ નામ, हित વગેરે શબ્દો સાથે સમાસ પામે, તે ચતુર્થી તત્પુરુષસમાસ કહેવાય.

गवे हितम्–गोहितम्–ગાયને માટે હિતરૂપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गवे सुखम्-गोसुखम्-ગાયને માટે સુખરૂપ.

हित, सुख, रक्षित, તથા बलि વગેરે શબ્દો हितादि ગણાય છે.

॥ ૩ । ૧ । ૭૧ ॥

## तदर्थार्थेन ॥ ३ । १ । ७२ ॥

ચતુર્થી વિભક્તિવાળું કોઈ પણ નામ, अर्थ શબ્દ સાથે સમાસ પામે, જો અર્થ શબ્દનો અર્થ 'માટે' હોય તો. તે ચતુર્થી તત્પુરુષ સમાસ કહેવાય.

पित्रे अर्थम्=पित्रर्थं पयः-પિતા માટે દૂધ કે પાણી.

आतुराय अर्था=आतुरार्था यवागूः-માંદા માણસ માટે રાબ.

पित्रे अर्थः-પિતા માટે ધન-અહીં अर्थ શબ્દ 'માટે' અર્થનો નથી.

॥ ૩ । ૧ । ૭૨ ॥

પંચમી તત્પુરુષસમાસ-

## पञ्चमी भयाद्यैः ॥ ३ । १ । ७३ ॥

પંચમ્યંત કોઈપણ નામ, भय આદિ શબ્દો સાથે સમાસ પામે, સમાસ પામનારાં બે નામો વચ્ચે પરસ્પર સંગતતા હોય તો, તે પંચમી તત્પુરુષસમાસ કહેવાય.

वृकाम् भयम्=वृकभयम्-વરુથી ભય.

वृकाद् भीरुः=वृकभीरुः-વરુથી બીનારો.

ભય વગેરે શબ્દો નીચે લખ્યા પ્રમાણે સમજવા-भय, भीत. भीति, भी, भीरु, भीलुक-બીકણ, निर्गत-નીકળેલ, जुगुप्सु-ઘૃણા કરનાર, अपेत-જુદું પડી ગયેલ, अपोढ-રહિત, मुक्त-છુટું પડેલ, पतित-પડેલ, अपत्रस्त ત્રાસ પામેલ-વગેરે શબ્દો ભયાદિ છે. ॥ ૩ । ૧ । ૭૩ ॥

## क्तेनासत्त्वे ॥ ३ । १ । ७४ ॥

જે નામને ૨ । ૨ । ૭૯ ના નિયમથી પંચમી થઈ હોય એવું અસત્ત્વવાચી નામ, જેને છેડે क्त પ્રત્યય હોય એવા નામ સાથે સમાસ પામે, તે પંચમી તત્પુરુષસમાસ કહેવાય.

स्तोकान्मुक्तः-થોડાથી મુક્ત થયો.

अल्पान्मुक्तः-અલ્પથી મુક્ત થયો. આ બન્ને પ્રયોગમાં 'સ્તોક' અને 'અલ્પ' એ બન્ને શબ્દો અસત્ત્વવાચી છે એટલે કોઈ સત્ત્વના-વિશિષ્ટ વસ્તુના-વિશેષણરૂપ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ૩ । ૨ । ૧૦ ના નિયમથી વિભક્તિનો લોપ થયો નથી એથી આ સમાસ અલુપ્ સમાસ ગણાય.

स्तोकाद् बद्धः-થોડાક (દોષ)થી બંધાયો.-અહીં स्तोक શબ્દ દોષનું વિશેષણ છે, અસત્ત્વવાચી નથી, તેથી સમાસ ન થયો. ॥ ૩ । ૧ । ૭૪ ॥

## परःशतादि ॥ ३ । १ । ७५ ॥

પરઃશત વગેરે શબ્દોમાં પંચમીતત્પુરુષ સમાસ થયેલ છે.

शतात् परे=परःशताः-સોથી વધારે.

सहस्रात् परे=परःसहस्राः-હજારથી વધારે. ॥ ૩ । ૧ । ૭૫ ॥

**ષષ્ઠી તત્પુરુષસમાસ**

## षष्ठ्यऽयत्नाच्छेषे ॥ ३ । १ । ७६ ॥

શેષે । ૨ । ૨ । ૮૧ સૂત્રથી જે નામને ષષ્ઠી લાગેલી છે તે નામ, બીજા નામ સાથે—બન્ને નામો વચ્ચે પરસ્પર અર્થની સંગતતા હોય તો—સમાસ પામે, તે ષષ્ઠીતત્પુરુષ સમાસ કહેવાય.

અહીં જે નામ ષષ્ઠીવાળું છે તેની ષષ્ઠી, "नाथः" ૨ । ૨ । ૧૦ સૂત્રથી લઈને ૨ । ૨ । ૧૭ સૂત્ર સુધીનાં સૂત્રો દ્વારા થયેલી ન હોય એટલે શેષની ષષ્ઠી કરવા માટે કોઈ જાતનો જુદો ખાસ પ્રયત્ન થયેલો ન હોય એવી ષષ્ઠી હોવી જોઈએ.

राज्ञः पुरुषः=राजपुरुषः—રાજાનો પુરુષ.

सर्पिषो नाथितम्—ઘીનું માગવું.—આ પ્રયોગમાં નાથઃ । ૨ । ૨ । ૧૦ । સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે કરી છે તેથી શેષ ષષ્ઠી માટે યત્ન કરવામાં આવ્યો છે. માટે સમાસ ન થાય.

गवां कृष्णा संपन्नक्षीरा—ગાયોમાં કાળી ગાય બહુ દૂધ આપનારી છે—અહીં गवाम् ની ષષ્ઠી 'અવધારણ' અર્થની છે, 'શેષ' નિમિત્તે થયેલી નથી. ॥ ૩ । ૧ । ૭૬ ॥

## कृति ॥ ३ । १ । ७७ ॥

જે નામને कृति એટલે કૃદંત સાથેના સંબંધને લીધે ષષ્ઠી થયેલ છે એટલે ૨ । ૨ । ૮૩ । અને ૨ । ૨ । ૮૬ । એ બે સૂત્રોથી ષષ્ઠી થયેલી છે એવું ષષ્ઠી વિભક્તિવાળું નામ, બીજા નામ સાથે સમાસ પામે, તેને ષષ્ઠીતત્પુરુષ સમાસ કહેવાય.

૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्पिषो ज्ञानम्= सर्पिर्ज्ञानम्–ઘીની જાણકારી
गणधरस्योक्तिः=गणधरोक्तिः–ગણધરનું વચન. ॥ ૩ । ૧ । ૭૭ ॥

## याजकादिभिः ॥ ३ । १ । ७८ ॥

ષષ્ઠયંત નામને યાજક આદિ શબ્દો સાથે સમાસ થાય, તે ષષ્ઠી-તત્પુરુષ સમાસ કહેવાય.

ब्राह्मणस्य याजकः=ब्राह्मणयाजकः–બ્રાહ્મણની પૂજા કરનારો.

गुरोः पूजकः=गुरुपूजकः–ગુરુની પૂજા કરનારો.

याजक વગેરે શબ્દો આ પ્રમાણે છે–याजक–પૂજા કરનારો, पूजक, परिचारक-સેવા કરનારો, परिवेषक-પીરસનારો, स्नापक-નવરાવનારો, अध्यापक-ભણાવનારો, उच्छादक–ઢાંકનારો–ઓઢાડનારો. उन्मादक–ઉન્માદ કરનાર, उद्वर्तक–શરીરે ચોળનારો–ઉવટન કરનારો, होतृ–હોમ કરનાર, भर्तृ–ભરણપોષણ કરનાર વગેરે અનેક શબ્દો છે. ॥ ૩ । ૧ । ૭૮ ॥

## पत्ति-रथौ गणकेन ॥ ३ । १ । ७९ ॥

ષષ્ઠયંત એવા पत्ति અને रथ નામોનો गणक સાથે સમાસ થાય, તે ષષ્ઠીતત્પુરુષ સમાસ કહેવાય.

पत्तीनां गणकः=पत्तिगणकः–પાયદળને ગણનારો.

रथानां गणकः=रथगणकः–રથને ગણનારો.

धनस्य गणकः–ધનને ગણનારો.–અહીં पत्ति કે रथ શબ્દ નથી.

॥ ૩ । ૧ । ૭૯ ॥

## सर्वपश्चादादयः ॥ ३ । १ । ८० ॥

सर्व+पश्चात्=सर्वपश्चात्. સર્વપશ્ચાત્ વગેરે શબ્દોને ષષ્ઠીતત્પુરુષ-સમાસવાળા સમજવા.

सर्वेषां पश्चात्=सर्वपश्चात्–બધાંની પછી.

सर्वेषां चिरम्=सर्वचिरम्–બધાંની વચ્ચે લાંબા કાળ સુધી.

तस्य उपरिष्टात् तदुपरिष्टात्–તેની ઉપર

सर्वपश्चात् વગેરે અનેક શબ્દો શિષ્ટ પ્રયોગોને અનુસારે સમજવાના છે.

॥ ૩ । ૧ । ૮૦ ॥

## अकेन क्रीडा-ऽऽजीवे ॥ ३ । १ । ८१ ॥

ષષ્ઠયંત નામ, अक પ્રત્યયવાળા નામ સાથે સમાસ પામે, જો ક્રીડાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ અને આજીવિકાનો અર્થ જણાતો હોય તો. તે ષષ્ઠીતત્પુરુષ સમાસ કહેવાય

उद्दालकपुष्पाणां भञ्जिका-उद्दालकपुष्पभञ्जिका ઉદ્દાલકનાં-ગૂંદી વૃક્ષોનાં-પુષ્પોની ભંજિકા-એ નામની ક્રીડા. જે ક્રીડામાં ઉદ્દાલકપુષ્પોને ભાંગવામાં-મસળી નાંખવામાં-આવે તે ક્રીડાનું નામ ઉદ્દાલકપુષ્પભંજિકા છે.

नखानां लेखकः-नखलेखकः-નખ કાપનારો-હજામ-જેને માટે નખ કાપવાની પ્રવૃત્તિ આજીવિકાના સાધનરૂપ છે.

पयसः पायकः-પાણી કે દૂધને પાનારો-અહીં ક્રીડા કે આજીવિકા અર્થ જણાતો નથી. ॥ ૩ । ૧ । ૮૧ ॥

**સમાસનો નિષેધ-**

## न कर्तरि ॥ ३ । १ । ८२ ॥

જે નામને કર્તાના અર્થમાં ષષ્ઠી લાગેલી હોય એવું ષષ્ઠી વિભક્તિવાળું નામ, अक પ્રત્યયવાળા નામ સાથે સમાસ ન પામે.

तव शायिका-તારો સૂવાનો વારો.

इक्षूणां भक्षिका-इक्षुभक्षिका-શેલડીને ચૂસવાની-ક્રિયા-પ્રવૃત્તિ-અહીં इक्षु શબ્દને ષષ્ઠી કર્તાઅર્થમાં નહીં પણ કર્મઅર્થમાં લાગેલી છે, તેથી સમાસ થઈ ગયેલ છે. ॥ ૩ । ૧ । ૮૨ ॥

## कर्मजा तृचा च ॥ ३ । १ । ८३ ॥

જે નામને કર્મઅર્થમાં ષષ્ઠી થયેલી હોય એવું ષષ્ઠ્યંત નામ કર્તા-અર્થમાં આવેલા अक પ્રત્યયવાળા નામ સાથે અને तृ (तृच्) પ્રત્યયવાળા નામ સાથે સમાસ ન પામે.

भक्तस्य भोजकः-ભાતને ખાનારો

अपां स्रष्टा-પાણીને બનાવનારો

गुणिनां विशेषकः गुणिविशेषकः गुणः-ગુણીની વિશેષતા બતાવનારો ગુણ-અહીં કર્તાના અર્થમાં ષષ્ઠી લાગેલી છે.

पयसः पायिका=पयःपायिका-પાણીને કે દૂધને પાવાનો વારો. અહીં કર્તા-અર્થમાં अक પ્રત્યય નથી પણ કર્મઅર્થમાં છે. ॥ ૩ । ૧ । ૮૩ ॥

## तृतीयायाम् ॥ ३ । १ । ८४ ॥

જ્યારે કર્તા તૃતીયામાં હોય ત્યારે કર્મઅર્થમાં લાગેલી ષષ્ઠીવિભક્તિ-વાળું નામ સમાસ ન પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आश्चर्यो गवां दोहोऽगोपालकेन-ગોવાળ વિના-ગોવાળ સિવાય-ગાયો દોહવાઈ, એ આશ્ચર્ય છે.

शब्दानाम् अनुशासनम्=शब्दानुशासनं गुरोः-ગુરુનું શબ્દાનુશાસન-વ્યાકરણ શાસ્ત્ર.-આ પ્રયોગમાં 'ગુરુ'રૂપ કર્તા તૃતીયા વિભક્તિમાં નથી પણ ષષ્ઠીમાં છે, તેથી સમાસ થયો. ॥ ૩ । ૧ । ૮૪ ॥

## तृप्तार्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा ॥ ३ । १ । ८५ ।

ષષ્ઠયંત નામ, તૃપ્ત અર્થવાળા શબ્દો સાથે સમાસ ન પામે,

ષષ્ઠયંત નામ, પૂરણ પ્રત્યયવાળા (પંચમ, ષષ્ઠ, સપ્તમ. ષોડશ વગેરે) શબ્દો સાથે સમાસ ન પામે.

ષષ્ઠયંત નામ અવ્યય સાથે સમાસ ન પામે.

ષષ્ઠયંત નામ अत् (अतृश् તથા शतृ) અને आन (आनश्) પ્રત્યયવાળા શબ્દો સાથે સમાસ ન પામે.

તૃપ્તાર્થક-

तृप्त-फलानां तृप्तः-ફળોથી ધરાઈ ગયેલો.

पूर्ण-सक्तूनां पूर्णः-સક્તુથી ભરેલો.

પૂરણ પ્રત્યય-तीर्थकृतां षोडशः शान्तिः-તીર્થંકરોમાં સોળમા શ્રી શાંતિનાથ નામના તીર્થંકર.

અવ્યય-राज्ञः साक्षात्-રાજાની સામે.

अतृश्-रामस्य द्विषन्-રામનો શત્રુ.

शतृ-चैत्रस्य पचन्-ચૈત્રનો રાંધનારો-રસોઇયો

आनश्-मैत्रस्य पचमानः-મૈત્રનો ,, ,, ॥ ૩ । ૧ । ૮૫ ॥

## ज्ञानेच्छा-ऽर्चार्थाधारक्तेन ॥ ३ । १ । ८६ ॥

'જ્ઞાન' અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ, 'ઇચ્છા' અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ, અર્ચા-પૂજા-અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ અને આધાર અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ-આ બધાં નામોની સાથે ષષ્ઠયંત નામનો સમાસ ન થાય.

જ્ઞાનાર્થક-राज्ञां ज्ञातः-રાજાએ જાણેલો.

ઇચ્છાર્થક-राज्ञाम् इष्टः-રાજાને ઇષ્ટ.

અર્ચાર્થક-राज्ञां पूजितः-રાજાનો પૂજેલો.

આધારાર્થક-इदमेषां यातम्-અહીં-આ સ્થળે-એમનું ગમન.

॥ ૩ । ૧ । ૮૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अस्वस्थगुणैः ॥ ३ । १ । ८७ ॥

જે શબ્દો માત્ર ગુણવાચક જ હોય પણ ગુણિના વાચક ન હોય તે 'સ્વસ્થ ગુણવાચક' શબ્દો કહેવાય. પણ જે શબ્દો ગુણ અને ગુણી બન્નેના સૂચક હોય તે 'અસ્વસ્થ ગુણવાચક' કહેવાય. આ જાતના ગુણવાચી નામ સાથે ષષ્ઠયંત નામનો સમાસ ન થાય.

पटस्य शुक्लः–પટની શુક્લતાનો ગુણ–પટનું ધોળાપણું.

गुडस्य मधुरः–ગોળનું ગળપણ–ગોળનો ગળપણનો ગુણ. આ બન્ને પ્રયોગોમાં 'શુક્લતા' અને 'ગળપણ' બન્નેના વાચક शुक्ल અને मधुर શબ્દો ગુણવાચક પણ છે અને ગુણીવાચક પણ છે તેથી તે અસ્વસ્થ ગુણવાચક છે.

घटस्य वर्णः घटवर्णः–ઘટનો વર્ણ–અહીં વપરાયેલો वर्ण શબ્દ માત્ર સ્વસ્થ ગુણવાચક જ છે એથી સમાસ થઈ ગયો.

चन्दनस्य गन्धः चन्दनगन्धः– ચંદનની વાસ. અહીં વપરાયેલો गन्ध શબ્દ પણ માત્ર સ્વસ્થ ગુણવાચક જ છે, તેથી સમાસ થઈ જાય.

ઉપર જણાવેલી સ્વસ્થ ગુણવાચકની વ્યાખ્યાને અનુસારે આ બન્ને પ્રયોગોમાં वर्ण અને गन्ध એ બન્ને શબ્દો સ્વસ્થ ગુણવાચક છે. કારણ કે વર્ણ અને ગંધ શબ્દ ક્યારે પણ ગુણિવાચક હોતા નથી, માત્ર ગુણવાચક જ રહે છે. તેથી તે પ્રયોગોમાં સમાસ થઈ ગયો.

આ સૂત્રમાં જણાવેલ ગુણ શબ્દ માત્ર ભૌતિક ગુણોનો સૂચક છે એટલે રૂપ અને રૂપના પ્રકારો, રસ અને રસના પ્રકારો, ગન્ધ અને ગન્ધના પ્રકારો, સ્પર્શ અને સ્પર્શના પ્રકારોનો સૂચક છે, તેથી गौरव, लाघव, कौशल, वैगुण्य વગેરે ગુણવાચક શબ્દોના સમાસનો નિષેધ ન સમજવો, તેથી वचनगौरवम्, प्रक्रियालाघवम्, बुद्धिकौशलम्, मतिवैगुण्यम् વગેરે પ્રયોગોમાં સમાસ થયેલ છે.

॥ ૩ । ૧ । ૮૭ ॥

**સપ્તમીતત્પુરુષ સમાસ—**

## सप्तमी शौण्डाद्यैः ॥ ३ । १ । ८८ ॥

સપ્તમી વિભક્તિવાળું નામ, शौण्ड વગેરે નામોની સાથે એકાર્થરૂપ એટલે પરસ્પર સંબંધરૂપ સંગતતા હોય તો સમાસ પામે, તે સપ્તમી-તત્પુરુષ સમાસ કહેવાય.

पाने शौण्डः=पानशौण्डः–પીવાનો વ્યસની–દારુડિયો.

अक्षे धूर्तः=अक्षधूर्तः–પાસા રમવામાં ધૂર્ત–જુગારી.

शौण्ड વગેરે શબ્દો નીચે લખ્યા પ્રમાણે જાણવા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शौण्ड—વ્યસનમાં આસક્ત
धूर्त—ધુતારો
कितव—લુચ્ચો
व्याल—ભયાનક અથવા અનર્થકારી
सत्य—ડાહ્યું
आयस—આળસુ
व्यान—કામ કરવામાં શક્તિમાન્
सवीण—મધુર અથવા કુશળ
अन्तर्—પાસે અથવા વચ્ચે
अधीन—તાબે રહેલો
पटु—ચતુર
पण्डित—પંડિત
कुशल—કુશળ
चपल—ચપળ
निपुण—નિપુણ
सिद्ध—સિદ્ધ
शुष्क—સૂકું
पक्व—પાકેલ
बन्ध—કાવ્યની અમુક પ્રકારની રચના એટલે મુરજબન્ધ વગેરે.

આમ શૌંડ વગેરે અનેક શબ્દો છે ॥ ૩।૧।૮૮ ॥

## सिंहाद्यैः पूजायाम् ॥ ३ । १ । ८९ ॥

પૂજા--આદર--અર્થ જણાતો હોય તો સપ્તમ્યંત નામ, सिंह આદિ શબ્દો સાથે સમાસ પામે, તે, સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

समरे सिंहः=समरसिंहः–યુદ્ધમાં સિંહ જેવો.

भूमौ वासवः=भूमिवासवः–પૃથ્વીમાં ઇંદ્ર જેવો.

रणे व्याघ्रः रणव्याघ्रः–રણમાં વાઘ જેવો.

कलौ युधिष्ठिरः कलियुधिष्ठिरः–કળિયુગમાં યુધિષ્ઠિર જેવો.

॥ ૩।૧।૮૯ ॥

## काकाद्यैः क्षेपे ॥ ३ । १ । ९० ॥

નિંદા અર્થ જણાતો હોય તો સપ્તમ્યંત નામ, काक આદિ શબ્દો સાથે સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

तीर्थे काकः=तीर्थकाकः–તીર્થમાં કાગડા જેવો–લાલચુ.

तीर्थे श्वा=तीर्थश्वा–તીર્થમાં કૂતરા જેવો.

तीर्थध्वाङ्क्षः—તીર્થમાં કાગડા જેવો
तीर्थवायसः— ,,
तीर्थबकः—તીર્થમાં બગલા જેવો–બગલો ભગત
तीर्थसारमेयः—તીર્થમાં કૂતરા જેવો
तीर्थकुक्कुटः—તીર્થમાં કૂકડા જેવો
तीर्थशृगाल—તીર્થમાં શિયાળ જેવો

આવા અનેક શબ્દો છે અને આ બધા શબ્દો નિંદાના સૂચક છે.

॥ ૩।૧।૯૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'पात्रेसमित'इत्यादयः ॥ ३ । १ । ९१ ॥

'નિંદા' અર્થ જણાતો હોય તો પાત્રેસમિત આદિ શબ્દોને સપ્તમી તત્પુરુષસમાસવાળા સમજવા.

પાત્રેસમિતાઃ-બીજા કોઈ વખતે નહીં પણ ખાવાના સમયે ભોજન માટે પાત્ર લઈને ભેગા થનારા પેટભરૂ લોકો.

ગેહેશૂરઃ-ઘરમાં શૂરવીર-ઘરમાં રહીને મોટી મોટી બડાઈ હાંકનારના અર્થ માટે આ શબ્દો છે. આ બન્ને શબ્દો દ્વારા નિંદા સૂચવાય છે.

પાત્રેસમિત—વગેરે શબ્દો આ પ્રમાણે છે—

પાત્રેસમિત-પેટભરો-બીજા કોઈ કામમાં ન આવનારો.

ગેહેશૂર-ઘરમાં જ શૂરો.

પાત્રેબહુલ-ભાણાં માંડવામાં જ ભેગો થનારો-બીજા કોઈ કામમાં નહીં આવનારો.

ગેહેદાહિન્-ઘરને જ બાળનારો-કુલનો નાશ કરનારો.

ગેહેક્ષ્વેડિન્-ઘરમાં જ સિંહની પેઠે ત્રાડ નાખનારો.

ગેહેનર્દિન્-ઘરમાં જ ગાજનારો.

ગેહેનર્તિન્-ઘરમાં જ નાચનારો.

ગેહેવિજિતિન્-ઘરમાં જ વિજય મેળવનાર.

ગેહેવિચિતિન્-ઘરમાં જ નિરૂપણ કરનારો-જાહેરમાં નહીં.

ગેહેવ્યાલ-ઘરમાં જ સાપની જેમ ફુંફાડા મારનાર.

ગેહેપટુ-ઘરમાં જ ચતુર.

ગેહેપણ્ડિત-ઘરમાં જ પંડિત.

ગેહેપ્રગલ્મ-ઘરમાં જ બડાઈ હાંકનાર.

गोष्ठेशूर-પોતાના ગોષ્ઠ-મહોલ્લા-માં જ શૂરો.

गोष्ठेक्ष्वेडिन्-

गोष्ठेनर्दिन्-

गोष्ठेविजितिन्-

गोष्ठेव्याल-

गोष्ठेपटु-

गोष्ठेपण्डित-

गोष्ठेप्रगल्भ-

ઉપર જણાવેલા આ શબ્દોમાં અલુપ્ સમાસ છે.

उदुम्बरमशक } ઉંબરાના ફળના રસ
उदुम्बरकृमि } સિવાય બીજું કાંઈ ન જાણનાર. અત્યંત સંકુચિત મનોવૃત્તિવાળો અલ્પ-ટુંકી-નજરવાળો-દીર્ઘદર્શી નહીં.

कूपकच्छप-કૂવાનો કાચબો.

कूपमण्डूक-કૂવાનો દેડકો.

अवटकच्छप-અવેડાનો કાચબો.

अवटमण्डूक-અવેડાનો દેડકો

उदपानमण्डूक-કૂપમંડૂક

नगरकाक-નગરના કાગડા જેવો-ઉડાડો તોય ન જાય એવો ધીઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नगरवायस– ,,
नगरश्वन्–નગરના કુતરા જેવો–હડહડ કરો તો ય ન જાય.
गेहेमेहिन्–ઘરમાં જ મૂતરનારો–ઘરનું જ બગાડનારો.
पिण्डीशूर–ખાવામાં જ શૂર–ગમે તેમ કરીને ખાઈ જનારો.
पितरिशूर–પિતા તરફ જ શૂરવીર–અવિનયી
मातरिपुरुष–માતા તરફ પુરુષ જેવો–અનાચારી.
गर्भेधीर–ગર્ભમાં જ ધૈર્યવાળો–બહાર કાયર.
गर्भेशूर–ગર્ભમાં જ શૂરો– ,,
गर्भेसुहित–ગર્ભમાં જ સખણો રહેનાર–બહાર તોફાની.
गर्भेतृप्त–ગર્ભમાં જ ધરાયેલ–બહાર ફાંફાં મારનાર–મહેનત કરીને પોતાનું પેટ ન ભરી શકનાર.
गर्भेदृप्त–ગર્ભમાં જ ગર્વવાળો–બહાર નિસ્તેજ.
कर्णेटिरिटिरि–કોઈના કાનમાં આડું-અવળું કહીને-ભરીને-જીવનારો
कर्णेचुरुचुरु– ,,

पितरिशूर–વગેરે બધા શબ્દો अलुप् સમાસવાળા છે. આ ઉપરાંત આવા પણ બીજા અનેક શબ્દો છે. આ બધા જ શબ્દો નિન્દાના સૂચક છે.
॥ ૩ । ૧ । ૯૧ ॥

## क्तेन ॥ ३ । १ । ९२ ॥

સપ્તમ્યંત નામ, છેડે क्त પ્રત્યયવાળા નામ સાથે જો નિંદા અર્થ જણાતો હોય તો સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

भस्मनि+हुतम्–भस्मनिहुतम्–રાખમાં ઘી નાખવું. કોઈપણ પ્રવૃત્તિની નિષ્ફળતા માટે આ શબ્દ છે.

अवतप्ते+नकुलस्थितम्–अवतप्तेनकुलस्थितम् તાપમાં નોળિયાનું રહેવું–નોળિયો સૂર્યના તાપમાં સ્થિર રહી શકતો જ નથી–આ શબ્દ ચંચળતાનો સૂચક છે–જે કોઈ સ્થિર રહીને પ્રવૃત્તિ ન કરી શકતો હોય તેને માટે આ શબ્દ વપરાય છે.
॥ ૩ । ૧ । ૯૨ ॥

## तत्राहोरात्रांशम् ॥ ३ । १ । ९३ ॥

तत्र અવ્યય સાથે, દિવસના અંશવાચક સપ્તમ્યંત નામ સાથે અને રાત્રિના અંશવાચક સપ્તમ્યંત નામ સાથે क्तપ્રત્યયવાળું નામ, સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

तत्र–तत्र+कृतम् तत्रकृतम्–ત્યાં કરેલું. ॥ ૩ । ૧ । ૯૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસનો અંશ-पूर्वाह्णे कृतम्-पूर्वाह्णकृतम्-દિવસના પૂર્વભાગમાં-બપોર પહેલાં કરેલું.

રાત્રિનો અંશ-पूर्वरात्रौ कृतम्-पूर्वरात्रकृतम्-રાતના આગલા ભાગમાં કરેલું.

घटे कृतम्-ઘટમાં કરેલું-અહીં तत्र શબ્દ નથી તેમ જ દિવસ કે રાતના અવયવસૂચક શબ્દ પણ નથી.

शुक्लपक्षे कृतम्-અજવાળિયા પક્ષમાં કરેલું.-અહીં દિવસના કે રાતના અંશનું સૂચન નથી.

अह्नि भुक्तम्-દિવસે ખાધું. रात्रौ नृत्तम्-રાતે નાચ્યું. આ બન્ને પ્રયોગોમાં પણ દિવસના કે રાતના અંશસૂચક કોઈ શબ્દ નથી. ॥ ૩।૧।૯૩ ॥

## नाम्नि ॥ ३ । १ । ९४ ॥

સંજ્ઞાનું સૂચન થતું હોય તો સપ્તમ્યંત નામ, કોઈ નામ સાથે સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

अरण्येतिलकाः-જંગલી તલનું નામ છે.

अरण्येमाषकाः-જંગલી અડદનું નામ છે.

આ બન્ને અલુપ્સમાસના પ્રયોગો છે. ॥ ૩ । ૧ । ૯૪ ॥

## कृद्येनावश्यके ॥ ३ । १ । ९५ ॥

સપ્તમ્યંત નામ, કૃદંતના-"य एच्चातः" ॥ ૫।૧।૨૮ ॥ નિયમથી થયેલા-य પ્રત્યયવાળા નામ સાથે જો આવશ્યક-અવશ્ય કરવા જેવું-અર્થ જણાતો હોય તો સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

मासे देयम्-मासदेयम्-મહિનામાં અવશ્ય આપવાનું.

मासे पित्र्यम्-માસમાં પિતાનું અવશ્ય શ્રાદ્ધ-અહીં य પ્રત્યય છે પણ કૃદંતનો નથી, તદ્ધિતનો છે તેથી સમાસ ન થયો. ॥ ૩ । ૧ । ૯૫ ॥

તત્પુરુષ કર્મધારય સમાસ—

## विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ॥ ३ । १ । ९६ ॥

વિશેષણવાચી નામ, વિશેષ્યવાચી નામ સાથે સમાસ પામે, એ નામો જો એક સરખી વિભક્તિવાળાં હોય તો તથા અર્થની અપેક્ષાએ પરસ્પર સંબંધવાળાં પણ હોય તો. આ સમાસ તત્પુરુષ કર્મધારય કહેવાય.

नीलं च तत् उत्पलं च-नीलोत्पलम्-નીલું કમળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खञ्जश्चासौ कुण्टश्च—खञ्जकुण्टः, कुण्टखञ्जः- લંગડો એવો ઠૂંઠો અને ઠૂંઠો એવો લંગડો.—આ ઉદાહરણમાં खञ्ज અને कुण्ट એ બન્ને શબ્દો વિશેષણરૂપ હોવા છતાં એક વખત खञ्जને વિશેષણ કલ્પેલ છે અને कुण्टને વિશેષ્ય કલ્પેલ છે. બીજી વખત कुण्टને વિશેષણ કલ્પેલ છે અને खञ्जને વિશેષ્ય કલ્પેલ છે. વિશેષણ વિશેષ્યની કલ્પના વક્તાની ઇચ્છા ઉપર નિર્ભર હોય છે.

वृद्धस्योक्षा—वृद्धोक्षा- ઘરડાનો બળદ—અહીં સરખી વિભક્તિઓ ન હોવાથી વિશેષણવિશેષ્યભાવ જ નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ૩ । ૧ । ૯૬ ॥

## पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलम् ॥ ३ । १ । ९७ ॥

પૂર્વકાળમાં થનારી ક્રિયાનું સૂચક નામ અને एक, सर्व, जरत्, पुराण, नव અને केवल—એ બધાં નામો, બીજા નામ સાથે સમાસ પામે અને તે તત્પુરુષ કર્મધારય સમાસ કહેવાય.

શરત એટલી કે જે બે નામોનો સમાસ કરવાનો છે તેમની વચ્ચે પરસ્પર સંબંધ હોવો જોઈએ તથા એ બન્ને નામો એક સરખી વિભક્તિવાળાં પણ હોવા જોઈએ.

पूर्वकाळ—पूर्वं स्नातः पश्चादनुलिप्तः=स्नातानुलिप्तः—પહેલાં સ્નાન કર્યું. પછી લેપ કર્યો.

—અહીં स्नात શબ્દ પૂર્વકાળની ક્રિયાને સૂચવે છે.

एक—एका चासौ शाटी च=एकशाटी—એક સાડી.

सर्व—सर्वं च तद् अन्नं च=सर्वान्नम्—બધું અન્ન.

जरत्—जरंश्चासौ गौश्च=जरद्गवः—ઘરડો બળદ.

पुराण—पुराणश्चासौ कविश्च=पुराणकविः—જૂનો કવિ.

नव—नवा चासौ उक्तिश्च=नवोक्तिः—નવી ઉક્તિ—નવું વચન

केवल—केवलं च तद् ज्ञानं च=केवलज्ञानम्—કેવળજ્ઞાન.

स्नात्वा+अनुलिप्तः—નાહીને પછી લેપ કર્યો—અહીં બે શબ્દો સરખી વિભક્તિમાં નથી.

॥ ૩ । ૧ । ૯૭ ॥

## दिगधिकं संज्ञा-तद्धितोत्तरपदे ॥ ३ । १ । ९८ ॥

दिग्વાચી નામ અને अधिक નામ, બીજાં નામ સાથે સમાસ પામે. એ બન્ને નામો સરખી વિભક્તિવાળાં હોવાં જોઈએ, આ સમાસ તત્પુરુષ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મધારય કહેવાય. જો સમાસ થયા પછી સંજ્ઞાનું સૂચન થતું હોય તો તથા સમાસ કરતી વખતે તદ્ધિત પ્રત્યય લાગવાનો પ્રસંગ હોય તથા એ બે નામ પછી ત્રીજું ઉત્તરપદ હોય તો.

દિગ્વાચી—दक्षिणाः कोशलाः=दक्षिणकोशलाः—દક્ષિણ કોશલ—આ દેશનું નામ છે.

,, पूर्वः इषुकामशमी=पूर्वेषुकामशमी—પૂર્વેષુકામશમી—આ ગામનું નામ છે.

તદ્ધિત—दक्षिणस्यां शालायां भवः=दाक्षिणशालः—દક્ષિણ પ્રદેશની શાળામાં થયેલો.

અધિક—अधिकया षष्ट्या क्रीतः= अधिकषाष्टिकः—વધારે સાઠની રકમ આપીને ખરીદેલો.

ઉત્તરપદ—उत्तराः गावः धनं यस्य=उत्तरगवधनः—ઉત્તમ ગાયો જેનું ધન છે.

अधिकाः गावः प्रियाः यस्य=अधिकगवप्रियः—અધિક ગાયો જેને પ્રિય છે. ॥ ૩ । ૧ । ૯૮ ॥

## सङ्ख्या समाहारे च द्विगुश्चानाम्न्ययम् ॥ ३ । १ । ९९ ॥

સંખ્યાવાચી નામ, બીજા નામ સાથે જો અર્થની સંગતતા હોય તો અને બન્ને નામોની સરખી વિભક્તિ હોય તો સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય. સમાસ થયા પછી સંજ્ઞાનું સૂચન થતું હોય તો તથા સમાસ કરતી વખતે તદ્ધિત પ્રત્યય લાગવાનો પ્રસંગ હોય તો.

આ જ સમાસ જો સમાહારરૂપ—અનેક પદાર્થોના કોઈ અપેક્ષાએ એકત્વરૂપ—અર્થનું સૂચન કરતો હોય તો અને અસંજ્ઞાનું સૂચક કરતો હોય એટલે કોઈના વિશેષ નામનું સૂચન ન કરતો હોય તો દ્વિગુસમાસ કહેવાય.

સંખ્યા—पञ्च आम्राः=पञ्चाम्राः—પંચામ્ર—વિશેષ નામ છે.

,, सप्त ऋषयः=सप्तर्षयः—સપ્તર્ષિ નક્ષત્ર— ,, ,,

તદ્ધિત—द्वयोः मात्रोः अपत्यम्=द्वैमातुरः—બે માતાનો છોકરો.

अध्यर्धेन कंसेन क्रीतः=अध्यर्द्धकंसः—જેમાં અડધું વધારે છે તેવી સંખ્યાવાળા એટલે દોઢ વગેરે સંખ્યાવાળા કંસ નામના માપવડે ખરીદેલ.

ઉત્તરપદ—पञ्च गावः धनं यस्य=पञ्चगवधनः—પાંચ ગાયો જેનું ધન છે.

,, पञ्च नावः प्रियाः यस्य=पञ्चनावप्रियः—પાંચ નાવ જેને પ્રિય છે.

સમાહાર—पञ्चानां राज्ञां समाहारः=पञ्चराजी—પાંચ રાજાઓની એક ટોળી.

આ ઉદાહરણ દ્વિગુસમાસનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्टौ प्रवचनमातरः–આઠ પ્રવચનમાતાઓ.–આ શબ્દ કોઈ વિશેષ નામ નથી. અહીં સમાહાર નથી. એટલે अष्टौ અને प्रवचनमातरः એ બે નામો–શબ્દો–વચ્ચે સમાહાર કલ્પવામાં નથી આવ્યો એટલે આ નિયમ ન લાગે.

पञ्चर्षीणाम् इदम्=पाञ्चर्षम्–પાંચર્ષ વિશેષ–નામ છે એથી અહીં દ્વિગુ સમાસ ન થાય. ॥ ૩ । ૧ । ૯૯ ॥

## निन्द्यं कुत्सनैरपापाद्यैः ॥ ३ । १ । १०० ॥

પાપ વગેરે શબ્દોને છોડીને કોઈ પણ નિંદનીય નામ, નિંદાના હેતુરૂપ એવાં બીજાં નામો સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, શરત એ છે કે સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોવા જોઈએ. તે સમાસ તત્પુરુષ કર્મધારય કહેવાય.

वैयाकरणः खसूची–वैयाकरणखसूची–વ્યાકરણ જાણનારો ખસૂચી છે–વ્યાકરણ જાણનારને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તે આકાશ સામે જોઈ રહે અર્થાત્ પ્રશ્નનો જવાબ આપવાને બદલે આકાશ સામે જોઈ રહેવું તે વૈયાકરણની નિંદા થઈ.

मीमांसकः दुर्दुरूढः=मीमांसकदुर्दुरूढः–નાસ્તિક મીમાંસક–"મીમાંસક થઈને નાસ્તિક હોવું" એ મીમાંસકની નિંદા છે.

वैयाकरणः चौरः–ચોર વૈયાકરણ. વ્યાકરણ જાણનારો વ્યાકરણમાં તો કુશળ છે પણ તે ચોરી કરે છે–આ પ્રયોગમાં વ્યાકરણ સંબંધી નિંદા નથી.

पापः वैयाकरणः=पापवैयाकरणः–પાપી વૈયાકરણ.

हतः विधिः= हतविधिः–ભાગ્ય વગરનો.

આ બન્ને પ્રયોગોમાં નિષેધ કરેલા પાપ વગેરે શબ્દો છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૧ । ૧૦૦ ॥

## उपमानं सामान्यैः ॥ ३ । १ । १०१ ॥

ઉપમાનવાચી નામ, ઉપમાન અને ઉપમેયમાં જે ગુણ સાધારણ હોય એટલે જે ગુણ બન્નેમાં રહેલો હોય એવા ગુણવાચક નામ સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોવા જોઈએ. એ સમાસ તત્પુરુષ કર્મધારય કહેવાય.

शस्त्री इव श्यामा=शस्त्रीश्यामा–છરી જેવી કાળી.

मृगी इव चपला=मृगचपला–હરણી જેવી ચપળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં शस्त्री અને मृगी એ બન્ને ઉપમાનવાચક નામ છે અને श्याम તથા चपल શબ્દો ઉપમેયવાચ્ય છે તથા श्यामतारूप ગુણ તથા चपलतारूप ગુણ ઉપમાન અને ઉપમેય એ બન્નેમાં એક સરખા સાધારણરૂપે રહેલ છે.
देवदत्ता श्यामा—દેવદત્તા કાળી છે.—અહીં દેવદત્તા ઉપમાનવાચી નથી.
**अग्निः माणवकः**—અગ્નિ જેવો માણવક છે.—અહીં अग्नि તથા माणवक એ બન્નેના સામાન્ય ધર્મને माणवक શબ્દ બતાવતો નથી.

॥ ૩ । ૧ । ૧૦૧ ॥

## उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ ॥ ३ । १ । १०२ ॥

ઉપમેયવાચી નામ, ઉપમાનવાચી व्याघ्र આદિ નામો સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, તે તત્પુરુષકર્મધારય કહેવાય. જો અહીં ઉપમાન અને ઉપમેય વચ્ચેના સાધારણ ધર્મનું સૂચન શબ્દ દ્વારા ન થયું હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો.

व्याघ्र इव व्याघ्रः, पुरुषः स चासौ व्याघ्रश्च=पुरुषव्याघ्रः—વાઘ જેવો પુરુષ.

शुना इव शुनी, शुनी चासौ सिंही च=श्वसिंही—કૂતરી જેવી સિંહણ.
पुरुषव्याघ्रः शूरः—વાઘ જેવો પુરુષ શૂરવીર—આવો પ્રયોગ ન થાય, કેમકે, અહીં ઉપમાન અને ઉપમેય વચ્ચેનો शूरतारूप સાધારણ ધર્મ शूर શબ્દ દ્વારા બતાવ્યો છે. તેથી આ નિયમન લાગે. ॥ ૩ । ૧ । ૧૦૨ ॥

## पूर्व-अपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरम् ॥३।१।१०३॥

पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, समान, मध्य, मध्यम અને वीर એ બધાં નામો, કોઈ બીજા નામ સાથે સમાસ પામે, જો પરસ્પર અર્થની સંગતતા હોય તો અને બન્ને નામો સરખી વિભક્તિવાળાં હોય તો, તે સમાસ તત્પુરુષકર્મધારય કહેવાય.

पूर्वः पुरुषः=पूर्वपुरुषः—પૂર્વ—આગલો—પુરુષ.
अपरः पुरुषः=अपरपुरुषः—પાછલો પુરુષ.
प्रथमः पुरुषः=प्रथमपुरुषः—પહેલો પુરુષ.
चरमः पुरुषः=चरमपुरुषः—છેલ્લો પુરુષ.
जघन्यः पुरुषः=जघन्यपुरुषः—હલકો પુરુષ.
समानः पुरुषः=समानपुरुषः—સમાન પુરુષ.
मध्यः पुरुषः=मध्यपुरुषः—મધ્ય—વચલો—પુરુષ.
मध्यमः पुरुषः=मध्यमपुरुषः—મધ્યમ પુરુષ.
वीरः पुरुषः=वीरपुरुषः—વીરપુરુષ. ॥ ૩ । ૧ । ૧૦૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रेण्यादि कृताद्यैश्च्व्यर्थे ॥ ३ । १ । १०४ ॥

શ્રેણિ વગેરે નામ, કૃત વગેરે નામ સાથે ચ્વિ નો અર્થ જણાતો હોય, પરસ્પર અર્થની સંગતતા જણાતી હોય અને બન્ને નામો સરખી વિભક્તિવાળાં હોય તો સમાસ પામે, તે, તત્પુરુષ કર્મધારય કહેવાય.

अश्रेणयः श्रेणयः कृताः=श्रेणिकृताः–હારબંધ ન હોતા તેને હારબંધ કર્યા.

अनूकाः ऊकाः कृताः=ऊककृताः–ઢગલા બંધ ન હોતા તેને ઢગલા બંધ કર્યા.

श्रेणयः कृताः किञ्चित्–કંઇક હારબંધ કર્યા.–અહીં ચ્વિ નો અર્થ નથી.

॥ ૩ । ૧ । ૧૦૪ ॥

---

૧ શ્રેણિ વગેરે શબ્દો આ પ્રમાણે સમજવા–

| | |
|---|---|
| श्रेणि–હાર–પંક્તિ–લાઇન | भूत–ભૂત અથવા પંચમહાભૂત |
| ऊक–સમૂહ | श्रमण–શ્રમણ–મુનિ |
| पूग– ,, | वदान्य–ઉદાર–દાની |
| कुन्दुम–સમૂહ | अध्यायक–ભણનાર |
| कन्दुम–કંદોઇ–મીઠાઇ બનાવનાર | अध्यापक–ભણાવનાર |
| राशि–ઢગલો | ब्राह्मण–બ્રાહ્મણ |
| निचय–સમૂહ | क्षत्रिय–ક્ષત્રિય |
| विशिष्ट–વિશેષતાવાળું | पटु–ચતુર |
| निर्धन–ધન વગરનું | पण्डित–પંડિત |
| कृपण–કંજૂસ–લોભિયું | कुशल–કુશળ |
| इन्द्र–ઇન્દ્ર | चपल–ચપળ |
| देव–દેવ | निपुण–નિપુણ |
| मुण्ड–મુંડાવેલું | |

આ બધા અને આ સિવાય બીજા પણ શબ્દોને શ્રેણિ આદિમાં સમજવાના છે.

૨ કૃત વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા––

| | |
|---|---|
| कृत–કરેલ | उप्त–વાવેલ |
| मत–માનેલ | उक्त–કહેલ |
| मित–માપેલ | समाज्ञात–સારી રીતે જાણેલ |
| भूत–થયેલ | समाख्यात–સારી રીતે કહેલ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्तं नञादिभिन्नैः ॥ ३ । १ । १०५ ॥

क्तान्त નામ એટલે છેડે त પ્રત્યયવાળું નામ, બીજા એના જેવા જ क्तान्त નામ સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો સમાસ પામે અને આ સમાસ તત્પુરુષ કર્મધારય કહેવાય. આ અંગે ખાસ શરત એ છે કે,

સમાસ પામનારાં બન્ને નામો અક્ષરોની અપેક્ષાએ તદ્દન સરખાં જ હોવાં જોઈએ પણ એ નામો વચ્ચે માત્ર 'નિષેધ' અર્થનો સૂચક नञ् લાગવાને લીધે જે ભેદ પડે તે જ ભેદ હોવો જોઈએ તથા नञ्‌ની જેવા અર્થવાળા બીજા શબ્દો લાગવાને લીધે જે ભેદ પડે તે જ ભેદ હોવો જોઈએ-તેટલી જ જુદાઈ હોવી જોઈએ-બીજી કશી જુદાઈ હોવી ન જોઈએ.

कृतं च अकृतं च=कृताकृतम्-કરેલું અને નહીં કરેલું.

पीतं च अवपीतं च=पीतावपीतम्-પીધેલું અને નહી પીધેલું.

આ બીજા अवपीत ઉદાહરણમાં नञ्‌ની સમાન અર્થવાળો अव શબ્દ વપરાયેલ છે અને સમાસ પામેલ બે નામોમાં એ ભેદ સિવાય બીજો કોઈ ભેદ નથી,

कर्तव्यम् अकर्तव्यं च-કર્તવ્ય અને અકર્તવ્ય-અહીં तव्य પ્રત્યયવાળું નામ છે, क्त પ્રત્યયવાળું નામ નથી.

कृतं च अविहितं च-કર્યું અને નહીં કર્યું-અહીં नञ् ઉપરાંત જુદા જુદા શબ્દોને લીધે નામોમાં ભેદ છે. कृत અને अविहित એ બન્ને શબ્દો જુદા જુદા છે. ॥ ૩ । ૧ । ૧૦૫ ॥

---

समाम्नात- ,,
संभावित-સંભાવના કરેલ
अवधारित-અવધારણ કરેલ
अवकल्पित-કલ્પના-કરેલ
निराकृत-દૂર કરેલ-નિરાકરણ કરેલ
उपकृत-ઉપકાર કરેલ
अपाकृत-દૂર કરેલ-હટાવેલ
कलित-કળવામાં આવેલ
उदाहृत-ઉદાહરણ કરેલ
उदीरित-પ્રેરણ કરેલ
उदित-ઉદય પામેલ-ઊગેલ
दृष्ट-દીઠું-જોયેલ
विश्रुत-વિશેષ સાંભળેલ-પ્રસિદ્ધ
विहित-કરેલ
निरूपित-નિરૂપણ કરેલ
आसीन-બેઠેલ
आस्थित-સ્થિત, પ્રતિજ્ઞા કરેલ
अवबद्ध-બંધાયેલ

આ સિવાય બીજા પણ અનેક શબ્દોને कृत આદિમાં સમજવાના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सेट् नाऽनिटा ॥ ३ । १ । १०६ ॥

क्त प्रत्ययवाळुं इट् सहित એટલે છેડે इत અંશવાળું નામ, બીજા क्त प્રત્યયવાળા તેની જેવા જ अनिट्-इट् રહિત એટલે છેડે इत અંશ વિનાના—એવા નિષેધાર્થયુક્ત નામ સાથે સમાસ ન પામે. જે બે નામોના સમાસનિષેધની વાત છે તે બે નામો વચ્ચે इ હોવા પૂરતો જ ભેદ હોય તથા न -હોવા પૂરતો કે न ના અર્થસૂચક કોઈ શબ્દ હોવા પૂરતો જ ભેદ હોય પણ બીજો કોઈ ભેદ ન હોવો જોઈએ.

क्लिशितम् अक्लिष्टम्—ક્લેશવાળું ક્લેશ વગરનું.

शितम् अशितम्-છોલેલું અને નહીં છોલેલું.

कृतं च अकृतं च=कृताकृतम्-કરેલું અને નહીં કરેલું. અહીં પૂર્વપદ सेट्- નથી એટલે પૂર્વ સૂત્રથી સમાસ થાય.

अशितम् च अनशितं च=अशितानशितम्=ખાધું અને નહીં ખાધું— અહીં ઉત્તરપદ अनिट् નથી પણ सेट् એટલે इ વાળું છે. એટલે પૂર્વ સૂત્રથી સમાસ થાય. ॥ ૩ । ૧ । ૧૦૬ ॥

## सत्-महत्-परम-उत्तम-उत्कृष्टं पूजायाम् ॥ ३ । १ । १०७ ॥

सत् , महत् , परम, उत्तम, उत्कृष्ट આ બધાં નામો, પૂજ્યવાચી નામ સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો અને પૂજાનો અર્થ જણાતો હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો સમાસ પામે અને તે તત્પુરુષ કર્મધારય સમાસ કહેવાય.

सन् च असौ पुरुषश्च सत्पुरुषः—સત્ પુરુષ.

महान् च असौ पुरुषश्च=महापुरुषः—મોટો પુરુષ.

परमः च असौ पुरुषश्च=परमपुरुषः—ઉતમ પુરુષ.

उत्तमः च असौ पुरुषश्च=उत्तमपरुषः—,, ,,

उत्कृष्टः च असौ पुरुषश्च=उत्कृष्टपुरुषः-ઉત્કૃષ્ટ પુરુષ.

सन् च असौ घटश्च—વિદ્યમાન ઘડો—અહીં પૂજા અર્થ નથી. ॥૩।૧।૧૦૭॥

## वृन्दारक-नाग-कुञ्जरैः ॥ ३ । १ । १०८ ॥

પૂજ્યવાચી નામ, वृन्दारक, नाग અને कुञ्जर નામો સાથે જો પરસ્પર અર્થની સંગતિ જણાતી હોય તો અને પૂજા—આદર—અર્થ જણાતો હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गौः च असौ वृन्दारकश्च=गोवृन्दारकः–ઉત્તમ ગાય અથવા ઉત્તમ બળદ.

गौः च असौ नागश्च=गोनागः– ,, ,, ,, ,, ,,

गौः च असौ कुञ्जरश्च=गोकुञ्जरः ,, ,, ,, ,, ,,

सुसीमो नागः–સારી ફણાવાળો નાગ–અહીં પૂજા જણાતી નથી. આ શબ્દ માત્ર નાગની જાતિનો સૂચક છે, એ જાતિમાં 'સારી ફણ હોવી' એ સ્વાભાવિક છે પણ કોઈ ઉત્તમતાનું સૂચક નથી. ॥ ૩ । ૧ । ૧૦૮ ॥

## कतर–कतमौ जातिप्रश्ने ॥ ३ । १ । १०९ ॥

જાતિવાચક નામ સાથે कतर અને कतम નામો સમાસ પામે, જો જાતિવિષયક-જાતિસંબંધી પ્રશ્ન જણાતો હોય અને સમાસ પામનારાં નામો વચ્ચે અર્થની સંગતિ હોય તો તથા તે નામો સરખી વિભક્તિવાળાં હોય તો. તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

कतरः च असौ कठश्च=कतरकठः–કોણ કઠ ગોત્રનો છે ?

कतमः च असौ गार्ग्यश्च=कतमगार्ग्यः–કોણ ગાર્ગ્ય ગોત્રનો છે ?

कतरः शुक्लः–કયો શુક્લ છે ?

कतमो गन्ता–કોણ જનારો ?

આ બન્ને પ્રયોગોમાં જાતિપ્રશ્ન નથી પણ પેલામાં ગુણનો પ્રશ્ન છે અને બીજામાં ક્રિયાનો પ્રશ્ન છે, તેથી આ નિયમ ન લાગ્યો.

॥ ૩ । ૧ । ૧૦૯ ॥

## किं क्षेपे ॥ ३ । १ । ११० ॥

किम् એવું નામ, નિંદાવાચી નામ સાથે અને અર્થની સંગતિ તથા સમાન વિભક્તિ હોય તો સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

को राजा=किंराजा–જે પ્રજાની રક્ષા ન કરે એવો કોણ રાજા ?

को गौः=किंगौः–જે ભાર વહન ન કરે એવો કોણ બળદ ?

को राजा तत्र–ત્યાં કોણ રાજા છે ? –અહીં માત્ર પ્રશ્ન છે, નિંદા નથી.

॥ ૩ । ૧ । ૧૧૦ ॥

## पोटा-युवति-स्तोक-कतिपय-गृष्टि-धेनु-वशा-वेहद्-वष्कयणी-प्रवक्तृ-श्रोत्रिय-अध्यापक-धूर्त-प्रशंसारूढैः ॥ ३ । १ । १११ ॥

સમાસ પામનારાં નામો વચ્ચે પરસ્પર અર્થની સંગતિ તથા સમાન વિભક્તિ જણાતી હોય તો જાતિવાચી નામ, पोटा, युवति, स्तोक, कतिपय,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गृष्टि, धेनु, वशा, वेहत्, बष्कयणी, प्रवक्तृ, श्रोत्रिय, अध्यापक, धूर्त—એ દરેક નામ સાથે અને પ્રશંસાના અર્થમાં રૂઢ થયેલાં નામો સાથે સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

इभ्या च सा पोटा च=इभ्यपोटा—સ્ત્રીવેષ ધારણ કરેલો પુરુષ—પાવૈયો, નપુંસક, જન્મથી દાસી હોય તે, પરાધીન અથવા ગણિકાની દાસી, ઇભ્ય પોટા—નટી.

नागा च सा युवतिः च=नागयुवतिः-ઉત્તમ યુવતિ.

अग्निः च स्तोकम् च =अग्निस्तोकम्—થોડો અગ્નિ.

दधि च कतिपयम् च=दधिकतिपयम्—કેટલુંક દહીં.

गौः च गृष्टिः च=गोगृष्टिः—એક વાર વીંયાય તેવી ગાય.

गौः च धेनुः च=गोधेनुः—તાજી વીંયાયેલી ગાય.

गौः च वशा च=गोवशा—વાંઝણી ગાય.

गौः च वेहत् च=गोवेहत्—ગર્ભનો ઘાત કરનારી અથવા સાંઢ પાસે જનારી ગાય.

गौः च बष्कयणी च=गोबष्कयणी—બાખડી ગાય જેનો વાછડો મોટો થયેલ છે તેવી લાંબા વખતે વીંયાયેલી ગાય.

कठः च असौ प्रवक्ता च=कठप्रवक्ता—બોલનારો—પાઠ આપનારો કઠગોત્રનો ઉપાધ્યાય.

मृगः च असौ धूर्तः च=मृगधूर्तः-લુચ્ચું પશુ.

પ્રશંસારૂઢ—गौः च असौ मतल्लिका च=गोमतल्लिका-ઉત્તમ ગાય.

,, गौः च अदः प्रकाण्डम् च=गोप्रकाण्डम् ઉત્તમ ગાય.

॥ ૩ । ૧ । ૧૧૧ ॥

## चतुष्पाद् गर्भिण्या ॥ ३ । १ । ११२ ॥

પરસ્પર અર્થની સંગતિ હોય અને સરખી વિભકિતઓ હોય તો ચાર પગવાળું પશુ જાતિવાચક નામ, गर्भिणी શબ્દ સાથે સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

गौः गर्भिणी=गोगर्भिणी—ગાભણી ગાય.

महिषी गर्भिणी=महिषगर्भिणी—ગાભણી ભેંસ.

कालाक्षी गर्भिणी—કાળી આંખવાળી ગાભણી—આ પ્રયોગમાં कालाक्षी પદ પશુનું જાતિવાચી નામ નથી. ॥ ૩ । ૧ । ૧૧૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## युवा खलति–पलित–जरद्–वलिनैः ॥ ३ । १ । ११३ ॥

પરસ્પર સંગતાર્થક અને સમાનવિભક્તિવાળું એવું युवन् નામ, खलति, पलित, जरत् અને वलिन નામો સાથે સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

युवा खलतिः=युवखलतिः ટાલવાળો જુવાન.

युवा पलितः=युवपलितः=યુવાન છતાં પળિયાંવાળો.

युवा जरन्=युवजरन्=યુવાન છતાં ઘરડો જણાતો.

युवा वलिनः=युववलिनः–યુવાન છતાં ચામડીની કરચલીવાળો પુરુષ.

નારીજાતિ–युवतिः वलिना–યુવાન છતાં કરચલીવાળી સ્ત્રી.

॥ ૩ । ૧ । ૧૧૩ ॥

## कृत्य–तुल्याऽऽख्यमजात्या ॥ ३ । १ । ११४ ॥

कृत्य પ્રત્યયવાળું અને तुल्य અર્થવાળું પરસ્પર સંગતાર્થક તથા સમાનવિભક્તિવાળું નામ, અજાતિવાચી નામ સાથે સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

(घ्यण्, य, क्यप्, तव्य અને अनीय–એ પાંચ कृत्य પ્રત્યયો છે. જુઓ ૫ । ૧ । ૪૭)

કૃત્ય પ્રત્યય–

भोज्यं च उष्णं च=भोज्योष्णम्–ગરમાગરમ ખાવાનું.

स्तुत्यः पटुः=स्तुत्यपटुः–સ્તુતિ કરવા લાયક ચતુર માણસ.

તુલ્ય–तुल्यः सन्=तुल्यसन्–સરખો સજ્જન.

તુલ્યાર્થક–सदृशः महान्=सदृशमहान्–સરખો મોટો.

भोज्यः ओदनः–ખાવા લાયક ચોખા. આ પ્રયોગમાં ओदन શબ્દ જાતિવાચક છે તેથી તેની સાથે સમાસ ન થાય.

॥ ૩ । ૧ । ૧૧૪ ॥

## कुमारः श्रमणादिना ॥ ३ । १ । ११५ ॥

પરસ્પર સંગતાર્થક અને સમાન વિભક્તિક कुमार નામ, श्रमण આદિ નામો સાથે સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

कुमारी श्रमणा–कुमारश्रमणा–કુમારી સાધ્વી–કુમારી–કુંવારી–પરણ્યા વગરની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुमारी प्रव्रजिता–कुमारप्रव्रजिता–કુમારી દીક્ષિત થયેલી.

कुमारः श्रमणः–कुमारश्रमणः–કુમાર સાધુ, કુમાર–કુંવારો

श्रमणा વગેરે શબ્દો નીચે લખ્યા પ્રમાણે સમજવા—

| | |
|---|---|
| श्रमणा | अध्यायक |
| प्रव्रजिता | अभिरूपक |
| कुलटा | पटु |
| गर्भिणी | मृदु |
| तापसी | पण्डित |
| बन्धकी - અનાચારી સ્ત્રી | कुशल |
| दासी | चपल |
| | निपुण |

આટલાં નામો સાથે સ્ત્રીલિંગ કુમાર શબ્દનો જ સમાસ થાય, બાકીનાં નામો સાથે નરજાતિ કે નારીજાતિનો કુમાર શબ્દ સમાસ પામે.

આ સમાસમાં સમાસ થયા પછી कुमार શબ્દ જ પૂર્વ પદમાં રહે, બીજો કોઈ શબ્દ નહીં. જ્યારે નરજાતિનો कुमार શબ્દ હોય ત્યારે कुमार શબ્દ અથવા તેની સાથે સમાસ પામનારો બીજો શબ્દ એમાંથી ગમે તે કોઈ પૂર્વપદમાં આવે, જેમકે–

कुमारश्रमणः–કુંવારો એવો શ્રમણ

तापसकुमारः–તાપસ એવો કુંવારો ॥ ૩ । ૧ । ૧૧૫ ॥

## 'मयूरव्यंसक' इत्यादयः ॥ ३ । १ । ११६ ॥

પરસ્પર સંગતાર્થક मयूरव्यंसक વગેરે શબ્દોને તત્પુરુષ સમાસવાળા સમજવાના છે.

व्यंसकः मयूरः=मयूरव्यंसकः–શિક્ષા પામેલો અને બીજા મોરોને ઠગનારો મોર–લુચ્ચો માણસ.

मुण्डः कम्बोजः=कम्बोजमुण्डः–કંબોજ દેશનો માથે મુંડાવાળો–ગુંડો.

एहि इडे ! = एहीडं कर्म–'હે ઇડે !અહીં આવ' એવું જે કામમાં બોલાય તે एहीड કર્મ કહેવાય.

अश्नीत, पिबत इति यस्यां क्रियायां सा इतिः=अश्नीतपिबता=નિરંતર ખાઓ, પીઓ' એવું જે ક્રિયામાં બોલાય તો ક્રિયા अश्नीतपिबता ક્રિયા કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कटं कुरु इति यो वक्ति सः=कुरुकटो वक्ता-સાદડી બનાવો એમ જે બોલે તે માણસ कुरुकट કહેવાય.

गतं प्रत्यागतं यस्मिन् कर्मणि तत्=गतप्रत्यागतम्-જેમાં જવું-આવવું થાય તે ક્રિયા.

क्रयश्चासौ क्रयिका च=क्रयाक्रयिका-મોટી નાની ખરીદી.

शाकप्रियः पार्थिवः=शाकपार्थिवः-જેને શાક પ્રિય છે એવો રાજા.

तृतीयो भागः=त्रिभागः-ત્રીજો ભાગ.

सर्वेषां श्वेतः=सर्वश्वेतः-બધામાં ધોળો.

मयूरव्यंसक વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

मयूरव्यंसक

छात्रव्यंसक-લુચ્ચો વિદ્યાર્થી

कम्बोजमुण्ड

यवनमुण्ड-માથે મુંડાવાળો એવો યવન -મુંડો યવન

मयूरव्यंसका-લુચ્ચો દેશ-લુચ્ચી સ્ત્રી

નીચેના નામોમાં ક્રિયાપદ અને નામનો સમાસ છે—

एहीड 'હે ઇડ ! તું અહીં આવ' એવું જે કામમાં બોલાતું હોય તે કામ

एहियव 'જવો સાથે આવ' એવું જે ક્રિયામાં કે જે કાળમાં બોલાય તે ક્રિયા અથવા તે કાળ

एहिवाणिजा-જે ક્રિયામાં 'હે વાણિયા ! આવ' એમ બોલાય તે ક્રિયા

प्रेहिवाणिजा-જે ક્રિયામાં 'હે વાણિયા આવ' એમ બોલાવ તે ક્રિયા

अपेहिवाणिजा-'વાણિયા ! ખસીજા' એવું જે ક્રિયામાં બોલાય તે ક્રિયા

एहिस्वागता-'આવ સ્વાગત છે' એવું જ્યાં-જે પ્રવૃત્તિમાં કે જે કાળમાં બોલાય.

**નીચેના તમામ નામોના અર્થમાં 'एवुं जे क्रियामां, प्रवृत्तिमां के काळमां बोलाय ते' एवो अर्थ समझी लेवानो छे.**

अपेहिस्वागता-ખસીજા સ્વાગત છે.

एहिद्वितीया-તું બીજો કે બીજી આવ

अपेहिद्वितीया-'તું બીજો કે બીજી ખસીજા

નીચેના ઉદાહરણોમાં બે ક્રિયાપદોનો સમાસ છે-

एहिप्रघसा-'તું આવ ખા'

अपेहिप्रघसा-'તું ખસીજા ખા'

एहिविघसा-विघस એટલે તું ખા

अपेहिविघसा-

एहिप्रकसा-प्रकस એટલે કસ કાઢ.

अपेहिप्रकसा-

प्रोहकटा-સાદડીના કામનો વિચાર કર

प्रोहकर्दमा-કાદવથી હેરાન થા

प्रोहकपर्दा-કોડાના કામનો વિચાર કર

उद्धमचूडा-ચૂડાનો અવાજ કર

आहरचेला-કપડું લાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आहरवसना–કપડું લાવ.
आहरवितता–વિસ્તરેલું–પાથરેલું લાવ
कृन्धिविचक्षणा–હે વિચક્ષણ ! તું કાપ અથવા વિચક્ષણ રીતે કાપ
भिन्धिलवणा–લવણને વાટ
पचलवणा–મીઠાને પકાવ

ક્રિયાપદનો ક્રિયાપદ સાથે સમાસ–

उद्धरोत्सृजा–બહાર કાઢ અને આપ
उद्धमविधमा–ધમધમ કર
उद्वपनिवपा–ઊંચે વાવ અને નિરંતર વાવ
उत्पचनिपचा–રાંધવા માંડ
कृन्धिविक्षिणा–કાપ અને ક્ષીણકર–જુદું કર
उन्मृजावमृजा–સાફસુફ કર
अश्नीतपिबता–નિરંતર ખાઓ પીઓ
अश्नीतपचता–ખાઓ અને રાંધો
खादतमोदता–'ખાઓ અને આનંદ કરો' એવું જે ક્રિયામાં બોલાય તે ક્રિયા
पचतभृज्जता–રાંધો અને ભુંજો–એવું જે ક્રિયામાં બોલાય તે ક્રિયા
लुनीतपुनीता– લણો અને ઊપણો
खादाऽऽचामा–ખા અને આચમન કર
आहरनिवपा–લઈજા અને નિરંતર વાવ
आवपनिष्किरा–વાવ અને ફેંક
पचप्रकुला–રાંધ અને ઢાંક

અવ્યય અને નામનો સમાસ–

इहद्वितीया–અહીં બીજું
इहपञ्चमी–અહીં પાંચમું
अद्यद्वितीया–આજે બીજું
अद्यपञ्चमी–આજે પાંચમું

બ–ને ક્રિયાપદોનો સમાસ

एहिरेयाहिरा–રે ! આવ અને રે જા.
एहिरेगच्छरा– ,,

અવ્યય અને નામનો સમાસ

आहोपुरुषिका–અહો હું પુરુષ છું

નામ નામનો સમાસ–

अहंपूर्विका–હું પૂર્વે છું–આગળ છું
अहंप्रथमिका–હું પહેલો છું
अहमहमिका–હું છું હું છું
विकृतप्रकृता–ને બદલે विचप्रका– વિકારવાળું ચાલુ કામ
निश्चितप्रचिता ને બદલે निश्चप्रचा– નિરંતર ભેગું કરેલ અને ખુબ ભેગું કરેલ
या इच्छा यस्यां सा यदृच्छा–જેમાં જે ઇચ્છા–મરજી મુજબ

ક્રિયાપદનો ક્રિયાપદ સાથે સમાસ

जहिजोड–છોડ અને જોડ એવું વારંવાર બોલવું
उज्जहिजोड– ,,

ક્રિયાપદનો નામ સાથે સમાસ–

जहिस्तम्ब–સ્તંભને છોડ
उज्जहिस्तम्ब– ,,
कुरुकट–કટને કર

અવ્યયસાથે નામનો સમાસ–

स्नात्वाकालक–નાહીને કાળો
पीत्वास्थिरक–પીને સ્થિર થયો
भुक्त्वासुहित–જમીને ધરાયો–તૃપ્ત થયો
प्रोष्यपापीयान्–પ્રવાસી થઈને પાપી થયો–નિસ્તેજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्पत्यपाकला—આકાશમાં ઉડીને ફીકી થયેલી

निपत्यरोहिणी નીચે પડીને લાલ થયેલી

निषद्यश्यामा—નીચે બેસીને કાળી થયેલી

निषण्णश्यामा—નીચે બેઠેલી કાળી થયેલી

उदक् च अवाक् च. उच्चितं च अवचितं च इति वा उच्चावचम्—ઊંચું નીચું

उच्चैश्च नीचैश्च અથવા उच्चितं च निचितं च उच्चनीचम्—ઊંચું નીચું —બરાબર સરખું નહીં

आचितं च उपचितं च आचोपचम्—ભેગું કરેલું અને ઢગલો કરેલું आचितं च अवचितं च आचोवचम्-ભેગું કરેલું છુટું કરેલું.

आचितं च पराचितं च અથવા अर्वाक् च परस्तात् च आचपराचम्—આગળ પાછળ

निश्चितं च प्रचितम् च निश्चप्रचम्—નિશ્ચિત અને પ્રચિત

निष्कुषितं च निस्त्वचं च निश्चत्वचम्—છોલેલુ—છાલ કાઢી નાખેલું

न भवति किञ्चन, न क्वचिद् उपयुज्यते इति अकिञ्चनम् પ્રયોજન વિનાનું—નકામું—ઉપયોગી નહીં

न अस्य कुतोऽपि भयम् अस्ति अकुतोभयम्—જેને ક્યાંયથી ભય નથી તે

गतप्रत्यागत—જવું આવવું

यातानुयात-જવું ફરી પાછળ જવુ

क्रयक्रयिका—મોટી નાની ખરીદી

पुटापुटिका—મોટા પડા નાનાપડા (પડા-પડીયા અથવા પડિકાં)

फलाफलिका—મોટાં નાનાં ફળો અથવા ફળો અને શિંગો

मानोन्मानका—મોટા માપ નાનાં માપ

शाकप्रियः पार्थिवः—शाकपार्थिवः—જેને શાક પ્રિય છે એવો માત્ર શાક ખાનારો રાજા—ફળાહારી નૃપ

कुतपसौश्रुत-બકરાના વાળમાંથી બનેલ વસ્ત્ર વાપરનાર સૌશ્રુત અથવા મૃગચર્મમાંથી બનેલ વસ્ત્ર વાપરનાર અથવા ગાયનાં રોમો-રુંવાડાં-માંથી બનેલ વસ્ત્ર વાપરનાર, સૌશ્રુત—સુશ્રુતનો પુત્ર

अजातौल्वलि—બકરાં વેચનાર તૌલ્વલિ (તુલ્વલનો છોકરો તૌલ્વલિ)

यष्टिमौद्गल्य-લાકડીને હથીયારરૂપે વાપરનાર મૌદ્ગલ્ય (મુદ્ગલનો છોકરો મૌદ્ગલ્ય)

परशुराम—પરશુને હથીયારરૂપે વાપરનાર રામ

घृतरौटि—જેમાં ઘી વધારે છે તેવી રોટી—રોટલી

ओदनपाणिनि—જેને ચોખા વધારે પ્રિય છે એવો પાણિનિ

आणिमाण्डव्य—જેને આણિ—સીમા—પ્રિય છે એવો માંડવ્ય (માંડવ્ય નામ છે)

बलाकाकौशिक—જેને બગલી પ્રિય છે એવો કૌશિક

विदर्भाकौण्डिन्य—જેને વિદર્ભા પ્રિય છે એવો કૌંડિન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सहस्रार्जुन–હજાર હાથવાળો અર્જુન
त्रिविद्या-ત્રણ અવયવ-ભાગ-વાળી વિદ્યા
एकादश–જેમાં એક વધારે છે તેવા દસ–અગ્યાર
द्वादश–જે દસમાં બે વધારે છે તે દ્વાદશ–બાર
षोडश–જે દસમાં છ વધારે છે તે–ષોડશ–સોળ
एकविंशति–જે વીશમાં એક વધારે છે તે એકવીશ
द्वाविंशति–જે વીશમાં બે વધારે છે તે બાવીશ
एकशत–સોમાં એક વધારે-એકસો એક
द्विशत–સોમાં બે વધારે–એકસો બે
दध्योदन–દહીંથી છાંટેલા ભાત
घृतौदन–ઘીથી છાંટેલા ભાત
गुडधाना–ગોળ સાથે ધાણા
तिलपृथुका-તેલ સાથે પૌંક અથવા પહુંઆ

अश्वरथ–બે ઘોડા જોડેલો રથ
गजरथ-હાથી જોડેલો રથ
घृतघट–ઘી ભરેલો ઘડો
त्रिभाग, तृतीयभाग–ત્રીજો ભાગ
त्र्यंश, तृतीयांश–ત્રીજો અંશ–ભાગ
षड्भाग, षष्ठभाग–છઠો ભાગ
षडंश, षष्ठांश–છઠ્ઠો અંશ
त्रिदिव, तृतीयदिव–ત્રીજો લોક
त्रिविष्टप, तृतीयविष्टप ”
सर्वश्वेत–બધામાં વધારે સફેદ–ધોળો
सर्वमहान्–બધામાં વધારે મોટો

જે જાતના તત્પુરુષ સમાસને સાધવામાટે કોઇ ખાસ વિધાન નથી કર્યું તે જાતનો તત્પુરુષ સમાસ સાધવા સારુ આ ૩।૧।૧૧૬મું સૂત્ર છે.

मयूरव्यंसक इति आदयः–આ સૂત્રમાં જે इति શબ્દ મુકેલ છે તેનો અભિપ્રાય એ છે કે मयूरव्यंसक શબ્દ એમ જ એટલે એકલો જ વ્યવહારમાં વપરાય પણ परममयूरव्यंसक અથવા मयूरव्यंसकप्रिय એ રીતે ન વપરાય.

मयूरव्यंसक વગેરે અનેક શબ્દો તો ઉપર જણાવેલ છે પણ એવા જે બીજા શબ્દો હોય તેમનો પણ અહીં સંગ્રહ કરવાનો છે.

જેમકે—

पुनः+राजा पुनाराजा–ફરીને રાજા
पुनः–गो=पुनर्गव–ફરીને ગાય કે બળદ
पाद+हारक–पादहारक–પગવડે હરી શકાય તે
गलेचोपक–ગળામાં જે ચોપાય તે

सायंदोह–સાંજને વખતે ગાય વગેરેને દોહવાનું
प्रातर्दोह–સવારે દોહવાનું
पुनर्दोह–ફરી ફરી દોહવાનું
सायमाश–સાંજે ખાવાનું
प्रातराश–સવારે ખાવાનું–શિરામણ

॥ ૩ । ૧ । ૧૧૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વન્દ્વ સમાસ—

**चार्थे द्वन्द्वः सहोक्तौ ॥ ३ । १ । ११७ ॥**

च શબ્દના પ્રયોગ સાથે બે પદાર્થોને (સામાન્યરૂપ કે વિશેષરૂપ એવાં મનુષ્ય–પુરુષ સ્ત્રી બાળક કે પશુ, પક્ષી, ઝાડ–પાન વગેરે અને બીજા પણ જડ ચેતન પદાર્થોને) ક્રમવડે નહીં પણ સાથે સાથે બતાવવા હોય તો એક નામ, બીજા નામની સાથે કે નામોની સાથે જે સમાસ પામે તે દ્વન્દ્વ સમાસ કહેવાય.

નામ સાથે નામ—

प्लक्षश्च न्यग्रोधश्च=प्लक्ष–न्यग्रोधौ—જટાવાળો પીંપળો (પાકડો) અને વડ.
वाक् च त्वक् च=वाक्त्वचम्–વાણી અને ત્વચા–ચામડી કે તજ.

સહોક્તિ જણાવવા માટે આ સમાસમાં च શબ્દને વાપરવો જોઈએ.
નામ સાથે નામો—

धवश्च खदिरश्च पलाशश्च धवखदिरपलाशाः ધવનું વૃક્ષ, ખેરનું વૃક્ષ અને ખાખરો.

पीठं च छत्रं च उपानहौ च पीठच्छत्रोपानहम्–પીઠ, છત્ર અને પગરખાં (પીઠ એટલે પીઠ પાછળ ટેકારૂપે મુકવામાં આવતું લાકડાનું પાટિયું–ટેકણ)

ग्रामो ग्रामो रमणीयः—ગામે ગામ–દરેક ગામ–સુંદર છે–અહીં બે પદાર્થોને સાથે કહેવાના નથી એટલે 'આ ગામ અને આ ગામ' એવું કથન નથી–चના અર્થ સાથેની સહોક્તિ નથી પણ વીપ્સારૂપ સહોક્તિ છે.

प्लक्षश्च न्यग्रोधश्च वीक्ष्यताम्—પ્લક્ષને જુઓ, ન્યગ્રોધને જુઓ–આ વાક્ય એમ બતાવે છે કે પહેલાં પ્લક્ષને જુઓ અને પછી ન્યગ્રોધને જુઓ. આ રીતે અહીં એક સાથે જોવાનું નથી તેથી અહીં સહોક્તિ નથી. સહોક્તિ એટલે એક સાથે પ્રવૃત્તિ કરવાની સૂચનાવાળું વચન અર્થાત્ એક સાથે પ્રવૃત્તિ પણ 'એક પછી એક' એમ કરવાની પ્રવૃત્તિ નહીં.

॥ ૩ । ૧ । ૧૧૭ ॥

એકશેષ સમાસ–

**समानामर्थेनैकः शेषः ॥ ३ । १ । ११८ ॥**

જે શબ્દો સમાન અર્થવાળા હોય એવા શબ્દોની સહોક્તિ હોય ત્યારે સમાસ થયા પછી એ શબ્દોમાંનો એક બાકી રહે, બીજા જતા રહે, આ સમાસનું નામ 'એકશેષસમાસ' કહેવાય.

वक्रश्च कुटिलश्च= वक्रौ, कुटिलौ वा—બે વાંકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सितश्च शुक्लश्च श्वेतश्च=सिताः, शुक्लाः, श्वेता वा—ધોળા
प्लक्ष–न्यग्रोधौ—પ્લક્ષ–પીંપલ વૃક્ષ અને ન્યગ્રોધ–વડવૃક્ષ–આ બન્ને નામો સમાન અર્થવાળા નથી.
वक्रश्च कुटिलश्च दृश्यः—વાંકાને જુઓ, પછી કુટિલને જુઓ આ વાક્યમાં એક સાથે જોવાનું નથી પણ એક પછી એક જોવાનો આશય છે તેથી સહોક્તિ નથી. ॥ ૩ । ૧ । ૧૧૮ ॥

## स्यादावसंख्येयः ॥ ३ । १ । ११९ ॥

અક્ષરોની અપેક્ષાએ જે શબ્દો તદ્દન સરખા હોય અને સ્યાદિની તમામ વિભક્તિમાં જેનાં રૂપો એકસરખાં થતાં હોય એવાં ઘણાં નામોની સહોક્તિ હોય ત્યારે એક બાકી રહે; બીજાં જતા રહે. આ નામોમાં કોઈ નામ સંખ્યેયવાચી ન હોવું જોઈએ. આ સમાસનું નામ પણ એકશેષ સમાસ છે.

अक्षश्च (शकटस्य—ગાડાની ધરી), अक्षश्च (देवनः—રમવાને પાસો), अक्षश्च बिभीतकः—બહેડાનું ઝાડ)=अक्षाः—અહીં શબ્દો બધા એકસરખા જ છે અને अक्ष શબ્દ તમામ સ્યાદિ વિભક્તિમાં એકસરખા રૂપવાળો છે તેથી તે બધામાંથી એક अक्ष શબ્દ બાકી રહે છે, જો કે अक्षના અર્થો જૂદા જૂદા છે.

माता च (जननी—માતા), माता च (धान्यस्य—માપનારો)—मातृ—मातरौ—માતા અને માપનારો એ બે —આ બન્ને શબ્દો સરખા તો છે છતાં સ્યાદિ વિભક્તિમાં તેમનાં રૂપો એકસરખાં થતાં નથી તેથી એકશેષ ન થાય અર્થાત્ પ્રયોગમાં બન્ને શબ્દો કાયમ રહે.

एकश्च एकश्च-એક એક—અહીં एक શબ્દ 'એક પદાર્થ' એમ સંખ્યેયનો સૂચક છે. ॥ ૩ । ૧ । ૧૧૯ ॥

## त्यदादिः ॥ ३ । १ । १२० ॥

त्यद् આદિ શબ્દોની અને બીજાં નામોની સહોક્તિ હોય ત્યારે એકલો त्यद् આદિ જ બાકી રહે છે, બીજો બાકી રહેતો નથી. (त्यदादि માટે જુઓ : ૧।૪।૭) આ સમાસનું નામ પણ એકશેષ સમાસ છે.

स च चैत्रश्च इति=तौ- તે અને ચૈત્ર—અહીં 'ચૈત્ર' પદ જતું રહ્યું.

स च यश्च इति=यौ—તે અને જે—અહીં 'તે' પદ જતું રહ્યું.

अहं च स च त्वं च इति=वयम्—હું, તે અને તું—અહીં 'તે' અને 'તું' પદ જતાં રહ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન-છેલ્લા બે પ્રયોગોમાં પ્રથમમાં यत् શબ્દ બાકી રહ્યો છે અને બીજામાં अस्मद् શબ્દ બાકી રહ્યો છે એટલે પ્રશ્ન એ થાય છે કે, બોલાયેલાં નામોમાંથી કયું નામ બાકી રાખવું ?

ઉત્તર-પ્રથમ વાક્યમાં તો यश्च એવું ઉચ્ચારણ પછી થયેલું છે એટલે એ છેલ્લું હોવાથી એ જ બાકી રહે.

પ્રશ્ન--પણ બીજા વાક્યમાં છેલ્લું પદ त्वम् છે છતાં त्वम् નું બહુવચન यूयं બાકી ન રહ્યું અને अहम् નું બહુવચન वयम् બાકી રહ્યું. એમ કેમ થયું ? જો પ્રથમ વાક્યની પેઠે છેલ્લું પદ બાકી રહેતું હોય એવો નિયમ હોય તો अहं च स च त्वं च એ વાક્યમાં છેલ્લું પદ त्वम् છે એથી अहं च ઇત્યાદિ સમાસમાં यूयम् શેષ રહેવું જોઈએ, वयम् ન રહેવું જોઈએ.

આનો ખુલાસો આમ છે-જ્યાં ૧।૪।૭મા સૂત્રમાં त्यद् વગેરે શબ્દો જે ક્રમમાં નોંધેલા છે તે ક્રમ પ્રમાણે જે શબ્દ પાછળ હોય તે જ બાકી રહે એવો નિયમ છે એટલે अस्मद् શબ્દ પાછળ નોંધાયેલ છે અર્થાત્ युष्मद् શબ્દથી પછી अस्मद् શબ્દ આવેલ છે. તાત્પર્ય એ કે, શબ્દને બાકી રાખવા માટે વાક્યમાં જણાવેલા ક્રમને અહીં ધ્યાનમાં રાખવાનો નથી પણ ૧।૪।૭મા સૂત્રમાં જે ક્રમે त्यद् વગેરે શબ્દો નોંધેલા છે તે ક્રમમાં જે પાછળ હોય તે શબ્દના રૂપને જ અહીં બાકી રાખવાનું છે. ધારો કે अहं च त्वं च भवान् च कः च આવો સમાસ હોય તો ત્યાં છેલ્લે के એવું જ પદ બાકી રહે, કેમકે किम् શબ્દ अस्मद्‌થી તથા भवत्‌થી પણ પછી નોંધાયેલ છે.

त्यदादिની નોંધણીનો ક્રમ આ પ્રમાણે છે—त्यद् तद् यद् अदस् इदम्, एतद्, एक, द्वि, युष्मद्, अस्मद्, भवतु किम् ।

'જે પાછળ નોંધેલ હોય તે જ શેષ રહે' એ ખુલાસો પણ बहुलम्‌ને લીધે સાર્વત્રિક નથી, એથી કોઈ કોઈ સ્થળે આગળ નોંધેલું પદ પણ શેષરૂપે રહી શકે છે. જેમકે, भवान् च अहं च आवाम्- स च यश्च तौ. આ બન્ને પ્રયોગોમાં પાછળ નોંધેલું નહીં પણ આગળ નોંધેલ નામ શેષરૂપે રહેલ છે. આમ છે છતાં નોંધણીના ક્રમ પ્રમાણે જે પાછળ હોય તે બાકી રહે છે-એવો સાધારણ નિયમ છે.

॥ ૩ । ૧ । ૧૨૦ ॥

## भ्रातृ-पुत्राः स्वसृ-दुहितृभिः ॥ ३ । १ । १२१॥

'બહેન' અર્થવાળા શબ્દ સાથે 'ભાઈ' અર્થવાળા શબ્દની સહોક્તિ હોય તો એકલો 'ભાઈ' અર્થવાળો શબ્દ બાકી રહે છે, બીજો બાકી રહેતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. અને 'દીકરી' અર્થવાળા શબ્દ સાથે 'દીકરા' અર્થવાળા શબ્દની સહોક્તિ હોય તો એકલો 'દીકરા' અર્થવાળો શબ્દ બાકી રહે છે, બીજો બાકી રહેતો નથી.

भ्रातृ શબ્દ—भ्राता च स्वसा च=भ्रातरौ—ભાઈ અને બહેન.

पुत्र શબ્દ—पुत्रश्च दुहिता च=पुत्रौ—પુત્ર અને પુત્રી.

भ्रातृના સમાન અર્થનો શબ્દ—बन्धुश्च भगिनी च=बन्धू—ભાઈ અને બહેન.

पुत्रના સમાન અર્થનો શબ્દ—सुतश्च पुत्री च=सुतौ—દીકરો અને દીકરી.

॥ ૩ । ૧ । ૧૨૧ ॥

## पिता मात्रा वा ॥ ३ । १ । १२२ ॥

'માતા' શબ્દ સાથે 'પિતા' શબ્દની સહોક્તિ હોય તો એકલો पितृ શબ્દ જ વિકલ્પે બાકી રહે છે, બીજા બાકી રહેતા નથી.

पिता च माता च=पितरौ, मातापितरौ—પિતા અને માતા.

॥ ૩ । ૧ । ૧૨૨ ॥

## श्वशुरः श्वश्र्वा वा ॥ ३ । १ । १२३ ॥

श्वश्रू શબ્દની સાથે श्वशुर શબ્દની સહોક્તિ હોય તો એકલો श्वशुर શબ્દ જ વિકલ્પે બાકી રહે છે, બીજો બાકી રહેતો નથી.

श्वश्रूश्च श्वशुरश्च श्वशुरौ, श्वश्रूश्वशुरौ—સાસુ અને સસરા.

॥ ૩ । ૧ । ૧૨૩ ॥

## वृद्धो यूना तन्मात्रभेदे ॥ ३ । १ । १२४ ॥

યુવાવાચી—'યુવા' અર્થમાં આવતા તદ્ધિત પ્રત્યયવાળા—નામ સાથે વૃદ્ધવાચી—'વૃદ્ધ' અર્થમાં આવતા તદ્ધિત પ્રત્યયવાળા—નામની સહોક્તિ હોય તો વૃદ્ધવાચી શબ્દ એકલો બાકી રહે છે. એ બે નામ વચ્ચે 'વૃદ્ધસંજ્ઞા' અને 'યુવાસંજ્ઞા' સિવાય બીજો કોઈ ભેદ હોવો ન જોઈએ તથા શબ્દનો ભેદ અને અર્થનો ભેદ પણ ન હોવો જોઈએ.

गार्ग्यश्च गार्ग्यायणश्च गार्ग्यौ—વૃદ્ધ ગાર્ગ્ય અને યુવા ગાર્ગ્યાયણ

गर्ग—गार्ग्यायणौ—ગર્ગ અને યુવા ગાર્ગ્યાયણ—અહીં ગર્ગ શબ્દને વૃદ્ધ અર્થનો તદ્ધિત પ્રત્યય લાગેલો નથી.

गार्ग्य—गर्गौ—ગાર્ગ્ય અને ગર્ગ—અહીં જો કે પ્રથમ गर्ग શબ્દને વૃદ્ધ અર્થનો તદ્ધિત પ્રત્યય લાગેલો છે પણ બીજા गर्ग શબ્દને યુવા અર્થનો પ્રત્યય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગેલ નથી તેથી 'વૃદ્ધ' અર્થના પ્રત્યયવાળા'ની સાથે 'યુવા'અર્થના પ્રત્યયવાળાની સહોક્તિ નથી.

गार्ग्य–वात्स्यायनौ–વૃદ્ધાપત્ય ગાર્ગ્ય અને યુવાપત્ય વાત્સ્યાયન–આ પ્રયોગમાં શબ્દનો ભેદ છે અને અર્થનો પણ ભેદ છે. ॥ ૩ । ૧ । ૧૨૪ ॥

## स्त्री पुंवच्च ॥ ३ । १ । १२५ ॥

યુવાપત્ય નામ સાથે વૃદ્ધાપત્યરૂપ સ્ત્રીવાચી નામની સહોક્તિ હોય તો એકલું વૃદ્ધાપત્યરૂપ નામ બાકી રહે છે અને જે બાકી રહે તે પુંલિંગ માં વપરાય.

જે બે નામ વચ્ચે સહોક્તિ છે તેમાં વૃદ્ધઅપત્ય અને યુવાઅપત્ય સિવાય બીજો કોઈ ભેદ ન હોવો જોઈએ.

गार्गी च गार्ग्यायणश्च=गार्ग्यौ–વૃદ્ધઅપત્ય ગાર્ગ્ય સ્ત્રી અને યુવા અપત્ય ગાર્ગ્યાયણ.

गार्गी च गार्ग्यायणौ च=गर्गान्–વૃદ્ધ અપત્ય સ્ત્રીને અને યુવા અપત્ય બે ગાર્ગ્યાયણને. ॥ ૩ । ૧ । ૧૨૫ ॥

## पुरुषः स्त्रिया ॥ ३ । १ । १२६ ॥

નરજાતિનો પ્રાણીવાચક શબ્દ નારીજાતિના પ્રાણીવાચક શબ્દ સાથે સહોક્તિમાં હોય તો એકલો નરજાતિનો શબ્દ બાકી રહે. એ બે વચ્ચે પણ માત્ર સ્ત્રી પુરુષ સિવાય બીજો કોઈ શબ્દભેદ ન હોવો જોઈએ.

ब्राह्मणश्च ब्राह्मणी च=ब्राह्मणौ–બ્રાહ્મણ અને બ્રાહ્મણી.

मयूरश्च मयूरी च=मयूरौ–મોર અને ઢેલ.

तीरं नद–नदीपतेः–નદનું અને સમુદ્રનું તીર–અહીં નદ અને નદીપતિનો નદી એ બન્ને પ્રાણીજાતિવાચક નથી.

स्त्री च पुमांश्च=स्त्रीपुंसौ–સ્ત્રી અને પુમાન્–પુરુષ–આ પ્રયોગમાં બન્ને શબ્દો જૂદા જુદા છે. ॥ ૩ । ૧ । ૧૨૬ ॥

## ग्राम्याशिशु–द्विशफसंघे स्त्री प्रायः ॥ ३ । १ । १२७ ॥

ગામડામાં રહેનારા એટલે નગરમાં નહીં દેખાનારા એવા તથા અશિશુ–નાની ઉંમરના નહીં–એવા બે ખરીવાળા પશુઓનો સંઘ હોય અને તેમાં નારીજાતિ અને નરજાતિની સહોક્તિ હોય તો સ્ત્રીવાચી નામ પ્રાયઃ એકલું બાકી રહે. અહીં પણ નારી અને નર સિવાય બીજો કોઈ શબ્દભેદ ન હોવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गावश्च स्त्रियश्च गावश्च नराः=इमाः गावः—आ गायो अने बळदो.
रुरवश्चेमे रुरवश्चेमाः=इमे रुरवः=आ रुरु—विशेष प्रकारनां जंगलमां रहेनारां हरण अने हरणी—आ ग्राम्य पशु नथी एटले आ नियम न लाग्यो परंतु ३।१।१२६ सूत्रथी एकशेष समास थयो.
बर्कर्यश्च बर्कराश्च=बर्कराः—बकरीओ अने बकराओ. बकरुं, ए शफ—खुर—खरी—वाळुं प्राणी नथी तेथी आ नियम न लाग्यो पण ३।१।१२६। सूत्रथी एकशेष समास थयो.
गौश्चायं गौश्चियम्=इमौ गावौ—आ बळद अने आ गाय.

आ प्रयोगमां मात्र एक एक ज गाय अने बळद छे पण संघ नथी तेथी आ नियम न लाग्यो पण ३।१।१२६। थी एक शेष समास थयो.

उष्ट्र्यश्च उष्ट्राश्च=उष्ट्राः—ऊंटडीओ अने ऊंटो—प्रायः कहेवाथी अहीं आ नियम न लाग्यो. तेथी ३।१।१२६थी एकशेष समास थयो.

॥ ३ । १ । १२७ ॥

## क्लीबमन्येनैकं च वा ॥ ३ । १ । १२८ ॥

नपुंसकलिंगवाळुं नाम बीजा अक्लीब—नर के नारीजातिना—नाम साथे सहोक्तिमां होय तो तेमां एकलुं नपुंसक लिंगी नाम विकल्पे बाकी रहे पण ए नामोनी वच्चे क्लीब अने अक्लीब सिवाय बीजो कोई भेद न होवो जोईए.

शुक्लं च शुक्लश्च=शुक्लम् , शुक्ले वा—बे धोळां.-(एक नान्यतर धोळुं अने एक नररूप धोळुं)

शुक्लं च शुक्लश्च शुक्ला च=शुक्लम् , शुक्लानि वा—धोळां-(एक नान्यतर धोळुं, एक नररूप धोळुं अने एक नारीरूप धोळुं)
शुक्लं च शुक्लं च शुक्ले=बे धोळां (जुओ. ३।१।११९)
आ उदाहरणमां बन्ने नाम नपुंसकलिंगी छे माटे आ नियम न लाग्यो.

महद् हिमम् हिमानी, हिमं च हिमानी च हिम—हिमान्यौ—हिम अने वधारे हिम—आ उदाहरणमां शब्दभेद छे. ॥ ३ । १ । १२८ ॥

## पुष्यार्थाद् भे पुनर्वसुः । ३ । १ । १२९ ॥

पुष्य नक्षत्र अर्थवाळा शब्द पछी नक्षत्र अर्थवाळो ज पुनर्वसु शब्द आव्यो होय अने ए बन्नेनी सहोक्ति होय तो द्विवचनसूचक पुनर्वसु शब्द एकवचनमां आवे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उदितौ पुष्य-पुनर्वसू-પુષ્ય નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્ર ઉગ્યાં.

उदितौ तिष्य-पुनर्वसू-તિષ્ય નક્ષત્ર અને બે પુનર્વસુ નક્ષત્ર ઉગ્યાં.

દ્વિવચનસૂચક पुनर्वसु શબ્દ એકવચનમાં આવવાથી पुनर्वसू એવું દ્વિવચની રૂપ સધાયું, એમ ન થયું હોત તો पुनर्वसु શબ્દનું રૂપ पुनर्वसू ન થતાં पुनर्वसवः એમ થઈ જાત, જે અશુદ્ધ ગણાત.

आर्द्रा-पुनर्वसवः-આર્દ્રા નક્ષત્ર અને બે પુનર્વસુઓ-આ ઉદાહરણમાં આગલો શબ્દ પુષ્ય નક્ષત્ર અર્થવાળો નથી.

पुष्य-मघाः-પુષ્ય નક્ષત્ર અને મઘા નક્ષત્ર-આ પ્રયોગમાં પાછલો શબ્દ પુનર્વસુવાચક નથી.

तिष्य-पुनर्वसवो बालाः-તિષ્ય અને પુનર્વસુ નક્ષત્રમાં જન્મેલાં બાળકો-અહીં કોઈ શબ્દ નક્ષત્રવાચી નથી. ॥ ૩।૧।૧૨૯ ॥

## विरोधिनामद्रव्याणां नवा द्वन्द्वः स्वैः ॥ ३ । १ । १३० ॥

અદ્રવ્ય વાચક એટલે ગુણના વાચક તથા ક્રિયાના વાચક એવા પરસ્પર વિરોધી અર્થવાળા શબ્દોનો જે દ્વન્દ્વ સમાસ થાય તે વિકલ્પે એકવચનમાં આવે. જો દ્વન્દ્વનો આરંભ स्व એટલે सजातीय એવાં પરસ્પર વિરોધી અર્થવાળાં નામોથી થયો હોય તો.

सुखं च दुःखं च=सुख-दुःखम्, सुख-दुखे-સુખ અને દુઃખ.

लाभश्च अलाभश्च=लाभालाभम्, लाभालाभौ-લાભ અને અલાભ.

कामक्रोधौ-કામ અને ક્રોધ-અહીં પરસ્પર વિરોધી અર્થવાળા શબ્દો નથી.

शीतोष्णे जले-ઠંડું પાણી અને ઊનું પાણી-આ દ્રવ્યવાચી શબ્દો છે.

बुद्धि-सुख-दुःखानि-બુદ્ધિ, સુખ અને દુઃખ-અહીં જેમ સુખ દુઃખ બન્ને સજાતીય છે. તેમ તેમની સાથે બુદ્ધિ સજાતીય નથી.

॥ ૩।૧।૧૩૦ ॥

## अश्ववडव-पूर्वापरा-ऽधरोत्तराः॥ ३ । १ । १३१ ॥

अश्ववडव, पूर्वापर અને अधरोत्तर એ દ્વન્દ્વ સમાસવાળા પરસ્પર સજાતીય ત્રણે શબ્દો એકવચનમાં વિકલ્પે આવે.

अश्वश्च वडवा चेति=अश्व-वडवम्, अश्व-वडवौ=ઘોડો અને ઘોડી.

पूर्वश्च अपरश्चेति=पूर्वापरम्, पूर्वापरे-આગળ અને પાછળ.

अधरश्च उत्तरश्चेति=अधरोत्तरम्, अधरोत्तरे-નીચે અને ઉપર અથવા અધમ અને ઉત્તમ. ॥ ૩।૧।૧૩૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पशु-व्यञ्जनानाम् ॥ ३ । १ । १३२ ॥

સજાતીય એવા પશુવાચક અને ખાવાની ચીજરૂપ એવા સજાતીય વ્યંજનવાચક નામોનો થયેલો દ્વન્દ્વ સમાસ વિકલ્પે એકવચનમાં આવે.

પશુ—गौश्च महिषश्च=गोमहिषम् , गोमहिषौ–બળદ અને પાડો,

વ્યંજન—दधि च घृतं च=दधिघृतम् , दधिघृते–દહીં અને ઘી.

॥ ૩ । ૧ । ૧૩૨ ॥

## तरु-तृण-धान्य-मृग-पक्षिणां बहुत्वे ॥ ३ । १ । १३३॥

બહુવચનવાળા, અને પરસ્પર સજાતીય એવા તરુવાચક, તૃણવાચક, ધાન્યવાચક, મૃગવાચક, અને પક્ષિવાચક શબ્દોનો દ્વન્દ્વ સમાસ વિકલ્પે એકવચનમાં આવે

તરુ—प्लक्षाश्च न्यग्रोधाश्च=प्लक्षन्यग्रोधम्, प्लक्षन्यग्रोधाः–પીંપળાનાં અને વડનાં વૃક્ષો.

તૃણ—कुशाश्च काशाश्च=कुशकाशम्. कुशकाशाः–ડાભનાં અને કાંસનાં તરણાં.

ધાન્ય—तिलाश्च माषाश्च=तिलमाषम् , तिलमाषाः–તલનાં અને અડદનાં ધાન્ય.

મૃગ—ऋश्याश्च एणाश्च=ऋश्यैणम्, ऋश्यैणाः–ઋશ્ય નામનાં તથા એણ નામનાં એક જાતના જુદાં જુદાં હરણો.

પક્ષી—हंसाश्च चक्रवाकाश्च=हंसचक्रवाकम् , हंसचक्रवाकाः હંસો અને ચક્રવાકો. ॥ ૩ । ૧ । ૧૩૩ ॥

## सेनाङ्ग-क्षुद्रजन्तूनाम् ॥ ३ । १ । १३४ ॥

સેનાના અવયવવાચી બહુવચનવાળા સજાતીય શબ્દોનો દ્વન્દ્વ સમાસ એકવચનવાળો થાય છે તથા સજાતીય ક્ષુદ્ર જંતુવાચક શબ્દોનો દ્વન્દ્વ સમાસ એકવચનવાળો થાય છે.

સેનાનાં અંગ—अश्वाश्च रथाश्च=अश्वरथम्—અશ્વો અને રથો.

ક્ષુદ્રજંતુ—यूकाश्च लिक्षाश्च=यूकालिक्षम्—જુઓ અને લીખો.

॥ ૩ । ૧ । ૧૩૪ ॥

## फलस्य जातौ ॥ ३ । १ । १३५ ॥

બહુવચનવાળાં સજાતીય ફળવાચક નામોનો દ્વન્દ્વ સમાસ એકવચનવાળો થાય.

बदराणि च आमलकानि च=बदरामलकम्—બોર અને આંબળાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतानि बदरामलकानि सन्ति—આ અમુક ખાસ પ્રકારનાં બોર અને આંબળાં છે, –અહીં બદર અને આમલક શબ્દ જાતિવાચક નામ નથી પણ અમુક સ્થળમાં થયેલાં જ વિશેષ પ્રકારનાં બોર અને આંબળાંનો સૂચક છે. ॥ ૩ । ૧ । ૧૩૫ ॥

## अप्राणि–पश्वादेः ॥ ३ । १ । १३६ ॥

પરસ્પર સજાતીય એવા જાતિસૂચક અને દ્રવ્યસૂચક શબ્દોનો દ્વન્દ્વ એકવચનમાં થાય છે. અહીં પ્રાણીવાચક શબ્દો ન લેવા, અને ૩।૧।૧૩૨। સૂત્રથી લઇને ૩।૧।૧૩૫। સુધીનાં સૂત્રોમાં જે શબ્દો ઉપયોગમાં આવેલા છે (એટલે પશુવાચક, ભોજનસંબંધી વ્યંજનવાચક, તરુવાચક, તૃણવાચક, ધાન્યવાચક, મૃગવાચક, પક્ષિવાચક, સેનાના અંગવાચક, ક્ષુદ્રજંતુવાચક અને ફળવાચક) તે પણ ન લેવા

आरा च शस्त्री च=आराशस्त्रि=આરી અને છરી.

सह्य–विन्ध्यौ—સહ્યાદ્રિ અને વિંધ્યપર્વત–એ જાતિવાચક નથી તેથી આ નિયમ ન લાગ્યો.

ब्राह्मण–क्षत्रिय–विट्–शूद्राः ब्राह्मण–क्षत्रिय–विट्–शूद्रम्–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર–આ શબ્દો પ્રાણીવાચક છે તેથી આ નિયમ ન લાગ્યો.

गो–महिषौ–બળદ અને પાડો. અહીં પશુવાચક શબ્દો હોવાથી આ નિયમ ન લાગ્યો.

प्लक्ष–न्यग्रोधौ, प्लक्षन्यग्रोधम्–પ્લક્ષ અને ન્યગ્રોધ–તરુવાચક હોવાથી આ નિયમ ન લાગ્યો.

अश्वरथौ, अश्वरथम्–અશ્વ અને રથ–આ શબ્દો સેનાના અંગવાચી છે, તેથી આ નિયમ ન લાગ્યો.

बदरामलके, बदरामलकम्–બોર અને આંબળાં. ફળવાચક હોવાથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૧ । ૧૩૬ ॥

## प्राणि–तूर्याङ्गाणाम् ॥ ३ । १ । १३७ ॥

પરસ્પર સજાતીય એવા પ્રાણીના અંગવાચક શબ્દો અને વાજાના અંગવાચક શબ્દો દ્વન્દ્વ સમાસમાં એકવચનવાળા થાય છે. અંગ એટલે અવયવ.

પ્રાણ્યંગ–कर्णौ च नासिका च=कर्णनासिकम्–કાન અને નાક–આ બન્ને પ્રાણીનાં અંગવાચક શબ્દો છે.

તૂર્યાંગ–मार्दङ्गिकाश्च पाणविकाश्चेति–मार्दङ्गिक–पाणविकम्–મૃદંગ વગાડનારા અને ઢોલ વગાડનારા.

આ બન્ને શબ્દો વાદ્યનાં અંગવાચક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाणि–गृध्रौ–હાથ અને ગીધ–આ બન્ને શબ્દો સજાતીય નથી. ॥૩।૧।૧૩૭॥

## चरणस्य स्थेणोऽद्यतन्यामनुवादे ॥ ३ । १ । १३८ ॥

અદ્યતની વિભક્તિમાં स्था અને इ(इण्) ધાતુના કર્તારૂપ कठ આદિના વાચક સજાતીય નામો દ્વન્દ્વસમાસમાં એકવચનવાળા થાય છે, જો આ દ્વન્દ્વ દ્વારા અનુવાદનો વિષય જણાતો હોય તો.

કોઈ પણ પ્રસિદ્ધ હકીકતનું એટલે બીજાં બીજાં પ્રમાણો દ્વારા સિદ્ધ હકીકતનું શબ્દો વડે સંકીર્તન કરવું તેનું નામ અનુવાદ.

स्था–प्रत्यष्ठात् (कठाश्च कालापाश्चेति=) कठ-कालापम्–કોઈ માણસે કઠો અને કાલાપોની સિદ્ધ થયેલી પ્રતિષ્ઠાનું સંકીર્તન કર્યું.

इ–उदगात् (कठाश्च कौथुमाश्चेति=) कठ-कौथुमम्–કોઈ માણસે કઠો અને કૌથુમોના સિદ્ધ થયેલા ઉદયનું સંકીર્તન કર્યું.

उदगुः कठ-कालापाः–કઠોનો અને કાલાપોનો ઉદય થયો–આ હકીકત અપ્રસિદ્ધ છે અને તેનું કોઈ માણસ કથન કરે છે અર્થાત્ અહીં અનુવાદ નથી. ॥ ૩ । ૧ । ૧૩૮ ॥

## अक्लीबेऽध्वर्युक्रतोः ॥ ३ । १ । १३९ ॥

અધ્વર્યુ એટલે 'યજુર્વેદના જાણકારો' એવો અર્થ છે તેથી અહીં અધ્વર્યુ શબ્દનો પણ અર્થ 'યજુર્વેદ' સમજવો. યજુર્વેદમાં વિધાન કરેલા યજ્ઞવાચક પરસ્પર સજાતીય શબ્દોનો દ્વન્દ્વ એકવચનમાં આવે, પણ એ શબ્દો નપુંસકલિંગના ન હોવા જોઈએ.

अर्कश्च अश्वमेधश्चेति=अर्काश्वमेधम्–અર્ક નામનો યજ્ઞ અને અશ્વમેધ નામનો યજ્ઞ.

गवामयनं च आदित्यानामयनं च=गवामयनादित्यानामयने આ પ્રયોગમાં ગવામયન અને આદિત્યાનામયન એ બન્ને શબ્દો નપુંસકલિંગમાં છે તેથી આ નિયમ ન લાગ્યો.

ગવામયન એટલે ગાયના વાડામાં થતો યજ્ઞ અને આદિત્યાનામયન એટલે દેવળમાં થતો યજ્ઞ.

इषु–वज्रौ–આ બે યજ્ઞવાચક શબ્દોનો નિર્દેશ યજુર્વેદમાં નથી પણ સામવેદમાં છે.

दर्श–पौर्णमासौ–અમાવાસ્યા અને પૂર્ણિમા–આ બે શબ્દો યજ્ઞવાચી નથી. ॥ ૩ । ૧ । ૧૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## निकटपाठस्य ॥ ३ । १ । १४० ॥

નિકટ પાઠવાળા એવા સજાતીય ભણનારાનાં વાચક નામો દ્વન્દ્વસમાસમાં એકવચનમાં આવે છે.

पदकश्च क्रमकश्च=पद-क्रमकम्-પદને ભણનારો તે પદક કહેવાય અને ક્રમને ભણનારો તે ક્રમક કહેવાય. પદ પછી ક્રમનું અધ્યયન થતું હોવાથી એ બેનો નિકટ પાઠ છે. ॥ ૩ । ૧ । ૧૪૦ ॥

## नित्यवैरस्य ॥ ३ । १ । १४१ ॥

જેમનું વૈર સ્વાભાવિક છે એટલે જન્મથી જ છે એમના અર્થના સૂચક પરસ્પર સજાતીય નામો દ્વન્દ્વસમાસમાં એકવચનમાં આવે.

अहिश्च नकुलश्चेति=अहिनकुलम्-સાપ અને નોળિયો. આ બેનું વૈર કોઈ પણ કારણથી નહીં પણ સ્વાભાવિક છે.

देवाश्च असुराश्चेति=देवासुराः, देवासुरम्-દેવ અને અસુર-આ બેનું સ્વાભાવિક વેર નથી પણ સકારણ વૈર છે.

॥ ૩ । ૧ । ૧૪૧ ॥

## नदी-देश-पुरां विलिङ्गानाम् ॥ ३ । १ । १४२ ॥

વિવિધ-જુદાં જુદાં-લિંગવાળા નદીવાચક, દેશવાચક-જનપદવાચક એટલે પર્વતવાચક નહીં પણ માત્ર જનપદવાચક અને પુરવાચક એટલે ગામવાચક નહીં પણ માત્ર પુરવાચક સજાતીય શબ્દો દ્વન્દ્વસમાસમાં એકવચનમાં આવે.

નદીવાચી-गङ्गा च शोणश्च=गङ्गा-शोणम्-ગંગા અને શોણ નદી.

દેશવાચી-कुरवश्च कुरुक्षेत्रं च=कुरुकुरुक्षेत्रम्-કુરુદેશ અને કુરુક્ષેત્ર.

પુરવાચી-मथुरा च पाटलिपुत्रं च=मथुरा-पाटलिपुत्रम्-મથુરા અને પાટલિપુત્ર.

गङ्गा च यमुना च=गङ्गा-यमुने-ગંગા અને યમુના-અહીં લિંગ સરખાં છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૧ । ૧૪૨ ॥

## पात्र्यशूद्रस्य ॥ ३ । १ । १४३ ॥

જે [1]શૂદ્રોને બ્રાહ્મણોએ, ક્ષત્રિયોએ કે વૈશ્યોએ જમવા કે પીવા માટે આપેલું પાત્ર-વાસણ-સંસ્કારથી એટલે માંજવા વગેરેનો સંસ્કાર કરવાથી

---

૧ શૂદ્ર લોકો બે જાતના હોય છે. જેમને જમવા માટે કે પાણી પીવા માટે આપેલ વાસણ માંજવાથી કે માંજીને ખટાઈથી વીંછળવાથી એ પાત્ર

ચોખ્ખું થઇ જાય તે શૂદ્રો પાત્ર્યશૂદ્રો કહેવાય. એવા સજાતીય પાત્ર્યશૂદ્રવાચી નામો દ્વન્દ્વસમાસમાં એકવચનમાં આવે.

तक्षाणः च अयस्काराश्चेति=तक्षायस्कारम्–સુથાર અને લુહાર.

रजकाश्च तन्तुवायाश्च रजकतन्तुवायम्–ધોબી અને વણકર.

---

ચોખ્ખું થઈ જાય અને એ પાત્રને બ્રાહ્મણ ક્ષત્રિય વા વૈશ્ય પોતાના ઉપયોગમાં લઇ શકે એ એક જાત. તથા જેમને જમવા માટે કે પાણી પીવા માટે આપેલ પાત્ર–વાસણ– માંજવા વગેરે દ્વારા શુદ્ધ ન થઈ શકે પણ તેને અગ્નિમાં નાખીને તપાવાય તો જ શુદ્ધ થઇ શકે એવા પણ બીજી જાતના શૂદ્રો હોય છે, એવી કલ્પના જાતિબ્રાહ્મણોએ કરેલ છે. આવા બીજી જાતના શૂદ્રોને બ્રાહ્મણ વગેરે ત્રૈવર્ણિક લોકો પોતાનું પાત્ર આપતા જ નથી.

આ બીજી જાતના શૂદ્રોની જનંગમ ચાંડાળ અને બુક્કસ ચાંડાળ એ બે જાતો છે, એમને અપાયેલ પાત્ર માંજવાથી કે બીજે પ્રકારે શુદ્ધ થઇ શકતું નથી પણ અગ્નિમાં તપાવાય તો જ શુદ્ધ થઈ શકે છે.

આ પદ્ધતિ હિંદુસ્તાનનાં ઘણા જુના કાળથી જાતિબ્રાહ્મણોએ ચાલુ કરેલ છે. વર્તમાનમાં પણ ગામડાંઓમાં કણબી, કોળી, કુંભાર વગેરેને વાપરવા માટે માટીનાં જ વાસણ અપાય છે. ધાતુમાં તાંબાનાં કે પીતળનાં જ વાસણ અપાય છે, કાંસાનાં વાસણ તો અપાતાં જ નથી પણ હવે અંગ્રેજો આવ્યા પછી આ રિવાજ મંદ મંદતર અને મંદતર થતો ચાલ્યો છે.

આ સૂત્રદ્વારા હિંદુસ્તાનમાં જુનો જાતિભેદ કેવી જાતનો ઊગ્ર હતો તે ઉપર ઠીક ઠીક પ્રકાશ પડે છે.

આ સૂત્રમાં શક, યવન વગેરેને પાત્ર આપવા જેવા ગણવામાં આવેલ છે એનો અર્થ એ છે કે શકો યવનો વગેરે આપણા દેશમાં આવીને આપણી સાથે એવા એકરસ થઈ ગયેલા અથવા એવા સત્તાશાળી થઈ ગયેલા કે તેમને જમવા માટે કે પાણી પીવા માટે આપણું વાસણ આપવામાં સંકોચ રખાય તેમ ન હતું. મનુએ તો મનુસ્મૃતિમાં કેવાં વાસણોને કેવી રીતે મંજાય તો શુદ્ધ થઇ શકે એના નિયમોનું ખાસ સૂચન કરેલ છે.

એક તરફ सर्वं खलु इदं ब्रह्म એમ કહેવામાં આવતું અને બીજી તરફ આવો તિરસ્કારના પાયા ઉપર ઊભો કરાયેલ જાતિભેદ–એ કેવું વિચિત્ર !!!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुलालाश्च वरुटाश्च कुलालवरुटम्-કુંભાર અને વરુટ એટલે સૂપડાં કે સુંડલા બનાવનાર કારીગરની કોઈ જાત.

किष्किन्धाश्च गब्दिकाश्च किष्किन्धगब्दिकम्-કિષ્કિંધાનો વતની અને ગબ્દિનો વતની. ('ગાજી' નામના સ્થળ માટે गब्दि શબ્દ કલ્પાયો હોય ?)

शकाश्च यवनाश्च शकयवनम् શક અને યવન.

जनङ्गम-बुक्कसाः-જનંગમ અને બુક્કસ-જનંગમ-ચાંડાલ-જાતિના શૂદ્રોને અને બુક્કસ-ચાંડાલ-જાતિના શૂદ્રોને બ્રાહ્મણ વગેરેએ વાપરવા આપેલાં પાત્રો માંજવા વગેરેના સંસ્કારથી શુદ્ધ થઈ શકતાં નથી તેથી આ [1]જનંગમ વગેરે શૂદ્રો પાત્ર્યશૂદ્ર ન કહેવાય એથી जनंगमबुक्कसं પ્રયોગ ન થાય. ॥ ૩ । ૧ । ૧૪૩॥

## गवाश्वादिः ॥ ३ । १ । १४४ ॥

ગવાશ્વ વગેરે શબ્દોનો દ્વન્દ્વ એકવચનમાં વપરાય છે.

गौश्च अश्वश्च=गवाश्वम्-બળદ અને અશ્વ-ઘોડો.

गौश्च अविकश्च-गवाविकम्-બળદ અને ઘેટો.

ગવાશ્વ વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવાના છે—

गवाश्वम्-બળદો અને ઘોડાઓ.
गवाविकम्-બળદો અને ઘેટાઓ
गवैडकम्-બળદો અને એડકો-ઘેટાઓ

(गो+अश्व, गो+अविक, गो+एलक આ શબ્દોમાં ૧।૨।૨૭ તથા ૧।૨।૨૯ સૂત્રદ્વારા સંધિ થતાં જે રૂપો બને તે રૂપોમાં આ નિયમ લાગતો નથી તથા गवैडक એવો ગણપાઠમાં નિર્દેશ કરેલ છે તેથી गो+एलक-गवेलक-પ્રયોગમાં પણ આ નિયમ લાગતો નથી.

अजाविकम्-બકરીઓ અને ઘેટીઓ
अजैडकम्-બકરાઓ અને ઘેટીઓ
कुब्जवामनम्-કુબડા-ખુંધિયા અને ઠીંગણા-ઠીંચકા
कुब्ज-कैरातम्-કુબડા અને ભીલ લોકો
पुत्रपौत्रम्-પુત્રો અને પૌત્રો.
श्वचण्डालम्-કુતરા અને ચાંડાલ
स्त्रीकुमारम्-સ્ત્રીઓ અને કુંવારા
दासीमाणवकम्-દાસીઓ અને મૂઢ માણસો
शाटीपच्छिकम्-સાડીઓ અને પછેડીઓ-પછેડી એટલે સ્ત્રીઓને શરીરના ઉપરના ભાગમાં પહેરવાનું વસ્ત્ર
उष्ट्रखरम्-ઊંટો અને ગધેડા.
उष्ट्रशशम्-ઊંટો અને સસલાંઓ.
मूत्रशकृत्-મૂતર અને છાણ.
मूत्रपुरीषम्-મૂતર અને મળ-વિષ્ઠા
यकृन्मेदः-કાળજું અને મેદ-ચરબી
मांसशोणितम्-માંસ અને લોહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दर्भशरम्—ડાભડા અને શર નામનું ઘાસ.

दर्भपूतीकम्—ડાભડા અને પૂતીક નામનું ઘાસ

अर्जुनपुरुषम्—અર્જુન નામનું ઘાસ અને પુરુષ નામનું ઘાસ

तृणोलपम्—તરણું અને ઉલપ એટલે પર્વતનું ઘાસ

कुडीकुडम् બાળાઓ અને બાળકો

दासीदासम्—દાસીઓ અને દાસો

भागवतीभागवतम्—ભાગવતી અને ભાગવત.

આ સિવાય બીજા અનેક શબ્દો પણ સમજવા.

॥ ૩ । ૧ । ૧૪૪ ॥

## न दधिपय आदिः ॥ ३ । १ । १४५ ॥

दधिपयः વગેરેનો દ્વન્દ્વસમાસ એકવચનવાળો થતો નથી.
दधि च पयश्चेति दधि-पयसी—દહીં અને દૂધ.
सर्पिश्च मधु च—सर्पि-मधुनी—ઘી અને મધ
दधिपयः વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

दधिपयसी—દહીં અને દૂધ

मधुसर्पिषी—મધ અને ઘી

हरिवासवौ—વિષ્ણુ અને ઇંદ્ર

ब्रह्मप्रजापती—બ્રહ્મા અને પ્રજાપતિ—દક્ષ પ્રજાપતિ

शिववैश्रमणौ—શિવ અને કુબેર

स्कन्दविशाखौ—સ્કંદ અને વિશાખ

परिजाकौशिकौ—પરિજા નામની નદી અને કૌશિક નામનો પર્વત

प्रवर्ग्योपसदौ—ઉત્તમ અને હલકો

आद्यवसाने—આદિ અને અંત

[सूर्याचन्द्रमसौ—સૂરજ અને ચાંદો

मित्रावरुणौ-મિત્ર અને વરુણ

अग्नीषोमौ—અગ્નિ અને સોમ

सोमारुद्रौ—સોમ અને રુદ્ર]

આ ચાર શબ્દો દેવતાવાચક છે

नारदपर्वतौ-નારદ અને પર્વત-માણુસનાં નામો

खण्डामर्कौ—ખંડ અને મર્ક નામના અસુરો

नरनारायणौ—નર અને નારાયણ

रामलक्ष्मणौ—રામ અને લખમણ

भीमार्जुनौ—ભીમ અને અર્જુન

कम्बलाश्वतरौ—કંબલ અને અશ્વતર એ નામના બે સહચારી નાગ

मातापितरौ—માબાપ

पितापुत्रौ—પિતા અને પુત્ર

श्रद्धामेधे—શ્રદ્ધા અને બુદ્ધિ

शुक्लकृष्णे—ધોળું અને કાળું

इध्माबर्हिषी—સમિત્—અગ્નિ સળગાવવાનું લાકડું અને ડાભ

ऋक्सामे—ઋગ્વેદ અને સામવેદ

वाग्मनसे—વાણી અને મન

याज्यानुवाक्ये—યાજ્યા અને અનુવાક્યા નામની ઋચાઓ

दीक्षातपसी—દીક્ષા અને તપ

श्रद्धातपसी—શ્રદ્ધા અને તપ

श्रुततपसी—શાસ્ત્રજ્ઞાન અને તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેધાતપસી–બુદ્ધિ અને તપ
અધ્યયનતપસી–ભણતર અને તપ
उलूखलमुशले–ખાંણીયો અને સાંબેલું
उलूखलमुसले–ખાંડણીયો અને સાંબેલું
चण्डालमृतपौ–ચંડાળ અને મૃતપ–મડદાંને સાચવનાર
વગેરે બીજા પણ અનેક શબ્દો છે ॥ ૩ । ૧ । ૧૪૫ ॥

## संख्याने ॥ ३ । १ । १४६ ॥

પૂર્વપદમાં કે ઉત્તરપદમાં વર્તમાન નામોના અર્થોની જો સંખ્યા–ગણના–જણાતી હોય તો દ્વન્દ્વસમાસમાં તે નામોનું એકવચન ન થાય.

दश च गावश्च महिषाश्च–दश गो–महिषाः–દશ બળદ અને દશ પાડા.
बहवः पाणयश्च पादाश्च–बहवः पाणिपादाः–ઘણા હાથ અને ઘણા પગ.
॥ ૩ । ૧ । ૧૪૬ ॥

## वाऽन्तिके ॥ ३ । १ । १४७ ॥

પૂર્વપદમાં કે ઉત્તરપદમાં વર્તમાન નામોના દ્વન્દ્વમાં જો 'દશની આસપાસ' વગેરે–એ રીતે સંખ્યાની સમીપતા જણાતી હોય તો તે નામોનો દ્વન્દ્વસમાસ એકવચનવાળો વિકલ્પે થાય.

उपदशं गो-महिषम्, उपदशा गो-महिषाः—બળદ અને પાડાની સંખ્યા દશની આસપાસ છે. ॥ ૩ । ૧ । ૧૪૭ ॥

### પૂર્વનિપાતનું વિધાન—

એક બીજા નામોનો સમાસ થયા પછી સમાસ પામેલા નામોમાં 'પહેલું નામ કયું આવે?' એ પ્રશ્નનો ઉત્તર આપવા આ સૂત્ર રચવામાં આવેલ છે.

## प्रथमोक्तं प्राक् ॥ ३ । १ । १४८ ॥

આ સમાસપ્રકરણમાં એમ કહેલું છે કે, 'નામ બીજા નામ સાથે સમાસ પામે' એ કથનમાં 'નામ' શબ્દ પ્રથમાવિભક્તિથી બતાવેલો છે, તો જ્યાં જ્યાં આવો પ્રથમા વિભક્તિવાળો શબ્દ બતાવેલો હોય તે દરેક શબ્દ સમાસમાં પહેલો આવે અર્થાત્ વ્યાકરણની ભાષામાં તે શબ્દનો પૂર્વનિપાત થાય. (પૂર્વનિપાત–પહેલું આવવું.)

आसन्ना दश येषां ते=आसन्नदशाः–જે સંખ્યાની નજીક દશ સંખ્યા છે તે–નવ કે અગિયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રયોગમાં ૩ । ૧ । ૨૦ સૂત્રમાં અહીં જણાવેલી રીત પ્રમાણે आसन्न શબ્દ પ્રથમા વિભક્તિથી જણાવેલો છે એથી आसन्न અને दश એ બન્નેના સમાસમાં આ નિયમ દ્વારા आसन्न શબ્દ પહેલો આવ્યો, પણ दश શબ્દ પહેલો ન આવ્યો.

सप्तानां गङ्गानां समाहारः इति सप्तगङ्गम्–સાત ગંગાઓ.–

આ પ્રયોગમાં ૩ । ૧ । ૨૮ સૂત્રથી સંખ્યાવાચી શબ્દ પ્રથમોક્ત છે માટે सप्त અને गङ्गा એ બન્નેના સમાસના પ્રયોગમાં सप्त શબ્દ પહેલો આવ્યો, गङ्गा શબ્દ પહેલો ન આવ્યો. ॥ ૩ । ૧ । ૧૪૮ ॥

## राजदन्तादिषु ॥ ३ । १ । १४९ ॥

राजदन्त વગેરે સમાસવાળા શબ્દોમાં જે શબ્દ પહેલો આવવાને યોગ્ય નથી તે પણ પહેલો આવે.

दन्तानां राजा=राजदन्तः–દાંતોનો રાજા.

पूर्वं वासितं पश्चाद् लिप्तम्=लिप्तवासितम्–પહેલાં વાસિત–સુગંધિત–કર્યું અને પછી લેપન કર્યું.

સમાસ વિધાયક ૩।૧।૭૬। સૂત્રમાં दन्त શબ્દ प्रथमोक्त છે અને राजन् શબ્દ तृतीयोक्त છે એટલે આ પ્રયોગમાં राजन् શબ્દ પ્રથમ આવવાને યોગ્ય નથી તથા ૩।૧।૯૭। સૂત્રમાં वासित શબ્દ प्रथमोक्त છે અને लिप्त શબ્દ तृतीयोक्त છે તેથી लिप्त શબ્દ પહેલાં આવવાને યોગ્ય નથી છતાં એ બન્ને શબ્દો અહીં પહેલા આવી ગયા.

राजदन्त વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવા.—

राजदन्त–મોટો દાંત

लिप्तवासित–પહેલું સુગંધિત કર્યું અને પછી લેપન કર્યું.

सिक्तसंमृष्ट–પહેલાં સાફ કર્યું અને પછી છાંટ્યું.

भृष्टलुञ्चित–પહેલાં છાલ ઉતારી પછી પકવ્યું–ભુંજ્યું

नग्नमुषित–પહેલું લુંટાવું અને પછી નગ્ન થવાનું

अवक्लिन्नपक्वम्–પહેલું પકવ્યું પછી ક્લેદિત થયું–પોચું થયું

अर्पितोतम्–પહેલું વણાયું પછી અપાયું

उप्तगाढम्–પહેલું ખેડાયું પછી વવાયું

अधमर्ण–કરજદાર. કરજદાર હોવાથી દીનતાને લીધે તે અધમર્ણ કહેવાય.

उत्तमर्ण–લેણું વસુલ કરનાર. લેણું વસુલ કરનાર વ્યાજ સાથે લેણું વસુલ કરે છે તેથી ઉત્તમર્ણ કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उलूखलमुशल-ખાંણિયો અને સાંબેલુ
तन्दुलकिण्व–ચોખાની સાથે મદ્યનું બીજ
चित्ररथबाल्हीक-ચિત્રરથ રાજા અને બાલ્હીક દેશનો રાજા
स्नातकराजन्-સ્નાતક અને રાજા
उशीरबीजशिञ्जास्थ–ઉશીરબીજ નામનો પર્વત અને શિંજાસ્થ નામનો પર્વત
आरट्वायनिचान्धनि-આરટ્વનો છોકરો અને ચાંધનનો છોકરો
अधरोष्ठ–નીચલો હોઠ અને ઉપલો હોઠ
वैकारिमतगाजवाज–વૈકારિમત અને ગાજવાજ નામના પુરુષો.
गौपालिधानपूलास–ગામના નામ–ગૌપાલિધાન અને પૂલાસ
कुरण्डस्थलपूलास– ,,– કુરંડસ્થલ અને પૂલાસ
दारजार–સ્ત્રી અને જાર
दारार्थ–દાર અને અર્થ–ધન
विष्वक्सेनार्जुन કૃષ્ણ અને અર્જુન
शूद्रार्य–શૂદ્ર અને આર્ય
विषयेन्द्रिय–રૂપ રસ વગેરે વિષયો અને આંખ જીભ વગેરે ઈંદ્રિયો
गवाश्व–ગાય કે બળદ તથા ઘોડો
अवन्त्यश्मक–અવંતીનો રાજા અને અશ્મક દેશનો રાજા.
चित्रास्वाति–ચિત્રા નક્ષત્રમાં પેદા થયેલ અને સ્વાતિ નક્ષત્રમાં પેદા થયેલ
केशश्मश्रु–માથાના વાળ અને દાઢી મુંછના વાળ
भार्यापती–સ્ત્રી અને પતિ
पुत्रपती–પુત્ર અને પતિ
जायापती-જાયા અને પતિ
स्वसृपती–બેન અને પતિ
जम्पती–જાયા અને પતિ
दम्पती ,,
पुत्रपशू–પુત્ર અને પશુ
शिरोजानु–માથુ અને જાનુ–ગોઠણ
शिरोबिजु–માથું અને ગળાનું હાડકું–હડિયો
नरनारायण–નારાયણ અને નર
सोमरुद्र–રુદ્ર અને સોમ
कुबेरकेशव–કેશવ અને કુબેર
काकमयूर–મોર અને કાગડો
उमामहेश्वर–મહેશ્વર અને ઉમા
पाण्डुधृतराष्ट्र–ધૃતરાષ્ટ્ર અને પાંડુ
विष्णुवासव–વાસવ અને વિષ્ણુ વગેરે અનેક શબ્દો છે

નીચેના શબ્દોનાં બે બે રૂપ થાય છે

पुरुषोत्तम, उत्तमपुरुष–ઉત્તમ પુરુષ

मध्यगृह, गृहमध्य–ઘરનો મધ્યભાગ

अधरबिम्ब–बिम्बाधर–બિંબ જેવો લાલ હોઠ

ओष्ठबिम्ब–बिम्बोष्ठ––– ॥ ३ । १ । १४९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विशेषण-सर्वादि-संख्यं बहुव्रीहौ ॥ ३ । १ । १५० ॥

બહુવ્રીહિસમાસમાં જે શબ્દ વિશેષણવાચક હોય, सर्वादि હોય. તથા સંખ્યાવાચી હોય તે પહેલો આવે.

વિશેષણવાચી—चित्रा गौर्यस्य=चित्रगुः—કાબર ચીતરી ગાયવાળો.

સર્વાદિ—सर्वं शुक्लं यस्य=सर्वशुक्लः—જેનું બધું ધોળું છે.

સંખ્યાવાચી—द्वौ कृष्णौ यस्य=द्विकृष्णः—જેના બે બળદ વગેરે કાળા છે ॥ ૩ । ૧ । ૧૫૦ ॥

## क्तः ॥ ३ । १ । १५१ ॥

જે નામ क्त પ્રત્યયવાળું હોય તે નામ બહુવ્રીહિસમાસમાં પહેલું આવે. कटः कृतः येन=कृतकटः—જેણે સાદડી બનાવેલ છે તે.

॥ ૩ । ૧ । ૧૫૧ ॥

## जाति-काल-सुखादेर्नवा ॥ ३ । १ । १५२ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલ જે क्त પ્રત્યયવાળું નામ હોય તે, જાતિવાચક નામથી, કાળવાચી નામથી અને સુખાદિ નામથી પહેલું વિકલ્પે આવે છે.

જાતિવાચી—शाङ्गरं जग्धम् अनया=शाङ्गरजग्धी, जग्धशाङ्गरा—જેણીએ સાંગરીની શિંગ ખાધી છે તે સ્ત્રી.

કાલવાચી—मासः जातः यस्याः सा मासजाता, जातमासा—જેણીને જન્મ્યાને મહિનો થયો છે તે બાલિકા

સુખાદિવાચી—सुखं जातं यस्याः सा—सुखजाता, जातसुखा—જેણીને સુખ થયેલ છે તે સ્ત્રી.

दुःखं हीनं यस्याः सा दुःखहीना, हीनदुःखा—જેણીનું દુઃખ હીણું થયું છે તે સ્ત્રી

सुख વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

| | |
|---|---|
| सुख—સુખ | अलीक—અસત્ય |
| दुःख—દુઃખ | करुण—દયામય |
| तृप्र—તુપ—ઘી | कृपण—કંજુસ |
| कृच्छ्र—કષ્ટ | सोढ—સહન કરેલ |
| अस्र—આંસુ | प्रतीप—વિરોધી વગેરે |

॥ ૩ । ૧ । ૧૫૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आहिताग्न्यादिषु ॥ ३ । १ । १५३ ॥

आहिताग्नि વગેરે બહુવ્રીહિસમાસવાળા શબ્દોમાં क्त પ્રત્યયવાળા શબ્દો વિકલ્પે પહેલા આવે

आहितः अग्निः येन सः=आहिताग्निः, अग्न्याहितः–જેણે અગ્નિનું સ્થાપન કરેલ છે.

जाताः दन्ताः यस्य सः=जातदन्तः, दन्तजातः–જેને દાંતો ફુટેલ છે.

आहिताग्नि વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

आहिताग्नि–જેણે અગ્નિનું સ્થાપન કરેલ છે.
जातपुत्र–જેને પુત્ર થયેલ છે
जातदन्त–જેને દાંત ફુટેલ છે
जातश्मश्रु–જેને દાઢી મુંછ ઉગેલ છે.
पीततैल–જેણે તેલ પીધેલ છે
पीतघृत– ,, ઘી ,,
पीतमद्य– જેણે મદ્ય પીધેલ
पीतविष– ,, વિષ ,,
ऊढभार्य–જે સ્ત્રીને પરણેલ છે
गतार्थ–જેને અર્થ સમજાયેલ છે
छिन्नशीर्ष–જેનું માથું છેદાયેલ છે
पीतदधि–જેણે દહીં પીધેલ છે.
વગેરે અનેક શબ્દો છે.

॥ ૩ । ૧ । ૧૫૩ ॥

## प्रहरणात् ॥ १ । ३ । १५४ ॥

બહુવ્રીહિસમાસમાં આવેલું क्त પ્રત્યયવાળું નામ, પ્રહરણવાચી નામથી પહેલાં વિકલ્પે આવે.

उद्यतः असिः येन सः=उद्यतासिः, अस्युद्यतः–જેણે તરવાર ઉગામી છે તે–અહીં असि શબ્દ પ્રહરણવાચી છે.

प्रहरण વાચક શબ્દો નીચે પ્રમાણે છે—

असि–તરવાર
दण्ड–દંડ–દંડો–લાકડી
चक्र–સુદર્શનચક્ર વગેરે અનેક જાતનાં ચક્રો
शूल–ત્રિશૂલ–લોઢાનું અણીદાર શસ્ત્ર
शार्ङ्ग–ધનુષ
धनुष्–ધનુષ
पाश–ફાંસલો
खड्ग–ખાંડું–તરવાર
वज्र–વજ્ર વગેરે અનેક શબ્દો પ્રહરણ વાચક છે.

॥ ૩ । ૧ । ૧૫૪ ॥

## न सप्तमी इन्द्वादिभ्यश्च ॥ ३ । १ । १५५ ॥

બહુવ્રીહિ સમાસમાં इन्दु વગેરે શબ્દોથી અને પ્રહરણવાચી શબ્દોથી સપ્તમ્યંત નામ પહેલું ન આવે. આ નિયમ બાહુલિક છે એટલે નિશ્ચિત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંદુ વગેરે—इन्दुः मौलौ यस्य सः=इन्दुमौलिः—મસ્તકમાં જેને ચંદ્ર છે,
पद्मं नाभौ यस्य सः=पद्मनाभः—નાભિમાં જેને કમળ છે.

અપવાદ—असिः पाणौ यस्य सः=असिपाणिः—જેના હાથમાં તરવાર છે.

આ ત્રણે પ્રયોગોમાં, मौलि, नाभि અને पाणि શબ્દો સપ્તમ્યંત છે, તે પહેલાં ન આવ્યા પણ इन्दु पद्म અને असि શબ્દો જ પહેલાં આવ્યા.

સમાસમાટે જુઓ ૩।૧।૨૩।

આ ૩।૧।૧૫૫ વાળો નિયમ બાહુલિક છે. તેથી કોઈ કોઈ પ્રયોગોમાં સપ્તમ્યંત નામ પણ પહેલું મુકાય છે—

वज्रं पाणौ यस्य सः पाणिवज्रः અથવા वज्रपाणिः

वज्रं हस्ते यस्य स हस्तवज्रः અથવા वज्रहस्तः

इन्दु વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

| | |
|---|---|
| इन्दु—ચંદ્ર | ऊर्णा—ઊન અથવા કરોળિયાની લાળના તાંતણા |
| चन्द्र—,, | शङ्ख—શંખ |
| शशिन्—,, | दर्भपवित्र-ડાભ વડે પવિત્ર |
| पद्म—પદ્મ—કમળ | |

॥ ૩।૧।૧૫૫॥

## 'गडु'आदिभ्यः ॥ ३ । १ । १५६ ॥

બહુવ્રીહિસમાસમાં સપ્તમ્યંત નામ, गडु વગેરે શબ્દોથી પહેલાં વિકલ્પે આવે.

कण्ठे गडुः यस्य सः=कण्ठेगडुः, गडुकण्ठः—જેના ગળામાં ગાંઠ છે તે.

मध्ये गुरुः यस्य सः=मध्येगुरुः. गुरुमध्यः—જેની વચ્ચે ગુરુ અક્ષર છે એવો છંદ

સમાસ માટે જુઓ ૩।૧।૨૩।

गडु વગેરે શબ્દો આ પ્રમાણે છે—

| | |
|---|---|
| गडु—ગાંઠ અથવા રસોળી | गुरु—ભારે અથવા દીર્ઘ |
| अरुष्—મર્મસ્થાન | |

गडु સાથે वह નો સમાસ કરવો હોય તો

वहेगडु એવો જ પ્રયોગ થાય પણ गडुवह એવો પ્રયોગ ન થાય.

वहेगडु એટલે જેના સ્કંધ ઉપર ગાંઠ હોય છે તે.

॥ ૩।૧।૧૫૬॥

## प्रियः ॥ ३ । १ । १५७ ॥

બહુવ્રીહિસમાસમાં प्रिय શબ્દ વિકલ્પે પહેલો આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रियः गुडः यस्य सः=प्रियगुड, गुडप्रियः-જેને ગોળ પ્રિય છે તે.

॥ ૩ । ૧ । ૧૫૭ ॥

## कडारादयः कर्मधारये ॥ ३ । १ । १५८ ॥

કર્મધારયસમાસમાં कडार આદિ શબ્દો વિકલ્પે પહેલા આવે.

कडारश्चासौ जैमिनिश्च=कडारजैमिनिः, जैमिनिकडारः-પીળા જેવા વર્ણવાળો અથવા વાંકાચુંકા દાંતવાળો જૈમિનિ

काणश्चासौ द्रोणश्च=काणद्रोणः, द्रोणकाणः-કાણો દ્રોણ. દ્રોણ-એટલે દ્રોણાચાર્ય અથવા દ્રોણ એટલે કાગડો.

कडार વગેરે શબ્દો નીચે પ્રમાણે છે-

कडार-પીળા જેવા વર્ણવાળો અથવા વાંકાચુંકા દાંતવાળો
गड्डुल-કુબડો
काण-કાણો
खञ्ज-લંગડો
कुण्ट-ઠુંઠો
खेल-લોકોનું રંજન કરનાર
खोड-ખોડો
खलति-ટાલવાળો
गौर-ગોરો
पिङ्गल-પિંગળો
वृद्ध-ઘરડો-બૂઢો
भिक्षुक-ભિક્ષુક
छान्दस-વેદનો જાણકાર
तनु-પાતળો
कूट-ખોટો
बधिर-બહેરો વગેરે અનેક શબ્દો છે

॥ ૩ । ૧ । ૧૫૮ ॥

## धर्मार्थादिषु द्वन्द्वे ॥ ३ । १ । १५९ ॥

धर्मार्थ વગેરે દ્વન્દ્વસમાસવાળાં નામોમાં જે નામ પહેલું આવવાને યોગ્ય હોય તે વિકલ્પે પહેલું આવે.

धर्मश्च अर्थश्च=धर्मार्थौ, अर्थधर्मौ-ધર્મ અને અર્થ.

शब्दश्च अर्थश्च=शब्दार्थौ, अर्थशब्दौ-શબ્દ અને અર્થ.

धर्मार्थ વગેરે શબ્દો નીચે પ્રમાણે છે-

धर्मार्थ-ધર્મ અને અર્થ
कामार्थ-કામ અને અર્થ
शब्दार्थ-શબ્દ અને અર્થ
आद्यन्त-આદિ અને અંત
अग्नेन्द्र-અગ્નિ અને ઇંદ્ર
चन्द्रार्क-ચંદ્ર અને સૂરજ
अश्वत्थकपित्थ-પીંપળો અને કોઠાનું વૃક્ષ
सर्पिर्मधु-ઘી અને મધ
गुणवृद्धि-ગુણ અને વૃદ્ધિ-(વ્યાકરણની સંજ્ઞાઓ છે)
दीर्घलघु-દીર્ઘ અને લઘુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चन्द्राहु–ચંદ્ર અને રાહુ
तपःश्रुत–તપ અને શાસ્ત્ર
द्रोणभीष्म–દ્રોણુ અને ભીષ્મ
शकृन्मूत्र–મળ અને મૂત્ર
कुशकाश–ડભ અને કાંસ
करभरासभ–ઊંટ અને ગધેડો
समीरणाग्नि–વાયુ અને અગ્નિ
आदित्यचन्द्र–સૂરજ અને ચંદ્ર
पाणिनीयरौढीय–પાણિનિના છાત્રો અને રૌઢિના છાત્રો
जित्याविपूयविनीय–હળ,મુંજ અને કલ્ક
ब्राह्मणक्षत्रियविट्शूद्र–બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર
भीमसेनार्जुन–ભીમસેન અને અરજણ
देवापिशन्तनु–દેવાપિ અને શંતનુ
वसन्तग्रीष्म–વસંત અને ઉનાળો
शुक्रशुचि–જેઠ મહિનો અને અષાડ મહિનો વગેરે અનેક શબ્દો છે આ બધા શબ્દોનાં પણ એ રૂપો સમજી લેવાં

॥ ૩ । ૧ । ૧૫૯ ॥

## लघ्वक्षरा-ऽसखीदुत्-स्वराद्यदल्पस्वरा-ऽर्च्यमेकम् ॥३।१।१६०॥

જે નામ–૧ લઘુઅક્ષરવાળું હોય, ૨ सखि શબ્દ સિવાય જે નામ હ્રસ્વ इકારાંત અને હ્રસ્વ उકારાંત હોય, ૩ જે નામ સ્વરાદિ હોવા સાથે અકારાંત હોય, ૪ જે નામ અલ્પસ્વરવાળું હોય અને ૫ જે નામ પૂજ્ય અર્થવાચી હોય તે નામ, દ્વન્દ્વસમાસ પામનારાં નામોમાં પહેલું આવે.

ધારો કે ઉપર જણાવેલાં પાંચે પ્રકારનાં નામોનો દ્વન્દ્વસમાસ થવાનો પ્રસંગ હોય ત્યાં ગમે તે કોઈ એક નામ પહેલું ન આવે પણ સૂત્રમાં બતાવેલ ક્રમને અનુસારે જે નામ પછી બતાવેલ હોય તે જ પહેલું આવે–એક નામ લઘુઅક્ષરવાળું હોય અને બીજું કોઈ નામ અલ્પસ્વરવાળું અકારાંત હોય તો સૂત્રમાં લઘુઅક્ષરવાળા નામના નિર્દેશ પછી અલ્પસ્વરવાળા અકારાંત નામનો નિર્દેશ કરેલ છે તેથી તે નામ પહેલું આવે.

લઘુઅક્ષરવાળું–शराश्च सीर्याश्च–शर–सीर्यम्–શર એક જાતનું તૃણ છે અને સીર્ય પણ એક જાતનું તૃણ છે.

ઇકારાંત–अग्निश्च सोमश्च=अग्नीषोमौ–અગ્નિ અને સોમ.

ઉકારાંત–वायुश्च तोयं च=वायुतोयम्–પવન અને પાણી.

સ્વરાદિ અકારાંત–अस्त्रं च शस्त्रं च=अस्त्रशस्त्रम् અસ્ત્ર અને શસ્ત્ર.

અલ્પસ્વર–प्लक्षश्च न्यग्रोधश्च=प्लक्ष न्यग्रोधौ–પીંપળો અને વડ.

અર્ચ્ય–श्रद्धा च मेधा च=श्रद्धा-मेधे–શ્રદ્ધા અને મેધા–મેધા કરતાં શ્રદ્ધા વિશેષ અર્ચ્ય–પૂજનીય–છે તેથી શ્રદ્ધા શબ્દ પૂર્વમાં આવે

कुक्कुटश्च मयूरश्च=कुक्कुट-मयूरौ, मयूर-कुक्कुटौ–કુકડો અને મોર–અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुक्कुट શબ્દ લઘ્વક્ષર નથી.

शङ्ख–दुन्दुभि–वीणाः, वीणा–शङ्ख–दुन्दुभयः, शङ्ख–वीणा–दुन्दुभयः–શંખ દુંદુભિ અને વીણા–એ ત્રણમાંથી એક જ નામ પહેલાં આવે. शङ्ख અને वीणा અલ્પ સ્વરવાળાં નામો છે માટે એ બન્નેને પૂર્વ નિપાત પ્રાપ્ત છે તથા दुन्दुभि એ હ્રસ્વ इકારાંત શબ્દ છે તેને પણ પૂર્વનિપાત પ્રાપ્ત છે. પણ ઉપર જણાવ્યા પ્રમાણે આ સૂત્રમાં હ્રસ્વ इકારાંત અને હ્રસ્વ ઉકારાંત શબ્દની પછી અલ્પ સ્વરવાળા અકારાંત નામનો નિર્દેશ છે એથી સૂત્રમાં 'જે પર–પછી- છે તે પહેલાં થઈ જાય.' એ નિયમ વડે અલ્પ સ્વરવાળા અકારાંત નામનો જ પૂર્વનિપાત થાય, પણ इકારાંત નામનો ન થાય, એ અપેક્ષાએ दुन्दुभि-शङ्ख-वीणाः એમ ન થાય,

विस्पष्टं पटुः=विस्पष्टपटुः–સ્પષ્ટપણે હોંશિયાર–આ રૂપમાં દ્વન્દ્વસમાસ નથી પણ૩।૧।૧૮ના નિયમથી થયેલો સામાન્ય સમાસ છે. ॥ ૩ । ૧ । ૧૬૦ ॥

## मास–वर्ण–भ्रात्रनुपूर्वम् ॥ ३ । १ । १६१ ॥

માસ વાચક નામોનો, ક્ષત્રિય વગેરે વર્ણ વાચક નામોનો અને ભ્રાતૃ નામોનો દ્વન્દ્વસમાસ થયો હોય ત્યાં લૌકિક ગણના પ્રમાણે અનુક્રમમાં જે પહેલું હોય તે જ પહેલું આવે.

માસવાચી–फाल्गुनश्च चैत्रश्चेति=फाल्गुनचैत्रौ–ફાગણ અને ચૈત્ર મહિનો. લૌકિક ગણનામાં પહેલો ફાગણ માસ છે અને પછી ચૈત્ર છે તેથી ફાગણ પહેલો આવે.

વર્ણવાચી–ब्राह्मणश्च क्षत्रियश्चेति=ब्राह्मणक्षत्रियौ–બ્રાહ્મણ અને ક્ષત્રિય. લૌકિક ગણનામાં પહેલો બ્રાહ્મણ છે પછી ક્ષત્રિય છે તેથી પહેલો ક્ષત્રિય ન આવે.

ब्राह्मणश्च क्षत्रियश्च विट् चेति=ब्राह्मणक्षत्रियविशः–બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય–લૌકિક ગણનામાં પ્રથમ બ્રાહ્મણ છે, પછી ક્ષત્રિય છે અને પછી વૈશ્ય છે તેથી તે ક્રમ પ્રમાણે તે તે શબ્દો પહેલાં આવે. विश् શબ્દ તદ્દન અલ્પ સ્વરવાળો છે છતાં ય લૌકિક ગણનામાં છેલ્લો છે તેથી છેલ્લો આવેલ છે

ભ્રાતૃવાચી–बलदेवश्च वासुदेवश्चेति बलदेव-वासुदेवौ–બલદેવ (મોટા ભાઈ) અને વાસુદેવ (નાના ભાઈ) લૌકિક ગણનામાં બલદેવ મોટા છે તેથી તે જ પેલા આવેલ છે. ॥ ૩ । ૧ । ૧૬૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भर्तुतुल्यस्वरम् ॥ ३ । १ । १६२ ॥

જે નામોમાં સંખ્યાની દૃષ્ટિએ સરખા સ્વર છે એવા નક્ષત્રવાચક નામોના અને ઋતુવાચક નામોના દ્વન્દ્વસમાસમાં જે નામ ક્રમમાં પહેલું હોય તે જ નામ પહેલું આવે.

નક્ષત્ર—अश्विनी च भरणी च कृत्तिका च=अश्विनीभरणीकृत्तिकाः—અશ્વિની, ભરણી અને કૃત્તિકા.

ઋતુ—हेमन्तश्च शिशिरश्च वसन्तश्च=हेमन्त-शिशिर-वसन्ताः—હેમંત, શિશિર,અને વસંત.

आर्द्रा—मृगशिरसी—આર્દ્રા અને મૃગશિરસ્ નક્ષત્ર

ग्रीष्म—वसन्तौ ગ્રીષ્મ અને વસંત ઋતુઓ

આ બન્ને પ્રયોગોમાં સંખ્યાની દૃષ્ટિએ સરખા સ્વરવાળા શબ્દો નથી. आर्द्रामां બે સ્વર છે અને मृगशिरस्‌માં ચાર સ્વરો છે. ग्रीष्ममां બે સ્વર છે અને वसन्तમાં ત્રણ સ્વર છે, તેથી આ નિયમ ન લાગે.

॥ ૩ । ૧ । ૧૬૨ ॥

## संख्या समासे ॥ ३ । १ । १६३ ॥

સમાસમાત્રમાં સંખ્યાવાચી નામ અનુક્રમ પ્રમાણે પહેલું આવે એટલે જે પહેલું હોય તે જ પહેલું આવે.

द्वौ वा त्रयो वा इति=द्वित्राः—બે કે ત્રણ.

द्वयोः शतयोः समाहारः इति=द्विशती—બે શત—બસો

एकश्च दश च इति=एकादश—અગિયાર ॥ ૩ । ૧ । ૧૬૩॥

---

આચાર્ય શ્રીહેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ત્રીજા અધ્યાયના સમાસ-પ્રકરણવાળા પ્રથમ પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

---

પ્રથમ પાદ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય અધ્યાય

## ( દ્વિતીય પાદ )

સમાસ થયા પછી નામમાં કે ધાતુરૂપમાં જે જાતના ફેરફારો થાય છે તેમનું નિરૂપણ આ પાદમાં છે.

## परस्पर-अन्योऽन्य-इतरेतरस्याम् स्यादेर्वाऽपुंसि ॥ ३ । २ । १ ॥

परस्पर, अन्योऽन्य, इतरेतर–આ ત્રણે શબ્દોને લાગેલી તમામ स्यादि વિભક્તિઓને બદલે आम् વિકલ્પે બોલવો. જો આ ત્રણે શબ્દો નરજાતિવાળા નામ સાથે સંબંધ ન રાખતા હોય તો એટલે નારીજાતિવાળા અને નાન્યતરજાતિવાળા નામ સાથે સંબંધ રાખતા હોય તો.

---

૧ 'इतरेतरस्याम्' મૂળસૂત્રના આ પદનો વિભાગ બે રીતે થઈ શકે છે–૧ इतरेतरस्य+आम्=इतरेतरस्याम् ૨ इतरेतरस्य+अम्=इतरेतरस्याम् । આચાર્યશ્રી સૂચવે છે કે आम् એવું પદ કાઢીએ ત્યારે आम् નું વિધાન સમજવું અને अम् એવું પદ કાઢીએ ત્યારે अम् નું વિધાન સમજવું. તાત્પર્ય એ થયું કે आम् પણ થાય તથા अम् પણ થાય. એથી જ્યાં જ્યાં ઉદાહરણોમાં इतरेतराम् નો પ્રયોગ બતાવેલ છે ત્યાં ત્યાં બધે इतरेतरम् નો પ્રયોગ પણ સમજીને परस्पर તથા अन्योन्यનાં પણ ઉદાહરણો સમજી લેવાં.

૨ 'वापुंसि' મૂળસૂત્રના આ પદનો વિભાગ પણ બે રીતે થઈ શકે છે–૧वा अपुंसि=वाऽपुंसि, ૨ वा पुंसि । वा अपुंसि વિભાગ સમજીએ ત્યારે 'નરજાતિ સિવાય' એવો અર્થ ઘટાવવો અને वा पुंसि એમ બન્ને જુદાં જુદાં પદ સમજીએ ત્યારે 'નરજાતિમાં' એવો અર્થ ઘટાવવો. તાત્પર્ય એ થયું કે નરજાતિ સિવાય स्यादि વિભક્તિનો अम् વિકલ્પે થાય છે તથા वा पुंसि વાળા પદચ્છેદમાં 'नरजातिમાં स्यादि નો अम् વિકલ્પે બોલવાનો છે' એમ બીજો અર્થ પણ ઘટાવવાનો છે તેથી परस्पराम्, परस्परम्, परस्परः એમ ત્રણ રૂપો થઈ શકે છે.

અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે परस्पर, अन्योन्य, इतरेतर આ ત્રણે શબ્દો સર્વાદિ ગણાય છે તથા परस्पर, अन्योन्य અને इतरेतर આ ત્રણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इमे सख्यौ कुले वा परस्पराम्, परस्परम् भोजयतः—આ બે સખીઓ અથવા આ બે કુળો એક બીજાને પરસ્પર ખવરાવે છે.

,, ,, ,, ,, अन्योऽन्याम्, अन्योऽन्यम् ,, ,,

,, ,, ,, इतरेतराम्, इतरेतरम् ,, ,,

परस्पर+सि, अम्, आ, ए, अस्, अस्, इ વગેરે બધી વિભક્તિઓ=परस्पर+आम्=परस्पराम् पक्षे परस्परम्.

अन्योऽन्य+सि ,, =अन्योऽन्य+आम्=अन्योऽन्याम्, पक्षे अन्योऽन्यम्.

इतरेतर+सि ,, =इतरेतर+आम्=इतरेतराम् पक्षे इतरेतरम्.

तृतीया—परस्पर+आ=परस्पर+आम्=परस्पराम्, पक्षे परस्परेण.

अन्योऽन्य+आ=अन्योन्य+आम्=अन्योऽन्याम्, पक्षे अन्योऽन्येन.

इतरेतर+आ=इतरेतर+आम्=इतरेतराम्, पक्षे इतरेतरेण

आभिः सखीभिः कुलैर्वा परस्पराम् परस्परेण वा भोज्यते

,, ,, ,, अन्योन्याम् अन्योन्येन ,, ,,

,, ,, ,, इतरेतराम्, इतरेतरेण ,, ,,

इमे नराः परस्परं भोजयन्ति—આ પુરુષો પરસ્પર ખવડાવે છે.—અહીં નરજાતિવાળા નામ સાથે परस्पर શબ્દનો સંબંધ હોવાથી આ નિયમ ન લાગે એટલે परस्पराम वगेरे પ્રયોગો ન થાય.

॥ ૩ । ૨ । ૧ ॥

## अम् अव्ययीभावस्याऽतोऽपञ्चम्याः ॥ ३ । २ । २ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી તમામ સ્યાદિ વિભક્તિઓને બદલે अम् બોલવો. આમાં એકલી પંચમી વિભક્તિ ન લેવી.

उपकुम्भम् अस्ति—ઘડાની પાસે છે.

,, देहि—ઘડાની પાસે આપ.

---

પદો એકવચનમાં જ વપરાય છે એટલે જ્યારે આ શબ્દો નરજાતિમાં હોય ત્યારે परस्पर વગેરે ત્રણ શબ્દોના ચોથી વિભક્તિના એકવચનમાં વિકલ્પે परस्परस्मै વગેરે તથા પાંચમી વિભક્તિના એકવચનમાં परस्परस्मात् વગેરે રૂપો બને છે. અને अन्योन्य તથા इतरेतर શબ્દનાં अन्योन्यस्मै તથા अन्योन्यस्मात् વગેરે અને इतरेतर શબ્દનાં इतरेतरस्मै તથા इतरेतरस्मात् વગેરે રૂપો નિત્ય બને છે. જ્યારે वा पुंसि એવા પદચ્છેદને સ્વીકારીને અર્થ કરીએ ત્યારે જ આ બાબત સમજવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपकुम्भ+सि, अम्, आ, ए, अस् (ङस्), ङि=વગેરે બધી વિભક્તિઓમાં उपकुम्भ+अम्=उपकुम्भम् ।

उपकुम्भम् એટલે કુંભની પાસે–પ્રથમા, કુંભની પાસેનાને–દ્વિતીયા, કુંભની સમીપતા વડે–તૃતીયા, કુંભની સમીપતા માટે–ચતુર્થી, કુંભની પાસેનું –ષષ્ઠી, કુંભની સમીપમાં–સપ્તમી. આ રીતે પંચમી સિવાયની બધી વિભક્તિઓના દ્વિવચનવાળા અને બહુવચનવાળા પ્રત્યયોને લગાડીને પણ ઉદાહરણો બનાવી અર્થ સમજી લેવો.

प्रियोपकुम्भोऽयम्–કુંભનું સમીપ જેને પ્રિય છે તે આ–અહીં બહુવ્રીહિસમાસ છે તેથી આ નિયમ ન લાગે.

स्त्रियाम् इति=अधिस्त्रि-સ્ત્રીમાં. અહીં અવ્યયીભાવ સમાસ તો છે પણ અકારાંત પદ નથી–સ્ત્રી એવું ઇકારાંત પદ છે. તેથી આ નિયમ ન લાગે.

उपकुम्भात्–કુંભની પાસેથી–અહીં પંચમી વિભક્તિ છે તેથી अम् નહીં થાય એટલે उपकुम्भम् એવું પંચમીવિભક્તિવાળું રૂપ ન થાય ॥ ૩ । ૨ । ૨ ॥

## वा तृतीयायाः ॥ ३ । २ । ३ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી ત્રીજી વિભક્તિનાં બધાં વચનોને બદલે વિકલ્પે अम् થાય.

किं नः उपकुम्भम्, किं नः उपकुम्भेन–અમારે કુંભના સામીપ્ય વડે શું ?

उपकुम्भ+आ=उपकुम्भ+अम्=उपकुम्भम्–ત્રીજી વિભક્તિના દ્વિવચન અને બહુવચનનો અર્થ પણ સમજી લેવો.

प्रियोपकुम्भेन–અહીં અવ્યયીભાવ સમાસ નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૩ ॥

## सप्तम्या वा ॥ ३ । २ । ४ ॥

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી સપ્તમી વિભક્તિનાં બધાં વચનોને બદલે अम् વિકલ્પે થાય છે.

उपकुम्भम्, उपकुम्भे वा निधेहि–કુંભની પાસે સ્થાપ–મૂક.

સપ્તમીના દ્વિવચન અને બહુવચનનો અર્થ પણ સમજી લેવો.

प्रियोपकुम्भे–કુંભનું સામીપ્ય જેને પ્રિય છે તેમાં. અહીં અવ્યયીભાવ સમાસ નથી. ॥ ૩ । ૨ । ૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋद्ध-नदी-वंश्यस्य ॥ ३ । २ । ५ ॥

ઋદ્ધસૂચક અવ્યયીભાવસમાસવાળા નામને લાગેલી સપ્તમી વિભક્તિનાં બધાં વચનોને બદલે अम् બોલવો તથા છેડે નદીવાચી નામવાળા અને છેડે વંશ્યવાચી નામવાળા અકારાંત અવ્યયીભાવસમાસવાળા નામને લાગેલી સાતમી વિભક્તિનાં બધાં વચનોને બદલે अम् બોલવો.

ઋદ્ધ–मगधानाम् समृद्धिः=सुमगधम्–મગધોની સમૃદ્ધિ. सुमगध+सु=सुमगध+अम्=सुमगधम्–સુમગધમાં રહે છે.

નદી–उन्मत्ता गङ्गा यस्मिन्=उन्मत्तगङ्गम्=જ્યાં ગંગા વધારે ઉન્માદવાળી છે તે સ્થળે–गङ्गा+याम्=गङ्गा+अम्=गङ्गम्

एकविंशतिः भारद्वाजा वंश्याः=एकविंशतिभारद्वाजं वसति--વંશ્ય એવા એકવીશ ભારદ્વાજોમાં રહે છે-भारद्वाज+सु=भारद्वाज+अम्=भारद्वाजम.

॥ ३ । २ । ५ ॥

## अनतो लुप् ॥ ३ । २ । ६ ॥

અવ્યયીભાવસમાસવાળું જે નામ અકારાંત નથી તેને લાગેલી સ્યાદિ વિભક્તિઓનો લોપ થઇ જાય છે. લોપ થયા છતાં વિભક્તિઓનો અર્થ તો કાયમ રહે છે.

ઉકારાંત નામ–वध्वाः समीपम्=उपवधु–વહૂની પાસે, વહૂની પાસેથી, વહૂની સમીપમાં વગેરે.

उपवधु+सि, औ, जस् । अम् । आ । ए । अस् । इ । सु વગેરે—

उपवधु—આ પદ તમામ વિભક્તિઓના અને તમામ વચનોના અર્થને જણાવે છે.

ઋકારાંત નામ–कर्तुः समीपम्=उपकर्तृ--કર્તાની પાસે, કર્તાની સમીપને, કર્તાની સમીપ વડે, કર્તાની સમીપ માટે, કર્તાની સમીપથી, કર્તાની સમીપમાં.

उपकुम्भात्--કુંભની પાસેથી. અવ્યયીભાવ સમાસવાળું આ નામ અકારાંત છે. તેથી આ નિયમ ન લાગે એટલે પંચમીનો લોપ ન થયો.

प्रियोपवधुः–વધૂની સમીપતા જેને પ્રિય છે—આ બહુવ્રીહિ સમાસ છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ३ । २ । ६ ॥

## अव्ययस्य ॥ ३ । २ । ७ ॥

પોતપોતાના મુખ્ય અર્થવાળા અવ્યયોને લાગેલી તમામ વિભક્તિઓનો લોપ થઇ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वर् + सि, अम्, આ વગેરે=स्वर्=स्वः-સ્વર્ગ, સ્વર્ગને, સ્વર્ગ વડે વગેરે.

प्रातर्+सि, अम्, આ વગેરે=प्रातर्=प्रातः-પ્રાતઃકાળ, પ્રાતઃકાળને, પ્રાતઃકાળ વડે વગેરે.

अत्युच्चैसः-ઊંચાઈને વટાવી ગયેલા-આ પ્રયોગમાં उच्चैस् અવ્યય બહુવ્રીહિસમાસમાં આવેલું હોવાથી તેનો અવ્યયવાચ્ય અર્થ મુખ્ય રહ્યો નથી, પણ 'વટાવી ગયેલ' અર્થ મુખ્ય છે, તેથી તેને લાગેલી વિભક્તિનો લોપ ન થાય. ॥ ૩ । ૨ । ૭ ॥

## ऐकार्थ्ये ॥ ३ । २ । ८ ॥

ઐકાર્થ્ય-ઐકપદ્ય-એક પદપણું અર્થાત્ પદો જુદાં જુદાં હોવા છતાં પરસ્પર અર્થની એવી સંગતિ હોય છે તેથી તેને અર્થની અપેક્ષાએ એક-પદપણામાં જ લેખવામાં આવે છે, તેમ થવાથી સમાસ, નામધાતુ અને તદ્ધિતનાં રૂપોમાં એક નામ હોય કે વધારે જુદાં જુદાં નામો હોય તો પણ તેમનું ઉપર જણાવેલું એકપદપણું સચવાઈ રહેવાને લીધે સમાસ, નામધાતુ અને તદ્ધિતનાં એક નામ કે જુદાં જુદાં નામોને લાગેલી વચલી સ્યાદિ વિભક્તિનો લોપ થઈ જાય છે.

સમાસ-चित्रा गावः यस्य सः=चित्रगुः-જેની પાસે કાબરચીતરી ગાયો છે તે.

નામધાતુ-पुत्रम् इच्छति इति=पुत्रीयति-પુત્રની ઈચ્છા કરે છે.

તદ્ધિત-उपगोः अपत्यम्=औपगवः-ઉપગુનો પુત્ર.

પ્રથમ પ્રયોગમાં-चित्रा અને गावः એ પદોને લાગેલી પ્રથમા વિભક્તિનો લોપ થઈ ગયો અને પછી चित्रगु એવા નવા બનેલા એકપદરૂપ નામથી નવી વિભક્તિઓ લાગવી શરૂ થઈ.

બીજા પ્રયોગમાં-पुत्रम् રૂપમાં पुत्र શબ્દને લાગેલી બીજી વિભક્તિનો લોપ થયો અને પછી पुत्र શબ્દ નામધાતુરૂપ થવાને લીધે તેને य પ્રત્યય લાગવા સાથે ક્રિયાપદની વિભક્તિ લાગવી શરૂ થઈ.

ત્રીજા પ્રયોગમાં-उपगोः રૂપની છઠ્ઠી વિભક્તિ લોપાઈ ગઈ અને પછી औपगव એવું નવું નામ બનવાથી તેને નવી વિભક્તિઓ લાગવી શરૂ થઈ.

चित्राः, गावः, यस्य, पुत्रम्, इच्छति, उपगोः, अपत्यम्-આવાં વાક્યોમાં પરસ્પર સંબંધની વિવક્ષા ન રાખવાથી જુદાં જુદાં પરસ્પર નિરપેક્ષ પદો હોવાને લીધે ઐકપદ્ય નથી તેથી વિભક્તિનો લોપ ન થાય. ॥ ૩ । ૨ । ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## न नाम्न्येकस्वरात् खित्युत्तरपदेऽमः ॥ ३ । २ । ९ ॥

એક જ સ્વરવાળા અને નામ્યંત—છેડે નામી સ્વરવાળા—પૂર્વપદ પછી खित् પ્રત્યયવાળું ઉત્તરપદ આવેલું હોય તો તે પૂર્વપદને લાગેલી स्यादि વિભક્તિના अम् નો સમાસમાં લોપ ન થાય એટલે આ સમાસ अलुप् સમાસ કહેવાય.

જે સમાસમાં વિભક્તિઓનો લોપ થાય છે તેનું નામ लुप् સમાસ છે અને જે સમાસમાં વિભક્તિનો લોપ થતો નથી તે अलुप् સમાસ છે.

आत्मानं स्त्रियं मन्यते इति=स्त्रियं+मन्यः=स्त्रियंमन्यः—પોતાને સ્ત્રી માનનારો.

आत्मानं नावं मन्यते इति=नावं+मन्यः=नावंमन्यः—પોતાને નાવ એટલે નાવ જેવો માનનારો.

આ બન્ને પ્રયોગોમાં मन्यः खित् પ્રત્યયવાળું ઉત્તરપદ છે.

क्षंमन्यः—પોતાની જાતને પૃથ્વી સમાન માનનારો.—અહીં क्षं એ નામ્યંત નથી પણ क्षमा એવા મૂળ આકારાંત નામનું રૂપ છે. તેથી આ નિયમ ન લાગ્યો.

वधुंमन्या—પોતાની જાતને વધૂ-વહૂ-માનનારી—અહીં વધૂ નામ એક સ્વરવાળું નથી.

स्त्रीमानी—સ્ત્રીને માનનારો—અહીં मानी ઉત્તરપદ खित् પ્રત્યયવાળું નથી. ॥ ૩ । ૨ । ૯ ॥

## असत्त्वे ङसेः ॥ ३ । २ । १० ॥

॥૨।૨।૭૯॥ સૂત્ર દ્વારા શબ્દને જો પાંચમી વિભક્તિનો अस् (ङसि) પ્રત્યય લાગેલો હોય તો તે ङसि વિભક્તિનો લોપ ન થાય; જો એ ङसिवाળા રૂપ પછી ઉત્તરપદ આવેલું હોય તો.

स्तोकाद्+मुक्तः=स्तोकान्मुक्तः—થોડાથી મુક્ત થયો. આ પ્રયોગમાં ૩।૧।૭૪। સૂત્રદ્વારા પંચમી તત્પુરુષ સમાસ થયેલ છે, આ અલુપ્ સમાસ છે.

स्तोकाद् भयम् स्तोकभयम्—થોડાથી ભય—અહીં 'થોડા લોકથી ભય' એવો અર્થ સમજવાનો છે. આ પ્રયોગમાં स्तोक શબ્દ લોકનું વિશેષણ હોવાથી તેને ।૨।૨।૭૯। સૂત્ર દ્વારા પંચમી નથી થઇ એથી स्तोकની વિભક્તિનો લોપ થઇ ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निष्क्रान्तः स्तोकात्=निःस्तोकः–થોડામાંથી નીકળી ગયેલો–આ પ્રયોગમાં स्तोक શબ્દ પછી કોઈ ઉત્તરપદ નથી ॥ ૩ । ૨ । ૧૦ ॥

## ब्राह्मणाच्छंसी ॥ ३ । २ । ११ ॥

ब्राह्मणाच्छंसी એવા સામાસિક પદમાં પંચમીના એકવચનનો લોપ થતો નથી; જો આ સામાસિક પ્રયોગ વિશેષ પ્રકારના ऋत्विज् ના અર્થમાં વપરાતો હોય તો.

ब्राह्मणाद् ग्रन्थाद् आदाय शंसति ब्राह्मणाच्छंसी–બ્રાહ્મણ નામના ગ્રંથમાંથી ગ્રહણ કરીને પ્રશંસા કરનારો એક પ્રકારનો ઋત્વિજ. ब्राह्मणात्+शंसिनौ= ब्राह्मणाच्छंसिनौ–એવા જ બે ઋત્વિજો.

ब्राह्मणशंसिनी स्त्री–બ્રાહ્મણથી પ્રશંસા મેળવનારી સ્ત્રી–આ શબ્દ ઋત્વિજનો વાચક ન હોવાથી ब्राह्मणाच्छंसिनी એવું ન થયું. ॥ ૩ । ૨ । ૧૧ ॥

## ओजो-ऽञ्जः–सहो–ऽम्भस्–तमस्-तपसष्टः ॥ ३ । २ । १२ ॥

ओजस्, अञ्जस्, सहस्, अम्भस्, तमस्, तपस् એ નામોને લાગેલા ત્રીજી વિભક્તિના એકવચનનો લોપ ન થાય, જો એ નામો પછી ઉત્તરપદ આવેલું હોય તો.

ओजसा+कृतम्=ओजसाकृतम्–બળ વડે કરેલું.

अञ्जसा+कृतम्=अञ्जसाकृतम्–સરળતા વડે કરેલું.

सहसा+कृतम्=सहसाकृतम्–સહસા–ઉતાવળવડે–કરેલું.

अम्भसा+कृतम्=अम्भसाकृतम्–પાણીવડે કરેલું.

तमसा+कृतम्=तमसाकृतम्–અંધારા વડે કરેલું.

तपसा+कृतम=तपसाकृतम्–તપ વડે કરેલું.

ओजसः भावः=ओजोभावः–બળ–અહીં તૃતીયા નથી પણ ષષ્ઠી છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૨ ॥

## पुं–जनुषोऽनुज–अन्धे ॥ ३ । २ । १३ ॥

पुम् અને जनुष् શબ્દોને લાગેલા તૃતીયા એકવચન आ (टा) નો લોપ થતો નથી. જો पुम् પછી अनुज નામ ઉત્તરપદમાં આવેલું હોય અને जनुष् શબ્દ પછી अन्ध નામ ઉત્તરપદમાં આવેલું હોય.

पुंसा अनुजः=पुंसाऽनुजः–પુરુષ વડે–પુરુષની અપેક્ષાએ–પછી જન્મેલો–પુરુષ કરતાં નાનો.

जनुषा अन्धः=जनुषाऽन्धः–જન્મની સાથે અંધ–જન્માંધ

पुंसः अनुजा=पुमनुजा–પુરુષ પછી જન્મેલી–અહીં તૃતીયા એકવચન નથી પણ ષષ્ઠી છે. ॥ ૩ । ૨ । ૧૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आत्मनः पूरणे ॥ ३ । २ । १४ ॥

आत्मन् નામને લાગેલા ત્રીજી વિભક્તિના એકવચનનો લોપ થતો નથી, જો आत्मन् નામ પછી પૂરણ પ્રત્યયવાળું નામ ઉત્તરપદમાં આવેલું હોય તો.

आत्मना द्वितीयः=आत्मनाद्वितीयः–પોતા સહિત બીજો.

आत्मना षष्ठः=आत्मनाषष्ठः–પોતા સહિત છઠ્ઠો. ॥ ૩ । ૨ । ૧૪ ॥

## मनसश्चाऽऽज्ञायिनि ॥ ३ । २ । १५ ॥

मनस् નામ અને आत्मन् નામ પછી ત્રીજી વિભક્તિના એકવચનનો લોપ થતો નથી, જો आज्ञायिन् શબ્દ ઉત્તરપદમાં હોય તો.

मनसा आज्ञायी=मनसाऽऽज्ञायी–મન વડે આજ્ઞા કરનારો.

आत्मना आज्ञायी=आत्मनाऽऽज्ञायी–આત્મા વડે આજ્ઞા કરનારો.

॥ ૩ । ૨ । ૧૫ ॥

## नाम्नि ॥ ३ । २ । १६ ॥

मनस् નામ પછી ઉત્તરપદ આવેલ હોય તો मनस्ने લાગેલી ત્રીજી વિભક્તિના એકવચનનો લોપ ન થાય, જો તૈયાર થયેલ આખું નામ કોઈ સંજ્ઞાનું સૂચક હોય તો.

मनसा देवी=मनसादेवी–નામ છે.

मनसा दत्ता=मनोदत्ता कन्या–મનથી આપેલી કન્યા–મનોદત્તા કોઈનું નામ નથી.

॥ ૩ । ૨ । ૧૬ ॥

## पराऽऽत्मभ्यां ङेः ॥ ३ । २ । १७ ॥

पर શબ્દ અને आत्मन् શબ્દને લાગેલા ચોથી વિભક્તિના એકવચનનો લોપ થતો નથી, જો ઉત્તરપદ હોય તો અને તૈયાર થયેલ નામ વિશેષ પ્રકારની સંજ્ઞાને સૂચવતું હોય તો.

परस्मै पदम्=परस्मैपदम्–'પરસ્મૈપદ' એવી વ્યાકરણમાં વપરાતી એક સંજ્ઞા.

आत्मने पदम्=आत्मनेपदम्–'આત્મનેપદ' એવી વ્યાકરણમાં વપરાતી એક સંજ્ઞા ॥ ૩ । ૨ । ૧૭ ॥

## अद्-व्यञ्जनात् सप्तम्या बहुलम् ॥ ३ । २ । १८ ॥

અકારાંત નામ અને વ્યંજનાંત નામને લાગેલી સપ્તમી વિભક્તિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોપ બહુલં થતો નથી, જો ઉત્તરપદ હોય તો અને તૈયાર થયેલ નામ સંજ્ઞારૂપ હોય તો

अरण्ये तिलकाः=अरण्येतिलकाः—જંગલી તલનાં ઝાડનું નામ.

युधि स्थिरः=युधिष्ठिरः—એક પાંડવનું નામ 'યુધિષ્ઠિર' છે.

भूमौ पाशः=भूमिपाशः—એક પ્રકારના હથિયારનું નામ છે, પણ भूमि શબ્દ અકારાંત નથી તેમ વ્યંજનાંત પણ નથી તેથી भूमौ पाशः એમ ન થાય.

तीर्थे काकः=तीर्थकाकः—તીર્થમાં કાગડો—અહીં तीर्थ શબ્દ અકારાંત તો પણ તૈયાર થયેલ 'तीर्थकाक' પદ કોઈનું નામ નથી.

॥ ૩ । ૨ । ૧૮ ॥

## प्राक्कारस्य व्यञ्जने ॥ ३ । २ । १९ ॥

प्राक्—પૂર્વના—દેશોમાં પ્રજાની રખેવાળી કરવા માટે જે कार—કર—લેવામાં આવતો તે प्राक्कार કહેલ છે. જેના ઉપર કર લાગતો હોય એવા प्राक्कारसंબંધી અકારાંત અને વ્યંજનાંત નામ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ ન થાય, જો આદિમાં વ્યંજનવાળું ઉત્તરપદ હોય તો તથા સંજ્ઞાનું સૂચન થતું હોય તો.

मुकुटे मुकुटे कार्षापणः दातव्यः-मुकुटेकार्षापणः-મુગટ દીઠ એક કાર્ષાપણના સિક્કાનો કર દેવાનો—આ કરનું નામ છે.

समिधि माषकः—समिधिमाषकः—સમિધ—બળીતણના લાકડા—ઉપર माषक—માસો એટલે માસાનો કર—લાકડાના ભારા દીઠ એક માસાનો કર—આ કરનું નામ છે. પાંચ રતિ જેટલું સોનું કે રૂપું વગેરેને 'માસો' કહેવાય.

यूथे पशुः=यूथपशुः—ટોળા દીઠ એટલે ધણ દીઠ એક પશુ કરરૂપે આપવું પડે—આ ઉત્તર પ્રદેશના કરનું નામ છે પણ પૂર્વપ્રદેશના કરનું નામ નથી તેથી આ નિયમ ન લાગ્યો.

अभ्यर्हिते पशुः=अभ्यर्हितपशुः—પૂજન નિમિત્તે પશુ આપવું પડે—આ કરનું નામ નથી પણ ઐચ્છિક દાનધર્મનું નામ છે.

अविकटे उरणः=अविकटोरणः—ઘેટાના એક સમૂહ માટે એક ઘેટો કરરૂપે આપવા પડે એવા કરનું આ નામ છે.—અહીં 'ઉરણ' ઉત્તરપદ છે છતાં તે વ્યંજનાદિ શબ્દ નથી, પણ સ્વરાદિ છે તેથી આ નિયમ ન લાગે

॥ ૩ । ૨ । ૧૯ ॥

## तत्पुरुषे कृति ॥ ३ । २ । २० ॥

અકારાંત અને વ્યંજનાંત નામ પછી તત્પુરુષ સમાસમાં આવેલી સપ્તમી વિભક્તિનો લોપ ન થાય, જો ઉત્તરપદ કૃદંત હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्तम्बे रमते=स्तम्बेरमः–હાથી.

भस्मनि हुतम्=भस्मनिहुतम्–રાખમાં હોમેલું અર્થાત્ નકામું.

धन्वनि कारकाः यस्य सः–જેના કરનારા મારવાડમાં છે તે–આ બહુવ્રીહિ સમાસ છે.

कुरुषु चरः=कुरुचरः–કુરુદેશમાં ફરનારો–અહીં कुरु શબ્દ ઉકારાંત છે. અકારાંત કે વ્યંજનાંત નથી. ॥ ૩ । ૨ । ૨૦ ॥

## मध्यान्ताद् गुरौ ॥ ३ । २ । २१ ॥

મધ્ય નામ પછી અને અન્ત નામ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી, જો गुरु નામ ઉત્તરપદમાં હોય તો.

मध्ये गुरुः=मध्येगुरुः–વચ્ચે ગુરુ અક્ષર (છંદમાં)

अन्ते गुरुः=अन्तेगुरुः–અંતે ગુરુ અક્ષર ( ,, ) ॥ ૩ । ૨ । ૨૧ ॥

## अमूर्ध–मस्तकात् स्वाङ्गादकामे ॥ ३ । २ । २२ ॥

मूर्धन् અને मस्तक શબ્દો સિવાય સ્વાંગવાચી-અકારાંત અને વ્યંજનાંત નામ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી, જો काम પદ સિવાય બીજું નામ ઉત્તરપદમાં હોય તો.

સ્વાંગની સમજુતી માટે જુઓ ।૨।૪।૩૮। મું સૂત્ર.

कण्ठे कालः यस्य–कण्ठेकालः–જેના કંઠમાં કાલકૂટ વિષ છે એવા મહાદેવ.

मूर्धशिखः–જેના માથા ઉપર ચોટલી છે.

मस्तकशिखः– ,, ,, ,, ,,

આ બે પ્રયોગોમાં સૂત્રમાં વર્જેલા શબ્દો છે, તેથી આ નિયમ ન લાગ્યો.

मुखकामः–જેના મુખમાં કામ–ઇષ્ટ પદાર્થ–છે.–અહીં વર્જેલો काम શબ્દ છે. ॥ ૩ । ૨ । ૨૨ ॥

## बन्धे घञि नवा ॥ ३ । २ । २३ ॥

જો घञ् પ્રત્યયવાળું बन्ध નામ ઉત્તરપદમાં હોય તો અકારાંત અને વ્યંજનાંત નામ પછી આવેલી સાતમી વિભક્તિના લોપનો નિષેધ વિકલ્પે થાય છે એટલે લોપ વિકલ્પે થાય છે,

हस्ते बन्धः=हस्तेबन्धः, हस्तबन्धः–હાથમાં બંધ અથવા हस्ते बन्धः अस्य–हस्ते+बन्धः=हस्तेबन्धः, हस्तबन्धः–જેના હાથમાં બંધ છે–બન્ધન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चक्रे बन्धः=चक्रेबन्धः चक्रबन्धः-ચક્રમાં બંધ અથવા चक्रे बन्धः अस्य-चक्रे+बन्धः-चक्रेबन्धः, चक्रबन्धः-જેના ચક્રમાં બંધ છે.

बध्नाति इति बन्धः-બંધ કરનાર,हस्ते बन्धः अस्य=हस्तबन्धः-જેના હાથમાં બંધ કરનાર છે-અહીં बन्ध શબ્દમાં घञ् નથી પણ કર્તાનો સૂચક अच् પ્રત્યય છે. ॥ ૩ । ૨ । ૨૩ ॥

## कालात् तन-तर-तम-काले ॥ ३ । २ । २४ ॥

અકારાંત અને વ્યંજનાંત કાલવાચી નામ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પે થાય છે, જો ઉત્તરપદરૂપે तन, तर, तम પ્રત્યયો હોય તો, અથવા काल શબ્દ આવેલો હોય તો.

पूर्वाह्णे+तनः=पूर्वाह्णेतनः, पूर्वाह्णतनः-બપોરે- દિવસના પૂર્વ ભાગમાં-થયેલો.

पूर्वाह्णे+तराम्=पूर्वाह्णेतराम्, पूर्वाह्णतरे- ,, ,,

पूर्वाह्णे+तमाम्=पूर्वाह्णेतमाम्, पूर्वाह्णतमे ,, ,,

पूर्वाह्णे+काले=पूर्वाह्णेकाले, पूर्वाह्णकाले- ,, પૂર્વભાગના કાળમાં, એ જ પ્રકારે अपराह्ण આદિ શબ્દોને तन, तर, तम, तमाम् તથા काल શબ્દ લગાડીને રૂપો સમજવાં.

शुक्लतरे-આજ કરતાં વધારે ધોળું-અહીં शुक्ल શબ્દ કાળવાચી નથી, ગુણવાચી છે.

रात्रितरायाम्-રાતમાં-અહીં रात्रि શબ્દ અકારાંત અને વ્યંજનાંત નથી પણ ઇકારાંત છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૨૪ ॥

## शय-वासि-वासेष्वकालात् ॥ ३ । २ । २५ ॥

કાલવાચી ન હોય એવા અકારાંત અને વ્યંજનાંત નામ પછી લાગેલી સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પે થાય છે, જો शय, वासि અને वास શબ્દો ઉત્તરપદમાં હોય તો.

बिले+शयः=बिलेशयः, बिलशयः-બિલમાં રહેનારો.

वने+वासी=वनेवासी,वनवासी-વનમાં રહેનારો.

ग्रामे+वासः=ग्रामेवासः, ग्रामवासः-ગામમાં વાસ-રહેવું

पूर्वाह्णशयः-બપોરે સૂનારો-અહીં पूर्वाह्ण શબ્દ કાળવાચી છે તેથી સપ્તમી વિભક્તિનો લોપ થયો છે. ॥ ૩ । ૨ । ૨૫ ॥

## वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरो-मनसो जे ॥ ३ । २ । २६ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वर्ष, क्षर, वर, अप्, सरस्, शर, उरस्, અને मनस् એ શબ્દો પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પે થાય, જો ઉત્તરપદમાં જ હોય તો.

वर्षे+जः=वर्षेजः, वर्षजः–વર્ષમાં–વરસાદમાં–થનારો.

क्षरे+जः=क्षरेजः, क्षरजः–ક્ષર–મેઘ અથવા પાણી–મેઘમાં કે પાણીમાં થનારો.

वरे+जः=वरेजः, वरजः–વર–કેસર–માં થયેલ.

अप्सु+जम्=अप्सुजम्, अब्जम्–અપ્–પાણી–માં થયેલ કમળ.

सरसि+जम्=सरसिजम्, सरोजम्–સરોવરમાં થયેલ-કમળ

शरे+जः=शरेजः,शरजः–શર–શરવણ–માં જન્મેલ–સ્કંદ નામનો દેવ–કૃત્તિકાનો પુત્ર કાર્તિકેય.

उरसि+जः=उरसिजः, उरोजः–છાતીમાં થનાર–સ્તન.

मनसि+जः=मनसिजः, मनोजः–મનમાં થનાર–સંકલ્પ કે કામદેવ ॥ ૩ । ૨ । ૨૬ ॥

## द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालात् ॥ ३ । २ । २७ ॥

द्यु, प्रावृष्, वर्षा, शरत् અને काल–એ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ ન થાય, જો ઉત્તરપદમાં જ આવેલો હોય તો.

दिवि+जः=दिविजः–દિવિ–સ્વર્ગમાં–થનાર દેવ.

प्रावृषि+जः=प्रावृषिजः–ચોમાસામાં થનાર.

वर्षासु+जः=वर्षासुजः–વર્ષા ઋતુમાં થનાર.

शरदि+जः=शरदिजः–શરદ્ ઋતુમાં થનાર.

काले+जः=कालेजः–કાલ–વખત–માં થનાર ॥ ૩ । ૨ । ૨૭ ॥

## अपो य-योनि-मति-चरे ॥ ३ । २ । २८॥

अप्શબ્દ પછી આવેલી સપ્તમી વિભક્તિનો લોપ ન થાય; જો अप्ને य પ્રત્યય લાગેલો હોય તો અથવા योनि, मति અને चर શબ્દો ઉત્તરપદમાં હોય તો.

अप्सु+य=आप्सव्यः-પાણીમાં થયેલ.

अप्सु+योनिः=अप्सुयोनिः–વીજળી.

अप्सु+मतिः=अप्सुमतिः–પાણીમાં મતિ

अप्सु+चरः=अप्सुचरः–મોટું વહાણ, હોડી કે જલચર પ્રાણી. ॥ ૩ । ૨ । ૨૮ ॥

## नेन्-सिद्ध-स्थे ॥ ३ । २ । २९ ॥

इन પ્રત્યયવાળું ઉત્તરપદ હોય તથા सिद्ध શબ્દ તેમ જ स्थ શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરપદમાં હોય તો સપ્તમી વિભક્તિનો અલોપ ન થાય એટલે લોપ જ થઈ જાય.

इन्-स्थण्डिले+वर्ती=स्थण्डिलवर्ती-સ્વાભાવિક જમીન પર રહેનાર.

सिद्ध-साङ्काश्ये+सिद्धः=साङ्काश्यसिद्धः-સાંકાશ્યમાં સિદ્ધ થયેલ.

स्थ-समे+स्थः=समस्थः-સમવૃત્તિમાં-સમભાવમાં-રહેનાર.

॥ ૩ । ૨ । ૨૯ ॥

## षष्ठ्याः क्षेपे ॥ ३ । २ । ३० ॥

સમાસમાં આવેલા ષષ્ઠીવિભક્તિવાળા નામની પછી ઉત્તરપદ આવેલું હોય અને નિંદા જણાતી હોય તો ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. चौरस्य कुलम्-चौरस्यकुलम्-ચોરનું કુળ-અલુપ્ સમાસ છે અને આ વાક્ય નિંદાસૂચક છે-'એ તો ચોરનું કુળ છે.'

ખરેખર 'ચોરનું જ કુળ' હોય ત્યાં તો આ નિયમ ન લાગે એટલે चौरकुलम्-પ્રયોગ થાય- ખરેખર 'ચોરનું જ કુળ' હોય તો તેમાં નિંદાનું સૂચન નથી પણ વસ્તુસ્થિતિનું જ સૂચન છે.

॥ ૩ । ૨ । ૩૦ ॥

## पुत्रे वा ॥ ३ । २ । ३१ ॥

ષષ્ઠી વિભક્તિવાળા નામ પછી ઉત્તરપદમાં पुत्र શબ્દ આવેલ હોય અને નિંદા જણાતી હોય તો ષષ્ઠી વિભક્તિનો લોપ, વિકલ્પે થાય છે.

दास्याः+पुत्रः=दास्याःपुत्रः, दासीपुत्रः-દાસીનો છોકરો-'દાસીનો પુત્ર' એ નિંદાસૂચક વાક્ય છે અને અલુપ્ સમાસ છે.

ખરેખર 'દાસીનો પુત્ર' હોય ત્યાં આ નિયમ ન લાગે અર્થાત્ दास्याः पुत्रः दासीपुत्रः એમ પ્રયોગ થાય-એ શબ્દ સ્વાભાવિક સ્થિતિનો સૂચક છે એટલે ખરેખર 'દાસીનો પુત્ર છે' એમાં નિંદાનું સૂચન નથી.

॥ ૩ । ૨ । ૩૧ ॥

## पश्यद्-वाग्-दिशो हर-युक्ति-दण्डे ॥ ३ । २ । ३२ ॥

ષષ્ઠી વિભક્તિવાળા पश्यत् પદની પછી हर શબ્દ આવેલો હોય, ષષ્ઠી વિભક્તિવાળા वाच् પદની પછી युक्ति શબ્દ આવેલો હોય અને ષષ્ઠી વિભક્તિવાળા दिश् શબ્દ પછી दण्ड શબ્દ આવેલો હોય તો તે વિભક્તિનો લોપ થતો નથી.

पश्यतः+हरः=पश्यतोहरः-દેખતાં હરી-ચોરી-જનારો-સોની.

वाचो+युक्तिः = वाचोयुक्तिः-વાણીની યુક્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिशो+दण्डः=दिशोदण्डः-દિશાનો દંડ —આકાશમાં અમુક દિશામાં વાદળાંનો દંડ જેવો જે આકાર થાય છે તે. ॥ ૩ । ૨ । ૩૨ ॥

## अदसोऽकञायनणोः ॥ ३ । २ । ३३ ॥

અદસ્ નામ પછી આવેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી, જો अकञ् પ્રત્યયવાળું ઉત્તરપદ હોય તો તથા અદસ્‌ને आयन (आयनण्) પ્રત્યય લાગેલો હોય તો.

अमुष्य पुत्रस्य भावः=अमुष्यपुत्र+अक—आमुष्यपुत्र+इ+अक+आ=आमुष्यपुत्रिका—આના પુત્રનો સ્વભાવ.

अमुष्य अपत्यम्=अमुष्य+आयन=आमुष्यायणः આનો છોકરો.

॥ ૩ । ૨ । ૩૩ ॥

## देवानांप्रियः ॥ ३ । २ । ३४ ॥

देवानांप्रिय એ નામમાં ષષ્ઠી વિભક્તિનો લોપ ન થાય.

देवानाम्+प्रियः=देवानांप्रियः—દેવોને વલ્લભ. ॥ ૩ । ૨ । ૩૪ ॥

## शेप-पुच्छ-लाङ्गूलेषु नाम्नि शुनः ॥ ३ । २ । ३५ ॥

ષષ્ઠી વિભક્તિવાળા શ્વન્ શબ્દ પછી शेप, पुच्छ તથા लाङ्गूल શબ્દો ઉત્તરપદમાં હોય તો ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી, જો વિશેષ નામ હોય તો.

शुनः शेपम् इव शेपम् अस्य—शुनः+शेपः=शुनःशेपः—વિશેષ નામ છે.

शुनः पुच्छम् इव पुच्छम् अस्य—शुनः+पुच्छः=शुनःपुच्छः— ,,

शुनः लाङ्गूलम् इव लाङ्गूलम् अस्य—शुनः+लाङ्गूलः=शुनोलाङ्गूलः— ,,

॥ ૩ । ૨ । ૩૫ ॥

## वाचस्पति-वास्तोष्पति-दिवस्पति-दिवोदासम् ॥ ३ । २ । ३६ ॥

વિશેષ નામ હોય તો वाचस्पति, वास्तोष्पति, दिवस्पति, दिवोदास એ બધા સમસ્ત પદોમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી.

वाचस्+पतिः=वाचस्पतिः વાણીનો પતિ—બૃહસ્પતિ—વિશેષ નામ.

वास्तोष्+पतिः=वास्तोष्पतिः—ઇંદ્ર—વિશેષ નામ.

दिवस्+पतिः=दिवस्पतिः— ,,

दिवस्+दासः=दिवोदासः—સ્વર્ગનો કોઈ દેવનું વિશેષ નામ.

॥ ૩ । ૨ । ૩૬ ॥

## ऋतां विद्या-योनिसम्बन्धे ॥ ३ । २ । ३७ ॥

જે નામો છેડે હ્રસ્વ ઋકારવાળાં તથા ષષ્ઠી વિભક્તિવાળાં હોય તેમને લાગેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી, જો ઉત્તરપદ હોય તો; પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋકારાંત નામ અને ઉત્તરપદનું નામ એ બન્ને નામો પરસ્પર વિદ્યાના સંબંધથી અથવા યોનિના સંબંધથી પ્રગટ થયેલાં હોવાં જોઈએ. વિદ્યાનો સંબંધ એટલે ચાલી આવતી વિદ્યાથી ગુરુની પરંપરાનો સંબંધ અને યોનિનો સંબંધ એટલે પિતા-પુત્ર વગેરે વચ્ચેનો પેઢી દર પેઢીનો લોહીનો સંબંધ.

વિદ્યાસંબંધ-होतुः+पुत्रः=होतुःपुत्रः-હોતાનો પુત્ર.

યોનિસંબંધ-લોહીનો સંબંધ-पितुः+पुत्रः=पितुःपुत्रः-પિતાનો પુત્ર.

વિદ્યાનો તથા યોનિનો સંબંધ-पितुः+अन्तेवासी=पितुरन्तेवासी-પિતાની પાસે રહીને ભણનારો પુત્ર અથવા પિતાનો શિષ્ય--છાત્ર.

आचार्यपुत्रः--આચાર્યનો પુત્ર-અહીં આચાર્ય શબ્દ ઋકારાંત નથી.

भर्तृगृहम्-પતિનું ઘર-અહીં વિદ્યાનો કે યોનિનો સંબંધ નથી.

॥ ૩ । ૨ । ૩૭ ॥

## स्वसृ-पत्योर्वा ॥ ३ । २ । ३८ ॥

स्वसृ અને पति નામો ઉત્તરપદમાં હોય તો ષષ્ઠી વિભક્તિવાળાં ઋકારાંત નામોની ષષ્ઠી વિભક્તિનો લોપ વિકલ્પે થાય છે જો પૂર્વપદ અને ઉત્તરપદ એ બન્ને નામો વિદ્યાના સંબંધથી અથવા યોનિના સંબંધથી પ્રગટ થયેલાં હોય તો.

होतुः+स्वसा=होतुःस्वसा, होतृस्वसा-હોતાની બેન,

स्वसुः+पतिः=स्वसुःपतिः, स्वसृपतिः-બેનનો પતિ-બનેવી.

भर्तृस्वसा-ભર્તા-પતિ-ની બેન-નણંદ.

होतृपतिः-હોમ કરનારનો પતિ.

આ બન્ને પ્રયોગોમાં વિદ્યાનો કે યોનિનો સંબંધ નથી. ॥ ૩ । ૨ । ૩૮ ॥

## आ द्वन्द्वे ॥ ३ । २ । ३९ ॥

દ્વન્દ્વસમાસમાં આવેલા ઋકારાંત પૂર્વપદના છેડાના ઋનો આ થાય છે, જો ઋકારાંત નામ ઉત્તરપદમાં હોય તો, અને બન્ને નામોની વચ્ચે વિદ્યાનો અથવા યોનિનો સંબંધ હોય તો.

होता च पोता च=होतापोतारौ-હોતા અને પોતા-એક જાતનો યજ્ઞ કરનારા.

माता च पिता च=मातापितरौ-માતા અને પિતા.

गुरु-शिष्यौ-ગુરુ અને શિષ્ય, અહીં ઋકારાંત શબ્દ નથી.

कर्तृ-कारयितारौ-કરનાર અને કરાવનાર-અહિં વિદ્યાનો કે યોનિનો સંબંધ નથી.

॥ ૩ । ૨ । ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### पुत्रे ॥ ३ । २ । ४० ॥

ઋકારાંત નામના દ્વન્દ્વસમાસમાં જો पुत्र ઉત્તરપદમાં હોય તો ઋકારાંત નામના અંત્ય ऋकारनो आ થાય છે, વિદ્યાનો કે યોનિનો સંબંધ હોય તો.

माता च पुत्रश्च=माता-पुत्रौ-માતા અને પુત્ર.

होता च पुत्रश्च=होता-पुत्रौ-હોતા અને પુત્ર. ॥ ३ । २ । ४० ॥

### वेदसहश्रुताऽवायुदेवतानाम् ॥ ३ । २ । ४१ ॥

વેદમાં એક સાથે સંભળાયેલા નામોના દ્વન્દ્વ સમાસમાં પૂર્વપદના અંતનો आ થાય છે. જો ઉત્તરપદ હોય તો. અહીં વાયુદેવને ન લેવા.

इन्द्रश्च सोमश्च=इन्द्र्+आ=इन्द्रा+सोम=इन्द्रासोमौ-ઇંદ્ર અને સોમ.

ब्रह्म-प्रजापती-બ્રહ્મ અને પ્રજાપતિ-આ બન્ને દેવોનાં નામો વેદમાં સાથે સંભળાયેલાં નથી.

विष्णु-शक्रौ-વિષ્ણુ અને શક્ર-ઇંદ્ર-આ નામો વેદમાં આવેલ તો છે પણ બન્ને નામો વેદમાં એક સાથે સંભળાયેલ નથી.

चन्द्र-सूर्यौ-ચંદ્ર અને સૂર્ય-વેદમાં ચંદ્ર સૂર્ય એવાં નામો સહશ્રુત નથી પણ ચંદ્ર સૂર્યના અર્થસૂચક બીજા શબ્દો વડે તેમનો નિર્દેશ છે એટલે चन्द्र सूर्य એ જ નામો સહશ્રુત નથી.

वाय्वग्नी-વાયુ અને અગ્નિ.-અહીં વર્જેલા વાયુદેવો છે.

यूप-चषालौ-યજ્ઞનો સ્તંભ અને તેની ઉપર રાખવામાં આવતું કડું.-અહીં કોઈ દેવતાવાચી શબ્દ નથી તેથી यूपाचषालौ એ રીતે આ પ્રયોગમાં यूप ના અંતનો आ ન થયો. ॥ ३ । २ । ४१ ॥

### ईः षोम-वरुणेऽग्नेः ॥ ३ । २ । ४२ ॥

વેદમાં એક સાથે સંભળાયેલા અને વાયુદેવ સિવાયના અગ્નિદેવના નામોના દ્વન્દ્વ સમાસમાં જો षोम (સોમ નહીં) અને वरुण નામો ઉત્તરપદમાં હોય તો अग्नि શબ્દના હ્રસ્વ इनो દીર્ઘ ई થઈ જાય છે તથા સૂત્રમાં सोमने બદલે षोम એવા રૂપનો નિર્દેશ છે તેથી अग्निनुं अग्नी થયા પછી ઉત્તરપદરૂપ सोमने બદલે षोम જ સમજવું.

अग्निश्च षोमश्च=अग्नीषोमौ-અગ્નિ અને સોમ દેવતાઓ.

अग्निश्च वरुणश्च=अग्नीवरुणौ-અગ્નિ અને વરુણ દેવતાઓ.

अग्नि-सोमौ बटू-અગ્નિ અને સોમ નામનાં બે બાળકો-આ પ્રયોગમાં અગ્નિ કે સોમ નામના દેવોનાં નામોનો દ્વન્દ્વ નથી. પણ તે નામનાં બે બાળકોનાં નામોનો દ્વંદ્વ છે. ॥ ३ । २ । ४२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इर्वृद्धिमत्यविष्णौ ॥ ३ । २ । ४३ ॥

જે નામમાં વૃદ્ધિ (आ, आर्, ऐ અને औ એ ચારેને આ વ્યાકરણમાં 'વૃદ્ધિ' કહેવામાં આવે છે, જુઓ ૩ । ૩ । ૧) થયેલી છે એવું 'विष्णु' સિવાયનું નામ ઉત્તરપદમાં હોય તો અને દેવોનો દ્વન્દ્વ સમાસ હોય તો अग्नि નામ अग्नि એમ જ રહે છે-છેડે હ્રસ્વ इવાળું જ રહે છે.

अग्निश्च वरुणश्च=अग्नि+वरुण+अण्+ई=आग्निवारुणीम् अनड्वाहीम् आलभेत-અગ્નિ અને વરુણ માટે ગાયનું આલંભન કરે-અહીં वरुण નામમાં वारुणी થવાથી ઉત્તરપદ વૃદ્ધિવાળું છે.

अग्नीवरुणौ-અગ્નિ અને વરુણ-આ પ્રયોગમાં ઉત્તરપદમાં વૃદ્ધિ થયેલી નથી, તેથી આ નિયમ ન લાગે, ૩ । ૨ । ૪૨ થી દીર્ઘ ई થયેલ છે.

अग्नावैष्णवं चरुं निर्वपेत्-અગ્નિ અને વિષ્ણુના ચરુનો હોમ કરો. આ પ્રયોગમાં ઉત્તરપદમાં સૂત્રમાં વર્જેલો વિષ્ણુ શબ્દ છે તેથી અગ્નિને આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૪૩ ॥

## दिवो द्यावा ॥ ३ । २ । ४४ ॥

दिव् નામના દેવતાના દ્વન્દ્વસમાસમાં दिव् શબ્દનું द्यावा રૂપ થઈ જાય છે, જો ઉત્તરપદ હોય તો.

द्यौश्च भूमिश्च=द्यावाभूमी-આકાશ અને પૃથ્વી. ॥ ૩ । ૨ । ૪૪ ॥

## दिवस्-दिवः पृथिव्यां वा ॥ ३ । २ । ४५ ॥

पृथिवी નામ ઉત્તરપદમાં હોય તો અને દેવતાનાં નામોનો દ્વન્દ્વસમાસ હોય તો दिव् શબ્દને બદલે दिवस् અને दिवः એ બન્ને રૂપો વિકલ્પે થાય છે.

द्यौश्च पृथिवी च=दिवस्पृथिव्यौ, दिवःपृथिव्यौ, द्यावापृथिव्यौ-આકાશ અને પૃથ્વી અથવા સ્વર્ગ અને પૃથ્વી.

મૂળસૂત્રમાં दिवः એમ વિસર્ગવાળું નામ જણાવેલ છે તેથી તે રૂપ એમનું એમ જ રહે, તેમાં ફેરફાર ન થાય એટલે दिवःના વિસર્ગમાં કશો ફેરફાર ન થાય. ॥ ૩ । ૨ । ૪૫ ॥

## उषासोषसः ॥ ३ । २ । ४६ ॥

દેવતાનાં નામોના દ્વન્દ્વસમાસમાં उषस् નામ પછી કોઈ ઉત્તરપદ આવેલું હોય તો उषस्‌ને બદલે उषासा રૂપ વપરાય છે.

उषश्च सूर्यश्च इति=उषासासूर्यम्-ઉષા દેવ અને સૂર્ય દેવ. ॥ ૩ । ૨ । ૪૬ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मातर-पितरं वा ॥ ३ । २ । ४७ ॥

માતા અને પિતા એ બે નામોના દ્વન્દ્વસમાસમાં પૂર્વપદના અને ઉત્તરપદના ऋનો अर् વિકલ્પે થાય છે.

माता च पिता च मातरपितरौ, मातापितरौ માતા અને પિતા અથવા માતાને અને પિતાને, मातरपितराभ्याम्, मातापितृभ्याम्–માતાવડે અને પિતાવડે, માતા માટે અને પિતા માટે, માતાથી અને પિતાથી.

मातुः च पितुः च मातरपितरयोः, मातापित्रोः–માતાનો અને પિતાનો, અથવા માતામાં અને પિતામાં. ॥ ૩ । ૨ । ૪૭ ॥

## वर्चस्कादिष्ववस्करादयः ॥ ३ । २ । ४८ ॥

वर्चस्क વગેરે અર્થોમાં अवस्कर વગેરે નામો વપરાય છે.

अव+कर अवस्कर–વગેરે નામોમાં ઉત્તરપદમાં ક્યાંય આદિમાં તાલવ્ય श्, મૂર્ધન્ય ष् અને દંત્ય स् ઉમેરાય છે એમ સમજવું.

अवस्करः–अन्नमलम्–ઓખર–અન્નનો મળ.

अवकरः–અન્નમલ સિવાયનો બીજો અર્થ–કચરો–ઘરવગેરેનો કચરો.

अपस्करः–रथाङ्गम्–રથનો એક ભાગ.

अपकरः–રથના એક ભાગ સિવાયનો બીજો અર્થ

अवस्कर વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

अवकीर्यते अवस्कर—અન્નનો મેલ –વિષ્ટા–ઓખર, ઓખરવાળી જગ્યા, પાયખાનાના મળ માટે પણ આ શબ્દ વપરાય.

अवकर—માત્ર કચરો

अपस्कर—રથનો અવયવ

अपकर—ઉપરનો અર્થ નહીં–બીજો અર્થ

कुत्सिता तुम्बुरुः कुस्तुम्बुरुः—તુંબુરુ એટલે ગંધવાળું અને કુસ્તુંબુરુ એટલે ખરાબ ગંધવાળું–કોથમીર અથવા ધાણા

कुतुम्बुरू—તિંદુકનું વૃક્ષ

अवरस्परा, अपरस्परा—ક્રિયાનું સાતત્ય

अवरपरा—ક્રિયાનું સાતત્ય નહીં

अपरपरा— ,,

आ+पद–आस्पद—સ્થાન

आपद—ઇષિત્ પદ

आ+चर्य आश्चर्य—આશ્ચર્ય

आचर्य—આચરવા જેવું કાર્ય–શોભન કાર્ય

प्रति+कश=प्रतिष्कश—દૂત અથવા સહાયક–આગળ ચાલનાર

प्रतिकश—ચાબુક તરફ વળેલો ઘોડો

प्र+कण्व=प्रस्कण्व—ઋષિનું નામ

प्रकण्व—દેશનું નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हरि+चन्द्र=હરિશ્ચન્દ્ર–ઋષિનું નામ
હરિચન્દ્ર માણવક–બટુક
मा+कर=मस्कर } વાંસડો અથવા
म+कर=मस्कर } દંડ
मकर —મગર
आ+कथ=आस्कथ–નગરનું નામ
तत्+कर–तस्कर—ચોર
तत्कर— તે કરનારો
बृहत्+पति=बृहस्पति —દેવનું નામ
बृहत्पति—મોટો પતિ
प्राय+चित्त=प्रायश्चित्त—મુનિ જનોએ કે ગમે તે મનુષ્યે પાપની શુદ્ધિ માટે કરેલું ચિંતન–આલોચન–પ્રતિક્રમણ વગેરે
प्राय+चित्ति=प्रायश्चित्ति—પ્રાય એટલે મુનિલોક, ચિત્તિ એટલે શોધન
श+कुल —शष्कुल+ई=शष्कुली — કરેલું અન્ન
शकुल—એક પ્રકારનું માછલું
म–करी=मस्करी—ક્રિયાનો નિષેધ કરનાર–પરિવ્રાજક
मकरी—મગરવાળો–સમુદ્ર
का+तीर=कास्तीर—નગરનું નામ
कातीर—ઉપરનો અર્થ નહીં–બીજો અર્થ
अज+तुन्द=अजस्तुन्द—નગરનું નામ
अजतुन्द–બકરાની જેવું જેનું પેટ હોય તે
कार+कर=कारस्कर—વૃક્ષ
कारकर—

वन+पति=वनस्पति—વનસ્પતિ–ફળ આપનાર વનસ્પતિ અથવા ભાષાની અપેક્ષાએ તમામ લીલાં વૃક્ષ
वनपति—વનનો માલિક
कर+कर=करस्कर—પહાડનું નામ અથવા વૃક્ષ
करकर—
पार+कर=पारस्कर—દેશનું નામ
पारकर—
रथ+पा=रथस्पा—નદીનું નામ
रथपा—રથને રક્ષણ આપનાર–સાચવનાર
किम्+कुरु=किष्कुरु—પ્રહાર કરવાનું એક હથિયાર
किं+कु=किष्कु–વેંતનું કે હાથનું પ્રમાણ
किंकिं+धा=किष्किंधा—ગુફાનું નામ
किंकिं+ध=किष्किंध—પર્વતનું નામ
गो:+पदम् गोष्पदम्—જ્યાં ગાયો બેસતી હોય એવો ગામની પાસેનો ભાગ–પાદર અથવા ગાયના એક પગલાથી પડેલ ખાડાની ઊંડાઈ જેટલું માપ–ગાયના પગલાના માપ જેટલું ક્ષેત્ર–જમીનનો ઘણો થોડો ભાગ
गो:पदम्–गोपद—ગાયનું પગલું
अगोष्पद—જ્યાં ગાયોનાં પગલાં હોવાનો સંભવ જ નથી અર્થાત્ જ્યાં ગાયો હોવાનો બિલકુલ સંભવ નથી એવું અરણ્ય
આ રીતે અનેક શબ્દો સમજવા.
॥ ૩ । ૨ । ૪૮ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પુંવદ્ભાવનું** વિધાન— નારીજાતિના નામને નરજાતિ જેવું સમજવું —એ બાબતનું વિધાન

**परतः स्त्री पुम्वत् स्त्र्येकार्थेऽनूङ् ॥ ३ । २ । ४९ ॥**

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલું હોય, સમાસમાં આવેલું હોય, અને તેનું ઉત્તરપદ સ્ત્રીત્વસૂચક आप्, ङी વગેરે પ્રત્યયોવાળું કોઈ સ્ત્રીત્વનો અર્થ સૂચવતું હોય તથા પૂર્વપદની અને ઉત્તરપદની વિભક્તિ સરખી હોય તો તે નામ पुम्वत् થઈ જાય છે. પુંવત્ એટલે સ્ત્રીત્વસૂચક પ્રત્યયો ચાલ્યા જાય અને સ્ત્રીસૂચક પ્રત્યયોને લીધે મૂળ શબ્દમાં કાંઈ ફેરફાર થયો હોય તે પણ ચાલ્યો જાય, મૂળ નામ કાયમ રહે—આવાં નામોમાં સ્ત્રીત્વના સૂચક ऊङ् પ્રત્યયવાળું નામ ન લેવું.

જે જે સૂત્રની વૃત્તિના વિવેચનમાં 'परतः स्त्री' શબ્દ આવે ત્યાં સર્વત્ર 'વિશેષ્યને લીધે સ્ત્રીલિંગ થયેલું નામ' એમ સમજવું.

दर्शनीया भार्या यस्य असौ=दर्शनीयभार्यः જેની પત્ની દર્શનીય છે. આ પ્રયોગમાં दर्शनीयानुं दर्शनीय થઈ ગયું.

द्रोणीभार्यः—જેની ભાર્યા દ્રોણી છે—અહીં 'द्रोणी' શબ્દ વિશેષ્યને લીધે નારીજાતિ થયો નથી પણ એ શબ્દ પોતે જ નારીજાતિનો છે. તેથી આ નિયમ ન લાગે.

खलपु कुलम्—खलपु दृष्टिर्यस्य असौ—खलपुदृष्टिः જેની દૃષ્ટિ ખળું સાફ કરનારની જેવી છે—અહીં खलपु શબ્દ નારીજાતિનો નથી પણ નાન્યતર જાતિનો છે તેથી આ નિયમ ન લાગે.

गृहिणी नेत्रं यस्य असौ गृहिणीनेत्रः—જેનું નેત્ર ગૃહિણી છે—અહીં ઉત્તરપદ સ્ત્રીલિંગી નથી પણ નેત્ર શબ્દ નપુંસકલિંગી છે, તેથી આ નિયમ ન લાગે.

कल्याण्याः माता=कल्याणीमाता—કલ્યાણીની માતા—આ પ્રયોગમાં પૂર્વપદની અને ઉત્તરપદની વિભક્તિઓ સરખી નથી, તેથી આ નિયમ ન લાગે.

करभ इव (करभोरू इव) ऊरुः यस्याः सा करभोरूः, करभोरूः भार्या यस्य असौ=करभोरूभार्यः—જેનાં બન્ને ऊरु—સાથળ—ઊંટના બચ્ચાના ऊरु જેવા છે એવી ભાર્યાવાળો—અહીં करभोरू શબ્દ ऊङ् પ્રત્યયવાળો છે અને સૂત્રમાં તેનો નિષેધ કરેલ છે તેથી करभोरू પદ પુંવત્ ન થયું, પુંવત્ થયું હોત તો करभोरुभार्य પદ થાત.

॥ ૩ । ૨ । ૪૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्यङ्-मानि-पित्तद्धिते ॥ ३ । २ । ५० ॥

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલું હોય અને ऊङ् પ્રત્યયવાળું ન હોય તે નામ પુંવત્ થઈ જાય છે. જ્યારે તેને क्यङ् પ્રત્યય લાગેલો હોય અથવા मानिन् શબ્દ ઉત્તરપદમાં હોય તો અથવા प् નિશાનવાળો તદ્ધિતનો પ્રત્યય લાગેલો હોય તો.

क्यङ्- [1]श्येनी इव आचरति इति=श्येतायते—ધોળી જેવું આચરણ કરનાર.

मानिन्–[2]दर्शनीयां मन्यते अयम् अस्याः=दर्शनीयमानी—આ માણસ આની સ્ત્રીને દર્શનીય માને છે.

प्‌નિશાનવાળો તદ્ધિતનો પ્રત્યય–थ्यप्- [3]अजायै हितम्–अजथ्यम्–બકરીને માટે હિતરૂપ– थ्यप् માટે ૭।૧।૩૮। સૂત્ર જોવું.

પુંવદ્‌ભાવ થવાથી જે ફેરફાર થયો તે ક્રમશઃ આ પ્રમાણે છે.–

૧ श्येतायतेમાં મૂળ श्येत શબ્દ જ કાયમ રહ્યો. (જુઓ ૨।૪।૩૬)

૨. दर्शनीयानुं दर्शनीय થઈ ગયું.

૩. अजानुं अज એવું મૂળ રૂપ થયું. ॥ ૩ । ૨ । ૫૦ ॥

## जातिश्च णि–तद्धितय-स्वरे ॥ ३ । २ । ५१ ॥

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલું હોય તથા ऊङ् પ્રત્યય વગરનું હોય તે નામ પુંવત્ થઈ જાય છે. જ્યારે તેને णि પ્રત્યય લાગ્યો હોય તો અને તદ્ધિતના આદિમાં य કારવાળા તેમ જ સ્વરાદિ-આદિમાં સ્વરવાળા-પ્રત્યયો લાગ્યા હોય તો તથા જે નામ જાતિવાચક હોય તેને પણ ઉપર જણાવેલા णि વગેરે પ્રત્યયો લાગતાં, ઉપર જણાવેલ શરતોને ધ્યાનમાં રાખીને પુંવત્ સમજવું.

णि १ पट्वीम् आचष्टे–पटयति–પટ્વીને–ચતુરસ્ત્રીને–કહે છે.

તદ્ધિતનો य પ્રત્યય–२एन्यां साधुः-एत्यः-કાબરચીતરા રંગવાળીમાં સાધુ–સારો.

તદ્ધિતનો સ્વરાદિ પ્રત્યય— ३ भवत्याः इदम्–भवती+ अण्–भावत्कम् ભવતીનું–આપ મહાશયાનું–આ.

પુંવદ્‌ભાવ થવાથી જે ફેરફાર થયો તે ક્રમશઃ આ પ્રમાણે છે—

૧. पट्वी ને બદલે મૂળ पटु થયું.

૨. एनीने બદલે મૂળ एत થયું. જુઓ–૨।૪।૩૬।

૩. ભવતીને બદલે મૂળ भवत् થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિવાચક નામ-તદ્ધિતનો આદિમાં યવાળો પ્રત્યય—दरदि साधुः दरद्+यण् दारद्यः-દરદ નામની મ્લેચ્છ જાતિમાં સાધુ-સારો.

પુંવદ્ભાવને લીધે अण् પ્રત્યયનો લોપ ન થયો તેથી दरद्नुं दारद्य રૂપ ટકેલ છે.

તદ્ધિતનો સ્વરાદિ પ્રત્યય-गार्ग्यायण्याः कुत्सितम् अपत्यम्-गर्ग+य-गार्ग्यः-ગાર્ગ્યાયણીનું કુત્સિત છોકરું-પુંવદ્ભાવને લીધે ગાર્ગ્યાયણીનું 'ગાર્ગ્ય' થઈ ગયું.

हस्तिनीम् इच्छति इति-हस्तिनीयति—હસ્તિનીને જે ઇચ્છે તે.

हस्तिनी+अस्-हस्तिन्यः—હાથણીઓ.-પ્રથમા બહુવચન છે.

આ બે પ્રયોગોમાં પ્રથમ પ્રયોગમાં य તથા બીજા પ્રયોગમાં अस् પ્રત્યય તો છે પણ તે તદ્ધિતનો य નથી તથા તદ્ધિતનો સ્વરાદિ પ્રત્યય નથી.

॥ ૩ । ૨ । ૫૧ ॥

## एये अग्नायी ॥ ३ । २ । ५२ ॥

एय પ્રત્યય લાગ્યો હોય ત્યારે अग्नायीનો જ પુંવદ્ભાવ થાય પણ एय પ્રત્યય લાગ્યો હોય ત્યારે श्येनी વગેરેનો પુંવદ્ભાવ ન થાય એવો નિયમ બતાવવા માટે જ આ સૂત્ર રચ્યું છે.

अग्नाय्याः पुत्रः आग्नेयः-પુંવત્ થવાથી अग्नायी એ નારીજાતિના શબ્દમાંથી મૂળ अग्नि શબ્દ બન્યો, પછી अग्नि+एय-आग्नेयः-અગ્નાયીનો પુત્ર. श्येन्याः पुत्रः-श्येनेयः-ધોળીનો પુત્ર, અહીં પુંવદ્ભાવ ન થયો તેથી श्येनीनुं श्येती ન થયું.

પુંવદ્ભાવનો નિષેધ ॥ ૩ । ૨ । ૫૨ ॥

## न अप्-प्रियादौ ॥ ३ । २ । ५३ ॥

પૂરણ-પૂરણાર્થનો સૂચક-પ્રત્યય લાગ્યા પછી अप् પ્રત્યય લાગેલ હોવ એવું નામ ઉત્તરપદમાં જેને છેડે હોય તે નામ તથા ઉત્તરપદમાં प्रिया વગેરે શબ્દો હોય અને સમાસમાં રહેલાં બન્ને નામો સરખી વિભક્તિવાળાં હોય ત્યારે જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલું હોય તે નામ પુંવત્ થતું નથી.

अप्-कल्याणी पञ्चमी यासां ताः-कल्याणीपञ्चम+अ(अप्)=कल्याणीपञ्चमा रात्रयः—જે રાતોમાં પાંચમી રાત્રિ કલ્યાણી છે એવી રાત્રિઓ.

આ પ્રયોગમાં पञ्चमी શબ્દ પૂરણ પ્રત્યયવાળો છે અને તે पञ्चमी શબ્દને अप् પ્રત્યય લાગેલ છે તેથી कल्याणीનો कल्याण એવો પુંવદ્ભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન થયો પણ જ્યાં પૂરણ પ્રત્યય પછી अप् प्रत्यय ન લાગેલ હોય ત્યાં આ નિયમ ન લાગે.

प्रिय વગેરે શબ્દો—कल्याणी प्रिया यस्य सः—कल्याणी+प्रियः—कल्याणीप्रियः જેની પ્રિયા કલ્યાણી છે તે.

આ પ્રયોગમાં પણ कल्याणीનું कल्याण ન થયું.

कल्याणी पञ्चमी यस्मिन् पक्षे—कल्याणपञ्चमीकः पक्षः—જેમાં પાંચમી રાત કલ્યાણી છે એવો પક્ષ-પખવાડિયું, આ પ્રયોગમાં अप् प्रत्यय કે प्रिया આદિ શબ્દો નથી તેથી આ નિયમ ન લાગે, અર્થાત્ कल्याणी શબ્દનો પુંવદ્‌ભાવ થઈ જવાથી कल्याणीનું कल्याण રૂપ થઈ ગયું.

प्रिया વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—प्रिया, मनोज्ञा, कल्याणी, सुभगा, दुर्भगा, स्वा, क्षान्ता, कान्ता, वामना, समा, सचिवा, चपला, बाला, तनया, दुहितृ, भक्ति—આ બધા શબ્દો પ્રિયાદિ છે. ॥ ૩ । ૨ । ૫૩ ॥

## तद्धितअक–कोपान्त्य-पूरणी-आख्याः ॥ ३ । २ । ५४ ॥

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયું હોય તે, તેના ઉત્તરપદવાળા નામને તદ્ધિતનો अक પ્રત્યય લાગેલો હોય તો પુંવદ્ ન થાય. તથા જે નામોને ઉપાંત્યમાં कवाળો પ્રત્યય લાગેલો હોય તેવાં નામો તથા પૂરણ પ્રત્યયવાળાં નામો તથા સંજ્ઞાવાચક નામો જો ઉત્તરપદવાળાં હોય તો પુંવત્ ન થાય.

તદ્ધિત अक પ્રત્યય—मद्रिका भार्या यस्य इति—मद्रिकाभार्यः—જેની ભાર્યા મદ્રિકા છે.

ઉપાંત્યમાં क વાળો પ્રત્યય—कारिका भार्या यस्य इति—कारिकाभार्यः—જેની ભાર્યા કામ કરનારી છે.

પૂરણ પ્રત્યય—पञ्चमी भार्या यस्य इति-पञ्चमीभार्यः—જેની ભાર્યા પંચમી છે,

સંજ્ઞા—दत्ता भार्या यस्य इति दत्ताभार्यः—જેને દત્તા નામની ભાર્યા છે.

આ ઉદાહરણોમાં પુંવત્ ન થવાથી मद्रिकाનું मद्रक, कारिकाનું कारक, पञ्चमीનું पञ्चम તથા दत्ताનું दत्त ન થયું.

पाका भार्या यस्य इति—पाकभार्यः—જેની ભાર્યા પાકા નામની સ્ત્રી છે. આ પ્રયોગમાં पाक શબ્દમાં જે क છે તે पाक (पच्+घञ्—पाक) શબ્દનો જ क છે, પ્રત્યયનો क નથી. અહીં પુંવત્ થવાથી पाकाનું पाक થઈ ગયું. ॥ ૩ । ૨ । ૫૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तद्धितः स्वरवृद्धिहेतुः अरक्तविकारे ॥ ३ । २ । ५५ ॥

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયું હોય તે નામ પુંવત્ થતું નથી; જો એ નામને સ્વરની વૃદ્ધિ થવાના કારણભૂત તદ્ધિતનો પ્રત્યય લાગેલો હોય તો, પરંતુ એ તદ્ધિતનો પ્રત્યય 'રક્ત'–રંગેલું–અર્થનો સૂચક કે 'વિકાર' અર્થનો સૂચક ન હોવો જોઈએ.

माथुरी भार्या यस्य स इति=माथुरीभार्यः–જેની પત્ની મથુરાની છે–અહીં પુંવત્ ન થવાથી माथुरीનું माथुर ન થયું.

वैयाकरणी भार्या यस्य असौ–वैयाकरणभार्यः–જેની ભાર્યા વૈયાકરણી છે–અહીં वैयाकरणी શબ્દને લાગેલો પ્રત્યય સ્વરની વૃદ્ધિનું કારણ નથી.

काषायी बृहतिका यस्य असौ=काषायबृहतिकः–કષાય રંગથી રંગેલી જેની મોટી ચાદર છે–અહીં कषाय શબ્દને રક્તાર્થી–'રંગેલ' અર્થનો–સૂચક પ્રત્યય લાગેલ છે.

लोहस्य विकारः लौह, लौही ईषा यस्य असौ=लौहेषः–લોઢાનો વિકાર એટલે લોઢામાંથી બનેલ તે લૌહી. જેની પાસે લોઢાનો હળનો ईषा–દંડ છે–અહીં પણ 'વિકાર' અર્થનો સૂચક તદ્ધિત પ્રત્યય હોવાથી આ નિયમ ન લાગે.

वैयाकरणी વગેરે ત્રણે પ્રયોગોમાં આ નિયમ ન લાગવાથી પુંવદ્ભાવ થયો, તેથી वैयाकरणीનું वैयाकरण, काषायीનું काषाय તથા लौहीનું लौह રૂપ થયેલ છે. ॥ ३ । २ । ५५ ॥

## स्वाङ्गाद् ङीः जातिश्च अमानिनि ॥३।२।५६॥

સ્વાંગવાચી ङी પ્રત્યયવાળું નામ અને જાતિવાચી નામ; એ બન્ને નામો વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયાં હોય તો પુંવદ્ ન થાય, જો તે નામોને मानी શબ્દ ઉત્તરપદમાં ન હોય તો.

સ્વાંગ–दीर्घाः केशाः यस्याः सा=दीर्घकेशी, दीर्घकेशी भार्या यस्य असौ–दीर्घकेशीभार्यः–જેની ભાર્યા દીર્ઘ–લાંબા–કેશવાળી છે

જાતિવાચી– कठी भार्या यस्य असौ=कठीभार्यः–જેની ભાર્યા કઠજાતિની છે. शूद्रा भार्या यस्य असौ=शूद्राभार्यः–જેની ભાર્યા શૂદ્ર જાતિની છે

આ ત્રણે ઉદાહરણોમાં પુંવદ્ભાવ ન થવાથી दीर्घकेशीનું दीर्घकेश, कठीનું कठ તથા शूद्राનું शूद्र ન થયું

पट्वी भार्या यस्य असौ=पटुभार्यः–જેની સ્ત્રી ચતુર છે.–આ પ્રયોગમાં पटु શબ્દ સ્વાંગવાચી નથી તેથી પુંવત્ થઈ જવાથી पट्वीનું पटु થઈ ગયું.

आत्मानं दीर्घकेशीं मन्यते सा=दीर्घकेशमानिनी–પોતાને લાંબાવાળવાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનનારી સ્ત્રી-અહીં નિષેધ કરેલો માની શબ્દ ઉત્તરપદમાં છે, તેથી આ નિયમ ન લાગે એથી દીર્ઘકેશીનો પુંવદ્ભાવ થવાથી દીર્ઘકેશ થઈ ગયું. ॥ ૩ । ૨ । ૫૬ ॥

**કર્મધારય સમાસમાં પુંવત્‌નું વિધાન-**

## पुंवत् कर्मधारये ॥ ३ । २ । ५७ ॥

વિશેષ્યને લીધે જે નામ સ્ત્રીલિંગી થયેલું હોય એવા ऊङ् પ્રત્યય વગરના નામનો કર્મધારયસમાસ થયેલો હોય તો અને ઉત્તરપદમાં સમાન વિભક્તિવાળો સ્ત્રીલિંગી શબ્દ હોય તો પૂર્વપદનું સ્ત્રીલિંગી નામ પુંવત્ થઈ જાય છે.

कल्याणी च असौ प्रिया च=कल्याणप्रिया-કલ્યાણી પ્રિયા.

मद्रका च असौ भार्या च=मद्रकभार्या-મદ્રક દેશની સ્ત્રી.

माथुरा च असौ वृन्दारिका च=माथुरवृन्दारिका-મથુરાની વૃંદારિકા-સુંદર રૂપવાળી-સ્ત્રી.

चन्द्रमुखी च असौ वृन्दारिका च=चन्द्रमुखवृन्दारिका-ચંદ્રમુખી વૃંદારિકા-સુંદર રૂપવાળી સ્ત્રી.

ब्रह्मबन्धूवृन्दारिका-બ્રાહ્મણ જેનો ભાઈ છે એવી સુંદર રૂપવાળી સ્ત્રી-અહીં નિષેધ કરેલ ऊङ् પ્રત્યયવાળો ब्रह्मबन्धू શબ્દ છે. તેથી ब्रह्मबन्धुवृन्दारिका એમ પુંવદ્ભાવ ન થયો. ॥ ૩ । ૨ । ૫૭ ॥

## रिति ॥ ३ । २ । ५८ ॥

વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલા ऊङ् પ્રત્યય વગરના જે નામ પછી र् નિશાનવાળા પ્રત્યયો આવ્યા હોય તો તે નામ પુંવત્ થાય છે.

पट्वी प्रकारो यस्याः सा पटुजातीया-પટુ પ્રકારની સ્ત્રી-पटु નામને र् નિશાનવાળો जातीयर् પ્રત્યય (૭।૨।૭૫) લાગેલ છે.

कठी प्रकारो यस्याः सा=कठदेशीया-કઠ જાતની સ્ત્રી-कठ નામને र् નિશાનવાળો देशीयर् (૭।૩।૧૧) પ્રત્યય લાગેલ છે. ॥ ૩ । ૨ । ૫૮ ॥

## त्व-ते गुणः ॥ ३ । २ । ५९ ॥

त्व કે त(तल्) પ્રત્યય લાગ્યો હોય તો વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલ ऊङ् પ્રત્યય વગરનું ગુણવાચી નામ પુંવત્ થઈ જાય છે.

त्व તથા ता-पट्व्याः भावः= पटुत्वम्-, पटुता- } ચતુર સ્ત્રીનું ચાતુર્ય.

कठीत्वम्-કઠી સ્ત્રીનું કઠીપણું-અહીં कठी નામ ગુણવાચી નથી પણ જાતિવાચી છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૫૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## च्वौ क्वचित् ॥ ३ । २ । ६० ॥

વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલ ऊङ् વગરનાં નામ च्वि પ્રત્યય લાગતાં ક્વચિત્ પુંવત્ થાય છે

अमहती महतीभूता इति=महद्भूता कन्या—જે મોટી ન હોતી તે મોટી થયેલી કન્યા. અહીં પુંવત્ થવાથી महतीનું महत् થઈ ગયું.

अगोमती गोमतीभूता इति=गोमतीभूता—ગોમતી એટલે ગાયવાળી—જે ગોમતી ન હોતી તે ગોમતી થઈ. સૂત્રમાં क्वचित् પદનો નિર્દેશ કરવાથી આ પ્રયોગમાં गोमती નામ પુંવત્ ન થયું એટલે गोमतीનું गोमत् ન થયું.

॥ ૩ । ૨ । ૬૦ ॥

## सर्वादयोऽस्यादौ ॥ ३ । २ । ६१ ॥

વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલા સર્વ વગેરે શબ્દો પુંવત્ થઈ જાય છે, જ્યારે सर्वादि શબ્દોને स्यादि વિભક્તિઓ ન લાગી હોય ત્યારે આ નિયમ લાગે

सर्वाश्च ताः स्त्रियश्च इति=सर्वस्त्रियः—સર્વ—તમામ—સ્ત્રીઓ.

भवत्याः पुत्रः=भवत्पुत्रः—ભવતીનો—આપનો પોતાનો—પુત્ર.

सर्वस्यै—બધી સ્ત્રીઓ માટે—અહીં सर्व શબ્દને નિષેધ કરેલો સ્યાદિ વિભક્તિનો પ્રત્યય લાગેલ છે તેથી सर्वा શબ્દનું सर्व એમ પુંવત્ ન થાય.

જો અહીં પુંવત્ થયું હોત તો सर्वा શબ્દનો सर्वस्यै પ્રયોગ જ ન થાત કેમકે सर्वस्यै પ્રયોગ નારીજાતિમાં જ થાય છે. ॥ ૩ । ૨ । ૬૧ ॥

## मृगक्षीरादिषु वा ॥ ३ । २ । ६२ ।

मृगक्षीर આદિ શબ્દોમાં વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલ मृगी વગેરે નામને પુંવત્ વિકલ્પે સમજવાનું છે, જો क्षीर વગેરે પદો ઉત્તરપદમાં હોય તો.

मृग्याः क्षीरम्=मृगक्षीरम्, मृगीक्षीरम्—હરણીનું દૂધ.

काक्याः शावः=काकशावः, काकीशावः—કાગડીનું બચ્ચું

શિષ્ટ પ્રયોગોને અનુસરીને मृगक्षीर વગેરે શબ્દો સમજવાના છે.

मृगपदम् मृगीपदम् ।
मृगशावः, मृगीशावः ।
कुक्कुटाण्डम्, कुक्कुट्यण्डम् ।
मयूराण्डम्, मयूर्यण्डम् ।
काकाण्डम्, काक्यण्डम् વગેરે

॥ ૩ । ૨ । ૬૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋदुदित् तर–तम–रूप–कल्प–ब्रुव–चेलट्–गोत्र–मत–हते वा ह्रस्वश्च ॥ ३ । २ । ६३ ॥

ऋत्–उत् इत् એટલે ऋ નિશાનવાળા અને उनि શાનવાળા પ્રત્યયો લાગેલા હોય એવું અને વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલ નામ સમજવું, જો એ ऋत्इत् તથા उत्इत् પ્રત્યયવાળા નામને तर, तम, रूप અને कल्प પ્રત્યયો લાગેલા તો પુંવત્ સમજવું તથા તે નામના છેડાનો સ્વર દીર્ઘ હોય તો વિકલ્પે હ્રસ્વ કરવો તથા સમાન વિભક્તિવાળા એવા સ્ત્રીલિંગી ब्रुवा, चेली, गोत्रा, मता, हता શબ્દો ઉત્તરપદમાં હોય તો પણ તે ऋदुदित् નામને વિકલ્પે પુંવત્ સમજવું તથા ऋदुदित् નામ છેડે દીર્ઘ હોય તો હ્રસ્વ પણ વિકલ્પે સમજવું

ऋदित् નામ पुंवत् તથા ह्रस्व–

तर–पचन्ती+तरा=पचत्तरा, पचन्तितरा, पचन्तीतरा–સારી રાંધનારી.
तम–पचन्ती+तमा=पचत्तमा, पचन्तितमा, पचन्तीतमा–વધારે સારી રાંધનારી.
रूप–पचन्ती+रूपा=पचद्रूपा, पचन्तिरूपा, पचन्तीरूपा–પ્રશસ્ત રાંધનારી.
कल्प–पचन्ती+कल्पा=पचत्कल्पा, पचन्तिकल्पा पचन्तीकल्पा–રાંધનારી જેવી.
ब्रुवा–पचन्ती+ब्रुवा=पचद्ब्रुवा, पचन्तिब्रुवा, पचन्तीब्रुवा– પોતાને રાંધનારી કહેનારી.
चेली–पचन्ती+चेली=पचच्चेली, पचन्तिचेली, पचन्तीचेली–રાંધનારીની દાસી.
गोत्रा–पचन्ती+गोत्रा=पचद्गोत्रा, पचन्तिगोत्रा, पचन्तीगोत्रा–રાંધનારીના ગોત્રવાળી.
मता–पचन्ती+मता=पचद्मता, पचन्तिमता, पचन्तीमता–રાંધનારી માનેલી.
हता–पचन्ती+हता=पचद्धता, पचन्तिहता, पचन्तीहता––રાંધનારી હણાયેલી.

ઉપરનાં બધાં ઉદાહરણોમાં વપરાયેલ पचत् શબ્દ ऋदित નામ છે.

उदित् નામ पुंवत् તથા ह्रस्व–

तर–श्रेयसी+तरा=श्रेयस्तरा, श्रेयसितरा श्रेयसीतरा–વધારે શ્રેયવાળી.
तम–श्रेयसी+तमा= श्रेयस्तमा, श्रेयसितमा, श्रेयसीतमा–વિશેષ શ્રેયવાળી.
रूप–विदुषी+रूपा=विद्वद्रूपा, विदुषिरूपा, विदुषीरूपा–સારી વિદુષી.
कल्प–विदुषी+कल्पा=विद्वत्कल्पा, विदुषिकल्पा, विदुषीकल्पा–વિદુષી જેવી.
ब्रुवा–श्रेयसी+ब्रुवा= श्रेयोब्रुवा, श्रेयसिब्रुवा, श्रेयसीब्रुवा–પોતાને શ્રેયસી બોલનારી.
चेली–श्रेयसी+चेली=श्रेयश्चेली, श्रेयसिचेली, श्रेयसीचेली–શ્રેયસી દાસી
गोत्रा–श्रेयसी+गोत्रा= श्रेयोगोत्रा, श्रेयसिगोत्रा, श्रेयसीगोत्रा–શ્રેયસીના ગોત્રવાળી
मता–श्रेयसी+मता=श्रेयोमता, श्रेयसिमता, श्रेयसीमता–શ્રેયસી માનેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हता—श्रेयसी+हता=श्रेयोहता, श्रेयसिहता, श्रेयसीहता— શ્રેયસી હણાયેલી.

ઉપરનાં બધા ઉદાહરણોમાં વપરાયેલ श्रेयसु તથા विद्वसु શબ્દ उदित નામ છે. ॥ ૩ । ૨ । ૬૩ ॥

## સમાસવાળા શબ્દોમાં સ્વરોનુ પરિવર્તન-

## ङ्यः ॥ ३ । २ । ६४ ॥

तर, तम, रूप, અને कल्प પ્રત્યયો લાગેલા હોય તો વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલા તથા ई (ङी)પ્રત્યય લાગેલા અનેક[1] સ્વરવાળા નામના અંત્ય સ્વરનો હ્રસ્વ થાય છે અને સમાન વિભક્તિવાળા ब्रुवा, चेली, गोत्रा, मता અને हता શબ્દો ઉત્તરપદમાં હોય તો પણ એ નામનો અંતનો દીર્ઘસ્વર હ્રસ્વ થાય છે.

૧ શંકા—મૂળ સૂત્રમાં તો 'અનેક સ્વરવાળા નામ'ની નોંધ નથી તો પછી 'અનેકસ્વરવાળુ નામ' એવો અર્થ શા રીતે સમજવો ?

સમા૦—શંકા બરાબર છે. હવે પછી તરત જ આવનારા ૩।૨।૬૬મા સૂત્રમાં જે વિધાન કરેલ છે તે 'એક સ્વરવાળા નામ' માટે છે એટલે અર્થાત્ જ આ સૂત્રનું વિધાન 'અનેક સ્વરવાળા નામ' માટે સમજવાનું છે. એમ ન સમજવામાં આવે તો સૂત્રની નિષ્ફલતા બને છે એટલે સૂત્રને સફળ બનાવવા સારુ ઉપર પ્રમાણે 'અનેક સ્વરવાળા નામ' અંગે આ ૩।૨।૬૪મા સૂત્રનું વિધાન છે એમ આપોઆપ સમજાય એવું છે.

तर—गौरी+तरा=गौरितरा—વધારે ગૌરી

तम—गौरी+तमा=गौरितमा—વધારેમાં વધારે ગૌરી

रूप—नर्तकी+रूपा=नर्तकिरूपा—સારી નાચનારી

कल्प—कुमारी+कल्पा=कुमारिकल्पा—કુમારી જેવી

ब्रुवा—ब्राह्मणी+ब्रुवा=ब्राह्मणिब्रुवा—નિંદનીય બ્રાહ્મણી.

चेली—गार्गी+चेली=गार्गिचेली—નિંદનીય ગાર્ગી અથવા દાસી ગાર્ગી

गोत्रा—ब्राह्मणी+गोत्रा=ब्राह्मणिगोत्रा—માત્ર ગોત્રથી બ્રાહ્મણી—ખરી બ્રાહ્મણી નહીં—નિંદનીય બ્રાહ્મણી

मता—गार्गी+मता=गार्गिमता—ગાર્ગી માનેલી.

हता—गौरी+हता=गौरिहता—ગૌરી હણાયેલી. ॥ ૩ । ૨ । ૬૪ ॥

## भोगवद्—गौरिमतोर्नाम्नि ॥ ३ । २ । ६५ ॥

तर, तम, रूप અને कल्प પ્રત્યયો લાગેલા હોય તો અને સમાન વિભક્તિવાળા ब्रुवा, चेली, गोत्रा, मता અને हता શબ્દો ઉત્તરપદમાં હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઙી પ્રત્યયવાળા ભોગવતી અને ગૌરીમતી નામના અંત્ય દીર્ઘ સ્વર નો હ્રસ્વ થઈ જાય છે, જો કોઈનું નામ સૂચવાતું હોય તો.

ભોગવતી શબ્દને લાગેલા પ્રત્યયો વગેરે—

तर – भोगवती+तरा = भोगवतितरा—વિશેષ નામ.
तम – भोगवती+तमा = भोगवतितमा– ,,
रूप – भोगवती+रूपा = भोगवतिरूपा– ,,
कल्प – भोगवती+कल्पा = भोगवतिकल्पा– ,,
ब्रुवा – भोगवती+ब्रुवा = भोगवतिब्रुवा– ,,
चेली – भोगवती+चेली = भोगवतिचेली– ,,
गोत्रा – भोगवती+गोत्रा = भोगवतिगोत्रा– ,,
मता – भोगवती+मता = भोगवतिमता– ,,
हता – भोगवती+हता = भोगवतिहता– ,,

ગૌરિમતી શબ્દને લાગેલા પ્રત્યયો વગેરે—

तर – गौरिमती+तरा = गौरिमतितरा વિશેષ નામ
तम – गौरिमती+तमा = गौरिमतितमा– ,,
रूप – गौरिमती+रूपा = गौरिमतिरूपा– ,,
कल्प – गौरिमती+कल्पा = गौरिमतिकल्पा ,,
ब्रुवा – गौरिमती+ब्रुवा = गौरिमतिब्रुवा– ,,
चेली – गौरिमती+चेली = गौरिमतिचेली– ,,
गोत्रा – गौरिमती+गोत्रा = गौरिमतिगोत्रा– ,,
मता – गौरिमती+मता = गौरिमतिमता– ,,
हता – गौरिमती+हता = गौरिमतिहता– ,,

भोगवतितरा, भोगवत्तरा, भोगवतीतरा–વધારે ભોગવાળી. આ કોઈ વિશેષ નામ નથી તેથી આ નિયમ ન લાગ્યો પણ ૩ । ૨ । ૬૪ થી હ્રસ્વ તો થયો જ ॥ ૩ । ૨ । ૬૫ ॥

## नवैकस्वराणाम् ॥ ३ । २ । ६६ ॥

तर, तम, रूप અને कल्प પ્રત્યયો લાગેલા હોય તો અને સમાન વિભક્તિવાળા સ્ત્રીલિંગી ब्रुवा, चेली, गोत्रा, मता અને हता એ પાંચ શબ્દો ઉત્તરપદમાં હોય તો ઙી પ્રત્યય લાગેલો હોય એવા એક સ્વરવાળા નામના અંત્ય દીર્ઘ સ્વરનો વિકલ્પે હ્રસ્વ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्त्री+तरा=स्त्रितरा, स्त्रीतरा—વધારે સારી સ્ત્રી.

ज्ञी+तमा=ज्ञितमा, ज्ञीतमा—વિશેષ વધારે સારી વિદુષી.

ज्ञी+ब्रुवा=ज्ञिब्रुवा, ज्ञीब्रुवा—પોતાને ज्ञी—પંડિત—બોલનારી

कुटीतरा—સારી કોટડી—આ નામ એકસ્વરવાળું નથી. ॥ ૩ । ૨ । ૬૬ ॥

## ऊङः ॥ ३ । २ । ६७ ॥

तर, तम, रूप અને कल्प પ્રત્યયો લાગેલા હોય તો અને સમાન વિભક્તિવાળા ब्रुवा, चेली, गोत्रा, मता અને हता એ શબ્દો ઉત્તરપદમાં હોય તો ऊङ् પ્રત્યયવાળા નામના અંત્યસ્વરનો હ્રસ્વ વિકલ્પે થાય છે.

ऊङ् માટે જુઓ ।૨।૪।૭૩।

ब्रह्मबन्धू+तरा=ब्रह्मबन्धुतरा, ब्रह्मबन्धूतरा—હલકી બ્રાહ્મણી.

कद्रू+ब्रुवा=कद्रुब्रुवा, कद्रूब्रुवा—પોતાને પાપી કહેનારી.

॥ ૩ । ૨ । ૬૭ ॥

## महतः कर—घास—विशिष्टे ॥ ३ । २ । ६८ ॥

कर, घास અને विशिष्ट શબ્દો ઉત્તરપદમાં હોય તો महत् શબ્દનું महा રૂપ વિકલ્પે થાય છે એટલે महत् શબ્દને आ (डा) વિકલ્પે લાગે છે.

આ સૂત્રમાં महत् અને कर વગેરે શબ્દો એક બીજા સમાન વિભક્તિવાળા ન હોવા જોઈએ એમ સમજવું

महतां—कर=महत्+करः=महत्+आ+करः=महाकरः, महत्करः—મોટાનો કર.

महतां घास=महत्+घासः=महद्+आ+घासः=महाघासः महद्घासः। મહાઘાસ—મોટાઓનું ઘાસ

महतां विशिष्ट=महद्+विशिष्टः=महद्+आ+विशिष्टः—महाविशिष्टः, महद्विशिष्टः—મોટાઓમાં વિશિષ્ટ

॥ ૩ । ૨ । ૬૮ ॥

## स्त्रियाम् ॥ ३ । २ । ६९ ॥

कर, घास અને विशिष्ट શબ્દો ઉત્તરપદમાં હોય તો સ્ત્રીલિંગી महती શબ્દનું महा રૂપ જ થાય છે. એટલે महती શબ્દના અંત્ય ईનો आ (डा) નિત્ય થઈ જાય છે.

महत्याः कर=महती+आ+करः=महाकरः—મોટી (રાણી) નો કર.

महत्याः घास=महती+आ+घास=महाघासः—મોટી અટવીનું ઘાસ.

महत्याः विशिष्ट=महती+आ+विशिष्टः=महाविशिष्टः—મોટી (રાણી)નો વિશિષ્ટ

॥ ૩ । ૨ । ૬૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जातीयैकार्थेऽच्वेः ॥ ३ । २ । ७० ॥

જેને च्वि પ્રત્યય લાગ્યો નથી એવા महत् શબ્દને जातीयर् પ્રત્યય લાગેલો હોય અથવા એકાર્થ-સમાન વિભક્તિવાળું-ઉત્તરપદ હોય તો महत्નું महा રૂપ થાય છે-महत् ના अत् નો आ થઈ જાય છે.

जातीय પ્રત્યય-महान् प्रकारः=महत्+जातीयः=महत्+आ+जातीयः=महाजातीयः મોટો પ્રકાર.

એકાર્થ- महांश्चासौ वीरश्च=महत्+आ+वीरः=महावीरः-મોટો વીર.
महत्तरः-વધારે મોટું-અહીં तर પ્રત્યય છે जातीयर् પ્રત્યય નથી.
अमहती महतीभूता महद्भूता कन्या-મોટી ન હોતી તે મોટી થઈ એવી કન્યા.
અહીં च्वि પ્રત્યય લાગેલ છે તેથી महाभूता એવું રૂપ ન થાય.

॥ ૩ । ૨ । ૭૦ ॥

## न पुंवन्निषेधे ॥ ३ । २ । ७१ ॥

જ્યાં महत् શબ્દને પુંવત્ થવાનો નિષેધ હોય અને महत् શબ્દ પછી ઉત્તરપદ હોય તો महत् શબ્દને અંતે डा ન લાગે એટલે महत्નું महा રૂપ ન થાય. પુંવત્ નો નિષેધ ।૩।૨।૫૩ સૂત્રથી થાય છે.
महती प्रिया अस्य असौ=महतीप्रियः-જેની પ્રિયા મોટી છે તે.

॥૩।૨।૭૧॥

## इच्यस्वरे आच्च ॥ ३ । २ । ७२ ॥

અવ્યયીભાવ સમાસમાં આદિમાં સ્વરવાળું નહીં પણ આદિમાં વ્યંજનવાળું અને इच् પ્રત્યય લાગેલ હોય એવું ઉત્તરપદ હોય તો પૂર્વ પદના इ નો દીર્ઘ ई બોલાય છે અને आ પણ બોલાય છે.

मुष्टिभ्यां मुष्टिभ्यां कृतं युद्धम्-मुष्टि+मुष्टि=मुष्टी+मुष्टि=मुष्टीमुष्टि તથા मुष्टि+मुष्टि=मुष्टा+मुष्टि=मुष्टामुष्टि-મૂઠીએ મૂઠીએ કરેલું યુદ્ધ-મુક્કાબાજી
अस्यसि=તરવારો તરવારો લઈને કરેલું યુદ્ધ. અહીં ઉત્તરપદનો असि શબ્દ સ્વરાદિ છે, વ્યંજનાદિ નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ૩ । ૨ । ૭૨ ॥

## हविष्यष्टनः कपाले ॥ ३ । २ । ७३ ॥

'હવિષ' અર્થનું સૂચક कपाल નામ ઉત્તરપદમાં હોય તો अष्टन् નામના અંતનો સ્વર દીર્ઘ બોલાય છે અર્થાત્ अष्टन् નું अष्टा રૂપ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्टसु कपालेषु संस्कृतम्=अष्टन्–अष्टा+कपालम्=अष्टाकपालं हविः–આઠ ઠીબોમાં સંસ્કારેલું હવિષ્.

अष्टानां कपालानां समाहारः=अष्टकपालम्–આઠ ઠીબોનો જથ્થો–અહીં 'હવિષ'નો અર્થ નથી. તેથી अष्टा ન થાય.

अष्टपात्रं हविः–આઠ પાત્રમાં કરેલું હવિષ –અહીં कपाल શબ્દ નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૭૩ ॥

## गवि युक्ते ॥ ३ । २ । ७४ ॥

गो શબ્દ ઉત્તરપદમાં હોય તો अष्ट શબ્દનો अष्टा પ્રયોગ બને છે જો એ गो શબ્દનો અર્થ 'ગાડું' વગેરે સાથે જોડેલો બળદ' હોય તો.

अष्टाभिः गोभिः युक्तम्=अष्ट–अष्टा+गवम्=अष्टागवं शकटम्–આઠ બળદોથી જોડેલું ગાડું.

अष्ट गावः यस्य सः=अष्टगुः चैत्रः–જેની પાસે આઠ બળદો છે એવો ચૈત્ર –અહીં 'ગાડા સાથે યુક્ત–જોડેલું'–અર્થ નથી. ॥ ૩ । ૨ । ૭૪ ॥

## नाम्नि ॥ ३ । २ । ७५ ॥

अष्ट શબ્દને ઉત્તરપદ હોય અને સંજ્ઞાનું સૂચન થતું હોય તો अष्ट નો अष्टा એમ અંતનો દીર્ઘ થઇ જાય છે.

अष्ट पदानि यस्य सः=अष्ट–अष्टा+पदः=अष्टापदः कैलाशः–અષ્ટાપદ એટલે કૈલાસ–આઠ પગથિયાવાળો કૈલાસ પર્વત

अष्टौ दंष्ट्राः यस्य सः अष्टदंष्ट्रः–આઠ દાઢવાળો–આ શબ્દ સંજ્ઞાવાચી નથી. ॥ ૩ । ૨ । ૭૫ ॥

## कोटर-मिश्रक-सिध्रक-पुरग-सारिकस्य वणे ॥ ३ । २ । ७६ ॥

જેના न નો ण થયેલો છે એવો वन શબ્દ ઉત્તરપદમાં હોય તો कोटर, मिश्रक, सिध्रक, पुरग અને सारिक શબ્દના અંતસ્વરનો દીર્ઘ થાય છે, જો વિશેષ નામ હોય તો.

कोटर+वणम्=कोटर=कोटरा+वणम्=कोटरावणम्–તે નામનું વન
मिश्रक+वणम्=मिश्रक=मिश्रका+वणम्=मिश्रकावणम्–,, ,,
सिध्रक+वणम्=सिध्रक=सिध्रका+वणम्=सिध्रकावणम्–,, ,,
पुरग+वणम्=पुरग=पुरगा+वणम्=पुरगावणम्– ,, ,,
सारिक+वणम्=सारिक=सारिका+वणम्=सारिकावणम्–,, ,,

॥ ૩ । ૨ । ૭૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अञ्जनादीनां गिरौ ॥ ३ । २ । ७७ ।

गिरि શબ્દ ઉત્તરપદમાં હોય તો અઞ્જન વગેરે શબ્દોના અંત્ય સ્વરનો દીર્ઘ થઇ જાય છે, જો વિશેષ નામનું સૂચન થતું હોય તો.

अञ्जन+गिरिः=अञ्जन=अञ्जना+गिरिः=अञ्जनागिरिः—પર્વતનું વિશેષ નામ

कुक्कुट+गिरिः=कुक्कुट=कुक्कुटा+गिरिः=कुक्कुटागिरिः ,, ,, ,,

અઞ્જન વગેરે શબ્દો આ પ્રમાણે છે—किंशुक, किंशुल्क, साल्व, लोहित, कुक्कुट; खडून, माञ्जन, नल, पिङ्गल વગેરે.

આ શબ્દો લગાડીને किंशुकागिरिः–વગેરે ઉદાહરણો સમજી લેવાં

॥ ૩ । ૨ । ૭૭ ॥

## अनजिरादि-बहुस्वर-शरादीनां मतौ ॥ ३ । २ । ७८ ॥

જ્યારે मत् (मतु) પ્રત્યય લાગ્યો હોય ત્યારે બહુ સ્વરવાળા શબ્દોના અને शर વગેરે શબ્દોના અંત્ય સ્વરનો દીર્ઘ થઈ જાય છે, જો વિશેષ નામ સૂચવાતું હોય તો. અહીં अजिर આદિ એટલે अजिर, हिरण्य વગેરે શબ્દો ન લેવા.

બહુ સ્વર–उदुम्बर=उदुम्बरा+वती=उदुम्बरावती–ઉમરાવતી નગરી કે નદીનું નામ

शर વગેરે શબ્દો–शर=शरा+वती=शरावती— ,, ,, ,,

वंश= वंशा+वती=वंशावती– ,, ,, ,,

शर વગેરે શબ્દો આ પ્રમાણે સમજવા–शर, वंश, शुचि, कुश, धूम, अहि, कपि, मुनि, मणि, वार्द અને वेट्र–આ અને આવા બીજા અનેક શબ્દો છે.

अजिरवती–આંગણાવાળી.

हिरण्यवती–સોનાવાળી.

આ બન્ને શબ્દો સૂત્રમાં નિષેધ કરેલા अजिरादि ગણના છે, તેથી આ નિયમ ન લાગે.

अजिर વગેરે શબ્દો આ પ્રમાણે જાણવા—अजिर, खदिर, खजुर, स्थविर, पुलिन, मलय, हंसकारण्ड, चक्रवाक, अलंकार, शशाङ्क, हिरण्य વગેરે અનેક શબ્દો છે.

આ શબ્દો ઉપરથી अजिरवती વગેરે ઉદાહરણો જાણી લેવાં

॥ ૩ । ૨ । ૭૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋषौ विश्वस्य मित्रे ॥ ३ । २ । ७९ ॥

ઋષિ અર્થનો સૂચક મિત્ર શબ્દ ઉત્તરપદમાં હોય તો વિશ્વ શબ્દના અંત્ય સ્વરનો દીર્ઘ થઈ જાય છે, જો ઋષિની સંજ્ઞાનું સૂચન થતું હોય તો.

विश्वं मित्रं यस्य અથવા विश्वस्य मित्रम्=विश्व=विश्वा+मित्रः=विश्वामित्रः–જેનું આખું વિશ્વ મિત્ર છે અથવા જે વિશ્વનો મિત્ર છે તે–ઋષિનું નામ.
॥ ૩ । ૨ । ૭૯ ॥

## नरे ॥ ३ । २ । ८० ॥

નર શબ્દ ઉત્તરપદમાં હોય તો વિશ્વ શબ્દના અંત્ય સ્વરનો દીર્ઘ થઈ જાય છે, જો વિશેષ નામ હોય તો.

विश्व+नर=विश्व–विश्वा+नरः=विश्वानरः कश्चित्-કોઈ ઋષિનું નામ છે.
॥ ૩ । ૨ । ૮૦ ॥

## वसु-राटोः ॥ ३ । २ । ८१ ॥

वसु અને राट् શબ્દો ઉત્તરપદમાં હોય તો વિશ્વ શબ્દના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે. સૂત્રમાં 'राट' પદ મુકેલ છે માટે 'राट्' પદ જ લેવું પણ राज પદ ન લેવું.

विश्वं वसु यस्य सः=विश्व+वसुः=विश्वा+वसुः=विश्वावसुः–જેનું ધન વિશ્વ છે તે–એક પ્રકારનો દેવ.

विश्वस्मिन् राजते इति=विश्व+राट्=विश्वा+राट्=विश्वाराट्–બધે વિરાજતો.
॥ ૩ । ૨ । ૮૧ ॥

## वलच्यपित्रादेः ॥ ३ । २ । ८२ ॥

જેને वलच् પ્રત્યય લાગેલો હોય તે નામના અંત્ય સ્વરનો દીર્ઘ થઈ જાય છે, અહીં वलच् પ્રત્યયવાળા पितृ આદિ શબ્દો ન લેવા.

आसुति+वल=आसुती+वलः=आसुतीवलः–आसुति એટલે મદ્ય–મધુ–મદ્ય બનાવવાની પ્રવૃત્તિવાળો અથવા મદ્યવાળો.

पितृ+वल=पितृवलः–પિતાવાળો.

मातृ+वल=मातृवलः–માતાવાળો.

આ બન્ને પ્રયોગોમાં વપરાયેલ पितृ અને मातृ શબ્દો સૂત્રમાં નિષિદ્ધ છે તેથી આ નિયમ ન લાગે.

भ्रातृ, उत्साह આ બે શબ્દો પણ पितृ આદિ શબ્દોમાં સમાજવાના છે.

वल પ્રત્યય માટે જુઓ ૭।૨।૨૭। સૂત્ર ॥ ૩ । ૨ । ૮૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## चितेः कचि ॥ ३ । २ । ८३ ॥

चिति શબ્દ પછી कच् પ્રત્યય લાગ્યો હોય તો चितिના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે,

एकचिति+क=एकचिती+कः=एकचितीकः–જેની એક ચિતિ–ચિતા–છે તે–ઘણી વાર પુરુષ અને સ્ત્રી બન્નેની એક જ ચિતા હોય છે.

॥ ૩ । ૨ । ૮૩ ॥

## स्वामिचिह्नस्य अविष्ट-अष्ट-पञ्च-भिन्न-छिन्न-छिद्र-स्रुव-स्वस्तिकस्य कर्णे ॥ ३ । २ । ८४ ॥

સ્વામિચિહ્નના વાચક એટલે જે ચિહ્ન–નિશાન–વડે સ્વામી–માલિક–ઓળખાતો હોય એવા અર્થના ચિહ્નવાચક નામ પછી ઉત્તરપદમાં कर्ण શબ્દ આવે તો નિશાનવાચી શબ્દના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે, પણ विष्ट, अष्ट, पञ्च, भिन्न, छिन्न, छिद्र, स्रुव અને स्वस्तिक એટલા શબ્દો સ્વામિના નિશાનવાચી અહીં ન લેવા.

दात्रम् इव दात्रम्–दात्रं चिह्नं कर्णे यस्य सः–અથવા दात्रम् इव कर्णौ यस्य सः दात्र+कर्ण=दात्राकर्णः पशुः–જેના કર્ણ–કાન–ઉપર દાતરડાના જેવું નિશાન છે અથવા જેના કાન દાતરડા જેવા છે તેવું પશુ.

કાન ઉપર દાતરડાની જેવી નિશાનીવાળું પશુ, અમુક માલિકનું હોય છે એ રીતે આ શબ્દ માલિકને ઓળખાવે છે.

लम्बकर्णः–જેના લાંબા કાન છે–અહીં लम्ब શબ્દ સ્વામીના ચિહ્નરૂપ નથી.
विष्टकर्णः–જેના કાન વચ્ચેથી બેસી ગયા છે તે.
अष्टकर्णः–આઠ કાનવાળો.
पञ्चकर्णः–પાંચ કાનવાળો
भिन्नकर्णः–ભેદાયેલા કાનવાળો.
छिन्नकर्णः–છેદાયેલા કાનવાળો.
छिद्रकर्णः–જેના કાનમાં છિદ્ર છે.
स्रुवकर्णः–જેના કાન સ્રુવ–ચમચા–જેવા છે.
स्वस्तिककर्णः–જેના કાન સ્વસ્તિક–સાથિયા–જેવા છે.

આ બધા પ્રયોગોમાં જે विष्ट વગેરે શબ્દો વર્જેલા છે તે છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૮૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## गति-कारकस्य नहि-वृति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ क्वौ ॥ ३ । २ । ८५ ॥

જેમને क्विप् પ્રત્યય લાગેલ છે એવા नह्, वृत्, वृष्, व्यध्, रुच्, सह् અને तन् ધાતુઓમાંનો કોઈ ધાતુ ઉત્તરપદમાં આવેલો હોય તો, ગતિસંજ્ઞાવાળાં નામોના અને કારકસંજ્ઞાવાળાં નામોના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે.

उप+नह्=उपा+नह्=उपानत्–જોડા–પગરખાં

नि+वृत्=नी+वृत्=नीवृत्–દેશ.

प्र+वृष्=प्रा+वृष्–प्रावृट्–જ્યારે ખુબ વરસાદ થાય છે–ચોમાસું

श्व+विध्=श्वा+वित्=श्वावित्–કૂતરાને વિંધનાર–મારનાર–શાહુડી.

नि+रुच्=नी+रुक्=नीरुक्–નિરંતર કાંતિવાળો.

ऋति+सह्=ऋती+षट्=ऋतीषट्–પીડાને સહન કરનાર

जल+सह्=जला+सट्=जलासट्–પાણીને સહન કરનાર.

परि+तत्=परी+तत्=परीतत्–ચારે બાજુએ વિસ્તરનાર

॥ ૩ । ૨ । ૮૫ ॥

## घञ्युपसर्गस्य बहुलम् ॥ ३ । २ । ८६ ॥

घञ् પ્રત્યયવાળું ઉત્તરપદ હોય તો પૂર્વપદના ઉપસર્ગના અંત્યસ્વરનો बहुलम् દીર્ઘ થાય છે.

ક્યાંય નિત્ય–नि+क्लेदः=नी+क्लेदः=नीक्लेदः–પરસેવો,

नि+वारः=नी+वारः=नीवारः–તૃણધાન્ય.

ક્યાંય વિકલ્પે–प्रति+वेशः=प्रतीवेशः, प्रतिवेशः–નિવાસ સ્થાન

ક્યાંય દીર્ઘ થતો નથી–वि+षादः=विषादः–ખેદ.

नि+षादः=निषादः–માણસની એક જાતિ.

॥ ૩ । ૨ । ૮૬ ॥

## नामिनः काशे ॥ ३ । २ । ८७ ॥

अच् પ્રત્યયવાળો काश શબ્દ ઉત્તરપદમાં હોય તો જેને છેડે નામી સંજ્ઞાવાળો સ્વર છે એવા ઉપસર્ગના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે.

नि+काशः=नी+काश=नीकाशः–સરખું.

वि+काशः=वी+काश=वीकाशः–વિશેષ પ્રકાશ.

प्रकाशः–પ્રકાશ–અહીં છેડે નામી સ્વરવાળો ઉપસર્ગ નથી.

॥ ૩ । ૨ । ૮૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दस्ति ॥ ३ । २ । ८८ ॥

दा ધાતુ દ્વારા બનેલા તકારાદિ નામો ઉત્તરપદમાં હોય તો છેડે નામી સ્વરવાળા ઉપસર્ગના અંતનો દીર્ઘ થાય છે.

नि+त्तम्=नी+त्तम्=नीत्तम्–નિરંતર આપેલું.

वि+त्तम्=वी+त्तम्=वीत्तम्–વિશેષ આપેલું.

वि+तीर्णम्=वितीर्णम्–ઢાંકેલું–આ પ્રયોગમાં ઉત્તરપદરૂપ તકારાદિ तीर्ण નામ दा ધાતુ દ્વારા બનેલ નથી તેથી આ નિયમ ન લાગે.

सु+दत्तम्=सुदत्तम्–સારી રીતે આપેલું. અહીં दत्त ઉત્તરપદ, दा ધાતુ દ્વારા બનેલ તો છે પણ તે તકારાદિ નામ નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ૩ । ૨ । ૮૮ ॥

## अपील्वादेर्वहे ॥ ३ । २ । ८९ ॥

પૂર્વપદરૂપ पीलु વગેરે શબ્દો સિવાયના નામ્યંત નામના અંતનો સ્વર દીર્ઘ થાય છે, જો अच् પ્રત્યયવાળું वह નામ ઉત્તરપદમાં હોય તો.

ऋषि+वहम्=ऋषी+वहम्=ऋषीवहम्–નગરનું નામ છે.

मुनि+वहम्=मुनी+वहम्=मुनीवहम्– ,, ,,

पीलुवहम्–ગામનું નામ છે.

दारुवहम्–ગામનું નામ છે.

चारुवहम्–ગામનું નામ છે.

આ ત્રણ પ્રયોગોમાં નિષેધ કરેલાં पीलु આદિ નામો પૂર્વપદમાં છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૮૯ ॥

## शुनः ॥ ३ । २ । ९० ॥

श्वन् શબ્દ પછી ઉત્તરપદ આવેલ હોય તો श्वन् શબ્દનો અંત્ય સ્વર દીર્ઘ બોલાય છે.

श्व+दन्तः=श्वा+दन्तः=श्वादन्तः–કૂતરાનો દાંત.

श्व+वराहम्=श्वा+वराहम्=श्वावराहम्–કૂતરો અને વરાહ.

॥ ૩ । ૨ । ૯૦ ॥

## एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा ॥ ३ । २ । ९१ ॥

एकादश, षोडश, षोडन्, षोढा અને षड्ढा વગેરે શબ્દોમાં ક્યાંય પૂર્વપદના અંતનો દીર્ઘ થયેલ છે, ક્યાંય આદિના વ્યંજનમાં ओकार ઉમેરાયેલ છે, ક્યાંય दन्त નો दत् થયેલ છે અને ક્યાંય શબ્દમાં અંતે દ્વિર્ભાવ પણ થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एकोत्तरा दश=અથવા एकं च दश च=एक+दश=एका+दश=एकादश–અગિયાર. અહીં एकનું एका થયેલ છે.

षडुत्तरा दश=અથવા षट् च दश च–षड्+दश=षष्+दश=षो+दश=षोडश–સોળ–षष् એ મૂળ શબ્દ છે તેથી અહીં षष्નો षो થયેલ છે તથા दનો ड થયેલ છે.

षड् दन्ताः यस्य सः=षड्+दन्त=षोडत्–षोडन्–૭ દાંતવાળો. षोडन् षोडन्तौ षोडन्तः આ રીતે રૂપો સમજવાં. સ્ત્રીલિંગમાં षोडती રૂપ થાય અહીં दन्तनुं दत् એવું ऋकारांत પદ થયેલ છે અને दनो ड થયેલ છે તથા षनुं षो થયેલ છે અર્થાત् षड्दन्तनुं षोडत् થયેલ સમજવું.

षट् प्रकाराः=षष्+धा=षो+धा=षोढा અથવા

षड्ढा–૭ પ્રકારે

આ બન્ને પ્રયોગોમાં षष्નો षो થયો તથા धा નો ढा થયો એથી षोढा થયું અને षष्नुं षड् થવા સાથે धानुं ढा થવાથી षड्ढा રૂપ થાય છે. ॥ ૩ । ૨ । ૯૧ ॥

## द्वि-त्र्यष्टानां द्वा-त्रयोऽष्टाः प्राक् शतादनशीति बहुव्रीहौ ॥ ३ । २ । ९२ ॥

अशीति શબ્દ ઉત્તરપદમાં ન હોય, બહુવ્રીહિ સમાસ ન હોય અને शत–सो–પહેલાંની સંખ્યાના સૂચક એટલે દસથી માંડીને નવાણું સુધીની સંખ્યાના વાચક શબ્દો ઉત્તરપદમાં હોય તો द्वि નું द्वा, त्रि નું त्रयस् અને अष्टनुं अष्टा રૂપ થાય છે.

द्वाभ्याम् अधिका दश=અથવા द्वौ च दश च द्वि+दश–द्वादश–બાર.

त्रिभिः अधिका विंशतिः=त्रि+विंशतिः–त्रयस्–त्रयोविंशतिः–ત્રેવીશ.

अष्टाभिः अधिका त्रिंशत् अष्ट+त्रिंशत्–अष्टात्रिंशत्–આડત્રીશ.

द्विशतम्–બસો

त्रिशतम्–ત્રણસો

अष्टसहस्रम्–આઠ હજાર

આ ત્રણે પ્રયોગોમાં સો સંખ્યાના તથા સોથી અધિક સંખ્યાના વાચક શબ્દો ઉત્તરપદમાં છે તેથી આ નિયમ ન લાગે.

द्वाभ्यामधिका अशीतिः द्व्यशीतिः–બ્યાસી–અહીં ઉત્તરપદમાં अशीति શબ્દ છે એથી द्वाशिति પ્રયોગ ન થાય.

द्वौ वा त्रयो वा इति=द्वित्राः–બે કે ત્રણ–આ પ્રયોગમાં બહુવ્રીહિ સમાસ છે તેથી द्वात्र રૂપ ન થાય. ॥ ૩ । ૨ । ૯૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## चत्वारिंशदादौ वा ॥ ३ । २ । ९३ ॥

चत्वारिंशत् વગેરે શબ્દો ઉત્તરપદમાં હોય તો પૂર્વપદમાં આવેલા द्वि નું અને द्वा, त्रि નું त्रयस् અને अष्टनું अष्टा રૂપ વિકલ્પે થાય. અહીં પણ अशीति શબ્દ ઉત્તરપદમાં ન હોય, બહુવ્રીહિ સમાસ ન હોય અને शत-સો-પહેલાંની સંખ્યાના વાચક શબ્દો ઉત્તરપદમાં હોય તો.

द्वाभ्याम् अधिका चत्वारिंशत्-द्वाचत्वारिंशत्, द्विचत्वारिंशत्-બેંતાળીશ.

त्रिभिः अधिका चत्वारिंशत्=त्रयश्चत्वारिंशत्. त्रिचत्वारिंशत्-તેંતાળીશ.

अष्टाभिः अधिका चत्वारिंशत् अष्टाचत्वारिंशत्, अष्टचत्वारिंशत्-અડતાલીશ ॥ ३ । २ । ९३ ॥

## हृदयस्य हृत् लास-लेख-अण्-ये ॥ ३ । २ । ९४ ॥

लास શબ્દ અથવા કૃદંતનો કર્તૃસૂચક अण् પ્રત્યયવાળો लेख શબ્દ ઉત્તરપદમાં હોય તો हृदय પદને બદલે हृद् પદ બોલવું અને हृदय શબ્દને अण् પ્રત્યય તથા य પ્રત્યય લાગ્યો હોય તો પણ हृदय ને બદલે हृद् પદ વાપરવું.

हृदयस्य लासः-हृदय+लासः=हृल्लासः-હૃદયનો ઉલ્લાસ.

हृदयं लिखति-हृदय+लेखः=हृल्लेखः-હૃદયને લખનાર.

(लिख् ધાતુને घञ् પ્રત્યય લાગવાથી પણ लेख શબ્દ બને છે, અહીં घञ् પ્રત્યયવાળો लेख શબ્દ લેવાનો નથી.

अण् પ્રત્યયવાળો लेख-લખનાર.

घञ् ,, लेख-લખવું.

આ રીતે એ બે શબ્દોમાં અર્થનો ભેદ છે.)

अण् પ્રત્યય-हृदयस्य इदम्-हृदय+अण्=हृद्+अण्=हार्दम्-હૃદયનો અભિપ્રાય.

य ,, -हृदयाय हितम्=हृदय+य=हृद्+य=हृद्यम्-હૃદયને ગમે તેવું-સુંદર. ॥ ३ । २ । ९४ ॥

## पदः पादस्य आज्याति-गोपहते ॥ ३ । २ । ९५ ॥

आजि, आति, ग અને उपहत શબ્દો ઉત્તરપદમાં હોય તો पाद શબ્દને બદલે पद શબ્દ બોલવો.

पादाभ्याम् अजति=पाद+आजिः=पद+आजिः=पदाजिः-પગે ચાલનારો-પગી

पादाभ्याम् अतति=पाद+आतिः=पद+आतिः=पदातिः-પાયદળનો સૈનિક

पादाभ्यां गच्छति इति=पाद+गः=पद+गः=पदगः-પગવડે ગતિ કરનાર

पादाभ्यां उपहतः इति=पाद+उपहतः=पदोपहतः-પગથી દબાયેલો-હણાયેલો. ॥ ३ । २ । ९५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## हिम-हति-काषि-ये पद् ॥ ३ । २ । ९६ ॥

હિમ, હતિ અને કાષિ શબ્દો ઉત્તરપદમાં હોય તો પાદ શબ્દને બદલે પદ્ શબ્દ વાપરવો તથા य પ્રત્યય લાગ્યો હોય તો પણ પાદ શબ્દને બદલે પદ્ શબ્દ વાપરવો.

पादयोः हिमम्=पाद+हिमम्=पद्+हिमम्=पद्धिमम्–પગમાં વચ્ચે આવેલો બરફ
पादेन हतिः=पाद+हतिः=पद्+हतिः=पद्धतिः–પગ વડે દબાવવું–હણવું.
पादौ कषति=पाद+काषी=पत्+काषी=पत्काषी–પગને કસે–કાઢે–એવો.
पादौ विध्यन्ति इति=पाद+य–पद्+य+आ=पद्याः–शर्कराः–પગને વીંધી નાખનારા–કાંકરા. ॥ ૩ । ૨ । ૯૬ ॥

## ऋचः शसि ॥ ३ । २ । ९७ ॥

આદિમાં શકારવાળો शस् પ્રત્યય લાગ્યો હોય ત્યારે 'વેદની ઋચાનું પાદ' એવા અર્થવાળા પાદ શબ્દને બદલે પદ્ શબ્દ વાપરવો.

पादं पादम् इति=पाद+शः=पत्+शः=पच्छो गायत्रीं शंसति–એક પાદે ગાયત્રીની પ્રશંસા કરે છે. शस् માટે જુઓ ॥૭।૨।૧૫૧॥ સૂત્ર
पादशः श्लोकं वक्ति–એક એક પાદ સાથે શ્લોક બોલે છે. વેદની ઋચાનો અર્થ નથી.

ऋचः पादान् पश्य–ઋચાનાં પાદોને જુઓ–અહીં शस् તો છે પણ આદિમાં શકારવાળો નથી પણ આદિમાં અકારવાળો તથા શકારના નિશાનવાળો છે એટલે દ્વિતીયાના બહુવચનરૂપ अस् પ્રત્યય છે.

॥ ૩ । ૨ । ૯૭ ॥

## शब्द-निष्क-घोष-मिश्रे वा ॥ ३ । २ । ९८ ॥

शब्द, निष्क, घोष અને मिश्र શબ્દો ઉત્તરપદમાં હોય તો પાદ ને બદલે પદ્ વિકલ્પે વાપરવો.

पादयोः शब्दः=पाद+शब्दः–पत्+शब्दः=पच्छब्दः, पादशब्दः–બે પગનો શબ્દ.
पादे निष्कः=पाद+निष्कः=पन्निष्कः, पादनिष्कः–પા ભાગ નાખવાથી આખો થનારો સોનાનો સિક્કો
पादयोः घोषः=पाद+घोषः=पद्घोषः, पादघोषः–બે પગનો અવાજ.
पादेन मिश्रः=पाद+मिश्रः=पद्+मिश्रः=पन्मिश्रः, पादमिश्रः–પગથી મિશ્ર અથવા પા ભાગથી મિશ્ર

॥ ૩ । ૨ । ૯૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नस् नासिकायाः तः-क्षुद्रे ॥ ३ । २ । ९९ ॥

तस् પ્રત્યય લાગેલ હોય તો नासिका ને બદલે नस् બોલાય અને क्षुद्र શબ્દ ઉત્તરપદમાં હોય તો પણ नासिका ને બદલે नस् બોલાય.

नासिकायाः इति=नासिका+तस्=नस्+तस्=नस्तः-નાસિકાથી, નાસિકામાં.

नासिकायाः क्षुद्रः इति=नासिका+क्षुद्रः=नस्+क्षुद्रः=नःक्षुद्रः-નાની નાસિકાથી ક્ષુદ્ર-નાની નાસિકાવાળો-ચીબો, નખોદિયો.

॥ ૩ । ૨ । ૯૯ ॥

## येऽवर्णे ॥ ३ । २ । १०० ॥

य પ્રત્યય લાગ્યો હોય તો વર્ણ સિવાયના અર્થમાં नासिका નો नस् બોલાય.

नासिकायै हितम्=नासिका+यम्=नस्+य=नस्यम्-નાસિકા માટે હિત એવું સુંઘવાનું.

नासिक्यम्-નાસિક નામનું નગર-અહીં य પ્રત્યય નથી.

नासिक्यो वर्णः-નાસિકા વડે બોલાય તે નાસિક્ય-અનુનાસિક-વર્ણ-અહીં વર્ણ-શબ્દ-અર્થ છે. ॥ ૩ । ૧ । ૧૦૦ ॥

## शिरसः शीर्षन् ॥ ३ । २ । १०१ ॥

य પ્રત્યય લાગ્યો હોય તો शिरस् શબ્દનું शीर्षन् બોલાય છે.

शिरसि भवः=शिरस्+य=शीर्षन्+यः शीर्षण्यः स्वरः-માથામાંથી નીકળતો સ્વર-અવાજ.

शिरसे हितम्=शिरस्+यम्=शीर्षन+य=शीर्षण्यं तैलम्-માથાને હિતરૂપ તેલ.

शिरस्तः-માથાથી, માથામાં-અહીં य પ્રત્યય નથી.

शिरस्यति-માથાને ઇચ્છે છે-અહીં य પ્રત્યય નથી પણ क्यन् પ્રત્યય છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૦૧ ॥

## केशे वा ॥ ३ । २ । १०२ ॥

य પ્રત્યય લાગ્યો હોય તો 'કેશ-વાળ' અર્થ સાથે સંબંધ રાખનારા शिरस् શબ્દનું शीर्षन् રૂપ વિકલ્પે બોલાય છે.

शिरसि भवाः-शिरस्+याः=शीर्षन्+याः=शीर्षण्याः-માથામાં ઊગેલા વાળ.

,, ,, शिरस्+याः=शिरस्याः- ,, ,,

॥ ૩ । ૨ । ૧૦૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शीर्षः स्वरे तद्धिते ॥ ३ । २ । १०३ ॥

આદિમાં સ્વરવાળા તદ્ધિતના પ્રત્યયો લાગ્યા હોય તો શિરસ્ શબ્દનું शीर्ष રૂપ થાય છે.

हस्तिशिरसः अपत्यम्=हस्तिशिरस्+इ=हास्तिशीर्ष+इ=हास्तिशीर्षिः—હસ્તિશીર્ષ નામના માણસનો પુત્ર.

शिरस्+इकण्=शीर्ष+इक=शीर्षिकः—માથા વડે તરનારો. જુઓ ॥६।४।६॥

॥ ३ । २ । १०३ ॥

## उदकस्योदः पेषं-धि-वास-वाहने ॥ ३ । २ । १०४ ॥

पेषम्, धि, वास અને वाहन શબ્દો ઉત્તરપદમાં હોય તો उदकनुं उद રૂપ થાય છે.

उदक+पेषम्=उद+पेषम्=उदपेषं पिनष्टि—પાણી નાખતો જાય ને પીસતો જાય.

उदक+धिः=उद+धिः=उदधिः घटः—પાણી ભરેલો ઘડો.

उदक+वासः=उद+वासः=उदवासः—પાણીનો વાસ—પાણીમાં રહેવું.

उदक+वाहनः=उद+वाहनः=उदवाहनः—જેનું વાહન પાણી છે તે—વરુણ દેવ.

॥ ३ । २ । १०४ ॥

## वैकव्यञ्जने पूर्ये ॥ ३ । २ । १०५ ॥

જેની આદિમાં એક જ વ્યંજન છે એટલે અસંયુક્ત વ્યંજન છે એવું કોઈ નામ ઉત્તરપદમાં હોય તો उदक શબ્દનું उद રૂપ વિકલ્પે થાય પણ ભરવાનું સાધન એવો અર્થ જણાતો હોય તો.

उदकस्य कुम्भः=उदक+कुम्भः=उदकुम्भः, उदककुम्भः—પાણીનો ઘડો.

उदकस्य अमत्रम्=उदकामत्रम्—પાણીનું વાસણ—અહીં ઉત્તરપદમાં આદિમાં સ્વર છે.

उदकस्य स्थालम्=उदकस्थालम्—પાણીનો થાળ—અહીં ઉત્તરપદમાં આદિમાં એક વ્યંજન નથી પણ સંયુક્ત—બે—વ્યંજન છે.

उदकस्य देशः=उदकदेशः—પાણીનો દેશ—અહીં ભરવાનું સાધન એવો અર્થ નથી. ॥३।२।१०५॥

## मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे वा ॥ ३ । २ । १०६ ॥

मन्थ, ओदन, सक्तु, बिन्दु, वज्र, भार, हार, वीवध અને गाह શબ્દોમાંનો કોઈ એક શબ્દ ઉત્તરપદમાં હોય તો उदकશબ્દનું उद રૂપ વિકલ્પે થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उदकेन मथ्यते इति=उदक+मन्थः=उद+मन्थः=उदमन्थः, उदकमन्थः-પાણી સાથે કે વડે વલોવવું

उदकेन सह ओदनः=उदक+ओदनः=उद+ओदनः=उदौदनः, उदकौदनः- પાણી સાથેના એટલે પાણી છાંટેલા ચોખા.

उदकेन सह सक्तुः=उदक+सक्तुः=उद+सक्तुः=उदसक्तुः, उदकसक्तुः-પાણી સાથે સાથવો

उदकस्य बिन्दुः-उदक+बिन्दुः=उद+बिन्दु=उदबिन्दुः, उदकबिन्दुः-પાણીનું બિંદુ -ટીપું

उदकस्य वज्रः=उदक+वज्रः=उद+वज्रः=उदवज्रः,-પાણીનું વજ્ર-વિજળી

उदकस्य भारः=उदक+भारः=उद+भार=उदभारः, उदकभारः-પાણીનો ભાર-પ્રવાહ

उदकस्य हारः=उदक+हार.=उद+हारः=उदहारः, उदकहारः-પાણીને લઈ જનારો-પાણી ભરનારો-કહાર

उदकस्य वीवधः=उदक+वीवधः=उद+वीवधः=उदवीवधः, उदकवीवधः-જલમાર્ગ

उदके गाहः=उदक+गाहः=उद+गाहः=उदगाहः, उदकगाहः-પાણીમાં અવગાહન કરવું-પાણીમાં પ્રવેશ કરવો.

॥ ૩ । ૨ । ૧૦૬ ॥

## नाम्न्युत्तरपदस्य च ॥ ३ । २ । १०७ ॥

પૂર્વપદમાં કે ઉત્તરપદમાં આવેલા उदक શબ્દનું उद રૂપ થાય છે, જો સંજ્ઞા-નામ-હોય તો.

उदक પૂર્વપદ— उदकस्य मेघः=उदक+मेघः=उद+मेघः=उदमेघः-વિશેષ નામ છે.

उदकस्य वाहः=उदक+वाहः=उद+वाहः=उदवाहः-પાણીના પૂરમાં આવતો પાણીનો ઘોડો અથવા વિશેષ નામ છે

उदकस्य पानम्=उदक+पानम्=उद+पानम्=उदपानम्-કૂવો

उदकं धीयते यस्मिन्=उदक+धिः=उद+धिः=उदधिः-સમુદ્ર

उदक ઉત્તરપદ—लवणं उदकं यस्य=लवण+उदकः=लवण+उदः लवणोदः-લવણ સમુદ્ર

कालं उदकं यस्य=काल+उदकः=काल+उदः=कालोदः-કાળો સમુદ્ર.

॥ ૩ । ૨ । ૧૦૭ ॥

## ते लुग् वा ॥ ३ । २ । १०८ ।

જે શબ્દ સમાસમાં બે પદવાળો હોય તે જો સંજ્ઞાવાચક હોય તો તેનાં બે પદોમાંથી ગમે તે એક પદ સંજ્ઞાના સૂચકરૂપે વિકલ્પે વાપરી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देव+दत्तः=देवदत्तः, देवः, दत्तः–દેવદત્ત અથવા દેવદત્તને બદલે દેવ કે દત્ત નામ પણ વાપરી શકાય.
॥ ૩ । ૨ । ૧૦૮ ॥

## द्वि-अन्तर्-अनवर्णउपसर्गाद् अप ईप् ॥ ३ । २ । १०९ ॥

द्वि શબ્દ પછી તથા अन्तर् શબ્દ પછી અને જેને છેડે अ કે आ ન હોય એવા ઉપસર્ગ પછી આવેલા ઉત્તરપદરૂપ अप् શબ્દ નો ईप् થાય છે.

द्वि–द्विधा आपः यस्मिन्=द्वि+अप्=द्वि+ईप्=द्वीपम्–જેમાં બન્ને બાજુએ પાણી છે દ્વીપ–બેટ

अन्तर्–अन्तर्गताः आपः यस्मिन्=अन्तर्+अप्=अन्तर्+ईप्=अन्तरीपम्–જેમાં અંદર પાણી છે.

**અનવર્ણ ઉપસર્ગ–**

निर्गताः आपः यस्मात्=नि+अप्=नि+ईप्=नीपम्–જેમાંથી પાણી નિકળી ગયું છે એવું–સરોવર કે સ્થળ.

संगताः आपः यस्मिन्=सम्+अप्=सम+ईप्=समीपम्–પાસે.

शोभनाः आपः=सु+आपः=स्वापः–સારાં પાણી–અહીં सु ઉપસર્ગ નથી તેથી अप् નો ईप् ન થયો. જુઓ ॥ ૩ । ૧ । ૪૪ ॥

प्रकृष्टाः आपः यस्मिन्=प्र+अप्=प्रापम्–જેમાં પ્રકર્ષવાળું પાણી છે. અહીં પૂર્વપદમાં अ વાળો ઉપસર્ગ છે તેથી આ નિયમ ન લાગ્યો.

परावृत्ताः आपः यस्मात् तत्=परा+अप्=परापम्–પાણી જ્યાંથી પાછું વળી ગયું છે–અહીં પૂર્વપદમાં आ વાળો ઉપસર્ગ છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૦૯ ॥

## अनोः देशे उप् ॥ ३ । २ । ११० ॥

अनु શબ્દ પછી अप् શબ્દ આવેલો હોય તો अप्નું उप् રૂપ થાય છે, જો તેનો 'દેશ' અર્થ થતો હોય તો.

अनुगताः आपः यस्मिन्=अनु+अप्=अनु+उप्=अनूपो देशः–અનૂપ એટલે જ્યાં પાણી ખૂબ છે એવો દેશ–પ્રદેશ

अनुगताः आपः यस्य=अनु+अप्=अनु+ईप्=अन्वीपम् वनम्–જેની પાછળ પાણી છે એવું વન–આ શબ્દ દેશવાચી નથી તેથી આ નિયમ ન લાગ્યો.
॥ ૩ । ૨ । ૧૧૦ ॥

મનું પ્રકરણ–

## खिति अनव्यय-अरुषः मः अन्तः ह्रस्वश्च ॥ ३ । २ । १११ ॥

અવ્યય સિવાયના સ્વરાંત શબ્દ પછી અને अरुष् શબ્દ પછી જેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ख નિશાન છે એવા પ્રત્યયવાળું નામ ઉત્તરપદમાં આવ્યું હોય તો પૂર્વપદને અંતે म् ઉમેરાય છે અથવા अरुष्ના ष् નો म् થાય છે અને પૂર્વપદ દીર્ઘ હોય તો હ્રસ્વ થઈ જાય છે.

आत्मानं ज्ञं मन्यते इति=ज्ञ+मन्यः=ज्ञम्–ज्ञंमन्यः–પોતાને પંડિત માનનારો

आत्मानं कालीं मन्यते इति=काली+मन्या=कालीम्–कालिंमन्या–પોતાને કાલી દેવી માનનાર

अरुष्–अरुः तुदति इति=अरुष+तुदः=अरुम्–अरुंतुदः–ઘા ઉપર પીડા કરનારો. આ પ્રયોગમાં अरुष् ના અંત્ય વ્યંજનનો म् થયા પછી અનુસ્વાર થયેલ છે.

ज्ञमानी–પોતાને પંડિત માનનારો–અહીં ख નિશાનવાળો પ્રત્યય નથી પણ णिन् પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે.

दोषामन्यम् अहः–પોતાને રાત માનનાર દિવસ–અહીં दोषा અવ્યય છે તેથી दोषंमन्य ન થાય ॥ ૩ । ૨ । ૧૧૧ ॥

## सत्या-ऽगदा-ऽस्तोः कारे ॥ ३ । २ । ११२ ॥

सत्य, अगद અને अस्तु શબ્દો પછી कार શબ્દ ઉત્તરપદમાં હોય તો પૂર્વપદને અંતે म् ઉમેરાય છે

सत्य+कारः=सत्यंकारः–સાચું કરનારો અથવા સાચુ–ખરેખર

अगद+कारः=अगदंकार–વૈદ્ય (અગદ–ઓસડ)

अस्तु+कारः=अस्तुंकारः–'અસ્તુ' એમ બોલનારો–'થાઓ'–એમ બોલનાર ॥ ૩ । ૨ । ૧૧૨ ॥

## लोकम्पृण-मध्यन्दिना-ऽनभ्याशमित्यम् ॥ ३ । २ । ११३ ॥

लोकम्पृण, मध्यन्दिन, અને अनभ्याशमित्य એ ત્રણે શબ્દોમાં પૂર્વપદને અંતે म् ઉમેરાયેલ છે.

लोकं पृणाति इति=लोकम्पृणः–લોકને પાળનારો.

दिनस्य मध्यम् इति=मध्यन्दिनम्–દિવસનો મધ્યભાગ–બપોર

अनभ्याशम् इत्यः–अनभ्याशमित्यः–જેનાથી દૂર જવું પડે એવો–દૂરથી તજવા જેવો. ॥ ૩ । ૨ । ૧૧૩ ॥

## भ्राष्ट्र-अग्नेः इन्धे ॥ ३ । २ । ११४ ॥

भ्राष्ट्र કે अग्नि શબ્દ પછી इन्ध શબ્દ આવે તો પૂર્વપદને અંતે म् ઉમેરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भ्राष्ट्रस्य इन्धः–भ्राष्ट्र+इन्ध=भ्राष्ट्रम्+इन्धः=भ्राष्ट्रमिन्धः–ભઠ્ઠીનું સળગવું.
अग्नेः इन्धः–अग्नि+इन्ध=अग्निम्+इन्धः=अग्निमिन्धः–અગ્નિનું સળગવું.

॥ ૩ । ૨ । ૧૧૪ ॥

## अगिलाद् गिल-गिलगिलयोः ॥ ३ । २ । ११५ ॥

જેને છેડે गिल શબ્દ ન હોય એવા પૂર્વપદ પછી गिल કે गिलगिल શબ્દ આવ્યો હોય તો પૂર્વપદને અંતે म् ઉમેરાય છે.

तिमिं गिलति इति=तिमि+गिल=तिमिम्+गिलः=तिमिंगिलः–માછલાં ગળી જનારો.

तिमीनां गिलगिलः=तिमि+गिलगिल=तिमिम्+गिलगिलः=तिमिंगिलगिलः–તિમિંગિલને ગળનારું મોટું માછલું.

तिमिंगिल+गिल=तिमिंगिलगिलः–આ પ્રયોગમાં પૂર્વપદને છેડે गिल શબ્દ છે તેથી तिमिंगिलंगिल એમ ન થાય ॥ ૩ । ૨ । ૧૧૫ ॥

## भद्र-उष्णात् करणे ॥ ३ । २ । ११६ ॥

भद्र કે उष्ण શબ્દ પછી करण શબ્દ આવેલો હોય તો પૂર્વપદને અંતે म् ઉમેરાય છે.

भद्रस्य करणम्=भद्र+करणम्=भद्रम्+करणम्=भद्रंकरणम्–હજામત કરવી.

उष्णस्य करणम्=उष्ण+करणम्=उष्णम्+करणम्=उष्णंकरणम्–ઊનું કરવું.

॥ ૩ । ૨ । ૧૧૫ ॥

## नवा अखित्कृदन्ते रात्रेः ॥ ३ । २ । ११७ ॥

रात्रि શબ્દ પછી કૃદંતના પ્રત્યયવાળું ઉત્તરપદ હોય તો रात्रि શબ્દને અંતે म् વિકલ્પે લાગે છે; જો ઉત્તરપદ ख નિશાનવાળા કૃદંતના પ્રત્યયવાળું ન હોય તો.

रात्रौ चरतीति=रात्रि+चर=रात्रिम्+चरः=रात्रिंचरः, रात्रिचरः–ચોર.

रात्रिंमन्यम् अहः–રાત માનનારો દિવસ.–અહીં रात्रि શબ્દ પછી સૂત્રમાં નિષેધ કરેલ खित् પ્રત્યયવાળું કૃદતનું નામ છે તેથી અનુસ્વાર ન થાય. એટલે रात्रिंमन्यम् પ્રયોગ ન થાય

रात्रयिता પ્રયોગમાં रात्रि નામ પછી બીજું કોઈ નામ ઉત્તરપદમાં નથી તેથી આ નિયમ ન લાગે.

रात्रयिता પ્રયોગની સિદ્ધિ આ પ્રમાણે છે–

रात्रयिता–રાતની પેઠે આચરણ કરનારો. અહીં रात्रि શબ્દને આચાર અર્થમાં क्विप् પ્રત્યય આવવાથી रात्रय શબ્દ થયો, પછી तृच् પ્રત્યય આવ્યો છે–रात्रयि–तृ=रात्रयितृ–रात्रयिता.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## धेनोर्भव्यायाम् ॥ ३ । २ । ११८ ॥

भव्या શબ્દ ઉત્તરપદમાં હોય તો પૂર્વપદમાં આવેલા धेनु શબ્દને છેડે વિકલ્પે म् ઉમેરાય છે.

धेनु+भव्या=धेनुम्+भव्या=धेनुंभव्या, धेनुभव्या–સારી ગાય.

॥ ૩ । ૨ । ૧૧૮ ॥

द् નું ઉમેરણ–

## अषष्ठीतृतीयादन्याद् दोऽर्थे ॥ ३ । २ । ११९ ॥

अर्थ શબ્દ ઉત્તરપદમાં આવેલો હોય તો ષષ્ઠયંત ન હોય અને તૃતીયાંત પણ ન હોય એવા अन्य શબ્દને છેડે द् વિકલ્પે ઉમેરાય છે.

अन्य+अर्थः=अन्य+द्+अर्थः=अन्यदर्थः, अन्यार्थ–બીજો અર્થ.

अन्यस्य अर्थः–બીજાનો અર્થ–

अन्येन अर्थः–બીજા વડે અર્થ–અહીં પહેલા પ્રયોગમાં નિષેધ કરેલો ષષ્ઠયંત અને પછીના પ્રયોગમાં તૃતીયાંત अन्य શબ્દ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૧૯ ॥

## आशीराशा–ऽऽस्थिता–ऽऽस्थोत्सुकोति–रागे ॥ ३ । २ १२० ॥

अन्य શબ્દ ષષ્ઠયંત ન હોય અને તૃતીયાંત પણ ન હોય અને अन्य શબ્દ પછી ઉત્તરપદમાં જો आशीष्, आशा, आस्थित, आस्था, उत्सुक, ऊति અને राग શબ્દોમાંનો કોઈ એક શબ્દ આવેલ હોય તો अन्य શબ્દને છેડે द् ઉમેરાય છે.

अन्या आशीः=अन्य+आशीः=अन्य+द्+आशीः=अन्यदाशीः–બીજી આશિષ્.

अन्या आशा=अन्य+आशा=अन्य+द्+आशा=अन्यदाशा–બીજી આશા.

अन्यम् आस्थितः=अन्य+आस्थितः=अन्य+द्+आस्थितः अन्यदास्थितः–બીજાને આશરે રહેલો.

अन्या आस्था=अन्य+आस्था=अन्य+द्+आस्था= अन्यदास्था–બીજી આસ્થા.

अन्यस्मिन् उत्सुकः=अन्य+उत्सुकः=अन्य + द्+उत्सुकः=अन्यदुत्सुकः –બીજામાં ઉત્સુક

अन्या ऊतिः=अन्य+ऊतिः=अन्य+द्+ऊतिः=अन्यदूतिः – બીજું વણવાનું, સીવવાનું કે ગોટવાનું કામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्यस्मिन् रागः=अन्य+राग=अन्य+द्+रागः=अन्यद्रागः–બીજામાં રાગ. अन्यस्य आशीः, अन्येन आशीः=अन्याशीः–બીજાની આશિષ કે બીજા વડે આશિષ–આ પ્રયોગમાં સૂત્રમાં નિષેધ કરેલો ષષ્ઠયંત અને તૃતીયાંત अन्य શબ્દ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૨૦ ॥

## ईय–कारके ॥ ३ । २ । १२१ ॥

इय પ્રત્યય આવેલો હોય અથવા कारक શબ્દ ઉત્તરપદમાં હોય તો अन्य શબ્દને છેડે द् ઉમેરાય છે.

ईय–अन्यस्य अयम्=अन्य+ईयः=अन्य+द्+ईयः=अन्यदीयः–બીજાનો આ.
कारक–

अन्यस्य कारकः=अन्य+कारकः=अन्य+द्+कारकः=अन्यत्कारकः–બીજાને કરનારો.

अन्येन कारकः=अन्य+कारकः=अन्य+द्+कारकः=अन्यत्कारकः–બીજા વડે કરનારો ॥ ૩ । ૨ । ૧૨૧ ॥

अद्रि નો આગમ–

## सर्वादि–विष्वग्–देवात् डद्रिः क्त्यञ्चौ ॥ ३ । २ । १२२ ॥

क्विप् પ્રત્યયવાળો अञ्च् શબ્દ ઉત્તરપદમાં હોય તો सर्वादि શબ્દોને, विष्वक् શબ્દને અને देव શબ્દને અંતે अद्रि (डद्रि) શબ્દ આગમરૂપે ઉમેરાય છે.

સર્વાદિ–

सर्वान् अञ्चति इति क्विप् सर्व+अञ्च्=सर्व+अद्रि+अञ्च्=सर्वद्र्यङ्–(પ્રથમા એકવચન) तान्=सर्वद्रीचः દ્વિતીયા બહુવચન–સર્વને પૂજનારાઓને, સર્વ તરફ જનારાઓને

द्वौ अञ्चति इति क्विप् द्वि+अञ्च्=द्वि+अद्रि+अञ्च्=द्वयद्र्यङ्=બન્નેને પૂજનારો અથવા બન્નેને જનાર–પહોંચનાર

कम् अञ्चति इति क्विप् किम्–अञ्च्=क+अद्रि+अञ्च्=कद्र्यङ्–કોને પૂજનારો અથવા કોને પહોંચનાર

विष्वग्–विष्वग् अञ्चति इति क्विप् विष्वग्+अञ्च्=विष्व+अद्रि+अञ्च्=विश्वद्र्यङ्–ચારે બાજુ જનારો,

देव–देवम् अञ्चति इति क्विप् देव+अञ्च्+देव+अद्रि+अञ्च्=देवद्र्यङ्–દેવને પૂજનારો

विष्वग्+अञ्चनम् विष्वगञ्चनम्–ચારે બાજુથી પૂજન, અહીં अञ्च् શબ્દ क्विप् પ્રત્યયવાળો નથી પણ अन પ્રત્યયવાળો છે ॥ ૩ । ૨ । ૧૨૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દોનાં રૂપાંતર–

## सह–समः सध्रि–समि ॥ ३ । २ । १२३ ।

क्विप् પ્રત્યયવાળો अञ्च् શબ્દ ઉત્તરપદમાં હોય ત્યારે सह શબ્દનું सध्रि રૂપ થાય છે અને सम् શબ્દનું समि રૂપ થાય છે.

सह अञ्चति इति क्विप् सह+अञ्च्=सध्रि+अञ्च्+सध्र्यङ्–સાથે જનારો.

सम् अञ्चति इति क्विप् सम्+अञ्च्=समि+अञ्च्=सम्यङ्–સમ્યક્

सह+अञ्चनम्–सहाञ्चनम्–સાથે પૂજન–અહીં क्विप् પ્રત્યયવાળો अञ्च् શબ્દ નથી પણ अन પ્રત્યયવાળો છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૨૩ ॥

## तिरसः तिर्यति ॥ ३ । २ । १२४ ॥

આદિમાં અકારવાળો અને છેડે क्विप् પ્રત્યયવાળો अञ्च् શબ્દ ઉત્તરપદમાં હોય તો तिरस्નું तिरि રૂપ થઈ જાય છે.

तिरः अञ्चति इति क्विप् तिरस्+अञ्च्=तिरि+अञ्च्=तिर्यङ्–આડું ચાલનારું પ્રાણી કે પશુ.

तिरस्+चः–तिरश्चः–તિર્યંચોને–અહીં આદિમાં અકારવાળો अञ्च् નથી પણ ચકારવાળો છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૨૪ ॥

## नञ् अत् ॥ ३ । २ । १२५ ॥

ઉત્તરપદ હોય તો नञ्નો अ થાય છે.

नास्ति चोरः यस्मिन् इति=न+चौरः=अ+चौरः=अचौरः पन्थाः=જ્યાં ચોર નથી એવો રસ્તો.

न भुङ्क्ते–ખાતો નથી. અહીં भुङ्क्ते ક્રિયાપદ છે પણ ઉત્તરપદ નથી. સમાસ પામેલાં નામોમાં જે પૂર્વમાં હોય તેને જ 'પૂર્વપદ' કહેવાય છે અને જે પછી–પાછળ–હોય તેને જ ઉત્તરપદ કહેવાય છે. न भुङ्क्तेમાં न સાથે भुङ्क्तेનો સમાસ જ નથી તેથી જો કે भुङ्क्ते પદ न પછી આવેલ છે તોપણ તે ઉત્તરપદ ન કહેવાય. ॥ ૩ । ૨ । ૧૨૫ ॥

## त्यादौ क्षेपे ॥ ३ । २ । १२६ ॥

नञ् પછી કોઈ પણ ક્રિયાપદ આવે અને નિંદા જણાતી હોય તો नञ्નો अ કરવો.

न+पचसि=अ+पचसि=अपचसि त्वं जाल्म ! – હે જાલિમ ! તું રાંધતો નથી !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न पचति चैत्रः ચૈત્ર રાંધતો નથી.-અહીં નિંદા નથી, તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૨૬ ॥

## नगः अप्राणिनि वा ॥ ३ । २ । १२७ ॥

નઞ્ પછી ઉત્તરપદ હોય અને અપ્રાણી અર્થ હોય તો નઞ્નો અ વિકલ્પે બોલાય છે.

न गच्छति इति=न+ग=अ+ग=अगः, नगः-પહાડ. પહાડ ગતિ વગરનો જ હોય છે

अगाऽयं शीतेन-ઠંડીમાં જકડાઈ જવાને લીધે આ જઈ શકતો નથી-અહીં અગ શબ્દ પ્રાણીવાચી છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૨૭ ॥

## नखादयः ॥ ३ । २ । १२८ ॥

નખ વગેરે શબ્દોમાં નઞ્નો અ થતો નથી.

नास्ति खम् अस्य=न+ख=नखः-જેને જરા પણ ખ-પોલાણ-નથી-નખ

न असत्यः इति=नासत्यः-જે અસત્ય નથી અર્થાત્ સત્ય છે - સાચો માણસ. ॥ ૩ । ૨ । ૧૨૮ ॥

## अन् स्वरे ॥ ३ । २ । १२९ ॥

જો આદિમાં સ્વરવાળું ઉત્તરપદ હોય તો નઞ્નો અન્ થાય છે.

न विद्यते अन्तः अस्य=न+अन्तः=अन्+अन्तः=अनन्तजिनः-જેનો અંત -વિનાશ - નથી તે અનન્ત - **અનંત** નામના ચૌદમા જૈન તીર્થંકર. ॥ ૩ । ૨ । ૧૨૯ ॥

## कोः कत् तत्पुरुषे ॥ ३ । २ । १३० ॥

જો આદિમાં સ્વરવાળું ઉત્તરપદ હોય તો કુ શબ્દને બદલે તત્પુરુષ સમાસમાં કદ્ રૂપ વપરાય છે.

कुत्सितः अश्वः इति=कु+अश्वः=कद्+अश्वः=कदश्वः-ખરાબ ઘોડો.

कुत्सिताः उष्ट्राः यस्मिन् देशे-कु+उष्ट्रः=कूष्ट्रो देशः-જે દેશમાં ખરાબ ઊંટો છે - અહીં બહુવ્રીહિ સમાસ છે તેથી આ નિયમ ન લાગે.

कु+ब्राह्मण=कुब्राह्मणः-ખરાબ બ્રાહ્મણ-અહીં સ્વરાદિ ઉત્તરપદ નથી પણ વ્યંજનાદિ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૩૦ ॥

## रथ-वदे ॥ ३ । २ । १३१ ॥

બહુવ્રીહિ કે તત્પુરુષ સમાસ હોય તથા રથ અને વદ નામો ઉત્તરપદમાં હોય તો કુને બદલે કત્ રૂપ વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुत्सितो रथः=कु+रथः=कत्+रथः=कद्रथः–ખરાબ રથ.
कुत्सितो वदः=कु+वदः=कत्+वदः=कद्वदः–ખરાબ બોલનારો–કોઇયો.
॥ ૩ । ૨ । ૧૩૧ ॥

## तृणे जातौ ॥ ३ । २ । १३२ ॥

જાતિવાચી तृण શબ્દ ઉત્તરપદમાં હોય તો कु ને બદલે कत् રૂપ વપરાય છે.

कुत्सितं तृणम् अस्याः सा=कु+तृणा=कत्+तृणा=कत्तृणा–જેનાં તૃણ ખરાબ છે એવી – ખરાબ ઘાસવાળી–રૌહિષ નામની એક તૃણજાતિ.
॥ ૩ । ૨ । ૧૩૨ ॥

## कत् त्रिः ॥ ३ । २ । १३३ ॥

त्रि શબ્દ ઉત્તરપદમાં હોય તો कु ને બદલે તથા किम् ને બદલે कत् રૂપ વપરાય છે.

कुत्सिताः त्रयः=कु+त्रयः=कत्+त्रयः=कत्त्रयः–નિંદનીય ત્રણ
के त्रयः–किम्+त्रयः=कत्+त्रयः=कत्त्रयः–કોણ ત્રણ ?
कुत्सिताः त्रयः अस्य=कु+त्रि=कत्त्रिः–જેના ત્રણ કુત્સિત છે તે કત્ત્રિ.
के त्रयः अस्य=किम्+त्रि=कत्त्रिः–જેના ત્રણ કોણ છે તે કત્ત્રિ.

પ્રo– અહીં ઉપરના કોઈ સૂત્રમાં किम् શબ્દનો નિર્દેશ નથી તેમ છતાં આ સૂત્રની વૃત્તિમાં किम् શબ્દ ક્યાંથી આવ્યો ?

સમાo– આચાર્ય માત્ર त्रौ એટલું જ સૂત્ર કરત તો પણ આગળના સૂત્રમાંથી આ સૂત્રમાં कत् પદની અનુવૃત્તિ આવત અને कु નો कत् થઈ જાત એમ છતાં આચાર્યે આ સૂત્રમાં ફરીવાર જે कत् શબ્દ નિર્દેશેલ છે તેથી આચાર્યનું એમ જણાવવું છે કે જેમ कु નો कत् થાય તેમ किम् નો પણ कत् થાય એમ સમજવું–લઘુન્યાસકાર.
॥ ૩ । ૨ । ૧૩૩ ॥

## का अक्ष–पथोः ॥ ३ । २ । १३४ ॥

अक्ष (અકારાંત अक्ष અને अक्षिમાંથી બનેલો अक्ष એ બન્ને સમજવા) અને पथ શબ્દ ઉત્તરપદમાં હોય તો कु ને બદલે તથા अक પ્રત્યયવાળા कु ને એટલે ककु ને બદલે का રૂપ વપરાય છે.

कुत्सितः अक्षः=कु+अक्षः=का+अक्षः=काक्षः–ખરાબ પાસો.
कुत्सितम् अक्षम्=कु–अक्षम्=काक्षम्–ખરાબ ઇંદ્રિય–આંખ વગેરે ઇંદ્રિય
कुत्सितः पन्थाः=कु+पथम्=का+पथम्=कापथम्–ખરાબ રસ્તો.
॥ ૩ । ૨ । ૧૩૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पुरुषे वा ॥ ३ । २ । १३५ ॥

पुरुष શબ્દ ઉત્તરપદમાં હોય તો कु ને બદલે का રૂપ વિકલ્પે વપરાય છે. कुत्सितः पुरुषः=कु+पुरुषः=का+पुरुषः=कापुरुषः, कुपुरुषः-કાયર-ખરાબ પુરુષ ॥ ૩ । ૨ । ૧૩૫ ॥

## अल्पे ॥ ३ । २ । १३६ ॥

જો ઉત્તરપદ હોય તો 'અલ્પ' અર્થવાળા પૂર્વપદરૂપ कु શબ્દનો का થાય છે, अल्पं मधुरम्=कु+मधुरम्=का+मधुरम्=कामधुरम्-થોડું મધુર. अल्पम् अच्छम्=कु+अच्छम्=का+अच्छम्=काच्छम्-થોડું અચ્છું-સારું. ॥ ૩ । ૨ । ૧૩૬ ॥

## का-कवौ वा उष्णे ॥ ३ । २ । १३७ ॥

उष्ण શબ્દ ઉત્તરપદમાં હોય તો 'અલ્પ' અર્થવાળા કે 'કુત્સિત' અર્થવાળા कु ને બદલે का અને कव એવાં બે રૂપો વિકલ્પે વપરાય છે.

अल्पम् उष्णम्=कु+उष्णम्=का+उष्णम्=कोष्णम्, कव+उष्णम्=कवोष्णम्-થોડું ગરમ અથવા ખરાબ ગરમ.

कद्+उष्णम्=कदुष्णम्-અલ્પ ઉષ્ણ અથવા ખરાબ ગરમ.- અહીં ત્રીજા कदुष्णम् પ્રયોગમાં તત્પુરુષ સમાસ છે. જુઓ ૩।૨।૧૩૦।

कुत्सितम् उष्णं यस्मिन् देशे=स कोष्णो देशः, कवोष्णो देशः અને कूष्णो देशः-જે દેશમાં ખરાબ રીતે ગરમી પડે છે તે દેશ - અહીં બહુવ્રીહિ સમાસ છે તેથી कदुष्ण રૂપ ન થાય. ॥ ૩ । ૨ । ૧૩૭ ॥

અંતના લોપનું વિધાન—

## कृत्येऽवश्यमो लुक् ॥ ३ । २ । १३८ ॥

कृत्य પ્રત્યયવાળાં નામો ઉત્તરપદમાં હોય તો अवश्यम् ના म् નો લોપ થાય છે. ध्यण्, तव्य, अनीय, य અને क्यप् એ પાંચ કૃત્ય પ્રત્યયો છે. જુઓ ।।૫।૧।૪૭।।

अवश्यम्+कार्यम्=अवश्यकार्यम्-અવશ્ય કાર્ય. અહીં कृ ધાતુને ध्यण् પ્રત્યય લાગેલ છે.

अवश्यम्+लावकः=अवश्यंलावकः-અવશ્ય કાપનારો. — આ પ્રયોગમાં કૃત્ય પ્રત્યય નથી, તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૩૮ ॥

## समस्तत-हिते वा ॥ ३ । २ । १३९ ॥

तत અને हित શબ્દો ઉત્તરપદમાં હોય તો सम् ના म् નો લોપ વિકલ્પે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्+ततम्=सततम्, सन्ततम्–નિરંતર.

सम्+हितम्=सहितम्, संहितम्–જોડાયેલું; પરસ્પર સંબંધવાળું.

॥ ૩ । ૨ । ૧૩૯ ॥

## तुमश्च मनः–कामे ॥ ३ । २ । १४० ॥

મનસ્ અને काम શબ્દો ઉત્તરપદમાં હોય તો तुम् ના म् નો અને सम् ના म् નો લોપ થાય છે.

मनस्–

भोक्तुम्+मनाः=भोक्तुमनाः–જમવામાટે મનવાળો–જમવાની ઇચ્છાવાળો.

सम्+मनाः=समनाः–સારા મનવાળો.

काम–

गन्तुम्+कामः=गन्तुकामः–જવા માટે ઇચ્છાવાળો.

सम्+कामः=सकामः–સારી ઇચ્છાવાળો.

॥ ૩ । ૨ । ૧૪૦ ॥

## मांसस्याऽनङ्–घञि पचि नवा ॥ ३ । २ । १४१ ॥

अन પ્રત્યયવાળો पचन શબ્દ અને घञ् પ્રત્યયવાળો पाक શબ્દ ઉત્તરપદમાં હોય તો मांस શબ્દના અંત્ય સ્વરનો વિકલ્પે લોપ થાય છે.

अन–मांस+पचनम्=मांस्पचनम् मांसपचनम्–માંસને રાંધવું.

घञ्–मांस+पाकः=मांस्पाकः, मांसपाकः–માંસને રાંધવું. ॥ ૩ । ૨ । ૧૪૧ ॥

શબ્દનું પરિવર્તન–

## दिक्शब्दात् तीरस्य तारः ॥ ३ । २ । १४२ ॥

દિશાવાચી શબ્દ પછી तीर શબ્દ આવે તો तीर ને બદલે तार રૂપ વિકલ્પે વપરાય છે.

दक्षिण+तीरम्=दक्षिण+तारम्–दक्षिणतारम्, दक्षिणतीरम्–દક્ષિણનો કાંઠો.

॥ ૩ । ૨ । ૧૪૨ ॥

## सहस्य सोऽन्यार्थे ॥ ३ । २ । १४३ ॥

ઉત્તરપદવાળો सह શબ્દ બહુવ્રીહિસમાસમાં આવેલો હોય તો सह ને બદલે 'स' રૂપ વિકલ્પે વાપરવું.

सह+पुत्रेण=सह+पुत्र=सपुत्रः, सहपुत्रः–પુત્ર સાથે બીજો કોઈ.

सह जातः=सहजः–સાથે જન્મેલો. – અહીં બહુવ્રીહિસમાસ નથી, તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૪૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नाम्नि ॥ ३ । २ । १४४ ॥

બહુવ્રીહિસમાસમાં ઉત્તરપદવાળો सह શબ્દ હોય અને વિશેષ નામનું સૂચન થતું હોય તો सह ને બદલે स રૂપ વાપરવું.

अश्वत्थेन सहितं वनम्–सह+अश्वत्थम्=साश्वत्थं वनम्- વનનું નામ છે. सह दीव्यति इति=सहदेवः कुरुः–કુરુવંશનો – સાથે રમનારો–સહદેવ– અહીં નામનું સૂચન તો છે પણ બહુવ્રીહિ સમાસ નથી તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૩ । ૨ । ૧૪૪ ॥

## अदृश्य–अधिके ॥ ३ । २ । १४५ ॥

અદૃશ્ય–નજરે ન દેખી શકાય એવા પદાર્થનું સૂચક ઉત્તરપદ હોય તથા 'અમુક માપથી વધારે' એ રીતે અધિક અર્થનું સૂચક ઉત્તરપદ હોય તો બહુવ્રીહિ સમાસમાં આવેલા सह ને બદલે स રૂપ વાપરવું

अग्निना सहितः कपोतः=सह+अग्निः=स+अग्नि=साग्निः कपोतः–અગ્નિવાળો કપોત–કબૂતર. કબૂતરના જઠરમાં અગ્નિ છે પણ તે દેખાતો નથી.

द्रोणेन सहिता खारी=सह+द्रोणा=स+द्रोणा=सद्रोणा खारी–જેમાં ખારીના પૂરા માપ ઉપર દ્રોણ જેટલું માપ વધારે છે એવી ખારી.

॥ ૩ । ૨ । ૧૪૫ ॥

## अकाले अव्ययीभावे ॥ ३ । २ । १४६ ॥

કાલવાચી ઉત્તરપદ ન હોય અને અવ્યયીભાવ સમાસ હોય તો सह ને બદલે स વપરાય છે.

ब्रह्मणः संपत् सह+ब्रह्म=सब्रह्म साधूनाम्–સાધુની સંપત્તિ-ધન–બ્રહ્મચર્ય છે. सहपूर्वाह्णं शेते–આખો બપોર સૂએ છે. – અહીં સાકલ્ય અર્થમાં અવ્યયીભાવ સમાસ તો છે–જુઓ ૩ । ૧ । ૩૯–પણ કાલવાચી ઉત્તરપદ છે તેથી આ નિયમ ન લાગે.

सहयुध्वा– સાથે લડનારો. – અહીં અવ્યયીભાવ સમાસ નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૪૬ ॥

## ग्रन्थान्ते ॥ ३ । २ । १४७ ॥

'ગ્રંથનો અંત' એવા અર્થનું સૂચક નામ ઉત્તરપદમાં હોય અને અવ્યયીભાવ સમાસ હોય તો सह ને બદલે स રૂપ વપરાય છે.

कलाम् अन्तं कृत्वा सह+कला=सकलम्–सकलं ज्योतिषम् अधीते અવ્યયીભાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાસ છે– ૩ । ૧ । ૩૯।–જે ગ્રંથમાં છેવટે 'કલા' નામના કાલના માપનું વિવેચન આવે છે એવા જ્યોતિષના ગ્રંથને ભણે છે. ॥ ૩ । ૨ । ૧૪૭ ॥

## न आशिषि अगो–वत्स-हले ॥ ३ । २ । १४८ ॥

गो, वत्स અને हल આ ત્રણ સિવાયનું ઉત્તરપદ હોય અને 'આશિષ્'નો અર્થ જણાતો હોય તો सह ને બદલે स રૂપ ન વપરાય.

स्वस्ति गुरवे सहशिष्याय–શિષ્ય સાથે ગુરુનું કલ્યાણ થાઓ. અહીં 'આશિષ્' અર્થ છે માટે सहનો स ન થાય.

सपुत्रः પુત્ર સહિત.–અહીં આશિષ્ અર્થ નથી તેથી सहનું स થયેલ છે

स्वस्ति तुभ्यं सगवे, सहगवे–જેની સાથે ગાય છે એવા તારા માટે કલ્યાણ થાઓ

स्वस्ति तुभ्यं सवत्साय, सहवत्साय–જેની સાથે વાછરડું છે એવા તારા માટે કલ્યાણ થાઓ.

स्वस्ति तुभ्यं सहलाय, सहहलाय–જેની સાથે હળ છે એવા તારા માટે કલ્યાણ થાઓ. (જુઓ, ૩ । ૨ । ૧૪૩ )

ઉપરના ત્રણે પ્રયોગોમાં સૂત્રમાં નિષેધ કરેલા गो, वत्स અને हल શબ્દો છે માટે આ નિયમ ન લાગે. ॥ ૩ । ૨ । ૧૪૮ ॥

## समानस्य धर्मादिषु ॥ ३ । २ । १४९ ॥

धर्म વગેરે નામો ઉત્તરપદમાં હોય તો समानને બદલે स રૂપ વપરાય છે.

समानो धर्मः यस्य स सधर्मा–જેનો ધર્મ સમાન છે

समानः धर्मः=समान+धर्मः=सधर्मः–સમાન ધર્મ

समानं नाम यस्य सः=समान+नाम=सनामा–સમાન નામવાળો.

धर्म વગેરે શબ્દો નીચે પ્રમાણે છે–

धर्म, जातीय, नामन्, गोत्र, रूप, स्थान, वर्ण, वयस्, वचन, ज्योतिस्, जनपद, रात्रि, नाभि, बन्धु, पक्ष, गन्ध, पिण्ड, देश, कर, लोहित, कुक्षि, वेणि વગેરે અનેક શબ્દો છે. ॥ ૩ । ૨ । ૧૪૯ ॥

## सब्रह्मचारी ॥ ३ । २ । १५० ॥

सब्रह्मचारी નામમાં समान ને બદલે स રૂપ થયેલું છે. તથા વ્યુત્પત્તિમાં બતાવેલ व्रत શબ્દનો લોપ પણ થયેલ છે.

समानो ब्रह्मचारी=सब्रह्मचारी–समाने ब्रह्मणि आगमे गुरुकुले वा व्रतं चरति इति–समान+व्रत+ब्रह्मचारी=सब्रह्मचारी –સહાધ્યાયી–સાથે ભણનારો. ॥ ૩ । ૨ । ૧૫૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दृक्-दृश-दृक्षे ॥ ३ । २ । १५१ ॥

दृक्, दृश અને दृक्ष નામો ઉત્તરપદમાં હોય તો समानने બદલે स રૂપ વપરાય છે.

दृश અને दृक्ष શબ્દોની સાથે दृक् શબ્દનો ઉલ્લેખ છે માટે । ५ । १ । १५२ । સૂત્રથી क्विप् પ્રત્યય થઈને જે दृक् શબ્દ બને છે તે જ दृक् શબ્દ અહીં લેવો. બીજો आंख અર્થવાળો दृक् શબ્દ નહીં લેવો.

समान इव दृश्यते इति=समान+दृक्=सदृक्–જે સરખા જેવું દેખાય.

,, ,, ,, ,, =समान+दृशः=स+दृशः=सदृशः ,, ,, ,,

,, ,, ,, ,, =समान+दृक्षः=स+दृक्षः=सदृक्षः– ,, ,, ,,

॥ ३ । २ । १५१ ॥

## अन्य-त्यदादेः आः ॥ ३ । २ । १५२ ॥

दृक्, दृश અને दृक्ष નામો ઉત્તરપદમાં હોય તો अन्य અને त्यदादि શબ્દોના અંતના વર્ણનો आ બોલાય છે.

अन्य इव दृश्यते इति=अन्य+दृक्=अन्या+दृक्=अन्यादृक्–જે બીજા જેવો દેખાય

,, ,, ,, ,,=अन्य+दृशः=अन्या+दृशः=अन्यादृशः–,, ,, ,, ,,

,, ,, ,, ,,=अन्य+दृक्षः=अन्या+दृक्षः=अन्यादृक्षः– ,, ,, ,,

स्य इव दृश्यते इति=त्यद्+दृक्=त्या+दृक्=त्यादृक्– તેના જેવો દેખાય

,, ,, ,, ,,=त्यद्+दृशः=त्या+दृशः=त्यादृशः– ,, ,, ,,

,, ,, ,, ,,=त्यद्+दृक्षः=त्या+दृक्षः=त्यादृक्षः– ,, ,, ,,

अहम् इव दृश्यते इति=अस्मद्+दृक्=अस्मा+दृक्=अस्मादृक्-હું જેવો–મારા જેવો–દેખાય.

,, ,, ,, ,, =अस्मद्+दृशः=अस्मा+दृशः=अस्मादृशः- ,, ,,

,, ,, ,, ,, =अस्मद्+दृक्षः=अस्मा+दृक्षः=अस्मादृक्षः- ,, ,,

॥ ३ । २ । १५२ ॥

## इदम्-किम् ईत्-की ॥ ३ । २ । १५३ ॥

दृक्, दृश અને दृक्ष નામો ઉત્તરપદમાં હોય તો इदम् નામને બદલે ई રૂપ અને किम् નામને બદલે की રૂપ વપરાય છે.

इदम्–

अयम् इव दृश्यते इति=इदम्+दृक्=ई+दृक्=ईदृक्–જે આના જેવો દેખાય

,, ,, ,, ,, =इदम्+दृशः=ई+दृशः=ईदृशः– ,, ,, ,,

,, ,, ,, ,, =इदम्+दृक्षः=ई+दृक्षः=ईदृक्षः – ,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किम्–

क इव दृश्यते इति=किम्+दृक्=की+दृक्=कीदृक्– કોના જેવો દેખાય.

,, ,, ,, ,, =किम्+दृश:=की+दृश:=कीदृश:– ,, ,, ,,

,, ,, ,, ,, =किम्+दृक्ष:=की+दृक्ष:=कीदृक्ष:– ,, ,, ,,

॥ ૩ । ૨ । ૧૫૩ ॥

## अनञः क्त्वः यप् ॥ ३ । २ । १५४ ॥

नञ् અવ્યય સિવાયનાં બીજાં અવ્યયો પૂર્વપદમાં હોય અને ઉત્તરપદ त्त्वा પ્રત્યયવાળું હોય તો તે त्त्वा ને બદલે यप् રૂપ વાપરવું.

प्रकर्षेण कृत्वा=प्र+कृत्वा+प्रकृत्य–પ્રસ્તુત કરીને

न+कृत्वा=अकृत्वा–નહીં કરીને – અહીં नञ् અવ્યય પૂર્વપદમાં છે તેથી त्त्वाનો यप् ન થયો.

परम+कृत्वा=परमकृत्वा–ઉત્તમ કરીને – સારું કરીને – અહીં परम અવ્યય નથી, તેથી આ નિયમ ન લાગે

अलम्+कृत्वा=अलं कृत्वा–કરીને શું ? – અહીં સમાસ નથી તેથી कृत्वा ઉત્તરપદમાં નથી એટલે બન્ને શબ્દો અલગ અલગ છે એટલે પૂર્વપદ કે ઉત્તરપદ એમ વ્યવહાર ન કરી શકાય (જુઓ, ૩।૧।૪ સૂત્ર) તેથી कृत्वानुं कृत्य ન થાય. ॥ ૩ । ૨ । ૧૫૪ ॥

## पृषोदरादयः ॥ ३ । २ । १५५ ।

पृषोदर વગેરે શબ્દોની સાધના નીચે જણાવ્યા પ્રમાણે સમજવી–

पृषोदर—

पृषत् उदरं यस्य=पृषत्+उदर=पृष+उदर:=पृषोदर:–જેનું બિંદુરૂપ પેટ છે અથવા

पृषत् उदरे वा यस्य पृषत्+उदर=पृषोदर:–જેના પેટ ઉપર બિંદુનું – ટપકાનું–નિશાન છે.

पृषत: उदरम्–पृषत्+उदरम्=पृष+उदरम्=पृषोदरम्–બિંદુની જેવું ઉદર – પેટ – ઘણું નાનું પેટ

पृषत्+उद्वान=पृष+उद्वान=पृषोद्वान–બિંદુની જેવું સુકાઈ ગયેલું.

पृषत्+उद्धारम्=पृष+उद्धारम्=पृषोद्धारम्–બિંદુરૂપ ઉદ્ધાર અથવા બિંદુનો ઉદ્ધાર.

આ ચારે પ્રયોગોમાં पृषत् ના तકારનો લોપ થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीमूत–

जीवन+मूत=जीवनस्य–जलस्य, मूतः–पुटबन्धः=जीवन+मूतः=जीमूतः–મેઘ. આ પ્રયોગમાં जीवन ના वन નો લોપ થયો છે. मूत–મોટલું–પોટલું અથવા मूत–મોટ – પાણીનો કોશ.

'जीव प्राणधारणे' जीव–जीम+ऊत+जीमूत (ઉણાદિ ૨૧૬) આ પ્રયોગમાં जीव નો जीम કરવો અને ऊत પ્રત્યય સમજવો. जीमूत મેઘ અથવા પર્વત

बलाहक–

वारि+वाहक–वारिणो वाहकः=वारि+वाहकः=बलाहकः–વાદળું.

આ પ્રયોગમાં આખા य वारि શબ્દનો ब થયો અને ઉત્તરપદના वाहक શબ્દના वा નો ला થયો છે.

'बल प्राणन–धान्यावरोधयोः' बल+आहक=बलाहकः (ઉણાદિ ૮૧) बल ધાતુને आहक પ્રત્યય લાગેલ છે. બલાહક–મેઘ અથવા વાયુ.

आढ्य–

आध्यायन्ति तम् इति=आ+ध्यः=आढ्यः–લોકો જેનું ચિંતન કર્યા કરે તે–પૈસાવાળો – અહીં ध्य નો ढ्य થયો છે.

'ढौक गतौ'–आ+ढौक्+यङ्=आढ्यः–(ઉણાદિ ૩૬૪)

અહીં य પ્રત્યય છે અને ढौकनो ढ થયો છે.

दूडास–

कृच्छ्रेण दास्यते दुष्टो वा दासः=दुर्+दासः=दूडासः–દુષ્ટ નોકર

दूणास–

कृच्छ्रेण नास्यते नासो वा=दुर्+नासः=दूणासः–દુષ્ટ રીતે કુટિલ

दूडभ–

कृच्छ्रेण दम्यते दम्भो वा=दुर्+दम्भः=दूडभः–જેને જલદી ઠગી ન શકાય તે

दूढ्य–

दुष्टं ध्यायति=दुर्+ध्यः=दूढ्यः–ખરાબ ધ્યાન–વિચાર–કરનારો.

આ ચારે પ્રયોગોમાં दुर् નો दू થયેલ છે અને ઉત્તરપદમાં અનુક્રમે द નો ड, न नो ण અને दम्भ ના म् નો લોપ થયો છે. તથા ध्य ના ध નો ढ થયો છે

मयूर–

मह्यां रौति=महीरुत्+अ=मयूरः–પૃથ્વી ઉપર રોનારો – મોર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શબ્દમાં रुद् ના उद् નો લોપ થઈને બચેલો र्, अ પ્રત્યય સાથે મળી ગયેલ છે. અને मही નો मयू થયો છે.

'मी हिंसायाम्'–मीयते हिनस्ति सर्पम्–मी+ऊर–मे+ऊर=मयूर (ઉણાદિ ૪૨૭) અહીં मी નો मे એમ ગુણ થયેલ છે

महिष–

मह्यां शेते=मही+शी+अ=महिषः–પૃથ્વી ઉપર સૂનારો – પાડો.

અહીં मही ના ही નો हि અને शी તથા अ એ બન્નેનો श થયા પછી ष થયો છે.

'मह पूजायाम्'–मह+इष=महिष (ઉણાદિ ૫૪૭) અહીં इष પ્રત્યય છે મહિષ એટલે રાજા તથા મહિષી એટલે રાજાની મુખ્ય રાણી અથવા ભેંસ

पिशाच–

पिशितम् अश्नाति=पिशित+अश्+अ=पिशिताश=पिशाचः–पिशित–માંસને अश–ખાનારો – પિશાચ–રાક્ષસ. पिशित નો पिश થયો અને अश નો आच થયો છે.

'पिश अवयवे'–पिश+आच=पिशाच (ઉણાદિ ૧૧૬) અહીં पिश् ધાતુને आच પ્રત્યય લાગેલ છે.

श्मशान–

शवानां शयनम्=शव+शयन=श्मशानम्–શબો-મુડદાં–નું શયન–સૂવાનું–પોઢી જવાનું–સ્થાન શ્મશાન – મસાણ – જયાં મુડદાં સુએ છે તે મસાણ – અહીં शव નો श्म અને शयनનો शान થયો છે.

वृसी–

ब्रुवन्तः सीदन्ति विषीदन्ति=ब्रू+सीद्+अ=वृसी. वृसी–બોલતા બોલતા જેમાં બેસે અથવા બોલતા બોલતા થાકી જઈને જેમાં બેસે તે ઋષિઓનું આસન – અહીં ड्ट् પ્રત્યય થતાં सद् નો स થયા પછી નારીજાતિનો સૂચક ई પ્રત્યય લાગતાં सी થયો છે અને ब्रू નો वृ થતાં वृसी શબ્દ થયો છે. वृषी શબ્દ પણ છે.

उलूखल તથા उदूखल–

ऊर्ध्वं खम्, बिलं वा अस्य=ऊर्ध्व+ख અથવા ऊर्ध्व+बिल=उलूखल તથા उदूखलम्–જેનું ખ – આકાશ – ઊર્ધ્વ–ઊંચું – છે અથવા જેનું बिल–કાણું-ઊર્ધ્વ છે તે उदूखल. ઉલૂખલ કે ઉદૂખલ–ઊખલ–ખાણિઓ. આ શબ્દમાં પૂર્વપદના ऊर्ध्व શબ્દનો उलू કે उदू થયો છે અને ઉત્તરપદના ख નો અથવા बिलनो खल થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिवौकस्–

दिवि द्यौः वा ओकः एषां ते=दिव्+ओकसः=दिवौकसः જેમનું ઘર સ્વર્ગમાં કે આકાશરૂપ છે–દેવો. – આ શબ્દમાં પૂર્વપદના दिव् શબ્દનો दिव થયો છે–दिव+ओकस्=दिवौकस्

अश्वत्थ–

अश्व इव तिष्ठति=अश्व+स्थः=अश्वत्थः–ઘોડાની જેમ સ્થિર ઊભો રહેનારો – પીંપળો – બોધિવૃક્ષ.

कपित्थ–

कपिरिव तिष्ठति, कपयोऽस्मिन् तिष्ठन्ति वा=कपि+स्थः=कपित्थः જે ઝાડ ઉપર ફળ, વાંદરાની પેઠે લટકી રહે અથવા જે ઝાડ ઉપર વાંદરાં રહે તે કોઠીનું ફળ કોઠું અથવા કોઠીનું ઝાડ.

दधित्थ–

दधौ–समुद्र–तिष्ठति इति=दधि+स्थः=दधित्थः–સમુદ્રમાં રહેનાર

दध्नि तिष्ठति दधि+स्थः–दधित्थः–દહિંમાં રહેનાર – સ્વાદ કે કોઈ જંતુ.

महित्थ–

मह्यां तिष्ठति इति=मही+स्थः=महित्थः–પૃથ્વીમાં રહેનાર.

આ अश्वत्थ વગેરે ચારે પ્રયોગોમાં स्थ નો त्थ થયો છે.

मुसल–

मुहुः स्वनं लाति, मुहुर्मुहुर्वा लसति =मुहुः+स्वन+ला=मुसलम्–વારંવાર અવાજ લે–કરે–તે અથવા વારંવાર લસતું – નાચતું–દેખાય તે मुसल–મુસળ–સાંબેલું. – પહેલી વ્યુત્પત્તિમાં मुहुः નો मु થયો છે અને स्वन નો स થયો છે. અને ला ધાતુનો તથા लस ધાતુનો નો ल થયો છે.

બીજા વિકલ્પમાં–मुहुः+लस–मुसलः–વારંવાર લસે – ઊંચું – નીચું થાય તે – મુસળ–સાંબેલું. – અહીં मुहुः નો मु થયો છે અને लस નો सल થયો છે.

આચાર્યશ્રીએ 'मुस खण्डने' ધાતુને अल પ્રત્યય લગાડીને मुस्+अल= मुसल શબ્દને સાધેલ છે. (ઉણાદિ ૪૬૮)

उलूक–

ऊर्ध्वौ कर्णौ यस्य सः=ऊर्ध्व+कर्ण=उलूकः–જેના બન્ને કાન ઊંચા છે તે ઉલૂક – ઘુવડ. – અહીં ऊर्ध्व નો उल थयो છે અને कर्ण નો ऊक થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રીએ ઉણાદિ પ્રકરણમાં अल्–'अली भूषण–पर्याप्त–वारणेषु–ધાતુને ऊक પ્રત્યય લગાડી અને अल् ના अ નો उ કરીને उलूक શબ્દને સાધેલ છે (ઉણાદિ-૬૧)

ઉણાદિની વ્યુત્પત્તિ પ્રમાણે–જે ઉજ્જડ જગ્યાનું ભૂષણ હોય અથવા સારા કામ માટે જે વારણ–અટકાવ–કરે–અપશુકનરૂપ થાય તે ઉલૂક–ઉલ્લૂ – ઘુડ

मेखला–

मेहनस्य खं तस्य माला=मेहन+ख+माला=मेखला–મેહનના – પુરુષ કે

સ્ત્રી ચિહ્નના આકાશ ઉપર રહેલી માલા – કંદોરો. – અહીં मेहनख શબ્દના हन નો અને माला શબ્દના मा નો લોપ થયો છે.

'मि प्रक्षेपणे' मि+खल+आ=मेखला (ઉણાદિ ૪૯૭) અહીં मि ધાતુને खल પ્રત્યય લાગીને मिनो ગુણ થયો તથા मेखल શબ્દને નારીજાતિનો સૂચક आ પ્રત્યય લાગ્યો એટલે मेखला.

कुञ्जर–

कौ जीर्यति=कु+जर:=कुञ्जर:–જમીન ઉપર જે જીર્ણ થાય તે–હાથી.

અહીં कु શબ્દની અંતે म् આગમ થયો છે એટલે कु ને બદલે कुम् થયેલ છે

'कूज अव्यक्ते शब्दे' कूज ધાતુને अर પ્રત્યય લગાડવો અને कू ને બદલે कुं બનાવવું–कूज+अर=कुंजर–(ઉણા૦ ૪૦૩) કુંજર એટલે અવ્યક્ત શબ્દ કરનાર–હાથી.

आशीविष–

आशु अस्य विषमस्ति=आशु+विष=आशीविष:–જેનું વિષ જલદ છે – आशुनुं आशी થયું છે.

आस्याम् अस्य विषम् अस्ति=आशी+विष:=आशीविष:–જેની દાઢમાં વિષ છે –આશીવિષ–સર્પ

बलीवर्द–

बलं वर्धयति=बल+वर्ध=बलीवर्द:–બળને વધારનારો – બળદ.

અહીં बल ના अ નો ई કાર અને वर्ध ના ध નો द થયો છે.

बलीः वृणोति वा (अभिधानचिन्ता० तृ. कां. ४ श्लो. ३२३)

બલી એટલે ચામડીમાં પડતા વળ–ચામડીના વળને ધારણ કરનાર. बलीन् वृदते (અમર૦ દ્વિતીય કાં૦ વૈશ્યવર્ગ શ્લો૦ ૫૯) बली+वृद्+अ–वृद् નો वर्द થયા પછી બલીવર્દ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मनीषिन्–

मनसः ईष्टे=मनस्+ ईशिन्=मनीषी–મન ઉપર ઐશ્વર્ય ચલાવનારો–
બુદ્ધિવાળો પુરુષ. અહીં मनस् ના अस् નો લોપ થયો છે અને ईशिन् ના श નો ष થયો છે.

मनीषा अस्ति अस्य मनीषा+इन्=मनीषिन् । મનીષા–બુદ્ધિ. મનીષી–બુદ્ધિવાળો–અભિધાન૦ કાં૦ ૩ શ્લો૦ ૫

बिडाल–

बिलं दारयति इति=बिल+दार=बिडाल–બિલોમ–દરોમાં – જઈને ફાડી ખાનારો
– બિલાડો. – અહીં बिल શબ્દના ल નો લોપ થયો છે અને ઉત્તરપદના दार નો डाल થયો છે. બિડાલ–બિલાડો–મિંદડો.

અથવા बिलेषु अटति इति वा बिल+अट्+अ=बिलाटः આ પ્રયોગમાં लाट ને બદલે टाल કરીને ट નો ड કરવાથી बिडाल થાય–બિલોમાં–દરોમાં–અટનારો–ફરનારો તે બિડાલ

'बिड् आक्रोशे' बेडति आक्रोशति–बिड्+आल=बिडाल, (ઉણાદિ ૪૭૬)
"बिलं दारयति वा–બિલને ફાડનાર. बिशन् आलाति आखून् इति वा –પેસતાં જ જે ઉંદરોને પકડે–पृषोदरादित्वात्, बिलानि अलति पर्याप्नोति वा –બિલોને પુરો પડે. विरुद्धं लाल्यते वा, જેનું લાલન–પાલન–વિરુદ્ધ ગણાય તે. विट् आलम् अस्य अशुचित्वात् इति वा"–જેનો મળ, અશુચિ હોવાથી આળ–કલંક–રૂપ છે–अभिधानचिन्ता० ग्र. કાં. ૪ શ્લો. ૩૬૭

मृणाल:–

मृदम् आलीयते डः=मृद्+आलः=मृणालः માટીનો જે, આશ્રય લે –કમળનો દાંડો. – અહીં मृद् ના द् નો ण થયો છે.

'मृण् हिंसायाम्'–मृण्+आल=मृणाल (ઉણાદિ ૪૭૬)

सृगाल–

असृग् आलीयते डः=असृग्+आली+अ=आलः=सृगालः– લોહી પી જાય તે–સૃગાલ–શિયાળ. – અહીં असृग् ના अ નો લોપ થયો છે.

असृग् गलति वा – असृज्+गालः–सृगालः–લોહીને જે ગળી જાય. – સૃગાલ–શિયાળ. – અહીં अ નો અને ज् નો લોપ થયો છે. शृगाल શબ્દ પણ છે

'सृ गतौ'–सरति गच्छति इति सृ+ग्+आल=सृगाल–(ઉણા૦ ૪૭૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरोडाश–

पुरो दाश्यते=पुरः+दाशः=पुरोडाशः–દેવો આગળ દેવામાં – ધરવામાં–આવતું નૈવેદ્ય – યજ્ઞમાં વપરાતું નૈવેદ્ય. – અહીં ઉત્તરપદના दाश નો डाश થયો છે.

वडवा

अश्वस्य अम्बा=अश्व+अम्बा=अश्वाम्बा–वडवा–ઘોડી.–અહીં अश्वाना अश् નો લોપ થયો છે અને બાકી રહેલા वाનું वड થયું છે. अम्बा શબ્દના म् નો લોપ થયો છે તથા बा નો वा થયો છે.

'वट वेष्टने' वटति इति वटवा–वडवा–(ઉણાદિ ૫૧૫)

वडं बलम हयं वा वाति इति वा, अश्वः अस्याम् वा इति नैरुक्ताः અભિ૦ ચિ. કાં૦ ૪ શ્લો. ૨૯૯.

'वड़ आग्रहणे' सौत्रः, वडति गर्भम् आगृह्णाति–वड+अव+आ–वडवा (ઉણાદિ ૫૧૫)

शकन्धुः–

शकानाम् अन्धुः–शकन्धुः–"શકદેશવાસીઓનો કૂવો–सिद्धहेम श. न्या. अनुसंधानम् પૃ૦ ૧૫૮ પ્રથમ કોલમ.

शकन्धूની વ્યુત્પત્તિ અને અર્થ ઉણાદિ પ્રકરણમાં આ પ્રમાણે બતાવેલ છે.—

शक् शक्तौ–शक+अन्धूः–(अन्धू પ્રત્યય છે) शकन्धूः–સૂત્ર ૮૪૮.

पृषोदरादयः સૂત્રમાં शकन्धु હ્રસ્વ ઉકારાંત બતાવેલ છે ત્યારે ઉણાદિ પ્રકરણ ૮૪૮ સૂત્રમાં शकन्धू એમ દીર્ઘ ઊકારાંત સાધેલ છે. એના "વનસ્પતિવિશેષ તથા દેવતાવિશેષ" એમ બે અર્થો ઉણાદિમાં દર્શાવેલ છે.

पृषोदरादिना નિયમ પ્રમાણે शक+अन्धु–આ પ્રયોગમાં કાં તો शक શબ્દનું शक् રૂપ બનાવવું તો शक्+अन्धु=शकन्धु બને અથવા अन्धु ને બદલે न्धु રૂપ બનાવવું તો પણ शक+न्धु=शकन्धु રૂપ બને

कर्कन्धुः–

कर्कन्धु શબ્દની સાધના અને અર્થ ઉણાદિ પ્રકરણ સૂત્ર ૮૪૯માં આ પ્રમાણે છે—

ઉણાદિમાં कर्कन्धू શબ્દ દીર્ઘ ઊકારાંત છે. कृ+कन्धू પ્રત્યય=कर्कन्धू–कर्कन्धूः–कृ करणे ધાતુને कन्धू પ્રત્યય લગાડવાથી कर्कन्धू શબ્દ બને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. कर्कन्धू એટલે બોરડીનું ઝાડ, પડેલો ઘા, જવના લાજા તથા મધુપર્ક અને વિષ્ટંભ–એમ પાંચ અર્થ બતાવેલ છે.

पृषोदरादिना નિયમ પ્રમાણે कर्क+अन्धुमां કાં તો कर्कના અન્ત્ય अ નો લોપ કરવો અથવા अन्धुના આદિના अ નો લોપ કરવો.

कुलटा–

अटति इत्यच्=अट+आ=अटा, कुलानाम् अटा=कुल+अटा-कुलटा–અસતી સ્ત્રી. कुल+अटा–આ પ્રયોગમાં પણ कुलनुं कुल् બનાવવું અથવા अटानु टा બનાવવું–એમ कुलटा સધાય

कुलटानी–ઉણાદિમાં જુદી રીતે સાધના બતાવેલ છે–'कुल बन्धु-संस्त्यानयोः' कुल ધાતુને अट પ્રત્યય લગાડીને તેનું સ્ત્રીલિંગીરૂપ कुलटा (ઉણાદિ ૧૪૩)

अवट–

अव्–अवाक्–अटन्ति अस्मिन्निति बाहुलकात् "पुन्नाम्नि घः" (૫ । ૩ । ૧૩૦) इति घः=अव्+अटः=अवटः–ખાડો. અહીં अवाक् લેવામાં આવે તો अवाक् नुं अव् થયું સમજવું

अव्+अट–अवट–अट પ્રત્યય (ઉણાદિ ૧૪૨ સૂત્ર) अवटः–प्रपातः कूपश्च–પાણીનો ધોધ અથવા કૂવો

सिंहः–

हिनस्ति इति=हिंसः=सिंहः–સિંહ–ह અને स વર્ણો આગળ–પાછળ આવી ગયા છે એટલે हिंम् નો इं અંશ स् સાથે મળી જઈને सिं બન્યું અને स् નો अ, हमां મળી જઈને ह બન્યો. પછી सिं પહેલો આવ્યો અને ह છેડે રહ્યો.

'हिंस् हिंसायाम्'–हिंम् ધાતુને (ઉણાદિ સૂત્ર ૫૮૮) ह પ્રત્યય થાય અને हिंस् नुं सिं રૂપ થાય–सिं+ह=सिंह

हिंस् ધાતુને अच् પ્રત્યય લગાડવાથી અને हिंसनुं ઉલટું सिंह કરીને પણ हिंस्+सिंह+अ=सिंह રૂપ થાય

कृकलास–

कृतकेन शलति=कृतक+शल्+अ=कृतकशल–બનાવટી રીતે ચાલનારો–કાકીડો–---- કાંચંડો. અહીં कृतकशलમાં त કારનો લોપ થયો છે અને श તથા लना સ્થાન પરસ્પર બદલાયાં છે તથા श નો स થયેલ છે અને ल નો ला પણ કરવામાં આવ્યો છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृकं लासयति=कृकलासः-कृक+लास्+अ=कृकलासः- कृकः शिरोग्रीवम् (ઉણાદિ ૨૩)

भ्रमर–

भ्रमन् रौति डः=भ्रमत्+रु+अ=भ्रमत्+र=भ्रमरः–ભમતો ભમતો જે અવાજ કરે–ભમરો–અહીં भ्रमत् ના त् નો લોપ થયો છે તથા रु+अ એ બન્નેનો र થયેલ છે.

भ्रम्+अर (अर પ્રત્યય) भ्रमरः (ઉણાદિ ૩૯૭) આ ઉપરાંત બીજા ઘણા શબ્દો છે. જેમકે [1]मुहूर्त, आर[2]ग्वध, [3]अश्वत्थाम, [4]निर्लयनी વગેરે

---

१. मुहूर्त–'हुर्च्छा कौटिल्ये' हुर्च्छ ધાતુ ને त પ્રત્યય લગાડીને ધાતુની આદિમાં मु ઉમેરવો–हुर्च्छ+त=मुहूर्च्छ+त–त પ્રત્યય લાગ્યા પછી ધાતુના च्छ નો લોપ કરવો એટલે मुहूर्+त=मुहूर्तः–બે ઘડી જેટલો કાળ (ઉણાદિ ૨૦૪)

२. आरग्वध–आ+रग्+वध=आरग्वधः વિશેષ પ્રકારના વૃક્ષની જાત–ગરમાળો. આ શબ્દમાં रग् ધાતુ છે–'रगे शङ्कायाम्' અને वध પ્રત્યય છે (ઉણાદિ ૨૫૪) आ समन्तात् रगति शङ्कते अस्मात् आरग्वधः, आरजयन्ति आरजाः मलाः तेषां वधः अत्र, आ समन्तात् रुजां वधः अत्र इति क्षीरस्वामी–હૈમ० નિ० શ્લો० ૯૭

३. अश्वत्थाम––अश्वस्य स्थाम इव स्थाम यस्य सः – अश्व+स्था+मन्=अश्वस्थामन् –આ શબ્દમાં स्था નો त्था કરવાથી अश्वत्थामन्–अश्वत्थामा–જેનું બળ ઘોડાના બળ જેવું અને જેટલું છે તે–આ શબ્દ દ્રોણાચાર્યના પુત્રના નામનો પણ સૂચક છે.

४. निर्लयनी–ધાતુ 'लू छेदने'। निर्+लू+य्+अन-निर्लयन–નારીજાતિ निर्लयनी। આ શબ્દમાં लू ધાતુ પછી य् ઉમેરાયો તથા लू નો ल કરવો એટલે निर्लयनी શબ્દ બને (ઉણાદિ ૨૭૫)

આચાર્ય હેમચંદ્ર निर्+लू+अयनी=निर्ल्वयनी શબ્દ પોતાના અભિધાન ચિંતામણિ કોશમાં આપે છે અને સાથે કોશની વૃત્તિમાં જણાવે છે કે બીજા પંડિતો निर्लयनी શબ્દ આપે છે–કાં. ૪ શ્લો० ૩૮૧. नितराम् लीयते इति निर्लयनी એમ વ્યુત્પત્તિ બતાવે છે. જેમાં નિરંતર સાપ રહી શકે તે निर्लयनी–સાપની કાંચળી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શબ્દો પણ અહીં ઉપર જણાવેલ રીતે સધાય છે.

શબ્દ સાધવાના પાંચ પ્રકારો આ રીતે છે.—

ધાતુમાંથી કે શબ્દમાંથી કોઈ શબ્દ બનાવવો હોય ત્યારે—

૧. ધાતુમાં કે શબ્દમાં કોઈ વર્ણ ઉમેરવો.
૨. ધાતુમાં કે શબ્દમાં કોઈ વર્ણ ઊલટસુલટ કરવો
૩. ધાતુમાં કે શબ્દમાં કોઈ વર્ણમાં વિકાર એટલે ફેરફાર કરવો.
૪. ધાતુમાં કે શબ્દમાં કોઈ વર્ણનો નાશ–લોપ–કરવો.
૫. બનાવવાના શબ્દના અર્થને, ધ્યાનમાં રાખીને ધાતુની કે શબ્દની કલ્પના કરવી અર્થાત્ બનાવવાના શબ્દનો, મૂળ ધાતુ સાથે કે મૂળ શબ્દ સાથે અક્ષરોની અપેક્ષાએ તથા અર્થની અપેક્ષાએ સંબંધ મેળવવા પ્રયત્ન કરવો.

જે જે શબ્દોનો પ્રયોગ શિષ્ટ લોકોએ કરેલો છે અને તે તે શબ્દોની સાધના માટેના નિયમો વ્યાકરણમાં ઉપલબ્ધ ન હોય તો તેવા શબ્દોને પૃષોદરાદિ માં સમાવવા અને તેની સાધના ઉપર જણાવેલી રીતે કરવી.

જો કે મયૂર, મહિષ વગેરે શબ્દોની સાધના उणादि પ્રકરણમાં ઉપર જણાવેલી રીતે કરી બતાવેલ છે તેમ છતાં આ पृषोदरादयः સૂત્રમાં પણ એ શબ્દોની સાધના બીજી રીતે કરી બતાવેલ છે. એમ બે વાર જુદી જુદી સાધના કરી બતાવનારા આચાર્યશ્રીનો આશય એવો છે કે શબ્દોની વ્યુત્પત્તિ બતાવવાના અનેક પ્રકારો છે એટલે વિશેષતઃ અર્થની દૃષ્ટિને ધ્યાનમાં રાખીને અને કારણરૂપ ધાતુ કે શબ્દ તથા તે દ્વારા બનતા શબ્દ વચ્ચે અક્ષરોના સામ્યને ધ્યાનમાં રાખીને પંડિતો પોતાને જેમ સૂઝે કે ફાવે તેમ શબ્દોની જુદી જુદી રીતે વ્યુત્પત્તિ કરી શકે છે—બતાવી શકે છે.

આમ છે માટે જ **પાણિનીયના, ચાંદ્રના, જૈનેન્દ્રના, શાકટાયનના** અને હેમચંદ્ર વગેરેના ઉણાદિ પ્રકરણમાં પ્રત્યેક શબ્દની વ્યુત્પત્તિ માટે એક સરખા ધાતુઓ નથી કલ્પાયા અને પ્રત્યયો પણ એક સરખા નથી યોજાયા.

॥ ૩ । ૨ । ૧૫૫ ॥

## वाऽवाऽप्योस्तनि-क्री-धाग्-नहोर्व-पी । ३ । २ । १५६ ॥

अव ઉપસર્ગ પછી तन् કે क्री ધાતુ આવે તો अवના अનો લોપ વિકલ્પે થાય છે અપિ ઉપસર્ગ પછી धा ધાતુ કે नह ધાતુ આવે તો अपिના अનો લોપ વિકલ્પે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अव+तंसः=वतंसः, अवतंसः–છોગું.
अव+क्रयः=वक्रयः अवक्रयः–વકરો–વેચાણ.
अपि+हितम्=पिहितम्, अपिहितम्–ઢાંકેલું.
अपि+नद्धम्=पिनद्धम्, अपिनद्धम्–પહેરેલું. ॥ ૩ । ૨ । ૧૫૬ ॥

**આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના તૃતીય અધ્યાયના સમાસ પ્રકરણ નામના બીજા પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ પૂરો થયો.**

## બીજો પાદ સમાપ્ત

### વિષયવર્ણન

આ ભાગમાં પ્રથમ અધ્યાયથી માંડીને ત્રીજા અધ્યાયના બીજા પાદ સુધી નામને લગતી તમામ પ્રક્રિયા સમાયેલ છે, તેનું દિગ્દર્શન આ પ્રમાણે છે — પ્રારંભમાં ૧।૧।૪૨ સુધી **સંજ્ઞા પ્રકરણ**, ૧।૨।૪૧ સુધી **સ્વરસંધિ**, ૧।૩।૬૫ સુધી **વ્યંજનસંધિ**. પછી ૧।૪।૧ થી ૨।૧।૧૮ **નામનાં** તમામ પ્રકારનાં રૂપાખ્યાનો. ૨।૨।૧ થી ૨।૨।૧૨૪ **કારક–વિભક્ત્યર્થ–** પ્રકરણ. ૨।૩।૧ થી र्‌ને બદલે તથા स्‌ને બદલે स्‌નું તથા ष्‌ નું વિધાન, ૨।૩।૬૩થી ૨।૩।૯૮ સુધી न्‌ ના ण्‌નું વિધાન, ૨।૩।૯૯ થી ૧૦૪ र्‌ ના ल्‌ નું વિધાન અને ૧૦૫મા સૂત્રમાં प्‌ ના व्‌ નું વિધાન. ૨।૪।૧ થી ૬૧ સુધી તથા ૭૧–૭૨ સૂત્રમાં સ્ત્રીજાતિસૂચક ङी તથા आप्‌નુ વિધાન, ૬૨ થી ૭૦ સુધી સ્ત્રીજાતિસૂચક आनी તથા आयनी પ્રત્યયનું વિધાન, ૨।૪।૭૩ થી ૭૬ ऊ પ્રત્યય, ૭૭ સૂત્ર ति પ્રત્યય, ૭૮ થી ष्य તથા ष्या પ્રત્યયનું તથા તેના ईनुं વિધાન, પછી ૮૬મા સૂત્રથી લોપ–અલોપનું વિધાન, ૯૬ થી ૧૦૬ સૂત્ર સુધી ह्रस्वનું વિધાન. ૧૦૭ થી ૧૧૨ इ નું વિધાન અને છેલ્લા ૧૧૩ મા સૂત્રમાં इ નો નિષેધ. ત્રીજા અધ્યાયના પ્રારંભમાં ૩।૧।૧ उपसर्ग संज्ञा ૩।૧।૨થી ૧૭ गति संज्ञा ૩।૧।૧૮ समास ૧૯ થી ૨૫ बहुव्रीहि, ૨૬ થી ૪૧ अव्ययीभाव ૪૨ થી ૯૫ तत्पुरुष ૯૬ થી ૧૧૬ तत्पुरुष कर्मधारय ૧૧૭ द्वन्द्व ૧૧૮ થી ૧૨૭ સુધી एकशेष ૧૨૮ થી ૧૪૭ एकवचन વિધાન ૧૪૮ થી ૧૬૩ पूर्वनिपात

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વચ્ચે ૧૫૫ સૂત્ર દ્વારા પૂર્વનિપાતનો નિષેધ. ત્રીજા અધ્યાયના બીજા પાદમાં શરૂઆતથી ૩।૨।૧ થી ૩।૨।૧૫૪ સુધીમાં સમાસ થવાથી વચ્ચે अम्, विभक्तिનો लोप તથા અલોપ, પૂર્વપદ વગેરેમાં ફેરફાર, पुंवद्भाव, ह्रस्व, दीर्घ વગેરેનું વિધાન તથા शब्दोना ફેરફારો વગેરેનું વિધાન તથા ૧૫૫મા સૂત્રમાં शब्दोनी विविध व्युत्पत्तिओनुं प्रदर्शन અને છેલ્લા ૧૫૬મા સૂત્રમાં अव તથા अपिના अના લોપનું વિધાન.

આ ભાગમાં નામોને લગતી તમામ પ્રક્રિયા પુરી થઈ જાય છે તથા પ્રથમ અધ્યાય, બીજો અધ્યાય અને ત્રીજા અધ્યાયના બે પાદ પુરાં થાય છે.

□

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય અધ્યાય

## (તૃતીય પાદ)

વૃદ્ધિસંજ્ઞા –

### वृद्धिराऽऽरैदौत् ॥ ३ । ३ । १ ॥

आ, आर्, ऐ અને औ એ દરેકની 'વૃદ્ધિ' સંજ્ઞા થાય છે.

आ–मृज्+ति=मृष्+ति=मर्+ष्टि=मार्+ष्टि=मार्ष्टि–તે સાફ કરે છે.

आर्–कृ+यम्=कृ+आर्+यम्=कार्यम्–કાર્ય.

ऐ–नी+अकः=नै+अकः=नाय्+अकः=नायकः–નાયક

औ–उ+पगवः=औपगवः=ઉપગુનો પુત્ર. ॥ ३। ३ । १ ॥

ગુણસંજ્ઞા –

### गुणोऽरेदोत् ॥ ३ । ३ । २ ॥

अर्, ए અને ओ એ દરેકની 'ગુણ' સંજ્ઞા થાય છે.

अर्–कृ+उ+ति=कर्+ओ+ति=करोति–તે કરે છે.

ए–चि+ता=चे+ता=चेता=સંગ્રહ કરનારો.

ओ–स्तु+ता=स्तो+ता=स्तोता=સ્તુતિ કરનારો. ॥ ३ । ३ । २ ॥

ધાતુસંજ્ઞા –

### क्रियार्थो धातुः ॥ ३ । ३ । ३ ॥

જેમનો 'ક્રિયા' અર્થ છે તેમને ધાતુ કહેવાય, ધાતુઓ ક્રિયાને સૂચવે છે. જેમાં પૂર્વાપરભાવ–આગળપાછળની અવસ્થા–નો ક્રમ હોય એનું નામ ક્રિયા. ક્રિયામાં 'પહેલાં આ કરવું,' 'પછી આ કરવું' એવો ક્રમ હોય છે. જેમકે–

भू+अति=भवति–તે થાય છે.

एध्+अते=एधते–તે વધે છે.

अद्+ति=अत्ति–તે ખાય છે.

गोपाय+अति=गोपायति–તે સાચવે છે.

जुगुप्स्+अति=जुगुप्सति–તે ઘૃણા કરે છે.

पापच्य+अते=पापच्यते–તે વારંવાર રાંધે છે અથવા ઘણું રાંધે છે

पुत्रकाम्य+अति=पुत्रकाम्यति=પુત્રની કામના કરે છે.

मुण्डय+अति=मुण्डयति–મુંડન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાસૂચક શબ્દની ધાતુ સંજ્ઞા થવાથી તે ક્રિયાસૂચક ભૂ વગેરે દરેક શબ્દને *અતિ અથવા અતે વગેરે પ્રત્યયો લાગેલા છે, આ પ્રત્યયો અહીં કર્તરિ* પ્રયોગમાં કર્તાના એટલે અન્ય પુરુષ વગેરેના તથા એકવચન વગેરેના તથા વર્તમાનકાળ વગેરેના સૂચક છે.

जुः+अनः–जवनः–વેગથી ગમન કરનારો–આ પ્રયોગમાં ગતિરૂપ ક્રિયાના અર્થવાળા जुની ધાતુસંજ્ઞા થવાથી તેને अन પ્રત્યય થયો છે. ॥ ૩।૩।૩ ॥

## ઉપસર્ગ ધાતુ નથી

### न प्रादिरप्रत्ययः ॥ ३ । ३ । ४ ॥

પ્રત્યય વગરના એટલે જેમને કોઈ પણ પ્રત્યય લાગ્યો નથી એવા प्र વગેરે ઉપસર્ગો, ધાતુનો ભાગ ન કહેવાય એટલે જે કાર્ય ધાતુને થાય તે આ प्र આદિને ન થાય.

प्र વગેરે ઉપસર્ગો ૧।૩।૧।૧ સૂત્રમાં આપ્યા છે.

*अभि+अमनायत=अभ्यमनायत–અભિમુખ મનવાળાની પેઠે આચરણ કર્યું.*

આ પ્રયોગમાં अभि ધાતુનો અવયવ ન થવાથી ધાતુની આદિમાં લાગનારો अ ધાતુને જ લાગ્યો પણ अभिની આદિમાં ન લાગ્યો એથી अभ्यमनायत પ્રયોગ થયો પણ अ+अभि=आभिमनायत એમ ખોટું રૂપ ન થયું.

प्र+असादीयत्–પ્રસાદને ઇચ્છયો–આ પ્રયોગમાં પણ ધાતુની આદિમાં લાગનારો अ, प्रની આદિમાં ન લાગ્યો એથી प्रासादीयत् થયું. પણ अप्रसादीयत् એવો ખોટો પ્રયોગ ન થયો.

अमहापुत्रीयत–તેણે મહાપુત્રને ઇચ્છયો–આ રૂપમાં 'महा'પદ प्रादि નથી, ધાતુ *महापुत्रीय છે તેથી महाની પહેલાં अ આવ્યો છે.*

उत्+सुकायत=औत्सुकायत–ઉત્સુકની માફક આચરણ કર્યું. આ પ્રયોગમાં उत्सु પછી क પ્રત્યય આવેલો છે, તેથી उत्सुक શબ્દનો उत्सु ભાગ પ્રત્યયવાળો હોવાથી તે ધાતુરૂપ થઈ શકે છે અને એમ થવાથી ભૂતકાળમાં ધાતુના આદિના સ્વરની વૃદ્ધિ થયેલ છે એટલે उनो औ થયેલ છે. ॥ ૩।૩।૪ ॥

## दा સંજ્ઞા

### अवौ दा-धौ दा ॥ ३ । ३ । ५ ॥

જે ધાતુનું दा રૂપ થાય અને धा રૂપ થાય એવા તમામ ધાતુઓની दा સંજ્ઞા સમજવી. ધાતુપાઠમાં જે ધાતુઓની પાસે व् નું નિશાન છે એવા ધાતુઓ અહીં ન સમજવા, એ સિવાયના दा અને धा રૂપવાળા તમામ ધાતુઓની दा સંજ્ઞા સમજવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दा રૂપ
दाम्=प्रणिदाता-દેનારો.
देङ्=प्रणिदयति-તે પાળે છે
डुदांग्क्=प्रणिददाति-તે આપે છે
दोंच्=प्रणिद्यति-તે ખંડિત કરે છે.
આ ચારે दा રૂપવાળા ધાતુઓ दा સંજ્ઞાવાળા છે.

धा રૂપ–
ट्धें=प्रणिधयति-દૂધ પીએ છે, ધાવે છે.
डुधांग्क्=प्रणिदधाति-ધારણ કરે છે.

આ બે ધાતુઓ धा રૂપવાળા છે તેથી दा સંજ્ઞાવાળા છે. આમ ઉપર જણાવેલાં છ એ ક્રિયાપદોમાં दा-धा રૂપવાળા ધાતુઓની दा સંજ્ઞા થવાથી ૨।૩।૭૯। સૂત્રથી प्र પછી આવેલા नि નો णि થયો છે.

दांव्क्-दातं बर्हिः-ચોખા કાપ્યા.
दैव्-अवदातं मुखम्-મુખ ચોકખું કર્યું.
આ બે ધાતુઓ ધાતુપાઠમાં व् નિશાનવાળા છે તેથી તેઓ दा રૂપવાળા હોવા છતાંય એમની दा સંજ્ઞા ન થઈ. ॥ ૩।૩।૫ ॥

**વર્તમાન કાળના ત્રણે વચન તથા ત્રણે પુરુષના પ્રત્યયો–**

**वर्तमाना–तिव् तस् अन्ति ॥ ३ । ३ । ६ ॥**

| | | |
|---|---|---|
| सिव् | थस् | थ |
| मिव् | वस् | मस् |
| ते | आते | अन्ते |
| से | आथे | ध्वे |
| ए | वहे | महे ॥ |

આ બધા પ્રત્યયોની वर्तमाना સંજ્ઞા છે.

આ પ્રત્યયો વર્તમાનકાળમાં લાગે છે અને વર્તમાનકાળનો નિકટવર્તી ભૂતકાળ કે ભવિષ્યકાળ હોય ત્યાં પણ આ બધા પ્રત્યયો લાગી શકે છે.

જેમકે–વર્તમાનકાળ–गच्छति જાય છે.

વર્તમાનકાળની પાસેનો કાળ–एष आगच्छामि–આ હું આવું છું. એટલે 'હું આ આવ્યો' અથવા 'હું હમણાં આવીશ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पचति–તે રાંધે છે. पचतः–તે બે રાંધે છે. पचन्ति–તેઓ રાંધે છે.
पचसि–તું રાંધે છે પચથઃ–તમે બે રાંધો છો. पचथ–તમે રાંધો છો.
पचामि–હું રાંધું છું. पचावः–અમે બે રાંધીએ છીએ. पचामः–અમે રાંધીએ છીએ.
एधते–તે વધે છે एधेते–તે બે વધે છે. एधन्ते–તેઓ વધે છે.
एधसे–તું વધે છે. एधेथे–તમે બે વધો છો. एधध्वे–તમે વધો છો.
एधे–હું વધું છું. एधावहे–અમે બે વધીએ છીએ. एधामहे–અમે વધીએ છીએ.

॥ ૩ । ૩ । ૬ ॥

**વિધ્યર્થના પ્રત્યયો ત્રણે વચન અને ત્રણે પુરુષ–**

**सप्तमी–यात् यातास् युस् ॥ ३ । ३ । ७ ॥**

| | | |
|---|---|---|
| **यास्** | **यातम्** | **यात** |
| **याम्** | **याव** | **याम** |
| **ईत** | **ईयाताम्** | **ईरन्** |
| **ईथास्** | **ईयाथाम्** | **ईध्वम्** |
| **ईय** | **ईवहि** | **ईमहि ॥** |

આ બધા પ્રત્યયોની સપ્તમી સંજ્ઞા છે. આ બધા પ્રત્યયો વિધ્યર્થમાં વપરાય. વિધિ અર્થમાં વિધિ, નિમંત્રણ, આમંત્રણ, અધીષ્ટ, સંપ્રશ્ન, પ્રાર્થના અને સંભાવના વગેરે અર્થો લેવાય છે. એ બધાની સમજુતી આ પ્રકારે છે—

૧. વિધિ–પ્રસ્તુત ક્રિયામાં પ્રેરણા કરવા તે. चैत्रः पचेत्–ચૈત્ર રાંધે અહીં રાંધવાની ક્રિયા કરવા ચૈત્રને પ્રેરણા કરાય છે.

૨. નિમંત્રણ–જે પ્રેરણાનો ઇન્કાર કરવાથી દોષ લાગે તે. અર્થાત્ ઇચ્છા ન હોય તોપણ જે જરૂર કરવું જ પડે–द्विसन्ध्यम् आवश्यकं कुर्यात्–પોતાના હિતનો સાધક પ્રાણી, બે ટંક(સવાર-સાંજ) આવશ્યક–પ્રતિક્રમણ–સંધ્યા–કરે. અહીં પ્રતિક્રમણની ક્રિયા કરવા પ્રેરણા કરાય છે. આ પ્રેરણાની ઉપેક્ષા કરી પ્રતિક્રમણ કરવામાં ન આવે તો દોષ લાગે છે.

૩. આમંત્રણ–પ્રેરણા કર્યા પછી કામ કરવું કે ન કરવું એ બાબત સામાની ઇચ્છા ઊપર આધાર રહેતો હોય અર્થાત્ તમારે કરવું હોય તો કરો અને ન કરવું હોય તો તમારી ઇચ્છા. इह आसीत–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં બેસો અર્થાત્ ઇચ્છા હોય તો બેસો અને ન હોય તો ન બેસો.

૪. અધીષ્ટ–બહુમાનપૂર્વક પ્રેરણા કરવી તે. व्रतं रक्षेत्–તે વ્રતનું રક્ષણ કરે. અહીં વ્રતનું રક્ષણ કરવા માટે સત્કારપૂર્વક પ્રેરણા છે.

૫. સંપ્રશ્ન–શું કરવું ? એના નિર્ણય માટે સવિનય પ્રશ્ન. व्याकरणम् अधीयीय उत सिद्धान्तम्–હું વ્યાકરણ ભણું કે સિદ્ધાંત ભણું ?

૬. પ્રાર્થના–પ્રાર્થના કરવી. प्रार्थना मे—व्याकरणम् अधीयीय–'હું વ્યાકરણ ભણું' એવી પ્રાર્થના કરું છું.

૭. સંભાવના–ઉચ્ચ કોટિવાળી કલ્પના કરવી. भवेदसौ भव्यः तत्त्वश्रद्धानात्–હું સંભાવના–કલ્પના–કરું છું કે આ ભવ્ય હોય. કારણ કે તેમને તત્ત્વની શ્રદ્ધા છે.

| | | |
|---|---|---|
| पचेत्–તે રાંધે. | पचेताम्–તે બે રાંધે. | पचेयुः–તેઓ રાંધે. |
| पचेः–તું રાંધે. | पचेतम्–તમે બે રાંધો. | पचेत–તમે રાંધો. |
| पचेयम्–હું રાંધું. | पचेव–અમે બે રાંધીએ. | पचेम–અમે રાંધીએ. |
| एधेत–તે વધે. | एधेयाताम्–તે બે વધે. | एधेरन्–તેઓ વધે |
| एधेथाः–તું વધે. | एधेयाथाम्–તમે બે વધો. | एधेध्वम्–તમે વધો. |
| एधेय–હું વધું. | एधेवहि–અમે બે વધીએ. | एधेमहि–અમે વધીએ. |

॥ ૩ । ૩ । ૭ ॥

**આજ્ઞાર્થના પ્રત્યયો ત્રણે વચન અને ત્રણે પુરુષ–**

**पञ्चमी–तुव् ताम् अन्तु । ३ । ३ । ८ ॥**

| | | |
|---|---|---|
| **हि** | **तम्** | **त** |
| **आनिव्** | **आवव्** | **आमव्** |
| **ताम्** | **आताम्** | **अन्ताम्** |
| **स्व** | **आथाम्** | **ध्वम्** |
| **ऐव्** | **आवहैव्** | **आमहैव्** |

આ બધા પ્રત્યયોની पञ्चमी સંજ્ઞા છે. આ બધા પ્રત્યયો આજ્ઞાર્થમાં વપરાય છે. 'આજ્ઞા' શબ્દથી પ્રૈષ, અનુજ્ઞા અને અવસર તથા વિધિ અર્થમાં જણાવેલા વિધિ, નિમંત્રણ વગેરે અર્થો પણ લેવાના છે. પ્રૈષ વગેરે અર્થોની સમજુતી આ પ્રકારે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પ્રૈષ–તિરસ્કારપૂર્વક પ્રેરણા કરવી कटं करोतु–તે સાદડી કરો. અહીં નોકર વગેરેને સાદડી બનાવવા તિરસ્કારપૂર્વક પ્રેરણા કરાય છે.

૨. અનુજ્ઞા–સામાની ઇચ્છાને અનુરૂપ સમ્મતિ આપવી તે. ग्रामं गच्छतु તે ગામ જાઓ, અહીં ગામ જવાની ઇચ્છાવાળા નોકર વગેરેને પોતાની સમ્મતિ જણાવે છે

૩. અવસર–પ્રસ્તુત ક્રિયા થવાનો કે કરવાનો ઉચિત સમય. वर्षतु मेघः– વરસાદ વરસો. અહીં 'વરસાદને વરસવાનો આ ઉચિત સમય છે' એ અર્થ જણાવ્યો છે.

વિધિ વગેરેના અર્થો અગાઉ જણાવ્યા છે તે મુજબ સમજવાના છે. આશીર્વાદ અર્થમાં પણ પંચમી વિભક્તિના પ્રત્યયો લાગે છે.

| | | |
|---|---|---|
| पचतु–તે રાંધે. | पचताम्–તે બે રાંધે | पचन्तु–તેઓ રાંધે |
| पच–તું રાંધ. | पचतम्–તમે બે રાંધો. | पचत–તમે રાંધો. |
| पचानि–હું રાધું. | पचाव–અમે બે રાંધીએ. | पचाम–અમે રાંધીએ. |
| एधताम्–તે વધે. | एधेताम्–તે બે વધે. | एधन्ताम्–તેઓ વધે. |
| एधस्व–તું વધ. | एधेथाम्–તમે બે વધો. | एधध्वम्–તમે વધો. |
| एधै–હું વધું. | एधावहै–અમે બે વધીએ. | एधामहै–અમે વધીએ. |

॥૩।૩।૮॥

**હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો ત્રણે વચન અને ત્રણે પુરુષ– હ્યસ્તન—ગઈ કાલ**

| | | |
|---|---|---|
| **ह्यस्तनी–दिव्** | **ताम्** | **अन्** ॥ ३ । ३ । ९ ॥ |
| **सिव्** | **तम्** | **त** |
| **अम्व्** | **व** | **म** |
| **त** | **आताम्** | **अन्त** |
| **थास्** | **आथाम्** | **ध्वम्** |
| **इ** | **वहि** | **महि** ॥ |

આ બધા પ્રત્યયોની ह्यस्तनी સંજ્ઞા છે.

અદ્યતન કાળથી ભિન્ન જે કાળ હોય તે અનદ્યતન એટલે હ્યસ્તન કહેવાય. અનદ્યતન ભૂતકાળના અર્થમાં હ્યસ્તનીના પ્રત્યયો વપરાય છે. અદ્યતન એટલે પ્રભાતમાં ઊઠવાનો જે લોકપ્રસિદ્ધ કાળ; ત્યાંથી માંડીને લોકપ્રસિદ્ધ જે સુવાનો કાળ તેને અદ્યતન કાળ કહેવાય, અથવા આજ રાત્રીના મધ્ય ભાગ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર વાગ્યા-થી માંડીને આગામી રાત્રીના મધ્ય ભાગ-બાર વાગ્યા-સુધીનો કાળ તે અદ્યતન કાળ કહેવાય આથી ભિન્ન જે વીતેલ કાળ હોય તેને અનદ્યતન કાળ એટલે હ્યસ્તન કાળ સમજવો. અર્થાત્ પ્રસ્તુતમાં આજ રાત્રીના મધ્ય ભાગથી પૂર્વનો કાળ અથવા આજના ઊઠવાના પ્રભાત પહેલાંનો કાળ તે અનદ્યતન-હ્યસ્તન-ભૂતકાળ કહેવાય. જેમ अपचत् એટલે તેણે પ્રભાત પહેલાં અથવા આજ રાત્રીના મધ્ય ભાગ પહેલાં રાંધ્યું.

अपचत्-તેણે રાંધ્યું. अपचताम्-તે બેએ રાંધ્યું. अपचन्-તેઓએ રાંધ્યું,
अपचः-તેં રાંધ્યું. अपचतम्-તમે બેએ રાંધ્યું. अपचत-તમે રાંધ્યું.
अपचम्-મેં રાંધ્યું. अपचाव-અમે બેએ રાંધ્યું. अपचाम- અમે રાંધ્યું.
ऐधत-તે વધ્યો. ऐधेताम्-તે બે વધ્યા. ऐधन्त-તેઓ વધ્યા.
ऐधथाः-તું વધ્યો. ऐधेथाम्-તમે બે વધ્યા. ऐधध्वम्-તમે વધ્યા.
ऐधे-હું વધ્યો. ऐधावहि-અમે બે વધ્યા. ऐधामहि-અમે વધ્યા.

॥ ૩ । ૩ । ૯ ॥

## एताः शितः ॥ ३ । ३ । १० ॥

વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તની એ ચારની शित् સંજ્ઞા સમજવી.

વર્તમાના-भवति-તે થાય છે.
સપ્તમી-भवेत्-તે થાય.
પંચમી-भवतु તે થાઓ.
હ્યસ્તની-अभवत्-તે થયો. ॥ ૩ । ૩ । ૧૦ ॥

**અદ્યતન કાળના પ્રત્યયો ત્રણે વચન તથા ત્રણે પુરુષ-(અદ્યતન-આજનો ભૂતકાળ)**

**अद्यतनी- दि ताम् अन् ॥ ३ । ३ । ११ ॥**
**सि तम् त**
**अम् व म**
**त आताम् अन्त**
**थास् आथाम् ध्वम्**
**इ वहि महि ॥**

આ બધા પ્રત્યયોની अद्यतनी સંજ્ઞા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અદ્યતનનો અર્થ ઉપરના ૩।૩।૭ સૂત્રમાં બતાવ્યો છે. તે અદ્યતન ભૂતકાળના અર્થમાં અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગે છે. જેમ अद्य *व्यहार्षीत्*–આજે વિહાર કર્યો.

૨. અનદ્યતન–હ્યસ્તન–ભૂતકાળ હોય છતાં પણ તેને જણાવવાની વક્તાની ઇચ્છા ન હોય, માત્ર સામાન્યતઃ ભૂતકાળ જણાવવાની ઇચ્છા હોય ત્યારે પણ અદ્યતની વિભક્તિ થાય છે. रामो वनम् अगमत्–(પૂર્વે) રામ વનમાં ગયા.

૩ અદ્યતન અથવા હ્યસ્તન કાળની મિશ્રતા હોય ત્યાં પણ અદ્યતની વિભક્તિના પ્રત્યયો વપરાય. अद्य ह्यो वा अभुक्ष्महि–આજે અથવા ગઈ કાલે અમે ખાધું.

૪. ક્રિયાપદ સાથે मा શબ્દ જોડાયેલ હોય ત્યારે સર્વ વિભક્તિઓના વિષયમાં અને બધા કાળોનો અર્થ સૂચવવા પણ અદ્યતની વિભક્તિના પ્રત્યયો વપરાય છે–मा कार्षीद् अधर्मम्–તે અધર્મ ન કરે.

अपाक्षीत्–તેણે રાંધ્યું. अपाक्तास्–તે બેએ રાંધ્યું. अपाक्षुः–તેઓએ રાંધ્યું.
अपाक्षीः–તેં રાંધ્યું. अपाक्तम्–તમે બેએ રાંધ્યું. अपाक्त–તમે રાંધ્યું.
अपाक्षम्–મેં રાંધ્યું. अपाक्ष्व–અમે બેએ રાંધ્યું. अपाक्ष्म–અમે રાંધ્યું.
ऐधिष्ट–તે વધ્યો. ऐधिषाताम्–તે બે વધ્યા. ऐधिषत–તેઓ વધ્યા.
ऐधिष्ठाः–તું વધ્યો. ऐधिषाथाम्–તમે બે વધ્યા. ऐधिढ्ढ्वम्–ध्वम्–તમે વધ્યા.
ऐधिषि–હું વધ્યો. ऐधिष्वहि–અમે બે વધ્યા. ऐधिष्महि–અમે વધ્યા.

॥ ૩ । ૩ । ૧૧ ॥

**પરોક્ષ ભૂતકાળના પ્રત્યયો ત્રણે વચન, ત્રણે પુરુષ–પરોક્ષ-નજરે નહીં દેખાતો કાળ એટલે એવા કાળમાં થનારી ક્રિયા**

| | | |
|---|---|---|
| **परोक्षा–णव्** | **अतुस्** | **उस्** ॥ ३ । ३ । १२ ॥ |
| **थव्** | **अथुस्** | **अ** |
| **णव्** | **व** | **म** |
| **ए** | **आते** | **इरे** |
| **से** | **आथे** | **ध्वे** |
| **ए** | **वहे** | **महे** ॥ |

આ બધા પ્રત્યયોની परोक्षा સંજ્ઞા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનદ્યતન હ્યસ્તન-ભૂતકાળમાં થયેલી ક્રિયા પરોક્ષ હોય ત્યારે ક્રિયાપદને પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગે છે. धर्मं दिदेश तीर्थङ्करः-તીર્થંકરે ધર્મનો ઉપદેશ કર્યો.

જ્યારે પરોક્ષત્વની વિવક્ષા ન રાખીએ ત્યારે હ્યસ્તની વિભક્તિના પ્રત્યયો લાગે. धर्मम् अदिशत् तीर्थङ्करः-તીર્થંકરે ધર્મનો ઉપદેશ કર્યો. વળી, હ્યસ્તનત્વની વિવક્ષા ન રાખીએ ત્યારે અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગે. धर्मम् अदिक्षत् तीर्थङ्करः-તીર્થંકરે ધર્મનો ઉપદેશ કર્યો.

કરેલી વાતને છુપાવવી હોય અથવા વિસ્મરણ થયેલ હોય ત્યાં પણ અનદ્યતન-હ્યસ્તન-ભૂતકાળમાં પરોક્ષ વસ્તુ ન હોય છતાં પણ પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગે છે.

कलिङ्गेषु त्वया ब्राह्मणो हतः ? कः कलिङ्गान् जगाम ! को ब्राह्मणं ददर्श ? -કલિંગમાં તેં બ્રાહ્મણને માર્યો હતો? કોણ કલિંગ ગયું છે ? કોણે બ્રાહ્મણને જોયો છે ?

सुप्तोऽहं किल विललाप-સૂતેલો હું સ્વપ્નમાં વિલાપ કરતો હતો.
पपाच-તેણે રાંધ્યું. पेचतुः-તે બેએ રાંધ્યું. पेचुः-તેઓએ રાંધ્યું.
पेचिथ, पपक्थ-તેં રાંધ્યું. पेचथुः-તમે બેએ રાંધ્યું. पेच-તમે રાંધ્યું.
पपाच, पपच-મેં રાંધ્યું. पेचिव-અમે બેએ રાંધ્યું. पेचिम-અમે રાંધ્યું.
एधांचक्रे-તે વધ્યો. एधांचक्राते-તે બે વધ્યા. एधांचक्रिरे-તેઓ વધ્યા.
एधांचकृषे-તું વધ્યો. एधांचक्राथे-તમે બે વધ્યા. एधांचकृढ्वे-તમે વધ્યા.
एधांचक्रे-હું વધ્યો. एधांचकृवहे-અમે બે વધ્યા. एधांचकृमहे-અમે વધ્યા.
॥૩।૩।૧૨॥

આશીર્વાદસૂચક પ્રત્યયો ત્રણે વચન ત્રણે પુરુષ-

आशीः-क्यात् क्यास्ताम् क्यासुस् ॥ ३ । ३ । १३ ॥

| | | |
|---|---|---|
| क्यास् | क्यास्तम् | क्यास्त |
| क्यासम् | क्यास्व | क्यास्म |
| सीष्ट | सीयास्ताम् | सीरन् |
| सीष्ठास् | सीयास्थाम् | सीध्वम् |
| सीय | सीवहि | सीमहि ॥ |

આ બધા પ્રત્યયોની आशीः સંજ્ઞા છે.

આશીર્વાદ અર્થમાં आशीः વિભક્તિના પ્રત્યયો લાગે છે. शिष्योऽयं सर्वं सिद्धान्तं पठ्यात्-'આ શિષ્ય સકલ સિદ્ધાંતને ભણો' એવો આશીર્વાદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पच्यात्–તે રાંધે. पच्यास्ताम्–તે બે રાંધે. पच्यासुः–તેઓ રાંધે.
पच्याः–તું રાંધે. पच्यास्तम्–તમે બે રાંધો. पच्यास्त–તમે રાંધો.
पच्यासम्–હું રાંધું. पच्यास्व–અમે બે રાંધીએ. पच्यास्म–અમે રાંધીએ.
एधिषीष्ट–તે વધો. एधिषीयास्ताम्–તે બે વધો. एधिषीरन्–તેઓ વધો.
एधिषीष्ठाः–તું વધે. एधिषीयास्थाम्–તમે બે વધો. एधिषीध्वम्–તમે વધો.
एधिषीय–હું વધું. एधिषीवहि–અમે બે વધીએ. एधिषीमहि–અમે વધીએ.

॥ ૩ । ૩ । ૧૩ ॥

**શ્વસ્તન ભવિષ્યકાળના પ્રત્યયો ત્રણે વચન ત્રણે પુરુષ–**
**શ્વસ્તન એટલે આવતી કાલનો ભવિષ્ય**

**श्वस्तनी–ता तारौ तारस् ॥ ३ । ३ । १४ ॥**
**तासि तास्थस् तास्थ**
**तास्मि तास्वस् तास्मस्**
**ता तारौ तारस्**
**तासे तासाथे ताध्वे**
**ताहे तास्वहे तास्महे ॥**

આ બધા પ્રત્યયોની શ્વસ્તની સંજ્ઞા છે.

અનદ્યતન ભવિષ્યકાળ એટલે શ્વસ્તન ભવિષ્યકાલ–આજની રાત્રીના બાર વાગ્યા પછીના ભવિષ્યકાળમાં આ શ્વસ્તની વિભક્તિના પ્રત્યયો વપરાય છે–श्वः कर्ता–આવતી કાલે કરનાર.

पक्ता–તે કાલે રાંધશે. पक्तारौ–તે બે કાલે રાંધશે. पक्तारः–તેઓ કાલે રાંધશે.
पक्तासि–તું કાલે રાંધશે. पक्तास्थः–તમે બે કાલે રાંધશો. पक्तास्थ–તમે કાલે રાંધશો.
पक्तास्मि–હું કાલે રાંધીશ. पक्तास्वः–અમે બે કાલે રાંધીશું. पक्तास्मः–અમે કાલે રાંધીશું.
एधिता–તે કાલે વધશે. एधितारौ–તે બે કાલે વધશે. एधितारः–તેઓ કાલે વધશે.
एधितासे–તું કાલે વધશે. एधितासाथे–તમે બે કાલે વધશો. एधिताध्वे–તમે કાલે વધશો.
एधिताहे–હું કાલે વધીશ. एधितास्वहे–અમે બે કાલે વધીશું एधितास्महे–અમે કાલે વધશું ॥૩।૩।૧૪॥

ભવિષ્યકાળના પ્રત્યયો ત્રણે વચન ત્રણે પુરુષ-

**भविष्यन्ती–स्यति स्यतस् स्यन्ति ॥ ३ । ३ । १५॥**

**स्यसि स्यथस् स्यथ**

**स्यामि स्यावस् स्यामस्**

**स्यते स्येते स्यन्ते**

**स्यसे स्येथे स्यध्वे**

**स्ये स्यावहे स्यामहे ॥**

આ બધા પ્રત્યયોની ભવિષ્યન્તી સંજ્ઞા છે.

ભવિષ્યકાળના અર્થમાં ભવિષ્યન્તી વિભક્તિના પ્રત્યયો વપરાય છે. અથવા ભૂતકાળમાં પણ સ્મરણાર્થક ધાતુ હોય તો તેને ભવિષ્યન્તી વિભક્તિના પ્રત્યયો લાગે છે.

| | | |
|---|---|---|
| पक्ष्यति–તે રાંધશે. | पक्ष्यतः–તે બે રાંધશે. | पक्ष्यन्ति–તેઓ રાંધશે. |
| पक्ष्यसि–તું રાંધશે. | पक्ष्यथः–તમે બે રાંધશો. | पक्ष्यथ–તમે રાંધશો. |
| पक्ष्यामि–હું રાંધીશ. | पक्ष्यावः–અમે બે રાંધીશું. | पक्ष्यामः–અમે રાંધીશું. |
| एधिष्यते–તે વધશે | एधिष्येते–તે બે વધશે. | एधिष्यन्ते–તેઓ વધશે. |
| एधिष्यसे–તું વધશે. | एधिष्येथे–તમે બે વધશો. | एधिष्यध्वे–તમે વધશો. |
| एधिष्ये–હું વધીશ. | एधिष्यावहे–અમે બે વધીશું. | एधिष्यामहे–અમે વધીશું. |

॥ ૩ । ૩ । ૧૫ ॥

ક્રિયાતિપત્તિના–ક્રિયા થતી અટકી જતી જણાય તેના સૂચક–પ્રત્યયો ત્રણે વચન ત્રણે પુરુષ—

**क्रियातिपत्तिः–स्यत् स्यताम् स्यन् ॥ ३ । ३ । १६ ॥**

**स्यस् स्यतम् स्यत**

**स्यम् स्याव स्याम**

**स्यत स्येताम् स्यन्त**

**स्यथास् स्येथाम् स्यध्वम्**

**स्ये स्यावहि स्यामहि**

આ બધા પ્રત્યયોની क्रियातिपत्ति સંજ્ઞા છે.

क्रिया+अतिपत्ति=क्रियातिपत्ति–ક્રિયાનો વિનાશ—

જ્યાં એક બીજા ઉપર આધાર રાખનારી બે ક્રિયાઓ હોય ત્યાં કોઈ કારણથી એ બન્ને ક્રિયાઓ ન બને ત્યાં ભૂત કે ભવિષ્ય કાળમાં આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાતિપત્તિના પ્રત્યયો વપરાય છે. જેમ-सुवृष्टिश्चेद् अभविष्यत् सुभिक्षमभविष्यत्-જો સારો વરસાદ થયો હોત તો સુકાળ થાત અથવા જો સારો વરસાદ થશે તો સુકાળ થશે. અહીં નક્ષત્ર આદિની પ્રતિકૂળતાથી વૃષ્ટિનો સંભવ જણાતો નથી તેથી સુકાળનો સંભવ પણ મટી ગયો-એવા ભાવાર્થમાં આ પ્રયોગ છે.

अपक्ष्यत्-જો તેણે રાંધ્યું હોત અથવા જો તે રાંધશે.
अपक्ष्यताम्-જો તે બેએ રાંધ્યું હોત અથવા જો તે બે રાંધશે.
अपक्ष्यन्-જો તેઓએ રાંધ્યું હોત અથવા જો તેઓ રાંધશે.
अपक्ष्यः-જો તેં રાંધ્યું હોત અથવા જો તું રાંધશે.
अपक्ष्यतम्-જો તમે બેએ રાંધ્યું હોત અથવા જો તમે બે રાંધશો.
अपक्ष्यत જો તમે રાંધ્યું હોત અથવા જો તમે રાંધશો.
अपक्ष्यम्-જો મેં રાંધ્યું હોત અથવા જો હું રાંધીશ.
अपक्ष्याव-જો અમે બેએ રાંધ્યું હોત અથવા જો અમે બે રાંધીશું.
अपक्ष्याम-જો અમે રાંધ્યું હોત અથવા જો અમે રાંધીશું.
ऐधिष्यत-જો તે વધ્યો હોત અથવા જો તે વધશે.
ऐधिष्येताम्-જો તે બે વધ્યા હોત અથા જો તે બે વધશે.
ऐधिष्यन्त-જો તેઓ વધ્યા હોત અથવા જો તેઓ વધશે.
ऐधिष्यथाः-જો તું વધ્યો હોત અથવા જો તું વધશે.
ऐधिष्येथाम्-જો તમે બે વધ્યા હોત અથવા જો તમે બે વધશો.
ऐधिष्यध्वम्-જો તમે વધ્યા હોત અથવા જો તમે વધશો
ऐधिष्ये-જો હું વધ્યો હોત અથવા જો હું વધીશ.
ऐधिष्यावहि-જો અમે બે વધ્યા હોત અથવા જો અમે બે વધીએ-વધીશું
ऐधिष्यामहि-જો અમે વધ્યા હોત અથવા જો અમે વધીએ-વધીશું.

પ્રસ્તુતમાં ઉપર જણાવેલા બધા પ્રત્યયો કર્તરિપ્રયોગમાં વાપરીને બતાવેલા છે પણ કર્મણિપ્રયોગમાં અને ભાવેપ્રયોગમાં આત્મનેપદના પ્રત્યયો લગાડીને તેનાં ઉદાહરણો પોતાની મેળે સમજી લેવાં ॥ ૩।૩।૧૬॥

## ત્રીજા પુરુષમાં, બીજા પુરુષમાં અને પહેલા પુરુષમાં વપરાતા પ્રત્યયોની સમજુતી-

## त्रीणि त्रीणि अन्ययुष्मदस्मदि ॥ ३ । ३ । १७ ॥

વર્તમાના, સપ્તમી, પંચમી વગેરે વિભક્તિના જે આદિ આદિનાં ત્રણ ત્રણ વચનો છે-એટલે तिव्, तस्, अन्ति-વર્તમાના; यात्, याताम्, युस्-સપ્તમી; तुव्, ताम्, अन्तु-પંચમી વગેરે-એ વચનોમાંનાં પહેલાં ત્રણ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચનો અનુક્રમે તે, તેઓ બે, તેઓ ના અર્થરૂપ અન્ય પુરુષના અર્થમ વપરાય છે, બીજાં ત્રણ વચનો અનુક્રમે યુષ્મત્‌ના અર્થરૂપ બીજા પુરુષના અર્થમાં એટલે તું તમે બે, તમે ના અર્થમાં વપરાય છે. અને ત્રીજાં ત્રણ વચનો અસ્મત્‌ના અર્થરૂપ પહેલા પુરુષના અર્થમાં એટલે હું, અમે બે, અમેના અર્થમાં અનુક્રમે વપરાય છે. જેમ—

तिव् तस् अन्ति—અન્ય પુરુષ—ત્રીજો પુરુષ-એકવચન, દ્વિવચન અને બહુવચન

सिव् थस् थ—યુષ્મત્ પુરુષ—બીજો પુરુષ— ,,

मिव् वस् मस्—અસ્મત્ પુરુષ—પહેલો પુરુષ— ,,

'વર્તમાના'ની જેમ દશે વિભક્તિઓના પ્રત્યયો વિશે સમજી લેવું. આ દશે વિભક્તિઓના પ્રત્યયોમાં જે व् છે એ નિશાનરૂપ છે અને क् છે તે પણ નિશાનરૂપ છે.

અન્યપુરુષ વગેરેને સ્પષ્ટ સમજવા સારુ અહીં માત્ર वर्तमानानां જ રૂપો આ નીચે આપેલ છે—

પરસ્મૈપદ—सः पचति, तौ पचतः, ते पचन्ति—અન્ય પુરુષ
આત્મનેપદ—सः पचते, तौ पचेते, ते पचन्ते— ,, ,,
પરસ્મૈપદ—त्वं पचसि, युवां पचथः यूयं पचथ— યુષ્મત્ પુરુષ
આત્મનેપદ—त्वं पचसे, युवां पचेथे, यूयं पचध्वे— ,, ,,
પરસ્મૈપદ—अहं पचामि, आवां पचावः, वयं पचामः—અસ્મત્ પુરુષ
આત્મનેપદ—अहं पचे, आवां पचावहे, वयं पचामहे— ,, ,,
वर्तमानानां આ રૂપોની મુજબ બીજાં બધાં રૂપો સમજી લેવાં.

જે વાક્યમાં બે પુરુષોનો સાથે પ્રયોગ હોય અથવા ત્રણે પુરુષોનો સાથે પ્રયોગ હોય ત્યાં પાછલા પુરુષના આધારે સંખ્યા પ્રમાણે પ્રત્યયો મૂકવા. જેમકે—स च त्वं च पचथः અહીં યુષ્મત્ પુરુષના પ્રત્યયો લગાડવા, વળી, स च त्वं च अहं च पचामः—અહીં અસ્મત્ પુરુષના પ્રત્યયો લગાડવા, અહીં વાક્યમાં નિર્દેશ કર્યા પ્રમાણે પાછલો પુરુષ સમજવાનો નથી પણ ।૩।૩। ૧૭ મા સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે પાછલો પુરુષ સમજવાનો છે તેથી त्वं च स च એવા પ્રયોગમાં બીજો પુરુષ થાય અને अहं च स च त्वं च



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા પ્રયોગમાં પ્રથમ પુરુષ થાય એટલે त्वं च स च માં पचथः પ્રયોગ થાય તથા अहं च स च त्वं च માં पचामः પ્રયોગ થાય.

ગુજરાતીમાં પ્રચલિત ત્રીજા પુરુષને અહીં અન્ય પુરુષ, બીજા પુરુષને યુષ્મત્ પુરુષ અને પહેલા કે પ્રથમ પુરુષને અસ્મત્ પુરુષ કહેવામાં આવેલ છે. ॥ ૩ । ૩ । ૧૭ ॥

**એકવચન વગેરેની સમજ**

**एक-द्वि-बहुषु ॥ ३ । ३ । १८ ॥**

જણાવેલી વિભક્તિઓમાં જે ત્રણ ત્રણ પ્રત્યયોનું ઝૂમખું બનાવેલું છે તેમાંનો પહેલો પ્રત્યય એકવચનમાં, બીજો પ્રત્યય દ્વિવચનમાં અને ત્રીજો પ્રત્યય બહુવચનમાં વપરાય છે. ॥ ૩ । ૩ । ૧૮ ॥

**परस्मैपदના પ્રત્યયો**

**नवाऽऽद्यानि शतृ-क्वसू परस्मैपदम् ॥ ३ । ३ । १९ ॥**

આ 'વર્તમાના' વગેરે દશે વિભક્તિઓમાં જણાવેલાં આદિનાં નવ નવ વચનો અને अत् (शतृ) અને वस् (क्वसु) પ્રત્યયને પરસ્મૈપદના પ્રત્યયો સમજવા. ॥ ૩ । ૩ । ૧૯ ॥

**આત્મનેપદના પ્રત્યયો**

**पराणि कानाऽऽनशौ चात्मनेपदम् ॥ ३ । ३ । २० ॥**

દશે વિભક્તિઓના બાકી રહેલા બીજાં નવ નવ પ્રત્યયોને અને आन (कान) પ્રત્યય તેમ જ आन (आनश्) પ્રત્યયને આત્મનેપદના પ્રત્યયો સમજવા.

એ રીતે બધી વિભક્તિઓના પ્રત્યયો વિશે સમજવું.

॥ ૩ । ૩ । ૨૦ ॥

**કર્મસૂચક અને ભાવસૂચક પ્રત્યયો**

**तत् साप्याऽनाप्यात् कर्म-भावे कृत्य-क्त-खलर्थाश्च ॥ ३ । ३ । २१ ॥**

ઉપર જણાવેલા આત્મનેપદના પ્રત્યયો સકર્મક ધાતુને 'કર્મ'ના અર્થમાં લાગે છે એટલે કર્મનું સૂચન કરનારા થાય છે અને અકર્મક ધાતુને માત્ર 'ભાવ'ના અર્થમાં લાગે છે એટલે માત્ર ક્રિયાનું સૂચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનારા થાય છે, આ ઉપરાંત કૃત્ય પ્રત્યયો त(क्त) પ્રત્યય અને खल् પ્રત્યય (જૂઓ ૫ । ૩ । ૧૩૯, ૫ । ૩ । ૧૪૦) તેમ જ खल्‌ના સમાન અર્થવાળો अन પ્રત્યય (જૂઓ ૫ । ૩ । ૧૪૧) એ બધા પ્રત્યયો પણ સકર્મક ધાતુઓને 'કર્મ'ના અર્થમાં લાગે છે અને અકર્મક ધાતુઓને 'ભાવ'-ક્રિયા-ના અર્થમાં લાગે છે અર્થાત્ એ પ્રત્યયો માત્ર ભાવને એટલે ક્રિયાને સૂચવે છે.

અકર્મકના બે અર્થો છે-

(૧) કેટલાક ધાતુઓ તદ્દન કર્મ વિનાના હોય છે. જેમકે-રોવું, ઊંઘવું વગેરે.

(૨) ધાતુ સકર્મક હોવા છતાં કર્મને પ્રયોગમાં બોલવામાં ન આવે એટલે પ્રયોગ કરનારો કર્મને બોલવાની ઇચ્છા ન રાખે એવા ધાતુઓ અવિવક્ષિતકર્મક ગણાય છે. અહીં આ બન્ને પ્રકારના ધાતુઓને અકર્મક સમજવાના છે. જ્યાં ધાતુ માટે નિત્યાકર્મક શબ્દનો ઉપયોગ થયો હોય ત્યાં અવિવક્ષિતકર્મક ધાતુને ન સમજવા.

## સકર્મક ધાતુનો કર્મણિપ્રયોગ-

आत्मनेपद्-क्रियते कटः चैत्रेण-ચૈત્ર દ્વારા કટ કરાય છે

कान-कृ+आनः=कृकृ+आनः=चकृ+आनः=चक्राणः-કરવામાં આવેલો.

आन-कृ+आनः=क्रिय+म्+आनः=क्रियमाणः- ,, આવતો.

कृत्य-

घ्यण्-कृ+यः=कार्+यः=कार्यः- કરવા જેવો.

तव्य-कृ+तव्यः=कर्+तव्यः=कर्तव्यः- કરવા લાયક.

अनीय-कृ+अनीयः=कर्+अनीयः=करणीयः- ,,

क्यप्-कृ+यः=कृ+त्+यः=कृत्यः- ,,

य-दा+यः=दे+यः=देयः- આપવા યોગ્ય.

क्त-कृ+तः=कृत. कटस्त्वया-તારા વડે સાદડી બનાવાઇ.

मास आस्यते (आस्+य+ते) मासम् आस्यते-મહિના સુધી રહેવાય છે.

खल्-सुकटंकृ+अ+सुकटंकर+इ=सुकटंकर+आनि=सुकटंकराणि वीरणानि-વીરણ નામનાં ઘાસ સારી રીતે સાદડી બનાવી શકાય એવાં છે.

खल् कृ+अः=सुकृ+अः=सुकरः कटस्त्वया-તારા વડે સાદડી સહેલાઇથી બનાવાઈ શકાય એમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खलर्थ-अन-सुज्ञा+अनम्=सुज्ञानं तत्त्वं मुनिना-મુનિએ સુગમ રીતે તત્ત્વ જાણી શકાય એમ છે.

**નિત્યઅકર્મક ધાતુનો ભાવેપ્રયોગ-**

चैत्रेण भूयते-ચૈત્ર વડે થવાય છે.

कान-बभूव्+आनम्=बभूवानम्-થયેલું.

आन-भू+आनम्=भू+य+आनम्=भूय+म्+आनम=भूयमानम-થતું.

तव्य-शी+तव्यम्=शी+इ+तव्यम्=शे+इ+तव्यम्=शयितव्यम्-સૂવાનું,

अनीय-शी+अनीयम्=शे+अनीयम्=शयनीयम्- ,,

य-शी+यम्=शे+यम्-शेयम्-સૂવાનું.

क्त-शी+तम्=शी+इ+तम्=शे+इ+तम्=शयितम्-સુવાયેલ.

भूयते (भू+य+ते) त्वया-તારા વડે થવાય છે.

खल्-ईषदाढ्यंभवं (भू+अम्=भो+अम्=भवम्) भवता-આપના વડે કંઈક આઢ્ય થવાયું

,, - सु+शी+अम्=सुशे+अम=सुशयम्-સુખે સૂવાયું.

अन-सु+ग्लै+अनम्=सुग्ला+अनम्=सुग्लानं दीनेन-રાંકવડે સહેલાઈથી ગ્લાન-હર્ષહીન થવાય છે

**અવિવક્ષિતકર્મક એટલે સકર્મક છતાં અકર્મક જેવો પ્રયોગ-**

આત્મનેપદ-क्रियते त्वया-તારા વડે કરાય છે.

,, मृदु पच्यते त्वया-તારા વડે નરમ રંધાય છે. (અહીં મૃદુ ક્રિયાવિશેષણ છે પણ કર્મ નથી.

घ्यण्-कार्यं त्वया-તારા વડે કરાય એવું

तव्य-कर्तव्यं त्वया-તારા વડે કરાય એવું

अनीय-करणीयं त्वया-તારા વડે કરાય એવું

क्यप्-कृत्यं त्वया- ,, ॥ ३।३।२१॥

य-देयं त्वया-તારા વડે દેવાય એવું

क्त-कृतं त्वया- તારા વડે કરાયું

खल्-सुकरं त्वया-તારા વડે સહેલાઈથી કરાય છે.

**આત્મનેપદપ્રક્રિયા-૩।૩।૨૨ સૂત્રથી ૩।૩।૯૯ સૂત્ર સુધી છે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ङित: कर्तरि ॥ ३ । ३ । २२ ।

ધાતુપાઠમાં જે ધાતુ इ નિશાનવાળો છે અને ङ् નિશાનવાળો છે તે ધાતુને કર્તરિ પ્રયોગમાં આત્મનેપદ થાય–આત્મનેપદના પ્રત્યયો લાગે

'આત્મનેપદ થાય' એટલે 'આત્મનેપદના પ્રત્યયો લાગે' 'પરસ્મૈપદ થાય' એટલે 'પરસ્મૈપદના પ્રત્યયો લાગે' તથા 'ઉભયપદ થાય' એટલે 'બંને પદના પ્રત્યયો લાગે' એ રીતે ઉક્ત ત્રણે વાકયોનો અર્થ આ આખા ય પ્રકરણમાં સમજવાનો છે.

इ નિશાન–

एधि–एधते–વધે છે.

एधमानः–વધતો.

ङ् નિશાન–

शीङ्–शेते–સૂએ છે.

शयान;–સૂતો.

જે વાકયમાં કર્તા પહેલી વિભક્તિમાં હોય તે વાકય, કર્તરિપ્રયોગવાળું કહેવાય. જેમ–चैत्रः कटं करोति. ચૈત્ર સાદડીને કરે છે–બનાવે છે

જે વાકયમાં કર્મ પહેલી વિભક્તિમાં હોય તે વાકય, કર્મણિપ્રયોગવાળું કહેવાય. જેમ–क्रियते कटः चैत्रेण–ચૈત્ર વડે સાદડી બનાવાય છે.

॥ ૩ । ૩ । ૨૨ ॥

## क्रियाव्यतिहारेऽगति-हिंसा-शब्दार्थ-हसो ह्-वहश्च अनन्योऽन्यार्थे ॥ ३ । ३ । २३ ॥

પરસ્પર ક્રિયાની અદલાબદલીનું નામ ક્રિયાવ્યતિહાર. જ્યાં ક્રિયાપદ, એકબીજાની ક્રિયાની અદલાબદલી બતાવતું હોય ત્યાં ક્રિયાપદને કર્તાના અર્થમાં આત્મનેપદ થઈ જાય. તથા ह् અને वह ધાતુઓને પણ ક્રિયાવ્યતિહાર જણાતો હોય તો કર્તાના અર્થમાં આત્મનેપદ થાય. પણ ગતિ અર્થવાળા, હિંસા અર્થવાળા, 'અવાજ કરવો' અર્થવાળા ધાતુઓ અને हस् ધાતુ–એ ધાતુઓ અહીં ન લેવા. ક્રિયાની અદલાબદલીસૂચક–ક્રિયાવ્યતિહારસૂચક–વાકયમાં अन्योऽन्य શબ્દનો પ્રયોગ ન હોવો જોઈએ. તેમ જ अन्योऽन्यायના અર્થવાળા બીજા શબ્દોનો પ્રયોગ પણ ન હોવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાવ્યતિહાર–

व्यतिलुनते–બીજાને બદલે બીજા લણે છે–કાપે છે
हृ–व्यतिहरन्ते भारम् ,, ,, ,, ભારને–ભારાને–લઈ જાય છે.
वह्–व्यतिवहन्ते भारम् ,, ,, ભારને વહન કરે છે.

જ્યાં ક્રિયાની અદલાબદલીનું સૂચન હોય ત્યાં આ નિયમ લાગે છે. જ્યાં પદાર્થની અદલાબદલી હોય ત્યાં આ નિયમ ન લાગે. જેમકે—– દ્રવ્યવ્યતિહાર–चैत्रस्य धान्यं व्यतिलुनन्ति–ચૈત્રના ખેતરમાં લણવાની ક્રિયા કરીને બદલામાં મજૂરીરૂપે ધાન્ય લે છે.- અહીં અદલાબદલી ધાન્યની છે. ક્રિયાની નથી. તેથી આત્મનેપદ ન થાય.

ગત્યર્થક–व्यतिसर्पन्ति–બીજાને બદલે બીજા જાય છે.
व्यतिहिंसन्ति– ,, ,, ,, હણે છે.
व्यतिजल्पन्ति– ,, ,, ,, બોલે છે.
व्यतिहसन्ति– ,, ,, ,, હસે છે.

ગત્યર્થક, હિંસાર્થક અને 'શબ્દ'અર્થવાળા તથા हस् ધાતુને આ નિયમ લાગતો નથી એમ સૂત્રમાં જણાવેલ છે તેથી આ પ્રયોગોમાં આત્મનેપદના પ્રત્યયો લાગેલ નથી.

परस्परस्य व्यतिलुनन्ति–બીજાને બદલે બીજા લણે છે.--આ પ્રયોગમાં परस्पर શબ્દનો પ્રયોગ હોવાથી આત્મનેપદ ન થાય.

આ સૂત્ર, કર્તાના અર્થમાં આત્મનેપદ થવાનું સૂચન કરે છે. 'ભાવ' અર્થમાં અને 'કર્મ' અર્થમાં તો ક્રિયાવ્યતિહારના અર્થમાં ૩।૩।૨૧ સૂત્રથી આત્મનેપદનું વિધાન કરેલ જ છે એટલે ક્રિયાવ્યતિ હાર જણાતો હોય ત્યાં ધાતુમાત્રને કર્મણિ તથા ભાવે પ્રયોગમાં આત્મનેપદ થઈ જ જાય.

આ પ્રકરણમાં જે ધાતુઓ લેવાના છે તે પરસ્મૈપદી, આત્મનેપદી અને ઉભયપદી પણ હોવાના. આત્મનેપદી ધાતુઓને તો આત્મનેપદ પ્રાપ્ત જ છે છતાં 'તેમને અમુક સંયોગોમાં જ આત્મનેપદ થાય' એવો નિયમ બતાવવા, આત્મનેપદના વિધાનની સૂચના કરેલ છે. ॥ ૩ । ૩ । ૨૩ ॥

## निविशः ॥ ३ । ३ । २४ ॥

विश् ધાતુ પરસ્મૈપદી હોવા છતાં नि ઉપસર્ગ સાથેના विश् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निविशते–તે રહે છે. ॥ ૩ । ૩ । ૨૪ ॥

विश् ધાતુ છઠ્ઠા તુદાદિ ગણનો છે અને પરસ્મૈપદી છે.

## उपसर्गादस्योहो वा ॥ ३ । ३ । २५ ॥

ઉપસર્ગ સાથેના દિવાદિગણના–ચોથા ગણના–પરસ્મૈપદી अस् ધાતુને અને ઉપસર્ગ સાથેના પ્રથમ ગણના આત્મનેપદી ऊह् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ વિકલ્પે થાય.

अस्–विपर्यस्यते, विपर्यस्यति–વિપર્યાસ કરે છે.

ऊह्–समूहते, समूहति–સારી રીતે તર્ક કરે છે.

સૂત્રમાં अस् ને બદલે अस्य નો નિર્દેશ કરેલો છે તેથી અહીં असने ચોથા ગણનો अस् ધાતુ સમજવો, બીજા કોઈ ગણનો ધાતુ ન સમજવો. ऊह् ધાતુ, મૂળ આત્મનેપદી જ છે તેને આ નિયમથી 'ઉપસર્ગ સાથે હોય તો વિકલ્પે આત્મનેપદી સમજવો' એમ જાણવું ॥ ૩ । ૩ । ૨૫ ॥

## उत्-स्वराद् युजेरयज्ञतत्पात्रे ॥ ३ । ३ । २६ ॥

उत् ઉપસર્ગ પછી આવેલા અને સ્વરાંત ઉપસર્ગ પછી આવેલા રુધાદિગણના ઉભયપદી युज् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય, જો युज् ધાતુને 'યજ્ઞના પાત્રને જોડવાના' અર્થમાં લીધો ન હોય તો.

उद्युङ्क्ते–ઉદ્યોગ કરે છે.

उपयुङ्क्ते–ઉપયોગ કરે છે.

संयुनक्ति–સંયોગ કરે છે–અહીં उत् નથી પણ सम् ઉપસર્ગ છે.

द्वन्द्वं यज्ञपात्राणि प्रयुनक्ति–બબ્બે યજ્ઞપાત્રોને જોડે છે–અહીં 'યજ્ઞપાત્રોને જોડવાનો' અર્થ છે તેથી આત્મનેપદ ન થાય ॥ ૩ । ૩ । ૨૬ ॥

## परि-व्यवात् क्रियः ॥ ३ । ३ । २७ ॥

परि, वि અને अव ઉપસર્ગમાંના કોઈ એક ઉપસર્ગ પછી क्री આદિગણના એટલે નવમા ગણના ઉભયપદી क्री ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

परि–परिक्रीणीते–ખરીદ કરે છે, સંગ્રહ કરે છે.

वि–विक्रीणीते–વેચે છે.

अव–अवक्रीणीते–ખુશ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपरि क्रीणाति–ઉપર ખરીદ કરે છે.–અહીં परि ઉપસર્ગ નથી. પણ उपरि શબ્દનો परि અંશ છે એથી આત્મનેપદ થયું નથી. ॥ ૩।૩।૨૭ ॥

## परा-वेर्जेः ॥ ૩ । ૩ । ૨૮ ॥

परा અને वि ઉપસર્ગ પછી આવેલા પ્રથમ ગણના પરસ્મૈપદી जि ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

पराजयते–પરાજય કરે છે–હરાવે છે.
विजयते–જિતે છે–વિજય મેળવે છે.

सेना परा जयति–શ્રેષ્ઠ અથવા ઉત્તમ સેના જિતે છે–અહીં परा ઉપસર્ગ નથી પણ સેનાનું વિશેષણ એવું परा નામરૂપ છે.

बहुवि जयति वनम्–બહુ પક્ષિવાળું વન જય પામે છે–અહીં वि ઉપસર્ગ નથી પણ 'बहुवि' પદનો 'वि'શબ્દ 'પક્ષી' અર્થનો છે, તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૨૮ ॥

## समः क्ष्णोः ॥ ૩ । ૩ । ૨૯ ॥

सम् ઉપસર્ગ પછી આવેલા અદાદિગણના એટલે બીજા ગણના પરસ્મૈપદી क्ष्णु ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય.

संक्ष्णुते शस्त्रम्–શસ્ત્રને સરાણે ચડાવીને તેજસ્વી–ધારવાળું બનાવે છે.
क्ष्णौति–ધારદાર કરે છે–અહીં सम् ઉપસર્ગ નથી.

आयसं क्ष्णौति–લોઢાની વસ્તુને તેજવાળી કરે છે–અહીં आयसं શબ્દનો જે सं છે તે सम् ઉપસર્ગ નથી. ॥ ૩ । ૩ । ૨૯ ॥

## अपस्किरः ॥ ૩ । ૩ । ૩૦ ॥

अप ઉપસર્ગ પછી તુદાદિ ગણના પરસ્મૈપદી એવા તથા स् સહિત कृ (એટલે स्कृ) ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

अपस्किरते वृषभो हृष्टः–મદમાં આવેલો સાંઢ શીંગડાં ભરાવીને ભેખડ વગેરેને ઉખેડે છે.

उपस्किरति–કાપે છે–અહીં अप ઉપસર્ગ નથી પણ उप ઉપસર્ગ છે.
॥ ૩ । ૩ । ૩૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उदश्चरः साप्यात् ॥ ३ । ३ । ३१ ॥

उत् ઉપસર્ગ પછી આવેલા પ્રથમ ગણના પરસ્મૈપદી चर् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય, જો चर् ધાતુ સાથે કર્મનો પ્રયોગ થયો હોય તો.

मार्गम् उच्चरते-માર્ગને ઉલ્લંઘીને જાય છે.

धूमः उच्चरति-ધૂમાડો ઉપર જાય છે. અહીં કર્મનો પ્રયોગ નથી.

॥ ૩ । ૩ । ૩૧ ॥

## समस्तृतीयया ॥ ३ । ३ । ३२ ॥

सम् ઉપસર્ગ પછી આવેલા चर् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય, જો ધાતુ સાથે તૃતીયા વિભક્તિવાળા પદનો સંબંધ હોય તો.

अश्वेन संचरते-અશ્વ વડે જાય છે.

उभौ लोकौ संचरसि-બન્ને લોકમાં તું જાય છે. અહીં તૃતીયા વિભક્તિવાળા પદનો સંબંધ નથી. ॥ ૩ । ૩ । ૩૨ ॥

## क्रीडोऽकूजने ॥ ३ । ३ । ३३ ॥

सम् ઉપસર્ગ પછી આવેલા પ્રથમ ગણના પરસ્મૈપદી क्रीड् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે, જો कूजन 'અવ્યક્ત શબ્દ કરવો'-'ન સમજાય તેવો શબ્દ કરવો' એવો તેનો અર્થ ન થતો હોય તો.

संक्रीडते-સારી રીતે રમે છે.

क्रीडति-રમે છે.-અહીં सम् ઉપસર્ગ નથી.

संक्रीडन्ति अनांसि-ગાડાનાં પૈડાં ચીંચીં અવાજ કરે છે-અહીં कूजन-'અવ્યક્ત શબ્દ-અવ્યક્ત અવાજ-કરવો'-એવો અર્થ છે તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૩૩ ॥

## अन्वाङ्-परेः ॥ ३ । ३ । ३४ ॥

अनु, आङ् અને परि ઉપસર્ગ પછી આવેલા क्रीड् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

अनु-अनुक्रीडते-પાછળ રમે છે.

आ-आक्रीडते-મર્યાદામાં રમે છે.

परि-परिक्रीडते-ચારે બાજુએ રમે છે. ॥ ૩ । ૩ । ૩૪ ॥

## शप उपलम्भने ॥ ३ । ३ । ३५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपलम्भन–'જણાવવું' અથવા 'સોગન ખાવા'–એવા અર્થવાળા પ્રથમ ગણના ઉભયપદી शप् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

मैत्राय शपते–મૈત્રને પોતાનો અભિપ્રાય જણાવે છે અથવા મૈત્રને સોગન ખાઇને જણાવે છે.

मैत्रं शपति–મૈત્ર પર ગુસ્સો કરે છે–અહીં उपलम्भन અર્થ નથી.

॥ ૩ । ૩ । ૩૫ ॥

## आशिषि नाथः ॥ ३ । ३ । ३६ ॥

પ્રથમ ગણના આત્મનેપદી એવા नाथ ધાતુને કર્તાના અર્થમાં આશીર્વાદનો અર્થ જણાતો હોય તો આત્મનેપદ થાય છે.

सर्पिषो नाथते–'મારે ત્યાં ઘી વધે' એવી આશિષ આપે છે.

मधु नाथति–મધુ–મધ–માગે છે. અહીં આશિષ અર્થ નથી.

॥ ૩ । ૩ । ૩૬ ॥

## भुनजोऽत्राणे ॥ ३ । ३ । ३७ ॥

રુધાદિ ગણના પરસ્મૈપદી भुज् ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે. જો 'પાલન કરવું' એવો અર્થ ન હોય તો.

સૂત્રમાં भुनजः' એવો 'न'સહિત નિર્દેશ કરેલ છે તેથી રુધાદિ ગણનો જ भुज ધાતુ અહીં લેવાનો છે, પણ બીજો છટ્ઠા ગણનો भुज ધાતુ અહીં નથી લેવાનો.

ओदनं भुङ्क्ते–ભાત ખાય છે.

ओष्ठौ निर्भुजति–બે ઓઠને–હોઠને–વાંકા કરે છે.–અહીં રુધાદિનો નહીં પણ તુદાદિનો નરહિત. भुज् ધાતુ છે.

पृथ्वीं भुनक्ति–પૃથ્વીનું પાલન કરે છે. અહીં 'પાલન કરવું' એવો અર્થ હોવાથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૩૭ ॥

## हृगो गतताच्छील्ये ॥ ३ । ३ । ३८ ॥

'ગુણ કે ક્રિયાનું કાયમી અનુકરણ કરવું' એવો અર્થ હોય તો अनु સાથેના પ્રથમ ગણના ઉભયપદી हृ ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય.

पैतृकम् अश्वा अनुहरन्ते–ઘોડાઓ પોતાના બાપનું અનુકરણ કરે છે–પોતાના બાપના જેવી ચાલે ચાલે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पितुः अनुहरन्ते–પોતાના બાપનું અનુકરણ કરે છે–પોતાના બાપની જેવી બોલચાલની કે કામકાજની પ્રવૃત્તિ કરે છે.

पितुर्हरति–चोरयति–પિતાનું ચોરે છે. અહીં 'અનુકરણ' અર્થ નથી.

नटो रामम् अनुहरति–નટ રામનો વેશ ભજવતી વખતે રામનું અનુકરણ કરે છે–રામને અનુસરે છે. અહીં કાયમી અનુકરણ નથી.

॥ ૩ । ૩ । ૩૮ ॥

## पूजा-ऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः ॥ ३ । ३ । ३९ ।

સન્માન અર્થમાં, 'આચાર્યની પાસે જવાના' અર્થમાં, પગાર નિમિત્તે પાસે આવવાના અર્થમાં, ઉછાળવાના અર્થમાં, જ્ઞાન–તત્ત્વના નિશ્ચય–અર્થમાં, કર વેરા કે માથા ઉપરનું દેવું ચુકવી આપવાના અર્થમાં, અને ધર્મ વગેરેની પ્રવૃત્તિ માટે તીર્થયાત્રા વગેરેનિમિત્તે ખર્ચ કરવાના અર્થમાં પ્રથમ ગણના ઉભયપદી नी ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

पूजा–नयते विद्वान् स्याद्वादे–વિદ્વાન્ માણુસ સ્યાદ્વાદમાં શિષ્યોને સ્થિર કરે છે તેથી સ્યાદ્વાદને બરાબર જાણનારા શિષ્યો સમાજમાં પૂજા–આદર–પામે છે.

आचार्यक–माणवकम् उपनयते–પોતે આચાર્ય હોવા છતાંય ભણવા માટે શિષ્યોને આચાર્ય પોતાની પાસે બોલાવે છે.

भृति–कर्मकरान् उपनयते–પગાર આપવાને નિમિત્તે માલિક પોતાના નોકરોને પાસે બોલાવે છે.

उत्क्षेप–शिशुम् उदानयते–બાળકને ઉછાળે છે.

ज्ञान–नयते तत्त्वार्थे–તત્ત્વના અર્થના સંબંધમાં નિશ્ચય કરે છે.

विगणन–मद्राः कारं विनयन्ते–મદ્ર દેશના લોકો પોતાનો કર ભરી આપે છે.

व्यय–शतं विनयते–તીર્થયાત્રા વગેરેની પ્રવૃત્તિમાં સો રૂપિયાનો ખર્ચ કરે છે.

अजां नयति ग्रामम्–બકરીને ગામ તરફ લઈ જાય છે. અહીં ઉપર જણાવેલો કોઈ અર્થ નથી માટે આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कर्तृस्थामूर्ताऽऽप्यात् ॥ ३ । ३ । ४० ॥

સકર્મક ની ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થઈ જાય છે. જો ની ધાતુનું કર્મ અમૂર્ત હોય એટલે આંખે દેખાય એવું ન હોય તો અને એ કર્મ કર્તામાં રહેલું હોય તો.

क्रोधं विनयते–ક્રોધને ખંખેરી નાંખે છે–દૂર કરે છે.

श्रमम् विनयते–થાક ઉતારે છે.

અહીં 'ક્રોધ' અને 'થાક' નહીં દેખાય એવા કર્મરૂપ છે અને તે કર્મ, કર્તામાં પોતામાં જ રહેલાં છે.

चैत्रो मैत्रस्य मन्युं विनयति–ચૈત્ર મૈત્રના ક્રોધને શાંત કરે છે. અહીં કર્મ અમૂર્ત છે એટલે દેખાય એવું તો નથી પણ કર્તામાં રહેલું નથી તેથી આત્મનેપદ ન થાય.

गडुं विनयति–ગૂમડાને ખંજવાળે છે–અહીં કર્મ દેખાય એવું છે.

बुद्धया विनयति–બુદ્ધિ વડે દૂર કરે છે–અહીં 'બુદ્ધિ' અમૂર્ત તો છે પણ કર્મ નથી. ॥ ૩ । ૩ । ૪૦ ॥

## शदेः शिति ॥ ३ । ३ । ४१ ॥

પ્રથમ ગણમાં આવેલા ज्वलादि ગણમાં નોંધાયેલા પરસ્મૈપદી शद ધાતુને વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તનીના આત્મનેપદના शित् સંજ્ઞાવાળા પ્રત્યયો લાગે છે એટલે જ્યારે शद् ધાતુને 'વર્તમાના' વગેરે ચારમાં વાપરવાનો હોય ત્યારે તેને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય.

शीयते–દુઃખી થાય છે.

અહીં માત્ર એક 'વર્તમાના'નું ઉદાહરણ આપેલ છે તેથી સપ્તમી વગેરેનાં शीयेत વગેરે બીજાં ઉદાહરણો સ્વયં સમજી લેવાં.

शत्स्यति–દુઃખી થશે. અહીં શિતસંજ્ઞાવાળો પ્રત્યય નથી. ભવિષ્યન્તીનો પ્રત્યય છે તેથી આત્મનેપદ ન થાય. शित् અંગે જુઓ સૂત્ર ॥ ૩ । ૩ । ૧૦ ॥

॥ ૩ । ૩ । ૪૧ ॥

## म्रियतेरद्यतन्याशिषि च ॥ ३ । ३ । ४२ ॥

તુદાદિગણના પરસ્મૈપદી मृ ધાતુને કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે, જો मृ ધાતુને વર્તમાના, સપ્તમી, પંચમી, હ્યસ્તની, અદ્યતની અને આશિષ વિભક્તિઓના પ્રત્યયો લાગવાના હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાના-म्रियते-મરે છે.

સપ્તમી-म्रियेत-મરે.

પંચમી-म्रियताम्-મરો.

હ્યસ્તની-अम्रियत-ગઈ કાલે મરી ગયો.

અદ્યતની-अमृत-આજે મરી ગયો.

આશીઃ-मृषीष्ट-મરી જાઓ.

ममार-મરી ગયો-અહીં 'પરોક્ષા' વિભક્તિનો પ્રત્યય લાગેલ છે તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૪૨ ॥

## क्यङ्‌षो नवा ॥ ३ । ३ । ४३ ।

જેને છેડે क्यङ्‌ष् પ્રત્યય છે એવા ધાતુને કર્તામાં વિકલ્પે આત્મનેપદ થાય છે. क्यङ्‌ष् માટે જુઓ સૂત્ર ॥૩।૪।૩૦॥

निद्रायति, निद्रायते-ઊંઘે છે-અનિદ્રામાંથી નિદ્રામાં જાય છે.

॥ ૩ । ૩ । ૪૩ ॥

## द्युद्‌भ्योऽद्यतन्याम् ॥ ३ । ३ । ४४ ॥

પ્રથમ ગણની અંતર્ગતના દ્યુતાદિગણમાં આવેલા આત્મનેપદી દ્યુત આદિ ત્રેવીશ ધાતુઓને અદ્યતનીમાં કર્તામાં એટલે કર્તરિપ્રયોગમાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

व्यद्युतत्, व्यद्योतिष्ट-આજે વિશેષ પ્રકાશ થયો.

अरुचत्, अरोचिष्ट-આજે રુચિ થઈ.

द्युत्, रुच्, घुट्, रुट्, लुट्, लुठ्, श्वित्, मिद्, श्विद्, क्ष्विद्, शुभ्, क्षुभ्, नभ्, तुभ्, स्रम्भ्, भ्रंश्, स्रंस्, ध्वंस् वृत्, स्यन्द्, वृध्, शृध्, कृप्-આ દ્યુતાદિ છે.

આ રીતે બધા દ્યુતાદિ ધાતુઓનાં અદ્યતનીનાં રૂપો સમજવાં

द्योतते-પ્રકાશે છે.-અહીં અદ્યતની નથી, પણ વર્તમાના વિભક્તિ છે તેથી વિકલ્પે આત્મનેપદ ન થયું. ॥ ૩ । ૩ । ૪૪ ॥

## वृद्‌भ्यः स्य-सनोः ॥ ३ । ३ । ४५ ॥

ભવિષ્યન્તી અને ક્રિયાતિપત્તિના स्य આદિવાળા પ્રત્યયો લાગ્યા હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે અને सन् પ્રત્યય લાગ્યો હોય ત્યારે પ્રથમગણની અંદર આવેલા ધુતાદિગણના આત્મનેપદી એવા વૃતાદિના वृत्, स्यन्द्, वृध्, शृध् અને कृप् એ પાંચ ધાતુઓને કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે

ભવિષ્યન્તી–वर्त्स्यति, वर्तिष्यते–વર્તશે.

वर्त्स्यन्. वर्तिष्यमाणः–વર્તવાનો.

ક્રિયાતિપત્તિ–अवर्त्स्यत्, अवर्तिष्यत–વર્ત્યા હોત.

સન્–विवृत्सति, विवर्तिषते–વર્તવાને ઈચ્છે છે.

वर्तते–વર્તે છે.–અહીં ભવિષ્યન્તીના કે ક્રિયાતિપત્તિના પ્રત્યયો નથી તથા સન્ પ્રત્યય પણ નથી; વર્તમાના છે તેથી વિકલ્પે આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૪૫ ॥

## कृपः श्वस्तन्याम् ॥ ३ । ३ । ४६ ॥

પ્રથમ ગણના અને ઉપર જણાવેલ વૃતાદિ ગણમાં આવેલ આત્મનેપદી कृप् ધાતુને શ્વસ્તની વિભક્તિ લાગી હોય ત્યારે કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

कल्प्तासि, कल्पितासि–આવતી કાલે તું સમર્થ થઈશ. ॥ ૩ । ૩ । ૪૬ ॥

## क्रमोऽनुपसर्गात् ॥ ३ । ३ । ४७ ॥

પ્રથમ ગણના પરસ્મૈપદી અને ઉપસર્ગ વિનાના क्रम् ધાતુને કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

क्रमते क्रामति–તે ચાલે છે.

अनुक्रामति–તે પાછળ ચાલે છે–અહીં ઉપસર્ગ છે તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૪૭ ॥

## वृत्ति-सर्ग-तायने ॥ ३ । ३ ४८ ॥

वृत्ति–અપ્રતિબંધ–અર્થને, सर्ग–ઉત્સાહ–અર્થને અને तायन–વૃદ્ધિ–અર્થને સુચવતા क्रम् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

वृत्ति–शास्त्रेऽस्य क्रमते बुद्धिः–શાસ્ત્રમાં આની બુદ્ધિ ક્યાંઈ અટકતી નથી.

सर्ग–सूत्राय क्रमते–સૂત્રના અભ્યાસ માટે ઉત્સાહ રાખે છે.

तायन–क्रमन्तेऽस्मिन् योगाः–આમાં યોગો વધે છે.

॥ ૩ । ૩ । ૪૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## परोपात् ॥ ३ । ३ । ४९ ॥

परा અને उप ઉપસર્ગ પછી અપ્રતિબંધ, ઉત્સાહ કે વૃદ્ધિ અર્થના સૂચક क्रम् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

वृत्ति–पराक्रमते–કોઈથી રોકાયા વિના પરાક્રમ કરે છે.

उत्साह–उपक्रमते–ઉત્સાહપૂર્વક આરંભ કરે છે.

अनुक्रामति–પાછળ જાય છે.–અહીં परा કે उप ઉપસર્ગ નથી.

पराक्रमति–શરપણું બતાવે છે અથવા પાછો ફરે છે.–અહીં वृत्ति આદિ અર્થો નથી. ॥ ૩ । ૩ । ૪૯ ॥

## वेः स्वार्थे ॥ ३ । ३ । ५० ॥

'કર્તા પોતાને જ પગે ચાલતો હોય' એવા અર્થના સૂચક તથા वि ઉપસર્ગ સાથેના क्रम् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

साधु विक्रमते गजः–હાથી સારું ચાલે છે.

गजेन विक्रामति–હાથી વડે ચાલે છે.–અહીં કર્તા પોતાને જ પગે ચાલતો નથી, પણ હાથીને પગે ચાલે છે. ॥ ૩ । ૩ । ૫૦ ॥

## प्रोपादारम्भे ॥ ३ । ३ । ५१ ॥

प्र અને उप ઉપસર્ગ પછી આવેલ क्रम् ધાતુને 'આરંભ' અર્થ હોય તો કર્તામાં આત્મનેપદ થઈ જાય છે.

प्रक्रमते भोक्तुम्–ખાવાની શરૂઆત કરે છે.

उपक्रमते भोक्तुम्– ,, ,, ,, ,,

प्रक्रामति–આગળ ચાલે છે.–અહીં 'આરંભ' અર્થ નથી. ॥ ૩ । ૩ । ૫૧ ॥

## आङो ज्योतिरुद्गमे ॥ ३ । ३ । ५२ ॥

आ ઉપસર્ગ સાથેના અને 'ચંદ્ર, સૂર્ય વગેરેનું ઊગવું" એવા અર્થવાળા क्रम् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

आक्रमते चन्द्रः सूर्यो वा–ચંદ્ર અથવા સૂર્ય ઊગે છે.

आक्रामति बटुः कुतुपम्–બટુ કુડલાને ઊંચો કરીને ટેકો આપે છે–અહીં 'ચંદ્રનું કે સૂર્યનું ઊગવું' અર્થ નથી તેથી આત્મનેપદ ન થાય,

॥ ૩ । ૩ । ૫૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दागोऽस्वाऽऽस्यप्रसार-विकासे ॥ ३ । ३ । ५३ ॥

આ ઉપસર્ગ સાથેના दाग् (અદાદિ ગણના ઉભયપદી) ધાતુને કર્તામાં આત્મનેપદ થાય પણ 'કર્તાનું પોતાનું મોં પહોળું કરવું—ફેલાવવું કે કર્તાનો પોતાનો વિકાસ કરવો' એવો અર્થ ન હોવો જોઈએ,

विद्याम् आदत्ते—વિદ્યા ગ્રહણ કરે છે.

उष्ट्रो मुखं व्याददाति—ઊંટ મોં પહોળું કરે છે. અહીં 'પહોળું કરવું' અર્થ છે તેથી આત્મનેપદ ન થાય.

कूलं व्याददाति—કાંઠો વિકાસ પામે છે. અહીં 'વિકાસ' અર્થ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૩ । ૫૩ ॥

## नु-प्रच्छः ॥ ३ । ३ । ५४ ॥

આ ઉપસર્ગ સાથેના नु તથા प्रच्छ् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

नु ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે અને प्रच्छ् ધાતુ છઠ્ઠા ગણનો પરસ્મૈપદી છે

आनुते शृगालः—શિયાળ ઉત્સાહમાં આવીને લાળીનો અવાજ કરે છે.
आपृच्छते गुरून्—ગુરુઓને પૂછે છે. ॥ ૩ । ૩ । ૫૪ ॥

## गमेः क्षान्तौ ॥ ३ । ३ । ५५ ॥

क्षान्ति—ખમવું—વાટ જોવી—એવા અર્થના સૂચક તથા આ ઉપસર્ગ સાથે આવેલા गमय् (गम्+णि) ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

गम् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે

आगमयते गुरुम्—ગુરુની થોડી રાહ જૂએ છે.

विद्याम् आगमयति—વિદ્યાને આવવા દે છે—ગ્રહણ કરે છે.—અહીં क्षान्ति અર્થ નથી. ॥ ૩ । ૩ । ૫૫ ॥

## ह्वः स्पर्द्धे ॥ ३ । ३ । ५६ ॥

આ ઉપસર્ગ સાથેના ह्वेग् ધાતુનો અર્થ 'સ્પર્ધા' જણાતો હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે.

ह्वेग् ધાતુ પહેલા ગણનો ઉભયપદી છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मल्लो मल्लम् आह्वयते–એક મલ્લ બીજા મલ્લને આહ્વાન કરે છે એટલે બીજા મલ્લ જોડે સ્પર્ધા કરતો લલકારે છે.

गाम् आह्वयति-ગાયને બોલાવે છે.—અહીં 'સ્પર્ધા' અર્થ નથી.

॥ ૩ । ૩ । ૫૬ ॥

## सम्-नि-वेः ॥ ३ । ३ । ५७ ॥

સમ્, નિ અને વિ માંના કોઈ એક ઉપસર્ગ સાથેના હ્વે ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

संह्वयते–સારી રીતે બોલાવે છે.

निह्वयते–આમંત્રણ આપે છે.

विह्वयते–આલાપ કરે છે–બોલાવે છે. ॥ ૩ । ૩ । ૫૭ ॥

## उपात् ॥ ३ । ३ । ५८ ॥

ઉપ ઉપસર્ગ સાથેના હ્વે ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

उपह्वयते–આલાપ કરે છે–બોલાવે છે. ॥ ૩ । ૩ । ૫૮ ॥

## यमः स्वीकारे ॥ ३ । ३ । ५९ ॥

स्वकार એટલે પોતાનું કરવું અને स्वीकार એટલે 'જે પોતનું ન હોય તેને પોતાનું કરવું' स्व શબ્દને च्वि પ્રત્યય લાગીને स्वी શબ્દ બનેલ છે. તેથી તેનો આવો અર્થ થયેલ છે.

स्वीकार–'જે વસ્તુ પોતાની ન હોય તેને પોતાની કરવી' એવો च्वि પ્રત્યય દ્વારા સૂચિત થતા અર્થની જેવો અર્થ જણાતો હોય ત્યારે उप ઉપસર્ગ સાથેના પહેલા ગણના પરસ્મૈપદી यम् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

कन्याम् उपयच्छते–કન્યાનો સ્વીકાર કરે છે–તેની સાથે વિવાહ કરે છે–જે કન્યા અત્યાર સુધી પોતાની વહૂ ન હતી તેને પોતાની વહૂ કરે છે.

उपायंस्त महास्त्राणि–મોટાં શસ્ત્રોને સ્વીકાર્યાં–જે મોટાં શસ્ત્રો પોતાનાં ન હતાં તેમને પોતાનાં કર્યાં–પોતાના કબજામાં લીધાં.

शाटकान् उपयच्छति–સાડલાઓને સ્વીકારે છે એટલે સાડલાઓનું ગ્રહણ કરે છે. અહીં 'પોતાનું ન હોય તેને પોતાનું કરવું' એવા અર્થવાળો સ્વીકાર નથી. ॥ ૩ । ૩ । ૫૯ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## देवार्चा-मैत्री-सङ्गम पथिकर्तृक-मन्त्रकरणे स्थः ॥ ३ । ३ ।६०॥

देवार्चा–દેવોની પૂજા કરવી, मैत्री–મૈત્રી કરવી, संगम–મળવું, એવા ત્રણમાંના કોઈ એક અર્થમાં, उप ઉપસર્ગ સાથેના स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય, તથા જો स्था ધાતુનો કર્તા 'રસ્તો' હોય તથા स्था ધાતુના કર્તાનું 'મંત્ર'રૂપ કરણ હોય એટલે 'સ્થિતિ' ક્રિયામાં 'મંત્ર'રૂપ સાધન–કરણ–હોય તો उप ઉપસર્ગ સાથેના પ્રથમ ગણના પરસ્મૈપદી स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

देवार्चा–जिनेन्द्रम् उपतिष्ठते–જિનેંદ્રની પૂજા કરવા જાય છે.

मैत्री–रथिकान् उपतिष्ठते–રથવાળાઓની મૈત્રી કરવા એમની સાથે જાય છે,
અથવા રથવાળાઓ મિત્ર હોવાથી એમની આરાધના કરે છે.

सङ्गम–यमुना गङ्गाम् उपतिष्ठते–યમુના ગંગાને મળે છે.

पन्थाः कर्ता यस्य तत्र–स्रुघ्नम् उपतिष्ठते अयम् पन्थाः–આ રસ્તો સ્રુઘ્ન નામના સ્થળ તરફ જાય છે.

मन्त्रः करणं यस्य–ऐन्द्र्या गार्हपत्यम् उपतिष्ठते–ઐંદ્રી મંત્ર વડે ગાર્હપત્યની આરાધના કરે છે. ॥ ૩ । ૩ । ૬૦ ॥

## वा लिप्सायाम् ॥ ३ । ३ । ६१ ॥

લિપ્સા–'લાભ મેળવવાની ઇચ્છા'–અર્થ જણાતો હોય તો उप ઉપસર્ગ સાથેના स्था ધાતુને કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

भिक्षुः दातृकुलम् उपतिष्ठते–ભિક્ષુ, દાતારના કુળમાં કાંઈ મેળવવાની ઇચ્છાથી ઉપસ્થિત થાય છે. ॥ ૩ । ૩ । ૬૧ ॥

## उदोऽनूर्ध्वेहे ॥ ३ । ३ । ६२ ॥

'ઊભા થવાની ચેષ્ટા કરવી' એવો અર્થ ન હોય પણ માત્ર 'ઉદ્યમ કરવો'–ચેષ્ટા કરવી–એવો અર્થ હોય તો उत् ઉપસર્ગ સાથેના स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

मुक्तौ उत्तिष्ठते–મુક્તિ માટે ઊભો થાય છે– ઉદ્યમ કરે છે.

आसनाद् उत्तिष्ठति–આસનથી ઊભો થાય છે–અહીં 'ઊભા થવાની' ચેષ્ટા અર્થ છે.

ग्रामाच्छतमुत्तिष्ठति–ગામમાંથી સો રૂપિયા ઉભા થાય છે–ઉત્પન્ન થાય છે–અહીં ચેષ્ટા જ નથી ॥ ૩ । ૩ । ૬૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सं-वि-प्राऽवात् ॥ ३ । ३ । ६३ ॥

सम्, वि, प्र અને अव ઉપસર્ગ સાથેના स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

संतिष्ठते–સારી રીતે રહે છે–સ્થિર રહે છે.

वितिष्ठते- વિશેષ રીતે રહે છે.

प्रतिष्ठते–પ્રસ્થાન કરે છે.

अवतिष्ठते–સ્થિર રહે છે. ॥ ૩ । ૩ । ૬૩ ॥

## ज्ञीप्सा–स्थेये ॥ ३ । ३ । ६४ ॥

ज्ञीप्सा–'પોતાની જાતને જાહેર કરવી' અથવા 'પોતાનો અભિપ્રાય બતાવવો' એવા અર્થમાં स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે. તથા 'ફેંસલો આપનાર સભ્ય સાથે' स्था ધાતુના અર્થનો સંબંધ હોય તો પણ स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

ज्ञीप्सा–तिष्ठते कन्या छात्रेभ्यः–વિદ્યાર્થીઓ માટે કન્યા ઊભી રહે છે એટલે વિદ્યાર્થીઓને પોતાનો અભિપ્રાય બતાવવા કન્યા ઊભી રહે છે.

स्थेय-त्वयि तिष्ठते विवादः–આ વિવાદનો ફેંસલો તારામાં–તારા ઉપર–છે –આ વિવાદ તને સોંપ્યો. ॥ ૩ । ૩ । ૬૪ ॥

## प्रतिज्ञायाम् ॥ ३ । ३ । ६५ ॥

પ્રતિજ્ઞા–'અમુક પ્રકારની માન્યતાનો સ્વીકાર'–અર્થવાળા स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

नित्यं शब्दम् आतिष्ठते–'શબ્દ નિત્ય છે' એમ માને છે. ॥ ૩ । ૩ । ૬૫ ॥

## समो गिरः ॥ ३ । ३ । ६६ ॥

सम् ઉપસર્ગ સાથેના પ્રતિજ્ઞા અર્થવાળા गॄ ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

गॄ ધાતુ તુદાદિ ગણનો પરસ્મૈપદી છે.

स्याद्वादं संगिरते–સ્યાદ્વાદને સ્વીકારે છે.

'અહીં નવમા ગણનો 'શબ્દ' અર્થવાળો गॄ ધાતુ ન લેવો એમ સુચવવા મૂળ સૂત્રમાં गिरः એમ જણાવેલ છે ॥ ૩ । ૩ । ૬૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अवात् ॥ ३ । ३ । ६७ ॥

अव ઉપસર્ગ સાથેના તુદાદિ ગણના गॄ ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

अवगिरते–તે ગળી જાય છે. ॥ ૩ । ૩ । ૬૭ ॥

## निह्नवे ज्ञः ॥ ३ । ३ । ६८ ॥

निह्नव–'અપલાપ કરવો'–ખોટું બોલવું–કર્યું હોય છતાં ના પાડવી–એવા અર્થવાળા ज्ञा ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

शतम् अपजानीते–સો રૂપિયાનો અપલાપ કરે છે–ખોટું બોલે છે અર્થાત્ સો રૂપિયા લીધા છે છતાં ઈન્કાર કરે છે.

॥ ૩ । ૩ । ૬૮ ॥

## सं-प्रतेरस्मृतौ ॥ ३ । ३ । ६९ ॥

सम् અને प्रति ઉપસર્ગ સાથે ज्ञा ધાતુને 'સ્મૃતિ' અર્થ ન હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે.

शतं संजानीते–સોને–સેંકડાને–જુએ છે.

शतं प्रतिजानीते–સોની રકમનો સ્વીકાર કરે છે.

मातुः संजानाति–માતાને યાદ કરે છે.–અહીં 'સ્મૃતિ' અર્થ છે.

॥ ૩ । ૩ । ૬૯ ॥

## अननोः सनः ॥ ३ । ३ । ७० ॥

ज्ञा ધાતુને सन् પ્રત્યય લાગ્યો હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે, પણ ज्ञा ધાતુ अनु સાથે ન હોવો જોઈએ.

धर्मं जिज्ञासते–ધર્મને જાણવાની ઈચ્છા કરે છે.

धर्मम् अनुजिज्ञासति–ધર્મ વિશે અનુજ્ઞા મેળવવા ઈચ્છે છે–અહીં अनु ઉપસર્ગ છે. ॥ ૩ । ૩ । ૭૦ ॥

## श्रुवोऽनाङ्-प्रतेः ॥ ३ । ३ । ७१ ॥

જેને છેડે सन् પ્રત્યય છે એવા श्रु ધાતુને કર્તામાં આત્મનેપદ થાય પણ आ અને प्रति ઉપસર્ગ સાથે श्रु ધાતુ ન હોવો જોઈએ.

'સાંભળવા' અર્થનો श्रु ધાતુ પાંચમા ગણનો પરસ્મૈપદી છે.

शुश्रूषते गुरून्-ગુરુઓને સાંભળવાને ઈચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आशुश्रूषति-મર્યાદામાં સાંભળવાને ઇચ્છે છે.
प्रतिशुश्रूषति-સામે સાંભળવાને ઇચ્છે છે.

આ બે પ્રયોગોમાં श्रु ધાતુ સાથે નિષેધ કરેલા आ અને प्रति ઉપસર્ગો છે ॥ ૩ । ૩ । ૭૧ ॥

## स्मृ-दृशः ॥ ३ । ३ । ७२ ॥

છેડે सन् પ્રત્યય હોય એવા स्मृ અને दृश् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

सुस्मूर्षते- સ્મરણ કરવાને ઇચ્છે છે.

दिदृक्षते-દર્શન કરવાને ઇચ્છે છે.

'ચિંતન' અર્થનો स्मृ ધાતુ તથા 'પ્રેક્ષણ' અર્થનો दृश् ધાતુ-આ બન્ને ધાતુઓ પહેલા ગણના પરસ્મૈપદી છે

॥ ૩ । ૩ । ૭૨ ॥

## शको जिज्ञासायाम् ॥ ३ । ३ । ७३ ॥

सन् પ્રત્યયવાળો તથા जिज्ञासा-જાણવાની ઇચ્છા-ના અર્થ સાથે સંબંધ ધરાવતા शक् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

'શક્તિ' અર્થનો शक् ધાતુ પાંચમા ગણનો પરસ્મૈપદી છે.

विद्याः शिक्षते-વિદ્યાઓને જાણવાને સમર્થ છું તેથી તેમને-વિદ્યાઓને-ઇચ્છે છે.

शिक्षति-સમર્થ થવાને ઇચ્છે છે.-અહીં 'જિજ્ઞાસા' નથી.

॥ ૩ । ૩ । ૭૩ ॥

## प्राग्वत् ॥ ३ । ३ । ७४ ॥

सन् પ્રત્યય લાગ્યા પહેલાં જો ધાતુ આત્મનેપદી હોય તો તેને सन् લાગ્યા પછી પણ કર્તામાં આત્મનેપદ થાય.

शिशयिषते-સૂવાને ઇચ્છે છે.

अश्वेन संचिचरिषते-ઘોડા વડે સંચાર કરે છે-ચાલવાની ઇચ્છા રાખે છે.

જુઓ ।૩।૩।૩૨। ॥ ૩ । ૩ । ૭૪ ॥

## आमः कृगः ॥ ३ । ३ । ७५ ॥

પરોક્ષા વિભક્તિમાં કેટલાક ધાતુઓને आम् પ્રત્યય લાગે છે. (आम् માટે જુઓ ૩।૪।૪૬ સૂત્ર) અને તે પછી कृ ધાતુ વપરાય છે. आम्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગ્યા પહેલાં જો ધાતુ આત્મનેપદી હોય તો आम् પછી લાગેલા कृ ધાતુને પણ કર્તામાં આત્મનેપદ થાય અને आम् લાગ્યા પહેલાં ધાતુ જો પરસ્મૈપદી હોય તો आम् પછી कृ ધાતુને કર્તામાં પરસ્મૈપદ થાય છે. તાત્પર્ય એ કે, आम् પહેલાં જેવો ધાતુ હોય તેવો कृ ધાતુને સમજવો.

"કરવું" અર્થનો कृ ધાતુ પહેલા ગણનો ઉભયપદી છે.

આત્મ૦–ईह्+कृ=ईह्+आम्+कृकृ+ए=ईहाम्+चकृ+ए=ईहांचक्रे–ચેષ્ટા કરી.

પરસ્મૈ૦–भी+कृ=भीभी+कृ= बिभी=आम्+ कृकृ+णव्=बिभयाम्+चकृ+ण= बिभयांचकार–ભય પામ્યો.

ईक्षामास–જોયું.–અહીં आम् પછી कृ ધાતુ નથી પણ अस् ધાતુ છે.

॥ ૩ । ૩ । ૭૫ ॥

## गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे

॥ ३ । ३ । ७६ ॥

गन्धन–દ્રોહ બુદ્ધિથી બીજાના દોષને ખુલ્લા કરવા,

अवक्षेप–નિંદા કરવી,

सेवा–બીજાને અનુસરવું–સહાય કરવી.

साहस–સારા–નરસાનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરવી.

प्रतियत्न–કોઈ વસ્તુમાં ગુણનું સ્થાપન થાય એ માટે વારંવાર પ્રયત્ન કરવો.

प्रकथन–કહેવાની શરૂઆત કરવી અથવા પ્રકર્ષપૂર્વક કહેવું.

उपयोग–ધર્મ વગેરેના કાર્ય માટે ખર્ચ કરવો.

ઉપર જણાવેલા કોઈપણ અર્થના સૂચક એવા कृ ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

गन्धन–उत्कुरुते–દ્રોહબુદ્ધિથી બીજાના દોષોને ઉઘાડા કરે છે.

अवक्षेप–दुर्वृत्तान् अवकुरुते–દુશ્ચરિત લોકોની નિંદા કરે છે.

सेवा–महामात्रान् उपकुरुते–મહાવતોનો ઉપકાર કરે છે–સેવા કરે છે–સહાય કરે છે.

साहस–परदारान् प्रकुरुते–પરસ્ત્રીઓ તરફ જાય છે.

प्रतियत्न–एधोदकस्य उपस्कुरुते–કોઈ ગુણ આવે તે માટે લાકડાને પાણીમાં વારંવાર ઝબોળ્યા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रकथन–जनवादान् प्रकुरुते–લોકવાદોને એટલે લોકમાં પ્રચલિત કહેવતોને કહે છે.

उपयोग–शतं प्रकुरुते–ધર્મ વગેરેના કામ માટે સો રૂપિયાનો ખર્ચ કરે છે. ॥ ૩ । ૩ । ૭૬ ॥

## अधेः प्रसहने ॥ ३ । ३ । ७७ ॥

'બીજાને હરાવવો' અથવા 'બીજા વડે પરાજય ન પામવો' અથવા 'ક્ષમા રાખવી' એટલે ઉપેક્ષા કરવી અથવા 'વધારે સહન કરવું' એવા અર્થવાળો कृ ધાતુ अधि સાથે હોય તો કર્તામાં આત્મનેપદ થઈ જાય છે.

प्रसहन–तं हा ! अधिचक्रे–હાય ! તેને હરાવ્યો અથવા તેનાથી હાર્યો નહીં, અથવા તે તરફ ક્ષમા રાખી–ઉપેક્ષા કરી એટલે તેને જવા દીધો, અથવા વધારે સહન કર્યું.

तम् अधिकरोति–તેને અધિકાર આપે છે–અહીં 'પ્રસહન' અર્થ નથી તેથી આત્મનેપદ ન થયું. ॥ ૩ । ૩ । ૭૭ ॥

## दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः ॥ ३ । ३ । ७८ ॥

दीप्ति–પ્રકાશિત થવું, ज्ञान–અવબોધ, यत्न–ઉત્સાહ, विमति–વિવાદ, उपसंभाषा–સાંત્વન કરવું અથવા ઉપાલંભ દેવો, उपमन्त्रण–એકાંતમાં લલચાવવું.

આ ઉપર જણાવેલ કોઈ એક અર્થવાળા वद् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

'સ્પષ્ટ બોલવા'ના અર્થવાળો वद् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

दीप्ति–वदते विद्वान् स्याद्वादे–સ્યાદ્વાદના વિષયમાં બોલતો વિદ્વાન્ દીપે છે ઝળકે છે–પ્રકાશિત થાય છે.

ज्ञान–वदते धीमान् तत्त्वार्थे–બુદ્ધિમાન પુરુષ તત્ત્વાર્થસૂત્રના સંબંધમાં જાણે છે.

यत्न–तपसि वदते–તપમાં ઉત્સાહ બતાવે છે.

विमति–धर्मे विवदन्ते–ધર્મના વિષયમાં વિવાદ કરે છે.

उपसंभाषा–कर्मकरान् उपवदते–નોકરોને સાંત્વન આપે છે.

उपमन्त्रण–कुलभार्याम् उपवदते–કુલભાર્યાને–કુલીન સ્ત્રીને–એકાંતમાં લલચાવે છે. ॥ ૩ । ૩ । ૭૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## व्यक्तवाचां सहोक्तौ ॥ ३ । ३ । ७९ ॥

જેમની વાણી સ્પષ્ટ સમજાય એવી હોય એવા મનુષ્ય વગેરે ભેગા થઈને સમૂહમાં બોલે તેનું નામ સહોક્તિ. સહોક્તિ અર્થવાળા वद् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

संप्रवदन्ते ग्राम्याः–ગામડાના માણસો ભેગા થઈને એક સાથે બોલે છે. संप्रवदन्ति शुकाः–પોપટો એક સાથે બોલે છે—અહીં એક સાથે બોલનારા પોપટો છે. જેઓની વાણી વ્યક્ત-તદ્દન સ્પષ્ટ-નથી.

चैत्रेणोक्ते मैत्रो वदति–ચૈત્રના બોલી રહ્યા પછી મૈત્ર બોલે છે—અહીં સહોક્તિ નથી. ॥ ૩ । ૩ । ૭૯ ॥

## विवादे वा ॥ ३ । ३ । ८० ॥

ઘણા મનુષ્યો ભેગા થઇને એક બીજાથી પરસ્પર વિરુદ્ધ એક સાથે બોલે તે વિવાદ. આ અર્થવાળા वद् ધાતુને કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

विप्रवदन्ते, विप्रवदन्ति वा मौहूर्ताः–ભેગા થયેલ જ્યોતિષીઓ બારે વિવાદ કરે છે.

संप्रवदन्ते वैयाकरणाः–ભેગા મળેલા વ્યાકરણના પંડિતો પરસ્પર સંવાદ કરે છે—એક બીજાને ટેકો મળે એવું બોલે છે.–અહીં વિવાદ નથી.

मौहूर्तो मौहूर्तेन क्रमाद् विप्रवदति–એક જ્યોતિષી, બીજા જ્યોતિષીના બોલી રહ્યા પછી વિવાદનું વચન બોલે છે. અહીં સહોક્તિ–એક સાથે બોલવા–ની ક્રિયા નથી. ॥ ૩ । ૩ । ૮૦ ॥

## अनोः कर्मण्यसति ॥ ३ । ३ । ८१ ॥

'મનુષ્યોનું સ્પષ્ટ બોલવું' એવા અર્થવાળા તથા अनु ઉપસર્ગ સાથેના वद् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે, જો તેનું કર્મ, પ્રયોગમાં ન બતાવ્યું હોય તો.

अनुवदते चैत्रो मैत्रस्य–ચૈત્ર મૈત્રનો અનુવાદ કરે છે.–જેમ મૈત્ર બોલે છે તેમ બોલે છે.

उक्तमनुवदति–જે કહેલું છે તેને બોલે છે.–અહીં પ્રયોગમાં उक्तम् ને 'કર્મ' બતાવેલ છે.

अनुवदति वीणा–વીણા બોલે છે–વાગે છે.—અહીં સ્પષ્ટ બોલનાર મનુષ્ય નથી. ॥ ૩ । ૩ । ૮૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ज्ञः ॥ ३ । ३ । ८२ ॥

ज्ञा ધાતુને કર્તામાં આત્મનેપદ થાય, જો તેનું કર્મ પ્રયોગમાં ન બનાવ્યું હોય તો,

सर्पिषो जानीते-ઘીના સંબંધમાં જાણે છે એટલે ઘી વડે જમવાની શરૂઆત કરે છે. અહીં ઘી, કર્મ નથી પણ જમવામાં સહાયક સાધન છે. तैलं सर्पिषो जानाति-તેલને ઘીરૂપે જાણે છે-અહીં તેલને 'કર્મ' રૂપે બનાવેલ છે. ॥ ૩ । ૩ । ૮૨ ॥

## उपात् स्थः ॥ ३ । ३ । ८३ ॥

उप ઉપસર્ગ સાથેના स्था ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે, જો પ્રયોગમાં કર્મને ન બતાવ્યું હોય તો.

योगे योगे उपतिष्ठते-દરેક યોગમાં ઉપસ્થિત થાય છે.

राजानम् उपतिष्ठति-રાજાની પાસે જાય છે. આ પ્રયોગમાં राजानम् કર્મ બતાવેલ છે. ॥ ૩ । ૩ । ૮૩ ॥

## समो गम्-ऋच्छि-प्रच्छि-श्रु-वित्-स्वरति-अर्ति-दृशः ॥३।३।८४॥

सम् ઉપસર્ગ પછી गम्, ऋच्छ्, प्रच्छ्, श्रु, वित्, स्वर्, अर्ति એટલે પહેલા તથા બીજા ગણનો ऋ અને दृश् ધાતુઓને જો વાક્યમાં કર્મનો પ્રયોગ કર્યો ન હોય તો કર્તામાં આત્મનેપદ થઈ જાય છે.

संगच्छते-તે મળે છે. 'ગમન' અર્થનો गम् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

समृच्छिष्यते-તે સમાગમ કરશે. ઇંદ્રિયપ્રલય-મોહ-મૂંઝવણુ-અને મૂર્તિભાવ-સાકાર થવું-એમ બે અર્થવાળો ऋच्छ् ધાતુ છઠ્ઠા ગણનો પરસ્મૈપદી છે.

संपृच्छते-તે સારી રીતે પૂછે છે. 'જાણવાની ઇચ્છા' અર્થનો प्रच्छ् ,,

संशृणुते-તે સારી રીતે સાંભળે છે. 'સાંભળવું' અર્થનો श्रु ધાતુ પાંચમા ,,

संवित्ते-તે સારી રીતે જાણે છે. 'જ્ઞાન' અર્થનો विद् ધાતુ બીજા ગણનો ,,
'અહીં' જે विद् ધાતુ 'જ્ઞાન' અર્થવાળો છે તેને જ લેવાનો છે, બીજો કોઈ विद् ધાતુ નથી લેવાનો.

संस्वरते-તે સારી રીતે અવાજ કરે છે स्वर् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે. 'શબ્દ કરવો' અને 'ઉપતાપ' એ એના બે અર્થ છે.

समृच्छते-તે સમાગમ કરે છે. ऋ ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી તથા તેના 'ગતિ' અને 'પ્રાપણ' એ અર્થ છે

समियृते- તે સમાગમ કરે છે. ऋ ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે. તેનો અર્થ 'ગતિ' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संपश्यते–તે સારી રીતે જૂએ છે.

स्वर् ધાતુને અને ऋ ધાતુને यङ્નો લોપ થતાં આ નિયમ ન લાગે.

संगच्छति मैत्रम्–મૈત્રને મળે છે.–અહીં વાક્યમાં કર્મ છે તેથી આત્મનેપદ ન થાય ॥ ૩ । ૩ । ૮૪ ॥

## वेः कृगः शब्दे चानाशे ॥ ३ । ३ । ८५ ॥

वि પછી આવેલા कृ ધાતુને પ્રયોગમાં કર્મ ન હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે તથા કર્મ, પ્રયોગમાં હોય તો શબ્દરૂપ કર્મ હોય ત્યારે કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે. પણ वि પછી આવેલા कृ ધાતુનો 'નાશ' અર્થ ન હોવો જોઈએ.

विकुर्वते सैन्धवाः–સિંધ દેશના ઘોડા સારી ચાલે ચાલે છે.

क्रोष्टा विकुरुते स्वरान्—શિયાળ જૂદા જૂદા પ્રકારના અવાજો કરે છે. અહીં શબ્દરૂપ કર્મ છે.

विकरोति मृदम्–માટીને કેળવે છે. અહીં કર્મનો પ્રયોગ થયેલ છે તથા શબ્દરૂપ કર્મ પણ નથી તેથી આત્મનેપદ ન થાય.

विकरोति अध्यायम्—અધ્યાય–અધ્યયન–નો નાશ કરે છે–અહીં 'નાશ' અર્થ છે તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૮૫ ॥

## आङो यम–हनः स्वेऽङ्गे च ॥ ३ । ३ । ८६ ॥

आ ઉપસર્ગ પછી यम् અને हन् ધાતુઓને જો કર્મ ન હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે તથા કર્મ હોય તો કર્તાનું પોતાનું અંગ જ કર્મ હોય ત્યારે કર્તાના અર્થમાં આત્મનેપદ થાય છે.

આગળ સ્ત્રીપ્રત્યયના પ્રકરણમાં ૨।૪।૩૮। સૂત્રમાં 'સ્વાંગ'ની જે ખાસ વ્યાખ્યા આપેલ છે તેને અહીં લેવાની નથી માટે જ આ સૂત્રમાં स्वाङ्गे ન મુકતાં स्वेऽङ्गे એમ स्व તથા अङ्ग નો જુદો જુદો પ્રયોગ નિર્દેશેલ છે.

आयच्छते–લાંબું કરે છે. आहते वा–અથવા આઘાત કરે છે.

आहते પ્રયોગમાં हन् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે અને 'હિંસા કરવી' તથા 'ગતિ કરવી' એ બે તેના અર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તાનું અંગ--आयच्छते आहते वा पादम्-પગને લાંબો કરે છે અથવા પગને આઘાત કરે છે.

आयच्छति रज्जुम्-દોરડીને લાંબી કરે છે.--અહીં કર્મનો પ્રયોગ છે તેથી તથા જે કર્મ છે તે કર્તાનું પોતાનું અંગ નથી તેથી આત્મનેપદ ન થાય.
॥ ૩ । ૩ । ૮૬ ॥

## व्युदस्तपः ॥ ३ । ३ । ८७ ॥

वि કે उत् ઉપસર્ગ પછી આવેલા तप् ધાતુને જો 'કર્મ' પ્રયોગમાં ન હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે તથા જો કર્મ, પ્રયોગમાં હોય તો કર્તાનું પોતાનું અંગ જ હોય ત્યારે કર્તામાં આત્મનેપદ થાય છે.

तप् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે અને 'તપવું' એ તેનો અર્થ છે.

वितपते, उत्तपते रविः-સૂર્ય ખૂબ તપે છે.

वितपते, उत्तपते पाणिम्-કર્તા પોતાના હાથને તપાવે છે.

॥ ૩ । ૩ । ૮૭ ॥

## अणिक्कर्म-णिक्कर्तृकाण्णिगोऽस्मृतौ ॥ ३ । ३ । ८८ ॥

કર્તરિપ્રયોગમાં એટલે અપ્રેરક અવસ્થામાં જે કર્મ હોય તે જ, પ્રેરક પ્રયોગની અવસ્થામાં કર્તા હોય તો એવા પ્રેરક અર્થના સૂચક णिग् પ્રત્યયવાળા ધાતુને કર્તામાં આત્મનેપદ થાય. આ ધાતુ 'સ્મરણ' અર્થનો સૂચક ન હોવો જોઈએ.

हस्तिपकाः हस्तिनम् आरोहन्ति-હસ્તિપકો-મહાવતો-હાથીના સવારો-હાથી ઉપર ચડે છે. (કર્તરિપ્રયોગ-અપ્રેરક અવસ્થા-અહીં હાથી 'કર્મ' છે)

तान् हस्तिपकान् हस्ती आरोहयते-તેઓને-હાથીની ઉપર ચડનારા સવારોને-હાથી પોતાની ઉપર ચડાવે છે. (પ્રેરક અવસ્થા-અહીં કર્તરિપ્રયોગનો 'કર્મ' રૂપ હાથી, કર્તા છે માટે આત્મનેપદ થઈ ગયું.)

आरोहयति हस्तिपकान् महामात्रः, आरोहयन्ति महामात्रेण हस्तिपकाः-મહાવત હસ્તિપકોને ચડાવે છે. (પ્રેરક અર્થસૂચક), અને હસ્તિપકો મહાવત વડે ચડે છે (પ્રેરણા સૂચક), અહીં 'હસ્તિપક' કર્મ છે તે પ્રેરક અવસ્થાનું કર્મ છે. સૂત્રમાં જણાવ્યા પ્રમાણે 'અપ્રેરક અવસ્થાનું'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ, પ્રેરક અવસ્થામાં કર્તા હોય' એમ હોવું જોઈએ, પણ તેવું આ પ્રયોગમાં નથી. અહીં નો પ્રેરક અવસ્થાનું કર્મ, પ્રેરક અવસ્થામાં કર્તા થયેલ છે તેથી આ પ્રયોગમાં આ નિયમ ન લાગે

આ સૂત્રમાં જે णिग् તથા णिक् શબ્દ નોંધેલ છે તે, 'णिग् શબ્દ દ્વારા પ્રેરણાના જ અર્થમાં (જુઓ ૩।૪।૨૦) આવતો णिग् પ્રત્યય લેવો પણ બીજો કોઈ णिच् (જુઓ ૩।૪।૧૭) તથા णिज् (જુઓ ૩।૪।૪૨) પ્રત્યય અહીં ન લેવો' એવું સમજાવવા સારુ સૂત્રમાં ग्કારવાળો णिग् શબ્દ નોંધેલ છે.

गोपालकः गणं गणयति, गोपालकं गणः प्रेरयति इति गणयते गणो गोपालकम्–ગણુ—ગણનાર, ગાયનું ટોળું ગોવાળિયા પાસે ગણાવે છે. (અહીં કર્તરિપ્રયોગરૂપ મૂળ ક્રિયાપદ गणयति છે. આ ક્રિયાપદ, અપ્રેરક પ્રત્યયવાળું છે–अणिग् પ્રત્યયવાળું છે એટલે णिच् પ્રત્યયવાળું છે, તેનું કર્મ गणम् છે, તે કર્મ, પ્રેરક પ્રયોગ જે गणयते છે તે णिग् પ્રત્યયવાળો છે તેનું કર્તા થયેલ છે તેથી આ પ્રયોગમાં આ નિયમ દ્વારા આત્મનેપદ થયેલ છે તેથી गणयते गणो गोपालकम् પ્રયોગ બરાબર સાધી શકાય છે)

दर्शयति प्रदीपो भृत्यान्–દીવો નોકરોને દેખાડે છે. (અહીં કર્મ, કર્તા નથી પણ કરણ કર્તા છે, મૂળ પ્રયોગ-भृत्याः प्रदीपेन पश्यन्ति એમ છે, તેથી दर्शयते એમ આ નિયમ દ્વારા આત્મનેપદ ન થયું.)

लुनाति केदारं चैत्रः, लूयते केदारः स्वयमेव, तं प्रयुङ्क्ते लावयति केदारं चैत्रः–ચૈત્ર ક્યારાને લણે છે અને ક્યારો પોતાની મેળે લણાય છે. ચૈત્ર ક્યારાને લણાવે છે. (આ પ્રયોગમાં અપ્રેરક અવસ્થાનું કર્મ, કર્તા તો થઈ ગયું છે પણ लू ધાતુનું लूयते ક્રિયાપદ પ્રેરક અવસ્થામાં નથી અને જ્યાં लू ધાતુ પ્રેરક અવસ્થામાં છે ત્યાં 'કેદાર' કર્મ છે, કર્તા નથી. તેથી આ નિયમ દ્વારા लावयते એમ આત્મનેપદ ન થાય.)

आरोहन्ति हस्तिनं हस्तिपकाः, तान् एनम् आरोहयति महामात्रः–હસ્તિપકો હાથી ઉપર ચડે છે અને મહાવત તેમને તેના (હાથીના) ઉપર ચડાવે છે. (આ કર્તરિ પ્રયોગમાં હસ્તી કર્મ છે તે પ્રેરક અવસ્થામાં પણ કર્મ જ રહ્યું છે, કર્તા થયું નથી. તેથી આ નિયમદ્વારા आरोहयते એમ આત્મનેપદ ન થાય.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आरोहन्ति हस्तिनं हस्तिपकाः तान् आरोहयते हस्ती-હસ્તિપકો હાથી ઉપર ચડે છે, હાથી તેમને ચડાવે છે. (આ પ્રયોગમાં એટલે आरोहन्ति हस्तिनं हस्तिपकाः એ પ્રેરક અવસ્થા વિનાના કર્તરિપ્રયોગમાં આત્મનેપદ ન થાય. કર્તરિપ્રયોગમાં અને પ્રેરક અવસ્થાવાળા આ પ્રયોગમાં ધાતુ એક સરખો છે, પણ 'આત્મનેપદ કરતી વખતે ધાતુ પ્રેરક અવસ્થામાં જ હોવો જોઈએ' એવી આ વિધાનની અપેક્ષા છે. તેથી आरोहन्ति ને બદલે आरोहन्ते ન થાય.)

कोकिलः वनगुल्मं स्मरति-કોયલ વનના ગુલ્મને-થડ તથા શાખા વગરના છોડને-યાદ કરે છે. स्मरयति वनगुल्मः कोकिलम्-વનગુલ્મ કોકિલાને સ્મરણ કરાવે છે. (અહીં અપ્રેરક અવસ્થાનું કર્મ, પ્રેરક અવસ્થામાં કર્તા થઈ ગયું છે પણ ધાતુ 'સ્મૃતિ' અર્થવાળો હોવાથી આત્મનેપદ ન થાય.)

॥ ૩ । ૩ । ૮૮ ॥

## प्रगल्भे गृधि-वञ्चेः ॥ ३ । ३ । ८९ ॥

प्रगल्भ-ઠગાઈ-વંચન-અર્થવાળા અને પ્રેરક અવસ્થામાં વપરાયેલા गृध् અને वञ्च् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

गृध् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે અને તેનો અર્થ 'અભિકાંક્ષા રાખવી' છે તથા वञ्च ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે. તેનો અર્થ 'ગતિ' છે.

बटुं गर्धयते-બટુને ઠગે છે.

बटुं वञ्चयते-બટુને ઠગે છે.

श्वानं गर्धयति-કૂતરાને લલચાવે છે-અહીં 'ઠગાઈ' અર્થ નથી.

॥ ૩ । ૩ । ૮૯ ॥

## लीङ्-लिनः अर्चा-अभिभवे च आत् च अकर्तरि अपि ॥ ३ । ३ । ९० ॥

પૂજા, પરાજય અને ઠગાઈ અર્થવાળા તથા પ્રેરક અવસ્થામાં વપરાયેલા ચોથા ગણના આત્મનેપદી ली અને નવમા ગણના પરસ્મૈપદી ली ધાતુને કર્તામાં આત્મનેપદ થઈ જાય છે અને બન્ને लीને બદલે ला રૂપ પણ બોલાય છે તથા કર્તરિપ્રયોગ ન હોય ત્યાં એટલે કર્મણિ વા ભાવે પ્રયોગમાં પણ બન્ને लीને બદલે ला રૂપ વપરાય છે.

*अर्चा-जटाभिः आलापयते*-જટા વડે પૂજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अभिभव–श्येनो वर्तिकाम् अपलापयते–બાજ ચકલીનો પરાભવ કરે છે.

प्रगल्भ–कस्त्वाम् उल्लापयते, તને કોણ ઠગે છે?

जटाभिरालाप्यते जटिलेन–જટિલ વડે જટાઓ દ્વારા પૂજા મેળવાય છે. અકર્તરિપ્રયોગમાં પણ લીનો લા કરવાના વિધાનને કારણે આ કર્મણિ-પ્રયોગમાં પણ લીનો લા થયો છે. ॥ ૩ । ૩ । ૯૦ ॥

## स्मिङः प्रयोक्तुः स्वार्थे ॥ ३ । ३ । ९१ ॥

પ્રેરણા કરનાર દ્વારા જ–બીજા દ્વારા નહીં પણ પ્રેરક દ્વારા જ–સ્વાર્થ જણાતો હોય તો પ્રેરક અવસ્થામાં વપરાયેલા પ્રથમ ગણના અને 'થોડું હસવાના'–'સ્મિત'ના–અર્થવાળા આત્મનેપદી સ્મિ ધાતુને કર્તામાં આત્મનેપદ થઈ જાય છે. તથા સ્મિને બદલે સ્મા રૂપ વપરાય છે અને અકર્તરિપ્રયોગમાં પણ સ્મિને બદલે સ્મા રૂપ વપરાય છે.

जटिलो विस्मापयते–જટિલ–જટાવાળો–લોકોને વિસ્મિત કરે છે. લોકોને વિસ્મિત કરવામાં 'જટિલને ભિક્ષા મળે' એ એનો સ્વાર્થ છે એટલે પ્રેરકનો જ સ્વાર્થ છે એમ સ્પષ્ટ જણાય છે.

रूपेण विस्माययति–રૂપથી વિસ્મિત કરે છે.–અહીં પ્રેરક દ્વારા સ્વાર્થ જણાતો નથી પણ રૂપ દ્વારા પ્રેરક વિસ્મય ઉપજાવે છે એટલે સ્વાર્થના સાધનરૂપે 'રૂપ' છે, પ્રેરક દ્વારા સ્વાર્થ નથી. તેથી આત્મનેપદ ન થાય.

विस्मापनम्–વિસ્મય પમાડવો.–અકર્તરિપ્રયોગમાં પણ સ્મિના સ્મા રૂપના વિધાનને કારણે આ પ્રયોગમાં સ્મિનો સ્મા થઈ ગયો છે.

॥ ૩ । ૩ । ૯૧ ॥

## बिभेतेः भीष् च ॥ ३ । ३ । ९२ ॥

બીજા દ્વારા નહીં પણ પ્રેરણા કરનાર દ્વારા જ સ્વાર્થ જણાતો હોય તો પ્રેરક અવસ્થામાં વપરાયેલા બીજા ગણના 'ભય' અર્થવાળા પરસ્મૈપદી भी ધાતુને કર્તામાં આત્મનેપદ થઈ જાય છે અને भी ને બદલે भीष्નો તથા भाનો પ્રયોગ થાય છે. તેમ જ અકર્તરિપ્રયોગમાં પણ भीનો भीष् તથા भा વારાફરતી થાય છે.

मुण्डो भीषयते, भापयते वा–મુંડો–માથું મુંડાવેલ–માણસ બીવરાવે છે. कुञ्चिकया भाययति–કુંચી દ્વારા બીવરાવે છે–અહીં કરણ દ્વારા સ્વાર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भीषा, भापनम्-ભય.-અકર્તરિપ્રયોગમાં પણ વિધાન કરવાથી આ બન્ને ભાવવાચી નામોમાં भीष् થયો અને भा પણ થયો છે.

॥ ૩ । ૩ । ૯૨ ॥

## मिथ्याकृगोऽभ्यासे ॥ ३ । ३ । ९३ ॥

मिथ्या શબ્દ સાથે જોડાયેલા અને પ્રેરક પ્રયોગવાળા कृ ધાતુને 'વારંવાર કરવું' એવો અર્થ હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે.

पदं मिथ्या कारयते-પદને વારંવાર મિથ્યા કરાવે છે.

पदं साधु कारयति-પદને સારું કરાવે છે.-અહીં मिथ्या શબ્દ નથી.

सकृत् पदं मिथ्या कारयति-એકવાર પદને મિથ્યા કરાવે છે-અહીં 'વારંવાર' અર્થ નથી પણ 'એકવાર' જ અર્થ છે તેથી આત્મનેપદ થયું નથી.

॥ ૩ । ૩ । ૯૩ ॥

## परिमुहायमायसपाट्धेवदवसदमादरुचनृतः फलवति ॥ ३ । ३ । ९४ ॥

परि સાથેનો मुह ધાતુ, आ સાથેનો यम् ધાતુ, आ સાથેનો यस् ધાતુ તેમજ पा, धे, वद्, वस्, दम्, अद्, रुच्, અને नृत् એ પ્રેરક અર્થના-णिगंत-ધાતુઓને કર્તામાં આત્મનેપદ થાય છે, જો ક્રિયાનું પ્રધાન ફળ, કર્તાને મળતું હોય તો.

परिमोहयते चैत्रम्-ચૈત્રને મોહ પમાડે છે. मुह ધાતુ 'મુંઝાવું-'મોહ પામવો' અર્થનો ચોથા ગણનો પરસ્મૈપદી છે.

आयामयते सर्पम्-સર્પને લાંબો કરે છે. यम् ધાતુ 'ઉપરમ' અર્થનો પહેલા ગણનો પરસ્મૈપદી છે.

आयासयते मैत्रम्-મૈત્ર પાસે આયાસ કરાવે છે. 'પ્રયત્ન' અર્થનો यस् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે.

पाययते बटुम्-બાળકને પીવડાવે છે. 'પીવા' અર્થનો पा ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે.

धापयते शिशुम्-નાના બચ્ચાને ધવરાવે છે 'પીવું' અર્થનો धे ધાતુ ,, ,,

वादयते बटुम्-બાળકને બોલાવે છે. 'સ્પષ્ટ બોલવું' અર્થનો वद् ધાતુ ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वासयते पान्थम्–મુસાફરને વસાવે છે. 'નિવાસ' અર્થનો वस् ધાતુ ,, ,,

दमयते अश्वम्–ઘોડાને દમે છે–પલોટે–છે 'દમવું' અર્થનો दम् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે.

आदयते चैत्रेण–ચૈત્ર વડે ખવરાવે છે. 'ભક્ષણ' અર્થનો अद् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે

रोचयते मैत्रम्–મૈત્રને રુચિ પેદા કરે છે, અથવા મૈત્રને ગમાડે છે. 'વિશેષ પ્રીતિ' અને 'દીપ્તિ' અર્થનો रुच ધાતુ પહેલા ગણનો આત્મનેપદી છે.

नर्तयते नटम्–નટને નચાવે છે. नृत् ધાતુ ચોથા ગણનો 'નાચવું' અર્થનો પરસ્મૈપદી છે ॥ ૩ । ૩ । ૯૪ ॥

## ई-गितः ॥ ३ । ३ । ९५ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓ ई નિશાનવાળા છે અને ग् નિશાનવાળા છે, તે ધાતુઓનાં ક્રિયાપદોનો કર્તા 'ફલવાન' હોય તો તેમને–તે ધાતુઓને–કર્તામાં આત્મનેપદ થાય છે. જે ક્રિયા કરવામાં આવે છે તેનું પ્રધાન ફળ સીધું જ કર્તાને મળે ત્યારે કર્તા 'ફલવાન્' કહેવાય.

यजते–યજ્ઞ કરે છે.

यज् ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે અને यज्+ई यजी એમ ई નિશાનવાળો ધાતુપાઠમાં છે, તેના ચાર અર્થો છે–૧ દેવપૂજા, ૨ સંગતિ, ૩ કરવું અને ૪ દાન દેવું.

कृ ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે અને कृग् એમ ग् નિશાનવાળો 'કરવું' અર્થનો છે.

कुरुते–કરે છે.

यजन्ति–તેઓ યજ્ઞ કરે છે. જેમકે–'બ્રાહ્મણો રાજા માટે યજ્ઞ કરે છે.' અહીં યજ્ઞ કરનાર બ્રાહ્મણોને યજ્ઞ કરવાનું જે સીધું સ્વર્ગરૂપ ફળ છે તે મળતું નથી, બ્રાહ્મણોને તો યજ્ઞ કરાવવા માટે દક્ષિણારૂપ ગૌણ ફળ મળે છે. દક્ષિણા, યજ્ઞનું પ્રધાન ફળ નથી તેથી યજ્ઞ કરનાર બ્રાહ્મણો 'ફલવાન્' કર્તા ન ગણાય તેથી यजन्ते પ્રયોગ ન થાય.

कुर्वन्ति–તેઓ કરે છે–જેઓ પૈસા વગેરે લઈને બીજાનું કામ કરે છે તેમને કામ કર્યાનું સીધું ફળ–પ્રતિષ્ઠા યશ–વગેરે–મળતું નથી, એ અપેક્ષાએ અહીં પણ કર્તાને પ્રધાન ફળ મળતું નથી એથી कुर्वते પ્રયોગ ન થાય.

॥ ૩ । ૩ । ૯૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ज्ञः अनुपसर्गात् ॥ ३ । ३ । ९६ ॥

ઉપસર્ગ સિવાયના ज्ञा ધાતુનો કર્તા ફળવાન્ હોય તો કર્તા અર્થમાં ज्ञा ધાતુને આત્મનેપદ થાય છે.

गां जानीते-ગાયને જાણે છે.

परस्य गां जानाति-બીજાની ગાયને જાણે છે-અહીં 'જાણવાનું' ફળ કર્તાને મળતું નથી. તેથી जानीते પ્રયોગ ન થાય. ॥ ૩ । ૩ । ૯૬ ॥

## वदः अपात् ॥ ३ । ३ । ९७ ॥

કર્તા ફલવાન્ હોય તો अप ઉપસર્ગ સાથે वद् ધાતુને કર્તામાં આત્મનેપદ થાય છે.

एकान्तम् अपवदते-એકાંતવાદની નિંદા કરે છે.

अपवदति परं स्वभावात्-સ્વભાવથી-નિંદા કરવાની ટેવ પડી ગઈ છે તેથી-બીજાની નિંદા કરે છે-અહીં કર્તાને કશું જ ફળ મળતું નથી તેથી આત્મનેપદ ન થાય. ॥ ૩ । ૩ । ૯૭ ॥

## सम्-उद्-आङः यमेः अग्रन्थे ॥ ३ । ३ । ९८ ॥

सम्, उत् અને आङ् ઉપસર્ગ સાથે આવેલા यम् ધાતુને કર્તા ફળવાન્ હોય તો કર્તામાં આત્મનેપદ થાય છે, જો यम् ધાતુનો સંબંધ ગ્રંથ સાથે ન હોય તો.

संयच्छते व्रीहीन्-ચોખાને પહોળા કરે છે.

उद्यच्छते भारम्-ભારને વહેવા ઉદ્યમ કરે છે.

आयच्छते भारम्- ,, ,, ,, ,, ,,

चिकित्साम् उद्यच्छति-ચિકિત્સાના ગ્રંથમાટે ઉદ્યમ કરે છે-અહીં ધાતુના અર્થ સાથે ગ્રંથનો સંબંધ છે તેથી આત્મનેપદ ન થાય.

॥ ૩ । ૩ । ૯૮ ॥

## पदान्तरगम्ये वा ॥ ३ । ३ । ९९ ॥

૩ । ૩ । ૯૪થી ૩ । ૩ । ૯૮ સૂત્રો સુધીમાં જે ધાતુઓને ફળવાન્ કર્તા હોય તો આત્મનેપદનું વિધાન કર્યું છે તે વિધાન, જો ફળવાન્ કર્તાનો ભાવ બીજા શબ્દથી જણાતો હોય તો કર્તામાં એટલે કર્તાના અર્થમાં વિકલ્પે થાય છે એટલે આત્મનેપદ વિકલ્પે થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वं शत्रुं परिमोहयते, परिमोहयति वा–પોતાના શત્રુને મોહ પમાડે છે. જુઓ ।૩।૩।૯૪।

स्वं यज्ञं यजते, यजति वा–પોતાનો યજ્ઞ કરે છે. જુઓ ૩।૩।૯૫।

स्वां गां जानीते, जानाति वा-પોતાની ગાયને જાણે છે. જુઓ ૩।૩।૯૬।

स्वं शत्रुम् अपवदते, अपवदति वा- પોતાના શત્રુની નિંદા કરે છે. જુઓ ।૩।૩।૯૭।

स्वान् व्रीहीन् संयच्छते, संयच्छति वा–પોતાના ચોખાને પહોળા કરે છે. જુઓ ॥ ૩ । ૩ । ૯૮ ॥

આ બધાં ઉદાહરણોમાં स्व પદ દ્વારા ફળવાન્ કર્તાનો ભાવ જણાવેલ છે ॥ ૩ । ૩ । ૯૯ ॥

## પરસ્મૈપદ પ્રક્રિયા–૩।૩।૧૦૦ સૂત્રથી ૩।૩।૧૦૮ સૂત્ર સુધી—

## शेषात् परस्मै ॥ ३ । ३ । १०० ॥

જે ધાતુઓને જે ખાસ સંયોગોમાં આત્મનેપદી થવાનું કહેલું છે તે ધાતુઓને જ્યારે તે સંયોગો ન હોય ત્યારે કર્તાના અર્થમાં પરસ્મૈપદ થાય છે.

ખાસ સંયોગો એટલે ધાતુનું અમુક નિશાન, અમુક ઉપસર્ગનો સંબંધ, અમુક અર્થનો સંબંધ, અમુક પદનો સંબંધ, તથા અમુક પ્રત્યયનો સંબંધ–આમ અનેક પ્રકારે ખાસ સંયોગો સમજવા.

પરંતુ ઉપરનાં સૂત્રો દ્વારા આત્મનેપદી ધાતુઓને માટે પણ અમુક ખાસ સંયોગોમાં જે રીતે આત્મનેપદનું વિધાન કરેલ છે તે વિધાન જ્યારે એ સંયોગો ન હોય ત્યારે ન લગાડવું એ ધ્યાનમાં રાખવું જેમકે – ૩।૩।૨૫। સૂત્ર દ્વારા ઉપસર્ગ સાથેના આત્મનેપદી ऊह ધાતુને આત્મનેપદનું વિકલ્પે વિધાન કરેલ છે એટલે જ્યારે ऊह ધાતુ ઉપસર્ગ વિનાનો હોય ત્યારે તેને નિત્ય આત્મનેપદી સમજવો.

भवति–થાય છે. 'સત્તા' અર્થનો भू ધાતુ પ્રથમ ગણનો છે.

अत्ति–ખાય છે. 'ભક્ષણ' અર્થનો अद् ધાતુ બીજા ગણનો પ્રથમ ધાતુ છે. ॥ ૩ । ૩ । ૧૦૦ ॥

## परानोः कृगः ॥ ३ । ३ । १०१ ॥

परा તથા अनु ઉપસર્ગ સાથે कृ ધાતુને કર્તામાં પરસ્મૈપદ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पराकरोति–ભિન્ન કરે છે.

अनुकरोति–અનુકરણ કરે છે.

'કરવા' અર્થનો कृ ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે ॥ ૩ । ૩ । ૧૦૧ ॥

## प्रत्यभ्यतेः क्षिपः ॥ ३ । ३ । १०२ ॥

प्रति, अभि, अति માંના કોઈ એક ઉપસર્ગ સાથે આવેલા क्षिप् ધાતુને કર્તામાં પરસ્મૈપદ થઈ જાય છે.

'પ્રેરણા' અર્થનો क्षिप् ધાતુ તુદાદિગણનો ઉભયપદી છે.

प्रतिक्षिपति–તેની પ્રતિ ફેંકે છે.

अभिक्षिपति–સામે ફેંકે છે.

अतिक्षिपति–ઘણું ફેંકે છે. ॥ ૩।૩।૧૦૨ ॥

## प्राद् वहः ॥ ३ । ३ । १०३ ॥

प्र ઉપસર્ગ સાથે આવેલા वह् ધાતુને કર્તામાં પરસ્મૈપદ થાય છે.

प्रवहति–વહે છે–પ્રવાહ ચાલે છે.

'પ્રાપણ' અર્થનો वह ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે, તેને પરસ્મૈપદ સ્વયંસિદ્ધ છે જ તો પણ प्र સાથેનો वह् ધાતુ કર્તરિપ્રયોગમાં પરસ્મૈપદમાં જ વપરાય એવો નિયમ આ સૂત્ર બતાવે છે. ॥ ૩ । ૩ । ૧૦૩ ॥

## परेर्मृषश्च ॥ ३ । ३ । १०४ ॥

परि ઉપસર્ગ સાથે આવેલા मृष् ધાતુને અને वह् ધાતુને કર્તામાં પરસ્મૈપદ થાય છે.

'સહન કરવા' અર્થનો मृष् ધાતુ ચોથા ગણનો ઉભયપદી છે.

परिमृष्यति–વધારે સહન કરે છે.

परिवहति–વહન કરે છે. ॥ ૩ । ૩ । ૧૦૪ ॥

## व्याङ्परे रमः ॥ ३ । ३ । १०५ ॥

वि, आङ्, परिમાંના ગમે તે એક ઉપસર્ગ સાથે આવેલા रम् ધાતુને કર્તામાં પરસ્મૈપદ જ થાય છે.

विरमति–વિરમે છે.

आरमति–મર્યાદામાં રમે છે.

परिरमति–ચારે બાજુ રમે છે

क्रीडा અર્થનો रम् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે ॥ ૩ । ૩ । ૧૦૫ ॥

## वोपात् ॥ ३ । ३ । १०६ ॥

उप સાથેના रम् ધાતુને કર્તરિપ્રયોગમાં પરસ્મૈપદ વિકલ્પે કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भार्याम् उपरमति उपरमते वा–રતિ ક્રિયાયુક્ત પુરુષ, સ્ત્રીને રમાડે છે, रम् ધાતુ આમ તો અકર્મક છે પણ અહીં 'રમાડવા' અર્થનો रम् ધાતુ છે તેથી સકર્મક થયેલ છે

संतापः उपरमति उपरमते वा–સંતાપ અટકે છે.

रम् ધાતુ તો આત્મનેપદી છે તો પણ ૧૦૫મું સૂત્ર એવું વિધાન કરે છે કે એ સૂત્રમાં જણાવેલા ઉપસર્ગો સાથે रम् ધાતુ આવે તો કર્તરિપ્રયોગમાં તેને પરસ્મૈપદી જ સમજવો તથા ૧૦૬ મું સૂત્ર એવું વિધાન કરે છે કે उप સાથેના रम् ધાતુને પરસ્મૈપદી પણ સમજવો.

॥ ૩ । ૩ । ૧૦૬ ॥

**अणिगि प्राणिकर्तृकानाप्याण्णिगः ॥ ३ । ३ । १०७ ॥**

અપ્રેરક અવસ્થામાં–કર્તરિપ્રયોગમાં–જે ધાતુ અકર્મક હોય તથા જેનો પ્રાણી કર્તા હોય તો તે ધાતુ જ્યારે પ્રેરક અવસ્થામાં આવે ત્યારે પરસ્મૈપદી જ થઈ જાય છે.

आसयति चैत्रम्–ચૈત્રને બેસાડે છે.

चैत्रः आस्ते આ કર્તરિપ્રયોગમાં आस् ધાતુ અકર્મક છે. પ્રાણી કર્તાવાળો છે તેથી आसयति એવા પ્રેરક પ્રયોગમાં પરસ્મૈપદી જ થાય પણ । ૩ । ૩ । ૯૫ । સૂત્ર દ્વારા आसयते પ્રયોગ ન થાય

आस् ધાતુ 'બેસવા' અર્થનો બીજા ગણનો આત્મનેપદી છે

स्वयमेव आरोहयमाणं गजं प्रयुङ्क्ते=आरोहयते–પોતાની મેળે ચડાવનાર હાથીને પ્રેરણા કરે છે.–અહીં અપ્રેરક અવસ્થામાં નહીં પણ आरोहयमाण એમ પ્રેરક અવસ્થામાં रुह ધાતુ, પ્રાણી કર્તાવાળો છે તેથી આ નિયમ પ્રેરક અવસ્થામાં ન લાગે એટલે आरोहयति એમ પરસ્મૈપદ ન થાય.

चेतयमानं प्रयुङ्क्ते=चेतयति–ચેતનારને પ્રેરણા કરે છે એટલે ચેતાવે છે. અહીં चेतयमान પ્રયોગમાં णिग् નથી પણ णिच् (જુઓ ।૩।૪।૧૭।) પ્રત્યય છે તેથી આ નિયમ દ્વારા चित् ધાતુને પરસ્મૈપદ થઈ જ જાય.

'સંવેદન' અર્થનો चित् ધાતુ દસમા ગણનો આત્મનેપદી છે તે આ નિયમ દ્વારા પરસ્મૈપદી બને છે. મૂળ સૂત્રમાં 'अणिग्' પદ વડે णिग्नो નિષેધ કરેલ છે णिच्नो નિષેધ નથી કર્યો.

शोषयते व्रीहीन् आतपः–તડકો ચોખાને સૂકવે છે,–અહીં व्रीहयः शुष्यन्ति–ચોખા સુકાય છે' એ પ્રયોગમાં 'ચોખા'પ્રાણી કર્તા નથી.

આ વ્યાકરણશાસ્ત્રની વિચારણામાં 'ચોખા'ને પ્રાણી માનવામાં નથી આવતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વ્યાકરણમાં "प्राणि-औषधि-वृक्षेभ्यः"॥६।२।३९॥ ઇત્યાદિ સૂત્રમાં ઔષધિ, વૃક્ષ અને પ્રાણી એમ ત્રણ જુદાં જુદાં બતાવેલાં છે તેથી એમ સ્પષ્ટ જણાય છે કે ઔષધિ અને વૃક્ષનો સમાવેશ પ્રાણીમાં થતો નથી. જો કે તત્ત્વજ્ઞાનની વિચારણામાં વ્રીહિ જ્યારે સચિત્ત હોય ત્યારે તેને પ્રાણી માનવામાં આવે છે પણ વ્યાકરણની વિચારણામાં સચિત્ત વ્રીહિને પણ પ્રાણી માનવામાં આવતા નથી તેથી આ ધાતુ પ્રાણી કર્તાવાળો ન હોવાથી તેને આ નિયમથી પરસ્મૈપદ ન થાય.

शुष ધાતુનો 'શોષણ' અર્થ છે અને તે ચોથા ગણનો પરસ્મૈપદી છે कटं कारयते-સાદડી બનાવરાવે છે.-અહીં कृ ધાતુ कटं करोति એમ અપ્રેરક અવસ્થામાં કર્તરિપ્રયોગમાં સકર્મક છે. એટલે પરસ્મૈપદ ન થયું. ॥ ૩ । ૩ । ૧૦૭ ॥

## चल्याहारार्थेङ्-बुध-युध-प्रु-द्रु-स्रु-नश-जनः ॥ ३ । ३ । १०८ ॥

'ચાલવા' અર્થના પ્રેરક અવસ્થાવાળા ધાતુઓ, તથા 'આહાર' અર્થના પ્રેરક અવસ્થાવાળા ધાતુઓ અને પ્રેરક અવસ્થાવાળા इ(इङ्), बुध्, युध्, प्रु, द्रु, स्रु, नश् અને जन् એ ધાતુઓને કર્તામાં પરસ્મૈપદ થાય છે.

चल्यर्थ-चलयति-ચલાવે છે-'ચાલવા' અર્થનો चल् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

कम्पयति-કંપાવે છે. 'કંપવા' અર્થનો कम्प् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે.

आहारार्थ-

भोजयति-ખવડાવે છે. 'ભોજન કરવા' અર્થનો भुज् ધાતુ રુધાદિ ગણનો પરસ્મૈપદી છે

आशयति चैत्रमन्नम्-ચૈત્રને અન્ન ખવરાવે છે. એ જ અર્થવાળો अश् ધાતુ ક્રીઆદિ ગણનો પરસ્મૈપદી છે

इङ्-सूत्रमध्यापयति शिष्यम्-શિષ્યને સૂત્ર ભણાવે છે. इङ् ધાતુ બીજા ગણનો 'ભણવું' અર્થનો આત્મનેપદી છે.

बुध्-बोधयति पद्मं रविः-સૂર્ય પદ્મને વિકસાવે છે. बुध् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે તથા ચોથા ગણનો આત્મનેપદી છે. તેનો અર્થ "જાણવું" કે 'વિકસવું'-'ખીલવું' છે

युध्-योधयति काष्ठानि-લાકડાં લડાવે છે. युध् ધાતુ ચોથા ગણનો 'પ્રહાર' અર્થનો આત્મનેપદી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रु–प्रावयति राज्यम्–રાજ્યને પમાડે છે. प्रु ધાતુ પેલા ગણનો આત્મનેપદી છે, 'ગતિ' અર્થ છે.

द्रु–द्रावयति अयः–લોઢાને ગાળે છે. द्रु ધાતુ પેલા ગણનો પરસ્મૈપદી છે. 'ગતિ' અર્થ છે

स्रु–स्रावयति तैलम्–તેલને ટપકાવે છે. स्रु ,, ,, ,,

नश्–नाशयति पापम्–પાપને નસાડે છે–નાશ પમાડે છે. 'નાશ' અર્થનો नश् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે.

जन्–जनयति पुण्यम्–પુણ્યને પેદા કરે છે. 'પેદા કરવું' અર્થનો जन् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી છે.

ગ્રંથકારે जनयति पुण्यम् વાક્ય મુકીને આ પાદને અંતે મંગલનો નિર્દેશ કરેલ છે ॥ ૩ । ૩ । ૧૦૮ ॥

**આચાર્ય હેમચન્દ્રસૂરિ રચિત સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ત્રીજા અધ્યાયમાં, ધાતુને ક્રિયાપદ બનાવવા માટે લાગતા તમામ પ્રત્યયોના નિર્દેશ સાથે આત્મને-પદાદિક પ્રક્રિયાની સાધનારૂપ ત્રીજા પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ પૂરો થયો**

**ત્રીજો પાદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તૃતીય અધ્યાય

## (ચતુર્થ પાદ)

આય પ્રત્યયનું વિધાન–

**गुपौ–धूप–विच्छि–पणि–पनेः आयः ॥ ३ । ४ । १ ॥**

गुप्, धूप्, विच्छ्, पण्, पन् એ ધાતુઓને ક્રિયાપદ બનાવવા માટે आय પ્રત્યય લગાડવો. અર્થાત્ आय પ્રત્યય લગાડયા પછી જ ક્રિયાપદને લાગનારા तिव् વગેરે પ્રત્યયો લગાડવા.

गुप्+आय्=गोप्+आय्=गोपाय्+ति=गोपाय्+अ+ति=गोपायति–રક્ષા કરે છે.

અહીં ધાતુપાઠમાં गुपौ એ રીતે નિર્દેશાયેલો પ્રથમ ગણનો જ પરસ્મૈપદી गुप् ધાતુ લેવાનો છે. गुपि गोपन–कुत्सनयोः એ પ્રથમ ગણનો તથા गुप व्याकुलत्वे એ ચોથા ગણનો–આ બે ધાતુઓ લેવાના નથી તથા गुपौ ધાતુને પણ જ્યારે यङ् પ્રત્યય લાગીને તેનો લોપ થયો હોય ત્યારે એવો यङ्‌ના લોપવાળો जुगुप् બનેલો ધાતુ અહીં લેવાનો નથી. એ સૂચવવા સૂત્રમાં गुपौ એવો નિર્દેશ કરેલ છે

धूप्+आय्=धूपाय्+अ+ति=धूपायति–સંતાપે છે. धूप ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે, 'સંતાપ' અર્થ છે.

विच्छ्+आय्=विच्छाय्+अ+ति=विच्छायति–જાય છે. विछ ધાતુ છઠા ગણનો પરસ્મૈપદી છે, 'ગતિ' અર્થ છે.

पण्+आय्=पणाय्+अ+ति=पणायति–સ્તુતિ કરે છે. पण् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે, 'સ્તુતિ' અર્થ છે.

पन्+आय्=पनाय्+अ+ति=पनायति–સ્તુતિ કરે છે. તથા વ્યવહાર કરે છે. पन् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે, 'સ્તુતિ કરવી' અને 'વ્યવહાર કરવો' એ બે તેના અર્થ છે. ॥ ૩ । ૪ । ૧ ॥

णिङ्-પ્રત્યયનું વિધાન—

**कमेः णिङ् ॥ ३ । ४ । २ ॥**

इ (णिङ्) પ્રત્યય લગાડયા પછી જ कम् ધાતુનો ક્રિયાપદરૂપે વ્યવહાર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्+इ=कामि+ते=कामि+अ+ते=कामय्+अ+ते=कामयते–તે બાંત કરે છે–તે ઇચ્છે છે. कम् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે, 'બાંત–હોંશ–કરવી' અર્થ છે. ॥ ૩ । ૪ । ૨ ॥

**ङीय પ્રત્યયનું વિધાન—**

## ऋतेः ङीयः ॥ ३ । ४ । ३ ॥

ईय (ङीय) પ્રત્યય લગાડ્યા પછી જ ऋत् ધાતુનો ક્રિયાપદરૂપે ઉપયોગ થાય છે

ऋत्+ईय्=ऋतीय्+अ+ते=ऋतीयते–ધૃણા કરે છે, સ્પર્ધા કરે છે, જાય છે. ऋत् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે, અને તેના બતાવેલા ત્રણ અર્થ છે. ॥ ૩ । ૪ । ૩ ॥

## अशवि ते वा ॥ ३ । ४ । ४ ॥

अशवि એટલે જ્યારે शव प्रत्यय ન લાગે ત્યારે અને તેની જેવા જ श्य,श વગેરે પ્રત્યયો ન લાગે ત્યારે અર્થાત્ વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તની સિવાયની વિભક્તિઓમાં ઉપરનાં ત્રણે સૂત્રોમાં કહેલા તે તે ધાતુઓને તેતે પ્રત્યયો વિકલ્પે લગાડવા.

નીચે આપેલાં બધાં રૂપો શ્વસ્તનીનાં છે—

{ गुप्+आय्=गोपाय्+इ+ता=गोपायिता–રક્ષણ કરશે.
{ गुप्+ता=गोप्+ता=गोप्ता–રક્ષણ કરશે.

धूप વગેરે ધાતુઓ અંગે પણ આવાં રૂપો સમજી લેવાં

{ कम्+इ=कामि+इ+ता=कामय्+इ+ता=कामयिता–ઇચ્છશે.
{ कम्+ता=कम्+इ+ता=कमिता–ઇચ્છશે.

{ ऋत्+ता=ऋत्+ईय्=ऋतीय्+इता=ऋतीयिता–ધૃણા કરશે, સ્પર્ધા કરશે, જશે.
{ ऋत्+ता=ऋत्+इ+ता=अर्तिता=ધૃણા કરશે, સ્પર્ધા કરશે, જશે,

**सन् પ્રત્યયનું વિધાન—** ॥ ૩ । ૪ । ૪ ॥

## गुप्–तिजो गर्हा–क्षान्तौ सन् ॥ ३ । ४ । ५ ॥

गुप् ધાતુને ગર્હા–તિરસ્કાર–અર્થમાં અને तिज् ધાતુને ક્ષાંતિ–ક્ષમા–અર્થમાં स (सन्) પ્રત્યય થાય છે. અને તે પછી જ તેનો ક્રિયાપદરૂપ પ્રયોગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुप्+स=जुगुप्+स=ते=जुगुप्सते-ગર્હા-નિંદા-કરે છે-તિરસ્કાર કરે છે.

तिज्+स=तितिज्+स+ते=तितिक्ष[1]+ते=तितिक्षते-ક્ષમા કરે છે, સહન કરે છે.
गुप्+अनम्=गोपनम्-ગુપ્ત રાખવું. गुप् માટે જુઓ ।૩।૪।૧। સૂત્ર
तिज्+अनम्=तेजनम्-તેજસ્વી કરવું. तिज ધાતુ 'ક્ષમા' અને 'નિશાન' અર્થનો પ્રથમ ગણનો આત્મનેપદી છે.

આ બન્ને પ્રયોગોમાં ક્રમશઃ 'ગર્હા' તથા 'ક્ષાંતિ' અર્થ નથી તેથી સન્ પ્રત્યય ન થયો. ॥ ૩ । ૪ । ૫ ॥

## कितः संशय-प्रतीकारे ॥ ३ । ४ । ६ ॥

'સંશય' અને 'પ્રતીકાર' અર્થમાં स (सन्) પ્રત્યય લગાડ્યા પછી જ कित् ધાતુનો ક્રિયાપદરૂપે ઉપયોગ થાય છે

સંશય-वि+कित्+स=वि+चिकित्+स+ते=विचिकित्सते मे मनः-મારું મન સંશયવાળું છે-મને એમ થાય છે કે ધર્માચરણનું ફળ હશે કે કેમ ?

પ્રતીકાર-कित्+स=चिकित्+स+ते=चिकित्सते व्याधिम्-વ્યાધિનો પ્રતીકાર કરે છે એટલે વ્યાધિનો ઉપાય કરે છે-વ્યાધિને મટાડે છે

પ્રતીકાર એટલે નિગ્રહ કરવો-અટકાવવું તથા નાશ કરવો-એવો અર્થ પણ થાય છે જેમકે-कित्-स=चिकित्स+य=चिकित्स्यः पारदारिकः-પરદાર ગમન કરનારને અટકાવવો. चिकित्स्यानि तृणानि-ઘાસનો નાશ કરવો-નકામા ઘાસને વાઢી નાખવું.

कित्+अय+ति=केतयति-વસાવે છે.-અહીં સંશય કે પ્રતીકાર અર્થ નથી તેથી સન્ ન થાય. 'નિવાસ' અર્થનો कित् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે. ॥ ૩ । ૪ । ૬ ॥

## शान्-दान्-मान्-बधान् निशान-आर्जव-विचार-वैरूप्ये दीर्घश्चेतः ॥ ३ । ४ । ७ ॥

शान् ધાતુને 'નિશાન' અર્થમાં, दान् ધાતુને 'આર્જવ' અર્થમાં,

---

[1] क्ष વર્ણ કોઈ સ્વતંત્ર વ્યંજન નથી પણ क्ष् એમ બે વ્યંજનોના મેળાપથી આ क्ष વ્યંજન બનેલ છે कष એમ જોડિયા બે વ્યંજનોને જુની લિપિને લખનારાઓએ क्ष આમ લખેલો છે. એથી આપણને એની જુદાઈનો ભાસ થયેલ છે અને તેથી જ સ્કૂલોનાં પુસ્તકોમાં क्ष ને જુદો વ્યંજન બતાવેલ છે જે બરાબર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मान् ધાતુને 'વિચાર' અર્થમાં અને बध् ધાતુને 'વિરૂપ'-પ્રતિકૂળ-અર્થમાં स (सन्) પ્રત્યય લગાડ્યા પછી જ ક્રિયાપદ રૂપે પ્રયોગ થાય છે. જ્યારે આ ધાતુઓને स પ્રત્યય લાગે ત્યારે તે તે ધાતુનો દ્વિર્ભાવ થાય છે અને તેમ થતાં પૂર્વના इનો દીર્ઘ ई થાય છે

शान्+स=शिशांस+ते=शीशांसते }
,, ,, ,,+ति=शीशांसति } — હથિયારને ધારવાળું કરે છે.

दान्+स=दिदांस+ते=दीदांसते }
,, ,, ,,+ति=दीदांसति } સીધું—સરળ—કરે છે,

मान्+स=मिमांस+ते=मीमांसते—મીમાંસા-વિચાર-કરે છે.

बध्+स=बिभध्+स+ते=बीभत्सते—વિરૂપ—વરવું—પ્રતિકૂળ-કરે છે.

नि+शान्+अ=निशान+स्[1]=निशानम्—તેજ—ધારવાળું—કરનાર.
अव+दान्+अ=अवदान+स्[1]=अवदानम्-ખંડન કરનાર.
આ બન્ને પ્રયોગમાં अच् પ્રત્યય લાગેલ છે, આ બન્ને રૂપો પ્રથમાના એક વચનમાં છે.

मान्+अय+ति=मानयति—માન કરે છે.
बध्+अय+ति=बाधय+ति=बाधयति—બાધા કરે છે.
આ ચારે પ્રયોગોમાં 'નિશાન' 'આર્જવ' વગેરે અર્થ નથી તેથી स् અને ई ન થાય.

शानी तेजने ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે
दानी अवखण्डने ,, ,, ,,
मानि पूजायाम् ,, ,, આત્મનેપદી છે અને અહીં આ ધાતુને જ લેવાનો છે પણ દસમા ગણનો मान् ધાતુ નથી લેવાનો.
बधि बन्धने પ્રથમ ,, આત્મનેપદી છે.

જે રીતે ઉપર લખેલા છે તે રીતે આ ચારે ધાતુઓ ધાતુપાઠમાં છે શાની અને दानी ધાતુઓ ઉભયપદી હોવાથી તેમનાં બે બે રૂપ આપેલ છે અને मानि તથા बधि ધાતુઓ આત્મનેપદી હોવાથી તેમનાં એક એક રૂપ બતાવેલ છે ॥ ૩।૪।૭॥

---

૧ स् પ્રથમા વિભક્તિનું એકવચન છે, અહીં નપુંસકલિંગી રૂપ છે તેથી स्ને બદલે म् થયેલ છે

यङ् પ્રત્યયનું વિધાન—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## धातोः कण्ड्वादेर्यक् ॥ ३ । ४ । ८ ॥

कण्डू આદિ ધાતુઓને य ( यक् ) પ્રત્યય લાગે છે.

कण्डू+य+कण्डूय+ति અથવા ते=कण्डूयति, कण्डूयते-તે ખજવાળે છે.

महि+य+महीय+ते=महीयते-પૂજે છે.

कण्डू=कण्डूः—ખજવાળ.—આ ધાતુ નથી, નામ છે તેથી य પ્રત્યય ન લાગે

कण्डू વગેરે પંચાવન ધાતુઓ નીચે પ્રમાણે છે—

१ कण्डूग् गात्रविनामे-ખજવાળવું

२ महीङ् वृद्धौ पूजायां च-વધવું તથા પૂજા કરવી

३ हृणीङ् रोष-लज्जयोः-રોષ કરવો તથા લાજવું-શરમાવું

४ वेङ् धौर्त्ये पूर्वभावे स्वप्ने च-ધૂર્તપણું કરવું, પહેલાં હોવું અને સ્વપ્ન-નિદ્રા લેવી.

५ लाङ् ,, ,, ,, ,, ,, ,,

६ मन्तु रोष-वैमनस्ययोः-રોષ કરવો અને વૈમનસ્ય કરવું

७ वल्गु माधुर्य-पूजयोः-મધુરતા તથા પૂજા

८ असु मानसोपतापे-મનને સંતાપ થવો

९ वेट् } આ બન્ને ધાતુનો અર્થ ઉપર જણાવેલ ચોથા वेङ् ધાતુના
१० लाट् } અર્થની જેમ સમજવો

११ लिट् अल्पार्थे कुत्सायां च-થોડું અને નિંદા

१२ लोट् दीप्तौ-દીપવું

१३ उरस् ऐश्वर्ये-ઐશ્વર્ય-ઈશ્વર હોવું-સમર્થ હોવું

१४ उषस् प्रभातीभावे-પ્રભાત થવું-સવાર થવી

१५ इरस् ईर्ष्यायाम्-ઈર્ષા કરવી-અદેખાઈ કરવી

१६ तिरस् अन्तर्धौ-અદૃશ્ય થવું-અંતર્ધાન થવું

१७ इयस् }
१८ इमस् } प्रसृतौ-ફેલાવું
१९ पयस् }
२० अस् }

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२१ संभूयस् प्रभूतभावे–ઘણું થવું
२२ दुवस् परिताप–परिचरणयोः–સંતાપ તથા પરિચર્યા કરવી
२३ दुरज् } चिकित्सायाम्–ચિકિત્સા કરવી–રોગને મટાડવાનો
२४ भिषज } ઉપાય કરવો
२५ भिष्णुक् उपसेवायाम्–પાસે રહીને સેવા કરવી
२६ रेखा श्लाघा–सादनयोः–વખાણ કરવાં તથા સાદન–પીડવું
२७ लेखा विलास–स्खलनयोः -- વિલસવું તથા સ્ખલિત થવું
२८ एला }
२९ वेला } विलासे–વિલસવું–વિલાસ કરવો
३० केला }
३१ खेला }
३२ गोधा } आशुग्रहणे–જલદી સમજવું કે જલદી ગ્રહણ કરવું
३३ मेधा }
३४ मगध परिवेष्टने–ચારે બાજુથી વીંટવું
३५ इरध } शरधारणे–શરને ધારણ કરવું–બાણને ધારણ કરવું–જેમાં
३६ इषुध } બાણ રખાય છે તેનું નામ इषुधि છે.
३७ कुषुभ } क्षेपे–ફેંકવું
कुषुम्भ }
३८ सुख } } –સુખી થવું
३९ दुःख } –तत्क्रियायाम् } –દુઃખી થવું
४० अगद निरोगत्वे–નિરોગી રહેવું
४१ गद्गद् वाक्स्खलने–ગળગળું–ગદ્ગદ થવું–વાણી સ્ખલિત થવી
४२ तरण } गतौ ગતિ કરવી–હલન–ચલન કરવું
४३ वरण }
४४ उरण } त्वरायाम्–ત્વરા કરવી–ઉતાવળ કરવી
४५ तुरण }
४६ पुरण गतौ–ગતિ કરવી–હલન–ચલન કરવું
४७ भुरण धारण–पोषण–युद्धेषु–ધારણ કરવું, પોષણ કરવું કે યુદ્ધ કરવું–ઝૂઝવું
४८ चुरण } मति–चौर्ययोः–મતિ–બુદ્ધિ તથા ચોરી કરવી
४९ वुरण }
५० भरण प्रसिद्धार्थः–પ્રસિદ્ધ કરવું–જાહેર કરવું
५१ तपुस } दुःखार्थः–દુઃખી થવું
५२ तम्मम् }

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૩ अरर आराकर्मणि–આર ખેંચવી

૫૪ सपर पूजायाम्–પૂજવું

૫૫ समर युद्धे–યુદ્ધ કરવું–ઝૂઝવું

આ ધાતુઓમાં પ્રાકૃતરવાળા પણ કોઈ ધાતુનો સમાવેશ કરેલ છે. ॥ ૩ । ૪ । ૮ ॥

यङ् પ્રત્યયનું વિધાન—

**व्यञ्जनादेरेकस्वराद् भृशाऽऽभीक्ष्ण्ये यङ् वा ॥ ३ । ४ । ९ ॥**

આદિમાં વ્યંજનવાળા અને એક સ્વરવાળા ધાતુને 'ભૃશત્વ'ના અર્થમાં અને 'આભીક્ષ્ણ્ય'ના અર્થમાં य (यङ्) પ્રત્યય વિકલ્પે લાગે છે.

ભૃશત્વ-ઘણું–કોઈપણ ક્રિયા કરતાં વખતે વચ્ચે કોઈપણ બીજી વિઘ્નકારી ક્રિયાનું વ્યવધાન ન હોય એ રીતે મુખ્ય ક્રિયાની સાધક બીજી ઘણી ઘણી પેટા ક્રિયાઓ-ગૌણ ક્રિયાઓ-બરાબર ચાલે અને મુખ્ય ક્રિયાનો ઉદ્દેશ બધી રીતે સફળ થાય અથવા ધાર્યા કરતાં વધારે સારું પરિણામ—ફળ—આવે તેનું નામ ભૃશત્વ. જેમકે—રસોઈની ક્રિયા ચાલતી હોય ત્યારે આંધણ મુકવું, ચૂલામાં લાકડાં નાખવાં વગેરે બીજી ઘણી ઘણી ગૌણ ક્રિયાઓ ચાલતી હોય ત્યારે તેમાં બીજી કોઈ વિઘ્નકારી ક્રિયાનું વ્યવધાન ન હોય તો રસોઈની ક્રિયા સંપૂર્ણપણે થઈ શકે છે અથવા ધાર્યા કરતા વધારે સારું પરિણામ—ફળ—મેળવી શકાય છે. ફળ મેળવવું એટલે રસોઈ ઉત્તમ બનવી જોઈએ અથવા માલિકને સંતોષ થતાં વધારે પ્રતિષ્ઠા અને પૈસા વગેરે મળવા જોઈએ.

આ તો રસોઈની ક્રિયાનો દાખલો છે પણ આ રીતે બધી ક્રિયાઓના સંબંધમાં સમજવું.

આભીક્ષ્ણ્ય—વારંવાર—'ચૂલા ઉપર ચડાવેલ ધાન—અનાજ—ચડી જાય' એ પ્રધાન ક્રિયા છે. તે ધીરે ધીરે વારંવાર થયા કરે અને તેમાં બીજી કોઈ ક્રિયા આડે ન આવે અને છેવટે ચડવા મૂકેલું અને વારંવાર સીઝાતું અનાજ વગેરે સારું પાકે.

पच्+य+ते=पापच्+य+ते=पापच्यते, भृशं पचति–ઘણું રાંધે છે आभीक्ष्ण्यं पचति वा—અથવા વારંવાર રાંધે છે.

ભૃશત્વનો વિશેષ સ્પષ્ટ અર્થ એ છે કે રાંધવાની ક્રિયાની વચ્ચે ચાલનારી બીજી ઘણી ઉપયોગી અને સહાયક ક્રિયાઓ બરાબર ચાલે છે અને રસોઈ તૈયાર થાય છે.

આભીક્ષ્ણ્ય-અનાજ ચડવાની મુખ્ય ક્રિયા ધીરે ધીરે વારંવાર-અભિક્ષણ-થવાથી અનાજ સારી રીતે ચડી જવાની—પાકી જવાની—ક્રિયા પૂરી થાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भृशम् ईक्षते–વારંવાર જૂએ છે.–અહીં ધાતુ સ્વરાદિ–આદિમાં સ્વરવાળો– છે પણ વ્યંજનાદિ–આદિમાં વ્યંજનવાળો–નથી.

भृशं चकास्ति–ઘણું શોભે છે.–અહીં ધાતુ એક સ્વરવાળો નથી.

यङ् વિકલ્પે બતાવેલ છે તેથી 'लुनीहि लुनीहि इत्येवायं लुनाति'–'કાપ કાપ' એ રીતે આ કાપે છે. એવા પ્રયોગો પણ यङ् ન થાય ત્યારે થાય.

અર્થાત્ જો यङ् નિત્ય કર્યો હોત તો लोलूयते એવું એક જ રૂપ यङ्वाળું થાત, પણ लुनीहि लुनीहि ઇત્યાદિ ઉપર જણાવેલા પ્રયોગો ન થાત. ॥ ૩ । ૪ । ૯ ॥

## अट्यर्ति–सूत्रि–मूत्रि–सूच्यशूर्णोः ॥ ३ । ४ । १० ॥

अट्, ऋ, सूत्र, मूत्र, सूच्, अश् અને ऊर्णु ધાતુઓને 'ભૃશત્વ'ના અર્થમાં અને 'આભીક્ષ્ણ્ય'ના અર્થમાં य (यङ्) થાય છે.

૧ अट् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

૨ ऋ ધાતુ પ્રથમ ગણનો અને બીજા ગણનો પરસ્મૈપદી છે

૩ सूत्र ધાતુ દસમા ગણનો પરસ્મૈપદી છે

૪ मूत्र ,, ,, ,,

૫ सूच ,, ,, ,,

૬ अश् ધાતુ ક્રીઆદિ ગણનો પરસ્મૈપદી છે તથા પાંચમાં ગણનો આત્મનેપદી છે.

૭ ऊर्णु ધાતુ બીજા ગણનો ઉભયપદી છે

१ अट्+य=अटाट्+य+ते=अटाट्यते–ખૂબ રખડે છે કે વારંવાર રખડે છે

२ ऋ+य=अरार्+य+ते=अरार्यते– ,, ,,

३ सूत्र्+य=सोसूत्र्+य+ते=सोसूत्र्यते–ખૂબ સંક્ષેપ કરે છે કે વારંવાર સંક્ષેપ કરે છે

૪ मूत्र्+य=मोमूत्र्+य+ते=मोमूत्र्यते–ખૂબ મૂત્ર કરે છે કે વારંવાર મૂત્ર કરે છે

૫ सूच्+य=सोसूच्+य+ते=सोसूच्यते–ખૂબ સૂચન કરે છે કે વારંવાર સુચવે છે

६ अश्+य=अशाश्+य+ते=अशाश्यते–ખૂબ ખુબ ખાય છે કે વ્યાપે છે તથા વારંવાર ખાય છે કે વ્યાપે છે

૭ प्र+ऊर्णु+य=प्रोर्णोनू+य+ते=प्रोर्णोनूयते–વધારે ઢાંકે છે કે વારંવાર ઢાંકે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં अट्, ऋ, अश् અને ऊर्णु એ ચાર ધાતુઓ આદિમાં સ્વરવાળા છે, सूत्र, मूत्र, सूच અને ऊर्णु એ ચાર ધાતુઓ અનેક સ્વરવાળા છે એટલે પૂર્વ સૂત્રથી यङ् પ્રત્યયનું વિધાન થતું નહોતું તેથી નવું વિધાન કર્યું છે. ॥ ૩ । ૪ । ૧૦ ॥

## गत्यर्थात् कुटिले ॥ ३ । ४ । ११ ॥

આદિમાં વ્યંજનવાળા અને એક સ્વરવાળા, ગતિ અર્થવાળા ધાતુથી જો य (यङ्) લગાડવો હોય તો 'કુટિલ' અર્થમાં જ લગાડવો, બીજા અર્થમાં નહીં.

क्रम्+य+=चङ्क्रम्+य+ते=चङ्क्रम्यते -વાંકુંચૂંકું ચાલે છે.

भृशं क्रामति-ખૂબ ચાલે છે-અહીં 'કુટિલ' અર્થ નથી તેથી यङ् ન લાગ્યો. ॥ ૩ । ૪ । ૧૧ ॥

## गृ-लुप-सद्-चर-जप-जभ-दश-दहो गर्ह्ये ॥ ३ । ४ । १२ ॥

गॄ, लुप्, सद्, चर्, जप्, जभ्, दश्, दह् આ ધાતુઓને य (यङ्) પ્રત્યય કરવો હોય તો 'ગર્હા-નિંદા'-અર્થનું સૂચન થતું હોય તો જ કરવો એટલે गॄ लुप् વગેરે ધાતુના અર્થ સાથે 'નિંદિત' વિશેષણ લાગ્યું હોય તો જ यङ् પ્રત્યય કરવો.

नि+गॄ+य=निजेगिल्+य+ते=निजेगिल्यते-નિંદનીય રીતે ગળી જાય છે.

लुप्+य=लोलुप्+य+ते=लोलुप्यते-નિંદિત રીતે લોપ કરે છે.-નાશ કરે છે.

सद्+य+=सासद्+य+ते=सासद्यते-ગર્હિત રીતે પીડા પામે છે.

चर्+य=चञ्चूर्+य+ते=चञ्चूर्यते-ગર્હિત રીતે ચાલે છે.

जप्+य=जञ्जप्+य+ते=जञ्जप्यते-ગર્હિત રીતે જાપ કરે છે.

जभ्+य=जञ्जभ्+य+ते=जञ्जभ्यते-ગર્હિત રીતે મૈથુન કરે છે-અનાચાર કરે છે.

दश्+य=दंदश्+य+ते=दंदश्यते-ગર્હિત રીતે દંશ દે છે-ડંખે છે

दह्+य=दंदह्+य+ते=दंदह्यते-ગર્હિત રીતે બળે છે.

गॄ ધાતુ તુદાદિ ગણનો પરસ્મૈપદી છે

लुप् ધાતુ ,, ઉભયપદી છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सद् ,, પ્રથમ ગણનો પરસ્મૈપદી છે
चर् ,, ,,
कप् , ,,
जभ् ,, ,,
दंश ,, ,,
दह ,, ,,

साधु जपति-જાપ સારી રીતે કરે છે.
भृशं निगिरति-ઘણું ગળી જાય છે.

આ બન્ને પ્રયોગોમાં ગર્હા-નિંદા-અર્થ નથી તેથી यङ् ન લાગ્યો.
॥ ૩ । ૪ । ૧૨ ॥

## न गृणा-शुभ-रुचः ॥ ३ । ४ । १३ ॥

गृ (નવમા ગણનો પરસ્મૈપદી), ધાતુને તથા शुभ् અને रुच् પ્રથમ ગણના આત્મનેપદી-ધાતુઓને કોઈ પણ અર્થમાં य (यङ्) ન લાગે.

निन्द्यं गृणाति-કુત્સિત અવાજ કરે છે.
भृशं शोभते-ખૂબ શોભે છે.
भृशं रोचते-ખૂબ રુચે છે.
यङ्‌ના લોપનું વિધાન— ॥ ૩ । ૪ । ૧૩ ॥

## बहुल लुप् ॥ ३ । ४ । १४ ॥

ધાતુને લાગેલા य ( यङ् )નો બહુલં લોપ થઈ જાય છે.

भू+य=बोभू+य+ते=बोभूयते; લોપ-बोभू+ति=बोभू+ई+ति=बोभव्+ई+ति=बोभवीति-ઘણું થાય છે.

लू+य=लोलूय+आ=लोलूया-ઘણું કાપવું.
पू+य=पोपूय+आ=पोपूया-ઘણું પવિત્ર કરવું.
આ બે પ્રયોગોમાં बहुलम् કહેવાથી यङ्‌નો લોપ થયો નથી.
॥ ૩ । ૪ । ૧૪ ॥

## अचि ॥ ३ । ४ । १५ ॥

ધાતુને य (यङ्) પ્રત્યય લાગ્યા પછી अ ( अच् ) પ્રત્યય લાગેલો હોય તો यनो લોપ થઈ જાય છે.

चेचीयते इति=चि+य=चेची+य+अ=चेची+अ=चेच्य+स्=चेच्यः-વારંવાર ચયન કરનારો-ચણનારો ॥ ૩ । ૪ । ૧૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यङ्ના લોપનો નિષેધ—

## न उतः ॥ ३ । ४ । १६ ॥

જેને છેડે હ્રસ્વ उકાર છે એવા उदन्त ધાતુને य (यङ्) પ્રત્યય લાગ્યા પછી જો अ (अच्) પ્રત્યય લાગેલ હોય તો यનો લોપ થતો નથી.

अच् માટે જુઓ ૫।૧।૪૯।

रु+य=रोरूय+अ=रोरूय+स्=रोरूयः–વારંવાર રોનારો

रु ધાતુ 'શબ્દ કરવો-રોવું' અર્થનો બીજા ગણનો પરસ્મૈપદી છે.

॥ ૩ । ૪ । ૧૬ ॥

णिच् પ્રત્યયનું વિધાન—

## चुरादिभ्यो णिच् ॥ ३ । ४ । १७ ॥

ધાતુપાઠમાં ચુરાદિ નામનો મોટો દસમો ગણ છે તે ગણમાંના चुर् વગેરે ધાતુઓને इ (णिच्) પ્રત્યય લાગ્યા પછી જ તે ધાતુઓનો ક્રિયાપદરૂપે ઉપયોગ થાય છે

चुर्+इ=चोरि+अ+ति=चोरय्+अ+ति=चोरयति–ચોરે છે

पद्+इ=पदि+अ+ते=पदय्+अ+ते=पदयते–ચાલે છે.

चुर् ધાતુ 'ચોરવા' અર્થનો ચુરાદિ ગણનો પરસ્મૈપદી પહેલો ધાતુ છે.

पद् ધાતુ 'ગમન' અર્થનો આત્મનેપદી ધાતુ ચુરાદિનો છે.

આ ચુરાદિ ગણ દસમો છે અને તે ઘણો જ મોટો છે તેના બધા મળીને ૪૧૪ ધાતુઓ છે, આ ગણ મોટો હોવાથી અહીં આપેલ નથી.

॥ ૩ । ૪ । ૧૭ ॥

## युजादेः नवा ॥ ३ । ४ । १८ ॥

चुरादि ગણમાં જે युजादि ગણ આવેલ છે તે युजादि ધાતુઓને इ (णिच्) પ્રત્યય વિકલ્પે લગાડવો અને इ પ્રત્યય લાગ્યા પછી જ તે ધાતુઓને ति વગેરે પ્રત્યયો લાગે છે

युज्+इ=योजि+अ+ति=योजय्+अ+ति=योजयति–જોડે છે
युज्+अ+ति=योज्+अ+ति=योजति–જોડે છે.

सह्+इ=साहि+अ+ति=साहय्+अ+ति=साहयति–સહન કરે છે.
सह्+अ+ति=सहति–સહન કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चुरादि નામના દસમા ગણની અંદર આ युजादि ગણ નોંધાયેલ છે. તેના એકતાળીશ ધાતુઓ છે. એ પણ મોટો હોવાથી અહીં બતાવેલ નથી. युजादि ધાતુઓને ધાતુપાઠમાંથી જાણી લેવા. ॥ ૩ । ૪ । ૧૮ ॥

णिङ् પ્રત્યયનું વિધાન—

## भूङः प्राप्तौ णिङ् ॥ ३ । ४ । १९ ॥

'પ્રાપ્તિ' અર્થવાળા भू ધાતુને इ (णिङ्) પ્રત્યય વિકલ્પે લાગે છે અને णिङ् પ્રત્યય લાગ્યા પછી જ તેને ते વગેરે ક્રિયાપદના પ્રત્યયો લાગે છે.

{ भू+इ=भावि+अ+ते=भावय्+अ+ते=भावयते–પામે છે.
{ भू+अ+ते=भो+अ+ते=भवते–પામે છે.

भू+अ+ति=भो+अ+ति=भवति–થાય છે.–અહીં 'પ્રાપ્તિ' અર્થ નથી, તેથી णिङ् પ્રત્યય ન લાગે. ॥ ૩ । ૪ ૧૯ ॥

પ્રેરણા અર્થના સૂચક णिग् પ્રત્યયનું વિધાન—

## प्रयोक्तृव्यापारे णिग् ॥ ३ । ४ । २० ॥

જ્યાં મૂળ ધાતુના અર્થ સાથે પ્રેરણાનો સંબંધ હોય એટલે મૂળ ક્રિયા સાથે પ્રયોક્તા પ્રેરણાની ક્રિયા–વ્યાપાર–કરતો હોય ત્યાં ધાતુને इ (णिग्) પ્રત્યય વિકલ્પે થાય છે.

कृ+इ=कारि+अ+ति=कारय्+अ+ति=कारयति–અહીં મૂળ ક્રિયા 'કરવા'ની છે, પ્રયોક્તા, મૂળ કર્તાને 'કરવા' માટે પ્રેરે છે એટલે 'કરનાર'ને પ્રેરણા કરે છે–कुर्वन्तं प्रयुङ्क्ते—કરાવે છે.

वस्+इ=वासि+अ+ति=वासय्+अ+ति=वासयति–भिक्षा वासयति— ભિક્ષા વસાવે છે–ભિક્ષા સારી મળે છે માટે ભિક્ષુ કે વિદ્યાર્થી વસે છે–અહીં મૂળ ક્રિયા 'વસવા'ની છે. ભિક્ષા 'વસવા' સારુ પ્રેરણા કરે છે. એટલે ભિક્ષા સારી મળતી હોવાથી ભિક્ષુનું કે વિદ્યાર્થીનું રહેવાનું મન થાય છે.

आ+गम्+इ=आगमि+अ+ति=आगमयति–राजानम् आगमयति–રાજાનું આગમન કરાવે છે. એટલે એવો પ્રસંગ ઊભો કરે છે કે રાજાને આવવું પડે છે. મૂળ ક્રિયા 'આવવા'ની છે.

हन्+इ=घात्+इ+अ+ति=घाति+अ+ति=घातयति–कंसं घातयति–કંસને હણાવે છે. મૂળ ક્રિયા 'હણવાની' છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

युज्+इ=योजि+अ+ति=योजयति-पुष्येण चन्द्रं योजयति-પુષ્ય નક્ષત્ર સાથે ચંદ્રને જોડાવે છે. મૂળ ક્રિયા 'જોડવા'ની છે.

उद्+गम्+इ=उद्गमि+अ+ति=उद्गमय्+अ+ति=उद्गमयति- उज्जयिन्याः प्रस्थितो माहिष्मत्यां सूर्यम् उद्गमयति - ઉજ્જૈનીથી ચાલેલો માણસ માહિષ્મતીમાં સૂર્યને ઉગાડે છે, મૂળ ક્રિયા 'ઉગવાની' છે.

॥ ૩ । ૪ । ૨૦ ॥

## 'ઇચ્છા' અર્થના સૂચક सन् પ્રત્યયનું વિધાન—

## तुमर्हाद् इच्छायां सन् अतत्सनः ॥ ३ । ४ । २१ ॥

જે ધાતુને 'માટે' અર્થનો સૂચક तुम् પ્રત્યય લાગી શકતો હોય તે ધાતુ, तुमर्ह-तुम्ने યોગ્ય-કહેવાય. એવા तुमर्ह ધાતુને 'માટે ઇચ્છું છું' એવા અર્થનું સૂચન કરવું હોય તો એટલે 'કરવા માટે ઇચ્છું છું' 'જવા માટે ઇચ્છું છું' એવો અર્થ બતાવવો હોય તો सन् પ્રત્યય લાગે છે. અહીં 'ઇચ્છનાર' અને 'ક્રિયા કરનાર' એ બન્ને એક જ હોવા જોઇએ-જુદા જુદા ન જોઇએ.

તથા 'માટે ઇચ્છું છું' અર્થનો સૂચક सन् પ્રત્યય, એક વાર લાગ્યા પછી ફરીવાર તે જ અર્થનો સૂચક सन् પ્રત્યય ન લાગે એટલે એક સરખા જ અર્થના સૂચક બે सन् પ્રત્યય ઉપરાઉપર ક્યાંય ન લાગે.

કૃદંતના પ્રકરણમાં (જુઓ ॥૫।૪।૯૦॥) 'કરવા માટે' 'જવા માટે' એવા પ્રયોગો બનાવવા સારુ तुम् પ્રત્યયનું વિધાન કરેલું છે તે तुम् પ્રત્યય અને આ 'ઇચ્છા' અર્થક सन् બન્ને લગભગ સરખા સમજવા. તાત્પર્ય એ કે, જ્યાં तुम्નો સંભવ છે ત્યાં 'ઇચ્છા' સૂચવવા માટે આ सन् પ્રત્યય લાગે છે.

कर्तुम् इच्छति=चिकीर्षति=कृ+स=कर्+स+ति=चकर्+स+ति=चिकीर्+ष+ति=चिकीर्षति-કરવા ઇચ્છે છે-જે કર્તા કરે છે તે જ કર્તા, કરવા ઇચ્છે છે.

गन्तुम् इच्छति=जिगमिषति= गम्+स= जिगम्+इ+स+ति= जिगमिषति- તે જવાને ઇચ્છે છે-જે કર્તા 'જવાની' ક્રિયા કરે છે તે જ કર્તા જવા માટે ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यानेन इच्छति–વાહન વડે ઇચ્છે છે. અહીં 'જવા માટેની ઇચ્છા'નો અર્થ નથી.

भुक्तिम् इच्छति मैत्रस्य–મૈત્ર જમે–ભોજન કરે–એમ તે એટલે બીજો કોઈ ઇચ્છે છે–અહીં ઇચ્છનાર જુદો છે અને ભોજન કરનાર જુદો છે પણ ઇચ્છનાર તથા ભોજન કરનાર એક જ નથી. તેથી सन् પ્રત્યય ન લાગે.

भोक्तुं याति–ખાવા માટે જાય છે–અહીં 'ઇચ્છા' અર્થ જ નથી.

चिकीर्षितुम् इच्छति–કરવાને ઇચ્છે છે એવું ઇચ્છે છે–અહીં सन्‌વાળા चिकीर्ष રૂપ પછી બીજો सन् પ્રત્યય ન થાય પણ આવું વાક્ય જ રહે છે.

जुगुप्सिषते–નિંદા કરવાને ઇચ્છે છે.–અહીં એક सन् પછી બીજો सन् પ્રત્યય લાગ્યો છે તો ખરો પણ પહેલો सन् 'નિંદા' અર્થનો સૂચક છે અને બીજો सन् 'ઇચ્છા' અર્થનો સૂચક છે. આ બન્ને सन् પ્રત્યયો જુદા જુદા અર્થના સૂચક હોવાથી ઉપરાઉપર લાગેલા છે.

॥ ૩ । ૪ । ૨૧ ॥

**નામધાતુ[1] પ્રકરણ—સૂત્ર ॥ ૩ । ૪ । ૨૨ । થી । ૩ । ૪ । ૪૫ ॥–**

काम्य પ્રત્યય–

## द्वितीयायाः काम्यः ॥ ३ । ४ । २२ ॥

બીજી વિભક્તિવાળા નામને 'ઇચ્છા' સૂચવવા માટે काम्य પ્રત્યય લગાડવો અને પછી तिव् વગેરે પ્રત્યયો જોડવા.

इमम् इच्छति=इदंकाम्यति=इदम्+काम्य+अ+ति=इदंकाम्यति-આને ઇચ્છે છે.

इष्टः पुत्रः–ઇચ્છેલો પુત્ર.–અહીં દ્વિતીયાંત નામ નથી પણ पुत्रः એમ પ્રથમાંત છે. ॥ ૩ । ૪ । ૨૨ ॥

क्यन् પ્રત્યય—

## अम्-अव्ययात् क्यन् च ॥ ३ । ४ । २३ ॥

अम्+अव्यय–જેને છેડે म् છે એવું નામ છોડીને તથા અવ્યયોને છોડીને અર્થાત્ એ બન્ને પ્રકારના શબ્દોને છોડીને કોઈ પણ દ્વિતીયાંત શબ્દને 'ઇચ્છા' અર્થમાં य (क्यन्) અને काम्य એ બન્ને પ્રત્યયો વિકલ્પે વારાફરતી લગાડી શકાય છે.

---

૧. નામ ઉપરથી ધાતુ બનાવવાની રીતને બતાવે તે નામધાતુપ્રકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुत्रम् इच्छति इति=पुत्र+ई+य+ति=पुत्रीयति-પુત્રને ઈચ્છે છે.

पुत्रम् इच्छति इति=पुत्र+काम्य+अ+ति=पुत्रकाम्यति-,, ,, ,,

इदम् इच्छति-એટલે આને ઈચ્છે છે-અહીં मकारान्त શબ્દ છે.

स्वर् इच्छति-સ્વર્ગને ઈચ્છે છે-અહીં स्वर् અવ્યય છે. ॥ ૩ । ૪ । ૨૩ ॥

## आधारात चोपमानाद् आचारे ॥ ३ । ४ । २४ ॥

જેને છેડે म् છે તેવા મકારાંત શબ્દોને છોડીને તથા અવ્યયોને છોડીને કોઈ પણ ઉપમાનવાચી દ્વિતીયાંત નામને તથા ઉપમાનવાચી આધારસૂચક સપ્તમ્યંત નામને 'આચાર'-'આચરવું'-અર્થમાં य (क्यन्) પ્રત્યય વિકલ્પે લાગે છે.

पुत्रम् इव आचरति छात्रम्=पुत्र+ई+य+ति=पुत्रीयति छात्रम्-વિદ્યાર્થીને પુત્રની જેમ ઇચ્છે છે એટલે વિદ્યાર્થી સાથે પુત્ર જેવું આચરણ કરે છે— વિદ્યાર્થીને પુત્ર જેવો માને છે.

कुट्याम् प्रासादे इव आचरति=प्रासादीयति=प्रासाद्+ई+य+ति=प्रासादीयति कुट्याम्-કોટડીમાં-મહેલ જેવું આચરણ કરે છે એટલે કોટડીને મહેલ જેવી સમજીને-માનીને-તેમાં રહે છે-કોટડીને મહેલ માને છે. ॥ ૩ । ૪ । ૨૪ ॥

क्विप् પ્રત્યય—

## कर्तुः क्विप् गल्भ-क्लीब-होडात् तु ङित् ॥ ३ । ४ । २५ ॥

ઉપમાનવાચક 'કર્તા' સૂચક નામને 'આચાર' અર્થમાં क्विप् વિકલ્પે થાય છે. गल्भ, क्लीब અને होड શબ્દોને લાગનારો क्विप् પ્રત્યય ङित् સમજવો એટલે એ શબ્દોને क्विप् પ્રત્યય લાગ્યા પછી થતા ક્રિયાપદને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. જુઓ સૂત્ર ॥ ૩ । ૩ । ૨૨ ॥

अश्व इव आचरति इति=अश्व+क्विप्=अश्व+अ+ति=अश्वति-અશ્વની માફક આચરણ કરે છે.-ઘોડા જેવો દેખાય છે.

ङित् क्विप्—

गल्भ इव आचरति इति=गल्भ+क्विप्=गल्भ+अ+ते=गल्भते-હોંશિયાર જેવું આચરણ કરે છે.

क्लीब इव आचरति इति=क्लीब+क्विप्=क्लीब+अ+ते=क्लीबते-નપુંસક જેવું આચરણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

होड इव आचरति इति=होड+क्विप्=होड+अ+ते=होडते-મૂર્ખ જેવું આચરણ કરે છે. ॥ ૩ । ૪ । ૨૫ ॥

क्यङ् પ્રત્યય—

## क्यङ् ॥ ३ । ४ । २६ ॥

ઉપમાનસૂચક એવા કર્તારૂપ નામને 'આચાર' અર્થમાં य (क्यङ्) પ્રત્યય વિકલ્પે થાય છે અને આ પ્રત્યય લાગ્યા પછી આત્મનેપદના પ્રત્યયો લાગે છે.

हंस इव आचरति इति=हंस+य+ते=हंसा+यते-હંસની પેઠે આચરણ કરે છે. ॥ ૩ । ૪ । ૨૬ ॥

## सो वा लुक् च ॥ ३ । ४ । २७ ॥

ઉપમાનસૂચક એવું 'કર્તા' સૂચક નામ स કારાંત હોય તો તેને क्यङ् પ્રત્યય વિકલ્પે લગાડવો અને આત્મનેપદના પ્રત્યયો લગાડવા તથા અંતના स् નો લોપ વિકલ્પે કરવો.

पय इव आचरति=पयस्+य+ते=पया+यते=पयायते; पयस्+य+ते=पयस्यते-દૂધ જેવું આચરણ કરે છે-દૂધ જેવું લાગે છે ॥ ૩ । ૪ । ૨૭ ॥

## ओजोऽप्सरसः ॥ ३ । ४ । २८ ॥

ઉપમાનસૂચક એવા 'કર્તા'રૂપ ओजस् અને अप्सरस् નામને क्यङ् પ્રત્યય વિકલ્પે થાય તથા આત્મનેપદના પ્રત્યયો લાગે અને અંતના स् નો લોપ થાય.

અહીં ओजस् શબ્દનો ओजस्वी અર્થ સમજવો.

ओजस्वी इव आचरति इति=ओजस्+य+ते=ओजा+यते=ओजायते અથવા ओजस्यते-ઓજસ્વિની-ઓજસ્વાળાની-માફક આચરણ કરે છે.

अप्सरा इव आचरति इति=अप्सरस्+य+ते=अप्सरा+यते=अप्सरायते અથવા अप्सरस्यते-અપ્સરાની જેમ આચરણ કરે છે.

॥ ૩ । ૪ । ૨૮ ॥

## च्व्यर्थे भृशादेः स्तोः ॥ ३ । ४ । २९ ॥

કર્તાસૂચક भृशादि-भृश વગેરે-શબ્દોને च्वि ના અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે લાગે છે અને क्यङ प्रत्यय લાગે ત્યારે જે નામ સકારાંત હોય

તો તેના સ્નો લોપ થાય છે અને જો નામ તકારાંત હોય તો તેના તનો પણ લોપ થાય છે.

અભૂતતદ્ભાવના અર્થમાં ચ્વિ પ્રત્યય આવે છે. જે વસ્તુ જે રૂપમાં પહેલાં ન હોય તે વસ્તુ તે રૂપમાં પાછી આવી જાય તેને 'અભૂતતદ્ભાવ' કહેવાય. આ અર્થમાં ચ્વિ પ્રત્યય થાય છે–જુઓ સૂત્ર ।૭।૨।૧૨૬।

જેમકે–अशुक्लः शुक्लो भवति =शुक्लीभवति–પહેલાં શુક્લ ન હોતું તે શુક્લ થાય છે.

अपण्डितः पण्डितो भवति=पण्डितीभवति–પહેલાં પંડિત ન હોવે ; તે પંડિત થાય છે–આ રીતે આ સૂત્રમાં ચ્વિના અર્થને સમજવાનો છે.

अभृशं भृशं भवति=भृश+य+ते=भृशा+यते=भृशायते અથવા भृशीभवति–જે અભૃશ–થોડું–હતું તે ભૃશ–ઘણું–થાય છે.

સકારાંત–अनुन्मनाः उन्मनाः भवति उन्मनस्+य+ते=उन्मना+यते=उन्मनायते અથવા उन्मनीभवति–ઊંચા મનવાળો નથી તે ઊંચા મનવાળો થાય છે–એટલે ઉદાસ થાય છે.

તકારાંત–अवेहत् वेहत् भवति=वेहत्+य+ते=वेहा+यते=वेहायते અથવા वेहीभवति–वेहत् એટલે ગર્ભ હણનારી ગાય અથવા ભેંસ–જે પહેલાં वेहत् ન હોતી તે वेहत् થાય છે.

ભૃશ વગેરે શબ્દો આ પ્રમાણે સમજવા—भृश, उत्सुक, शीघ्र, चपल, पण्डित, अण्डर, कण्डर, फेन, शुचि, नील, हरित, मन्द, मद्र, भद्र, संश्चत्–આશ્ચર્ય પમાડનાર, तृपत्, रेफत्, वेहत्, वचस्, उन्मनस्, सुमनस्, दुर्मनस्, अभिमनस्.

अभृशं भृशं करोति–જે ઓછું છે તેને વધારે કરે છે. અહીં ભૃશ શબ્દ કર્મસૂચક છે, કર્તાસૂચક નથી તેથી क्यङ् પ્રત્યય ન થાય.

भृशो भवति–ઘણું થાય છે. અહીં–ચ્વિ નો અર્થ જ નથી.

॥ ૩ । ૪ । ૨૯ ॥

## डाच्–लोहितादिभ्यः षित् ॥ ३ । ४ । ३० ॥

જે શબ્દોને डाच् પ્રત્યય લાગેલો છે એવા કર્તાવાચી શબ્દોને અને लोहितादि –લોહિત વગેરે–શબ્દોને ચ્વિ અર્થમાં क्यङ् પ્રત્યય થાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આ क्यङ् પ્રત્યયને ષ્ નિશાનવાળો સમજવો. डाच् પ્રત્યય માટે જુઓ ।૭।૨।૧૩૫ થી ૧૪૫।

डाच्—अपटपटा पटपटा भवति इति=पटपट+य=पटपटा+य+ते=पटपटायते, पटपटायति–પહેલાં પટપટ થતું ન હોતું તે હવે પટપટ થાય છે.

लोहित વગેરે શબ્દો–लोहितायते, लोहितायति–જે પહેલાં રાતું ન હોતું તે હવે રાતું થાય છે.

लोहित વગેરે શબ્દો આ પ્રમાણે છે–लोहित, जिह्म, श्याम, धूम, चर्मन्, हर्ष, गर्व, सुख, दुःख, मूर्च्छा, निद्रा, कृपा, करुणा વગેરે અનેક શબ્દો છે.

अपटपटा पटपटा करोति–અપટપટાને–પહેલાં પટપટ થતું ન હોતું તેને–પટપટ કરે છે. અહીં पटपट શબ્દ કર્મસૂચક છે તેથી क्यङ्ष् પ્રત્યય ન થાય.

लोहितो भवति–રાતું થાય છે.—અહીં च्वि નો અર્થ જ નથી.

॥ ૩ । ૪ । ૩૦ ॥

## कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय पापे क्रमणे ॥ ३ । ४ । ३१ ॥

પાપસૂચક અને ચતુર્થી વિભક્તિવાળા कष्ट, कक्ष, कृच्छ्र, सत्र અને गहन શબ્દોને 'ક્રમણ' અર્થમાં क्यङ् લાગે છે. क्रमण એટલે પ્રવૃત્તિરૂપ પ્રયત્ન કરવો.

कष्टायक र्मणे क्रामति इति=कष्ट+य+ते=कष्टा+यते=कष्टायते–૫।૫૩૫ કષ્ટ માટે પ્રવૃત્તિ કરે છે.

कक्षाय कर्मणे क्रामति इति=कक्ष+य+ते=कक्षा+यते=कक्षायते–૫।૫૩૫ કક્ષ માટે પ્રવૃત્તિ કરે છે.

कृच्छ्राय कर्मणे क्रामति इति=कृच्छ्र+य+ते=कृच्छ्रायते–૫।૫૩૫ કષ્ટ માટે પ્રવૃત્તિ કરે છે.

सत्राय कर्मणे क्रामति इति=सत्र+य+ते=सत्रा+यते=सत्रायते–૫।૫૩૫ ઘર માટે પ્રવૃત્તિ કરે છે.

गहनाय कर्मणे क्रामति इति=गहन+य+ते=गहनायते–૫।૫૩૫ ગહન માટે પ્રવૃત્તિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रिपुः कष्टं क्रामति-શત્રુ, કષ્ટ થાય તેમ પ્રવૃત્તિ કરે છે—અહીં कष्ट શબ્દ ચતુર્થી વિભકિતવાળો નથી. ॥ ૩ । ૪ । ૩૧ ॥

## रोमन्थाद् व्याप्याद् उच्चर्वणे ॥ ३ । ४ । ३२ ॥

रोमन्थ એટલે ખાધેલું ઘાસ વગેરે જે હોય તે દ્રવ્ય-પદાર્થ, उच्चर्वण એટલે ખાધેલી ઘાસ વગેરે ચીજને-દ્રવ્યને-મોંમાં પાછું લાવીને વારંવાર ચાવવું-વાગોળવું.

કર્મરૂપ બીજી વિભક્તિવાળા रोमन्थ શબ્દને उच्चर्वण-વાગોળવા-અર્થનું સૂચન થતું હોય તો क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

रोमन्थम् उच्चर्वयति इति-रोमन्थ+य+ते=रोमन्था+यते=रोमन्थायते गौः- ગાય વાગોળે છે-ખાધેલ આહારને રોમસ્થ કરે છે-રોમ રોમ સુધી પહોંચાડે છે.

कीटो रोमन्थं वर्तयति-કીડો પુંઠદ્વારા બહાર કાઢેલી વાગોળેલી વસ્તુની ગોળી બનાવે છે-અહીં 'વાગોળવું' અર્થ નથી. પણ 'ગોળી બનાવવાનો' અર્થ છે ॥ ૩ । ૪ । ૩૨ ।

## फेन-ऊष्म-बाष्प-धूमाद् उद्वमने ॥ ३ । ४ । ३३ ॥

फेन, ऊष्म, बाष्प અને धूम એ ચાર કર્મરૂપ બીજી વિભક્તિવાળા શબ્દોને उद्वमन અર્થમાં क्यङ् વિકલ્પે થાય છે. उद्वमन એટલે બહાર નીકળવું-બહાર કાઢવું

फेनम् उद्वमति इति=फेन+य+ते फेना+यते=फेनायते-ફીણ બહાર કાઢે છે.

ऊष्माणम् उद्वमति इति=ऊष्मन्+य+ते=ऊष्मा+यते=ऊष्मायते-ગરમીને બહાર કાઢે છે.

बाष्पम् उद्वमति इति=बाष्प+य+ते=बाष्पा+यते=बाष्पायते-બાફને-વરાળને-બહાર કાઢે છે.

धूमम् उद्वमति इति=धूम+य+ते=धूमा+यते=धूमायते-ધૂમાડાને બહાર કાઢે છે. ॥ ૩ । ૪ । ૩૩ ॥

## सुखादेः अनुभवे ॥ ३ । ४ । ३४ ॥

દ્વિતીયા વિભક્તિવાળા सुखादि-सुख વગેરે-શબ્દોને 'અનુભવ' અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

सुखम् अनुभवति इति=सुख+य+ते=सुखा+यते=सुखायते-સુખ અનુભવે છે-સુહાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुःखम् अनुभवति इति=दुःख+य+ते=दुःखा+यते=दुःखायते–દુઃખ અનુભવે છે–દુઃખાય છે. ॥ ૩ । ૪ । ૩૪ ॥

सुख વગેરે શબ્દો આ પ્રમાણે છે–

सुख दुःख तृप्र कृच्छ्र आस्र अलीक करण कृपण सोढ प्रतीप વગેરે.

## शब्दादेः कृतौ वा ॥ ३ । ४ । ३५ ॥

દ્વિતીયા વિભક્તિવાળા शब्दादि–શબ્દ વગેરે–નામોને 'કરવા' અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

शब्दं करोति इति=शब्द+य+ते=शब्दा+यते=शब्दायते–સાદે છે–સાદ દે છે.

वैरं करोति इति=वैर+य+ते=वैरा+यते=वैरायते–વેરાય છે–વેર કરે છે.

પક્ષમાં—शब्दं करोति–णिच्=शब्द+इ+ति=शब्दि+शब्दे+अ+ति=शब्दयति–શબ્દ કરે છે–અવાજ કરે છે.

वैरं करोति–णिच्=वैर्+इ+ति=वैरि+वैरे+अ+ति=वैरयति–વેર કરેછે.

शब्द વગેરે શબ્દો આ પ્રમાણે જાણવા—शब्द वैर कलह ओघ वेग युद्ध अभ्र कण्व मम मेघ अट अटा अटाट्या सीका सोटा कोटा पोटा प्लुष्टा सुदिन दुर्दिन नीहार વગેરે. ॥ ૩ । ૪ । ૩૫ ॥

## तपसः क्यन् ॥ ३ । ४ । ३६ ॥

દ્વિતીયા વિભક્તિવાળા तपस् નામને 'કરવા' અર્થમાં क्यन् વિકલ્પે થાય છે.

तपः करोति इति=तपस्+य+ ति=तपस्यति–તપ કરે છે.

॥ ૩ । ૪ । ૩૬ ॥

## नमो–वरिवश्चित्रङोऽर्चा–सेवा–ऽऽश्चर्ये ॥ ३ । ४ । ३७ ॥

नमस् નામને 'અર્ચા' અર્થમાં, वरिवस् નામને 'સેવા' અર્થમાં અને चित्र (चित्रङ्) નામને 'આશ્ચર્ય કરવા' અર્થમાં क्यन् વિકલ્પે થાય.

'चित्रङ्' શબ્દમાં સૂત્રકારે જે ङ્નું નિશાન કરેલ છે તેથી चित्र શબ્દને क्यन् પ્રત્યય લાગ્યા પછી જે ક્રિયાપદ બને તેને આત્મનેપદના જ પ્રત્યયો લાગે, પરસ્મૈપદના નહીં–એમ સમજવું.

नमस् करोति इति=नमस्+य+ति=नमस्यति–નમસ્કાર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वरिवस् करोति इति=वरिवस्+य+ति=वरिवस्यति–સેવા કરે છે–પરવરીશ કરે છે.

चित्रम् करोति इति=चित्र+य+ते=चित्र+ई+यते=चित्रीयते–આશ્ચર્ય કરે છે.
॥ ૩ । ૪ । ૩૭ ॥

णिङ् પ્રત્યય—

## अङ्गाद् निरसने णिङ् ॥ ३ । ४ । ३८ ॥

દ્વિતીયા વિભક્તિવાળા અંગવાચી નામને 'निरसन–ફેંકવા–હઠાવવા–બહાર કાઢવા' અર્થમાં इ (णिङ्) પ્રત્યય વિકલ્પે થાય છે.

हस्तौ निरस्यति इति णिङ्–हस्त+इ+ते=हस्ति+अ+ते=हस्तयते–હાથને હઠાવે છે.

पादौ निरस्यति इति णिङ्–पाद+इ+ते=पादि+अ+ते=पादयते પગને હઠાવે છે.

णिङ् પ્રત્યય ङ्निशानवाळो છે તેથી તે દ્વારા બનેલ ક્રિયાપદ આત્મનેપદી જ થાય છે, પરસ્મૈપદી નહીં. ॥ ૩ । ૪ । ૩૮ ॥

## पुच्छादुत्–परि-व्यसने ॥ ३ । ४ । ३९ ॥

દ્વિતીયા વિભક્તિવાળા पुच्छ નામને 'ઉદસન' અર્થમાં, 'પર્યસન' અર્થમાં, 'વ્યસન' અર્થમાં અને 'અસન' અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

पुच्छम् उदस्यति इति–णिङ्=उत्+पुच्छ्+इ+अ+ते–उत्पुच्छि+अते=उत्पुच्छयते–પૂંછડાને ઊંચે ઉલાળે છે.

पुच्छं पर्यस्यति इति–णिङ्=परि+पुच्छ्+इ+अ+ते=परिपुच्छि+अते=परिपुच्छयते–પૂંછડાને ચારે બાજુએ ઉલાળે છે.

पुच्छं व्यस्यति इति–णिङ्=वि+पुच्छ्+इ+अ+ते=विपुच्छि+अते=विपुच्छयते–પૂંછડાને વિશેષ ઉલાળે છે.

पुच्छम् अस्यति इति–णिङ्=पुच्छ्+इ+अ+ते=पुच्छि+अते=पुच्छयते–પૂંછડું ઉલાળે છે–ફેંકે છે.

આ બધા પ્રયોગો उत्, परि, वि સાથે જ થાય છે. આ ઉપસર્ગો ન હોય તો આવા અર્થો ન થઈ શકે. ॥ ૩ । ૪ । ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भाण्डात् समाचितौ ॥ ३ । ४ । ४० ॥

દ્વિતીયા વિભક્તિવાળા भाण्ड શબ્દને 'સંચય' અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

भाण्डानि समाचिनोति णिङ्=सम्+भाण्ड+इ+अ+ते=सम्भाण्डि+अते= सम्भाण्डयते-પાત્રો એકઠાં કરે છે.

भाण्डानि परिचिनोति=णिङ्=परि+भाण्ड+इ+अ+ते=परिभाण्डि+अते= परिभाण्डयते-પાત્રો એકઠાં કરે છે.

सम् અને परि ઉપસર્ગપૂર્વક જ चि ધાતુનો આવો અર્થ થાય, અન્યથા ન થાય. ॥ ३ । ४ । ४० ।

## चीवरात् परिधानार्जने ॥ ३ । ४ । ४१ ॥

દ્વિતીયા વિભક્તિ યુક્ત चीवर શબ્દને 'પરિધાન' અને 'અર્જન' અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય.

परिधान-चीवरं-परिदधाति=णिङ्=परि+चीवर+इ+अ+ते=परिचीवरि+अते =परिचीवरयते-ચીવર-કપડું-પહેરે છે.

चीवरं समाच्छादयति=णिङ्=सम्+चीवर+इ+अ+ते=संचीवरि+अते= संचीवरयते-કપડું ઓઢે છે-પહેરે છે.

अर्जन-चीवरम् अर्जति=णिङ्=चीवर+इ+अ+ते=चीवरि+अते=चीवरयते- કપડાનું ઉપાર્જન કરે છે. ॥ ३ । ४ । ४१ ॥

## णिच् बहुलं नाम्नः कृगादिषु ॥ ३ । ४ । ४२ ॥

કોઈ પણ નામથી कृ આદિ ધાતુઓનો અર્થ સૂચવવા માટે इ (णिच्) પ્રત્યય बहुलम् થાય છે.

मुण्डं करोति=मुण्डयति णिच्-मुण्ड+इ+अ+ति=मुण्डि+अति=मुण्डयति छात्रम्-વિદ્યાર્થીને મુંડ કરે છે-વિદ્યાર્થીને મુંડે છે.

पटुम् आचष्टे करोति वा णिच्-पटु+इ+अ+ति+पटि+अति=पटयति-પટુને કહે છે અથવા કરે છે.

वृक्षं रोपयति णिच्-वृक्ष+इ+अ+ति=वृक्षि+अति=वृक्षयति-ઝાડને રોપે છે.

कृतं गृह्णाति णिच्-कृत+इ+अ+ति=कृति+अति=कृतयति-કરેલી વસ્તુને ગ્રહણ કરે છે. ॥ ३ । ४ । ४२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## व्रताद् भुजि-तन्निवृत्त्योः ॥ ३ । ४ । ४३ ॥

'ખાવા'ના અર્થ સાથે સંબંધ ધરાવતા અને 'ખાવાનું છોડી દેવું" એવા અર્થ સાથે સંબંધ ધરાવતા व्रत શબ્દને कृ આદિ ધાતુનો અર્થ સૂચવવા માટે इ ( णिच् ) बहुलम् કરવો.

શાસ્ત્રમાં વિહિત કરેલા એક પ્રકારના નિયમને व्रत કહે છે-

पयोव्रतं करोति व्रत+णिच्-व्रत+इ+अ+ति=व्रति+अति=पयः व्रतयति-દૂધ જ ખાવું-પીવું-એવું વ્રત કરે છે.

सावद्यान्नं व्रतं करोति-व्रत+णिच्-व्रत+इ+अ+ति=व्रति+अति-व्रतयति-सावद्यान्नं व्रतयति-સાવદ્ય-પાપકારી-અન્ન ન ખાવું એવું व्रत કરે છે.

॥ ૩ । ૪ । ૪૩ ॥

## सत्यार्थ-वेदस्य आः ॥ ३ । ४ । ४४ ॥

सत्य, अर्थ અને वेद શબ્દોને णिच् થાય છે. અને णिच् થતાં એ શબ્દોના અંત સ્વરનો आ થાય છે.

सत्यं करोति-णिच्-सत्य+आ+प्+इ+अ+ति=सत्यापि+अति=सत्यापयति-સત્ય કરે છે અથવા સત્યને કહે છે.

अर्थं करोति-णिच्-अर्थ+आ+प्+इ+अ+ति=अर्थापि+अति=अर्थापयति-અર્થને કરે છે.

वेदं करोति-णिच्-वेद+आ+प्+इ+अ+ति=वेदापि+अति=वेदापयति-વેદને કહે છે. ॥ ૩ । ૪ । ૪૪ ॥

## श्वेताश्व-अश्वतर-गालोडित-आह्वरकस्य अश्व-तर-इत-कलुक् ॥ ३ । ४ । ४५ ॥

श्वेताश्व अश्वतर, गालोडित અને आह्वरक શબ્દોને णिच् થાય છે અને णिच् થાય ત્યારે श्वेताश्वનો अश्व શબ્દ, अश्वतरનો तर શબ્દ, गालोडितનો इत શબ્દ અને आह्वरकનો क શબ્દ બોલાતો નથી-એટલે अश्व, तर इत, અને कનો લોપ થાય છે.

श्वेताश्वम् आचष्टे, करोति, वा श्वेताश्वेन अतिक्रामति वा-श्वेताश्व+णिच्=श्वेताश्व+इ+ति=श्वेत+इ+अ+ति=श्वेति+अति=श्वेतयति-ધોળા ઘોડા વડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-અતિક્રમણ કરે છે અથવા શ્વેતાશ્વ શબ્દને કહે છે અથવા શ્વેતાશ્વને કરે છે

*अश्वतरं करोति—अश्वतर+णिच्—अश्वतर+इ+अ+ति=अश्व+इ+अ+ति=अश्वि+अति=अश्वयति*—ખચ્ચરને કરે છે.

गालोडितं करोति—गालोड+इ+अति=गालोडि+अति=गालोडयति—ગાયને દૂહે છે અથવા વલોણું કરે છે.

आह्वरकं करोति—आह्वर+इ+अति=आह्वरि+अति=आह्वरयति—વાંકું કરે છે. ॥ ૩ । ૪ । ૪૫ ॥

પરોક્ષાને સ્થાને आम्—

## धातोः अनेकस्वराद् आम् परोक्षायाः कृ-भू-अस्ति च अनु तदन्तम् ॥ ३ । ४ । ४६ ॥

અનેક સ્વરવાળા ધાતુને લાગેલી પરોક્ષા વિભક્તિને સ્થાને आम् વપરાય છે અને ધાતુને आम् લાગ્યા પછી તરત જ—आम् પછી જ—પરોક્ષા વિભક્તિવાળાં कृ ધાતુ, भू ધાતુ અને अस् ધાતુનાં રૂપો લાગે છે. आम् લાગ્યા પછી कृ, भू અને अस्નાં જે રૂપો જોડવાનાં છે તે आम् પછી તરત જ જોડવાનાં છે પણ आम् પહેલાં નહીં, તેમ ધાતુ અને आम्ની વચ્ચે પણ નહીં, તેમ કર્તા, કર્મ કે ક્રિયાપદની વચ્ચે પણ નહીં પરંતુ ઉપસર્ગ ધાતુનો જ એક ભાગ છે તેથી आम् પછી જો ઉપસર્ગ હોય તો તે ઉપસર્ગ પછી कृ વગેરેનાં રૂપો જોડાય તો કશો બાધ નથી, તેથી એ રીતે ઉપસર્ગ પછી જોડાવાથી उक्षांप्रचक्रुः આવાં રૂપ થઈ શકે છે.

चकास्+णव्=चकास्+आम्+कृ+णव्=चकासाम्+चकृ+अ=चकासांचकार—દીપતું હતું.

चकास्+णव्=चकास्+आम्+भू+णव् = चकासाम्+बभू+अ=चकासांबभूव —દીપતું હતું.

चकास्+णव्=चकास्+आम्+अस्+णव्=चकासाम्+आस्+अ=चकासामास—દીપતું હતું

'દીપ્તિ' અર્થનો चकास् ધાતુ બીજા અદાદિ ગણનો છે.

पपाच—રાંધ્યું—અહીં અનેક સ્વરવાળો ધાતુ નથી—पच् ધાતુ એક જ સ્વરવાળો છે તેથી आम् ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પકવવું-રાંધવું" અર્થનો पच् ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે

अनु तदन्तम्-'आम् પછી તરત જ એટલે आम्‌ને છેડે જ कृ, भू તથા अस्‌નાં પરોક્ષાનાં રૂપો વારાફરતી લગાડવાનાં છે' એવી ભલામણ કરવાથી चकारचकासाम् એવું ઊલટું રૂપ ન થાય તથા ईहांचैत्रश्चक्रे એવું વચ્ચે કર્તાના પ્રયોગવાળું પણ રૂપ ન થાય. ॥ ૩।૪।૪૬ ॥

## दय-अय-आस्-कासः ॥ ३ । ४ । ४७ ॥

दय्, अय्, आस् અને कास् ધાતુઓને લાગેલી પરોક્ષા વિભક્તિના સ્થાને आम् વપરાય છે અને आम् લગાડ્યા પછી ઉપરના સૂત્રમાં જણાવ્યા મુજબ કોઈ પણ વ્યવધાન વિના कृ, भू અને अस्तिનાં પરોક્ષા વિભક્તિવાળાં રૂપો વારાફરતીનાં જોડવાનાં છે, તથા आम्‌વાળા રૂપ અને आम् પછી જોડાએલાં कृ भू તથા असूનાં રૂપો વચ્ચે 'ઉપસર્ગ' હોય તો વાંધો ન સમજવો.

दय्—

दय्+ए=दय्+आम्=दयाम्+कृ+ए=दयांचक्रे—દાન દીધું.
दय्+ए=दय्+आम्=दयाम्+भू+अ=दयांबभूव—,, ,,
दय्+ए=दय्+आम्=दयाम्+अस्+अ=दयामास—,, ,,

अय्—परा+अय् = पलाय्+ए=पलाय्+आम्=पलायाम्+कृ+ए=पलायांचक्रे—નાસી ગયો.

आस्—आस्+ए=आस्+आम्=आसां+कृ+ए=आसांचक्रे—બેઠો.

कास्—कास्+ए=कास्+आम्=कासां+कृ+ए=कासांचक्रे—ખાંસી ખાધી.

દાન, ગતિ, હિંસા અને દહન એમ ચાર અર્થવાળો दय् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે.

अय् ધાતુ 'ગતિ' અર્થનો પ્રથમ ગણનો આત્મનેપદી છે.

'બેસવા' અર્થનો आस् ધાતુ બીજા ગણનો આત્મનેપદી છે.

कास् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે અને તેનો અર્થ 'કુત્સિત અવાજ કરવો-ખાંસવું" છે. ॥ ૩।૪।૪૭ ॥

## गुरुनाम्यादेरनृच्छूर्णोः ॥ ३ । ४ । ४८ ॥

આદિમાં નામી સ્વર ગુરુ હોય એવા ધાતુને લાગેલી પરોક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભક્તિને સ્થાને आम् વપરાય છે અને आम् પછી તરત ૪૬ ઉપરના ૪૬ મા સૂત્રમાં જણાવ્યા પ્રમાણે कृ, भू અને अस्तिનાં પરોક્ષા વિભક્તિવાળાં રૂપો વારાફરતી લગાડવામાં આવે છે. આ સૂત્રનું વિધાન ऋच्छ् અને ऊर्णु ધાતુઓને ન લાગે.

ईह्+ए=ईह्+आम्=ईहाम्+कृ+ए=ईहांचक्रे-ચેષ્ટા કરી.

ईह्+ए=ईह्+आम्=ईहाम्+भू+अ=ईहांबभूव-,, ,,

ईह्+ए=ईह्+आम्=ईहाम्+अस्+अ=ईहामास- ,, ,,

'ચેષ્ટા' અર્થનો ईह् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે.

इयेष-ઇચ્છા કરી-અહીં આદિમાં નામી સ્વર ગુરુ નથી તેથી आम् ન થાય.

इष्-इच्छ्-ધાતુનો 'ઇચ્છા' અર્થ છે અને તે પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

आनर्च-પૂજા કરી-અહીં આદિમાં નામી સ્વર જ નથી.

अर्च् ધાતુ 'પૂજવું' અર્થનો પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

निनाय-લઈ ગયો-અહીં ગુરુ નામી સ્વર તો છે પણ આદિમાં નથી, આદિમાં તો न છે.

नी ધાતુ 'પહોંચાડવું-લઈ જવું' અર્થનો પ્રથમ ગણનો ઉભયપદી છે.

आनर्च्छ-મુંઝવણ થઈ, ऋच्छ ધાતુ છઠા ગણનો પરસ્મૈપદી છે તેના બે અર્થ છે-ઇંદ્રિયપ્રલય-મુંઝવણ-અને આકારભાવ.

प्रोर्णुनावे-ઢાંક્યું.

'ઢાંકવું' અર્થનો ऊर्णु ધાતુ બીજા ગણનો ઉભયપદી છે

આ બે પ્રયોગોમાં ऋच्छ् અને ऊर्णु એ વર્જેલા ધાતુઓ છે તેથ आम् ન થયો. ॥ ૩ । ૪ । ૪૮ ॥

## जागुष-समिन्धेर्नवा ॥ ३ । ४ । ४९ ॥

जागृ, उष् અને सम् સાથેના इन्ध् ધાતુને લાગેલી પરોક્ષા વિભક્તિના સ્થાને आम् વિકલ્પે થાય છે અને आम् થયા પછી ૪૬ મા સૂત્રમાં પૂર્વે જણાવેલ રીતે कृ भू અને अस्तिનાં રૂપો વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જાગવું' અર્થનો जागृ ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે

जागृ+णव्=जागराम्+कृ+अ=जागरांचकार–જાગ્યો.

जागृ+णव्=जागराम्+भू+अ=जागरांबभूव– ,, ,,

जागृ+णव्=जागराम्+अस्+अ=जागरामास–,, ,,

जागृ+अ=जाजागृ-जजागृ+अ=जजागार– ,, ,,

उष्+णव्=ओषाम्+कृ+अ=ओषांचकार–બાળ્યું–દાઝી ગયું

उष्+णव्=उउष+अ=उव्+ओष्+अ=उवोष– ,, ,,

'દાહ' અર્થનો उष् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

सम्+इन्धू+ए = समिन्धू + आम् + कृ+ए = समिन्धांचक्रे–સળગ્યું અથવા પ્રકાશ્યું.

सम्+इन्धू+ए=समिध्+ए=समीधे– ,, ,,

ઉક્ત રીતે भू તથા अस्નાં રૂપોવાળાં ઉદાહરણો સ્વયં સમજી લેવાં. इन्धू ધાતુ રુધાદિગણનો આત્મનેપદી છે અને તેનો અર્થ 'દીપ્તિ' છે ॥ ૩।૪।૪૯ ॥

## भी-ह्री-भृ-होस्तिवत्त् ॥ ३ । ४ । ५० ॥

भी, ह्री, भृ અને हु ધાતુને લાગેલી પરોક્ષા વિભક્તિને સ્થાને आम् વિકલ્પે વપરાય છે અને आम् લગાડયા પછી તરત જ कृ, भू અને अस्तिનાં રૂપો પૂર્વે જણાવેલ રીત પ્રમાણે લાગે છે. આ સૂત્રદ્વારા જે आम्નું વિધાન છે તે आम्ને तिव् પ્રત્યય જેવો સમજવો એટલે तिव् પ્રત્યયને લીધે જે જે ફેરફાર થાય તે આ आम् પ્રત્યયને લીધે પણ થાય એમ સમજવું.

भी+णव्=बिभय्+आम्=बिभयाम्+कृ+अ=बिभयांचकार–ભય પામ્યો.
भी+णव्=बिभय्+आम्=बिभयाम्+भू+अ=बिभयांबभूव– ,, ,,
भी+णव्=बिभय्+आम्=बिभयाम्+अस्–आस्–अ=बिभयामास– ,, ,,
भी+णव्=बिभी+णव्=बिभाय्+अ=बिभाय– ,, ,,

भी ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે અને તેનો 'ભય' અર્થ છે.

ह्री+णव्=जिह्रय्+आम्=जिह्रयाम्+कृ+अ=जिह्रयांचकार–શરમાયો.
ह्री+णव्=जिह्रय्+आम्=जिह्रयाम्+भू+अ=जिह्रयांबभूव– ,,
,, +,,=,,+,,=,,+अस्+अ=जिह्रयामास ,,
ह्री+णव्=जिह्री+अ=जिह्राय– ,,

ह्री ધાતુ બીજા ગણનો છે, તેનો અર્થ 'શરમાવું' છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भृ+णव्=बिभराम्+कृ+अ=बिभरांचकार–ધારણ–કર્યું અથવા પોષણ કર્યું.
,, + ,, = ,, +भू+अ=बिभरांबभूव– ,,
,,+णव्=बिभराम्+अस्=अ+बिभरामास ,,
भृ+णव्=बिभृ+अ+बभृ+अ=बभार– ,,

भृ ધાતુ બીજા ગણનો છે. 'ધારણ કરવું' તથા 'પોષણ કરવું' તેનો અર્થ છે

हु+णव्=जुहवाम्+कृ+अ=जुहवांचकार–દાન દીધું અથવા ખાધું
,, + ,, = ,, +भू+अ=जुहवांबभूव– ,,
,, +णव्=जुहवाम्+अस्+अ=जुहवामास– ,,
हु+णव्=जुहु+अ=जुहाव– ,,

'દેવું" અને 'જમવું' અર્થવાળો हु ધાતુ બીજા ગણનો છે

॥ ૩ । ૪ । ૫૦ ॥

## वेत्तेः कित् ॥ ३ । ४ । ५१ ॥

विद् ધાતુને લાગેલી પરોક્ષાની વિભક્તિઓના સ્થાને कित् आम् વિકલ્પે વપરાય છે અને आम् લગાડયા પછી તરત જ कृ, भू અને अस्तिનાં રૂપો પૂર્વ પ્રમાણે લાગે છે.

विद् ધાતુને લાગતો આ आम् कित् સમજવો એટલે જે પ્રત્યયમાં कृનું નિશાન હોય તેવો સમજવો અર્થાત્ कित्પણાને લીધે ધાતુમાં જે જે ફેરફાર થાય છે એ બધા ફેરફાર આ સૂત્રથી થયેલા आम्ને પણ લાગુ કરવા.

विद्+णव्=विद्+आम्+कृ+अ=विदांचकार–જાણ્યું.
,, + ,, = ,, + ,,+भू+अ=विदांबभूव– ,,
,, + ,, = ,, + ,,+अस्+अ=विदामास– ,,
आम् कित् છે તેથી કોઈપણ રૂપમાં विदांને બદલે वेदां ન થાય.
विद्+णव्=विविद्+अ=विवेद– જાણ્યું.
'જાણવું" અર્થનો विद् ધાતુ બીજા ગણનો છે.

॥ ૩ । ૪ । ૫૧ ॥

**પંચમીને સ્થાને आम्—**

## पञ्चम्याः कृग् ॥ ३ । ४ । ५२ ॥

જ્યારે विद् ધાતુને ક્રિયાપદ સૂચક પંચમીના तुव् ताम् अन्तु વગેરે પ્રત્યયો લાગે ત્યારે તે પ્રત્યયોને બદલે आम् પ્રત્યય વિકલ્પે વાપરવો અને आम्વાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विद् ધાતુની પાછળ તરત જ એકલા कृ ધાતુનાં तुव् ताम् अन्तु વગેરે પ્રત્યયોવાળાં રૂપો જોડી દેવાં તથા विद् ધાતુને લાગેલા આ आम् પ્રત્યયને कित् સમજવો એટલે क નિશાનવાળા પ્રત્યયોની હયાતીમાં જે કાંઈ કામ થાય છે તે બધું જ કામ પંચમીને બદલે વપરાતા આ आम् પ્રત્યયની હયાતીમાં થાય એમ સમજવું.

विद्+तु=विद्+आम्+कृ+तु=विदांकरोतु–જાણો।

विद्+तु=वेद्+तु=वेत्तु–જાણો.

આ રીતે જ પંચમીના ताम् अन्तु વગેરે બીજા પ્રત્યયો લગાડીને પણ રૂપો સમજવાં.

અહીં आम् कित् થવાને લીધે विदांतु वेदां રૂપ ન થાય.

॥ ૩ । ૪ । ૫૨ ॥

सिच् પ્રત્યય–

## सिजद्यतन्याम् ॥ ३ । ४ । ५३ ॥

ધાતુઓને ભૂતકાળમાં અદ્યતનીના પ્રત્યયો લાગે ત્યારે તે પ્રત્યયો લાગતાં પહેલાં મૂળ ધાતુ પાસે स् (सिच्) ઉમેરાય છે.

नी+=अनी+स्+ई+त्=अनैषीत्–લઈ ગયો. ॥ ૩ । ૪ । ૫૩ ॥

## स्पृश-मृश-कृष-तृप-दृपो वा ॥ ३ । ४ । ५४ ॥

स्पृश्, मृश्, कृष्, तृप्, અને दृप् ધાતુઓને અદ્યતની વિભક્તિ લાગે ને પહેલાં મૂળ ધાતુ પાસે વિકલ્પે स् (सिच्) ઉમેરાય છે.

स्पृश्–स्पृश्+द्=अस्पृश्+स्+ई+त्=अस्पृक्+ष्+ई+त्=अस्प्राक्षीत्

अस्पार्क्षीत्, अस्पृक्षत्– અડક્યો.

स्पृश् ધાતુનો અર્થ 'સ્પર્શ કરવો' છે અને આ ધાતુ છટ્ઠા ગણનો છે

मृश्–मृश्–अम्राक्षीत्, अमार्क्षीत्, अमृक्षत् ,, ,,

मृश् ધાતુ છટ્ઠા ગણનો છે અને તેનો પણ અર્થ 'સ્પર્શ કરવો' છે

कृष्–कृष्–अक्राक्षीत्, अकार्क्षीत्, अकृक्षत्–ખેંચ્યું

कृष् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી તથા છઠા ગણનો ઉભયપદી છે તેનો અર્થ 'વિલેખન' છે

तृप्–अत्राप्सीत्, अतार्प्सीत्, अतृपत्–પ્રીતિ કરી

'પ્રીતિ' અર્થવાળો तृप् ધાતુ ચોથા ગણનો છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह्रार्षीत्, अदार्षीत्, अदृपत्–હર્ષ કર્યો.

दृप् ધાતુ ચોથા ગણનો છે અને તેનો અર્થ 'હર્ષ' તથા 'મોહન'–'મુગ્ધ થવું' છે ॥ ૩ । ૪ । ૫૪ ॥

**सक् પ્રત્યય—**

## ह शिटो-नाम्युपान्त्यादद्दृशोऽनिटः सक् ॥ ३ । ४ । ५५ ॥

જે ધાતુઓને છેડે ह् છે કે शिट् (श ष स વગેરે) અક્ષર છે અને નામી સ્વર ઉપાંત્યમાં છે એવા અનિટ્ ધાતુઓને અદ્યતનીના પ્રત્યયો લાગતાં પહેલાં ધાતુના અંગ સાથે स (सक्) જોડાય છે. અહીં એક दृश् ધાતુ લેવાનો નથી.

જે ધાતુને इट् ન લાગે તે અનિટ્ કહેવાય.

ધાતુઓ ત્રણ પ્રકારના હોય છે, ૧ इट् ન લાગે એવા અનિટ્, ૨ इट् લાગે એવા સેટ્–इट्સહિત અને ૩ इट् વિકલ્પે લાગે એવા वा+इट्–वेट्. અહીં इट् ન લાગે એવા ધાતુઓ લેવાના છે.

ह्–दुह्+द् = अ + दुह्+स+त=अधुक्+ष+त्= अधुक्षत–તેણે દોહ્યું.

दुह् ધાતુ બીજા ગણનો ઉભયપદી છે અને તેનો અર્થ 'ક્ષરણ–ઝરવું'–છે

शिट्–विश्+द्=अ+विश्+स+त्=अविक्+ष+त्=अविक्षत् તેણે પ્રવેશ કર્યો. विश् ધાતુ છઠ્ઠા ગણનો છે 'પ્રવેશ કરવો' તેનો અર્થ છે

अभैत्सीत्–તેણે ભેદ્યું. અહીં भिद् ધાતુ છે તેમાં નામી સ્વર ઉપાંત્યમાં તો છે પરંતુ ह् કે शिट् અક્ષર છેડે નથી.

भिद् ધાતુ રુધાદિ ગણનો ઉભયપદી છે અને તેનો અર્થ 'ભેદવું' છે. अघाक्षीत्–બાળ્યું.–અહીં છેડે ह् તો છે પણ નામી સ્વર ઉપાંત્યમાં નથી. दह् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે.
अद्राक्षीत्–જોયું.–અહીં વર્જેલો दृश् ધાતુ છે.
अकोषीत्–બહાર કાઢ્યો.–અહીં कुष् ધાતુ અનિટ્ નથી પણ સેટ્ છે.

कुष् ધાતુ નવમા ગણનો છે અને તેનો અર્થ 'કાઢવું' છે.

॥ ૩ । ૪ । ૫૫ ॥

## श्लिषः ॥ ३ । ४ । ५६ ॥

અદ્યતનીના પ્રત્યયો લાગતાં પહેલાં અનિટ્ એવા श्लिष् ધાતુના અંગ સાથે स ઉમેરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ+અ+શ્લિષ્+ત્=આશ્લિષ્+સ્+ત્=આશ્લિક્ષત્ कन्यां मैत्रः–મૈત્ર કન્યાને ભેટ્યો.

શ્લિષ્ ધાતુ ચોથા ગણનો 'આલિંગન' અર્થનો છે

अश्लेषीत्–તેણે બાળ્યું–અહીં શ્લિષ્ ધાતુ સેટ્ છે.

આ શ્લિષ્ ધાતુ પ્રથમ ગણનો છે અને તેનો અર્થ दाह છે

॥ ૩ । ૪ । ૫૬ ॥

## नासत्त्वाऽऽश्लेषे ॥ ३ । ४ । ५७ ॥

'અસત્ત્વ–અપ્રાણી–નું ભેટવું–ચોંટવું" એવા અર્થવાળા શ્લિષ્ ધાતુને પૂર્વ સૂત્ર દ્વારા सक् ન થાય.

उप+શ્લિષ્+द्=उप+अश्लिष्+अ+त्=उपाश्लिषत् जतु च काष्ठं च–લાખ અને લાકડું પરસ્પર ભેટ્યાં-ચોંટ્યાં

व्यत्यश्लिक्षन्त मिथुनानि–સ્ત્રીપુરુષનાં જોડલાં પરસ્પર ભેટ્યાં.–અહીં પ્રાણીઓનો પરસ્પર ભેટવાનો અર્થ હોવાથી सक् થયો છે.

॥ ૩ । ૪ । ૫૭ ॥

ङ પ્રત્યય—

## णि–श्रि–द्रु–स्रु–कमः कर्तरि ङः ॥ ३ । ४ । ५८ ॥

છેડે આવેલા પ્રેરક અર્થને સૂચવતા णिग् પ્રત્યયવાળા ધાતુઓને, અને श्रि, द्रु, स्रु તેમ જ कम् ધાતુને અદ્યતનીના પ્રત્યયો લાગતાં પહેલાં કર્તાના અર્થનો સૂચક अ (ङ) પ્રત્યય લાગે છે તથા સ્વાર્થિક 'णिच्' પ્રત્યયવાળા એટલે चुरादि ગણના ધાતુઓને તથા णिङ् પ્રત્યયવાળા ધાતુ-ઓને તથા णिग् પ્રત્યયવાળા ધાતુઓને અદ્યતનીના પ્રત્યયો લાગતાં પહેલાં કર્તરિ પ્રયોગમાં કર્તાને સૂચવનારો अ (ङ) પ્રત્યય લાગે છે.

પ્રેરક અર્થનો णिग्-कृ+णि=कारि, अकारि+द्=अकारि+अ+त्=अचीकर्=अ+त् अचीकरत्–કરાવ્યું. 'કરવા' અર્થનો कृ ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે.

સ્વાર્થિક णिच्–चुर्+अचूचुरत्–ચોરી કરી. चुर् ધાતુ 'ચોરવા' અર્થનો દસમા ચુરાદિગણનો પ્રથમ ધાતુ છે.

श्रि+द्=अशिश्रि+अत्=अशिश्रियत्–સેવા કરી.

श्रि ધાતુ 'સેવા' અર્થનો પ્રથમ ગણનો ઉભયપદી છે.

द्रु+द्=अदुद्रु+अ+त्=अदुद्रुवत्–ઓગળી ગયું.

'ગતિ' અર્થનો द्रु ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्रु+द्=असुस्रु+अ+त्=असुस्रुवत्–ઝરી ગયું.

स्रु ધાતુ 'ગતિ' અર્થવાળો છે અને પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

कम्+त=अचकम्+अ+त=अचकमत—ઇચ્છા કરી.

कम् ધાતુ 'ઇચ્છા' અર્થવાળો પ્રથમ ગણનો આત્મનેપદી છે

अकारयिषातां कटौ मैत्रेण–મૈત્ર વડે બે સાદડીઓ કરાવાઈ.–અહીં णिग् પ્રત્યયવાળો ધાતુ તો છે છતાં અદ્યતનીનો કર્તરિપ્રયોગ જ નથી પણ અદ્યતનીનો કર્મણિ પ્રયોગ છે. ॥ ૩ । ૪ । ૫૮ ॥

## ट्धे–श्वेर्वा ॥ ३ । ४ । ५९ ॥

धे (ट्धे) અને श्वि ધાતુને અદ્યતની વિભક્તિ લાગે ત્યારે કર્તરિ પ્રયોગમાં પહેલાં अ (ङ) વિકલ્પે લાગે છે.

धे+द्=अधा+अ+त्=अदध्+अ+त्=अदधत्–ધાવ્યો–દૂધ પીધું.

धे+द्=अधा+त्=अधात् " "

'પીવું' અર્થનો ट्धे ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

श्वि+द्=अशिश्वि+अ+त्=अशिश्वियत्–સોજો આવ્યો– ફૂલી ગયું

श्वि+त्=अश्वि+त्=अश्वत्– " "

श्वि ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે, 'ગતિ' અને 'વૃદ્ધિ' એ તેના બે અર્થ છે.

अधिषातां गावौ वत्सेन–વાછડા વડે બે ગાયો ધવાઈ–વાછડાએ બે ગાયોને ધાવી.—આ કર્મણિ પ્રયોગ છે. ॥ ૩ । ૪ । ૫૯ ॥

**अङ् પ્રત્યય**

## शास्त्यसू–वक्ति–ख्यातेरङ् ॥ ३ । ४ । ६० ॥

शास्, अस्, वच् અને ख्या ધાતુને અદ્યતની વિભક્તિના પ્રત્યયો લાગતાં પહેલાં કર્તરિ પ્રયોગમાં अ (अङ्) થાય છે.

જ્યારે शास् ધાતુને यङ् પ્રત્યય લાગ્યા પછી તેનો લોપ થઈ જાય ત્યારે शास् ધાતુને આ નિયમ ન લાગે એમ જણાવવા સૂત્રમાં शास्ने બદલે शास्ति પદ મૂકેલ છે.

અહીં असू ધાતુ ચોથા ગણનો સમજવાનો છે. તેથી બીજો કોઈ अस् અહીં ન લેવો. એમ સૂચવવા મૂળ સૂત્રમાં अस ન જણાવતાં असू જણાવેલ છે.

शास्+द्=अ+शास्+अ+त्=अशिषत्–શિખામણ આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शास् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે તેનો અર્થ 'અનુશાસન' છે.
अस्+द्=अप+अ+अस्-अपास्थ्+अ+त्=अपास्थत्-દૂર કર્યો.

'ફેંકવા' અર્થવાળો ચોથા ગણનો अस् ધાતુ પરસ્મૈપદી છે.
वच्+द्=अ+वोच्+अ+त्=अवोचत्-બોલ્યો.

'ભાષણ' અર્થનો वच् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે તથા ब्रू ધાતુને બદલે વપરાનારો वच् ધાતુ પણ અહીં લેવાનો છે, અર્થમાં ફેર નથી.

'ભાષણ' અર્થનો वच् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે તથા બીજા ગણના ઉભયપદી ब्रू ने બદલે વપરાનારો वच् પણ 'ભાષણ' અર્થનો છે.

ख्या+त्+=आ+ख्या+अ+त्=आख्यत्-કહ્યું.

ख्या ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે તેનો અર્થ 'પ્રકથન' છે તે લેવો તથા બીજા ગણના 'चक्ष'ને બદલે વપરાનારો ख्या ધાતુ પણ અહીં લેવો

अशासिषातां शिष्यौ गुरुणा-ગુરુ વડે બે શિષ્યોને શિખામણ અપાઈ-આ કર્મણિ પ્રયોગ છે તેથી अङ् ન થાય ॥ ૩ । ૪ । ૬૦ ॥

## सर्त्यर्तेर्वा ॥ ३ । ४ । ६१ ॥

सृ અને ऋ ધાતુને કર્તરિપ્રયોગમાં અદ્યતની વિભક્તિ લાગે ત્યારે વિભક્તિઓની પહેલાં अङ् વિકલ્પે થાય છે.

सृ+द्=अ+सृ+अ+त्=असरत्-સરી ગયો-સરકી ગયો.

सृ+द्=अ+सृ+स+ई+त्=असार्षीत्- ,, ,,

'ગતિ' અર્થનો सृ ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

ऋ+द्=अ+ऋ+अ+त्=आर्+अ+त्=आरत्-ગયો.

ऋ+द्=अ+ऋ+स+ई+त्=आर्षीत्- ,,

'પ્રાપણ-પહોંચાડવું' તથા 'ગતિ' અર્થનો ऋ ધાતુ પ્રથમ તથા બીજા ગણનો પરસ્મૈપદી છે ॥ ૩ । ૪ । ૬૧ ॥

## ह्वा-लिप्-सिचः ॥ ३ । ४ । ६२ ॥

ह्वा, लिप् અને सिच् ધાતુઓને કર્તરિપ્રયોગમાં અદ્યતની વિભક્તિ લાગે ત્યારે વિભક્તિની પહેલાં अङ् થાય છે.

ह्वा+त्=आ+अ+ह्वा+अ+त्=आह्वत्-આહ્વાન કર્યું.

'સ્પર્ધા' અને 'શબ્દ' અર્થનો 'ह्वे' ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે

लिप्+त्=अ+लिप्+अ+त्=अलिपत्-લેપ્યું.

છટ્ઠા તુદાદિ ગણનો 'વધવું' અર્થનો ઉભયપદી લિપ્ ધાતુ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिच्+त्–अ=सिच्+अ+त्=असिचत्— છાંટયું. તુદાદિ ગણનો 'છાંટવા' અર્થનો ઉભયપદી સિચ્ ધાતુ છે ॥ ૩ । ૪ । ૬૨ ॥

## वाऽऽत्मने ॥ ३ । ४ । ६३ ॥

ह्वा, लिप् અને सिच् ધાતુને કર્તરિપ્રયોગમાં અદ્યતની વિભક્તિના આત્મનેપદના પ્રત્યયો લાગે ત્યારે પૂર્વે કહ્યા પ્રમાણે अङ् વિકલ્પે **થાય છે.**

अङ्–[1]ह्वा+त=आ+अ+ह्वा+अ+त=आह्वत–આહ્વાન કર્યું, સ્પર્ધા કરી;

अङ् નથી–[1]ह्वा+त=आ+अ+ह्वा+स्+त=आह्वास्त– ,, ,, ,,

[2]लिप्+त=अ+लिप्+अ+त=अलिपत–લેપ્યું. अङ्

[2]लिप्+त=अ+लिप्+त=अलिप्त– ,, अङ् નથી.

[3]सिच्+त=अ+सिच्+अ+त=असिचत–છાંટયું. अङ्

[3]सिच्+त=अ+सिच्+त=असिक्त–अङ् નથી ॥ ૩ । ૪ । ૬૩ ॥

## ऌदिद्-द्युतादि-पुष्यादेः परस्मै ॥ ३ । ४ । ६४ ॥

ધાતુપાઠમાં જણાવેલા ऌ નિશાનવાળા ધાતુઓને, द्युत् આદિ ૨૩ ધાતુઓને, તથા पुष् વગેરે ૬૭ ધાતુઓને કર્તરિપ્રયોગમાં અદ્યતનીના પ્રત્યયો લાગતાં પહેલાં પરસ્મૈપદમાં अङ् થાય છે.

ऌ નિશાનવાળા–गम्ऌ–गम्+त्=अ+गम्+अ+त्=अगमत्–ગયો.

''જવું'' અર્થનો गम् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

द्युतादि–द्युत्+त्=अ+द्युत्+अत्+अद्युतत्–પ્રકાશ કર્યો.

रुच्+त्=अ+रुच्+अ+त्=अरुचत्–રુચિ થઈ.

॥ ૩ । ૩ । ૪૪ ॥ સૂત્રમાં દ્યુતાદિ ગણના ધાતુઓ બતાવેલ છે.

पुष्यादि–पुष्+त्=अ+पुष्+अ+त्=अपुषत्–પુષ્ટ થયો.

उच्+त्=अ+उच्+अ+त्=औचत्–ભેગું કર્યું.

पुष् વગેરે ધાતુઓ નીચે પ્રમાણે છે :—

१ पुष्–પોષવું
२ उच्–ભેગું કરવું
३ लुट्–લોટવું
४ श्विद्–પરસેવો થવો
५ क्लिद्–ભીનું થવું
६ मिद्–ચીકણું થવું
७ क्ष्विद्–મુકાવવું તથા ચીકણું થવું
८ क्षुध्–ભૂખ લાગવી
९ शुध्–સાફ થવું
१० क्रुध्–ક્રોધ કરવો
११ षिध्–સિદ્ધિ થવી
१२ ऋध्–વધવું
१३ गृध्–લાલચ રાખવી
१४ रध्–હિંસા કરવી અને સિદ્ધ થવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫ તૃપ્ પ્રીતિ થવી
૧૬ દૃપ્–હર્ષ થવો અને મુગ્ધ થવું
૧૭ કુપ્–કોપ કરવો
૧૮ ગુપ્–વ્યાકુળ થવું
૧૯ યુપ્ }
૨૦ રુપ્ } વિશેષ મુગ્ધ થવું–
૨૧ લુપ્ } વિમોહન
૨૨ ડિપ્–ફેંકવું
૨૩ સ્તૂપ્–ઊંચું થવું–વધવું
૨૪ લુભ્–લોભ કરવો–લાલચ રાખવી
૨૫ ક્ષુભ્–ક્ષોભ થવો
૨૬ ણભ્ }
૨૭ તુભ્ } –હિંસા કરવી
૨૮ નશ્–નાશ થવો
૨૯ કુશ્–ચોંટવું–આલિંગન કરવું
૩૦ ભૃશ્ }
૩૧ ભ્રંશ્ } –નીચે પડવું–ભ્રષ્ટ થવું
૩૨ વૃશ્–વરણ કરવું–સ્વીકારવું
૩૩ કૃશ્–પાતળા થવું
૩૪ શુષ્–સુકાવું
૩૫ દુષ્–વિકાર થવો
૩૬ શ્લિષ્–આલિંગન કરવું
૩૭ પ્લુષ્–બળવું
૩૮ તૃષ્–તરશ લાગવી
૩૯ તુષ્ }
૪૦ હૃષ્ } સંતોષ થવો–હર્ષ થવો
૪૧ રુષ્–રોષ કરવો
૪૨ પ્યુષ્ }
૪૩ પ્યુસ્ } વિભાગ કરવો
૪૪ પુસ્ }
૪૫ વિસ્–પ્રેરણા કરવી
૪૬ કુસ્–ચોંટવું–આલિંગન કરવું
૪૭ અસ્–ફેંકવું
૪૮ યસ્–પ્રયત્ન કરવો
૪૯ જસ્–છૂટા થવું
૫૦ તસ્ }
૫૧ દસ્ } ક્ષય થવો
૫૨ વસ્–થંભવું
૫૩ વ્યુસ્–ઉત્સર્ગ કરવો–છોડી દેવું
૫૪ મુસ્–ખાંડવું
૫૫ મસ્–પરિણમવું–રૂપાંતર થવું
૫૬ શમ્ }
૫૭ દમ્ } ઉપશમ–શાંતિ
૫૮ તમ્–આકાંક્ષા રાખવી–તમા રાખવી
૫૯ શ્રમ્–ખેદ થવો–થાક લાગવો તથા તપવું–તપ કરવો
૬૦ ભ્રમ્–અવ્યવસ્થા થવી
૬૧ ક્ષમ્–ખમવું–સહન કરવું
૬૨ મદ્–હરખ થવો–રાજી થવું
૬૩ ક્લમ્–ગ્લાન થવું–ચિમળાવું
૬૪ મુહ્–મુંઝાવું
૬૫ દ્રુહ્–હણવાની વૃત્તિ
૬૬ ષ્ણુહ્-વમન કરવું–બહાર કાઢવું
૬૭ ષ્ણિહ્–સ્નેહ કરવો તથા બહાર કાઢવું

આ બધા પુષ્ વગેરે ૬૭ ધાતુઓ ચોથા ગણના છે અને તે બધા પરસ્મૈપદી છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्+अ+गम्+स्+त=समगंस्त–સમાગમ થયો.–

પરસ્મૈપદ નથી પણ ।૩।૩।૮૪। સૂત્રથી આત્મનેપદ થયું છે તેથી આ પ્રયોગમાં આ નિયમ ન લાગે. ॥ ૩ । ૪ । ૬૪ ॥

## ऋदित्-श्वि-स्तम्भू-म्रुचू-म्लुचू-ग्रुचू-ग्लुचू-ग्लुञ्चू-जॄो वा ॥ ३ । ४ । ६५ ॥

ધાતુપાઠમાં દીર્ઘ ऋકારના નિશાનવાળા ધાતુઓને તથા श्वि, स्तम्भ्, म्रुच्, म्लुच्, ग्रुच्, ग्लुच् અને ग्लुञ्च् તથા ચોથા ગણનો કે નવમા ગણનો जॄ ધાતુ–એ બધા ધાતુઓને કર્તરિપ્રયોગમાં અદ્યતનીના પ્રત્યયો લાગે ત્યારે પરસ્મૈપદમાં વિકલ્પે अङ् થાય છે.

ऋનિશાન–रुधृ –
रुध्+त्=अ+रुध्+अ+त्=अरुधत्–રોક્યું.
रुध्+त्=अ+रुध्+स्+ई+त्=अरौत्सीत्–રોક્યું.
रुध ધાતુ રુધાદિ ગણનો 'રોકવું' અર્થવાળો ઉભયપદી છે

भिदृ–
भिद्+त्=अ+भिद्+अ+त्=अभिदत्–ભેદ્યું.
भिद्+त्=अ+भिद्+स +ई+त्=अभैत्सीत्–,,

श्वि–
श्वि+त्=अ+श्वि+अ+त्=अश्वत्-ફૂલી ગયું.
श्वि+त्=अ+श्वि+ई+त्=अश्वयीत्–,, ,,
श्वि+त्=अ+अशिश्वि+अत्=अशिश्वियत्–,,

स्तम्भ्–
स्तम्भ्+त्=अ+स्तम्भ्+अ+त्=अस्तभत्–થંભી ગયું.
स्तम्भ्+त्=अ+स्तम्भ्+ई+त्=अस्तम्भीत्–,, ,,
स्तम्भ् ધાતુ 'સ્તંભન' અર્થનો પરસ્મૈપદી છે અને સૌત્ર ધાતુ છે

म्रुच्–
म्रुच्+त्=अ+म्रुच्+अ+त्=अम्रुचत्-ગયો.
म्रुच्+त्=अ+म्रुच्+ई+त्=अम्रोचीत्–,,
'ગતિ' અર્થવાળો म्रुच ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

म्लुच्–
म्लुच्+त्=अ+म्लुच्+अ+त्=अम्लुचत्–,,
म्लुच्+त्=अ+म्लुच्+ई+त्=अम्लोचीत्–,,
'ગતિ' અર્થવાળો म्लुच् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

ग्रुच्–
ग्रुच्+त्=अ+ग्रुच्+अ+त्=अग्रुचत्–ચોરી ગયો.
ग्रुच्+त्=अ+ग्रुच्+ई+त्=अग्रोचीत्–,, ,,
ग्रुच् ધાતુ 'ચોરી' અર્થનો પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

ग्लुच्–
ग्लुच्+त्=अ+ग्लुच्+अ+त्=अग्लुचत्–,, ,,
ग्लुच्+त्=अ+ग्लुच्+ई+त्=अग्लोचीत्–,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्लुच् ધાતુ 'ચોરી' અર્થનો પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

ग्लुञ्च्– { ग्लुञ्च्+त्=अ+ग्लुञ्च्+अ+त्=अग्लुचत्–ગયો.
ग्लुञ्च्+त्=अ+ग्लुञ्च्+ई+त्=अग्लुञ्चीत्– }

ग्लुञ्च् ધાતુ પ્રથમ ગણનો 'ગતિ' અર્થવાળો પરસ્મૈપદી છે

जॄ– { जॄ+त्=अ+जॄ+अ+त्=अजरत्–જીર્ણ થયું.
जॄ+त्=अ+जॄ+ई+त्=अजारीत्–,, ,, }

'જીર્ણ થવું' અર્થનો जॄ ધાતુ પરસ્મૈપદી છે અને ચોથા ગણનો છે તથા નવમા ગણનો પણ છે. ॥ ૩ । ૪ । ૬૫ ॥

## ञिच् ते पदः तलुक् च ॥ ३ । ४ । ६६ ॥

અદ્યતની વિભક્તિનો ત્રીજા પુરુષ એકવચનનો આત્મનેપદી त પ્રત્યય લાગ્યો હોય ત્યારે पद् (ચોથો ગણ) ધાતુને કર્તરિપ્રયોગમાં त પ્રત્યયની પહેલાં इ(ञिच्) થાય છે અને ञिच् લાગે ત્યારે तનો લોપ થાય છે.

उद्+पद्+त=उद्+अ+पद्+इ=उदपादि–ઉત્પન્ન થયું.

उदपत्साताम्– તે બે ઉત્પન્ન થયા.–અહીં त પ્રત્યય નથી પણ ત્રીજા પુરુષના દ્વિવચનનો आताम् પ્રત્યય છે. ॥ ૩ । ૪ । ૬૬ ॥

पद् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી છે અને તેનો અર્થ 'ગતિ' છે

## दीप-जन-बुधि-पूरि-ताय-प्यायो वा ॥ ३ । ४ । ६७ ॥

અદ્યતનીના ત્રીજા પુરુષ એક વચનનો આત્મનેપદી त પ્રત્યય લાગ્યો હોય ત્યારે दीप्, जन्, बुध् (ચોથા ગણનો), पूर्, ताय અને प्याय् ધાતુને કર્તરિ પ્રયોગમાં પ્રત્યયની પહેલાં ञिच् વિકલ્પે લાગે અને જ્યારે ञिच् લાગે ત્યારે तनो લોપ થાય છે–त નીકળી જાય છે

{ दीप्+त=अ+दीप्+इ+त=अदीपि–દીપ્યું.
दीप्+त=अ+दीप्+इ+स्+त=अदीपिष्ट–,, ,, }

'દીપવું' અર્થનો दीप् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી છે

{ जन्+त=अ+जन्+इ+त=अजनि–ઉત્પન્ન થયો.
जन्+त=अ+जन्+इ+स्+त=अजनिष्ट–,, ,, }

'પેદા થવું' અર્થનો जन् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી છે

{ बुध्+त=अ+बुध्+इ+त=अबोधि–જાણ્યું.
बुध्+त=अ+बुध्+त=अबुद्ध–,, }

'જાણવું' અર્થવાળો बुध् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી જ અહીં લેવાનો છે પ્રથમ ગણનો ઉભયપદી બીજો बुध् ધાતુ અહીં લેવાનો નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

{ पूर्+त=अ+पूर्+इ+त=अपूरि–પૂર્યું.
{ पूर्+त=अ+पूर्+इ+स्+त=अपूरिष्ट–,,

'પૂરવા' અર્થનો पूर् ધાતુ ચોથા ગણનો આત્મનેપદી છે

{ ताय्+त=अ+ताय्+इ+त=अतायि–પાળ્યું.
{ ताय्+त=अ+ताय्+इ+स्+त=अतायिष्ट–,,

'વિસ્તાર' અને 'પાલન' એમ બે અર્થવાળો ताय् ધાતુ પહેલા ગણનો આત્મનેપદી છે

{ प्याय्+त=अ+प्याय्+इ+त=अप्यायि–વધ્યું.
{ प्याय्+त=अ+प्याय्+इ+स्+त=अप्यायिष्ट–,,

'વૃદ્ધિ' અર્થનો प्याय् ધાતુ પહેલા ગણનો આત્મનેપદી છે

॥ ૩ । ૪ । ૬૭ ॥

## भाव-कर्मणोः ॥ ३ । ४ । ६८ ॥

ભાવેપ્રયોગ અને કર્મણિપ્રયોગમાં તમામ ધાતુઓથી લાગનારા અદ્યતનીના त પ્રત્યયને બદલે इ (ञिच्) પ્રત્યય વપરાય છે

જે ધાતુઓ સમૂળગા અકર્મક છે એટલે સ્વભાવથી જ અકર્મક છે તેમનો ભાવેપ્રયોગ થાય છે. જે ધાતુઓ સકર્મક હોવા છતાં પ્રયોગમાં કર્મ ન વપરાયું હોય એવા અવિવક્ષિતકર્મક ધાતુઓનો પણ ભાવેપ્રયોગ થાય છે. જે ધાતુઓ કર્મવાળા હોય તે સકર્મક કહેવાય, તેમનો કર્મણિપ્રયોગ થાય છે. સકર્મક ધાતુઓ એક કર્મવાળા હોય છે તેમ બે કર્મવાળા પણ હોય છે.

ભાવેપ્રયોગ–आस्+त=अ+आस्+इ=आसि त्वया–તારાથી બેસાયું.
કર્મણિપ્રયોગ–कृ+त=अ+कृ+इ=अकारि कटः–સાદડી બનાવાઈ.

ञिट् પ્રત્યય ॥ ૩ । ૪ । ૬૮ ॥

## स्वर-ग्रह-दृश-हन्भ्यः स्य-सिजाशीः-श्वस्तन्यां ञिड् वा ॥ ३ । ४ । ६९ ॥

સ્વરાંત ધાતુઓને અને ग्रह्, दृश्, हन् ધાતુને ભાવેપ્રયોગમાં અને કર્મણિપ્રયોગમાં આવનારી ભવિષ્યન્તીના स्य આદિવાળા પ્રત્યયો લાગ્યા હોય, ક્રિયાતિપત્તિના स्य આદિવાળા પ્રત્યયો લાગ્યા હોય તથા सिच् પ્રત્યય લાગ્યો હોય, આશીઃના પ્રત્યયો લાગ્યા હોય અને શ્વસ્તનીના પ્રત્યયો લાગ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય ત્યારે તે પ્રત્યયોની પહેલાં इ (ञिट्) પ્રત્યય વિકલ્પે ઉમેરાય છે.

ભવિષ્યન્તી–

સ્વરાંત– { दा+स्यते=दा+इ+स्यते=दै+इ+ष्यते=दायिष्यते–તે વડે અપાશે
{ दा+स्यते=दास्यते– ,,

'દેવા' અર્થવાળો दा ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

ग्रह्– { ग्रह्+स्यते=ग्रह्+इ+ष्यते=ग्राहिष्यते–તે વડે ગ્રહણ કરાશે.
{ ग्रह्+स्यते=ग्रह्+इष्यते=ग्रहीष्यते–,, ,, ,,

'ગ્રહણ કરવું'' અર્થનો ग्रह् ધાતુ નવમા ગણનો ઉભયપદી છે

,, दृश्– { दृश्+स्यते=दृश्+इ+ष्यते=दर्शिष्यते–તે વડે દેખાશે.
{ दृश्+स्यते=द्रक्+ष्यते=द्रक्ष्यते–,, ,,

'જોવું'' અર્થનો दृश् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે

,, हन्– { हन्+स्यते=घन्+इ+ष्यते=घानिष्यते–તે વડે હણાશે.
{ हन्+स्यते=हन्+इ+ष्यते=हनिष्यते–,, ,,

'હિંસા' અને 'ગતિ' અર્થવાળો हन् ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે.

ક્રિયાતિપત્તિ–

સ્વરાંત– { दा+स्यत=अ+दा+इ+ष्यत=अदै+इ+ष्यत=अदायिष्यत–તે વડે અપાત.
{ दा+स्यत=अ+दा+स्यत=अदास्यत– ,, ,,

ग्रह्– { ग्रह्+स्यत=अ+ग्रह्+इ+ष्यत=अग्राहिष्यत–તે વડે ગ્રહણ કરાત.
{ ग्रह्+स्यत=अ+ग्रह्+इ+ष्यत=अग्रहीष्यत–,, ,, ,,

दृश्– { दृश्+स्यत=अ+दृश्+इ+ष्यत=अदर्शिष्यत–તે વડે જોવાત
{ दृश्+स्यत=अ+द्रक्+ष्यत=अद्रक्ष्यत– ,, ,,

हन्– { हन्+स्यत=अघन्+इ+ष्यत=अघानिष्यत–તે વડે હણાત
{ हन्+स्यत=अहन्+इ+ष्यत=अहनिष्यत– ,, ,,

सिच्–

સ્વરાંત– { दा+आताम्=अ+दै+इ+स्+आताम्=अदायिषाताम्–તે બે જણ વડે અપાયું.
{ दा+आताम्=अ+दा+इ+स्+आताम्=अदिषाताम्–,, ,, ,,

ग्रह्– { ग्रह्+आताम्=अ+ग्रह्+इ+स्+आताम्= अग्राहिषाताम्– તે બે જણે ગ્રહણ કરાયું.
{ ग्रह्+आताम्=अ+ग्रह्+इ+स्+आताम्=अग्रहीषाताम्–,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दृश्- { दृश्+आताम्=अ+दृश्+इ+स्+आताम्=अदर्शिषाताम्-,, ,, જોવાયું.
दृश्+आताम्=अ+दृक्+स्+आताम्=अदृक्षाताम्- ,, ,, }

हन्- { हन्+आताम्=अ+घन्+इ+स्+आताम्=अघानिषाताम्- તે વડે હણાયું
हन्+आताम्=अ+वधू+इ+स्+आताम्=अवधिषाताम्- ,, ,, }

આશીઃ-

સ્વરાંત- { दा+सीष्ट=दै+इ+सीष्ट=दायिषीष्ट-તે વડે દાન અપાઓ એવો આશીર્વાદ છે.
दा+सीष्ट=दासीष्ट- ,, }

ग्रह्- { ग्रह्+सीष्ट=ग्रह्+इ+सीष्ट=ग्राहिषीष्ट-તે વડે ગ્રહણ કરાઓ એવો આશીર્વાદ છે
ग्रह्+सीष्ट=ग्रह्+इ+सीष्ट=ग्रहीषीष्ट-,, ,, ,, ,, ,, ,, }

दृश्- { दृश्+सीष्ट=दृश्+इ+सीष्ट=दर्शिषीष्ट-તે વડે જોવાઓ એવો આશીર્વાદ
दृश्+सीष्ट=दृक्+षीष्ट=दृक्षीष्ट-,, ,, ,, ,, ,, }

हन्- { हन्+सीष्ट=घन्+इ+सीष्ट=घानिषीष्ट-તે વડે હણાઓ એવો આશીર્વાદ
हन्+सीष्ट=वधू+इ+सीष्ट=वधिषीष्ट-,, ,, ,, ,, ,, }

श्वस्तनी-

સ્વરાંત- { दा+ता=दै+इ+ता=दायिता-તે વડે અપાશે
दा+ता=दाता- ,, }

ग्रह्- { ग्रह्+ता=ग्राह्+इ+ता=ग्राहिता-તે વડે ગ્રહણ કરાશે.
ग्रह्+ता=ग्रह्+इ+ता=ग्रहीता-,, ,, ,, }

दृश्- { दृश्+ता=दृश्+इ+ता=दर्शिता-તે વડે જોવાશે.
दृश्+ता=द्रष्टा- ,, }

हन्- { हन्+ता=घन्+इ+ता=घानिता-તે વડે હણાશે.
हन्+ता=हन्ता- ,, ,, } ॥ ૩ । ૪ । ૬૯ ॥

क्य પ્રત્યય

## क्यः शिति ॥ ३ । ४ । ७० ॥

તમામ ધાતુઓને शित् સંજ્ઞાવાળા એટલે વર્તમાનાના, સપ્તમીના, પંચમીના અને હ્યસ્તનીના પ્રત્યયો લાગતાં પહેલાં ભાવેપ્રયોગમાં અને કર્મણિપ્રયોગમાં य (क्य) પ્રત્યય લાગે છે (शित् માટે જુઓ । ૩ । ૩ । ૧૦ ।)

भावेप्रयोग-शी+य+ते=शय्+य+ते=शय्यते त्वया-તારા વડે સુવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कर्मणिप्रयोग—कृ+य+ते=क्रि+य+ते=क्रियते · कटः— તારા વડે સાદડી કરાય છે.

बभूवे—થયો.—અહીં शित् પ્રત્યય નથી પણ પરોક્ષા છે.

॥ ૩ । ૪ । ૭૦ ॥

પ્રથમ ગણનો विकरण अ પ્રત્યય

## कर्तर्यनद्भ्यः शव् ॥ ३ । ४ । ७१ ॥

अदादि—બીજા ગણમાં જે ધાતુઓ જણાવેલા છે તે બધાને છોડીને બીજા તમામ ધાતુઓને કર્તરિપ્રયોગમાં शित्—વર્તમાનાના, સપ્તમીના, પંચમીના અને હ્યસ્તનીના—પ્રત્યયો લાગે તે પહેલાં વિકરણ પ્રત્યયરૂપે अ (शव्) પ્રત્યય લાગે છે.

भू+ति=भू+अ+ति=भव्+अ+ति=भवति—તે થાય છે.

पच्+य+ते=पच्यते—રંધાય છે. અહીં કર્તરિપ્રયોગ નથી.

अद्+ति=अत्ति—તે ખાય છે.—अद् ધાતુ अदादि ગણમાં છે, તેને વર્જ્યો છે. ॥ ૩ । ૪ । ૭૧ ॥

ચોથા ગણનો વિકરણ य

## दिवादेः श्यः ॥ ३ । ४ । ७२ ॥

दिवादि—ચોથા ગણમાં જે ધાતુઓ બતાવેલા છે તે બધાને કર્તરિપ્રયોગમાં शित् પ્રત્યયો લાગે તે પહેલાં વિકરણ પ્રત્યયરૂપે य (श्य) પ્રત્યય લાગે છે. આ સૂત્રના વિધાન દ્વારા દિવાદિગણને शव् નથી લાગતો પણ श्य પ્રત્યય જ લાગે છે.

दिव्+ति=दीव्+य+ति=दीव्यति—તે રમે છે.

दिव् ધાતુ દિવાદિ ગણનો સૌથી પ્રથમ ધાતુ છે અને પરસ્મૈપદી છે

તેના ૬ અર્થ છે– ૧ ક્રીડા, ૨ જય મેળવવાની ઇચ્છા ૩ વ્યવહાર કરવો, ૪ પ્રકાશ, ૫ સ્તુતિ કરવી, ૬ ગતિ.

जॄ+ति=जीर्+य+ति=जीर्यति—તે જીર્ણ થાય છે.

॥ ૩ । ૪ । ૭૨ ॥

## भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-त्रुटि-लषि-यसि-संयसेर्वा ॥ ३ । ४ । ७३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भ्रास्, म्लास्, भ्रम्, क्रम्, क्लम्, त्रस्, त्रुट्, लष्, यस्, सम् પૂર્વક યસ્ આ ધાતુઓને કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યયો લાગતાં પહેલાં શવ્‌ને બદલે શ્ય વિકલ્પે થાય છે

भ्रास्+य+ते=भ्रास्यते, भ्रासते–શોભે છે.

भ्रास् ધાતુ પહેલા ગણનો આત્મનેપદી છે, એનો 'દીપ્તિ' અર્થ છે.

म्लास्+य+ते=म्लास्यते, म्लासते ,, ,,

म्लास् ધાતુ પહેલા ગણનો આત્મનેપદી છે, એનો અર્થ 'દીપ્તિ' છે,

भ्रम्+य+ति = भ्राम्यति, भ्रमति–ભમે છે–આથડે છે

भ्रम् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે, તેનો અર્થ 'અવ્યવસ્થા' છે

भ्रम्+य+ति=भ्राम्यति, भ्रमति–ચાલે છે.

'ચાલવા' અર્થનો આ भ्रम् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે

क्रम्+य+ति = क्राम्यति, क्रामति–પગે ચાલે છે.

क्रम् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે તેનો અર્થ 'પગે ચાલવું' છે

क्लम्+य+ति = क्लाम्यति, क्लामति–કરમાય છે.

'ચિમળાવા' અર્થનો क्लम् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે

त्रस्+य+ति = त्रस्यति, त्रसति–ડરે છે.

'ડરવા' અર્થનો त्रस् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે

त्रुट्+य+ति = त्रुट्यति, त्रुटति–તૂટે છે.

'તુટવા' અર્થનો त्रुट् ધાતુ છઠ્ઠા ગણનો પરસ્મૈપદી છે

लष्+य+ति=लष्यति, लषति–અભિલાષ કરે છે.

'ઈચ્છા' અર્થને लष् ધાતુ પ્રથમ ગણનો ઉભયપદી છે

यस्+य+ति=यस्यति, यसति–પ્રયત્ન કરે છે.

'પ્રયત્ન' અર્થનો यस् ધાતુ ચોથા ગણનો પરસ્મૈપદી છે

सम्+यस्+य+ति=संयस्यति, संयसति–સારી રીતે પ્રયત્ન કરે છે.

સૂત્રમાં यस् નોંધેલ છે છતાં संयस् ફરીવાર નોંધવાનું કારણ એ છે કે संयस्‌ને જ શ્ય વિકલ્પે થાય, બીજા કોઈ ઉપસર્ગ સાથે યમ્ હોય તો તેને શ્ય વિકલ્પે ન થાય–એમ સૂચવવાનું છે એટલે आ+यस्=आयस्यति, प्र+यस्=प्रयस्यति–એ બધા પ્રયોગોમાં શ્ય નિત્ય જ લાગે છે. यस् ધાતુ ચોથા દિવાદિ ગણનો છે તેથી તેને શ્ય તો નિત્ય પ્રાપ્ત જ છે.

॥ ૩ । ૪ । ૭૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં જણાવેલા કેટલાક ધાતુઓ પ્રથમ ગણના છે તેમને श्य લાગવાનો ન હોતો તેથી તેમને श्य વિકલ્પે લગાડવાનું વિધાન આ સૂત્ર કરે છે તથા કેટલાક ધાતુઓ ચોથા ગણના છે તેમને श्य નિત્ય લાગવાનો હતો તેથી તેમને श्य વિકલ્પે લગાડવાનું વિધાન પણ આ સૂત્ર કરે છે.

ઉદાહરણોમાં બતાવેલાં રૂપો સાથે તે તે ધાતુની ગણના માહિતિ આપેલી જ છે. ॥ ૩ । ૪ । ૭૩ ॥

## कुषि-रञ्जेर्व्याप्ये वा परस्मै च ॥ ३ । ४ । ७४ ॥

કર્મ જ્યારે કર્તા થઈ જાય છે ત્યારે શિત્ પ્રત્યયો લાગતાં પહેલાં કર્મકર્તરિ પ્રયોગમાં कुष् ધાતુને અને रञ्ज् ધાતુને પરસ્મૈપદ વિકલ્પે થાય છે અને श्य પ્રત્યય પણ લાગે છે

कुष्+य+ति=कुष्यति, कुष्+य+ते=कुष्यते=कुष्यति,कुष्यते वा पादः स्वयमेव-પગ એની મેળે બહાર ખેંચાય છે અથવા બહાર નાકળે છે.

रञ्ज्+य+ति=रज्यति, रञ्ज्+य+ते=रज्यते वा वस्त्रं स्वयमेव-કપડું એની મેળે રંગાય છે. રંગવા અર્થનો रञ्ज् ધાતુ ચોથા ગણનો ઉભયપદી છે

कुष्णाति पादं रोगः-રોગ પગને બહાર ખેંચે છે અથવા બહાર કાઢે છે. અહીં કર્મ, કર્તા નથી. આ કર્તરિ પ્રયોગ છે

'નિષ્કર્ષ'-બહાર ખેચવું-અર્થનો નવમા ગણનો कुष् ધાતુ છે તેથી તેને ના લાગ્યો છે.

अकोषि-ખેંચ્યો કે બહાર કાઢયો.-અહીં शित् પ્રત્યય નથી પણ અદ્યતનીનો પ્રત્યય છે તેથી श्य ન લાગે. ॥ ૩ । ૪ । ૭૪ ॥

**પાંચમા ગણનો વિકરણ नु-**

## स्वादेः श्नुः ॥ ३ । ४ । ७५ ॥

स्वादि (પાંચમા) ગણના ધાતુઓને કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યયો લાગતાં પહેલાં शव् ને બદલે नु (श्नु) પ્રત્યય લાગે છે.

सु+ति=सु+नु+ति=सुनोति-મદિરા બનાવવાનાં સાધનરૂપ દ્રવ્યોને ભીંજવે છે અથવા સોમલતાનો રસ કાઢવા તેને નિચોવે છે.

सि+ति=सि+नु+ति=सिनोति-તે બાંધે છે.

પાંચમા સ્વાદિ-सु આદિ-ગણના બધા મળીને જે ઓગણત્રીશ અંકે ૨૯ ધાતુઓ છે તે આ પ્રમાણે છે-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરસ્મૈપદી ધાતુઓ

૧. षु अभिषवे–મદિરા બનાવવાના સાધનરૂપ પદાર્થોને ભીંજવવા તથા સોમલતાનો રસ કાઢવા નીચોવવું કે મંથન કરવું
૨. षि बन्धने–બાંધવું
૩. शि निशाने–પાતળું કરવું–તીક્ષ્ણ કરવું
૪. मि प्रक्षेपणे–ઉમેરવું
૫. चि चयने–એકઠું કરવું
૬. धू कम्पने–ધુણવું કે ધ્રુજવું
૭. स्तृ आच्छादने–ઢાંકવું
૮. कृ हिंसायाम्–હિંસા કરવી
૯. वृ वरणे–વરણ કરવું–સ્વીકાર કરવો
૧૦. हि गति–वृद्धयोः–જવું અને વધવું
૧૧. श्रु श्रवणे–સાંભળવું
૧૨. दु उपतापे–દુઃખ આપવું–સંતાપવું
૧૩. पृ प्रीतौ –પ્રેમ કરવો
૧૪. स्पृ पालने च–પ્રેમ કરવો તથા પાલન કરવું
૧૫. शक् शक्तौ–શકવું–સમર્થ થવું
૧૬. तिक् हिंसायाम्–હિંસા કરવી–હણવું
૧૭. तिग् ,, ,, ,,
૧૮. षघ् ,, ,, ,,
૧૯. राध् संसिद्धौ–ફલની સિદ્ધિ થવી–ફળ પેદા થવું–સિદ્ધ કરવું
૨૦. साध् ,, ,,
૨૧. ऋध् वृद्धौ–વધવું–વધારે થવું
૨૨. आप् व्याप्तौ–વ્યાપીને રહેવું–ફેલાઈને રહેવું
૨૩. तृप् प्रीणने–ખુશ થવું-રાજી થવું
૨૪. दम्भ् दम्भे–દંભ કરવો–કપટ કરવું–બાનું કાઢવું
૨૫. कृत् हिंसा–करणयोः–હિંસા કરવી અને કરવું–બનાવવું
૨૬. चिव् गतौ–જવું
૨૭. धृष् प्रागल्भ्ये–પ્રગલ્ભ થવું, ધૃષ્ટ થવું–નીડર રહેવું

આત્મનેપદી ધાતુઓ બે જ છે—

૨૮. ष्टिघ् आस्कन्दने–આક્રમણ કરવું–હલ્લો કરવો
૨૯. अश् व्याप्तौ–વ્યાપીને રહેવું-ફેલાઈને રહેવું

આ રીતે સ્વાદિ ગણના ઓગણત્રીશ ધાતુઓ છે

॥ ૩ । ૪ । ૭૫ ॥

## वाऽक्षः ॥ ३ । ४ । ७६ ॥

अक्ष् ધાતુને કર્તરિ પ્રયોગમાં शित् પ્રત્યયો લાગતાં પહેલાં श्नु પ્રત્યય વિકલ્પે થાય છે.

अक्ष्+नु+ति=अक्ष्णोति, अक्षति–વ્યાપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'વ્યાપવું'–'વ્યાપીને રહેવું' અથવા 'સંઘાત' એવા બે અર્થવાળો અક્ષ ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે ॥ ૩ । ૪ । ૭૬ ॥

## तक्षः स्वार्थे वा ॥ ३ । ४ । ७७ ॥

'પાતળું કરવું–છોલવું–તીક્ષ્ણ કરવું' અર્થને સૂચવતા તક્ષ્ ધાતુને કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યય લાગતાં પહેલાં શ્નુ પ્રત્યય વિકલ્પે લાગે છે,

तक्ष्+नु+ति=तक्ष्णोति, तक्षति–તાસે છે–છોલે છે–પાતળું કરે છે.

'પાતળું કરવું–છોલવું–તીક્ષ્ણ કરવું'–અર્થનો તક્ષ્ ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

संतक्षति शिष्यम्–શિષ્યની ભર્ત્સના કરે છે–શિષ્યને ભડે છે–અહીં 'પાતળું કરવું' અર્થ નથી. ॥ ૩ । ૪ । ૭૭ ॥

## स्तम्भू–स्तुम्भू–स्कम्भू–स्कुम्भू–स्कोः श्ना च ॥ ३ । ४ । ७८ ॥

स्तम्भ्, स्तुम्भ्, स्कम्भ्, स्कुम्भ् એ ચાર સૌત્ર ધાતુઓને અને स्कु ધાતુને કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યયો લાગતાં પહેલાં શ્ના અને શ્નુ એમ બે પ્રત્યયો વારાફરતી લાગે છે.

स्तम्भ्- { स्तम्भ्+ना+ति=स्तभ्नाति, स्तम्भ्+नु+ति=स्तभ्नोति– } રોકી રાખે છે–થંભાવે છે.

स्तुम्भ्- { स्तुम्भ्+ति=स्तुभ्+ना+ति=स्तुभ्नाति– स्तुम्भ्+नु+ति=स्तुभ्नोति– } રોકી રાખે છે–સ્તબ્ધ કરે છે.

स्कम्भ्- { स्कम्भ्+ति=स्कभ्+ना+ति=स्कभ्नाति स्कभ्+नु+ति=स्कभ्नोति } " "

स्कुम्भ्- { स्कुम्भ+ति=स्कुभ्+ना+ति=स्कुभ्नाति स्कुम्भ+नु+ति=स्कुभ्नोति } " "

स्कु– { स्कु+ति=स्कु+ना+ति=स्कुनाति } ઉકાડે છે અથવા ઉદ્ધાર કરે છે { स्कु+ति=स्कु+नु+ति=स्कुनोति } અથવા ભારે ભાર ઉપાડે છે.

स्तम्भ् स्तुम्भ् स्कम्भ् અને स्कुम्भ् આ ચારે ધાતુનો અર્થ 'રોધન' છે અને આ ચારે સૌત્ર ધાતુ છે. સૌત્ર એટલે ધાતુપાઠમાં નહીં જણાવેલા પણ સૂત્રમાં બતાવેલા, स्कु ધાતુ નવમા ગણનો ઉભયપદી છે ॥ ૩ । ૪ । ૭૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નવમા ગણનો વિકરણ ના**

## क्र्यादे : ॥ ३ । ४ । ७९ ॥

क्र्यादि–क्री વગેરે–નવમા ગણના સાઠ અંકે ૬૦ ધાતુઓને કર્તરિ પ્રયોગમાં शित् પ્રત્યય લાગતાં પહેલાં शव् ને બદલે ना (श्ना) પ્રત્યય લાગે છે.

क्री+ना+ति=क्रीणाति ખરીદે છે.

प्री+ना+ति=प्रीणाति–પ્રસન્ન થાય છે.

આ ધાતુઓ ઘણા છે તેથી અહીં બતાવ્યા નથી માટે, હવે પછી આપેલા ધાતુપાઠમાંથી તેમને જોઈ લેવા. ॥ ૩ । ૪ । ૭૯ ॥

## व्यञ्जनाच्छ्ना–हेरानः ॥ ३ । ४ । ८० ॥

પૂર્વોક્ત क्र्यादि ગણના જે ધાતુઓ વ્યંજનાંત છે તેને જ્યારે કર્તરિ પ્રયોગમાં ક્રિયાપદને લાગતી પંચમી વિભક્તિના બીજા પુરુષના એકવચનનો हि પ્રત્યય લાગે અને પૂર્વના ૩।૪।૭૯ સૂત્રથી श्ना પ્રત્યય લાગે ત્યારે श्ना અને हि એ બન્નેને બદલે आन થાય છે. એટલે 'नाहि ને બદલે आन બોલાય છે.

पुष्+ना+हि=पुष्+आन=पुषाण–પુષ્ટ કર.

मुष्+ना+हि=मुष्+आन=मुषाण ચોરી કર.

लुनीहि–તું લણ–કાપ. અહીં लू ધાતુ વ્યંજનાંત નથી પણ સ્વરાંત છે તેથી आन ન થાય ॥ ૩ । ૪ । ૮૦ ॥

**છઠ્ઠા ગણનો વિકરણ श**

## तुदादेः शः ॥ ३ । ४ । ८१ ॥

तुदादि–तुद् વગેરે–છઠ્ઠા ગણના એકસો અઠ્ઠાવન અંકે ૧૫૮ ધાતુઓને કર્તરિ પ્રયોગમાં शित् પ્રત્યયો લાગતાં પહેલાં शव્ને બદલે अ (श) પ્રત્યય લાગે છે.

तुद्+अ+ति=तुदति, तुद्+अ+ते=तुदते–પીડા કરે છે.

આ બધા ધાતુઓને ધાતુપાઠમાંથી જોઈ લેવા. ॥ ૩ । ૪ । ૮૧ ॥

**સાતમા ગણનો વિકરણ न**

## रुधां स्वराच्छ्नो लुक् च ॥ ३ । ४ । ८२ ॥

रुधादि–रुध–વગેરે–સાતમા ગણના છવ્વીશ અંક ૨૬ ધાતુઓને કર્તરિ પ્રયોગમાં शित् પ્રત્યયો લાગતાં પહેલાં शव् પ્રત્યયને બદલે न (श्न) લાગે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ધાતુમાં જો સ્વર હોય તો આ न (श्न) સ્વર પછી જ મૂકાય છે. અને જો ધાતુમાં ધાતુનો અંગભૂત न કાર હોય તો તેનો લોપ થાય છે.

रुध्+ति=रु+न+ध्+ति=रुणद्धि–આવરણ કરે છે. સંસ્કૃત દ્વયાશ્રય આઠમો સર્ગ શ્લોક ૧૫ 'સેવવું' અર્થ આપે છે.

हिन्स्+ति=हिस्+ति=हि+न+स्+ति=हिनस्ति–હિંસા કરે છે–

આ પ્રયોગમાં हिन्स् ધાતુના અંગભૂત न્નો લોપ થયો છે.

રુધાદિ ગણના છવ્વીશ અંકે ૨૬ ધાતુઓ આ પ્રમાણે છે—

रुध् વગેરે ઉભયપદી ધાતુઓ–

૧ रुध् आवरणे ઢાંકવું

૨ रिच् विरेचने–રેચ લેવો–બહાર કાઢવું

૩ विच् पृथग्भावे–જુદું કરવું

૪ युज् योगे–જોડવું

૫ भिद् विदारणे–વિદારણ કરવું–ભેદવું

૬ छिद् द्वैधीकरणे–જે એકરૂપ હોય તેના બે ભાગ કરવા કે વધારે ભાગ કરવા–છેદવું

૭ क्षुद् संपेषे–પીસવું–ચૂર્ણ કરવું–ભુકો કરવો

૮ छृद् दीप्ति-देवनयोः–દીપવું અને પ્રકાશવું

૯ तृद् हिंसा–अनादरयोः–હણવું અને અનાદર કરવો

## પરસ્મૈપદી ધાતુઓ

૧૦ पृच् संपर्के–સંપર્ક કરવો–સંબંધ કરવો

૧૧ वृच् वरणे–વરણ કરવું

૧૨ तञ्च् } संकोचने–સંકોચ કરવો

૧૩ तञ्ज् } ,,

૧૪ भञ्ज् आमर्दने–મરડવું–ભાંગવું

૧૫ भुज् पालन–अभ्यवहारयोः–પાળવું–રાજ્ય પાળવું–રાજ્ય ભોગવવું તથા ભોજન કરવું

૧૬ अञ्ज् व्यक्ति–म्रक्षण–गतिषु–વ્યક્ત કરવું, ચોપડવું–આંજવું અને ગમન કરવું

૧૭ विज् भय–चलनयोः–બીવું તથા ચાલવું

૧૮ कृत् वेष्टने–વીંટવું–કાંતવું–છેદવું

૧૯ उन्द् क्लेदने–ભીનું કરવું

૨૦ शिष् विशेषणे–વિશેષ કરવું

૨૧ पिष् संचूर्णने–પીસવું

૨૨ हिंस् हिंसायाम्–હણવું

૨૩ तृद् ,,

## આત્મનેપદી ધાતુઓ

૨૪ खिद् दैन्ये–ખેદ થવો–દીન થવું

૨૫ विद् विचारणे–વિચારવું

૨૬ इन्ध् दीप्तौ–દીપવું

॥ ૩ । ૪ । ૮૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમા ગણનો વિકરણ उ

## कृग्-तनादेरुः ॥ ३ । ४ । ८३ ॥

कृ ધાતુ અને तनादि–तन् વગેરે આઠમા ગણના નવ અંકે ૯ ધાતુઓને કર્તરિપ્રયોગમાં शित् પ્રત્યયો લાગતાં પહેલાં शव्‌ને બદલે उ પ્રત્યય લાગે છે.

कृ+ति=कृ+उ+ति=करोति–કરે છે. (कृ ધાતુને પહેલા ગણમાં પણ ગણાવેલો છે તેથી कृને अ ( शव् ) લાગતાં करति પ્રયોગ પણ થાય.)

तन्+ति=तन्+उ+ति=तनोति–તાણે છે, ખેંચે છે, વિસ્તારે છે.

तन् વગેરે નવ ધાતુઓ આ પ્રમાણે છે—

૧ तन् विस्तारे–તાણવું–વિસ્તાર કરવો

૨ षण् दाने–દેવું

૩ क्षण् हिंसायाम्–હણવું–હિંસા કરવી

૪ क्षिण् ,, ,, ,,

૫ ऋण् गतौ–ગતિ કરવી–ચાલવું ગમન કરવું

૬ तृण् अदने–ખાવું

૭ घृण् दीप्तौ–દીપવું

આ સાત ધાતુઓ ઉભયપદી છે. નીચેના બે ધાતુ આત્મનેપદી છે

૮ वन् याचने–યાચના કરવી

૯ मन् बोधने–જાણવું

॥ ૩ । ૪ । ૮૩ ॥

## सृजः श्राद्धे ञि-क्याऽऽत्मने तथा ॥ ३ । ४ । ८४ ॥

છઠ્ઠા ગણના सृज् ધાતુનો કર્તા ચિત્તશુદ્ધિની પ્રવૃત્તિ વિશે શ્રદ્ધાવાળો હોય ત્યારે सृज् ધાતુને કર્તરિપ્રયોગમાં પહેલાં જણાવ્યા પ્રમાણે ञिच् (જૂઓ, ૩।૪।૬૬) પ્રત્યય લાગે એટલે અદ્યતની વિભક્તિમાં આત્મનેપદનો त લાગે ત્યારે ञिच् થાય અને तનો લોપ થાય તથા शित् પ્રત્યય લાગે ત્યારે क्य પ્રત્યય (જુઓ, ૩।૪।૭૦) લાગે અને આ ધાતુ પરસ્મૈપદી છે તો પણ તેને આત્મનેપદના પ્રત્યયો લાગે.

ञि–सृज्+त=असृज्+ञि+त=असर्जि मालां धार्मिकः–ધાર્મિક માણસે માળા સર્જી–બનાવી.

क्य–सृज्+य+ते=सृज्यते मालां धार्मिकः–ધાર્મિક માણસ માળા બનાવે છે.

આત્મનેપદ–सृज्+स्यते=स्रक्+ष्यते=स्रक्ष्यते मालां धार्मिकः–ધાર્મિક માણસ માળા બનાવશે.

આ સૂત્ર ञिच्‌નું, क्यનું તથા आत्मनेपदનું વિધાન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्यत्यस्तृष्ट माले मिथुनम्–જોડેલાંએ બે માળાઓ પરસ્પર બનાવી– આ પ્રયોગમાં કર્તા મોક્ષવિષયક શ્રદ્ધાવાળો છે પણ ચિત્તશુદ્ધિની પ્રવૃત્તિ વિશે શ્રદ્ધાવાળો નથી. ॥ ૩ । ૪ । ૮૪ ॥

## तपेस्तपःकर्मकात् ॥ ३ । ४ । ८५ ॥

तप् ધાતુનું કર્મ तप હોય અને तप् ધાતુ 'તપ કરવા'ના અર્થવાળો હોય ત્યારે तप् ધાતુને કર્તરિપ્રયોગમાં ञि, क्य અને આત્મનેપદ થાય છે. પહેલાં જણાવ્યા મુજબ એટલે અદ્યતનીમાં આત્મનેપદનો त લાગે ત્યારે ञिच् થાય, तनो લોપ થાય તથા शित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે क्य પ્રત્યય થાય છે. અને तप् ધાતુ પરસ્મૈપદી છે તો પણ તેને આત્મનેપદના પ્રત્યયો લાગે છે.

क्य–तप्+य+ते=तप्यते तपः साधुः–સાધુ તપ કરે છે.

આત્મનેપદ–પરોક્ષા–तप्+ए=तेपे तपः साधुः–સાધુએ તપ કર્યું.

तप् ધાતુને ।૩।૪।૯૧। સૂત્રથી ञिच्નો નિષેધ કરવાનો છે, તેથી ञिच् વાળા तप् ધાતુનું ઉદાહરણ નથી બતાવ્યું.

उत्तपति स्वर्णं स्वर्णकारः–સોની સોનું તપાવે છે.–અહીં 'તપ કરવું' અર્થવાળો એટલે 'તપ' કર્મવાળો तप् ધાતુ નથી.

तपः साधुं तपति–તપ સાધુને તપાવે છે–દુઃખી કરે છે. અહીં 'તપ' કર્મ નથી પણ કર્તા છે. તેથી આત્મનેપદ ન થયું. ॥ ૩ । ૪ । ૮૫ ॥

**કર્મકર્તરિ પ્રયોગ—**

## एकधातौ कर्मक्रिययैकाकर्मक्रिये ॥ ३ । ४ । ८६ ॥

કર્મમાં રહેલી ક્રિયાની પ્રબળતા બતાવવા માટે અને કર્તાની ક્રિયાનો વેગ બતાવવા માટે આવા પ્રયોગો ભાષામાં પ્રચલિત છે. જેમ કે–'ભીંત પડે છે' એટલે કે ભીંત એવી જીર્ણ થઈ ગઈ છે કે તેને પાડવી પડતી નથી પણ પોતે જ પડે છે. ખરી રીતે 'પાડવાની' ક્રિયાનું ભીંત 'કર્મ' છે પણ કર્મગત ક્રિયાની પ્રબળતા બતાવવા સારુ અને કર્તાની ક્રિયાના વેગને બતાવવા માટે તે કર્મ પણ કર્તા જેવું થઈ ગયું છે. એવી જ રીતે 'ફળ પડે છે' વગેરે ક્રિયાઓમાં સમજી લેવું. આ હકીકતને આચાર્યે નીચે પ્રમાણે સમજાવેલ છે.

જે ધાતુનું કર્મ પોતે કર્તા થઈ ગયું હોય તે જ ધાતુને (બીજો ધાતુ હોય તો નહીં અને સમાન અર્થવાળો બીજો ધાતુ હોય તો પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહીં') કર્તરિપ્રયોગમાં ञि, क्य અને આત્મનેપદ થઈ જાય છે. શરત એ છે કે કર્તરિ પ્રયોગનો અને કર્મકર્તરિ પ્રયોગનો ધાતુ એક જ હોવો જોઈએ એટલે અક્ષરોના દૃષ્ટિએ એક જ ધાતુ હોવો જોઈએ અને કર્તરિ-પ્રયોગમાં જે ક્રિયા આપણે જોયેલી છે તે જ ક્રિયા કર્મને કર્તા બનાવતી વખતે પણ પ્રયોગમાં હોવી જોઈએ. જૂદી જૂદી ક્રિયા નહીં હોવી જોઈએ અર્થાત્ કર્મકર્તરિ પ્રયોગમાં કર્મ બીજી કોઈ કરતું ન હોવું જોઈએ એટલે જે ક્રિયા કર્તરિ પ્રયોગમાં હોય તે જ ક્રિયા કર્મકર્તરિ પ્રયોગમાં હોવી જોઈએ અને કર્તરિ પ્રયોગમાં ધાતુ સકર્મક હોય તો તે જ ધાતુ કર્મકર્તરિ પ્રયોગમાં કર્મકર્તા થઈ જવાથી અકર્મક બની જાય છે.

ञि—चैत्रः कटम् अकार्षीत्—कटः स्वयमेव अकारि—ચૈત્રે સાદડી બનાવી પણ એ એવી સહજમાં સરળતાથી ઝટ બનાવાઈ છે કે, કર્તાને શ્રમ પડતો નથી. તેથી સાદડી એની મેળે બની ગઈ—એમ કહી શકાય.

क्य—चैत्रः कटं करोति—कटः स्वयमेव क्रियते—સાદડી એની મેળે બને છે.

આત્મનેપદ—चैत्रः कटं करिष्यति—कटः स्वयमेव करिष्यते—સાદડી એની મેળે બનશે.

પહેલા ઉદાહરણમાં અમે અર્થ સ્પષ્ટ કર્યો છે તેથી બીજાં ઉદાહરણોમાં એનો વિસ્તારથી અર્થ આપતા નથી.

पचत्योदनं चैत्रः—सिद्ध्यत्योदनः स्वयमेव—ચૈત્ર ચોખા રાંધે છે, ચોખા એની મેળે રંધાય છે—ચડી જાય છે—સિદ્ધ થાય છે.—આ પ્રયોગમાં ધાતુ સમાનાર્થક હોવા છતાં ધાતુઓ જૂદા જૂદા છે તેથી આ નિયમ ન લાગે.

साधु असिना छिनत्ति,—તરવાર વડે સારું કાપે છે. साधु असिः छिनत्ति તરવાર એવી ધારવાળી છે કે તે પોતે સ્વયમેવ કાપે છે—અહીં કરણ, કર્તા છે તેથી આ નિયમ ન લાગે

स्रवत्युदकं कुण्डिका, स्रवत्युदकं कुण्डिकायाः—કુંડી પાણીને વિસર્જિત કરે છે. કુંડીથી પાણી બહાર નીકળે છે—ટપકે છે—ઝરે છે—આ પ્રયોગમાં પહેલા વાક્યમાં 'વિસર્જિત કરે છે'—'છોડે છે' ક્રિયા છે અને બીજામાં 'બહાર નીકળે છે' ક્રિયા છે—એ રીતે તે બન્ને જૂદી જૂદી ક્રિયા છે.

પ્રયોગને બોલનારની બે ક્રિયા જુદી જુદી બનાવવાની વૃત્તિ છે એમ અહીં કલ્પાયેલ છે

भिद्यमानः कुशूलः पात्राणि भिनत्ति—ભેદાઈ જતો— ટૂટી જતો—કોઠલો પાત્રોને ફોડે છે. અહીં कुशूल એટલે કર્મકર્તા બનેલો કોઠલો પોતે ભેદાતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતો પાત્રોને ફોડવાની ક્રિયાનો કર્તા બનેલ છે અર્થાત્ કર્મ, કર્તારૂપ બનતાં તે ક્રિયા કરતું જણાય છે તેથી આ નિયમ ન લાગે. કર્મકર્તરિ પ્રયોગ બનાવવા માટે એક એવી શરત છે કે કર્મ, કર્તા થાય ત્યારે તે કોઈ ક્રિયા ન કરતું હોવું જોઈએ. આ પ્રયોગમાં કર્મપણું છોડીને કર્તારૂપ બનતો કુશૂલ–કોઠલો–પાત્રોને ફોડવાની ક્રિયાને કરતો જણાય છે. તેથી ક્રિયાને ન કરવાની શરત ઉદાહરણમાં જળવાતી નથી તેથી આ નિયમ ન લાગે. ॥ ૩ । ૪ । ૮૬ ॥

## पचि–दुहेः ॥ ३ । ४ । ८७ ॥

पच् અને दुह् ધાતુનું કર્મ જ્યારે કર્તા થયું હોય ત્યારે તેને કર્મ-કર્તરિ પ્રયોગમાં ञि, क्य અને આત્મનેપદ થાય છે. કર્તરિ પ્રયોગમાં અને કર્મકર્તરિ પ્રયોગમાં અક્ષરોની અપેક્ષાએ ધાતુ એક જ હોવો જોઈએ અને ધાતુવાચ્ય ક્રિયા પણ એક જ હોવી જોઈએ. પહેલાના કર્તરિપ્રયોગમાં અને પછીના કર્મકર્તરિપ્રયોગમાં ક્રિયા સકર્મક હોય તો પણ ચાલે અને અકર્મક હોય તો પણ ચાલે.

पच्–

ञि-चैत्रः ओदनम् अपाक्षीत्-ચૈત્રે ચોખા રાંધ્યા, ओदनः स्वयमेव अपाचि–ચોખા એની મેળે રંધાયા–ચડી ગયા.

क्य–चैत्रः ओदनं पचति–ચૈત્ર ચોખા રાંધે છે, ओदनः स्वयमेव पच्यते–ચોખા એની મેળે રંધાય છે–ચડી જાય છે.

आत्मनेपद-चैत्रः ओदनं पक्ष्यति–ચૈત્ર ચોખા રાંધશે. ओदनः स्वयमेव पक्ष्यते–ચોખા એની મેળે રંધાશે–ચડી જશે.

क्य–उदुम्बरं फलं पचति वायुः–વાયુ ઉમરાના ફળને પકવે છે, उदुम्बरं फलं स्वयमेव पच्यते–ઉદુંબરનું–ઉંબરાનું–ફળ એની મેળે પાકે છે.
आत्मनेपद–उदुम्बरं फलम् अपाक्षीद् वायुः–વાયુએ ઉમરાના ફળને પકવ્યું.
उदुम्बरं फलं स्वयमेव अपक्त–ઉદુંબર–ઉંબરા–નું ફળ એની મેળે પાકયું.

दुह्–

ञि–चैत्रः गाम् अदुग्ध–ચૈત્રે ગાયને દોહી, गौः स्वयमेव अदोहि–ગાય એની મેળે દોહવાઈ.

क्य–चैत्रः गां दोग्धि–ચૈત્ર ગાયને દોહે છે, गौः स्वयमेव दुह्यते–ગાય એની મેળે દોહવાય છે.

*आत्मनेपद–चैत्रः गां धोक्ष्यति–ચૈત્ર ગાયને દોહશે, गौः स्वयमेव धोक्ष्यते–ગાય એની મેળે દોહવાશે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आत्मनेपद–गोपालकः गां पयो दोग्धि– ગોવાળ ગાયનું દૂધ દોવે છે गौः स्वयमेव पयः दुग्धे–ગાય એની મેળે દૂધ દોહે છે.

गोपालकः गां पयो अधुक्षत् ગોવાળે ગાયનું દૂધ દોહ્યું गौः स्वयमेव पयः अदुग्ध–ગાય એની મેળે દૂધ દોહવાઈ.

गोपालकः गां पयो धोक्ष्यति– ગોવાળ ગાયનું દૂધ દોહશે गौः स्वयमेव पयः धोक्ष्यते–ગાય એની મેળે દૂધ દોહશે. ॥ ૩ । ૪ । ૮૭ ॥

## न कर्मणा ञिच् ॥ ३ । ४ । ८८ ॥

पच् અને दुह् ધાતુનો જ્યારે સકર્મક પ્રયોગ હોય ત્યારે કર્મકર્તરિ પ્રયોગમાં પૂર્વે કહેલો ञिच् ન થાય.

उदुम्बरः फलं स्वयमेव अपक्त–ઉદુંબરે–ઉમરાના વૃક્ષે–ફળ પોતાની મેળે જ પકવ્યું.

गौः पयः स्वयमेव अदुग्ध–ગાયે પોતાની મેળે જ દૂધ દોહ્યું.

अपाचि ओदनः स्वयमेव–ચોખા પોતાની મેળે જ રંધાઈ ગયા–ચડી ગયા. કર્મકર્તરિ પ્રયોગમાં જ્યાં કર્મ હોય ત્યાં જ આ નિષેધ લાગે છે. આ પ્રયોગમાં કર્મ નથી માટે આ નિષેધ ન લાગ્યો અર્થાત્ ञिच् થઈ ગયો.

अपाचि उदुम्बरः फलं वायुना–ઉદુંબરે વાયુ વડે ફળને પકવ્યું–આ પ્રયોગ કર્મકર્તરિ નથી પણ કર્મણિ પ્રયોગ છે, તેથી અહીં આ સૂત્રથી ञिच्નો નિષેધ ન થતાં अपाचि રૂપ થઈ ગયું છે. ॥ ૩ । ૪ । ૮૮ ॥

## रुधः ॥ ३ । ४ । ८९ ॥

रुध् ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં ञिच् ન થાય.

अरुद्ध गौः स्वयमेव–ગાય પોતાની મેળે જ અટકી પડી–અહીં अरुद्ध ને બદલે अरोधि પ્રયોગ ન થયો. ॥ ૩ । ૪ । ૮૯ ॥

## स्वर–दुहो वा ॥ ३ । ४ । ९० ॥

સ્વરાંત ધાતુઓ અને दुह् ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં ञिच् વિકલ્પે થાય.

સ્વરાંત-अकृत, अकारि वा कटः स्वयमेव–સાદડી પોતાની મેળે જ કરાઈ.

दुह्–अदुग्ध, अदोहि वा गौः स्वयमेव–ગાય પોતાની મેળે જ દોહવાઈ. ॥ ૩ । ૪ । ૯૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तपः कर्त्रनुतापे च ॥ ३ । ४ । ९१ ॥

तप् ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં, કર્તરિ પ્રયોગમાં અને અનુતાપ-પસ્તાવો-અર્થમાં ઞિચ્ ન થાય.

કર્મકર્તરિ પ્ર૦-अन्ववातप्त कितवः स्वयमेव-લુચ્ચો માણસ પોતાની મેળે જ પસ્તાવામાં પડ્યો. અહીં अन्ववातापि પ્રયોગ ન થયો.

કર્તરિ પ્ર૦-अतप्त तपांसि साधुः-સાધુએ તપ તપ્યાં.

અનુતાપ-अन्वतप्त चैत्रेण-ચૈત્રવડે પસ્તાવો થયો.

अन्ववातप्त पापः स्वकर्मणा-પાપીને પોતાના કર્મ વડે પસ્તાવો થયો.

-અહીં બધે સ્થળે अतप्तના સ્થાને अतापि પ્રયોગ ન થયો.

अतापि पृथ्वी राज्ञा-રાજા વડે પૃથ્વી તપી.-અહીં तप् ધાતુનો અર્થ 'પસ્તાવો કરવા'નો નથી. તથા કર્તરિ પ્રયોગ નથી અને કર્મકર્તરિ પ્રયોગ પણ નથી. ॥ ૩ । ૪ । ૯૧ ॥

## णि-स्नु-श्र्यात्मनेपदाऽकर्मकात् ॥ ३ । ४ । ९२ ॥

णि પ્રત્યયવાળા એટલે પ્રેરક અર્થના णिग् સ્વાર્થિક પ્રત્યયવાળા, णिच् પ્રત્યયવાળા તથા णिङ् પ્રત્યયવાળા ધાતુઓ, स्नु અને श्रि ધાતુ તથા જે ધાતુઓને આત્મનેપદી થવામાં તેમનું અકર્મકપણું વિશેષ કારણરૂપ હોય (જુઓ ૩।૩।૮૧થી ૩।૩।૮૭ સૂત્રો) એવા ધાતુઓને ઞિચ્ ન થાય.

णि-अपीपचद् ओदनं चैत्रेण मैत्रः-મૈત્રે ચૈત્ર વડે ચોખા રંધાવ્યા. अपीपचत ओदनः स्वयमेव-ચોખા પોતાની મેળે જે રંધાવાઈ ગયા.

स्नु-प्रास्नोष्ट गौः स्वयमेव-ગાયે પોતાની મેળે જ પાનો મૂક્યો.

श्रि-उदशिश्रियत दण्डः स्वयमेव-દંડ પોતાની મેળે જ ઊંચો થયો.

आत्मनेपदअकर्मक-व्यकृत सैन्धवः स्वयमेव-ઘોડો પોતાની મેળે જ હણહણવા લાગ્યો.

અહીં 'व्यकृत' પ્રયોગમાં वि સાથે कृ ધાતુ છે તે અકર્મક હોવાને લીધે આત્મનેપદી થયેલ છે. ૩।૩।૮૫ સૂત્ર જુઓ. ॥ ૩ । ૪ । ૯૨ ॥

## भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ ॥ ३ । ४ । ९३ ॥

'ભૂષા' અર્થવાળા ધાતુઓને, सन् પ્રત્યયવાળા ધાતુઓને અને किरादि किर् વગેરે સાતધાતુઓને તથા ઉપરના ૯૨મા સૂત્રમાં જણાવેલા णि પ્રત્યય-વાળા ધાતુઓને તથા स्नु ધાતુને, श्रि ધાતુને અને આત્મનેપદી થવા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ધાતુઓની અકર્મકતા જરૂરી હોય એવા ધાતુઓને કર્મકર્તારિ પ્રયોગમાં ञि અને क्य પ્રત્યયો ન થાય.

ભૂપાર્થ–अलम् अकृत कन्या स्वयमेव–કન્યા પોતાની મેળે જ શણગારાઈ.

अलंकुरुते कन्या स्वयमेव–કન્યા પોતાની મેળે જ શણગારાય છે.

सन्–अचिकीर्षिष्ट कटः स्वयमेव–સાદડી પોતાની મેળે જ કરવાને ઇચ્છાઈ.

चिकीर्षते कटः स्वयमेव–સાદડી પોતાની મેળે જ કરવાને ઇચ્છાય છે.

किरादि–अकीर्ष्ट पांसुः स्वयमेव–ધૂળ પોતાની મેળે જ ફેંકાઈ–ઊડી.

किरते पांसुः स्वयमेव–ધૂળ પોતાની મેળે જ ફેંકાય છે–ઊડે છે.

अगीर्ष्ट ग्रासः स्वयमेव–કોળિયો પોતાની મેળે જ ગળાયો.

गिरते ग्रासः स्वयमेव–કોળિયો પોતાની મેળે જ ગળાય છે.

कॄ–किर्–વગેરે સાત ધાતુઓ આ પ્રમાણે છે—

| | |
|---|---|
| १ कॄ विक्षेपे–ફેંકવું | ५ श्रन्थ् शैथिल्ये–ઢીલું થવું |
| २ गॄ निगरणे–ગળી જવું | ६ ग्रन्थ् कौटिल्ये–કુટિલ થવું–ગૂંથવું–ગાંઠ વાળવી |
| ३ दुह् क्षरणे–ઝરવું–દોહવું | |
| ४ ब्रू व्यक्तायां वाचि–સ્પષ્ટ બોલવું | ७ नम् प्रह्वत्वे–નમવું–નમ્ર થવું |

પ્રેરક णि–कारयते कटः स्वयमेव–સાદડી પોતાની મેળે જ પોતાને કરાવે છે.

णिच्–चोरयते गौः स्वयमेव–ગાય પોતાની મેળે જ ચોરાય છે.

स्नु–प्रस्नुते गौः–स्वयमेव–ગાય પોતાની મેળે જ પાનો મૂકે છે.

श्रि–उच्छ्रयते दण्डः स्वयमेव–દંડ પોતાની મેળે જ ઊંચો થાય છે.

આત્મનેપદ અકર્મક–विकुर्वते सैन्धवाः स्वयमेव–સિંધના ઘોડાઓ પોતાની મેળે જ હણહણે છે. જુઓ ૩।૩।૮૫ સૂત્ર ॥ ३ । ४ । ९३ ॥

## करणक्रियया क्वचित् ॥ ३ । ४ । ९४ ॥

કોઈ કોઈ પ્રયોગમાં જ્યારે કરણ કર્તા થઈ ગયો હોય અને કરણની ક્રિયા તેમ જ કર્તરિ પ્રયોગની ક્રિયા સરખા હોય ત્યારે ધાતુને ञिच् क्य અને આત્મનેપદ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણ કર્તૃ-परिवारयति कण्टकैः वृक्षः-કાંટા વડે વૃક્ષ વીંટાય છે-परिवारयन्ते कण्टकाः वृक्षं स्वयमेव-કાંટાઓ પોતાની મેળે જ વૃક્ષને વીંટી લે છે.

साधु असिना छिनत्ति-તરવાર વડે સારું છેદે છે. साधु असिः छिनत्ति-તરવાર પોતે સારું કાપે છે-કારણ કર્તા થઈ જવાને લીધે અહીં આ નિયમ જરૂર લાગવો જોઈએ, પણ क्वचित् કહેવાથી — આ નિયમ બધે જ લાગતો નથી પણ કદાચ ક્યાંય લાગે છે એમ જણાવેલ હોવાથી—અહીં આ નિયમ લાગ્યો નથી અર્થાત् ञिच् क्य કે આત્મનેપદ થયાં નથી.

**આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિરચિત સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ લઘુવૃત્તિમાં यक्-यङ्-णिच्-णिग्-सन्-પ્રત્યયો લાગતાં ધાતુઓના વિશિષ્ટરૂપોની સાધનાવાળા તથા નામધાતુ પ્રકરણ અંગે નામધાતુઓનાં વિશિષ્ટ રૂપોની સાધનાવાળા ત્રીજા અધ્યાયના ચોથા પાદનો સવિવેચન ગુજરાતી અનુવાદ પૂરો થયો.**

ચોથો પાદ સમાપ્ત

તૃતીય અધ્યાય સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્થ અધ્યાય

## (પ્રથમ પાદ)

### દ્વિર્ભાવ પ્રકરણ—

**द्विः धातुः परोक्षा-ङे प्राक् तु स्वरे स्वरविधेः ॥ ४ । १ । १ ॥**

પરોક્ષાના પ્રત્યયો લાગેલા હોય તથા अ (ङ) પ્રત્યય (જુઓ સૂત્ર ૩।૪।૫૮–૫૯) લાગેલો હોય તો ધાતુનો દ્વિર્ભાવ થાય છે. ધાતુ જેવો હોય તેવો એવડો બોલાય એને દ્વિર્ભાવ કહે છે–દ્વિર્ભાવ એટલે બે વાર થવું. प्राक् तु स्वरे स्वरविधेः એટલે જ્યારે દ્વિર્ભાવ થવામાં નિમિત્તભૂત આદિમાં સ્વરવાળા પ્રત્યયો ધાતુને લાગેલા હોય ત્યારે સ્વરનું કોઈપણ કાર્ય કરવાનું હોય તો તે કર્યા પહેલાં દ્વિર્ભાવ કરી દેવો અર્થાત્ સ્વરનું કાર્ય પછી કરવું અને દ્વિર્ભાવ પહેલાં કરી દેવો.

પરોક્ષા–पच्+अ (णव्)=पच्पच्+अ=पपच्+अ=पपाच–તેણે રાંધ્યું.
अ (ङ)–कम्+अ+त=कम्कम्+अ+त=अ+चकम्+अ+त=अचकमत –તેણે ઇચ્છયું.

प्राशिश्रियत्–આશ્રય કર્યો.–અહીં प्र ઉપસર્ગ છે, ધાતુ નથી. તેથી તેનો દ્વિર્ભાવ ન થયો–દ્વિર્ભાવ ફક્ત ધાતુનો જ થાય. ધાતુની આગળ આવેલા प्रનો કે કોઈ પણ બીજા ઉપસર્ગનો દ્વિર્ભાવ ન થાય.

निनाय–તે લઈ ગયો. –આ પ્રયોગમાં नि+अ (णव्) પ્રત્યય છે. અહીં अ પ્રત્યય સ્વરાદિ છે અને તેને લીધે नि નો नै થવાનું પ્રાપ્ત છે એથી नै થયા પહેલાં જ नि નો દ્વિર્ભાવ કરી લેવો. એમ કરવાથી જ निनाय પ્રયોગ સાધી શકાય. એમ ન કરીએ અને नि+अ એ પરિસ્થિતિમાં સૌથી પ્રથમ જો नि નો नै એટલે निના ईનો ऐ થવાનું સ્વરનું કાર્ય પહેલાં કરી લઈએ તો नै+अ થાય અને આમ કર્યા પછી દ્વિર્ભાવ કરીએ તો नैनै +अ=नेनै+अ=नेनाय એવું રૂપ બને પણ निनाय રૂપ નહીં થાય. માટે સ્વરનું કાર્ય કર્યા પહેલાં જ દ્વિર્ભાવ કરી લેવો.

पपौ-તેણે પીધું.पा+अ (णव्)–અહીં દ્વિત્વનો નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય अ છે તથા आ પછી આવેલા अ (णव्)નો ।।૪।૨।૧૨૦।। ના નિયમથી औ કરવાનું સ્વર કાર્ય પણ પ્રાપ્ત છે. આ સ્થિતિમાં औ કર્યા પહેલાં જ દ્વિર્ભાવ કરી લઈએ તો જ पा पा+अનું पपौ રૂપ સાધી શકાય પણ એમ ન કરીએ અને સ્વરના કાર્યરૂપ आ નો औ પહેલાં જ કરી લઈએ તો पौ પહેલાં થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પછી पौ पौ+अ એમ દ્વિર્ભાવ થાય, ત્યાર પછી पुपौ+अ એમ થાય, ત્યાર પછી पौ ના औ નો आव् કર્યા પછી पुपाव એમ રૂપ બને પણ पपौ રૂપ નહીં બને. માટે જ કહેલ છે કે જ્યાં સ્વરનું કામ કરવાનું હોય ત્યાં તે કામ કર્યા પહેલાં જ દ્વિર્ભાવ કરી લેવો.

कृ+अतुस्=कृकृ+अतुस्=चकृ+अतुस्=चक्रतुः—એ બંણે કર્યું. આ પ્રયોગમાં પણ આદિમાં સ્વરવાળો अतुस् પ્રત્યય છે અને એ પ્રત્યયને લીધે कृना સ્વરનો र કરવાનો છે તેથી कृना ऋનો ૧।૨।૨૧। નિયમથી र् કર્યા પહેલાં જ દ્વિર્ભાવ થાય.

जेघ्रीय+ते=जेघ्रीयते—તે ઘણું સૂંઘે છે.—આ રૂપમાં આદિમાં य વાળો પ્રત્યય છે, તે આદિમાં સ્વરવાળો પ્રત્યય નથી તેથી સ્વરનું કાર્ય (૧૪।૩।૯૮। નિયમથી घ्रानो घ्री એટલે घ्राना आनो ई) કર્યા પછી જ દ્વિર્ભાવ થાય અને આમ થાય તો જ जेघ्रीयते રૂપ સાધી શકાય.

श्वि+अ=शुशु+अ=शुशाव—સૂજી ગયું-સોજો ચડયો—વધી ગયુ. આ રૂપમાં એકલું સ્વરનું કાર્ય નથી પણ સ્વરનું અને વ્યંજનનું બન્નેનું કાર્ય છે એટલે દ્વિર્ભાવ થઇ જાય તે પછી તે કાર્ય થાય. આ પ્રયોગમાં ધાતુ श्वि છે. આમાં ૧૪।૧।૯૦। નિયમ વડે वनो (व—व्+अनो) उ કરવાનો છે તે વ્યંજનનું કાર્ય છે તથા તે उनो ૪।૩।૧૦૩ નિયમથી દીર્ઘ પ્રાપ્ત છે તે સ્વરનું કાર્ય છે અહીં એકલું સ્વરનું કાર્ય નથી પણ સ્વર અને વ્યંજન બન્નેનું કાર્ય છે.

'प्राक् तु स्वरे स्वरविधे': આટલો અંશ ૪।૧।૧૨ સૂત્ર સુધીમાં જે જે સૂત્રો આવે છે તે બધાં સૂત્રોમાં સમજી લેવાનો છે એટલે 'प्राक् तु स्वरे स्वरविधेः' આટલું અધિકાર વચન પણ છે એમ સમજી લેવાનું છે. આ અધિકાર વચનનો અર્થ અમે ઉપર જણાવી દિધેલ છે. ॥ ૪ । ૧ । ૧ ॥

## आद्यः अंशः एकस्वरः ॥ ४ । १ । २ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગેલા હોય અને अ (ङ) પ્રત્યય લાગેલો હોય તો અનેક સ્વરવાળા ધાતુના આદિનો એક સ્વરવાળા અવયવનો દ્વિર્ભાવ થાય છે.

પરોક્ષા—जागृ+अ (णव्)=जजागृ+अ=जजागार—તે જાગ્યો.

अ (ङ)—कण्+त्=कण्+इ+त्=काणि+अ+त्=काण्काण्+अ+त्=अ+चकाण्+अ+त्=अ+चीकाण्+अ+त्=अचीकणत्; अचकाणत्—અવાજ કરાવ્યો.

कृ+त्=कृ+इ+अ+त्=कारि+अ+त्=कार्कार्+अ+त्=अ+चकार्+अ+त्=अचीकर्+अ+त्=अचीकरत्—તેણે કરાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— અહીં ત્રણે પ્રયોગોમાં ક્રમશઃ जागृ ના गृ નો, काणि ના णि નો અને कारि ના रि નો દ્વિર્ભાવ ન થયો પણ આદિના અવયવરૂપ વ્યંજનનો જ દ્વિર્ભાવ થયો છે. ॥ ૪।૧।૨॥

## सन्-यङश्च ॥ ४ । १ । ३ ॥

છેડે सन् પ્રત્યય હોય એવા ધાતુઓના અને છેડે यङ् પ્રત્યય હોય એવા ધાતુઓના આદિનો એક સ્વરવાળો અંશ દ્વિર્ભાવ પામે છે.

सन्–तिज्+स+ते=तितिज्+स+ते=तितिक्+ष+ते=तितिक्षते–સહન કરે છે.— આ પ્રયોગમાં क्ष નો દ્વિર્ભાવ ન થયો.

यङ्–पच्+य+ते=पपच्+य+ते=पापच्+य+ते=पापच्यते–તે ઘણું અથવા વારંવાર રાંધે છે.—આ પ્રયોગમાં च्य નો દ્વિર્ભાવ ન થયો. ॥ ૪।૧।૩॥

## स्वरादेर्द्वितीयः ॥ ४ । १ । ४ ॥

જે સ્વરાદિ ધાતુ, દ્વિર્ભાવ પામવાને યોગ્ય હોય એવા સ્વરાદિ ધાતુનો એક સ્વરવાળો બીજો અંશ દ્વિર્ભાવ પામે છે.

अट्+स+ति=अटि+स+ति- अटिटि+स+ति=अटिटिषति–આથડવાને ઇચ્છે છે.

अश्+य+ते=अशाश्+य+ते=अशाश्यते- વધારે ખાય છે કે વારંવાર ખાય છે

अट्+अ+त्=अ+ अटिटि+अ+त्=आटिट्+अत्= आटिटत्–આથડાવ્યો–ભમાડયો–અહીં प्राक् तु स्वरे स्वरविधेः એ અધિકાર વચનનો સંબંધ છે તેથી अ પ્રત્યયને નિમિત્તે अट् ના टि નો इ લોપાઇ જાય એ પહેલાં દ્વિર્ભાવ થઈ જાય છે. પહેલાં જ દ્વિર્ભાવ ન કરીએ તો आटिटत् રૂપ જ નહીં સધાય. ॥ ૪।૧।૪॥

## न ब-द-न संयोगादिः ॥ ४ । १ । ५ ॥

સ્વરાદિ ધાતુના એક સ્વરવાળા બીજા સંયુક્ત અંશમાં જો સંયોગની આદિમાં ब, द અને न હોય તો તેમનો દ્વિર્ભાવ ન થાય.

ब–उब्ज+स+ते=उब्जि+स+ते=उब्जिजि+स+ते=उब्जिजिषते–સરળ થવાને ઇચ્છે છે. ब નો દ્વિર્ભાવ ન થયો.

द–अद्ड्–अड्ड्+स+ते=अड्डि+स+ते=अड्डिडि + स+ते = अड्डिडिषते – આક્ષેપ કરવાને ઇચ્છે છે. द નો દ્વિર્ભાવ ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न-उन्द्+स+ति=उन्दि+स+ति=उन्दिदि+स+ति=उन्दिदिषति-ભીનું થવાને ઇચ્છે છે. નનો દ્વિર્ભાવ ન થયો. 'उन्द् क्लेदने' ક્લેદન-ભીનું થવું. 'अन् प्राणने'-प्राणिणिषति-જીવનને ઇચ્છે છે.-આ પ્રયોગમાં न તો છે પણ સંયોગની આદિમાં નથી તેથી न્ નો દ્વિર્ભાવ થયો છે.

॥ ૪ । ૧ । ૫ ॥

## अयि रः ॥ ४ । १ । ६ ॥

સ્વરાદિ ધાતુના એક સ્વરવાળા બીજા સંયુક્ત અંશમાં સંયોગની આદિમાં र હોય અને તે પછી તરત य ન આવેલ હોય તો र નો દ્વિર્ભાવ ન થાય.

अर्च्+इ+स+ति-अर्चि+स+ति-अर्चिचि+स+ति=अर्चिचिषति-પૂજા કરવાને ઇચ્છે છે. र નો દ્વિર્ભાવ ન થયો.

ऋ+य+ते=अरार्+य+ते=अरार्यते-વારંવાર ગતિ કરે છે અથવા વિશેષ ગતિ કરે છે-આ રૂપમાં र સંયોગની આદિમાં છે અને પછી તરત જ य આવેલ છે તેથી रनो દ્વિર્ભાવ થયો. ॥ ૪ । ૧ । ૬ ॥

## नाम्नो द्वितीयाद् यथेष्टम् ॥ ४ । १ । ७ ॥

આદિમાં સ્વરવાળા જે નામધાતુઓ દ્વિર્ભાવ પામવાને યોગ્ય હોય તેના પહેલા અંશનો દ્વિર્ભાવ ન થાય પણ બીજા અંશથી માંડીને બીજો, ત્રીજો એક સ્વરવાળો અંશ યથેષ્ટ-બોલનારની ઇચ્છા પ્રમાણે-દ્વિર્ભાવ પામે

अश्वमिच्छति=अश्वीयति=अश्वीय्+इ+स+ति-अशिश्वीय्+इ+स+ति=अशिश्वीयिषति -અશ્વને ઇચ્છનારને ઇચ્છે છે-અહીં બીજા અંશનો એટલે श्वी નો દ્વિર્ભાવ થયો.

अश्वीयियिषति- ,, ,, ,, ,,-અહીં ત્રીજા અંશનો એટલે यि નો દ્વિર્ભાવ થયો.

अश्वीयिषिषति-,, ,, ,, ,,-અહીં ચોથા અંશનો એટલે ष નો દ્વિર્ભાવ થયો. ॥ ૪ । ૧ । ૭ ॥

## अन्यस्य ॥ ४ । १ । ८ ॥

સ્વરાદિ સિવાયના અર્થાત્ જે વ્યંજનાદિ નામધાતુઓ દ્વિર્ભાવ પામવાને યોગ્ય હોય તેનો એક સ્વરવાળો પહેલો, બીજો. ત્રીજો અંશ બોલનારની ઇચ્છા પ્રમાણે દ્વિર્ભાવ પામે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुत्रमिच्छति पुत्रीयति=पुत्रीय्+स+ति = पुपुत्रीय्+इ+स+ति=पुपुत्रीयिषति–પુત્રને ઇચ્છનારને ઇચ્છે છે. અહીં પહેલા અંશ पु નો દ્વિર્ભાવ થયો છે.
पुतित्रीयिषति–,, ,, ,, ,,–અહીં બીજા त्री અંશનો દ્વિર્ભાવ થયો છે.
पुत्रीयियिषति–,, ,, ,, ,,–અહીં ત્રીજા यि અંશનો દ્વિર્ભાવ થયો છે.

पुत्रीयिषिषति–,, ,, ,, ,,–અહીં ચોથા ष અંશનો દ્વિર્ભાવ થયો છે. ॥ ૪।૧।૮ ॥

## कण्ड्वादेस्तृतीयः ॥ ४ । १ । ९ ॥

દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા कण्डू આદિ ધાતુઓનો એક સ્વરવાળો ત્રીજો અંશ જ દ્વિર્ભાવ પામે, બીજો કોઈ અંશ દ્વિર્ભાવ ન પામે

कण्डू+य+ति = कण्डूयि + स + ति = कण्डूयियि + स + ति=कण्डूयियिषति–ખંજવાળવાને ઇચ્છે છે. આ રૂપમાં ત્રીજો यि અંશ દ્વિર્ભાવ પામેલ છે. જુઓ, ॥ ૩।૪।૮ ॥

असु+य+ति = असूयि+स+ति=असूयियि+स+ति=असूयियिषति – અસૂયા કરવાને ઇચ્છે છે. અહીં પણ ત્રીજો અંશ यि દ્વિર્ભાવ પામેલ છે. कण्डू વગેરે ધાતુઓનો નિર્દેશ ૩।૪।૮। સૂત્રના અનુવાદમાં કરેલ છે. ॥ ૪।૧।૯ ॥

## पुनरेकेषाम् ॥ ४ । १ । १० ॥

કેટલાક વૈયાકરણોના મતમાં દ્વિર્ભાવ થયા પછી પણ દ્વિર્ભાવનું નિમિત્ત મળે તો ફરી પણ દ્વિર્ભાવ થઈ જાય છે. આવો મત **આચાર્ય હેમચંદ્રનો** નથી.

पुनः पुनः स्वपिति અથવા भृशं स्वपिति सोमुप्यते (વારંવાર અથવા ઘણું સૂએ છે) થયા પછી सोमुप्तितुम् इच्छति એવા અર્થમાં सन् પ્રત્યય થતાં सोसुप्य्+इ+स+ते=सुसोसुप्+इ+स+ते=सुसोपुपिषते–વારંવાર અથવા ઘણું વધારે સૂવા માટે ઇચ્છે છે.–આ પ્રયોગમાં પહેલાં स्वप्‌ને यङ् પ્રત્યય લાગેલો છે અને તેને લીધે દ્વિર્ભાવ થયો છે. પછી यङ् પ્રત્યય વાળા सोसुप्य ધાતુને सन् પ્રત્યય લાગેલ છે તેથી सन्‌ને લીધે નિયમ પ્રમાણે सोसुप्यનો ફરી પાછો દ્વિર્ભાવ થયો છે.

सोसुप्य्+ई+स+ते=सोसुपि+स+ते=सोसुपिषते–**શ્રી હેમચન્દ્રે** આપેલા આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાહરણથી માલૂમ પડે છે કે, એકવાર દ્વિર્ભાવ કર્યા પછી આચાર્ય ફરીવાર દ્વિર્ભાવ કરવાનું નિમિત્ત હોવા છતાં દ્વિર્ભાવ કરતા નથી. ॥૪।૧।૧૦॥

## स्यिः सन् वेर्ष्यः ॥ ४ । १ । ११ ॥

દ્વિર્ભાવ પામવાને યોગ્ય એવા ઈર્ષ્ય ધાતુને સન્ લાગ્યા પછી સ્યનો સ્યિ થતાં સ્યિ અથવા સન્ વિકલ્પે–વારાફરતી–દ્વિર્ભાવ પામે.

ईर्ष्य्+इ+सन्+ति–ईर्ष्यि+स्यि+स+ति=ईर्ष्यिस्यिषति–ઈર્ષ્યા કરવાને ઇચ્છે છે.

આ પ્રયોગમાં સ્યિનો દ્વિર્ભાવ થયેલ છે

ईर्ष्य्+इ+सन्+ति–ईर्ष्य+सि+सन्+इ+स+ति=ईर्ष्यिषिषति– ,, ,, ,,

આ પ્રયોગમાં સન્‌ના સનો દ્વિર્ભાવ થયો છે

ઈર્ષ્ય ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે. ॥૪।૧।૧૧॥

## ह्वः शिति ॥ ४ । १ । १२ ॥

શિત્ પ્રત્યયો–વર્તમાનાના, સપ્તમીના, પંચમીના અને હ્યસ્તનીના પ્રત્યયો–લગાડવાના હોય ત્યારે બીજા अदादि ગણમાં આવેલા जुहोत्यादि ૧૪ ધાતુઓનો દ્વિર્ભાવ થાય છે.

हु+ति–हुहु+ति=जुहोति–દાન કરે છે અથવા ખાય છે

हु–जुहोति–વગેરે ચૌદ ધાતુઓ આ પ્રમાણે છે—

| પરસ્મૈપદી | ઉભયપદી |
|---|---|
| ૧ हु–દેવું અને ખાવું | ૯ दा–દેવું |
| ૨ हा–ત્યાગ કરવો | ૧૦ धा–દેવું અને ધારણ કરવું |
| ૩ भी–ભય પામવો | ૧૧ भृ–ભરણ પોષણ કરવું અને ધારણ કરવું |
| ૪ ह्री–શરમાવું | ૧૨ निज–સાફ કરવું–શુદ્ધિ થવું. ભરણ પોષણ કરવું. તથા ધારણ કરવું |
| ૫ पृ–પાળવું અને પૂરવું | |
| ૬ ऋ–ગતિ કરવી | |
| આત્મનેપદી | |
| ૭ हा–ગતિ કરવી | ૧૩ विज–જુદું થવું–જુદું પાડવું |
| ૮ मा–માપ કરવું અને અવાજ કરવો | ૧૪ विष्–વ્યાપવું–ફેલાઈ જવું |

॥૪।૧।૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દ્વિર્ભાવયુક્ત નામરૂપો**

## चराचर-चलाचल-पतापत-वदावद-घनाघन-पाटूपटं वा ॥ ४ । १ । १३ ॥

चर् धा० ઉપરથી चराचर, चल् धा० चलाचल, पत् धा० पतापत, वद् धा० वदावद, हन् धा० घनाघन અને पट् धा० पाटूपट થાય છે. એ શબ્દોમાં ક્રમશઃ चर, चल, पत, वद, घन અને पट શબ્દનો દ્વિર્ભાવ વિકલ્પે થયેલ છે. તથા આ બધા શબ્દોના મૂળ ધાતુને છેડે अ ( अच् ) પ્રત્યય લાગેલ છે

| | |
|---|---|
| चराचरः અથવા चरः–ચાલનારો.<br>चलाचलः ,, चलः– ,,<br>पतापतः ,, पतः પડનારો.<br>वदावदः ,, वदः–બોલનારો–બડબડ કરનારો<br>घनाघनः हनः–હણનારો.<br>घनाघन શબ્દનો 'દુકાળને હણનાર'–'મેઘ' અર્થ છે | આ પાંચ શબ્દોમાં આદિનો શબ્દ છેડે દીર્ઘ થયેલ છે–चरचर =चराचर વગેરે. છેલ્લો શબ્દ घनाघन हन ઉપરથી થયેલ છે' |

पाटूपटः–,, पटः–ફાડી નાખનારો, તોડી નાખનારો–આ શબ્દનો દ્વિર્ભાવ થતાં આદિ શબ્દ पटને બદલે पाटू થયેલ છે.

અહીં જણાવેલા ધાતુઓના અર્થ આ પ્રમાણે છે—

| | |
|---|---|
| चर्–ગતિ અને ભક્ષણ. | वद्–સ્પષ્ટ બોલવું. |
| चल्–કંપન–હલન ચલન. | हन्–હણવું અને ગતિ કરવી |
| पत्–ગતિ. | पट्–ગતિ કરવી. |

આ બધા ધાતુઓ પ્રથમ ગણના છે, માત્ર हन् ધાતુ બીજા ગણનો છે.

॥ ૪ । ૧ । ૧૩ ॥

## चिक्लिद्–चक्नसम् ॥ ४ । १ । १४ ॥

चिक्लिद શબ્દ क्लिद् (ચોથા ગણના) ધાતુના દ્વિર્ભાવથી બન્યો છે અને એના મૂળ ધાતુને છેડે अ (क) પ્રત્યય લાગેલ છે, તથા चक्नस् શબ્દ क्नस् (ચોથા ગણના) ધાતુના દ્વિર્ભાવથી બન્યો છે અને તેના મૂળ ધાતુને છેડે अ (अच्) પ્રત્યય લાગેલ છે અથવા ભાવઅર્થનો સૂચક अ (क) પ્રત્યય લાગેલ છે.

चिक्लिदः–ભીનો. ધાતુ क्लिद्–ભીનું થવું

चक्नसः–વાંકો અથવા ચળકાટવાળો. ધાતુ क्नस्–વક્રતા તથા દીપ્તિ–ચળકાટ. ॥ ૪ । ૧ । ૧૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दाश्वत्–साह्वत्–मीढ्वत् ॥ ४ । १ । १५ ॥

क्वसु પ્રત્યય લાગતાં दाश् ધાતુનું दाश्वत् રૂપ થાય છે, क्वसु પ્રત્યય લાગતાં सह् ધાતુનું साह्वत् રૂપ થાય છે અને क्वसु પ્રત્યય લાગતાં मीह् ધાતુનું मीढ्वत् રૂપ થાય છે. આ ત્રણે શબ્દોનાં રૂપો विद्वस् શબ્દની પેઠે સમજવાનાં છે.

दाश्वांसौ–દાન આપનારા બે જણ–મૂળ ધાતુ दाश्–દાન દેવું, પહેલા ગણનો ઉભયપદી ધાતુ.

साह्वांसौ–સહન કરનારા બે જણ. ,, सह्–સહન કરવું, પહેલા ગણનો આત્મનેપદી ધાતુ.

मीढ्वांसौ–છાંટનારા બે જણ. ,, मिह् છાંટવું, પહેલા ગણનો પરસ્મૈપદી ધાતુ. ॥ ૪ । ૧ । ૧૫ ॥

**દ્વિર્ભાવપ્રાપ્તિપ્રસંગે ધાતુના આદેશો અને દ્વિર્ભાવનો નિષેધ—**

## ज्ञप्यापो ज्ञीपीप् न च द्विः सि सनि ॥ ४ । १ । १६ ॥

આદિમાં સ્વાળો सन्, લાગ્યો હોય ત્યારે ज्ञप् ધાતુનો ज्ञीप् બોલાય છે અને आप् ધાતુનો ईप् બોલાય છે. તે પછી આ બન્ને ધાતુઓના એક સ્વરવાળા અંશનો દ્વિર્ભાવ થતો નથી.

ज्ञप्+स+ति=ज्ञीप्+स+ति=ज्ञीप्सति–જણાવવાને ઇચ્છે છે. ધાતુ ज्ञा જાણવું, તેનું પ્રેરક રૂપ ज्ञप्–ज्ञा ધાતુ क्र्यादि ગણનો પરસ્મૈપદી છે.

आप्+स+ति=ईप्+स+ति=ईप्सति–પામવાને ઇચ્છે છે. ધાતુ आप् વ્યાપવું —आप् ધાતુ स्वादि ગણનો પરસ્મૈપદી છે.

जिज्ञपयिषति–જણાવવાને ઇચ્છે છે.–આ રૂપમાં આદિમાં સકારવાળો सन् નથી પણ આદિમાં इ સ્વરવાળો सन् છે ॥ ૪ । ૧ । ૧૬ ॥

## ऋध ईर्त् ॥ ४ । १ । १७ ॥

આદિમાં સવાળો सन् લાગ્યો હોય ત્યારે स्वादि ગણના ऋध् ધાતુનું ईर्त् રૂપ થાય છે અને પછી દ્વિર્ભાવ થતો નથી.

ऋध्+स+ति=ईर्त्+स+ति=ईर्त्सति–વધવાને ઇચ્છે છે–ધાતુ ऋध्–વધવું

अर्दिधिषति–વધવાને ઇચ્છે છે.–આ પ્રયોગમાં આદિમાં સકારવાળો सन नथी પણ આદિમાં इકારવાળો सन् છે. ॥ ૪ । ૧ । ૧૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दम्भो धिप्–धीप् ॥ ४ । १ । १८ ॥

આદિમાં સવાળો સન્ લાગ્યો હોય ત્યાં પાંચમા સ્વાદિ ગણના दम्भ ધાતુનાં धिप અને धीप् એવાં બે રૂપો થાય છે, આ રૂપોનો દ્વિર્ભાવ થતો નથી.

दम्भ्+स+ति=धिप्+स+ति=धिप्सति–દંભ કરવાને ઇચ્છે છે.

,, ,, ,, धीप्+स+ति=धीप्सति–,, ,, ,, ,, ધાતુ–दम्भ् દંભ કરવો. ॥ ૪ । ૧ । ૧૮ ॥

## अव्याप्यस्य मुचेर्मोग् वा ॥ ४ । १ । १९ ॥

આદિમાં સકારવાળો સન્ લાગ્યો હોય તો છઠ્ઠા તુદાદિ ગણના અકર્મક એવા मुच् ધાતુને બદલે मोक् રૂપ વિકલ્પે વપરાય છે, પછી તેનો દ્વિર્ભાવ થતો નથી.

मुच्+स+ति=मोक्+ष+ति–मोक्षति चैत्रः–ચૈત્ર છૂટવાને ઇચ્છે છે.

અથવા

मुच्+स+ति मुमुच्+स+ति मुमुक्+ष+ति=मुमुक्षति–ચૈત્ર છૂટવાને ઇચ્છે છે. ધાતુ–मुच्–મુક્ત થવાથી ઇચ્છા

मुमुक्षति वत्सम्–વાછરડાને છોડી દેવાને ઇચ્છે છે–આ પ્રયોગમાં मुच ધાતુ સકર્મક છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૧ । ૧૯ ॥

## मि–मी–मा–दामित् स्वरस्य ॥ ४ । १ । २० ॥

આદિમાં સકારવાળો સન્ લાગ્યો હોય તો मि, मी, ધાતુઓના અને मा રૂપવાળા ધાતુઓના સ્વરનો એટલે इનો, ईનો તથા आનો इत् થાય છે તથા दा સંજ્ઞાવાળા ધાતુઓના સ્વરનો એટલે आ નો इत् થાય છે અને પછી તેમનો કોઇનો દ્વિર્ભાવ થતો નથી.

मि+स+ति=मित्+स+ति=मित्सति–ફેંકવાને ઇચ્છે છે. પાંચમા સ્વાદિ ગણનો मि–ફેંકવું

मी+स+ते=मित्+स+ते=मित्सते–હનન કરવાને–હણવાને–ઇચ્છે છે. ચોથા दिवादि ગણનો કે નવમા क्र्यादि ગણનો मी–હિંસા કરવી.

मा+स+ति=मित्+स+ति=मित्सति–માપવાને ઇચ્છે છે. બીજા अदादि ગણનો પરસ્મૈપદી અને આત્મનેપદી मा–માપ કરવું તથા પ્રથમ ગણનો मे બદલે આપવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दा संज्ञा–

दा+स+ति=दित्+स+ति=दित्सति–દેવાને ઈચ્છે છે. दा–દેવું

धा+स+ति=धित्+स+ति=धित्सति–ધારણ કરવાને ઇચ્છે છે. धा–ધારણ કરવું ॥૪।૧।૨૦॥

## रभ-लभ-शक-पत-पदामिः ॥ ४ । १ । २१ ॥

આદિમાં સકારવાળો सन् લાગ્યો હોય તો रभ્નો रिप्, लभ्नो लिप्, ચોથા અને પાંચમા ગણના शक्नो शिक्, पत्नो पित् અને पद्नो पित् એવાં રૂપો થાય છે અને એમ થયા પછી તેમનો કોઈનો દ્વિર્ભાવ થતો નથી.

आ+रभ्+स+ते=आ+रिप्+स+ते=आरिप्सते–આરંભ કરવાને ઇચ્છે છે. रभ्–કાર્યનો ઉદ્યમ

लभ्+स+ते=लिप्+स+ते लिप्सते–મેળવવાને ઇચ્છે છે. लभ्–લાભ મેળવવો

शक्+स+ति=शिक्+स+ति=शिक्षति–સહન કરવાને ઇચ્છે અથવા સમર્થ થવાને ઇચ્છે છે. शक्–સહવું કે શકવું.

पत्+स+ति=पित्+स+ति=पित्सति–પડવાને ઇચ્છે છે. पत्–પડવું

पद्+स+ते=पित्+स+ते=पित्सते–ચાલવાને ઇચ્છે. पद्–ગતિ કરવી.

पिपतिषति–પડવાને ઇચ્છે છે.–અહીં આદિમાં સવાળો सन् નથી.

॥૪।૧।૨૧॥

## राधेर्वधे ॥ ४ । १ । २२ ॥

આદિમાં સકારવાળો सन् લાગ્યો હોય તો વધ અર્થવાળા राध् ધાતુના आनो इ થઈ જાય છે એટલે राध्ने બદલે रित् બોલાય છે. અને પછી તેનો દ્વિર્ભાવ થતો નથી.

प्रति+राध्+स+ति=प्रति+रित्+स+ति=प्रतिरित्सति–હણવાને ઇચ્છે છે. राध्–સિદ્ધ થવું

आरिरात्सति–આરાધના કરવાને ઇચ્છે છે.–અહીં राध् ધાતુનો हिंसा અર્થ નથી. ॥૪।૧।૨૨॥

## अवित्परोक्षा-सेट्थवोरेः ॥ ४ । १ । २३ ॥

हिंसा અર્થવાળા राध् ધાતુને व् નિશાન વગરના એવા પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય તો रानो रे થાય તથા व् નિશાનવાળો પરોક્ષાનો थव् પ્રત્યય इट्વાળો એટલે इथव् થઈને લાગ્યો હોય તો પણ रानो रे થઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય, પછી એનો દ્વિર્ભાવ થતો નથી.

राध्+उस्=रेध्+उस्=रेधुः-તેઓએ હિંસા કરી.

राध्+थव्=रेध्+इ+थ=रेधिथ-તેં હિંસા કરી.

अपरराध-હિંસા કરી અથવા અપરાધ કર્યો.—

અહીં णव् પ્રત્યય वित् એટલે व् નિશાનવાળો પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે

आरराधतुः-તે બે જણાએ આરાધના કરી.-અહીં 'હિંસા' અર્થ નથી.

॥ ૪ । ૧ । ૨૩ ॥

## अनादेशादेरेकव्यञ्जनमध्येऽतः ॥ ४ । १ । २४ ॥

જે ધાતુનો આદિમાં કોઈ પણ આદેશ થતો ન હોય એટલે આદિમાં કોઈ ફેરફાર ન થતો હોય તે ધાતુના અસંયુક્ત વ્યંજનની વચ્ચે આવેલા સ્વરરૂપ अનો જ્યારે व् નિશાન ન હોય એવા પરોક્ષાના પ્રત્યયો લાગેલા હોય ત્યારે ए થાય છે અને सेट् थव् એટલે इथ પ્રત્યય લાગેલો હોય ત્યારે પણ ए થાય છે, તે પછી તેનો દ્વિર્ભાવ થતો નથી.

पच्+उस्=पेच्+उस्=पेचुः-તેઓએ રાંધ્યું. पच्-પકાવવું-પકવવું

पच्+थ=पेच्+इ+थ=पेचिथ-તેં રાંધ્યું.

नम्+उस्=नेम्+उस्=नेमुः-તેઓ નમ્યા. नम्- નમવું

नम्+थ=नेम्+इ+थ=नेमिथ-તું નમ્યો

बभणतुः-તે બે જણા ભણ્યા-અહીં भण् ધાતુનું बभण् એવું રૂપાંતર એટલે આદેશ થયેલ છે અર્થાત્ भण् ધાતુ આદેશવાળો ધાતુ છે. भण् અવાજ કરવો. ततक्षिथ-તેં પાતળું કર્યું-અહીં तक्ष्માં तનો જે સ્વર છે તે અસંયુક્ત વ્યંજનની વચ્ચે નથી, પણ त તથા સંયુક્ત એવા क्षની વચ્ચે છે. तक्ष् પાતળું કરવું-તાસવું-છોલવું

दिदिवतुः-તે બે જણ રમ્યા.-અહીં दिव् ધાતુમાં अ નથી. दिव् પ્રકાશ, રમવું વગેરે-ગણ ચોથો.

पपक्थ-તેં રાંધ્યું-અહીં सेट् थव् નથી એટલે इथ નથી પણ માત્ર थ જ છે.

॥ ૪ । ૧ । ૨૪ ॥

## तॄ-त्रप-फल-भजाम् ॥ ४ । १ । २५ ॥

व् નિશાન વગરના પરોક્ષાના પ્રત્યયો લાગેલા હોય અને सेट् थव्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યય લાગ્યો હોય ત્યારે तॄ, त्रप्, फल् અને भज् ધાતુઓના સ્વરરૂપ अ નો ए થાય છે. તે પછી ધાતુનો દ્વિર્ભાવ થતો નથી.

तॄ+उस्=तर्+उस्=तेर्+उस्=तेरुः–તેઓ તર્યા. तॄ તરવું
तॄ+थ=तर्+इ+थ=तेर्+इ+थ=तेरिथ–તું તર્યો.
त्रप्+ए=त्रेप्+ए=त्रेपे-તે શરમાયો. त्रप्–શરમાવું

त्रप् ધાતુ આત્મનેપદી છે તેથી તેને પરસ્મૈપદનો थव् પ્રત્યય લાગતો નથી તેથી તેનું थव् વાળું ઉદાહરણ થઈ શકે નહિ.

फल्+उस्=फेल्+उस्=फेलुः–તેઓ ફળ્યા, फल् ફળવું–નિષ્પન્ન થવું
फल्+थ=फेल्+इ+थ=फेलिथ–તું ફળ્યો.
भज्+उस्=भेज्+उस=भेजुः–તેઓએ સેવા કરી. भज् સેવા કરવી
भज्+थ=भेज्+इ+थ=भेजिथ–તેં સેવા કરી. ॥ ४ । १ । २५ ॥

## जॄ-भ्रम-वम-त्रस-फण-स्यम-स्वन-राज-भ्राज-भ्रास-भ्लासो वा ॥ ४ । १ । २६ ॥

व् નિશાન વગરના પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય અને સેટ થવ્ પ્રત્યય લાગ્યો હોય ત્યારે जॄ, भ्रम्, वम्, त्रस्, फण्, स्यम्, स्वन्, राज्, भ्राज्, भ्रास्, भ्लास् ધાતુઓના સ્વરરૂપ अનો ए વિકલ્પે થાય છે અને તે પછી ધાતુનો દ્વિર્ભાવ થતો નથી.

अवित्–व् નિશાન વગરના–પરોક્ષાના પ્રત્યયો–
जॄ+उस्=जेरुः, जजरुः–તેઓ વૃદ્ધ થયા. जॄ–જીર્ણ થવું-ઘરડા થવું
भ्रम्+उस्=भ्रेमुः, बभ्रमुः–તેઓ ભમ્યા. भ्रम्–સ્થિર ન રહેવું
वम्+उस्=वेमुः, ववमुः–તેઓ વમ્યા. वम्–વમવું
त्रस्+उस्=त्रेसुः, तत्रसुः–તેઓ ત્રાસ પામ્યા. त्रस्–ત્રાસ થવો
फण्+उस्=फेणुः, पफणुः–તેઓ ગયા. फण्–ગતિ કરવી
स्यम्+उस्=स्येमुः, सस्यमुः–,, ,, स्यम् ગતિ કરવી
स्वन्+उस्=स्वेनुः, सस्वनुः–તેઓએ અવાજ કર્યો. स्वन्–અવાજ કરવો
राज्+उस्=रेजुः, रराजुः–તેઓ શોભ્યા राज्–શોભવું
भ्राज्+ए=भ्रेजे, बभ्राजे–,, ,, भ्राज् શોભવું
भ्रास्+ए=भ्रेसे, बभ्रासे–તેઓ દીપ્તિવાળા થયા. भ्रास् શોભવું
भ्लास्+ए=भ्लेसे, बभ्लासे–,, ,, ,, भ्लास् શોભવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेट् थव् परोक्षा–

जॄ+रिथ=जेरिथ, जजरिथ–तुं वृद्ध थयो.

भ्रम्+इ+थ=भ्रेमिथ, बभ्रमिथ–तुं भम्यो.

वम्+इ+थ=वेमिथ, ववमिथ–तुं वम्यो.

त्रस्+इ+थ=त्रेसिथ, तत्रसिथ–तुं त्रास पाम्यो.

फण्+इ+थ=फेणिथ, पफणिथ–तुं गयो.

स्यम्+इ+थ=स्येमिथ, सस्यमिथ–,, ,,

स्वन्+इ+थ=स्वेनिथ, सस्वनिथ–तें अवाज कर्यो

राज्+इ+थ=रेजिथ, रराजिथ–तुं शोभ्यो.

भ्राज्, भ्रास् अने भ्लास् धातुओ आत्मनेपदी होवाथी तेमने थव् प्रत्यय नथी लागतो तेथी ते त्रणेनां 'थ' वाळां उदाहरणो नथी आप्यां. ॥ ४ । १ । २६ ॥

## वा श्रन्थ-ग्रन्थो नलुक् च ॥ ४ । १ । २७ ॥

अवित्–व् निशान न होय–एवा परोक्षाना प्रत्ययो लाग्या होय अने सेट् थव् प्रत्यय लाग्यो होय त्यारे श्रन्थ अने ग्रन्थ धातुओना स्वरूप अनो ए थई जाय छे. पछी धातुनो द्विर्भाव थतो नथी अने एकार थाय त्यारे ज न्नो लोप थाय छे.

श्रन्थ्–ढीला थवुं–

श्रन्थ्+उस्=श्रेथ्+उस्=श्रेथुः, शश्रन्थुः–तेओ शिथिल थया.

श्रन्थ्+इ+थ=श्रेथिथ, शश्रन्थिथ–तुं शिथिल थयो.

ग्रन्थ–गुंथवुं के कुटिल थवुं–वांकुं थवुं

ग्रन्थ्+उस्=ग्रेथ्+उस्=ग्रेथुः, जग्रन्थुः–तेओए गुंथ्युं.

ग्रन्थ+इ+थ=ग्रेथिथ, जग्रन्थिथ–तें गूंथ्युं. ॥ ४ । १ । २७ ॥

## दम्भः ॥ ४ । १ । २८ ॥

व् निशान वगरना परोक्षाना प्रत्ययो लाग्या होय त्यारे दम्भ् धातुना अ स्वरनो ए थाय छे. ए पछी द्विर्भाव थतो नथी. अने एकार थाय त्यारे दम्भ्ना न्नो लोप थाय छे.

दम्भ्+उस्+देभ्+उस्=देभुः–तेओए दंभ कर्यो. ॥ ४ । १ । २८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## थे वा ॥ ४ । १ । २९ ॥

પરોક્ષાનો થવ્ પ્રત્યય લાગ્યો હોય ત્યારે दम्भ् ધાતુના સ્વરના अनो ए વિકલ્પે થાય છે, તે પછી ધાતુનો દ્વિર્ભાવ થતો નથી અને एકાર થાય ત્યારે જ दम्भ्ના न્નો લોપ થાય છે.

दम्भ्+इ+थ=देभिथ, ददम्भिथ-તેં દભ કર્યો. ॥ ४ । १ । २९ ॥

## न शस-दद-वादि-गुणिनः ॥ ४ । १ । ३० ॥

अवित् પરોક્ષાના-व् નિશાન વગરના-પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અને सेट् थव् પ્રત્યય લાગ્યો હોય ત્યારે જે ધાતુ આદિમાં वકારવાળા છે તેના સ્વરરૂપ अनो ए થતો નથી. તથા જે ધાતુના સ્વરનો ગુણ થતો હોય એવા ધાતુના સ્વરરૂપ अनो ए થતો નથી તથા शस् અને दद् ધાતુના સ્વરરૂપ अनो ए થતો નથી.

शस्-હિંસા કરવી-वि+शस्+उस्=वि+शशस्+उस्=विशशसुः-તેઓએ હિંસા કરી.

वि+शस्+इ+थ=विशशस्+इ+थ=विशशसिथ-તેં હિંસા કરી.

આ રૂપોમાં शस् ના अ નો ए ન થયો.

दद्-દેવું-दद्+ए=ददद्+ए=दददे-તેણે આપ્યું અથવા મેં આપ્યું

અહીં दद નું देद ન થયું

વકારાદિ ધાતુ-

वल्-સંવરણ કરવું-વળવું-ઢાંકવું-वल्+ए=ववल्+ए=ववले-તે વળ્યો. અથવા હું વળ્યો-અહીં वल् નું वेल् ન થાય.

ગુણ થાય એવા ધાતુ-

शॄ-હિંસા કરવી वि+शॄ+उस्=विशशर्+उस्=विशशरुः-તેઓએ હિંસા કરી.

वि+शॄ+थ=विशशर्+इ+थ=विशशरिथ=તેં હિંસા કરી. ॥ ४ । १ । ३० ॥

## हौ दः ॥ ४ । १ । ३१ ॥

ક્રિયાપદના પ્રત્યયરૂપ તથા આજ્ઞાર્થમાં વપરાતી એવી પંચમીના બીજા પુરુષના એકવચનનો हि પ્રત્યય લાગ્યો હોય ત્યારે दा સંજ્ઞાવાળા ધાતુના आनो ए થઈ જાય છે. एકાર થાય ત્યારે ધાતુનો દ્વિર્ભાવ થતો નથી.

दा સંજ્ઞાવાળા ધાતુ—

दा દેવું-दा+हि=दे+हि=देहि-તું આપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

घा ધારણ કરવું–धा+हि=धे+हि=धेहि–તું ધારણ કર. ॥ ૪ । ૧ । ૩૧ ॥

## देः दिगिः परोक्षायाम् ॥ ४ । १ । ३२ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે देङ् ધાતુને બદલે दिगि રૂપ વપરાય છે અને दिगि રૂપનો દ્વિર્ભાવ થતો નથી.

दे પાલન કરવું–दे+ए=दिगि+ए=दिग्ये–તેણે પાલન કર્યું. અથવા મેં પાલન કર્યું, ॥ ૪ । ૧ । ૩૨ ॥

## ङे पिबः पीप्य् ॥ ४ । १ । ३३ ॥

ङ પ્રત્યય લાગ્યો હોય ત્યારે પ્રેરણા અર્થના णि પ્રત્યયવાળા पा ધાતુને બદલે पीप्य् રૂપ વપરાય છે. पीप्य् રૂપનો દ્વિર્ભાવ થતો નથી.

पा–પીવું
નું પ્રેરક } –अ+पायि+त्=अपायि+अ+त्=अपीप्य्+अत्=अपीप्यत्–તેણે પાયું.
पाय्–પાવું ॥ ૪ । ૧ । ૩૩ ॥

## अङे हि-हनो हो घः पूर्वात् ॥ ४ । १ । ३४ ॥

ङ સિવાયના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે हि ધાતુ અને हन् ધાતુનો દ્વિર્ભાવ થયા પછી બીજા નંબરના ह् નો એટલે દ્વિર્ભાવ પામેલા અક્ષરોમાં જે પ્રથમ–**પૂર્વ**–અક્ષર છે તેનાથી પછી આવેલા हનો घ થાય છે.

પાંચમા ગણનો हि મોકલવું–પરોક્ષા–प्र+हि+अ=प्र+जिहि+अ=प्र+जिघि+अ=प्रजिघाय–તેણે મોકલ્યું

हन् હણવું–हन्+य+ते=हहन्+य+ते=जघन्+य+ते=जङ्घन्यते–તે બહુ હણે છે અથવા વારંવાર હણે છે

प्राजीहयत्–તેણે મોકલાવ્યું–આ પ્રયોગમાં ङ (સૂત્ર ૩।૪।૫૮) પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગ્યો, ॥ ૪ । ૧ । ૩૪ ॥

## जेः गिः सन्-परोक्षयोः ॥ ४ । १ । ३५ ॥

सन् પ્રત્યય લાગ્યો હોય ત્યારે અને પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે जिને બદલે गि બોલાય છે,

जि જય થવો.

सन्–जेतुम् इच्छति=जिजि+ष+ति=जिगि+षति=जिगीषति–જય કરવાને ઈચ્છે છે.

परोक्षा–ए–विजिजि+ए–विजिगि+ए=विजिग्ये–તેણે વિજય કર્યો અથવા મેં વિજય કર્યો. ॥ ૪ । ૧ । ૩૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## चेः किः वा ॥ ४ । १ । ३६ ॥

સન્ પ્રત્યય લાગ્યો હોય ત્યારે અને પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે चिને બદલે कि વિકલ્પે બોલાય છે.

चि સંચય કરવો–પાંચમો ગણ–

सन्—चेतुम् इच्छति=चिचि+स+ति = चिकि+स+ति = चिकीषति; चिचीषति – તે સંચય કરવાને ઇચ્છે છે

परोक्षा—चिचि+ए=चिकि+ए=चिक्ये, चिच्ये–તેણે સંચય કર્યો અથવા મેં સંચય કર્યો. ॥ ૪ । ૧ । ૩૬ ॥

## पूर्वस्य अस्वे स्वरे य्वोः इय् उव् ॥ ४ । १ । ३७ ॥

જ્યાં इકારનો દ્વિર્ભાવ થયો હોય ત્યાં બે इકાર થયા પછી જો પૂર્વના इકાર પછી તરત જ અસ્વ સ્વર આવ્યો હોય તો પૂર્વના इકારને બદલે इय् બોલવો તથા જ્યાં उકારનો દ્વિર્ભાવ થયો હોય ત્યાં બે उકાર થયા પછી જો પૂર્વના उકાર પછી તરત જ અસ્વ સ્વર આવ્યો હોય તો પૂર્વના उકારને બદલે उव् બોલવો

इને બદલે इय्–

इष् ઇચ્છવું–इष्+अ=इइष्+अ=इय्+एष्+अ=इयेष–તેણે ઇચ્છયું. અહીં एष અંશનો ए અસ્વ સ્વર છે.

ऋ ગતિ કરવી–अऋ+ऋ+ति=अरि+ऋ+ति=अरि+अर्ति=अरियृ+अर्ति=अरियर्ति–તે વાંકું ગમન કરે છે.

उને બદલે उव्–

वस् નિવાસ કરવો–वस्+अ=उउस्+अ=उव्+ओस्+अ=उवोष–તે રહ્યો.

ईषतुः–તે બે જણે ઇચ્છયું–આ પ્રયોગમાં દ્વિર્ભાવ થયા પછી અસ્વ સ્વર નથી, બે इइ છે ( इइष्+अतुस् ) તે સ્વ સ્વર છે તેથી इय् ન થયો.

यज् પૂજન કે સંગતિ કરવી વગેરે

इयाज–યજ્ઞ કર્યો.– આ રૂપમાં यज् ધાતુ છે તેથી इ+यज् એ રીતે इ પછી य અસ્વ વ્યંજન આવેલ છે પણ સ્વર આવેલ નથી.

॥ ૪ । ૧ । ૩૭ ॥

## ऋतोऽत् ॥ ४ । १ । ३८ ॥

ऋકારનો દ્વિર્ભાવ થયા પછી પહેલા ऋકારનો अ થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृ કરવું–कृ+अ=कृकृ+अ=ककृ+अ=चकृ+अ=चकार-તેણે કર્યું. ૪।૧।૪૬થી कनो च थयो. ॥ ૪ । ૧ । ૩૮ ॥

## ह्रस्वः ॥ ૪ । ૧ । ૩૯ ॥

દ્વિર્ભાવ થયા પછી પૂર્વમાં આવેલા દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર થાય છે.

પહેલો ગણ–पा પીવું– } पा+अ=पापा+अ=पपा+अ=पपौ–તેણે પીધું, તેણે બીજો ગણ पा રક્ષા કરવી– } રક્ષણ કર્યું ॥ ૪ । ૧ । ૩૯ ॥

## ग–होर्जः ॥ ૪ । ૧ । ૪૦ ॥

गनो દ્વિર્ભાવ થયા પછી પૂર્વના गनो ज થાય છે અને हनो દ્વિર્ભાવ થયા પછી પૂર્વના हनो ज થાય છે.

गम् જવું–गम्+अ=गगम्+अ=जगम्+अ=जगाम–તે ગયો.

हस् હસવું–हस्+अ=हहस्+अ=जहस्+अ=जहास–તે હસ્યો. ॥ ૪ । ૧ । ૪૦ ॥

## द्युतेरिः ॥ ૪ । ૧ । ૪૧ ॥

द्युत् ધાતુનો દ્વિર્ભાવ થયા પછી પૂર્વના द्युनो दि થઇ જાય છે

द्युत् પ્રકાશવું–द्युत्+ए=द्युद्युत्+ए=दिद्युत्+ए=दिद्युते–તે દીપ્તિવાળો થયો અથવા હું દીપ્તિવાળો થયો. ॥ ૪ । ૧ । ૪૧ ॥

## द्वितीय-तुर्ययोः पूर्वौ ॥ ૪ । ૧ । ૪૨ ॥

खनो દ્વિર્ભાવ થાય ત્યારે બે खने બદલે कख થાય છે.
छनो દ્વિર્ભાવ થાય ત્યારે બે छने બદલે चच्छ થાય છે.
ठनो દ્વિર્ભાવ થાય ત્યારે બે ठने બદલે टठ થાય છે.
थनो દ્વિર્ભાવ થાય ત્યારે બે थने બદલે तथ થાય છે.
फनो દ્વિર્ભાવ થાય ત્યારે બે फने બદલે पफ થાય છે.

એ જ રીતે–

घनो દ્વિર્ભાવ થાય ત્યારે બે घने બદલે गघ થાય છે;
झनो દ્વિર્ભાવ થાય ત્યારે બે झने બદલે जझ થાય છે.
ढनो દ્વિર્ભાવ થાય ત્યારે બે ढने બદલે डढ થાય છે.
धनो દ્વિર્ભાવ થાય ત્યારે બે धने બદલે दध થાય છે.
भनो દ્વિર્ભાવ થાય ત્યારે બે भने બદલે बभ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વર્ગના બીજા બીજા અક્ષરનું પરિવર્તન

ख्लन ખળવું અથવા ખોદવું. ख्ख ને બદલે कख-खन्+अ=खखन्+अ=कखन्+अ=चखन्+अ=चखान-ખોદ્યું.

छिद છેદવું. छछ ને બદલે चच्छ-छिद्+अ-छिछिद्+अ-चिच्छिद्+अ=चिच्छेद-તેણે છેદ્યું.

ठठ નો टठ-ठकारय्+इ+स+ति=ठठकारय्+इ+स+ति=टठकारय्-टिठकारय्+इ+स+ति=टिठकारयिषति=ठकार કરનારને ઇચ્છે છે. આ નામધાતુ છે

थथ નો तथ-स्था+अ-स्थास्था+अ=थास्था+अ-तस्था+अ=तस्थौ-તે ઉભો રહ્યો. स्था ગતિ અટકી જવી. स्था પહેલા ગણનો ધાતુ છે.

फफ નો पफ-फल्+अ-फल्फल्+अ-फफल्+अ-पफल्+अ=पफाल-ફળ્યું. फल्-નિષ્પત્તિ થવી-ફળવું फल् પહેલા ગણનો ધાતુ છે.

## વર્ગના ચોથા ચોથા અક્ષરનું પરિવર્તન

घघ નો गघ-घुष्+अ-घुष्घुष्+अ-घुघुष्+अ-गुघुष्+अ-जुघुष्+अ=जुघोष-મોટેથી અવાજ કર્યો. પહેલા ગણનો ધાતુ घुष्-ગોખવું-મોટેથી અવાજ કરવો.

झझ નો जझ-झम् જમવું-झम+अ-झझम्-जझम्+अ=जझाम्+अ=जझाम-જમ્યો

ढढ નો डढ-ढौक्+ए-ढौक्ढौक्+ए-ढौढौक्+ए-डुढौक्+ए=डुढौक्+ए=डुढौके-તેણે ઢોકયું-ભેટ કર્યું, ગતિ અર્થવાળો આત્મનેપદી ढौक् ધાતુ પહેલા ગણનો છે

धध नो दध-धा+अ-धाधा+अ-धधा+अ-दधा+औ-दधौ-તેણે ધારણ કર્યું. ધારણ કરવું અને પોષણ કરવું અર્થવાળો धा બીજા ગણનો.

भभ નો बभ-भृ+अ-भृभृ+अ=बभृ+अ=बभार-તેણે પોષણ કર્યું કે ધારણ કર્યું. પોષણ કરવુ અને ધારણ કરવું અર્થનો भृ બીજા ગણનો.

॥ ૪ । ૧ । ૪૨ ॥

## तिर्वा ष्ठिवः ॥ ४ । १ । ४३ ॥

ष्ठिव् ધાતુના આદિના ष्ठिनो દ્વિર્ભાવ થતાં એટલે ष्ठिष्ठिव् થયા પછી આદિનો ष्ठिनो ति વિકલ્પે થાય છે એટલે ष्ठिष्ठिव्ने બદલે तिष्ठिव् રૂપ વિકલ્પે વપરાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ष्ठिव्+अ ष्ठिव्ष्ठिव्+अ=ष्ठिष्ठिव्+अ=तिष्ठिव्+अ=तिष्ठेव, टिष्ठेव–તેણે કેંકી દીધું,કે તે થૂંક્યો-टिष्ठेव પ્રયોગમાં ૪।૧।૪૨। નિયમ પ્રમાણે ટનો ट થયેલ છે.

'નિરસન' અર્થનો ष्ठिव् ધાતુ ચોથા ગણનો છે. ॥ ૪ । ૧ । ૪૩ ॥

## व्यञ्जनस्य अनादेः लुक् ॥ ४ । १ । ४४ ॥

દ્વિર્ભાવ થયા પછી પૂર્વમાં આવેલા અનાદિના વ્યંજનનો લોપ કરી દેવો.

પ્ર૦ ગ૦ ग्ला–ગ્લાન થવું–હર્ષનો નાશ થવો. ग्ला+ए=ग्लाग्ला+ए=गाग्ला–गाग्ला+ए=जग्ला+ए=जग्ल्+ए=जग्ले–તેના વડે ગ્લાન થવાયું અથવા મારા વડે ગ્લાન થવાયું—ભાવેપ્રયોગ છે.–આ પ્રયોગમાં પ્રથમ ग्लानो ल् એ અનાદિનો વ્યંજન છે તેથી તેનો લોપ થયો.

અહીં વપરાયેલ ए પ્રત્યય પરોક્ષાનો છે પણ તે આત્મનેપદનો પ્રત્યય છે. ग्ला ધાતુ તો પરસ્મૈપદી છે તો પણ ग्ला ધાતુને ભાવેપ્રયોગમાં વાપરીએ તો તે આત્મનેપદી બને છે તેથી जग्ले રૂપ ભાવેપ્રયોગનું સમજવું. ૩।૩।૨૧ નિયમ દ્વારા અકર્મક ધાતુને ભાવેપ્રયોગમાં આત્મનેપદના પ્રત્યયો લાગી શકે છે.

पच्+अ=पच्पच्+अ=पपच्+अ=पपाच–તેણે રાંધ્યું અથવા મેં રાંધ્યું–આ પ્રયોગમાં पपाच નો प આદિ વ્યંજન છે અહીં અનાદિ વ્યંજનના લોપનું વિધાન છે તેથી આ નિયમ પ્રમાણે તેનો લોપ ન થયો.

॥ ૪ । ૧ । ૪૪ ॥

## अघोषे शिटः ॥ ४ । १ । ४५ ॥

ધાતુના શિટ્ અક્ષરવાળા અંશનો દ્વિર્ભાવ (श्च्युत्श्च्युत् = श्च्युश्च्युत्) થયા પછી જો પૂર્વના અંશમાં શિટ્ અક્ષર પછી અઘોષ વ્યંજન આવ્યો હોય તો શિટ્ વ્યંજનનો લોપ થાય છે.

પ્ર૦ ગ૦ પરસ્મૈ૦ श्च्युत्–ખરવું–ટપકવું–ઝરવું–ચૂંવું–

श्च्युत्+अ = श्च्युत्श्च्युत्=च्युत्श्च्युत् – च्युश्च्युत्+अ = चुश्च्योत – તે ઝર્યું–ટપક્યું.

स्ना નહાવું—ચોકખા થવું.

स्ना+अ=स्नास्ना+अ=सस्ना+अ=सस्ना+औ=सस्नौ–તેણે સ્નાન કર્યું.–આ રૂપમાં स्नाના શિટ્રૂપ स् પછી ना છે તે અઘોષ વ્યંજન નથી, ઘોષ છે તેથી स्નો લોપ ન થાય. ॥ ૪ ।૧ । ૪૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क-ङश्च-ञ् ॥ ४ । १ । ४६ ॥

દ્વિર્ભાવ થયા પછી આગળના कનો च થઈ જાય અને આગળના ङનો ञ થઈ જાય.

कृ+अ=ककृ+अ=चकृ+अ=चकार તેણે કર્યું.

પ્ર૦ ગ૦ આત્મનેપદી ङु અવાજ કરવો–ङुङु એવો અવાજ કરવો ङु+ए=ङुङु+ए=ञुङुव्+ए=ञुङुवे–તેણે 'ङुङु' એવો અવાજ કર્યો.

॥ ४ । १ । ४६ ॥

## યઙન્ત પ્રક્રિયામાં પરિવર્તન વગેરેની સમજ સૂત્ર ૪ । ૧ । ૪૭ થી ૫૬ ।

## न कवतेर्यङः ॥ ४ । १ । ४७ ॥

પહેલા ગણના આત્મનેપદી कु ધાતુને यङ् પ્રત્યય લાગ્યા પછી कનો દ્વિર્ભાવ થતાં આગળના कનો च ન થાય.

कु શબ્દ કરવો–અવાજ કરવો. कु+य+ते=कुकु+य+ते=कोकूयते खर :–ગધેડો ભૂંકે છે

સૂત્રમાં कवतेः એવો નિર્દેશ કરવાથી પહેલા ગણનો જ कुङ् ધાતુ લેવો, પહેલા ગણના कु ધાતુનું જ कवतेः એવું રૂપ થાય છે તેથી બીજા અને છઠ્ઠા ગણનો कु ધાતુ ન લેવો.

कु શબ્દ કરવો (બીજો ગણ) कौति–અવાજ કરે છે. આ ધાતુ બીજા ગણનો છે.

कु શબ્દ કરવો (છટ્ઠો ગણ) कुवति અવાજ કરે છે–આ ધાતુ છઠ્ઠા ગણનો છે.

આ બન્ને ધાતુઓને यङ् લાગતાં–कुकु+य+ते=चुकु+य+ते=चोकूयते–તે ઘણો અવાજ કરે છે અથવા તે વારંવાર અવાજ કરે છે.–દ્વિર્ભાવ થયા પછી આ બન્ને ધાતુઓના क નો च થાય છે.

कु+ए=कुकु+ए=चुकु+ए=चुकुव्+ए–चुकुवे–અવાજ કર્યો.
આ રૂપમાં यङ् પ્રત્યય લાગેલો कु ધાતુ નથી તેથી તેના कનો च થઈ ગયો.

॥ ४ । १ । ४७ ॥

૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आ–गुणौ अन्यादेः ॥ ४ । १ । ४८ ॥

ધાતુને यङ् પ્રત્યય લાગ્યા પછી દ્વિર્ભાવ થાય છે અને દ્વિર્ભાવ થાય ત્યારે આગળના ભાગના अવાળા અંશના अ નો आ થાય છે અને આગળના ભાગના इ, उ, ऋ અને लृ વાળા અંશનો ગુણ થાય છે એટલે इનો ए, उનો ओ, ऋનો अर् અને लृનો अल् થાય છે પણ જ્યારે यङ् પ્રત્યયને લીધે જ્યાં ધાતુના પૂર્વભાગમાં नी આગમ આવ્યો હોય કે म् આગમ આવ્યો હોય તથા જ્યાં પૂર્વ ભાગમાં री, रि અને र આવેલો હોય ત્યાં આ નિયમ ન લાગે.

अ નો आ– पपच्+य+ते=पापच्यते–ખૂબ રાંધે છે અથવા વારંવાર રાંધે છે. 'પાક' અર્થનો पच् ધાતુ પહેલા ગણનો ઉભયપદી છે

ગુણ–

इ નો ए ગુણ–चिची+य+ते चेचीयते–તે ખુબ સંચય કરે છે અથવા વારંવાર સંચય કરે છે. પાંચમા ગણનો 'ચયન' અર્થવાળો चि ધાતુ ઉભયપદી છે

ऊ નો ओ ગુણ– लूलू+य+ते=लोलूयते–ખૂબ કાપે છે અથવા વારંવાર કાપે છે. 'કાપવા' અર્થનો लू ધાતુ નવમા ગણનો ઉભયપદી છે

नी નો આગમ–वनीवच्यते–તે ખૂબ અથવા વારંવાર વંચના કરે છે –ઠગે છે–આ રૂપમાં પૂર્વમાં नीનો આગમ છે. તેથી व નો वा ન થાય ગતિ' અર્થ વાળો પહેલા ગણનો वञ्च् ધાતુ પરસ્મૈપદી છે

म् નો આગમ–जञ्जप्यते–તે વારંવાર અથવા ખૂબ જાપ કરે છે–આ રૂપમાં म् નો આગમ છે.

जप् ધાતુ 'માનસચિંતન' અર્થનો તથા 'સ્પષ્ટ વચન' અર્થનો પહેલા ગણનો પરસ્મૈપદી છે

यंयम्यते–તે ખૂબ અથવા વારંવાર શાંત થાય છે. આ રૂપમાં म् નો આગમ છે.

यम् ધાતુ 'ઉપરમ' અર્થનો પહેલા ગણનો પરસ્મૈપદી છે

म् આગમ વાળા આ બન્ને રૂપોમાં ज નો जा કે य નો या ન થાય અર્થાત नी આગમવાળા અને म् આગમવાળા આ ઉદાહરણોમાં આ નિયમ લાગતો નથી. ॥ ४ । १ । ४८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## न हाको लुपि ॥ ४ । १ । ४९ ॥

हाक् ધાતુને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થાય છે અને यङ्નો લોપ થાય ત્યારે દ્વિર્ભાવના પૂર્વના અંશના हा નો આ ન રહે એટલે हा નો ह એમ હ્રસ્વ થઈ જાય.

यङ् નો લોપ કરવો કે ન કરવો એ પ્રયોગ કરનારની ઇચ્છા ઉપર છે. यङ् હોય ત્યારે ક્રિયાપદ यङन्त કહેવાય અને यङ्નો લોપ થાય ત્યારે ક્રિયાપદ यङ्लुबन्त કહેવાય. આ સૂત્રનું વિધાન यङ्ના લોપની પરિસ્થિતિમાં સમજવાનું છે.

हा ત્યાગ કરવો ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે.

हा+य+ति=हाहा+य+ति=हहा+य+ति=यङ् નો એટલે યનો લોપ થતાં जहा+ति=जहेति-તે ખૂબ અથવા વારંવાર છોડે છે. ॥ ४ । १ । ४९ ॥

## वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्दोऽन्तो नीः ॥ ४ । १ । ५० ॥

वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंश्, कस्, पत्, पद् અને स्कन्द् ધાતુઓને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થઈ જતાં દ્વિર્ભાવ પામેલા બે વ્યંજનોની વચ્ચે नी ઉમેરાઈ જાય છે.

वञ्च् જવું ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

वञ्च्+य+ते=वञ्च्वञ्च्=ववच्+य+ते=व+नी+वच्यते=वनीवच्यते- તે વારંવાર અથવા ખુબ ઠગે છે.

स्रंस्-ઢીલા થવું કે ટપકવું

स्रंस्+य+ते=स्रंस्स्रंस्-सस्रस्+य+ते=स+नी+स्रस्यते=सनीस्रस्यते-તે ખૂબ ટપકે છે.

ध्वंस् નાશ થવો-ध्वंस्+य+ते=ध्वंस्ध्वंस्=दध्वंस्+य+ते=द+नी+ध्वस्यते=दनीध्वस्यते-તે ખૂબ ધ્વંસ પામે છે. ध्वंस् ધાતુ પ્રથમ ગણનો આત્મનેપદી છે.

भ्रंश् અધઃપાત થવો-भ्रंश्+य+ते=भ्रंश्भ्रंश्=बभ्रंश्+य+ते=ब+नी+भ्रश्यते=बनीभ्रश्यते-તે ખુબ ભ્રંશ પામે છે.

कस् જવું-कस्+य+ते=कस्कस्=चकस्+य+ते=च+नी+कस्यते=चनीकस्यते-તે વારંવાર જાય છે, कस् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पत् પડવું–पत्+य+ते=पत्पत्=पपत्+य+ते=प+नी+पत्यते=पनीपत्यते–તે વારંવાર પડે છે. पत् ધાતુ પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

पद् જવું–पद्+य+ते=पद्पद्=पपद्+य+ते=प+नी+पद्यते=पनीपद्यते–તે વારંવાર જાય છે. પદ્ ધાતુ 'ગતિ' અર્થનો ચોથા ગણનો આત્મનેપદી છે.

स्कन्द् સુકાવું–स्कन्द्+य+ते=स्कन्द्स्कन्द्=चस्कन्द्+य+ते=च+नी+स्कद्यते=चनीस्कद्यते–તે ખૂબ સુકાય છે. स्कन्द् ધાતુ પ્રથમ ગણનો 'ગતિ' અને 'શોષણ' અર્થનો પરસ્મૈપદી છે.

જ્યાં જ્યાં यङ् પ્રત્યય લાગેલ હોય ત્યાં બધે 'ખૂબ' અને 'વારંવાર' એ બે અર્થો સમજી લેવા. ॥ ૪ । ૧ । ૫૦ ॥

## मुरतोऽनुनासिकस्य ॥ ४ । १ । ५१ ॥

જે ધાતુમાં अ પછી કોઈ અનુનાસિક આવ્યો હોય એટલે ङ, ञ, ण, न, म આવ્યા હોય એ ધાતુનો यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થતાં દ્વિર્ભાવ પામેલા આગલા અંશ પછી म् ઉમેરાય છે.

भण् શબ્દ કરવો–भण्+य+ते=भण्भण्=बभण्+य+ते=ब+म्+भण्यते=बम्भण्यते–તે ખૂબ ભણે છે. भण् ધાતુ 'શબ્દ' અર્થનો પ્રથમ ગણનો પરસ્મૈપદી છે.

तिम् ભીનું થવું–तिम्+य+ते=तिम्तिम्=तेतिम्+य+ते=तेतिम्यते–ખૂબ ભીનું થાય છે.

આ तिम् ધાતુમાં अ પછી અનુનાસિક નથી, इ પછી છે તેથી આ નિયમ ન લાગે.

पापच्यते–તે ખૂબ રાંધે છે. पच् ધાતુમાં अ પછી च છે, તે અનુનાસિક નથી તેથી म् ન ઉમેરાય ॥ ૪ । ૧ । ૫૧ ॥

## जप-जभ-दह-दश-भञ्ज-पशः ॥ ४ । १ । ५२ ॥

जप्, जभ्, दह्, दश्, भञ्ज् અને पश् ધાતુઓને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થાય ત્યારે દ્વિર્ભાવ પામેલા આગળના અંશ પછી म् ઉમેરાય છે.

जप् માનસિક જાપ કરવો–जप्+य+ते=जप्जप्=जजप्+य+ते=ज+म्+जप्यते=जञ्जप्यते–તે ખૂબ જપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जभ् મૈથુન કરવું-जभ्+य+ते=जभ्जभ्=जजभ्+य+ते=ज+म्+जभ्यते=जञ्जभ्यते- તે ખૂબ મૈથુન સેવે છે. जभ् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે.

दह् બાળીને ભસ્મ કરવું-दह्+य+ते=दह्दह्+य+ते=ददह्+य+ते=द+म्+दह्यते=दन्दह्यते-તે ખૂબ બળે છે.

दश् ડંખ દેવો-ડસવું-दश्+य+ते=दश्दश्+य+ते=ददश्+य+ते=द+म्+दश्यते= दन्दश्यते-તે ખૂબ ડસે છે. दश् ધાતુ પહેલા ગણનો પરસ્મૈપદી છે.

भञ्ज् ભાંગી નાખવું-भञ्ज्+य+ते=भञ्ज्भञ्ज्+य+ते=बभज्+य+ते=ब+म्+भज्यते=बम्भज्यते- તે ખૂબ ભાંગે છે. भञ्ज् ધાતુ આઠમા ગણનો પરસ્મૈપદી છે.

पश् (સૌત્ર ધાતુ છે) બાંધવું કે સ્પર્શ કરવો-पश्+य+ते=पश्पश्+य+ते= पपश्+य+ते=प+म्+पश्यते=पम्पश्यते-તે ખૂબ સ્પર્શ કરે છે.

॥ ૪ । ૧ । ૫૨ ॥

## चर-फलाम् ॥ ४ । १ । ५३ ॥

चर् અને फल् ધાતુને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થતાં દ્વિર્ભાવ પામેલા આગળના અંશ પછી म् ઉમેરાય છે.

चर् જવું, ખાવું કે ચરવું-चर्+य+ते=चर्चर्+य+ते=चचर्+य+ते=च+म्+ चर्यते=चञ्चूर्+यते=चञ्चूर्यते-તે ખૂબ ચરે છે.

फल् ફળવું-फल्+य+ते=फल्फल्+य+ते=पफल्+य+ते=प+म्+फल्यते=पम्फुल्+ य+ते=पम्फुल्यते-તે ખૂબ ફળે છે. ॥ ૪ । ૧ । ૫૩ ॥

## ति च उपान्त्यातः अनोद् उः ॥ ४ । १ । ५४ ॥

જેને છેડે यङ् છે એવા चर् અને फल् ધાતુઓને यङ्वाળા રૂપમાં અને चर् અને फल् ધાતુઓને तकारादि પ્રત્યયો લાગેલા હોય ત્યારે ઉપાંત્યના अनो उ થાય છે. उ થયા પછી उनो ओ થતો નથી.

यङ् પ્રત્યય-

चर्+य+ते=चर्चर्+य+ते=चम्+चुर्+यते=चञ्चूर्+यते=चञ्चूर्यते-તે ખૂબ ચરે છે.

फल्+य+ते=फल्फल्+य+ते=पम्फुल्+य+ते=पम्फुल्यते-તે ખૂબ ફળે છે.

तकारादि પ્રત્યય—

चर्+तिः=चूर्तिः-ગમન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्र+फल्+तिः=प्रफुल्तिः=प्रफुल्लिः–ફળવું

चञ्चार्यते–ચરનારને પ્રેરણા કરનારની પેઠે આચરણ કરે છે. –આ રૂપમાં चर्‌નો अ નથી પણ आ છે, આ રૂપમાં चर् ધાતુ તો છે પણ अकारवाળો चर् નથી आकारवाળો चर् છે.

पम्फाल्यते–ફળનારને પ્રેરણા કરનારની પેઠે આચરણ કરે છે. –અહીં फल् ધાતુનો आ છે, अ નથી.

चञ्चूर्तिः–ખૂબ ચાલવું છે.–આમાં उनो ગુણ ओ થયો નથી.

पम्फुल्तिः–ખૂબ ફળે છે–,, ,, ,, ,, ,, ,, ॥ ४ । १ । ५० ॥

## ऋमतां रीः ॥ ४ । १ । ५५ ॥

જે ધાતુઓ હ્રસ્વ ऋवाળા છે તેમને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થાય ત્યારે પૂર્વના આગળના અંશ પાસે री ઉમેરાય છે.

नृत् નાચવું–नृत्+य+ते=ननृत्+य+ते=न++री+नृत्यते=नरीनृत्यते–તે ખૂબ નાચે છે. ॥ ४ । १ । ५५ ॥

## रिरौ च लुपि ॥ ४ । १ । ५६ ॥

જે ધાતુઓ હ્રસ્વ ऋवाળા છે તેને यङ् લાગ્યા પછી દ્વિર્ભાવ થાય છે, દ્વિર્ભાવ થયા પછી જ્યારે यङ् નો લોપ કરવામાં આવે છે ત્યારે દ્વિર્ભાવ પામેલા આગળના અંશ પાસે रि, र् અને री ઉમેરાય છે.

कृ+य+ति=चकृ+ति=च+रि+कर्ति=चरिकर्ति–ઘણું કરે છે કે વારંવાર કરે છે.

कृ+य+ति=चकृ+ति=च+र्+कर्ति=चर्कर्ति– ,, ,, ,, ,,

कृ+य+ति=चकृ+ति=च+री+कर्ति=चरीकर्ति– ,, ,, ,, ,,

यङ् પ્રત્યય અંગેનાં વિધાનો પુરાં થયાં. ॥ ४ । १ । ५६ ॥

## निजां शिति एत् ॥ ४ । १ । ५७ ॥

निज्, विज અને विष् ધાતુઓને શિત્ પ્રત્યય લાગે ત્યારે દ્વિર્ભાવ થાય છે અને દ્વિર્ભાવ પામેલા આગળના અંશના इनो ए થાય છે.

निज् સાફ કરવું–निज्+ति=निनेज्+ति=नेनेक्+ति=नेनेक्ति–તે સાફ કરે છે.

विज् જુદું કરવું–विज्+ति = विवेज्+ति = वेवेक्+ति=वेवेक्ति–તે જુદું કરે છે.

विष् વ્યાપી જવું–ફેલાવું–विष्+ति=विवेष्+ति=वेवेष्+ति=वेवेष्टि–તે વ્યાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निनेज–તેણે સાફ કર્યું.–અહીં શિત્ પ્રત્યય નથી, પરોક્ષા છે.
॥ ૪।૧।૫૭ ॥

## पॄ–ऋ–भृ–मा–हाङाम् इः ॥ ४ । १ । ५८ ॥

पॄ, ऋ, भृ, मा અને हा (બીજા ગણનો हाङ् આત્મનેપદી) ધાતુઓને શિત્ પ્રત્યય લાગે ત્યારે દ્વિર્ભાવ થાય છે અને દ્વિર્ભાવ પામેલા આગળના અંશના સ્વરનો इ થાય છે.

पॄ પાળવું કે પૂરવું–पॄ+ति = पॄपॄ+ति=पपॄ+ति=पिपर्ति–તે પાળે છે.

ऋ જવું·ऋ+ति=ऋऋ+ति=अ+ऋ+ति=इ+ऋ+ति=इय्+ऋ+ति=इयर्ति-તે જાય છે.

भृ ભરણપોષણ કરવું કે ધારણ કરવું–भृ+ति=भृभृ+ति=बभृ+ति=बिभर्ति–તે પોષણ કરે છે.

मा (આત્મનેપદી) માપવું કે અવાજ કરવો–मा+ते=मामा+ते=ममा+ते=मिमीते–તે માપે છે.

हा (આત્મનેપદી) જવું–हा+ते=हाहा+ते=जहा+ते=जिहीते–તે જાય છે.

जहाति–તે છોડે છે– આ ક્રિયાપદમાં हाङ् ધાતુ નથી. પણ हाक् ધાતુ છે.

पपार–તેણે પાળ્યું–આ રૂપમાં શિત્ પ્રત્યય નથી, પરોક્ષાનો પ્રત્યય છે.
॥ ૪।૧।૫૮ ॥

## सनि अस्य ॥ ४ । १ । ५९ ॥

જ્યારે ધાતુને सन् પ્રત્યય લાગે ત્યારે ધાતુનો દ્વિર્ભાવ થઈ જાય છે અને દ્વિર્ભાવ પામેલા ધાતુના પૂર્વના અંશમાં આવેલા अ નો इ થઈ જાય છે.

पच्–पच्पच्+स+ति=पपच्+स+ति=पि+पक्+षति=पिपक्षति–તે રાંધવાને ઇચ્છે છે.

पापचिषते–તે વારંવાર રાંધવાની ઇચ્છા કરે છે.–આ રૂપમાં પૂર્વના અંશમાં पा છે અને पा હોવાથી તેમાં आ છે પણ अ નથી તેથી આ નિયમ ન લાગે.
॥ ૪।૧।૫૯ ॥

## ओः ज–अन्तस्था–पवर्गे अवर्णे ॥ ४ । १ । ६० ॥

ધાતુ ઉવર્ણાંત હોય અને એને सन् લાગ્યા પછી દ્વિર્ભાવ થતાં પૂર્વમાં उકારરૂપ અંશ આવ્યો હોય તથા તે उકારરૂપ અંશ પછી જેને છેડે अવર્ણ હોય એવો ज અક્ષર આવેલ હોય, એવા અતંસ્થા અક્ષરો એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

य र ल व આવેલા હોય, તથા એવા જ प વર્ગના અક્ષરો એટલે प फ ब भ म આવ્યા હોય તો તે ઉકારરૂપ અંશનો इ થઈ જાય છે.

जु (સૌત્રધાતુ[1]) જવું–ज–जु–णि પછી सन्–जावयितुम् इच्छति जुजावयि+ष+ति=जिजावयिषति–ગમન કરાવવાને ઇચ્છે છે.

૧. *જે ધાતુ ધાતુપાઠમાં ન બતાવ્યો હોય, સૂત્રદ્વારા બતાવેલ હોય તે સૌત્રધાતુ કહેવાય.*

अन्तस्था

य–यु મિશ્ર કરવું–यु–પછી सन्–युयवि+ष+ति=यियविषति–મિશ્ર થવાને ઇચ્છે છે

यु+णि પછી सन्–यावयितुम् इच्छति–युयावयि+ष+ति=यियावयिषति–મિશ્ર કરાવવાને ઇચ્છે છે.

र–रु શબ્દ કરવો–रु– ,, ,, ,, –रावयितुम् इच्छति–रुरावयि+ष+ति= रिरावयिषति–શબ્દ કરાવવાને ઇચ્છે છે.

ल–लू લણવું–કાપવું–लू– ,, ,, ,,–लावयितुम् इच्छति–लुलावयि+ष+ति=लिलावयिषति–લણાવાને–કપાવાને–ઇચ્છે છે.

पवर्ग—

पू પવિત્ર કરવું–प–पू ,, पुपवि+ष+ते=पिपविषते–પવિત્ર થવાને ઇચ્છે છે.

આ કેવળ सन् વાળું રૂપ છે.

पू+णि પછી सन्–पावयितुम् इच्छति–पुपावयि+ष–ते=पिपावयिषते–પવિત્ર કરાવવાને ઇચ્છે છે.

मू બાંધવું–म+मू+णि પછી सन्–मावयितुम् इच्छति–मुमावयि+ष+ते= मिमावयिषते–બંધાવવાને ઇચ્છે છે.

जुहावयिषति–હોમ કરાવવાને ઇચ્છે છે. આ રૂપમાં उ પછી ह છે તેથી આ નિયમ ન લાગે.

भवितुम् इच्छति=बुभूषति–થવાને ઇચ્છે છે. અહીં ઉકાર પછી प વર્ગનો भ અક્ષર તો છે પણ તે, અવર્ણ છેડે હોય એવો प વર્ગનો भ અક્ષર નથી પણ ઊવર્ણ છેડે હોય એવા भू છે. ॥ ૪ । ૧ । ૬૦ ॥

## श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्योः वा ॥ ४ । १ । ६१ ॥

श्रु, स्रु, द्रु, प्रु, प्लु અને च्यु ધાતુઓને सन् લાગ્યા પછી ઉકારવાળા અંશનો દ્વિર્ભાવ થઈ જાય છે અને દ્વિર્ભાવ થતાં शुश्रु, सुस्रु વગેરે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ઉકારવાળા અંશ બની જતાં એમાં પહેલા उ કારવાળા અંશ પછી જો અ વર્ણાંત અંતસ્થા અક્ષરો—य र ल व અક્ષરો—આવ્યા હોય તો પહેલા उ કારવાળા અંશના उ નો इ વિકલ્પે થાય છે.

श्रु સાંભળવું-श्रु-णि પછી सन्-श्रावयितुम् इच्छति-शुश्रु+इ+स+ति+=शुश्रावय्+इ+ष+ति=शिश्रावयिषति, शुश्रावयिषति-સંભળાવવાને ઇચ્છે છે.

स्रु ટપકવું-નીચે જવું-स्रु-णि પછી सन्-स्रावयितुम् इच्छति-सुस्रु+इ+स+ति=सुस्रावय्+इ+षति=सिस्रावयिषति, सुस्रावयिषति-ટપકાવવાને ઇચ્છે છે.

द्रु ગતિ કરવી-પ્રવાહી થવું. द्रु-णि પછી सन्-द्रावयितुम् इच्छति-दुद्रु+स+ति=दुद्रावय्+इ+षति=दिद्रावयिषति,दुद्रावयिषति-પ્રવાહી કરવાને ઇચ્છે છે.

प्रु ગતિ કરવી-પરોવવું-प्रु-णि પછી सन्-प्रावयितुम् इच्छति-पुप्रु+इ+स+ति=पुप्रावय्+इ+षति=पिप्रावयिषति, पुप्रावयिषति-પરોવડાવવાને ઇચ્છે છે.

प्लु ઠેકવું-કુદકો મારવો—प्लु-णि પછી सन्-प्लावयितुम् इच्छति-पुप्लु+इ+स+ति=पुप्लावयू+इ+षति=पिप्लावयिषति, पुप्लावयिषति-કૂદાવવાને ઇચ્છે છે.

च्यु ચૂવું-નીચે ટપકવું-च्यु-णि પછી सन्-च्यावयितुम् इच्छति-चुच्यु+इ+स+ति=चुच्यावय्+इ+षति=चिच्यावयिषति, चुच्यावयिषति-ચુવડાવવાને ઇચ્છે છે. ॥ ૪ । ૧ । ૬૧ ॥

## स्वपो णौ उः ॥ ४ । १ । ६२ ॥

स्वप् ધાતુને સીધો જ એટલે કોઈપણ બીજો પ્રત્યય લાગ્યા પહેલાં પ્રથમ णि પ્રત્યય લાગ્યો હોય અને પછી દ્વિર્ભાવ થયો હોય તો દ્વિર્ભાવના પૂર્વ અંશના અંત્ય સ્વરનો उ થઈ જાય છે.

स्वप् સૂવું-

स्वप्+णि+इ+स+ति=सुस्वापि+इ+स+ति=सुष्वापय्+इ+षति=सुष्वापयिषति-સુવાડવાને ઇચ્છે છે.

सिष्वापकीयिषति- સૂનારને ઇચ્છનારને ઇચ્છે છે. -અહીં णि નથી પણ स्वापक નામ ઉપરથી ધાતુ બનાવેલો છે એટલે स्वप् ધાતુને સીધો अक પ્રત્યય લાગેલ છે. અને अक પ્રત્યય લાગ્યા પછી स्वापक શબ્દને क्यन् પ્રત્યય લાગેલ છે અને स्वापकीय् અંગ થયા પછી તેને सन् પ્રત્યય લાગેલ છે એટલે આ પ્રયોગમાં स्वप् ધાતુને સીધો તો अक પ્રત્યય લાગેલ છે પણ णि લાગેલ નથી તેથી આ નિયમ ન લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वापं चिकीर्षति=सिष्वापयिषति– સૂવાને ઇચ્છે છે. અહીં स्वप् ને घञ् પ્રત્યય લાગી स्वाप નામ થયા પછી स्वाप નામને णि લાગેલ છે એટલે स्वप् ને સીધો णि લાગેલો નથી તેથી उ ન થાય.

सोषोपयिषति– ઘણું સૂનારને પ્રેરણા કરનારને ઇચ્છે છે. –અહીંયાં स्वप् ધાતુને પ્રથમ यङ् પ્રત્યય લાગેલ છે, તે પછી णि આવ્યો છે અને પછી सन् પ્રત્યય છે. એટલે स्वप् ને સીધો જ णि પ્રત્યય લાગ્યા પછી દ્વિર્ભાવ થયો નથી, પણ પહેલો यङ् પ્રત્યય લાગ્યા પછી તરત જ દ્વિર્ભાવ થયા પછી णि પ્રત્યય લાગેલ છે. તેથી આ નિયમ ન લાગે,

॥ ૪ । ૧ । ૬૨ ॥

## असमानलोपे सनवद् लघुनि ङे ॥ ४ । १ । ६३ ॥

જો ધાતુને णि આવ્યો હોય અને णि આવ્યા પછી ङ પ્રત્યય લાગ્યા પછી દ્વિર્ભાવ થયો હોય તો દ્વિર્ભાવ થયેલા આગળના અંશના સ્વર પછી ધાતુનો લઘુ સ્વર આવેલો હોય તો તે સ્વરનો હ્રસ્વ इ થઈ જાય છે એટલે જે કાર્ય सन् ને લઈને થાય છે તેવું કાર્ય થાય છે. પણ જો સમાન સંજ્ઞાવાળા સ્વરનો લોપ થયો ન હોય તો.

कृ+णि+त्=अ+कारि+ङ+त्=अचकरत्=अचिकरत्=अचीकरत्– તેણે કરાવ્યું.

जु જવું–

जु+णि+त्=अ+जावि+ङ+त् = अजजवत् = अजिजवत्=अजीजवत्–તેણે ગમન કરાવ્યું.

श्रु+णि+त्=अ+श्रावि+ङ+त्+अशश्रवत्=अशिश्रवत्–તેણે સંભળાવ્યું.

લઘુ અક્ષર નથી–अततक्षत्–તેણે છોલાવ્યું. આ રૂપમાં પૂર્વના અક્ષર પછી લઘુ અક્ષર નથી પણ क्ष ની પૂર્વનો त ગુરુ અક્ષર છે.

णि નો અભાવ–अचकमत–તેણે ઇચ્છયું. –અહીં णि પ્રત્યય જ લાગેલ નથી. ङ પ્રત્યય લાગેલ છે અને ङ ને લીધે દ્વિર્ભાવ થયો છે.

સમાનલોપ–अचकथत्–તેણે કહ્યું – અહીં कथ એવા અકારાંત ધાતુનું कथ् થયેલ હોવાથી સમાન સંજ્ઞાવાળા अ સ્વરનો લોપ થયેલ છે.

॥ ૪ । ૧ । ૬૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## लघोः दीर्घः अस्वरादेः ॥ ४ । १ । ६४ ॥

જે ધાતુ સ્વરાદિ ન હોય એવા ધાતુને णि લાગ્યા પછી ङ લાગે અને તે પછી દ્વિર્ભાવ થાય, દ્વિર્ભાવ થયા પછી પૂર્વના અંશના अ નો ઉપરના ૪।૧।૬૩ નિયમથી इ થાય અને જો તે इ લઘુ અક્ષર હોય તો તેનો દીર્ઘ ई થઈ જાય છે. જો સમાન સ્વરનો લોપ થયો ન હોય તો.

कृ+णि+त्=अ+कारि+ङ+त्=अचकरत्=अचिकरत्=अचीकरत्–તેણે કરાવ્યું.

इ લઘુ નથી– अचिक्वणत्– તેણે અવાજ કરાવ્યો. –અહીંયાં સંયુક્ત અક્ષર क्व ના કારણે इ ગુરુ અક્ષર છે પણ લઘુ નથી તેથી इ નો દીર્ઘ નહીં થાય. क्वण् અવાજ કરવો.

ધાતુ આદિમાં સ્વરવાળો છે– ओर्णुनवत्– તેણે ઢંકાવ્યું. ऊर्णु ઢાંકવું–ऊर्णु ધાતુ આદિમાં સ્વરવાળો હોવાથી આ નિયમ ન લાગે.

॥४।१।६४॥

## स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तॄ-स्पशेः अः ॥ ४ । १ । ६५ ॥

स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तॄ અને स्पश् એ ધાતુઓને णि લાગે, તે પછી ङ થાય, તે પછી દ્વિર્ભાવ થાય અને દ્વિર્ભાવ પામેલા આગળના સ્વરવાળા અંશના સ્વરનો अ થઈ જાય છે, જો સમાન સ્વરનો લોપ ન થયો હોય તો.

स्मृ ચિંતવવું–યાદ કરવું–स्मृ+णि+ङ+त्=अ+सस्मृ+इ+अ+त्=असस्मरत्–યાદ કરાવ્યું.

दृ–ફાડવું–दृदृ+णि+ङ+त्=अ+ददृ+इ+अ+त्=अददरत्-વિદારણ કરાવ્યું–ફડાવ્યું.

त्वर् ઉતાવળ કરવી–त्वर्त्वर्+णि+ङ+त् = अ+तत्वर्+ई + अ+त्=अतत्वरत्–ત્વરા કરાવી.

प्रथ् ફેલાવું–प्रथ्प्रथ्+णि+ङ+त्=अ+पप्रथ्+इ+अ+त्=अपप्रथत्–વિસ્તાર કરાવ્યો.

म्रद् મરડવું–म्रद्म्रद्+णि+ङ+त्=अ+मम्रद्+इ+अ+त्= अमम्रदत्–મરડાવ્યું

स्तॄ ઢાંકવું–स्तॄस्तॄ+णि+ङ+त्=अ+तस्तृ+इ+अ+त्=अतस्तरत्–ઢંકાવ્યું

स्पश् ગ્રહણ કરવું અને ચોંટાડવું–स्पश्स्पश्+णि+ङ+त् = अ+पस्पश्+इ+अ+त्=अपस्पशत्–ચોંટાડ્યું, સ્પર્શ કરાવ્યો.

॥४।१।६५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा वेष्ट–चेष्टः ॥ ४ । १ । ६६ ॥

દ્વિર્ભાવ પામેલા वेष्ट અને चेष्ट ધાતુઓના આગળના અંશના સ્વરનો अ વિકલ્પે થાય છે, જો णि પછી ङ લાગેલો હોય અને સમાન સંજ્ઞાવાળા સ્વરનો લોપ ન થયો હોય તો.

वेष्ट વીંટવું–वेष्ट्वेष्ट्+णि+ङ+त्=अ+वेवेष्ट+इ+ङ+त्=अ+ववेष्टत्=अववेष्टत्, अ+विवेष्टत्=अविवेष्टत्–તેણે વીંટાવ્યું.

चेष्ट ચેષ્ટા કરવી–ક્રિયા કરવી–

चेष्ट्चेष्ट्+णि+ङ+त्=अ+चेचेष्ट+इ+ङ+त्=अ+चचेष्टत=अचचेष्टत्, अचिचेष्टत्–તેણે ચેષ્ટા કરાવી. ॥ ४। १। ६६ ॥

## ई च गणः ॥ ४ । १ । ६७ ॥

गण् ધાતુને णि લાગે તે પછી ङ લાગે અને પછી દ્વિર્ભાવ થાય ત્યારે દ્વિર્ભાવ પામેલા આગળના અંશના સ્વરનો ई થાય અને अ પણ વિકલ્પે કાયમ રહે એટલે જ્યારે अ ન થાય ત્યારે ई થાય, જો णि પછી ङ આવેલો હોય તો.

गण् ગણવું–गण्+णि = गण्गण्+इ+ङ+त्=अ + जगण्+इ + अ+ त=अजगणत्, अजीगणत्–તે ગણાવતો હતો. ॥ ४ । १ । ६७ ॥

## अस्य आदेः आः परोक्षायाम् ॥ ४ । १ । ६८ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગતાં ધાતુનો દ્વિર્ભાવ થાય છે અને દ્વિર્ભાવ થતાં પૂર્વના આગળના કેવળ अ અંશનો એટલે કેવળ अનો જ અર્થાત્ વ્યંજન વગરનો अ હોય તો તેનો आ થાય છે.

अद् ખાવું–ભક્ષણ કરવું–अद्अद्+उस्= अअद् – आअद्–आद्+उस्=आदुः–તેઓએ ખાધું.

ऋ જવું–ऋ ऋ+अतुस्=अऋ–आऋ–अतुस्=आरतुः–તેઓ બે ગયા.

इइ+उस्=ईयुः–તેઓ ગયા. અહીંયાં આગળનો અંશ अ નથી. પણ इ છે.

पच्पच्+अ=पपच्+अ=पपाच–તેણે રાંધ્યું. અહીં વ્યંજન વગરનો अ નથી. પણ प વ્યંજન સાથે अ છે. ॥ ४ । १ । ६८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अनातः नः चान्तः ऋदादि-अशौ-संयोगस्य ॥ ४ । १ । ६९॥

જે ધાતુઓ આદિમાં ऋકારવાળા હોય તથા જે ધાતુઓ છેડે સંયોગવાળા હોય એ ધાતુઓને પરોક્ષાના પ્રત્યયો લાગતાં દ્વિર્ભાવ થઈ જાય છે અને દ્વિર્ભાવ થતાં આગળના અંશના કેવળ अનો आन थई જાય છે પણ જે अનો आन् કરવો છે તે अ, પહેલાં आ न હોવો જોઈએ એટલે आના સ્થાનમાં अ થયેલો ન હોવો જોઈએ. આ નિયમ પાંચમા ગણના अश् ધાતુને પણ લાગે છે.

ऋध् વધવું–ऋध्ऋध्+उस्=अऋध्+उस्=आन्+ऋध्+उस्=आनृधुः-તેઓ વધ્યા.
अश् વ્યાપવું–अश्अश्+ए=अअश्+ए=आन्+अश्+ए=आनशे–તે વ્યાપ્ત થયો.
अञ्ज् સ્પષ્ટ થવું, ચોપડવું, ગતિ કરવી–अञ्जअञ्ज+णव्=अअञ्ज्+अ= आन्+अञ्ज्+अ=आनञ्ज–તેણે આંજ્યું.

આદિમાં ऋકારવાળો ધાતુ નથી—आर–તે ગયો.–અહીં મૂળ ધાતુ ऋ છે એથી તે ऋકાર આદિમાં છે એવો કહી ન શકાય. જો ऋ ધાતુ ऋध्ની પેઠે બે અક્ષરવાળો હોત તો જ ऋકારાદિ કહી શકાત.
आञ्छ् લાંબું કરવું—

અહીં आञ्छ् ધાતુ છે—आआञ्छ=अआञ्छ–आञ्छ–તેણે ખેંચ્યું.–અહીંયાં आनो अ થયો છે તેથી आन न થાય. ॥ ૪ । ૧ । ૬૯ ॥

## भू–स्वपोः अद्–उतौ ॥ ४ । १ । ७० ॥

भू ધાતુને પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગતાં દ્વિર્ભાવ થાય ત્યારે પૂર્વના भू નો ब થઈ જાય છે અને स्वप् ધાતુને પરોક્ષામાં દ્વિર્ભાવ થતાં પૂર્વના स्वप्નો सु થઈ જાય છે.

भू વિદ્યમાન હોવું–भूभू+णव्=बूभू+अ=ब+भूव=बभूव–તે થયો.
स्वप्–સૂવું–स्वप्स्वप्+णव्=सस्वप्+अ=सु+स्वाप=सुष्वाप–તે સૂતો.
॥ ૪ । ૧ । ૭૦ ॥

## ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेः इः ॥ ४ । १ । ७१ ॥

ज्या, व्ये, व्यधि, व्यचि અને व्यथि ધાતુઓને પરોક્ષાના પ્રત્યયો લાગતાં દ્વિર્ભાવ થાય અને પૂર્વના–સ્વરસહિત–यनो इ થઈ જાય.
ज्या ક્ષીણ થવું–ज्याज्या+णव्=जिज्या+अ=जिज्या+औ=जिज्यौ–તે ક્ષીણ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्ये ઢાંકવું—सम्+व्येव्ये+णव्=संविव्यै+अ=संविव्याय—તેણે ઢાંક્યું.
व्यध् પીડવું—व्यध्व्यध्+णव्=विव्यध्+अ=विव्याध—તેણે પીડા કરી.
व्यच् કપટ કરવું—व्यच्व्यच्+णव्=विव्यच्+अ=विव्याच—તેણે કપટ કર્યું.
व्यथ् વ્યથા કરવી—व्यथ्व्यथ्+ए=विव्यथ्+ए=विव्यथे—તેણે પીડા કરી.
॥ ૪ । ૧ । ૭૧ ॥

य्वृत् ( इ+उ+ऋत्=य्वृत् )ના વિધાનનું પ્રકરણ—

## यजादि—वश्—वचः सस्वरान्तस्था य्वृत् ॥ ४ । १ । ७२ ॥

यजादि ગણના ધાતુઓને તથા वश् અને वच् ધાતુઓને પરોક્ષાના પ્રત્યયો લાગતાં દ્વિર્ભાવ થાય અને દ્વિર્ભાવ થયા પછી પૂર્વના સ્વરસહિત અંતસ્થ વ્યંજનને બદલે એટલે य ને બદલે इ થાય, व ને બદલે उ થાય, અને रને બદલે ऋ થાય.

यज् પૂજા કરવી વગેરે—यज्+णव्—यज्यज्+णव्=ययज्+अ = इ+याज=इयाज—તેણે પૂજા કરી.

वे વણવું—वे+णव्=ववय्+अ=उ+वाय=उवाय—તેણે વણ્યું. (જુઓ ૪।૪।૧૯)
वश् દીપવું—वश्वश्+णव्=ववश्+अ=उ+वाश=उवाश—તે દીપ્યો.
वच् બોલવું—वच्वच्+णव्=ववच्+अ=उ+वाच=उवाच—તે બોલ્યો.
॥ ૪ । ૧ । ૭૨ ॥

## न वयो य् ॥ ४ । १ । ७३ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગતાં જે वेग् ધાતુ वय् રૂપે બોલાય છે તે वय् ના य નો इ ન થાય.

वेग्=वय्+उस्=उउय्+उस्=ऊयुः—તેઓએ વણ્યું. ॥ ૪ । ૧ । ૭૩ ॥

## वेरयः ॥ ४ । १ । ७४ ॥

જેને છેડે य् ન હોય એવા वे ધાતુને પરોક્ષાના પ્રત્યયો લાગતાં દ્વિર્ભાવ થાય અને દ્વિર્ભાવ થતાં આગળના કે પાછળના व નો उ ન થાય.
वे+णव्=वा+णव्=ववा+अ=ववौ—તેણે વણ્યું.

છેડે य् વાળો वे—वे+णव्=वय्+णव् (જુઓ, ૪।૪।૧૯) उवय्+अ=उवाय—તેણે વણ્યું.આ રૂપમાં— य् વાળો वे છે તેથી આગળના व નો उ થયો છે, (જુઓ ૪।૧।૭૨ સૂત્ર.) ॥ ૪ । ૧ । ૭૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अविति वा ॥ ४ । १ । ७५ ॥

જેને છેડે य् ન હોય એવા वेग् ધાતુને પરોક્ષાના व् નિશાન વગરના પ્રત્યયો લાગ્યા હોય તો વિકલ્પે य्वृत् થાય છે એટલે य् નો इ, व નો उ અને र નો ऋ વિકલ્પે થાય છે

वे+उस्=वव्+उस्=वव्रुः–તેઓએ વણ્યું

वे+उस्=वव्+उस्=उउ+उस्=उउव्+उस्=ऊवुः–તેઓએ વણ્યું.

॥ ४ । १ । ७५ ॥

## ज्यश्च यपि ॥ ४ । १ । ७६ ॥

ज्या ધાતુ અને वेग् ધાતુને સંબંધક ભૂતકૃદંતનો य પ્રત્યય લાગ્યો હોય તો य्वृत् ન થાય.

प्र+ज्या+य=प्रज्याय–ક્ષીણ થઈ ને.

प्र+वे+य=प्र+वा+य=प्रवाय–વણીને. ॥ ४ । १ । ७६ ॥

## व्यः ॥ ४ । १ । ७७ ॥

व्या ધાતુને સંબંધક ભૂતકૃદંતનો य પ્રત્યય લાગ્યો હોય તો य्वृत् થતું નથી.

प्र+व्या+य=प्रव्याय–વણીને ॥ ४ । १ । ७७ ॥

## सं-परेः वा ॥ ४ । १ । ७८ ॥

सम् અને परि ઉપસર્ગો સાથેના व्या ધાતુને પૂર્વોક્ત य પ્રત્યય લાગ્યો હોય તો य्वृत् વિકલ્પે થાય.

सम्+व्या+य=संव्याय–સારી રીતે ઓઢીને.

सम्+व्+ई+य=संवीय– ,, ,,

परि+व्या+य=परिव्याय– બધી બાજુથી ઓઢીને.

परि+व्+ई+य=परिवीय– ,, ,, ॥ ४ । १ । ७८ ॥

## यजादि–वचेः किति ॥ ४ । १ । ७९ ॥

कित् સંજ્ઞાવાળા પ્રત્યયો લાગ્યા હોય તો यजादि ધાતુઓનો અને वच् ધાતુને દ્વિર્ભાવ થતાં પૂર્વના અંતસ્થ વ્યંજનનું એટલે य, र, ल અને वનું સ્વરસહિત य्वृत् થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यज्+उस्=इज्+उस्=इइज+उस्=ईजुः-તેઓએ પૂજા કરી.
वय्+उस्=उउय्+उस्=ऊयुः-તેઓએ વણ્યું.
वच्+उस्=उउच्+उस्=ऊचुः-તેઓ બોલ્યા.

कित् પ્રત્યય નથી-यज्+सीष्ट=यक्+षीष्ट=यक्षीष्ट-તે પૂજે.-આ રૂપમાં सीष्ट પ્રત્યય कित् સંજ્ઞાવાળો નથી. ॥ ૪ । ૧ । ૭૯ ॥

## स्वपेर्यङ्-ङे च ॥ ४ । १ । ८० ॥

स्वप् ધાતુને यङ् પ્રત્યય લાગ્યો હોય તો, ङ પ્રત્યય લાગ્યો હોય તો તથા कित् સંજ્ઞાવાળા પ્રત્યયો લાગ્યા હોય તો તેના અંતસ્થા વ્યંજનોનું સ્વરસહિત વૃત્ થઈ જાય છે એટલે व નો उ થઈ જાય છે.

यङ्-स्वप्+य+ते=सुषुप्+य+ते सोषुप्यते-તે ખૂબ સૂએ છે.
ङ-स्वप्+णि+ङ+त्=असुसुप्+अ+अत्=असूषुपत्-તેણે સુવાડ્યો
कित् प्रत्यय-स्वप्+स+ति=सुसुप्+स+ति=सुषुप्सति-તે સૂવાને ઇચ્છે છે.
॥ ૪ । ૧ । ૮૦ ॥

## ज्या-व्यधः क्ङिति ॥ ४ । १ । ८१ ॥

જ્યાં क्ङिति જણાવ્યું હોય ત્યાં कित् એટલે क् નિશાનવાળા અથવા कित् સંજ્ઞાવાળા અને ङित् એટલે ङ નિશાનવાળા અથવા ङित् સંજ્ઞાવાળા પ્રત્યયો સમજવા.

कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય તો ज्या અને व्यध् ધાતુઓના यનો इ થઈ જાય છે.

क् નિશાનવાળો-ज्या+क्यात्=जी+यात्=जीयात्-તે ક્ષીણ થાઓ.
व्यध्+यात्=विध्यात्-તે મારે.
ङित् સંજ્ઞાવાળા-ज्या+ना+ति=जिनाति-તે ક્ષીણ થાય છે.
व्यध्+य+ति=विध्यति-તે મારે છે. ॥ ૪ । ૧ । ૮૧ ॥

## व्यचोऽनसि ॥ ४ । १ । ८२ ॥

व्यच् ધાતુને अस् પ્રત્યય સિવાયના क् નિશાનવાળા તથા कित् સંજ્ઞાવાળા તેમજ ङ् નિશાનવાળા તથા ङित् સંજ્ઞાવાળા પ્રત્યયો લાગ્યા હોય તો यનો इ થઈ જાય છે.

व्यच्+अ+ति=विचति-તે છળ કરે છે, તે બહાનું કાઢે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस् પ્રત્યય છે उरुव्यच्+अस्=उरुव्यचाः–તે વિશેષ છળ કરે છે.

આ પ્રયોગમાં કૃદંતના પાંચમા અધ્યાયના બીજા પાદમાં આવેલા ઉણાદિ પ્રકરણ સૂત્ર ૨૯૨ માં જણાવેલ कित् अस् પ્રત્યય લાગેલો હોવાથી यनो इ ન થયો. ॥૪।૧।૮૨॥

## वशेरयङि ॥ ४ । १ । ८३ ॥

वश् ધાતુને यङ् પ્રત્યય ન લાગ્યો હોય અને कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે वनो उ થઈ જાય છે.

वश् કાંતિ–ચળકાટ

कित्–वश्+तः=उश्+तः=उष्टः–તે એ દીપે છે.

वश्+अ+अन्ति=उश्+अन्ति=उशन्ति–તેઓ દીપે છે.

यङ्–वावश्यते–તે ઘણું દીપે છે–આ પ્રયોગમાં यङ् પ્રત્યય હોવાથી वनो उ ન થાય. ॥૪।૧।૮૩॥

## ग्रह–व्रस्च–भ्रस्ज–प्रच्छः ॥ ४ । १ । ८४ ॥

ग्रह्, व्रस्च्, भ्रस्ज् તથા प्रच्छ् ધાતુઓને कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે य्वृत् થઈ જાય છે.

र નો ऋ

कित्–ग्रह्+उस्=जग्रह्+उस्=जगृह्+उस्=जगृहुः–તેઓએ ગ્રહણ કર્યું.

ङित्–ग्रह्+ति=गृह्णाति–તે ગ્રહણ કરે છે.

कित्–व्रस्च्+तः=वृक्+नः=वृक्णः–કપાઈ ગયેલો.

ङित्–व्रस्च्+अ+ति=वृश्चति–તે કાપે છે.

कित्–भ्रस्ज्+तः=भृष्टः–ભુંજાયેલો

ङित्–भ्रस्ज्+अ+ति=भृज्जति–તે ભુંજે છે.

कित्–प्रच्छ्+तः=पृष्टः–પુછાયેલો.

ङित्–प्रच्छ्+अ+आ=पृच्छा–પૃચ્છા, પૂછવું, પ્રશ્ન. अङ् માટે જુઓ ॥૫।૩।૧૦૮॥ ॥૪।૧।૮૪॥

## व्ये-स्यमोः यङि ॥ ४ । १ । ८५ ॥

यङ् પ્રત્યય લાગ્યો હોય તો व्ये અને स्यम् ધાતુઓના સસ્વર यनो



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इ થઈ જાય છે. જો સ્વર હ્રસ્વ હોય તો હ્રસ્વ इ થાય અને દીર્ઘ હોય હોય તો દીર્ઘ ई થાય.

व्ये–ઢાંકવું, પ્રથમ ગણ ઉભયપદી

व्ये+य+ते=वेवी+यते=वेवीयते–તે ઘણું ઢાંકે છે.

स्यम् અવાજ કરવો. પ્ર૦ ગ૦ પરસ્મૈ૦

स्यम्+य+ति=सस्यम्+यति=सेसि+म्यति=सेसिमीति–તે ઘણો અવાજ કરે છે.

॥ ૪ । ૧ । ૮૫ ॥

## चायः कीः ॥ ४ । १ । ८६ ॥

चाय् ધાતુને यङ् પ્રત્યય લાગેલ હોય અને તેનો લોપ ન થયો હોય એટલે यङ् હયાત હોય અથવા હયાત ન હોય તો પણ चाय्ने બદલે की વપરાય છે.

चाय् પૂજવું અથવા સાંભળવું—

यङ्—

चाय्+य=की+कीकी+य=चेकी+य+ते=चेकीयते–તે વારંવાર પૂજા કરે છે

यङ् નો લોપ–चाय्+य+तः=की+य+तः=कीकी+य+तः–चेकी+तः=चेकीतः–તેઓ એ વધારે પૂજા કરે છે.

चेकीयते પ્રયોગમાં यङ् હયાત છે અને चेकीतः પ્રયોગમાં यङ्નો લોપ થયેલ છે.

॥ ૪ । ૧ । ૮૬ ॥

## द्वित्वे ह्वः ॥ ४ । १ । ८७ ॥

ह्वे ધાતુનો દ્વિર્ભાવ થયો હોય ત્યારે તેના આગળના કે પાછળના સ્વરસહિત वनो उ થઈ જાય છે.

પ્ર૦મ૦ઉભ૦ ह्वे સ્પર્ધા કરવી તથા અવાજ કરવો–ह्वातुम् इच्छति=ह्वाह्वा+सति=हूहू+स+ति=जुहू+षति=जुहूषति–તે સ્પર્ધા કરવાને ઇચ્છે છે. ॥ ૪ । ૧ । ૮૭ ॥

## णौ ङ-सनि ॥ ४ । १ । ८८ ॥

ह्वे ધાતુને णि લાગ્યા પછી ङ લાગ્યો હોય અને णि લાગ્યા પછી सन् લાગ્યો હોય તો સ્વરસહિત वनो उ થાય છે.

णि અને ङ–ह्वे+णि=ह्वय+णि=ह्वाय्+णि=अह्वायि+ङ+त्=अ+ह्वा–ह्व+ङ+त्=अ+

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जू हु+अ+त्=अ+जूहव्+अत=अजूहवत्–તેણે સ્પર્ધા કરી.
णि અને सन्–ह्वे+णि=ह्वाय्+णि+स=ह्वाह्वाय्+इ+स=जू हू+इ+स=जूहाव+इ+स=जूहावय्+इ+षति=जूहावयिषति–તે સ્પર્ધા કરાવવાને ઇચ્છે છે.

॥ ४ । १ । ८८ ॥

## श्वेः वा ॥ ४ । १ । ८९ ॥

श्वि ધાતુને णि લાગ્યો હોય અને પછી ङ લાગ્યો હોય, તે પછી દ્વિર્ભાવ થાય ત્યારે श्विના સ્વરસહિત व નો उ વિકલ્પે થાય છે તથા श्वि ધાતુને णि લાગ્યો હોય પછી सन् લાગ્યો હોય તો પણ श्विના સ્વર–સહિત वનો उ વિકલ્પે થઈ જાય છે.

श्वि જવું તથા વધવું–સોજો ચડવો પ્ર० ગ०

श्वि+णि=शिश्वि+–णि–अशिश्वि+णि+ङ+त् = अशिश्वय् + इ+अत् = अशूशवत्, अशिश्वयत्–સૂજાવી દીધું–સોજો ચડાવી દીધો.

श्वाययितुम् इच्छति = श्वि+णि+स+ति = शिश्वि+इ+सति = शिश्वाय्+इ+सति= शुशावयिषति, शिश्वाययिषति–સોજો ચડાવી દેવાને ઇચ્છે છે.

॥ ४ । १ । ८९ ॥

## वा परोक्षा-यङि ॥ ४ । १ । ९० ॥

श्वि ધાતુને પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય અને यङ् પ્રત્યય લાગ્યો હોય તો સ્વરસહિત वનો उ વિકલ્પે થાય છે.

પરોક્ષા–श्वि+णव्=शुशु+अ=शुशाव्+अ=शुशाव–સૂજી ગયું–સોજો ચડી ગયો.

श्वि+णव्=शिश्वि+अ=शिश्वाय्+अ=शिश्वाय– ,, ,, ,, ,, ,,

यङ् –श्वि+य=शुशु+य+ते=शोशू+यते=शोशूयते–તે ઘણું સૂજી જાય છે.

श्वि+य=शिश्वि+य+ते=शेश्वी+यते=शेश्वीयते– ,, ,, ,,

यङ् લોપાયેલ છે-श्वि+य=शिश्वि+ति=शोशवीति, शेश्वयीति— ,,

॥ ४ । १ । ९० ॥

## प्यायः पी ॥ ४ । १ । ९१ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય અને यङ् પ્રત્યય લાગ્યો હોય તો प्याय्ને બદલે पी રૂપ થઈ જાય છે.

प्याय् વધવું–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરોક્ષા—आ+प्याय्+ए=आ+पीपी=ए=आ+पिपी+ए=आपिप्ये—તે વધ્યું.
ઉપાંત યङ्—प्याय्+य+ते=पीपी+य+ते = पेपीयते—વારંવાર વધે છે.
લોપાયેલો યङ्—आ+प्याय्+य+तः=आपीपी+तः=आपेपीतः—તેઓ બે ઘણું વધે છે. ॥ ૪ । ૧ । ૯૧ ॥

## क्तयोः अनुपसर्गस्य ॥ ४ । १ । ९२ ॥

ઉપસર્ગ ન લાગ્યો હોય ત્યારે प्याय् ને બદલે पी બોલાય છે જો તેને त (क्त) કે तवत् (क्तवतु) પ્રત્યયો લાગ્યા હોય તો.

प्याय्+तम्=पीनम् मुखम्—પુષ્ટ મુખ.
प्याय्+तवत्=पीनवद् मुखम्—,, ,,

ઉપસર્ગ છે-प्रप्यानः मेघः—ખૂબ ચડેલો મેઘ —આ પ્રયોગમાં प्र ઉપસર્ગ હોવાથી पी ન થાય. ॥ ૪ । ૧ । ૯૨ ॥

## आङः अन्धु-ऊधसोः ॥ ४ । १ । ९३ ॥

બીજા કોઈ ઉપસર્ગ સાથે જોડાયેલા નહીં, માત્ર એકલા आङ् ઉપસર્ગ સાથે જ જોડાયેલા એવા प्याय् ધાતુને त (क्त) અને तवत् (क्तवतु) પ્રત્યયો લાગેલા હોય તો 'કૂવો' અને 'ગાય વગેરેનું આઉ' અર્થમાં प्याय् ને બદલે पी બોલાય છે.

आ+प्याय्+तः=आ+पी+नः=आपीनः अन्धुः—ભરેલો કૂવો.

आ+प्याय्+तम्=आ+पी+नम्=आपीनम् ऊधः—દૂધથી ભરેલું આઉ.

'કૂવા'નો કે 'આઉ'નો અર્થ ન હોય ત્યારે—आप्यानः चन्द्रः—વધેલો ચંદ્ર. અહીં अन्धुः—કૂવો કે ऊधस्—આઉ—અર્થ નથી તેથી प्याय् નો पी આદેશ થયો નથી.

બીજો ઉપસર્ગ—प्र+आ=प्रा—प्राप्यानम् ऊधः—વધેલું આઉ.—અહીં प्र સાથે आ છે પણ એકલો आ નથી તેથી प्याय् નો पी આદેશ ન થયો. ॥ ૪ । ૧ । ૯૩ ॥

## स्फायः स्फी वा ॥ ४ । १ । ९४ ॥

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો स्फाय् ધાતુને બદલે स्फी રૂપ વિકલ્પે વપરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्फाय् વધવું–स्फाय्+तः=स्फी+तः=स्फीतः, स्फातः–વધેલો.

स्फाय्+तवत्=स्फी+तवान्=स्फीतवान्, स्फातवान्–વધેલો.

॥ ૪ । ૧ । ૯૪ ॥

## प्र-समः स्त्यः स्ती ॥ ४ । १ । ९५ ॥

प्र અને सम् એવા સમુદાયપૂર્વક્ના એટલે समप्र પછી નહી. પણ प्रसम् ઉપસર્ગ પછી જ આવેલા स्त्या ધાતુને क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો स्त्या ને બદલે स्ती રૂપ થાય છે.

स्त्या–જથ્થો થઈ જવો–જામીજવું–

प्रसम्+स्त्या+तः=प्रसम्+स्ती+तः=प्रसंस्तीतः–ઘટ્ટ થઈ ગયો.

प्रसम्+स्त्या=तवत्=प्रसम्+स्ती+तवान्=प्रसंस्तीतवान्– ,, ,, ,,

संप्र છે संप्रस्त्यानः–જામી ગયો. અહીં प्रसम् નથી પણ संप्र હોવાથી स्त्या નો स्ती ન થયો. ॥ ૪ । ૧ । ૯૫ ॥

## प्रात् तश्च मो वा ॥ ४ । १ । ९६ ॥

એકલા प्र ઉપસર્ગ પછી स्त्या ધાતુ આવેલો હોય અને તે પછી क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો स्त्यानुं स्ती રૂપ થઈ જાય છે અને બન્ને પ્રત્યયોના क्तના तनो म વિકલ્પે થાય છે.

प्र+स्त्या+तः=प्रस्तीमः, प्रस्ती+तः=प्रस्तीतः–જામી ગયેલો.

प्र+स्त्या+तवान्=प्रस्तीमवान्, प्रस्ती+तवान्=प्रस्तीतवान्–,,

॥ ૪ । ૧ । ૯૬ ॥

## श्यः शाद्रवमूर्तिस्पर्शे नश्चास्पर्शे ॥ ४ । १ । ९७ ॥

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો श्या ધાતુનું शी રૂપ થઈ જાય છે, 'જે પ્રવાહી પદાર્થ ઘટ્ટ થઈ ગયો હોય–કઠણપિંડા જેવા આકારવાળો થઈ ગયો હોય' એવા અર્થ સાથે श्या ધાતુનો સંબંધ હોય તથા 'સ્પર્શ' અર્થ સાથે સંબંધ હોય એટલે ઉક્ત બે માંથી ગમે તે અર્થ સાથે સંબંધ હોય તો; કિંતુ જ્યારે 'સ્પર્શ' અર્થ સાથે સંબંધ ન હોય ત્યારે જ क्त અને क्तवतु પ્રત્યયોના त નો न થાય છે.

श्यै ગતિ કરવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસ્પર્શ—

श्या+तम्=शीनम् घृतम्—થીજી ગયેલું ઘી.

श्या+तवत्=शीनवद् घृतम्- ,, ,, ,,

'થીજી ગયેલું ઘી' જાણવા માટે ઘીના 'સ્પર્શ'ની જરૂર નથી એટલે 'સ્પર્શ' અર્થ ન હોવાથી त નો न થયેલ છે.

સ્પર્શનો અર્થ–

श्या+तम्=शीतं वर्तते–शीत–ઠંડ–જણાય છે.

श्या+तः=शीतो वायुः–ઠંડો પવન.–'ઠંડો વાયુ' કે 'ઠંડ છે' એવું જ્ઞાન 'સ્પર્શ' વિના શકય નથી. એ રીતે આ પ્રયોગમાં 'સ્પર્શ' અર્થનો સંબંધ હોવાથી त નો न ન થયો. ॥ ૪ । ૧ । ૯૭ ॥

## प्रतेः ॥ ४ । १ । ९८ ॥

प्रति પછી આવેલા श्या ધાતુને क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તેનું शी રૂપ થઈ જાય છે અને क्त અને क्तवतु પ્રત્યયોના त નો न થાય છે.

प्रतिशीनः—થીજી ગયેલો.

प्रतिशीनवान्–,, ,, ॥ ૪ । ૧ । ૯૮ ॥

## वा अभि-अवाभ्याम् ॥ ४ । १ । ९९ ॥

अभि અને अव ઉપસર્ગો પછી જ આવેલા श्या ધાતુનું शी રૂપ વિકલ્પે થઈ જાય છે, જો ધાતુને क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો, અને शी રૂપ થાય ત્યારે જ क्त અને क्तवतु પ્રત્યયોના त નો न થાય છે.

अभिशीनः, अभिश्यामः–ચારે બાજુથી થીજી ગયેલો.

अभिशीनवान्, अभिश्यानवान्- ,, ,, ,,

अवशीनम्, अवश्यानं हिमम्-થીજી ગયેલું હિમ.

अवशीनवान्, अवश्यानवान् થીજી ગયેલો બરફ

समभिश्यानः, समवश्यानः

समभिश्यानवान् समवश्यानवान्

આ ચારે પ્રયોગોમાં अभि અને अव નથી, પણ समभि અને समव એમ જુદા ઉપસર્ગો છે તેથી शी ન થાય. ॥ ૪ । ૧ । ૯૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रः शृतं हविः-क्षीरे ॥ ४ । १ । १०० ॥

क्त પ્રત્યય લાગ્યો હોય તો 'હવિષ' સંબંધી અર્થમાં કે 'દૂધ' સંબંધી અર્થમાં श्रा કે श्रै ધાતુનું शृ રૂપ થાય છે.

પ્ર. ગ. श्रै પકવવું, દ્વિતી. ગ. श्रा પકવવું

श्रा+तम्=शृतं हविः–પકાવેલું હવિષ.

शृतं क्षीरं स्वयमेव–એની મેળે પાકેલું દૂધ.

श्राणा यवागूः–પાકેલી રાબડી.–અહીં 'હવિષ' કે 'ક્ષીર' અર્થનો સંબંધ નથી. તેથી शृ ન થયો. ॥ ૪ । ૧ । ૧૦૦ ॥

## श्रपेः प्रयोक्त्रैक्ये ॥ ४ । १ । १०१ ॥

श्रा કે श्रै ધાતુને પ્રેરક અર્થમાં અંતે णि લગાડ્યા પછી એટલે श्रा નો श्रप् કર્યા પછી क्त પ્રત્યય લાગ્યો હોય તો અને હવિષ કે ક્ષીર અર્થનો સંબંધ જણાતો હોય તો श्रप्નું शृ રૂપ થઈ જાય છે, પણ આ પ્રયોગમાં એક જ પ્રયોક્તા–પ્રેરણા કરનાર–હોવો જોઈએ. એકથી વધારે પ્રયોક્તા ન હોવા જોઈએ.

श्रा+णि=श्रप्+तम्=शृतं हविः क्षीरं वा चैत्रेण–ચૈત્રે હવિષ કે ક્ષીર પકાવ્યાં.

श्रपिता यवागूः–રાબડી પકાવી.–અહીં હવિષ કે ક્ષીર અર્થ નથી.

श्रपितं हविः चैत्रेण मैत्रेण–ચૈત્રે અને મૈત્રે હવિષ પકાવ્યું.–અહીં બે પ્રયોક્તા છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૧ । ૧૦૧ ॥

## इ-उ-ऋत्(य्वृत्) सकृत् ॥ ४ । १ । १०२ ॥

'य'નો इ, 'व'નો उ તથા 'र'નો ऋ કરવાના કાર્યને य्वृत् કહેવાય છે.

અંતસ્થા વ્યંજનોને વિશે આગળ ॥૪।૧।૭૨॥ સૂત્રથી ॥૪।૧।૯૦॥ સૂત્ર સુધી જે य्वृत्નું વિધાન કરેલું છે એટલે य નો इ, व નો उ અને र નો ऋ થવાનું સૂચન કરેલું છે તે કેવળ એક જ વખત થાય છે. બીજી વાર થવાનું નિમિત્ત હોય તો પણ થતું નથી.

संव्या+य+ते=संवी+यते=संवीयते–ઢંકાય છે.–આ પ્રયોગમાં વ્યાના યાનો દીર્ઘ ई થયો. ॥ ૪ ॥ ૧ । ૧૦૨ ॥

જે અંતસ્થા વ્યંજનનું य्वृत् કરવાનું હોય તે અંતસ્થા હ્રસ્વ સ્વરયુક્ત હોય તો य्वृत् હ્રસ્વ થાય છે અને દીર્ઘ સ્વરયુક્ત હોય તો य्वृत् દીર્ઘ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संवीयते પ્રયોગમાં 'या' નું ય્વૃત્ થયા પછી વળી ફરીવાર 'संवी' ના वनुं ય્વૃત્ થવાનો નિષેધ છે તેથી 'वीना व'નું પરિવર્તન ऊમાં ન થયું અને वी જ કાયમ રહ્યો.

## दीर्घम् अवः अन्त्यम् ॥ ४ । १ । १०३ ॥

वेग् ધાતુ સિવાયના ધાતુઓને અંતમાં ય્વૃત્ કર્યા પછી તે 'य्वृत्' ના સ્વરનો દીર્ઘ થાય છે.

ज्या+तः=जी+नः=जीनः—ક્ષીણ થયેલો.

वे ધાતુ છે— वा+तः=उ+तः=ऊतः—વણેલું. वे ધાતુનો આ સૂત્રમાં નિષેધ કર્યો છે. તેથી ऊतः પ્રયોગ ન થાય.

અંતમાં નથી—स्वप्+तः = सुप्+त=सुप्तः—સૂતેલો—આ રૂપમાં અંતમ-ય્વૃત્ થયું નથી પણ स्वप्માંના આદિનો व નો उ થયેલ છે તે અંત્ય ય્વૃત્ ન હોવાથી દીર્ઘ ન થાય એટલે सूप्तः એવો ખોટો પ્રયોગ ન થાય. ॥ ४ । १ । १०३ ॥

## स्वर-हन-गमोः सनि धुटि ॥ ४ । १ । १०४ ॥

આદિમાં ધુટ્વ્યંજનવાળો सन् લાગેલો હોય તો સ્વરાંત ધાતુના અંત્ય સ્વરનો દીર્ઘ થાય છે અને हन् તથા गम् ધાતુના अ નો आ થાય છે.

चेतुम् इच्छति=चिचि+स+ति=चिची+षति=चिचीषति—એકઠું કરવાને ઇચ્છે છે.

हन्तुम् इच्छति=हन्+स+ति= जघन्+स+ति = जिघान्+सति = जिघांसति—હણવાને ઇચ્છે છે.

संगन्तुम् इच्छति=सं+गम्+स+ते=संजिगाम्+स+ते=संजिगांसते—સંગમ કરવા માટે ઇચ્છે છે.

ધુટ્આદિવાળો सन् નથી—यियविषति—મિશ્ર થવાને ઇચ્છે છે—અહીં ધાતુમાં सन् સાથે इ છે એટલે सन्ની આદિમાં इ સ્વર છે, ધુટ્ વ્યંજન નથી તેથી દીર્ઘ ન થાય. ॥४।१।१०४॥

## तनो वा ॥ ४ । १ । १०५ ॥

આદિમાં ધુટ્વાળો सन् લાગેલો હોય તો तन् ધાતુના अ નો વિકલ્પે દીર્ઘ થઈ જાય છે.

तन्+स+ति=ततन्+स+ति=तितान्+स+ति=तितांसति, तितंसति—તાણવાને ઇચ્છે છે—વિસ્તારવાને ઇચ્છે છે—ખેંચવાને ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तितांनिषति–તાણવાને ઇચ્છે છે — આ રૂપમાં ધુટ્ આદિવાળો सन् નથી પણ इ આદિવાળો सन् છે. ॥૪।૧।૧૦૫॥

## क्रमः क्त्वि वा ॥ ४ । १ । १०६ ॥

આદિમાં ધુટ્ વ્યંજનવાળો क्त्वा પ્રત્યય લાગ્યો હોય તો क्रम् ધાતુના અ નો વિકલ્પે દીર્ઘ થઈ જાય છે.

क्रम् પગે ચાલવું–क्रम्+त्वा=क्राम्+त्वा=कान्त्वा, क्रन्त्वा–પગે ચાલીને

क्रमित्वा–પગે ચાલીને–આ રૂપમાં क्त्वा ની આદિમાં ધુટ્ નથી પણ इ સ્વર છે. ॥૪।૧।૧૦૬॥

## अहन्‌पञ्चमस्य क्वि-क्ङिति ॥ ४ । १ । १०७ ॥

જેમને છેડે પાંચમો વ્યંજન એટલે ङ्, ञ्, ण्, न्, म् માંનો કોઈ વ્યંજન હોય એવા ધાતુઓને क्विप् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ધાતુના છેડાના પાંચમા વ્યંજનની પૂર્વના સ્વરનો દીર્ઘ થાય છે તથા આદિમાં ધુટ્ વ્યંજનવાળા એવા कित् અથવા ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે પણ છેડે ङ् ञ्, ण्, न्, म् માંના કોઈપણ વ્યંજનવાળા ધાતુના પાંચમા વ્યંજનની પહેલાના સ્વરનો દીર્ઘ થઇ જાય છે. આ નિયમ એક हन् ધાતુને લાગતો નથી.

क्विप्–प्र+शम्+क्विप्=प्रशाम्+सि=प्रशान्–શાંત થનારો. જુઓ,।૨।૧।૬૭।
कित्–शम्+तः=शाम्+तः=शान्तः–શાંત થયેલો.

ङित्–शम्+य+तः+शम्शम्=य+तः=शंशाम्+य+तः=शंशान्तः–વધુ શાંત થયેલો.
(આ રૂપમાં यङ्નો લોપ થયેલ છે)

पक्त्वा–પકાવીને–રાંધીને–पच्–ધાતુમાં છેડે પાંચમો અક્ષર નથી, च છે તેથી આ નિયમ ન લાગે.

वृत्रहणि–ઇંદ્રમાં. આ રૂપમાં સૂત્રમાં વર્જેલો हन् ધાતુ છે.

यम् અટકવું. यम्यते–ઉપરમ કરાય છે.—यम्यतेમાં य, कित् પ્રત્યય તો છે પણ તેની આદિમાં म् અધુટ્ અક્ષર છે. ધુટ્ અક્ષર નથી, તેથી આ નિયમ ન લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अनुनासिके च च्छ्-वः श्-ऊट् ॥ ४ । १ । १०८ ॥

ધાતુ પછી આદિમાં અનુનાસિકવાળા એટલે ङ्, ञ्, ण्, न्, म् આદિવાળા પ્રત્યયો લાગેલા હોય કે क्विप् પ્રત્યય લાગ્યો હોય કે આદિમાં धुट् અક્ષરવાળા પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના એકવડા छ् નો કે બેવડા च्छ् નો श् બોલાય છે તથા ધાતુના व् ને બદલે ऊ (ऊट्) બોલાય છે.

આદિમાં અનુનાસિક—

प्रच्छ्—જાણવાની ઇચ્છા—प्रच्छ्+न=प्रश्+न=प्रश्नः—પ્રશ્ન.

क्विप् પ્રત્યય—

,, ,,—शब्दं पृच्छति इति शब्दपृच्छ्+क्विप्=औ शब्दप्राश्+औ=शब्दप्राशौ—શબ્દને પૂછનારા બે

— क्विप् માટે જુઓ, ॥५।२।८३॥ સૂત્ર.

धुट् આદિ પ્રત્યય—

,, ,, प्रच्छ्+त=पृश्+त=पृष्टः—પૂછેલો.

सिव् ઓટવું, સીવવું,

આદિમાં અનુનાસિકરૂપ म વાળો પ્રત્યય—सिव्+मन्=व નો ऊ—सिऊ+मन्=स्यू+मन्=स्योमन् પ્રથમા વિભક્તિ सि=स्योमा—સીવનારો.

दिव् રમવું, જિતવાની ઇચ્છા વ્યવહાર કરવો, પ્રકાશવું, સ્તુતિ કરવી અને ગતિ કરવી. दिव्+क्विप् પ્રત્યય व્નો ऊ—अक्षान् दीव्यति=अक्षदिव्+क्विप्= अक्ष+दि+ऊ+सि=अक्षद्यूः પાસા રમનારો

,, ,,——આદિમાં धुट् વાળો પ્રત્યય—दिव्+त=दि+ऊ+त=द्यूतः જુગાર રમનારો.

## मवि-अवि-श्रिवि-ज्वरि-त्वरेः उपान्त्येन ॥ ४ । १ । १०९ ॥

मव्, अव्, श्रिव्, ज्वर् અને त्वर् ધાતુઓ પછી આદિમાં અનુનાસિક—વાળા પ્રત્યયો, क्विप् પ્રત્યય અને આદિમાં धुट्વાળા પ્રત્યયો લાગ્યા હોય તો ઉપાંત્ય વર્ણ સહિત व् નો ऊ (ऊट्) થઈ જાય છે. એટલે मव् ના अव् નો ऊ થઈ જાય છે. તે જ રીતે अव्નો ऊ થઈ જાય છે અને श्रिव् ના इव् નો ऊ થઈ જાય છે તેમ જ ज्वर् તથા त्वर् ના अर्નો ऊ (ऊट्) થઈ જાય છે.

मन् પ્રત્યય

मव् બાંધવું+આદિમાં અનુનાસિકવાળો પ્રત્યય मन्, मव्+मन्=मऊ+मन्=मू+मन्=मो+मन्+स् (પ્રથમા એક વચન) मोमा—બાંધનારો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अव् રક્ષણ કરવું વગેરે ઓગણીશ અર્થ, अव्+मन्–ऊ+मन्, ओ+मन्+स्=
ओमा–રક્ષણ કરનારો.

श्रिव्—ગતિ કરવી. श्रिव्+मन्=श्रू+मन्+स्=श्रोमा–જનારો.

ज्वर्—સંતાપ. ज्वर्+मन्=जूर्+मन्+स्=जूर्मा સંતાપવાળો, રોગવાળો.

त्वर ઉતાવળા થવું–त्वर्+मन्=तूर्+मन्+स्=तूर्मा—ત્વરા કરનારો

क्विप् પ્રત્યય मव+क्विप्=मऊ=मू+स्=मूः બાંધનારો.

अव्+क्विप्=ऊ+स्=ऊः–રક્ષા કરનારો.

श्रिव्+क्विप्=श्रू+स्=श्रूः—જનારો.

ज्वर्+क्विप् जूर्+स्=जूः–સંતાપ–રોગ

त्वर्+क्विप्=तूर्+स्=तूः–ત્વરા

આદિમાં ધુટવાળો પ્રત્યય-

मव्+तिः=मऊ+तिः=मू+तिः=मूतिः–બાંધવું

अव+तिः=ऊ+तिः=ऊतिः રક્ષા કરવી

श्रित्+तिः=श्रू+तिः=श्रूतिः-ગતિ

ज्वर्+तिः=जूर्+तिः=जूर्तिः–સંતાપ–રોગ

त्वर्+त=तूर्+न=तूर्णः –ત્વરાવાળો

## रात् लुक् ॥ ४ । १ । ११० ॥

ધાતુના र् કાર પછી આવેલા એક छ् કે બે छ् અથવા व् નો લોપ થાય છે, જો ધાતુ પછી આદિમાં અનુનાસિકવાળો પ્રત્યય કે क्विप् પ્રત્યય કે આદિમાં ધુટ્વાળા પ્રત્યયો આવ્યા હોય તો.

અનુનાસિક પ્રત્યય–

मुर्छा મોહ પામવો અથવા ઊંચા થવું

मूर्च्छ्+मन्=मूर्+मन्+स्=मोर्मा મૂર્છા પામનાર.

तुर्व હિંસા કરવી–तुर्व+मन्=तुर्+मन्+स्=तोर्मा-હિંસા કરનારો.

क्विप्–

मूर्च्छ्+क्विप्=मूर्+स्=मूः–મૂર્છા પામનાર.

तुर्व+क्विप्=तुर्+स्=तूः–હિંસા કરનારો.

આદિમાં ધુટ્વાળો પ્રત્યય–

मूर्च्छ्+तिर्=मूर्+ति=मूर्तिः મૂર્છા.

तुर्व्+तः=तुर्=नः=तूर्णः-હિંસા–કરનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં ण ને અસત્ માનીને કાર્ય કરવું એટલે तुर्वृનું तुर કરતી વખતે 'ण' ન માનવો પણ त જ સમજવો. એમ સમજવાથી આદિમાં ધુટ્વાળો પ્રત્યય છે. જો એમ ન સમજીએ અને ण જ સમજીએ તો આદિમાં ધુટ્વાળો પ્રત્યય ન હોવાથી આ નિયમ નહીં લાગી શકે અને तूर्णः પ્રયોગ નહીં બની શકે. ॥ ૪ । ૧ । ૧૧૦ ॥

## क्तेऽनिटः च-जोः क-गौ घिति ॥ ४ । १ । १११ ॥

જે ધાતુઓને क्त પ્રત્યય લાગતાં इट् ન લાગતો હોય એટલે જે ધાતુઓ અનિટ્ હોય એવા ધાતુઓને घ નિશાનવાળા પ્રત્યયો લાગતાં चनो क થાય છે અને जनो ग થઈ જાય છે.

पच् પાક કરવો. पच्+घञ्=पाक्+अ=पाकः–પાક.

भुज् રક્ષણ કરવું તથા ભોગવવું–भुज्+घ्यण्=भोग्+य=भोग्यः–ભોગ્ય પદાર્થ

कुच् સંકોચાવું–सम्+कुच्+घञ्=संकोच+अ=संकोचः સંકોચ.

कूज् કૂજવું–कूज्+अ=कूजः – અવ્યક્ત અવાજ.

આ બન્ને પ્રયોગોના મૂળ ધાતુઓને એટલે कुच् તથા कूज् ધાતુઓને क्त પ્રત્યય લાગતાં इट् પ્રત્યય લાગે છે અને संकुचित તથા कूजित રૂપો બને છે તેથી कुच् અને कूज् ધાતુ क्त પ્રત્યય લાગતાં અનિટ્ નથી માટે આ નિયમ ન લાગે. ॥ ૪ । ૧ । ૧૧૧ ॥

## न्यङ्कु-उद्ग-मेघादयः ॥ ४ । १ । ११२ ॥

न्यङ्कु વગેરે શબ્દોમાં ધાતુના અંતના चનો क થયેલ છે. उद्ग વગેરે શબ્દોમાં ધાતુના અંત ના जનો ग થયેલ છે. मेघ વગેરે શબ્દોમાં ધાતુના અંતના ह નો घ થયેલ છે.

न्यङ्कुः–વિશેષ પ્રકારનું હરણ

शोकः–શોક

उद्गः–સરળ } उब्ज् ધાતુનો અર્થ 'સરળતા' છે આ બન્ને શબ્દો उब्ज्
न्युद्गः–,, } ધાતુ દ્વારા બનેલ છે.

मेघः–મેઘ

ओघः–સમૂહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न्यङ्कु વગેરે શબ્દો આ પ્રમાણે છે—

नि+अञ्च्=न्यङ्कु

तञ्च्—तक्र છાશ

वञ्च्—वक्र વાંકું. આ. હેમચંદ્રે જ પ્રાકૃત વ્યાકરણના ૫૮૧૧૨૬॥ સૂત્રમાં वक्र શબ્દ સાથે वंक શબ્દને સરખાવેલ છે.

शुच्—शुक्र

शुच्—शोक શોક

रुच्—रोक

ઉઇ—કાણું

पच्—पाक—

श्वपाक

मांसपाक

पिण्डपाक

कपोतपाक

उलूकपाक

नीचेपाक

दूरेपाक

फलेपाक

क्षणेपाक

नीचेपाकु

फलेपाकु

दूरेपाकु

क्षणेपाकु

नीचेपाका

दूरेपाका

फलेपाका

क्षणेपाका

अनु+ब्रू—वच्—अनुवाक વેદનો અમુક એક પાઠ

सोम+प्र+वच्—सोमप्रवाक

नि+उच्—न्योक ઝાડ તથા પક્ષી

उद्र વગેરે શબ્દ નીચે પ્રમાણે છે—

उब्ज्—उद्र

सम्+उब्ज् समुद्र—દરિયો

नि+उब्ज्—न्युद्र

अभि+उब्ज्—अभ्युद्र

सृज्—सर्ग—રચના

अवसर्ग

उपसर्ग

व्यति+सञ्ज्—व्यतिषङ्ग

अनु+सञ्ज्=अनुषङ्ग

मस्ज्—मद्गु એક પ્રકારનું જલચર પક્ષી

भ्रस्ज्—भृगु ઋષિનું નામ

युज्—योग

गोयोग

मेघ વગેરે શબ્દો નીચે પ્રમાણે છે—

मिह्—मेघ

वह्—ओघ—પ્રવાહ

दह्—निदाघ—ઉનાળો

अवदाघ—એકલા પાણીમાં જ રાંધેલ પુડલો

अर्ह्—अर्घ કિંમત

॥૪।૧।૧૧૨॥

## न वञ्चेः गतौ ॥ ४ । १ । ११३ ॥

'ગતિ' અર્થવાળા वञ्च् ધાતુના च् નો क् ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वञ्चं वञ्चन्ति–तेओ वञ्च तरफ–जवाने स्थाने जाय छे.

वञ्च्+घञ्=वङ्कं काष्ठम्–वांकुं लाकडुं–अहीं वञ्च् धातुनो 'गति' अर्थ नथी माटे क थई गयो छे.

## यजेः यज्ञाङ्गे ॥ ४ । १ । ११४ ॥

'यज्ञनुं अंग' अर्थ होय तो यज धातुना ज् नो ग् थतो नथी.

पञ्च प्रयाजाः–यज्ञनां पांच प्रकारनां अंगो.

प्रयागः–यज्ञनुं अंग नथी पण नगरनुं विशेष नाम छे. जुओ, ४ । १ । १११ ॥ ॥ ४ । १ । ११४ ॥

## घ्यणि आवश्यके ॥ ४ । १ । ११५ ॥

'अवश्य करवुं' एवा अर्थ साथे संबंध धरावतो घ्यण् प्रत्यय लाग्यो होय त्यारे धातुना च नो क न थाय तेम धातुना जनो ग न थाय.

अवश्य+पच्+घ्यण्–अवश्यपाच्यम्–जरूर रांधवा जेवुं छे.

रञ्ज्–रंगवुं–अवश्य+रञ्ज्+घ्यण्–अवश्यरञ्ज्यम्–जरूर रंगवा जेवुं छे.
पच्+घ्यण्–पाक्यम्-रांधवुं जोईए.–आ प्रयोगनो 'अवश्य' अर्थ साथे संबंध नथी तेथी क थयेल छे.

## नि-प्राद् युजः शक्ये ॥ ४ । १ । ११६ ॥

घ्यण् प्रत्ययनो संबंध 'शक्य' अर्थ साथे जणातो होय तो नि अने प्र पछी आवेला युज् धातुना ज नो ग थतो नथी.

नि+युज्+घ्यण्=नियोज्यः–जोडावाने शक्य.

प्र+युज्+घ्यण्=प्रयोज्यः–प्रयोजवाने शक्य.

नियोग्यः–हुकम आपवाने योग्य. अहीं 'शक्य' अर्थ नथी पण योग्य' अर्थ छे तेथी ग थयेल छे. ॥ ४ । १ । ११६ ॥

## भुजः भक्ष्ये ॥ ४ ॥ १ । ११७ ॥

घ्यण् आव्यो होय तो 'भक्ष्य' अर्थवाळा भुज् धातुना ज नो ग न थाय.

भुज्+घ्यण्=भोज्यं पयः–खावा लायक दूध.

भोग्या भूः–भोगववा लायक पृथ्वी–आ प्रयोगमां 'भोग्य' पदनो 'भक्ष्य' अर्थ न होवाथी आ नियम न लागतां ज नो ग थयो छे. ॥ ४ । १ । ११७ ॥

## त्यज-यज-प्रवचः ॥ १ । ११८ ॥

घ्यण् प्रत्यय लागतां त्यज्, अने यज् धातुओना जनो ग न थाय

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા प्रवच् ધાતુના चનો क ન થાય.

त्यज्+घ्यण्=त्याज्यः-ત્યાગ કરવા યોગ્ય.

यज्+घ्यण् =याज्यः-પૂજવા યોગ્ય.

प्रवच्+घ्यण्=प्रवाच्यः-કહેવા યોગ્ય. ॥ ૪ । ૧ । ૧૧૮ ॥

## वचः अशब्दनाम्नि ॥ ४ । १ । ११९ ॥

वच् ધાતુથી બનેલું घ्यण् પ્રત્યયવાળું નામ 'શબ્દની કોઈ પ્રકારની સંજ્ઞા'ના અર્થને ન સૂચવતું હોય તો वच् ધાતુના चનો क થતો નથી.

वच्+घ्यण्=वाच्यम्-કહેવાનું.

શબ્દસંજ્ઞા-

वाक्यम्-વાક્ય-અહીં 'વાક્ય' શબ્દ, શબ્દરૂપ 'વાક્ય' સંજ્ઞાનો ॥૧।૧।૨૬॥ સૂચક છે, તેથી આ નિયમ ન લાગતાં चનો क થયો છે.

॥ ૪ । ૧ । ૧૧૯ ॥

## भुज-न्युब्जं पाणि-रोगे ॥ ४ । १ । १२० ॥

भुज् ધાતુને घञ् પ્રત્યય લાગ્યા પછી તેનો 'હાથ' એવો અર્થ થતો હોય તો भुज् ના जનો ग ન થાય અને नि સાથે उब्ज् ધાતુને घञ् પ્રત્યય લાગ્યા પછી તેનો 'રોગ' અર્થ સાથે સંબંધ જણાતો હોય તો उब्ज् ધાતુના जનો ग ન થાય.

भुज्+अ=भुजः-पाणिः-જે વડે ભોજન કરાય તે ભુજ-પાણિ-હાથ.

नि+उब्ज+अ=न्युब्जः -એક પ્રકારનો રોગ-ન્યુબ્જ એટલે રોગને લીધે કુબડા પણું ॥ ૪ । ૧ । ૧૨૦ ॥

## वीरुद्-न्यग्रोधौ ॥ ४ । १ । १२१ ॥

वि ઉપસર્ગ સાથે रुह ધાતુને क्विप् પ્રત્યય લાગે ત્યારે रुहના हનો ध् થાય એટલે वीरुध् રૂપ થાય અને न्यक् સાથે रुह् ધાતુને अच् પ્રત્યય લાગ્યો હોય તો ह નો ध् થાય એટલે न्यग्+रुह्-न्यग्रोध्+अ=न्यग्रोध રૂપ થાય.

वि+रुह्+क्विप्=वीरुत्-વિશેષ ઊગે અથવા વિવિધ રીતે ઊગે તે વીરુત્-વેલ

न्यक्+रुह्+अ=न्यग्रोधः-નીચો ઊગે તે -ચગ્રોધ-ઘણી બધી વડવાઈઓ વાળો વડ.

આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ચોથા અધ્યાયના-ક્રિયાપદની સાધના
સંબંધી પહેલા પાદનો સવિવેચન અનુવાદ સમાપ્ત

**પ્રથમ પાદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आत् सन्ध्यक्षरस्य ॥ ४ । २ । १ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓ છેડે સંધ્યક્ષરવાળા છે તે તમામ ધાતુઓનો પ્રયોગ કરતી વખતે તેમના સંધ્યક્ષરને બદલે આનું ઉચ્ચારણ કરવું. એટલે, એ, ઐ ઓ તથા ઔનું આ ઉચ્ચારણ કરવું

व्ये ઢાંકવું

सम्+व्ये+ता=संव्याता–ઢાંકનારો.

ग्लै ગ્લાન થવું–હર્ષનો ક્ષય થવો.

सु+ग्लै–ग्ला+अः(डः)=सुग्लः- ગ્લાનિ પામનારો. જુઓ, ૫ા૧ા૫૬।

–गोभ्याम् બે ગાયો વડે કે બે બળદો વડે. गोभ्याम् રૂપમાં गो નામનું રૂપ છે, ધાતુપાઠનો ધાતુ નથી એટલે આ ન થાય. અર્થાત્ गो નું गा ન થાય.

## न शिति ॥ ४ । २ । २ ॥

ધાતુઓને શિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુઓના છેડાના સંધ્યક્ષરને બદલે આ ન બોલાય.

શિત્ પ્રત્યયો એટલે વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તનીના પ્રત્યયો.

सम्+व्ये+अति=संव्ययति–ઢાંકે છે.

## व्यः थव्–णवि ॥ ४ । २ । ३ ॥

પરોક્ષાના थव् અને णव् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે व्ये ના ए નો આ ન થાય.

सम्+व्ये+थव्=सम्+विव्ये+इ+थ=संविव्ययिथ–તેં ઢાંક્યું.

सम्+व्ये+णव्=सम्+विव्ये+अ=संविव्याय– તેણે ઢાંક્યું કે મેં ઢાંક્યું

## स्फुर–स्फुलोः घञि ॥ ४ । २ । ४ ॥

स्फुर् અને स्फुल् ધાતુઓને घञ् લાગ્યો હોય ત્યારે એમના સંધ્યક્ષરનો એટલે ओ નો आ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्फुर् સ્ફુરણ થવું—वि+स्फुर्+घञ्=वि+स्फोर्+घञ्=विस्फारः—વિશેષ વૃદ્ધિ.
स्फुल् સ્ફુરણ થવું તથા ફૂલવું–સંચય થવો—वि+स्फुल्+घञ्=वि+स्फोल्+घञ्=विस्फालः વિશેષ વૃદ્ધિ.

## वा अपगुरः णमि ॥ ४ । २ । ५ ॥

अप સાથે गुर् ધાતુને णम् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેના સંધ્યક્ષરનો એટલે ओ નો आ વિકલ્પે થાય છે.

गुर् ઉદ્યમ કરવો—अप+गुर्+णम्—अप+गोर्+णम्=अप+गार्+णम्=अपगारम् अपगारम्, अपगोरमपगोरम्–ઉદ્યમ કરીને.

## दीङः सनि वा ॥ ४ । २ । ६ ॥

दीङ् ધાતુને सन् પ્રત્યય લાગે ત્યારે તેના ई નો आ વિકલ્પે થાય છે.
दी ક્ષીણથવું—दी+सन्=दादा+स+ते=दिदासते, दिदीषते–તે ક્ષીણ થવાને ઇચ્છે છે.

## यप्–अक्ङिति ॥ ४ । २ । ७ ॥

दीङ् ધાતુના ई નો आ થાય જ્યારે તેને क्त्वा નો यप् રૂપે થયેલો પ્રત્યય લાગ્યો હોય ત્યારે અને कित् સિવાયના તથા ङित् સિવાયના પ્રત્યયો લાગ્યા હોય કે લાગવાનો સંભવ હોય તો.

यप्—उप+दी+यप्=उप+दा+य=उपदाय—ક્ષીણ થઈને.

अकित् તથા अङित्—उप+दी+ता=उप+दा+ता=उपदाता–ક્ષીણ થનારો.

उप+दी+घञ्=उपदायः वर्तते–ક્ષીણતા છે. આ રૂપમાં ५ । ३ । १८ સૂત્રથી घञ् થયો છે, જે अकित् અને अङित् પ્રત્યય છે.

## मिग्-मीगः अखल्-अच-अलि ॥ ४ । २ । ८ ॥

मिग् (પાંચમા સ્વાદિ ગણના ળ) અને मीग् (નવમા ક્ર્યાદિ ગણના ળ) ધાતુના इ અને ई નો आ થઈ જાય જો સંબંધક ભૂતકૃદંતનો यप् પ્રત્યય લાગ્યો હોય તો અને खल् अच् તેમજ अल् પ્રત્યયો ન લાગ્યા હોય તો તથા कित् અને ङित् પ્રત્યયો ન લાગ્યા હોય અથવા લાગવાનો સંભવ ન હોય તો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मि ફેંકવું–

मि+यप्-नि+मि+य=नि+मा+य-निमाय–ફેંકીને.

नि+तृच् –निमि+ता=नि+मा+ता=निमाता–ફેંકનારો.

मी હિંસા કરવી–

मी-यप्–प्रमी+य=प्र+मा+य=प्रमाय-હણીને

तृच्–प्रमी+ता–प्र+मा+ता=प्रमाता–હણનારો.

खल् પ્રત્યય છે–ईषन्निमयः થોડું ફેંકવું मि+खल्.

दुष्प्रमयः મુશ્કેલીથી હિંસા કરવા જેવું मी+खल्.

अच् પ્રત્યય છે –मयः ફેંકનારો मि+अच्.

,, ,, मयः હિંસા કરનારો मी+अच्.

अल् પ્રત્યય છે–आमयः–રોગ. मि+अल्.

,, ,, ,, निमयः–ફેંકવું. मि+अल्.

,, ,, ,, प्रमयः–હિંસા मी+अल्.

આ બધા પ્રયોગોમાં વર્જેલા પ્રત્યયો હોવાથી આ નહીં થાય.

कित् क्त–मि+तः–मितः

ङित् य–ભેટવું અર્થનો–मी+यङ्–मेमीयते વારંવાર ભેટે છે.

અહીં આ બન્ને પ્રયોગોમાં कित् અને ङित् પ્રત્યય લાગેલ છે જેથી આ નિયમ ન થાય.

## लीङ्लिनोर्वा ॥ ४ । २ । ९ ॥

'ચોંટવું' અર્થના लीङ् (ચોથા દિવાદિ ગણના) ધાતુના અને 'ભેટવું' અર્થના (નવમા ક્ર્યાદિ ગણના) ली ધાતુના દીર્ઘ ई નો આ વિકલ્પે થઈ જાય છે જ્યારે તેને સંબંધકભૂતકૃદંતનો यप् પ્રત્યય લાગ્યો હોય તથા खल्, अच् અને अल् પ્રત્યયો ન લાગ્યા હોય અને कित् તથા ङित् પ્રત્યયો ન લાગ્યા હોય તો અથવા લાગવાનો સંભવ ન હોય તો.

ली ભેટવું વિલી+य=વિલાય, વિલીય ભેટીને

ला ભેટવું નવમા ગણનો विली+य=विलाय, विलीय ભેટીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથા ગણનો ली-विलो+ता=विलाता, विलेता=ભેટનારો

નવમા ગણનો ली विली+ता=विलाता-विलेता-ભેટનારો

ली+अ ( खल् ) ईषद्विलयः—થોડો વિશેષ સંશ્લેષ

ली+अ (अच्) विलयः—વિશેષ સંશ્લેષ કરનાર

ली+अ ( अल् ) विलयः—સંશ્લેષ

कित् त-ली+त=लीनः-લીન

ङित् य--लेलीयते—વારંવાર ભેટે છે

ईषद्विलयः થી માંડીને નીચેના આ બધા-પાંચે-પ્રયોગોમાં વર્જેલા પ્રત્યયો છે તેથી આ ન થાય

## णौ क्री-जि -इङः ॥ ४। २। १० ॥

क्री, जि અને इङ् ધાતુઓને णि પ્રત્યય લાગે ત્યારે इ કે ई નો आ થઈ જાય છે.

क्री ખરીદવું—क्री+णि-क्रा+प+इ-क्रापि+अ+ति+=क्रापय+अ+ति=क्रापयति ખરીદાવે છે.

जि જિતવું—जि+णि-जा+प+इ-जापि+अ+ति=जापय्+अ+ति=जापयति જિતાડે છે—જય અપાવે છે

इ ભણવું—अधि+आ+इ+णि-अध्या+प+इ-अध्यापि+अ+ति=अध्यापय्+अति=अध्यापयतिः- ભણાવે છે.

## सिध्यतेः अज्ञाने ॥ ४। २। ११ ॥

'અજ્ઞાન' અર્થવાળા सिध् (ચોથા દિવાદિ ગણના) ધાતુને णि લાગ્યો હોય તો सिध् નો साध् થઈ જાય છે

मन्त्रं साधयति-મંત્ર સિદ્ધ કરાવે છે-સધાવે છે.—सिध्+णि+—साध्+इ+अ+ति=साधि+अ+ति=साधयति

'અજ્ઞાન' અર્થ નથી—तपस्तापसं सेधयति તપ તપસ્વીને વિશેષ પ્રકારનું જ્ઞાન આપે છે. આ પ્રયોગમાં 'જ્ઞાન' અર્થ હોવાથી આ નિયમ ન લાગ્યો

## चि-स्फुरोः नवा ॥ ४ । २ । १२ ॥

चि ધાતુનો વિકલ્પે चा અને स्फुर ધાતુનો વિકલ્પે स्फार થઈ જાય છે, જો णि પ્રત્યય લાગ્યો હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चि भेगुं करवुं–चि+णि–चा+प+इ+अ+ति–चापि+अति=चापय्+अति =चापयति, चाययति ते संग्रह करावे छे.

स्फुर्–स्फुरण थवुं —स्फुर्+णि=स्फार्+इ+अ+ति=स्फारि+अति=स्फारय+अति=स्फारयति, स्फोरयति ते स्फुरावे छे.

## वियः प्रजने ॥ ४ । २ । १३ ॥

'प्रजन' એટલે 'ગર્ભગ્રહણ'–એવો અર્થ હોય તો અને णि પ્રત્યય લાગ્યો હોય તો वी ધાતુનો वा વિકલ્પે થાય છે.

वी પ્રજન – ગર્ભગ્રહણ–प्र+वी+णि–प्र+वा+प+इ+अ+ति=प्रवापि+अति –प्रवापय् +अति–प्रवापयति; प्रवाययति–पुरो वातो गाः प्रवापयति, प्रवाययति–પૂર્વનો પવન ગાયોને ગર્ભનું ગ્રહણ કરાવે છે.

वी ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી છે અને તેના પ્રજન, કાંતિ, અસન અને ખાદન એ ચાર અર્થ છે. પ્રજન–ગર્ભગ્રહણ કાંતિ–ઈચ્છા અથવા કાંતિ, અસન–ફેંકવું ખાદન–ખાવું

## रुहः पः ॥ ४ । २ । १४ ॥

જો णि લાગ્યો હોય તો रुह् ધાતુના ह् નો प् વિકલ્પે થાય છે. रुह् જનમ થવો. रुह्+णि–रोप्+इ+अ+ति=रोपय्+अति-रोपयति, रोहयति वा तरुम्– તે ઝાડને રોપે છે કે ઝાડની ઉપર ચડાવે છે.

## लियः नः अन्तः स्नेहद्रवे ॥ ४ । २ । १५ ॥

ચોથા ગણના તથા નવમા ગણના દીર્ઘ ઈકારાંત ली ધાતુને 'ચીકણા પ્રવાહી' અર્થ સાથે સંબંધ હોય તો णि પ્રત્યય લાગતાં અંતે न् વિકલ્પે ઉમેરાય છે.

ली ભેટવું —वि+ली+णि=विली+न्+इ+अ+ति=विलीनि+अति=विलीनय+अति=विलीनयति. विलालयति–घृतं विलीनयति, विलालयति वा–ઘીને પ્રવાહી કરે છે.

अयो विलालयति–લોઢાને ગાળે છે–ઓગાળે છે–અહીં ली ધાતુનો સંબંધ પ્રવાહી પદાર્થ સાથે નથી પણ નક્કર લોઢા સાથે છે તેથી આ નિયમ ન લાગે.

## लः लः ॥ ४ । २ । १६ ॥

ला (બીજા ગણના) ધાતુને જો णि પ્રત્યય લાગ્યો હોય તો છેડે ल् વિકલ્પે ઉમેરાય છે તથા ૩।૩।૯० સૂત્રથી ली ધાતુનું ला રૂપ થયા પછી તે ला

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપને છેડે પણ લ્ વિકલ્પે ઉમેરાય છે જો णि લાગ્યો હોય તો, અને બન્ને સ્થળે એટલે ला તથા ली ધાતુના ક્રિયાપદના અર્થનો સંબંધ 'ચીકણા પ્રવાહી—દ્રવ' સાથે હોય તો.

ला ગ્રહણ કરવું—અથવા ली ચોંટવું-घृतं विलालयति, विलापयति વા—ઘીને પ્રવાહી કરે છે.

जटाभिरालापयते– જટાઓથી પૂજા કરાવે છે—અહીં ધાતુના અર્થનો સંબંધ 'સ્નેહ દ્રવ' સાથે નથી. અહીં आलापयते પ્રયોગમાં ॥૩।૩।૯૦॥ સૂત્રથી ली નો ला થયેલ છે.

## पातेः ॥ ૪ । ૨ । ૧૭ ॥

સૂત્રમાં पाति એવો નિર્દેશ છે તેથી અહીં બીજા ગણના 'રક્ષણ' અર્થવાળા पा ધાતુને જ લેવો, બીજા કોઈ पा ધાતુને નહીં. તે पा ધાતુને णि પ્રત્યય લાગતાં અંતે ल ઉમેરાય છે.

पा+णि–पा+ल्+इ+अ+ति–पालि+अति=पाल्य्+अति=पालयति– તે પાળે છે—રક્ષણ કરે છે.

## धूग्–प्रीगोः नः ॥ ૪ । ૨ । ૧૮ ॥

धू (પાંચમા ગણના, નવમા ગણના, તથા દશમા ગણના) ધાતુને णि પ્રત્યય લાગતાં તથા प्री (નવમા ગણના અને દશમા ગણના) ધાતુને णि પ્રત્યય લાગતાં અંતે न् ઉમેરાય છે.

धू કંપવું—धू+ णि—धू+न्+इ+अ+ति= धूनि+अति=धूनयति ધૂણે છે—કંપાવે છે.

प्री તૃપ્તિ તથા કાંતિ.તૃપ્તિ એટલે તૃપ્ત થવું—ધરાઈ જવું તથા કાંતિ એટલે ઈચ્છા અથવા તેજ—प्री+णि–प्री+न+इ+अ+ति=प्रीणि+अति+प्रीणयति તૃપ્ત કરે છે—ખુશ કરે છે.

## वो विधूनने जः ॥ ૪ । ૨ । ૧૯ ॥

'વિશેષ કંપાવવા' ના અર્થવાળા वा ધાતુને णि પ્રત્યય લાગ્યો હોય ત્યારે અંતે ज् ઉમેરાય છે.

वा ગતિ તથા ગંધ આવવો—उप+वा+णि–उपवाज्+इ+अति=उपवाजयति —पक्षेण उपवाजयति—પાંખ વડે કંપાવે છે.

उच्चैः केशान् आवापयति– વાળોને ઊંચા કરીને સૂકવે છે—અહીં 'કંપાવવા'નો અર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पा-शा-छा-सा-वे-व्या-ह्वः यः ॥ ४ । २ । २० ॥

पा, शा, छा, सा, वे, व्या અને ह्वा ધાતુઓને णि પ્રત્યય લાગ્યો હોય ત્યારે य ઉમેરાય છે.

पा પીવું અથવા पै શોષણ-સુકવવું સોસવું, -पा+णि-पा+य्+इ+अ+ति=पायि+अति=पाययति-પાય છે. પીવડાવે અથવા પીવરાવે છે. અથવા સુકવે છે.

शो-शा છેલવું-તાસવું-शा + णि=शाय्+इ+अ+ति=शायि+अति=शाययति પાતળું કરાવે છે.

छो-छा છેદવું- अव+छा+णि=अवच्छा+य्+इ+अति=अवच्छाययति—છેદાવે છે.

सो-सा નાશ કરવો, ક્ષય કરવો-अव+सा+णि=अवसा+य्+इ+अति=अवसाययति- અવસાન કરે છે, નાશ કરે છે.

वे-वा—તાણોવાણો કરવો —वा+णि=वा+य्+इ+अ+ति=वाययति-વણાવે છે.

व्या—ढांकवुं—व्या+णि=व्या+य्-व्यायि+अ+ति=व्याययति- ढंકાવે છે.

ह्वा-સ્પર્ધા કરવી-ह्वा+णि=ह्वा + य्+इ+अ+ति=ह्वाययति-સ્પર્ધા કરાવે છે.

## अर्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्मायि-आतां पुः ॥ ४ । २ । २१ ।

પેલા ગણનો તથા બીજા ગણનો ऋ ધાતુ તથા री, व्ली અને ह्री, क्नूय्, क्ष्माय् ધાતુઓને અંતે प् ઉમેરાય છે. તથા આકારાંત ધાતુઓને કે આકારાંત નામધાતુઓને અંતે प् ઉમેરાય છે.

પહેલા ગણનો કે બીજા ગણનો ऋ ગતિ કરવી—

ऋ+णि=अर्+प्+इ+अ+ति=अर्पयति પહોંચાડે છે—અર્પણ કરે છે.

री ટપકવું-री+णि-री+प्+इ+अ+ति=रेपयति-ટપકાવે છે

व्ली સ્વીકાર કરવો-व्ली+णि=व्ली+प्+इ+अ+ति=व्लेपयति-સ્વીકાર કરાવે છે.

ह्री શરમાવું-ह्री+णि=ह्री+प्+इ+अ=ति=ह्रेपयति-શરમાવે છે.

क्नूय् અવાજ કરવો, ભીનું કરવું क्नूय्+णि-क्नूय्-इ-क्नूय्+इ+अ+ति=क्नोपि+क्नोपय्+अति -क्नोपयति-અવાજ કરાવે છે, ભીનું કરાવે છે.

क्ष्माय् કંપવું, ધ્રૂણવું-ધ્રૂજવું. क्ष्मायि+अति-क्ष्मापि+अति क्ष्मापय्+अति-क्ष्मापयति-ધ્રુજાવે છે-કંપાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકારાંત ધાતુ—दा+णि=दा+प्+अ+ति–दापि+अति=दापय्+अति= दापयति–દેવરાવે છે.

આકારાંત નામધાતુ–सत्या+णि–सत्या+पु+इ+अ+ति–सत्यापि+अति= सत्यापयति–સાચું કરે છે–

## स्फाय् स्फाव् ॥ ४ । २ । २२ ॥

णि પ્રત્યય લાગતાં स्फाय् ને બદલે स्फाव् બોલાય છે.

स्फाय् વધવું–स्फाय्+णि=स्फाव्+इ+अ+ति=स्फावयति વધારે છે.

## शदिः अगतौ शात् ॥ ४ । २ । २३ ॥

'ગતિ' અર્થ ન હોય તો णि પ્રત્યય લાગતાં शद् ને બદલે शात् બોલાય છે.

शद् સડવું. शद्+णि–शात्+इ+अ+ति=शाति+अति=शातय्+अति=शात-यति, पुष्पाणि शातयति–પુષ્પોને સડાવે છે.

गाः शादयति–ગાયોને પહોંચાડે છે. અહીં 'ગતિ' અર્થ છે તેથી આ નિયમ ન લાગે એટલે शातयति પ્રયોગ ન થાય

## घटादेः ह्रस्वः, दीर्घः तु वा ञि–णम्परे ॥ ४ । २ । २४ ॥

णि પ્રત્યય લાગ્યો હોય ત્યારે घटादि ધાતુઓનો દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે. પણ णि પછી ञि પ્રત્યય લાગ્યો હોય અથવા णम् પ્રત્યય લાગ્યો હોય તો હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

घट વગેરે ધાતુઓમાં સ્વર હ્રસ્વ જ છે પણ णि લાગ્યા પછી घाटि, व्याथि વગેરે થવાનો સંભવ છે, તે ન થાય માટે આ સૂત્ર હ્રસ્વ કરે છે.

घट् ચેષ્ટા કરવી–घट्+णि–घाट्+इ–घट्+इ–घटि+अति=घटयति–ચેષ્ટા કરાવે છે

णि,ञि–घट्+णि–अ+घाटि+ञि+त=अघाटि अघटि–ચેષ્ટા કરાવી,

णि,णम्–घट्+णम्=घाट्+अम्=घाटंघाटम् , घटंघटम् ચેષ્ટા કરાવીને ચેષ્ટા કરાવીને

व्यथ् વ્યથા કરવી–પીડવું –व्यथ+णि–व्याथि+अ+ति=व्यथि+अति= व्यथयति– પીડા કરાવે છે.

णि , ञि–व्यथ्+णि–अ+व्याथि+ञि+त=अव्याथि, अव्यथि પીડા કરાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णि, णम्–व्यथ्+णम्–व्यथ्+अम्–व्याथम्व्याथम्, व्यथंव्यथम् પીડા કરાવીને પીડા કરાવીને

घट વગેરે ધાતુઓ નીચે જણાવ્યા પ્રમાણે સમજવા—

घट् ચેષ્ટા કરવી
क्षञ्ज् ગતિ કરવી દેવું
व्यथ् બીવું, ચાલવું
प्रथ् પ્રખ્યાત થવું
म्रद् મર્દન કરવું
स्खद् ખદવું

कन्द्, क्रन्द, क्लन्द् } ઢીલા થવું, કાયર થવું, વિક્લવ

क्रप કૃપા કરવી
त्वर ઉતાવળા થવું
प्रस પસારો થવો, ફેલાવું
दक्ष હિંસા કરવી, ગતિ કરવી
श्रा પકવવું
स्मृ ચિંતન કરવું સ્મરણ કરવું
दॄ બીવું–ડરવું
नॄ નય–લઈ જવું

ष्टक, स्तक } પ્રતિઘાત કરવો

चक તૃપ્ત થવું તથા પ્રતીઘાત કરવો
अंक, अग વાંકી ગતિ કરવી
कख હસવું
रग શંકા કરવી
लग લાગવું, સંગ કરવો

ह्रग, ह्लग, षग्, सग्, ष्टग, स्थग् } ઢાંકવું––સંવરણ

वट्, भट् } પરિભાષણ–કજીયો કરવો

णट् નાચવું (णट् नति-નમવું-મતાંતર)
गड છાંટવું, સિંચવું
हेड વીંટવું
लड જીભને ઊંચી નીચી કરવી—જીભના ચાળા કરવા

फण, कण्, रण } ગતિ કરવી

चण હિંસા કરવી, દાન દેવું, ગતિ કરવી

शण, श्रण } દાન દેવું

स्नथ, क्नथ, क्रथ, क्लथ } હિંસા કરવી

क्षद ઊર્જવું–શક્તિ
मद હર્ષ થવો, ગ્લાન કરવું–દીનતા

ष्टन, स्तन, ध्वन } શબ્દ કરવો–અવાજ કરવો

स्वन છોગું ધારણ કરવું-કલગી પહેરવી
चन હિંસા કરવી
ज्वर રોગ થવો–તાવ આવવો
चल કંપવું

ह्वल, ह्मल } હાલવું–ચાલવું

ज्वल्—દીપવું–પ્રકાશવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધા છેડે વ્યંજનવાળા घटादि ધાતુઓ છે. પણ છાપવામાં ઘણા ય વ્યંજનાંત છપાયા નથી.

આ ધાતુઓનો જે અર્થ અહીં જણાવેલ છે તે સિવાય બીજા અર્થમાં આ ધાતુઓ હોય તો તેમને घटादि ગણના ન સમજવા.

## कगे-वनू-जनै-जृष्-क्नसू-रञ्जः ॥ ४ । २ । २५ ॥

णि પ્રત્યય લાગ્યો હોય ત્યારે कग्, वन्, जन्, जृष्, क्नस् અને रञ्ज् ધાતુઓના દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે, અને णि પછી ञि કે णम् પ્રત્યયો લાગ્યો હોય તો દીર્ઘ વિકલ્પે થાય છે.

कग (સૌત્ર ધાતુ) કરવું.कग्+णि–कागि–कगि+अ+ति= कगयति–તે કરાવે છે.

णि, ञि– कग+णि–अ+कागि+इ+त=अकागि, अकगि તેણે કરાવ્યું

णि, णम्–कग्+णि–कागि+अम्–कागंकागम, कगंकगम् કરાવીને કરાવીને

वन માગવું.–उपवन्–उप+वन्+णि–उपवनि+अ+ति–उपवने+अति–उपवनयति મગાવે છે–યાચના કરાવે છે.

णि,ञि–उप+वन्+णि–उप+अ+वानि+इ+त=उप+अवानि–उपावानि, उपावनि યાચના કરાવી

णि, णम्–उपवान्+अम्=उपवानमुपवानम्, उपवनमुपवनम् યાચના કરાવીને યાચના કરાવીને

जन् જનમ થવો–પ્રાદુર્ભાવ થવો—णि–जन्+णि–जानि–जनि+अ+ति+जनयति તે બાળકને જણાવે છે–જનમ કરાવે છે.

णि, ञि–जन्+णि–अ+जानि+इ+त=अजानि,अजनि–તેણે જનમ કરાવ્યો

णि, णम्-जन्+णि–जान्+इ+अम्–जानंजानम्–जनंजनम् જણાવીને જણાવીને–જનમ કરાવીને જનમ કરાવીને

जृष् ઘરડા થવું–જીર્ણ થવું–जृ+णि–जार+इ–जर+इ+अ+ति–जरयति ઘરડા કરે છે, જીર્ણ–કરે છે.

णि ञि–जरि+अ+जारि+इ+त–अजारि, अजरि તેણે જીર્ણ કરાવ્યું

णि, णम्–जृ+णि–जार्+इ+अम्—जारंजारम् जरंजरम् જીર્ણ કરીને જીર્ણ કરીને

क्नस् વક્રતા તથા દીપ્તિ–ચળકાટ क्नस्+णि–क्नसि+अति–क्नसयति કુટિલતા કરાવે છે, અથવા ચળકાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णि ञि-क्नस्+णि-क्नासि+इ+त=अक्नासि, अक्नसि કુટિલતા કરાવી
णि+णम्-क्नस्+णि-क्नासि+णम्-क्नासं क्नासम् क्नसं-क्नसम् કુટિલતા કરાવીને કુટિલતા કરાવીને

रञ्ज् રાગ કરવો. णि-रञ्ज+णि-राज+णि-रजि+अ+ति-रजयति मृगान् व्याधः-શિકારી મૃગોને રાજી કરે છે એટલે તેમની આગળ ઘાસ વગેરે નાખીને મૃગોને રાજી કરેછે-શિકારી મૃગોને પોતા તરફ રાગવાળા કરે છે.

णि, ञि-रञ्ज+णि-अ+राजि+इ+त=अराजि अरजि, મૃગોને રાગવાળા કર્યા -રાજી કર્યા

णि, णम्-रञ्ज+णि-राज+अम्-राजंराजम्, रजंरजम् રાગવાળા કરીને રાગવાળા કરીને-રાજી કરીને રાજી કરીને.

## अमः अकमि-अमि-चमः ॥ ४ । २ । २६ ॥

णि લાગ્યો હોય ત્યારે જેને છેડે अम् છે એવા

ધાતુઓને હ્રસ્વ થાય છે અને णि લાગ્યા પછી ञि અથવા णम् પ્રત્ય લાગ્યો હોય તો દીર્ઘ વિકલ્પે થાય છે.

कम्, अम् તથા चम् ધાતુઓને આ નિયમ લાગતો નથી.

रम् રમવું-रम्+णि-राम्+णि-रमि+अ+ति-रमयति તે રમાડે છે.

णि, ञि -राम्+णि-अ-रामि+इ+त अरामि, अरमि તેણે રમાડયું,

णि, णम्-राम्+णि+अम्-राम्+अम्=रामंरामम, रमंरमम् રમાડી રમાડીને

कम् ઇચ્છવું—

कामयति ઇચ્છા કરાવે છે.

अकामि ઇચ્છા કરાવી.

कामंकामम्— ઇચ્છા કરાવી કરાવીને.

अम् જવું—

आमयति પહોંચાડે છે.

चम् જમવું-આચમન કરવું-आचामयति આચમન કરાવે છે.

અહીં कम्, अम्, चम्, આ ધાતુઓને વર્જેલા છે તેથી આ નિયમ ન લાગે.

## पर्यपात् स्खदः ॥ ४ । २ । २७ ॥

परि અને अप ઉપસર્ગ પછી स्खद् ધાતુ આવ્યો હોય અને તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णि પ્રત્યય લાગ્યો હોય તો स्खद् ધાતુના દીર્ઘ સ્વર નો હ્રસ્વ થઈ જાય છે. અને णि લાગ્યા પછી ञि અથવા णम् પ્રત્યયો લાગ્યા હોય તો દીર્ઘ વિકલ્પે થાય છે.

परि—

परि+स्खद् ચારે બાજુ ખદવું-બરાબર સરળ સીધી ગતિ ન, કરવી પણ 'ખદખદ' અવાજ થાય તેમ ગતિ કરવી. णि-परिस्खद्+णि-परि स्खादि+अ+ति=परिस्खदि+अति-परिस्खदयति ખદાવે છે.

णि, ञि— परि+स्खद्+णि-परि+अ+स्खदि+इ+त-पर्यस्खादि पर्यस्खदि તેણે ખદાવ્યું

णि, णम्-परि+स्खद्+णि+अम्-परि+स्खद्-परिस्खादंपरिस्खादम्, परिस्खदं-परिस्खदम्-ખદાવી ખદાવીને

अप—

अप+स्खद्+णि-अपस्खादि+अ+ति-अपस्खदि-अति अपस्खादयति अप-स्खदयति

णि, ञि-अप+स्खद्+णि+अप+अ+स्खादि+इ+त-अपास्खादि, अपास्खदि

णि, णम्-अप+स्खद्+णि+अम् अपस्खदम्अपस्खदम्, अपस्खादमपस्खादम् ખદાવી ખદાવીને

परि તથા अप નથી-प्रस्खादयति સારીરીતે ખદાવે છે.
અહીં परि કે अप ઉપસર્ગ નથી પણ प्र ઉપસર્ગ છે તેથી આ નિયમ લાગે.

## शमोऽदर्शने ॥ ४ । २ । २८ ॥

णि પ્રત્યય લાગ્યો હોય અને शम् ધાતુનો 'જોવું' અર્થ ન હોય ત્યારે હ્રસ્વ થાય છે અને णि લાગ્યા પછી ञि અથવા णम् પ્રત્યયો લાગ્યા હોય તો દીર્ઘ વિકલ્પે થઈ જાય છે.

शम् ઉપશમવું-शम्+णि-शाम् -शामि+अ+ति=शमयति रोगम् રોગને શાંત કરે છે.

शम्+णि-अ+शाम्+इ+त=अशामि. अशमि- તેણે રોગને શાંત કર્યો

शम्+णि+अम्=शामंशामम्, शमंशमम्- રોગને શાંત કરીને રોગને શાંત કરીને

'જોવું' અર્થ છે-निशामयति रूपम्-રૂપ દેખાડે છે-અહીં शम् ધાતુ 'દર્શન' અર્થનો છે તેથી આ નિયમ ન લાગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यमः अपरिवेषणे णिचि च ॥ ४ । २ । २९ ॥

णेच् રૂપ કે અણિચ્ રૂપ णि પ્રત્યય લાગ્યો હોય અને 'પરિવેષણ'-'આજુબાજુ રહેવું' તથા 'પીરસવું'-અર્થ ન થતો હોય ત્યારે यम् ધાતુનો દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે અને णि પ્રત્યય લાગ્યા પછી ञि અથવા णम् પ્રત્યય લાગે ત્યારે વિકલ્પે દીર્ઘ થાય છે.

यम् અટકવું– णिग् અથવા णिच्–यम्+णि=याम्+इ+अ+ति=यमि+अति-यमयति– તે ઉપરત થાય છે.

णिग् અથવા णिच् यम्+णि–अ+यामि+इ+त=अयामि, अयमि તે ઉપ-રત થયો.

यम्+णम्–याम्+अम्=यामंयामं, यमंयमम्–ઉપરત થઈને ઉપરત થઈને

यामयति चन्द्रमसम्– ચંદ્રની આજુબાજુ રહે છે. यामयति अतिथिम्–તે અતિથિને પીરસે છે–અહીં 'આજુબાજુ રહેવું' તથા 'પીરસવું' અર્થ હોવાથી આ નિયમ ન લાગે.

## मारण–तोषण–निशाने ज्ञः च ॥ ४ । २ । ३० ॥

णिच् રૂપ કે અણિચ્ રૂપ णि પ્રત્યય લાગ્યો હોય અને 'મારણ'–મારવું, 'તોષણ'–સંતોષ આપવો અને 'નિશાન'–તેજ કરવું–અર્થ હોય તો ज्ञा ધાતુના દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે. અને णि પછી ञि અથવા णम् લાગેલ હોય તો વિકલ્પે દીર્ઘ થાય છે.

ज्ञा જાણવું, ज्ञा મારવું વગેરે–

णिच् રૂપ કે अणिच् રૂપ णिग्–

सम्+ज्ञा+णि=सम्+ज्ञ+णि+र्=संज्ञपि+अ+ति=संज्ञपयति पशुम्–પશુને મારે છે.

वि+ज्ञा+णि–वि+ज्ञा+प्+इ–विज्ञापि–विज्ञपयति राजानम् રાજાને તુષ્ટ ખુશ–કરે છે.

प्र+ज्ञा+णि–प्र+ज्ञा+प्+इ–प्रज्ञापि+अ+ति–प्रज्ञपयति, शस्त्रम्– શસ્ત્ર તેજ કરે છે.

ज्ञा+णि=ज्ञा+प्=इ+त=अज्ञापि, अज्ञपि–તેણે માર્યું, ખુશ કર્યું, અને શસ્ત્રને તેજ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञा+णि=ज्ञा+पू+इ+णम्—ज्ञापंज्ञापम्, ज्ञपंज्ञपम्-૧મારી મારીને, ૨ખુશ કરીને ખુશ કરીને કે ૩શસ્ત્રને તેજ કરી કરીને.

## चहणः शाठ्ये ॥ ४ । २ । ३१ ॥

णिच् રૂપ કે अणिच् રૂપ णि પ્રત્યય લાગ્યો હોય તો 'શાઠ્ય' અર્થવાળા चुरादिના चह् ધાતુના દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે અને णि પછી ञि અથવા णम् પ્રત્યય લાગેલ હોય તો દીર્ઘ વિકલ્પે થાય છે.

શાઠ્ય એટલે લુચ્ચાઈ.

—णिच् णिग्—चह्+णि=चाह्+इ—चह्+इ+अ+ति=चहयति—તે છેતરે છે चह શઠતા કરવી–चह्+णि=अ+चाहि+इ+त=अचाहि, अचहि તેણે છેતર્યો चह्+णि=चाह्+अम्+चाहंचाहम्, चहंचहम् છેતરી છેતરીને.

શાઠ્ય અર્થ નથી–अचह्हि પાપ કર્યું. શાઠ્ય અર્થ ન હોવાથી આ નિયમ ન લાગ્યો.

## ज्वल–ह्वल–ह्मल–ग्ला–स्ना–वनू–वम–नमः अनुपसर्गस्य वा ॥ ४ । २ । ३२ ॥

णि પ્રત્યય લાગ્યો હોય ત્યારે ઉપસર્ગ વગરના ज्वल, ह्वल, ह्मल्, ग्ला, स्ना, वन्, वम् અને नम् એ આઠ ધાતુઓને હ્રસ્વ વિકલ્પે થાય છે.

ज्वल દીપવું–ज्वल्+णि=ज्वाल्+णि=ज्वालि+अ+ति=ज्वलयति; ज्वालयति-તે દીપાવે છે અથવા જલાવે છે– સળગાવે છે.

ह्वल ચાલવું–ह्वल+णि=ह्वाल्+णि=ह्वलि+अ+ति-ह्वलयति, ह्वालयति-ચલાવે છે.

ह्मल् ચાલવું - ह्मल्+णि=ह्माल्+णि–ह्मलि+अ+ति–ह्मलयति,–ह्मालयति–ચલાવે છે.

ग्ला દીન થવું, હર્ષનો ક્ષય થવો – ग्ला+णि=ग्लाप्+णि=ग्लपि+अ+ति ग्लापयति, ग्लपयति, હર્ષને ક્ષીણ કરે છે. ગ્લાનિ પમાડે છે.

स्ना નહાવું–स्नप्+णि–स्नाप्+णि=स्नपि+अ+ति–स्नापयति, स्नपयति નવરાવે છે.

वन માગવું–वन्+णि–वान्+णि–वनि+अ+ति=वनयति, वानयति–યાચના કરાવે છે.

वम વમન કરવું–वम्+णि–वाम्+णि–वमि+अ+ति=वमयति, वामयति વમાવે છે.

नम નમવું–नम्+णि–नाम्+णि–नमि+अ+ति=नमयति, नामयति-નમાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસર્ગ છે –

प्रज्वलयति— દીપાયમાન કરાવે છે.

प्रह्वलयति– ચલાવે છે.

प्रह्मलयति– ચલાવે છે.

प्रग्लापयति– હર્ષનો ક્ષય કરાવે છે–ગ્લાનિ કરાવે છે

प्रस्नापयति– નવરાવે છે.

प्रवनयति– યાચના કરાવે છે.

प्रवमयति– વમાવે છે.

प्रणमयति– નમાવે છે.

આ બધા ઉદાહરણોમાં ઉપસર્ગ હોવાથી વિકલ્પે હ્રસ્વ ન થાય એટલે ઉપર જણાવેલા ज्वल વગેરે ધાતુઓનાં બે બે રૂપો ન થાય.

## छदेः इस्–मन्–त्रट्–क्वौ ॥ ४ । २ । ३३ ॥

णि લાગ્યા પછી इस्, मन्, त्रट्, અને क्विप् પ્રત્યયો લાગ્યા હોય તો छद् ધાતુના દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે.

इस्–छद्+णि+इस्–छादिः-छदिः– ઢાંકનારું ઉણાદિસૂત્ર ९८९

मन्–छद्+णि–छाद्+मन्=छद्म–કપટ–પોતાની જાતને ઢાંકવાનું સાધન. उणादि ४४६

त्रट्–छद्+णि+छाद्+त्र+ई=छत्री–છત્રી–તડકો વગેરેને ઢાંકવાનું સાધન.

क्विप्—उप+च्छद्+णि+छाद्+क्विप्=उपच्छत्– ઢાંકનારો. ५।१।१४८॥

## एकोपसर्गस्य च घे ॥ ४ । २ । ३४ ॥

णि લાગ્યા પછી घ પ્રત્યય લાગ્યો હોય તો માત્ર એક ઉપસર્ગવાળા કે ઉપસર્ગ વગરના छद् ધાતુના દીર્ઘ સ્વરનો હ્રસ્વ થાય છે.

छद् ઢાંકવું–प्र+च्छद्+णि-प्रच्छाद्–घः=प्रच्छदः– ઢાંકવાનું સાધન—ઓછાડ વગેરે

छद्+णि-छाद्+इ+घः=छदः–ઢાંકવાનું સાધન–પીંછું "પીંછું" શરીરને ઢાંકવાનું સાધન છે.

બે ઉપસર્ગ છે— सम्+उप+च्छद्+णि–समुपच्छादि+घः=समुपच्छादः—ઢાંકવું. અહીં બે ઉપસર્ગ છે તેથી હ્રસ્વ ન થાય.

## उपान्त्यस्य असमानलोपि–शास्–ऋदितो ङे ॥ ४ । २ । ३५ ॥

સમાન સંજ્ઞાવાળો જેમનો સ્વર નથી લોપાતો એવા ધાતુને णि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યય લાગ્યા પછી ङ પ્રત્યય લાગ્યો હોય તો ધાતુનો ઉપાંત્ય સ્વર હ્રસ્વ થાય છે. નીચેના ધાતુઓને આ નિયમ ન લાગે–

૧ જે ધાતુના સમાન સંજ્ઞાવાળા સ્વરનો લોપ થઈ જતો હોય.

૨ शास् ધાતુ તથા

૩ જે ધાતુઓ ऋकार નિશાન વાળા છે તે ધાતુ

पच्+णि–अ+पच्पच्–पपाच्+इ+अ+त्=अ+पी+पच्+अ+त्=अपीपचत् રંધાવ્યું

अट આથડવું–ભમે તેમ ભમવું–मा भवान् अटिटत्–अट्+णि–अ+आटि+अ+त्=आटिटत्–अटिटत् તે આથડાવે નહીં, અહીં નિષેધ વાચક मा અવ્યયના યોગ–સબંધવાળું રૂપ છે.

આ નિયમથી आट् નો अट् થયેલ છે.

સમાનનો લોપ-राजानम् अतिक्रान्तवान्–अत्यरराजत् રાજાને ટપી ગયો. રાજા કરતાં ચડી ગયો.

આ નામધાતુનું રૂપ છે.

અહીં સમાન સંજ્ઞાવાળા સ્વરનો લોપ છે એટલે राजन् શબ્દના जन् અંશના अन् નો લોપ થયેલ છે, अन् નો अ અંશ સમાન સંજ્ઞાવાળો છે. તેથી આ નિયમ ન લાગે. એટલે अत्यरराजत् રૂપ ન થાય.

शास्–અનુશાસન કરવું–अशशासत् શિક્ષણ આપ્યું. शास् ધાતુ વર્જેલ છે, તેથી આ નિયમ ન લાગે. એટલે अशशसत् રૂપ ન થાય.

ઋકાર નિશાનવાળો ધાતુ છે-मा भवान् ओणिणत् તમે દૂર ન કરાવો અહીં ओणृ ધાતુ ऋદિત્–ઋકારના નિશાનવાળો–છે માટે આ નિયમ ન લાગે એટલે ऊणिणत् રૂપ ન થાય.

## भ्राज–भास–भाष–दीप–पीड–जीव–मील–कण–रण–वण–भण–श्रण–ह्वे–हेठ–लुट–लुप–लपां नवा ॥ ४ । २ । ३६ ॥

भ्राज, भास, भाष, दीप, पीड, जीव, मील, कण, रण, वण, भण, श्रण, ह्वे, हेठ, लुट्, लुप्, અને लप આ સત્તર ધાતુઓ પછી णि પ્રત્યય લાગ્યો હોય તો અને તે પછી ङ પ્રત્યય લાગ્યો હોય તો આ તમામ ધાતુઓના ઉપાંત્ય સ્વરનો હ્રસ્વ વિકલ્પે થાય છે.

भ्राज શોભવું–દીપવું–भ्राज+णि+अ+बभ्राज्+इ+अ+त्=अबिभ्रजत्, अबभ्राजत् શોભાવ્યું.

भास શોભવું–દીપવું–भास्+णि+अ+बभास्+इ+अ+त्–अबीभसत्, अबभासत् શોભાવ્યું

भाष સ્પષ્ટ બોલવું भाष+णि+अ+बभाष्+इ+अ+त् अबीभषत्;अबभाषत् બોલાવ્યું

दीप દીપવું दीप्+णि+अ—दीदीप्+अ+त् अदीदिपत्–अदिदीपत्, દીપાવ્યું

पीड પીડવું—पीड् णि+अ पीपीड्+अ+त्+अपीपिडत्, अपिपीडत् પીડા કરાવી

जीव જીવવું जीव्+णि+अ+जीजीव्+इ+अ+त्=अजीजिवत्, अजिजीवत् જીવાડયું.

मील મીંચવું—मील+णि+अ+मिमील्+इ+अ+त् अमीमिलत्ः अमिमीलत् મીંચાવ્યું

कण અવાજ કરવો. કણસવું— कण्+णि+अ+चकण्+इ अ+त्—अचीकणत्, अचकाणत् અવાજ કરાવ્યો કે કણસાવ્યું

रण—રણકવું અવાજ કરવો रण+णि+अ-ररण्+इ+अ+त्–अरीरणत्, अररा-णत्અવાજ કરાવ્યો કે રણકાવ્યું

बण 'બણબણવા'નો અવાજ કરવો अबीबणत्, अबबाणत् અવાજ કરાવ્યો

भण ભણવું—આવાજ કરવું —अबीभणत्, अबभाणत् ભણવાનો અવાજ કરાવ્યો

श्रण દેવું—अशिश्रणत्, अशश्राणत् દેવરાવ્યું.

ह्वे–ह्व સ્પર્ધા કરવી—સંઘર્ષ કરવો अजूहवत् अजुहावत् સ્પર્ધા કરાવી.

हेठ સ્પર્ધા કરવી—સંઘર્ષ કરવો અથડામણમાં આવવું अजीहिठत् अजिहेठत् સ્પર્ધા કરાવી

लुट લોટવું अलूलुटत्. अलुलोटत् લોટાવ્યું.

लुप् લોપ કરવો—નાશ કરવો अलूलुपत् अलुलोपत् લોપ કરાવ્યો.

लप લવવું—બોલવું अलीलपत्, अललापत् લવારો કરાવ્યો—લપલપાટ કરાવ્યો—લપ લપ બોલાવ્યું,

## ऋद् ऋवर्णस्य ॥ ४ । २ । ३७ ॥

જે ધાતુને ઉપાંત્યમાં ऋ વર્ણ એટલે હ્રસ્વ તથા દીર્ઘ ऋ હોય તે પછી णि પ્રત્યય આવ્યો હોય અને તે પછી ङ પ્રત્યય લાગ્યો હોય તો ઉપાંત્યના ऋ માં કોઈ ફેરફાર ન થતાં ऋ વિકલ્પે કાયમ રહે છે અને દીર્ઘ ॠ હોય તો હ્રસ્વ ऋ વિકલ્પે થાય છે.

वृत् વર્તવું अवीवृतत्. अववर्तत् વર્તાવ્યું

कृत् સારા શબ્દ બોલવા—વખાણ કરવા कृत+इ+अ+चकृत्+इ+अ+त् अचीकृतत्, अचीकीर्तत् વખાણ કરાવ્યાં—કીર્તન કરાવ્યું

## जिघ्रतेः इः ॥४।२।३८॥

घ्रा ધાતુને णि લાગ્યો હોય અને તે પછી ङ લાગ્યો હોય તો ઉપાંત્યના आ નો इ વિકલ્પે થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

घ्रा સુંઘવું-घ्रा+णि=अ+जिघ्रा+प्+ङ+त्=अजिघ्रिपत्, अजिघ्रपत्-તેણે સુંઘાડ્યું. ॥४।२।३८॥

## तिष्ठतेः ॥ ४ । २ । ३९ ॥

સ્થા ધાતુને णि પ્રત્યય લાગ્યો હોય અને તે પછી ङ પ્રત્યય લાગ્યો હોય તો ઉપાંત્ય સ્વરનો એટલે આ નો इ થાય છે.

સ્થા ઊભા રહેવું સ્થા+णि-સ્થ +प्+णि=अ+तिष्ठ+प्+अ+त्=अतिष्ठिपत्-સ્થાપ્યું. ॥ ४ । २ । ३९ ॥

## ऊद् दुषो णौ ॥ ४ । २ । ४० ॥

दुष् ધાતુને णि લાગ્યો હોય ત્યારે ઉપાંત્યના હ્રસ્વ उનો દીર્ઘ ऊ થાય છે.

दुष् વિકાર થવો-दुष्+णि=दूष्+इ+अ+ति=दूष्+अय्+अ+ति=दूषयति-દૂષિત કરે છે. ॥ ४ । २ । ४० ॥

## चित्ते वा ॥ ४ । २ । ४१ ॥

જ્યારે दुष् ધાતુનો મૂળ કર્તા 'ચિત્ત' હોય અને તેને णि લાગ્યો હોય ત્યારે તેના ઉપાંત્યના સ્વરનો એટલે હ્રસ્વ उ નો દીર્ઘ ऊ વિકલ્પે થાય છે.

दुष्+णि=दूषि+अ+ति=दूषयति मनो, दूषयति मैत्रः મન-ચિત્ત-દૂષિત થાય છે અને મૈત્ર મનને દૂષિત કરે છે અથવા પ્રજ્ઞા દૂષિત થાય છે અને મૈત્ર તેને-પ્રજ્ઞાને-દૂષિત કરે છે.

दुष्+णि=दोषि+अ+ति=दोषे+अति=दोषयति-मनो दोषयति मैत्रः ,, ,, ,, ॥ ४ । २ । ४१ ॥

## गोहः स्वरे ॥ ४ । २ । ४२ ॥

गुह् ધાતુનો गोह् થયા પછી આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય તો गोह् ના ओनो ऊ થાય છે.

गुह् ગૂઢ રાખવું-ગુપ્ત રાખવું-ઢાંકવું-नि+गुह्+अ+ति+नि+गोह्+अ+ति=निगूहति-ગુપ્ત રાખે છે.

गोह् નથી-निजुगुहुः-ગુપ્ત રાખતા હતા.-અહીં गुह्નો गोह् થયો નથી ॥ ४ । २ । ४२ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भुवः वः परोक्षा-अद्यतन्योः ॥ ४ । २ । ४३ ॥

જ્યારે भू ધાતુ વકારાંત થયો હોય એટલે भूનો भुव् થયો હોય ત્યારે પરોક્ષા અને અદ્યતનીના પ્રત્યયો લાગતાં भुव નું भूव् થઈ જાય છે.

भू વિદ્યમાન હોવું-भू+णव्=बभूव्+अ=बभूव-થયો કે હું થયો.

भू+अन्=अ+भुव्+अन्=अभूवन्-થયા.

भुव् નથી થયો-बभूवान्-થયેલો.

अभूत्-થયો.

આ બન્ને ઉદાહરણોમાં भू નો भुव् થયેલો નથી, તેથી આ નિયમ ન લાગે. ॥૪।૨।૪૩॥

## गम-हन-जन-खन-घसः स्वरे अनङि क्ङिति लुक् ॥४।२।४४॥

गम्, हन्, जन्, खन्, घस् એ ધાતુઓનો ઉપાંત્ય સ્વર બોલાતો નથી એટલે લોપ પામે છે. જ્યારે એ ધાતુઓને આદિમાં સ્વરવાળા अङ् સિવાયના कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય તો.

क्ति् પ્રત્યય-

गम ગતિ કરવી-गम्-गम्गम्+उस्=जगम्+उस्=जग्म्+उस्=जग्मुः-તેઓ ગયા.

हन હણવું-हन्-हन्हन्+उस्=जघन्+उस्=जघ्न्+उस्=जघ्नुः-તેઓને હણ્યા.

जन પેદા થવું-जन्-जन्जन्+ए=जजन्+ए=जज्न्+ए=जज्ञे-તેઓનો જન્મ થયો.

खन ખણવું, ખોદવું-खन्-खन्खन्+उस्=चखन्+उस्=चख्न्+उस्=चख्नुः- તેઓએ ખોદ્યું.

घस् ખાવું-घस्-घस्घस्+उस्=जघस्+उस्=जक्ष्+उस्=जक्षुः-તેઓએ ખાધું.

ङित् પ્રત્યય-

हन्+अन्ति-हन्+अन्ति=घ्नन्ति-તેઓ હણે છે.

य પ્રત્યય છે-गम्यते જવાય છે-આદિમાં સ્વરવાળો પ્રત્યય નથી. તેથી ઉપાંત્યનો લોપ ન થાય.

अङ् છે-अगमत्-તે ગયો.-અહીં अङ् પ્રત્યય હોવાથી આ નિયમ ન લાગ્યો.

कित् ङित् નથી-गमनम्-જવું-અહીં गम् ધાતુને લાગેલો अन પ્રત્યય कित् ङित् પ્રત્યય ન હોવાથી આ નિયમ ન લાગ્યો. ॥૪।૨।૪૪॥

## नः व्यञ्जनस्य अनुदितः ॥ ४ । २ । ४५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતુપાઠમાં જે ધાતુ હ્રસ્વ ઉના નિશાનવાળો ન હોય અને વ્યંજનાંત હોય તેને कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય તો તે ધાતુના ઉપાંત્યનો न् લોપ પામે છે એટલે બોલાતો નથી.

स्रंस् ઢીલું થવું

कित्—स्रन्स्+तः—स्रस्तः—ઢીલો થયો.

ङित्—स्रंस्—स्रन्स् + यङ् = सस्रस्+य+ते—स+नी+स्रस्+यते=सनीस्रस्यते—વારંવાર અથવા વિશેષ ઢીલું થાય છે.—

नीयते-લઈ જવાય છે—આ સ્વરાંત ધાતુ છે.

नदु—नन्दु—नानन्द्यते—ખૂબ સમૃદ્ધ થાય છે—આ ધાતુ હ્રસ્વ ઉકારના નિશાનવાળો હોવાથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૪૫ ॥

## अञ्चः अनर्चायाम् ॥ ४ । २ । ४६ ॥

कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય તો अञ्च् ધાતુના ઉપાંત્યનો न् બોલાતો નથી, પણ अञ्च् ધાતુનો અર્ચા અર્થ ન હોય તો જ.

अञ्च ગતિ કરવી અથવા પૂજવું—उद्+अञ्च्+तम्—उद्+अच्+तम्—उदक्+तम्=उदक्तम् उदकं कूपात्-કૂવામાંથી પાણી કાઢવું.

પૂજા અર્થ છે—अञ्चिता गुरवः—ગુરુઓની પૂજા કરી—અહીં 'પૂજા' અર્થ હોવાથી न् કાયમ રહ્યો—આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૨ । ૪૬ ॥

## लङ्गि—कम्प्योः उपताप-अङ्गविकृत्योः ॥ ४ । २ । ४७ ॥

ઉપતાપ અર્થમાં જ लङ्ग ધાતુનો न् બોલાતો નથી અને અંગવિકૃતિ અર્થમાં જ कम्प् ધાતુનો न् બોલાતો નથી, જો कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય તો.

लग ગતિ કરવી—वि+लङ्ग्+इ+तः=वि+लग्+इतः=विलगितः રોગને લીધે સંતાપ પામેલો.

कम्प હલવું—वि+कम्प्+इ+तः=वि+कप्+इतः=विकपितः—શરીર કે તેના કોઈ અંગમાં વિકાર પામેલો.

ઉપતાપ નથી—विलङ्गितः—સંધાઈને ચાલતો.

અંગવિકાર નથી—विकम्पितः—ચિત્તમાં વિશેષ કંપેલો.

સૂત્રમાં જણાવેલ અર્થ ન હોવાથી આ બે પ્રયોગોમાં આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૨ । ૪૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भञ्जेः ञौ वा ॥ ४ । २ । ४८ ॥

भञ्ज् ધાતુને ञि પ્રત્યય લાગ્યા પછી તેનો न् વિકલ્પે બોલાય છે એટલે એકવાર ન બોલાય અને એક વાર બોલાય છે.

भञ्ज ભાંજવું--ભાંગવું अ+भञ्ज्+ञि+त=अभाजि, अभञ्जि-ભાંગી નાખ્યું. ॥ ૪ । ૨ । ૪૮ ॥

## दंश-सञ्जः शवि ॥ ४ । २ । ४९ ॥

दंश् ધાતુ અને सञ्ज् ધાતુને शव् પ્રત્યય લાગે ત્યારે તેના ઉપાંત્યનો न् બોલાતો નથી. शव् માટે જુઓ, ॥ ૩ । ૪ । ૭૧ ॥

दंश्+अ+ति=दशति–ડંખે છે અથવા ડસે છે

सञ्ज्+अ+ति=सजति–સંગ કરે છે. ॥ ૪ । ૨ । ૪૯ ॥

## अकट्-घिनोः च रञ्जेः ॥ ४ । २ ॥ ५० ॥

अक (अकट्), इन् (घिनण्) અને अ (शव्) પ્રત્યયો લાગ્યા હોય ત્યારે रञ्ज् ધાતુનો न् બોલાતો નથી.

रञ्ज्+अकः=रजकः–ધોબી. (अक માટે જુઓ, ૫ । ૧ । ६५)

रञ्ज+इन्=राग्+इन्=रागी–રંગવાળો. (ग માટે જુઓ, ૪ । ૧ । ૧૧૧)

रञ्ज्+अ+ति=रजति–રંગે છે. ॥ ૪ । ૨ । ૫૦ ॥

## णौ मृगरमणे ॥ ४ । २ । ५१ ॥

'મૃગોને રમાડવું, ઘાસ વગેરેની લાલચ આપીને મૃગોને તાબે કરવા' એવો रञ्ज् ધાતુનો અર્થ હોય ત્યારે તેને णि પ્રત્યય લાગતાં તેનો न् બોલાતો નથી.

रञ्ज्+णि=रजि+अ+ति=रजयति मृगं व्याधः–શિકારી મૃગને રમાડે છે-ઘાસ વગેરે ખવડાવીને ખુશ કરે છે.

रञ्जयति रजकः वस्त्रम्–ધોબી વસ્ત્રને રંગે છે. આ પ્રયોગમાં 'મૃગને રમાડવા'નો અર્થ નથી તેથી रञ्जનું रज् ન થયું. ॥ ૪ । ૨ । ૫૧ ॥

## घञि भाव-करणे ॥ ४ । २ । ५२ ॥

ભાવ-ક્રિયા-સૂચક અને કરણસૂચક घञ् પ્રત્યય લાગ્યો હોય તો रञ्ज् ધાતુનો न् બોલાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ-रञ्ज+घञ्=राग्+अ=रञ्जनं रागः-રાગ-રંગ.

કરણ-रञ्ज्-रजति अनेन इति रञ्ज्+घञ्-राग्+अ=रागः-જે વડે રાગ-રંગ-કરાય તે સાધન.

रङ्गः-જેમાં રંગાય તે કુંકું-અહીં કરણસૂચક કે ભાવસૂચક અર્થમાં પ્રત્યય લાગેલ નથી પણ અધિકરણઅર્થ સૂચક પ્રત્યય છે ॥ ૪ । ૨ । ૫૨ ॥

## स्यदः जवे ॥ ४ । २ । ५३ ॥

स्यन्द् ધાતુનો 'વેગ' અર્થ હોય અને घञ् પ્રત્યય લાગ્યો હોય તો स्यन्द्नो स्यद् થઈ જાય છે.

गो+स्यन्द्+अ=गोस्यदः-બળદની ગતિનો વેગ.

घृतस्यन्दः-ઘીનું ટપકવું-અહીં 'વેગ' અર્થ નથી તેથી આ નિયમ ન લાગે. ॥૪ । ૨ । ૫૩ ॥

## दशन-अवोद-एध-ओद्म-प्रश्रथ-हिमश्रथम् ॥४ । २ । ५४ ॥

दश् ધાતુનું दशन, अव સાથેના उन्द् ધાતુનું अवोद, इन्ध् ધાતુનું एध, उन्द् ધાતુનું ओद्म, प्र સાથેના श्रन्थ् ધાતુનું प्रश्रथ અને हिम સાથેના श्रन्थ् ધાતુનું हिमश्रथ એ પ્રકારે પ્રયોગો થાય છે.

दंश्-કરડવું-दंश्+अनट्=दशनम्-ભક્ષણ-કરડવું-રોટલો કરડે છે.

उन्द्-ભીનું થવું-પોચું થવું-अव+उन्द्+घञ्=अवोदः-થોડું ભીનું કે પોચું થવું કે ચોડવવું-દાળ ભાત શાક કે રોટલી ચોડવવાં.

इन्ध्-સળગવું इन्ध्+घञ्=एधः-લાકડું.

उन्द्-ભીનું થવું उन्द्+मन्=ओद्म- ભીનું કરનાર

श्रन्थ्-ઢીલું થવું प्र+श्रन्थ्+घञ्=प्रश्रथः-સંદર્ભ.

हिम+श्रन्थ्+घञ्=हिमश्रथः- હિમાલય. ॥ ૪ । ૨ । ૫૪ ॥

## यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेः धुटि क्ङिति ॥ ४ । २ । ५५ ॥

यम्, रम्, नम्, गम्, हन्, मन्, वन् ધાતુઓના અંતના વ્યંજનનો એટલે म् નો કે न् નો અને तनादि ગણના એટલે નવમા ગણના तन् વગેરે ધાતુઓના અંતના વ્યંજનનો એટલે म् નો કે न् નો લોપ થઈ જાય છે, જ્યારે ધુટ્ આદિવાળા-આદિમાં ધુટ્વ્યંજનવાળા-कित् તથા ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कित् પ્રત્યય–

यम्+तः=यतः– ઉપરામ પામેલો–શાંતિ પામેલો.

रम्+त्वा=रत्वा– રમીને.

नम्+तिः=नतिः– નમસ્કાર.

गम्+तः=गतः– ગયેલો.

हन्+तः=हतः– હણેલો કે હણાયેલો.

मन् જ્ઞાન થવું– मन्+तः=मतः– માનેલો.

वन्+तिः=वतिः– માગણી

तनादि–

तन् તાણવું–લાંબું કરવું– तन्+तः=ततः– તાણેલો–વિસ્તરેલ

क्षण् હિંસા કરવી– क्षण्+तः=क्षतः– ઘવાયેલો.

यम्यते– શાંત કરાય છે. આ રૂપમાં જે કિત્ પ્રત્યય य છે તે આદિમાં ધુટ વ્યંજનવાળો પ્રત્યય નથી.

यन्ता–શાંત થનારો.–આ પ્રયોગમાં લાગેલો तृ પ્રત્યય कित् ङित् પ્રત્યય નથી. ॥ ૪ । ૨ । ૫૫ ॥

## यपि ॥ ४ । २ । ५६ ॥

સંબંધકભૂતકૃદંતના क्त्वाने બદલે વપરાતો यप् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ઉપર ૫૫મા સૂત્રમાં કહેલા यम् આદિ ધાતુઓના અંતના વ્યંજનનો લોપ થાય છે.

प्रयम्+य=प्रयम्य–ઉપરામ કરીને

विरम्+य=विरम्य–વિરમીને

प्रनम्+य=प्रणम्य–પ્રણમીને

आगम्+य=आगम्य–આવીને

प्रहन्+य=प्रहत्य– હણીને

प्रमन्+य=प्रमत्य– વિચારીને

प्रवन्+य=प्रवत्य– માગીને

प्रतन्+य=प्रतत्य– વિસ્તરીને

प्रसन्+य=प्रसत्य– દઈને ॥ ૪ । ૨ । ૫૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा मः ॥ ४ । २ । ५७ ॥

છેડે म કારવાળા यम् વગેરે ધાતુઓ પછી પૂર્વ સૂચિત यप् પ્રત્યય લાગ્યો હોય તો તે ધાતુઓના અંતનો એટલે म् નો લોપ વિકલ્પે થાય છે.

प्र+यम्+य=प्रयत्य, प्रयम्य– વિશેષ ઉપરામ કરીને.

वि+रम्+य=विरत्य, विरम्य– વિરામ કરીને.

प्र+नम्+य=प्रणत्य, प्रणम्य– નમસ્કાર કરીને.

आ+गम्+य=आगत्य, आगम्य– આવીને. ॥૪।૨।૫૭॥

## गमां क्वौ ॥ ४ । २ । ५८ ॥

ઉપર કહેલ यम् વગેરે ધાતુઓને क्विप् પ્રત્યય લાગેલ હોય ત્યારે અંત વ્યંજનનો લોપ થાય છે. આ નિયમ પ્રયોગાનુસાર વાપરવાનો છે.

जनम्+गम्+क्विप्=जनंगत्– માણસ તરફ જનારો.

सम्+यम्+क्विप्=संयत्– રણમેદાન.

परि+तन्+क्विप्=परीतत्– વિસ્તાર કરનાર.

सु+मन्+क्विप्=सुमत्– સારો વિચાર કરનાર.

सु+वन्+क्विप्=सुवत्– સારો માગનાર. ॥૪।૨।૫૮॥

## न तिकि दीर्घश्च ॥ ४ । २ । ५९ ॥

ઉપર કહેલા यम् વગેરે ધાતુઓને જ્યારે तिक् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેમના અંતના વ્યંજનનો લોપ ન થાય અને દીર્ઘ પણ ન થાય.

यम्+तिक्=यन्तिः– ઉપરમ. तिक् પ્રત્યય માટે જુઓ, ૫।૧।૭૧.

रम्+तिक्=रन्तिः– રમત અથવા રાજાનું વિશેષ નામ છે–રંતિદેવ.

नम्+तिक्=नन्तिः– નમસ્કાર.

गम्+तिक्=गन्तिः– ગમન.

हन्+तिक्=हन्तिः– હણવું.

मन्+तिक्=मन्तिः– માનવું.

वन्+तिक्=वन्तिः– માગવું.

तन्+तिक्=तन्तिः– વિસ્તાર. ॥ ૪।૨।૫૯ ॥

## आः खनि–सनि––जनः ॥ ४ । २ । ६० ॥

खन्, सन् અને जन् ધાતુઓ પછી આદિમાં ધુટ્‌વાળા क्ङित् તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङित् પ્રત્યયો વિદ્યમાનરૂપે લાગેલા હોય તો તે ધાતુઓના અંત વ્યંજનનો आ થઈ જાય છે.

खन्+त=खातः– ખોદેલો

सन्+तः=सातः– આપેલો

जन्+तः=जातः– જન્મેલો

जन्+तिः=जातिः– જન્મવું–જાતિ

चङ्खन्ति–તેઓ ઘણું ખોદે છે. અહીં कित् ङित् પ્રત્યય વિદ્યમાન નથી.

जनित्वा–જન્મીને–આદિમાં વ્યંજનવાળો પ્રત્યય નથી પણ આદિમાં સ્વરવાળો પ્રત્યય છે. ॥ ૪ । ૨ । ૬૦ ॥

## सनि ॥ ४ । २ । ६१ ॥

આદિમાં ધુટ્‌વાળો सन् પ્રત્યય લાગેલ હોય તો खन्, सन्, અને जन् ધાતુઓના અંતના વ્યંજનનો आ થાય છે.

सन्+स પ્રત્યય सस+स–ससा+स+ति=सिषासति દેવાને ઈચ્છે છે.
सिसनिषति–દેવાને ઈચ્છે છે. અહીં આદિમાં इ વાળો सन् છે, આદિમાં ધુટ્‌વાળો सन् નથી ॥ ૪ । ૨ । ૬૧ ॥

## ये नवा ॥ ४ । २ । ६२ ॥

જેની આદિમાં માત્ર યકાર જ હોય એવો कित् ङित् પ્રત્યય જ્યારે લાગ્યો હોય ત્યારે खन्, सन् जन् ધાતુઓના અંતના વ્યંજનનો आ વિકલ્પે થાય છે.

कित् य–खन्+य+ते=खायते, खन्यते–ખોદાય છે.

ङित् यङ्–खन्+य=चखन्+य=चाखा+य+ते+चाखायते, चङ्खन्यते–ખૂબ ખોદે છે.

सन्+य+ते=सायते, सन्यते દેવાય છે.

प्र+जन्+य=प्रजाय, प्रजन्य–જન્મીને.

सान्यम् દેવા યોગ્ય.

जन्यम्–પેદા થવા યોગ્ય.

આ છેલ્લા બે પ્રયોગોમાં कित् ङित् પ્રત્યય નથી. ॥ ૪ । ૨ । ૬૨ ॥

## तनः क्ये ॥ ४ । २ । ६३ ॥

तन् ધાતુને क्य પ્રત્યય લાગે ત્યારે न् નો आ વિકલ્પે કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तन्+य+ते=तायते, तन्यते- વિસ્તરાય છે.

क्य પ્રત્યય નથી, यङ् પ્રત્યય છે–तन्तन्यते ખુબ અથવા વધારે વિસ્તાર કરે છે.
॥ ૪ । ૨ । ૬૩ ॥

**तिक्, वन् , क्ति, क्त અને क्तवतु પ્રત્યયો લાગતાં થતા ફેરફાર**

## तौ सनः तिकि ॥ ४ । २ । ६४ ॥

सन् ધાતુને तिक् પ્રત્યય લાગે ત્યારે सन् નો सा વિકલ્પે થાય છે અને અંતના વ્યંજનનો લોપ પણ વિકલ્પે થાય છે.

सन्+तिः=सातिः, सतिः सन्तिः દાન અથવા આ ત્રણે કોઈ રાજાઓનાં નામ છે.
॥ ૪ । ૨ । ૬૪ ॥

## वनि आङ् पञ्चमस्य ॥ ४ । २ । ६५ ॥

ધાતુને છેડે પાંચમો અક્ષર હોય તો તેનો आ થઇ જાય છે, જો તેને वन् પ્રત્યય લાગ્યો હોય તો.

जन् પેદા થવું–वि+जन्+वन्=विजावन्=विजावा–વિશેષ પેદા થનારો.

घुण् ભમવું–घुण्+वन्–घु+आ+वन्=घ्वावन्–घ्वावा–ભમનારો.

॥ ૪ । ૨ । ૬૫ ॥

## अपात् चायः चिः क्तौ ॥ ४ । २ । ६६ ॥

ति પ્રત્યય લાગતાં अप ઉપસર્ગ સાથે હોય ત્યારે માત્ર चाय् ધાતુનો चि થઈ જાય છે, चाय् પૂજવું તથા સાંભળવું–अप+चाय्+ति=अपचितिः–પૂજા.
॥ ૪ । ૨ । ૬૬ ॥

## ह्लादो ह्रद् क्तयोश्च ॥ ४ । २ । ६७ ॥

त (क्त) કે तवत् (क्तवतु) પ્રત્યય લાગ્યો હોય તો ह्लाद् નો ह्लद् થાય છે.

ह्लाद् સુખ થવું તથા અવાજ કરવો.

ह्लाद्+तः=ह्लन्नः સુખી થયેલો.

ह्लाद्+तवत्=ह्लन्नवान्– ,, ,,

ह्लाद्+तिः=ह्लत्तिः –સુખ. ॥ ૪ । ૨ । ૬૭ ॥

## ऋृ–ल्वादेरेषां तो नोऽप्रः ॥ ४ । २ । ६८ ॥

पॄ ધાતુ સિવાયના છેડે દીર્ઘ ॠકારવાળા ધાતુઓ પછી क्ति, क्त તથા क्तवतु પ્રત્યયો આવ્યા હોય તો તેમના त નો न થઈ જાય છે તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમા ગણના लू આદિ એટલે लू, धू, स्तॄ, कॄ वॄ ધાતુઓ પછી क्ति, क्तः અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો તેમના क्त ના त નો પણ न થાય છે.
દીર્ઘ ॠकारांत

तॄ+ति=तीर्णि+तीर्णिः—તરવું.

तॄ તરવું તથા પાણીમાં કૂદવું तॄ+तः=तीर्+णः=तीर्णः—તરેલો,

तॄ+तवत् = तीर्+णवत्=तीर्णवान्

लू આદિ—

लू લણવું लू+लूनिः—લણવું

लू+तः=लूनः કાપેલો

लू+तवत्=लूनवान्.

धू+ति=धूनिः—ધૂણવું

धू+त=धूनः—ધૂણેલો,

धू+तवत्=धूनवत्=धूनवान्—ધૂણેલો.

पॄ—पॄ+तिः=पूर्तिः—પૂરણી.

पॄ+तः=पूर्तः—ભરેલો.

पॄ+तवत्=पूर्तवान् ॥ ४।२।६८॥

## रदादमूर्च्छ—मदः क्तयोः दस्य च ॥ ४ । २ । ६९ ॥

मूर्च्छ् અને मद् ધાતુ સિવાયના र કારાંત તથા द કારાંત ધાતુને લાગેલા क्त અને क्तवतुના त કારાદિ આદિમાં त કારવાળા—त• નો જ न થઈ જાય છે અને न થતાં જ ધાતુના द કારનો પણ न થઈ જાય છે.

रकारांत—पूर्—પૂરવું વધવું पूर्+तः=पूर्+णः पूर्णः—ભરેલો.

पूर्+तवत्=पूर्+णवान पूर्णवान्—ભરનારો.

दकारांत—भिद् ભેદવું भिद्+तः=भिन्नः ભેદાયેલો

भिद्+तवत्=भिन्नवान्—ભેદનારો.

જે ધાતુઓ સૂત્રમાં વર્જેલ છે તે मूर्च्छ् અને मद् ધાતુઓને આ નિયમ ન લાગે—

मूर्च्छ्+तः=मूर्तः—મૂર્છા પામેલો

मद्+तः=मत्तः—છકી ગયેલ

चर्+इतम्=चरितम्

मुद्+इतम्=मुदितम् આ બન્ને ઉદાહરણોમા આદિમાં त કારવાળો त નથી પણ इतम् એમ इ કારવાળો त છે. ॥ ४।२।६९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઽसूयति-आदि–ओदितः ॥ ४ । २ । ७० ॥

૪ થા ગણના सूयति વગેરે નવ ધાતુઓને લાગેલા क्त તથા क्तवतुના त નો न થઈ જાય છે અને ધાતુપાઠમાં જણાવેલા ओकार નિશાનવાળા ધાતુઓને લાગેલા क्त અને क्तवतु ના त નો न થઈ જાય છે.

सू પ્રાણીને। પ્રસવ–सू+तः=सूनः–જન્મેલો,

सू+तवत्=सूनवान् –"

दू પરિતાપ–दू+तः=दूनः–દૂણેલો,

दू+तवत्=दूनवान्– "

ओ કાર નિશાનવાળા–लज्+तः=लग्नः–શરમાયેલો

लज्+तवत्=लग्नवान्– "

ચોથા ગણના सू વગેરે નવ ધાતુઓ આ પ્રમાણે છે. ૧ सू જનમ થવો ૨ दू દુઃખ થવું–પરિતાપ ૩ दी ક્ષીણ થવું ૪ धी અનાદર કરવો ૫ मी હિંસા કરવી ૬ री ટપકવું ૭ ली ભેટવું–ચોંટવું ૮ व्री ગતિ કરવી ૯ व्री વરવું–સ્વીકાર કરવો. ॥ ૪ । ૨ । ૭૦ ॥

## व्यञ्जनान्तस्थाऽऽतः अख्या–ध्यः ॥ ४ । २ । ७१ ॥

ધાતુમાં રહેલા વ્યંજન પછી જો છેડે आ કારવાળો અંતસ્થા અક્ષર આવેલ હોય તો તે પછી આવેલા क्त અને क्तवतु ના त નો न થઇ જાય છે. પણ ख्या અને ध्या ધાતુઓને આ નિયમ ન લાગે

स्त्या સંઘાત–સમૂહ–થઈ જવું–જામી જવું

स्त्या+तः=स्त्यानः– થીજી ગયેલો–જામી ગયેલો.

स्त्या+तवत्=स्त्यानवान्– જામી જનાર

यातः–ગયેલો. અહીં વ્યંજન પછી અંતસ્થા અક્ષર નથી પણ ધાતુની આદિમાં જ અંતસ્થા અક્ષર છે.

स्नातः–સ્નાન કરેલો. અહીં વ્યંજન પછી અંતસ્થા નથી પણ न છે.

च्युतः–પડી ગયેલો. અહીં વ્યંજન પછી અંતસ્થા તો છે પણ તે आ વાળો નથી, उ વાળો છે.

निर्यातः–નીકળેલો. અહીં ધાતુના વ્યંજન પછી आ વાળો અંતસ્થા અક્ષર નથી પણ ઉપસર્ગના र् વ્યંજન પછી आ વાળો અંતસ્થા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ख्यातः–કહેલો, અહીં ख्या ધાતુ છે સૂત્રમાં તેને વર્જ્યો છે.

ध्यातः–ધ્યાયેલો. અહીં ध्या ધાતુ છે, સૂત્રમાં તેને વર્જેલો છે.

दरिद्रितः– દરિદ્ર થયેલો. અહીં આ કારવાળો અંતસ્થા નથી. પણ दरिद्+इतः એ પ્રમાણે इ કાર વાળો અંતસ્થા છે.

॥ ૪ । ૨ । ૭૧ ॥

## पू दिवि–अञ्चेः नाश–अद्यूत–अनपादाने ॥ ४ । २ । ७२ ॥

'નાશ' અર્થવાળા पू ધાતુથી, 'દ્યૂત' અર્થ સિવાયના અર્થવાળા दिव् ધાતુથી, અને અપાદાન કારક સાથે સંબંધ નહીં ધરાવતા એવા अञ्च् ધાતુથી લાગેલા क्त અને क्तवतु પ્રત્યયોના त નો न થાય છે.

पू+ताः=पूनाः यवाः–સડી ગયેલા જવ–વિનાશ પામેલા જવ.

आ+दिव्+तः=आद्यूनः–પેટની વ્યાધિવાળો.

सम्+अञ्च्+तौ=सम्+अक्+नौ=समक्नौ–पक्षौ–ભેગી થયેલી બે પાંખો.

पूतम्–પવિત્ર–'નાશ'. અર્થ નથી.

द्यूतम्–'જુગાર' અર્થ છે.

उदक्तं जलम् कूपात्–કૂવામાંથી પાણી કાઢયું.–આ રૂપમાં अञ्च् ધાતુનો 'કૂપ'રૂપ અપાદાન કારક સાથે સંબંધ છે ॥ ૪ । ૨ । ૭૨ ॥

## सेः ग्रासे कर्मकर्तरि ॥ ४ । २ । ७३ ॥

सि ધાતુને લાગેલા क्त અને क्तवतु ના त નો न થાય છે, જો ગ્રાસ–કોળિયો–કર્મકર્તા હોય તો.

सि બંધન.–બંધાવું– सि+तः=सिनो ग्रासः स्वयमेव– કોળિયો એને મેળે બંધાઈ ગયો.

सितो ग्रासो मैत्रेण–મૈત્રે કોળિયાને બાંધ્યો–અહીં ग्रास–કોળિયો–કર્મરૂપ છે પણ કર્મકર્તા નથી તેથી त નો न ન થયો. ॥ ૪ । ૨ । ૭૩ ॥

## क्षेः क्षी च अध्याऽर्थे ॥ ४ । २ । ७४ ॥

ध्यण् પ્રત્યય ભાવસંબંધી અર્થને અને કર્મસંબંધી અર્થને સૂચવવા સારુ આવે છે એટલે જે અર્થમાં ध्यण् પ્રત્યય આવે છે તે અર્થ સિવાયના બીજા અર્થમાં એટલે ભાવ અને કર્મ સિવાયના બીજા અર્થમાં क्षि ધાતુને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગેલા क्त અને क्तवतु પ્રત્યયોના तनो न થાય છે અને તે न થતાં क्षि નું क्षी રૂપ થાય છે.

क्षि+तः=क्षीणः–ક્ષય પામેલો.

क्षि+तवान्=क्षीणवान् मैत्रः–મૈત્ર ક્ષીણ થયો.

क्षितम् अस्य–આનો ક્ષય થયો–આ પ્રયોગમાં 'ભાવ' એટલે ક્રિયા' અર્થ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૭૪ ॥

## वा आक्रोश-दैन्ये ॥ ४ । २ । ७५ ॥

'આક્રોશ' અર્થ જણાતો હોય અને 'દીનતા' અર્થ જણાતો હોય તો ભાવ અને કર્મ સિવાય બીજા અર્થમાં क्षि ધાતુને જે क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તેમના त નો न વિકલ્પે થાય છે અને તે न થતાં क्षि નું क्षी રૂપ થાય છે.

क्षीणायुः, क्षितायुः जाल्मः–જાલિમ માણસ ક્ષીણ આયુષ્યવાળો છે. –અહીં આક્રોશ અર્થ છે તેથી न વિકલ્પે થયેલ છે.

क्षीणकः क्षितकः तपस्वी તપસ્વી બિચારો ક્ષીણ થયો.–અહિં દીનતા અર્થ છે તથી न વિકલ્પે થયેલ છે. ॥ ૪ । ૨ । ૭૫ ॥

## ऋ-ह्री-घ्रा-ध्रा-त्रा-उन्द्-नुद-विन्तेः वा ॥ ४ । २ । ७६ ॥

ऋ, ह्री, घ्रा, ध्रा, त्रा, उन्द्, नुद्, विन्द् (છઠ્ઠા રુધાદિ ગણનો विन्द्) ધાતુઓ પછી લાગેલા क्त અને क्तवतु પ્રત્યયોના त નો न વિકલ્પે થાય છે ऋ ગતિ કરવી– ऋ+तम्=ऋणम्–કરજ–દેવું ऋतम्–સત્ય.

'કરજ' અર્થમાં જ ऋण શબ્દ વપરાય છે અને 'સત્ય' અર્થમાં જ ऋत શબ્દ વપરાય છે. એવો આ વ્યવસ્થિત વિકલ્પ છે.

ह्री શરમાવું– ह्री+तः=ह्रीणः,ह्रीतः–શરમાયેલો.

ह्री+तवान्=ह्रीणवान्, ह्रीतवान् – ,,

घ्रा+तः=घ्राणः, घ्रातः– સૂંઘેલો

ध्रा+तः=ध्राणः, ध्रातः ધરાયેલો–તૃપ્ત થયેલો

त्रा+तः=त्राणः, त्रातः–રક્ષાયેલો.

सम्+उन्द्+तः=समुन्नः, समुत्तः ભીનો થયેલો

नुन्द्+तः=नुन्नः, नुत्तः–પ્રેરાયો.

विन्द्+तः=विन्नः, वित्तः–વિચારેલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્થળે क्तवतु પ્રત્યયનું ह्रीणवान्, ह्रीतवान् એવું એક જ ઉદાહરણ આપેલ છે પણ એની જેવાં બીજાં घ्राणवान्–घ्रातवान्, घ्राणवान्–घ्रातवान् વગેરેની જેમ त्रा વગેરે ધાતુઓનાં ઉદાહરણો પણ સમજી લેવાં.

॥ ४ । २ । ७६ ॥

## दु–गोः ऊ च ॥ ४ । २ । ७७ ॥

दु અને गु ધાતુ પછી આવેલા क्त અને क्तवतु પ્રત્યયોના त નો न થાય છે અને તે न થતાં दु અને गु ના હ્રસ્વ उ નો દીર્ઘ ऊ થઈ જાય છે.

दु ઉપતાપ– दु+तः=दूनः દુભાયેલો.

दु+तवान्=दूनवान्– ,,

गु મલવિસર્જન–गु+तः=गूनः–મળનું વિસર્જન જેણે કરેલ છે, "લાદ કરેલો હાથી" સંસ્કૃત 'द्वयाश्रय કાવ્ય' નવમો સર્ગ શ્લોક ૫૫ "इभगूने" गु+तवान्=गूनवान्–નિહાર કરેલ. ॥ ४ । २ । ७७ ॥

## क्षै–शुषि–पचः म–क–वम् ॥ ४ । २ । ७८ ॥

પ્રથમ ગણના क्षै ધાતુને લાગેલા क्त અને क्तवतुના तનો म કરવો शुष् ધાતુને લાગેલા क्त અને क्तवतुના तનો क કરવો અને पच् ધાતુને લાગેલા क्त અને क्तवतुના तનો व કરવો

क्षै–ક્ષય– क्षै+तः= ।।૪।૨।૧।। સૂત્રથી क्षै નો क्षा થયો–क्षा+तः क्षामः દૂબળો. क्षै+तवान्=क्षा+तवान्=क्षामवान् દૂબળો.

शुष–સુકાવું.

शुष्+तः=शुष्कः–સૂકાયેલો.

शुष्+तवान्=शुष्कवान्– "

पच्+तः–पक्वः–પાકેલ.

पच्+तवान्=पक्वान्–પાકેલ. ॥ ४ । २ । ७८ ॥

## निर्वाणम् अवाते ॥ ४ । २ । ७९ ॥

निर् ઉપસર્ગ સાથે वा ધાતુ હોય અને પછી क्त પ્રત્યય લાગ્યો હોય તો क्त પ્રત્યયના त् નો न् થાય છે, જો વાયુ કર્તા ન હોય તો.

વા ગતિ અને ગંધન–પ્રકાશન. निर्+वा+तः=निर्वाणः मुनिः–મુનિ શાંત થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निर्वातः वातः –વાયુ વાયો. –અહીં વાયુ કર્તા છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૭૯ ॥

## अनुपसर्गाः क्षीव-उल्लाघ-कृश-परिकृश–फुल्ल–उत्फुल्ल–संफुल्लाः ॥ ४ । । २ । ८० ॥

क्षीब् અને क्त મળીને क्षीब, उत् સાથે लाघ् અને क्त મળીને उल्लाघ, कृश् અને क्त મળીને कृश, परि સાથે कृश् અને क्त મળીને परिकृश, फल અને क्त મળીને फुल्ल તથા उत् સાથે फल અને क्त મળીને उत्फुल्ल તથા सम् સાથે फल અને क्त મળીને संफुल्ल થાય છે.

અહીં જે क्त કહેલો છે તે વડે क्तवतु નો પણ क्त સમજવો. એથી क्तवतुમાં પણ આ નિયમ લાગે, એટલે क्षीबःની પેઠે क्षीबवान्, उल्लाघःની પેઠે उल्लाघवान् વગેરે પ્રયોગો પણ સાધી લેવા.

આ તૈયાર થયેલા શબ્દોને બીજો કોઈ ઉપસર્ગ લગાડી જ ન શકાય. क्षीब् મદ કરવો–क्षीब्+त–क्षीबः, क्षीब् + तवत्–क्षीबवान्–છકેલો, મત્ત. लाघ સમર્થતા– उत्+लाघ्+त=उल्लाघः, उल्लाघ्+तवत्=उल्लाघवान् આરોગ્ય-વાળો–સમર્થ.

कृश् પાતળા થવું कृश्+त=कृशः, कृश्+तवत्=कृशवात्– દૂબળો
परिकृश्+त=परिकृशः परिकृश्+तवत्=परिकृशवान् દૂબળો
ञिफला विशरणे વિશરણ એટલે હિંસા फल्+त=फुल्लः, फुल्ल+तवत्=फुल्लवान्–વિશરણ પામેલો.
उत्+फल्+त=उत्फुल्लः, उत्+फल+तवत्=उत्फुल्लवान्– ,,
सम्+फल्+त=संफुल्लः, संफल्+तवत्=संफुल्लवान्– ,,

प्रक्षीबितः –વધારે મત્ત–અહીં क्षीब् ધાતુ ઉપસર્ગ સાથે છે, તેથી આ નિયમ ન લાગે એટલે प्रक्षीबः વગેરે પ્રયોગો ન થાય.

**સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય** સર્ગ નવમો શ્લોક ૫૬–૫૭માં फुल्ल વગેરે શબ્દોના અર્થો જુદી રીતે આપેલ છે. ॥ ૪ । ૨ । ૮૦ ॥

## भित्तं शकलम् ॥ ४ । २ । ८१ ॥

भिद् ધાતુ પછી જો क्त પ્રત્યય લાગ્યો હોય તો તેનો भित्तम् પ્રયોગ થાય છે. અને પછી એ भित्त શબ્દ 'શકલ–ખંડ–ટુકડો'–નો પર્યાય બને છે. भित्तम् એટલે શકલ–ટુકડો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भिन्नं भित्तम्–ટુકડો ભેદાયો –અહીં भित्तम् શબ્દ 'ભેદાયેલ' અર્થનો સૂચક છે તેથી भित्तम् રૂપ ન થાય પણ भिन्नम् રૂપ જ થાય. જુઓ ॥ ૪।૨।૬૯ ॥ ॥ ૪ । ૨ । ૮૧ ॥

## वित्तं धन – प्रतीतम् ॥ ४ । २ । ८२ ॥

'લાભ' અર્થના સૂચક विद् (છઠ્ઠા ગણના) ધાતુને લાગેલા क्त પ્રત્યય સાથે તેનું वित्तम् રૂપ થાય છે અને તે वित्त શબ્દ 'ધન' અને 'પ્રતીત'ના પર્યાય રૂપે વપરાય છે.

विद् લાભ થવો विद् + तम् = विद्यते लभ्यते इति वित्तम्–धनम्–ધન

विद् + त = विद्यते लभ्यते यः सः वित्तः–प्रतीतः–પ્રસિદ્ધ

विद् + तः = विन्नः – લાભ પામેલો–અહીં विन्न પદનો ધન કે પ્રતીતનો પર્યાય રૂપ અર્થ નથી.

'લાભ' અર્થ હોય ત્યારે આ નિયમ ન લાગે પણ ॥ ૪ । ૨ । ૭૬ ॥ નિયમ લાગે ॥ ૪ । ૨ । ૮૨ ॥

क्त क्तवतु વગેરેના પરિવર્તનનું પ્રકરણ સમાપ્ત

## हु–धुटः हेः धिः ॥ ४ । २ । ८३ ॥

हु ધાતુ ને લાગેલા અને જેને છેડે धुट् હોય એવા ધાતુઓને લાગેલા हि (પંચમી–આજ્ઞાર્થ–ના બીજા પુરુષ એકવચનના) પ્રત્યયનો धि થાય છે. हु (બીજો ગણ) દાન અને અદન–ભક્ષણ.

हुहु + हि–जुहु + धि = जुहुधि – તું ભક્ષણ કર.

धुट्–विद् જાણવું બીજો ગણ–विद् + हि – विद्+धि = विद्धि – તું જાણ.

॥ ૪ । ૨ । ૮૩ ॥

## शास्–अस् हनः शाधि–एधि–जहि ॥ ४ । २ । ८४ ॥

शास् ધાતુને हि પ્રત્યય લાગતાં शाधि રૂપ થાય. अस् બીજો ગણ ધાતુને हि લાગતાં एधि રૂપ થાય અને हन् ધાતુને हि લાગતાં जहि રૂપ થાય.

शाधि – તું અનુશાસન કર.

अस् વિદ્યમાન હોવું एधि–તું છો.

हन् હણવું – जहि – તું હણ. ॥ ૪ । ૨ । ૮૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अतः प्रत्ययात् लुक् ॥ ४ । २ । ८५ ॥

ધાતુઓને અકારાંત પ્રત્યય લાગ્યો હોય અને તે પછી हि આવ્યો હોય તો हि નો લોપ થાય છે.

दिव् + य + हि = दीव् + य + हि = दीव्य – તું રમ.

राध् સિદ્ધિ થવી, राध्नुहि–સિદ્ધ કર. આ રૂપમાં અકારાંત પ્રત્યય પછી हि નથી પણ नु એવા ઉકારાંત પ્રત્યય પછી हि છે તેથી हि નો લોપ ન થયો.

ધાતુ पय् गतौ–पय्पय्+हि=पापय्+हि=पापयहि–ઘણું અથવા વારંવાર જા. આ પ્રયોગમાં અકારાંત પ્રત્યય પછી हि નથી પણ અકારાંત ધાતુ પછી हि છે. તેથી हि નો લોપ ન થયો. ॥ ૪ । ૨ । ૮૫ ॥

## असंयोगाद् ओः ॥ ४ । २ । ८६ ॥

છેડે કોઈ સંયોગ ન હોય એવા ધાતુને ઉકારાંત પ્રત્યય લાગેલો હોય અને પછી हि પ્રત્યય લાગ્યો હોય તો તે हि નો લોપ થાય છે.

सु–અભિષવ–મદ્ય સંબંધી ક્લેદન અથવા પીડન કે મંથન. सु+नु–हि=सुनु–પીડા કર

अक्ष વ્યાપવું अक्ष्णु + हि–अक्ष्णुहि–વ્યાપ્ત થા (જુઓ, ૩।૪।૭૬) અહીં ધાતુને છેડે સંયોગ છે તેથી हि નો લોપ ન થાય.

क्रीणीहि – ખરીદ કર. અહીં ઉકારાંત પ્રત્યય પછી हि, આવેલ નથી પણ ईकारांत પ્રત્યય પછી આવેલ છે. ॥ ૪ । ૨ । ૮૬ ॥

## वमि अविति वा ॥ ४ । २ । ८७ ॥

ધાતુને છેડે કોઈ સંયોગ ન હોય અને ઉકારાંત પ્રત્યય આવેલો હોય તો તે ઉકારાંતવાળા પ્રત્યયનો લોપ વિકલ્પે થાય છે, જો व् નિશાન વગરના આદિમાં व વાળા અને આદિમાં म વાળા પ્રત્યયો લાગ્યા હોય તો.

सु + नु + वस् = सुन्वः, सुनुवः – અમે બે પીડા કરીએ છીએ.

सु + नु + मस् = सुन्मः, सुनुमः – અમે પીડા કરીએ છીએ.

सुनोमि – હું પીડા કરું છું. અહીં व् નિશાનવાળો मिव् પ્રત્યય છે. તેથી આ નિયમ ન લાગે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तक्ष्णुवः – અમે બે પાતળું કરીએ છીએ. અહીં ધાતુને છેડે સંયોગ છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૮૭ ॥

## कृगः यि च ॥ ४ । २ । ८८ ॥

આદિમાં યવાળા પ્રત્યયો લાગ્યા હોય તથા व् નિશાન વગરના વકારાદિ અને મકારાદિ પ્રત્યયો લાગ્યા હોય તો कृ ધાતુસંબંધી उ નો લોપ થાય છે.

कृ + उ + युस् = कुर् + युस = कुर्युः – તેઓ કરે.

कृ + उ + वस् = कुर् + वस् = कुर्वः – અમે બે કરીએ છીએ

कृ + उ + मस् = कुर् + मस् = कुर्मः – અમે કરીએ છીએ. ॥ ૪ । ૨ । ૮૮ ॥

## अतः शिति उत् ॥ ४ । २ । ८९ ॥

જ્યારે व् નિશાન વગરના शित्–શિતસંજ્ઞાવાળા– (૩ । ૩ । ૧૦) પ્રત્યયો લાગ્યા હોય ત્યારે कृ ના कर् નો कुर् થાય છે. એટલે कर् ના अ નો उ થાય છે.

कृ + उ + हि = कुर् + उ + हि = कुरु – તું કર. (જુઓ, ૪ । ૨ । ૮૬)

करोति – તે કરે છે, – આ રૂપમાં वित् – व નિશાનવાળો–तिव् પ્રત્યય છે, તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૨ । ૮૯ ॥

## श्न–अस्त्योः लुक् ॥ ४ । २ । ९० ॥

व् ઇત્–व् નિશાન વગરના–शित् પ્રત્યયો લાગતાં श्न (૩ । ૪ । ૮૨)ના अ નો લોપ થાય છે તથા अस् ધાતુના अ નો પણ લોપ થાય છે.

रुध्–રોકવું–रुध्+तस्=रु+ण+ध्+तस् – रु + ण् + ध् + तः = रुन्ध् + धः = रुन्द्धः – તે બે જણ રોકે છે.

अस् + तस् = स्तः – તે બે જણ છે.

आस्ताम् - તે બે હતા. - अस् ધાતુના अ નો લોપ થવાનું કહેલ છે તેથી અહીં अस् ધાતુના स् નો લોપ ન થાય. ॥ ૪ । ૨ । ૯૦ ॥

## वा द्विष्–आतः अनः पुस् ॥ ४ । २ । ९१ ॥

द्विष् ધાતુને લાગેલા अवित् शित् પ્રત્યયોમાંના अन् નો पुस् વિકલ્પે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે તથા જે ધાતુને છેડે આકાર હોય તે ધાતુને લાગેલા અવિત્ શિત્ પ્રત્યયોમાંના અન્ નો પુસ્ વિકલ્પે થાય છે.

द्विष् અપ્રીતિ–अ+द्विष्+अन् = अद्विष्+उस्=अद्विषुः, अद्विषन् તેઓએ દ્વેષ કર્યો.

या જવું अ+या+अन्=अया+उस्=अयुः, अयान्–તેઓ ગયા. ॥૪।૨।૯૧॥

## सिज्–विदः अभुवः ॥ ४ । २ । ९२ ॥

भू ધાતુ સિવાય બીજા કોઈ પણ ધાતુને સિચ્ પ્રત્યય લાગ્યો હોય અને તે પછી અદ્યતનીનો અન્ પ્રત્યય લાગ્યો હોય તો તે अन् નો પુસ્ થઈ જાય છે તથા विद् ધાતુને લાગેલા હ્યસ્તનીના अन् નો પુસ્ થઈ જાય છે.

अद्यतनी–अ+कृ+स्+अन्=अ+कार्ष्+उस्=अकार्षुः–તેઓએ કર્યું.

ह्यस्तनी–अ+विद्+अन्=अ+विद्+उस्=अविदुः–તેઓએ જાણ્યું.

अ+भूव्+अन्=अभूवन्–તેઓ થયા. – અહીં भू ધાતુ છે. તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૯૨ ॥

## द्विउक्त–जक्षपञ्चतः ॥ ४ । २ । ९३ ॥

દ્વિર્ભાવ પામેલા ધાતુઓ પછી આવેલા શિત્ પ્રત્યયરૂપ अन् નો પુસ્ થઈ જાય છે તથા जक्षादि (जक्ष्, दरिद्रा, जागृ, चकास्, शास्) પાંચ ધાતુઓથી લાગેલા શિત્ પ્રત્યયરૂપ अन्નો પુસ્ થઈ જાય છે. શિત્ પ્રત્યયરૂપ अन् એટલે હ્યસ્તનીનો अन्.

દ્વિર્ભાવ પામેલ ધાતુ—

अ+जुहव्+अन्=अजुहव्+उस्=अजुहवुः– તેઓએ હોમ કર્યો અથવા ભક્ષણ કર્યું.

जक्ष् આદિ પાંચ –

जक्ष ખાવું તથા હસવું –

अ+जक्ष्+अन्=अजक्ष्+उस्=अजक्षुः – તેઓએ ખાધું.

दरिद्रा–દરિદ્ર થવું–अ+दरिद्र्+अन्=अदरिद्र्+उस्=अदरिद्रुः – તેઓ દુર્ગતિવાળા થયા–દરિદ્ર થયા.

जागृ જાગવું अ+जागृ+अन्=अजागर्+उस्=अजागरुः – તેઓ જાગ્યા.

चकास् શોભવું–अ+चकास्+अन्=अचकास्+उस्–अचकासुः–તેઓ શોભ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अ+शास्+अन्=अशास्+उस्=अशासुः तेओએ અનુશાસન કર્યું.
॥ ४ । २ । ९३ ॥

## अन्तो नो लुक् ॥ ४ । २ । ९४ ॥

દ્વિર્ભાવ પામેલા ધાતુઓ પછી આવેલા शित् પ્રત્યયના अन्त् અંશનો अत् થાય છે અને પૂર્વોક્ત जक्ष् વગેરે પાંચ ધાતુઓ પછી આવેલા शित् પ્રત્યયના अन्त् અંશનો अत् થાય છે, તથા शतृ પ્રત્યયના अन्त् અંશનો પણ अत् થઇ જાય છે.

દ્વિર્ભાવ પામેલ ધાતુ—

जुहु+अन्ति=जुहु+अति=जुह्वति–તેઓ દાન આપે છે.

जक्षादि पांच धातु

जक्ष्+अन्ति=जक्षति–તેઓ ખાય છે.

दरिद्रा+अन्ति=दरिद्रति–તેઓ દુ:ખી થાય છે.

शतृ–

जुहु+अन्त्=जुह्वत्- દાન આપતો.

जक्ष्+अन्त्=जक्षत्–ખાતો.

दरिद्रा+अन्त्=दरिद्रत्–દુ:ખી થતો. ॥ ४ । २ । ९४ ॥

## शौ वा ॥ ४ । २ । ९५ ॥

નપુંસકલિંગમાં પ્રથમાના અને દ્વિતીયાના બહુવચનમાં જે शि પ્રત્યય (જૂઓ, ૧।૪।૫૫) વપરાય છે તે शि અહીં લેવાનો છે. આ शि પ્રત્યય લાગ્યો હોય ત્યારે ઉપરના ૪।૨।૯૪ સૂત્રમાં જણાવેલા ધાતુઓને લાગેલા अन्त्નો अत् વિકલ્પે થઈ જાય છે.

પ્ર૦ બહુ૦ વ૦ તથા દ્વિ૦ બહુ૦ વ૦—

ददन्त्+इ=ददत्+इ=ददति, ददन्ति कुलानि–દાન આપનારાં કુલો કે કુલોને

जक्षन्त्+इ=जक्षत्+इ=जक्षति, जक्षन्ति–ખાનારાં કુલો કે કુલોને

दरिद्रन्त्+इ=दरिद्रति, दरिद्रन्ति–દુ:ખી થનારાં કુલો કે કુલોને ॥ ४ । २ । ९५ ॥

## श्नः च आतः ॥ ४ । २ । ९६ ॥

જ્યારે व् નિશાન વગરના शित् સંજ્ઞાવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિર્ભાવ પામેલા ધાતુઓના આનો લોપ થાય છે, તથા जक्षादि પાંચ ધાતુઓના આનો લોપ થાય છે. અને નવમા ગણના ધાતુઓને ॥૩।૪।૭૯॥ નિયમ પ્રમાણે લાગતા श्ना પ્રત્યયના આનો પણ લોપ થાય છે.
દ્વિર્ભાવ પામેલ ધાતુ-मिमा+अन्ते=मिमते-તેઓ માપે છે.

जक्ष વગેરે પાંચ ધાતુઓ-दरिद्रा+अन्ति=दरिद्रति-તેઓ દુઃખી થાય છે.

श्ना આ-क्रीणा+अन्ति=क्रीणन्ति-તેઓ ખરીદ કરે છે.

अजहा+अम्=अजहाम्-મેં ત્યાગ કર્યો.
अक्रीणा+अम्=अक्रीणाम्-મેં ખરીદ્યું.

ઉપર આપેલા આ બે પ્રયોગોમાં अम्व् પ્રત્યય वित्-व् નિશાનવાળો છે તેથી આનો લોપ ન થાય. ॥૪।૨।૯૬॥

## एषाम् ईः व्यञ्जने अदः ॥ ४ । २ । ९७ ॥

જ્યારે व् નિશાન વગરના તથા આદિમાં વ્યંજનવાળા એવા शित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે દ્વિર્ભાવ પામેલા ધાતુઓના આનો ई થઈ જાય છે. તથા जक्षादि પાંચ ધાતુઓના આનો ई થાય છે તથા નવમા ગણના ધાતુઓને લાગતા श्ना પ્રત્યયના આનો ई થાય છે. જેની दा સંજ્ઞા છે એવા ધાતુઓને આ નિયમ લાગતો નથી.

દ્વિર્ભાવ પામેલ ધાતુનો આ-

मा-બીજો ગણ-અવાજ કરવો, માપવું

मिमा+ते=मिमीते-તે માપે છે.

श्ना નો આ-

लू+ना+तस्=लुनीतः-તે બે કાપે છે.

मि+मा+अन्ते=मिमते-તેઓ માપે છે. - અહીં मिमते રૂપમાં આદિમાં વ્યંજનવાળો પ્રત્યય નથી, પણ આદિમાં સ્વરવાળો એવો अन्ते પ્રત્યય છે. अन्ते ના अते માટે જુઓ સૂત્ર ૪।૨।૯૪

दा દેવું (બીજો ગણ) - दत्तः-તે બે આપે છે.

धा દેવું તથા ધારણ કરવું (,,) -धत्तः-તે બે ધારણ કરે છે.

આ બે પ્રયોગોમાં दा સંજ્ઞાવાળા ધાતુઓ છે માટે તેમને આ નિયમ ન લાગે. दा સંજ્ઞા માટે જૂઓ, ॥૩।૩।૫॥ સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इः दरिद्रः ॥ ४ । २ । ९८ ॥

આદિમાં વ્યંજનવાળા અને व् નિશાન વગરના શિત્ પ્રત્યયો લાગ્યા હોય તો दरिद्रा ધાતુના आ નો इ થાય છે.

दरिद्रा + तः = दरिद्रितः – તેઓ બે દુઃખી થાય છે.

दरिद्रा+अन्ति–दरिद्र्+अति=दरिद्रति તેઓ દુઃખી થાય છે. આ પ્રયોગમાં આવેલો अन्ति પ્રત્યય આદિમાં વ્યંજનવાળો પ્રત્યય નથી. अन्ति ના अति માટે (જુઓ ૪ । ૨ । ૯૪) ॥ ૪ । ૨ । ૯૮ ॥

## भियो नवा ॥ ४ । २ । ९९ ॥

આદિમાં વ્યંજનવાળા અને व् નિશાન વગરના શિત્ પ્રત્યયો લાગ્યા હોય તો भी ધાતુના દીર્ઘ ई નો હ્રસ્વ इ વિકલ્પે થાય છે.

भी બીવું भी+तस्=बिभी+तः=बिभितः, बिभीतः – તેઓ બે ભય પામે છે. ॥ ૪ । ૨ । ૯૯ ॥

## हाकः ॥ ४ । २ । १०० ॥

આદિમાં વ્યંજનવાળા અને व् નિશાન વગરના શિત્ પ્રત્યયો લાગ્યા હોય તો हा નો हि વિકલ્પે થાય છે.

हा ત્યાગ કરવો - हाहा + तस् = जहा + तः = जहितः, जहीतः–તેઓ બે ત્યાગ કરે છે. ॥ ૪ । ૨ । ૧૦૦ ॥

## आ च हौ ॥ ४ । २ । १०१ ॥

ક્રિયાપદની વિભક્તિ રૂપ પંચમીનો हि પ્રત્યય લાગે ત્યારે हा ધાતુના आ નો इ વિકલ્પે થાય છે ને आ પણ વિકલ્પે રહે છે.

जहा+हि=जहिहि, जहीहि, जहाहि–તું ત્યાગ કર. દીર્ઘ માટે જુઓ. ૪ । ૨ । ૯૭ સૂત્ર. ॥ ૪ । ૨ । ૧૦૧ ॥

## यि लुक् ॥ ४ । २ । १०२ ॥

શિત્ સંજ્ઞાવાળા અને આદિમાં य કારવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે हा ના आ નો લોપ થાય છે.

जहा + यात् – जह् + यात् = जह्यात् – ત્યાગ કરે. ॥ ૪ । ૨ । ૧૦૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ओतः श्ये ॥ ४ । २ । १०३ ॥

दिवादि ગણુનો સૂચક श्य પ્રત્યય લાગતાં ओકારાંત ધાતુના ओ નો લોપ થાય છે.

दो ખંડન કરવું-अव+दो+य+ति=अव+द्+य+ति=अवद्यति ખંડન કરે છે,

गो+अति=गवति-ગાયની જેમ આચરણ કરે છે. અહીં श्य પ્રત્યય નથી. ॥ ૪ । ૨ । ૧૦૩ ॥

## जा ज्ञा-जनः अत्यादौ ॥ ४ । २ । १०४ ॥

शित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ज्ञा અને जन् ધાતુઓનું जा રૂપ થાય છે. જ્યારે ज्ञाને श्ना લાગ્યા સિવાય સીધા तिवादि પ્રત્યયો લાગ્યા હોય ત્યારે આ નિયમ ન લાગે અને जन् ધાતુને य પ્રત્યય લાગ્યા સિવાય સીધા तिवादि-तिव् तस् अन्ति વગેરે-પ્રત્યયો લાગ્યા હોય ત્યારે આ નિયમ ન લાગે અર્થાત્ જ્યારે ज्ञा અને जन् ધાતુને લાગેલા यङ् પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે આ નિયમ ન લાગે

ज्ञा+ति=ज्ञा+ना+ति=जानाति-તે જાણે છે.

जन्+य+ते=जा+य+ते=जायते-તે જન્મે છે.

લાગેલા यङ् પ્રત્યયનો લોપવાળો પ્રયોગ-जाज्ञाति - તે ખૂબ જાણે છે. - અહીં यङ् પ્રત્યયનો લોપ થયેલ છે.

जञ्जन्ति-તે વારંવાર જન્મે છે.- यङ्ना લોપવાળું રૂપ છે.

આ બન્ને પ્રયોગોમાં સીધા तिवादि પ્રત્યયો લાગેલા છે. એટલે આ પ્રયોગમાં સીધો ति પ્રત્યય જ લાગેલ છે. ॥ ૪ । ૨ । ૧૦૪ ॥

## 'पू' आदिः ह्रस्व ॥ ४ । २ । १०५ ॥

पू આદિ ૨૨ ધાતુઓને शित् પ્રત્યયો લાગ્યા હોય તો તેમના દીર્ઘ સ્વરનો હ્રસ્વ સ્વર થાય છે. પણ લાગેલા यङ् પ્રત્યયનો જે રૂપમાં લોપ થયો હોય ત્યાં આ નિયમ ન લાગે.

पू પવિત્ર કરવું- पू+ना+ति=पुनाति-તે પવિત્ર કરે છે.

लू લણવું-કાપવું लू+ना+ति=लुनाति-તે લણે છે-કાપે છે.

व्रीणाति-તે સ્વીકાર કરે છે-આ પ્રયોગ पू આદિ ૨૨ ધાતુઓમાંના ધાતુનો નથી. ॥૪।૨।૧૦૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમા ગણના પૂ વગેરે કુલ ૨૨ ધાતુઓ આ પ્રમાણે છે—

पू पवने–પવિત્ર કરવું

लू छेदने–છેદવું અથવા લણવું–ખેતરના પાકની લણણી કરવી

धू कम्पने–કંપવું–ધૂણવું

स्तॄ आच्छादने–ઢાંકવું

कॄ हिंसायाम्–હિંસા કરવી–હણવું

वॄ वरणे–વરવું–સ્વીકાર કરવો

આટલા ધાતુઓ ઉભયપદી છે

આ નીચેના ધાતુઓ પરસ્મૈપદી છે.

ज्या हानौ–હાન થવી

री गति–रेषणयोः જવું અને અસ્પષ્ટ અવાજ કરવો.

ली श्लेषणे–ભેટવું–ચોંટવું

व्ली वरणे–સ્વીકાર કરવો

ल्वी गतौ–જવું

कॄ हिंसायाम्–હણવું

मॄ ,,

शॄ ,,

पॄ पालन–पूरणयोः–પાલન કરવું અને પૂરવું–ભરવું

बॄ भरणे–ભરવું, પોષણ કરવું

भ्रॄ भर्जने–ભુંજવું, શેકવું

दॄ विदारणे–વિદારવું–ફાડી નાખવું–ચીરી નાખવું

जॄ वयोहानौ–ઉમ્મરની હાનિ થવી–જીર્ણ થવું–જૂનું થવું–ઘરડા થવું

नॄ नये દોરવું–લઈ જવું

गॄ शब्दे–અવાજ કરવો

ॠ गतौ–જવું

એ પ્રમાણે પૂ વગેરે બાવીશ ધાતુઓ છે. ॥ ૪ । ૨ । ૧૦૫ ॥

## गम्–इषत्–यमः छः ॥ ४ । २ । १०६ ॥

शित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે गम् ધાતુના, इष् ધાતુના (इषत् ધાતુ જ લેવો બીજો કોઇ ન લેવો) અને यम् ધાતુના અંત્ય અક્ષરનો छ થાય છે, લાગેલ यङ् પ્રત્યયનો જે પ્રયોગમાં લોપ થયો હોય ત્યાં આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમ ન લાગે.

गम्+अ+ति=गच्छ्+अति=गच्छति–જાય છે.

इष ઈચ્છવું–इष्+अ+ति=इच्छ्+अति=इच्छति–ઈચ્છે છે.

यम् ઉપરમવું–અટકવું यम्+अ+ति=यच्छ्+अति=यच्छति–ઉપરમે છે.

आ+यम्+अ+ते=आ+यच्छ्+अते=आयच्छते–તે લાંબુ કરે છે.

जङ्गम्+ति=जङ्गन्ति–તે ખૂબ વાંકું ચાલે છે. આ પ્રયોગમાં શિત્ પ્રત્યય જ નથી લાગ્યો તેથી छ ન થયો. ॥૪।૨।૧૦૬॥

## वेगे सर्तेः धाव् ॥ ४ । २ । १०७ ॥

શિત્ પ્રત્યય લાગ્યા હોય અને सृ ધાતુનો વેગ અર્થ હોય તો सृ ને બદલે धाव् નો પ્રયોગ થાય છે.

सृ+अ+ति=धाव्+अ+ति=धावति–દોડે છે,

धर्मम् अनुसरति–ધર્મને અનુસરે છે. અહીં વેગ અર્થ નથી. ॥ ૪।૨।૧૦૭ ॥

## श्रौति–कृवु–धिवु–पा–घ्रा–ध्मा–स्था–म्ना–दाम्–दृश्–अर्ति–शद–सदः शृ–कृ–धि–पिब–जिघ्र–धम–तिष्ठ–मन–यच्छ–पश्य–ऋच्छ–शीय–सीदम् ॥ ४ । २ । १०८ ॥

શિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે श्रु નો शृ, कृव् નો कृ, धिव् નો धि, पा નો पिब्, घ्रा નો जिघ्र्, ध्मा નો धम्, स्था નો तिष्ठ्, म्ना નો मन्, दा નો यच्छ्, दृश् નો पश्य्, ऋ નો ऋच्छ्, शद નો शीय् અને सद्‌નો सीद् બોલાય છે. જ્યાં यङ् પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં આ નિયમ ન લાગે.

શ્રીપાણિનીય અનુસાર શ્રીહેમચંદ્ર અનુસાર પાંચમા ગણનો પરસ્મૈપદી–

श्रु–शृ+शृणु+ति=शृणोति–તે સાંભળે છે.

कृव्–कृ+णु+ति=कृणोति–હિંસા કરે છે. અથવા કરે છે.

धिव्–धि+नु+ति=धिनोति–જાય છે.

पा–पिब्+अ+ति=पिबति–પીએ છે.

घ्रा–जिघ्र्+अ+ति=जिघ्रति–સુંઘે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ध्मा–धम्+अ+ति=धमति–ધમે છે–ધમણ ચલાવે છે.

स्था–तिष्ठ्+अ+ति=तिष्ठति–ઉભો રહે છે–વાટ જુએ છે.

म्ना–मन्+अ+ति=मनति–અભ્યાસ કરે છે.

दा–यच्छ्+अ+ति=यच्छति–આપે છે.

दृश–पश्य्+अ+ति=पश्यति–જુએ છે.

ऋ–ऋच्छ्+अ+ति=ऋच्छति–જાય છે,

शद्–शीय्+अ+ते=शीयते–સડે છે. નાશ પામે છે.

सद्–सीद्+अ+ति=सीदति–સીદે છે–જાય છે, ખેદ પામે છે અથવા વિનાશ પામે છે. ॥ ४ । २ । १०८ ॥

## क्रमः–दीर्घः परस्मै ॥ ४ । २ । १०९ ॥

પરસ્મૈપદના શિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે क्रम્નો क्राम् થાય છે. પણ જ્યાં यङ् પ્રત્યયનો લોપ થયેલ હોય ત્યાં આ નિયમ ન લાગે

क्राम्+अ+हि=क्राम–તું ચાલ.

क्राम्+य+ति=क्राम्यति–તે પગે ચાલે છે.

आक्रमते सूर्यः–સૂર્ય ઊગે છે.–અહીં પરસ્મૈપદનો શિત્ પ્રત્યય નથી. ॥ ४ । २ । १०९ ॥

## ष्ठिवू–क्लमू–आचमः ॥ ४ । २ । ११० ॥

શિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ष्ठिवू નું ष्ठीव्, क्लम्નું क्लाम् અને આ ઉપસર્ગ સાથેના चम्નું आचाम् રૂપ થાય છે. જ્યાં यङ् પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં આ નિયમ ન લાગે.

ष्ठीव्+अ+हि=ष्ठीव–તું થૂંક.

क्लाम्+अ+हि=क्लाम–તું ફિક્કો થા.

आचाम्+अ+हि=आचाम–તું આચમન કર.

चम्+अ+हि=चम–તું ભોજન કર–આ પ્રયોગમાં आ ઉપસર્ગ સાથે चम् નથી. ॥ ४ । २ । ११० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शमसप्तकस्य श्ये ॥ ४ । २ । १११ ॥

श्य પ્રત્યય લાગ્યો હોય ત્યારે शमादि (शम्, दम्, तम्, श्रम्, भ्रम्, क्षम्, मद्) સાત ધાતુઓના अ નો आ થાય છે.

शम्+य+हि=शाम्य–તું શાંત થા.

दम्+य+हि=दाम्य– ,, ,, ,,

तम्+य+हि=ताम्य–તું ઇચ્છા કર, તું તમા રાખ.

श्रम+य+हि=श्राम्य–તું થાકી જા, ખેદ કર.

भ्रम+य+हि=भ्राम्य–તું ભ્રમણ કર.

क्षम्+य+हि=क्षाम्य–તું ક્ષમા કર.

मद्+य+हि=माद्य–તું ખુશી થા.

भ्रमति–તે ભમે છે.–આ પ્રયોગમાં श्य પ્રત્યય નથી.

॥ ૪ । ૨ । ૧૧૧ ॥

## ष्ठिव्–सिवः अनटि वा ॥ ४ । २ । ११२ ॥

अनट् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ष्ठिव् અને सिव् ધાતુઓના इ નો દીર્ઘ ई વિકલ્પે થાય છે.

नि+ष्ठिव्+अनम्=निष्ठीवनम्, निष्ठेवनम्–થૂંકવું.

सिव्+अनम्=सीवनम्, सेवनम्–સીવવું–ઓટવું.

॥ ૪ । ૨ । ૧૧૨ ॥

## म–वि अस्य आः ॥ ४ । २ । ११३ ॥

મકારાદિ–આદિમાં મકારવાળા અને વકારાદિ–આદિમાં વકારવાળા પ્રત્યયો ધાતુને લાગ્યા હોય તો ધાતુના અંતના अ નો आ થાય છે.

पच्+अ+मि=पच्+आ+मि==पचामि–હું રાંધું છું.

पच्+अ+वः=पच्+आ+वः=पचावः–અમે બે રાંધીએ છીએ.

पच्+अ+मः=पच्+आ+मः=पचामः–અમે રાંધીએ છીએ.

॥ ૪ । ૨ । ૧૧૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अनतः अन्तः अत् आत्मने ॥ ४ । २ । ११४ ॥

વિકરણ પ્રત્યય લાગ્યા પછી જે ધાતુ અકારાંત ન હોય તેને લાગેલા આત્મનેપદના अन्ते પ્રત્યયને બદલે अते પ્રત્યય સમજવો.

चि+नु+अन्ते+अते=चिन्वते–તેઓ સંગ્રહ કરે છે.

चिन्वन्ति–તેઓ સંગ્રહ કરે છે–આ રૂપમાં પરસ્મૈપદનો अन्ति પ્રત્યય છે.

पच्+अ=पच+अन्ते=पचन्ते–તેઓ રાંધે છે.–આ પ્રયોગમાં વિકરણ પ્રત્યય લાગ્યા પછી ધાતુ અકારાંત છે, તેથી આ નિયમ ન લાગે.

॥ ૪ । ૨ । ૧૧૪ ॥

## शीङो रत् ॥ ४ । २ । ११५ ॥

शीङ् ધાતુથી લાગેલા આત્મનેપદના अन्ते પ્રત્યયને रते પ્રત્યય સમજવો.

शी+अन्ते=शे+रते=शेरते–તેઓ સૂએ છે. ॥ ૪ । ૨ । ૧૧૫ ॥

## वेत्तेः नवा ॥ ४ । २ । ११६ ॥

विद् ધાતુને લાગેલા આત્મનેપદના अन्ते પ્રત્યયને रते વિકલ્પે સમજવો।

सम्+विद्+अन्ते=संविद्+रते=संविद्रते, संविदते–તેઓ સારી રીતે જાણે છે.

विद्‌ना આત્મનેપદ માટે જુઓ ૩।૩।૮૪ સૂત્ર. ॥ ૪ । ૨ । ૧૧૬ ॥

## तिवां णवः परस्मै ॥ ४ । २ । ११७ ॥

विद् ધાતુને વર્તમાનાના પરસ્મૈપદના तिव् આદિ એટલે तिव्, तस्, अन्ति । सिव्, थस्, थ । मिव्, वस्, मस् । આ નવ પ્રત્યયોને બદલે પરોક્ષાના પરસ્મૈપદના આ નવ પ્રત્યયો એટલે णव् अतुस् उस् । थव् अथुस् अ । णव्, व, म આ નવ પ્રત્યયો અનુક્રમે વિકલ્પે સમજવા.

ति ને બદલે अ–विद्+ति=वेत्ति ને બદલે विद्+अ=वेद–તે જાણે છે.

तस् ,, अतुस्–विद्+तः=वित्तः ,, विद्+अतुस्=विदतुः–તે બે જાણે છે.

अन्ति ,, उस्–विद्+अन्ति=विदन्ति ,, विद्+उस्=विदुः–તેઓ જાણે છે.

सि ,, थ–विद्+सि=वेत्सि ,, विद्+थ=वेत्थ–તું જાણે છે.

थस् ,, अथुस् विद्+थः=वित्थः ,, विद्+अथुः=विदथुः–તમે બે જાણો છો.

थ ,, अ–विद्+थ=वित्थ ,, विद्+अ=विद–તમે જાણો છો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मि ,, अ—विद्+मि=वेद्मि ,, विद्+अ=वेद—હું જાણું છું.
वस् ,, व—विद्+वस्=विद्वः ,, वि+व=विद्व—અમે બે જાણીએ છીએ.
मस् ,, म—विद्+मस्=विद्मः ,, विद्+म=विद्म—અમે જાણીએ છીએ.
॥ ૪ । ૨ । ૧૧૮ ॥

## ब्रूगः पञ्चानां पञ्च आहश्च ॥ ४ । २ । ११८ ॥

વર્તમાનાના પરસ્મૈપદના तिव् આદિ એટલે तिव् तस् अन्ति, सिव् थस् આ પાંચ પ્રત્યયોને બદલે ब्रू ધાતુને પરોક્ષાના પરસ્મૈપદના णव् अतुस् उस्, थव् अथुस् આ પાંચ પ્રત્યયો અનુક્રમે વિકલ્પે લાગે છે. અને પરોક્ષાના પ્રત્યયો લાગતાં ब्रू ધાતુને બદલે आह રૂપ બોલાય છે.

ति ને બદલે अ—ब्रू+ई+ति=ब्रो+ई+ति=ब्रव्+ईति=ब्रवीति, ને બદલે आह्+अ=आह—તે બોલે છે.

तस् ,, अतुस्—ब्रू+तस्=ब्रूतः, आह्+अतुस्=आहतुः—તે બે બોલે છે.

अन्ति ,, उस्-ब्रू+अन्ति=ब्रुव्+अन्ति=ब्रुवन्ति, आह+उस्=आहुः—તેઓ બોલે છે.

सि ,, थ ब्रू+ई+असि=ब्रो+ई+सि=ब्रव्+ईसि=ब्रवीषि, आह्+थ=आत्थ—તું બોલે છે.

थस् ,, अथुस् ब्रू+थः=ब्रूथः, आह्+अथुस्=आहथुः—તમે બે બોલો છો.
( જુઓ૦ ॥ ૨ । ૧ । ૮૫ ॥ )

ब्रूथનું आह ન થયું—ब्रूथ ઉપર જણાવ્યા પ્રમાણે आह રૂપ પાંચ પ્રત્યયોમાં જ બોલાય છે, બીજે નહીં એથી ब्रूथ રૂપનું आह ન થાય ॥ ૪ । ૨ । ૧૧૮ ॥

## आशिषि तु-ह्योः तातङ् ॥ ४ । २ । ११९ ॥

'આશીર્વાદ' અર્થ હોય તો પંચમી વિભક્તિના तु પ્રત્યયને બદલે અને हि પ્રત્યયને બદલે तातङ् પ્રત્યય વિકલ્પે બોલાય છે.

जीव्+अ+तु=जीवतु, जीव्+अ+तात्=जीवतात् भवान्—આપ જીવતા રહો.

जीव्+अ+हि=जीव, जीवतात्—તું જીવતો રહે.

આ तातङ् પ્રત્યય ङ् નિશાનવાળો છે તેથી ङित् ગણાય છે.
॥ ૪ । ૨ । ૧૧૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आतो णव: औः ॥ ४ । २ । १२० ॥

ધાતુના આકાર પછી આવેલા પરોક્ષાના णव् પ્રત્યયને બદલે औ પ્રત્યય વપરાય છે. ભ્વાદિ ગણનો તથા અદાદિ ગણનો पा—पापा+णव्=पपा+औ=पपौ—તેણે પીધું કે તેણે રક્ષણ કર્યું. ॥ ૪ । ૨ । ૧૨૦ ॥

## आतामाते—आथामाथे आदिः ॥ ४ । २ । १२१ ॥

ધાતુના અકાર પછી આવેલા પંચમી વિભક્તિના ત્રીજા પુરુષના દ્વિવચન રૂપ आताम् પ્રત્યયને બદલે इताम् પ્રત્યય બોલાય છે. તથા પંચમી વિભક્તિના બીજા પુરુષના દ્વિવચનરૂપ आथाम् પ્રત્યયને બદલે इथाम् પ્રત્યય બોલાય છે તથા વર્તમાન કાળના તૃતીય પુરુષ દ્વિવચનના आते પ્રત્યયને બદલે इते પ્રત્યય બોલાય છે અને વર્તમાનકાળના દ્વિતીય પુરુષ દ્વિવચનના आथे પ્રત્યયને બદલે इथे પ્રત્યય બોલાય છે.

પંચમી—

पच्+आताम्=पच्+अ+इताम्=पचेताम्—તેઓ બે રાંધે.

पच्+आथाम्=पच्+अ+इथाम्=पचेथाम्—તમે બે રાંધો.

વર્તમાનકાળ—

पच्+आते—पच्+अ+इते=पचेते—તેઓ બે રાંધે છે,

पच्+आथे—पच्+अ+इथे=पचेथे—તમે બે રાંધો છો.

मिमा+आताम्—मिमाताम्—તેઓ બે માપો.—અહીં ધાતુના आકાર પછી પ્રત્યય નથી આવેલો પણ आ પછી आताम પ્રત્યય આવેલ હોવાથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૨ । ૧૨૧ ॥

## यः सप्तम्याः ॥ ४ । २ । १२२ ॥

ધાતુના અકાર પછી આવેલા ક્રિયાપદસંબંધી સપ્તમી વિભક્તિના આદિમાં યાવાળા याम् પ્રત્યય સિવાયના यात् , याताम् । याः, यातम् , यात । याव, याम । આ સાત પ્રત્યયોના या ના સ્થાને इ વાપરવો.

यात्—पच्+यात्=पच्+अ+इत्=पचेत्—તે રાંધે.

याताम्—पच्+याताम्-पच्+अ+इताम—पचेताम्—તે બે રાંધે.

यास्—पच्+यास्-पच्+अ+इः=पचेः—તું રાંધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यातम्-पच्+यातम्-पच्+अ+इतम्=पचेताम्-તમે બે રાંધો.

यात-पच्+यात-पच्+अ+इत=पचेत-તમે રાંધો.

याव-पच्+याव-पच्+अ+इव=पचेव-અમે બે રાંધીએ.

याम-पच्+याम-पच्+अ+इम = पचेम-અમે રાંધીએ.

॥ ૪ । ૨ । ૧૨૨ ॥

## याम्-युसोः इयम्-इयुसौ ॥ ४ । २ । १२३ ॥

ધાતુના અકાર પછી આવેલા પૂર્વોક્ત સપ્તમી વિભક્તિના પ્રથમ પુરુષના એક વચન याम्ने બદલે इयम् પ્રત્યય વાપરવો અને ત્રીજા પુરુષના બહુવચન युस्ने બદલે इयुस् પ્રત્યય વાપરવો.

पच्+याम्-पच्+अ+इयम्=पचेयम्-હું રાંધુ.

पच्+युस-पच्+अ+इयुस्=पचेयुः-તેઓ રાંધે. ॥ ૪ । ૨ । ૧૨૩ ॥

આચાર્ય શ્રીહેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ચોથા અધ્યાયના ક્રિયાપદ સાધન
પ્રકરણરૂપ બીજા પાદનો સવિવેચન
ગુજરાતી અનુવાદ સમાપ્ત.

—●—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્થ અધ્યાય

## (તૃતીય પાદ)

ગુણપ્રકરણ—

### नामिनः गुणः अक्ङिति ॥ ४ । ३ । १ ॥

कित् એટલે क् નિશાનવાળા અથવા ञित् સંજ્ઞાવાળા અને ङित् એટલે ङ् નિશાનવાળા અથવા ङित् સંજ્ઞાવાળા પ્રત્યયો સિવાયના બીજા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે નામ્યંત—છેડે નામી સ્વરવાળા—ધાતુનો ગુણ થઈ જાય છે એટલે છેડાના इ નો ए, उ નો ओ, ऋ નો अर् અને ऌ નો अल् થાય છે.

इ નો ए—चि+ता=चेता—તે એકઠું કરશે.

उ નો ओ स्तु+ता=स्तोता—તે સ્તુતિ કરશે.

यु+तस्=युतः—તે બે મિશ્રણ કરે છે.—અહીં युतः પ્રયોગમાં तः પ્રત્યય ङित् પ્રત્યય છે તેથી ગુણ ન થાય. ॥ ૪ । ૩ । ૧ ॥

### उ—श्नोः ॥ ४ । ३ । २ ॥

ધાતુને લાગેલા વિકરણ પ્રત્યયરૂપ उ અને श्नु પ્રત્યયોનો ગુણ થાય છે.

तन्+उ+ति=तन्+ओ+ति=तनोति—તે તાણે છે. જુઓ ।૩।૪।૮૩।

सु+नु+ति=सु+नो+ति=सुनोति—તે પીડન કરે છે. જુઓ ।૩।૪।૭૫।

॥૪ । ૩ । ૨॥

### पुस्—पौ ॥ ४ । ३ । ३ ॥

નામ્યંત ધાતુઓને उस् (पुस्) પ્રત્યય લાગ્યો હોય અને प्(पु) આગમ લાગ્યો હોય ત્યારે ધાતુના છેડાના નામી સ્વરનો ગુણ થઈ જાય છે.

पुस्—वस्—ऋ+अन्=अ+ऋऋ—अन्=इऋ—इयृ+अन्=ऐयृ+अन्=ऐयृ+उस्=ऐयर्+उस्=ऐयरुः—તેઓ ગયા. (पुस् માટે જુઓ, ।૪।૨।૯૩। સૂત્ર).

प् આગમ—ऋ+णि+ऋ+प्+णि+ति=अर्पि+अ+ति=अर्पे+अ+ति=अर्पय्+अति=अर्पयति—તે પહોંચાડે છે—તે આપે છે. (पु માટે જુઓ, ૪।૨।૨૧સૂત્ર)

॥ ૪ । ૩ । ૩ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## लघोः उपान्त्यस्य ॥ ४ । ३ । ४ ॥

कित् અને ङित् સિવાયના બીજા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે નામ્યંત ધાતુના ઉપાંત્ય લઘુ સ્વરનો અથવા હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

લઘુ એટલે દીર્ઘ નહીં તેમ ગુરુ પણ નહીં. સંયુક્ત અક્ષરની પૂર્વનો સ્વર ગુરુ ગણાય છે.

भिद्–ભેદવું–ટુકડા કરવા–भिद्+ता–भेद्+ता=भेत्ता ભેદનારો.
ईह–ઈચ્છવું–ईहते–તે ઈચ્છે છે–આ પ્રયોગમાં ઉપાંત્યમાં દીર્ઘ સ્વર છે, લઘુ કે હ્રસ્વ સ્વર નથી તેથી ईनो ए न થાય.

भिनत्+ति=भिनत्ति-તે ભેદે છે. – અહીં ઉપાંત્યમાં નામી નથી. પણ 'અ' છે તેથી भिनत्नुं भेनत् न થાય ॥ ૪ । ૩ । ૪ ॥

## मिदः श्ये ॥ ४ । ३ । ५ ॥

मिद् ધાતુને श्य પ્રત્યય લાગે ત્યારે ઉપાંત્યનો ગુણ થાય છે.

मिद् સ્નેહન–સ્નિગ્ધતા–मिद्+य+ति=मेद्+यति=मेद्यति–તે ચીકણું થાય છે. ॥ ૪ । ૩ । ૫ ॥

## जागुः किति ॥ ४ । ३ । ६ ॥

जागृ ધાતુને कित् પ્રત્યય લાગ્યો હોય તો પણ ગુણ થાય છે.

जागृ+इ+तः–जागर्+इ+तः=जागरितः–જાગેલો.

આ રૂપમાં ભૂતકૃદંતનો कित् પ્રત્યય क्त છે. ॥ ૪ । ૩ । ૬ ॥

## ऋवर्ण–दृशः अङि ॥ ४ । ३ । ७ ॥

ऋ વર્ણાંત ધાતુઓ અને दृश् ધાતુ પછી ङित् એવો अङ् પ્રત્યય લાગેલો હોય તો પણ તેનો ગુણ થાય છે–ऋनो अर् થાય છે.

अ+ऋ+अ+त्–अ+अर्+अत्=आरत् તે ગયો.

सृ સરકવું–ગતિ કરવી–अ+सृ+अ+त्=अ+सर्+अत्=असरत्–
તે સરક્યો–ગયો.

अ+जॄ+अ+त्–अ+जर्+अत्=अजरत् તે વૃદ્ધ થયો.

अ+दृश्+अ+त्=अ+दर्श+अत्=अदर्शत् તેણે જોયું. (अङ् માટે જુઓ ૩।૪।૬૧ તથા ૩।૪।૬૫ ॥ ૪ । ૩ । ૭ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## स्कृ–ऋच्छ्–ऋृतः अकि परोक्षायाम् ॥ ४ । ३ । ८ ॥

स्कृ (स् સાથેનો कृ ધાતુ), ऋच्छ् ધાતુ અને દીર્ઘ ॠકારાંત ધાતુઓના નામી સ્વરનો પરોક્ષા વિભક્તિના પ્રત્યય લાગતાં ગુણ થઈ જાય છે પણ अकित् પરોક્ષા હોય તો–कित् સંજ્ઞાવાળી પરોક્ષાના પ્રત્યયો ન હોય તો, અર્થાત क्वसु અને कान પ્રત્યયો ન લાગ્યા હોય તો.

सम्+स्+कृ–संस्कृ+उस्–सं+चस्कर्+उस्–सम्+चस्करुः=संचस्करुः–
તેઓએ સંસ્કાર કર્યો.

ऋच्छ्– જવું–ऋच्छ्+उस्–आनृच्छ्+उस्=आनर्च्छुः–તેઓ ગયા.

तॄ+उस्–तर्+उस्–तेर्+उस्–तेरुः–જુ. ૪।૧।૨૫–તેઓ તર્યા

संचस्कृवान् સંસ્કાર કર્યો. આ પ્રયોગમાં क् નિશાનવાળો પરોક્ષાનો क्वसु પ્રત્યય છે. ॥ ૪ । ૩ । ૮ ॥

## संयोगाद् ऋद्–अर्तेः ॥ ४ । ३ । ९ ॥

ધાતુના છેડાના સંયોગ પછી હ્રસ્વ ऋ આવ્યો હોય તો તેનો ગુણ થઈ જાય છે અને ऋ ધાતુ આવ્યો હોય તો તેનો પણ ગુણ થઈ જાય છે, પરોક્ષાના अकित् પ્રત્યયો લાગ્યા હોય તો.

સંયોગ—

स्मृ–स्मृ+उस्–सस्मृ+उस्–सस्मर्+उस्=सस्मरुः તેઓએ સ્મરણ કર્યું.

स्वृ–અવાજ કરવો અને સંતાપ–स्वृ+उस्–सस्वृ+उस्–सस्वर्+उस्
=सस्वरुः–તેઓએ અવાજ કર્યો.

ऋ ધાતુ–ऋ+उस्–अर्+उस्–आर्+उस्=आरुः તેઓ ગયા.

॥ ૪ । ૩ । ૯ ॥

## क्य–यङ्–आशीर्ये ॥ ४ । ३ । १० ॥

જે ધાતુને છેડે સંયોગ હોય અને તે પછી હ્રસ્વ ऋ હોય તો તેનો ગુણ થાય છે અને ऋ ધાતુનો પણ ગુણ થાય છે, જો ભાવનો તથા કર્મનો સૂચક क्य પ્રત્યય, यङ् પ્રત્યય અને આશીર્વિભક્તિના આદિમાં यवाळा પ્રત્યયો લાગ્યા હોય તો.

क्य–स्मृ+य+ते=स्मर्यते–સ્મરણ કરાય છે.

स्वृ+य+ते=स्वर्यते–અવાજ કરાય છે.

ऋ+य+ते=अर्+यते=अर्यते–જવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यङ्—स्मृ+य+ते—सस्मर्+यते=सास्मर्यते વારંવાર અથવા ઘણું સ્મરણ કરે છે.

स्वृ+य+ते—सस्वर्+यते—सास्वर्यते વારંવાર અથવા ખુબ અવાજ કરે છે.

ऋ ધાતુ-ऋऋ+य+ते—अर्अर्+यते—अरार्+यते=अरार्यते તે વારંવાર ગતિ કરે છે. अरा માટે જુ. ૪।૧।૪૮।

આશીર્વિભક્તિ—स्मृ+यात्—स्मर्+यात्=स्मर्यात्—તે સ્મરણ કરો.

ऋ+यात्—अर्+यात्=अर्यात्-તે ગતિ કરો.

॥ ૪।૩।૧૦ ॥

ગુણ તથા વૃદ્ધિનો નિષેધ—

## न वृद्धिः च अविति क्ङिल्लोपे ॥ ४ । ३ । ११ ॥

જેમાં व् નિશાન હોય તે वित् કહેવાય, તે સિવાયના अवित् કહેવાય. अवित् પ્રત્યયને લીધે ધાતુને લાગેલા कित् પ્રત્યયનો અને ङित् પ્રત્યયનો લોપ થયા પછી ધાતુના સ્વરનો ગુણ કે વૃદ્ધિ થતાં નથી.

ङित् यङ्નો લોપ—

चेचि+अच्—चेच्य्+अः=चेच्यः ઘણું સંગ્રહ કરનારો, અહીં ગુણ ન થયો એટલે चेचिનું चेचे ન થયું.

मरीमृज+अच्+मरीमृजः-ઘણું સાફ કરનારો. અહીં વૃદ્ધિ ન થઈ એટલે मृज્નું मार्ज ન થયું. ॥ ૪।૩।૧૧ ॥

## भवतेः सिज्लुपि ॥ ४ । ३ । १२ ॥

भू ધાતુને લાગેલા सिच्નો લોપ થયા પછી ધાતુના સ્વરનો ગુણ થતો નથી.

अ+भू+स्+त्=अभूत्—તે થયો.—અહીં सिच्નો લોપ થયા પછી ગુણ ન થયો એટલે भूનું भो ન થયું,

व्यत्यभविष्ट—તે કોઈને બદલે થયો—આ પ્રયોગમાં सिच् વિદ્યમાન છે તેથી ગુણ થયેલ છે એટલે भूનું भो થઇ ગયેલ છે ॥ ૪।૩।૧૨ ॥

## सूतेः पञ्चम्याम् ॥ ४ । ३ । १३ ॥

બીજા ગણના सू ધાતુને, ક્રિયાપદને લગતી પંચમી વિભક્તિ લાગી હોય તો सू ધાતુને ગુણ થતો નથી.

सू પ્રસવ થવો-सू+ऐ=सुवै—હું જનમું — આ રૂપમાં ગુણ ન થયો એટલે सूનું सो ન થયું. ॥ ૪।૩।૧૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## द्व्युक्तोपान्त्यस्य शिति स्वरे ॥ ४ । ३ । १४ ॥

જે ધાતુનો દ્વિર્ભાવ થયેલો હોય તેના ઉપાંત્યના નામી સ્વરનો ગુણ ન થાય, જ્યારે આદિમાં સ્વરવાળા शित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે.

शित्પ્રત્યયો એટલે शित्સંજ્ઞાવાળા પ્રત્યયો તથા श् નિશાનવાળા પ્રત્યયો.

नेनिज्+आनि–नेनिजानि હું સાફ કરું. આ પ્રયોગમાં नेनेजानि રૂપ થયું નહીં.

जुहवानि–હું દાન કરું છું. આ પ્રયોગમાં हु ધાતુ છે. તેમાં ઉપાંત્યમાં નહીં પણ અંતમાં નામી સ્વર છે તેથી આ નિયમ ન લાગે.

निनेज–તેણે ધોયું. આ રૂપમાં शित् પ્રત્યય નથી પણ પરોક્ષાનો પ્રત્યય છે. ॥ ૪ । ૩ । ૧૪ ॥

## हु-इणोः अप्–वृइति व्-यौ ॥ ४ । ३ । १५ ॥

हु ધાતુના નામી સ્વરનો व् થાય છે. અને બીજા ગણના इ–इण्–ધાતુના નામી સ્વરનો य् થાય છે, જ્યારે આદિમાં સ્વરવાળા शित् પ્રત્યયો લાગ્યા હોય તો, પણ એ પ્રત્યયો प् નિશાનવાળા અને व् નિશાનવાળા ન હોવા જોઈએ.

जुहु+अन्ति–जुहु+अति=जुह्वति તેઓ દાન કરે છે. अन्ति ના अति માટે જુઓ ૪।૨।૯૪।

इ+अन्तु=यन्तु તેઓ જાય છે.

अजुहवुः તેઓએ દાન કર્યું. આ રૂપમાં प् નિશાનવાળો पुस् પ્રત્યય છે તેથી, તથા

अयानि હું જાઉં. આ રૂપમાં व् નિશાનવાળો आनिव् પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૧૫ ॥

## इको वा ॥ ४ । ३ । १६ ॥

આદિમાં સ્વરવાળા, व् નિશાન વગરના शित् પ્રત્યયો લાગ્યા હોય તો બીજા ગણના इ (इक्) ધાતુના इનો વિકલ્પે य् થાય છે.

इ સ્મરણ કરવું–યાદ કરવું. अधि+इ+अन्ति=अधियन्ति, अधीयन्ति–તેઓ યાદ કરે છે. ॥ ૪ । ૩ । ૧૬ ॥

ङित्वत्નું વિધાન—

## कुटादेः ङित्वत् अञ्णित् ॥ ४ । ३ । १७ ॥

છઠ્ઠા ગણ तुदादिમાં આવેલા कुटादि ધાતુઓને લાગેલા એવા ञ् નિશાનવાળા અને ण् નિશાનવાળા સિવાયના તમામ પ્રત્યયોને ङित्वत् સમજવા એટલે ङित् સંજ્ઞાવાળા પ્રત્યયો જેવા સમજવા–ङित् પ્રત્યયને લીધે જે જે વિધાનો લાગુ થતાં હોય તે બધાં જ વિધાનો कुट આદિ ધાતુઓને, લાગુ કરવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुट કુટિલપણું–कुट्+ता–कुट्+इ+ता–कुटिता કુટિલતા કરનાર

गु મળ કાઢવો–गु+ता=गुता–હગનારો–વિષ્ટારૂપ મળ કાઢનારો.

उत्+कुट्+घञ्=उत्कोटः–વક્રતા. અહીં વર્જેલો ञित्–પ્રત્યય घञ् પ્રત્યય–છે.

उच्चुकोट વાંકો થયો. અહીં વર્જેલો णित् પ્રત્યય–णव् પ્રત્યય–છે તેથી ङित्वत् ન થાય, એમ થવાથી ઉપર જણાવેલ બન્ને રૂપોમાં कुट्નું कोट् થયું અર્થાત્ कुનો ગુણ को થઈ ગયો.

कुटादि–कुट् વગેરે–ધાતુઓ આ પ્રમાણે છે–

પરસ્મૈપદી

कुट કુટિલ થવું

गु મળ કાઢવો

ध्रु ગતિ કરવી તથા સ્થિર થવું

णू સ્તુતિ કરવી–નમવું

धू વિશેષ કંપવું–ધૂણવું, ધૂનવું–પીંજવું

कुच સંકોચ પામવો

व्यच બાનુ ન હોય છતાં બાનુ કાઢવું–છળ કરવું

गुज ગૂંજવું–અવાજ કરવો

घुट પ્રતીઘાત કરવો–સામે થવું

चुट, छुट – છેદવું
त्रुट – ચુંટવું, છૂટું કરવું–ત્રુટવું

तुट કજિયો કરવો

मुट આક્ષેપ કરવો, મર્દન કરવું–મોડવું

स्फुट વિકસવું–ખીલવું

पुट, लुठ – ચોંટી જવું

कृड જમવું

कुड બાલપણું તથા જમવું

गुड રક્ષા કરવી

जुड બાંધવું–જોડવું

तुड તોડવું

लुड, थुड, स्थुड – ઢાંકવું

बुड ત્યાગ કરવો તથા ઢાંકવું

व्रुड, भ्रुड – ભેગું થવું

दुड, हुड, त्रुड – નિમજ્જન કરવું–બુડવું–ડુબવું–અંદર પડવું

चुण ચુણવું–છેદવું

डिप ફેંકવું

छुर છેદવું–છુરો વાપરવો

स्फुर સ્ફુરણ થવું

स्फुल સ્ફુરણ થવું તથા ફૂલવું–ભેગું થવું

આત્મનેપદી
- कु, कू – અવાજ કરવો
- गुर ઉદ્યમ કરવો

ઉપર જણાવ્યા પ્રમાણે कुट આદિ ગણના ઓગણચાળીશ ધાતુઓ છે ॥ ૪ । ૩ । ૧૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## विजेः इट् ॥ ४ । ३ । १८ ॥

विज् ધાતુને લાગેલો इट् પ્રત્યય ङित्वत्–ङित् પ્રત્યયની જેવો–સમજવો એટલે ङित् પ્રત્યયને લીધે જે જે વિધાન થતાં હોય તે બધાં इट् લાગ્યો હોય ત્યારે પણ કરવાં.

उद्विज्+इ+ता–उद्विजिता ઉદ્વેગ પામનાર.

उद्विज्+अनम्=उद्वेजनम्– ઉદ્વેગ–અહીં इट् પ્રત્યય નથી પણ अन પ્રત્યય છે તેથી ङित्वत् ન થવાથી विज्नुं वेज् એમ ગુણ થઈ ગયો.

॥ ૪ । ૩ । ૧૮ ॥

## वा ऊर्णोः ॥ ४ । ३ । १९ ॥

ऊर्णु ધાતુને લાગેલા इट् પ્રત્યયને ङित्वत् વિકલ્પે સમજવો.

प्रोर्णुव्+इ+ता–प्रोर्णुविता, प्रोर्णविता ઢાંકનારો.

ङित्वत् થવાથી ગુણ ન થયો ત્યારે प्रोर्णुविता અને જ્યારે इट् પ્રત્યય ङित्वत् ન થયો ત્યારે ગુણ થઇ ગયો એટલે प्रोर्णविता

॥ ૪ । ૩ । ૧૯ ॥

## शित्–अवित् ॥ ४ । ३ । २० ॥

ધાતુને લાગનારા જે शित्–शित् સંજ્ઞાવાળા અથવા श् નિશાનવાળા–પ્રત્યયો છે તે તમામ જો तस्, अन्ति વગેરે પ્રત્યયોની પેઠે व् નિશાનવાળા ન હોય તો તે પ્રત્યયોને ङित्वत् સમજવા.

इ+तस्–इतः–તેઓ બે જાય છે.

इतः પ્રયોગમાં तस् પ્રત્યય ङित्वत् થવાથી इ નો ગુણ ए ન થયો. शित् માટે જુઓ, ૩।૩।૧૦।

क्री+श्ना–क्री+ना–क्री+णा+ति=क्रीणाति–તે ખરીદે છે.–આ પ્રયોગમાં ना–णा–પ્રત્યય श्ना નિશાનવાળો અને व् ના નિશાન વગરનો છે તેથી ङित्वत् ગણાયો છે તેથી क्रीनो ગુણ क्रे ન થયો.

एति–તે જાય છે.–અહીં तिव् પ્રત્યય છે તે वित्-પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે એટલે ति પ્રત્યય ङित्वत् ન થવાથી इ નો ગુણ ए થવાથી इ+तिनो एति પ્રયોગ થઈ શક્યો.

चेषीष्ट–તે એકત્ર કરો. અહીં सीष्ट પ્રત્યય शित् પ્રત્યય નથી. (જુઓ, ૩।૩।૧૦) તેથી આ નિયમ ન લાગે તેથી चि+षीष्ट પ્રયોગમાં चि નો ગુણ चे થઈ શક્યો.

॥ ૪ । ૩ । ૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इन्धि-असंयोगात् परोक्षा कित्वत ॥ ४ । ३ । २१ ॥

इन्ध् ધાતુને લાગેલા व् નિશાનવાળા સિવાયના પરોક્ષાના પ્રત્યયોને कित् પ્રત્યયોની જેવા ગણુવા તથા છેડે સંયોગ વગરના ધાતુને લાગેલા व् નિશાનવાળા પ્રત્યયો સિવાયના પરોક્ષાના પ્રત્યયોને कित्वत्–कित् પ્રત્યયોની જેવા–સમજવા–જેમની कित् સંજ્ઞા બતાવેલ છે તથા જેમાં क्नुं નિશાન છે તેવા પ્રત્યયોની જેવા સમજવા–कित् પ્રત્યયને લીધે 'ગુણુ' ન થાય વગેરે જે જે વિધાન બતાવેલાં છે તે તમામ વિધાનો આ कित्वत् મનાતા પ્રત્યયો લાગેલ હોય ત્યારે થઈ જાય છે. એમ સમજવું.

समीध्+ए–समीधे–તેણે દીપાવ્યો. પરોક્ષાનો ए પ્રત્યય कित् પ્રત્યય જેવો ગણાયાથી इन्ध् ધાતુના न्નો લોપ થઈ ગયો.

निनि+उस्–निन्युः–તેઓ લઈ ગયા. પરોક્ષાનો उस् પ્રત્યય कित् પ્રત્યય જેવો ગણાયાથી બીજા नि નો ને ન થયો અર્થાત ગુણુ ન થયો.

सस्रंसे–પ્રમાદ કર્યો.–આ પ્રયોગમાં इन्ध् ધાતુ નથી તેમ જ અંતમાં સંયોગ વગરનો ધાતુ નથી પણ सस्रंसे પ્રયોગનો स्रन्स् ધાતુ અંતે સંયોગ-વાળો છે. ॥ ૪ । ૩ । ૨૧ ॥

## स्वञ्जेः नवा ॥ ४ । ३ । २२ ॥

स्वञ्ज् ધાતુને લાગેલા પરોક્ષાના પ્રત્યયો વિકલ્પે कित्वत् સમજવા. स्वञ्ज+ए–सस्वजे, सस्वञ्जे–સંગ કર્યો. ए પ્રત્યય कित् ની પેઠે થવાથી स्वञ्ज् નું स्वज् થયેલ છે. ॥ ૪ । ૩ । ૨૨ ॥

## ज–नशः न्युपान्त्ये तादिः क्त्वा ॥ ४ । ३ । २३ ॥

નકાર ઉપાન્ત્યમાં હોય એવા जकारांत ધાતુઓને લાગેલો આદિમાં तकारवाળો क्त्वा પ્રત્યય વિકલ્પે कित्वत् સમજવો અને નકાર ઉપાન્ત્યમાં હોય ત્યારે नश् ધાતુને લાગેલો આદિમાં तकारवाળો क्त्वा પ્રત્યય વિકલ્પે कित्वत् સમજવો.

रञ्ज्+त्त्वा=रक्त्वा, रङ्क्त्वा–રંગીને.

नश्+त्त्वा=नष्ट्वा, नंष्ट्वा–નાશ પામીને.

कित्ની થવાથી બન્ને રૂપોમાં न् નો લોપ થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुक्त्वा મૂકીને—આ રૂપમાં मुज् ધાતુ जकारांत તો છે પણ न् ઉપાંત્યમાં નથી.

निक्त्वा સાફ કરીને—આ રૂપમાં न् આદિમાં છે, ઉપાંત્યમાં નથી.

विभज्य વિભાગ કરીને—અહીં क्त्वा તો છે પણ तकारादि નથી

अञ्जित्वा આંજીને—અહીં પણ तकारादि क्त्वा નથી પણ इत्वा એમ થવાથી ઈકારાદિ क्त्वा છે. ॥ ૪ । ૩ । ૨૩ ॥

**ऋत्-तृष-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फः सेट् । ४ । ३ । २४ ॥**

ऋत्, तृष्, मृष्, कृश्, वञ्च्, लुञ्च् ધાતુઓને અને न् ઉપાંત્યવાળા थकारांत તેમ જ फकारांत ધાતુઓને લાગેલા सेट् क्त्वा એટલે इत्वाને વિકલ્પે किद्वत् સમજવો.

ऋत् ઘૃણા કરવી, ગતિ કરવી, સ્પર્ધા કરવી ऋत्+इ+त्वा—ऋतित्वा, अर्तित्वा—જઈને.

तृष् તરશ—પાણી પીવાની ઈચ્છા—तृष्+इ+त्त्वा=तृषित्वा, तर्षित्वा—પાણી પીવાનું ઈચ્છીને.

मृष सહન કરવું, मृष्+इ+त्वा—मृषित्वा, मर्षित्वा—સહન કરીને.

कृश्+इ+त्वा—कृशित्वा, कर्शित्वा પાતળું કરીને.
वञ्च्+इ+त्वा—वचित्वा, वञ्चित्वा—જઈને.
लुञ्च्+इ+त्वा—लुचित्वा, लुञ्चित्वा—દૂર કરીને.
થકારાંત—श्रन्थ्+इ+त्वा—श्रथित्वा, श्रन्थित्वा—શિથિલ થઈને.
ફકારાંત—गुन्फ्—गुन्फ्+इ+त्वा—गुफित्वा, गुम्फित्वा—ગૂંથીને.

} આ રૂપોમાં कित्वत् થવાથી ગુણ ન થયો તથા श्रन्थ् અને गुन्फ् ના न्કારનો લોપ થયો.

कोथित्वा—હણીને—હિંસા કરીને.

रेफित्वा—દઈને—આ બન્ને રૂપોમાં ધાતુ તો थकारांत તથા फकारांत છે પણ न् ઉપાંત્યમાં નથી.

वक्त्वा—જઈને—આ રૂપમાં वञ्च् ધાતુ છે તેને વિકલ્પે इट् લાગે છે એથી જ્યારે इट् લાગે ત્યારે આ નિયમ લાગે અને वचित्वा પ્રયોગ થાય. પણ इट् ન લાગે ત્યારે આ નિયમ ન લાગે એટલે वक्त्वा પ્રયોગ બને.
॥ ૪ । ૩ । ૨૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## क्त्वौ व्यञ्जनादेः सन् च अयू-वः ॥-४ । ३ । २५॥

આદિમાં વ્યંજનવાળો અને ઉપાંત્યમાં इ કે उ વાળો ધાતુ હોય તો તેને લાગેલા सेट् એવા क्त्वा પ્રત્યયને कित्वत् વિકલ્પે સમજવો તથા એવા જ ધાતુઓને લાગેલા सेट् એવા सन् પ્રત્યયને પણ कित्वत् વિકલ્પે સમજવો. આ ધાતુઓ यकारांत ન હોવા જોઈએ તેમ वकारांत ન હોવા જોઈએ.

सेट्-इट् સહિત-એટલે જે क्त्वानी આદિમાં इ હોય તે सेट् क्त्वा-

द्युतित्वा ( कित् ), द्योतित्वा ( अकित् )-દીપીને.

लिखित्वा ( ,, ), लेखित्वा ( ,, ) -લખીને.

सेट् सन्-

दिद्युतिषते ( ,, ), दिद्योतिषते ( ,, ) -દીપવાને ઇચ્છે છે.

लिलिखिषति (,,), लिलेखिषति ( ,, ) -લખવાને ઇચ્છે છે

वर्तित्वा-વર્તીને-અહીં वृत् ધાતુ છે તે ઉપાંત્યમાં इ કે उ વાળો ધાતુ નથી તેથી,
ओषित्वा-બાળીને-અહીં उष् ધાતુ છે તે આદિમાં વ્યંજનવાળો નથી તેથી,
देवित्वा- રમીને-આ રૂપમાં વર્જેલો वकारांत ધાતુ છે તેથી,

આ ત્રણે પ્રયોગોમાં આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૨૬ ॥

## उति शवर्हे-अदूभ्यः क्तौ भावारम्भे ॥ ४ । ३ । २६ ॥

ઉપાંત્યમાં उवाળા અને પહેલા ગણના शव् પ્રત્યયને યોગ્ય એવા ધાતુઓને લાગેલા 'ભાવ' અર્થના સૂચક તથા 'આરંભ' અર્થના સૂચક सेट् क्त અને क्तवतु પ્રત્યયોને વિકલ્પે कित्वत् સમજવાના છે તથા બીજા ગણરૂપ अदादि ગુણના લગભગ પંચાશી ધાતુઓને લાગેલા ભાવસૂચક અને આરંભસૂચક सेट् क्त અને क्तवतु પ્રત્યયોને વિકલ્પે कित्वत् સમજવાના છે.

ઉપાંન્ત્યમાં उ-

क्त-—

ભાવસૂચક-कुचितम् , कोचितम् अनेन-એના વડે સંકોચ કરાયો.

આરંભસૂચક-प्रकुचितः, प्रकोचितः-વિશેષ સંકોચ કરવાનો આરંભ કરનાર.

क्तवतु—

આરંભસૂચક-प्रकुचितवान् , प्रकोचितवान्-વિશેષ સંકોચ કરવાનો આરંભ કરનાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अदादि–अद् वगेरे–धातुओ—

क्त—

ભાવસૂચક–रुदितम्, रोदितम् एभिः–એઓ વડે રડાયું

આરંભસૂચક–प्ररुदितः प्ररोदितः–રડવાનો આરંભ કરનાર.

,, प्ररुदितवान्, प्ररोदितवान्–જોરથી રડવાનો આરંભ કરનાર.

श्वितितम् एभिः–એ વડે ધોળા થવાયું. અહીં श्वित् ધાતુ છે તેના ઉપાંત્યમાં उ નથી.

प्रगुधितः રોષે ભરાયેલો. અહીં गुध् ધાતુ નવમા ગણનો છે તેથી शव्‌ને યોગ્ય નથી, शव् પહેલા ગણને જ લાગે છે.

रुचितः–ગમેલો–પ્રીતિપાત્ર. અહીં ભાવ કે આરંભ અર્થ નથી, પણ क्त 'કર્મ' અર્થનો સૂચક છે. ॥ ४ । ३ । २६ ॥

## न डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिदः ॥ ४ । ३ । २७ ॥

डीङ्, शीङ्, पूङ्, धृष्, क्ष्विद्, स्विद् અને मिद् ધાતુઓને લાગેલા सेट् એવા क्त અને क्तवतु પ્રત્યયોને कित्‌वत् ન સમજવા.

क्त– क्तवतु–
डयितः, डयितवान्–ઊડેલો.
शयितः, शयितवान्–સૂતેલો.
पवितः, पवितवान्–પવિત્ર થયેલો.
प्रधर्षितः, प्रधर्षितवान्–પ્રગલ્ભ થયેલો.
प्रक्ष्वेदितः, प्रक्ष्वेदितवान्–મુક્ત થયેલો
प्रस्वेदितः, प्रस्वेदितवान्–પરસેવાવાળો થયેલો.
प्रमेदितः, प्रमेदितवान् ચિકાશવાળો થયેલો.

(ઉપરના બધા માટે:) कित्‌वत् ન થવાથી આ બધા પ્રયોગોમાં ધાતુના અન્ત્ય સ્વરનો કે ઉપાંત્ય સ્વરનો ગુણ થયેલ છે.

## मृषः क्षान्तौ ॥ ४ । ३ । २८ ॥

'ક્ષમા' અર્થવાળા मृष् ધાતુને લાગેલા सेट् એવા क्त અને क्तवतु પ્રત્યયોને कित्‌वत् ન સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मर्षितः, मर्षितवान्—સહન કરનાર

अपमर्षितं वाक्यम्—ઈર્ષ્યાવાળું વાક્ય. અહીં 'ક્ષમા' અર્થ નથી તેથી क्त्वत् થવાને લીધે मृष् નું मर्ष ન થયું ॥૪।૩।૨૮॥

## क्त्वा ॥ ४ । ३ । २९ ॥

ધાતુને લાગેલા सेट् क्त्वा ને कित्वत् ન સમજવો.

देवित्वा—રમીને. ॥૪।૩।૨૯॥

## स्कन्द—स्यन्दः ॥ ४ । ३ । ३० ।

स्कन्द् અને स्यन्द् ધાતુઓને લાગેલા આદિમાં त् વાળા क्त्वा પ્રત્યયને कित्वत् ન સમજવો.

स्कन्त्वा—જઈને.

स्यन्त्वा—ઝરીને—ટપકીને. ॥૪।૩।૩૦॥

## क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वसः ॥ ४ । ३ । ३१ ॥

क्षुध्, क्लिश्, कुष्, गुध्, मृड्, मृद्, वद् અને वस् ધાતુઓને લાગેલ सेट् क्त्वा ને कित्वत् સમજવો.

क्षुधित्वा—ભૂખ્યા થઈને—ખાવાની ઈચ્છા કરીને.
क्लिशित्वा—ક્લેશ કરીને.
कुषित्वा—બહાર કાઢીને.
गुधित्वा—વીંટીને ૧૩૫૮ અથવા ૧૫૪૫
मृडित्वा—સુખી કરીને.
मृदित्वा—પીસીને-ચૂર્ણ કરીને.
उदित्वा—બોલીને.
उषित्वा—વસીને.

कित्वत् સમજવાને લીધે આ બધાં રૂપોમાં ધાતુના ઉપાંત્ય સ્વરનો ગુણ થયો નથી તથા वद् અને वस ધાતુના व નો उ થયેલ છે ॥૪।૩।૩૧॥

## रुद-विद-मुष-ग्रह-स्वप-प्रच्छः सन् च ॥४ । ३ । ३२ ॥

रुद्, विद्, मुष्, ग्रह्, स्वप्, प्रच्छ् એ ધાતુઓને લાગેલા क्त्वा અને सन् એ બન્ને પ્રત્યયોને कित्वत् એટલે कित्ની જેવા સમજવા.

कित् એટલે જે પ્રત્યયોમાં क्નું નિશાન હોય એવા અથવા જેની कित् સંજ્ઞા કરેલી હોય એવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्त्वा—

रुदित्वा—રોઈને.
विदित्वा—જાણીને.
मुषित्वा—ચોરીને.
गृहीत्वा—ગ્રહણ કરીને.
सुप्त्वा—સૂઈને.
पृष्ट्वा—પૂછીને.

} कित् થવાથી ધાતુના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થયો નથી.

सन्—

रुरुदिषति—રડવાને ઈચ્છે છે.
विविदिषति—જાણવાને ઈચ્છે છે.
मुमुषिषति—ચોરવાને ઈચ્છે છે.
जिघृक्षति—ગ્રહણ કરવાને ઈચ્છે છે.
सुषुप्सति—સૂવાને ઈચ્છે છે.
पिपृच्छिषति—પૂછવાને ઈચ્છે છે.

} कित् થવાથી આ રૂપોમાં ધાતુના ઉપાંત્ય સ્વરનો ગુણ થયો નથી તથા स्वप्ना व નો उ થયેલ છે અને प्रच्छનું पृच्छ બનેલ છે.

॥ ૪ । ૩ । ૩૨ ॥

## नामिनः अनिट् ॥ ४ । ३ । ३३ ॥

જેને છેડે નામી સ્વર છે એવા ધાતુંઓને લાગેલા અનિટ સન્—इट् વાળો सन् નહીં—એટલે इसन् ન હોય એવા सन् પ્રત્યયને कित्‌वत् સમજવો.

चिचीषति—એકઠું કરવાને ઈચ્છે છે.

शिशयिषते—સુવાને ઈચ્છે છે. અહીં અનિટ સન્ નથી પણ इसन्—इषन्—છે.

॥ ૪ । ૩ । ૩૩ ॥

## उपान्त्ये ॥ ४ । ३ । ३४ ॥

નામી સ્વર ઉપાંત્યમાં હોય એવા ધાતુને લાગેલા અનિટ સનને कित्‌वत् સમજવો.

भिद्—बिभित्सति—ભેદવાને ઈચ્છે છે. ॥ ૪ । ૩ । ૩૪ ॥

## सिच्—आशिषौ आत्मने ॥ ४ । ३ । ३५ ॥

નામી ઉપાંત્યમાં હોય એવા ધાતુને લાગેલા આત્મનેપદ સંબંધી અનિટ એવા सिच् પ્રત્યયને તથા अनिट એવા આશિષ વિભક્તિના પ્રત્યયોને किद्वत् સમજવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिच्–अभित्त–તેણે ભેદ્યું.

आशीः–भित्सीष्ट–તે ભેદો–તે ટુકડા કરો

अस्राक्षीत्–તેણે સર્જ્યું. અહીં सृज् ધાતુને લાગેલો सिच् પરસ્મૈપદ સંબંધી છે તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૩૫ ॥

## ऋवर्णात् । ४ । ३ । ३६ ॥

ऋ વર્ણાંત ધાતુને લાગેલ અનિટ અને આત્મનેપદ સંબંધી सिच् પ્રત્યયને તથા ऋ વર્ણાંત ધાતુને લાગેલ અનિટ એવા આશિષ વિભક્તિના આત્મનેપદી પ્રત્યયોને किद्वत् સમજવા

सिच्–હ્રસ્વ ઋ–अकृत તેણે કર્યું

आशीः–कृषीष्ट–તે કરો.

सिच्–દીર્ઘ ઋ–अतीर्ष्ट–તે તર્યો.

आशीः–तीर्षीष्ट–તે તરો. ॥ ૪ । ૩ । ૩૬ ॥

## गमो वा ॥ ४ । ३ । ३७ ॥

गम् ધાતુને લાગેલા આત્મનેપદના सिच् પ્રત્યયને અને આશિષ્ વિભક્તિના પ્રત્યયોને વિકલ્પે कित्वत् સમજવા.

सिच्–समगत, समगंस्त–તેણે સંગમ કર્યો }
आशीः–संगसीष्ट, संगंसीष्ट–તે સંગમ કરો } कित्वत् ને લીધે गम् નો म् લોપાયેલ છે.

॥ ૪ । ૩ । ૩૭ ॥

## हनः सिच् ॥ ४ । ३ । ३८ ॥

हन् ધાતુને લાગેલો આત્મનેપદનો सिच् પ્રત્યય कित्वत् સમજવો.

हन्—

आ+अह+स्+त–आहत તેણે આઘાત કર્યો.

आ+अह+स+अन्त–आहसत તેઓએ આઘાત કર્યો. कित्वत् થવાથી न નો લોપ થયેલ છે. ॥ ૪ । ૩ । ૩૮ ॥

## यमः सूचने ॥ ४ । ३ । ३९ ॥

સૂચનાર્થક यम् ધાતુને લાગેલો આત્મનેપદનો सिच् પ્રત્યય कित्वत् સમજવો. સૂચન એટલે બીજાના દોષોને જાહેર કરવા–ચાડી ખાવી.

उत्+आ+यम्+स्+त=उदायत–તેણે બીજાના દોષોને જાહેર કર્યા.

आयंस्त कूपात् रज्जुम्–તેણે દોરડાને કૂવાથી બહાર કાઢ્યું–અહીં 'સૂચન' અર્થ નથી. ॥ ૪ । ૩ । ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा स्वीकृतौ ॥ ४ । ३ । ४० ॥

'સ્વીકાર' અર્થવાળા यम् ધાતુને લાગેલો આત્મનેપદનો सिच् પ્રત્યય વિકલ્પે किद्वत् સમજવો.

उप+आ+यम्+स्+त=उपायत તથા उपायंस्त महास्त्राणि—જે શસ્ત્રોને પહેલાં કોઈવાર નહીં સ્વીકારેલાં તેવાં મોટાં શસ્ત્રોને સ્વીકાર્યાં

आयंस्त पाणिम्—હાથને લાંબો કર્યો. અહીં 'સ્વીકાર' અર્થ નથી.

॥૪।૩।૪૦॥

## इः च स्था–दः ॥ ४ । ३ । ४१ ॥

स्था ધાતુને અને दा સંજ્ઞાવાળા ધાતુઓને લાગેલો આત્મનેપદનો सिच्, कित्वत् સમજવો અને कित्वत् સમજવાને પરિણામે स्था ધાતુના અને दा સંજ્ઞાવાળા ધાતુઓના आ નો इ કરવો.

स्था–उप+अ+स्था+स्+त=उपास्थित–તે ઉપસ્થિત થયો.

दा–आ+अ+दा+स्+त=आदित–તેણે ગ્રહણ કર્યું.

धा–वि+अ+धा+स्+त=व्यधित–તેણે ધારણ કર્યું. ॥૪।૩।૪૧॥

### વૃદ્ધિ સંબંધી વિધાન અને નિષેધ—

## मृजः अस्य वृद्धिः ॥ ४ । ३ । ४२ ॥

मृज् ધાતુનો मर्ज थया પછી मर्ज ના अ ની आ રૂપ વૃદ્ધિ થાય છે.

मृज्+ति–मर्ज्+ति–मार्ज्+ति–मार्ष्+टि=मार्ष्टि–તે માંજે છે–સાફ કરે છે.

ज् ના ष् માટે જુઓ, ।૨।૧।૮૭

मृज्++तः=मृष्+टः=मृष्टः–તે બે સાફ કરે છે.–આ રૂપમાં मृज् નો ગુણ मर्ज् થયો નથી એટલે अ ન હોવાથી વૃદ્ધિ ન થાય. ॥૪।૩।૪૨॥

## ऋतः स्वरे वा ॥ ४ । ३ । ४३ ॥

मृज् ધાતુના ऋ ની વૃદ્ધિ એટલે ऋનો आर् વિકલ્પે થાય છે, જો તેને સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય તો.

परिमृज्+अन्ति=परिमार्जन्ति, परिमृजन्ति–તેઓ ચારે બાજુ સાફ કરે છે.

ममार्ज–તેણે સાફ કર્યું.–આ રૂપમાં ऋ નથી, ममर्ज રૂપ પહેલું જ થઈ જવાને લીધે આ રૂપમાં ऋ નથી તેથી ઉપરના સૂત્રથી अ' નો 'आ' થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मृज्वः–અમે બે સાફ કરીએ છીએ.–આ પ્રયોગમાં સ્વરાદિ નહીં પણ व આદિવાળો વ્યંજનાદિ પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે.

॥ ४ । ३ । ४४ ॥

## सिचि परस्मै समानस्य अङिति ॥ ४ । ३ । ४४ ॥

જે ધાતુને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર હોય અને તેને પરસ્મૈપદનો अङित्–સંજ્ઞાવાળો ન હોય–એવો सिच् પ્રત્યય લાગ્યો હોય તો સમાન સંજ્ઞાવાળા સ્વરની વૃદ્ધિ થાય છે એટલે अ નો आ, इ નો ऐ, उ નો औ, ऋ નો आर् અને ऌ નો आल् થાય છે–

अचि+षीत्=अचैषीत् તેણે એકઠું કર્યું.

अच्योष्ट–તે ચ્યુત થયો–આ ધાતુ આત્મનેપદી છે તેથી

अगवीत्–તેણે ગાય જેવું આચરણ કર્યું–આ રૂપમાં છેડે गो નો ओ હોવાથી સમાન સંજ્ઞાવાળો સ્વર નથી તેથી

न्यनुवीत्–સ્તુતિ કરી–અહીં ૪।૩।૧૭ સૂત્રથી सिच् , ङित् જેવો–ङित् સંજ્ઞાવાળો–થયેલ હોવાથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૪૪ ॥

## व्यञ्जनानाम् अनिटि ॥ ४ । ३ । ४५ ॥

જે ધાતુ વ્યંજનાંત હોય તેને પરસ્મૈપદનો અનિટ્ सिच् લાગ્યો હોય તો સમાન સંજ્ઞાવાળા સ્વરની વૃદ્ધિ થાય છે.

रञ्ज्–अराङ्क्षीत्–તેણે રંગ્યું. रञ्ज्‌ના अ નો आ થયો .

उदवोढाम्–તે બે જણે વિવાહ કર્યો. આ રૂપમાં वहनुं वोढ થવાને લીધે કોઈ સમાન સંજ્ઞાવાળો સ્વર નથી પણ व ને ओ છે, જે સમાન સંજ્ઞાવાળો સ્વર નથી.

अतक्ष्+द्–अतक्+द्=अतक्+स+इ+द्=अतक्+स्+ई+त्–अतक्षीत्– (જુ. ૨।૧।૮૮) તેણે છોલ્યું–આ ધાતુને લાગેલો सिच् અનિટ નથી, પણ વેટ છે એટલે વિકલ્પે इट લાગે એવો છે. ॥ ૪ । ૩ । ૪૫ ॥

## वा ऊर्णुगः सेटि ॥ ४ । ३ । ४६ ॥

ऊर्णु ધાતુને પરસ્મૈપદનો सेट्–इट्‌વાળો–सिच् પ્રત્યય લાગ્યો હોય તો વિકલ્પે વૃદ્ધિ થાય છે.

ऊर्णु–ઢાંકવું–प्र+और्णु–प्रोर्णु+ईत्=प्रोर्णौ+ईत्=प्रौर्णावीत्–ઢાંક્યું. વૃદ્ધિ થઇ ત્યારે उनो औ થયો અને પછી औનો आव् થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે વૃદ્ધિ ન થઈ ત્યારે—
प्रौर्णु+ईत्–प्रौर्णो+ईत्=प्रौर्णवीत्–ઢાંક્યું. અહીં उ નો ओ ગુણ થયેલ છે.
प्रौर्णु+ईत्=प्रौर्णुव्+ईत्=प्रौर्णुवीत्– ,, ,, उव् ,,

॥ ૪ । ૩ । ૪૬ ॥

## व्यञ्जनादेः वा उपान्त्यस्य अतः ॥ ४ । ३ । ४७ ॥

આદિમાં વ્યંજનવાળા ધાતુઓના ઉપાંત્યમાં अની વૃદ્ધિ વિકલ્પે થાય છે, જો પરસ્મૈપદનો सेट् सिच् પ્રત્યય લાગ્યો હોય તો.

अकण्+ईत्–अकाण्+ईत्–अकाणीत्, अकणीत्–તેણે કણુસવાનો અવાજ કર્યો.

मा भवान् अटीत्–તમે ન આથડો–અહીં ધાતુ વ્યંજનાદિ નથી.

अवधीत्–તેણે હણ્યો–માર્યો.–આ वध ધાતુ અકારાંત હોવાથી ઉપાંત્યમાં 'अ' નથી પણ ध् છે.

अदेवीत्–તે રમ્યો. दिव् ધાતુ હોવાથી અહીં ઉપાંત્યમાં अ નથી.

अघाक्षीत्–તે બળ્યો.–આ ધાતુ અનિટ છે તેથી તેને લાગતો सिच् सेट નથી હોતો પણ અનિટ હોય છે તેથી આ નિયમ ન લાગ્યો.

॥ ૪ । ૩ । ૪૭ ॥

## वद्–व्रज–ल्–रः ॥ ४ । ३ । ४८ ॥

वद् અને व्रज् ધાતુઓના અને ल् અંતે હોય એવા ધાતુઓના તથા र અંતે હોય એવા ધાતુઓના ઉપાંત્ય अની વૃદ્ધિ થાય છે, જો પરસ્મૈપદનો सेट् सिच् પ્રત્યય લાગેલો હોય તો.

अवद्+ईत्–अवाद्+ईत्–अवादीत्–તે બોલ્યો.
अव्रज्+ईत्–अव्राज्+ईत्–अव्राजीत्–તે ગયો.
अज्वल्+ईत्–अज्वाल्+ईत्–अज्वालीत्–તે દીપ્યો.
अक्षर्+ईत्–अक्षार्+ईत्–अक्षारीत्– તે ખરી ગયો.

॥ ૪ । ૩ । ૪૮ ॥

## न श्वि–जागृ–शस–क्षण–ह–म्–य्–एदितः ॥ ४ । ३ । ४९ ॥

श्वि, जागृ, शस्, क्षण એ ધાતુઓને પરસ્મૈપદનો सेट् सिच् લાગ્યો હોય તો વૃદ્ધિ થતી નથી તથા हकारांत, મકારાંત તેમ જ યકારાંત અને एदित् ધાતુઓને લાગેલો પરસ્મૈપદનો सेट् सिच् પ્રત્યય લાગ્યો હોય તો વૃદ્ધિ થતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एदित् એટલે ધાતુપાઠમાં જે ધાતુઓ ए નિશાનવાળા છે. તે ધાતુઓ.

अश्वयीत्—તે સૂઝી ગયો.

अजागरीत्—તે જાગ્યો.

अशसीत्—તેણે હિંસા કરી.

अक्षणीत्— ,, ,, ,,

हકારાંત—अग्रहीत्— તેણે ગ્રહણ કર્યું.

मકારાંત—अवमीत्—તેણે વમન કર્યું.

यકારાંત—अहयीत्—તે ગયો.

एदित्—अकगीत् તેણે ગમે તે પ્રવૃત્તિ કરી. ધાતુ कगे—ગમે તે પ્રવૃત્તિ કરવી.

॥ ૪ । ૩ । ૪૯ ॥

## ञ्णिति ॥ ४ । ३ । ५० ॥

ञित्—ञ् નિશાનવાળા—પ્રત્યયો અને णित्—ण् નિશાનવાળા—પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના ઉપાંત્ય अની વૃદ્ધિ થાય છે.

ञित्—पच्+घञ्—पाकः પાક—રાંધવું—૪।૧।૧૧૧ સૂત્રથી चનો क થયો.

णित्—पच्+णव्—पपाच તેણે રાંધ્યું. ॥ ૪ । ૩ । ૫૦ ॥

## नामिनः अकलि-हलेः ॥ ४ । ३ । ५१ ॥

कलि અને हलि સિવાયના નામ્યંત —છેડે નામી સંજ્ઞાવાળો સ્વર હોય એવા—ધાતુ કે નામધાતુ પછી ञित् કે णित् પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના નામી સ્વરની વૃદ્ધિ થાય છે.

चि+ञि—अचि + ञि—अचै+इ—अचाय् + इ=अचायि—તેણે એકઠું કર્યું. ધાતુ ૧૨૯૦ चि.

णित्—कृ+णक—कार्+अकः—कारकः—કરનારો.

નામધાતુ—णित्—पटु+इ+अ—पाट्+इ+अत्—अपा+पटत्—अपीपटत्—તે 'પટુ' શબ્દને બોલતો હતો.

अचकलत्—તે कलि એવા શબ્દને બોલતો હતો.

अजहलत् તે हलि એવા શબ્દને બોલતો હતો.

આ બે પ્રયોગોમાં વર્જેલા कलि અને हलि નામધાતુઓ છે તેથી આ નિયમ ન લાગ્યો એટલે कल्નું काल् અને हल्નું हाल् એમ વૃદ્ધિવાળો પ્રયોગ ન થયો. ॥ ૪ । ૩ । ૫૧ ॥

૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जागुः ञि-णवि ॥ ४ । ३ । ५२ ॥

जागृ धातुने भूतकाळनो ञि प्रत्यय लागेलो होय अने परोक्षानो णव् प्रत्यय लागेलो होय तो ज वृद्धि थाय छे.

ञि-अजागृ+ञि-अजागार्+इ-अजागारि-ते जाग्यो. } ऋनी वृद्धि
णव्-जजागृ+णव्-जजागार्+अ-जजागार- ,, ,, } आर् थई

जागरयति-जगाडे छे-आ रूपमां ञि के णव् प्रत्यय नथी पण प्रेरक णि प्रत्यय छे तेथी आ नियम न लाग्यो. ॥ ४ । ३ । ५२ ॥

## आतः ऐः कृञ्-णौ ॥ ४ । ३ । ५३ ॥

आकारांत धातुना आनो ऐ थई जाय छे, ज्यारे तेने कृदंतना ञ् निशानवाळा अने णू निशानवाळा प्रत्ययो लाग्या होय तथा भूतकाळनो ञ् निशानवाळो ञि प्रत्यय लाग्यो होय तो.

कृदंत ञित् प्रत्यय दा+घञ्-दै+अः दाय्+अः=दायः भाग.

कृदंत णित् प्रत्यय-दा+णक-दै+अकः-दाय्+अकः=दायकः देनारो.

भूतकाळनो ञि प्रत्यय-अदा+ञि-अदै+इ-अदाय्+इ=अदायि तेणे दीधुं.

ददौ--तेणे आप्युं. जुओ. ४।२।१२० सूत्र -अहीं कृदंतनो णित् प्रत्यय नथी पण परोक्षानो णित् एवो णव् प्रत्यय छे.

॥ ४ । ३ । ५३ ॥

## न जन-वधः ॥ ४ । ३ । ५४ ॥

जन् अने वध् धातुओने कृदंतना ञित् अने णित् प्रत्ययो लाग्या होय तो वृद्धि न थाय.

१२६५ जन्-

जन्+घञ्-प्रजनः-जन्म.

घ्यण्-जन्यः-जन्म थवा योग्य.

ञि-अजनि-ते जन्म्यो.

वध्-

वध्+घञ्-वधः-बंधन.

घ्यण्-वध्यः-बंधनने योग्य.

ञि-अवधि-तेणे बांध्यो.

७४६ वध बन्धने. ॥ ४ । ३ । ५४ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मः अकमि-यमि-रमि-नमि-गमि-वम-आचमः ॥ ४ । ३ । ५५ ॥

જે ધાતુને છેડે म् હોય તેની વૃદ્ધિ ન થાય, જો તેને કૃદંતના ञित्, તથા णित् પ્રત્યયો અને ભૂતકાળનો ञि પ્રત્યય લાગ્યા હોય તો, પરંતુ कम्, यम्, रम्, नम्, गम्, वम् અને आचम् ધાતુઓને છોડી દેવા એટલે આ ધાતુઓને આ નિયમ ન લાગે.

शम् ધાતુ

घञ्—शम्+अः—शमः—શાંતિ.

णक—शम्+अकः-शमकः-શાંતિવાળો અથવા શાંતિ કરનારો.

ञि—अशम्+ञि—अशम्+इ—अशमि—તે શાંત થયો.

નીચેના कम् વગેરે ધાતુઓને આ નિયમ ન લાગ્યો એટલે વૃદ્ધિ થઈ—

कम् ધાતુ—कामः—ઇચ્છા,

कामुकः—કામુક.

अकामि—તેણે કામના—ઇચ્છા—કરી.

यम् ,, —यामः—પ્રહર—પહોર.

रम् ,, —रामः—રમવું અથવા વિશેષ નામ.

नम् ,, नामः—પ્રણામ.

गम् ,, अगामि—તે ગયો.

वम ,, वामः—ડાબો,

आ+चम् ધાતુ आचामकः—આચમન કરનારો.

આ બધા પ્રયોગોમાં વર્જેલા ધાતુઓ છે તેથી તેમાં વૃદ્ધિ થયેલી છે.
॥ ૪ । ૩ । ૫૫ ॥

## विश्रमे वा ॥ ४ । ३ । ५६ ॥

वि સાથેના श्रम् ધાતુની વૃદ્ધિ વિકલ્પે થાય છે, જો કૃદંતના ञ् નિશાનવાળા અને ण् નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો અને ભૂતકાળનો ञि પ્રત્યય લાગ્યો હોય તો.

घञ्—विश्रम्+अः=विश्रामः, विश्रमः—વિસામો.

णक—विश्रम+अकः=विश्रामकः—विश्रमकः—વિસામો કરનાર.

ञि—व्यश्रम्+इ=व्यश्रामि, व्यश्रमि—વિસામો કર્યો. ॥ ૪ । ૩ । ૫૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उद्यम–उपरमौ ॥ ४ । ३ । ५७ ॥

उत् સાથે यम् ધાતુને घञ् પ્રત્યય લાગ્યો હોય તો વૃદ્ધિ થતી નથી. અને उप સાથે रम् ધાતુને घञ् પ્રત્યય લાગ્યો હોય તો વૃદ્ધિ થતી નથી.

उद्+यम्+घञ्–उद्यम्+अः=उद्यमः–ઉદ્યમ.

उप+रम्+घञ्–उपरम्+अः=उपरमः–શાંતિ. ॥ ૪ । ૩ । ૫૭ ॥

## णिद् वा अन्त्यः णव् । ४ । ३ । ५८ ॥

પરોક્ષા વિભક્તિના છેલ્લા -પ્રથમ પુરુષના–એકવચનના णव्ને વિકલ્પે णित् સમજવો એટલે એ णव् લાગ્યો હોય ત્યારે ધાતુના સ્વરની વિકલ્પે વૃદ્ધિ થાય.

अहं चिचय, चिचाय–મેં સ્વપ્નમાં સંચય કર્યો.

अहं चुकुट, चुकोट–મેં સ્વપ્નમાં વક્રતા કરી.

स पपाच– તેણે રાંધ્યું, –અહીં ત્રીજા પુરુષના એકવચનનો णव् પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૫૮ ॥

## उत औः विति व्यञ्जने अद्वेः ॥ ४ । ३ । ५९ ॥

ધાતુ હ્રસ્વ उકારાંત હોય અને अद्वेः–દ્વિર્ભાવ પામેલો ન હોય એવા ધાતુના उનો औ થઈ જાય છે, જ્યારે व् નિશાનવાળા એવા આદિમાં વ્યંજનવાળા वित् પ્રત્યયો લાગેલા હોય તો.

तिव् પ્રત્યય– यु+ति–यौ+ति=यौति–તે મિશ્ર થાય છે.

एति–તે જાય છે.–આ રૂપમાં इ ધાતુ છે તે उ વાળો ધાતુ નથી તેથી.

सुनोति–તે પીડા કરે છે. અહીં જે नो છે તે મૂળ नु રૂપ છે અને તે પ્રત્યય છે પણ नु ધાતુ નથી તેથી

रुतः–તે બે જણા શબ્દ કરે છે. અહીં वित् પ્રત્યય નથી, પણ तस् પ્રત્યય છે તેથી

स्तु+आनि स्तवानि–હું સ્તુતિ કરું ? અહીં વ્યંજનાદિ પ્રત્યય નથી પણ आनिव् એવો સ્વરાદિ પ્રત્યય છે તેથી

जुहोति–તે હોમ કરે છે. આ પ્રયોગમાં દ્વિર્ભાવ પામેલો हु ધાતુ છે તેથી एति વગેરે પાંચે ઉદાહરણોમાં આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૫૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वा ऊर्णोः ॥ ४ । ३ । ६० ॥

ऊर्णु ધાતુનો આખાનો જ્યારે દ્વિર્ભાવ ન થયો હોય ત્યારે એના અંતના उનો औ વિકલ્પે થાય છે, જ્યારે આદિમાં વ્યંજનવાળા वित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે.

तिव् પ્રત્યય–प्र+ऊर्णु+ति = प्रोर्णौति, प्रोर्णोति–તે ઢાંકે છે.

प्रोर्णोनोति–તે ઘણું ઢાંકે છે–અહીં દ્વિર્ભાવ થયેલો છે. આ રૂપ यङ् લુબંતનું છે એટલે यङ् પ્રત્યય લાગીને તેનો લોપ થયા પછીનું રૂપ છે. यङ् માટે જુઓ ૩।૪।૧૦ સૂત્ર ॥ ૪ । ૩ । ૬૦ ॥

## न दि–स्योः ॥ ४ । ३ । ६१ ॥

જ્યારે दि અને सि પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ऊर्णु ધાતુના અંતના र्णुના उનો औ ન થાય.

दि–प्र+ऊर्णु+त्–प्र+और्णो+त्=प्रौर्णोत्–તેણે ઢાંક્યું.

सि–प्र+ऊर्णु+स्–प्र+और्णो+स्=प्रौर्णोः– તેં ઢાંક્યું.

॥ ૪ । ૩ । ૬૧ ॥

## तृहः श्नात् ईत् ॥ ४ । ३ । ६२ ॥

व् નિશાનવાળા અને આદિમાં વ્યંજનવાળા પ્રત્યયો લાગે ત્યારે तृह् ધાતુને જ્યારે न–श्न–પ્રત્યય લાગ્યો હોય ત્યારે न પછી તરત જ ई ઉમેરાય છે.

૧૪૯૫ तृह હિંસા કરવી–तृह्+न+ति=तृ+न+ई+ह्+ति=तृणेह्+ति= तृणेढि–તે હિંસા કરે છે.

तृह् ધાતુનો સળંગ નંબર ૧૪૯૫ છે, આ ધાતુ रुधादि ગણનો છે. ॥ ૪ । ૩ । ૬૨ ॥

## ब्रूतः परादिः ॥ ४ । ३ । ६३ ॥

त् નિશાનવાળા અને આદિમાં વ્યંજનવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ब्रू+ऊतः–ब्रूतः એટલે ૧૧૨૫ ब्रूના ऊ પછી ई ઉમેરાઈ જાય છે અને તે ति વગેરે પ્રત્યયનો આદિરૂપ અવયવ મનાય છે.

ब्रू+ति–ब्रू+ई+ति=ब्रव्+ई+ति=ब्रवीति–તે બોલે છે.

आत्थ–તમે બોલો છો. આ રૂપમાં ૧૧૨૫ નંબરવાળા ब्रू ધાતુનો आह આદેશ થયેલો છે તેથી ब्रूનો ऊ નથી. ॥ ૪ । ૩ । ૬૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यङ्–तु–रु–स्तोः बहुलम् ॥ ४ । ३ । ६४ ॥

ધાતુને यङ् લાગ્યા પછી તેનો લોપ થયો હોય એવા ધાતુ પછી આદિમાં વ્યંજનવાળા અને व् નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની પહેલાં એટલે ધાતુ પછી તરત જ ई બહુલં ઉમેરાય છે તથા આદિમાં વ્યંજનવાળા અને व् નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો तु, रु અને स्तु ધાતુથી પણ ધાતુ પછી તરત જ અને ति વગેરે વ્યંજનાદિ પ્રત્યયોની પહેલાં જ બહુલમ् ई ઉમેરાય છે. ફક્ત આ तु, रु અને स्तु ધાતુઓ દ્વિર્ભાવ પામેલા ન હોવા જોઈએ.

ઉમેરવામાં આવતો ई, પ્રત્યયનો અવયવ મનાય છે.

बहुलम् એટલે શિષ્ટ લોકોના પ્રયોગો પ્રમાણે ई ઉમેરવો, પણ આપણી મરજી પ્રમાણે નહિ.

यङ्–

बोभू+ति–बोभू+ई+ति–बोभव्+ईति=बोभवीति, बोभोति–તે ઘણું થાય છે.

वर्वर्+ति–वर्वर्ति–તે ખૂબ વર્તે છે. આ રૂપમાં બહુલાધિકારને લીધે ई ન થયો.

तु+ति–तु+ई+ति–तौ+ईति–तव्+ईति–तवीति, तौति તે પૂરે છે.

रु+ति–रु+ई+ति–रो+ईति–रव्+ईति–रवीति, रौति તે અવાજ કરે છે–રોવે છે.

स्तु+ति-स्तु+ई+ति-स्तौ+ईति=स्तव्+ईति=स्तवीति, स्तौति તે સ્તુતિ કરે છે.

तुतोथ–તેં પૂર્યું.

तुष्टोथ–તેં સ્તુતિ કરી–વખાણ કર્યાં.

આ બન્ને પ્રયોગોમાં દ્વિર્ભાવ છે, તેથી આ નિયમ ન લાગે.

'અદ્વિર્ભાવ' એટલે બેવડો થયેલો ન હોય. જુઓ ૪।૩।૫૯ સૂત્ર

॥ ૪ । ૩ । ૬૪ ॥

## सः सिच्–अस्तेः दि–स्योः ॥ ४ । ३ । ६५ ।

ધાતુને લાગેલા सिच् પ્રત્યય પછી જો ધાતુ સકારાંત હોય અને તેને ભૂતકાળના दि અને सि પ્રત્યયો લાગેલા હોય તો दि અને सि ની પહેલાં ई ઉમેરાય છે તથા સકારાંત એવા अस् ધાતુના स् પછી दि અને सि પ્રત્યયો લાગેલા હોય તો दि અને सिની પહેલાં ई ઉમેરાય છે. તથા ઉમેરવામાં આવતો ई, પ્રત્યયનો અવયવ મનાય છે.

अ+कृ+स्+त्–अकार्ष्+ई+त्=अकार्षीत् તેણે કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अ+कृ+स्+स्–अकार्ष्+ई+स्=अकार्षीः તેં કર્યું.

अस्+त्–आस्+ई+त्=आसीत् તે હતો.

अस्+स्–आस्+ई+स्=आसीः તું હતો.

अदात्–તેણે આપ્યું. અહીં सिच् પ્રત્યય નથી. ॥ ४ । ३ । ६५ ॥

## पिब-एति-दा-भू-स्थः सिचः लुप् परस्मै न च इट् ॥ ४ । ३ । ६६ ॥

જેનો पिब આદેશ થાય છે એવો पा ધાતુ, इण् તથા इक् ધાતુ, दा સંજ્ઞાવાળા ધાતુઓ, भू અને स्था ધાતુ, એ બધા ધાતુઓને પરસ્મૈપદમાં લાગેલા सिच् પ્રત્યયનો લોપ થાય છે અને લોપ થયા પછી આ પ્રયોગોમાં સકારાદિ सिच् હતો એમ માનીને इट् થતો નથી.

पा–अ+पा+स्+त=अपात् તેણે પીધું.

इण् अ+गा+स्+त्=अगात् તે ગયો.

इक्–अधि+अ+गा+स्+त्–अध्यगात्-તે પામ્યો.

दा સંજ્ઞા- |दा अ+दा+स+त्–अदात् તેણે દીધું.
વાળા ધાતુ |धा-अ+धा+स+त्–अधात् તેણે ધારણ કર્યું.

भू–अ+भू+स्+त=अभूत् તે થયો.

स्था–अ+स्था+स्+त्=अस्थात् તે ઊભો રહ્યો.

अपासत पयांसि तैः–તેઓએ જાત જાતનાં પાણી પીધાં. અહીં આત્મનેપદ છે તેથી આ નિયમ ન લાગે. ॥ ४ । ३ । ६६ ॥

## ट्धे घ्रा–शा–छा–सः वा ॥ ४ । ३ । ६७ ॥

ट्धे પીવા–ધાવવા–અર્થનો धा ધાતુ. તથા घ्रा, शा, छा અને सा ધાતુને પરસ્મૈપદમાં લાગેલા सिच् પ્રત્યયનો વિકલ્પે લોપ થાય છે અને લોપ થયો હોય ત્યાં इ–इट्–થતો નથી.

धा–अ+धा+स्+त्=अधात्, अ+धा+स्+ई+त्=अधासीत्–તે ધાવ્યો.

घ्रा–अघ्रात्, अघ्रासीत्–તેણે સૂંઘ્યું.

शा–अशात्, अशासीत्–તેણે પાતળું કર્યું.

छा–अच्छात्, अच्छासीत्–તેણે છેદ્યું.

सा–असात्, असासीत्–તેણે અંત કર્યો. ॥ ४ । ३ । ६७ ॥

## तन्भ्यः वा त–थासि न्–णोः च ॥ ४ । ३ । ६८ ।

નવમા ગણના तनादि ધાતુઓને અદ્યતનીના આત્મનેપદનો त પ્રત્યય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને थास् પ્રત્યય લાગ્યો હોય તો सिच् પ્રત્યયનો લોપ વિકલ્પે થાય છે અને લોપ થાય ત્યારે ધાતુના न् અને ण્નો પણ લોપ થાય છે. તથા લોપ થાય ત્યારે इ–इट्– થતો નથી.

तन्––

अ+तन्+स्+त=अतत, अ+तन्+इ+स+त=अतनिष्ट–તેણે તાણ્યું.

अ+तन्+स्+थास्=अतथाः, अ+तन्+इ+स्+थास्=अतनिष्ठाः–તેં તાણ્યું.

सन्––

असत, असनिष्ट–તેણે દીધું.

असथाः, असनिष्ठाः–તેં દીધું.

तनादि નવ ધાતુઓ આ પ્રમાણે છે :

નીચેના સાત ધાતુઓ ઉભયપદી છે––

तन् विस्तारे પહોળું કરવું, વિસ્તાર કરવો– તાણવું

षण् दाने દેવું

क्षण् हिंसायाम् હિંસા કરવી–હણવું

क्षिण् ,, ,, ,,

ऋण् गतौ ગતિ કરવી–જવું–ચાલવું

तृण् अदने ખાવું–જમવું

घृण् दीप्तौ દીપવું–પ્રકાશવું

નીચેના બે ધાતુ આત્મનેપદી છે

वन् याचने માગવું–યાચના કરવી

मन् बोधने જાણવું–માનવું–સમજવું ॥ ૪ । ૩ । ૬૮ ॥

## सनः तत्र आ वा ॥ ४ । ३ । ६९ ॥

तत्र એટલે ઉપરના સૂત્રથી सिच् નો અને न् નો લોપ થાય ત્યારે सन् ધાતુના અંતનો 'आ' વિકલ્પે થાય છે.

सन्–असात, असत–તેણે દીધું.

असाथाः, असथाः–તેં દીધું.

असनिष्ट–તેણે આપ્યું. અહીં ઉપરનું સૂત્ર વિકલ્પે વિધાન કરે છે તેથી सिच् નો અને न् નો લોપ થયો નથી તેથી આ નિયમ લાગ્યો નહીં. ॥ ૪ । ૩ । ૬૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## घुट्-ह्रस्वाद् लुग् अनिटः तथोः ॥ ४ । ३ । ७० ॥

છેડે घुट् વ્યંજનવાળા ધાતુ પછી તથા છેડે હ્રસ્વ સ્વરવાળા ધાતુ પછી આવેલા इट् વગરના सिच् પ્રત્યયનો ત્યારે લોપ થાય છે જ્યારે सिच् પછી તરત જ આદિમાં તકારવાળા તથા થકારવાળા પ્રત્યયો લાગેલા હોય તો.

છેડે घुट् વાળો ધાતુ—

આદિમાં તવાળા પ્રત્યય—अ+भिद्+स्+त=अभित्त—તેણે ભેદ્યું.

આદિમાં થવાળા પ્રત્યય—अ+भिद्+स्+थास्=अभित्थाः—તેં ભેદ્યું.

છેડે હ્રસ્વ સ્વર વાળો ધાતુ—

अ+कृ+स्+त=अकृत—તેણે કર્યું.

अ+कृ+स्+थास्=अकृथाः—તેં કર્યું.

व्यद्योतिष्ट—તે દીપ્યો. આ પ્રયોગમાં सिच् इट्વાળો છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૭૦ ॥

## इटः ईति ॥ ४ । ३ । ७१ ॥

इट् પછી सिच् આવેલો હોય અને તે પછી ई આવેલો હોય તો सिच्નો લોપ થાય છે.

अ+लू+इ+स्+ई+त्—अलावि+स्+ईत्=अलावीत्—તેણે લણ્યું—કાપ્યું.

अकार्षीत्—તેણે કર્યું—અહીં इट् નથી.

अभणिषम्—મેં કહ્યું—અહીં ई નથી લાગ્યો. કેમકે दि અને सि પ્રત્યયો હોય તો જ ई લાગે છે. ॥ ૪ । ૩ । ૭૧ ॥

## सः धि वा ॥ ४ । ३ । ७२ ॥

આદિમાં ધકારવાળા પ્રત્યયો ધાતુને લાગેલા હોય તો स् નો લોપ વિકલ્પે થાય છે. એ स् ધાતુનો હોય કે પ્રત્યયનો હોય.

चकास्+हि—चकास्+धि—चका+धि=चकाधि, चकाद्धि—તું શોભ.

अलू+ध्वम्=अलू+इ+स्+ध्वम्=अलविध्वम्, अलविढ्ढवम्—તમે કાપ્યું. ॥ ૪ । ૩ । ૭૨ ॥

## अस्तेः सि हः तु एति ॥ ४ । ३ । ७३ ॥

આદિમાં सवાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે બીજા ગણના ૧૧૦૨ નંબરના अस् ધાતુના स्નો લોપ થાય છે તથા ए પ્રત્યય લાગ્યો હોય ત્યારે स નો ह થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्+सि=असि–તું છે.

व्यति+अस्+से–व्यतिसे–તેને બદલે તું છે.

व्यति+अस्+ए–व्यति+ह्+ए=व्यतिहे–તેને બદલે હું છું.

भावयाम्+अस्+ए–भावयाम्+आह्+ए=भावयामाहे–મેં ભાવના કરી.

॥ ૪ । ૩ । ૭૩ ॥

## दुह–दिह–लिह–गुहः दन्त्यात्मने वा सकः ॥ ४ । ३ । ७४ ॥

આદિમાં દન્ત્ય અક્ષરવાળા આત્મનેપદના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે दुह्, दिह्, लिह्, गुह् ધાતુને લાગેલા सक्નો લોપ વિકલ્પે થાય છે.

दुह्— अ+दुह्+स+त=अदुग्+त=अदुग्ध, अदुह्+स+त = अदुक्+ ष्+त=अधुक्षत તેણે દોહ્યું.

दिह् — अ+दिह्+स+त=अदिग्+त्=अदिग्ध, अदिह्+स+त–अधिक्+षत= अधिक्षत–તેણે લેપ્યું કે લીંપ્યું.

लिह्— अ+लिह्+स+थास्=अलीढाः, अलिक्षथाः–તેં ચાટયું.

गुह्— नि+गुह्–नि+अगुह्–न्यगुह्+स+वहि=न्यगुह्वहि, न्यघुक्षावहि–અમે બેએ ગૂઢ રાખ્યું.

अघुक्षावहि–આ રૂપમાં वहि પ્રત્યયનો વકાર દંત્યોષ્ઠ છે તેથી व ને દંત્ય માનીને આ નિયમ લાગે છે.

अधुक्षामहि અમે દોહ્યું. આ રૂપમાં महि પ્રત્યય છે તેની આદિમાં દન્ત્ય અક્ષર નથી તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૭૪ ॥

## स्वरे अतः ॥ ४ । ३ । ७५ ॥

આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય તો सक्ना अनो લોપ થાય છે.

अदुह्+स+आताम्–अधुक्ष्+आताम् = अधुक्षाताम् તે બેએ દોહ્યું.

॥ ૪ । ૩ । ૭૫ ॥

## दरिद्रः अद्यतन्यां वा ॥ ४ । ३ । ७६ ॥

અદ્યતનીના પ્રત્યયો લાગતાં ૧૦૯૨ નંબરના दरिद्रा ધાતુના અંત્યસ્વરનો લોપ વિકલ્પે થાય છે.

अदरिद्रा+इ+स्+ई+त्–अदरिद्र्+ई+त्=अदरिद्रीत् –आनो લોપ થયો.

अदरिद्रासीत्–આ રૂપમાં आनो લોપ ન થયો–તે દુઃખી થયો.

॥ ૪ । ૩ । ૭૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अशिति अस्सन्-णकच्-णक-अनटि ॥ ४ । ३ । ७७ ॥

આદિમાં સકારવાળો सन , णकच् , णक અને अनट् પ્રત્યયો સિવાયના अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે दरिद्रा ધાતુના અંત્ય સ્વરનો લોપ થાય છે.

खल्-दुर्+दरिद्रा+अम्=दुर्दरिद्र+अम्=दुर्दरिद्रम्-દુઃખ.

शित्-दरिद्रा+ति=दरिद्राति-તે દુઃખી થાય છે.

सन्-दिदरिद्रासति-તે દુઃખી થવાને ઈચ્છે છે.

णकच्-दरिद्रायकः याति-દુઃખી થવા માટે જાય છે.

णक-दरिद्रायकः-દુઃખી.

अनट्-दरिद्राणम्-દુઃખ.

જે પ્રત્યયોનો સૂત્રમાં નિષેધ કરેલ છે તે પ્રત્યયો આ પાંચે પ્રયોગોમાં હોવાથી વર્જેલા પ્રત્યયોવાળો दरिद्रा ધાતુ છે તેથી આ કોઈ પણ પ્રયોગમાં આ નિયમ ન લાગ્યો એટલે ક્યાંય આ નો લોપ ન થયો ॥ ૪ । ૩ । ૭૭ ॥

## व्यञ्जनाद् देः सः च दः ॥ ४ । ३ । ७८ ॥

વ્યંજનાંત ધાતુને લાગેલા दि પ્રત્યયનો લોપ થાય છે અને લોપ થાય ત્યારે જ્યાં ધાતુનો स् હોય ત્યાં द् થઈ જાય છે.

अचकास्+दि+त्=अचकात्-તે દીપ્યો, दि પ્રત્યયમાં इ તો નિશાન-રૂપ છે એથી द्-त् બાકી રહે છે

अजागर्+त्=अजागः-તે જાગ્યો.

अबिभर्+त्=अबिभः-તેણે ધારણ કર્યું.

अनु+अशास्+त्=अन्वशात्-તેણે અનુશાસન કર્યું.

अयात्-તે ગયો-અહીં સ્વરાંત ધાતુ છે, તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૭૮ ॥

## सेः स्-द्-धां च रुः वा ॥ ४ । ३ । ७९ ॥

વ્યંજનાંત ધાતુ પછી स्-सि-પ્રત્યય લાગ્યો હોય તો તેના स् નો લોપ વિકલ્પે કરવો અને ધાતુને છેડે स, द् અને ध् આવેલા હોય તો તેનો વિકલ્પે र्-रु- કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सि—स्—अचकास्+स् = अचकाः त्वम्, अचकात् त्वम्—તું દીપ્યો.
सि પ્રત્યયમાં પણ ઈ નિશાનરૂપ છે એટલે મૂળ પ્રત્યય स् છે
अभिनद्+स्=अभिनः, अभिनत् त्वम्—તેં ભેદ્યું.
अरुणध्+स=अरुणः, अरुणत् त्वम्—તેં રુંધ્યું—રોક્યું.

॥ ૪ । ૩ । ૭૯ ॥

## यः अशिति ॥ ४ । ३ । ८० ॥

अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે વ્યંજનાંત ધાતુને લાગેલા य् નો લોપ થાય છે.

यङ्— जङ्गम्+य+इ+ता=जङ्गमिता વાંકો ચાલનારો.
लोलूय्+इ+ता=लोलूयिता—ઘણું કાપનારો. આ પ્રયોગમાં लू સ્વરાંત ધાતુ છે, તેથી
बेभिद्+य+ते=बेभिद्यते—તે ઘણું ભેદે છે.—અહીં શિત્ પ્રત્યય છે, તેથી
આ બન્ને પ્રયોગોમાં આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૮૦ ॥

## क्यः वा ॥ ४ । ३ । ८१ ॥

अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે વ્યંજનાંત ધાતુને લાગેલા क्यन् તથા क्यङ्प्रत्યયના क्य નો લોપ વિકલ્પે થાય છે,

क्यन्—समिध्+य+इ+स्यति = समिध्+इष्यति=समिधिष्यति,
समिध्यिष्यति—તે સમિધને—લાકડાને—ઇચ્છશે

क्यङ्—दृषद्+य+इ+स्यते=दृषद्+इ+ष्यते=दृषदिष्यते,
दृषद्यिष्यते—તે પથ્થર જેવું આચરણ કરશે. ॥ ૪ । ૩ । ૮૧ ॥

## अतः ॥ ४ । ३ । ८२ ॥

अदन्त—છેડે अ વાળા—ધાતુથી વિધાન કરેલા अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના अ નો લોપ થાય છે.

कथ+इ+अ+ति—कथ्+ए+अति—कथ्+अयति—कथयति—કહે છે.
गम्+तः—गतः ગયો—આ પ્રયોગમાં गम् ધાતુથી त પ્રત્યયનું વિધાન કરેલ છે, એ ધાતુ વ્યંજનાત છે, એથી અદંત ધાતુથી त પ્રત્યયનું વિધાન નથી. તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૩ । ૮૨ ॥

## णेः अनिटि ॥ ४ । ३ । ८३ ॥

इट् વગરના अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે णि નો લોપ થાય છે.
अततक्ष्+णि+अ+त्=अततक्ष्+अ+त्=अततक्षत्—તેણે છોલાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चेत्+णि+अनः=चेत्+अनः=चेतनः–ચેતન.
कारयिता–કરનારો.–અહીં અશિત્ પ્રત્યય इट्वाળો છે તેથી આ નિયમ ન લાગ્યો. ॥૪।૩।૮૩॥

## सेट्क्तयोः ॥ ४ । ३ । ८४ ॥

इट् વાળા क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો णिનો લોપ થાય છે.
कारि+इतः–कार्+इतः = कारितः–કરાવેલો.
गणि+इतवान्–गण्+इतवान्=गणितवान्–જેણે ગણેલ છે તે–ગણનારો.
૩૨૩ स्तनन् અવાજ કરવો. ॥૪।૩।૮૪॥

## आम्–अन्त–आलु– आय्य–इत्नौ अय् ॥ ४ । ३ । ८५ ॥

आम्, अन्त, आलु,आय्य અને इत्नु પ્રત્યયો લાગ્યા હોય તો णिनो अय् થઈ જાય છે.
कारि+आम्+चकार=कारय्+आम्+चकार=कारयांचकार તેણે કરાવ્યું.
गण्डि+अन्तः–गण्डय्+अन्तः = गण्डयन्तः ધેટો–જુઓ ઉણાદિ સૂત્ર ૨૨૧
स्पृहि+आलुः–स्पृहय्+आलुः=स्पृहयालुः સ્પૃહાવાળો–જુઓ ૫।૩।૨૭
महि+आय्यः–महय्+आय्यः=महयाय्यः–અશ્વમેધ યજ્ઞ. જુઓ ઉણાદિ સૂત્ર ૩૭૩
स्तनि+इत्नुः=स्तनय्+इत्नुः=स्तनयित्नुः–મેઘ. જુઓ ઉણાદિ સૂત્ર ૭૮૭. ॥૪।૩।૮૫॥

## लघोः यपि ॥ ४ । ३ । ८६ ॥

क्त्वाને બદલે વપરાયેલો यप् પ્રત્યય લાગ્યો હોય તો ધાતુના લઘુ અક્ષર પછી આવેલા णि નો अय् થાય છે.

प्रशम्+णि+य–प्रशमय्+य=प्रशमय्य શાંત કરીને.

प्रतिपद्+णि+यप्–प्रतिपादि+यप्=प्रतिपाद्य–પ્રતિપાદન કરીને.

અહીં प्रतिपादि ધાતુમાં દીર્ઘ पा પછી णि પ્રત્યય છે. ।૪।૩।૮૬॥

## वा आप्नोः ॥ ४ । ३ । ८७ ॥

પૂર્વોક્ત यप् પ્રત્યય લાગ્યો હોય ત્યારે ૧૩૦૭ आप् ને લાગેલા णि નો अय् વિકલ્પે થાય છે.

प्र+आपि–प्रापि+य–प्रापय्+य=प्रापय्य, प्राप्य–પ્રાપ્ત કરાવીને.
अधि+इ+णि ને બદલે अधि+आप्+णि–अधि+आप्य–अध्याप्य–ભણાવીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–આ પ્રયોગમાં 'आप्य' એવું રૂપ જોઈને आप् ધાતુ હોવાનો ભ્રમ થાય છે. ખરી રીતે આ પ્રયોગમાં ૧૧૦૪ નંબરનો મૂળ इङ् ધાતુ છે પણ आप् ધાતુ નથી–જુઓ ૪।૨।૧૦ તથા ૪।૨।૨૧॥ –તેથી આ નિયમ ન લાગ્યો.
॥૪।૩।૮૭॥

## मेङः वा मित् ॥ ४ । ३ । ८८ ॥

यप् પ્રત્યય લાગ્યો હોય તો ૬૦૩ मेङ् નું मित् વિકલ્પે થાય છે.

अप+मे+य–अप+मित्+य–अपमित्य, अपमाय–બદલે આપીને.
॥૪।૩।૮૮॥

## क्षेः क्षीः ॥ ४ । ३ । ८९ ॥

यप् પ્રત્યય લાગ્યો હોય તો ૧૦ क्षि નું क्षी થાય છે.

प्र+क्षि+य–प्रक्षीय–ક્ષીણ થઈને. ॥૪।૩।૮૯॥

## क्षय्य–जय्यौ शक्तौ ॥ ४ । ३ । ९० ॥

'ક્ષીણ થઈ શકે' એટલે 'શક્ય' એવા અર્થમાં क्षि ધાતુને य પ્રત્યય લાગતાં क्षय्य રૂપ થાય છે અને 'જિતી શકાય' એવા અર્થમાં जि ધાતુને य પ્રત્યય લાગતાં जय्य રૂપ થાય છે. य પ્રત્યય માટે જુઓ ૫।૧।૨૮।

क्षय्यः व्याधिः–ક્ષીણ કરવા યોગ્ય વ્યાધિ.

जय्यः शत्रुः–જિતવા યોગ્ય શત્રુ.

क्षेयं पापम्–ક્ષય કરવા યોગ્ય પાપ–અહીં अर्ह અર્થમાં य આવ્યો છે, પણ 'શક્તિ' અર્થનો સૂચક य પ્રત્યય નથી.

जेयं मनः–જિતવા યોગ્ય મન–અહીં अर्ह અર્થમાં य છે પણ 'શક્તિ' અર્થનો સૂચક य પ્રત્યય નથી. ॥૪।૩।૯૦॥

## क्रय्यः क्रयार्थे ॥ ४ । ३ । ९१ ॥

૧૫૦૮ क्री ધાતુને य લાગતાં क्रय्य રૂપ થાય છે, જો વેચવાનો પદાર્થ જાહેરમાં ફેલાવેલો –રજુ કરેલો– હોય તો.

क्री+य:=क्रय्यः गौः–ખરીદવા માટેનો બળદ કે ગાય.

क्रेयं ते धान्यं न चास्ति प्रसारितम्–તારું ધાન્ય ખરીદવા જેવું છે પણ વેચવા માટે જાહેરમાં ફેલાવેલું નથી. ॥૪।૩।૯૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सः तः सि ॥ ४ । ३ । ९२ ।

अशित् એવા સકારાદિ–આદિમાં સકારવાળા–પ્રત્યયો લાગવાનો પ્રસંગ હોય તો સકારાંત ધાતુના स् નો त् થાય છે.

वस्+स्यति=वत्स्यति રહેશે.

यज्+सीष्ट=यक्षीष्ट પૂજા કરે.–અહીં સકારાંત ધાતુ નથી પણ यज् એવો જકારાંત ધાતુ છે.

वसिषीष्ट–રહો. અહીં–इट् આવી જવાથી લાગેલો सीष्ट પ્રત્યય इसीष्ट થવાથી આદિમાં સકારવાળો નથી. ॥ ૪ । ૩ । ૯૨ ॥

## दीय् दीङः क्ङिति स्वरे ॥ ४ । ३ । ९३ ॥

સ્વરાદિ–આદિમાં સ્વરવાળા–એવા कित् અથવા ङित् अशित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ૧૨૪૪ दीङ्નું दीय् થાય છે.

उप+दिदी+आते–उपदिदीय्+आते=उपदिदीयाते–તેઓ બે ક્ષીણ થયા.

उपदानम्–ક્ષીણતા–આ પ્રયોગમાં अनट् પ્રત્યય છે, જે અશિત્ તો છે પણ कित् કે ङित् પ્રત્યય નથી.

यङ्–उपदेदीयते–તે ઘણું ક્ષીણ થાય છે –અહીં यङ् પ્રત્યય છે તે ङित् તો છે પણ સ્વરાદિ નથી. ॥ ૪ । ૩ । ૯૩ ॥

## इट्–एत्–पुसि च आतः लुक् ॥ ४ । ३ । ९४ ॥

સ્વરાદિ–આદિમાં સ્વરવાળા–એવા कित् અથવા ङित् अशित् પ્રત્યયો, इट् પ્રત્યય, एप्रत्यय તેમ જ पुस् પ્રત્યય લાગ્યો હોય ત્યારે આકારાંત ધાતુના આનો લોપ થાય છે.

स्वरादि अशित् कित्–पपा+उस्–पप्+उस्–पपुः–તેઓએ પીધું.

स्वरादि अशित् ङित्–अदधा+अ(ङ)+त्–अदध्+अ+त्=अदधत्–તે ધાવ્યો. કે તેણે પીધું. ङ માટે જુઓ । ૩ । ૪ । ૫૯ ।

इट्–पपा+इ+थव्–पप्+इ+थ=पपिथ–તેં પીધું.

ए–व्यतिरा+ए–व्यतिर्+ए–व्यतिरे– બીજાને બદલે મારા વડે અપાય છે.

पुस्–अ+दा+अन्–अ+दा+पुस्–अद्+उस्=अदुः–તેઓએ આપ્યું. पुस् માટે જુઓ ૪।૨।૯૧ ॥ ૪ । ૩ । ૯૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## संयोगादेः वा आशिषि एः ॥ ४ । २ । ९५ ॥

જે ધાતુની આદિમાં સંયોગ છે અને છેડે આકાર છે એવા ધાતુના આનો ए વિકલ્પે થાય છે જ્યારે તેને આશીર્વિભક્તિના कित् અથવા ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે.

कित्–ग्ला+यात्–ग्लेयात्, ग्लायात्–ગ્લાનિ પામો.

यायात्–તે જાઓ–અહીં ધાતુની આદિમાં સંયોગ નથી.

ग्लासीष्ट–ગ્લાનિ પામો.–અહીં ધાતુની આદિમાં સંયોગ તો છે પણ कित् કે ङित् પ્રત્યય નથી. ॥ ૪ । ૩ । ૯૫ ॥

## गा–पा–स्था–सा–दा–मा–हाकः ॥ ४ । ३ । ९६ ॥

આશિષ્ વિભક્તિના कित् કે ङित् પ્રત્યયો લાગ્યા હોય તો પહેલા ગણના गा, पा, स्था ધાતુના' ૪૪ મા તથા ૧૦૫૦મા सा ધાતુના, दा સંજ્ઞાવાળા ધાતુઓના, ૧૦૭૩મા मा ધાતુના અને બીજા ગણના પરસ્મૈપદી તથા 'ત્યાગ' અર્થવાળા ૧૧૩૧ મા हा ધાતુના આનો ए થાય છે.

कित् પ્રત્યય–गेयात्–તે ગાઓ.
पेयात्–પીઓ.
स्थेयात्–તે ઊભો રહે.
अवसेयात्–તે અંત કરો.
{देयात्–તે આપો.
{धेयात्–તે ધારણ કરો.
मेयात्–તે માપો.
हेयात्–તે છોડો.

આ નિયમ, यङ्નો લોપ થયા પછી પણ हा ધાતુને છોડીને બીજા गा વગેરે તમામ ધાતુઓને લાગે છે. તેનાં जागेयात् વગેરે ઉદાહરણો સમજી લેવાં. ॥ ૪ । ૩ । ૯૬ ॥

## ईः व्यञ्जने अयपि ॥ ४ । ३ । ९७ ॥

यप् સિવાયના આદિમાં વ્યંજનવાળા कित् કે ङित् अशित् પ્રત્યયો લાગ્યા હોય તો ૯૬મા સૂત્રમાં જણાવેલા गा, पा, स्था, सा, दा સંજ્ઞાવાળા, मा અને हा ધાતુઓના અંતના આનો ई થાય છે.

कित्–गा+य+ते=गीयते ગવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ङित्—गा+य—गीय—जेगी+य+ते जेगीयते ઘણું ગાય છે. અહીં यङ् પ્રત્યય છે.

कित्—पा+य+ते=पीयते પીવાય છે.

,, स्था+य+ते=स्थीयते સ્થિર—હાલ્યા ચાલ્યા વગર—રહેવાય છે.

,, अवसा+य+ते=अवसीयते છેડો પમાય છે.

દા સંજ્ઞાવાળા ધાતુ— दा+य+ते=दीयते દેવાય છે.
धा+य+ते=धीयते ધારણ કરાય છે.

मा+य+ते=मीयते માપ કરાય છે.

कित्—हा+तः=हीनः હીણો.

तस्थुः 'સ્થિર રહ્યા' અર્થના આ પ્રયોગમાં स्था ધાતુને उस् પ્રત્યય લાગેલ છે જે આદિમાં વ્યંજનવાળો નથી તેથી स्थाનો स्थी ન થાય.

प्रगाय 'ઊંચે સાદે ગાઈને' અર્થના સૂચક આ પ્રયોગમાં સૂત્રમાં જેનો નિષેધ કરેલ છે તે यप् પ્રત્યય લાગેલ છે તેથી गाનો गी ન થાય.

॥ ૪ । ૩ । ૯૭ ॥

## घ्रा-ध्मोः यङि ॥ ४ । ३ । ९८ ॥

यङ् પ્રત્યય લાગ્યો હોય ત્યારે घ्रा અને ध्मा ધાતુઓના અંતના 'આ' નો ई થઈ જાય છે.

घ्रा+य+ते—जिघ्री+य+ते=जेघ्रीयते—તે ઘણું સુંઘે છે.

ध्मा+य+ते—दिध्मी+य+ते=देध्मीयते-તે વારંવાર ધમે છે.

॥ ૪ । ૩ । ૯૮ ॥

## हनो घ्नीः वधे ॥ ४ । ३ । ९९ ॥

यङ् પ્રત્યય લાગ્યો હોય ત્યારે 'વધ' અર્થના સૂચક हन् ધાતુનું घ्नी રૂપ થાય છે.

हन्+य+ते—घ्नी+य+ते-जिघ्नी+य+ते=जेघ्नीयते—તે વારંવાર હણે છે
जङ्घन्यते—તે વાંકું ચાલે છે—આ પ્રયોગમાં हन् ધાતુ, 'વધ' અર્થનો નથી પણ 'ગતિ' અર્થનો છે. ॥ ૪ । ૩ । ૯૯ ॥

## ञ्णिति घात् ॥ ४ । ३ । १०० ॥

ञित् કે णित् પ્રત્યય લાગ્યા હોય ત્યારે हन् ધાતુનું घात् રૂપ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हन्+घञ्–घात्+अः=घातः–घा.

हन्+णि–घाति+अ+ति–घाते+अ+ति=घातयति ते હણાવે છે.

॥४।३।१००॥

## ञि–णवि घन्॥ ४ । ३ । १०१ ॥

हन् ધાતુને ભૂતકાળનો ञि પ્રત્યય અને પરોક્ષાનો णव् પ્રત્યય લાગ્યો હોય ત્યારે हन्‌નો घन् થાય છે.

अ+हन्+ञि+त=अ+घन्+ञि+त–अघान्+ञि+त=अघानि–તેણે હણ્યું.

ञि પ્રત્યય માટે જૂઓ ૩।૪।૬૮।

हन्+णव्–घन्+णव्–जघन्+अ=जघान–તેણે હણ્યું. ॥४।३।१०१॥

## नशेर्नेश् वा अङि ॥ ४ । ३ । १०२ ॥

अङ् પ્રત્યય લાગ્યો હોય ત્યારે नश्‌નું नेश् રૂપ વિકલ્પે થાય છે.

अ+नश्+अङ्+त्=अनेश्+अत् = अनेशत् , अनशत्–તે નાશ પામ્યો.

॥४।३।१०२॥

## श्वयति–अस्–वच–पतः श्व–आस्थ–वोच्–पप्तम् ॥४।३।१०३॥

अङ् પ્રત્યય લાગ્યો હોય ત્યારે श्वि ધાતુનું श्व, દિવાદિ ગણના अस् ધાતુનું आस्थ्, બીજા અદાદિ ગણના वच्‌નું वोच् અને पत् ધાતુનું पप्त् રૂપ થાય છે.

अ+श्वि+अङ्+त्–अ+श्व् +अत्=अश्वत् તે સૂઝી ગયો.

अ+अस्+अङ्+त्–अ+आस्थ्+अत् = आस्थत्–તેણે ફેંક્યું.

अ+वच्+अङ्+त्–अ+वोच्+अत्=अवोचत्–તે બોલ્યો.

अ+पत्+अङ्+त्–अ+पप्त्+अत् =अपप्तत्–તે પડ્યો

॥४।३।१०३॥

## शीङः एः शिति ॥ ४ । ३ । १०४ ॥

शित् પ્રત્યય લાગ્યા હોય ત્યારે शीङ् ધાતુના અંતના ईનો ए થાય છે.

शी+ते–शे+ते=शेते તે સૂએ છે. ॥४।३।१०४॥

## क्ङिति यि शय् ॥ ४ । ३ । १०५ ॥

યકારાદિ–આદિમાં યકારવાળા–એવા कित् કે ङित् પ્રત્યયો લાગ્યા હોય તો शीङ्‌નું शय् રૂપ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कित्–क्यः–शी+य+ते–शय्+यते=शय्यते–સુવાય છે.

ङित्–यङ्–शी+य+ते–शय्+य–शय्शय्–य–शाशय्+य+ते=शाशय्यते–તે ઘણું કે વારંવાર સૂએ છે.

शेयम्–સૂવાનું–અહીં शी ધાતુને લાગેલો य પ્રત્યય कित् અથવા ङित् નથી તેથી शीનું शय् ન થયું. ॥ ४ । ३ । १०५ ॥

## उपसर्गात् ऊहः ह्रस्वः ॥ ४ । ३ । १०६ ॥

कित् અથવા ङित् એવા यકારાદિ પ્રત્યયો લાગ્યા હોય તો ઉપસર્ગ પછી આવેલા ऊह ધાતુના ऊનો હ્રસ્વ उ થાય છે.

सम्+ऊह्+य+ते–सम्+उह्+य+ते–समुह्यते–સારો તર્ક કરાય છે.

ऊह्यते–તર્ક કરાય છે.–અહીં ऊह ધાતુ ઉપસર્ગ પછી નથી.

समूहितम्–સારો તર્ક કર્યો. અહીં य કારાદિ પ્રત્યય નથી પણ त પ્રત્યય છે.

आ+ऊह्यते–ओह्यते; सम्+ओह्यते=समोह्यते–મર્યાદામાં સારો તર્ક કરાય છે. અહીં ऊहનો ऊ નથી, પણ ओ છે. તેથી આ નિયમ ન લાગે.

॥ ४ । ३ । १०६ ॥

## आशिषि इणः ॥ ४ । ३ । १०७ ॥

આશિષ્ વિભક્તિના कित् અથવા ङित् એવા यકારાદિ પ્રત્યયો લાગ્યા હોય તો ઉપસર્ગ પછીના इण् ધાતુના દીર્ઘ ईનો હ્રસ્વ इ થાય છે.

આમ તો इण् ધાતુ પોતે હ્રસ્વ इ વાળો છે પણ નીચેના સૂત્ર દ્વારા તે इ નો દીર્ઘ ई થઇ જાય છે. તે દીર્ઘ ई ઉપસર્ગ પછી આવ્યો હોય ત્યારે આ નિયમ લાગે છે, એમ સમજવું.

उत्+ईयात्+उद्+इयात्=उदियात्–તેનો ઉદય થાય.

आ+ईयात्–एयात्, समेयात्–સારી રીતે જવાય-આ રૂપમાં इण्નો इ નથી પણ ए છે. ॥ ४ । ३ । १०७ ॥

## दीर्घः च्वि–यङ्–यक्–क्येषु च ॥ ४ । ३ । १०८ ॥

च्वि પ્રત્યય, यङ् પ્રત્યય, यक् પ્રત્યય, અને क्य પ્રત્યય લાગતાં તથા આદિમાં यકારવાળા આશીર્વિભક્તિ ના પ્રત્યયો લાગતાં ધાતુના અંતના હ્રસ્વ સ્વરનો દીર્ઘ સ્વર થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च्वि–शुचि+करोति = शुचीकरोति–અશુચિને શુચિ–પવિત્ર–કરે છે.

यङ्–स्तु+य+ते–तोष्टु+यते = तोष्टूयते–તે ઘણી સ્તુતિ કરે છે.

यक्–मन्तु+य+ति = मन्तूयति–તે રોષ કરે છે. (यक् માટે જુઓ. ૩।૪।૮)

क्यन्–दधि+य+ति = दधीयति–તે દહીંને ઇચ્છે છે.

क्यङ्–भृश+य+ते–न भृशम् अभृशम्, अभृशं भृशं भवतीति भृशायते જે ઘણું નથી, તે ઘણું થાય છે (જુઓ ૩।૪।૨૯ સૂત્ર)

क्यङ्ष्–लोहित+य+ते–न लोहितम् अलोहितम्, अलोहितं लोहितं भवतीति–लोहितायते જે લાલ નથી તે લાલ થાય છે. (જુઓ, ૩।૪।૩૦ સૂત્ર)

क्य–स्तु+य+ते=स्तूयते–સ્તુતિ કરવામાં આવે છે.

આશીઃ–इ+यात् = ईयात्–તે જાઓ. ॥ ૪ । ૩ । ૧૦૮ ॥

## ऋतः रीः ॥ ४ । ३ । १०९ ॥

च्वि, यङ्, यक् અને क्यन्, क्यङ् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે હ્રસ્વ ऋકારાંત નામના કે ધાતુના ऋનો री થાય છે.

च्वि–पितृ+च्वि+स्यात्=पितृ–पित्री+स्यात्=पित्रीस्यात्–પિતા ન હોય તે પિતા થાય.

यङ्–कृ+य-क्रीय–क्रीक्री+य-कीक्री+य–चीक्री+य–चेक्री+य+ते = चेक्रीयते–તે ઘણું કરે છે.

क्यन्–मातृ+य+ति = मात्री+य+ति = मात्रीयति–તે માતાને ઇચ્છે છે.

,, पितृ+य+ति = पित्री+य+ति = पित्रीयति તે પિતાને ઇચ્છે છે.

क्यङ्–मातृ+य+ते=मात्रीयते માતાની પેઠે આચરણ કરે છે-માતાની જેમ વર્તે છે.

पितृ+य+ते=पित्रीयते–પિતાની પેઠે આચરણ કરે છે.

कॄ–चेकीर्यते–તે ઘણું ફેંકે છે.–અહીં ધાતુને છેડે દીર્ઘ ॠ છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૩ । ૧૦૯ ॥

## रिः श–क्य–आशीर्ये ॥ ४ । ३ । ११० ॥

છઠ્ઠા–તુદાદિ–ગણનો વિકરણ श પ્રત્યય લાગ્યો હોય ત્યારે તથા क्य અને આશિષ્‌ના यवાળા પ્રત્યયો લાગ્યા હોય તો હ્રસ્વ ऋકારાંત ધાતુના ऋનો रि થાય છે.

श–व्यापृ+य+ते–व्याप्+रि+यते = व्याप्रियते–તે વાપરે છે,

क्य–कृ+य+ते–कृ+रि+यते=क्रियते–કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશીઃ-हृ+यात्-हृ+रि+यात्=ह्रियात्-હરણ કરો-હરી જાઓ.
॥ ૪ । ૩ । ૧૧૦ ॥

## ईः च्वौ अवर्णस्य अनव्ययस्य ॥४ । ३ ।१११॥

च्वि પ્રત્યય લાગ્યો હોય તો અવ્યય સિવાયના અવર્ણાંત નામના अ કે आનો દીર્ઘ ई થઈ જાય છે.

शुक्ल+च्वि+स्यात्-शुक्ली+स्यात्=शुक्लीस्यात्-ધોળું ન હોય તે ધોળું થાય છે.
माला+च्वि+स्यात्-माली+स्यात् = मालीस्यात्-માળા ન હોય તે માળા થાય છે.

दिवाभूता रात्रिः-રાત, દિવસ જેવી છે, અહીં दिवा અવ્યય છે. તેથી दिवीभूता ન થાય.
॥ ૪ । ૩ । ૧૧૧ ॥

## क्यनि ॥ ४ । ३ । ११२ ॥

क्यन् પ્રત્યય લાગ્યો હોય તો અવર્ણાંત નામના अ કે आનો ई થઈ જાય છે.

पुत्रम् इच्छति-पुत्र+य+ति=पुत्री+यति = पुत्रीयति-પુત્રને ઇચ્છે છે.

मालाम् इच्छति-माला+य+ति=माली+यति=मालीयति-માળાને ઇચ્છે છે.
॥ ૪ । ૩ । ૧૧૨ ॥

## क्षुत्-तृड्-गर्द्धे अशनाय-उदन्य-धनायम् ॥ ४ । ३ । ११३ ॥

क्षुत्-ભૂખ-અર્થ જણાતો હોય તો क्य લાગતાં अशन શબ્દનું अशनाय રૂપ થાય છે.

तृड्-તૃષા-અર્થ જણાતો હોય તો क्य લાગતાં उदक શબ્દનું उदन्य રૂપ થાય છે.

गर्द्ध-ગૃદ્ધ-લાલચ-અર્થ જણાતો હોય તો क्य લાગતાં धन શબ્દનું धनाय રૂપ થાય છે.

अशन+य+ति = अशनायति-ભૂખને લીધે અશનને-ભોજનને-ઇચ્છે છે.

उदक-उदन्+य+ति = उदन्यति-તરશને લીધે ઉદકને-પાણીને-ઇચ્છે છે.

धन-धना+य+ति = धनायति-લાલચને લીધે ધનની ઇચ્છા કરે છે.

अशनीयति दातुम् બીજા કોઈને આપવા માટે અશનને-ખાવાના પદાર્થને-ઇચ્છે છે.

उदकीयति पाययितुम् બીજા કોઈને પિવડાવવા સારુ પાણીને ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धनीयति दातुम्**– દાન માટે ધનને ઈચ્છે છે.

આ ત્રણે પ્રયોગોમાં મુખ્યપણે 'દાન' અર્થ છે પણ ભૂખ, તૃષા અને લાલચ અર્થ નથી, તેથી આ નિયમ ન લાગ્યો ॥ ૪ । ૩ । ૧૧૩ ॥

## वृष–अश्वाद् मैथुने स्सः अन्तः ॥ ४ । ३ । ११४ ॥

'મૈથુન' અર્થનું સૂચન થતું હોય તો क्यन् પ્રત્યય લાગતાં वृष શબ્દને છેડે स् ઉમેરાય છે. તથા 'મૈથુન' અર્થનું સૂચન થતું હોય તો अश्व શબ્દને છેડે स् ઉમેરાય છે.

**गौः मैथुनाय वृषम् इच्छति–वृष+क्यन्+वृषस्+य+ति–वृषस्यति गौः**–ગાય મૈથુન માટે બળદને ઇચ્છે છે.

**मैथुनाय अश्वम् इच्छति वडवा–अश्व+क्यन्+अश्वस्+य+ति अश्वस्यति वडवा**–ઘોડી મૈથુન માટે અશ્વને ઇચ્છે છે.

वृषीयति **ब्राह्मणी**–બ્રાહ્મણી સાંઢને ઈચ્છે છે. અહીં મૈથુનનો અર્થ જણાતો નથી.

**अश्वीयति ब्राह्मणी**–બ્રાહ્મણી અશ્વને ઈચ્છે છે. અહીં મૈથુનનો અર્થ જણાતો નથી ॥ ૪ । ૩ । ૧૧૪ ॥

## अस् च लौल्ये ॥ ४ । ३ । ११५ ॥

ભોગોને ભોગવવાની વધારેમાં વધારે ઈચ્છા એ 'લૌલ્ય' કહેવાય. **લૌલ્ય અર્થ** જણાતો હોય તો **क्यन्** પ્રત્યય લાગતાં કોઈ પણ નામને છેડે स् ઉમેરાય છે અને તે स्‌નો ष् થતો નથી તથા નામને છેડે अस् પણ ઉમેરાય છે.

स्–दधि+य+ति = दधि+य–दधिस्+य+ति=दधिस्यति–મોજ માણવા આસક્તિથી દહીં વધારે ખાવાની ઇચ્છા કરે છે.

अस्–दधि+य+ति = दधि+अस्+यति=दध्यस्यति– ,, ,, ,,

**क्षीरीयति दातुम्**–બીજા કોઈને દેવા માટે ક્ષીરને–દૂધને–ઈચ્છે છે.–આ પ્રયોગમાં 'લૌલ્ય' અર્થ નથી પણ 'બીજાને દેવાનો' અર્થ છે.

॥ ૪ । ૩ । ૧૧૫ ॥

આચાર્ય શ્રીહેમચંદ્રવિરચિત સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ક્રિયાપદની સાધનારૂપ
ચતુર્થ અધ્યાયના ત્રીજા પાદનો સવિવેચન
ગુજરાતી અનુવાદ સમાપ્ત.

**ત્રીજો પાદ સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચતુર્થ અધ્યાય

## (ચતુર્થ પાદ)

ધાત્વાદેશ પ્રકરણ

### अस्ति–ब्रुवोः भू–वचौ अशिति ॥४।४।१॥

અશિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે બીજા ગણના अस्‌ને બદલે भू વાપરવો અને ब्रू ધાતુને બદલે वच् વાપરવો.

अस्–

अद्यतनी–अस्+त्=अभूत्– તે થયો.

परोक्षा–अस्+णव्=बभूव– ,,

अस्+यम्–भू+यम्–भो+यम्=भव्+यम्=भव्यम्–થવા યોગ્ય.

ब्रू–

अ+ब्रू+अ+त्–अ+वोच्+अत्=अवोचत्–તે બોલ્યો.

નીચેના બન્ને પ્રયોગોમાં शित् પ્રત્યયો છે તેથી આ નિયમ ન લાગે.

स्यात्–તે થાય.

ब्रूते–તે બોલે છે. ॥ ૪ । ૪ । ૧ ॥

### अघञ्-क्यप्-अल्–अचि अजेः वीं ॥ ४ । ४ । २ ॥

घञ्, क्यप्, अल्, અને अच्– પ્રત્યયો સિવાયના અશિત્ પ્રત્યયો લાગ્યા હોય તો अज्‌ને બદલે वीं કરવો.

મૂળરૂપ તો वी છે અને તેના ઉપરનો અનુસ્વાર' वी અનિટ હોવાના નિશાનરૂપ છે.

प्र+अज+यम्–प्र+वी+यम्–प्र+वे+यम्=प्रवेयम्–પ્રેરણા કરવા જેવું.

નીચેના ચારે પ્રયોગોમાં જે પ્રત્યયોનો સૂત્રમાં નિષેધ કરેલ છે એવા વર્જેલા પ્રત્યયોવાળા શબ્દો છે તેથી આ નિયમ ન લાગે.

समाजः–સમાજ –अज ધાતુને घञ् પ્રત્યય છે.

समज्या– ,, – ,, क्यप् પ્રત્યય છે.

उदजः–ગતિ–अल् પ્રત્યય છે.

अजः–પશુ–બકરો–अच् પ્રત્યય છે. ॥ ૪ । ૪ । ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तृ-अने वा ॥ ४ । ४ । ३ ॥

तृ પ્રત્યય તથા અન પ્રત્યય લાગ્યો હોય ત્યારે अज्‌नो वीं વિકલ્પે કરવો.

प्र+अज्+तृ–प्र+वी+तृ=प्रवेता, प्राजिता–હાંકનારો.

प्र+अज+अन–प्र+वी+अन–प्र+वे+अनः=प्रवय्+अणः–प्रवयणः, प्राजनः दण्डः–બળદ વગેરેને હાંકવાનો પરોણો–આરવાળી કે આર વિનાની લાકડી. ॥ ४ । ४ । ३ ॥

## चक्षः वाचि क्शांग्- ख्यांग् ॥ ४ । ४ । ४ ॥

अशित् પ્રત્યયો લાગ્યા હોય તો અને 'વાણી' અર્થ હોય તો चक्ष ધાતુને બદલે क्शा અને ख्या રૂપો વાપરવા.

क्शा તથા ख्या ઉપરનો અનુસ્વાર તેમના 'અનિટ' હોવાનો સૂચક છે. તથા ग् ઉભયપદિપણાનો સૂચક છે.

आ+चक्ष्+स्यते–आ+क्शा+स्यते=आक्शास्यते તે કહેશે.

" , स्यति=आ+क्शा+स्यति=आक्शास्यति

आ+चक्ष्+स्यते=आ+ख्या+स्यते=आख्यास्यते "

" " स्यति=आ+ख्या+स्यति=आख्यास्यति

आ+चक्ष्+यम्–आ+क्शा+यम्=आक्शेयम् કહેવા જેવું.

आ+चक्ष्+यम्–आ+ख्या+यम्=आख्येयम " "

विचक्षणः–અહીં વિચક્ષણ–'જ્ઞાનવાળો પંડિત'–અર્થ છે પણ 'વાણી' અર્થ નથી અર્થાત્ 'બોધ' અર્થ છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ४ । ४ । ४ ॥

## न वा परोक्षायाम् ॥ ४ । ४ । ५ ॥

પરોક્ષા વિભક્તિ લાગી હોય ત્યારે 'વાણી' અર્થના चक्ष् ધાતુને બદલે क्शा અને ख्या ધાતુઓ વિકલ્પે વાપરવા.

आ+चक्ष्+णव्–आचक्शा+औ=आचक्श्+औ=आचक्शौ–તેણે કહ્યું.

" " " –आचख्या+औ–आचख्य्+औ=आचख्यौ– " "

आ+चक्ष्+ए–आचचक्ष्+ए–आचचक्षे– " "

॥ ४ । ४ । ५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## भृज्जो भर्ज् ॥ ४ । ४ । ६ ॥

અશિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તુદાદિગણના ૧૩૧૬ મા भृज्ज् ધાતુને બદલે વિકલ્પે भर्ज् રૂપ વાપરવું.

भृज्ज्+ता-भर्ज्+ता-भर्ष्+टा=भर्ष्टा, भ्रष्टा ભૂંજનારો
'ष' માટે જુઓ. ૨।૧।૮૭॥ ॥ ૪ । ૪ । ૬ ॥

## प्रात् दागः त्तः आरम्भे क्ते ॥ ४ । ४ । ७ ॥

क्त પ્રત્યય લાગ્યો હોય તો प्र સાથેના 'આરંભ' અર્થના સૂચક બીજા ગણના दाग् એટલે दा ધાતુને બદલે त्त વિકલ્પે વાપરવો.

प्र+दा+तः=प्रत्तः, प्रदत्तः-આપવાને આરંભેલો.

परि+दा+तम्=परीत्तम्-આપેલું. અહીં प्र નથી પણ परि ઉપસર્ગ છે, તેથી વિકલ્પવાળો આ નિયમ ન લાગ્યો પણ નીચેનું નવમું સૂત્ર લાગેલ છે.
॥ ૪ । ૪ । ૭ ॥

## नि-वि-सु-अनु-अवात् ॥ ४ । ४ । ८ ॥

क्त પ્રયત્ય લાગ્યો હોય ત્યારે નિ, वि, सु अनु અને अव પછીના दा ધાતુને બદલે त्त રૂપ વિકલ્પે વાપરવું.

| | |
|---|---|
| नि+दा+तम्=नीत्तम्, निदत्तम्-નિરંતર આપેલું. | નિ, वि, सु, अनुના સ્વરનો દીર્ઘ થવા માટે જુઓ ।૩।૨।૮૮। |
| वि+दा+तम्=वीत्तम, विदत्तम्-વિશેષ દીધેલું. | |
| सु+दा+तम्=सूत्तम्, सुदत्तम्-સારી રીતે દીધેલું. | |
| अनु+दा+तम्=अनूत्तम, अनुदत्तम् પછી દીધેલું. | |
| अव+दा+तम्=अवत्तम्, अवदत्तम्-દીધેલું. | |

॥ ૪ । ૪ । ૮ ॥

## स्वराद् उपसर्गाद् दः ति किति अधः ॥ ४ । ४ । ९ ॥

તકારાદિ कित् પ્રત્યય લાગ્યા હોય ત્યારે સ્વરાંત ઉપસર્ગ પછી આવેલા તથા જેમનું धारूપ થતું હોય તે સિવાયના दा સંજ્ઞાવાળા ધાતુઓના સ્થાને त्त રૂપ નિત્ય વપરાય છે.

प्र+दा+तः-प्रत्तः આપેલ અથવા આપનાર.

परि+दा+त्रिमम्+परीत्त्रिमम्-દાનથી થયેલું. જુઓ ॥ ૫ । ૩ । ૮૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दधि दत्तम्-દહીં આપ્યું-અહીં दत्तम्‌ની પૂર્વમાં दधि શબ્દ છે. ઉપસર્ગ નથી. એટલે त्त ન થાય.

निर्दत्तम्-નિરંતર આપ્યું-અહીં સ્વરાંત ઉપસર્ગ નથી.

प्रदाता व्रीहयः-ચોખા કાપી નાખ્યા.-અહીં दांव्‌क्‌ लवने ધાતુ છે. તે दा સંજ્ઞાવાળો ધાતુ નથી. दासंज्ञा માટે જુઓ ૩।૩।૫।

प्रदाय-દઈને-અહીં તકારાદિ પ્રત્યય નથી.

निधीतः-નિરંતર પીધેલ-અહીં ट्धें-धा-ધાતુ છે. સૂત્રમાં धा રૂપ વર્જેલ છે. ॥૪।૪।૯॥

## दत् ॥ ४ । ४ । १० ॥

धारूप સિવાયના दा સંજ્ઞાવાળા ધાતુઓને બદલે दत् રૂપ વપરાય છે, જ્યારે તકાર આદિવાળા कित् પ્રત્યય લાગ્યા હોય ત્યારે

दा+तः-दत्+तः=दत्तः-દીધેલ-આપેલ.

दा+तिः-दत्+तिः=दत्तिः આપવું.

वि+धा+तः विहितः-કરેલો. આ પ્રયોગમાં धारूपवाळो धा ધાતુ છે

धीतः-ધાવેલો. અહીં સૂત્રમાં વર્જેલો धा રૂપવાળો ट्धें ધાતુ છે તેથી આ નિયમ ન લાગે. ॥૪।૪।૧૦॥

## दो-सो-मा-स्थः इः ॥ ४ । ४ । ११ ॥

ત કારાદિ कित् પ્રત્યયો લાગ્યા હોય તો दो, सो, मा અને स्था ધાતુના અંતના સ્વરનો इ બોલાય છે

निर्+दो+तः-निर्+दि+तः=निर्दितः કાપી નાખેલ.

सो+त्वा-सि+त्वा=सित्वा અંત કરીને.

मा+तिः-मि+तिः=मितिः માપ.

स्था+तवान्-स्थि+तवान्=स्थितवान् ઊભો રહેલો. ॥૪।૪।૧૧॥

## छा-शोः वा ॥ ४ । ४ । १२ ॥

તકારાદિ कित् પ્રત્યયો લાગ્યા હોય તો छा -छो- તથા शा -शो- ધાતુના અંતસ્વરનો इ વિકલ્પે બોલાય છે

अव+छा+तः-अव+च्छि+तः=अवच्छितः, अवच्छातः-ક્ષીણ થયેલો.

नि+शा+तः-नि+शि+तः=निशितः, निशातः-સજાવેલ-ધારવાળું કરેલ ॥૪।૪૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## शः व्रते ॥ ४ । ४ । १३ ॥

क्त પ્રત્યય લાગ્યો હોય તો शा ધાતુના અંત સ્વરનો इ નિત્ય બોલાય છે, જો વ્રત અર્થ હોય તો.

सम्+शो+त-संशितम् व्रतम्-તરવારની ધાર જેવું તીક્ષ્ણ વ્રત.

सम्+शो+त-संशितव्रतः साधुः-આકરા વ્રતવાળો સાધુ. ॥૪।૪।૧૩॥

## हाकः हिः क्त्वि ॥ ४ । ४ । १४ ॥

त કારાદિ कित् એવો क्त्वा પ્રત્યય લાગ્યો હોય તો ओहांक्-हा-ધાતુને બદલે हि રૂપ વાપરવું

हा+क्त्वा-हि+त्वा=हित्वा-છોડીને.

प्रहाय-છોડીને. અહીં त કારાદિ પ્રત્યય નથી, તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૪ । ૧૪ ॥

## धागः ॥ ४ । ४ । १५ ॥

त કારાદિ कित् પ્રત્યય લાગ્યો હોય તો 'धाग्' ધાતુના धा ને બદલે हि રૂપ વપરાય છે.

वि+धा+तः-वि+हि+तः=विहितः વિધાન કરેલ.

धा+त्वा-हित्वा ધારણ કરીને ॥ ૪ । ૪ । ૧૫ ॥

## यपि च अदः जग्ध् ॥ ४ । ४ । १६ ॥

त કારાદિ कित् પ્રત્યય લાગ્યો હોય તો અને यप् પ્રત્યય લાગ્યો હોય તો अद् ધાતુને બદલે जग्धू રૂપ વપરાય છે.

तकारादि-अद्+तिः-जग्ध्+तिः=जग्धिः ખાવું

यप्-प्र+अद्+य-प्रजग्ध्+य=प्रजग्ध्य ખાઈને ॥ ૪ । ૪ । ૧૬ ॥

## घस्लृ सन्-अद्यतनी-घञ्-अच्-अलि ॥ ४ । ४ । १७ ॥

सन् પ્રત્યય, અદ્યતનીના પ્રત્યયો, घञ्, अच् અને अल् પ્રત્યયો લાગ્યા હોય તો अद् ને બદલે घस् રૂપ વપરાય છે.

सन्-अद्+स+ति-घस्+स+ति-जिघस्+सति=जिघत्सति-ખાવાને ઈચ્છે છે.

अद्यतनी-अद्+त्-अ+घस्+अ+त्=अघसत्-તેણે ખાધું.

घञ्-अद्+घञ्=घास्+अः=घासः-ખાવું અથવા ખાવાનો પદાર્થ.

अच्-प्र+अद्+अच्-प्र+घस्+अः=प्रघसः-ખાનારો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अल्–प्र+अद्+अल्–प्र+घस+अः=प्रघसः–ખાવાનું કે ખાવાનું સાધન ॥ ૪ । ૪ । ૧૭ ॥

## परोक्षायां नवा ॥ ४ । ४ । १८ ॥

પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે अद् ને બદલે घस् રૂપ વિકલ્પે વપરાય છે.

अद्+उस्–घस्+उस्-जघस् + उस्–जक्ष्+उस्= जक्षुः–અથવા आदुः–તેઓએ ખાધું. ॥ ૪ । ૪ । ૧૮ ॥

## वेः वय् ॥ ४ । ४ । १९ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે वे ને બદલે वय् પ્રયોગ વિકલ્પે વપરાય છે.

वे+उस्–वय्+उस्-ववय्+उस्-उवय्+उस्=ऊयुः અથવા ववुः–તેઓએ કપડું વણ્યું. ॥ ૪ । ૪ । ૧૯ ॥

## ऋः शॄ–दॄ–प्रः ॥ ४ । ४ । २० ॥

પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે शॄ, दॄ અને पॄ ના દીર્ઘ ॠ નો હ્રસ્વ ऋ વિકલ્પે બોલાય છે.

वि+शॄ+अतुस्–वि+शशॄ+अतुस्=विशश्रतुः અથવા विशशरतुः–તેઓ બે તૂટી ગયા.

वि+दॄ+अतुस्–वि+ददॄ+अतुस्=वेदद्रतुः અથવા विददरतुः–તેઓ બે ફાટી ગયા.

नि+पॄ+अतुस्–नि+पपॄ+अतुस्=निपप्रतुः અથવા निपपरतुः–તેઓ બેએ ભર્યું ॥ ૪ । ૪ । ૨૦ ॥

## हनः वधः आशिषि अञौ ॥ ४ । ४ । २१ ॥

ञिट् (ञिट् જુઓ–।૩।૪।૬૯।) સિવાયના આશીર્વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય તો हन् ધાતુને બદલે वध् પ્રયોગ વાપરવાનો છે

हन्+यात्–वध्+यात्=वध्यात् મારો–હણો.

घानिषीष्ट–તે હણો. અહીં વર્જેલો ञिट् પ્રત્યય હોવાથી આ નિયમ ન લાગે. ૩।૪।૬૯ સૂત્રથી ञिट् થયો છે. ॥ ૪ । ૪ । ૨૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अद्यतन्यां वा तु आत्मने ॥ ४ । ४ । २२ ॥

અદ્યતનીના પ્રત્યયો લાગ્યા હોય તો हन् નો वध् પ્રયોગ વપરાય છે અને આ वध् પ્રયોગ આત્મનેપદમાં વિકલ્પે વપરાય છે.

अ+हन्+त्-अ+वध्+ई+त्=अवधीत् તેણે હણ્યો.

आत्मनेपद-आ+अवधिष्ट-आवधिष्ट અથવા आ+अहत-आहत તેણે આઘાત કર્યો. ॥ ૪ । ૪ । ૨૨ ॥

## इणू-इकोः गा ॥ ४ । ४ । २३ ॥

અદ્યતનીના પ્રત્યયો લાગ્યા હોય તો इण् અને इक् ધાતુને બદલે गा રૂપ વપરાય છે.

अ+इण्+त्-अ+गा+त्=अगात्-ગયો.

अधि+अ+इक्+त्-अध्य+गा+त्=अध्यगात्- પામ્યો.

॥ ૪ । ૪ । ૨૩ ॥

## णौ अज्ञाने गमुः ॥ ४ । ४ । २४ ॥

'અજ્ઞાન' અર્થવાળા इण् ધાતુને અને इक् ધાતુને 'પ્રેરક' અર્થનો णि પ્રત્યય લાગ્યો હોય તો તે બન્ને ધાતુઓને બદલે गम् રૂપ વપરાય છે

इ+णि+ति-गम्+णि+ति-गमि+अ+ति=गमयति-પહોંચાડે છે.

अधि+इक्+णि+ति-अधि+गम्+णि+अ+ति=अधिगमयति-પ્રાપ્ત કરાવે છે અથવા તે યાદ કરાવે છે.

अर्थान् प्रत्याययति-અર્થને જણાવે છે-અહીં 'જ્ઞાન' અર્થ છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૪ । ૨૪ ॥

## सनि इङः च ॥ ४ । ४ । २५ ॥

सन् પ્રત્યય લાગ્યો હોય ત્યારે इङ् ધાતુને બદલે गम् રૂપ બોલાય છે તથા 'અજ્ઞાન' અર્થવાળા इण् ધાતુને બદલે અને इक् ધાતુને બદલે પણ गम् બોલાય છે.

सन्-

इङ्-अधि+इ+स+ते-अधि+गम्+स+ते-अधि+जिगम्+स+ते=अधिजिगाम्+स+ते=अधिजिगांसते વિદ્યા ભણવાને ઈચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અજ્ઞાન' અર્થવાળો इण्–इ+स+ति=जिगम्+इ+स+ति=जिगमि+ष+ति=जिगमिषति ग्रामम् તે ગામ જવાને ઇચ્છે છે.

इक्–अधि + इ+स+ति = अधि+गम्+स+ति = अधि+जिगम्+इ+स+ति = अधिजिगमिषति=मातुरधिजिगमिषति–માતાને સંભારવાને ઇચ્છે છે.

॥ ૪ । ૪ । ૨૫ ॥

## गाः परोक्षायाम् ॥ ४ । ४ । २६ ॥

પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે इङ्ને બદલે गा રૂપ વપરાય છે.

अधि+इ+ए–अधि+गा+ए–अधि–जगा+ए–अधिजग्+ए = अधिजगे–તે ભણ્યો.

॥ ૪ । ૪ । ૨૬ ॥

## णौ सन्–ङे वा ॥ ४ । ४ । २७ ॥

इङ् ધાતુને પ્રેરક णि પ્રત્યય લાગ્યો હોય અને પછી सन् લાગ્યો હોય તો इङ્ને બદલે गा રૂપ વિકલ્પે વાપરવું. તથા इङ् ધાતુને પ્રેરક णि પ્રત્યય લાગ્યો હોય અને તે પછી ङ પ્રત્યય લાગ્યો હોય તો પણ इङ्નું गा રૂપ વિકલ્પે વાપરવું

णि+सन्–अधि -इङ्– अधि+इ+इ+स+ति -अधि+गा+प्+इ+स+ति=अधि+जिगा + प् + इ+इ+स+ ति = अधिजिगापि+ इषति = अधिजिगापे+इषति = अधिजिगापय्+इषति=अधिजिगापयिषति–તે ભણાવવાને ઇચ્છે છે.

अधि+इ+इ+स+ति=अधि+आ+प्+=अध्याप्+अध्यापिपि+इषति=अध्यापिपे-+इषति=अध्यापिपयिषति–તે ભણાવવાને ઇચ્છે છે.

णि+ङ-अधि+अ+इ+इ+ङ+त्=अधि+अ+गा+प्+इ +ङ+त्=अध्यजिगाप्+इ+अ+त्=अध्यजिग+पत्=अध्यजिगपत्–ભણાવ્યું.

अधि+अ+इ+इ+ङ+त्–अधि+अ+आपिप्+अ+त्=अध्यापिपत्–ભણાવ્યું.

अधिजिगांसते–વિદ્યા ભણવાને ઇચ્છે છે.–આ પ્રયોગમાં णि નથી.

अध्यापयति–ભણાવે છે–આ રૂપમાં सन् કે ङ પ્રત્યય નથી.

॥ ૪ । ૪ । ૨૭ ॥

## वा अद्यतनी–क्रियातिपत्त्योः गीङ् ॥ ४ । ४ । २८ ॥

અદ્યતનીના અને ક્રિયાતિપત્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે इङ्નું गीङ् રૂપ વિકલ્પે વપરાય છે. गीङ्નો ङ् આત્મનેપદ થવાના નિશાનરૂપ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अद्यतनी–अधि+अ+इ+त=अधि+अ+गी+स्+त=अध्यगी+ष्+ट=अध्यगीष्ट–અથવા અધિ+अ+इ+स्+त=अध्यैष्ट–તે ભણ્યો.

क्रियातिपत्ति-अधि+अ+इ+स्यत=अधि+अ+गी+ष्यत=अध्यगीष्यत, અથવા अधि+अ+इ+स्यत=अधि+ऐ+ष्यत=अध्यैष्यत–તે ભણત.

॥ ૪ । ૪ । ૨૮ ॥

આદિમાં अ આગમ—

## अड् धातोः आदिः ह्यस्तन्यां च अमाङा ॥ ४ । ४ । २९ ॥

હ્યસ્તની, અદ્યતની અને ક્રિયાતિપત્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુની આદિમાં अ–अट्–આગમનો ઉમેરો થઈ જાય છે એટલે ધાતુની પહેલાં अ ઉમેરાઈ જાય છે પણ જો माङ્નો યોગ ન હોય તો.

હ્યસ્તની–यात्‌ને બદલે अयात्–તે ગયો

અદ્યતની–यासीत्‌ને બદલે अयासीत्–„ „

ક્રિયાતિપત્તિ–यास्यत्‌ને બદલે अयास्यत्–તે જાત.

मा स्म कार्षीत्–તેણે ન કર્યું–અહીં माનો યોગ છે તેથી अकार्षीत् ન થાય.

प्र+अ–प्रा+याः અહીં याः પહેલાં अ ઉમેરતાં प्रायाः–તું ગયો. અહીં ધાતુની આદિ प्र ધાતુરૂપ નથી તેથી प्रની પહેલાં अ ન ઉમેરાય પણ ધાતુની આદિમાં જ अ ઉમેરાય, તેથી प्र+अयाः=प्रायाः પ્રયોગ થાય अप्रयाः પ્રયોગ ન થાય. ॥ ૪ । ૪ । ૨૯ ॥

આદિમાં સ્વરની વૃદ્ધિ—

## एति–अस्तेः वृद्धिः ॥ ४ । ४ । ३० ॥

હ્યસ્તનીના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે इण् ધાતુના, इक् ધાતુના અને अस् ધાતુના આદિના સ્વરની વૃદ્ધિ થાય છે, એટલે આદિના इની વૃદ્ધિ ऐ થાય છે અને આદિના अની વૃદ્ધિ आ થાય છે, જો माङ્નો યોગ–સંબંધ–ન હોય તો.

इण्–इ+अन्–ऐ+अन्–आय्+अन्=आयन्–તેઓ ગયા.

इक्–अधि+इ+अन्–अधि+ऐ+अन्=अधि+आय्+अन्=अध्यायन्- તેઓ યાદ કરતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्- अस्+ताम् = आस्+ताम्=आस्ताम्-તે બે હતા.
मा स्म ते यन्-તેઓ ગયા નહીં. આ પ્રયોગમાં माङ् છે, તેથી આ નિયમ ન લાગે એટલે इનો ऐ ન થયો પણ इ+अन्-यन् રૂપ થયું.

॥ ૪ । ૪ । ૩૦ ॥

## स्वरादेः तासु ॥ ४ । ४ । ३१ ॥

અદ્યતની, ક્રિયાતિપત્તિ અને હ્યસ્તનીના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે કોઈ પણ સ્વરાદિ ધાતુના આદિ સ્વરની વૃદ્ધિ થઈ જાય છે, જો माङ्નો યોગ ન હોય તો.

અદ્યતની–अट्+इ+स्+ई+त्–आट्+ईत्=आटीत्–તે ગયો.

ક્રિયાતિપત્તિ–इष्+इ+स्यत्=ऐषि+ष्यत्=ऐषिष्यत्–તે ઇચ્છત.

હ્યસ્તની–उज्झ्+अ+त्=औज्झत्–તેણે છોડયું.

मा सः अटीत्–તે ન ગયો.–અહીં माङ्નો યોગ હોવાથી આ નિયમ ન લાગ્યો એટલે आटीत् રૂપ ન થાય. ॥ ૪ । ૪ । ૩૧ ॥

## स्–त्–आदि–अशितः अत्र–उणादेः इट् ॥ ४ । ४ । ३२ ॥

ધાતુને લાગેલા અશિત્ એવા स કારાદિ અને त કારાદિ પ્રત્યયોની આદિમાં इट्–इ–ઉમેરાય છે પણ त्र પ્રત્યયની આદિમાં તથા उणादिના પ્રકરણમાં જે सकार આદિવાળા તથા तकार આદિવાળા પ્રત્યયો બતાવેલા છે તેમની આદિમાં આ इट् ઉમેરાતો નથી.

स કારાદિ–लू+स्यति–लू+इ+ष्यति–लो+इष्यति=लव्+इष्यति–लविष्यति તે કાપશે.

त કારાદિ लू+ता–लू+इ+ता–लो+इता–लव्+इता=लविता–તે કાપશે અથવા કાપનારો.

સકારાદિ નથી–भू+यात्–भूयात्–તે થાઓ.–અહીં सकारादि કે तकारादि પ્રત્યય નથી.

અશિત્ નથી–आस्ते–તું બેઠો છે–એ રૂપમાં से શિત્ પ્રત્યય છે.

त्र પ્રત્યય–शस्+त्र–शस्त्रम्–શસ્ત્ર–(૫।૨।૮૮) હથિયાર–અહીં त्र પ્રત્યય છે પણ તે વર્જેલો છે.

ઉણાદિ–स પ્રત્યય–वद्+स–वत्सः–વત્સ.–ઉણાદિ સૂત્ર ૫૬૪. અહીં स પ્રત્યય ઉણાદિનો છે, તે વર્જેલો છે તેથી આ નિયમ ન લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉણાદિ–त પ્રત્યય–हस्+त–हस्तः–હાથ. હૈમ ઉણાદિ સૂત્ર ૨૦૦–અહીં त પ્રત્યય ઉણાદિનો છે. તે વર્જેલો છે. ॥ ૪ । ૪ । ૩૨ ।

## तेः ग्रहादिभ्यः ॥ ४ । ४ । ३२ ॥

અશિત્ એવા ति ( क्ति અથવા तिक् ) પ્રત્યયની આદિમાં इट् ઉમેરવો હોય તો ग्रहादि–ग्रह વગેરે–ધાતુઓના જ પ્રયોગોમાં ઉમેરવો.

नि+ग्रह्+इ+ति=निगृहि+तिः–निगृहीतिः–નિગ્રહ કરવો.

अप+स्निह्+इ+ति=अपस्निहितिः–અપસ્નેહ–ચીકાશ.
शान्तिः–શાંતિ–આ ધાતુ ग्रहादिમાં નથી તેથી અહીં शम्+ति–शम् ધાતુને तिની પહેલાં इ ન ઉમેરાયો એટલે शमितिः પ્રયોગ ન થયો,

ग्रह् વગેરે ધાતુઓને આ પ્રમાણે સમજવા–ग्रह, स्निह, कुच, पठ, इ, भण, रण, मथ, लिख, कम्प, अन्दोल વગેરે. ॥ ૪ । ૪ । ૩૩ ॥

इ નો ई–

## गृह्णः अपरोक्षायां दीर्घः ॥ ४ । ४ । ३४ ॥

પરોક્ષા સિવાયના પ્રત્યયો લાગ્યા હોય તો ग्रह ધાતુની પછી અને પ્રત્યયની આદિમાં ઉમેરવામાં આવેલ इ (इट्) દીર્ઘ થઈ જાય છે.

ग्रह्+ता–ग्रह्+इ+ता–ग्रह्+ई+ता=ग्रहीता–તે ગ્રહણ કરશે.

जगृहिव–અમે બેએ સ્વપ્નમાં ગ્રહણ કર્યું.–અહીં व પ્રત્યય પરોક્ષાનો છે તેથી આ નિયમ ન લાગ્યો ॥ ૪ । ૪ । ૩૪ ॥

## वृ–ऋतः नवा अनाशीः–सिच्परस्मै च ॥ ४ । ४ । ३५ ॥

બે वृ (वृग्, वृङ्) ધાતુઓને અને દીર્ઘ ॠકારાંત ધાતુઓને લાગેલા इનો દીર્ઘ વિકલ્પે થાય છે, પણ જે પ્રયોગમાં પરોક્ષાના પ્રત્યયો હોય, આશિષના પ્રત્યયો હોય અને પરસ્મૈપદનો सिच् પ્રત્યય હોય તે પ્રયોગમાં આ નિયમ ન લાગે.

वृग्–प्र+आ+वृ+इ+ता–प्रा+वर्+ई+ता=प्रावरीता, प्रावरिता–ઓઢનારો.

वृङ्–वृ+ता–वृ+इ+ता–वर्+ई+ता=वरीता–વરશે, વરનાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऋ–तृ+स–तृतृ+स–तितृ+ई+ष+ति–तितरीषति, तितरिषति–તે તરવાની ઈચ્છા કરે છે.

विवरिथ–તેં વરણ કર્યું. અહીં પરોક્ષાનો પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગે.
तेरिथ–તું તર્યો. ,, ,, ,, ,, ,, ,,

प्रावरिषीष्ट–તે ઓઢો–આશિષનો પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગ્યો.

आस्तरिषीष्ट–તે ઢાંકો– ,, ,, ,, ,, ,,

प्रावारिषुः–તેઓએ ઓઢયું–પરસ્મૈપદનો सिच् પ્રત્યય છે તેથી આ નિયમ ન લાગ્યો.

आस्तारिषुः–તેઓએ ઢાંક્યું–પરસ્મૈપદનો सिच् પ્રત્યય હોવાથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૪ । ૩૫ ॥

## इट् सिच्–आशिषोः आत्मने ॥ ४ । ४ । ३६ ॥

બે वृ (वृग् અને वृङ्) ધાતુઓને લાગેલા તથા ॠ કારાંત–જેમને છેડે દીર્ઘ ॠ કાર છે એવા–ધાતુઓને લાગેલા આત્મનેપદના स् (सिच्) પ્રત્યયની આદિમાં તથા આત્મનેપદના આશિષના પ્રત્યયોની આદિમાં इ (इट्) વિકલ્પે ઉમેરાય છે.

सिच्–

वृग्–प्र+वृ–प्र+अ+वृ+इ+स्+त=प्रावर्+इष्ट=प्रावरिष्ट, प्रावृत–તેણે ઓઢયું.

वृङ्–वृ+त–अ+वृ+इ+स्+त=अवर्+ईष्ट=अवरीष्ट, अवृत–તેણે આદર કર્યો.

ॠकारांत – आस्तॄ+त – अ+आस्तॄ+इ+स्+त – आस्तर्+इष्ट=आस्तरिष्ट, आस्तीर्ष्ट તેણે ઢાંક્યું

આશી:–

प्र+अ–प्रा+वृ+सीष्ट=प्रावर्+इ+षीष्ट=प्रावरिषीष्ट, प्रावृषीष्ट–તે ઓઢો

वृ+सीष्ट–वर्+इ+सीष्ट=वरिषीष्ट, वृषीष्ट–તે આદર કરો.

आ+स्तॄ+सीष्ट–आस्तर्+ई+षीष्ट=आस्तरीषीष्ट, आस्तीर्षीष्ट–તે ઢાંકે.
प्रावारीद्, अतारीत् તથા आस्तारीत् આ પ્રયોગોમાં આત્મનેપદનો सिच् નથી, તેથી આ નિયમ ન લાગ્યો. ॥ ૪ । ૪ । ૩૬ ॥

## संयोगाद् ऋतः ॥ ४ । ४ । ३७ ॥

ધાતુના સંયુક્ત અક્ષર પછી હ્રસ્વ ऋ આવ્યો હોય તો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મનેપદના सिच् અને આશીર્વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે ઉમેરાય છે.

सिच्–अ+स्मृ+इ+षाताम्=अस्मरिषाताम्, अस्मृषाताम्–તેઓ બેએ સ્મરણ કર્યું.

आशीष्–स्मृ+इ+षीष्ट = स्मरिषीष्ट, स्मृषीष्ट–તે સ્મરણ કરો.

अकृत–તેણે કર્યું–कृ ધાતુમાં ऋ સંયુક્ત વર્ણ પછી નથી, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪ । ૪ । ૩૭ ॥

## धूग्–औदितः ॥ ४ । ४ । ३८ ॥

धूग् ધાતુને सकार આદિવાળા અને तकार આદિવાળા અશિત્ પ્રત્યય લાગ્યા હોય ત્યારે તે પ્રત્યયની આદિમાં इ–इट्–વિકલ્પે ઉમેરાય છે તથા ધાતુપાઠમાં જણાવેલા औ નિશાનવાળા ધાતુઓને स કારાદિ અને त કારાદિ અશિત્ પ્રત્યય લાગ્યા હોય ત્યારે તે પ્રત્યયની આદિમાં इ–इट्–વિકલ્પે ઉમેરાય છે.

धूग्–धू+ता–धू+इ+ता–धो+इ+ता–धव्+इ+ता=धविता, धोता–કંપનારો.

'औ' નિશાનવાળો–रध्+ता–रधू+इ+ता=रधिता, रद्धा–હિંસા કરનારો.

ધાતુપાઠમાં ૧૧૮૮ નંબરનો મૂળ ધાતુ रध् છે અને તેને औનું નિશાન છે. તેથી रधौच् થયેલ છે. ॥ ૪ । ૪ । ૩૮ ॥

## निष्कुषः ॥ ४ । ४ । ३९ ॥

निर् કે निस् સાથેના कुष् ધાતુ પછી स કારાદિ કે त કારાદિ એવા અશિત્ પ્રત્યય લાગ્યા હોય ત્યારે તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે ઉમેરાય છે.

निस्+कुष्+ता=निष्कोषिता, निष्कोष्टा–વ્યાકુલ કરનારો.

॥ ૪ । ૪ । ૩૯ ॥

## क्तयोः ॥ ४ । ४ । ४० ॥

निर् કે निस् સાથેના कुष् ધાતુને क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તેને इट નિત્ય થઈ જાય છે.

निस्+कुष्+इ+तः=निष्कुषितः–વ્યાકુલ થયેલો, વ્યાકુલ કરેલો.

निस्+कुष्+इ+तवान्=निष्कुषितवान्–„ „ „ „ ॥ ૪ । ૪ । ૪૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जॄ-व्रश्चः क्त्वः ॥ ४ । ४ । ४१ ॥

क्री आदि गणना जॄ धातुने अने तुदादिगणना १३४१ नंबरवाळा व्रश्च् धातुने त्वा प्रत्यय लाग्यो होय त्यारे त्वानी पहेलां इट् उमेराई जाय छे.

जॄ+त्वा-जॄ+इ+त्वा—जर्+ई+त्वा-जरित्वा, जरीत्वा—जीर्ण थईने, उमरने कारणे हानि पामीने—घरडा थईने.

व्रश्च+त्वा—व्रश्च+इ+त्वा=व्रश्चित्वा—कापीने ॥ ४ । ४ । ४१ ॥

## ऊदितः वा ॥ ४ । ४ । ४२ ॥

धातुपाठमां जे धातुओ दीर्घ ऊ ना निशानवाळा जणावेला छे तेमने त्वा प्रत्यय लाग्यो होय त्यारे तेनी आदिमां इट्—इ—विकल्पे लागे छे.

दमू-दमू+त्वा—दम्+इ+त्वा—दमित्वा, दान्त्वा—दमन करीने. मूळ धातु तो १२३१ नंबरनो दम् छे अने तेने दम्+ऊ ए रीते ऊ नुं निशान लागेल छे तेथी दमू बनेल छे. ॥ ४ । ४ । ४२ ॥

## क्षुध वसः तेषाम् ॥ ४ । ४ । ४३ ॥

क्षुध् धातुने अने वस् धातुने क्त, क्तवतु—तवत्—अने क्त्वा—त्वा—प्रत्ययो लाग्या होय त्यारे ते प्रत्ययोनी आदिमां इट्—इ—आवी जाय छे

क्षुध्+त्वा—क्षुध्+इ+त्वा=क्षुधित्वा—भूख्यो थईने.

क्षुध्+तः—क्षुध्+इ+तः=क्षुधितः—भूख्यो थयेलो.

क्षुध्+तवान्—क्षुध्+इ+तवान्=क्षुधितवान्—भूख्यो थयेलो के भूख्यो थनार.

वस्+त्वा-उष्+इ+त्वा=उषित्वा रहीने.

वस्+तः-उष्+इ+तः=उषितः रहेलो.

वस्+तवान्—उष्+इ+तवान्=उषितवान्-रहेलो. ९९९ वस् निवासे धातु छे. ॥ ४ । ४ । ४३ ।

## लुभि—अञ्चेः विमोह—अर्चे ॥ ४ । ४ । ४४ ॥

२१५८ नंबरना 'विमोहन' अर्थवाळा लुभ् धातुने अने 'पूजा' अर्थवाळा अञ्च् धातुने क्त, क्तवतु अने क्त्वा प्रत्ययो लाग्या होय त्यारे ते प्रत्ययोनी आदिमां इट् उमेराय छे.

लुभ्—

वि+लुभ्+इ+तः=विलुभितः—विमोह पामेल-विशेष आकुल व्याकुल थयेलो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वि+लुभ्+इ+तवान् = विलुभितवान्- ,, ,, ,, ,,
लुभ्+त्वा-लुभ्+इ+त्वा = लुभित्वा-વિમોહ પામીને-આકુલ વ્યાકુલ થઈને.

अञ्च्—

अञ्च्+तः-अञ्च्+इ+तः=अञ्चितः-પૂજાયેલો
अञ्च्+तवान्-अञ्च्+इ+तवान्=अञ्चितवान्-,,
अञ्च्+त्वा-अञ्च्+इ+त्वा=अञ्चित्वा-પૂજીને

लुब्धो जाल्मः-જાલિમ લુબ્ધ થયો-વિમોહન અર્થ નથી.
उदक्तं जलम्-પાણી કાઢયું-પૂજા અર્થ નથી. ॥ ४ । ४ । ४४ ॥

## पूङ्-क्लिशिभ्यो नवा ॥ ४ । ४ । ४५ ॥

पूङ् ધાતુને અને क्लिश् ધાતુને क्त, क्तवतु અને त्वा પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે થાય છે.

पू-

पू+तः-पू+इ+तः-पो+इ+तः=पवितः, पूतः-પવિત્ર થયેલો.
पू+तवान्-पू+इ+तवान्-पो+इतवान्=पवितवान्, पूतवान्-,, ,,
पू+त्वा-पू+इ+त्वा=पवित्वा, पूत्वा-પવિત્ર થઈને.

क्लिश्-

क्लिश्+तः-क्लिश्+इ+तः=क्लिशितः, क्लिष्टः-ક્લેશ પામેલો
क्लिश्+तवान्-क्लिश्+इ+तवान्=क्लिशितवान्, क्लिष्टवान्-ક્લેશ કરનારો.
क्लिश्+त्वा-क्लिश्+इ+त्वा=क्लिशित्वा, क्लिष्ट्वा-ક્લેશ પામીને.

॥ ४ । ४ । ४५ ॥

## सह-लुभ-इच्छ-रुष-रिषः तादेः ॥ ४ । ४ । ४६ ॥

सह्, लुभ्, જેનું इच्छ રૂપ થાય છે તે इष् ધાતુ, रुष् અને रिष् એ બધા ધાતુઓને આદિમાં त् એવા તકારાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે થાય છે.

सह्+ता-सह्+इ+ता=सहिता, सोढा-સહન કરનારો.
लुभ्+ता-लुभ्+इ+ता=लुभिता, लोब्धा-લોભાનારો-લલચાઈ જનારો.
इष्+ता-इष्+इ+ता=एषिता, एष्टा-ઇચ્છનારો
रुष्+ता-रोष्+इ+ता=रोषिता, रोष्टा-રોષ કરનારો.
रिष्+तुम्-रेष्+इ+तुम्=रेषितुम्, रेष्टुम्-હિંસા કરવા માટે.

॥ ४ । ४ । ४६ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## इव्-ऋध-भ्रस्ज-दम्भ-श्रि-यु-ऊर्णु-भर-ज्ञपि-सनि-तनि-पति-वृ-ऋत्-दरिद्रः सनः ॥ ४ । ४ । ४७ ॥

જેમની અંતે इव् છે એવા दिव् વગેરે ધાતુઓ અને ऋध्, भ्रस्ज्, दम्भ्, श्रि, यु, ऊर्णु, भर्, शप्, सन्, तन्, पत्, वृ (પૂર્વોક્ત वृग् તથા वृङ्), અને દીર્ઘ ऋकारांत ધાતુઓ તથા दरिद्रा ધાતુ–એ બધા ધાતુઓ પછી सन् પ્રત્યય લાગ્યો હોય તો તે सन्ની પહેલાં इट् વિકલ્પે ઉમેરાય છે.

અંતે इव्–

दिव् – दिव्+षति – दिदेव् + इ+षति = दिदेविषति, दुद्यूषति–તે રમવાને ઇચ્છે છે.

ऋध्–

ऋध्+षति–अर्दिध्+इ+षति–अर्दिधिषति, ईर्त्सति–તે વધ કરવાને ઇચ્છે છે.

भ्रस्ज्–

भृज्+षति–बिभर्ज्+इ+षति=बिभर्जिषति, बिभर्क्षति–તે પકવવાને–ભૂંજવાને ઇચ્છે છે.

दम्भ्–

दम्भ्+षति–दिदम्भ्+इ+षति=दिदम्भिषति, धिप्सति, धीप्सति–તે દંભ કરવાને ઇચ્છે છે.

श्रि–

श्रि+षति–शिश्रि+इ+षति–शिश्रे+इषति=शिश्रयिषति, शिश्रीषति– સેવા કરવાને ઇચ્છે છે.

यु–

यु+षति–युयु+इ+षति–यियो+इषति–यियव्+इषति=यियविषति, युयूषति–મિશ્ર કરવાને ઇચ્છે છે.

ऊर्णु–

प्र+ऊर्णु+षति–प्र+ऊर्णुनु+इ+षति-प्रोर्णुनव्+इषति=प्रोर्णुनविषति, प्रोर्णुनूषति–ઢાંકવાને ઇચ્છે છે.

भृ–

भृ+षति–बिभर्+इ+षति = बिभरिषति, बुभूर्षति–ભરવાને ઇચ્છે છે.

ज्ञपि–

ज्ञपि+षति–जिज्ञपय्+इषति=जिज्ञपयिषति, ज्ञीप्सति– સંતોષવા ઇચ્છે છે વગેરે અર્થ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सन्—

सन्+षति—सिसन्+इ+षति=सिसनिषति, सिषासति—દેવાને ઇચ્છે છે.

तन्—

तन्+षति-तितन्+इ+षति=तितनिषति,तितंसति,तितांसति-વિસ્તાર કરવાને-લાંબું કરવાને—ઇચ્છે છે—તાણવાને ઇચ્છે છે.

पत्—

पत्+षति—पिपत्+इ+षति=पिपतिषति, पित्सति—પડવાને ઇચ્છે છે.

वृ—

प्रा+वृ+षति—प्रा+विवर्+इ+षति=प्राविवरिषति, प्राविवरीषति, प्राबुवूर्षति-ઓઢવાને ઇચ્છે છે.

वृ—

वृ+षते—विवर्+इ+षते—विवर्+इ+षते=विवरिषते, विवरीषते, वुवूर्षते—સારી રીતે સેવા કરવાને ઇચ્છે છે.

દીર્ઘ ऋ—तॄ—

तॄ+षति—तितर्+इ+षति—तितर्+ईषति=तितरीषति, तितीर्षति—તરવાને ઇચ્છે છે.

दरिद्रा—

दरिद्रा+सति—दिदरिद्र+इ+षति=दिदरिद्रिषति, दिदरिद्रासति—દુઃખી થવાને ઇચ્છે છે. ॥ ४।४।४७ ॥

## ऋ-स्मि-पूङ्-अञ्ज-अशौ-कॄ-गॄ-दृ-धृ-प्रच्छः ॥ ४ । ४ । ४८ ॥

ऋ, स्मि, पू (આત્મનેપદી), अञ्ज्, अश् (પાંચમા ગણનો), છઠ્ઠા ગણના પાંચ ધાતુઓ—कॄ, गॄ, दृ, धृ તથા प्रच्छ् આ બધા ધાતુઓને લાગેલા 'सन्'ની પહેલાં इ ઉમેરાય છે.

ऋ+स+ति—अरिर्+स+ति—अरिर्+इसति=अरिरिषति—તે જવાને ઇચ્છે છે.

स्मि+स—ते—सिस्मय्+स-ते—सिस्मय्+इसते=सिस्मयिषते—મરકવાને—થોડું હસવાને—અવાજ વગર હસવાને—ઇચ્છે છે.

पू+स+ते—पिपव्+सते—पिपव्+इसते=पिपविषते—પવિત્ર થવાને ઇચ્છે છે.

अञ्ज्+स+ति—अञ्जिज्+सति—अञ्जिज्+इसति = अञ्जिजिषति—આંજવાને ઇચ્છે છે.

अश्+स+ति-अशिश्+सति-अशिश्+इसति=अशिशिषति-વ્યાપવાને ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कृ+स+ति–चिकर्+सति–चिकर्+इसति=चिकरिषति, चिकरीषति–વિક્ષેપ કરવાને ઇચ્છે છે, જૂઓ, ૪।૪।૩૫ સૂત્ર

गृ+स+ति–जिगर्+सति–जिगर्+इसति=जिगरिषति તથા जिगरीषति–ગળી જવાને ઇચ્છે છે.

आ+दृ+स+ते–आदिदर्+सते-आदिदर्+इसते=आदिदरिषते. આદર કરવાને ઇચ્છે છે.

आ+धृ+स+ते–आदिधर्+सते–आदिधर्+इसते=आदिधरिषते, સ્થિર રહેવાને ઇચ્છે છે.

प्रच्छ्+स+ति–पिपृच्छ्+इसति=पिपृच्छिषति–પૂછવાને ઇચ્છે છે.

॥ ૪।૪।૪૮ ॥

## हन्–ऋतः स्यस्य ॥ ४ । ४ । ४९ ॥

हन् ધાતુને તથા હ્રસ્વ ऋ કારાંત ધાતુને લાગેલા ભવિષ્યકાળના તથા ક્રિયાતિપત્તિના स्य આદિવાળા પ્રત્યયો इष्य વાળા બની જાય છે.

हन्+स्यति–हन्+इष्यति=हनिष्यति તે હણશે.

ऋकारांत–कृ+स्यति–कर्+इष्यति=करिष्यति–તે કરશે. ॥ ૪।૪।૪૯ ॥

## कृत-चृत-नृत-च्छृद-तृदः असिचः सादेर्वा ॥ ४ । ४ । ५० ॥

૧૩૨૫ અથવા ૧૪૯૦ कृत् (છઠો ગણુ કે સાતમો ગણુ), છઠો ગણુ ૧૩૬૯ चृत्, ચોથો ગણુ ૧૧૫૨ नृत्, રુધાદિગણુ ૧૪૮૦ छृद् અને રુધાદિગણુ ૧૪૮૧ तृद् એ ધાતુઓને લાગેલા सिच् સિવાયના આદિમાં स કારવાળા પ્રત્યયો એટલે स्य કે स–सन्–પ્રત્યયો હોય તો તેમની આદિમાં इ વિકલ્પે ઉમેરાય છેએટલે स्य વાળો પ્રત્યય લાગેલો હોય તો વિકલ્પે इष्यवाળો થઈ જાય છે અને सवाળો પ્રત્યય હોય તો વિકલ્પે इषवाળો થઈ જાય છે

स्य—

कृत्+स्यति–कर्त्+इष्यति=कर्तिष्यति તથા कर्त्स्यति–તે કાપશે.

सन—

चृत्+सति–चृचृत्–चिचृत्+इषति=चिचर्तिषति તથા चिचृत्सति–તે ગંઠવાને ઇચ્છે છે.

स्य—

नृत्+स्यति–नर्त्+इष्य=नर्तिष्यति તથા नर्त्स्यति–તે નાચશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छृद्+स्यत्-अच्छर्द्+इष्यत्=अच्छर्दिष्यत् તથા अच्छर्त्स्यत्-તે રમત અથવા દીપત

सन्—

तृद्+सति-तृतृद्+तितर्द्+इषति=तितर्दिषति તથા तितृत्सति-તે અનાદર કરવાને ઇચ્છે છે.

अकर्तीत् તેણે કાપ્યું——આ પ્રયોગમાં सिच् પ્રત્યય લાગેલો છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪।૪।૫૦ ॥

## गमः अनात्मने ॥ ४ । ४ । ५१ ॥

આત્મનેપદના ન હોય એવા अशित् सकारादि પ્રત્યયો गम् ધાતુને લાગેલ હોય ત્યારે स्यवाળા પ્રત્યયોના स्यનો इष्य થઈ જાય છે. અને सवाળા પ્રત્યયના सनो इष થઈ જાય છે.

स्य—गम्+स्यति—गम्+इष्यति=गमिष्यति તે જશે.

सन्—अधि+गम्+स+इ+ता-अधि+गम्-अधिजिगम्+इषिता=अधिजिगमिषिता शास्त्रस्य—શાસ્ત્રનું જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળો છે.

संगंसीष्ट—સંગમ કરે—આ નિયમ આત્મનેપદમાં લાગતો નથી અને આ પ્રયોગમાં આશિષિના આત્મનેપદનો सीष्ट પ્રત્યય છે. ॥ ૪।૪।૫૧ ॥

## स्नोः ॥ ४ । ४ । ५२ ॥

આત્મનેપદના ન હોય એવા अशित् सकारादि તથા तकारादि પ્રત્યયો स्नु ધાતુને લાગે ત્યારે તે પ્રત્યયોની આદિમાં इ —इट्—ઉમેરાય છે.

प्र+स्नु+स्यति—प्रस्नव्+इष्यति=प्रस्नविष्यति—પાનો મેલશે.

प्र+अ+स्नु+त—प्रास्नु+स्+त=प्रास्नोष्ट પાનો મેલ્યો. આ પ્રયોગમાં આત્મનેપદનો त પ્રત્યય છે, તેથી આ નિયમ ન લાગે. ॥ ૪।૪।૫૨ ॥

## क्रमः ॥ ४ । ४ । ५३ ॥

આત્મનેપદના ન હોય એવા सकारादि અને तकारादि अशित् પ્રત્યયો જો क्रम ધાતુને લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં इ—इट्—ઉમેરાય છે.

क्रम्+स्यति=क्रम्+इ+स्यति=क्रमिष्यति તે ચાલશે.

प्र+क्रम्+तुम्—प्रक्रम्+इ+तुम्=प्रक्रमितुम् શરૂઆત કરવા માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्र+क्रम्+स्यते=प्रक्रंस्यते–તે આરંભ કરશે–અહીં આત્મનેપદનો પ્રત્યય છે તેથી क्रमनुं क्रमि न थयुं. ॥ ૪ । ૪ । ૫૩ ॥

## तुः ॥ ४ । ४ । ५४ ॥

આત્મનેપદનો ન હોય એવો क्रम ધાતુ હોય અને તે क्रम् ધાતુને તકારાદિ तृ ( तृच् કે तृन् ) પ્રત્યય લાગ્યો હોય તો તે તકારાદિ પ્રત્યયની આદિમાં इ–इट्–ઉમેરાય છે.

क्रम्+ता–क्रम्+इ+ता=क्रमिता–ચાલનારો.

प्र+क्रम्+ता–प्रक्रन्ता–શરુઆત કરનારો–અહીં क्रम् ધાતુ આત્મનેપદી છે. તેથી प्रक्रमिता ન થાય. જુઓ ૩।૩।૫૧। ॥ ૪ । ૪ । ૫૪ ॥

इट् વિધાનનો નિષેધ—

## न वृद्भ्यः ॥ ४ । ४ । ५५ ॥

જ્યારે આત્મનેપદી ન હોય ત્યારે वृत् વગેરે ( वृत्, स्यन्द्, वृध्, शृध्, कृप्) પાંચ ધાતુઓને લાગેલા સકારાદિ તથા તકારાદિ પ્રત્યયોની આદિમાં इ–इट्–ઉમેરાતો નથી.

આમ તો આ પાંચે ધાતુઓ આત્મનેપદી જ છે છતાં ૩।૩।૪૫। નિયમ દ્વારા स्यવાળા પ્રત્યયો લાગ્યા હોય કે स–सन्–પ્રત્યય લાગ્યો હોય ત્યારે એ ધાતુઓ વિકલ્પે આત્મનેપદી બને છે એટલે જ્યારે આત્મનેપદી ન હોય ત્યારે આ નિયમ લાગે.

स्य—

वृत्+स्यति=वर्त्स्यति–વર્તશે.

स्यन्द्+स्यति=स्यन्त्स्यति–ઝરશે.

सन्—

विवृत्+सति=विवृत्सति–વર્તવાને ઇચ્છે છે.

स्यन्द्+सति=सिस्यन्त्सति–ઝરવાને ચાહે છે. ॥ ૪ । ૪ । ૫૫ ॥

## एकस्वरात् अनुस्वारेतः ॥ ४ । ४ । ५६ ॥

જે ધાતુ એક સ્વરવાળો હોય અને ધાતુપાઠમાં અનુસ્વારના નિશાનવાળો બતાવેલ હોય તેવા ધાતુને લાગેલા अशित् એવા તકારાદિ અને સકારાદિ પ્રત્યયોની આદિમાં इ–इट्–ઉમેરાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पा+ता=पाता—પીનાર અથવા રક્ષણ કરનાર.

**अवधीत्**—તેણે વધ કર્યો—આ પ્રયોગમાં **वध** ધાતુ બે સ્વરવાળો છે એથી **इ** ઉમેરાયેલ છે. ॥ ૪ । ૪ । ૫૬ ॥

## ऋवर्ण-श्रि-ऊर्णुगः कितः ॥ ४ । ४ । ५७ ॥

છેડે **ऋ** વર્ણ (હ્રસ્વ **ऋ** કે દીર્ઘ **ॠ**) વાળા એવા એક સ્વરવાળા ધાતુને લાગેલા **कित्** સંજ્ઞાવાળા પ્રત્યયોની આદિમાં **इ—इट्**—ઉમેરાતો નથી. તથા श्रि ધાતુને અને ऊर्णु ધાતુને લાગેલા कित् સંજ્ઞાવાળા પ્રત્યયોની આદિમાં **इ—इट्**—ઉમેરાતો નથી.

ऋ वर्ण—

वृ+तः=वृतः—વરેલો—સ્વીકારેલો.

तॄ+त्वा=तीर्त्वा—તરીને.

श्रि—

श्रि+तः=श्रितः—સેવાયેલો.

ऊर्णु—

ऊर्णु+त्वा=ऊर्णुत्वा—ઢાંકીને.

**जागृ+तः—जागर्+इतः = जागरितः**—જાગેલો—અહીં એક સ્વરવાળો ધાતુ નથી. **वर्+इता—वरिता**— વરનારો—અહીં જે તકારાદિ પ્રત્યય છે તે **कित्** સંજ્ઞાવાળો નથી. ॥ ૪ । ૪ । ૫૭ ॥

## उवर्णात् ॥ ४ । ४ । ५८ ॥

એકસ્વરવાળા જે ધાતુને છેડે उ વર્ણ (હ્રસ્વ उ કે દીર્ઘ ऊ) હોય તો તેને લાગેલા कित् સંજ્ઞાવાળા પ્રત્યયોની આદિમાં इ—**इट्**—ઉમેરાતો નથી.

यु+तः=युतः—મિશ્ર થયેલો.

लू+नः=लूनः—લણેલો—કાપી નાખેલો.

यविता તથા लविता આ બન્ને પ્રયોગોમાં જે તકારાદિ પ્રત્યય છે તે कित् સંજ્ઞાવાળો નથી. ॥ ૪ । ૪ । ૫૮ ॥

## ग्रह-गुहश्च सनः ॥ ४ । ४ । ५९ ॥

જે ધાતુ उवर्णવાળો છે તેને લાગેલા सन् પ્રત્યયની આદિમાં **इ**—**इट्**—ઉમેરાતો નથી તથા ग्रह् ધાતુને અને गुह् ધાતુને લાગેલા सन् પ્રત્યયની આદિમાં પણ इ—**इट्**—ઉમેરાતો નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवर्ण—

रु+सति=रुरूषति–રોવાને ઇચ્છે છે.

ग्रह्—

ग्रह्+सति-जग्रह्-जिग्रह्-जिघृक्+षति=जिघृक्षति-ગ્રહણ કરવાને ઇચ્છે છે.

गुह्—

गुह+सति–गुगुह्–जुगुह्–जुघुक्+षति=जुघुक्षति–ગૂઢ-ગુપ્ત-રાખવાને ઇચ્છે છે. ॥ ૪।૪।૫૯ ॥

## स्वार्थे ॥ ४ । ४ । ६० ॥

જે सन् સ્વાર્થમાં આવેલો હોય તે सन् ની આદિમાં इ ઉમેરાતો નથી. गुप्+सते=जुगुप्सते–જુગુપ્સા કરે છે.

સ્વાર્થ સૂચક सन् માટે જુઓ ૩।૪।૫। ॥ ૪।૪।૬૦ ॥

## डीय–श्वि–ऐदितः क्तक्तवतोः ॥ ४ । ४ । ६१ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓ ऐ નિશાનવાળા બતાવેલ છે તેમને લાગેલા क्त તથા क्तवतु પ્રત્યયની આદિમાં इ–इट्–ઉમેરાતો નથી, તથા ચોથા ગણના डी ધાતુને અને ૯૯૭ નંબરવાળા भ्वादि ગણના श्वि ધાતુને લાગેલા त –क्त–તથા तवत्–क्तवतु–પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી.

डीय—

डी+तः–डीनः–આકાશમાં ગયેલો–ઉડેલો.

डी+तवत्–डीनवान् ,,

श्वि—

श्वि+तः–शूनः–સોજાવાળો–સોજારૂપ વૃદ્ધિ પામેલો

श्वि+तवत्=शूनवान्– ,,

ऐ નિશાનવાળો–त्रस्+तः–त्रस्तः–ત્રાસ પામેલો.

त्रस्+तवत्–त्रस्तवान् ,, ॥ ૪।૪।૬૧ ॥

## वा+इटः चेटः–अपतः ॥ ४ । ४ । ६२ ॥

જે ધાતુને વિકલ્પે इ इट्–ઉમેરાતો હોય એવા એક સ્વરવાળા ધાતુને લાગેલા त તથા तवत् પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી. આ નિયમ એક ૯૬૨ पत् ધાતુને લાગતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रध्+तः-रद्धः-સિદ્ધિ પામેલો (વિકલ્પ इट् માટે જુ. ૪।૪।૩૮।)

रध्+तवत्=रद्धवान्- ,, મૂળ ધાતુ ૧૧૮૮ रधौ હિંસા કરવી તથા સિદ્ધિને મેળવવી.

पतितः-પડેલો-આ પ્રયોગમાં સૂત્રમાં વર્જેલો પ્રથમ ગણનો નંબરવાળો पत् ધાતુ છે. ॥ ૪ । ૪ । ૬૨ ॥

## सं-नि-वेः अर्दः ॥ ४ । ४ । ६३ ॥

सम् , नि અને वि ઉપસર્ગો પછીના अर्द् ધાતુને લાગેલા क्त કે क्तवतु પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી.

सम्+अर्द्+तः=समर्णः પીડા પામેલો અથવા ગયેલો.

सम्+अर्द्+तवत्=समर्णवान्- ,, ,, ,,

नि+अर्द्+तः=न्यर्णः-પામેલો ,,

नि+अर्द्+तवत्=न्यर्णवान्- ,,

वि+अर्द्+तः=व्यर्णः-ગયેલો ,, ,,

वि+अर्द्+तवत् = व्यर्णवान् ,, ,,

अर्दितः-પીડા પામેલો-આ પ્રયોગમાં सम्, नि કે वि ઉપસર્ગ નથી. ॥ ૪ । ૪ । ૬૩ ॥

## अविदूरे अभेः ॥ ४ । ४ । ६४ ॥

अविदूर-समीप-'નજીક' એવો અર્થ જણાતો હોય તો अभि સાથેના अर्द ધાતુને લાગેલા क्त તથા क्तवतु પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી.

अभि+अर्द+तः-अभ्यर्णः-પાસેનો.

अभि+अर्द+तवत्-अभ्यर्णवान्-,,

अभि+अर्दितः-अभ्यर्दितः दोनः शीतेन ઠંડીને લીધે પીડાયેલો દીન માણસ. અહીં 'નજીક'અર્થ નથી પણ 'પીડા' અર્થ છે માટે इ ઉમેરાયેલ છે ॥ ૪ । ૪ । ૬૪ ॥

## वर्तेः वृत्तं ग्रन्थे ॥ ४ । ४ । ६५ ॥

'ગ્રંથ' સંબંધી અર્થ જણાતો હોય ત્યારે જેને પ્રેરક णि લાગેલો છે એવા वृत् ધાતુનું त પ્રત્યય લાગતાં वर्तित ને બદલે वृत्त રૂપ થાય છે.

वृत्+णि+तः-वर्तितः ને બદલે वृत्तः થાય-वृत्तः गुणः छात्रेण-વિદ્યાર્થીએ ગુણપ્રકરણનું અધ્યયન કર્યું. 'ગુણપ્રકરણ' એ ગ્રંથરૂપ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वर्तितं कुङ्कुमम्–કુંકુમ–કેસરને વર્તવામાં આવ્યું–કેસરને કામમાં લીધું–અહીં वृत् ધાતુના અર્થનો સંબંધ 'ગ્રન્થ' સાથે નથી. પણ 'કુંકુમ' સાથે છે ॥ ૪ । ૪ । ૬૫ ॥

## धृष-शसः प्रगल्भे ॥ ४ । ४ । ६६ ॥

धृष् ધાતુને અને शस् ધાતુને જ્યારે क्त અને क्तवतु પ્રત્યયો લાગેલા હોય અને 'પ્રગલ્ભ'–'સભાને જિતી લેનાર' અથવા 'કોઈથી ન દબાનાર' એવો અર્થ જણાતો હોય ત્યારે क्त અને क्तवतु પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી.

धृष्+तः - धृष्टः–પ્રગલ્ભ–સભાને જિતી લેનાર અથવા ધીઠ.

वि+शस्+तः — विशस्त–પ્રગલ્ભ " "

धर्षितः તથા विशसितः એ બન્ને પ્રયોગોનો 'પ્રગલ્ભ' અર્થ નથી,

धर्षितः–ધસી ગયેલો.

विशसितः–હણેલો.

## कषः कृच्छ्र-गहने ॥ ४ । ४ । ६७ ॥

कृच्छ्र–कष्ट–દુઃખ–અર્થ અને गहन એટલે 'જશું અવગહણ ન કરી શકાય' એવો અર્થ જણાતો હોય તો कष् ધાતુને લાગેલા क्त તથા क्तवतु પ્રત્યયોની આદિમાં इ ઉમેરાતો નથી.

कष्+तम्–कष्टम् દુઃખ.

कष्+तः–कष्टः अग्निः–દુઃખરૂપ અગ્નિ.

कष्+तम्–कष्टं वनम्–કષ્ટ એટલે ગહન અર્થાત વન એવું ગહન છે કે તેમાં પેસી શકાય એવું નથી.

कषितं स्वर्णम्–અહીં 'સોનું કસ્યું' એવો અર્થ છે પણ 'કષ્ટ' કે 'ગહન' અર્થ નથી, ॥ ૪ । ૪ । ૬૭ ॥

## घुषेः अविशब्दे ॥ ४ । ४ । ६८ ॥

घुष् ધાતુને લાગેલા क्त અને क्तवतु પ્રત્યયોની આદિમાં इट् લાગતો નથી, જો 'વિશબ્દ' એટલે 'વિવિધ શબ્દોવાળું' એવો અર્થ ન હોય તો.

घुष्टा रज्जुः–જેના બધા અવયવો સરખા છે એવી દોરડી.

घुष्टवान्–બધા સરખા અવયવોવાળો.

अवघुषितं वाक्यम्–વિવિધ શબ્દોવાળું વાક્ય. અહીં 'વિશબ્દ' અર્થ હોવાથી इ થઈ ગયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वलि-स्थूले दृढः ॥ ४ । ४ । ६९ ॥

दृह् કે दृंह् ધાતુને क्त પ્રત્યય લાગ્યો હોય તો તેનું दृह+त અથવા दृंह+त ને બદલે दृढ રૂપ થઈ જાય છે જો 'બલી'–બલવાન થતો અર્થ હોય તથા બીજો 'સ્થૂલ' જાતે અર્થ હોય તો.

दृढः–બલવાન્ અથવા સ્થૂલ.

दृहितम् અને दृंहितम्–વધેલું. આ બન્ને પ્રયોગોનો અર્થ 'બલવાન્' નથી કે 'સ્થૂલ' નથી, તેથી આ નિયમ ન લાગે.

## क्षुब्ध–विरिब्ध–स्वान्त–ध्वान्त–लग्न–म्लिष्ट–फाण्ट–बाढ–परिवृढं मन्थ–स्वर–मनस्–तमस्–सक्त–अस्पष्ट-अनायास-भृश-प्रभौ ॥ ४ । ४ । ७० ॥

'મથેલ' અર્થ જણાતો હોય તો क्षुभ् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. क्षुभ्+त=क्षुब्ध,

'સ્વર'–અવાજ–અર્થ જણાતો હોય તો वि સાથે रिभ् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે, वि+रिभ्+त=विरिब्ध,

'મન' અર્થ જણાતો હોય તો स्वन् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट ન લાગે. स्वन्+त=स्वान्त,

'અંધકાર' અર્થ જણાતો હોય તો ध्वन् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट ન લાગે. ध्वन्+त=ध्वान्त,

'આસક્ત' અર્થ જણાતો હોય તો लस्ज् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. लस्ज्+त=लग्न,

'અસ્પષ્ટ' અર્થ જણાતો હોય તો म्लेच्छ ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. म्लेच्छ+त=म्लिष्ट,

'અનાયાસ' અર્થ જણાતો હોય તો फण ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. फण्+त=फाण्ट,

'ઘણું' અર્થ જણાતો હોય તો बाह् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. बाह्+त=बाढ,

'સ્વામી' અર્થ જણાતો હોય તો परि સાથેના वृह् ધાતુને લાગેલા क्त પ્રત્યયની આદિમાં इट् ન લાગે. परिवृह्+त=परिवृढ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्षुभ्+तः–क्षुब्धः समुद्रः–મથેલો સમુદ્ર–ખળભળેલો સમુદ્ર

क्षुब्धं वल्लवैः ગોવાળોએ મથેલું–વલોવેલું

वि+रिभ्+तः–विरिब्धः स्वरः–અવાજ.

स्वन्+तम्–स्वान्तं–मनः–મન.

ध्वन्+तम्–ध्वान्तं–तमः–અંધકાર.

लस्ज्+तम्–लग्नं–सक्तम्–આસક્ત.

म्लेच्छ्+तम्–म्लिष्टं–अस्पष्टम्–અસ્પષ્ટ

फण्+तम्–फाण्टम्–अनायाससाध्यम्–પ્રયત્ન વગર સાધ્ય અથવા ઓછે પ્રયત્ને સાધ્ય.

बाह्+तम्–बाढम्–भृशम्–ભુંસું–ઘણું.

परि+बृंह्+तः–परिवृढः–प्रभुः–સ્વામી.

क्षुभितम्–ક્ષોભ પામેલું. 'મથેલું' અર્થ નથી.
विरिभितः, विरेभितः–'અવાજ' અર્થ નથી.
स्वनितम्–મેઘની ગર્જના, 'મન' અર્થ નથી.
ध्वनितम्–,, ધ્વનિ 'અંધકાર' અર્થ નથી.
लगितम्–લાગેલું, 'સક્ત'–આસક્ત–અર્થ નથી.
म्लेच्छितम्–અસ્પષ્ટ અર્થ નથી.
फणितम्–ગમન. 'અનાયાસ' અર્થ નથી.
बाहितम्–પ્રયત્ન. 'ઘણું' અર્થ નથી.
परिबृंहितम्–વધેલું. 'પ્રભુ' અર્થ નથી.

આ બધા પ્રયોગોમાં સૂત્રમાં જણાવેલા અર્થો નથી એટલે इट् લાગેલ છે.

॥ ४ । ४ । ७० ॥

## आदितः ॥ ४ । ४ । ७१ ॥

ધાતુપાઠમાં જે ધાતુઓ आ નિશાનવાળા બતાવેલા છે તેમને લાગેલા क्त અને क्तवतु પ્રત્યયોની આદિમાં इट् ન લાગે.

मिद्+तः=मिन्नः–ચીકાશવાળો. દિવાદિગણનો ૧૧૮૦ નંબરનો मिद् ધાતુ

मिद्+तवत्=मिन्नवान्–ચીકાશવાળો.

આ બન્ને પ્રયોગમાં मिद्+आ–मिदा–ધાતુ 'આ' નિશાનવાળો છે.

॥ ४ । ४ । ७१ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## नवा भाव-आरम्भे ॥ ४ । ४ । ७२ ॥

આ નિશાનવાળા ધાતુઓને 'ભાવ' અર્થને સૂચવનાર અને 'આરંભ' અર્થને સૂચવનાર क्त અને क्तवतु પ્રત્યયો લાગેલા હોય તો તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે લાગે.

मेदितम्, मिन्नम्–ચીકાશવાળું થયેલ.
प्रमेदितः, प्रमिन्नः–ચીકાશવાળો
प्रमेदितवान्, प्रमिन्नवान्– ,, ॥ ૪ । ૪ । ૭૨ ॥

## शकः कर्मणि ॥ ४ । ४ । ७३ ॥

शक् ધાતુને 'કર્મ'ના અર્થમાં क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં इ વિકલ્પે લાગે છે.

शकितः, शक्तः वा घटः कर्तुम्–ઘટ કરી શકાય એમ છે.
॥ ૪ । ૪ । ૭૩ ॥

## णौ दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-छन्न-ज्ञप्तम् ॥ ४ । ४ । ७४ ॥

પ્રેરક णिવાળા दम् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
दमितः, दान्तः–દમાયેલ.

પ્રેરક णिવાળા शम् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
शमितः, शान्तः–શાંત–શમન કરાયેલ.

પ્રેરક णि વાળા पृ ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
पूरितः, पूर्णः–ભરાયેલ.

પ્રેરક णि વાળા दास् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
दासितः, दस्तः–અપાયેલ–દાન કરાયેલ

પ્રેરક णि વાળા स्पश् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
स्पाशितः, स्पष्टः–ગ્રહણ કરેલ, स्पश् ધાતુ ચુરાદિગણમાં ૧૮૪૨ નંબરનો છે
પ્રેરક णि વાળા छद् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
छादितः, छन्नः–ઢાંકેલો.

પ્રેરક णि વાળા ज्ञप् ધાતુને क्त લાગ્યો હોય તો તેનાં બે રૂપ થાય છે–
ज्ञापितः, ज्ञप्तः–જણાવેલો. ॥ ૪ । ૪ । ૭૪ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**श्वस-जप-वम-रुष-त्वर-संघुष-आस्वन-अमः ॥ ४ । ४ । ७५ ॥**

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો श्वस् ધાતુનાં બે રૂપ થાય છે–
श्वस्–

श्वसितः, श्वस्तः–શ્વાસયુક્ત

विश्वसितवान्, विश्वस्तवान्–વિશ્વસ્ત

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો जप् ધાતુનાં બે રૂપ થાય છે.–
जप्–

जपितः, जप्तः–જપ કરેલો

जपितवान्, जप्तवान्– ,, ,,

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો वम् ધાતુનાં બે રૂપ થાય છે.–
वम्–

वमितः, वान्तः–વમેલ.

वमितवान्, वान्तवान्–,, ,,

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો रुष् ધાતુનાં બે રૂપ થાય છે–
रुष्–

रुषितः, रुष्टः–રોષેલ.

रुषितवान्, रुष्टवान्– ,,

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો त्वर् ધાતુનાં બે રૂપ થાય છે–
त्वर्–

त्वरितः, तूर्णः–ત્વરિત.

त्वरितवान्, तूर्णवान्–,,

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો संघुष् ધાતુનાં બે રૂપ થાય છે–
संघुष्–

संघुषितौ दम्यौ, संघुष्टौ दम्यौ–સારી રીતે અવાજ કરનારા બે વાછડા

संघुषितवान्, संघुष्टवान्–જેણે ઘોષણા કરેલ છે.

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો आ સાથે स्वन् ધાતુનાં બે રૂપ થાય–

आस्वन्–

आस्वनितः, आस्वान्तः–અવાજવાળો.

आस्वनितवान्, आस्वान्तवान्– ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો अभि સાથે अम् ધાતુનાં બે રૂપ થાય છે–

अभि+अम्–

अभ्यमितः, अभ्यान्तः–સામે ગયેલો.

अभ्यमितवान्, अभ्यान्तवान् ,, ॥ ४ । ४ । ७५ ॥

## हृषेः केश–लोम–विस्मय–प्रतिघाते ॥ ४ । ४ । ७६ ॥

'કેશ' 'લોમ' 'વિસ્મય' અને 'પ્રતિઘાત' અર્થ જણાતો હોય અને हृष् ધાતુને क्त અને क्तवतु પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે લાગે છે.

हृषिताः केशाः, हृष्टाः केशाः–દીપ્તિવાળા–ચમકવાળા–કેશ–વાળ.
हृषितं हृष्टं लोमभिः–રૂંવાડાં વડે હર્ષ બતાવાયો–રૂંવાડાં ખડાં થયાં
हृषितः हृष्टः चैत्रः– ચૈત્ર વિસ્મય પામ્યો.
हृषिताः हृष्टाः दन्ताः–આઘાત પામેલા દાંત–અંબી ગયેલા દાંત.

॥ ४ । ४ । ७६ ॥

## अपचितः ॥ ४ । ४ । ७७ ॥

अप સાથે चाय् ધાતુને क्त પ્રત્યય લાગ્યો હોય તો त પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે લાગે અને चा નો चि વિકલ્પે થાય.

अप+चाय्+इ+तः=अपचायितः, अपचितः–પૂજિત. ॥ ४ । ४ । ७७ ॥

## सृजि-दृशि-स्कृ-स्वर-अत्वतः तृज्नित्यानिटः थवः ॥ ४ । ४ । ७८ ॥

सृज्, दृश्, स्कृ (स् વાળો कृ) ધાતુઓને પરોક્ષા વિભક્તિના थव् પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે લાગે છે. જેને तृच् પ્રત્યય લાગતાં નિત્ય इट् નથી લાગતો એટલે કામુકો इट् જ લાગતો નથી એવા સ્વરાંત ધાતુઓને પરોક્ષા વિભક્તિના थव् પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે લાગે છે તથા तृच् પ્રત્યય લાગતાં જે ધાતુઓને इट् જ લાગતો નથી એવા મૂળ અકારવાળા ધાતુઓથી લાગેલા પરોક્ષાના थव् પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે લાગે છે.

सृज्–सृज्+थव्–ससर्ज्+इ+थ = ससर्जिथ, ससष्ठ–તેં સર્જ્યું–બનાવ્યું.
दृश्–दृश्+थव्–ददर्श्+इ+थ–ददर्शिथ दद्रष्ठ–તેં દીઠું–જોયું.
स्कृ–सम्+कृ+थव्–संचस्करिथ, संचस्कर्थ–તેં સંસ્કાર કર્યો–સુધાર્યું.
સ્વરાંત–या+थव्–यया+इ+थ=ययिथ, ययाथ–તું જતો–ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકારવાળો—पच्+थव्—पपच्+इ+थ—पपचिथ, पपक्थ—તેં પકાવ્યું—રાંધ્યું.

रन्धू+थ—ररन्ध्+इ+थ—ररन्धिथ—તેં રાંધ્યું.

श्रि+थ—शिश्रि+इ+थ—शिश्रयिथ—તેં સેવા કરી.

છેલ્લા આ બે પ્રયોગોમાં तृच् પ્રત્યય લાગતાં વિકલ્પે इट् થાય એવો रन्ध् ધાતુ છે અને तृच् પ્રત્યય લાગતાં નિત્ય इट् થાય એવો श्रि ધાતુ છે. પ્રસ્તુતમાં તો तृच् પ્રત્યય લાગતાં બિલકુલ इट् ન થાય એવો ધાતુ અપેક્ષિત છે.

कृष्+थ—चकर्ष्+इ+थ=चकर्षिथ—તેં ખેંચ્યું—અહીં મૂળ ધાતુ તો ऋકાર-વાળો છે અને પછી अકારવાળો થયેલ છે. પોતાના મૂળ સ્વરૂપમાં ધાતુ अકારવાળો હોય એમ અહીં અપેક્ષિત છે. ॥ ૪ । ૪ । ૭૮ ॥

## ऋतः ॥ ४ । ४ । ७९ ॥

तृच् પ્રત્યય લાગતાં જેને નિત્ય इट् નથી લાગતો એટલે જે ધાતુ નિત્ય અનિટ્ હોય એવા ऋકારાંત ધાતુથી લાગેલા પરોક્ષાના थव् પ્રત્યયની આદિમાં इट् ન લાગે

हृ+थ=जहृ+थ—जहर्+थ—जहर्थ—તું હરી ગયો.

स्वर्+थ—सस्वर्+इ+थ—सस्वरिथ—તમે અવાજ કર્યો—આ ધાતુ तृच् પ્રત્યયમાં નિત્ય અનિટ્ નથી પણ औકારના નિશાનવાળો હોવાથી તેને વિકલ્પે इट् લાગે એવો છે. (જુઓ, ૪ । ૪ । ૩૮) ॥ ૪ । ૪ । ૭૯ ॥

## ऋ—वृ—व्ये—अदः इट् ॥ ४ । ४ । ८० ॥

ऋ, वृ, व्ये અને अद् ધાતુઓને લાગેલા પરોક્ષાના थव्ની આદિમાં इट् લાગી જાય છે.

ऋ+थ—ऋऋ—अऋ—अअर्—आर्+इ+थ=आरिथ—તું ગયો.

वृ+थ—वृवृ—ववृ—ववर्+इ+थ—ववरिथ = તેં સ્વીકાર્યું

सम्+व्ये+थ—सम्+व्येव्ये-विव्ये+इ+थ — संविव्यय्+इ+थ =संविव्ययिथ—તેં ઢાંક્યું.

अद्+थ—अअद्—आद्+इ+थ=आदिथ—તેં ખાધું. ॥ ૪ । ૪ । ૮૦ ॥

## स्कृ-असृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्रोः व्यञ्जनादेः परोक्षायाः ॥ ४ । ४ । ८१॥

सृ, वृ, भृ, स्तु, द्रु, श्रु, અને स्रु એ સિવાયના તમામ ધાતુઓને તથા स् સાથેના कृધાતુને એટલે स्कृ ધાતુને આદિમાં વ્યંજનવાળા પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં इट् લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संचस्कृ+व-संचस्कर्+इ+व-संचस्करिव-અમે બે એ સ્વપ્નમાં સંસ્કાર કર્યો.

दा+व-ददा+इ+व-ददिव-અમે બેએ સ્વપ્નમાં આપ્યું.

चि+वहे-चिचि+इ+वहे-चिच्य्+इवहे=चिच्यिवहे-અમે બે એ સ્વપ્નમાં સંગ્રહ કર્યો.

चकृव-અમે બેએ સ્વપ્નમાં કર્યું-અહીં स् સાથેનો कृ ધાતુ નથી. નીચેના પ્રયોગોમાં જે ધાતુઓ સૂત્રમાં વર્જેલા છે તે ધાતુઓનાં ઉદાહરણો આપેલાં છે

ससृव-અમે બે સ્વપ્નમાં સર્યા-ગયા.
ववृव-અમે બેએ સ્વપ્નમાં સ્વીકાર્યું.
ववृवहे-અમે બેએ સ્વપ્નમાં સારી સેવા કરી.
बभर्थ-તેં ધારણ કર્યું
तुष्टोथ-તેં સ્તુતિ કરી.
दुद्रोथ-તું દ્રવ્યો-ઝર્યો
शुश्रोथ-તેં સાંભળ્યું.
सुस्रोथ-તું સર્યો-ગયો.

આ બધા પ્રયોગોમાં સૂત્રમાં વર્જેલા ધાતુઓ હોવાથી इट् થયો નથી.

શં૦-'सृ वृ વગેરે ધાતુઓ સિવાયના તમામ ધાતુઓ' કહેવાથી જ स्कृ ધાતુ આપોઆપ આવી જાય છે છતાં સૂત્રકારે સૂત્રમાં स्कृ એમ શા માટે ઉમેર્યું ?

સમા૦-શંકા બરાબર છે, પણ कृ ધાતુનાં બે જાતનાં રૂપો થાય છે એક તો सવાળું અને બીજું स् વિનાનું. એ બેમાંથી આ સૂત્રમાં सવાળું જ स्कृ રૂપ લેવું અને स् વગરનું નહીં લેવું-એવું જણાવવા સૂત્રકરે સૂત્રમાં स्कृ પદ ઉમેરેલ છે. ॥ ૪।૪।૮૧ ॥

## घस्-एकस्वर-आतः क्वसोः ॥ ४ । ४ । ८२ ॥

घस् ધાતુને, એક સ્વરવાળા ધાતુને, અને આકારાંત ધાતુને પરોક્ષા નો वस् -क्वस्- પ્રત્યય લાગ્યો હોય તો તેની આદિમાં इट् લાગે છે.

घस्+वस्-जघस्+इ+वस्-जघ्स्+इवस्-जक्ष्+इवस्=जक्षिवान् જમેલો-ભોજન કરેલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસ્વરવાળો ધાતુ–अद्+वस्–आद्+इ+वस्=आदिवान्–

આકારાંત ધાતુ–या+वस्–यया+इ+वस्=ययिवान्–ગયેલો.

विद्वान्–વિદ્વાન. અહીં પરોક્ષાનો वस् નથી પણ વર્તમાનકાળનો છે. તેથી–विदिवान् ન થાય. જુઓ સૂત્ર ।।૫।૨।૨૨।। ।। ૪ । ૪ । ૮૨ ।।

## गम–हन–विद्ऌ–विश–दृशः वा ।। ४ । ४ । ८३ ।।

गम्, हन्, તથા લાભ અર્થવાળો છઠ્ઠા ગણનો ઉભયપદી विद् તથા विश् અને दृश् ધાતુઓને લાગેલા वस्–क्वस्– પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે લાગે છે.

गम्+वस्–जगम्+इ+वस्–जग्म्+इवस् = जग्मिवान्, जगन्वान्–ગયેલો.

हन्+वस्–जघन्+इ+वस्–जघ्न्+इवस्=जघ्निवान्, जघन्वान्–હણનારો.

विद्+वस्–विविद्+इ+वस्=विविदिवान्, विविद्वान्–લાભ પામનાર.

विश्+वस्–विविश्+इ+वस्=विविशिवान्, विविश्वान्–પ્રવેશ કરનારો

दृश्+वस्–ददृश्+इ+वस्=ददृशिवान्, ददृश्वान्–જોનારો.

।। ૪ । ૪ । ૮૩ ।।

## सिचः अञ्जेः ।। ४ । ४ । ८४ ।।

अञ्ज् ધાતુને सिच् પ્રત્યયની આદિમાં इट् થાય છે.

अञ्ज्+त्–आञ्ज्+ई+स्+इ+त्=आञ्ज्+ई+इ+त्=आञ्जीत्–તેણે આંજ્યું.

।। ૪ । ૪ । ૮૪ ।।

## धूग्–सु–स्तोः परस्मै ।। ४ । ४ । ८५ ।।

પાંચમા ગણનો, धूग्, બીજા ગણનો सु અને બીજા ગણનો स्तु ધાતુઓને પરસ્મૈપદનો सिच् પ્રત્યય લાગતાં તેની આદિમાં इट् થાય છે.

धू+त्–अधू+ई+स्+इ+त्–अधौ+ई+इ+त्=अधावीत्–તે ધુણ્યો–કંપ્યો.

सु+त्–असु+ई+स्+इ+त्–असौ+ई+इ+त्=असावीत्–પ્રસવ થયો.

स्तु+त्–अस्तु+ई+स्+इ–त्–अस्तौ+इ+ई+त्=अस्तावीत्–તેણે સ્તુતિ કરી

।। ૪ । ૪ । ૮૫ ।।

## यमि–रमि–नमि–आतः सः अन्तश्च ।। ४ । ४ । ८६ ।।

यम्, रम्, नम् ધાતુઓને લાગેલા તથા આકારાંત ધાતુઓને લાગેલા પરસ્મૈપદના सिच् પ્રત્યયની આદિમાં इट् થાય અને इट् થવાની સાથે મકારાંત ધાતુઓને म् પછી તરત જ स् ઉમેરાય છે. તથા આકારાંત ધાતુને आ પછી તરત જ स् ઉમેરાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यम्+त्-अयम्+स्+ई+स+इ+त्=अयंस्+ई+इ+त्=अयंसीत्-તે ઉપરમ્યો-અટક્યો

वि+रम्+त्-वि+अ+रम्+स्+ई+स्+इ+त्=व्यरंसीत्-તે વિરમ્યો-અટકી ગયો

नम्+त्-अ+नम्+स्+ई+स्+इ+त्=अनंस्+ई+इ+त्=अनंसीत्-તે નમ્યો.

या-अ+या+स्+इ+स्+ताम्-अयास्+इष्टाम्=अयासिष्टाम्-તે બે જ્યા-ગયા.

॥ ૪ । ૪ । ૮૬ ॥

## ईश्-ईडः से-ध्वे-स्व-ध्वमोः ॥ ४ । ४ । ८७ ॥

ईश् અને ईड् ધાતુઓને લાગેલા વર્તમાના વિભક્તિના से અને ध्वे પ્રત્યયો અને ક્રિયાપદને લાગનારી પંચમી વિભક્તિના स्व અને ध्वम् પ્રત્યયોની આદિમાં इट् થાય છે.

ईश्+से-ईश्+इ+से=ईशिषे-તું સમર્થ છે.

ईश्+ध्वे-ईश्+इ+ध्वे=ईशिध्वे-તમે સમર્થ છો.

ईश्+स्व-ईश्+इ+ष्व=ईशिष्व-તું ઈશ-સમર્થ-થા.

ईश्+ध्वम्-ईश्+इ+ध्वम्=ईशिध्वम्-તમે સમર્થ થાઓ.

ईड्+से-ईड्+इ+से=ईडिषे-તું સ્તુતિ કરે છે.

ईड्+ध्वे-ईड्+इ+ध्वे=ईडिध्वे-તમે સ્તુતિ કરો છો.

ईड्+स्व-ईड्+इ+ष्व=ईडिष्व-તું સ્તુતિ કર.

ईड्+ध्वम्-ईड्+इ+ध्वम्=ईडिध्वम्-તમે સ્તુતિ કરો.

॥ ૪ । ૪ । ૮૭ ॥

## रुत्पञ्चकात् शित्-अयः ॥ ४ । ४ । ८८ ॥

रुद् વગેરે પાંચ (रुद्, स्वप्, अन्, श्वस्, जक्ष्) ધાતુઓને આદિમાં યકાર વગરના વ્યંજનવાળા शित् પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની પહેલાં इट् ઉમેરાય છે.

रुद्+ति-रुद्+इ-ति=रोदिति- તે રોવે છે.

स्वप्+ति-स्वप्+इ+ति=स्वपिति-તે સૂએ છે.

प्र+अन्+ति-प्राण्+इ+ति=प्राणिति-તે જીવે છે.

श्वस्+ति-श्वस्+इ+ति=श्वसिति-તે શ્વાસ લે છે.

जक्ष्+ति-जक्ष्+इ+ति=जक्षिति-તે ચાખે છે-ખાય છે.

रुद्यात्-તે રડે-આ રૂપમાં આદિમાં યવાળો પ્રત્યય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रोत्स्यति–તે રડશે–આ પ્રયોગમાં અશિત્ પ્રત્યય છે.
स्वप्स्यति–તે સૂશે. ,, ,, ,, ,, ॥ ૪ । ૪ । ૮૮ ॥

## दि–स्योः ईट् ॥ ४ । ४ । ८९ ॥

પૂર્વોક્ત रुद् આદિ પાંચ ધાતુઓને હ્યસ્તનીવિભક્તિના दि અને सि પ્રત્યયો લાગ્યા હોય તો તે પ્રત્યયોની આદિમાં ईट्–દીર્ઘ ई–ઉમેરાય છે.

रुद्+त्–अरुद्+ई+त्–अरोद्+ईत्=अरोदीत्–તે રડ્યો–રોયો
रुद्+स्–अरुद्+ई+स्–अरोद्+ईस्=अरोदीः–તું રડ્યો– ,,
॥ ૪ । ૪ । ૮૯ ॥

## अदः च अट् ॥ ४ । ४ । ९० ॥

अद् ધાતુ અને ૮૮મા સૂત્રમાં જણાવેલા रुद् વગેરે પાંચ ધાતુઓને હ્યસ્તની વિભક્તિના दि અને सि પ્રત્યયો લાગ્યા હોય તો તે दि અને सि ની આદિમાં अट् ઉમેરાય છે.

अद्+त्–आद्+अ+त्=आदत्–તે જમ્યો.
अद्+स्–आद्+अ+स्=आदः–તું જમ્યો.
रुद्+द्–अरुद्+अ+त्=अरोदत्–તે રડ્યો.
रुद्+स्–अरुद्+अ+स्=अरोदः–તું રડ્યો. ॥ ૪ । ૪ । ૯૦ ॥

### सट् આગમનું વિધાન

## सम्–परेः कृगः स्सट् ॥ ४ । ४ । ९१ ॥

सम् સાથે તથા परि સાથે कृ ધાતુ હોય તો कृની આદિમાં स्सट् ઉમેરાય છે.
सम्+करोति–सं+स्+करोति–संस्करोति कन्याम्–કન્યાને શણગારે છે.
परि+करोति–परि+स्+करोति–परिष्करोति कन्याम्– ,, ,, ,,

શં૦–सट्નું જ વિધાન કર્યું હોય તો કામ ચાલે એમ છે, પ્રયોગમાં તો ક્યાંય બે स વાળો પ્રયોગ જણાતો નથી તો પછી स्सट् એવું શા માટે કર્યું ?

સમા૦–શંકા બરાબર છે પણ सम्+अचिस्करत्–समचिस्करत् વગેરે પ્રયોગોમાં જ્યાં स् નો ष् થવાનો પ્રસંગ હોય છે ત્યાં स् નો ष् ન થાય અને स् જ રહે માટે सट् ને બદલે स्सट् નું વિધાન કરેલ છે.
॥ ૪ । ૪ । ૯૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उपाद् भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्याध्याहारे ॥ ४ । ४ । ९२ ॥

શોભા, સમૂહ, વારંવાર યત્ન, વિકાર, વાક્યનો અધ્યાહાર એવા અર્થો જણાતા હોય તો उप સાથેના कृ ધાતુની આદિમાં स् ઉમેરાય છે.

कन्याम् उपस्करोति–કન્યાને શોભાવે છે,

तत्र नः उपस्कृतम्–ત્યાં અમારું સામુદાયિક કામ છે.

एधोदकम् उपस्कुरुते–લાકડાંને પાણીમાં રાખવાનો વારંવાર પ્રયત્ન કરે છે.

उपस्कृतं भुङ्क्ते–વધારેલું ખાય છે અથવા સંસ્કારેલું ખાય છે.

सोपस्कारं सूत्रम्–સૂત્ર, વાક્યના અધ્યાહારવાળું છે એટલે સૂત્રનો અર્થ સમજવા માટે વાક્યનો અધ્યાહાર કરવો પડે છે. ॥ ૪ । ૪ । ૯૨ ॥

## किरः लवने ॥ ४ । ४ । ९३ ॥

लवने–કાપવાનો–અર્થ જણાતો હોય તો उप સાથેના कृ ધાતુની આદિમાં स् ઉમેરાય છે.

उपस्कीर्य मद्रकाः लुनन्ति–મદ્રદેશના લોકો ફેંકી ફેંકીને કાપે છે એટલે ફેંકતા જાય છે અને કાપતા જાય છે.

उपकिरति पुष्पम्–પુષ્પને ફેંકે છે–કાપવાનો અર્થ નથી. તેથી અહીં સ્ન થયો ॥ ૪ । ૪ । ૯૩ ॥

## प्रतेश्च वधे ॥ ४ । ४ । ९४ ॥

વધ–હિંસાને લગતો–વધ સંબંધી અર્થ જણાતો હોય કે હિંસાનો સંબંધ જણાતો હોય તો प्रति અને उप સાથે कृ ધાતુની આદિમાં स ઉમેરાય છે.

प्रति+कीर्णम्–प्रति+स्+कीर्णम्=प्रतिस्कीर्णम्–એ જ રીતે उपस्कीर्णम्–प्रतिस्कीर्णम्, उपस्कीर्णम् वा ह ते वृषल ! भूयात्–હે શૂદ્ર ! તને હિંસા સંબંધી વિક્ષેપ થાઓ.

હિંસા–અર્થ–

प्रतिचस्करे नखैः–તેણે નખોવડે ચીરી નાખ્યો.

प्रतिकीर्णं बीजम्–તેં બી વેર્યું. અહીં 'વધ' અર્થ નથી.

॥ ૪ । ૪ । ૯૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अपात् चतुष्पात्-पक्षि-शुनि हृष्ट-अन्नाश्रयार्थे ॥ ४ । ४ । ९५ ॥**

ચારપગાળો મદયુક્ત પશુ કર્તા હોય, અન્નનો-ભક્ષ્યનો-અર્થી પક્ષી કર્તા હોય અને આશ્રયનો અર્થી કૂતરો કર્તા હોય તો अप પછી कॄ ધાતુનું स्कॄ રૂપ થઈ જાય છે.

अपस्किरते गौः हृष्टः-હર્ષના આવેશથી છકેલો સાંઢ શીંગડાંવડે ભેખડને પાડે છે.

अपस्किरते कुक्कुटो भक्ष्यार्थी અન્નને-ભક્ષ્ય-ખાવાનું-મેળવવાનો અર્થી એવો કુકડો ઉકરડાને વરખોળે છે-ઉખેળે છે.

अपस्किरते श्वा-આશ્રયનો અર્થી એવો કૂતરો જમીન ઉપર પડેલા રાખના ઢગલા વગેરેને વરખોળે છે ॥૪।૪।૯૫॥

**वौ विष्किरो वा ॥ ४ । ४ । ९६ ॥**

वि સાથે किर् ધાતુનો 'પક્ષી' અર્થ હોય તો विष्कर અને विष्किर એવાં બે રૂપો થાય છે.

विष्किरः, विकिरः पक्षी એટલે પક્ષી-પંખી ॥૪।૪।૯૬॥

**प्रात् तुम्पतेः गवि ॥ ४ । ४ । ९७ ॥**

ગાય કે બળદ કર્તા હોય તો प्र સાથેના तुम्प्નું प्रस्तुम्प् રૂપ થાય છે.

प्रस्तुम्पति गौः-ગાય શિંગડું મારે છે

प्रस्तुम्पति वत्सो मातरम्-વાછરડો ધાવતી વખતે ગાયને માથું મારે છે

प्रतुम्पति तरुः ઝાડ જમીન ફાડીને ઊગે છે. અહીં ગાય કે બળદ કર્તા નથી પણ વૃક્ષ કર્તા છે. ॥૪।૪।૯૭॥

**न्ના આગમનું વિધાન**

**उदितः स्वराद् नः अन्तः ॥ ४ । ४ । ९८ ॥**

ધાતુપાઠમાં જે ધાતુ उ નિશાનવાળો છે તે ધાતુના સ્વર પછી न्નો આગમ ઉમેરાય છે.

णदु-नद्+ति-नन्द्+अ+ति=नन्दति તે સમૃદ્ધ થાય છે.

कुडु-कुड्+आ-कुण्ड्+आ-कुण्डा વનસ્પતિ વિશેષ-એક પ્રકારની વનસ્પતિ ॥૪।૪।૯૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मुचादि-तृफ-दफ-गुफ-शुभ-उभः शे ॥ ४ । ४ । ९९ ॥

मुच् વગેરે આઠ (मुच्, षिच्, विद्, लुप्, लिप्, कृत्, खिद्, पिश्) ધાતુઓને તથા तृफ, दफ, गुफ, शुभ, उभ ધાતુઓને જ્યારે વિકરણ श પ્રત્યય લાગે ત્યારે એ ધાતુઓના સ્વર પછી આગમરૂપે न् ઉમેરાય છે.

मुचादि- { मुच्+ति-मु+न्+च्+अ+ति=मुञ्चति-તે મૂકે છે.
पिश्+ति-पि+न्+श्+अ+ति=पिंशति-તે ભાગ કરે છે.

तृफ्+ति-तृ+न्+फ्+अ+ति=तृम्फति-તે હિંસા કરે છે-ત્રોફે છે.

दफ्+ति-द+न्+फ्+अ+ति=दम्फति-તે કલેશ કરે છે.

गुफ्+ति-गु+न्+फ्+अ+ति=गुम्फति-તે ગૂંથે છે.

शुभ्+ति-शु+न्+भ्+अ+ति=शुम्भति-તે શોભે છે.

उभ्+ति-उ+न्+भ्+अ+ति=उम्भति-તે ભરે છે. ॥૪।૪।૯૯॥

## जभः स्वरे ॥ ४ । ४ । १०० ॥

આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે जभ् ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે.

जभ्+अ (घञ्)=जम्भः મૈથુન. ॥૪।૪।૧૦૦॥

## रधः इटि तु परोक्षायामेव ॥ ४ । ४ । १०१ ॥

સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે रध् ધાતુને સ્વર પછી न् ઉમેરાય છે પણ रधનું रधि થયા પછી જો न् ઉમેરવો હોય તો માત્ર परोक्षाમાં જ ઉમેરવો, બીજે ક્યાંય નહીં.

रध्+अ (घञ्)=रन्धः-સિદ્ધિ

रध्+व-ररन्ध्+इ+व=ररन्धिव-અમે બેએ સ્વપ્નમાં સિદ્ધિ મેળવી.

रधिता-સિદ્ધિ મેળવશે.

'रधનો रधि થયા પછી પરોક્ષામાં જ न् ઉમેરાય છે' એવો નિયમ હોવાથી અહીં रधि ભવિષ્યકાળસૂચક શ્વસ્તનીમાં છે તેથી रधिताનું रन्धिता ન થાય. ॥૪।૪।૧૦૧॥

## रभः अपरोक्षा-शवि ॥ ४ । ४ । १०२ ॥

પરોક્ષાના પ્રત્યયોને છોડીને અને शव् પ્રત્યયને છોડીને બીજા સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે रभ् ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે એટલે रभ् ને બદલે रम्भ् થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ+रभ्+अ(घञ्)=आरम्भः–આરંભ.
आरेभे—આરંભ કર્યો–આ રૂપમાં ए પ્રત્યય છે તે વર્જેલ પરોક્ષાનો છે.
आरभते—આરંભ કરે છે–આ રૂપમાં વર્જેલો शव् પ્રત્યય છે.

॥૪।૪।૧૦૨॥

## लभः ॥ ४ । ४ । १०३ ॥

પરોક્ષાના પ્રત્યયોને છોડીને અને शव् પ્રત્યયને છોડીને બીજા સ્વરાદિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે लभ् ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે.

लभ्+णक=लम्भकः–લાભ મેળવનારો. ॥૪।૪।૧૦૩॥

## आङः यि ॥ ४ । ४ । १०४ ॥

आङ् સાથેના लभ् ધાતુને યકારાદિ પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે.

आलभ्+या- आलन्भ्+या=आलम्भ्या गौः–યજ્ઞમાં હણવા લાયક ગાય आलब्धा–મેળવેલી. આ રૂપમાં યકારાદિ પ્રત્યય નથી પણ ભૂતકાળ સૂચક क्त પ્રત્યય છે તેથી न् ન ઉમેરાય ॥૪।૪।૧૦૪॥

## उपात् स्तुतौ ॥ ४ । ४ । १०५ ॥

યકારાદિ પ્રત્યયો લાગ્યા હોય તો અને સ્તુતિ અર્થ જણાતો હોય તો उप સાથેના लभ् ધાતુમાં સ્વર પછી न् ઉમેરાય છે.

उपलभ्+या–उपलन्भ्+या=उपलम्भ्या विद्या–વિદ્યા મેળવવી એ સ્તુત્ય છે. उपलभ्या वार्ता–વાર્તા મેળવવા જેવી છે. અહીં સ્તુતિ અર્થ નથી.

॥૪।૪।૧૦૫॥

## ञि–ख्णमोः वा ॥ ४ । ४ । १०६ ॥

ञि અને ख्णम् પ્રત્યયો લાગ્યા હોય તો लभ् ધાતુના સ્વર પછી न् વિકલ્પે ઉમેરાય છે.

ञि–अ+लभ्+ञि–अलन्भ्+इ+त = अलम्भि, અલાભિ–મેળવ્યું.

ख्णम्–लम्भंलम्भम् . लाभंलाभम्–મેળવી મેળવીને. ॥૪।૪।૧૦૬॥

## उपसर्गात् खल्–घञोः च ॥ ४ । ४ । १०७ ॥

જો खल् , घञ् અને ञि તેમ જ ख्णम् પ્રત્યયો લાગ્યા હોય તો ઉપસર્ગ સાથેના लभ् ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खल्—दुष्प्रलम्भम्—દુઃખે મેળવી શકાય એવું

घञ्—प्रलम्भः—લાભ

ञि—प्रालम्भि—તેણે મેળવ્યું

णम्—प्रलम्भंप्रलम्भम्—મેળવી મેળવીને

लाभः—લાભ—અહીં ઉપસર્ગ નથી તેથી न् ઉમેરાતો નથી. ॥૪।૪।૧૦૭॥

## सु—दुर्भ्यः ॥ ४ । ४ । १०८ ॥

કોઈ પણ ઉપસર્ગ પછી આવેલા છૂટા છૂટા सु અને दुर् સાથે અથવા सुदुर् સાથે लभ् ધાતુને खल् અને घञ् પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના સ્વરની પછી न् ઉમેરાય છે.

खल्—

सु—अतिसुलम्भम्—અત્યંત સુલભ.

दुर्—अतिदुर्लम्भम्—અત્યંત દુર્લભ

घञ्—

सु—अतिसुलम्भः—અત્યંત સુલભ.

दुर्—अतिदुर्लम्भः—અત્યંત દુર્લભ.

खल्—

सुदुर्—अतिसुदुर्लम्भम्—અત્યંત સુદુર્લભ સુખ.

सुदुर्—अतिसुदुर्लम्भः—અત્યંત સુદુર્લભ સત્યનો પંથ

॥૪।૪।૧૦૮॥

## नशः धुटि ॥ ४ । ४ । १०९ ॥

नश् ધાતુ પછી આદિમાં धुट् હોય તેવા પ્રત્યયો લાગ્યા હોય તો नश् ધાતુના સ્વર પછી न् ઉમેરાય છે.

नश्+ता=नंष्टा—નાશ પામનાર, નાસી જનાર.

नशिता—નાશ પામનાર.—આ રૂપમાં આદિમાં धुट् હોય એવો પ્રત્યય નથી પણ આદિમાં સ્વર હોય તેવો इता પ્રત્યય છે તેથી नंशिता ન થાય

॥૪।૪।૧૦૯॥

## मस्जेः सः ॥ ४ । ४ । ११० ॥

આદિમાં धुट् હોય તેવા પ્રત્યયો લાગ્યા હોય તો मस्ज् ધાતુના स्નો न् બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मस्ज्+ता–मन्ज्+ता–मङ्क्+ता=मङ्क्ता–સાફ કરનારો, માંજનારો.
આ પ્રયોગમાં ॥૧।૩।૩૯॥ સૂત્રથી न् નો ङ् થયેલો છે.

અ આગમનું વિધાન ॥૪।૪।૧૧૦॥

## अः सृजि–दृशः अकिति ॥ ४ । ४ । १११ ॥

જેની कित् સંજ્ઞા ન હોય એવા અથવા જેમાં क् નિશાન ન હોય એવા આદિમાં ધુટ્ અક્ષરવાળા પ્રત્યયો લાગતાં सृज् ધાતુના અને दृश् ધાતુના ऋ પછી अ ઉમેરાય છે.

सृज्+ता–सृ+अ+ज्+ता=स्रष्टा––સર્જનહાર, સર્જનાર.
दृश्+तुम्–दृ+अ+श्+तुम्=द्रष्टुम्–જોવા માટે.
सृष्टः– સર્જેલો–આ પ્રયોગમાં क् નિશાનવાળો क्त પ્રત્યય છે.

॥ ૪।૪।૧૧૧ ॥

## स्पृशादि–सृपः वा ॥ ४ । ४ । ११२ ॥

સ્પૃશાદિ–स्पृश्, मृश्, कृष्, तृप् અને दृप् આ પાંચ–ધાતુઓને અને सृप् ધાતુને कित् સંજ્ઞા ન હોય એવા અથવા જેમાં क् નિશાન ન હોય એવા આદિમાં ધુટ્ અક્ષરવાળા પ્રત્યયો લાગ્યા હોય તો તે ધાતુઓના સ્વર પછી अ વિકલ્પે ઉમેરાય છે.

स्पृश्+ता–स्पृ+अ+श्+ता=स्प्रष्टा, स्पर्ष्टा–સ્પર્શ કરનાર.
मृश्+ता–मृ+अ+श्+ता=म्रष्टा, मर्ष्टा–સ્પર્શ કરનાર.
कृष्+ता–कृ+अ+ष्+ता=क्रष्टा, कर्ष्टा–ખેડનાર.
तृप्+ता–तृ+अ+प्+ता=त्रप्ता, तर्प्ता–તૃપ્ત થનાર.
दृप्+ता–दृ+अ+प्+ता=द्रप्ता, दर्प्ता–દર્પ કરનાર.
सृप्+ता–सृ+अ+प्+ता=स्रप्ता, सर्प्ता–સર્પની જેમ ચાલનાર.

॥ ૪।૪।૧૧૨॥

त् આગમનું વિધાન

## ह्रस्वस्य तः पित्कृति ॥ ४ । ४ । ११३ ॥

प् નિશાનવાળો કૃદંતનો પ્રત્યય લાગ્યો હોય તો હ્રસ્વાંત ધાતુને છેડે त् ઉમેરાય છે.

गम्+क्विप्=जगम्+क्विप्–जग+क्विप्–जग+त्–जगत्. जगम् ના जग માટે જુઓ ॥૪।૨।૫૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्राम+नी+क्विप्–ग्रामणीः–ગામનો નેતા,–અહીં नी ધાતુ દીર્ઘાંત છે.
॥ ४ । ४ । ११३ ॥

म् આગમનું વિધાન

## अतः मः आने ॥ ४ । ४ । ११४ ॥

ધાતુને છેડે अ હોય અને आन પ્રત્યય લાગ્યો હોય તો आन નું मान રૂપ થાય છે.

पच्+अ+आनः–पच+मानः=पचमानः–રાંધતો.

शी+आनः–शयानः સૂતો–આ પ્રયોગમાં ધાતુને છેડે अ નથી તેથી आनનું मान ન થાય. ॥ ४ । ४ । ११४ ॥

## आसीनः ॥ ४ । ४ । ११५ ॥

आन પ્રત્યય લાગતાં आस् ધાતુનું आसीन રૂપ થાય છે

आस्+आनः=आसीनः–બેસતો.

उद्+आस्+आनः = उदासीनः–ઉદાસીન. ॥ ४ । ४ । ११५ ॥

## ॠतां क्ङिति इर् ॥ ४ । ४ । ११६ ॥

कित् સંજ્ઞાવાળા કે ङित्‌સંજ્ઞાવાળા અથવા क् નિશાનવાળા કે ङ्‌નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો દીર્ઘ ॠ કારાંત ધાતુના ॠ નો इर् થઈ જાય છે.

क् નિશાન–तॄ+तम्–तीर्+तम्–तीर्+णम्=तीर्णम्–તરેલું.

कित् સંજ્ઞ –कॄ+अति–कीर्+अ+ति=कीरति–ફેંકે છે.

॥ ४ । ४ । ११६ ॥

## ओष्ठ्यात् उर् ॥ ४ । ४ । ११७ ॥

ધાતુના અંતના प વર્ગ પછી તથા અંતના व પછી દીર્ઘ ॠ આવેલો હોય અને ધાતુને कित् સંજ્ઞાવાળા કે ङित् સંજ્ઞાવાળા અથવા क् નિશાનવાળા અને ङ्‌નિશાનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો દીર્ઘ ॠનો उर् થઈ જાય છે.

क् નિશાન–पॄ+क्विप्–पुर्+क्विप्=पूः–નગરી.

कित् સંજ્ઞા–भॄ+सन्+ति–बुभुर्+सति=बुभुर्+षति–बुभूर्षति–ભરવાને ઇચ્છે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वृ+सन्+ते=वुवुर्+स+ते=वुवूर्+षते=वुवूर्षते-વરવાને ઇચ્છે છે.
॥૪।૪।૧૧૭॥

## इस् आसः शासः अङ्-व्यञ्जने ॥ ४ । ४ । ११८ ॥

अङ् પ્રત્યય લાગ્યો હોય અને कित् સંજ્ઞાવાળા કે ङित् સંજ્ઞાવાળા અથવા क् નિશાનવાળા કે ङ् નિશાનવાળા એવા આદિમાં વ્યંજનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો शास् ના आस् નો इस् થાય છે અર્થાત્ शास्નો शिष् થઈ જાય છે.

अ+शास्+अ+त्-अ+शिष्+अ+त्=अशिषत्-તેણે અનુશાસન કર્યું.

शास्+तः-शिष्+तः=शिष्टः-અનુશાસન પામેલો.

शास्+अन्ति=शासति-તેઓ અનુશાસન કરે છે-આ રૂપમાં સ્વરાદિ પ્રત્યય છે તેથી शिष् ન થાય. ॥૪।૪।૧૧૮॥

## क्वौ ॥ ४ । ४ । ११९ ॥

क्विप् પ્રત્યય લાગતાં शास्નો शिष् થઈ જાય છે.

मित्र+शास्+क्विप्-मित्र+शिष्+क्विप्=मित्रशीः-મિત્રને સમજાવનાર.
॥૪।૪।૧૧૯॥

## आङः ॥ ४ । ४ । १२० ॥

आङ् ઉપસર્ગ સાથે शास् ધાતુ આવેલો હોય તો માત્ર क्विप् પ્રત્યયમાં જ शिष् થાય, બીજા કોઈ પ્રત્યયમાં નહીં થાય.

आ+शास्+क्विप्-आ+शिष्+क्विप्-आशीः આશીર્વાદ

आ+शास्ते आशास्ते-અહીં क्विप् પ્રત્યય નથી ॥૪।૪।૧૨૦॥

## य्वोः पु-अय्व्यञ्जने लुक् ॥ ४ । ४ । १२१ ॥

पु આગમ આવ્યો હોય અને આદિમાં य સિવાયના વ્યંજનવાળા પ્રત્યયો લાગ્યા હોય તો ધાતુના य્નો અને व् નો લોપ થઈ જાય છે.

क्नूय्+पयति=क्नोपयति — જુઓ ॥૪।૨।૨૧॥ શબ્દ-અવાજ-કરાવે છે.

વ્યંજન-

क्ष्माय्+तम्-क्ष्मातम्-વધારે કંપ્યું.

देदिव्य+क्विप्=देदिवः-(પ્રથમા) ક્રીડા કરનાર

कण्डूय्+क्विप्=कण्डूः-ખંજવાળ.

क्नूय्यते-શબ્દ કરે છે.-અહીં આદિમાં य् વાળો પ્રત્યય છે, તેથી આ નિયમ ન લાગે. ॥૪।૪।૧૨૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कृतः कीर्तिः ॥ ४ । ४ । १२२ ॥

દશમા ગણના कृत् ધાતુનું कीर्त રૂપ થાય છે.

શં૦—कृत् ધાતુનું રૂપ તો कीर्तयति થાય છે અને સૂત્રમાં તો कृत्‌નું कीर्ति રૂપ કરવાનું વિધાન છે. જો कीर्ति રૂપ કરીએ તો कीर्तयति પ્રયોગ કઈ રીતે સધાય ?

સમા૦—પ્રશ્ન બરાબર છે પણ આ અંગે અહીં એમ સમજવાનું છે કે, कृत् નું રૂપ તો कीर्त् જ કરવાનું છે અને कीर्तिમાં જે છેડાનો इ છે તે મંગલરૂપ સમજવાનો છે.

શાસ્ત્રીય એવી પરિપાટિ છે કે શાસ્ત્રમાં આદિમાં, મધ્યમાં અને અંતે પણ મંગળ કરવું જોઈએ. એ પરિપાટિને અનુસરીને આચાર્યે कीर्त्‌ના વિધાન સાથે તેમાં જે इ રાખેલ છે તે અંત્ય મંગલરૂપે સમજવાનો છે અને कृत्‌નું कीर्त् રૂપ જ કરવાનું છે. ॥૪।૪।૧૨૨॥

આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ રચેલા સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનની
સ્વોપજ્ઞ લઘુવૃત્તિના ચતુર્થ અધ્યાયના આખ્યાત પ્રકરણરૂપ
ચતુર્થ પાદનો **પંડિત બેચરદાસ દોશીએ કરેલો**
સવિવેચન અનુવાદ પૂરો થયો

**આ સાથે ક્રિયાપદ-આખ્યાત-પ્રકરણ સમાપ્ત થયું.**

**ચોથો અધ્યાય સમાપ્ત**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુવૃત્તિ) ખંડ ૧
# નો
# પરિચય

આચાર્ય હેમચંદ્રે રચેલ સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની લઘુવૃત્તિનો આ સરળ અને સ્પષ્ટ અનુવાદ છે. અનુવાદ સાદી સરળ ગુજરાતી ભાષામાં આપેલ છે. જે કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શીખવા ઇચ્છે તેને આ અનુવાદ દ્વારા ઘણી સરળતાથી શીખવાની જોગવાઈ થઈ શકે એમ છે. આ પ્રકરણના પ્રણેતા આચાર્ય હેમચંદ્ર ગુજરાતના રાજગુરૂ હતા એ વિશેષ ગૌરવ લેવા જેવું છે. મૂળ ગ્રંથમાં પ્રકરણની યોજના ક્રમસર છે અને તમામ સૂત્રોમાં એક સરખા ક્રમની યોંજના છે તેથી મૂળ સૂત્રો પરથી સૂત્રોના અર્થ સમજવામાં જરા પણ મુશ્કેલી લાગવાની નથી. ગ્રંથકારે ઉદાહરણો વિશેષ બતાવેલ છે તેથી નામ તથા ક્રિયાપદ વગેરેનાં રૂપોની સ્પષ્ટતા થઈ જાય છે. સિદ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિનો આ પ્રથમ ખંડ એકથી ચાર અધ્યાયનો છે.

બેચરદાસ પંડિત

## સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુવૃત્તિ) ખંડ ૧

રૂ. ૩૫—૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org